॥ श्रीहरिः ॥

ચોરાસી વૈષ્ણવની વાર્તા

ભાવપ્રકાશ સાથે

૩૧

શુદ્ધાદ્વૈત સંસદ : અમદાવાદ



શ્રી મહાપ્રભુજી

પ. ભ. ઠાકોરભાઈ જેઠાભાઈ અમીન
ઠે. રાવપુરા ખત્રીપોળ, વડોદરા
ના જયશ્રીકૃષ્ણ

શુદ્ધાદ્વૈત સંસદ ગ્રંથમાળા-પુસ્તક ૩૧ મું

॥ શ્રીહરિઃ ॥

શ્રીગોકુલનાથજી-વિરચિત

ચોરાસી વૈષ્ણવની વાર્તા

શ્રીહરિરાય-મહાપ્રભુજી-વિરચિત

ભાવપ્રકાશ

સાથે

ગુજરાતી ભાષાંતર

[ત્રણ જન્મની લીલાભાવનાયુક્ત]

અનુવાદક

ગો. વા. મોહનલાલ વિઠ્ઠલદાસ ગાંધી, બી. એ.; એલ એલ. બી.

અને

શ્રી. મોતીભાઈ અવિચળભાઈ પટેલ, “દીનકિંકર”

સંશોધક

શ્રી. પૂનમચંદ સાંકળચંદ દોશી

૨૩૫
ભાઇ ઠાકોરલાલ જેઠાભાઇ અમીન,
વિભાગ બાંધકામ અધિકારી,
(કાઠિયાવાડ) કોડીનાર

શુદ્ધાદ્વૈત સંસદ : અમદાવાદ

શ્રીગોવર્ધનધરણ શ્રીનાથજી

પ્રકાશકોનું નિવેદન

શ્રી ચોરાસી વૈષ્ણવની વાર્તા જેવા સુપ્રસિદ્ધ ગ્રંથને વળી પરિચય શાનો? વૈષ્ણવોમાં પ્રાણથીયે અધિક પ્યારી આ વાર્તાઓના પરમ ભગવદીય મહાનુભાવોના પૂર્વભવ વિશે સમજ આપવાનો એક ભગીરથ પ્રયત્ન પરમ-કૃપાળુ શ્રીહરિરાય–મહાપ્રભુજીએ કર્યો તે "ભાવપ્રકાશ" નામથી વૈષ્ણવ-સૃષ્ટિમાં ખૂબ જાણીતો છે. વ્રજ તેમજ ગુજરાતમાં આ ગ્રંથની નકલો કેટલેક સ્થળે ભગવદ્વાર્તાઓમાં વંચાય પણ છે. મને યાદ છે કે નાનો હતો ત્યારે માળિયા હાટીનામાં હવેલીના મુખ્યાજી મારા ફૂવા પ. ભ. ગો. વા. શ્રી. પુરુષોત્તમ વશરામ મોઢાએ સ્વહસ્તે આખા ગ્રંથની નકલ કરી હતી. મારા પરમ મિત્ર અને "શુદ્ધાદ્વૈત સંસદ"ના મંત્રી ગો. વા. શ્રી. મોહનલાલ ગાંધીને એક વ્રજવાસી વૈષ્ણવે મોડાસામાં આજથી ચારેક વર્ષ ઉપર હસ્તલિખિત આ 'ભાવપ્રકાશ'નાં દર્શન કરાવ્યાં અને મિત્રોની મદદથી આખા ગ્રંથની નકલ કરી લઈ મૂળ વ્રજભાષામાં અને એનો જુદો ગુજરાતી અનુવાદ એમ બે ગ્રંથ છપાવવાની એમણે યોજના કરી અનુવાદનું કામ પોતે આરંભ્યું. સાંપ્રદાયિક ગ્રંથો છાપવાની અગવડ ખૂબ અનુભવી તળોદમાં એમણે 'તળોદ મુદ્રણાલય'નો પણ આરંભ કર્યો. એ ગાળામાં એમના જાણવામાં આવ્યું કે પ. ભ. શ્રી. દ્વારિકાદાસ પરીખ મૂળ 'ભાવપ્રકાશ'નું સુંદર સંપાદન કરી છપાવે છે, એટલે મૂળ ન છપાવતાં પ. ભ. દીનકિંકરની દેખરેખ નીચે ગુજરાતી ભાષાંતર છપાવવાનો આરંભ 'શુદ્ધાદ્વૈત સંસદ' તરફથી તળોદના છાપખાનામાં કર્યો. એની 'અનુગ્રહ'માં જાહેરાત થતાં અનેક વૈષ્ણવોએ ગ્રાહક તરીકે નામ નોંધાવ્યાં. તળોદ પ્રેસમાં ૧૨૮ પાનાં સુધીનું કંપોઝ થયું અને ૧૧૨ પાનાં છપાઈ ચૂક્યાં, ત્યાં તો એઓશ્રીનો ગોલોકવાસ થયો અને કામ અટક્યું. 'તળોદ મુદ્રણાલય' પણ બંધ થયું. એ છાપખાનું અહીં અમદાવાદમાં મારા સ્નેહી પ. ભ. શ્રી. હીરાલાલ માણેકલાલ શાહ (માજી મામલતદાર) તરફથી ખરીદી 'નટવર પ્રિન્ટિંગ પ્રેસ' એ નામથી ચાલુ કરવામાં આવ્યું. અનુવાદનું બાકીનું બધું જ કાર્ય શ્રી. મોહનભાઈના પરમ મિત્ર પ. ભ. દીનકિંકરે સાંગોપાંગ કરી આપ્યું ને મુદ્રણકાર્ય 'નટવર પ્રેસ'માં શરૂ થયું, જે સંપૂર્ણ એક વર્ષે અહીં પૂરું થાય છે.

હસ્તલિખિત ગ્રંથની નકલ ઉપરથી અનુવાદ કરવામાં ખૂબ તકલીફ પડતી હતી, ત્યાં પ. ભ. શ્રી. દ્વારિકાદાસ પરીખનો ગ્રંથ છપાઈને બહાર આવ્યો તેથી કામ પ્રમાણમાં સરળ બન્યું. શ્રી. પરીખે મૂળ વાર્તાઓમાં

તેમજ ભાવપ્રકાશમાં આવતાં પદોની પ્રથમ પ્રથમ પંક્તિ છાપી
છે. પણ અનુવાદકો તરફથી મૂળ વાર્તાઓમાં તેમજ 'ભાવપ્રકાશ'માં
આવતાં મહાનુભાવોનાં પદો કીર્તનો મૂળ હસ્તપ્રતમાં પૂરાં જેટલાં ઉતારેલાં
હતાં તે બધાંય આ ભાષાંતરમાં પણ પૂરાં આપવામાં આવ્યાં છે. જે એમાં
પૂરાં નહોતાં તે જૂનાં કીર્તનોના હસ્તલિખિત ગ્રંથોમાંથી પૂરાં કરી લેવામાં
આવ્યાં છે. જો કે તોપણ હજી અનેક પદ મેળવી શકાયાં નથી. આમ આ
ભાષાંતર બની શકે તેટલું સૌને પૂર્ણસ્વરૂપમાં મળે એવી અનુવાદકો તરફથી
કાળજી લેવામાં આવી છે.

આ ગ્રંથ ધાર્યા કરતાં ખૂબ મોટો થઈ ગયો છે. છતાં સંસદે અગાઉથી ગ્રાહક થનારાઓને રૂા. ૫) પાંચમાં જ આપ્યો છે, જે કીમતે સંસ્થાને એમાં ખોટ છે. 'શુદ્ધાદ્વૈત સંસદ' કોઇપણ જાતના નફાની દૃષ્ટિએ કાર્ય કરતી નથી, એટલે આમાં નફાનો કોઈ પ્રશ્ન નથી. ઘાટાને પહોંચી વળવા એની હવે પછી થોડી કીમત વધારવામાં આવી છે. છતાં સંસદના સભ્યો, 'અનુગ્રહ' 'વૈશ્વાનર' 'સત્સંગ' અને 'નવપ્રકાશ'ના ગ્રાહકોને ૧૨॥ ટકાના વળતરથી આપવાની અમારી યોજના છે. ચારે માસિકોના ગ્રાહકો પોતાના સરનામાની તે તે માસિકના પરબીડાની કાપલી—'માસિક'નું નામ વંચાય તેવી મોકલી આપશે તો એમને ૧ નકલ પૂરતો આ લાભ જરૂર મળશે. સારી સંખ્યામાં લહાણી માટે ખરીદનાર ભગવદીયોને પણ આ લાભ મળી શકશે.

આ પ્રકાશનના અનુવાદક તરીકેના હક્ક બેઉ અનુવાદકોના હોઇ એમણે સંસદને આ પહેલું સંપાદન છાપવાની રજા આપી છે એનો અહીં આભાર વ્યક્ત કરતાં હર્ષ થાય છે. આવા મહાન કાર્યનો કોઇપણ જાતના બદલાની અપેક્ષા રાખ્યા વિના સર્વને લાભ આપવા માટે ઉપયોગ કરવા દેવામાં આવ્યો છે. અમને ખાતરી છે કે ભવિષ્યમાં પણ જ્યારે આની ફરી આવૃત્તિ છપાવવાનો યોગ આવશે ત્યારે શ્રી. મોહનભાઇના વારસો તેમજ શ્રી. દીનકિંકર છાપવાની અનુમતિ આપશે જ.

મૂળ વ્રજભાષાના ગ્રંથની નકલ કરવામાં મોડાસાના જે ભાઇઓએ મદદ કરી છે તેઓનો પણ અહીં આભાર માનવો જોઈએ, કેમકે નકલ ન થઈ હોત તો અનુવાદ છાપવાનો પ્રસંગ કદાચ ઊભો ન થયો હોત. વળી પ. ભ. શ્રી. દ્વારિકાદાસ પરીખે શુદ્ધિપૂર્વક આ મૂળ વાર્તાઓ અને 'ભાવપ્રકાશ' જુદા જુદા ટાઇપોમાં છપાવી વાંચનારને સરળતા કરી આપી છે, એથી પણ અનુવાદકોને વાર્તાઓ અને 'ભાવપ્રકાશ' તારવવામાં વધુ સરળતા થઈ છે. આ બદલ શ્રી.

દ્વારકાદાસભાઈનો પણ સધન્યવાદ અમે આભાર માનિયે છિયે. એમના તરફથી પણ ગુજરાતી ભાષાંતર છાપી પ્રસિદ્ધ કરવાની યોજના છે. સંપ્રદાય એટલો વિશાળ છે કે આવા અનેક ગ્રંથ છપાય તોયે ઓછા પડે. અમોએ તો સામાન્ય ગુજરાતી જાણનારા તેમજ સ્ત્રીઓ વૃદ્ધો બાળકો પણ વાંચી શકે એ નજરમાં રાખીને મોટા અક્ષરોમાં આ વાર્તાઓ છપાવી છે, તેનો પૂરતો ઉપયોગ થાય તો અમોએ આ પાછળ લીધેલી પ્રકાશનની મહેનત સાર્થક છે.

આ ગ્રંથના રહસ્યનો ખ્યાલ આપતો સુંદર આમુખ, જાણીતા સુપ્રસિદ્ધ સાંપ્રદાયિક માસિક "વૈશ્વાનર"ના યુવાન તંત્રી, અને જાણીતા સાંપ્રદાયિક લેખક પ. ભ. પ્રેમલાલ ગો. મેવચાએ લખી આપી અમને આભારી કર્યા છે. એમનો સવિશેષ ઉપકાર માનિયે છિયે.

આ પ્રકાશનમાં સીધી તેમજ આડકતરી રીતે સહાય થયેલા સ્નેહી સ્વજનો તેમજ બેઉ મુદ્રણાલયોના મુદ્રકોનો પણ અમે આભાર માનિયે છિયે, કેમકે એ વિના કાર્ય પૂર્ણ થઈ શક્યું ન હોત. પ. ભ. નંદલાલ હીરાલાલ શાહે ખાસ કાળજી લઈ બની શકે તેટલી ઝડપથી 'નટવર પ્રેસ'માં આ છાપી આપ્યું છે એ બદલ એમને સવિશેષ ધન્યવાદ આપું છું.

"શુદ્ધાદ્વૈત સંસદ" તો કામ કરી છૂટવામાં માને છે. વૈષ્ણવ જનતાને એની સેવાનો પૂરતો પરિચય પણ થઇ ચૂક્યો છે. જ્યાંસુધી પ્રભુની ઇચ્છા હશે ત્યાંસુધી કાર્યકરો એક પછી એક કામ પ્રસિદ્ધ કર્યે જશે જ. અમારાં બીજાં પ્રકાશનોની જેમ આ કીમતી પ્રકાશન પણ પરમકૃપાળુ શ્રીમહાપ્રભુજીનાં ચરણકમળમાં નિવેદી કૃત્યકૃત્યતા અનુભવિયે છિયે.

શુદ્ધાદ્વૈત સંસદ કાર્યાલય,
તોડાની પોળ, રાજામહેતાની પોળ,
અમદાવાદ, તા. ૨૪-૮-૫૧, જન્માષ્ટમી

કેશવરામ કા. શાસ્ત્રી
(મંત્રીઓ વતી)

આમુખ

अहं भक्तपराधीनः। એ વાક્યમાં સ્વયં ભગવાને પોતાનું ભક્તાધીનપણું દર્શાવી ભક્તોનો મહિમા બતાવ્યો છે. સમસ્ત બ્રહ્માંડમાં ભગવાનને જો કોઈ વહાલું હોય તો તે એકમાત્ર પોતાનો ભક્ત જ.

આવા અનન્યભાવવાળા ભગવદ્ભક્તોનાં જીવનચરિત્રનું અવગાહન એટલે ભગવદીય જીવનનો સાક્ષાત્કાર! ભગવદ્ભક્તોનાં લોકોત્તર જીવનમાંથી આપણને ભગવત્પ્રાપ્તિનું સરલ અને સરસ માર્ગદર્શન મળે છે. ભગવદીય ગોપાલદાસભાઈ **વલ્લભાખ્યાન** માં ગાય છે કે, **'ભક્તજનપદરજ-પ્રતાપે સકલ સરિયાં કાજ.'** ભક્તજનોની ચરણરજના પ્રતાપબળ વડે આપણા જેવા સાધનદશાવાળા જીવોનાં સકલ કાર્યો અનાયાસે સિદ્ધ થઈ જાય છે. આપણને આવા ભગવદ્ભક્તનો 'સત્સંગ' મળી આવે તો આપણું કામ થઈ જાય! પરન્તુ, અત્યારના કઠિન કલિકાલમાં આદર્શ ભગવદીયો મળવા અત્યંત દુર્લભ છે! ત્યારે શું કરવું? પ્રાચીન ભગવદ્ભક્તો, કે જેમની સાથે પ્રભુ વાતો કરતા તેઓનાં જીવનચરિત્રનું અવગાહન કરવું એ પણ મહાન્ ફલ-દાયક 'સત્સંગ' જ છે.

ભક્તકવિ 'દયારામભાઈ' ગાય છે કે:—

'નથી અવર ઉપાય બીજો હરિભક્તના ગુણ ગાય'

પ્રભુને પ્રસન્ન કરવામાં હરિભક્તના ગુણ ગાયા વિના બીજો ઉપાય નથી!

માટે જ, આજે વર્ષો થયાં પુષ્ટિમાર્ગમાં જ્યાં જ્યાં **'મંડલી'** થાય છે, **'સત્સંગ'** થાય છે, **'કથા-કીર્તન'** થાય છે, **'ભગવદ્વાર્તા'** વંચાય છે ત્યાં ત્યાં '૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તા'નું વાચન-મનન અવશ્ય થાય છે જ. **વૈષ્ણવ-સમાજમાં '૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તા'નું સ્થાન, કોઈપણ શાસ્ત્રીય ગ્રંથથી લેશમાત્ર ઊતરતુ નથી!** અન્ય ગ્રંથોમાં સિદ્ધાંતજ્ઞાનનો ઉપદેશ કરેલો જોવામાં આવે છે, જ્યારે **આમાં તો ભગવદ્ભાવના આચરણનું-ભગવદીય જીવનનું-પ્રત્યક્ષ જ્ઞાન મળે છે! આ વાર્તા-ગ્રંથ દ્વારા 'ક્રિયા-આચરણ વિનાનું જ્ઞાન ભારરૂપ છે' એ સુવર્ણસૂત્રનું આપણને યથાર્થ જ્ઞાન થાય છે.**

આ વાર્તાઓનો એકેએક પ્રસંગ બોધદાયક અને પ્રેરક છે, સંસારના તીવ્ર તાપથી તપેલાનું પરમ શાન્તિદાયક ઔષધ છે.

ચોરાશી વૈ. વાર્તાના પ્રણેતા
માલાતિલકરક્ષક શ્રીગોકુલનાથજી
(ચતુર્થ કુમાર)

'૮૪–૨૫૨ વૈષ્ણવોની વાર્તા'ના સ્વરૂપને પ્રકટ કરનાર શ્રીમદ્વિઠ્ઠલેશ પ્રભુ-ચરણ (શ્રીગુસાંઇજી)ના ચતુર્થકુમાર **શ્રીગોકુલનાથજી** છે. શ્રીમત્પ્રભુચરણના નિત્યલીલાપ્રવેશ પછી પુષ્ટિમાર્ગના રક્ષણનો ભાર સર્વથા આપશ્રીના આ પ્રતાપી પુત્ર **શ્રીગોકુલનાથજી** ઉપર જ હતો. આપશ્રીએ 'ચિદ્દરૂપ' નામના પાખંડી સંન્યાસીએ ભંભેરેલા 'જહાંગીર' જેવા મદાંધ દુરાગ્રહી અને વિધર્મી બાદશાહ સામે અહિંસક લડત લડી, પોતાના અસાધારણ પ્રતાપથી તેને નમાવી, 'માલા–તિલક'નું રક્ષણ કરી, સમગ્ર વૈષ્ણવ સંપ્રદાયના ધર્મની અને હિંદુત્વની રક્ષા કરી હતી. જો આપશ્રીએ ઉત્તર વયમાં મહાન પરિશ્રમ વેઠી કાશ્મીર જેવા વિકટ પ્રદેશનો લાંબો અને પરિશ્રમભર્યો પ્રવાસ કરી ઇતિહાસમાં ગવાયેલા 'જહાંગીરી હુકમ'ને પાછો ખેંચાવી, 'તુલસીની માળા અને તિલક'નું રક્ષણ ન કર્યું હોત, તો આજે માલા–તિલકવિભૂષિત એક પણ વૈષ્ણવનાં આપણને દર્શન **ન** થાત અને વૈષ્ણવોનાં એ સૌભાગ્ય ચિહ્ન તો સ્મરણાવશેષ કે ગ્રંથાવશેષ બની ગયાં હોત! અસ્તુ.

વ્રજભાષાના ઉદ્ધારનું અને વ્રજભાષાના ગદ્યલેખનની શરૂઆતનું યશસ્વી કાર્ય પણ સર્વ પ્રથમ **શ્રીગોકુલનાથજી**એ જ '૮૪–૨૫૨ વૈષ્ણવોની વાર્તા' અને 'ભાવનાગ્રંથો' દ્વારા કરી પુષ્ટિસૃષ્ટિ ઉપર તથા હિંદી–ભાષાભાષી જનતા ઉપર મહાન ઉપકાર કર્યો છે, જેનું ઉપકાર–સ્મરણ હિંદી સાહિત્યકારો આજે પણ પોતાના સાહિત્યમાં પ્રકટ રીતે કરી રહ્યા છે. આપશ્રીએ નિજ પિતૃચરણ અને પિતામહની જેમ સંસ્કૃત વ્રજ અને ગુજરાતી ભાષામાં અનેક સામ્પ્રદાયિક સિદ્ધાંત અને ભાવનાવિષયક ગ્રંથોની રચના કરી સામ્પ્રદાયિક સાહિત્યમાં અનેરી વૃદ્ધિ કરી છે. આપશ્રી સેવાના અનોસર વખતે બેઠકમાં બિરાજતા હોય ત્યારે કે સેવામાં નાહ્યા હોય ત્યારે, અથવા હાલતાં–ચાલતાં પણ નિજ સેવકોને માર્ગનાં સિદ્ધાંતો અને રહસ્યોનો ઉપદેશ કરતા. શ્રીમહાપ્રભુજી અને શ્રી-ગુસાંઈજીની જેમ આપશ્રી પણ નિત્ય નિયમપૂર્વક **ભગવત્કથા** કરતા. આ વખતે અસંખ્ય વૈષ્ણવો આપશ્રીનાં સરલ અને હૃદયંગમ વચનામૃતો શ્રવણ કરવાને આવતા. 'ભગવત્કથા'માં વંચાતા **શ્રીસુબોધિની**જી આદિ ગ્રંથોના ગૂઢ આશયને તો એવી તો સરલતાથી અને શ્રીમહાપ્રભુજીના તથા શ્રીગુસાંઇ-જીના સેવકોનાં દૃષ્ટાંતો આપીને સમજાવતા, કે સાંભળનારાં મંત્રમુગ્ધ બની જતાં! **શ્રીગોકુલનાથજીની 'ભગવત્કથા' એટલે રસનો પ્રવાહ!** સાંભળનારનાં હૃદયો આર્દ્ર કરી નાખે એવી આપની દૃષ્ટાંત સહિત કથા સમ-જાવવાની સુંદર શૈલી હતી. પિતૃચરણના અને પિતામહના સેવકો પ્રત્યે આપશ્રીને માન પ્રેમ અને પક્ષપાતની લાગણી હતી, તે **વાર્તા** વાંચવાથી સ્પષ્ટ સમજાય છે.

એક દિવસે ભગવત્કથામાં ૮૪–૨૫૨ વૈષ્ણવોનાં ચરિત્રોનું રસભરી રીતે વર્ણન કરતાં કરતાં આપશ્રી રસમગ્ન થઇ ગયા અને 'શ્રીસુબોધિની કથા'નું સ્મરણ રહ્યું નહીં. આવી રીતે જ્યારે અર્ધરાત્રિ વીતી ગઇ ત્યારે એક વૈષ્ણવે આપશ્રીને વિનંતિ કરી કે: 'જે જે, આજે કથા ક્યારે કરશો? અર્ધરાત્રિ થઈ છે.' ત્યારે આપશ્રીએ તે વૈષ્ણવને કહ્યું કે,–'આજે તો કથાનું ફળ કહેવાય છે. વૈષ્ણવની વાર્તામાં સઘળું ફળ જાણજો. વૈષ્ણવ ઉપરાંત બીજું–ફળ છે જ નહીં. આ પુષ્ટિમાર્ગ છે તે વૈષ્ણવ દ્વારા ફલિત થશે. શ્રીમહાપ્રભુજી પણ એમજ કહે છે 'દમલા! તેરે લિયે યહ માર્ગ પ્રગટ કિયો હૈ.' માટે વૈષ્ણવની વાર્તા છે, તે સર્વોપરિ જાણજો.' આમ વૈષ્ણવોની વાર્તાને **શ્રીગોકુલનાથજી** 'ભગવત્કથાનું ફળ' કહેતા.

આ વાર્તા–ગ્રંથોનું અવલોકન કરતાં કોઇને શંકા થાય કે, શ્રીમહાપ્રભુજીએ ચોરાસી વૈષ્ણવોને અને શ્રીગુસાંઈજીએ બસોબાવન વૈષ્ણવોને શરણે લીધા હતા?' તેનું સમાધાન આ પ્રકારે છે. શાસ્ત્રગ્રંથોમાં ૮૪ લાખ યોનિઓનું વર્ણન આવે છે. દેવોને પણ દુર્લભ એવા મનુષ્યદેહની પ્રાપ્તિ થવા છતાં, ભગવદ્ભક્તિ દ્વારા જે જીવ ભગવત્પ્રાપ્તિ નથી કરતો તેને ૮૪ લાખ યોનિમાં પાછું ભટકવું પડે છે. શ્રીવલ્લભાચાર્ય–મહાપ્રભુજીનાં પ્રાકટ્ય પહેલાં દૈવી જીવો ૮૪ લાખ યોનિમાં ભ્રમણ કરતા હતા. આ જીવોમાં નિર્ગુણ, સાત્ત્વિક, રાજસ અને તામસ કોટિના જીવો હતા. આ ૮૪ લાખમાંથી એક લાખે એક એવા ૮૪ નિર્ગુણ કોટિના જીવોનો ઉદ્ધાર શ્રીમહાપ્રભુજીએ કર્યો તે '૮૪ વૈષ્ણવો' કહેવાયા; બાકીના એક લાખે ત્રણ ત્રણ સાત્ત્વિક રાજસ અને તામસ જીવોનો ઉદ્ધાર શ્રીગુસાંઇજીએ કર્યો તે '૨૫૨ વૈષ્ણવો' કહેવાયા. એટલે કે, શ્રીમહાપ્રભુજીએ અંગીકાર કરેલા ૮૪ વૈષ્ણવો નિર્ગુણકોટિના વૈષ્ણવોના અગ્રેસર અને શ્રીગુસાંઈજીના ૨૫૨ વૈષ્ણવો ત્રણ ગુણમય વૈષ્ણવોના અગ્રેસર જાણવા. વળી આ ૮૪–૨૫૨ વૈષ્ણવો શ્રીમહાપ્રભુજીના અને શ્રીગુસાંઇજીના અંગસ્વરૂપ છે–એટલે કે અંગમાં આધિદૈવિક સ્વરૂપે બિરાજે છે. શ્રુતિમાં **द्वादशो ह वै पुरुषः** પુરુષનાં–પુરુષોત્તમનાં ૧૨ અંગો કહ્યાં છે. આ એક એક અંગના સાત–સાત ધર્મો છે: ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય, આ છ ધર્મો અને સાતમો ધર્મ પોતે; એટલે કે શ્રીમહાપ્રભુજીનાં અંગ, ૧૨×૭ ધર્મો=૮૪, તથા શ્રીગુસાંઈજીનાં અંગ, ૧૨×૭ ધર્મો×૩ ગુણો=૨૫૨.

આ વાર્તામાં આવતા પ્રત્યેક વૈષ્ણવના ત્રણ જન્મનું સ્વારસ્ય એવું છે કે ત્રણ જન્મ એટલે આધિભૌતિક આધ્યાત્મિક અને આધિદૈવિક એ ત્રણ સ્વરૂપ.

ભાવપ્રકાશના નિર્માતા

શ્રીહરિરાયજી–મહાપ્રભુ

મૂળ લીલાસ્થ–આધિદૈવિક સ્વરૂપ એ તેનો પહેલો જન્મ, શરણે આવ્યા પહેલાંનું જીવનું 'આધિભૌતિક સ્વરૂપ' એટલે તેનો બીજો જન્મ, અને શરણે આવ્યા પછી–વૈષ્ણવત્વની પ્રાપ્તિ 'આધ્યાત્મિક સ્વરૂપ' એ તેનો ત્રીજો જન્મ.

૮૪–૨૫૨ વૈષ્ણવોના વાર્તાપ્રસંગો એટલા તો સૂક્ષ્મ અને ગૂઢ છે કે જીવબુદ્ધિથી એ સમજી શકાય તેમ નથી! પરન્તુ આપણા જેવા જીવો ઉપર કૃપા વિચારીને સહસ્રાવધિ ગ્રંથોના પ્રણેતા **મહાનુભાવ શ્રીહરિરાયજી**એ તેના ઉપર **'ભાવપ્રકાશ'** નામની મનનીય, ભાવભરી અને વાર્તાપ્રસંગોનું સ્પષ્ટીકરણ કરતી ટીકા લખીને વાર્તામાં આવતા કેટલાય કૂટ પ્રશ્નોનું નિરાકરણ કરી, વાર્તાની ઉપયોગિતા તેમજ કલાત્મકતા સિદ્ધ કરી છે.

અત્યાર સુધીમાં ઘણા વૈષ્ણવો આ 'ત્રણ જન્મવાળી ૮૪ વૈષ્ણવની વાર્તા'થી પરિચિત હતા; પણ તેના ઉપર **શ્રીહરિરાય મહાપ્રભુ**ની મહોર છાપવાળી **'ભાવપ્રકાશ'** નામની જે ટીકા તેનાથી અજ્ઞાન હતા. આ સંબંધી પરિશ્રમ ભર્યું અન્વેષણ કરી સર્વ પ્રથમ તેને પ્રકાશમાં મૂકનાર **કાંકરોલીનરેશ ગો. શ્રી. વ્રજભૂષણલાલજી મહારાજ**ની સમસ્ત વૈષ્ણવ સૃષ્ટિ ઋણી છે. અને એઓશ્રીની પ્રેરણાનુસાર કાર્ય કરનાર **'કાંકરોલી વિદ્યાવિભાગ'** અને **'શ્રી. દ્વારિકાદાસ પરીખ'**નો ઉત્સાહ પણ પ્રશંસનીય છે.

ત્રણ જન્મની 'ભાવપ્રકાશ' વાળી ૮૪ વૈષ્ણવોની વાર્તાની હસ્તલિખિત પ્રતિ ઘણે સ્થળે બિરાજે છે; પરન્તુ તેમાં 'મૂળ વાર્તા' અને 'ભાવપ્રકાશ' એકત્ર હોવાથી સ્પષ્ટ રીતે 'ભાવપ્રકાશ'ની ટીકા કઈ તે જાણી શકાતું નથી. આ વાર્તા પ્રકાશિત થયા પછી જ્યાં याको अर्थ यह, सो यातें, ताको आशय यह, यामें यह जनाये, ताको हेतु यह, काहेतें, એવાં શંકાસમાધાન દર્શક વાક્યો જ્યાંથી શરૂ થાય છે તે જ 'ભાવપ્રકાશ' છે એમ હવે નિઃશંકપણે કહી શકીએ છીએ. અસ્તુ.

૮૪–૨૫૨ વૈષ્ણવોના સચોટ વાર્તાપ્રસંગોએ તો ઘણાંયનાં ખરાબે ઝડી ગયેલાં જીવનનાવને ભગવચ્ચરણારવિંદ તરફ વાળવા-રૂપી 'દીવાદાંડી'ની ગરજ સારી છે. આજે લગભગ સાડાત્રણસો વર્ષ થયાં વિદ્વાન કે સાધારણ જ્ઞાનવાળા, સાક્ષર કે નિરક્ષર, ધનવાન કે નિષ્કિંચન, રાજા–મહારાજા કે અધિકારી, ગૃહસ્થ કે વિરક્ત, અને સ્ત્રી કે પુરુષ પ્રત્યેક કોટિના વૈષ્ણવોએ આ વાર્તાઓને પરમ પ્રેમપૂર્વક અપનાવી તેને પોતાનું જીવનધ્યેય બનાવ્યું

છે. સાવ અભણ અને સામાન્ય ગામડાંમાં નિવાસ કરતા વૈષ્ણવોની 'વૈષ્ણવતા' ટકાવી રાખવામાં આ વાર્તા-ગ્રંથોનો મોટો ફાળો છે.

આવા ગ્રંથો, થોડું ભણેલાં વૈષ્ણવ સ્ત્રી-પુરુષો વૃદ્ધો અને બાળકો માટે સરલ ભાષાશૈલીમાં અને સ્થૂલાક્ષરમાં પ્રસિદ્ધ થાય એ અત્યંત આવશ્યક અને આવકારદાયક છે. સામ્પ્રદાયિક નામસેવાનું સુંદર કાર્ય કરી રહેલ **'શુદ્ધાદ્વૈત સંસદ'–અમદાવાદ** તરફથી આ **'ચોરાસી વૈષ્ણવની વાર્તા'** (ત્રણ જન્મની લીલાભાવનાવાળી અને 'ભાવપ્રકાશ' ટીકા સાથે) સરલ ગુજરાતી ભાષામાં પ્રસિદ્ધ થાય છે એ જાણી હૃદયમાં હર્ષ થાય છે. આ કાર્યમાં ગો. વા. શ્રી. મોહનલાલ ગાંધીનો મોટો ફાળો છે.

'શુદ્ધાદ્વૈત સંસદ'નો ઉદ્દેશ, જ્યાં જ્યાં વૈષ્ણવ જનતા હોય ત્યાં ત્યાં સદ્‌ગ્રંથરૂપી 'જ્ઞાનદીપક'નો પ્રકાશ કરવાનો છે. પરમકૃપાળુ શ્રીનંદરાજકુમાર આ મંગલ ઉદ્દેશને આર્થક કરો એ પ્રાર્થના સાથે—

"ચોરાસી ચિત્ત લાવીને કરે પાઠ નિત્ય ધરી નેમ,
પુષ્ટિપંથપ્રભુ પ્રસન્ન થાયે, હૃદે બાઢે પ્રેમ."

એ પ્રાતઃસ્મરણીય કાકા **શ્રીવલ્લભજી મહારાજ**નાં ધોળની પંક્તિઓનું સ્મરણ કરી આ **લેખ** પૂર્ણ કરું છું.

આપનો,
પ્રેમલાલ ગો. મેવચા, 'ભક્તિપ્રિય'
તંત્રી : 'વૈશ્વાનર'

ઠે. ઝવેરી બજાર,
પોરબંદર
આષાઢી પૂર્ણિમા (૨૦૦૭)

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

પ્રસ્તાવના

આજથી વીસેક વરસ પૂર્વે મેં આ વાર્તા શ્રીભક્તિમાર્ગીય સસ્તી ગ્રંથમાળા દ્વારા વૈષ્ણવબંધુઓના કરકમલમાં મૂકવાની ઇચ્છા જાહેરાત આપી પણ તે વખતે આ પુસ્તકની કીમત મેં જૂજ રાખેલી તેથી વ્યાપારી વૃત્તિએ કામ કરનારના વિરોધે અને હરીફાઇએ મને અટકાવ્યો.

આજે વીસ વરસે પણ શ્રીમહાપ્રભુજીએ મારી આ પ્રબળ કામના પૂર્ણ કરી છે, તેથી મારું હૃદય પ્રેમ અને ઉમળકાથી ગજગજ આનંદથી ઊછળે છે.

આ ધાર્મિક સાહિત્ય અંતર સાહિત્ય કહેવાય. બુદ્ધિવાદ આવી વસ્તુઓ ન સમજાવી શકે. પ્રેમ અને શ્રદ્ધાની શક્તિ જ આ સમાજવાદમાં ઉપયોગી થાય. પુષ્ટિ પ્રવાહ અને મર્યાદા જીવો વિશ્વમાં બધે એકઠા છે તેમાંથી વ્રજલીલામાંથી વિછરેલાને વીણીને શ્રીઠાકોરજીને સોંપવાનું કાર્ય કરવા શ્રીમહાપ્રભુજીનું પ્રાકટ્ય છે, અને તેનાં લીલાત્મક વ્રજનાં સૂક્ષ્મતત્ત્વો સ્વરૂપાત્મક શ્રીવલ્લભાધીશમાં બિરાજે છે તે તત્ત્વ તે વૈષ્ણવને શ્રીઠાકોરજીના સંબંધપૂર્વક સમર્પી તેને સાક્ષાત્ અનુસંધાન આપવું તે શ્રી મહાપ્રભુજીનું કાર્ય છે.

આ કાર્ય શ્રીમહાપ્રભુજીના સમયમાં તદ્દન ગુપ્ત હતું. વૈષ્ણવો એકબીજાના સંબંધથી પોતાના લીલાત્મક સ્વરૂપને જાણતા અને તેથી તે સામાન્ય પ્રવાહી મર્યાદા જીવોથી તે ગુપ્ત રાખવામાં આવતું. શ્રીમહાપ્રભુજી પોતે જ પ્રાકૃત જીવોને પોતાનું "પ્રાકૃતાનુકૃતિવ્યાજમોહિતાસુરમાનુષઃ" આવું સ્વરૂપ બતાવી પોતાનાથી દૂર રાખતા, જ્યારે લીલાસંબંધી ભક્તોને "ભક્તેચ્છાપૂરકઃ" સ્વરૂપ દર્શાવી તેને પોતાના સ્વરૂપમાં આસક્ત કરતા. શરણે લેવાની રીત પણ લીલાના સંબંધપૂર્વકની હતી.

દુનિયાના ત્રણે પ્રકારના જીવોનો શારીરિક દેખાવ એક જ હોવાથી સામાન્ય દૃષ્ટિએ એ દૈવી જીવને ઓળખવો મુશ્કેલ હતું, તેથી તે સમયે લીલાના સંબંધપૂર્વનું ભૂતળ પર પડવું, નામ સાથે સંબંધ, આ બધું પાછળથી શ્રીહરિરાયજીએ સ્પષ્ટ કર્યું.

અહીં એક મહાન શંકા થાય કે શ્રીહરિરાયજીએ આ બધું શી રીતે જાણ્યું? કોઈ પણ પ્રાચીન ગ્રંથમાં આવું લખાણ જણાતું નથી; તો આનો ખુલાસો પ્રમાણપૂર્વક કરવો જોઇએ કે જેથી પુષ્ટિભક્તિમાર્ગ કેવો સાક્ષાત્ અનુભવનો મહાન માર્ગ છે તે પ્રત્યક્ષ જણાય.

શ્રીમહાપ્રભુજી શ્રીવલ્લભાચાર્યજી સાક્ષાત્ આધિદૈવિક વિરહાગ્નિસ્વરૂપ છે.
શ્રીમહાપ્રભુજીમાં આસક્તને શ્રીમહાપ્રભુજી વિપ્રયોગનું દાન કરે છે. આમ હોવાથી
શ્રીહરિરાયજી શ્રીમહાપ્રભુજીમાં આસક્ત હોવાથી દશ વરસની ઉમરથી આપ
વિરહી હતા. આંતરિક લીલાત્મક વાર્તાઓ કરતાં કરતાં તેમને દેહનું પણ અનુ-
સંધાન રહેતું નહિ, તેથી ચિંતાને લીધે શ્રીકલ્યાણરાયજીએ સત્સંગની મનાઈ
કરી. આમ છતાં પોતે ન માન્યું એટલે ઓરડીમાં પૂર્યા તો શ્રીહરિરાયજીના
વિરહાગ્નિથી તપ્ત સ્વરૂપે આખી ઓરડી સળગતી દેખાઈ એટલે પિતા શ્રીકલ્યાણ
રાયજીએ તેમને બહાર લાવી પોતે ક્ષમા માગી અને સાક્ષાત્ અનુભવને લીધે
સત્સંગની છૂટ આપી.

આમ શ્રીહરિરાયજી બાલ્યાવસ્થાથી વિપ્રયોગી હતા. વિપ્રયોગનાં પણ બે મુખ્ય સ્વરૂપ છે. અનુભવી દૃષ્ટિએ જોતાં જે જે લીલાસંબંધી જે જીવ હોય તેને તેની મૂળ લીલાના જ વિરહનો અનુભવ થાય છે, તેથી વિપ્રયોગનાં પણ અનેક સ્વરૂપ કહી શકાય, પણ મુખ્ય બે સ્વરૂપ છે: એક ધર્મી—વિપ્રયોગ અને બીજો ધર્મવિપ્રયોગ.

ધર્મી—વિપ્રયોગમાં દૈવી આત્મા મૂળ લીલાના સ્વરૂપ પાસે જાય છે, મતલબ કે તેનો દેહ રહેતો નથી. કેટલીક વાર તેવા ભક્તાત્માને લીલામાં લઈ જવા શ્રીઠાકોરજી અને શ્રીયમુનાજીનાં આધિદૈવિક સ્વરૂપો દિવ્ય સ્વરૂપે પધારી લીલામાં લઈ જાય છે. ધર્મી—વિપ્રયોગ એ લીલાત્મક આત્માની છેલ્લી દશા છે. આ વસ્તુ પ્રત્યક્ષ હોવાથી કોઈ વૈષ્ણવ દેહ છોડે ત્યારે 'વૈષ્ણવ લીલામાં પહોંચી ગયા' એમ કહેવાય છે.

ધર્મ—વિપ્રયોગ એ અનુભવ લઈ પાછો શાંત થઇ જાય છે અને ધર્મ—વિપ્રયોગમાં લીધેલા અનુભવ આ વિપ્રયોગ શાંત થતાં હૃદયમાં સ્વરૂપાત્મક સ્થાન કરી લે છે ને તે પાછળથી અલૌકિક સાહિત્યસ્વરૂપે તૈયાર થાય છે. એ જ આ શ્રીહરિરાયજીદ્વારા રચાયેલી ત્રણ જન્મની વાર્તા છે. વિરહી પાસે ભૂત ભવિષ્ય અને વર્તમાનકાળની પણ લીલાઓ સ્વરૂપાત્મક નામ અને કારણ સાથે દૃષ્ટિગોચર થાય છે અને તે ભવિષ્યના દૈવી આત્માઓના પોષણ અને જ્ઞાનને માટે ગ્રંથનું સ્વરૂપ ધારણ કરે છે. આમ શ્રીહરિરાયજી ધર્મ વિપ્રયોગી હોવાથી મૂળ લીલામાંથી વિછરવાના કારણ સાથે તેમના સંબંધીઓના અત્રેના સંબંધપૂર્વક નામ સાથે આપ "ભાવપ્રકાશ"માં બધી બાબતમાં સ્પષ્ટ જણાવે છે. આ લીલાત્મક દૃષ્ટિ જ આપણને મૂળ લીલાની દૃષ્ટિમાં શ્રદ્ધા સિંચી લૌકિક વૈદિક આસક્તિ છોડાવી આત્મકલ્યાણ સાધવામાં શક્તિશાળી કરે છે.

આત્મિક સંબંધીઓ પૂર્વેના સંબંધીઓ હોવાથી તેઓનો જ્યાંસુધી સંયોગ ન થાય ત્યાંસુધી ગમે તેટલે દૂર હોય પણ શાંતિ અને આનંદ મેળવી શકતા નથી. ઉચ્ચ આત્મિક પ્રેમીઓ તેવી સ્થિતિમાં મનનું સ્વાસ્થ્ય પણ ગુમાવે છે, તે સ્વાસ્થ્ય સંયોગથી મેળવે છે.

કનૈયાશાલ ક્ષત્રિયની વાર્તા આમાં પ્રત્યક્ષ પુરાવારૂપ છે. વિરહ એ અસાધ્ય રોગ છે. તે રોગ જેના વિરહનો હોય તેનો સંયોગ થતાં જ મટે છે. આમાં કનૈયાશાલ ક્ષત્રિયની લીલાત્મક દૃષ્ટિ એટલી બધી અનન્ય હતી કે આખા જીવનભર પુષ્ટિભક્ત સિવાય કોઈ સાથે બોલ્યા જ નથી. આથી ઊલટું શ્રીઠાકોરજી તેમને આનંદ આપવા સદા સાથે રહેતા, અને આંતરિક રીતે તેમને આધિદૈવિક નિદ્રામાં મૂકી શ્રીહસ્તે નિશ્ચિત સ્થાને પહોંચાડતા. દ્વારિકા જવા અને આવવાનો પ્રસંગ આમાં પ્રત્યક્ષ પુરાવારૂપ છે. પદ્મારાવળ દ્વારકા લીલાના સંબંધી હોવાથી શ્રીમહાપ્રભુજીને શરણે આવવા છતાં વ્રજલીલાની વાર્તા સાંભળવાની સવડ મળતી નથી. વળી વ્રજની કિશોરલીલા અને બાળ-લીલાઓ દ્વારિકાની રાજલીલા કરતાં ભિન્ન હોવાથી દ્વારિકાલીલાના અધિષ્ઠાતા શ્રીરણછોડજી પોતે જ પદ્મારાવળને વ્રજલીલાની વાર્તા સાંભળવામાં વાતે વળગાડી વિઘ્ન કરે છે. માવજી પટેલ, બિરજો અને પદ્મારાવળને શ્રીરણછોડરાયજીરૂપે શ્રીમહાપ્રભુજી વાંસવાડાવાળા ગોપાળદાસની વાણી અને હૃદયના વેત્તા હોઈ તેવી જ રીતે હોડી મોકલી નામ સાથે કદી પણ વગર દીઠે બોલાવે છે, ત્યારે શ્રીમહાપ્રભુજીની વિશ્વવ્યાપી ઈશ્વરી શક્તિનું આપણને ભાન થયા વગર રહેતું નથી. વળી આમાં શ્રીઠાકોરજીનું વિરુદ્ધધર્માશ્રયત્વ પણ જણાય છે.

જિયાદાસ ક્ષત્રિય શ્રીયમુનાજીના સંબંધવાળા હોવાથી તેમનો અંગીકાર ગુનેગાર તરીકે શ્રીયમુનાજીમાં સ્નાન કરવા આવતાં શ્રીમહાપ્રભુજી ત્યાં તે જ સમયે શ્રીયમુનાજીના તટ પર હોવાથી છોડાવે છે, અને દેવું અપાવી શરણે લે છે. જિયાદાસનાં માતાપિતા લીલાત્મક ન હોવાથી માત્ર નામ જ આપે છે પણ બ્રહ્મસંબંધ નથી આપતા, તે સમજવા જેવી બાબત છે.

જે લીલાસંબંધી વ્રજભક્ત હોય તેને જ શ્રીમહાપ્રભુજી તેવું દાન કરી સત્સંગની સવડ આપે છે એ આખી વાર્તામાં પ્રત્યક્ષ જણાય છે.

અલૌકિક દિવ્ય દૃષ્ટિ દ્વારા લીલાનું અનુસંધાન પ્રત્યક્ષ છે તે ટૂંકામાં આપી હવે આ વાર્તાની બાબતમાં છપાવવાની તૈયાર શી રીતે કરી તે જોઇએ. આમાં લૌકિક દૃષ્ટિએ કમાવાની વૃત્તિ નથી, પણ ગુજરાતીમાં અનુવાદ કરી છપાવવાનું

કારણ વ્રજભાષાથી અને લિપિથી અજાણ્યા વૈષ્ણવોને જ્ઞાન થાય અને વાંચવાનું
સરળ પડે તે હેતુ છે. અત્યારે ભક્તિમાર્ગીય સાહિત્ય પ્રકાશનની બધી
પ્રવૃત્તિઓ એકંદરે ગુજરાતમાં ને ગુજરાતીમાં થાય છે એમાં પણ પ્રભુની
આપણા પરની કૃપા સિવાય બીજું શું છે?

શ્રીમહાપ્રભુજીએ પણ વ્રજને અને ગુજરાતને જાણે સમાન ગણ્યાં હોય
તેવું ઝીણવટથી જોતાં જણાય છે. શ્રીમહાપ્રભુજીની ૮૪ બેઠકોમાં ગુજરાતમાં
તેવીસ અને વ્રજમાં પણ બાવીસ બેઠકો છે. ચોરાસી બેઠકો તો પ્રસિદ્ધ છે.
પણ સાવલી જેવા ગામની કે જ્યાં શ્રીમહાપ્રભુજીએ નવ દિવસ રામાયણનું
પારાયણ કર્યું અને સાત દિવસ શ્રીભાગવતજીનું પારાયણ કર્યું તે તો અપ્રસિદ્ધ
જ છે. બાલલીલા અને કિશોરલીલા સંબંધે વ્રજમાં બાવીસ સ્થાને સમાધ
કરી બિરાજી સ્વસ્વરૂપને સ્થાપન કર્યું, જ્યારે રાજલીલાસંબંધે ગુજરાતમાં
પણ લગભગ તેવીસ બેઠકો હોવાથી તે તે સ્થાને બિરાજી સમાધ કરી આપે
સ્વસ્વરૂપની સ્થાપના કરી.

શ્રીહરિરાયજી તો એટલે સુધી આજ્ઞા કરે છે કે શ્રીમહાપ્રભુજીનું એકે-
એક ડગલું-ચાલવું શ્રીઠાકોરજીની મૂળલીલાના સંબંધપૂર્વક છે. તેથી જ દૈન્યા-
ષ્ટકમાં કહે છે કે "પુષ્ટિકલ્પદ્રુમાત્મત્વં મૂલવદ્ ભુવિ સંગતમ્ ॥ કદા પદતલં મૂર્ધ્નિ
શ્રીમદ્વલ્લભ ધાસ્યસિ ॥ પુષ્ટિભક્તોને કલ્પદ્રુમ સમાન જે ચરણારવિંદ ભૂતળ
પર ચાલે છે તે ચરણારવિંદ મારા શિર પર શ્રીમહાપ્રભુજી ક્યારે મૂકશે?"
આમ વદવાનું કારણ એ છે કે જેમ શ્રીઠાકોરજીની મૂળ લીલાના સંબંધપૂર્વક
આ ચરણારવિંદ વિચરે છે તેમ જો હું મૂળ લીલાનો સંબંધી હોઉં તો જ એ
ચરણારવિંદ મારા શિર પર ધરાય. સ્થાલીપુલાકન્યાયે આ આપણે સમજીએ
તો શ્રીમહાપ્રભુજીના ચરણનો આશ્રય અનન્યતાએ આપણને જો લીલાના
સંબંધવાળા હોઈએ તો જ પ્રાપ્ત થાય, એવું આ શ્લોકથી સમજવાનું છે.

બીજી મુખ્ય બાબત એ છે કે શ્રીહરિરાયજી પોતે વિરહી વૈષ્ણવોને અને
શ્રીમહાપ્રભુજીમાં આસક્તને શ્રીમહાપ્રભુજીના સ્વરૂપની જેમ ગણે છે, તેથી એક
અષ્ટકમાં વિરહી પ્રત્યે અનહદ પ્રેમભાવપૂર્વક દીનતા દર્શાવે છે. હૃદયમાં શ્રી-
મહાપ્રભુજીના બિરાજવા સિવાય વિરહની પ્રાપ્તિ થાય નહિ; અને એથી એવા
વિરહીને પોતાના સ્વરૂપની પણ સમયે ખબર પડે છે.

હવે અલૌકિક આવું સાહિત્ય પણ સ્વરૂપાત્મક હોવાથી તે પોતે જેના

પર કૃપા કરે તેના દ્વારા જ પ્રકટ થાય છે. વાક્‌પતિ શ્રીવલ્લભાધીશની કૃપા જ શ્રીમહાપ્રભુજીના દિવ્ય સાહિત્યના પ્રકાશનની શક્તિ આપે છે.

એક વ્રજવાસી આજથી ચારેક વરસ પર એક હસ્તલિખિત ચિત્રોવાળી ત્રણ જન્મની વાર્તા લઈ મોડાસા આવ્યો. પરમ ભ. મોહનલાલ વિઠ્ઠલદાસ ગાંધીએ તેની પાસેથી ઉતારવાની ઇચ્છા કરી, તેને કંઈક ન્યોછાવરથી રાજી કરી ત્રણ ચાર જણે સાથે બેસી તે ઉતારી લીધી. ઉતારતાં તેણે એવી શરત કરી કે તમારે છપાવવી નહિ. પછી પ. ભ. શ્રીદ્વારિકાદાસભાઈ સ્વતંત્ર રીતે છપાવે છે તેવી જાણ થતાં તેણે છૂટ આપી. ઉતાવળને લીધે કૃષ્ણદાસ અધિકારીજીની વાર્તા અમારાથી ઉતારી શકાઈ નહોતી એટલે તે પરમભાગવત મારા પરમ મિત્ર અને સત્સંગસ્નેહી મગનલાલ છગનલાલ મહેતા દહેગામ નિવાસી પાસેની લીલાત્મક હસ્તલિખિત પ્રતમાંથી ઉતારી. તેઓ સાહિત્યના અને સેવાના અત્યંત શોખિન છે, તેમના સહવાસથી સેવામય જીવન કેવું હોય તેની ખબર પડે છે. સદ્‌ગત મહાનુભાવી મો. વિ. ગાંધી અને હું ત્યાં બેઉ સાથે જ જતા અને ત્યાં તેમને એમ લાગતું કે આ જ જીવન—આવું જ જીવન પુષ્ટિમાર્ગીય જીવન છે. આવા અનન્યભક્તિવાળા ઉચ્ચ જીવન ગાળનારા આત્માઓ આવા સમયમાં દુર્લભ છે. આ સાહિત્ય શ્રીગોકુલેશના શ્રીમુખના સંબંધવાળું છે, કારણ કે ચોરાસીની વાર્તાનો ઉદ્‌ભવ શ્રીગોકુલેશના શ્રીમુખનો છે. શ્રીહરિરાયજીને લીલાત્મક દૃષ્ટિનું દાન પણ શ્રીગોકુલેશે બ્રહ્મસંબંધદ્વારા કર્યું છે. અરે, શ્રીહરિરાયજીનું પ્રાકટ્ય જ શ્રીગોકુલેશના શ્રીહસ્તની બીડીથી છે. શ્રીઠાકોરજીની શ્રીગોકુલનાથજીના શ્રીહસ્તે શ્રીહરિરાયજીનાં માતુશ્રીને આપેલી પાનબીડીથી શ્રીહરિરાયજીનો જન્મ છે એટલે તે દાનમાં શી ખામી હોય? શ્રીહરિરાયજીના સાહિત્યમાં એ કૃપારૂપી બીડીનું અધરામૃત પ્રત્યક્ષ અનુભવાય છે એકતાળીસ શિક્ષાપત્રો તેનો પુરાવો છે. સાહિત્યસર્જન અને માળાતિલકના રક્ષક તરીકે શ્રીગોકુલેશનું સ્થાન અનેરું છે. જો કે અનન્યતાની દૃષ્ટિએ આપણે જરા તેમના તરફથી દૂર રહીએ છીએ, પણ એક તરફ બધી શ્રીગાદીઓના વૈષ્ણવોના સિદ્ધાંત સમજનારા અને એક તરફ ચતુર્થ પીઠના તપાસીએ તો બીજાં બધાં સ્થાન કરતાં પણ શ્રીચતુર્થપીઠના વૈષ્ણવો વધુ સમજદાર માલૂમ પડશે. અનન્ય શ્રદ્ધા અને પ્રેમ સાથે ત્યાગ શ્રીગોકુલેશના ઘરમાં પ્રત્યક્ષ જણાય છે. થોડીવાર વહેવારુ દૃષ્ટિ બાજૂ પર મૂકી શ્રીઠાકોરજીનાં સુખ અને લાડ લડાવવાની દૃષ્ટિએ જોઇએ તો શ્રીગોકુલેશના ઘરનાની કોટિ ઉત્કટમાત્રામાં આપણે અનુભવી શકીએ છીએ.

જેમની અપાર પ્રેરણાથી મેં આ ગ્રંથનો અનુવાદ પૂર્ણ કર્યો તે સૌમ્ય અને તેજસ્વી પ્રેમમૂર્તિ મારા પરમ મિત્ર અને સત્સંગી મોહનભાઈ પ્રત્યક્ષ હયાત નથી, પણ આ અનુવાદ એમના ગોલોકવાસ પછી દોઢ વર્ષે છપાઇ પ્રસિદ્ધ થાય છે એ જોઈ તેમનો લીલાત્મક આત્મા ત્યાં પણ પ્રસન્ન થશે એવું ઇચ્છી આ લખવું પૂર્ણ કરું છું. આમાં ખામી હોય તો ભગવદીયો મને ક્ષમા આપે, અને તે દર્શાવા કૃપા કરે. આવા દિવ્ય સાહિત્યને નાણાંની દૃષ્ટિએ ન જોતાં ઘરમાં પધરાવી વાંચી વંચાવી બીજી આવૃત્તિ કઢાવવાની ભાવુક ભગવદીયો સવડ આપશે તો અમે કૃતાર્થ થઇશું અને આભાર માનીશું.

આષાઢ વદિ ૫, સોમવાર } દીનકિંકર
૨૦૦૭

વાર્તાઓની અનુક્રમણિકા

પૂર્વભવના સૂચન સાથે

વાર્તા	ભગવદીય	આધિદૈવિક સ્વરૂપ	પૃષ્ઠ
૧	દામોદરદાસ હરસાની	શ્રીલલિતાજી	૧
	(શ્રીમહાપ્રભુજી)	(શ્રીસ્વામિનીજી)	૪
૨	કૃષ્ણદાસ મેઘન	શ્રીવિશાખાજી	૧૭
૩	દામોદરદાસ સંભરવાળા	ચિત્રા	૨૫
	એક લોંડી	કૃષ્ણાવેશની	૪૨
૪	પદ્મનાભદાસ	ચંપકલતા	૪૪
	તુલસાં	મણિકુંડલા	૫૦
	એક વૈષ્ણવ	સૌરભિ	૫૭
	પાર્વતી	રૂપવિલાસિની	૬૧
	પુરુષોત્તમદાસ મહેશ	સુચરિતા	૬૧
	રઘુનાથદાસ	ગુણાભિરાણ્યા	૬૨
	પરમાનંદ સોની	ચંદ્રિકા	૬૩
૫	રજો ક્ષત્રાણી	રતિકળા	૬૫
૬	શેઠ પુરુષોત્તમદાસ	ઇંદુલેખા	૬૯
	રુક્મિણી	મોહિની	૮૩
	ગોપાલદાસ	ગાનકળા	૮૬
૭	રામદાસ સારસ્વત બ્રાહ્મણ	પ્રેમમંજરી	૮૮
૮	ગદાધરદાસ કપિલ	કલકંઠી	૯૫
૯	વેણીદાસ	વૃષભાનાથજીનો બળદ	૧૦૪
	માધવદાસ	રત્નપ્રભા	૧૦૪
	વેશ્યા	ચંદ્રલતા	૧૦૪
	(શ્રીગુસાંઇજી)	(શ્રીચંદ્રાવલિજી)	૧૦૬
૧૦	હરિવંશ પાઠક	ઉત્તાલિકા	૧૧૦
૧૧	ગોવિંદદાસ ભલ્લા	મનસુખો ગોપ	૧૧૩
	મથુરાનો હાકેમ	કંસનો કોષાધ્યક્ષ	૧૧૮

૧૨ અમ્મા ક્ષત્રાણી	શાંડિલી	૧૧૯
બે પુત્રો	અર્જુન અને ભોજ સખા	૧૨૧
૧૩ ગજ્જન ધાવન ક્ષત્રિય	શુભાનના	૧૨૩
૧૪ નારાયણદાસ બ્રહ્મચારી	મધુરેક્ષણા	૧૨૭
ભત્રીજી ચતુરા	ચતુરા	૧૨૮
(શ્રીરઘુનાથજી પાંચમા લાલજી)	(રાધા સહચરી)	૧૨૯
૧૫ એક ક્ષત્રાણી મહાવનની	ભાદ્રા	૧૩૩
૧૬ જિયદાસ સૂરિ ક્ષત્રિય	શ્યામા	૧૪૦
પુરુષોત્તમદાસ	કાવેરી	૧૪૧
છબીલદાસ	મનોહર	૧૪૧
કૃષ્ણદાસ ચોપડા ક્ષત્રિય	હીરા	૧૪૧
હરજી	છબીધામા	૧૪૨
મથુરામલ્લ	મંજુકી	૧૪૨
૧૭ દેવા કપૂર ક્ષત્રિય	પ્રવીણા	૧૪૨
દેવા કપૂરની સ્ત્રી	રસલીલા	૧૪૨
૧૮ દિનકર શેઠ	મનચાતુરી	૧૪૩
૧૯ દિનકરદાસ સહનિયા કાયસ્થ	ધરાનંદ ગોપ	૧૪૭
મુકુંદદાસ	ધ્રુવનંદ	૧૪૭
૨૦ પ્રભુદાસ જલોટા ક્ષત્રિય	મન્મથમોહા	૧૫૩
૨૧ પ્રભુદાસ ભાટ	કલહંસી	૧૬૧
હીરત ચૌધરી	કંસનો ધોબી	૧૬૨
૨૨ પુરુષોત્તમદાસ ક્ષત્રિય	માધવી	૧૬૫
એમનાં સ્ત્રી	માલતી	૧૬૯
૨૩ ત્રિપુરદાસ કાયસ્થ	હરણી	૧૭૪
૨૪ પૂરણમલ્લ ક્ષત્રિય	ચિત્રલેખા	૧૮૦
૨૫ યાદવેંદ્રદાસ કુંભાર	મહોન્મત્તા	૧૮૩
૨૬ ગુસાંઈદાસ સારસ્વત બ્રાહ્મણ	સૂડો	૧૮૪
એક વૈષ્ણવ	ચતુરા	૧૮૫
૨૭ માધવ ભટ્ટ કાશ્મીરી	રત્ના	૧૯૦

૨૮	ગોપાળદાસ વાંસવાડાના	રસપ્રકાશિકા	૧૯૮
૨૯	પદ્મારાવળ સાચોરા બ્રાહ્મણ	વિમલા (દ્વારિકાલીલા)	૨૦૪
૩૦	પુરુષોત્તમદાસ જોશી સાચોરા ,,	ગુણચૂડા	૨૦૪
	એમનાં સ્ત્રી	દુર્વાસા (સખી)	૨૦૭
૩૧	જગન્નાથ જોશી	સૌરભિ	૨૧૩
	એમનાં માતા	છબિસંધિ	૨૧૭
	નરહર જોશી	શંધરેખા	૨૨૦
	મહીધર	કુરંગાક્ષી	૨૨૦
	ફૂલબાઈ	ચપલાનેની	૨૨૩
૩૨	રાણા વ્યાસ સાચોરા બ્રાહ્મણ	નાગવેલિકા	૨૨૯
	એક રજપૂતાણી	રસએની	૨૩૨
૩૩	રામદાસ સાચોરા બ્રાહ્મણ	સુભગા	૨૩૨
	એમની સ્ત્રી	સુભદ્રા	૨૩૮
૩૪	ગોવિંદ દવે સાચોરા બ્રાહ્મણ	તન્મધ્યા (દ્વારિકાલીલા)	૨૪૭
૩૫	રાજા દવે સાચોરા ,,	કુંજરી	૨૪૭
	માધવ દવે સાચોરા ,,	રસાલિકા	૨૪૭
૩૬	ઉત્તમશ્લોકદાસ સાચોરા ,,	સુશીલા	૨૫૫
૩૭	ઈશ્વર દવે સાચોરા ,,	મેના	૨૫૭
૩૮	વાસુદેવદાસ છકડા સારસ્વત ,,	મનસુખો (ખવાસ)	૨૫૯
૩૯	બાબા વેણુ સારસ્વત ,,	સોરસેની	૨૭૩
	કૃષ્ણદાસ ઘઘરી	કામલતા	૨૭૩
	યાદવદાસ વાણિયા	તિલકની	૨૭૩
૪૦	જગતાનંદ સારસ્વત બ્રાહ્મણ	માધુરી	૨૭૯
૪૧	આનંદદાસ ક્ષત્રિય	નાગરી	૨૮૨
	વિશ્વંભરદાસ ક્ષત્રિય	મલ્લિકા	૨૮૨
૪૨	એક બ્રાહ્મણી અડેલની	શશિકલા	૨૮૫
૪૩	એક ક્ષત્રાણી પ્રયાગની	નીલા	૨૮૮
૪૪	ગોરજા ક્ષત્રાણી	નંદા	૨૯૨
	સમરાઇ ક્ષત્રાણી	વૃંદા	૨૯૨

૪૫	કૃષ્ણદાસી	વ્રજમંગલા	૨૯૬
૪૬	બૂલામિશ્ર સારસ્વત બ્રાહ્મણ	સુમંદિરા	૩૦૦
૪૭	રામદાસ મેવાડી, મીરાંના પુરોહિત	કંદર્પા	૩૦૬
૪૮	રામદાસ ચૌહાણ	મધુએની	૩૦૯
૪૯	રામાનંદ પંડિત સારસ્વત બ્રાહ્મણ	નિકુંજના તમચર	૩૧૩
૫૦	વિષ્ણુદાસ છીપા	કમલા	૩૨૧
૫૧	જીવનદાસ ક્ષત્રિય	ઈશ્વિરી	૩૨૮
૫૨	ભગવાનદાસ સારસ્વત બ્રાહ્મણ	સુગંધિની	૩૩૩
૫૩	ભગવાનદાસ સાચોરા ,,	સુંદરી	૩૩૬
૫૪	અચ્યુતદાસ સનોઢિયા ,,	મધુરા	૩૪૧
૫૫	અચ્યુતદાસ ગૌડ ,,	મોહિની	૩૪૨
૫૬	અચ્યુતદાસ સારસ્વત ,,	રસાત્મિકા	૩૪૬
૫૭	નારાયણદાસ કાયસ્થ	વ્રજવિલાસિની	૩૪૯
૫૭	નારાયણદાસ ભાટ	ગોકુલનો વાનર	૩૫૩
૫૮	નારાયણદાસ લુહાણા દીવાન	કેતકી	૩૫૬
૬૦	સિંહનંદની એક ક્ષત્રાણી	સુનંદા	૩૬૨
૬૧	દામોદરદાસ કાયસ્થની માતા વીરબાઈ	વનદેવી	૩૬૮
૬૨	એક ક્ષત્રિય સિંહનંદના	રંગા	૩૭૫
	એની સ્ત્રી	હંસા	૩૭૫
૬૩	એક સુતાર અડેલના	શ્રીદામા	૩૮૧
૬૪	એક ક્ષત્રિય પૂર્વના	મોહની	૩૮૩
	અન્યમાર્ગીય	લક્ષણી	૩૮૩
૬૫	લઘુ પુરુષોત્તમદાસ ક્ષત્રિય	ઉમાશંકર	૩૮૮
૬૬	કવિરાજ ભાટ	શાંડિલ્યમુનિ	૩૯૦
૬૭	ગોપાળદાસ ઈંટોડા ક્ષત્રિય	નૃત્યકલા	૩૯૨
૬૮	જનાર્દનદાસ ચોપડા ક્ષત્રિય	કૃષ્ણાવતી	૩૯૫

૬૯	ગદૂસ્વામી સનોઢિયા બ્રાહ્મણ	બાંદી	૩૯૯
૭૦	કનૈયાશાલ ક્ષત્રિય	કમોદિની	૪૦૦
૭૧	નરહરદાસ ગોડિયા બ્રાહ્મણ	સુગંધરા	૪૦૮
૭૨	નરહરદાસ સંન્યાસી ગોડ બ્રાહ્મણ	ગુલાબી	૪૧૨
	વેણી કોઠારી	પાંડરી	૪૧૫
૭૩	સદુપાંડે	ચંદ્રભાન	૪૧૭
	નરો	રામદે	૪૧૭
	ભવાની	શ્યામદે	૪૧૭
	માણિકચંદ પાંડે	મધુમંગલ	૪૧૯
૭૪	ગોપાળદાસ જટાધારી ગોડ બ્રાહ્મણ	રસભદ્રા	૪૨૫
૭૫	કૃષ્ણદાસ બ્રાહ્મણ	નંદા	૪૩૦
	એમનાં સ્ત્રી	સુભદ્રા	૪૩૦
	જ્ઞાનચંદ	ચેંલી ગોપ	૪૩૨
૭૬	સંતદાસ ચોપડા ક્ષત્રિય	ચંદ્રિકા	૪૩૫
૭૭	સુંદરદાસ ગંગાપુત્ર	શીલા	૪૪૪
	માધવદાસ સારસ્વત બ્રાહ્મણ	લીલા	૪૪૪
૭૮	માવજી	રૂપા	૪૫૦
	બિરજો	હરખા	૪૫૦
૭૯	ગોપાળદાસ ક્ષત્રિય નરોડાવાળા	જસવંત ખવાસ	૪૫૬
૮૦	બાદરાયણદાસ પુષ્કરણા બ્રાહ્મણ	શ્રુતિરૂપા	૪૬૨
	એમનાં સ્ત્રી	ગંગા	૪૬૨
૮૧	સૂરદાસ સારસ્વત બ્રાહ્મણ	કૃષ્ણસખા, ચંપકલતા સખી	૪૬૪
	વાણિયો	બિરજા	૪૯૫
૮૨	પરમાણંદદાસ કનોજિયા બ્રાહ્મણ	તોકસખા, ચંદ્રભાગા સખી	૫૧૪
	કપૂર ક્ષત્રિય	સોનજુહી	૫૨૦
૮૩	કુંભનદાસ ગોરવા ક્ષત્રિય	અર્જુનસખા, વિશાખા સખી	૫૫૭
	ભેંસો (પાડો)	વૃંદા માલણ	૫૬૩

	ભત્રીજી	સરોવરી	૫૭૬
	રાજપૂત	નેનાગોપ	૫૯૭
૮૪	કૃષ્ણદાસ	ઋષભસખા, લલિતાજી	૬૦૯
	અવધૂતદાસ	કૈતિની	૬૧૭
	બડે રામદાસ	મનોરમા	૬૨૪
	શ્યામ કુંભાર	રસતરંગિણી	૬૨૬
	વેશ્યા	બહુભાષિણી	૬૩૨
	ગંગાબાઈ	તામસી ભક્ત	૬૩૮

નિધિ સ્વરૂપો

	સ્વરૂપ	સેવક	હાલ સ્થાન	વાર્તા	પૃષ્ઠ
૧	શ્રીદ્વારિકાધીશજી	દામોદરદાસ સંભરવાળા	કાંકરોલી	૩	૨૮
૨	શ્રીમથુરાનાથજી	પદ્મનાભદાસ	કોટા	૪	૪૫
૩	(છોટે) શ્રીમથુરાનાથજી	તુલસા	,,	૪	૫૫
૪	શ્રીબાલકૃષ્ણજી	રજો ક્ષત્રાણી	મુંબઈ	૫	૬૭
૫	શ્રીમદનમોહનજી	શેઠ પુરુષોત્તમદાસ	ગોકુલ	૬	૬૯
૬	શ્રીનવનીતપ્રિયજી	રામદાસ સારસ્વત	,,	૭	૮૮
૭	શ્રીમદનમોહનજી	ગદાધરદાસ કપિલ	જામનગર	૮	૯૭
૮	શ્રીનવનીતપ્રિયજી	માધવદાસ (વેશ્યાવાળા)	ગોકુલ	૯	૧૦૮
૯	શ્રીમથુરાનાથજી	ગોવિંદદાસ ભલ્લા	કાંકરોલી	૧૧	૧૧૪
૧૦	શ્રીબાલકૃષ્ણજી	અમ્મા ક્ષત્રાણી	નાથદ્વાર	૧૨	૧૨૦
૧૧	શ્રીનવનીતપ્રિયજી	ગર્જન ધાવન	,,	૧૩	૧૨૩
૧૨	શ્રીગોકુલચંદ્રમાજી	નારાયણદાસ બ્રહ્મચારી	કામવન	૧૪	૧૨૭
૧૩	શ્રીલાડીલેશજી	જિયદાસ સૂરિ	બુરાનપુર	૧૬	૧૪૧
૧૪	શ્રીલલિતત્રિભંગજી	દેવા કપૂર ક્ષત્રિય	મુંબઈ	૧૭	૧૪૨
૧૫	શ્રીમદનમોહનજી	પ્રભુદાસ જલોટા	ગોકુલ	૨૦	૧૫૭
૧૬	શ્રીબાલકૃષ્ણજી	પ્રભુદાસ ભાટ	....	૨૧	૧૬૨
૧૭	શ્રીબાલકૃષ્ણજી	પુરુષોત્તમદાસ	નાથદ્વાર	૨૨	૧૬૮
૧૮	શ્રીચતુર્ભુજજી	ગુસાંઈદાસ	....	૨૬	૧૮૪.
૧૯	શ્રીબાલકૃષ્ણજી	માધવ ભટ્ટ કાશ્મીરી	....	૨૭	૧૮૬
૨૦	શ્રીબાલકૃષ્ણજી	ગોપાળદાસ વાંસવાડાના	....	૨૮	૧૯૨
૨૧	શ્રીઅષ્ટભુજાજી	પદ્મા રાવળ	વીરમગામ	૨૯	૧૯૮
૨૨	શ્રીબાલકૃષ્ણજી	પુરુષોત્તમ જોશી	....	૩૦	૨૦૫
૨૩	શ્રીબાલકૃષ્ણજી	જગન્નાથ જોશી	ખેરાળુ	૩૧	૨૦૮
૨૪	શ્રીબાલકૃષ્ણજી	રાણા વ્યાસ	નાથદ્વાર	૩૨	૨૨૭
૨૫	શ્રીનટુવાગોપાલજી	રામદાસ સાચોરા	અમદાવાદ	૩૩	૨૩૪
૨૬	શ્રીબાલકૃષ્ણજી	ગોવિંદ દવે	....	૩૪	૨૪૧
૨૭	શ્રીબાલકૃષ્ણજી	રાજા દવે, માધવ દવે	મુંબઈ	૩૦	૨૪૯
૨૮	શ્રીકલ્યાણરાયજી	બાબાવેણુ	વડોદરા	૩૮	૨૭૪
૨૯	શ્રીલાલજી	જગતાનંદ પંડિત	....	૪૦	૨૮૧

૩૦	શ્રીનવનીતપ્રિયજી	આનંદદાસ	...	૪૧	૨૮૫
૩૧	શ્રીબાલકૃષ્ણજી	એક બ્રાહ્મણી અડેલની	નાથદ્વારા	૪૨	૨૮૬
૩૨	શ્રીબાલકૃષ્ણજી	એક ક્ષત્રાણી પ્રયાગની	ગોકુલ	૪૩	૨૯૦
૩૩	શ્રીદામોદરજી	ગોરજા-સમરાઈ	જૂનાગઢ	૪૪	૨૯૨
૩૪	શ્રીગોવર્ધનધરણ	રામદાસ ચૌહાણ	નાથદ્વાર	૪૮	૩૧૩
૩૫	શ્રીમદનમોહનજી	અચ્યુતદાસ ગૌડ	નાથદ્વાર	૫૫	૩૪૫
૩૬	શ્રીમહાપ્રભુજી શ્રીમદનમોહનજી	નારાયણદાસ ભાટ	વૃંદાવન	૫૮	૩૫૫
૩૭	શ્રીનવનીતપ્રિયજી	એક ક્ષત્રાણી પ્રયાગની	....	૬૦	૩૬૪
૩૮	શ્રીકપૂરરાયજી	વીરબાઈ	વડોદરા	૬૧	૩૭૩
૩૯	શ્રીનવનીતપ્રિયજી	,,	,,	૬૧	૩૭૩
૪૦	શ્રીબાલકૃષ્ણજી	સિંહનંદનાં સ્ત્રીપુરુષ	....	૬૨	૩૭૭
૪૧	શ્રીબાલકૃષ્ણજી	એક ક્ષત્રિય પૂર્વનો	....	૬૩	૩૮૫
૪૨	શ્રીમદનમોહનજી (યુગલ સ્વરૂપ)	નરહરદાસ ગોડિયા	કામવન	૭૧	૪૧૧
૪૩	શ્રીબાલકૃષ્ણજી	સુંદરદાસ ગંગાપુત્ર	....	૭૭	૪૪૪
૪૪	શ્રીબાલકૃષ્ણજી	માધવદાસ	....	૭૭	૪૪૪
૪૫	શ્રીબાલકૃષ્ણજી	બિરજો	....	૭૮	૪૫૧

શ્રીઆચાર્યજી મહાપ્રભુજી

॥ શ્રીવલ્લભાધીશો જયતિ ॥
॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥ શ્રીગોપીજનવલ્લભાય નમઃ॥
॥ શ્રીગોસ્વામિપરમદયાયાલવે નમઃ ॥
॥ શ્રીમદ્દાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

ચોરાસી વૈષ્ણવની વાર્તા

શ્રીચોરાસી વૈષ્ણવની વાર્તા શ્રીગોકુલનાથજીએ પ્રકટ કરી તેનો ભાવ શ્રીહરિરાયજી કહે છે.

વાર્તા ૧ લી.

ચોરાસી વૈષ્ણવનું કારણ એ છે કે દૈવી જીવો ચોરાસી યોનિમાં પડ્યા છે. તેમાંથી ઉદ્ધાર કરવાને માટે ચોરાસી વૈષ્ણવો કર્યા. જીવ પણ ચોરાસી પ્રકારના છે. રાજસી, તામસી, સાત્વિક અને નિર્ગુણ, એ ચાર પ્રકારના જીવ લીલામાંથી ભૂતળ પર પડ્યા છે. તેમાંથી નિર્ગુણ ભક્તોને શ્રીમહાપ્રભુજીએ શરણે લીધા. રાજસી, તામસી અને સાત્વિક ભૂતળ પર રહ્યા તેમનો ઉદ્ધાર શ્રીગુસાંઈજી કરશે.

શ્રીમહાપ્રભુજી વગર શ્રીગોવર્ધનધર રહી શકે નહિ તેથી આપે નિર્ગુણ ચોરાસી ભક્ત–વૈષ્ણવ કર્યા. તેમના દ્વારા આપશ્રીએ એક એક લાખ યોનિમાં એક એક વૈષ્ણવ નિર્ગુણ હોઈ તેમને શરણે લીધા. (ચોરાસી વૈષ્ણવદ્વારા લખ-ચોરાસી યોનિમાંથી નિર્ગુણ ભક્તોનો ઉદ્ધાર કર્યો.)

વળી રસશાસ્ત્રમાં રસાદિક વિહારનાં ચોરાસી આસન દર્શાવ્યાં છે. જુદાં જુદાં અંગોના ભાવરૂપ ચોરાસી વૈષ્ણવ રસલીલા સંબંધી નિર્ગુણ છે–શ્રીઠાકોરજીનાં અંગરૂપ છે. તે તે શાસ્ત્ર રીતિથી ચોરાસી આસન આ ભાવથી અલૌકિક છે.

વળી શ્રીઆચાર્યજીનાં અંગો બાર છે; તે પણ સ્વરૂપાત્મક છે. એક એક અંગમાં સાત સાત ધર્મ છે. ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને

વૈરાગ્ય એ છ ધર્મ અને (છ ધર્મના સ્થાનરૂપ) ધર્મીસ્વરૂપ એ સાતમો. (આ ધર્મ બારેય અંગમાં હોવાથી) બાર સાતાં ચોરાશી વૈષ્ણવ તે શ્રીમહાપ્રભુજીના અંગરૂપ અલૌકિક સર્વસામર્થ્ય સ્વરૂપ છે.

વળી પૂર્ણ પુરૂષોત્તમની લીલા ચોરાસી કોશ વ્રજમાં છે. તે એક એક જીવનો અંગીકાર કરી દૈવીજીવ જે ચોરાસી લાખ યોનિમાં પડ્યા છે, તેમનો ઉદ્ધાર કરી ચોરાસી કોશ વ્રજમાં જે જીવ લીલા સંબંધી છે તેની ત્યાં પ્રાપ્તિ માટે ચોરાસી વૈષ્ણવ અલૌકિક પ્રકટ કર્યા. આ ભાવથી શ્રીમહાપ્રભુજીના ચોરાસી વૈષ્ણવ છે.

એક દિવસ શ્રીગોકુલનાથજી ચોરાસી વૈષ્ણવની વાર્તા કરતાં કરતાં કલ્યાણ ભટ્ટ વગેરે વૈષ્ણવો સાથે રસમગ્ન થઇ ગયા હતા. તેથી શ્રીસુબોધિનીની કથા કરવાની ખબર રહી નહિ, અને અર્ધી રાત્રિ જતી રહી. આ વખતે એક વૈષ્ણવે શ્રીગોકુલનાથજીને વિનતિ કરી કે, મહારાજાધિરાજ, આજ કથા ક્યારે કહેશો? અર્ધી રાત્રિ તો જતી રહી. આ સાંભળી શ્રીગોકુલેશે કહ્યું કે આજ તો કથાનું ફળ કહ્યું છે. વૈષ્ણવની વાર્તામાં સઘળું ફળ જાણવું. વૈષ્ણવ ઉપરાંત બીજું ફળ છે જ નહિ. આ પુષ્ટિ ભક્તિમાર્ગ છે, તે વૈષ્ણવદ્વારા ફલિત છે અને વૈષ્ણવદ્વારા જ ફલિત થશે. શ્રીમહાપ્રભુજી પણ એમ જ કહે છે "દમલા! તેરે લીએ યહ માર્ગ પ્રકટ કીયો હૈ" માટે વૈષ્ણવની વાર્તા સર્વોપરિ જાણવી.

આવી રીતે ચોરાસી વૈષ્ણવ શ્રીમહાપ્રભુજીના નિર્ગુણ પક્ષના મુખ્ય જાણવા. હવે રહ્યા રાજસી, તામસી, અને સાત્વિક ગુણવાળા. તેમના ઉદ્ધાર માટે શ્રીગુસાંઈજીએ ૮૪ વૈષ્ણવ રાજસી કર્યા, ૮૪ વૈષ્ણવ તામસી કર્યા અને ૮૪ વૈષ્ણવ સાત્વિક કર્યા. એ ત્રણે જુથ મળી ૨૫૨ (થયા તે) શ્રીગુસાંઈજીના અંગ સંબંધી છે.

આ પ્રમાણે શ્રીમહાપ્રભુ અને શ્રીગુસાંઈજીના સેવકોનો ભાવ કહ્યો.

હવે ચોરાસી વૈષ્ણવનો ગૂઢ આશય શ્રીગોકુલનાથજી કહે છે, તેનો શ્રીહરિરાયજી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોને માટે અર્થ સમજવા માટે ભાવ પ્રકટ કરે છે. પ્રથમ શ્રીમહાપ્રભુજીના સેવક દામોદરદાસ હરસાની જેમને શ્રીમહાપ્રભુજી "દમલા" કહેતા તેમની વાર્તાનો ભાવ કહે છે.

દામોદરદાસ હરસાનીને શ્રીમહાપ્રભુજી "દમલા" કહેતા, તેનું કારણ 'દમલા' તે 'અમલા' (એટલે) મલ રહિત. ત્યાં સંદેહ થાય કે સાધારણ વૈષ્ણવમાં પણ મલ ન હોય તો દામોદરદાસમાં (તે) શી રીતે સંભવે ? દામોદરદાસનું નામ લેવાથી અને એમનું દર્શન કરવાથી પાપ જાય તો પછી તેમનું નામ દમલા અમલા કહ્યું છે તેનું કારણ શું ? આવો સંદેહ થાય તો (તે) નિવારણ કરવા કહે છે. આ ભક્તિમાર્ગમાં શ્રીઠાકોરજીમાં પ્રીતિ હોય ત્યાં સુધી 'અમલ' કહેવાય. જ્યારે શ્રીઠાકોરજીથી પણ અધિક પ્રીતિ શ્રીમહાપ્રભુજીમાં હોય ત્યારે 'અમલા' કહેવાય. દામોદરદાસજીનો એક દઢ ભાવ શ્રીમહાપ્રભુજીમાં છે, કેમકે દામોદરદાસજીના ખોળામાં મસ્તક ધરી શ્રીમહાપ્રભુજી પોઢયા હતા તે સમયે શ્રીગોવર્ધનનાથજી સાક્ષાત પધાર્યા. (આ વખતે દામોદરદાસજીએ) શ્રીઠાકોરજીને (શ્રીમહાપ્રભુજી પાસે આવતાં) રોક્યા અને કહ્યું કે "પાસે ન આવશો શ્રીમહાપ્રભુજી જાગી જશે." એટલો બધો દઢ ભાવ છે કે ઉઠીને શ્રીઠાકોરજીને દંડવત પણ ન કર્યા.

હવે શ્રીગુસાંઈજીએ પૂછ્યું કે શ્રીઠાકોરજીથી (શ્રીમહાપ્રભુજીને) મોટા કેમ કહો છો ? ત્યારે દામોદરદાસજીએ કહ્યું કે "દાન મોટું કે દાતા મોટા ?" દાતા જ્યાં આપે ત્યાં દાન જાય. જ્યાં ઇચ્છા હોય ત્યાં દાતા દાનને રાખે. આ ભાવ ગૂઢ રાખ્યો છે. તેથી શ્રીમહાપ્રભુજી દમલા કહેતા. કોઈ પ્રકારની અન્ય સંબંધની ગંધ પણ નથી, તેથી અમલા કહ્યા છે.

વળી તેમનું નામ દામોદરજી છે. તેનું બીજું કારણ એ છે "શ્રીપુરુષોત્તમ સહસ્રનામ"માં શ્રીઆચાર્યજી **दामोदरो भक्तवश्यो** એવું નામ બોલે છે. અને શ્રીસુબોધિનીમાં વિસ્તાર કરી લખે છે કે પુરુષોત્તમ સાક્ષાત્ ભક્તોને વશ છે. કે જે પોતાનું બંધન છોડી શક્યા નહિ. આમાં શ્રીયશોદાજી અને વ્રજભક્તોનું સ્વરૂપ બતાવ્યું છે. શ્રીયશોદાજી એવાં ભક્ત છે કે શ્રીઠાકોરજીને બાંધ્યા. તે આ ભક્તોની ઇચ્છા દેખીને બંધાયા. તે દોરડાં વ્રજભક્તો લાવ્યાં છે. પણ જશોદાજીનું બંધન છોડવાનું સામર્થ્ય પ્રભુમાં નથી; તેથી યમલાર્જુન વૃક્ષ પડયાં, એટલે કોલાહલ થયો, ત્યારે વ્રજભક્તો દોરડાં છોડે છે. તેથી શ્રીઠાકોરજીથી જશોદાજી મોટાં, શ્રીદામોદરજીથી વ્રજભક્તો મોટાં—આમાં ભક્તવત્સલતા પ્રકટ કરી. તેવી જ રીતે દામોદરદાસ નામથી દામોદરદાસ અનન્યભક્ત છે તેમને

"દમલા યહ માર્ગ તેરે લીયે પ્રકટ કિયો હે"
વશ શ્રીમહાપ્રભુજી છે. તેથી કહે "દમલા યહ માર્ગ તેરે લીયે પ્રકટ કિયો હે" તારે તો હું વશ છું *.
તેમાં એ બતાવ્યું કે બીજા ભક્તો તો બહુ છે પણ તારે તો હું વશ છું *.

હવે દામોદરદાસજીનું અલૌકિક સ્વરૂપ છે તે લલિતાજીનું પ્રાકટ્ય છે.
ત્યાં રહસ્ય લીલામાં શ્રીસ્વામિનીજીની જેમ આજ્ઞાકારી લલિતાજી તેમ જ અહીં
શ્રીમહાપ્રભુજીની આજ્ઞાકારી લલિતારૂપ દામોદરદાસજી. (લલિતા સ્વરૂપ) દામો-
દરદાસ જન્મથી બાલ બ્રહ્મચારી, સખીરૂપ–ગૃહસ્થાશ્રમને પણ જાણતા નથી.
લલિતાજીનો ભાવ આ કીર્તનથી જાણવો.

રાગ કેદારો

હસિ હસિ દૂધ પીવત નાથ ....ટેક.
મધુર કોમલ વચન કહી કહી પ્રાણપ્યારી સાથ....હસિ.
કનક કટોરા ભર્યો અમૃત લીયો લલિતા હાથ;
લાડલી અચવાય પહેલે પીછે આપ અઘાત....હસિ.
ચિંતામણિ ચિત્ત વસ્યો સજની નિરખી પિયુ મુસકાત;
શ્યામા શ્યામકી નવલ છબી પર રસિક બલબલ જાત....હસિ.

આનો ભાવ હવે કહે છે કે બંને સ્વરૂપ રસ–રત્ન–ખચિત શય્યા
પર બિરાજ્યાં છે. ત્યાં લલિતાજી કનકના કટોરામાં દૂધ ગરમ કરીને સાકર
તથા સુગંધિ પધરાવી લઈને લઈ આવ્યાં; હવે લલિતાજીએ વિચાર કર્યો
કે યુગલ સ્વરૂપ બિરાજે છે. જો (આ કટોરો) શ્રીસ્વામિજીના હાથમાં આપીશ
તો શ્રીઠાકોરજીને પિવરાવી પછી પોતે પીશે; આથી મનોરથ સિદ્ધ થશે નહિ.
પરંતુ જો શ્રીઠાકોરજીના હાથમાં ધરીશ તો શ્રીસ્વામિનીજી પ્રથમ

---

* "દમલા તેરે લીયે યહ માર્ગ પ્રકટ કિયો હૈ" આનો આંતરિક ભાવ એ છે કે
શ્રીમહાપ્રભુજીના બધા સેવકોનાં સૂક્ષ્મ સ્વરૂપો દામોદરદાસજીમાં છે. તેથી દામોદરદાસજીને
બ્રહ્મસંબંધ આપ્યું તેની સાથે સૂક્ષ્મ રીતે તો શ્રીમહાપ્રભુજીના બધા સેવકોને બ્રહ્મસંબંધ
થયું. પછી દામોદરદાસજીના અંગમાં જેમનું સ્થાન છે તેવા બધા ભક્તો વિવિધસ્થાને હોઈ
શ્રીમહાપ્રભુજી તેમને લીલાના સંબંધપૂર્વક શરણે લે છે અને એ કારણથી જ આપની પરિ-
ક્રમા અને વિચરણ છે. શ્રીમહાપ્રભુજી દામોદરદાસજીને વશ છે. તેથી એમ જણાય છે કે
શ્રીમહાપ્રભુનું આખું જીવન ભક્તોદ્ધારક છે. તે ભક્તો બધા દામોદરદાસજીના સ્વરૂપમાં
હોવાથી શ્રીમહાપ્રભુજીની આખા જીવનની બધી લીલાઓ–ક્રિયાઓ, ભાવનાઓ ગ્રંથાદિક
સૂક્ષ્મ દૃષ્ટિએ દામોદરદાસજીને માટે જ છે; તેથી 'દમલા તેરે લીયે યહ માર્ગ પ્રકટ કીયો
હે' એમ વદે છે. સૂક્ષ્મ ભાવનાથી જ આ સમજી શકાય તેમ છે.

પાન કરશે. આમ વિચારી શ્રીઠાકોરજીના હાથમાં દૂધનો કટોરો ધર્યો. તો "લાડલી અચવાય પહેલે પાછે આપ અઘાત." કેમકે તેમના (શ્રીઠાકોરજીના) હાથથી તે (શ્રીસ્વામિનીજી) આરોગ્યાં. શ્રીઠાકોરજીના હાથથી શ્રીસ્વામિજીને પ્રથમ પાન થયું. ચિંતામણિ સ્વરૂપ શ્રીઠાકોરજી શ્રીસ્વામિનીજીના હૃદયમાં છે. તેથી શ્રીસ્વામિનીજી પાન કરતાં શ્રીઠાકોરજી તૃપ્ત થાય. આવી રીતે લલિતાજીની પ્રીતિ ચતુરાઈ જોઈને શ્રીઠાકોરજી મુસકાયા. આ નવગ્ન છબીના દૂધ પીવાના સમયની શોભા જોઈ શ્રીહરિરાયજી કહે છે કે "હું બલિહારી જાઉં છું."

આવો ભાવ દામોદરદાસજીનો શ્રીમહાપ્રભુમાં છે. તેથી જુદી સેવા શ્રીઠાકોરજીની દામોદરદાસજીને માથે ન પધરાવી. શ્રીઆચાર્યજી મહાપ્રભુજી ઠાકોરજી છે; તેમની **"मानसी सा परा मता"** એવી માનસી સેવાના અધિકારી દામોદરદાસજી છે. લીલારસમાં મગ્ન રહે છે.

—[०]—

વાર્તા પ્રસંગ ૧

એક વખત શ્રીઆચાર્યજી મહાપ્રભુ આપ વ્રજમાં પધાર્યા. ત્યારે દામોદરદાસ સાથે હતા. શ્રીઆચાર્યજી મહાપ્રભુ આપ દામોદાસને દમલા કહેતા અને કહેતા કે "દમલા! આ માર્ગ તારે માટે પ્રકટ કર્યો છે.

શ્રીગોકુલમાં ગોવિંદઘાટ ઉપર એક ચોતરો હતો. તે સ્થળે છોકરના વૃક્ષની નીચે શ્રીઆચાર્યજી આપ વિશ્રામ કરતા. તેની પાસે શ્રીદ્વારકાનાથજીનું મંદિર છે. ત્યાં શ્રીઆચાર્યજીને ચિંતા ઉપજી કેમ કે શ્રીઠાકોરજીએ તો આજ્ઞા આપી છે કે જીવોને બ્રહ્મસંબંધ કરાવો. અને તેથી આપે વિચાર્યું કે જીવ તો દોષસહિત છે. અને શ્રીપૂર્ણપુરુષોત્તમ તો ગુણનિધાન છે. આમનો સંબંધ શી રીતે થાય? તેથી ચિંતા ઉપજી અને (આપશ્રી) અત્યંત આતુર (વ્યાકુળ) થયા.

તે સમયે શ્રીઠાકોરજીએ તત્કાળ પ્રકટ થઇને શ્રીઆચાર્યજીને પૂછયું કે "ચિંતાતુર કેમ છો?" ત્યારે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીયે

પોતે કહ્યું કે "આપ જાણો જ છો કે જીવનું સ્વરૂપ તો દોષવંત છે. તો આપની સાથે જીવનો સંબંધ કેમ કરી થાય?" ત્યારે શ્રીઠાકોરજીએ કહ્યું, "તમે (જે) જીવને નામ આપશો તેના બધા દોષની નિવૃત્તિ થશે માટે તમે જીવોને અંગીકાર કરો.

ભાવપ્રકાશઃ–ચિંતાનું કારણ એ છે કે ઉત્તમ વસ્તુનો અંગીકાર કરવાથી સુખ થાય, પરન્તુ પ્રીતમને મધ્યમ વસ્તુ દોષવાળા જીવ શી રીતે અંગીકાર કરાવાય? માર્ગની રીત તો આવી છે. તથા જગતમાં મહાત્મિક જીવો છે; જો આપ (શ્રીમહાપ્રભુજી) બ્રહ્મસંબંધ કરાવે તો લોકોમાં દૃઢ વિશ્વાસ કોઈકનો હોય. આમ હોવાથી શ્રીઠાકોરજીના મુખથી બ્રહ્મસંબંધની આજ્ઞા કરાવી, અને જીવને દૃઢ વિશ્વાસ કરાવ્યો કે શ્રીમહાપ્રભુજીને (શ્રીઠાકોરજીએ) વચન આપ્યું છે કે જેને બ્રહ્મસંબંધ થશે તેને હું છોડીશ નહિ. આવા માહાત્મ્યથી જીવો બ્રહ્મસંબંધ કરશે. તેથી શ્રીઠાકુરજીદ્વારા આજ્ઞા કહેવરાવી.

આ વાતો શ્રાવણ સુદિ એકાદશીને દિવસે મધ્યરાત્રિના સમયે થઈ. સવારમાં પવિત્રાએકાદશી હતી. તેથી સુતરનું પવિત્રું તૈયાર કરી રાખ્યું હતું. તે પવિત્રું (શ્રીઠાકોરજીને) ધરાવ્યું. તે સમયે શ્રીઆચાર્યજીએ 'સિદ્ધાન્ત રહસ્ય' ગ્રન્થ કર્યો છે. દામોદરદાસ તે સમયે થોડે દૂર સુઈ રહ્યા હતા. તેથી શ્રીઆચાર્યજીએ દામોદરદાસને પૂછ્યું, "દમલા! તેં કંઈ સાંભળ્યું?" ત્યારે દામોદરદાસે કહ્યું, "મહારાજ! મેં શ્રીઠાકોરજીનાં વચન સાંભળ્યાં તો ખરાં, પણ સમજ્યો નહિ" ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે, "મને શ્રીઠાકોરજીએ આજ્ઞા કરી છે કે તમે (જે) જીવોને બ્રહ્મસંબંધ કરાવશો તેમને હું અંગીકાર કરીશ અને જેમને તમે નામ આપશો તેમના સઘળા દોષ નિવૃત્ત થઈ જશે. માટે બ્રહ્મસંબંધ જરૂર કરવું જોઈએ.

ભાવપ્રકાશઃ–દામોદરદાસે કહ્યું કે, "મહારાજ! શ્રીઠાકોરજીનાં વચન મેં સાંભળ્યાં તો ખરાં, પણ સમજ્યો નહિ." આમ કહેવાનું કારણ એ જણાવ્યું કે અગીઆરમા અધ્યાયમાં શ્રીગીતાજીમાં શ્રીઠાકોરજીનાં વચન છે કે પોતે પોતાની મેળે વાંચીને સમજવા જાય તો સમજાય નહિ; જ્યારે શ્રીગુરુ કૃપા કરે ત્યારે જ સમજાય. તેથી શ્રીઠાકોરજીનાં વચન કહેલાં દામોદરદાસજી

સમજે તો શ્રીઠાકોરજીના સેવક થાય. પણ દામોદરદાસજી તો શ્રીમહાપ્રભુજીના સેવક છે તેથી શ્રીમહાપ્રભુજી સમજાવે તો જ સમજે. આમ (દામોદરદાસજીએ) કહીને એમ જણાવ્યું કે હૃદયમાં દઢ જ્ઞાન ગુરુની કૃપાથી જ થાય. સ્વામિસેવક ભાવ પ્રકટ દેખાડ્યો. જો દામોદરદાસજી કહે કે હું સમજ્યો તો શ્રીમહાપ્રભુજી સમાન જ્ઞાન થયું ગણાય; તેથી કહ્યું કે હું સમજ્યો નથી. વળી સમજવાનું મારૂં પ્રયોજન શું? એમ જણાવવા પણ "આપ સમજાવો તે સમજવાનું મારૂં પ્રયોજન છે એમ સ્પષ્ટ ભાવ કહે છે.

વળી કથા કહેતાંમાં આચાર્યશ્રી દામોદરદાસજીને કહેતા કે દમલા બહુ વાર થઇ છે શ્રીઠાકોરજીની વાર્તા કરી નથી.

ભાવપ્રકાશઃ—આ વચનામૃતનું તાત્પર્ય એ છે કે શ્રીઠાકોરજીની વાર્તા આપ શ્રીસ્વામિનીજી સ્વરૂપ અને દામોદરદાસજી લલિતાજી સખીરૂપ છે તેથી તે સ્વરૂપે વાર્તા નથી કરી. (પ્રેમરૂપ વાર્તા) લલિતા સાથે એકાંતમાં રહસ્ય વાર્તા, શ્રીઠાકોરજીના મેળાપનો પ્રસંગ, પ્રથમ મૂળલીલામાં જે પ્રકારે લીલા કરી તે પ્રકારની વાર્તા નથી કરી. તે કરવાને માટે બધાની રૂબરૂ કથા કહેતી વખતે આમ કહેતા કે શ્રીઠાકોરજીની વાર્તા નથી કરી.

વાર્તા પ્રસંગ ૨

વળી મહાપ્રભુજીએ શ્રીઠાકોરજી પાસે ત્રણવાર માગ્યું કે મારા પહેલાં દમલાની દેહ ન છૂટે. તેનું કારણ એ છે કે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ આપે સન્યાસ ગ્રહણ કરવાનો વિચાર મનમાં કર્યો તે સમયે શ્રીગોપીનાથજી તથા શ્રીગુસાંઇજી બેઉ ભાઇ બાલક હતા. તેથી માર્ગની વાર્તા શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ દામોદરદાસજીના હૃદયમાં સમજાવીને સ્થાપી. દામોદરદાસજીથી કશું છુપું રાખ્યું નહિ.

વળી શ્રીમહાપ્રભુજી શ્રીભાગવત અહર્નિશ દેખતા અને કથા કહેતા અને દામોદરદાસજી સાંભળતા અને માર્ગનો સર્વ સિદ્ધાંત ભગવલ્લીલા રહસ્ય શ્રીઆચાર્યજીએ દામોદરદાસજીના હૃદયમાં સ્થાપ્યો, દામોદરદાસજીના હૃદયમાં માર્ગ સ્થાપી કેટલાક દિવસ પછી શ્રીમહાપ્રભુજીએ સંન્યાસ ગ્રહણ કર્યો. ત્યારબાદ કેટલાક દિવસ પછી શ્રીગુસાંઇજીએ શ્રીઅક્કાજીને પૂછ્યું કે શ્રીમહાપ્રભુજીએ માર્ગ

પ્રકટ કર્યો છે, તેના ઉત્સવનો પ્રકાર શો છે? હું તો કશું જાણતો નથી. ત્યારે શ્રીઅક્કાજીએ કહ્યું કે માર્ગનો પ્રકાર તથા ઉત્સવનો પ્રકાર બધો દામોદરદાસજીને કહ્યો છે. માટે તમે એમને પૂછો, દામોદરદાસજી તમને બધું કહેશે. આ સાંભળી શ્રીગુસાંઇજી દામોદરદાસજીને ઘેર પધાર્યા. દામોદરદાસજીએ ખૂબ સન્માન કરી ભાવ ભક્તિપૂર્વક ઘરમાં પધરાવ્યા. આ સમયે શ્રીગુસાંઇજીએ ઉત્સવનો પ્રકાર પૂછયો, તે દામોદરદાસજીએ કહ્યો.

ભાવપ્રકાશ–આમાં સંદેહ બહુ થાય કે શ્રીઆચાર્યજી કર્તુમ્ અકર્તુમ્ અન્યથા કર્તુમ્ સર્વ સામર્થ્ય યુક્ત છે, તો શ્રીઠાકોરજી પાસે કેમ માગ્યું? તેનો અભિપ્રાય એ છે કે દામોદરદાસજીમાં પ્રેમલક્ષણા ભક્તિ દઢ થઈ ગઈ છે; અને લલિતાજીનું સ્વરૂપ છે; તે શ્રીઠાકોરજીને બહુ પ્રિય છે. લલિતાજી મધ્યાજી છે. યુગલસ્વરૂપની સેવામાં મગન રહે છે. તેથી તેમનો શ્રીમહાપ્રભુજીનાં દર્શન અને શ્રીઠાકોરજીનાં દર્શન બેઉમાં ભાવ છે. તેથી શ્રીઆચાર્યજી શ્રીઠાકોરજીને કહે છે કે જેવી રીતે દામોદરદાસને હું નિત્ય અનુભવ કરાવું છું તેવી રીતે તમે પણ નિત્ય આપના સ્વરૂપનો અનુભવ કરાવજો. આવું કહીને એવું જણાવ્યું કે દામોદરદાસ પર અત્યંત પ્રીતિ શ્રીઆચાર્યજીની છે. મનમાં એમ જાણે છે કે મારા પછી દમલો કોઈ વાતે દુઃખી ન થાય, તેથી શ્રીઠાકોરને કહે છે. (દામોદરદાસજીની સોંપણી કરે છે.) વળી માર્ગ દામોદરદાસના હૃદયમાં સ્થાપન કર્યો તે શ્રીગુસાંઈજીને માટે. તેનું તાત્પર્ય એ છે કે જો કે ગુસાંઈજી દ્વિરછે–બાળક છે તેથી શું થયું!–પરંતુ શ્રીઆચાર્યજી મહાપ્રભુજી પોતાનો માર્ગ દામોદરદાસજીના હૃદયમાં સ્થાપન કરતા. અને આપ શ્રીમુખથી કહેતા "દમલા! આ માર્ગ તારે માટે પ્રકટ કર્યો છે," કેમકે વૈષ્ણવના હૃદયમાં સ્થાપન કરે તો આગળ વૈષ્ણવોમાં ફેલાય. જો શ્રીગુસાંઈજીના હૃદયમાં પ્રથમ ધર્મ રહે તો ધર્મ શ્રીગોકુલમાં જ રહેતો. (વળી) ગોકુલમાં તો પહેલેથી–શેષ અશેષ માહાત્મ્ય ધારણ કર્યું છે. કારણ કે બિન્દુ સૃષ્ટિ છે. વૈષ્ણવો તો નાદ સૃષ્ટિ છે તેથી તેને તો ભક્તિનું દાન કરે તો જ મળે છે તેથી ગોપાળદાસજીએ ગાયું છે કે "ભક્તિમાર્ગીય જીવ સ્વતંતર કેવળ ભક્ત ન થાય." તેથી ભક્તિમાર્ગીય જીવ સ્વતંત્ર છે દૈવી છે પણ કેવળ એકલાથી ભક્તિ ખીલે નહિ. તેથી શ્રીઆચાર્યજી નવરત્નમાં કહે છે કે **"निवेदनं तु स्मर्तव्यं सर्वथा तादृशैर्जनैः।"**

આવી રીતે (પોતાનો માર્ગ) ભક્તના હૃદયમાં રાખ્યો; તેથી ભક્તિમાર્ગ પ્રકટ થયો; નહિ તો ઈશ્વરમાર્ગ કહેવાત. કેવળ ઈશ્વરમાર્ગ કહેવાય પરન્તુ ભક્તિમાર્ગમાં તો ઈશ્વરમાર્ગ પણ કહેવાય. જ્યાં ભક્તિ ત્યાં ભગવાન (અને) જ્યાં ભક્તિ નહિ ત્યાં ભક્તિમાર્ગની રીતે ભગવાન ન બિરાજે—અંતર્યામી થઈને રહે; તેથી ભક્તોનો ઉત્કર્ષ જેમાં હોય તે ભક્તિમાર્ગ કહેવાય.

વાર્તા પ્રસંગ ૩ જો.

એકવાર દામોદરદાસ અને શ્રીગુસાંઇજી એકાંતમાં બેઠા હતા, ત્યારે શ્રીગુસાંઇજીએ દામોદરદાસજીને પૂછ્યું કે તમે શ્રીઆચાર્યજીના સ્વરૂપને કેવી રીતે જાણો છો? ત્યારે દામોદરદાસજીએ કહ્યું કે સંસારમાં બધા જગદીશ શ્રીઠાકોરજીને મોટા જાણે છે પણ હું તો શ્રીમહાપ્રભુજીને તેમનાથી પણ અધિક માનું છું. ત્યારે શ્રીગુસાંઇજીએ દામોદરદાસને કહ્યું કે તમે એવું શાથી માનો છો? શ્રીઠાકોરજી તો બધાથી મોટા છે. ત્યારે દામોદરદાસે શ્રીગુસાંઇજીને કહ્યું કે "મહારાજ! દાન બડે કે દાતા બડે?" કોઇની પાસે બહુ ધન છે પણ તેથી શું? આપે તો ખબર પડે. અને શ્રીઆચાર્યજી મહાપ્રભુજીનું સર્વસ્વ ધન તો શ્રીનાથજી છે-શ્રીઠાકોરજી છે, તે મારા જેવા જીવોને આપશ્રીએ દાન કર્યું છે; તેથી અમે શ્રીમહાપ્રભુજીને સર્વથી મોટા જાણીએ છીએ. *

વાર્તા પ્રસંગ ૪ થો.

એક વાર શ્રીગુસાંઇજી બેઠકમાં બિરાજતા હતા. બે ચાર વૈષ્ણવો કુંભનદાસ ગોવિંદદાસ વગેરે એકાંતમાં હસવા ખેલવાને માટે પાસે બેઠા હતા. આપ તેમની સાથે હાંસી ખેલ મશ્કરી દ્વારા પ્રસન્નતાથી ખેલની વાર્તા કરતા હતા. તે વખતે દામોદરદાસ ત્યાં આવી પહોંચ્યા, એટલે શ્રીગુસાંઇજીએ ખૂબ આદર સન્માન કર્યું. દામોદરદાસજી પાસે જઇ દંડવત કરીને બેઠા. એ સમયે શ્રીગુસાંઇજીને દામોદરદાસજીએ કહ્યું કે મહારાજ! આપણો માર્ગ નિશ્ચિંતતાનો

*અહીં એ દરશાવ્યું કે શ્રીમહાપ્રભુજીના જ સ્વરૂપ સંબંધે આખા પુષ્ટિમાર્ગનાં શ્રીઠાકોરજીનાં સ્વરૂપો બિરાજે છે. શ્રીમહાપ્રભુજીએ સેવ્ય કરતાં તે સ્વરૂપોમાં નિત્ય લીલાત્મક સ્વરૂપો બિરાજે છે. તેથી બધાં પ્રભુનાં સ્વરૂપો શ્રીમહાપ્રભુજીમાં જ બિરાજે છે. શ્રીઆચાર્યશ્રીને તેથી જ શ્રીમહાપ્રભુજી કહે છે. વળી પોતાની ખાસ દોલત શ્રીઠાકોરજી તેનું દાન કરે છે. માટે "महोदारचरित्रवान्"

નથી. આ માર્ગ તો ખૂબ કષ્ટાતુરતાનો છે; દુઃખનો છે. ત્યારે શ્રીગુસાંઇજીએ કહ્યું કે તમને ધન્ય છે. સાચું જ કહો છો. પરંતુ મારા પર જ્યારે શ્રીમહાપ્રભુજીની કૃપા થશે ત્યારે જ કષ્ટાતુરતા પ્રાપ્ત થશે. આ માર્ગ તો શ્રીમહાપ્રભુજીની કૃપા-અનુગ્રહ વગર ન સમજાય.

આ સાંભળી દામોદરદાસે દંડવત કર્યા, અને કહ્યું કે, મારે તો રાજને એકવાર વિનતિ કરવાની હતી તે કરી, પછી આપ તો પ્રભુ છો ખરૂં જાણતા હશો તે જ કરતા હશો; પરન્તુ આ માર્ગ તો આવી રીતનો (તાપક્લેશનો) છે. ત્યારે શ્રીગુસાંઇજી બહુ પ્રસન્ન થયા, અને કહ્યું કે મને આ વાત શ્રીમહાપ્રભુજી જ તમારા દ્વારા જણાવે છે, જો તમે ન કહો તો બીજું કોણ કહે ! તમને દેખું છું ત્યારે ચિત્ત બહુ પ્રસન્ન થાય છે, માટે સુખેથી કહો. આપના જેવા શ્રીમહાપ્રભુજીના સેવકો અનુભવપૂર્વક કહે છે. એમ દામોદરદાસજીની શિક્ષાનો અંગીકાર કર્યો,[1] માટે મોટા તે મોટા.

ભાવપ્રકાશ–આ લૌકિક રીતથી વિરુદ્ધ છે, કે સેવક સ્વામીને શિખામણ આપે, આવો સંદેહ થાય, ત્યાં કહે છે કે દામોદરદાસજી લલિતાજીનું

[1] આ પ્રસંગ બહુ ગૂઢ છે. શ્રીમહાપ્રભુજીએ લીલા વિસ્તારી–એમ કહેવાનો ભાવ આમાં તરવરે છે. શ્રીમહાપ્રભુજી સદેહે એક સ્વરૂપે હતા તે લીલા વિસ્તાર્યા પછી અનેક સ્વરૂપે થયા. પોતાના દરેક ભક્તમાં પોતે અંતર્યામી સ્વરૂપે જેનો જેટલો ભાવ તેવા સ્વરૂપે બિરાજ્યા. આ ભાવે પોતે શ્રીદામોદરદાસજી સૌથી બહુ પ્રિય હોવાથી પૂર્ણ સ્વરૂપે તેમનામાં બિરાજ્યા; તેથી દામોદરદાસજીની વાણી શ્રીમહાપ્રભુજીની જ વાણી છે. આ અનુભવે શ્રીગુસાંઇજી "स्वयशोगानसंहृष्टहृदयांभोजविष्टरः ॥" આ નામથી સર્વોત્તમજીમાં બોલે છે. શ્રીમહાપ્રભુજીનાં યશોગાન કરનાર ભક્ત પર શ્રીમહાપ્રભુજી સંહૃષ્ટ-ખુશ ખુશ થઈ–રોમરોમે ખીલી જાય છે; તેવા ભક્તનું હૃદય કમળ જેવું કોમળ થઇ જાય છે, એટલે શ્રીમહાપ્રભુજી સંપૂર્ણ સ્વરૂપે તેવા ભક્તમાં "વિષ્ટર" એટલે પ્રવેશીને નિત્ય બિરાજી જાય છે. આમ હોવાથી આપ દામોદરદાસજીમાં નિત્ય દિવ્ય સ્વરૂપે બિરાજતા હોવાથી પ્રકટ થઇને ત્રીજે ત્રીજે દિવસે દર્શન સાક્ષાત આપતા. અને શ્રીઠાકોરજી અનુભવ આપે તેમ પોતે પ્રકટ થઈ વાતચીત પણ કરતા. પાછલા પ્રસંગોમાં આવી જ રીતે શ્રીમહાપ્રભુજીએ પ્રકટ થઈ ચરણોદક લેવાની તથા પોતાના સમાન ગણવાની આજ્ઞા કરી છે. આ પ્રકટ થઇ કરેલી આજ્ઞા પ્રમાણે દામોદરદાસજીએ શ્રીગુસાંઇજીને વિનતિ કરી ચરણોદકની પણ માગણી કરી છે. અનુભવ વગર આ સમજાય તેવું નથી. આજે પણ એવું બને છે.

—દીનદિકર

સ્વરૂપ છે. તે (શ્રીગુસાંઈજીમાં) શ્રીચંદ્રવલીજીનું સ્વરૂપ હોવાથી પરકીયારસ ભાવ છે. પરકીયારસમાં પ્રીતિ બહુ જ છે. આઠે પહોર મન પ્રિયતમમાં જ લાગી રહે છે. તે જારભાવનો પ્રકાર છે તો બીજાની સાથે હાંસી કેવી?

વળી દામોદરદાસજીની દેહ માત્ર દેખાય છે, પરન્તુ આઠે પહોર શ્રીમહાપ્રભુજીનોજ આવેશ રહે છે; તેથી દામોદરદાસજીના મુખે શ્રીમહાપ્રભુજી જ બોલે છે; તેથી જ શ્રીગુસાંઈજી કહે છે કે મને આ વાત શ્રીઆચાર્યજી મહાપ્રભુજી તમારા દ્વારા કહે છે.

વાર્તા પ્રસંગ ૫ મો.

એકવાર દામોદરદાસજીના પિતાનો શ્રાદ્ધદિવસ આવ્યો; તે દિવસે શ્રીગુસાંઇજી ત્યાં પધાર્યા, અને તેમના પિતાનું શ્રાદ્ધ કરાવ્યું. તે જ દિવસે ઉત્થાપનના સમયે દામોદરદાસ દર્શન કરવા આવ્યા, એટલે શ્રીગુસાંઇજીએ કહ્યું કે મને શ્રાદ્ધની દક્ષિણા આપો; ત્યારે દામોદરદાસજીએ કહ્યું કે દક્ષિણામાં એક વાત કહીશ. આમ કહી 'સિદ્ધાંત રહસ્ય'ના દોઢ શ્લોકનું વ્યાખ્યાન કર્યું; હવે શ્રીગુસાંઇજીએ કહ્યું કે આગળ કહો, ત્યારે દામોદરદાસજીએ કહ્યું કે મેં એટલો જ સંકલ્પ કર્યો છે, એટલે શ્રીગુસાંઇજી ચુપ રહ્યા. પછી દામોદરદાસજીએ માર્ગની પ્રણાલિકા કહી. શ્રીભાગવતની ટીકા શ્રીસુબોધિનીજી તેમ જ શ્રીમહાપ્રભુજીના ગ્રંથોની ટીકા તેમ જ રહસ્ય વાર્તા શ્રીગુસાંઇજીના આગળ સર્વ કહેવા માંડી. ત્યાર પછી શ્રીગુસાંઇજી પોતાને દામોદરદાસજી દંડવત કરે તે કરવા દેતા નહોતા; કારણ કે શ્રીગુસાંઇજી મનમાં એમ વિચારતા કે દામોદરદાસજીના હૃદયમાં શ્રીઆચાર્યજી મહાપ્રભુજી સદાસર્વદા બિરાજે છે, માટે તેમને નમસ્કાર કેમ કરવા દેવાય? તેથી નમસ્કાર કરવા દેતા નહિ; અને દામોદરદાસને શ્રીગુસાંઇજી ચરણોદક પણ દેતા નહિ.

ત્યાર પછી શ્રીમહાપ્રભુજીએ દામોદરદાસજીને દર્શન આપી અને આજ્ઞા કરી કે તું શ્રીગુસાંઇજીનું ચરણોદક નિત્ય લે. આથી પ્રાતઃકાલમાં દામોદરદાસ શ્રીગુસાંઇજીની પાસે આવ્યા; અને ચરણોદક માગ્યું; ત્યારે શ્રીગુસાંઇજીએ ચરણોદક આપવાની ના પાડી.

ત્યારે દામોદરદાસે શ્રીગુસાંઇજીને કહ્યું કે મને શ્રીમહાપ્રભુજીની આજ્ઞા થઇ છે, શ્રીમહાપ્રભુજીએ દર્શન આપ્યાં છે, ને કહ્યું છે કે ચરણોદક લેજે. એટલે શ્રીગુસાંઇજીએ ચરણોદક આપ્યું.

ભાવપ્રકાશ—શ્રાદ્ધ કરાવવાનો અભિપ્રાય એ છે કે દામોદરદાસના પિતૃઓનો તો ઉદ્ધાર થઈ ગયો હતો જ. કારણ કે એ ભક્ત કોટિમાં છે. મર્યાદામાર્ગમાં પ્રહ્લાદને નરસિંહજીએ કહ્યું છે કે એકવીસ પેઢી ભક્તની તરે છે. જ્યારે આ દામોદરદાસજી તો પુષ્ટિમાર્ગીય છે. તો એમના પિતૃઓ તરે એમાં શો સંદેહ? પરન્તુ પુષ્ટિમાર્ગના સંબંધ વિના પુષ્ટિમાર્ગમાં અંગીકાર ન થાય. તેથી શ્રીગુસાંઈજીનો સંબંધ શ્રાદ્ધદ્વારા મેળવી પુષ્ટિમાર્ગમાં અંગીકાર થયો. જો કે દામોદરદાસના શ્રાદ્ધ કરવાથી પુષ્ટિમાર્ગમાં અંગીકાર થાય; પરન્તુ ગુરુના સંબંધ વિના દૃઢ અંગીકાર ન બને. તેથી શ્રીગુસાંઈજીનો સંબંધ કરાવ્યો.

અહીં સંદેહ થાય કે દામોદરદાસે શ્રાદ્ધ (શ્રીગુસાંઈજી પાસે) કરાવ્યું, તેથી તેમના પિતૃઓનો પુષ્ટિમાં સંબંધ થયો. પરન્તુ બીજા ભગવદીયોના પિતૃઓનું શ્રાદ્ધ ન કરાવ્યું; તો બીજાઓના પિતૃઓનો અંગીકાર શી રીતે થાય? આવો સંદેહ થાય, ત્યાં કહે છે કે આ પુષ્ટિમાર્ગીય આધિદૈવીજીવોનું (મૂળભૂત) આધિદૈવિક સ્થાન દામોદરદાસજી છે.[1] જ્યાં એમના પિતૃઓનો પુષ્ટિસંબંધ થયો ત્યાં સઘળા પુષ્ટિમાર્ગીય ભક્તોના પિતૃઓનો પણ સંબંધ થયો. જેવો માર્ગમાં દામોદરદાસના પિતૃઓનો સંબંધ થયો એવી જ રીતે માર્ગ દામોદરદાસને માટે. તેમાં દામોદરદાસના સંબંધથી સર્વ પુષ્ટિમાર્ગનો સંબંધ દર્શાવ્યો (સર્વજીવોનો). આવી રીતે (દામોદરદાસજીના સંબંધે) મૂળમાં ભક્તિ

---

[1]આમાં બધા શ્રીમહાપ્રભુજીના શરણાગતોનું આધિદૈવિક જીવસ્વરૂપ દામોદરદાસજીમાં છે, તેથી આધિદૈવિક દૈવીજીવો શ્રીમહાપ્રભુજીના શરણાગતના પિતૃઓનું શ્રાદ્ધ પણ દામોદરદાસજીના અંગસ્વરૂપ સંબંધે સિદ્ધ થાય છે. જેમ શરીરમાં મુખ ખોરાક લે છે, પણ પોષાય છે બધાં જ અંગો, તેવી આ વાત છે. આથી જ :–

દોહરા— **ચોરાસી સૌ દમલા માંહે, બસેબાવન ચાચાજીમાંય,**
ચોરાસીને બસો બાવનમાં, સકળભક્તજન વસ્યા સદાય.

આ જ સંબંધે શ્રીમહાપ્રભુજી "દમલા તેરે લીયે યહ માર્ગ પ્રકટ કીયો હે" એવું દામોદરદાસજીને કહે છે.

—દીનદિંકર

તે બધામાં ફેલાય. આમ દામોદરદાસની ભક્તિથી દૈવીજીવોમાં ભક્તિ વધી છે. જીવનું સામર્થ્ય નથી કે એક ક્ષણ પણ પુષ્ટિમાર્ગીય ભક્તિ કરી શકે.

વળી દક્ષિણામાં દામોદરદાસજીએ સિદ્ધાંત રહસ્યના દોઢ શ્લોકનું વ્યાખ્યાન કર્યું; એટલે શ્રીગુસાંઈજીએ કહ્યું કે આગળ કહો, ત્યારે દામોદરદાસે કહ્યું કે મેં તો એટલો જ સંકલ્પ કર્યો છે; તેનું કારણ એ છે કે સત્યવસ્તુ તત્ત્વ તો દોઢ જ શ્લોકમાં સઘળો સાર્યો છે.

શ્રીગુસાંઈજી ચરણોદક દામોદરદાસજીને આપતા નહિ; તેમ જ દંડવત પણ કરવા દેતા નહિ. તેનું કારણ એ છે કે શ્રીસ્વામિનીજીની અનન્ય સખી છે, તેથી શ્રીસ્વામિનીજીને દંડવત કરે; તેથી દામોદરદાસે હઠ કરી નહિ, તેમ જ ચરણોદક પણ ન લીધું. તેથી શ્રીઆચાર્યજીએ દામોદરદાસને સમજાવ્યું કે તારે શ્રીગુસાંઈજીનું ચરણોદક લેવું, અને દંડવત પણ કરવા. હું શ્રીગુસાંઈજીના હૃદયમાં પણ બિરાજું છું. મારૂં જ સ્વરૂપ (શ્રીગુસાંઈજી) મારાથી પ્રકટ થયું છે. આ પ્રમાણે કહેવાથી દામોદરદાસજીએ શ્રીગુસાંઈજીને આ શ્રીઆચાર્યજી સાથેની વાર્તાનો ભેદ સમજાવ્યો, તેથી શ્રીગુસાંઈજી કહે છે કે હવો, કહીને પ્રસન્ન ચિત્તે ચરણોદક આપ્યું. જાણ્યું કે શ્રીમહાપ્રભુજીના ભાવથી લે છે, મારા ભાવથી નહિ. આમ હોવાથી શ્રીગોપીનાથજી જો કે મોટાભાઈ શ્રીગુસાંઈજીના છે છતાં કોઇ વૈષ્ણવે તેમનું ચરણોદક લીધું નથી. આ ભાવથી શ્રીગુસાંઈજીના સાતલાલજી તેમ જ, વલ્લભકુળના ચરણોદકમાં શ્રીમહાપ્રભુજીનો ભાવ જણાવ્યો, તેથી ચરણોદક લેવું તેમ જ દંડવત કરવા. આ સિદ્ધાંત જણાવ્યો છે.

વાર્તા પ્રસંગ ૬ ઠ્ઠો.

વળી શ્રીમહાપ્રભુજી દામોદરદાસજીને ત્રીજે દિવસે દર્શન દેતા, અને માર્ગની રહસ્ય વાર્તા કરતા. એવી કૃપા કરતા. કોઇવાર ત્રીજે દિવસે દર્શન ન થાય, તો તે દિવસે દામોદરદાસજીને પેટમાં ખૂબ પીડા થતી, અત્યંત દુઃખ પડતું. પછી દર્શન થતાં કે તરત જ દુઃખ મટી જતું. એવી રીતે કેટલાંક વર્ષ સુધી શ્રીઆચાર્યજીએ દર્શન આપ્યાં—એવી કૃપા હતી. જે વાત થતી તે બધી દામોદરદાસજી શ્રીગુસાંઇજી પાસે કહેતા, અને માર્ગના (પ્રકાશ)

પ્રકારની વાર્તા અહર્નિશ કહેતા. શ્રીગુસાંઇજી દામોદરદાસ પર બહુ જ પ્રસન્ન રહેતા; બહુ કૃપા રાખતા, અને કહેતા કે દામોદરદાસના હૃદયમાં સદા શ્રીઆચાર્યજી મહાપ્રભુ બિરાજે છે.

ભાવપ્રકાશ–દામોદરદાસજીને ત્રીજે દિવસે શ્રીઆચાર્યજી દર્શન આપતા. તેનો હેતુ એવો છે કે ત્રણ દિવસ સુધી દર્શનના આવેશમાં મગ્ન રહેતા. ત્રીજે દિવસે શરીરનું ભાન આવતું, ત્યારે વિરહનું દુઃખ થતું. તે સમયે દર્શન થતાં ફરી સ્વરૂપાનંદમાં મગ્ન થઈ જતા.*

વાર્તા પ્રસંગ ૭ મો.

શરૂઆતમાં દામોદરદાસ શ્રીગુસાંઇજીની અડધી ગાદી દાબીને બેસતા. આ સ્થિતિ એકવાર શ્રીમહાપ્રભુજીએ જોઇ, એટલે આચાર્યજીએ દામોદરદાસને પૂછ્યું, કે "દમલા! તું શ્રીગુસાંઇજીને કેવા સ્વરૂપે જાણે છે?" ત્યારે દામોદરદાસે કહ્યું કે "મહારાજ! હું તો એમને આપના પુત્ર તરીકે જાણું છું." આ સાંભળી શ્રીમહાપ્રભુજીએ દામોદરદાસને કહ્યું કે, જેવી રીતે તું મને જાણે છે, તેવુંજ શ્રીગુસાંઇજીનું સ્વરૂપ જાણ.

વાર્તા પ્રસંગ ૮ મો.

એકવાર શ્રીગુસાંઇજી બિરાજ્યા છે, તે સમયે દામોદરદાસજીએ કહ્યું, મહારાજ! આપણો માર્ગ નિસંગતાનો નથી, રૂપ પ્રકટ કર્તા છે. વળી કહ્યું કે એકવાર શ્રીમહાપ્રભુજી પોઢયા હતા, ત્યારે શ્રીગોવર્ધનનાથજીએ પોતે જ શ્રીમુખે કહ્યું કે જીવોનો ઉદ્ધાર કરો. લીલાકર્તા, અવલંબન શુદ્ધિકર્તા ઉદ્દીપનભાવ આવી રીતે દોઢ શ્લોક કહ્યો.

श्रावणस्यामले पक्षे एकादश्यां महानिशि ॥
साक्षाद् भगवता प्रोक्तं तदक्षरशः उच्यते ॥१॥
ब्रह्मसंबंधकरणात् सर्वेषां देहजीवयोः ॥

*क्लिश्यमानान् जनान् दृष्ट्वा कृपायुक्तो यदा भवेत्
तदा सर्वं सदानंदं हृदिस्थं निर्गतं बहिः ॥
આ શ્લોકનું તાત્પર્ય છે.

આ દોઢ શ્લોકમાં બધું આવી ગયું.

ભાવપ્રકાશ—તેનો ભાવ કહે છે. શ્રાવણ માસના પતિ ભગવાન છે. એક અમલ એટલે ઉજળી પક્ષ અજવાળીઉં—ભક્તજનોનું છે; ને એકાદશીનો દિવસ પ્રભુનો છે. **एकादश्यां** એકાદશ એટલે અગિઆર ઇંદ્રિયોની શુદ્ધિ ભક્તજનોની કરાવવા માટે. **'महानिशि'** એટલે અર્ધરાત—મધરાત—રાસલીલામાં ખાસ ભગવાન ભક્તો સાથે નિશંક બની રહસ્ય વાર્તા—ગુપ્ત રસિક વાર્તા—કરે છે, તેવી જ રીતે અહીં લીલાના સંબંધ પૂર્વક શ્રીમહાપ્રભુજી સાથે બોલે છે સઘળા અક્ષર બોલે છે. એટલો બધો શ્રીમહાપ્રભુજી પર ભાવ કે શ્રીગોવર્ધનનાથજી પોતે જ કહે કે બ્રહ્મસંબંધ કરાવો. સર્વના દેહ અને જીવોને કરાવો. (તેથી દામોદરદાસજીએ શ્રીગુસાંઇજીને કહ્યું). માટે ભક્તિમાર્ગના વિસ્તારની આજ્ઞા છે. માટે તમે વિસ્તાર કરો. જીવ અજ્ઞાની છે, પરન્તુ બ્રહ્મસંબંધથી દોષ જતા રહેશે.[1] અંગીકાર કરાવો. એક શ્લોકમાં લીલા કહી, અર્ધા શ્લોકમાં મારગની રીત બતાવી. બધું એમાં આવી ગયું. આવી રીતે શ્રીગુસાંઇજીને દામોદરદાસજીએ કહ્યું.

ત્યાર પછી દામોદરદાસની સહાયતાથી આપશ્રીએ "શૃંગાર રસમંડન" ગ્રંથ રચ્યો.

વાર્તા પ્રસંગ ૯ મો.

વળી પ્રથમ શ્રીમહાપ્રભુજીએ દામોદરદાસને કહ્યું કે "આ માર્ગ તારે માટે પ્રકટ કર્યો છે;" તેથી જ્યાં સુધી શ્રીઆચાર્યજીના માર્ગની સ્થિતિ છે, ત્યાં સુધી દામોદરદાસજીનું પ્રાકટ્ય પણ માર્ગમાં ગુપ્ત પ્રકારથી છે.

વળી દામોદરદાસે કહ્યું કે મેં શ્રીઠાકોરજીનાં વચન સાંભળ્યાં પણ સમજ્યો નહિ. ત્યારે શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે હજુ દશ જન્મનો અંતરાય છે.

ભાવપ્રકાશ—આ કથનનો હેતુ એવો છે કે જ્યાં સુધી શ્રીમહા-

---

[1] બ્રહ્મસંબંધના મંત્રમાં "ઇહ અને અપરાણિ" શબ્દો છે. એ આ જન્મના તેમજ પાછલા અનેક જન્મોના દૈવીજીવોના ગુણદોષ બધું પ્રભુને સમર્પ્યા છે, તેથી જીવો નિર્દોષ બને છે. પાંચ પ્રકારના દોષો શ્રીઠાકોરજીના સંબંધથી નાશ પામે છે. જીવો શુદ્ધ થતાં પ્રભુ સાક્ષાત વરે છે.

પ્રભુજીના માર્ગની સ્થિતિ (હયાતી) છે, ત્યાં સુધી વારંવાર દામોદરદાસનું પ્રાકટ્ય છે. (ગુપ્ત રીતે પ્રાકટ્ય છે). તેથી દામોદરદાસજી મારગનો સ્થંભ છે. શ્રીમહાપ્રભુજીએ દામોદરદાસના હૃદયમાં ભગવાનની લીલાઓ સ્થાપી તેનો હેતુ સંપૂર્ણ સૃષ્ટિનો ઉદ્ધાર કરવાનો છે, દામોદરદાસજીના દશ જન્મસુધી માર્ગની સ્થિતિ છે, જેવી રીતે વલ્લભકુળનું પ્રાકટ્ય છે તેવી રીતે જ ભકિત માર્ગ દૃઢ કરવાને માટે દામોદરદાસજીનું અનેક ભકતોમાં પ્રાકટ્ય છે.

વાર્તા પ્રસંગ ૧૦ મો.

એકવાર શ્રીઆચાર્યજી સુંદર શીલાની પાસે દામોદરદાસજીના ખોળામાં મસ્તક ધરી પોતે પોઢયા છે. (આ સુંદર શીલા જેને પૂજનીય શીલા કહે છે, ત્યાં છોંકરની નીચે શ્રીઆચાર્યજીની બેઠક છે ત્યાં). તે સમયે શ્રીગોવર્ધનનાથજી મંદિરમાંથી શ્રીઆચાર્યજી પાસે પધાર્યા. આ વખતે ઇસારાથી દામોદરદાસે શ્રીગોવર્ધનનાથજીને કહ્યું કે આપ હમણાં અહીં ન પધારો. આપ ચંચળ છો, તેથી શ્રીઆચાર્યજી જાગી ઉઠશે. આથી શ્રીગોવર્ધનનાથજી ઉભા રહ્યા. એટલામાં શ્રીમહાપ્રભુજી જાગી ઉઠયા અને કહ્યું બાવા, ત્યાં કેમ ઉભા રહ્યા છો? પાસે પધારો. એટલે શ્રીગોવર્ધનનાથજીએ શ્રીમહાપ્રભુજી પાસે આવીને કહ્યું કે "આપના સેવકે મને ખાળ્યો, અને કહ્યું કે અહીં ન આવો. શ્રીઆચાર્યજી જાગી ઉઠશે-આથી હું ઉભો રહ્યો." આ સાંભળી શ્રીઆચાર્યજી દામોદરદાસને ખીજવા લાગ્યા, કે તેં શ્રીગોવર્ધનનાથજીને કેમ ખાળ્યા? ત્યારે શ્રીગોવર્ધનનાથજીએ કહ્યું કે એને કેમ ખીજો છો? એણે તો પોતાનો ધર્મ સાચવ્યો છે. એણે તો એમ જ વર્તવું જોઇએ. આ વખતે શ્રીમહાપ્રભુજી શ્રીગોવર્ધનધરને ખોળામાં બેસાડી કપોલ-ગાલ-પર હાથ ફેરવી પ્રેમથી સ્પર્શ કરી કહેવા લાગ્યા કે બાવા, કશી આજ્ઞા કરો. ત્યારે શ્રીગોવર્ધનનાથજીએ કહ્યું મને ગાય બહુ વહાલી છે. આ સાંભળી શ્રીમહાપ્રભુજીએ સદુપાંડેને બોલાવી વૈદિક કર્મ કરવાની પવિત્રી હતી તે આપીને કહ્યું કે એને વેચી શ્રીગોવર્ધનનાથજી માટે ગાય લાવી દો.

વાર્તા ૨ જી.

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુના સેવક કૃષ્ણદાસ મેઘન ક્ષત્રી સોરમજીમાં રહેતા તેમની વાર્તા, અને તેનો ભાવ.

ભાવપ્રકાશ—આ કૃષ્ણદાસ વિશાખા સખીથી પ્રકટ્યા છે. વિશાખાજી શ્રીસ્વામિનીજીની છાયા રૂપ છે. જેમ છાયા શરીરની સાથે જ સંબંધપૂર્વક સાથે સાથે ફરે છે, તેવી રીતે વિશાખાજી શ્રીસ્વામિનીજીની સાથે રહે છે. આ જ પ્રકારે કૃષ્ણદાસ પણ શ્રીમહાપ્રભુજી સાથે રહે છે. કૃષ્ણદાસમાં ઐશ્વર્યનો આવેશ બહુ છે, તે આગળ વાર્તામાં વર્ણવેલ છે.

વાર્તા પ્રસંગ ૧ લો.

શ્રીઆચાર્યજી મહાપ્રભુએ પૃથ્વી પરિક્રમા કરી ત્યારે ત્રણે વાર કૃષ્ણદાસ મેઘન સાથે હતા. પહેલી પરિક્રમામાં બદરીનારાયણમ પરલી અને કિરણી નામે પર્વત છે. ત્યાં આગળ એક મોટી શિલા પડી તે કૃષ્ણદાસ મેઘને હાથ વડે ખાળી રાખી. આ જોઈ શ્રીઆચાર્યજી મહાપ્રભુજી બહુ પ્રસન્ન થયા. તેથી અલૌકિક ફળ આપત; પણ પરીક્ષા કરવા માટે કૃષ્ણદાસને કહ્યું કે તું માગ, શું માગવું છે? ત્યારે કૃષ્ણદાસે ત્રણ વસ્તુ માગી (૧) માર્ગનો સિદ્ધાંત હૃદયમાં દૃઢ થાય. (૨) મુખરતાનો દોષ જાય. (૩) મારા ગુરુને ઘેર પધારો અને તેમનો અંગીકાર કરો. તેમાં બે વસ્તુ તો આપી. ગુરુને ઘેર પધારવાની ના પાડી.

ભાવપ્રકાશ—આજ સુધી પહેલાંનો ગુરુભાવ હૃદયમાં હતો; તે બહાર પ્રકટ્યો. તેથી અલૌકિક દાન શ્રીમહાપ્રભુજીએ છુપાવી દીધું. બે વસ્તુ આપી. ગુરુની બાબતમાં ના પાડી કારણ કે તે દૈવી નહોતો. દૈવી વિના આ માર્ગમાં અંગીકાર નથી. આ પ્રમાણે બે વસ્તુ આપી. પરન્તુ બીજાનો ગુરુ ભાવ રહ્યો તેથી માર્ગનો અનુભવ જ ન થયો. તેમ જ મુખરતાનો દોષ પણ ન ગયો, પ્રથમના સામર્થ્ય કરતાં કંઈક સામર્થ્ય પણ ઘટ્યું.

વાર્તા પ્રસંગ ૨ જો.

એકવાર શ્રીઆચાર્યજી બદરીકાશ્રમથી આગળ વ્યાસજીની ગુફામાં પધાર્યા, ત્યાં જીવની ગતિ નથી; તેથી કૃષ્ણદાસને શ્રીઆ-

ચાર્યજીએ કહ્યું કે તું અહીં ઉભો રહેજે. પછી શ્રીઆચાર્યજી આગળ પધાર્યા; આ જોઇ વેદવ્યાસજી સામે જ આવ્યા, અને શ્રીઆચાર્યજીને પધરાવીને પોતાના ધામમાં લઇ ગયા. પછી વેદવ્યાસજીએ શ્રીઆચાર્યજીને કહ્યું કે તમે શ્રીભાગવતની ટીકા કરી છે તે મને સંભળાવો. એટલે આચાર્યશ્રીએ યુગલગીતના અધ્યાયનો એક શ્લોક કહ્યો તે શ્લોક "वामबाहुकृतवामकपोलो वल्गित भ्रूरधरार्पित वेणुम्॥ कोमलांगुलिभिराश्रितमार्गं गोप्य ईरयति यत्र मुकुन्दः॥" આ શ્લોકનું વ્યાખ્યાન કર્યું, તે ત્રણ દિવસે પુરૂ થયું. આ સાંભળી વેદવ્યાસે કહ્યું હું આ વ્યાખ્યાનની અવધારણા કરી શકતો નથી માટે હવે ક્ષમા કરો. ત્યારબાદ શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે, તમે વેદાંતનાં બ્રહ્મસૂત્ર કે ઉત્તરમીમાંસા-એવાં સૂત્રો કેવાં રચ્યાં કે, માયાવાદ પર પણ અર્થ થાય ? ત્યારે વ્યાસજીએ કહ્યું કે હું શું કરૂં ? મને તો આજ્ઞા જ એવી હતી કે એવાં કરજો, કે, જેથી બેઉ પ્રકારે અર્થ થાય. એટલે આચાર્યશ્રીએ કહ્યું કે, મેં તો બ્રહ્મવાદ પર અર્થ કર્યો છે; તે સંભળાવ્યો. આ સાંભળી વેદવ્યાસ બહુ પ્રસન્ન થયા. ત્યાર પછી વ્યાસજી પાસેથી વિદાય થઇને ત્રીજે દિવસે શ્રીઆચાર્યજી પાછા પધાર્યા. ત્યાં તો કૃષ્ણદાસને ઠાડા-ઉભેલ જોઈ પ્રસન્ન થયા અને કહ્યું કે તું ઉભો છે ? ગયો નહિ શા માટે ? ત્યારે કૃષ્ણદાસે કહ્યું કે, મહારાજ હું ક્યાં જાઉં ? મારે તો આપના ચરણારવિંદ વિના બીજા કશાનો આશ્રય નથી. આ સાંભળી શ્રીમહાપ્રભુજી પોતે ખુબ પ્રસન્ન થયા અને કહ્યું કે, કશું માગ. ત્યારે ફરી પણ ઉપર જણાવેલી ત્રણ વસ્તુ માગી. તેમાં બે વસ્તુ આપી (ત્રીજીની) ગુરુને ઘેર પધારવાની ના પડી.

ભાવપ્રકાશ-બીજા પ્રત્યે ગુરુભાવ હતો, તેથી પ્રથમ કરતાં કંઇક સમર્થ્ય પણ ઘટયું. તેથી વ્યાસજીની ગુફામાં શ્રીઆચાર્યજી કૃષ્ણદાસને સાથે લઇ ન ગયા તેનું કારણ એ છે કે યુગલગીતનો પ્રસંગ કહેવાનો છે, તેની ધારણા હજુ કૃષ્ણદાસથી થશે નહિ. વ્યાસજીથી જ ધારણા થઇ શકી નહિ, કેમકે વ્યાસજી કલા અવતાર છે; શ્રીપુરુષોત્તમની ભાવરૂપ વાણીની ધારણા, શી રીતે થાય ? આ ભાગવત શ્રીવ્યાસજીમાં શ્રીપુરુષોત્તમે બિરાજીને કહ્યું. વ્યાસજી માત્ર

દ્વાર છે. શ્રીભાગવતના રસનો અનુભવ નથી. તેનું રહસ્ય હરિજીવનદાસે નીચેના પદમાં જણાવ્યું છે.

રાગ કેદારો.

જોંલોં હરિ આપુનપોં ન જનાવેં.[1] ॥
તોંલોં વેદ પુરાન સ્મૃતિ સબ પઢે સુનેં નહિ આવે.[2] ॥ ૧ ॥
સુની વિરંચિ નારાયણ મુખસોં નારદસોં કહી દીનોં ॥
નારદ કહી વેદવ્યાસસોં આપ[3] શોધ નહિ કીનો ॥ ૨ ॥
વેદવ્યાસ ઔષધ કી નાંઇ પઢિ તન તાંપ નસાંયો[4] ॥
તિનતેં પઢે મુનિ શુકદેવા પરીક્ષિતકોજુ સુનાયો. ॥ ૨ ॥
જદપિ નૃપતિ સુની[5] વ્રજકી લીલા દશમ કહી શુકદેવા ॥
તોઉ સર્વાત્મભાવ ન ઉપજ્યો તાતેં કરી ન સેવા ॥ ૪ ॥
શ્રીભાગવત અમૃત દધિ મથિકે શ્રીવલ્લભ સર્વોત્તમ[6] ॥
કરિ આવરન દૂર નિજજનકો હાથ દીયે પુરુષોત્તમ ॥ ૫ ॥
સેવા અરુ શૃંગાર વિવિધરસ શ્રીવલ્લભ પ્રકટાયો ॥
કરિ કૃપા નિજ દૈવી જીવન પર હરિજીવન સ્વાદ ચખાયો ॥ ૬ ॥

આ પ્રકારે શ્રીઆચાર્યજીની કૃપાથી રસની પ્રાપ્તિ છે.

વાર્તા પ્રસંગ ૩ જો.

વળી એક વાર શ્રીઆચાર્યજી ગંગાસાગર પધાર્યા. ત્યાં શ્રીઆચાર્યજી પોઢયા હતા, અને કૃષ્ણદાસ પગ દાબતા હતા. આ વખતે શ્રીઆચાર્યજીએ મનમાં વિચાર્યું કે જો ધાનના મુરમુરા હોય તો આરોગું. આ વાત શ્રીઆચાર્યજીના મનની કૃષ્ણદાસ મેઘને જાણી. એટલામાં આચાર્યજીને નિદ્રા આવી એટલે કૃષ્ણદાસ ઉઠીને ગંગાસાગર પર આવ્યા. અને જુએ છે તો સામે પાર એક

(૧) કૃપા કરીને પોતાનું સ્વરૂપ સમજાવે નહિ. (૨) સમજાય નહિ. (૩) નારદનું ચિત્ત ભટકતું છે તેથી પોતે લીલાનો અનુભવ ન કર્યો. (૪) વેદવ્યાસે તનમનની અશાંતિ દૂર કરી પણ લીલાનો સાક્ષાત સ્વાદ ચાખ્યો નહિ. (૫) પરીક્ષિતે વ્રજની લીલા સાંભળી દશમ સ્કંધ સાંભળ્યો; પણ રાજા હોવાથી–રાજસ પ્રકૃતિને લીધે સર્વાત્મભાવ–પ્રેમનું સ્વરૂપ સમજ્યો નહિ. (૬) શ્રીમહાપ્રભુજીએ યુગોયુગનાં આવરણ દૂર કરી લીલાત્મક ભક્તોને લીલાના સંબંધ પૂર્વક શ્રીઠાકોરજીનાં સ્વરૂપનું દાન કર્યું.

દીવો બળે છે. તેની અટકળથી તરીને ગંગાજીની સામી પાર ગયા. ત્યાં એક ગામ હતું. ત્યાં ખેતરમાંથી લીલું ધાન કપાવ્યું. ટકાની જગ્યાએ બે ટકા આપીને મુરમુરા સિદ્ધ કરાવ્યા. પછી કૃષ્ણદાસ ગંગાજી તરીને શ્રીઆચાર્યજીની પાસે આવ્યા અને શ્રીઆચાર્યજીના ચરણારવિંદ દબાવી જગાવ્યા, અને મુરમુરા આગળ ધર્યા. ને વિનતિ કરી કે મહારાજ, આરોગો. ત્યારે શ્રીઆચાર્યજી મહાપ્રભુએ પૂછ્યું કે તું કયાંથી લાવ્યો? એટલે કૃષ્ણદાસે બધી હકીકત કહી. આ સાંભળી શ્રીઆચાર્યજીએ પ્રસન્ન થઇ કહ્યું કે કશું માગ? એટલે આગળ જણાવેલી ત્રણ વસ્તુ જ માગી. આ સાંભળી આચાર્યશ્રીએ કહ્યું કે જીવ શું માગી જાણે? આ વખતે જે માગત તે આપત. જો માગત તો શ્રીઠાકોરજીનાં દર્શન કરાવત.

પછી આપ શ્રીઆચાર્યજી સોરમજી પધાર્યા. ત્યાં કૃષ્ણદાસે વિનતિ કરી કહ્યું કે મારા ગુરુને અહીં લાવું? ત્યારે આચાર્યશ્રીએ કહ્યું કે, તને ખેદ થશે. પછી કૃષ્ણદાસ એકલા જ ગુરુ ને ત્યાં ગયા. હવે ગુરુએ કૃષ્ણદાસને જોઇ ને કહ્યુ' કે, તેં બીજા ગુરુ કર્યા? ત્યારે કૃષ્ણદાસે કહ્યુ કે, મેં બીજા ગુરુ કર્યા નથી. મારા ગુરુ તો આપ જ છો. પણ તમારા પ્રતાપથી મને પૂર્ણ પુરુષોત્તમ મળ્યા છે. ત્યારે તેણે પૂછ્યું, પૂર્ણ પુરુષોત્તમ (છે તે) શી રીતે જણાય? આ વખતે ધખધખના અંગારાની સગડી ગુરુની પાસે હતી. તેમાંથી કૃષ્ણદાસે બન્ને હાથે અંજલિ-પોસ-ભરી અંગારા હાથમાં લઈ કહ્યું કે, જો આચાર્યજી મહાપ્રભુજી પૂર્ણ પુરુષોત્તમ હોય તો મારા હાથ દાઝશો નહિ, જો અન્યથા હોય તો મારા હાથ બળીને ભસ્મ થઈ જશે. આમ એક મુહૂર્ત સુધી અગ્નિ હાથમાં રાખી. એટલે ગુરુને ડર લાગ્યો ને કહ્યું કે, અંગારા ફેંકી દે. પછી ગુરુએ જ કૃષ્ણદાસનો હાથ પકડી પોતાની જાતે જ અગ્ન ફેંકી દેવરાવી. આથી કૃષ્ણદાસ ખેદ પામી ત્યાંથી ચાલી આવ્યા. (આ પ્રસંગ શ્રીગોકુલેશે શ્રીવલ્લભાષ્ટકની ટીકામાં વિસ્તાર પૂર્વક કહ્યો છે)

ભાવપ્રકાશ-ગંગાસાગરને કંઠે પધાર્યા. ત્યારે રાત્રિમાં પોઢ્યા હતા તે વખતે અર્ધી રાતે મુરમુરાનુ મન થયું કે ભોગ ધરીએ. આવું મન

થવાનું કારણ કૃષ્ણદાસ પર કૃપા કરવાનું હતું. પુરુષોત્તમને તો કશાની અપેક્ષા હોય નહિ. જો કદાચ અપેક્ષા થાય તો જીવ પર કૃપા કરવાને માટે જ થાય છે; તેથી કૃષ્ણદાસને જણાવ્યું. એટલે કૃષ્ણદાસ પાર જઈને તરીને લઈ આવ્યા. આ ઐશ્વર્ય કાર્ય છે. જીવથી ન બને. પછી કૃષ્ણદાસે ચરણ દાબીને જગાડ્યા. આચાર્યજી આપ આરોગીને બહુ પ્રસન્ન થયા અને કહ્યું કે, માગ. ત્યારે તેણે ત્રણ વસ્તુ માગી. ત્યારે આચાર્યશ્રીએ કહ્યું કે જીવ શું માગી જાણે? જીવે માગવું તે જ બાધક છે. તેથી પરમાનંદદાસજી ગાય છે કે, "માગે સર્વસ્વ જાત હૈ પરમાનંદ ભાખે"

બીજા ગુરુનો ભાવ મનમાં હતો તેથી કરીને મહાપ્રભુજીના વચન પર વિશ્વાસ ન આવ્યો. એકવારના દાનથી જ વસ્તુ મળે છે પછી ફરી શું માગવાનું? વળી માર્ગની દુર્લભતા જણાવી. મહાપ્રભુજીના મનની વાત મુરમુરાની જાણી, પરન્તુ મારગ હૃદયારૂઢ કૃપાથી જ થાય. દોષના સ્વરૂપમાં મુખરતાનો દોષ મોટો છે. વળી જીવનો સ્વભાવ પણ જીવના હાથમાં નથી. જ્યારે શ્રીમહાપ્રભુજી કૃપા કરે તો જ જીવનો સ્વભાવ બદલાય. તેથી શ્રીમહાપ્રભુજી સિવાય બીજામાં ઈશ્વર બુદ્ધિ અને ગુરુબુદ્ધિ કરે તેને એતન્માર્ગનું ફળ કદી પ્રાપ્ત થાય નહિ. આ ભાવ અહીં જણાવ્યો. પછી કૃષ્ણદાસ ગુરુ પાસેથી ભેદ પામી અન્યાશ્રય તજી શ્રીમહાપ્રભુજી પાસે આવ્યા ત્યાર પછી માર્ગનો સિદ્ધાંત હૃદયારૂઢ થયો અને મુખરતાનો દોષ પણ દૂર થયો. તેથી ત્યાર પછી ફરી શ્રીમહાપ્રભુજી પાસે કશું માગ્યું નહિ. અન્યાશ્રય એવો બાધક છે.

વાર્તા પ્રસંગ ૪ થો.

હવે માર્ગ હૃદયારૂઢ થયો એટલે કોઈપણ ગુપ્ત પ્રસંગની વાર્તા પણ બધાંની આગળ કહેવા લાગ્યા. આ હકીકત કોઈ વૈષ્ણવે શ્રીમહાપ્રભુજી પાસે કહી કે, મહારાજ! કૃષ્ણદાસ ગોપ્યવાર્તા પણ બધાંની આગળ કહે છે. ત્યારે કૃષ્ણદાસને શ્રીઆચાર્યજીએ પૂછ્યું કે તું ગોપ્યવાર્તા બધાની આગળ કેમ કહે છે? આ સાંભળી કૃષ્ણદાસે કહ્યું કે આપ એમને જ પૂછો કે મેં શી વાર્તા કરી. ત્યારે તે વૈષ્ણવને શ્રીઆચાર્યજીએ પૂછ્યું કે તમને કૃષ્ણદાસે શી વાર્તા કહી? ત્યારે આ વૈષ્ણવે કહ્યું કે મહારાજ! મને તો કશું યાદ રહ્યું નથી, એટલે શ્રીઆચાર્યજી મુસકાઈને શાંત રહ્યા.

ભાવપ્રકાશ-માર્ગ હૃદયારૂઢ થયો, તેથી રસના ભારથી રહી શકાય નહિ. તેથી રહસ્યવાર્તા વૈષ્ણવો સાથે કરે. તેમાં એ બતાવ્યું કે કૃષ્ણદાસ પોતાના અનુભવને દૃઢ કરવા માટે બીજા વૈષ્ણવોને કહેતા. પરન્તુ પાત્ર વિના રસ ઠરે નહિ (તેથી વૈષ્ણવે કહ્યું અને કહ્યું યાદ ન રહ્યું.)

વળી કૃષ્ણદાસની દામોદરદાસથી કંઈક ઉતરતી દશા છે, તેથી કહ્યા વિના રહેવાતું નહિ. આ બેઉ ભાવ જણાવ્યા.

વાર્તા પ્રસંગ ૫ મો.

એકવાર કૃષ્ણદાસે શ્રીમહાપ્રભુજીને વિનતિ કરી પૂછયું કે, મહારાજ, શ્રીઠાકોરજીને શી વસ્તુ પ્રિય છે? તેના જવાબમાં શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે શ્રીઠાકોરજી તો ઉત્તમમાં ઉત્તમ વસ્તુના ભોક્તા છે, પરન્તુ ગોરસ બહુ પ્રિય છે. ગોરસ શબ્દ વડે વાણી કહેવાય છે. તેનો ભાવ અનિર્વચનીય છે. વળી સર્વથી ભક્તનો સ્નેહમય પ્રભાવ બહુ પ્રિય છે, તેથી પોતે ભક્તવત્સલ કહેવાય છે.

વળી કૃષ્ણદાસે ફરી પૂછયું કે, શ્રીઠાકોરજીને અપ્રિય વસ્તુ શી છે? ત્યારે શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે શ્રીઠાકોરજીને ધ્રાણી સમાન બીજી અપ્રિય વસ્તુ નથી. તેનાથી પણ અધિક શ્રીઠાકોરજીના ભક્તનો દ્વેષી અપ્રિય છે.

ભાવપ્રકાશ-ગોરસ તે વૈષ્ણવોનો પરસ્પર સ્નેહ અને વૈષ્ણવને ક્લેશ થાય તે ધ્રાણી. જ્યાં સ્નેહ ત્યાં શ્રીઠાકોરજી પધાર્યા જાણવા. જ્યાં ક્લેશ ત્યાંથી શ્રીઠાકોરજી દૂર એમ જાણવું.

વળી કૃષ્ણદાસે પ્રશ્ન પૂછયો કે, શ્રીરઘુનાથજી સંપૂર્ણ સૃષ્ટિને લઈને સ્વધામ પધાર્યા; અને દશરથને સ્વર્ગ આપ્યું તેનું કારણ શું? આનો ઉત્તર શ્રીઆચાર્યજીએ જણાવ્યો કે રઘુનાથજી તો પરમદયાળ છે, તેથી સ્વર્ગ આપ્યું, પરન્તુ સ્વર્ગની યોગ્યતા પણ રાજા દશરથની તો નહોતી, કારણ કે પોતાનું વચન સત્ય કરવા શ્રીરામચંદ્રજીને વનવાસ મોકલ્યા; એવું કર્મ કર્યું.

ભાવપ્રકાશ- આ પ્રશ્ન હીન અધિકારીનો છે; શાથી કે સાક્ષાત પુરુષોત્તમની લીલામાંથી મન કાઢીને આવો પ્રશ્ન કેવો? આમાં એવું જણાવ્યું

કે કૃષ્ણદાસને હજુ "मानसी सा परा मता" આ ફળ મળ્યું નથી. તેથી કૃષ્ણદાસના મનના સમાધાન માટે આપે કહ્યું કે રામચંદ્રજી પરમદયાળ છે. આમ કહીને પોતાના માર્ગનો સિદ્ધાંત જણાવ્યો કે પોતે હઠ ધર્મ કરી ધર્મી શ્રીઠાકોરજી તેમને કષ્ટ આપ્યું, તેથી હીન ધર્મનું ફળ સ્વર્ગજ મળે. શ્રીઠાકોરજી ફળ ન મળે.

વાર્તા પ્રસંગ ૬ ઠ્ઠો.

વળી એકવાર કૃષ્ણદાસે શ્રીમહાપ્રભુજીને ફરી પ્રશ્ન પૂછયો કે, ભક્ત થઈને શ્રીઠાકોરજીની લીલાનો ભેદ જાણતા નથી તેનું કારણ શું? ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે, તેઓ વિધિપૂર્વક સમર્પણ જે પ્રમાણે કહ્યું છે તે પ્રમાણે કરતા નથી. વિધિથી સમર્પણ પદાર્થનું જ્ઞાન નથી. અહંતા મમતા પોતાની સત્તા અહંકારનું સમર્પણ–કે હવે હું દાસ થયો, પ્રભુને આધીન છું, પ્રભુ કરે તે સર્વોપરિ સિદ્ધાંત છે–આ ભેદ પોતે જાણતો નથી. વળી પોતાની યોગ્યતા માની ભગવદીયનો સત્સંગ કરતો નથી, પોતાની યોગ્યતા માને તેથી પ્રભુ અપ્રસન્ન થઈ જાય છે. આ માર્ગ દીનતાનો છે. તે દીનતા હોતી નથી. આવા અંતરાયોથી પોતાનું સ્વરૂપ અને ભગવદીયનું સ્વરૂપ તથા શ્રીઠાકોરજીનું સ્વરૂપ જાણતા નથી. વળી ભગવદ્દભક્તનો સંગ કરે તો શ્રીઠાકોરજીની લીલાનો ભેદ જાણે. પણ તે તો પોતાની યોગ્યતા સમજી કરે નહિ. વળી જે કંઈ કરે છે તે અંતઃકરણ પૂર્વક કરતા નથી. તેથી શ્રીઠાકોરજીનું સ્વરૂપ તથા લીલાનો ભેદ જાણતા નથી.

ઉત્તમ ભક્તનો સંગ કરે, શ્રીભાગવત શ્રીસુબોધિનીજી આદિ ગ્રંથોનું અહર્નિશ અવગાહન કરે, તો ભગવદ્દભાવ ઉત્પન્ન થાય. શ્રીઠાકોરજી વ્રજભક્તોમાં સદા રહે છે. ત્યાં સેવાવડે આધીન બન્યા છે. ત્યાં એતન્માર્ગીય વૈષ્ણવ તેમના હૃદયમાં શ્રીઠાકોરજી બિરાજે છે. તેમનો સંગ કરવો. અહીં ગજનધાવન વગેરે વૈષ્ણવનું દૃષ્ટાંત આપ્યું. જેણે જેણે ભાવથી સેવા કરી તેના તેના બધા મનોરથ સિદ્ધ થયા. માટે લીલાસ્થ વ્રજભક્તોના ભાવનો વિચાર કરવો.

જે વૈષ્ણવ શ્રીઠાકોરજીનું સ્વરૂપ જાણે છે તેનું સ્વરૂપ અલૌકિક દૃષ્ટિથી જ જાણી શકાય. આજ્ઞા થાય ત્યારે જણાય. જે વૈષ્ણવ શ્રીઠાકોરજીને જાણે છે, તે જે કંઇ કાર્ય કરે છે, તે શ્રીઠાકોરજીને માટે જ કરે છે. વળી શ્રીઠાકોરજી વિષે વિરહતાપ ભાવ કરે છે. પોતાના દોષોનો વિચાર કરે છે. આવો ભક્તજીવ પોતાના સ્વરૂપનો વિચાર કરે કે હું કોણ છું? પહેલાં હું કેવો હતો? પ્રભુનો સંબંધ થવાથી હું કેવા સ્વરૂપે થયો? હવે મારૂં કર્તવ્ય શું છે? રાતદિવસ એવો વિચાર કર્યા કરે, તો પોતાના સ્વરૂપને જાણે. આ પ્રાકટ્ય શ્રીવ્રજભક્તોને માટે છે. તેથી ઉત્તમ સંગ હોય તો એતન્માર્ગીય શ્રીઠાકોરજીને જાણે. વળી શાસ્ત્ર પુરાણ અનેક ઇતિહાસ છે, તે(શાસ્ત્રો)થી વ્રજરાજને ઘેર પ્રકટે તે સ્વરૂપ જાણવામાં ન આવે. આ શ્રીઠાકોરજીનું સ્વરૂપ તો ત્યારે જ જાણ્યું જાય કે જ્યારે ભગવાનના ભક્તનો સંગ કરે. સેવાનો પ્રકાર એતન્માર્ગીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ જાણે છે; તેમની સાથે મળીને ભાવ પૂછીને સેવા કરવી. ત્યારે જ ભગવદ્‌ભાવ ઉત્પન્ન થાય. શ્રીઠાકોરજીની લીલાનો સઘળો ભેદ જાણે.

વાર્તા પ્રસંગ ૭

વળી એકવાર શ્રીઆચાર્યજી શ્રીબદ્રીનાથજીના મંદિરમાં પધાર્યા. ત્યારે વેદવ્યાસ સાથે હતા. આ વખતે શ્રીમહાપ્રભુજીએ વેદવ્યાસને પૂછ્યું કે ભ્રમરગીતના અધ્યાયમાં ઉદ્ધવજીને વ્રજભક્તો પાસે મોકલ્યા તે પ્રસંગમાં અર્ધો શ્લોક બાકી છે. ત્યારે વેદવ્યાસે અર્ધો શ્લોક કહ્યો "આત્મત્વાદ્ભક્તવશ્યત્વાત્સત્યવાક્ત્વાત્ સ્વભાવતઃ" આ શ્લોકની ટીકા શ્રીઆચાર્યજીએ પહેલેથી જ કરી હતી. તે સાંભળીને વેદવ્યાસજી કહે કે આપને ધન્ય છે. ત્યારપછી શ્રીઆચાર્યજી મહાપ્રભુજી શ્રીબદ્રીનાથજીના મંદિરમાં પધાર્યા. તે દિવસે વામનદ્વાદશી હતી. તે દિવસે શ્રીમહાપ્રભુજી વ્રત કરતા હતા. તેથી ફળાહારની વ્યાસજીએ પણ શોધ કરી, અને કૃષ્ણદાસે પણ શોધ કરી. પરન્તુ કશું મળ્યું નહિ. ત્યારે શ્રીબદ્રીનાથજીએ

શ્રીમહાપ્રભુજીને કહ્યું, મેં ફળાહાર માટે બધે શોધ કરી, પણ કશું મળ્યું નહિ; માટે તમે રસોઇ કરી શ્રીઠાકોરજીને ભોગ ધરીને ભોજન કરો. આ સાંભળી શ્રીમહાપ્રભુજીએ વિચાર્યું કે શ્રીઠાકોરજીની ઇચ્છા એવી દેખાય છે. એટલામાં કૃષ્ણદાસે આવીને કહ્યું કે મહારાજ! અહીં કંઇ પણ ફળાહાર મળતો નથી. ત્યારે વેદવ્યાસજી મારફતે શ્રીઠાકોરજીએ કહ્યું કે સામગ્રી કરી ભોજન કરો. "उत्सवान्ते च पारणा" આવું પણ વચન છે. ત્યારબાદ શ્રીમહાપ્રભુજીએ સામગ્રી કરી શ્રીઠાકોરજીને ભોગ ધરી ભોજન કર્યું. પછી તે દિવસથી વામન દ્વાદશીને દિવસે વ્રત કરતા નહિ; પછી શ્રીઆચાર્યજી શ્રીબદ્રીનાથજીથી વિદાય થઇને કૃષ્ણદાસને સાથે લઇને પધાર્યા.

ભાવ પ્રકાશ—ફળાહાર ના મળ્યો. તેનું કારણ એ છે કે જો શ્રીમહાપ્રભુજી ધારે તો બધું મળે. વ્યાસજી તેમ જ કૃષ્ણદાસ જેવા શોધનારા છતાં ન મળવાનું કારણ એ છે કે આચાર્યજીના મનમાં ઉત્સવની સામગ્રી કરવી હતી. બહારથી મર્યાદા સાચવવા ફળાહાર શોધવાનું કહ્યું પરંતુ ફળાહાર ન મળ્યો. તેથી વેદવ્યાસદ્વારા શ્રીઠાકોરજીએ કહેવરાવ્યું. તેથી શ્રીગુસાંઇજીના સાતલાલજીમાં બડે ઘરમાં શ્રીગિરિધરજીના ઘરમાં આ રીત ઉપવાસની રાખી; પરન્તુ બીજાં ઘરમાં "उत्सवान्ते च पारणा" શ્રીઠાકોરજી બધી સામગ્રી આરોગે.

વાર્તા પ્રસંગ ૮ મો.

શ્રીઆચાર્યજીએ જ્યારે આસુરવ્યામોહલીલા કરી ત્યારે કૃષ્ણદાસે પણ વિપ્રયોગથી દેહ છોડી. (વાર્તા ૨–થઇ.)

—[०]—

વાર્તા ૩ જી.

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુના સેવક દામોદરદાસ સંભલવાળા ક્ષત્રી કનોજના વાસી હતા તેમની વાર્તા અને તેનો ભાવ.

ભાવપ્રકાશ—દામોદરદાસને બાળપણથી વિરહ હતો, શ્રીઠાકોરજીની પ્રાપ્તિ શી રીતે થાય? આ દામોદરદાસ એકવાર પ્રયાગમાં મકર સ્નાન

કરવા આવ્યા હતા ત્યાં કૃષ્ણદાસનો મેળાપ થયો ત્યારે ચર્ચા કરતાં કૃષ્ણદાસ મેઘને કહ્યું કે શ્રીવલ્લભાચાર્યજી પ્રકટ થયા છે. તે દક્ષિણમાં પધાર્યા છે. કૃષ્ણદેવ રાજાની પાસે માયાવાદનું ખંડન કર્યું છે, તેમની કૃપાથી જરૂર શ્રીઠાકોરજી મળશે. મારો જે ગુરુ પર સ્નેહ છે તેનાથી મારું કશું કામ થયું નહિ, તેથી હવે હું જ્યાં શ્રીઆચાર્યજી હશે ત્યાં જઈશ. આ પ્રમાણે દામોદરદાસને કહીને કૃષ્ણદાસ દક્ષિણ દેશમાં ગયા.

જ્યારથી (ઉપર પ્રમાણેની વાતચીત થયા પછી) દામોદરદાસની પાસેથી કૃષ્ણદાસ મેઘન શ્રીમહાપ્રભુજી પાસે ગયા ત્યારથી દામોદરદાસને વિરહ બહુ રહેતો કે મને શ્રીઆચાર્યજીનો મેળાપ શી રીતે થશે? આ પ્રમાણે વિરહી દશામાં જ દામોદરદાસે મહા માસમાં મકર સ્નાન કર્યું. હવે મહા સુ. ૧૫ ના રોજ દામોદરદાસજી મકર સ્નાન કરતા હતા, તે સમયે એક તાંબાનું પત્ર ગંગાયમુનાના સંગમમાંથી દામોદરદાસ પાસે આવ્યું. તે દામોદરદાસ ઘેર લાવ્યા. જ્યારે રાત્રે દામોદરદાસ સુતા ત્યારે સ્વપ્ન આવ્યું કે જે આ (તાંબા) પત્ર વાંચે તેને શરણે તારે જવું. હવે સવારમાં ઉઠીને પ્રયાગમાં મોટા મોટા પંડિતો બ્રાહ્મણ મહાપુરુષો મકર સ્નાન કરવા આવ્યા હતા. તે બધાને તે વંચાવ્યું, પણ કોઇ વાંચી શક્યું નહિ. હવે કાશીમાં શેઠ પુરુષોત્તમદાસને ત્યાં દામોદરદાસને વહેવાર હતો, ત્યાં ગયા. ખર્ચની હુંડી શેઠ પુરુષોત્તમદાસને ત્યાં લઈ ગયા હતા, તેમને બધી વાત દામોદરદાસે કહી કે આ પત્ર શ્રીઆચાર્યજી જ વાંચશે. બીજાનું કોઈનું વાંચવાનું ગજું નથી. મને કૃષ્ણદાસ મેઘન કહી ગયા છે કે શ્રીમહાપ્રભુજીને શરણે જવાથી ઠાકોરજીની પ્રાપ્તિ થશે. આ સાંભળીને શેઠ પુરુષોત્તમદાસને પણ તાલાવેલી થઈ કે મને ક્યારે શ્રીઆર્યજીનાં દર્શન થશે? શેઠ પુરુષોતમદાસની વાર્તામાં તેનું વર્ણન કરીશું. આવી રીતે દામોદરદાસજી કાશીમાં પંદર દિવસ રહ્યા પણ કાશીમાં કોઈએ પત્ર વાંચ્યું નહિ. પછી કનોજ પોતાને ઘેર ગયા. આમ વિરહ કરતાં કરતાં કેટલાક મહિના થયા પછી શ્રીમહાપ્રભુજી કનોજ પધાર્યા અને ગામની બહાર બાગમાં મુકામ કર્યો.

વાર્તા પ્રસંગ ૧ લો.

જ્યારે આચાર્યજી કનોજ પધાર્યા ત્યાં ગામની બહાર એક બાગ હતો ત્યાં આપ ઉતર્યા, અને કૃષ્ણદાસને ગામમાં મોકલ્યા

અને કહ્યું કે સીધુ સામગ્રી લઇ આવો, પણ કોઇને કહેશો નહિ કે શ્રીઆચાર્યજી પધાર્યા છે.

ભાવપ્રકાશ—આમ કહેવાનો અભિપ્રાય એ છે કે દામોદરદાસજી કૃષ્ણદાસને મળશે. હવે દામોદરદાસને પહેલેથી પોતે જો કહે કે શ્રીમહાપ્રભુજી પધાર્યા છે, તો મનમાં એમ આવે કે દામોદરદાસ દ્રવ્યપાત્ર છે તેથી એમની બોલાવવા બાબતની અપેક્ષા કૃષ્ણદાસના મનમાં આવે તો કૃષ્ણદાસનો બગાડ થાય. તેથી કહેવાની ના કહી કે કોઈને કહેશો નહીં પ્રીતિ હશે તો આપો આપ આવશે, આ અભિપ્રાય જાણવો

વળી બીજો અભિપ્રાય એ છે કે જે દિવસે આચાર્યજી કનોજ પધાર્યા તે પહેલાંજ શ્રીમહાપ્રભુજીને પોતાને શ્રીઠાકોરજીની આજ્ઞા થઈ હતી કે કનોજના દૈવી જીવોને પાવન કરવાના છે. તેથી શ્રીઆચાર્યજી એમ વિચારે છે કે આજ્ઞા થઈ છે તો આપ મેળે જ દૈવી જીવો શરણે આવશે, તેથી કહેવાની ના કહી હતી.

હવે કૃષ્ણદાસ ગામમાં ગયા. સીધુ સામગ્રી બધું લીધું, તે લઇને જતા હતા ત્યાં દામોદરદાસ રાજદ્વારથી આવતા હતા, તેમણે માર્ગમાં જતાં કૃષ્ણદાસને ઓળખ્યા એટલે ઘોડા પરથી ઉતરીને તેમની પાસે આવ્યા અને દંડવત કરીને એમને પૂછ્યું કે, શ્રીઆ-ર્યજી મહાપ્રભુજી પધાર્યા છે? પરન્તુ કૃષ્ણદાસે વિચાર્યું કે શ્રીમહા-પ્રભુજીની આજ્ઞા નથી તેથી કશો ઉત્તર આપ્યો નહિ. એટલે દામો-દરદાસે વિચાર કર્યો કે શ્રીમહાપ્રભુજી વિના એ શા માટે અહીં આવે? તેથી કૃષ્ણદાસ ચાલ્યા તેમની પાછળ પાછળ દામોદરદાસ પણ આવ્યા અને ઘોડાને ઘેર મોકલી દીધો.

હવે કૃષ્ણદાસને અને દામોદરદાસને દૂરથી આવતાં શ્રીઆ-ચાર્યજીએ દીઠા એટલે દામોદરદાસે દંડવત કર્યા ત્યારે કૃષ્ણદાસને શ્રીમહાપ્રભુજીએ પૂછ્યું કે તેં આમને શા માટે કહ્યું? ત્યારે કૃષ્ણ-દાસે કહ્યું કે મેં એમને કહ્યું નથી. આ સાંભળી દામોદરદાસે શ્રીઆચાર્યજીને વિનતિ કરી કે મહારાજ, એમણે તો મને કહ્યું નથી, પણ હું તો એમની પાછળ પાછળ ચાલ્યો આવ્યો છું. પછી શ્રી-

આચાર્યજીએ દામોદરદાસને પૂછ્યું, કે પત્ર જડ્યું છે તે લાવ્યા છો? ત્યારે દામોદરદાસે વિનતિ કરી કે મહારાજ પત્રનું શું કામ? ત્યારે શ્રીમહાપ્રભુએ કહ્યું કે તને આજ્ઞા થઈ છે કે જે પત્ર વાંચે તેને શરણે જવું, માટે પત્ર લાવો. એટલે પત્ર મંગાવ્યો.

ભાવપ્રકાશ–શ્રીઆચાર્યજીએ કૃષ્ણદાસને કહ્યું કે તેં એમને શા માટે કહ્યું? આમ કહેવાનું કારણ એ છે કે તને ના કહેતા છતાં તેં 'આજ્ઞા નથી' એમ કહેવામાં અમારું પધારવું તો કહ્યું! આ સાંભળી દામોદરદાસે કહ્યું કે એમણે નથી કહ્યું. હું એમની પાછળ પાછળ ચાલ્યો આવ્યો છું.

આમ કહેવાથી દામોદરદાસની દીનતા સિદ્ધ થઈ.

હવે દામોદરદાસે કહ્યું કે પત્રની શી જરૂર છે? આ વાણી તો એમ જણાવ્યું કે આપ ઈશ્વર છો, મને અનુભવ થયો છે. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે લાવ, પ્રભુની આજ્ઞા હોય તેમ કરવું જોઈએ.

હવે શ્રીઆચાર્યજીએ પત્ર મંગાવ્યો હતો તે વાંચ્યો અને તેનો અભિપ્રાય દામોદરદાસને કહ્યો. પછી દામોદરદાસને નામ સંભળાવ્યું પછી દામોદરદાસે શ્રીમહાપ્રભુજીને પોતાને ઘેર પધરાવ્યા. ત્યાં દામોદરદાસની સ્ત્રી પણ શરણે આવી ત્યારે દામોદરદાસ અને તેમની સ્ત્રીને સમર્પણ કરાવ્યું. એક દાસી દૈવીજીવ હતી તે પણ શરણે આવી.

હવે દામોદરદાસે વિનતિ કરી કે, મહારાજ! હવે મને શી આજ્ઞા છે? હવે હું શું કરું? એટલે આચાર્યજીએ શ્રીમુખથી આજ્ઞા કરી કે, હવે તમે સેવા કરો. ત્યારે દામોદરદાસે કહ્યું, મહારાજ સેવા શી રીતે કરવી? એટલે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ કહ્યું કે, શ્રીઠાકોરજીનું સ્વરૂપ હોય તો જુઓ. હવે એક દરજીને ત્યાં શ્રીઠાકોરજીનું સ્વરૂપ હતું. તેને દ્રવ્ય આપીને તે સ્વરૂપ પોતાને ઘેર પધરાવી લાવ્યા. પછી બધું ઘર ખાસા કર્યું, પાત્ર બધાં બદલ્યાં અને શ્રીમહાપ્રભુજીએ પછી તે સ્વરૂપને પંચામૃત સ્નાન કરાવ્યું. અને શ્રીદ્વારિકાનાથજી નામ ધર્યું.

ભાવપ્રકાશ—શ્રીદ્વારિકાધીશ નામ તેટલા માટે ધર્યું કે રાજરીતિથી સેવાના વિસ્તારનું કાર્ય પ્રથમ દામોદરદાસને માથે સોંપ્યું છે.

પછી શ્રીને સિંહાસન પાટે બેસાર્યા. દામોદરદાસને માથે સેવા પધરાવીને પછી શ્રીમહાપ્રભુજીએ રસોઈ કરી ભોગ ધર્યો. સમયાનુસાર ભોગ સરાવ્યો. પછી બીડાં ધરાવતાં ખબર પડી કે પાન લીલાં છે. તેથી શ્રીમહાપ્રભુજી દામોદરદાસને બીજીને કહે છે કે લીલાં પાન શ્રીઠાકોરજીને સમર્પવાં નહિ. (પીળાં પાકાં પાન પ્રભુ આરોગે) ઉત્તમમાં ઉત્તમ હોય તે સામગ્રી શ્રીઠાકોરજીને સમર્પવી. શ્રીઠાકોરજી તો ઉત્તમમાં ઉત્તમ વસ્તુના ભોક્તા છે. માટે ઉત્તમમાં ઉત્તમ સામગ્રી હોય તે શ્રીઠાકોરજીને સમર્પવી. ત્યારપછી સ્ત્રી પુરુષે સારી રીતે સેવા કરવા માંડી. આમ શ્રીદ્વારિકાધીશની સેવા સારી રીતે થવા લાગી. વળી શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે ઉતર્યો પરકાલો (વસ્ત્રનું થાન) હોય તે શ્રીઠાકોરજીને ન સમર્પવો. સારા નવા પરકાલામાંથી એટલે વસ્ત્રના થાનમાંથી પ્રથમ શ્રીઠાકોરજી માટે લેવું; અને ઉત્તમ સામગ્રી હોય તો તેમાંથી બીજા કામમાં ન લેવી. ત્યાર પછી સ્ત્રી પુરુષ ઉત્તમ રીતે સેવા કરવા લાગી ગયાં.

સેવા સામગ્રી એવી થતી કે સોનાના કટોરામાં કેરીનો સુંદર રસ ધરતાં. એવી ઉચ્ચ ભાવનાથી સેવા થતી કે તેની કોઈને ખબર પડે નહિ કે આમાં શી સામગ્રી ધરી છે. આવી રીતે દામોદરદાસ સેવા કરવા લાગ્યા.

ભાવપ્રકાશ—પછી શ્રીમહાપ્રભુજીએ વસ્ત્રાદિકની રીત બતાવી કે બીજા કામમાં કશું વપરાયું હોય તો તે શ્રીઠાકોરજીના કામમાં ન આવે. કારણ કે જેને માટે વસ્તુ વપરાઈ હોય તેની પ્રસાદી કહેવાય, માટે પહેલેથી જ શ્રીઠાકોરજીને માટે બધી સામગ્રીમાંથી લેવું. શ્રીઠાકોરજી માટે આણેલી સામગ્રીમાંથી બીજી જગાએ કંઈ ન વાપરવું. આવી રીતે પુષ્ટિ સેવાનો સર્વ પ્રકાર શીખવ્યો. પીળી સામગ્રી સોનાપાત્રમાં મળી જાય (દીપી ઉઠે) આ ગૂઢ ભાવ સમજવો. ઉજ્જવળ સામગ્રી રૂપાના પાત્રમાં મળી જાય (એક રૂપ દીપી ઉઠે). આ પણ ગૂઢ ભાવ સમજવો. સોનાનું પાત્ર તે શ્રીસ્વામિની-

જીના ભાવરૂપ અને કૃપાનું પાત્ર શ્રીચંદ્રાવલીજીના ભાવરૂપ છે, તે ભાવે સેવા થતી.

આ પ્રમાણે બતાવી પછી શ્રીઆચાર્યજી પૃથ્વી પ્રદક્ષિણા કરવા પધાર્યા.

હમેશાં દામોદરદાસ જાતે શ્રીઠાકોરજીનું જળ ભરતા. હવે એક-વાર દમોદરદાસનો સસરો દામોદરદાસને ઘેર આવીને દામોદરદાસને કહેવા લાગ્યો કે, તમે જળ ભરો છો તેથી મને જ્ઞાતિમાં લાજ આવે છે, માટે તમે જળ ભરશો નહિ, લુંડી એટલે દાસી પાસે જળ ભરાવો.

આ સાંભળી દામોદરદાસે વિચાર્યું કે સૂરદાસજીએ ગાયું છે કે "સૂરભજન કલિ કેવળ કીજે લજ્જા કાન નિવારી" વળી બીજા કીર્તનમાં ગાયું છે કે "કાન ન કાહૂકી મન ધરીયે વ્રત અનન્ય એક લઇએ હો" આમ વિચારી સ્ત્રીને કહ્યું કે તું પણ મારી સાથે જળ લેવા હીંડ. પછી બીજે દિવસે દામોદરદાસે એક ઘડો પોતે લીધો અને એક ઘડો સ્ત્રીના હાથમાં આપ્યો. હવે સ્ત્રી વૈષ્ણવ હોવાથી તે ગાગર લઇને દામોદરદાસના સસરા એટલે પોતાના પીતાના હાટ પાસે થઇને નીકળ્યાં. પછી જળ લઇને પાછાં ત્યાં આગળ થઇને નીકળ્યાં; એટલે પાછળ પાછળ દામોદરદાસનો સસરો આવ્યો, અને આવીને દામોદરદાસને પગે પડ્યો, અને કહ્યું કે, મારી ભૂલ થઇ કે મેં તમને કહ્યું. હવે તમે જ જળ ભરો; સ્ત્રીજન–મારી દીકરી–પાસે જળ ન ભરાવશો. આજ પછી હું તમને કશું નહિ કહું. ત્યાર પછી પોતે જ જળ ભરવા લાગ્યા. હવે શ્રીઠાકોરજી દામો-દરદાસને સાનુભાવ જણાવવા લાગ્યા, અને જે જોઇએ તે દામોદ-રદાસ પાસે માગી લેતા, વાતો પણ કરે. સેવા કરીને દામોદરદાસે શ્રીઠાકોરજીને એવા પ્રસન્ન કર્યા. તેથી એમની સેવા જોઇને શ્રીમહા-પ્રભુજી બહુ પ્રસન્ન થયા, અને શ્રીમુખે કહ્યું કે જેણે રાજા અંબ-રીષ ન દેખ્યો હોય તે દામોદરદાસને જુઓ; રાજા અંબરીષ તો મર્યાદામાર્ગીય હતા; જ્યારે આ પુષ્ટિમાર્ગીય છે, એટલી અધિકતા છે.

ભાવપ્રકાશ—દામોદરદાસ જળની સેવા શ્રીયમુનાજીના ભાવથી કરતા.× તેથી જ શ્રીમહાપ્રભુજી શ્રીમુખે કહેતા કે મર્યાદામાં જેમ અંબરીષે એમ પુષ્ટિમાં દામોદરદાસે રાજસેવા કરી. ઉપમાના રૂપમાં અંબરીષની સેવા કેવી જાણવી કે જેવી રીતે શ્રીઠાકોરજીના મુખની ઉપમા ચંદ્રના જેવી કહેવાય છે તેવી. કારણ કે ક્યાં મર્યાદા અને ક્યાં પુષ્ટિ? કરોડો ગણું તારતમ્ય જાણવું.[1]

જ્યારે દામોદરદાસના સસરાએ કહ્યું કે સ્ત્રી પાસે જળ ન ભરાવશો ત્યારે દામોદરદાસે કહ્યું કે જળ નહિ ભરાવું. પછી સસરો ગયો. એટલે દામોદરદાસે વિચાર્યું કે જળની સેવા સ્ત્રીજન પાસે કરાવી. હવે જો છોડાવું તો મને સસરાની કાની રાખી એવો દોષ લાગે. પરન્તુ એકવાર ના પાડી જોઇશ, અને જો જળ ભરવામાં પ્રીતિ હશે તો એ એની મેળે જ જળની સેવા છોડશે નહિ. હવે એકવાર જળ ભર્યું તે સો વાર ભર્યા બરાબર છે. હવે તો ગામલોકો તો જાણી ચુક્યા છે માટે હું જળની સેવા શા માટે છોડું? જો એની પ્રીતિ હશે તો આ પ્રમાણે વિચાર કરી આપોઆપ ભરશે. વળી જો હઠ કરીને ભરાવું તો પ્રીતિ વગર કાર્ય થશે તો શ્રીઠાકોરજી અંગીકાર કરે નહિ. માટે એકવાર સ્ત્રીને ના તો કહી જોઉં. આમ વિચારી સ્ત્રીને

×પુષ્ટિમાર્ગમાં જળની સેવા કરનાર જળગરીઓ શ્રીયમુનાજીનું સ્વરૂપ ગણાય છે. તેવી જ રીતે વ્રજ લીલાની ભાવનાએ મંદિરમાં જુદી જુદી સેવાઓ કરનારનાં જુદાં જુદાં લીલાત્મક સ્વરૂપો ગણાય છે.

—દીનદિંદર

[1]આ તારતમ્ય આપણે ભગવદીઓની વાણી દ્વારા તપાસીએ. શ્રીભાગવતજીમાં અંબરીષનો પ્રસંગ છે. હવે આખું શ્રીભાગવત તે મહાનુભાવ ગોપાળદાસના વલ્લભાખ્યાનમાં કથન અનુસાર "દિવસ એકાર્ધની ઉત્તરા કુંવર પ્રતિ વ્યાસાનંદન વિમળ વાણી ભાખી" વ્યાસાનંદન શ્રીશુકદેવજીએ ઉત્તરાકુંવર—પરીક્ષિત—ને વિમળવાણી વડે શ્રીભાગવત કહ્યું તે માત્ર દિવસ એકાર્ધની એટલે માત્ર અર્ધા દિવસની પ્રભુલીલા છે. મતલબ કે આખા શ્રીભાગવતની લીલા તે શ્રીઠાકોરજીની અર્ધા દિવસની લીલા. આ દૃષ્ટિએ શ્રીઠાકોરજીની બારમાસની લીલા ત્રણસો સાઠ દિવસનાં અર્ધા દિવસ સાતસોવીસ થાય. એટલે કે બારમાસની લીલાનું વર્ણન કરતાં સાતસોવીસ શ્રીભાગવતજી થાય. પુષ્ટિમાર્ગીય શ્રીઠાકોરજીની બારમાસની પુષ્ટિ સેવા ભક્તને ત્યાં સાતસો વીસ ભાગવતજીની સપ્તાહ બરાબર છે. મતલબ કે પુષ્ટિ ભક્તને ત્યાં રોજની સેવા એ શ્રીભાગવતજીની લીલાઓના સ્વરૂપ સમાન છે. આ દૃષ્ટિએ દામોદરદાસ સંભલવાળાને ત્યાં રોજની રાજલીલા તે એ શ્રીભાગવતજીની સ્વરૂપાત્મક લીલાઓ સમાન છે. પુષ્ટિમાં "રાઇ જેટલી સેવા માનત મેરુ સમાન" આ ભાવ સાથે સરખાવવાથી ભાવની સમજણ આપણને પડે.

—દીનદિંદર

કહ્યું કે હવે હું જ જળ ભરીશ, તમે ન ભરશો. તમારા પિતાને લાજ આવે છે. એટલે સ્ત્રીએ કહ્યું કે તમે જ ભરો. આ પ્રમાણે પિતાની કાનીનો દોષ થયો આ દોષથી સ્ત્રીએ આગળ જતાં અન્યાશ્રય કર્યો. (તે પ્રસંગ હવે પછી આવશે).

જો દામોદરદાસ સસરાના આગ્રહથી અને કાનીથી જલની સેવા છોડાવત, તો એમને પોતાને પણ બાધક થાત; તેથી ફરી સેવા કરવા લાગ્યા.

વાર્તા પ્રસંગ ૨ જો.

હવે એકવાર ઉષ્ણકાળના દિવસો હતા; ત્યારે દામોદરદાસ શ્રીઠાકોરજીને મંદિરમાં પધરાવી પોઢાડીને પોતે બહાર ચોતરા પર જઇને સુતા. ત્યારે શ્રીઠાકોરજીએ લુંડીને આજ્ઞા કરી કે તું કમાડ ખોલ, મને ગરમી બહુ લાગે છે, એટલે લુંડીએ કમાડ ખોલ્યાં, કે તરત શ્રીઠાકોરજીએ તેને કહ્યું કે તું પંખો કર, એટલે લુંડી પંખો કરવા લાગી. પછી થોડી વારે શ્રીઠાકોરજીએ લુંડીને કહ્યું કે તું જા, પંખો કરવાનો રહેવા દે, એટલે લુંડી કમાડ ખુલ્લાં રહેવા દઇ સુઇ ગઇ. ત્યાર પછી સવાર થયું ત્યારે દામોદરદાસે જોયું તો કમાડ ખુલ્લાં છે. એટલે પૂછ્યું કે કમાડ કોણે ખોલ્યાં છે? ત્યારે લુંડીએ દામોદરદાસને કહ્યું કે મને શ્રીઠાકોરજીએ આજ્ઞા કરી છે, કે તું કમાડ ખોલ, એટલે મેં ખોલ્યાં છે; ત્યારે દામોદરદાસે કહ્યું કે મને ખોલવાની આજ્ઞા કેમ ના કરી? તેં જાતે કેમ ખોલ્યાં? આ બાબત દામોદરદાસના મનમાં આવ્યું કે શ્રીઠાકોરજીએ મને ખોલવાની આજ્ઞા કેમ ના કરી? વળી લુંડીને કેમ કહ્યું? પરન્તુ પ્રભુ તો પરમદયાળ છે. જેના પર સ્નેહ હોય તેની સાથે સંભાષણ કરે, શ્રીઆચાર્યજીના સંબંધથી અંગીકારમાં સર્વ સમાન છે. લૌકિકમાં ઉંચનીચપણું હોય પણ શ્રીઠાકોરજી તો સ્નેહને વશ છે. પછી શ્રીઠાકોરજીએ દમોદરદાસને કહ્યું, મેં ખુલાવ્યાં છે, અને એણે ખોલ્યાં છે, તું એને શા માટે ખીજે છે? તું તો ચોતરા પર જઇને સુતો; અને મને ભીતર સુવાડ્યો. આ સાંભળી દામોદરદાસે કહ્યું કે મહારાજ ત્યારે લઉં કે જ્યારે મંદિર નવું સમરાવું. ત્યારે સ્ત્રીએ

કહ્યું કે આવી રીતે શી રીતે ચાલશે? આ કંઇ પાંચ સાત દિવસનું કામ નથી. એટલે દામોદરદાસે કહ્યું કે સખડી મહાપ્રસાદ તો નહિ લઉં. ફળાહાર કરીશ. આમ વર્તતાં મંદિર સિદ્ધ થયું; એટલે સારૂં મુહૂર્ત જોઇને શ્રીદ્વારિકાનાથજીને મંદિરમાં પાટ બેસાડ્યા, ત્યારે મોટો ઉત્સવ કર્યો. પછી બધાંને મહાપ્રસાદ લેવરાવ્યો અને ત્યાર પછી પોતે મહાપ્રસાદ લીધો.

ભાવપ્રકાશ–શ્રીઠાકોરજીએ લુંડી પાસે પંખો કરાવ્યો. પણ દામોદરદાસની સ્ત્રીને જણાવ્યું નહિ. એણે જળની સેવા છોડી હતી તેથી એને ના કહ્યું. કારણ કે પ્રથમથી જો સેવા ન કરતી હોત તો ચિંતા નહિ વળી પાંચ સાત દિવસ જળ ભરીને પછી કદાચ પોતાની ઇચ્છાથી ન ભરત તો પણ ચિંતા નહિ. પરન્તુ દામોદરદાસના સસરાના કહેવાથી છોડી તેથી શ્રીઠાકોરજીએ લુંડી પાસે કમાડ ખોલાવી પંખાની સેવા કરાવી.

વળી આચાર્યશ્રીની એવી આજ્ઞા છે કે જ્યાં સુધી પૂર્ણ સ્નેહનો પ્રકાર હૃદયારૂઢ ન થાય ત્યાં સુધી સેવા (यथा देहे तथा देवे) પોતાની દેહ પ્રમાણે શીતકાળ ઉષ્ણકાળ વિચારીને કરવી. હવે દામોદરદાસ તો ચોતરા પર સુતા. અને શ્રીઠાકોરજીને તો વાયરો આવે એવો માર્ગ ન હતો, તેથી મંદિરની રીત પ્રકટ કરવાને માટે શ્રીઠાકોરજીએ લુંડી પાસે કમાડ ખોલાવ્યાં. લુંડીનો માનસી સેવામાં અધિકાર હતો. આઠે પહોર ગુપ્ત રીતે માનસી સેવા કર્યા કરતી. કોઇને ખબર પડે નહિ. આથી શ્રીઠાકોરજી લુંડી પર બહુ જ પ્રસન્ન રહેતા.

દામોદરદાસ લુંડીને ખીજ્યા, તે શ્રીઠાકોરજી સહન કરી શક્યા નહિ અને જણાવ્યું કે જે મને વ્હાલી છે તેના પર તું ખીજે છે? આમ લુંડીનો પક્ષ શ્રીઠાકોરજીએ કર્યો તેમ જ દામોદરદાસને અપરાધથી છોડાવવા કહ્યું કે મેં એની પાસે (દ્વાર) ખુલાવ્યાં છે. તું શા માટે ખીજે છે? હવે પછી એના પર પ્રીતિ રાખજે. એનું સ્વરૂપ અલૌકિક જાણજે. તું જઇને ચોતરે સુતા અને મને તો વાયરો આવે તેવી વ્યવસ્થા નહિ. ચિન્તા રાખી હોવા છતાં પોતાની સેવા ભૂલી ગયો. મંદિર સમારજે (વાયરો આવે એવી સગવડનું મંદિર કરજે). આ સાંભળી દામોદરદાસને ચોટ લાગી, કેમ કે આજે

તેમને પોતાના સ્વરૂપનો અનુભવ થયો. તેથી પણ કર્યું કે મંદિર બને ત્યારે જ ખાનપાન કરીશ. આ ટેક ચિત્તાના આવેશમાં લીધી. પછી કારીગર બોલાવી કામ શરૂ કર્યું. પછી સ્ત્રીએ કહ્યું કે ખાનપાન વિના શી રીતે ચાલશે? એક દિવસનું કામ નથી, માટે ખાનપાન વિના રહેવાશે નહિ, તે[1] આવેશ રહે ત્યારે ખાનપાન ન કરશો. હમણાં તો કરો. ત્યારે કહ્યું ફળાહાર કરીશ. આવી રીતે મંદિર તૈયાર કરાવ્યું. જાળીઆ, જરૂખા, નિજ-મંદિર, તિવારી, ચોક, ડેરા પડદા બધું-જેવી લીલાસૃષ્ટિમાં હોય તેવા જ ભાવથી બધા મંદિરની વ્યવસ્થા કરવામાં આવી. મહુરત જોઇ શ્રીઠાકોરજીને પધરાવ્યા. મોટો ઉત્સવ કર્યો. વૈષ્ણવોનું સમાધાન કર્યું. શ્રીઆચાર્યજીની ભેટ કાઢી.

વાર્તા પ્રસંગ ૪ થો.

વળી એકવાર દામોદરદાસ શ્રીઠાકોરજીને રાજભોગ ધરી શૈય્યા મંદિરમાં શૈય્યા તૈયાર કરવા ગયા. ત્યાં જઇ જુએ તો દુલીચા પર બિલાડીએ બગાડ કર્યો છે. આથી દામોદરદાસે કહ્યું કે શ્રીઠાકોર-જી તો પોતાની શૈય્યા પણ બરાબર સંભાળી શકતા નથી. આમ કહેતામાં તો શ્રીઠાકોરજીએ થાળ ચોકી ઉપરથી લાત મારી ફેંકી દીધો અને શ્રીઠાકોરજીએ દામોદરદાસને કહ્યું કે તું સેવક છું કે હું સેવક છું? સેવક થઇને આવું બોલે છે? આવી રીતે ખૂબ ખીજાયા. આથી દામોદરદાસે ખૂબ વિનતિ કરી તથા બહુ જ કાલાવાલા (મનુહાર) કર્યા. પછી બધી સામગ્રી ફરી સિદ્ધ કરી ભોગ ધર્યો એટલે શ્રીઠાકોરજી આરોગ્યા, પણ બે માસ સુધી બોલ્યા નહિ. પછી બહુ જ વિનતિ કરી ત્યારે બોલવા લાગ્યા.

ભાવપ્રકાશ-શ્રીઠાકોરજીએ રાજભોગનો થાળ લાત મારી ગબડાવી નાખ્યો તેનું કારણ એ છે કે શ્રીઠાકોરજીનો દાસભાવ દામોદરદાસજીને શ્રીમહા-પ્રભુજીએ હમણાં જ આપ્યો છે; અને આવી હાંસી તો સખ્યભાવનો અધિ-કાર થાય ત્યારે બને. માટે આચાર્યજીના આપ્યા વગર તે વિશેષ ભાવ શા

[1]તે એટલે ચિત્રા સખીના આવેશમાં ભૂખ ન લાગે, કારણ કે લીલાત્મક દશામાં ચિત્ત અને શરીર પોષાય છે. સ્વરૂપાવેશમાં તે રસ જ પોષક બને છે.

માટે કર્યો ? તેથી તારો ધરેલો ભોગ નહિ આરોગ્યું. આવી રીતે શિક્ષા આપી. માટે અધિકાર વગર વિશેષ વિચાર કરવાથી આવો અંતરાય થાય એવું અહીં વૈષ્ણવોને દર્શાવ્યું.

વાર્તા પ્રસંગ ૫ મો.

વળી એક વાર દામોદરદાસ હરસાની એમને ત્યાં પરોણા તરીકે આવ્યા. અને સંભલવાળાને ત્યાં પાંચ સાત દિવસ રહ્યા. ત્યારે શેઠ દામોદરદાસે તેમનું ઘણી સારી રીતે સમાધાન કર્યું; પછી દામોદરદાસ હરસાની ત્યાંથી વિદાય થઇ અડેલ આવ્યા; ત્યારે શ્રીમહાપ્રભુજીએ દામોદરદાસને પૂછયું કે દમલા, તું કય ઉતર્યો હતો ? શું મહાપ્રસાદ લેતો હતો ? એટલે આચાર્યશ્રીને દામોદરદાસે વિનતિ કરી કે કનોજમાં દામોદરદાસ સંભલવાળાને ઘેર ઉતર્યો હતો; અને અનસખડી મહાપ્રસાદ લેતો. આ સાંભળી શ્રીઆચાર્યજી સંભલવાળા દામોદરદાસ પર અપ્રસન્ન થયા (અને મનમાં વિચાર્યું) કે આ મારો અંતરંગ સેવક તેને સખડી મહાપ્રસાદ કેમ ન લેવરાવ્યો ? આ શ્રીમહાપ્રભુજીના મનની વાત દામોદરદાસ સંભલવાળાએ ઘેર બેઠાં જાણી કે, શ્રીઆચાર્યજી મહાપ્રભુ મારા પર અપ્રસન્ન થયા છે. તેથી સ્રીને કહ્યું કે તું શ્રીઠાકોરજીની સેવા બહુ સારી રીતે કરજે, અને હું તો અડેલ શ્રીમહાપ્રભુજીનાં દર્શન માટે જાઉં છું. પછી દામોદરદાસ અડેલ જવા નીકળ્યા; અને અડેલ આવી શ્રીમહાપ્રભુજીનાં દર્શન કર્યા, સાષ્ટાંગ દંડવત કર્યા. ત્યારે શ્રીમહાપ્રભુજી પીઠ ફેરવીને બેઠા. આ જોઇ દામોદરદાસ સંભલવાળાએ વિનતિ કરી કે મહારાજ! મારો અપરાધ શો છે ? વળી જીવ તો અપરાધ કરતો જ આવ્યો છે, પણ અપરાધની ખબર પડે તો સારી વાત ! ત્યારે આચાર્યજીએ કહ્યું દામોદરદાસ હરસાનીને તેં સખડી મહાપ્રસાદ કેમ ન લેવરાવ્યો ? અને અનસખડી મહાપ્રસાદ કેમ લેવરાવ્યો ? એટલે દામોદરદાસ સંભલવાળાએ શ્રીમહાપ્રભુજીને વિનંતિ કરી કે આપ એ વાત દામોદરદાસ હરસાનીને પૂછો. ત્યારે શ્રીમહાપ્રભુજીએ દામો-

દરદાસ હરસાનીને પૂછ્યું કે દમલા! તેં દામોદરદાસ સંભલવાળાને ત્યાં સખડી મહાપ્રસાદ કેમ ન લીધો ? ત્યારે દામોદરદાસે કહ્યું કે શ્રીઠાકોરજી પ્રાતઃકાલમાં બાળભોગ આરોગતા, તે લેતો ? તેથી સખડીની રુચિ રહેતી જ નહિ; તેથી નહોતો લેતો. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે તું તો તારી ઇચ્છાથી નહોતો લેતો પરન્તુ મને તો આના પર ખુબ રીસ આવી હતી. આમ બનવાનું કારણ એ છે કે ભક્તના અંતઃકરણની ભક્તિ જોવાને માટે પ્રભુ આવું નાટક કરે છે, કેમકે દામોદરદાસ સંભલવાળાએ કનોજમાં પોતાને ઘેર બેઠાં બેઠાં શ્રીઆચાર્યજીના અંતઃકરણની વાત જાણી. આમ શ્રીમહાપ્રભુજી તો ભક્તોના હૃદયમાં નિત્ય બિરાજમાન છે, તો પછી ભક્તજનના હૃદયની વાત કેમ ન જાણે ? પણ ભક્તની પરીક્ષા માટે આ પ્રભુનું નાટ્ય છે. પછી દામોદરદાસનું બહુ સન્માન કરીને શ્રીઆચાર્યજીએ તેમને ઘેર વિદાય કર્યા. અને દામોદરદાસ પોતાને ઘેર કનોજ આવ્યા, પછી બન્ને સ્ત્રી પુરુષ સારી રીતે સેવા કરવા લાગ્યાં.

ભાવપ્રકાશ–દામોદરદાસ હરસાની સંભલવાળા પર કૃપા કરવાને માટે તેમને ઘેર પરોણા તરીકે આવ્યા. દામોદરદાસ સંભલવાળા તનુજા વિત્તજા સારી રીતે રાજસેવાની રીતે કરતા હતા, અને જે વૈષ્ણવો એમને ત્યાં થઈને શ્રીમહાપ્રભુજીનાં દર્શન માટે જતા, તે દરેકની સાથે જુદી જુદી ભેટ મોકલતા. વૈષ્ણવનું સમાધાન બહુ જ કરતા. વગર કહે વૈષ્ણવ જાણે નહિ તેમ રસ્તાની ખરચી વૈષ્ણવના પોટલામાં મૂકી દેતા. તેથી શ્રીમહાપ્રભુજી પાસે તેમનાં બહુ જ વખાણ થતાં. જે આવે તે પ્રશંસા કરે. ત્યારે શ્રીઆચાર્યજીએ વિચાર્યું કે હૃદયની અંદરનો ભાવ શુદ્ધ હોય તો કામ સિદ્ધ થાય. શુદ્ધ ભાવ હોય તો અન્યાશ્રય ન થાય, આવી શ્રીઆચાર્યજીના હૃદયની વાત જાણીને દામોદરદાસ હરસાની તેમને ત્યાં પરોણા તરીકે આવ્યા. કૃપા કરવા માટે આવ્યા. તેમણે દામોદરદાસના હૃદયનો બધો ભાવ સુંદર દીઠો, પણ સ્ત્રીમાં તેના પિતાની કાની (માનવા રૂપ) ઊણપ જાણી સખડી મહાપ્રસાદ ન લીધો. પાંચ સાત દિવસ રહ્યા, પણ પોતાના મનનો અભિપ્રાય કશોય ન જણાવ્યો તથા માર્ગની કશી વાર્તા ન કરી. ત્યાંથી પછી શ્રીમહાપ્રભુજી પાસે આવ્યા ત્યારે શ્રીમહાપ્રભુજીએ પૂછ્યું કે ક્યાંથી આવ્યા ? એટલે તેમણે કહ્યું કે દામો-

દરદાસ સંભલવાળાને ત્યાં પરોણા તરીકે ગયો હતો, ત્યાં અનસખડી લીધી. સખડી ન લીધી. આ કહીને એમ જણાવ્યું કે દામોદરદાસનો ભાવ દઢ છે; તેથી અનસખડી લીધી. સ્ત્રીનો ભાવ દઢ નથી, માટે સખડી મહાપ્રસાદ ન લીધો. આથી શ્રીઆચાર્યજી દામોદરદાસ સંભલવાળા પર અપ્રસન્ન થયા કારણ કે મારો અંતરંગ સેવક આવતા છતાં સ્ત્રીનો અન્યાશ્રય ન છોડ્યો, આવો સમય ફરી ક્યારે આવશે? આ વાત આચાર્યજીના હૃદયની સંભલવાળાએ જાણી. સ્ત્રીને પરાશ્રય છે તેથી સ્ત્રીએ તે ન જાણી.[1]

વાર્તા પ્રસંગ ૬ ઠ્ઠો.

સિંહનંદના વૈષ્ણવો શ્રીમહાપ્રભુજીનાં દર્શન કરવા જતા, તે કનોજમાં દામોદરદાસને ત્યાં ઉતરતા. દામોદરદાસ તે બધાને પ્રસાદ લેવરાવતા. પછી જ્યારે તે વૈષ્ણવો અડેલ જવા વિદાય થતા ત્યારે દરેક વૈષ્ણવને એક એક મહોર તથા એક એક નાળીયેર શ્રીઆચાર્યજીને ભેટ માટે મોકલતા. કારણ (મનમાં વિચારતા) કે મારાં દંડવત ખાલી હાથે શી રીતે કરશે? આ દામોદરદાસ એવા ભગવદીય હતા.

વાર્તા પ્રસંગ ૭ મો.

વળી દામોદરદાસનો સસરો બહુ જ ધનવાન હતો. તેણે સો લુંડીઓ (દાસીઓ) બેટી સાથે દાયજામાં મોકલી હતી. (તે એમ વિચારીને) કે મારી બેટી બેઠી રહેશે અને બધું કામકાજ લુંડીઓ કરશે. પણ તે આ લુંડીઓ પાસે કામ કરાવતી નહોતી. સેવા સંબંધી બધાં કામ જાતે જ કરતી. બહારનું બધું કામકાજ લુંડીઓ કરતી. તે એવી ભગવદીય હતી.

વાર્તા પ્રસંગ ૮ મો.

વળી એકવાર શ્રીઆચાર્યજી દામોદરદાસ સંભલાવાળાને ત્યાં પોઢ્યા હતા, અને દામોદરદાસ સંભલવાળા ચરણ સેવા કરતા

[1] આ ભાવના બહુ જ ઝીણવટથી જાણવા જેવી છે. પોતાના પિતાના કહેવાથી લૌકિક આબરૂ પિતાની સાચવવા એક જ દિવસ જળ ભરી જળની સેવા છોડી. આમાં શ્રીઠાકોરજીની જળની સેવાનો આશ્રય છોડી પોતાના પિતાની કાનીનો કે પ્રતિષ્ઠાનો આશ્રય કર્યો તેથી અન્યાશ્રય થયો.

હતા, ત્યારે શ્રીમહાપ્રભુજીએ તેમને પૂછ્યું કે તારા મનમાં કોઇ વાતનો મનોરથ છે ? એટલે દામોદરદાસે કહ્યું કે, મહારાજ, મારો તો આપની કૃપાથી કશો મનોરથ રહ્યો નથી. ત્યારે શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે, તું જઇને તારી સ્ત્રીને પૂછી જો, એટલે દામોદરદાસે પોતાની સ્ત્રીને જઇને પૂછ્યું કે, તારે કશી વાતનો મનોરથ છે ? આ સાંભળી સ્ત્રીએ કહ્યું કે, બીજો તો કોઇ મનોરથ મનમાં નથી પણ એક પુત્ર હોય તો સારું, આટલો મનોરથ છે. એટલે આચાર્યશ્રીની પાસે આવીને દામોદરદાસે કહ્યું કે મહારાજ, સ્ત્રીને તો એક પુત્રનો મનોરથ છે. ત્યારે આચાર્યશ્રીએ પોતે શ્રીમુખે કહ્યું કે પુત્ર થશે. પછી આચાર્યશ્રી શ્રીનાથજીદ્વારા (જતીપુરા) પધાર્યા. ત્યાર બાદ સમય આવતાં તેને ગર્ભ રહ્યો. ત્યાર બાદ કેટલા દિવસ પછી આ પોળમાં કોઇ ડાકોતી (જ્યોતીષી) આવ્યો ; તેને બધી સ્માર્તોની સ્ત્રીઓ પૂછવા લાગી. તેમાંથી કોઇ સ્ત્રીએ દામોદરદાસ સંભલવાળાની સ્ત્રી પાસે જઇને કહ્યું કે, તું પણ પૂછ કે તને શું જનમશે ?પછી એક લુંડીએ જઇને પેલા ડાકોતીયાને પૂછ્યું કે શું જનમશે ? બેટો થશે કે બેટી થશે ? ત્યારે ડાકોતીયાએ કહ્યું કે દીકરો જનમશે.

આ બન્યા પછી કેટલાક દિવસમાં શ્રીઆચાર્યજી કનોજ પધાર્યા. ત્યારે દામોદરદાસ ચરણસ્પર્શ કરવા ગયા એટલે શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે, તું મને અડીશ નહિ, તને અન્યાશ્રય થયો છે. આ સાંભળી દામોદરદાસે કહ્યું કે મહારાજ ! હું તો કશું જાણતો નથી. એટલે શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે તું તારી સ્ત્રીને પૂછ. આ સાંભળી દામોદરદાસે સ્ત્રીને જઇને પૂછ્યું. તેથી સ્ત્રીએ જે બન્યું હતું તે બધું કહ્યું. તે બધી વાત દામોદરદાસે શ્રીઆચાર્યજી પાસે આવીને કહી. એટલે શ્રીઆચાર્યજીએ દામોદરદાસને કહ્યું, પુત્ર તો થશે પણ મ્લેચ્છ થશે. પછી શ્રીમહાપ્રભુજી અડેલ પધાર્યા.

આ વાત જયારે દામોદરદાસની સ્ત્રીએ જાણી ત્યારથી શ્રીઠાકોરજીની સામગ્રી તથા પાત્રને પણ જાતે સ્પર્શ કરતી નહિ.

અને કહેતી કે મારા પેટમાં મ્લેચ્છ છે. તો હું શ્રીઠાકોરજીની સામગ્રી તથા પાત્રને શી રીતે અડું ! આવી રીતે રહેતી. પછી જ્યારે પ્રસૂતિનો સમય આવ્યો ત્યારે દામોદરદાસની સ્ત્રીએ પોતાની માને કહ્યું કે મને પુત્ર જન્મે કે તરત જ તું તેને લઈ જજે. હું તેનું મોઢું પણ નહિ જોઉં. જો હું એનું મોઢું જોઉં તો મારું અનિષ્ટ થાય; તેથી એનું મોઢું ન જોવાય તેવો ઉપાય તું કરજે. આથી તેની મહતારી (મા)એ એ પ્રમાણે જ કર્યું. પ્રસૂતિ થતાંની સાથે જ તત્કાલ બાળકને પોતાને ઘેર લઈ ગઈ અને ધાવને સોંપીને મોટો કર્યો.

ભાવપ્રકાશ–એકવાર શ્રીઆચાર્યજી કનોજ પધાર્યા; ત્યારે દામોદરદાસને આજ્ઞા કરી કે કશો મનોરથ હોય તો માગી લે. આવી રીતે ફરી દામોદરદાસની પરીક્ષા કરી કે સ્ત્રીને અન્યાશ્રય થયો છે; તો તેના સંગથી એમને પણ અન્યાશ્રય થયો છે કે કેમ ? તેથી કંઈક વરદાન આપું તો પુષ્ટિમાર્ગના ફળથી રહિત થાય. પણ દામોદરદાસ તો દૃઢ હતા; તેથી કહ્યું કે મહારાજ આપના ચરણારવિંદની સેવા મળી છે, પછી મને કોઈ વાતનો મનોરથ નથી. એટલે શ્રીઆચાર્યજીએ દામોદરદાસને કહ્યું કે સ્ત્રીને પૂછી આવ.
માં એ જણાવ્યું કે શ્રીઆચાર્યજી દામોદરદાસ સાથે બોલે છે પણ સ્ત્રી
વિ. કશું બોલતા નથી. અને સ્ત્રીએ પણ જાતે આવીને શ્રીઆચાર્યજીને
આવ... રી નહિ. તેમાં એવું દર્શાવ્યું કે સ્ત્રી શ્રીમહાપ્રભુજી પાસે બહુ ન
એમ ક... ને મનમાં અન્યાશ્રય હતો. તેથી એક પુત્ર સેવા માટે આપો
મળે એમ ...તુ એવો વિચાર આવ્યો નહિ; કે પુષ્ટિમાર્ગીય સેવા માગે તોય
આ તેના વ... ત્રનો શો ભરોસો કે તે શ્રીઠાકોરજીની સેવા કરશે ? એટલે
પુત્રની માગ... (માગવાની આ રીતથી) જ શ્રીમહાપ્રભુજીનો આશ્રય છુટ્યો.
સ્કંધમાં ગાયું ... બધી ભક્તિ સકામ થઈ ગઈ. તેથી મુકુંદદાસે સાતમા
हि चाहें । निंदन ...લાલજી નરસિંહજીને કહે છે કે स्वामि सों निज અર્થ
સ્વાર્થ ઇચ્છે તો તે अवगाहे સ્વામી પાસેથી લૌકિક વૈદિક કશો પોતાનો
આ રીતે પુત્ર આપ... ક્તિ નિંદિત બને, તેને ભક્તિની પ્રાપ્તિ ન થાય.
ફરી જ્યારે સ્ત્રીએ અન્... પ શ્રીગોવર્ધનધર પાસે શ્રીગિરિરાજજી પધાર્યા
કર્યો, ત્યારે આપ કનોજ પધાર્યા અને દામોદર-

દાસને પોતાના ચરણે ન અડવા દીધા; કારણ કે અન્યાશ્રયી સ્ત્રીના હાથનું ખાનપાન તેમણે કર્યું છે, તેથી ચરણસ્પર્શ કરવાનો અધિકાર નથી એવું દામોદરદાસને પણ જણાવ્યું.

તેથી અન્યાશ્રય જેવો બીજો કોઈ દોષ નથી; જેવી રીતે એક પતિને છોડી બીજો પતિ કરે એટલે સ્ત્રીનો બધો ધર્મ જતો રહે, તેવી રીતે વૈષ્ણવ અન્યાશ્રય જરા પણ કરે તો સઘળો વૈષ્ણવ ધર્મ નાશ પામે. આ સિદ્ધાંત જણાવ્યો. પછી જ્યારે સ્ત્રીમાં અનન્યતા આવી ત્યારે શ્રીઠાકોરજીની સામગ્રી સેવાને સ્પર્શ કરતી નહિ. આ અન્યાશ્રય પુત્રદ્વારા હૃદયથી દૂર થયો. કેમ કે શ્રીભાગવતમાં કહ્યું છે કે ભક્તને શ્રીઠાકોરજી વગર બીજી જગાએ મમત્વ થાય તો તે મમત્વવાળી વસ્તુનો શ્રીઠાકોરજી તત્કાળ નાશ કરે, એટલે જ્ઞાન વૈરાગ્ય સિદ્ધ થઈ આશ્રય સિદ્ધ થાય. ભક્તિ ન થાય તો વસ્તુ ગયે બીજા પણ અન્યાશ્રય થાય. તેથી સ્ત્રીની પુત્રમાં મમતા જાણી શ્રીઆચાર્યજીએ પોતાનાં જાણીને તે મમતા નષ્ટ કરી, ત્યારે સ્ત્રીને જ્ઞાન થયું. તેથી પોતાની માને કહ્યું કે હું પુત્રનું મોં નહિ જોઉં, તેથી પુત્ર જન્મ વખતે આંખે પાટો બાંધ્યો અને તેની માતા પુત્રને જન્મતાં જ પોતાને ઘેર લઈ ગઈ. ત્યાં પુત્ર દશ વરસનો થયા પછી મ્લેચ્છ થયો. સ્ત્રી પુરુષ બેઉ મન રાખી શ્રીદ્વારિકાધીશની સેવા કરતાં હતાં.

વાર્તા પ્રસંગ ૯ મો.

હવે જ્યારે દામોદરદાસની દેહ છુટી ત્યારે સ્ત્રીએ ઘરમાં છુપાવી રાખી, અને વૈષ્ણવોને કહ્યું કે તમે એક ગામ અડેલ સુધીનું ભાડે કરી લાવો; એટલે વૈષ્ણવ નાવ ભાડે કરી લાવ્યા. તત્કાલ શ્રીદ્વારિકાનાથજીને નાવમાં પધરાવી સાથે ઘરમાંની બધી વસ્તુ સામગ્રી સુદ્ધાં પધરાવી. એક તણખલું પણ ઘરમાં ન રાખ્યું. ઘરમાં હતું તે બધું નાવમાં ધર્યું. પછી વૈષ્ણવને કહ્યું કે આ નાવ અડેલ લઈ જાઓ, આ બધું શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના મંદિરમાં પહોંચાડો. એટલે વૈષ્ણવો નાવ લઈને ચાલ્યા. આ નાવ ત્રીસ ચાલીસ ગાઉ ગઈ ત્યારે પછી સ્ત્રીએ પ્રકટ કર્યું કે, દામોદરદાસની દેહ છુટી છે. એટલે વૈષ્ણવ સૌ આવ્યા. (દેહનો) સંસ્કાર કર્યો

ત્યાર પછી દામોદરદાસનો છોકરો જે મ્લેચ્છ થઇ ગયો હતો તે આવ્યો. તેણે આવીને જોયું તો ઘરમાં કશું મળે નહિ. જળનો કરવો ભરેલો છે. તે જોઇને માથું કુટતો રહ્યો. પછી દામોદરદાસનો સસરો આવ્યો તેણે પોતાની દિકરીને કહ્યું કે તેં ઘરમાં કશું રાખ્યું નથી? હવે તું ખાઇશ શું? ત્યારે તેણે કહ્યું કે તમે આપશો તે ખાઇશ. ક્ષત્રિઓમાં આ પ્રસંગે સગાંસહોદર કશું આપે છે એવી જ્ઞાતિની રીતિ છે.

હવે દામોદરદાસની સ્ત્રીએ જળપાન પણ ન કર્યું, તેથી થોડા દિવસમાં તેની દેહ પણ છુટી. દૈહિક ક્રિયા બેઉની સાથે થઈ. પછી આ વાત કેટલેક દિવસે કોઇ વૈષ્ણવે શ્રીમહાપ્રભુજી પાસે કહી. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે એમની બાબતમાં એમ જ બનવું જોઇએ. આ દામોદરદાસ તથા એમની સ્ત્રી એ બેઉ શ્રીઆ-ચાર્યજીનાં સેવક એવાં કૃપાપાત્ર છે, એમની વાર્તાનો પાર નથી. તે ક્યાં સુધી કહેવાય?

ભાવપ્રકાશ—દામોદરદાસની દેહ છુટી ત્યારે સ્ત્રીએ દેહ એટલા માટે છુપાવી રાખી કે પુત્ર મ્લેચ્છ છે, સઘળી વસ્તુ શ્રીઠાકોરજીની છે તે એ લઈ જશે. તેથી નાવ ભરીને બધી વસ્તુ શ્રીમહાપ્રભુજીને ત્યાં પહોંચાડી. જ્યારે ચાલીસ ગાઉ નાવ ગઈ ત્યારે (દામોદરદાસની દેહ છુટ્યાની વાત) જાહેર કરી. સસરા વગેરે જ્ઞાતિવાળાઓએ દામોદરદાસની દેહનો સંસ્કાર કર્યો. પછી છોકરો દોડીને આવ્યો. તે દેખે તો માટીનો કરવો જળ ભરેલો પડ્યો છે. બીજું કશું જ નથી. જ્યારે ખબર પડી ત્યારે નાવ લઈને દોડ્યો. પણ કશું હાથમાં આવ્યું નહિ, એટલે માથું કુટીને રહ્યો. આમાં એવું જણાવ્યું કે લૌકિક સ્વાર્થ-વાળો અલૌકિક વસ્તુ લેવાનો ઉપાય કરે તો દુઃખ પામે; પણ વસ્તુ હાથ આવે નહિ.

વળી સસરાએ કહ્યું કે કશું રાખ્યું નહિ, હવે તું ખાઈશ શું? આ લૌકિક દૃષ્ટિએ પૂછ્યું. ત્યારે સ્ત્રીએ અલૌકિક રીતે જવાબ આપ્યો કે

તમે આપશો તે ખાઈશ. આ પ્રસંગે સ્ત્રીઓમાં આપવાનો રિવાજ છે. તે
વડે નિર્વાહ કરીશ. તેનો અર્થ એ છે કે શ્રીઠાકોરજી પધાર્યા એટલે સેવા
વિના ઘરની વસ્તુ શી રીતે લઉં? અલૌકિક વસ્તુ તો પ્રભુ સાથે ગઈ. સેવા
વગર હું લૌકિક છું, તેથી લૌકિક રીતે નિર્વાહ કરીશ. આવી રીતે સ્ત્રીએ
પણ દેહ છોડી. તેની પણ દૈહિક ક્રિયા દામોદરદાસ સાથે થઈ

દામોદરદાસ સંભલવાળાની લુંડીની વાર્તા

આ લુંડી મહાન ભગવદીય હતી. તેની વાર્તા નથી લખી. કારણ કે
તે શ્રીયમુનાજીની સખી છે. લીલામાં એનું નામ કૃષ્ણાવેશિની છે. તેનામાં
સદા શ્રીકૃષ્ણના સ્વરૂપનો આવેશ રહેતો. દ્વાપરમાં આ લુંડી વિદુરજીની સ્ત્રી
હતી. તેથી શ્રીઠાકોરજીમાં ખૂબ સ્નેહ. વિદુરજીને ઘેર શ્રીકૃષ્ણ વિના બોલાવ્યે
પધારતા. તે હાલ દામોદરદાસને ત્યાં આવી. તે દામોદરદાસના લગ્નમાં તેમની સ્ત્રી
સાથે લુંડી તરીકે આવી. તેનો પુષ્ટિસંબંધ થયો. સદા માનસી સેવામાં મગ્ન રહેતી.

એકવાર સેવા કરતાં કરતાં દામોદરદાસના મનમાં આવ્યું કે, ગુજરીમાં
જઈને ઘોડા ખરીદીએ. તે જ વખતે એક વૈષ્ણવ દામોદરદાસને મળવાને
આવ્યો. એટલે લુંડીએ કહ્યું કે, ગુજરીમાં ઘોડા ખરીદવા ગયા છે. આ સાંભળી
તે વૈષ્ણવ ચાલ્યો ગયો. પછી આ વાત કોઈએ દામોદરદાસને કહી કે તમે સેવા-
માં હતા અને લુંડીએ આવું કહ્યું. આથી દામોદરદાસે લુંડીને પૂછ્યું. ત્યારે
લુંડીએ કહ્યું કે તમારું મન તે વખતે ક્યાં હતું? જ્યાં મન જાય ત્યાં દેહ
પણ ગઈ જાણવી. આ સાંભળી દામોદરદાસ ચુપ થઈ ગયા.

હવે નાવમાં બધી સામગ્રી ભરી ત્યારે લુંડી પણ સામગ્રી સમાન
હોવાથી તે પણ શ્રીદ્વારિકાધીશ સાથે ગઈ. (જ્યારે નાવ અડેલ પાસે આવ-
વાની થઈ ત્યારે) એક વૈષ્ણવે જઈને શ્રીઆચાર્યજી પાસે વધાઈ કહી કે
શ્રીદ્વારિકાનાથજી વૈભવ સહિત પધારે છે. તે સમયે શ્રીગોપીનાથજી ઉભા
હતા, તેમણે કહ્યું કે લક્ષ્મીજી સહિત શ્રીનારાયણ પધારે છે. ત્યારે શ્રીમહા-
પ્રભુજીએ કહ્યું કે, શ્રીઠાકોરજીનો વૈભવ જોઈને તારું મન પ્રસન્ન થયું છે ને?
આ સાંભળી શ્રીગોપીનાથજીએ કહ્યું કે આપનો કહેવાઈને જે શ્રીઠાકોરજીની

વસ્તુમાં મન ઘાલશે, તેનો નિર્મૂળ નાશ થઈ જશે.[1] ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે, અમારો માર્ગ તો એવો જ છે. દ્રવ્ય દેખીને શ્રીગોપીનાથજી પ્રસન્ન થયા હતા તેથી એક પુત્ર થયો, પરંતુ વંશ ચાલ્યો નહિ. પછી શ્રીમહાપ્રભુજીએ વૈષ્ણવોને આજ્ઞા કરી, બધી સામગ્રી શ્રીયમુનાજીમાં પધરાવી દો. શ્રીદ્વારિકાનાથજીને અમારે ત્યાં પધરાવી લાવો. હવે આ લુંડી પણ સામગ્રીરૂપ છે. તે સદેહે શ્રીયમુનાજી પાસે ચાલી ગઈ. બધી સામગ્રી શ્રીયમુનાજીમાં પધરાવી. શ્રીદ્વારિકાનાથજી શ્રીમહાપ્રભુજીને ઘેર પધાર્યા. એવી આ લુંડીની અલૌકિક વાત હતી. તે લૌકિકમાં વિરુદ્ધ જેવી લાગી. તેથી શ્રીગોકુલનાથજીએ તેના પર પ્રકાશ ન કર્યો—સામગ્રીરૂપ કહી. પછી કોઈ વૈષ્ણવે શ્રીમહાપ્રભુજીને વિનતિ કરી કે મહારાજ, સામગ્રી તો દામોદરદાસની સ્ત્રીએ (વૈષ્ણવે) મોકલી હતી. તેનો અંગીકાર આપે કેમ ન કર્યો? ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે છોકરો મ્લેચ્છ છે. આ સાંભળીને આવે ને ઝઘડો કરે. દ્રવ્ય દુઃખનું મૂળ છે. દામોદરદાસની સ્ત્રીએ મોકલેલી સામગ્રી શ્રીયમુનાજીને અંગીકાર કરાવી અને લૌકિક ઝઘડો પણ મટાડ્યો. પછી કોઈ વૈષ્ણવે સ્ત્રીએ પણ દેહ છોડી એ વાત કરી ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે સ્ત્રીપુરુષ બેઉ ખૂબ ટેકી સારાં વૈષ્ણવ હતાં.

---

[1] પુષ્ટિમાર્ગમાં દ્રવ્ય ને વૈભવ તરફ દૃષ્ટિ નહિ પણ ન્યાય અને પ્રભુની પ્રસન્નતા પર દૃષ્ટિ હોય છે. રંચક પણ ક્લેશ પ્રભુને ગમતો નથી, તે જણાવવા અહીં શ્રીમહાપ્રભુજીએ સામગ્રી સહિત બધું શ્રીયમુનાજીમાં પધરાવી દેવરાવ્યું. વૈભવ અને દ્રવ્ય ક્લેશ ને અદેખાઈનાં મૂળ છે. આ બેઉ ભક્તિમાં બાધક છે. આમ હોવાથી સેવા કરવા છતાં તનુનવત્વ તેમ જ સ્વભાવનો વિજય થતો નથી.

શ્રીગોકુલનાથજીનો એક પ્રસંગ છે. શ્રીગોકુલેશ ગોકુલમાં બિરાજતા હતા ત્યારે એક વાર એક વૈષ્ણવ શ્રીયમુનાજીમાં નહાવા ગયો. તે નહાવાની જગાએ કોઈ બીજું હતું નહિ. ત્યાં કિનારા પર રૂા. ૨) પડેલા હતા, તે પેલા વૈષ્ણવે લીધા ને તે રૂ. ૨) શ્રીગોકુલેશને ભેટ ધરી. આ વખતે પોતે પૂછ્યું કે ભેટ શાની છે? તેના જવાબમાં વૈષ્ણવે કહ્યું કે શ્રીયમુનાજીના તટ પર કોઈ હતું નહિ ને રૂ. ૨) પડ્યા હતા, તે લાવીને હું આપને ભેટ ધરું છું. આ સાંભળી શ્રીગોકુલેશે આજ્ઞા કરી કે જાઓ એ રૂપિયા જ્યાં હતા ત્યાં મૂકી આવો, કારણ કે એ રૂપિયા ભૂલી જનાર ઘેર જશે ને રૂપિયા સાંભરશે તો લેવા આવશે; અને નહિ દેખતાં તે નિરાશ થશે ને તેનો જીવ બળશે. માટે પાછા જ્યાં હતા ત્યાં મૂકી આવો. આ સાંભળી તે વૈષ્ણવ ત્યાં મૂકી આવ્યો. તે જ વખતે ભૂલી જનાર આવ્યો ને તેણે આ વાત જાણી. આવા ન્યાયીપણાથી તે વૈષ્ણવ થયો.''

આ પ્રસંગ ઉપરથી એમ જણાય છે કે પહેલાં ભેટ વગેરે આવતી વસ્તુઓની તપાસ થતી હશે અને ન્યાયી કે દૈવી હોય તે જ અંગીકાર થતું હશે. વૈષ્ણવ ૩ થયા.

વાર્તા ૪ થી.

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના સેવક પદ્મનાભદાસ કનોજિયા બ્રાહ્મણ કનોજમાં રહેતા હતા તેમની વાર્તા અને તેનો ભાવ.

વાર્તા પ્રસંગ ૧ લો.

પ્રથમ પદ્મનાભદાસ વ્યાસાસન પર બેસતા. તેઓ કનોજમાં પોતે પોતાને ઘેર કથા કહેતા; ઉંચા આસને બેસતા, કોઈને ઘેર જવું પડતું નહિ. નિર્વાહ પૂરતું ઘેર બેઠાં આવી જતું. આવી રીતે રહેતા. હવે એક વાર શ્રીઆચાર્યજી કનોજ પધાર્યા. ત્યારે પદ્મનાભદાસ દર્શન કરવા આવ્યા અને શ્રીઆચાર્યજીના શ્રીમુખથી ભગવદ્વાર્તાનો પ્રસંગ સાંભળ્યો; ત્યારે જાણ્યું કે આ તો સાક્ષાત ઈશ્વર છે. શ્રીપૂર્ણપૂરુષોત્તમ આ જ પોતે છે. આ પ્રમાણે પુરુષોત્તમ જાણીને પદ્મનાભદાસ શ્રીઆચાર્યજીને શરણે આવ્યા. તેમને પ્રથમ નામ પમાડ્યું; પછી સમર્પણ કરાવ્યું. પછી ઉત્થાપન સમયે શ્રીમહાપ્રભુજીએ પોથી ખોલી. આ વખતે દામોદરદાસ સંભલવાળાને ત્યાં બિરાજ્યા હતા. ત્યાં પદ્મનાભદાસજી પોતાને ઘેરથી આવીને શ્રીઆચાર્યજીને દંડવત કરીને બેઠા. તે વખતે શ્રીઆચાર્યજીએ નિબંધનો શ્લોક કહ્યો, તે શ્લોક–

पठनीयं प्रयत्नेन सर्वहेतुविवर्जितम् ।। वृत्त्यर्थं नैव युंजीत प्राणैः कंठगतैरपि ।।१।।
तदभावे यथैव स्यात्तथा निर्वाहमाचरेत्।। त्रयाणां येनकेनापि भजन्कृष्णम वाप्नुयात्।।२।।

આપશ્રીએ આ શ્લોક કહ્યો એટલે પદ્મનાભદાસજીએ અંજલિમાં જળ લઈ સંકલ્પ કર્યો, કે કથા કરીને નિર્વાહ નહીં કરૂં. એવો શ્રીઆચાર્યજી પાસે સંકલ્પ કર્યો, એટલે શ્રીઆચાર્યજીએ કહ્યું કે શ્રીભાગવતજી વૃત્તિ માટે ન કહેશો. વળી તમારી વૃત્તિ છે ને તમે બ્રાહ્મણ છો, માટે બીજી મહાભારત વગેરે કથાઓ કહેવી. ત્યારે પદ્મનાભદાસે કહ્યું કે મહારાજ! હવે તો સંકલ્પ કર્યો તે કર્યો; એટલે કશું કહેશો નહિ. ત્યારે શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે તમે ગૃહસ્થ છો, તો નિર્વાહ શી રીતે કરશો? ત્યારે પદ્મનાભદાસે શ્રીમહા-

પ્રભુજીને કહ્યું કે શ્રીભાગવત વૃત્તિ માટે નહિ કહું અને જજમાનને ઘેરથી વૃત્તિ કરીને લાવીશ, તેના વડે નિર્વાહ કરીશ; પછી જજમાનને ઘેર વૃત્તિ માટે ગયા. યજમાને બહુ આદર સત્કાર કર્યો. ત્યારે પદ્મનાભદાસના મનમાં ગ્લાનિ થઈ કે આજ પહેલાં તો કદીય ભિક્ષા કરી નથી. હવે વૈષ્ણવ થયા પછી ભિક્ષા માગવા નીકળ્યો તે યોગ્ય નથી. પહેલાં તો ગળામાં ઉપવિત હતું તે વેળા તો ભિક્ષાવૃત્તિ કરવી ઉચિત હતી પણ હવે તો ગળામાં માળા પહેરી તેથી તો આ ભિક્ષાવૃત્તિ ઉચિત નથી. આથી ફરી સંકલ્પ કર્યો કે ભિક્ષાવૃત્તિ નહિ જ કરૂં. આથી ફરી શ્રીઆચાર્યજીએ (આ બધુ જાણ્યું ત્યારે) પૂછ્યું કે નિર્વાહ શી રીતે કરશો? ત્યારે પદ્મનાભદાસે કહ્યું કે વૈશ્યવૃત્તિ કરી નિર્વાહ કરીશ. પછી કોડી વેચતા, લાકડાં લાવતા, પણ બીજી વાત વૃત્તિ માટે ન વિચારી. દેહાદિ પર્યંત સેવા કરી–એવા ટેકી.

ભાવપ્રકાશ–આ પદ્મનાભદાસ ચંપકલતા સખી છે અને તે શ્રીસ્વામિનીજીની સખી છે. જ્યારે પદ્મનાભદાસે શ્રીઆચાર્યજીને વિનંતિ કરી કે હું બ્રાહ્મણ છું ભિક્ષાવૃત્તિ કરીશ. આ ટેક જોઈ શ્રીઆચાર્યજી બહુ પ્રસન્ન થયા અને કહ્યું કે વૈષ્ણવને ટેક એ મહાન વસ્તુ છે, બડો ધર્મ છે.

પછી પદ્મનાભદાસના સઘળા કુટુંબનો જ્યારે અંગીકાર કર્યો એટલે પદ્મનાભદાસે વિનંતિ કરી કે મહારાજ મારૂં હવે કર્તવ્ય શું છે? એટલે શ્રીઆચાર્યજીએ કહ્યું કે પ્રભુની સેવા કરો. ત્યારે પદ્મનાભદાસે કહ્યું કે મહારાજ! મેં તો પુરાણ મહાભારત આદિ શાસ્ત્રો બહુ જોયાં છે; તેથી મને શ્રીઠાકોરજીના સ્વરૂપમાં વિશ્વાસ આવવો કઠણ છે. જો સ્વરૂપનું માહાત્મ્ય પ્રકટ દેખું તો જ મને દૃઢ વિશ્વાસ આવે; કારણ કે વિશ્વાસ જ ફળરૂપ છે. ત્યારે શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે અમારી સાથે વ્રજમાં ચાલો. તમને માહાત્મ્ય દેખાડીશું. એટલે પદ્મનાભદાસ વ્રજમાં ચાલ્યા. ત્યાં મહાવન પાસે રમણ સ્થળ છે ત્યાં શ્રીયમુનાજીને કિનારે સામે કાંઠે કર્ણાવલમાં શ્રીમહાપ્રભુજી બિરાજતા હતા. પ્રાતઃકાલનો સમય હતો. તે વેળા શ્રીયમુનાજીની ભેખડ તૂટી. તેમાંથી પ્રભુનું એક સ્વરૂપ તાડનું વૃક્ષ હોય એવડું મોટું શ્રીઆચાર્યજી પાસે આવીને કહે કે,

મારી સેવા કરો. ત્યારે શ્રીઆચાર્યજી કહે, મહારાજ ! આ કાળમાં વૈષ્ણવનું સામર્થ્ય નથી કે આપની સેવા શૃંગાર કરે. સેવા કરાવવાનો આપનો મનોરથ હોય તો ભગવદીય પધરાવી શકે એવડું સ્વરૂપ કરી ગોદમાં બિરાજે, તો સેવા બને. એટલે છોટું સ્વરૂપ બની શ્રીઆચાર્યજીના ચિબુક સુધી શ્રીઠાકોરજીનું મસ્તક અડે એવડા બની ગયા. તે સ્વરૂપ શ્રીયમુનાજી શ્રીગિરિરાજજી સખા સખી ગામ કુંજ ચોરાસી કોશ સઘળાં સ્વરૂપાત્મક ચિન્હ સહિત છે; તેથી શ્રીઆચાર્યજીએ શ્રીમથુરાનાથજી નામ ધર્યું અને પદ્મનાભદાસજીને કહ્યું, કેમ તારો મનોરથ સિદ્ધ થયો ? ત્યારે પદ્મનાભદાસજી પ્રેમમાં વિહ્વળ થઈને કહે, મહારાજ ! આપ જેવા મારા ધણી છો—આપની કૃપાથી શું ન બને ? ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે યથાલાભ સંતોષ રાખી ભાવપૂર્વક સેવા કરો. પછી આજ્ઞા માગી શ્રીમથુરાનાથજીને પોતાને ઘેર કનોજ પધરાવ્યા; અને ભાવપૂર્વક સેવા કરવા લાગ્યા. પહેલાં ભિક્ષાવૃત્તિ કરતા. પણ પછી પદ્મનાભદાસના મનમાં આવ્યું કે હું વૈષ્ણવ થઈને ભીખ માગું ? શ્રીઆચાર્યજી યથાલાભ સંતોષથી કહે છે અને ઉત્તમ પક્ષ પણ એ જ છે. ‘‘अव्यावृत्तो भजेत्कृष्णं पूजया श्रवणादिभिः’’ આવી રીતે અવ્યાવૃત્તિનું નેમ લઈ સેવા મન રાખીને કરવા લાગ્યા.

વાર્તા પ્રસંગ ૨ જો.

એકવાર શ્રીઆચાર્યજી પ્રયાગમાં હતા, ત્યારે પદ્મનાભદાસ સાથે હતા. ત્યારે પહોર રાત ગઈ હતી; આ વખતે શ્રીમહાપ્રભુજીએ પદ્મનાભદાસને કહ્યું કે, શ્રીઅક્કાજી સામે પાર છે ત્યાંથી પધરાવી લાવો. આટલું સાંભળતાં જ તે ઉઠીને ચાલ્યા. તે વખતે પાંચ સાત વૈષ્ણવો ત્યાં સુતા હતા. તે કહેવા લાગ્યા કે આ બ્રાહ્મણ બાવરો બન્યો છે; અત્યારે ક્યાં જશે ? નાવ તો બધી બાંધેલી છે અને ઘાટવાળા (નાવિકો) તો બધા ઘેર ગયા છે. તેથી અત્યારે નાવ જશે નહિ. પણ પદ્મનાભદાસને તો શ્રીઆચાર્યજીના વચનમાં વિશ્વાસ છે, કે અત્યારે જરૂર સવડ મળશે જ. તેથી ઘાટ પર આવ્યા અને આમ તેમ જોવા લાગ્યા. ત્યાં અકસ્માત એક છોકરો હોડી લઈ આવ્યો, તેણે પદ્મનાભદાસને પૂછ્યું તમારે પાર જવું છે ? ત્યારે પદ્મનાભદાસે કહ્યું કે, હા, હા,

જવું છે. એટલે તેણે તેમને પાર ઉતાર્યા. અને ફરી પૂછયું કે તમારે ફરી આવવું છે ? તો પદ્મનાભદાસે કહ્યું કે, બે ઘડીમાં જ પાછો આવું છું. ત્યારે છોકરાએ કહ્યું કે હોડી રાખું છું, જલદી પાછા આવો. પછી અડેલમાં આવીને શ્રીઅક્કાજીને પધરાવી લાવ્યા ને તે જ હોડીમાં બેસાડી પાર ઉતાર્યાં અને પાછા ફરીને જુએ તો હોડી ન હતી ને છોકરો પણ ન હતો. પછી શ્રીઅક્કાજીને પધરાવી લાવ્યા. પછી પદ્મનાભદાસને શ્રીઆચાર્યજીએ આજ્ઞા કરી કે જાઓ સુઈ જાઓ. એટલે જ્યાં બધા વૈષ્ણવ સુતા હતા ત્યાં પદ્મનાભદાસ આવ્યા. ત્યારે વૈષ્ણવો પૂછવા લાગ્યા કે તમે શું કરી આવ્યા ? ત્યારે પદ્મનાભદાસે કહ્યું કે આવી રીતે શ્રીઅક્કાજીને પધરાવી લાવ્યો છું. આ સાંભળી બધા વૈષ્ણવોએ કહ્યું કે તમે શ્રીઠાકોરજીને બહુ પરિશ્રમ આપ્યો. ત્યાર પછી આ વૈષ્ણવોએ શ્રીઆચાર્યજીને કહ્યું કે મહારાજ પદ્મનાભદાસે શ્રીઠાકોરજીને બહુ જ શ્રમ કરાવ્યો. આ સાંભળી શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે જે બન્યું છે તે અમારી ઇચ્છાથી બન્યું છે; માટે તમે પદ્મનાભદાસને કશું ન કહેશો.

ભાવપ્રકાશ—આ વાર્તામાં એ સિદ્ધાંત આવ્યો કે ગુરુના કાર્ય માટે શ્રીઠાકોરજીને પરિશ્રમ કરાવે તેમાં વૈષ્ણવને બાધક નથી. ગુરુના પ્રસન્ન થવાથી સર્વ કાર્ય સિદ્ધ થાય. વળી આ રાત્રિએ શ્રીગુસાંઈજીના પ્રાકટ્ય માટે ગર્ભ સ્થિતિનું મહૂર્ત હતું; તેથી શ્રીઆચાર્યજીએ આજ્ઞા કરી. શ્રીઠાકોરજી હોડી લાવ્યા, તેમાં એવું જણાવ્યું કે શ્રીગુસાંઈજીને માટે સઘળું કાર્ય કર્યું, તેમાં શું કહેવાનું ? આમાં શ્રીગુસાંઈજીનું સ્વરૂપ શ્રીઠાકોરજીથી અધિક છે તે દર્શાવ્યું,[1] તથા પદ્મનાભદાસનો શ્રીઆચાર્યજીની આજ્ઞામાં પૂર્ણ વિશ્વાસ દર્શાવ્યો કે, શ્રીમહાપ્રભુજીનાં વચન કદી ખાલી ન જાય સર્વથા કાર્ય સિદ્ધ થાય જ.

[1] શ્રીઠાકોરજી શ્રીગુસાંઈજીના પ્રાકટ્યના હેતુની સિદ્ધિ માટે હોડી લાવ્યા: તેમાં શ્રીગુસાંઈજીની અધિકતા દર્શાવી. કારણ કે શ્રીગુસાંઈજીમાં શ્રીચંદ્રાવલીજી અને શ્રીઠાકોરજીનું સ્વરૂપ બિરાજે છે. એટલુંજ નહિ, પણ શ્રીગુસાંઈજીમાં આખી શ્રુતિરૂપા ગોપીજનનાં તથા શ્રીઠાકોરજીનાં અનેક વિવિધ લીલાત્મક સ્વરૂપો બિરાજે છે. તેથી શ્રીઠાકોરજી કરતાં અધિકતા —એ પ્રમાણ વત્તુ છે.

વાર્તા પ્રસંગ ૩ જો.

વળી એકવાર શ્રીઆચાર્યજી મહાપ્રભુજી શ્રીગોકુલથી અડેલ પધારતા હતા. ત્યારે એક ક્ષત્રી વેપારી કશીક વસ્તુ લઇ સાથે સાથે ચાલતો હતો. તે કનોજ પાસે રહ્યો. શ્રીમહાપ્રભુજી તો કનોજમાં પધાર્યા. વેપારી પાછળ રહ્યો. તેના પર ચોર પડ્યા અને બધું લુંટી લીધું. શ્રીમહાપ્રભુજીએ રસોઇ કરી શ્રીઠાકોરજીને ભોગ સમર્પ્યો. એટલામાં પાછળ વેપારી રડતો કૂટતો આવ્યો, અને પૂછ્યું કે, શ્રીઆચાર્યજી શું કરે છે ? ત્યારે પદ્મનાભદાસજીએ કહ્યું કે ભોજન કરતા હશે. ત્યારે વેપારીએ કહ્યું, અમારો માલ બધો લુંટાઇ ગયો છે; અને શ્રીઆચાર્યજી ભોજન કરે છે. આ સાંભળી પદ્મનાભદાસે વિચાર્યું કે, જો આ વાત શ્રીઆચાર્યજી સાંભળશે તો ભોજન કરશે નહિ; માટે આપ સાંભળે નહિ એવું કરવું. આથી પદ્મનાભદાસજી તે વેપારીનો હાથ પકડીને તેને બહાર લઇ ગયા ને પૂછ્યું કે સાચું કહે તારો માલ કેટલો ગયો છે? ત્યારે એ વેપારીએ જણાવ્યું એટલે તેનો હાથ પકડી પદ્મનાભદાસ તેને શાહુકારની દુકાને લઇ ગયા. તે શાહુકારે પદ્મનાભદાસની બહુ આગતાસ્વાગતા કરી. પછી તેણે કહ્યું કે શી આજ્ઞા છે ? કેમ પધાર્યા છો ? એટલે પદ્મનાભદાસે તે શાહને કહ્યું કે આ વેપારીને આટલું દ્રવ્ય આપવાનું છે. એ રકમનું ખત વ્યાજ સહિત હું લખી આપું. ત્યારે તે શાહુકારે કહ્યું કે પદ્મનાભદાસ ! તમારે જોઇએ એટલું દ્રવ્ય લઇ લો. ખતપત્રની શી જરૂર ? આ સાંભળી પદ્મનાભદાસે કહ્યું કે પ્રથમ ખતપત્ર લખી આપીને પછી દ્રવ્ય લઇશ. વગર ખત લખ્યે તો હું લઇશ નહિ. ત્યારે શાહુકારે કહ્યું કે તમારી ઇચ્છા પ્રમાણે કરો. પછી પદ્મનાભદાસે ખતપત્ર વ્યાજ સાથે લખીને પોતાનો ધર્મ ઘરાણે મૂકયો. પછી વ્યાપારી તો દ્રવ્ય લઇ પોતાને ઘેર ગયો. ત્યારે શ્રીઆચાર્યજીએ પદ્મનાભદાસને પૂછ્યું કે તું કયાં ગયો હતો ? ત્યારે પદ્મનાભદાસે કહ્યું કે મહારાજ, એક કામ હતું ત્યાં ગયો હતો. શ્રીઆચાર્યજી પોતે ઇશ્વર છે, તેથી બધી વાત જાણી ગયા. અને પોતે પદ્મનાભદાસજીને કહ્યું કે તે વેપારીને ને અમારે શો સંબંધ ?

કે અમારે તેનો માલ આપવો પડે ? તે પાછળ રહ્યો તેમાં અમે શું કરીએ ? પણ તેં તો આ ખોટું કર્યું કે ઋણ કરીને પૈસા આપ્યા. આ સાંભળી પદ્મનાભદાસે કહ્યું કે, મહારાજ ! ઋણ તો કાલે ચુકવીશ; એની શી વિસાત છે ? પણ વેપારી પોકારતો તો આપ બે ઘડી ભોજન મોડું કરત; તો મારો જન્મારો વૃથા જાત. ત્યારે આચાર્યશ્રીએ કહ્યું કે તેં ધર્મ ઘરાણે મૂક્યો તેનો અર્થ શો ? તો પદ્મનાભદાસે કહ્યું કે આવું ગાઢું ખત લખ્યા વગર કરજ આપી શકાય નહિ. પછી શ્રીઆચાર્યજી અડેલ પધાર્યા. હવે પદ્મનાભદાસ એક રાજાની પાસે ગયા; તેમને રાજાએ કહ્યું કે કૃપા કરી અને કથા સંભળાવો. એટલે પદ્મનાભદાસે કહ્યું કે રાજા, શ્રીભાગવત તો નહિ કહું. કહો તો મહાભારત સંભળાવું. ત્યારે રાજાએ કહ્યું કે ભલે મહાભારત જ સંભળાવો. એટલે મહાભારત કહેવા લાગ્યા. (કથા કહેતાં) જ્યારે યુદ્ધનો પ્રસંગ આવ્યો ત્ય બધાનાં હથિયાર સાંભળનારાઓનાં લઇ લીધાં; પછી આગળ કહેવા લાગ્યા. આ કથામાં એવો તો વીરરસ જામ્યો કે આપસઆપસમાં એક બીજાને લાતો મુક્કીઓ મારવા લાગ્યા. ત્યાર પછી કેટલાક દિવસમાં મહાભારત પુરૂં થયું, એટલે રાજા ભારે દક્ષિણા આપવા લાગ્યો. ત્યારે પદ્મનાભદાસે કહ્યું કે આટલું બધું દ્રવ્ય નથી જોઇતું. મારે માથે ઋણ છે તે ચુકવવા જેટલું જ લઇશ. આમ કહી તે વાણીયાનું જેટલું કરજે લીધેલું દ્રવ્ય વ્યાજ સાથે આપવાનું હતું તેટલું જ લીધું. બાકી બીજું બધું પાછું આપી દીધું. આ પદ્મનાભદાસ એવા ભગવદીય હતા.

ભાવપ્રકાશ–હવે વેપારીએ કહ્યું કે અમારો માલ બધો લુંટાઈ ગયો છે, અને આપ ભોજનમાં પધાર્યા છો ? આમ કહેવાનું કારણ એ કે આપ મહાદયાળુ હોઈને જીવ દુઃખી જાણીને ભોજન શી રીતે કરે ? જે દયાળુ છે તે પારકાનું દુઃખ દૂર કરીને જ ભોજન કરે. શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે તેં વ્યાપારીને દ્રવ્ય કેમ અપાવ્યું ? અને તેય વળી ઋણ કાઢીને ? શું અમે તેની સાથે વીમો કર્યો હતો ! પાછળ રહ્યો ને લુંટાઈ ગયો. તેં બહુ ખોટું કર્યું. આમ શ્રીઆચાર્યજીએ કહ્યું તેનું કારણ એ છે કે, ઋણ હત્યા બરાબર છે.

તે માથે લીધું, તે બહુ ખોટું કર્યું. શરીરનો શો ભરોસો? દેહ છુટી જાય તો દેવું માથે રહે.

આ સાંભળી પદ્મનાભદાસે કહ્યું, આ વેપારીનું રુદન સાંભળીને બે ઘડી મોડું આપ ભોજન કરત તો મારો જન્મ વૃથા થઈ જાત. સેવકની પાસે સ્વામિને જરા પણ પરિશ્રમ પડે અને સેવક શ્રમ દૂર ન કરે તો ધર્મ જાય. તે સેવકને ધિક્કાર છે તેનું જીવન વૃથા છે. ઋણનો શો હિસાબ? જલદીથી ચુકાવી દઈશ. આમ કહેવાનું કારણ એ છે કે કાળનું શું સામર્થ્ય છે? આપની કૃપાથી બાધક થાય જ નહિ. વળી ધર્મ ઘરાણે મૂક્યો, તેમાં એક ભાવ એ છે કે પોતાનો વૈદિક બ્રાહ્મણ ધર્મ ઘરાણે મૂક્યો, તે તો ગૌણ ભાવ છે. કારણકે શ્રીઆચાર્યજીને શરણે આવ્યા ત્યારે બધુ સમર્પણ કર્યું પણ વૈદિક ધર્મ ન્યારો રહે તો પુણ્યનું ફળ સ્વર્ગ ભોગવવું પડે, તેથી એમણે તો બધું સમર્પણ કરી માત્ર પુષ્ટિસ્વરૂપ ભક્તધર્મ રાખ્યો છે. તેથી શ્રીમહાપ્રભુજીએ પૂછ્યું કે એવો ધર્મ શાહને ત્યાં ઘરાણે મૂક્યો? પરન્તુ પદ્મનાભદાસજીને તો શ્રીઆચાર્યજીનું સ્વરૂપ હૃદયારૂઢ હતું. શ્રીમહાપ્રભુજીના સુખને માટે ધર્મની પણ અપેક્ષા ન રાખી ઘરાણે મૂક્યો, અને વ્યાપારીનું દ્રવ્ય આપીને ખૂબ પ્રસન્ન થયા કે સારૂ થયું કે વેપારી અહીં આવ્યો. જો ચાલ્યો જાત તો જ્યાં ત્યાં દેશમાં નિંદા કરત; કે હું શ્રીઆચાર્યજીના સાથમાં લુંટાઈ ગયો. કેમકે કોઈ લૌકિક રાજાની સાથે લુંટાઈ ન જવાય તો આવા ઈશ્વરની સાથે લુંટાઈ ગયો! તેથી પદ્મનાભદાસ કહે કે મારા ધર્મની રક્ષા માટે તે લુંટાઈ ગયો. તેથી મેં વેપારીને દ્રવ્ય આપ્યું. હવે તે જ્યાં જશે ત્યાં શ્રીમહાપ્રભુજીની મોટાઈ બોલશે, કે મને નફા સાથે દ્રવ્ય આપ્યું. આ ભાવથી પદ્મનાભદાસની આચાર્યજીમાં અત્યંત પ્રીતિ હતી.

હવે રાજા વધારે દ્રવ્ય આપવા લાગ્યો પણ તેમણે ન લીધું. કારણ કે તેમને અવ્યાવૃત્તિનો નિયમ છે, કે આજીવિકા માટે કથા ન કહેવી; એવો સંકલ્પ છે. આ બધાં કામો શ્રીમહાપ્રભુજીના સુખને માટે કર્યાં. તેમણે પેલા શાહને ત્યાં રૂપીઆ આપીને ધર્મનો કાગળ લખેલો હતો તે પાછો લીધો. અને ઘેર આવી સેવા કરવા લાગ્યા.

વાર્તા પ્રસંગ ૪ થો.

વળી પદ્મનાભદાસની બેટી કુંવારી હતી; તેને માટે એક વર

શ્રીઆચાર્યજીનો સેવક જોઈતો હતો, તેથી વૈષ્ણવને પૂછવા લાગ્યા ત્યારે વૈષ્ણવોએ કહ્યું કે એક વર શ્રીમહાપ્રભુજીનો સેવક છે, પણ તે સનોઢીયા બ્રાહ્મણ છે. હવે પદ્મનાભદાસજીને તે સેવક છે આવું સાંભળતાં જ લૌકિક વહેવારની શુદ્ધિ રહી નહિ. વૈષ્ણવોએ કહ્યું કે સારો વૈષ્ણવ છે, તેને કન્યા આપો; એટલે પદ્મનાભદાસે કહ્યું કે બહુ સારૂ. એમ કહી તે વૈષ્ણવને કુંમકુમ મંગાવી તિલક કર્યું અને કહ્યું કે હું તમને બેટી આપી ચુક્યો. લગ્નનું મુહૂર્ત આવે તે પ્રમાણે વિવાહ કરૂં, તમે લગ્ન મુહૂર્ત પૂછો. વિવાહની સહી કરી પ્રસન્ન થઇ પોતાને ઘેર આવ્યા. એક મોટી બેટી તુલસાં હતી તેને પરણાવતાં તરત જ વિધવા થઈ હતી. લૌકિક પતિનું મોં પણ દીઠું ન હતું. તે શ્રીમથુરાંનાથજીની સેવામાં તત્પર રહેતી. તેને એમણે કહ્યું કે આપણી બેટીનો વિવાહ અમુક વૈષ્ણવ સાથે નક્કી કરી આવ્યો છું. ત્યારે તુલસાંએ કહ્યું કે એ તો સનોઢીયા બ્રાહ્મણ છે અને આપણે કનોજીઆ બ્રાહ્મણ છીએ, માટે આ વિવાહ સંબંધ કેમ બને ? આ સાંભળી પદ્મનાભદાસે કહ્યું કે હવે તો થયું તે થયું. ત્યારે તુલસાંએ કહ્યું કે વિવાહ ફેરવો. એટલે પદ્મનાભદાસે કહ્યું કે છુરી લાવો, અંગુઠો કાપો કે જે અંગુઠે તિલક કર્યું છે. ત્યારે તુલસાંએ કહ્યું કે અંગુઠો કેમ કપાય ? ત્યારે પદ્મનાભદાસે કહ્યું કે વિવાહ પણ કેમ ફરે ? અંગુઠો કપાય તો જ વિવાહ ફરે. પછી પદ્મનાભદાસે વિવાહ કર્યો, બધી જ્ઞાતિ વાળા બધા જખ મારીને રહ્યા. વૈષ્ણવોનાં વચન પર એવો વિશ્વાસ કે સગાઈ ન ફેરવી.

ભાવપ્રકાશ—જ્યારે તુલસાંએ કહ્યું કે અંગુઠો કેમ કપાય ? ત્યારે પદ્મનાભદાસે કહ્યું કે શ્રીઆચાર્યજીના સેવક પર તન, મન, ધન ન્યોછાવર કરીએ, તો પછી સગાઇ શી રીતે ફેરવી શકાય ? આવી રીતે તુલસાંને માર્ગનો અભિપ્રાય બતાવ્યો.

તે દિવસથી તુલસાંનો પ્રેમ વૈષ્ણવમાં પદ્મનાભદાસજીના સંગથી વધ્યો, તેથી શ્રીઠાકોરજી તુલસાંને પણ સાનુભવતા જણાવવા લાગ્યા. પછી પ્રસન્ન થઈને પોતાની બેટી વૈષ્ણવને પરણાવી. જ્ઞાતિ બધી જખ મારીને રહી.

તેનું કારણ એ છે કે જ્યાં સુધી દઢ પ્રેમ નહિ ત્યાં સુધી લૌકિક વૈદિકનો
દર રહે; જ્યારે પ્રભુમાં દઢ સ્નેહ થાય તો બધી ચિંતા મટી જાય. લૌકિક
વૈદિક પણ બાધ ન કરી શકે એવા એક વૈષ્ણવ પદ્મનાભદાસ થઈ ગયા.

વાર્તા પ્રસંગ ૫ મો.

એક ક્ષત્રાણી પદ્મનાભદાસને ત્યાં રોજ આવતી. તેને
પદ્મનાભદાસની બેટી તુલસાંએ એક દહાડો કહ્યું કે ક્ષત્રાણી! તું
રોજ કેમ આવે છે? ત્યારે એ ક્ષત્રાણીએ કહ્યું કે આ મહાપુરુષ
છે; મહાન ભગવદીય છે. મને સંતતિ થતી નથી; તેથી આવું છું.
તમે મારી વિનતિ પદ્મનાભદાસજીને કરજો. તેથી તુલસાંએ એકવાર
પદ્મનાભદાસજીને કહ્યું કે આ ક્ષત્રાણીને પ્રજા નથી; તેથી તમને વિનતિ
કરે છે. ત્યારે પદ્મનાભદાસે કહ્યું કે જળ લાવો. એટલે તુલસાંએ
જળ લાવીને પાસે મૂક્યું. પછી તે જળ લઈ ચરણોદક કરી તે
ક્ષત્રાણીને આપ્યું. અને કહ્યું કે જા, તને પુત્ર થશે. તેનું નામ
મથુરાદાસ રાખજે. તેને પુત્ર થયો તેનું નામ મથુરાદાસ રાખ્યું.

ભાવપ્રકાશ–પોતાનું ચરણોદક કેમ આપ્યું? ભગવદીય પોતાની
મોટાઈ બતાવવા તો આવું કરે નહિ. તેથી શ્રીઠાકોરજીનું ચરણોદક
આપ્યું હશે. ત્યાં કહે છે કે પદ્મનાભદાસજીએ વિચાર્યું કે પુત્રની કામના
એ તુચ્છ કામના છે, તેને માટે શ્રીઠાકોરજીનું ચરણોદક શા માટે?
શ્રીઠાકોરજીને પરિશ્રમ કેમ કરાવું? તેથી પોતાનું ચરણોદક આપ્યું; પરંતુ
પદ્મનાભદાસજી સદા શ્રીમહાપ્રભુજીના સ્વરૂપમાં મગ્ન રહેતા. તેથી જળ લઈને
શ્રીમહાપ્રભુજીની ભાવનાથી આપ્યું. પોતાને તો કશી મોટાઈ કે બીજી કોઈ
કામનાની અપેક્ષા નથી. જે ભગવદીયનો આશ્રય કરે તેનો મનોરથ સદા ફળે જ,
તો એક પુત્રની તો શી વાત? તેને પુત્રની કામના હતી તેથી પુત્ર આપ્યો
પણ બાધક નથી. વળી મેં કર્યું એવો અહંકાર નથી. તે વખતે
જેવી પ્રેરણા થઈ તેવી પ્રભુની ઇચ્છાથી કામ કરે છે. પોતે કરે છે એવો
ભાવ નથી. શ્રીગુસાંઈજી લખે છે કે "બુદ્ધિપ્રેરકકૃષ્ણસ્ય પાદપદ્મં
પ્રસીદતુ". જે કાર્ય થાય છે જેની ભગવાનની બુદ્ધિમાં પ્રેરણા થાય ને
કરે તે સર્વ કાર્ય શ્રીકૃષ્ણનું જ જાણવું. જે પોતે કર્યું છે અગર પ્રભુ સિવાય

બીજાએ કર્યું છે તેમ જાણે છે તે સંસાર સમુદ્રમાં ભટકે છે; તેથી પદ્મનાભદાસે પોતાનું ચરણોદક આપ્યું; પણ એવો ભાવ નહિ કે મારા ચરણોદકથી પુત્ર થશે. પ્રભુની ઇચ્છાથી બધું થાય છે; આ સિદ્ધાંત બતાવ્યો.

વાર્તા પ્રસંગ ૬ ઠ્ઠો.

એકવાર મોટા રામદાસજી પોતાના સેવ્ય શ્રીઠાકોરજીને પદ્મનાભદાસજીને ત્યાં પધરાવીને શ્રીનાથજીનાં દર્શન કરવા ગયા. તે શ્રીઆચાર્યજીની આજ્ઞાથી શ્રીનાથજીની સેવામાં રહ્યા. અને શ્રીનાથજીની સેવા કરવા લાગ્યા. શ્રીનાથજીના ભીતરીયા થયા. તેથી પદ્મનાભદાસજી શ્રીઠાકોરજીની સેવા કરવા લાગ્યા. કેટલાક દિવસ પછી મોગલોની ફોજ આવી. તેણે ગામ લુંટ્યું, તેમાં શ્રીઠાકોરજીને પણ એક મુગલ લઈ ગયો. તેથી પદ્મનાભદાસજી તે મોગલ સાથે સાત દિવસ રહ્યા. જળપાન પણ કર્યું નહિ. આઠમે દિવસે તેની મોગલાણીએ મોગલને કહ્યું કે આ બ્રાહ્મણ જળપાન પણ કરતો નથી, એને અન્નજળ છોડ્યાં સાત દિવસ થયા છે. જો આ બ્રાહ્મણ મરશે તો તમને હત્યા લાગશે. માટે એનો દેવતા છે તે એને આપી દો. એટલે પેલા મોગલે શ્રીઠાકોરજી પદ્મનાભદાસજીને આપ્યા; તેમને લઇને પદ્મનાભદાસ પોતાના ઘેર આવ્યા. અને પોતે સ્નાન કરી શ્રીઠાકોરજીને પંચામૃત સ્નાન કરાવ્યું. અંગવસ્ત્ર કરી શૃંગાર કર્યા, રસોઇ કરી ભોગ સમર્પ્યો. પછી સમયાનુસાર ભોગ સરાવી અનોસર કરી પછી વૈષ્ણવોને મહાપ્રસાદ લેવરાવ્યો. પછી પોતે મહાપ્રસાદ લીધો. જે દિવસથી શ્રીઠાકોરજી કનોજમાં મોગલના હાથમાં પડ્યા તે દિવસે તે વાત મોટા રામદાસે પણ જાણી, તેથી તેમણે પણ સાત દિવસ સુધી ભોજન કર્યું નહિ. પણ શ્રીનાથજીની સેવા સાવધાનતાથી કરતા રહ્યા. આ વાત પદ્મનાભદાસે ઘેર બેઠાં જાણી કે રામદાસજીએ પણ આ વાત પર ખુબ દુખ વેઠ્યું. આ વાત જાણી પદ્મનાભદાસજી શ્રીનાથજીનાં દર્શન કરવા તથા રામદાસજીને મળવાને શ્રીનાથદ્વારા આવ્યા. તેમણે શ્રીનાથજીનાં દર્શન કર્યાં. પછી રામદાસને મળ્યા, ત્યારે પદ્મનાભદાસે રામદાસને

કહ્યું કે મેં તો દુઃખ વેઠયું તે ન્યાય હતો; કારણ કે તમે મારે માથે સેવા પધરાવી છે, પણ તમે સાત દિવસ શાથી મહાપ્રસાદ ન લીધા તે કહો. ત્યારે રામદાસે કહ્યું કે તમે કહો છો તે તો સાચું છે પણ મેં પણ બહુ દહાડા સેવા કરી છે, તેથી એટલો સંબંધ તો રાખવો જ જોઈએ. પછી કેટલાક દિવસ રહીને પદ્મનાભદાસજી શ્રીનાથજીની તથા રામદાસની વિદાય લઈ પોતાના ઘેર કનોજ આવ્યા. પછી ફરી સેવા કરવા લાગ્યા.

ભાવપ્રકાશ—આ પ્રસંગમાં એ સિદ્ધાંત જણાવ્યો કે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવના શ્રીઠાકોરજી આપણે ઘેર પધારે તો ભિન્નભાવ ન રાખવો. શ્રીમહાપ્રભુજીનો સંબંધ જાણી માથે પધાર્યા છે એમ ભાવથી સેવા કરવી. વળી રામદાસના ભાવમાં એ બતાવ્યું કે પોતાના શ્રીઠાકોરજી ક્યાંય પણ પધરાવીને પછી નિશ્ચિંત ન રહેવું. તેના દુઃખથી દુઃખી થવું અને તેના સુખે સુખી થવું આ સિદ્ધાંત જણાવ્યો.

વાર્તા પ્રસંગ ૭ મો.

હવે એક વાર પદ્મનાભદાસે વિચાર્યું કે શ્રીઠાકોરજી સહિત કુટુંબ સહિત શ્રીઆચાર્યજીનાં દર્શન કરીએ અને શ્રીમુખનાં વચનામૃત સાંભળીએ. પછી શ્રીઠાકોરજી પધરાવી કુટુંબ સાથે અડેલ આવ્યા. ત્યાં કેટલાક દિવસ રહ્યા. પણ દ્રવ્યનો સંકોચ બહુ હતો, તેથી શ્રીઠાકોરજીને ભોગ સમર્પે તે ચણાના છોલા (દાલ) તળીને સમર્પે. તે છોલા સારી રીતે વીણી પહેલે દહાડે ભીજવી રાખી બીજે દિવસે સારી રીતે તળીને સમર્પતા. અને સમર્પતાં એક મુઠી દૂનામાં ધરી તેમાં દાળની ભાવના કરતા, એક મુઠી ભરી ભાતની (સખડીની) ભાવના કરતા, એક મુઠી ભરી ખીરની ભાવના કરતા. શાકાદિક જુદી જુદી સામગ્રીનાં નામ દઈ જુદા જુદા દૂનામાં ધરતા. તે શ્રીઠાકોરજી બધી સામગ્રી (તે તે) ભાવથી આરોગતા. આવી રીતે નિત્ય કરતા. એક દિવસ એક વૈષ્ણવે શ્રીઆચાર્યજી પાસે આ બધો પ્રકાર કહ્યો અને કહ્યું કે મહારાજ, પદ્મનાભદાસ શ્રીઠાકોરજીને આવી રીતે છોલા સમર્પે છે.

તેથી એક વાર શ્રીઆચાર્યજી ભોગ સમર્પવાને સમયે પદ્મનાભદાસજીને ત્યાં પધાર્યા, અને પદ્મનાભદાસજીને પૂછ્યું કે આ ઢગલીઓ જુદી જુદી કેમ ધરી છે? ત્યારે પદ્મનાભદાસે કહ્યું કે આ દાળ છે, આ ભાત છે, આ ખીર છે, આ કઢી છે, આ શાકાદિક છે. આ પ્રમાણે જુદી જુદી છોલાની ઢગલીઓ નામ દઈ દઈ બતાવી. આ જોઇ શ્રીમહાપ્રભુજીનું હૃદય ભરાઇ આવ્યું અને જાણ્યું કે, આને દ્રવ્યનો સંકોચ છે તેથી આવી રીતે ભોગ ધરે છે. પરન્તુ દ્રવ્ય મેળવવાનો ઉદ્યમ કરતા નથી. ભારે ધીરજ છે. તેથી તેમના પર શ્રીઠાકોરજી બહુ પ્રસન્ન રહે છે.

પછી શ્રીઆચાર્યજીએ ઘેર પધારી ભોજન કર્યું અને અક્કાજીને કહ્યું કે પદ્મનાભદાસજી ને ઘેર દ્રવ્યનો બહુ સંકોચ છે. તેથી રોજ શ્રીઠાકોરજીને છોલા ધરે છે. એટલે શ્રીઅક્કાજીએ સાંજના સમયે સામગ્રી સઘળી સિદ્ધ કરી એક વૈષ્ણવદ્વારા મોકલી. એટલે તુલસાંએ પદ્મનાભદાસને કહ્યું કે શ્રીઆચાર્યજીને ત્યાંથી સામગ્રી આવી છે. એટલે પદ્મનાભદાસે કહ્યું કે હવે મને જણાય છે કે મને અહીંથી વિદાય કરવાની ઇચ્છા છે. સાચવીને સામગ્રી ધરી રાખો. એટલે તુલસાંએ ધરી રાખી. પછી બીજે દિવસે પણ સાંજના શ્રીઅક્કાજીએ સામગ્રી મોકલી. ત્યારે તુલસાંએ ફરી પદ્મનાભદાસજીને કહ્યું, એટલે પદ્મનાભદાસે કહ્યું કે હવે મને અહીંથી જલદી વિદાય કરવો છે: માટે સવારે જઇએ. હમણાં તો એ બધું ધરી રાખો. પછી પ્રાતઃકાળ થયો. પછી જલદી શ્રીઠાકોરજીને રાજભોગ ધરી પહોંચીને શ્રીમથુરાનાથજીને વિનતિ કરી કે મહારાજ, આપની જો શ્રીઆચાર્યજીને ત્યાં પધારવાની ઇચ્છા હોય તો ત્યાં નાના પ્રકારની સામગ્રી છે, મારે ત્યાં તો જે સમયે જેવી સવડ હશે તેવું ધરીશ. ત્યારે શ્રીમથુરાનાથજીએ કહ્યું કે મને તારું કરેલું ભાવે છે. તેથી તું જે ધરીશ તે હું પ્રેમપૂર્વક આરોગીશ. એટલે અનોસર કરી એક નાવ ભાડે કરી લાવ્યા અને તુલસાંને કહ્યું કે બેઉ દિવસની સીધુ સામગ્રી છે તે શ્રીઅક્કાજીને આપી આવ. એટલે તુલસાં બધી સામગ્રી શ્રીઆચાર્યજીને ત્યાં પધરાવી આવી.

પછી બધી વસ્તુ નાવ પર ધરી શ્રીમથુરાનાથજીને પણ
નાવમાં પધરાવી શ્રીમહાપ્રભુજી પાસે વિદાય લેવા આવ્યા; અને
દંડવત કરી વિનતિ કરી કે મહારાજ, આજ્ઞા હોય તો ઘેર જાઉં?
એટલે શ્રીઆચાર્યજીએ પૂછ્યું કે શ્રીઠાકોરજી ક્યાં છે? ત્યારે પદ્મ-
નાભદાસે કહ્યું કે નાવ પર પધાર્યા છે એટલે આચાર્યશ્રીએ વિદાય
આપી. અને મનમાં વિચાર્યું કે પદ્મનાભદાસ ઓચિંતો કેમ જાય
છે? ત્યારે અક્કાજીએ કહ્યું કે બે દિવસની સીધુસામગ્રી મોકલી હતી
તે પાછી મોકલી છે. ત્યારે શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે સીધુસામગ્રી
મોકલી માટે ગયો. નહિ તો જાત નહિ. આવું શ્રીઆચાર્યજીએ
શ્રીમુખથી કહ્યું. પછી પદ્મનાભદાસ ઘેર જઈ સેવા કરવા લાગ્યા.

ભાવપ્રકાશ—આ પ્રસંગમાં એ જણાવ્યું કે શ્રીગુરુનું દ્રવ્ય શ્રીઠાકો-
રજીના દ્રવ્યથી પણ ભારે છે. તેથી શ્રીભાગવતમાં અગીઆરમા સ્કંધમાં
સત્તરમા અધ્યાયમાં અઠ્ઠાવીશમો શ્લોક કહે છે કે ભિક્ષા માગી લાવીને પણ
ગુરુના આગળ ધરવી. જો ગુરુ આજ્ઞા આપે તો ઉપયોગ કરવો. નહિ તો
ભૂખ્યા રહેવું. પરન્તુ માગે નહિ. જો માગેલી ભિક્ષા પણ આજ્ઞા વિના ન
લેવાય તો ગુરુનું દ્રવ્ય તો શી રીતે લીધું જાય? તેથી શ્રીઆચાર્યજી વિવેક
ધૈર્યાશ્રયમાં કહે છે કે "નિદુઃખ સહનં ધૈર્યમ્" જ્યારે મેગસ શ્રીઠાકોરજીને
લઇ ગયો ત્યારે પદ્મનાભદાસજી ધારે તો એને ભસ્મ કરી નાખે પણ
પદ્મનાભદાસજી સાત દિવસ ભૂખ્યા રહ્યા; કષ્ટ સહન કર્યું પણ તેને કશું
કહ્યું નહિ, આ અલૌકિક દુઃખ સહન કર્યું. લૌકિક દુઃખ પોતાની બેટી
બીજી જ્ઞાતિમાં આપી તેથી જ્ઞાતિમાં નિંદા થઇ તે સહન કરી. વળી ખાન-
પાનાદિકનું દુઃખ પણ સહન કર્યું પરન્તુ ધર્મ ન છોડ્યો. તેથી શ્રીગોકુલ-
નાથજી શ્રીસર્વોત્તમજીની ટીકામાં લખે છે કે કરોડો વૈષ્ણવોમાં પદ્મનાભદાસજી
જેવા દુર્લભ છે. તે શ્રીઆચાર્યજીના માર્ગનું સ્વરૂપ અને શ્રીઆચાર્યજીનું
સ્વરૂપ પણ જાણે છે.[1]

---

[1] પદ્મનાભદાસજી ચણાનાં છોલાં સુંદર રીતે તૈયાર કરી જુદી જુદી સામગ્રીનાં નામ સમર્પિત કરતા. પરન્તુ તેમની ભાવના ઉંચી અને આધિદૈવિક હોવાથી સામગ્રીનો સ્વાદ પણ તેવો જ બની જતો. સામગ્રી તનુનવત્વ બની જતી. ભક્ત લીલાત્મક સંબંધે જેવી ભાવના રાખે તેવો તે પોતે બની જાય છે; તેવી રીતે સામગ્રીમાં પણ બને છે. વૃદ્ધ ડોકરી મોટી બાજરીના દાણા બીજવી દાડમના દાણાના મેવાની ભાવનાથી ધરતાં તે બાજરીના દાણા દાડમના મેવા જેવા સ્વાદમાં બની જતા. આ બાબત અનુભવ વગર સમજાય તેમ નથી. જેમ સેવા સ્મરણથી ભગવદીયનાં દેહ ઇંદ્રિયો અલૌકિક બને છે તેમ સામગ્રીનું પણ સમજવું. શ્રીયમુનાજી તનુનવત્વનું દાન કરનાર છે.

આ પદ્મનાભદાસજી પર શ્રીઆચાર્યજી મહાપ્રભુજી સદા બહુ પ્રસન્ન રહેતા. તેથી એમની વાર્તાનો પાર નથી તે ક્યાં સુધી લખાય ?

હવે શ્રીઆચાર્યજીનાં સેવક પદ્મનાદભાસજીનાં બેટી તુલસાં તેમની વાર્તા અને તેનો ભાવ.

ભાવપ્રકાશ–એ લીલામાં પદ્મનાભદાસની સખી છે પદ્મનાભદાસ તો ચંપકલતા અષ્ટ સખીઓમાં છે. તેમ તુલસાં ચંપકલતાની સખી મણિકુંડલા છે. જેવી રીતે મણિના તેજનું કુંડાળું ચાર બાજુ ફુલીને ફેલાય તેવી આ સાત્વિક ભક્ત છે. પદ્મનાભદાસની આજ્ઞામાં સદા તત્પર છે.

એકવાર તુલસાંને ઘેર એક વૈષ્ણવ આવ્યો. તે શ્રીઆચાર્યજીનો સેવક હતો. હવે શ્રીમથુરાંનાથજીનાં દર્શન રાજભોગ આર્તિનાં કર્યાં ત્યારે તુલસાંએ તે વૈષ્ણવને કહ્યું કે ઉઠો સ્નાન કરો, મહાપ્રસાદ લો. ત્યારે તે વૈષ્ણવે કહ્યું કે હું તો ઘેર સ્નાન કરીશ. એટલે તુલસાં ચુપ કરી રહ્યાં. પછી તે વૈષ્ણવ ઉઠીને પોતાને ઘેર ગયો. તુલસાંને મનમાં બહુ ખેદ થયો કે મારે ઘેરથી વૈષ્ણવ ભૂખ્યો ગયો.

ભાવપ્રકાશ–તેનું કારણ એ છે કે મહાપ્રસાદની ના કહી કારણ કે જ્ઞાતિ વહેવારને લીધે તેણે લીધો નહિ તે તુલસાં સમજી ગઈ, તેથી આગ્રહ ના કર્યો. આ ગૌડ બ્રાહ્મણ હતો. અને તે લીલામાં લલિતાજીની સખી છે. સૌરભા એનું નામ છે. એના શરીરમાંથી અત્તર ગુલાબની સુગંધ આવતી. આ વૈષ્ણવ લલિતાજીની સખી છે; અને તુલસાં ચંપકલતાની સખી છે. શ્રીમથુરાંનાથજી તુલસાંને વશ છે, તેથી આ વૈષ્ણવે મહાપ્રસાદ ન લીધો. એમ સમજીને કે લલિતાજીની આજ્ઞા વિના શી રીતે લઉં ? તેથી આ વૈષ્ણવ પોતાને ઘેર ચાલ્યો ગયો, આથી તુલસાંને મનમાં ખેદ થયો.

વાર્તા પ્રસંગ ૨ જો.

ત્યારે તુલસાંના મનમાં આવ્યું કે જ્ઞાતિ વહેવારને લીધે સખડી લીધી નહિ હોય તો ઠીક પણ સવારે પુરીપ્રસાદ તો લેવરાવીશ. પછી મેંદો છાણીને સિદ્ધ કરી રાખ્યો, પછી સુઇ ગઇ. તે

દિવસે તુલસાંએ મહાપ્રસાદ ન લીધો. પછી તે રાત્રે શ્રીમથુરાનાથજીએ તુલસાંને સ્વપ્નમાં કહ્યું કે સવારે તે વૈષ્ણવને મહાપ્રસાદ લેવરાવજે. તે વૈષ્ણવ પોતાને ઘેર મહાપ્રસાદ નહિ લે.

ભાવપ્રકાશ–આમાં એ જણાવ્યું કે કાલે આ વૈષ્ણવ મહાપ્રસાદ લેશે. તું ચિંતા ન કરીશ. પછી શ્રીઠાકોરજીએ તે વૈષ્ણવને જણાવ્યું કે તેં તુલસાંને ત્યાં મહાપ્રસાદ કેમ ન લીધો? સવારે લેજે. લલિતાજીની પણ આજ્ઞા છે. લલિતાજી પણ કહે છે કે તુલસાંને ત્યાં મહાપ્રસાદ લેજે. મારા અને એના ભાવમાં ભેદ નથી.

વાર્તા પ્રસંગ ૩ જો.

પછી પ્રાતઃકાળમાં તુલસાંએ પુરી કરી શ્રીઠાકોરજીને જગાડ્યા. સેવા શૃંગાર કરવા લાગી એટલામાં તો પેલો વૈષ્ણવ સવારે નાહી–ને શ્રીઠાકોરજીની સેવાથી પહોંચી તુલસાંને ત્યાં આવ્યો. જ્યારે તુલસાં ભોગ ધરીને બહાર આવી તે વખતે આ વૈષ્ણવે આવી જયશ્રીકૃષ્ણ કર્યા, અને તુલસાંએ કહ્યું કે ઉઠો સ્નાન કરો ભગવત્-સ્મરણ કરો. ત્યારે તે વૈષ્ણવે કહ્યું કે હું સ્નાન કરી અપરસમાં જ આવ્યો છું. (કોઈ વાર્તામાં એવું પણ જણાવ્યું છે કે તે વૈષ્ણવે સ્નાન કરી તિલક મુદ્રા કરી ભગવત્સ્મરણ કર્યું.) સમય થયે તુલસાંએ રાજભોગ સરાવ્યો આરતી કરી. વૈષ્ણવે દર્શન કર્યાં. પછી તુલસાં અનોસર કરી બહાર આવી, અને આ વૈષ્ણવને મહા-પ્રસાદની પાતર ધરી, તેમાં પુરી, બુરો, દહીંથરાં, સંધાનું ધર્યું, અને કહ્યું કે પ્રસાદ લો. ત્યારે તે વૈષ્ણવે કહ્યું કે આ નહિ લઉં. સખડી મહાપ્રસાદ ધરો. સખડી મહાપ્રસાદ લઈશ. ત્યારે તુલસાંએ કહ્યું કે કશો સંકોચ કરશો નહિ. આ તો જ્ઞાતિનો વહેવાર છે. ત્યારે વૈષ્ણવે કહ્યું તે તો સાચું, પહેલાં તો મારા મનમાં પણ એવું આવ્યું હતું; પણ હવે તો આજ્ઞા થઇ છે, માટે હવે તો સખડી મહાપ્રસાદ લઈશ. એટલે તુલસાંએ વૈષ્ણવના આગળ સખડી અનસખડી બેઉ ધર્યું ને વૈષ્ણવે સખડી મહાપ્રસાદ લીધો. પ્રસાદ લઇને વૈષ્ણવ પોતાને ઘેર ગયો. તુલસાં મનમાં બહુ જ પ્રસન્ન થઇ ગયાં.

ભાવપ્રકાશ—આમાં એમ જણાવ્યું કે વૈષ્ણવ ઘેર આવે; તેનું યથાશક્તિ સન્માન કરવું. કેમ કે શ્રીભાગવતમાં કહ્યું છે કે જેના ઘરમાં જળનું પણ સન્માન થતું નથી તેનું ઘર સાપના દર સમાન જાણવું. તુલસાંને વૈષ્ણવ પર એવું મમત્વ હતું.

વાર્તા પ્રસંગ ૨ જો.

એકવાર તુલસાંને ઘેર શ્રીગુસાંઈજી પધાર્યા; ત્યારે તુલસાંએ બહુ જ સુંદર રીતે સેવા સન્માન કર્યું. શ્રીઠાકોરજીથી પણ અધિક જાણીને સેવા કરી, તેથી ગુસાંઇજી બહુ પ્રસન્ન થયા. હવે એક દિવસ શ્રીગુસાંઇજી ભોજન કરીને પોઢયા હતા. તુલસાંએ ભગવદ્વાર્તા કરી શ્રીગુસાંઇજીને પ્રસન્ન કર્યા. ત્યારે અત્યંત પ્રસન્નતામાં તુલસાં સાથે ભગવદ્વાર્તા કરતાં કરતાં શ્રીગુસાંઇજીએ શ્રીમુખથી કહ્યું કે, પદ્મનાભદાસની સંતતિ તો આવી જ હોય.

ભાવપ્રકાશ—આનો અર્થ એ છે કે જે લીલા સંબંધી સખી છે તેનો ભાવ એવો કેમ ન હોય? અહીં શ્રીગુસાંઇજી ચંદ્રાવલીજી રૂપ છે. એમનો શ્રીઠાકોરજી સાથે પરકીયાભાવ છે, તેથી હાસ્ય બહુ પ્રિય છે. તેથી કટાક્ષમાં પૂછે છે કે શ્રીઠાકોરજી પોતાના સ્વરૂપાનંદનો અનુભવ કરાવે છે? તમે તો સખી છો. શ્રીઠાકોરજીની સેવા કરીને વશ કર્યા છે. તેથી અમારા સહારામાં તમે પણ છો. આવી રીતે વ્યંગ વચન કહ્યાં. પરન્તુ તુલસાં શુદ્ધ સાત્વિક છે- તેમને કટાક્ષ બહુ નથી આવડતી. તદ્દન સીધી (સરળ સ્વભાવની) છે.

પછી શ્રીગુસાંઇજીએ તુલસાંને પૂછયું કે શ્રીઠાકોરજી સાનુભાવતા જણાવે છે? તો તુલસાંએ કહ્યું; મહારાજ હું તો હવે પેટ ભરીને ખાઉં છું અને નિદ્રાભરી ખૂબ ઉંઘું છું. પણ શ્રીમહાપ્રભુજીના ગ્રંથોનો પાઠ રોજ કરૂં છું. આ સાંભળી શ્રીગુસાંઇજી બહુ પ્રસન્ન થયા.

ભાવપ્રકાશ—પેટ ભરીને ખાઉં છું અને નિંદ ભરીને સુવું છું. તેનો અર્થ એ છે કે જેટલો રસ અમારા પેટમાં સમાય, જેવા અમે પાત્ર છીએ તેટલો અનુભાવ શ્રીઠાકોરજી જણાવે છે. તેથી શ્રીઠાકોરજી સાથે નિંદ ભરી

સુઈએ છીએ; કારણ કે અમારો સ્વકીયા ભાવ છે તેથી સુખી છીએ; ચિંતા
નથી. મુખ્ય ભાવ આ છે.

વળી ગુરુભાવમાં એવો અર્થ છે કે મહારાજ, અમે શ્રીઠાકોરજીથી
વિછુર્યા પછી અનેક જન્મ લીધા. પરન્તુ કોઇપણ યોનિમાં કદી પેટ ભરાયું
નથી. તેમ જ સુખે નિદ્રા પણ આવી નથી. હવે આપે (શ્રીઆચાર્યજીએ)
કૃપા કરીને શરણે લીધાં. તેથી આ જન્મમાં પેટ પણ ભર્યું. તેમ જ શ્રીઠાકો-
રજીનો એકાશ્રય કરી સુઈએ પણ છીએ. આજ સુધી બધા જન્મ અવિદ્યામાં
દુઃખમાં ગુમાવ્યા. એવો અર્થ છે.

વળી દીનતાના પક્ષમાં એમ જણાવ્યું કે અમને શો અનુભવ પ્રભુ
કરાવે? પેટ ભરીને ખાઈએ છીએ ને નિંદ ભરીને સુઈએ છીએ. જેવું પશુને
ખાવાનું ને સુવાનું કામ! વળી કોઇ કામ બળાત્કારે લાદે અગર મારે ત્યારે
કરે, તેવી રીતે અમારી પ્રીતિ પણ ખાનપાનમાં છે. સેવા તો લોકનિંદાના
ભયથી કરીએ છીએ. લોકો કહે કે મોટા પદ્મનાભદાસજીની સંતતિ સેવા
કરતી નથી. આવી રીતે લોકોમાં પ્રતિષ્ઠા માટે સેવા કરીએ છીએ. તેથી
અમને શો અનુભવ થાય?

સૂરદાસજી ગાય છે કે "સૂર અધમકી કોન ચલાવે ઉદર ભરે અરૂ
સોયે" એવાં અધમ છીએ તેની વાત શી કરવી? જે શરીરનું સુખ ઇચ્છીએ
છીએ. તેવી હું છું; પણ શ્રીમહાપ્રભુજીના ગ્રંથોનો પાઠ રોજ કરું છું. તેનો
ભ.વ એ છે કે એવી અધમ છું કે માત્ર શ્રીમહાપ્રભુજીના ગ્રંથો જ કરું છું
પણ ભાવ જાણતી નથી, છતાં (શ્રીમહાપ્રભુજીના ગ્રંથોનો માત્ર)પાઠ જ કરવાથી
શ્રીઠાકોરજી અનુભવ સઘળો જણાવે છે. [1]આમ કહીને પોતાનો પુરુષાર્થ
ન કહ્યો; શ્રીઆચાર્યજીનો પ્રતાપ છે એમ કહ્યું, જે એમના ગ્રંથના પાઠથી
પ્રભુ કૃપા કરે છે. આવી રીતે પ્રેમભરેલાં ગુપ્ત રસવાળાં માર્મિક વચન તુલ-
સાંનાં સાંભળી શ્રીગુસાંઈજીનું હૃદય ભરાઈ આવ્યું.

---

[1]આ કહેવાના આધિદૈવિક ભાવ એવો છે કે શ્રીમહાપ્રભુજીની વાણી શ્રીમહાપ્રભુજીનું જ સ્વરૂપ છે. વાણીમાં એ સ્વરૂપની શકિત સાથે જ હોય છે, તેથી વગર સમજ્યે પણ તે કાર્ય કરે છે. જેમ અજાણ્યો પણ સાકર કે ખાંડ ખાય તો તેને શેરડીના ગુણ પ્રમાણે તે ગળી જ લાગે છે તેવી આ વાત છે. જેનો ગ્રંથ વાંચીએ તે ગ્રંથકારનું હૃદય પણ તેમાં જ ઠલવાયું હોય છે. તેથી તેના હૃદયરૂપ પણ બની જવાય. જેમાં આસક્ત હોઈએ તેની વાણી ભાવે છે તેમાં સ્વાદ આવે છે તેથી ખોરાકની પેઠે જ ઇંદ્રિયોના આધિદૈવિક દેવતાઓને પોષી અલૌકિક બનાવે છે.
—દીનદિકર

એવી તુલસાં ભગવદીય હતી, કે જેના પર શ્રીગુસાંઈજી પ્રસન્ન રહેતા. તેમની વાર્તાનો પાર નથી. કયાં સુધી કહીએ?

હવે શ્રીમહાપ્રભુજીના સેવક બેટા તથા તેની વહુ પાર્વતી તેની વાર્તા તથા તેનો ભાવ.

ભાવપ્રકાશ—આ રાજસી ભક્ત છે પદ્મનાભદાસ તો ચંપકલતા છે તે અષ્ટ સખીમાં હોઈ તેની સખી સુચરિતા તે અહીં પુરુષોત્તમદાસ મહેરા ક્ષત્રી થયા. તે સુંદર ચરિત્ર સર્વના સુખરૂપ કાર્યને માટે કામ કરનાર છે. એ અને સુરચિતાની સખિરૂપ વિલાસિની છે તે અહીં પાર્વતીબાઈ છે. લીલામાં પાર્વતીનું રૂપ બહુ જ સુંદર હતું. તે રાજસી છે, પોતાનું રૂપ બહુ જ સંભાળતી, તેથી રૂપના ગર્વને લીધે લીલામાંથી ભૂમિ પર પડી.

વાર્તા પ્રસંગ ૧ લો.

આ પાર્વતી શ્રીઠાકોરજીની સેવા સારી રીતે કરતી પુરુષોત્તમદાસ મહેરા એને બહુ સારી રીતે ઓળખતા. તેથી જ્યારે કનોજ આવે ત્યારે તેમને ઘેર જ ઉતરે. એક વાર પુરુષોત્તમદાસ મહેરા કનોજ આવી અડેલ શ્રીગુસાંઈજીના દર્શન માટે ગયા. હવે પાર્વતીના હાથ પગ સફેદ થઇ ગયા તેથી ગ્લાની સાથે દીનતા આવી. ત્યારે પોતાના પૂર્વના સ્વરૂપની પણ ખબર પડી કે હું પુરુષોત્તમદાસની સખી છું, મારૂં કામ એમના દ્વારા થશે. તેથી પુરુષોત્તમદાસને પત્ર લખી આપ્યો કે તમે મારી વિનતિ શ્રીગુસાંઈજીને કરજો કે મારી દેહની આ સ્થિતિ થઇ છે. તેથી મને સેવા કરતાં તથા પાક સામગ્રી કરતાં બહુ જ ગ્લાની આવે છે.

ભાવપ્રકાશ—તેનો આશય એવો છે કે લીલામાં મેં શ્રીઠાકોરજી સાથે રૂપનો ગર્વ કર્યો, તેનુંજ ફળ ભોગવું છું. હવે કયારે કૃપા કરશે તે શ્રીગુસાંઈજીને પત્રમાં વિનતિ પૂર્વક લખ્યું.

આ પત્ર મોકલ્યો તે સાથે એક મહોર શ્રીગુસાંઇજીને ભેટ મોકલી. તે પત્ર પુરુષોત્તમદાસ મહેરાએ શ્રી ગુસાંઇજીને વાંચી સંભળાવ્યો ને ભેટની મહોર ધરી વિનતિ કરી. એટલે શ્રીગુસાંઇજી

એ પુરુષોત્તમદાસને કહ્યું કે બે ચાર દિવસમાં જવાબ આપીશ.

ભાવપ્રકાશ–આ ઉપરથી એવું જણાય છે કે લીલામાં રૂપનો ગર્વ કર્યો તે અપરાધથી આ સ્થિતિ થઈ. પણ બીજો કોઈ અપરાધ ન હોય તેજો શ્રીગુસાંઈજી વિચારે તો બીજો કોઈ અપરાધ પોતે ન જુએ.

હવે ત્રણ દિવસ પછી શ્રીગુસાંઈજીએ પુરુષોત્તમદાસને કહ્યું કે પાર્વતીને પત્ર લખો કે થોડા દિવસમાં શરીરનો ભોગ નિવૃત્ત થશે. સેવામાં ગ્લાની લાવશો નહિ. શ્રીઠાકોરજી થોડા દિવસમાં તારો રોગ મટાડી દેશે. આ સાંભળી પુરુષોત્તમદાસ મહેરાએ પાર્વતીને પત્ર લખ્યો. તેમાં શ્રીગુસાંઈજીએ શ્રીમુખે કહેલાં વચનો લખ્યાં. તે પત્ર પાર્વતી પાસે પહોંચ્યો. તે પત્ર વાંચીને પાર્વતી પ્રસન્નતાથી સેવા કરવા લાગી. સેવા કરતાં મનમાં ગ્લાની રાખે નહિ. પછી ત્રણ ચાર માસમાં હાથપગ સારા થઇ ગયા. હવે પાર્વતી બહુ જ પ્રસન્નતાથી સેવા કરવા લાગી. ત્યાર પછી શ્રીગુસાંઈજીને ફરી પત્ર લખ્યો ને પુરુષોત્તમદાસ મહેરા સાથે મોકલ્યો. તેમાં લખ્યું કે રાજની કૃપાથી હું સારી થઈ ગઈ છું સાથે ભેટ પણ મોકલી. તે પત્ર પુરુષોત્તમદાસ મહેરાએ શ્રીગુસાંઈજીને વાંચી સંભળાવ્યો. તેથી શ્રીગુસાંઈજી બહુ જ પ્રસન્ન થયા. તે પાર્વતી એવી ભગદીય હતી કે પ્રભુની આજ્ઞા પ્રમાણે ચાલતી. તેથી શ્રીગુસાંઈજી સદા તેના પર બહુ જ પ્રસન્ન રહેતા. તેથી એની વાર્તાનો પાર નથી તે ક્યાં સુધી લખીએ !

હવે શ્રીઆચાર્યજીના સેવક પદ્મનાભદાસના પૌત્ર પાર્વતીના બેટા રઘુનાથદાસ તેની વાર્તા અને તેનો ભાવ.

ભાવપ્રકાશ–પાર્વતી લીલામાં રૂપવિલાસિની રાજસી ભક્ત છે. અને રઘુનાથદાસનું નામ ગુણાભિરામ્યા છે. એનામાં ગુણ બહુ જ. જે બીજું કોઇ જે કામ એક દિવસમાં કરે તેવું હોય તે કામ આ સખી એક જ ઘડીમાં કરી નાખે. તે તામસી ભક્ત છે. તે બેઉ સુચરિતાની સખી સરખી જ છે. પુરુષોત્તમદાસ મહેરાની એ બન્ને આજ્ઞાકારિણીઓ છે.

વાર્તા પ્રસંગ ૧ લો.

આ રઘુનાથ કાશી ગયા. ત્યાં બહુ શાસ્ત્રો ભણીને શ્રીગોકુલ આવ્યા. શ્રીગુસાંઇજીનાં દર્શન કર્યાં, દંડવતકર્યા. ત્યારે શ્રીગુસાંઇજીએ શ્રીમહાપ્રભુજીના સેવક જાણી બહુ સન્માન કર્યું. આપ શ્રીસુબોધિનીજીની કથા કહેતા ત્યારે રઘુનાથદાસને આગળ બેસાડતા. હવે એક દિવસ પરમાનંદ સોનીએ રઘુનાથદાસને પૂછયું કે, તું તો કાશીમાં બહુ જ શાસ્ત્રો ભણ્યો છું, તો આજે શ્રીગુસાંઇજીએ શી કથા કહી તે કહે.

ભાવપ્રકાશ—શ્રીગુસાંઇજી શ્રીઆચાર્યજીના સેવક પદ્મનાભદાસની સખી જાણી રઘુનાથદાસનું બહુ જ સન્માનકરતા અને પરમાનંદ સોની તે લીલામાં ચંદ્રકા સખી છે, ચંદ્રમાના તેજ સમાન તેમના દેહની કાંતિ છે. શ્રીગુસાંઇજી (શ્રીચંદ્રાવલીજી) અનેક ચંદ્રમારૂપ તેની અંતરંગિણી આ પરમાનંદદાસ છે, તેથી રઘુનાથદાસને કટાક્ષમાં વચન કહે છે.

હવે રઘુનાથદાસે પરમાનંદ સોનીને કહ્યું કે, તમે સાચું પૂછો તો હું કશું સમજતો નથી. શ્રીઆચાર્યજીના માર્ગની પરિપાટી અને માર્ગની વાત જાણતો નથી. રઘુનાથદાસનું માન બધું મર્દન થઇ ગયું.

ભાવપ્રકાશ—આમાં એમ જણાવ્યું કે શાસ્ત્રાદિક વેદ પુરાણ જાણે તેથી કાંઈ શ્રીઆચાર્યજીના ગ્રંથોનો આશય ન જણાય. કૃપાનો જ માર્ગ છે, તેથી કૃપાથી જ તે સમજાય.

પછી પરમાનંદ સોનીએ શ્રીગુસાંઇજીને કહ્યું કે મહારાજ ! રઘુનાથદાસ તો કશું સમજતા નથી. એટલે શ્રીગુસાંઇજીએ રઘુનાથદાસને ચાર ગ્રંથ અર્થ સાથે ભણાવ્યા, અને માર્ગની પ્રણાલિકા કહી.

૧. "સિદ્ધાંત રહસ્ય" ગ્રંથમાં સઘળા માર્ગનો સિદ્ધાંત બતાવ્યો. ૨. "કૃષ્ણાશ્રય" ગ્રંથમાં એકાશ્રય દૃઢ કરી દીધો. ૩. "નવરત્ન" ગ્રંથમાં લૌકિક વૈદિક ચિંતા દૂર કરી દીધી.

૪. "સેવા ફલ" માં સેવાનું ફલ બતાવી દીધું. પછી રઘુનાથ-
દાસ સમજવા લાગ્યા. શ્રીગુસાંઈજીની કથાનો ભેદ લીલાનો પ્રકાર
બધું જાણવા લાગ્યા. મોટા પંડિત બની ગયા.

વાર્તા પ્રસંગ ૨ જો.

હવે કેટલાક દિવસ પછી આજ્ઞા લઈને કનોજમાં પોતાને ઘેર
આવ્યા. પ્રભુની સેવામાં મમતા વધી. તેથી માતા પાર્વતીને કહ્યું
કે હું તો જુદો રહીશ અને શ્રીઠાકોરજીની સેવા કરીશ.

ભવપ્રકાશ—આ કહેવાનો અભિપ્રાય એ છે કે પાર્વતી અને રઘુના-
થદાસ બરાબર સમાન સખીઆ છે. તેમાં પાર્વતી રાજસી છે, અને રઘુનાથ-
દાસ તામસી ભક્ત છે. તે પાર્વતીએ શ્રીઠાકોરજીને સેવા કરીને વશ કર્યા,
તે ભેદ રઘુનાથદાસે જોયો. તે પણ તેમના જેટલા જ તામસી તેથી સાહન થઈ
શક્યું નહિ, તેથી વિચાર્યું કે મારા શ્રીઠાકોરજી આણે ભાવ પૂર્વક મન
લગાવીને વશ કર્યા છે, માટે હવે હું વશ કરૂં. તેથી પાર્વતીને કહે
કે હું જુદો રહીને સેવા કરીશ.

ત્યારે પાર્વતીએ કહ્યું કે ભલે સેવા કરો. પ્રેમ કોઈને
આધીન નથી. શ્રીઆચાર્યજીની કૃપાથી જ પ્રેમ પ્રાપ્ત થાય છે.
પછી રઘુનાથદાસ જુદા રહ્યા. તેની મા પાર્વતી જળ ભરી લાવે,
પાત્ર માંજે, શ્રીઠાકોરજીની બધી પ્રચારગી કરી પછી પોતાના જુદા
ઘરમાં આવી એકલી લીટી (બાટી) કરીને ભાવથી ભોગ ધરે, પછી
જળના ઘુંટડાથી ઉતારીને લે. શ્રીઠાકોરજીની સેવા શૃંગાર વગર
સઘળું રાજસી ખાનપાન દેહસુખ બધું છોડી દીધું.

આવી રીતે કરતાં બે ચાર દિવસ વીત્યા. પછી શ્રીમથુરાનાથે
કહ્યું કે તને ધન્ય છે, મારી સેવા છોડતી નથી, અને પોતાનું
બધું સુખ છોડ્યું, મનમાં તાપ પણ બહુ કર્યો. હવે તું કોઈવાર
તો દાળ કર. મારૂં ગળું એકલી (લીટી) લેવાથી છોલાય છે.
ત્યારે પાર્વતીએ કહ્યું કે મહારાજ, તમે તો રઘુદાસને ત્યાં દાળભાત
ખીર વગેરે બધું શાક સામગ્રી નિત્ય આરોગો છો. ગળું શાથી
છોલાય છે ? ત્યારે શ્રી ઠાકોરજીએ કહ્યું કે મને તો તારૂં જ કરેલું
ભાવે છે તેથી એકલી લીટી જ આરોગું છું.

ભાવપ્રકાશ—આ કહીને શ્રીઠાકોરજીએ એ જણાવ્યું કે પ્રીતિની લીલા મને પ્રિય છે. અહંકારથી કરેલો છપ્પન ભોગ મને પ્રિય નથી. રઘુનાથદાસને ત્યાં પણ આરોગું છું, તે શ્રીઆચાર્યજીની કાનીથી આરોગું છું. પણ તારું કરેલું મને બહુ ભાવે છે. આવું કહી એવું જણાવ્યું કે બાળજન સુખ દે તેથી શ્રીઠાકોરજીએ સુખ લીધું એમ જાણવું. પાર્વતીને એટલું કહ્યું તે પાર્વતીની ખાતર જ. એમાં એમ જણાવ્યું કે હું મારું નામ દઈશ તો જ પાર્વતી સઘળી સામગ્રી કરશે. અને પછી પ્રસાદ લે તો મને સુખ થશે.

આવી રીતે શ્રીઠાકોરજી પાર્વતીનું સુખ વિચારે છે. એ બન્યા પછી પાર્વતી પોતાને ઘેર સામગ્રી કરવાને માટે વેગી આવતી. દાળ ભાત શાક વગેરે બધી સામગ્રી કરતી. પાર્વતીએ વિચાર્યું કે શ્રીઠાકોરજી સુખી થાય એ કરવું.

પછી રઘુનાથદાસે કેટલાક દિવસ સેવા કરી, પછી તેને જ્ઞાન થયું કે મેં અહંકારથી પાર્વતીની સેવા છોડાવી; તેથી શ્રીઠાકોરજી મારા ઉપર અપ્રસન્ન છે. તેથી ભગવદીયો સાથે મળીને રહું તો જ શ્રીઠાકોરજી પ્રસન્ન થાય. અંહકાર કરવાથી મારી આ સેવા પણ જતી રહેશે. આવું જ્ઞાન શ્રીગુસાંઈજીની કૃપાથી અને શ્રીગુસાંઈજીએ મારગનો સિદ્ધાંત બતાવ્યો હતો તેથી થયું. તેથી રઘુનાથદાસ પાર્વતીને કહે, માતા હવે તમે જ સેવા કરો. તમે આજ્ઞા કરશો તે હું કરીશ. હું ચૂકયો છું. હવે પાર્વતીના મનમાં કશી ઈર્ષ્યા તો હતી નહિ—શુદ્ધ ભક્ત હતી. તેથી પ્રસન્ન થઈ રસોઈ કરવા લાગી. રઘુનાથદાસ પાસે શૃંગારાદિક કરાવે. આ પ્રમાણે સેવા કરતાં કરતાં પાર્વતીના સંગથી રઘુનાથદાસને પ્રીતિ થઈ. એટલે બેઉને સરખા અનુભવ થવા લાગ્યા. આવી રીતે પદ્મનાભદાસનો પરિવાર અલૌકિક હતો. આ પ્રમાણે વૈષ્ણવ સાત થયા.

પરન્તુ પદ્મનાભદાસના કુંટુબ સહિત વાર્તા એક જાણવી તેથી વૈષ્ણવ ૪ થયા. ॥૪॥

હવે શ્રીઆચાર્યજી શ્રીમહાપ્રભુજીની સેવક રજો ક્ષત્રાણી તેની વાર્તા અને તેનો ભાવ.

ભાવપ્રકાશ—આ રજોક્ષત્રાણી લીલામાં લલિતાજીની સખી છે. તેનું નામ રતિકળા છે. રતિ જે પ્રીતિ તેની કળા. અથવા રતિ જે વિહાર તેની કળા. જેનાથી શ્રીસ્વામિનીજી તથા શ્રીઠાકોરજીનો વિહાર સિદ્ધ થાય, એ જ ભાવમાં મગ્ન રહે, બીજું કંઈજ જાણે નહિ. શ્રીસ્વામિનીજીને માટે નાના પ્રકારની સામગ્રી તૈયાર કરવી, નિકુંજાદિકમાં રાત્રિમાં દુગ્ધાદિક આરોગાવવું; આ લલિતાજીની સેવા છે. તેથી અહીં પણ રજોને એવો નિયમ હતો કે રાત્રીની સામગ્રી નિત્યનિયમથી શ્રીઆચાર્યજીને આરોગાવવી. લીલામાં આ રતિકળાને બહુ તાપ હતો, કે શ્રીસ્વામિનીને પીરસું એવું મારૂં ભાગ્ય ક્યારે થાય? આવા મનોરથનું કારણ એ છે કે આરોગાવવું એ લલિતાજીની સેવા છે. તે શી રીતે મળે? લલિતાજી તો અત્યંત પ્રિય મધ્યાજી છે. બધી લીલાઓ સિદ્ધ કરનાર એ છે. તે તાપ રતિકળાના હૃદયમાં હતો. હવે તે મનોરથ શ્રીઆચાર્યજીએ પૂર્ણ કર્યો તાપ મટાડ્યો. તે શી રીતે? તો નારણદાસ બ્રહ્મચારી બ્રાહ્મણ હતા. તેમણે (સિદ્ધ) કરેલી ખીર લેવાનું શ્રીગોકુલચંદ્રમાજીએ શ્રીઆચાર્યજીને કહ્યું. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું, પાક શી રીતે લીધો જાય. પછી શ્રીગોકુલચંદ્રમાજીની આજ્ઞાથી લીધી.

વળી રજો ક્ષત્રાણી હતી તેની અનસખડી આપ નિત્ય નેમથી આરોગતા તે લીલા સંબંધનો ભાવ વિચારીને આરોગતા. તથા રજો એકાંગી અનન્ય ભક્તને વશ થઈને તેના અનહદ પ્રેમને લીધે મર્યાદા છુટી જાય. આમાં રજોનો પ્રેમ જણાવ્યો. રજોના પ્રેમથી મર્યાદાસ્વરૂપનું તિરોધાન થતું. લીલારસમાં મગ્ન થઈ સામગ્રી અંગીકાર કરતા.

વાર્તા પ્રસંગ ૧ લો.

રજો રોજ પકવાન સામગ્રી કરી રાત્રે લઇને આવતી. તે શ્રીમહાપ્રભુજી આરોગતા. તેનો તે નેમ હતો

હવે એકવાર લક્ષ્મણભટ્ટના શ્રાદ્ધનો દિવસ આવ્યો. તેથી શ્રીઆચાર્યજીએ બ્રાહ્મણોને ભોજન માટે બોલાવ્યા હતા. તેમાં થોડુંક ઘી જોઈતું હતું, તેથી શ્રીઆચાર્યજીએ એક વૈષ્ણવને કહ્યું કે રજોને ત્યાંથી ઘી લઇ આવો. એટલે એક વૈષ્ણવે જઇને રજોને કહ્યું. શ્રીઆચાર્યજીએ ઘી મંગાવ્યું છે. એટલે રજોએ તે વૈષ્ણવને કહ્યું

કે, ઘી શા માટે મંગાવ્યું છે? ત્યારે તે વૈષ્ણવે કહ્યું કે લક્ષ્મણભટ્ટના શ્રાદ્ધનો દિવસ આજ છે, તેથી બ્રાહ્મણો ભોજન માટે બોલાવ્યા છે. ત્યાંથી ઘી ખુટયું છે, તેથી મંગાવ્યું છે. ત્યારે રજોએ કહ્યું કે મારે ત્યાં ઘી નથી. જઇને કહેજો. એટલે વૈષ્ણવ પાછો આવ્યો. ને શ્રીમહાપ્રભુજીને કહ્યું કે મહરાજ, રજોને ત્યાં ઘી નથી. એટલે શ્રીઆચાર્યજીએ કહ્યું કે તું ફરી એકવાર જા. બીજીને કહેજે કે ઘી આપો. પેલો વૈષ્ણવ ફરી આવ્યો, ને રજોને કહ્યું કે શ્રીઆચાર્યજી બીજે છે; માટે ઘી આપો. તોપણ રજોએ ઘી ન આપ્યું. અને કહ્યું કે મારી પાસે ઘી નથી તો કયાંથી આપું? એટલે વૈષ્ણવે પાછા આવી શ્રીઆચાર્યજીને કહ્યું, કે મહારાજ, રજો ઘી નથી આપતાં. પછી બીજી જગાએથી ઘી મંગાવીને કામ ચલાવ્યું. પછી રાત્રિ થઇ, એટલે સામગ્રી સિદ્ધ કરી રજો શ્રીમહાપ્રભુજી પાસે આવી. આ વખતે શ્રીમહાપ્રભુજી પીઠ ફેરવીને બેઠા ત્યારે રજોએ કહ્યું કે મહારાજ, જીવ તો દોષથી ભરેલો છે. મારો અપરાધ શો છે કે મને દર્શન નથી આપતા? એટલે શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે આજ લક્ષ્મણ ભટ્ટ-જીનું શ્રાદ્ધ હતું; તો તેં ઘી કેમ ન આપ્યું? એટલે રજોએ કહ્યું કે મારે ત્યાં ઘી હતું નહિ. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે સામગ્રી કયાંથી કરી લાવી? એટલે રજોએ કહ્યું મહારાજ, આપને ત્યાં પણ ઘી હતું તે કેમ ન વાપર્યું? ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે અહીં તો શ્રીઠાકોરજીનું હતું; તેમાંથી શી રીતે લેવાય? એટલે રજોએ કહ્યું કે મારા ઘરમાં કોણ છે? શ્રીઠાકોરજીથી પણ અધિક આપનું સ્વરૂપ છે; તેથી આપની લીલા સંબંધી સામગ્રીમાંથી હું શ્રાદ્ધમાં શી રીતે આપું? વળી હું લક્ષ્મણભટ્ટજીની લુંડી નથી હું તો આપની લુંડી છું. આપે મારી પરીક્ષા કરવા માટે ઘી મંગાવ્યું. પ્રથમ વૈષ્ણવને મોકલ્યો તે લૌકિક આવેશની ઘીની માગણી હતી, તેથી આપે કહ્યું કે રજોને ત્યાંથી લઇ આવો, આ લૌકિક રીતે આજ્ઞા જાણી મેં ઘીની ના કહી. બીજીવાર આપે એમ વિચાર્યું કે શ્રાદ્ધને માટે બ્રાહ્મણ ભોજનમાં જલદી જોઇએ છીએ. ફરી આ વૈષ્ણવે આવીને કહ્યું કે બીજીને કહે છે કે ઘી

મેં ના કહી. પુષ્ટિકાર્યમાં તો કોઈને
આપો. ત્યારે મર્યાદા જાણી બધી વસ્તુ સિદ્ધ છે. વળી મર્યાદામાં
સ્થાન નથી કેમકે ભાવથી જ વસ્તુથી જ (મર્યાદામાં તો)
તો બેઉ વસ્તુ કર્મ વિના નાશ થાય; કે આ વસ્તુ અવશ્ય જોઈએ
પૂર્ણતા છે. તેથી વસ્તુને માટે કોઈ છે, એટલું જ નહિ પણ
જ. તેથી મર્યાદાની આજ્ઞા પણ ન માની, પછી ત્રીજીવાર પુષ્ટિના
મર્યાદા કાર્ય માટે ઘી પણ ન આપ્યું. જો આપને ઘી મંગાવવું
આવેશમાં ઘી મંગાવત તો હું આપત. કહી દેવું હતું કે તારા પુષ્ટિ-
હતું તો એ વૈષ્ણવ સાથે એટલું જ તો હું ઘી વગર પાછો શા
ધર્મમાં હાનિ નહિ આવે, ઘી આપજે. કુવામાં શા માટે પડું!
માટે કાઢત! વળી મહારાજ! જાણી બુઝીને તેથી મેં ઘી નહિ આપ્યું.
આપની કૃપાથી આટલું જ્ઞાન થયું બિરાજીને ઘી આપવાની ના
આપ જ બુદ્ધિપ્રેરક છો. મારા હૃદયમાં વિના મૂલ્યની દાસી
કહી, અને બીજેથી ઘી મંગાવ્યું. હું તો
છું. આપ કૃપા કરો.

ભાવપ્રકાશ–આથી જ શિક્ષાપત્રમાં કહ્યું છે કે શ્રીઠાકોરજીની આજ્ઞા
ત્રણ પ્રકારની છે. અલૌકિક આજ્ઞા પ્રવાહી કાર્યના કારણ માટે. તેથી તો
શ્રીભાગવતમાં લૌકિકાદિ કાર્ય માટે ત્રણ પ્રકારની ભાષા છે. અલૌકિક કાર્યમાં
શ્રીઠાકોરજીનો આશ્રય અને ભગવદીયોનો સંગ, વૈદિક કાર્યમાં તીર્થ દેવપૂજા
કર્માદિક અને લૌકિકમાં કુટુંબનું પાલન કરવું, ખાનપાનાદિક શરીરનું સુખ.
આ ત્રણેનાં ફળ પણ જુદાં જુદાં કહ્યાં છે. લૌકિકથી સંસાર, વૈદિકથી
સ્વર્ગાદિક અને અલૌકિકથી ભગવત્પ્રાપ્તિ. આ પ્રકારના ભેદથી ઘી ન આપ્યું.

આ સાંભળી શ્રીમહાપ્રભુજીએ પ્રસન્ન થઈને દર્શન આપ્યાં
એટલે રજોએ સામગ્રી શ્રીમહાપ્રભુજીની પાસે ધરી, અને કહ્યું કે
આરોગો. એટલે શ્રીઆચાર્યજીએ રજોને કહ્યું કે આજ શ્રાદ્ધનો દિન
છે; તેથી બીજી વાર નથી લેવું. ત્યારે રજોએ કહ્યું કે મહારાજ,
ઘરની હોય તો લૌકિક મર્યાદા માટે ન લેશો, પણ આ તો
લેવી જોઈએ.

ભાવપ્રકાશ–તેનો અર્થ એ છે કે લીલાના ભાવથી આપના નિજ-

સ્વરૂપથી આરોગો. અત્યારે મર્યાદાનો આવેશ ક્યાં રાખો છો ? લીલાના આવેશમાં મન રાખી ભક્તનો મનોરથ પૂર્ણ કરો. એટલું સાંભળતાં જ આપમાં પુષ્ટિ લીલાનો આવેશ થયો. મર્યાદાની આજ્ઞા બધી જતી રહી, સામગ્રી આરોગ્યા. જે ભાવમાં પરમાનંદદાસજીએ ગાયું કે " हरि तेरी लीलाकी सुधि आवे" આટલું સાંભળતાં જ ત્રણ દિવસ સુધી શરીરનું અનુસંધાન ન રહ્યું. એવો લીલાનો આવેશ થયો, અને રજોનો મનોરથ સિદ્ધ કર્યો આથી રજો એકાંગી ભગવદીય છે.

આ પ્રમાણે રજોના આગ્રહથી શ્રીઆચાર્યજી તે જ દિવસે સામગ્રી આરોગ્યા. આ રજો શ્રીઆચાર્યજી મહાપ્રભુજીની એવી કૃપા પાત્ર ભગવદીય હતી; તેથી એની વાર્તાનો પાર નથી. તેથી કયાં સુધી લખીએ ? ॥ ૫ ॥

વૈષ્ણવ ૫ થયાં.

વાર્તા ૬ ઠ્ઠી.

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના સેવક શેઠ પુરુષોત્તમદાસ કાશીમાં રહેતા તેમની વાર્તા અને તેનો ભાવ.

ભાવપ્રકાશ–શેઠ પુરુષોત્તમદાસને દામોદરદાસ સંભલવાળાનો સંગ હતો. તે જ્યારે તાંબાનું પત્રું વંચાવવા કાશીમાં ગયા તે દિવસથી શેઠને શ્રીમહાપ્રભુજીના દર્શનની આર્તિ થઈ. જ્યારે શ્રીઆચાર્યજી પહેલી પરિક્રમા કરી કાશી પધાર્યા ત્યારે શેઠને મણિકર્ણિકાના ઘાટપર શ્રીઆચાર્યજીનાં દર્શન થયાં, અને કૃષ્ણદાસને પૂછ્યું કે શ્રીઆચાર્યજીએ દક્ષિણ દેશમાં કૃષ્ણદેવ રાજાની સભામાં માયાવાદનું ખંડન કર્યું તે જ આ છે ? ત્યારે કૃષ્ણદાસે કહ્યું કે તે જ આ છે. એટલે શેઠ પુરુષોત્તમદાસે શ્રીઆચાર્યજીની સન્મુખ આવી દંડવત કર્યા અને વિનતિ કરી કે, મહારાજ ! કૃપા કરીને મને શરણે લ્યો. કૃપા કરીને મારૂં ઘર પાવન કરો. આ પ્રમાણે શ્રીમહાપ્રભુજી દીનતા જોઈ શેઠ પુરુષોત્તમદાસને ઘેર પધાર્યા. શેઠને, શેઠની બેટી રૂક્મિણીને, શેઠના બેટા ગોપાળદાસજી વગેરે બધાંને નામ સંભળાવી બ્રહ્મસંબંધ કરાવ્યાં. એટલે શેઠ વિનતિ કરી કે, મહારાજ, હવે મારૂં કર્તવ્ય શું ? ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે ભગવાનની સેવા પુષ્ટિમાર્ગની રીતે કરો. શેઠને ઘેર શ્રીમદનમોહનજી શ્રીઠા-

ઠાકોરજી હતા. શેઠ પાસે દશપંદર હજાર રૂપિયા હતા, તેથી ઘર બનાવ્યું. આ ઘર બનાવવાનાં પાયો ખોદતાં શ્રીમદનમોહનજી ઠાકોરજી નીકળ્યા હતા. અને દ્રવ્ય પણ બહુ નીકળ્યું હતું. પોતે કરોડપતિ કહેવાયા. સાઠ કરોડ દ્રવ્ય મળ્યું હતું. પિતાએ કેટલાક દિવસ સેવા કરી દેહ છોડી. પછી શેઠે બહુ દહાડા સેવા કરી. દ્રવ્ય પણ બહુ કમાયા. શ્રીમહાપ્રભુજીએ આ શ્રીમદનમોહનજીને પંચામૃત સ્નાન કરાવી પાટ બેસાડ્યા ને શેઠને માથે પધરાવ્યા.

આ શેઠ લીલામાં શ્રીસ્વામિનીજીની સખી છે. ઇંદુલેખા એમનું નામ છે. શેઠની બેટી રૂકમિણી ઇંદુલેખાની સખી મોહિની નામે છે. વળી શેઠ પુરુષોત્તમદાસનો પુત્ર ગોપાળદાસ ઇંદુલેખાની સખી ગાનકળા છે. આ શેઠ પુરુષોત્તમદાસ શ્રીમદનમોહનજીની સેવા રાજસીઠાઠથી કરતા. બાવન બીડાનો નેક હતો, તેનું કારણ એ છે કે લીલામાં બીડાં અરોગાવવાની સેવા ઇંદુલેખાની છે, તેથી શેઠે બાવન બીડાનો નેક રાખ્યો હતો, શ્રીઠાકોરજીના ભાવથી વીસ અને બત્રીસ શ્રીસ્વામિનીજીના ભાવથી આરોગાવતા. તેનો ભાવ એવો છે કે શ્રીઠાકોરજીને વિશ્વાસ પ્રિય છે, તેથી વીસોવિસ્વા નિશ્ચયાત્મક દઢવિશ્વાસ જણાવવાને વીસ બીડી શ્રીઠાકોરજીના ભાવથી આરોગાવતા. વળી શ્રીસ્વામિનીજીને શૃંગાર પ્રિય છે, તેથી યુગલ સ્વરૂપના શૃંગાર સોળ દુના બત્રીસ થાય, આવી રીતે શ્રીસ્વામિનીજીને પ્રસન્ન કર્યાં. આ પ્રકારથી એમ દર્શાવ્યું કે જેટલી સેવા શેઠ પુરુષોત્તમદાસ કરતા, તે ભાવ પૂર્વક કરતા. સામગ્રી વસ્ત્રો આભૂષણ વગેરે બધું ભાવપૂર્વક કરતા.

વળી શ્રીમદનમોહનજીની સેવા શ્રીઠાકોરજીના ભાવથી અધિક શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના ભાવથી કરતા, તેથી શ્રીઆચાર્યજી પ્રસન્ન થઈને શ્રીમદનમોહનજીનાં બેઉ ચરણ શ્યામ દર્શન કરાવ્યાં. તેનો ભાવ એવો કે શ્રીઠાકોરજી સર્વાંગ ગૌર તે તો શ્રીઆચાર્યજી મહાપ્રભુજીનુ નિજસ્વરૂપ–શ્રીસ્વામિનીજીના શ્રીઅંગનો વર્ણ છે. બેઉ ચરણ શ્યામનો અભિપ્રાય એવો છે કે શ્રીકૃષ્ણના શ્રીઅંગનો વર્ણ. તેમાં શ્યામ ચરણનો અભિપ્રાય નિકુંજાદિક લીલામાં શ્રીઠાકોરજી (પોતાના) બીજા સ્વરૂપ શ્રીસ્વામિનીજીના ચરણાશ્રિત છે.તેથી શ્રીઠાકોરજીના ભાવથી શ્રીઆચાર્યજીની સેવા દેખાડી. આવી રીતે શેઠ પુરુષોત્તમદાસ પર શ્રીઆચાર્યજીએ અનુગ્રહ કર્યો.

આ પ્રમાણે શ્રીમદનમોહનજીને શ્રીઆચાર્યજીએ પંચામૃત સ્નાન કરાવી પાટે બેસાડ્યા અને શેઠના શિરે પધરાવ્યા.

વાર્તા પ્રસંગ ૧ લો.

હવે કાશીમાં મુખ્ય વિશ્વેશ્વર મહાદેવ તે કાશીના રાજા છે. તેમનાં દર્શન માટે શેઠ કદી જતા નહિ. હવે એક દિવસ વિશ્વેશ્વર મહાદેવે સ્વપ્નમાં શેઠ પુરુષોત્તમદાસને કહ્યું કે ગામનો સંબંધ તમે રાખતા નથી, પણ વૈષ્ણવનો સંબંધ તો રાખો. કોઇવાર અમને પ્રસાદ તો આપતા રહો, એટલે સવારે શેઠ પુરુષોત્તમદાસ સેવાથી પહોંચીને મહાપ્રસાદનો ડબરા તથા બીડાં લઇને વિશ્વેશ્વર મહાદેવના દેવાલય તરફ ચાલ્યા, આ જોઇ ગામના લોકો આશ્ચર્યમાં ગરકાવ થઇ ગયા, કે શેઠ કદી જ આવતા નથી આજે શાથી આવ્યા ? આથી કેટલાક લોક શેઠની સાથે ચાલ્યા. શેઠ તો મહાપ્રસાદના ડબરા ને બીડાં ચાર ધરી શ્રીકૃષ્ણ સ્મરણ કરીને ચાલ્યા, ત્યારે મોટા મોટા શૈવ બ્રાહ્મણો હતા તેમણે શેઠ પુરુષોત્તમદાસને કહ્યું તમે દંડવત નમસ્કાર ના કર્યા ? શ્રીકૃષ્ણ સ્મરણ કરીને ઉઠીને ચાલ્યા તે ઉચિત નથી. ત્યારે શેઠ પુરુષોત્તમદાસે કહ્યું કે અમારો એમની સાથે ભગવત્સ્મરણનો જ વહેવાર છે, તમે પૂછી જો જો. તમને વિશ્વેશ્વર મહાદેવ કહેશે

આ બ્રાહ્મણોમાં એક બ્રાહ્મણ મહાદેવજીનો કૃપાપાત્ર હતો. તે બ્રાહ્મણને મહાદેવજીએ કહ્યું કે, અમે જ શેઠ પાસે મહાપ્રસાદ માગ્યો હતો. અમારો એમની સાથે ભગવત્સ્મરણનો જ વહેવાર છે. તેથી એમને બીજું કશું કહેશો નહિ. ત્યાર પછી મોટો ઉત્સવ હોય ત્યારે વિશ્વેશ્વરને મહાપ્રસાદ પહોંચાડતા.

ભાવપ્રકાશ—આ કહેવનો અભિપ્રાય એ છે કે શેઠ પુરુષોત્તમદાસ હવે સેવક થયા તેથી એમની આજ્ઞામાં બધા લોક દ્રવ્યને લીધે તો રહે. તેથી મહાદેવજીએ જાણ્યું કે હવે જો બધા અનન્ય થઈ જશે, તો અમારું માહાત્મ્ય પણ ઘટી જશે. હવે પ્રભુની આજ્ઞા પ્રમાણે કળિયુગ આવ્યો છે.

તેથી જીવોને બહિર્મુખ કરવા છે. અને શેઠ પુરુષોત્તમદાસે તો ભક્તિ ફેલાવી દીધી. તેથી એમની પાસે તો કશું ચાલે નહિ. એટલે મહાદેવજીએ આ ઉપાય કર્યો. કે શેઠ તો મહાપ્રસાદ લઈને જાય પણ આ પ્રમાણે શેઠના જવાથી બધા લોકો મહાદેવજીના દેવાલયમાં જવા લાગ્યા. જો કોઈ ના કહે તો ઉત્તર આપે કે શેઠજી જેવા જાય. છે તો અમે કેમ ન જઈએ? મહાદેવજી મોટા ભગવદીય છે. આની રીતે જીવો બહિર્મુખ થયા પણ એમ ન જાણ્યું કે શેઠને તો આજ્ઞા થઈ છે, તેથી ગયા. પરન્તુ રુક્મિણી ગોપાળદાસ કદી ન ગયાં તો અમે શા માટે જઈએ? પરન્તુ બધાંને ઉત્તમ ફળ આપવું નથી: તેથી શેઠ પુરુષોત્તમદાસ પણ ગયા.

વાર્તા પ્રસંગ ૨ જો.

હવે એકવાર વિશ્વેશ્વર મહાદેવે કાળભૈરવ જે કાશીના કોટવાળ હતા તેમને કહ્યું કે, શેઠ પુરુષોત્તમદાસ વૈષ્ણવોને ઘેરથી અર્ધી રાતે મોડા વહેલા આવે છે, માટે શેઠ પુરુષોત્તમદાસના ઘરની ચોકી કરજો. કોઈ ઠગ અગર ચોરાદિક ઉપદ્રવ ન કરે. આથી કાળભૈરવ રોજ શેઠ પુરુષોત્તમદાસના ઘરને ચોકી પહેરો દેતા.

એક દિવસ વૈષ્ણવને ઘેરથી અર્ધી રાતે શેઠ પુરુષોત્તમદાસ આવતા હતા, તેમણે ઘરના દ્વાર પર કોઈકને દેખ્યો, પાછળ ફરીને જોયું ને પૂછ્યું, તું કોણ છે ? ત્યારે કાળભૈરવે કહ્યું કે. મને મહાદેવે તમારા ઘરને પહેરો દેવાનું કહ્યું છે તેથી નિત્ય ચોકી પહેરો દઉં છું. એટલે શેઠ પુરુષોત્તમદાસ બોલ્યા નહિ. બારણાં વાસી ઘરમાં ગયા

ભાવપ્રકાશ—આ કહીને એ જણાવ્યું કે શેઠ પુરુષોત્તમદાસ એવા ભગવદીય હતા. પણ વૈષ્ણવનો સત્સંગ કરવા માટે પોતે ચાલીને જતા. માટે વૈષ્ણવનો સંગ અવશ્ય કરવો. આ બાબતમાં શ્રીઆચાર્યજી લખે છે કે **पोषकाभावे तु शिथिलम्** મતલબકે પોષકનો અભાવ હોય તો મન શિથિલ થઈ જાય; ભક્તિ ઘટી જાય. ભક્તિનું પોષણ સત્સંગથી છે.

મહાદેવજીએ કાળભૈરવને મોકલ્યો તેનું કારણ એ કે કાશીમાં ભૂત,પ્રેત તથા ઠગ ચોરાદિક પણ બહુ. તેથી મહાદેવજીએ વિચાર્યું કે મને ભગવાને કાશીનું રાજ્ય આપ્યું છે. તેથી જો કાશીમાં અન્યાય થાય તો મારે માથે આવે. તેથી ભગવદીયનો કંઈ પણ બગાડ થાય તો તેથી ભગવાન મારા પર અપ્રસન્ન થઈ જાય. વળી શેઠે મહાપ્રસાદ મને કૃપા કરીને આપ્યો છે. પણ અમારૂં તો કશું જ લેતા નથી, માટે આટલી ઘરની ચોકસી તો કરવી જોઇએ. તેથી કાળભૈરવને ચોકી પહેરો દેવાનું કહ્યું. જેથી કશો બગાડ થાય તો દંડ કાળભૈરવને માથે પડે, તેથી પોતે દેતા નહિ.

વાર્તા પ્રસંગ ૩ જો.

એક દક્ષિણ દેશનો બ્રાહ્મણ કાશીમાં આવ્યો. તે શૈવી હોઇ મહાદેવજીનો કૃપાપાત્ર હતો. તેને મહાદેવજી દર્શન આપે ત્યારે જ ખાનપાન કરે. એમ કરતાં કરતાં જન્માષ્ટમીનો ઉત્સવ આવ્યો. તે ઉત્સવ મોટી ધામધુમથી મોટા સમારંભ સાથે શેઠ કરતા હતા.

હવે મહાદેવજી જન્માષ્ટમીને દિવસે શેઠ પુરુષોત્તમદાસને ત્યાં આવ્યા હતા તે નવમીના નંદમહોત્સવ પછી બપોરના ઘેર ગયા ત્યારે પેલા બ્રાહ્મણને દર્શન થયાં. આથી તે બ્રાહ્મણે વિશ્વેશ્વર મહાદેવને પૂછયું કે; કાલે તમારાં દર્શન ન થયાં અને આજ બપોરે થયાં તેનું કારણ શું ? એટલે મહાદેવે કહ્યું કે હું જન્માષ્ટમીનો ઉત્સવ જોવા શેઠને ઘેર ગયો હતો. કાલે સવારે ગયો હતો ત્યાંથી આજે આવ્યો. ત્યારે પેલા બ્રાહ્મણે કહ્યું કે, એવા શેઠ કોણ છે કે જેમને ત્યાં તમે ઉત્સવ જોવા જાઓ છો ? ત્યારે મહાદેવે કહ્યું કે મોટા ભગવદ્ ભક્ત છે, મારાથી પણ ઉત્તમ ભક્ત છે.

ભાવપ્રકાશ–વિશ્વેશ્વર મહાદેવનો આવું કહેવાનો અભિપ્રાય એ છે કે શેઠ પુષ્ટિમાર્ગીય ભગવદ્ ભક્ત છે, અને પોતે મર્યાદામર્ગીય છે.

આ સાંભળી તે બ્રાહ્મણે કહ્યું કે, એવો ભગવદ્ભક્ત મને પણ કરો. ત્યારે મહાદેવે કહ્યું કે જઇને શેઠ પુરુષોત્તમદાસના સેવક

થાઓ. એ નામ સંભળાવે છે; તેમને શ્રીઆચાર્યજીની આજ્ઞા છે. ત્યારે તે બ્રાહ્મણે કહ્યું કે, તમે જ નામ સુણાવો, ત્યારે મહાદેવજીએ કહ્યું કે, અમારૂં આપેલું નામ ફળશે નહિ.

ભાવપ્રકાશ–તેનો અર્થ એ છે કે અમારા આપેલા નામથી મર્યાદા ભક્તિના અધિકારી થશો એટલે કે પુષ્ટિમાર્ગનો અધિકાર તો એમનો જ છે.

હવે આ બ્રાહ્મણ શેઠના દ્વાર પર આવ્યો ને શેઠને ખબર પહોંચાડી. એક મનુષ્યે આવીને કહ્યું કે એક બ્રાહ્મણ તમને મળવા આવ્યો છે. એટલે શેઠે કહ્યું કે માથું પકવવા આવ્યો હશે.

ભાવપ્રકાશ–આનો અર્થ એ છે કે મહાદેવજીનો ભક્ત છે નામ સુણશે પણ દૃઢ ભક્તિ બહુ દિવસ પછીથી થશે.

પછી શેઠ સેવાથી પહોંચીને બહાર આવ્યા; એટલે આ બ્રાહ્મણે દંડવત કર્યા. ત્યારે શેઠ પુરુષોત્તમદાસે કહ્યું કે, તમે આ અનુચિત કેમ કરો છો? હું ક્ષત્રિય છું, તમે બ્રાહ્મણ થઇને દંડવત કરો છો? ત્યાર તે બ્રાહ્મણે કહ્યું કે મને નામ આપી સેવક કરો. ત્યારે શેઠે કહ્યું કે અમે તો કોઇને નામ આપતા નથી. સેવક કરતા નથી.

ભાવપ્રકાશ–આનો અર્થ એ છે કે નામ દેવાવાળા અને સેવક કરનાર તો શ્રીઆચાર્યજી મહાપ્રભુજી છે. આ વાતનું તત્ત્વ તો આ બ્રાહ્મણ સમજ્યો નહિ.

હવે બ્રાહ્મણે બહુ જ આગ્રહ કર્યો પણ શેઠે નામ આપ્યું નહિ; એટલે તે મહાદેવજી પાસે પાછો આવ્યો, અને કહ્યું કે શેઠ તો નામ આપતા નથી. ત્યારે વિશ્વેશ્વર મહાદેવે કહ્યું કે તું ફરી જઇને શેઠજીને કહેજે કે મને મહાદેવજીએ મોકલ્યો છે. એટલે હવે તને પાછો નહિ કાઢે. પછી આ બ્રાહ્મણે ફરી શેઠને ત્યાં આવી કહ્યું કે મને મહાદેવે મોકલ્યો છે માટે નામ આપો.

ભાવપ્રકાશ–આનો અર્થ એવો છે કે જીવ પુષ્ટિમાર્ગીય છે માટે નામ આપો.

હવે શેઠે તે બ્રાહ્મણને નામ સુણાવ્યું અને હાથજોડીને જયશ્રીકૃષ્ણ કર્યા, ત્યારે આ બ્રાહ્મણે કહ્યું કે તમે મને નામ સુણાવ્યું છે, હવે હાથ જોડીને નમસ્કાર કેમ કરો છો? ત્યારે શેઠે કહ્યું કે અમે શ્રીઆચાર્યજીની આજ્ઞાથી નામ આપીએ છીએ. અમારા અને તમારા ગુરુ તો શ્રીમહાપ્રભુજી છે. જ્યારે શ્રીમહાપ્રભુજી પધારે ત્યારે તેમની પાસે ફરી નામ સાંભળજો. અમારે અને તમારે ભગવત્સ્મરણનો વહેવાર થયો. તે પછી બ્રાહ્મણે અડેલ જઇ શ્રીઆચાર્યજી પાસે નામ નિવેદન લીધું. પછી કેટલાક દિવસ રહી તે દક્ષિણ દેશમાં ગયો. આમ તે વૈષ્ણવ થયો.

ભાવપ્રકાશ–આ વાર્તામાં એ સંદેહ થાય કે મહાદેવજી જન્માષ્ટમીનો ઉત્સવ દેખવા શેઠને ત્યાં આવ્યા. આ શ્રીઆચાર્યજી સંબંધ લીલા છે તેથી ગોપાળદાસ ગાય છે કે " એવો માર્ગ શ્રીવલ્લભ વરનો રે; જ્યાં નહિ પ્રવેશ વિધિ હરનો રે "

અહીં એ ભાવ જાણવો કે શેઠને ઘેર સાતસ્વત કલ્પની પૂર્ણાવતારની લીલા છે. તેમાં સઘળી લીલા છે; મહાદેવજીને તો કલ્પાંતરની લીલા જે અંશ કલા છે; તેનો અનુભવ થયો. આ કહીને એવું જણાવ્યું કે શ્રીઆચાર્યજીના શ્રીઠાકોરજી છે ત્યાં પુષ્ટિમાર્ગીય વૈષ્ણવને પૂર્ણપુરુષોત્તમ સ્વરૂપનાં દર્શન થાય અન્ય માર્ગીયને એવાં દર્શન થાય નહિ. તેથી મહાદેવજીએ તે બ્રાહ્મણને કહ્યું કે શેઠના સેવક બનો તો તમારો પુષ્ટિ માર્ગમાં અંગીકાર થશે.

વાર્તા પ્રસંગ ૪ થો.

એકવાર શેઠ પુરુષોત્તમદાસ મંદિરમાં બેઠા હતા, મંદિર વસ્ત્ર કરતા હતા. તે વખતે દૂરથી જોઇને ગોપાળદાસે મનમાં વિચાર કર્યો કે હવે શેઠ વૃદ્ધ થયા છે. તેથી હવે હું સેવામાં તૈયાર થાઉં. એમ વિચારી ગોપાળદાસ નાહીને આવ્યા. એટલે ગોપાળદાસના મનની વાત જાણીને બોલાવ્યા, બેટા! અહીંઆં આવો. આ વખતે ગોપાળદાસ પાસે આવીને દેખે છે તો શેઠ

વીસપચીસ વરસના દેખાય છે. આ વખતે શેઠ પુરુષોત્તમદાસે ગોપાળદાસને કહ્યું, ભગવદીય સદા તરુણ છે. પરંતુ જે અવસ્થા આવે તેને માન આપવું પડે. માટે આજ પછી એવું મનમાં ન લાવવું.

ભાવપ્રકાશ–આનો અર્થ એ છે કે ગોપાળદાસના મનમાં એવું આવ્યું કે, હું તરુણ છું, શેઠ વૃદ્ધ છે, તેથી હવે હું સેવામાં તત્પર થાઉં. આ વિચારથી ગોપાળદાસનો બગાડ જાણ્યો કે હું ને તું શું સેવા કરવાના હતા? શ્રીઆચાર્યજી જેના પર કૃપા કરશે તેની પાસે જ શ્રીઠાકોરજી સેવા કરાવશે. તેમાં તરુણ શું ને વૃદ્ધ શું? આજ પછી એવું મનમાં કદી ન લાવવું. આવી રીતે ગોપાળદાસના માનનું મર્દન કરી જલદી સમજાવ્યા. કારણ કે લીલામાં ગોપાળદાસ શેઠની સખી છે. તેથી એ ન સમજાવે તો કોણ સમજાવે?

વાર્તા પ્રસંગ ૫ મો.

એકવાર શેઠ દક્ષિણમાં ગયા, ત્યાં ઝારખંડમાં મંદાર પર્વત છે, તેના ઉપર મંદાર મધુસૂદન શ્રીઠાકોરજી છે. આ પર્વત પરથી મનુષ્ય અજાણતાં પડે તો ચોટ લાગે નહિ. અને જાણી જોઈને સઘળાં પાપ બોલીને પડે તો તેની દેહ છુટે. પછી બીજા જન્મમાં કામના સિદ્ધ થાય. એવું આ પર્વતનું માહાત્મ્ય લોકમાં પ્રસિદ્ધ છે.

ત્યાં એકવાર શ્રીઆચાર્યજી પૃથ્વી પરિક્રમા કરતા કરતા પધાર્યા. અહીં એકવાર શેઠ પુરુષોત્તમદાસ અને એક બ્રાહ્મણ વૈષ્ણવ વિરક્ત બેઉ જણ સાથે ગયા. ત્યાં રાત્રિ પડી ગઈ તેથી પર્વત પર સુઈ રહ્યા. અહીં રાતે એક બ્રાહ્મણસિદ્ધનું રૂપ ધારણ કરી શ્રીઠાકોરજી પોતે પધાર્યા, પણ શેઠ બોલ્યા નહિ, પણ આ શેઠની સાથેના વૈષ્ણવે પૂછ્યું કે તમે કોણ છો? ત્યારે તેણે કહ્યું કે હું બ્રાહ્મણ છું, આ પર્વત પર રહું છું. તમે કોણ છો? ત્યારે તે બ્રાહ્મણે કહ્યું કે હું શ્રીવલ્લભાચાર્યજીનો સેવક છું. ત્યારે પેલા બ્રાહ્મણે કહ્યું કે મારી પાસે મણિ છે તે તમે લેશો? ત્યારે પેલા

વૈષ્ણવે કહ્યું કે મણિમાં શો ગુણ છે ? ત્યારે તે બ્રાહ્મણે કહ્યું કે, જેટલું દ્રવ્ય જોઇએ તેટલું આ મણિમાંથી મળે; ત્યારે આ વિરક્ત વૈષ્ણવે કહ્યું કે હું મણિને શું કરું ? જગદીશ શેર ચૂન આપશે જ. આ શેઠ પુરુષોત્તમદાસ ગૃહસ્થ છે, તેમને ઘેર બહુ ખર્ચ છે માટે એમને આપો. એટલે આ બ્રાહ્મણે કહ્યું કે શેઠજીને જગાડો. ત્યારે આ વૈષ્ણવે જગાડીને શેઠને કહ્યું કે આ મણિ લ્યો. આનાથી જેટલું દ્રવ્ય જોઇએ તેટલું મળશે. એટલે શેઠ પુરુષોત્તમદાસે કહ્યું કે, અમારે તો મણિ જોઇતો નથી. આથી તે સિદ્ધ બ્રાહ્મણ મણિ લઇને પાછો ચાલ્યો ગયો. આથી તે વૈષ્ણવે શેઠને કહ્યું કે, તમે મણિ કેમ ન લીધો ? ત્યારે શેઠજીએ કહ્યું કે તમે કેમ ન લીધો ? પ્રથમ તો તમને જ આપતો હતો. ત્યારે તે વૈષ્ણવે કહ્યું કે, હું તો વિરક્ત છું મણિ હું શું કરું ? જગદીશ મને શેર ચૂન જ્યાં ત્યાંથી અપાવશે. એટલે શેઠજીએ કહ્યું, તો મને દશશેર પણ અપાવશે જ. શું જગદીશને ઘેર કંઇ તોટો છે ? અરે બાવરા બ્રાહ્મણ ! હું શ્રીઠાકોરજીનો આશ્રય છોડી મણિનો આશ્રય કરું ? પછી શેઠ પોતાને ઘેર આવ્યા.

ભાવપ્રકાશ–આ વાર્તામાં બહુ સંદેહ થાય કે શેઠ સેવા છોડી પરદેશ કેમ ગયા? એમને કશી કામના તો હતી નહિ. તો દક્ષિણમાં મધુસૂદન ઠાકોરજીને ત્યાં કેમ ગયા? ત્યાં કહે છે કે શેઠના મનમાં એવું આવ્યું કે દક્ષિણમાં શ્રીમહાપ્રભુજીનો જન્મ છે. તેથી જન્મસ્થાનનાં દર્શન કરી આવું. તે માટે શેઠ દક્ષિણમાં ગયા હતા. ત્યારે મંદાર મધુસૂદન શ્રીઠાકોરજીએ શેઠને કહ્યું કે તમે આ પર્વત પર કૃપા કરીને મારી પાસે આવો, તો આ સ્થળનું પાપ દૂર થાય. મારે ત્યાં અનેક પાપી આવે છે, તેઓ પર્વતનું માહાત્મ્ય સાંભળી ઉપરથી પડે છે તેમનાં પાપ બહુ જ એકઠાં થયાં છે. તેથી સઘળાં તીર્થ ગંગાજી વગેરે પણ ભગવદીયના આવવાની રાહ જુએ છે. માટે તમે આ દેશમાં આવ્યા છો તો મને પવિત્ર કરો. અને તમે આવશો તો આ તીર્થનું માહાત્મ્ય પણ વધશે. પ્રભુનો આશ્રય હોવાથી તમારો તો કશો બગાડ થશે નહિ. આવી રીતે મંદાર મધુસૂદન ભગવાને કહ્યું એટલે શેઠજી આ પર્વત પર ગયા. ત્યારે મણિ લઇને લોભાવ્યા, પણ શેઠજી તો નિષ્કામ

છે, એમને કશો ડર નથી. તેથી જણાય છે કે આવા નિઃસ્વાર્થ હોય તેનામાં તીર્થને પવિત્ર કરવાનું સામર્થ્ય હોય છે. તેને કશું બાધક નથી. પરન્તુ સકામી હોય તેને તીર્થ પણ બાધક થાય છે. તેથી આ સ્થળના માહાત્મ્યથી પર્વત પરથી પડે તો મનોરથ પ્રમાણે ફળ મળે. આ કહીને એ બતાવ્યું કે જે કશી વસ્તુનો મનોરથ કામના કરે તો પુષ્ટિમાર્ગથી પડે. અને નિશ્ચય મણિ ન લીધો, તેનો અભિપ્રાય એ જણાવ્યો કે વગર માગ્યે કશું ફળ મળે તો તે લેવામાં પણ બાધક થાય છે. કેમકે અન્ય સંબંધ થવાથી તેવી કામનાથી નિશ્ચય અન્યાશ્રય થાય. તેથી શેઠજીએ તે વિરક્ત વૈષ્ણવને કહ્યું "બાવરા" તેનું કારણ એ કે મણિ આદિક કશું ફળ આપવા આવે તેની સાથે બોલવું જ નહિ, એટલે પોતાની મેળે જ ચાલ્યો જાય. આવો શેઠજીનો દઢાશ્રય હતો.

વાર્તા પ્રસંગ ૬ ઠ્ઠો.

એકવાર શ્રીમહાપ્રભુજી કાશી પધાર્યા અને શેઠ પુરુષોત્તમદાસને ઘેર ઉતર્યા. ત્યાં શેઠ પુરુષોત્તમદાસના ઠાકોરજી શ્રીમદનમોહનજીને પંચામૃત સ્નાન કરાવી આપે ભોગ ધરી ભોજન કર્યું. ત્યારે શ્રીઆચાર્યજીને દામોદરદાસે વિનતિ કરી કે, મહારાજ, આ શું ! અહીં શ્રીઠાકોરજીને પંચામૃત સ્નાન કરાવ્યું ? ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે, અમારી આજ્ઞાથી જોકે નામ આપે છે તોપણ એટલી મર્યાદા રાખવી જોઈએ.

ભાવપ્રકાશ—આનો આશય એ છે કે જે સેવક કરે તેની સન્મુખ શિષ્યનાં પાપ આવે છે. હવે ગુરુ સામર્થ્યવાન હોય તો શિષ્યનાં પાપને બાળી દે. જો કે શેઠ અમારી આજ્ઞાથી નામ આપે છે, ભગવદીય છે, તેથી તેમને પાપ શું કરે ? પરન્તુ મર્યાદાથી સેવ્ય સ્વરૂપને પંચામૃતથી નવરાવવાથી શેઠનું પંચતત્ત્વોનું શરીર શુદ્ધ થાય, આ એક ગૌણ ભાવ છે. અને ઉત્તમ ભાવ એ કે શેઠ શ્રીમદનમોહનજીની શ્રીઆચાર્યજીના ભાવથી સેવા કરે છે. તેથી શ્રીઆચાર્યજી પંચામૃત સ્નાન કરાવી શ્રીગોવર્ધનધર રૂપ કરી ભોગ ધરે છે. આ મુખ્યભાવ જાણવો.

વાર્તા પ્રસંગ ૭ મો.

એકવાર કાશીના રાજાના મનમાં આવ્યું કે શેઠ પુરુષોત્તમદાસને હું મળું. રાજા ગંગાજીને સામે કિનારે રહેતો હતો. ત્યાંથી સવારમાં આવ્યો. તે વખતે શેઠજી નાની સરખી પોતડી પહેરી ગાયોનું છાણ એકઠું કરતા હતા. આ વખત શેઠના લોકોએ શેઠને કહ્યું કે તમને મળવાને રાજા આવે છે, માટે સારાં વસ્ત્રો પહેરી ગાદી પર બેસો. એટલે શેઠે કહ્યું કે આવવા દો, રાજાની શી બીક છે? હવે રાજા તો આવ્યા, એટલે શેઠ ગોબર ભર્યા હાથે રાજા પાસે આવ્યા. હવે રાજા ચતુર હતો તેણે કહ્યું કે શેઠજી! તમને ધન્ય છે. આ દુનિયામાં માન મોટાઈ એક તમારી છુટી છે. ત્યારે શેઠે કહ્યું કે અમે ગૃહસ્થ છીએ, ઘરનું કામ કરવું જ જોઇએ. રાજા આ સાંભળી પ્રસન્ન થઇને ઘેર ગયો. આવી રીતે શેઠજીને પ્રતિષ્ઠાની ચાહના જરા પણ નહોતી. ગાયની ટેલને પણ પોતાના ઘરનું કામ કહે છે.

ભાવપ્રકાશ–આનો અશય એ છે કે જેવી ઠાકોરજીની સેવા તેવી જ ગાયની સેવા છે, એ પણ ઘરનું જ કામ છે, લૌકિક વૈદિક કામ છે તે બાહારનું કામ છે. આ રીતે શેઠે જવાબ આપ્યો.

વાર્તા પ્રસંગ ૮ મો.

આવી રીતે સેવા કરતાં કરતાં એકવાર જન્માષ્ટમી આવી. ત્યારે શ્રીઆચાર્યજીએ નંદરાયજીને ત્યાં જન્મોત્સવ થયો તે લીલાના ભાવથી પલના નંદમહોત્સવ કર્યો. આ વખતે નંદરાયજી, યશોદાજી, ગોપીઓ, ગોવાળો, તેમનાથી ન રહેવાયું તેથી સાક્ષાત પધાર્યા. નંદોત્સવ અનિર્વચનીય થયો. આ દર્શન પુરુષોત્તમદાસને રુકિમણીબાઇને તથા ગોપાલદાસને થયાં.

ભાવપ્રકાશ–કારણ કે આ (ત્રણે) લીલાસંબંધવાળાં પાત્રો છે.

ઉત્સવ પછી શ્રીઆચાર્યજીએ યશોદાજી ગોપી ગ્વાલાદિકને કહ્યું કે આવા સમયમાં તમે સાક્ષાત પધારો તે ઉચિત નથી. ત્યારે

તે બધાંએ કહ્યું કે તમે જ્યાં સાક્ષાત સ્વામિનીરૂપ થઇ ઉત્સવ કરો ત્યાં (સાક્ષાત આવ્યા સિવાય) અમારાથી કેમ રહેવાય! ત્યારે આચાર્યશ્રીએ કહ્યું કે હવેથી અમે બધા તમારો ભેખ-વેશ લઇશું. તેમના સ્વરૂપમાં (આવેશથી) પધારજો. એટલે કહ્યું કે ઠીક અમે ભેખમાં પધારીશું. તે દિવસથી શ્રીઆચાર્યજીએ ભેખની રીતિ જન્માષ્ટમી પર દાખલ કરી. આવી રીતે પહેલો જ જન્મોત્સવ –નંદોત્સવ-શેઠ પુરુષોત્તમદાસને ત્યાં કર્યો. ત્યાર પછી શેઠ પુરુષોત્તમદાસ નિત્ય શ્રીમદનમોહનજીને પાલણે ઝુલાવતા. જન્મોત્સવના ભાવમાં સદા મગ્ન રહેતા.

વાર્તા પ્રસંગ ૯ મો.

શ્રીઆચાર્યજી પાસે વાદ કરનાર બહુ આવતા; તેથી વાદ-વિવાદમાં સાંજ પડી જાય. હવે આપ ભોજન ન કરે ત્યાંસુધી વૈષ્ણવો પણ મહાપ્રસાદ ન લે. આથી શ્રીઆચાર્યજીએ પત્રાવલંબન ગ્રંથ કરીને એક કાગળ પર લખીને એક વૈષ્ણવને આપ્યો. અને કહ્યું કે આ પત્રાવલંબન ગ્રંથ વિશ્વેશ્વરના દેવાલયની ભીંત પર ચોટાડજો, અને તેમને એમ કહેજો કે જેટલા પંડિતો શૈવ બ્રાહ્મણ તેમજ વાદીઓ આવે તેમને સંદેહ થાય તો આ પત્રમાં જોઇ લેવું. જો ઉત્તર ન મળે (મનનું સમાધાન ન થાય) તો શ્રીઆચાર્યજી પાસે આવવું. પછી વૈષ્ણવે આ પત્રાવલંબન ગ્રંથ લઈ જઇને કાશી વિશ્વેશ્વર મહાદેવના દેવાલયની ભીંત પર ચોટાડ્યો. બધા માયાવાદી તો ત્યાં આવતા જ, તેમને વૈષ્ણવે કહ્યું કે સંદેહ શ્રીઆચાર્યજીને પૂછવા હોય તેમને આ પત્રાવલંબન ગ્રંથ વાંચી જોવો. તેમાં બધાંનો જવાબ હતો તેથી બધા ચુપ થઇ ગયા. અને કહે કે શ્રીઆચાર્યજી તો ઇશ્વર છે, આટલા નાના ગ્રંથમાં હજારો માયાવાદીને નિરુત્તર કર્યા.

ભાવપ્રકાશ–મહાદેવજી પાસે લગાડવાનો આશય એ છે કે અમારૂં કરેલું તમારા ઇષ્ટદેવ મહાદેવજીને પણ પ્રમાણ છે, તો તમને જીતવામાં શું વાર છે? વળી આ કાશીના રાજા વિશ્વેશ્વર છે, તેમની પાસે તમારો ઝગડો

મૂક્યો છે. ખરા ખોટાના તો સાક્ષી મહાદેવ છે. હવે નહિ માનો તો મહાદેવજી તમને દંડ દેશે. આ રીતે મહાદેવજી મારફતે કહેવરાવી બધા પંડિતોને શ્રીઆચાર્યજીએ જીત્યા.

પુષ્ટિમાર્ગીયોને વ્રજભૂમિ તથા શ્રીકૃષ્ણ જેમ પોતાના ઇષ્ટ છે તેવી રીતે શૈવોને કાશી અને મહાદેવ ઇષ્ટ છે. તેથી કાશીમાં દઢ માહાત્મ્ય જણાવ્યા વિના જગતમાં ભક્તિમાર્ગનો વિસ્તાર ન થાય અને વૈષ્ણવોને શૈવીઓ પાછળથી દ્રેષ કરીને હેરાન કરે. તેથી શ્રીઆચાર્યજીએ કાશીમાં આવી રીતે પત્રાવલંબનદ્વારા બધાંને માહાત્મ્ય જણાવી દીધું. જેથી કોઇ પંડિતવાદી કોઇ વૈષ્ણવ સાથે બોલી શકે નહિ.

વાર્તા પ્રસંગ ૧૦ મો.

શેઠના સગાસંબંધી જે મામા થતા હતા તે શેઠજીને નિત્ય કહેતા કે જો ગયા ચાલો તો હું પણ તમારી સાથે આવું; ત્યારે શેઠે કહ્યું કે નવરાશ આવશે એટલે જઇશું. હવે ચૈત્ર માસ આવ્યો, ત્યારે આ મામાએ બહુ બહુ આગ્રહ કર્યો કે ગયા ચાલો, એટલે શેઠે બે ગાડી તૈયાર કરાવી તેમાં એક ગાડીમાં રાજભોગ પછી શેઠ ચાલ્યા. શેઠ પાંચ છ ગાઉ ગયા ત્યાં રીંગણનું એક ખેતર આવ્યું. તેમાંથી ખેતરવાળાએ સુંદર રીંગણ વીણીને મોટો ટોપલો ભરીને રાખી મૂકયો હતો તે પર શેઠની દૃષ્ટિ પડી, એટલે ગાડી ઉભી રખાવી. તેમણે એમ વિચાર્યું કે શ્રીમદનમોહનજીને સેનભોગને લાયક શાક સામગ્રી થશે. ત્યારે આ શાકવાળાને શેઠે પૂછયું કે, આ વેંગણનું શું લેશો ? એટલે એણે કહ્યું કે એક રૂપિયો લઇશ. એટલે શેઠે રૂપિયો આપી બધાં વેંગણ ગાડીમાં મુકી ગાડીવાનને કહ્યું, જલદીથી ગાડીપાછી ઘેર હાંક; તને એક રૂપિયો આપીશ. અહીં શ્રીમદનમોહનજીએ રુકૂમિણીને કહ્યું તું જલદી ઉઠીને નહીને પુરીઓ કર શેઠ શાક લઈને આવે છે. ત્યારે રુકૂમિણીએ કહ્યું કે, મહરાજ, શેઠ તો ગયા ગયા છે. એટલે શ્રીઠાકોરજી કહે. શેઠ ગયા કરી આવ્યા. એમની ગયાની યાત્રા પૂર્ણ થઈ ગઈ. તું ઉઠીને પુરી જલદી કર. એટલે રુકૂમિણી ન્હાઇ મેંદો ઘરમાં તૈયાર હતો

તેની પુરી કરવા લાગી. એક પહોર રાત્રિ ગઇ થોડીક પુરી બાકી હતી. એટલામાં શેઠ આવીને પોકાર્યા એટલે ગોપાળદાસે કમાડ ઉઘાડયાં. ત્યારે શેઠે રુક્મિણીને પૂછયું કે, શો સમય છે? રુક્મિણી કહે પુરી કરી છે; શાક નથી. શેઠજી કહે હું શાક લાવ્યો છું. રુક્મિણી કહે જલદી સિદ્ધ કરો. થોડીક પુરી બાકી છે. એટલે શેઠ અને ગોપાળદાસે મળીને વેંગણ સમારી દીધાં. રુક્મિણીએ સામગ્રી સિદ્ધ કરી. શેઠ પણ નહાયા અને ભોગ ધર્યો. પછી શેઠે ગોપાળદાસને કહ્યું, દસપાંચ વૈષ્ણવ જલદી મળે તો બોલાવી લાવો. ગોપાળદાસ વૈષ્ણવોને બોલાવી લાવ્યા. એટલે સમય થતાં ભોગ સરાવ્યો. સેન આર્તિ કરી શ્રીઠાકોરજીને પોઢાડયા. અનોસર કરી વૈષ્ણવો સાથે મળી મહાપ્રસાદ લીધો. પછી તે મામો કેટલાક દિવસમાં ગયાની જાત્રા કરીને આવ્યો. તેમણે કહ્યું કે તમે પાછા કેમ ફરી ગયા? શેઠે કહ્યું, મને શું પૂછો છો? મારા ઘરમાં કશું કામ હતું, તેથી પાછો આવ્યો.

ભાવપ્રકાશ–આ પ્રસંગમાં એ સિદ્ધાંત જણાવ્યો કે સામગ્રી ઉત્તમ જોઈએ તો તેમાં પ્રભુને યાદ કરવા. તેની ખરીદીમાં કીંમતમાં વધારો ઓછાનો ઝગડો ન કરવો.[૧] પોતાની શક્તિ પ્રમાણે લેવું. વળી પ્રભુની સેવારૂપ આવા ધર્મ આગળ સઘળા વૈદિક ધર્મો તુચ્છ જાણીએ ત્યારે શ્રીઠાકોરજી પ્રસન્ન થાય. શેઠની પ્રીતિને લીધે શ્રીઠાકોરજી બીજી વખત સેનભોગ આરોગ્યા. તેથી સ્નેહ છે તે જ પ્રભુની પ્રસન્નતાનું કારણ છે.

આ શેઠ શ્રીપુરુષોત્તમદાસ શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના એવા

---

૧ શેઠજી ગયા જાત્રાએ જતા હતા, તેમાં પ્રભુએ મર્યાદા તીર્થની યાત્રાને બહાને આ દૈવી રીંગણ આરોગવાની વ્યવસ્થા કરી. આમ કેટલીકવાર લૌકિક વૈદિક કાર્યના બાનાથી પ્રભુ અલૌકિક વસ્તુનો અંગીકાર કરે છે. વળી પુષ્ટિમાર્ગ મનોરથીમાર્ગ છે. તેથી દૈવી વેંગણ આરોગવા પ્રભુએ શ્રીમુખે આજ્ઞા કરી, ને બીજીવાર સેનભોગ આરોગ્યા. પ્રભુ દૈવી વસ્તુના અંગીકાર માટે મર્યાદા છોડે છે એટલું જ નહિ, પણ સમય પણ જોતા નથી. આવી અલૌકિક ભાવની પ્રસાદી વસ્તુ ભગવદીયોને પણ લેવરાવવી જોઈએ. કારણ કે તેમાં આધિદૈવિક શક્તિનો પ્રવેશ અંગીકારદ્વારા છે તેથી તેવો મહાપ્રસાદ ભક્તને પોષે છે, ઇંદ્રિયા મન બધામાં અલૌકિકતા પ્રેરે છે. તેથી શેઠે ભગવદીયોને બોલાવી તેમની સાથે આ મહાપ્રસાદ લીધો.

કૃપાપાત્ર ભગવદીય છે. તેમની વાર્તાનો પાર નથી તેથી કેટલીક કહેવાય !

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીનાં સેવક શેઠ પુરુષોત્તમદાસનાં બેટી રુકિમણી તેમની વાર્તા અને તેનો ભાવ.

ભાવપ્રકાશ—આ રુકિમણી લીલામાં શ્રીસ્વામિનીજીની સખી ઇંદુ-લેખા, તેની સખી મોદિની છે. શ્રીઠાકોરજીની સેવામાં સદા તત્પર રહે છે. મોદિની એટલે આનંદને પ્રકટ કરનારી છે, તેથી તેનું નામ મોદિની છે.

વાર્તા પ્રસંગ ૧ લો.

જ્યારે રુકિમણી શ્રીઆચાર્યજી મહાપ્રભુને શરણે આવી ત્યારે શ્રીઆચાર્યજીએ એને નામ સુણાવ્યું, ત્યાર પછી નિવેદન કરાવ્યું. આ રુકિમણિ બહુ જ કૃપાપાત્ર હતાં.

એકવાર શ્રીગુસાંઇજી કાશી પધાર્યા હતા. તે વખતે સૂર્ય ગ્રહણ હતું. તેથી શ્રીગુસાંઇજી મણિકર્ણિકાના ઘાટ પર સ્નાન કરવા પધાર્યા. એટલે રુકિમણી પણ શ્રીગુસાંઇજીને પધારેલા જાણીને શ્રીમદનમોહનજીને સ્નાન કરાવી પોતે સ્નાન કરવા મણિકર્ણિકાના ઘાટ પર આવ્યાં. તેમણે સ્નાન કરીને વસ્ત્રો પહેર્યાં તે વખતે એક વૈષ્ણવે શ્રીગુસાંઇજીને કહ્યું કે મહારાજ ! શેઠ પુરુષોત્તમદાસની બેટી ગંગાસ્નાન કરવા આવી છે. એટલે શ્રીગુસાંઇજીએ કહ્યું, રુકિમણી, આગળ આવ. ત્યારે રુકિમણી પાસે આવ્યાં. એટલે શ્રીગુસાંઇજીએ પૂછ્યું કે તું કેટલા દિવસે ગંગા સ્નાન કરવા આવી છું ? એટલે રુકિમણીએ કહ્યું કે, મહારાજ ! ચોવીસ વરસ પછી ગંગાસ્નાન કરવા આવી છું. રુકિમણીનાં આ વચન સાંભળીને શ્રીગુસાંઇજીનું હૃદય ભરાઇ આવ્યું કે, એવી શ્રીઠાકોરજીની સેવામાં મગન છે કે ગંગાસ્નાનનો પણ અવકાશ ન મળે !

ભાવપ્રકાશ—અહીં સંદેહ થાય કે ચોવીસ વરસ પહેલાં તો ગંગા-સ્નાન કરવા આવી છે. આજે શ્રીગુસાંઈજી પધાર્યા છે તેથી આવ્યાં છે,

પરન્તુ ગંગાસ્નાન અગર ગંગાસ્નાનનો આગ્રહ કરી સેવક બન્યા પછી આવ્યાં નથી. એવાં સેવામાં મગ્ન છે.

રુકિમણીને દેખીને શ્રીગુસાંઇજી એમ કહેતા કે, શ્રીઠાકોરજી એના (સેવાના પ્રેમના) ઋણથી કદી પણ છૂટી શકશે નહિ.

ભાવપ્રકાશ–તેનો અર્થ એ છે કે, જેમ રાસપંચાધ્યાયીમાં શ્રીઠાકોરજી વ્રજભક્તોને કહે છે કે તમારું ભજન એવું છે કે હું સદા તમારો ઋણી રહીશ. તેવી જ રીતે શ્રીઠાકોરજી રુકિમણીના ઋણી રહેશે; આ ભાવમાં શ્રીગુસાંઇજી બોલે છે.

વાર્તા પ્રસંગ ૨ જો.

ક્ષત્રીય લોકોમાં વહુબેટીઓ કાશીમાં કાર્તિક, મહા, વૈશાખ, એ ત્રણ માસમાં ગંગાસ્નાન કરે છે. આથી રુકિમણીએ શેઠ પુરુષોત્તમદાસને કહ્યું કે જો તમે કહો તો હું કાર્તિક સ્નાન કરું. ત્યારે શેઠે કહ્યું કે કરો. જે જોઇએ તે લો. એટલે રુકિમણીએ કહ્યું કે ઘી ખાંડ મંગાવી દો. મેંદો તો ઘરમાં છે. એટલે શેઠે ઘી ખાંડ મંગાવી દીધાં. હવે રુકિમણી પાછલી પહોર રાત્રિની ઉઠીને નિત્યના નેક કરતાં અધિક સામગ્રી કરતાં. તે મંગળાથી રાજભોગ સુધી આરોગવતાં. વળી ઉત્થાપનના એક પહોર પહેલાં ન્હાઇ સામગ્રી કરે તે ઉત્થાપનથી સેન પર્યંત આરોગાવે. આમ કરતાં કેટલાક દિવસ વીત્યા. એટલે શેઠે રૂકિમણીને પૂછયું કે કાર્તિક નહાતાં તો તને કદી પણ ન દેખી ! તું ગંગાજી ક્યા વખતે નહાય છે? એટલે રૂકિમણીએ કહ્યું કે મારે કાર્તિક સ્નાનનું શું કામ છે? જેને કશી કામના હોય તે કાર્તિક નહાય. હું આવી રીતે જ નહાઉં છું. આ સાંભળી શેઠ બહુ પ્રસન્ન થયા.

ભાવપ્રકાશ–અહીં કોઈને સંદેહ થાય કે રુકિમણીએ કાર્તિક નહાવાનું નામ દઈને શેઠ પાસેથી સામગ્રી કેમ લીધી? આરોગાવવાનું નામ દેતી તો શું શેઠ સામગ્રી ન આપત? આ બાબતમાં કહે છે કે જેમ

કુમારિકાનું મન શ્રીઠાકોરજીમાં લાગ્યું હતું, ત્યારે ન્યારો મનોરથ કર્યો, અને આ વાત જશોદાજીને કહેવી જોઈએ, એટલે જશોદાજીને કહ્યું કે જો તમે કહો તો અમે કાત્યાયની દેવીનું પૂજન કરીએ, માગશર મહિનો શ્રીયમુનાજી નાહીએ. ત્યારે નંદરાયજીને કહીને પૂજન માટે જુદી સામગ્રી ઘી, ખાંડ, સર્વ વસ્તુ કુમારિકાઓને આપી. એટલે કાત્યાયનીના બહાને શ્રીયમુનાજીનું પૂજન કર્યું. કારણ કે શ્રીઠાકોરજી અને શ્રીયમુનાજી એક છે. તેથી શ્રીપુરુષોત્તમ સહસ્રમાં શ્રીમહાપ્રભુજી કહે છે કે "**कात्ययनीव्रताव्याज-सर्वभावाश्रितांगनः** કાત્યાયની વ્રતનું બહાનું જેણે મિષે કરીને સર્વ પ્રકારના ભાવનો સર્વ અંગોમાં આવેશ કરીને પ્રભુનો આશ્રય કર્યો. તેવી જ રીતે રુક્મિણીએ પણ કાર્તક, માગશર, મહા અને વૈશાખ વગેરેના બહાને વ્રજભક્તોના ભાવથી સેવા કરી, તેમાં એમ જણાવ્યું કે જેમ, વ્રજભક્તોના ભાવની કોઈને ખબર ન પડી તેવી રીતે રુક્મિણીના ભાવની પણ કોઈને ખબર ન પડી. શેઠ પુરુષોત્તમદાસ પણ રુક્મિણીના હૃદયના ભાવને જાણી શકતા નહોતા, તો બીજાનું તો શું ગજું? એવું અગાધ હૃદય રુક્મિણીનું હતું.

વાર્તા પ્રસંગ ૩ જો.

હવે રુક્મિણીની દેહ એકવાર અશક્ત બની. એટલે રુક્મિણીએ કહ્યું કે હવે દેહ છૂટે તો સારૂં. જે દેહથી પ્રભુની સેવા ન થાય તે દેહ શા કામની? પછી પ્રભુની ઇચ્છાથી દેહ છુટી એટલે કોઈ વૈષ્ણવે શ્રીગુસાંઇજીને કહ્યું કે, મહારાજ, રુક્મિણીને ગંગાજી મળ્યાં. ત્યારે શ્રીગુસાંઇજીએ કહ્યું કે એવું ન બોલો, એવું કહો કે ગંગાજીને રુક્મિણી મળ્યાં.

ભાવપ્રકાશ–કારણ કે ગંગાજીને કિનારે તો અનેક જીવો દેહ છોડે છે, પણ ગંગાજીને એવી ભગવદીય ક્યાંથી મળે? આવી રીતે શ્રીમુખથી કહે છે, તેનું કારણ એ છે કે ભગવદીયો ગંગાજી આદિ તીર્થને પણ પવિત્ર કરે છે. તેથી નંદદાસજીએ પંચાધ્યાયીમાં ગાયું છે કે "**गंगादिकन पवित्र करन अवनीपर डोलें**" ભગવદીયનું પ્રાકટ્ય જીવોના ઉદ્ધારને માટે જ છે. જેવું ભગવાનનું પ્રાકટ્ય છે તેવું જ ભગવદીયોનું પ્રાકટ્ય પણ છે. તેથી પુષ્ટિપ્રવાહ મર્યાદા ગ્રંથમાં શ્રીઆચાર્યજી ભગવદીયનું સ્વરૂપ લખે છે કે:–

तस्माजीवा पुष्टिमार्गे भिन्ना एव न संशयः ॥
भगवद्रूपसेवार्थं तत्सृष्टिर्नान्यथा भवेत् ॥ १२ ॥
स्वरूपेणावतारेण लिंगेन च गुणेन च ॥
तारतम्यं न स्वरूपे देहे वा तत्क्रियासु वा ॥ १३ ॥

અર્થ—પુષ્ટિમાર્ગીય જીવ આ સંસારના જીવોથી ભિન્ન છે, તેમાં સંશય નથી. ભગવાનનું રૂપ જ છે. ભગવાનની સેવાને જ માટે જગતમાં પુષ્ટિ ધર્મ પ્રકટ કરવાને માટે પ્રકટ થયા છે. ભગવાનના સ્વરૂપમાં ભગવાનના અવતારમાં ભગવાનના જેવા ગુણ છે, ભગવાનની જેવી ક્રિયાઓ લીલાઓ છે તેવાં જ ભગવદીયોનાં પણ લક્ષણ હોય છે. તેથી ભગવાન અને ભગવદીયમાં તારતમ્ય નથી. આવી રીતે શ્રીગુસાંઈજીએ ભગવદીયના ગુણ બધા રૂક્મિણીમાં બતાવ્યા.

આ રૂક્મિણી શ્રીઆચાર્યજી મહાપ્રભુજીની સેવક એવી કૃપાપાત્ર ભગવદીય હતી. તેથી એની વાર્તાનો પાર જ નથી તે ક્યાં સુધી કહીએ!

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના સેવક શેઠ પુરુષોત્તમદાસના બેટા ગોપાલદાસ તેમની વાર્તા અને તેનો ભાવ.

ભાવપ્રકાશ—શેઠ પુરુષોત્તમદાસ લીલામાં શ્રીસ્વામિનીજીની સખી ઇંદુલેખા છે. તેની સખી ગાયનકલા આ ગોપાલદાસ છે. વ્રજભક્તોનું વિરહયુક્ત સંયુક્તગાયન તેની કલા ગોપાલદાસમાં ઝલકે છે. આમ કહીને એ બતાવ્યું કે ગોપાલદાસ વિરહમાં સદા મગ્ન રહેતા.

વાર્તા પ્રસંગ ૧ લો.

આ ગોપાલદાસને શ્રીમદનમોહનજી સાનુભાવ હતા, તેથી જે જોઇએ તે માગી લેતા. આવી રીતે સદાય કૃપા કરતા. આ ગોપાલદાસ કીર્તન ઘણાં કરતા. એકવાર હોળીના દિવસોમાં ગોપાલદાસને બહુ જ વિરહ થયો. હોળીનો ભાવ સંયોગરસની વિસ્મૃતિ થઈ ગઇ, તેથી જેમ નિત્ય વ્રજભક્તો વેણુગીત ગાય છે, તે ભાવથી બે કીર્તન “ લલના ”કહીને ગાયાં.

ભાવપ્રકાશ—આ લલીનાનો અર્થ શો છે કે વ્રજની લલનાઓ આવી રીતે વિરહમાં ગાન કરે છે.

આ લલના ગાતાં માત્રમાં જ શ્રીઠાકોરજીએ લીલાસહિત દર્શન આપ્યાં, એટલે ગોપાલદાસે બલિહારી લીધી, તેથી "શ્રીમદનમોહનકે વારણે બલબલ દાસ ગોપાલ હો લલના" ગાયું.

વાર્તા પ્રસંગ ૨ જો.

હવે કેટલાક દિવસ પછી ગોપાલદાસની દેહ અશક્ત થઇ ત્યારે ભગવન્નામનો ઉચ્ચાર કર્યા કરતા, ત્યારે શ્રીમદનમોહનજી જાતે હુંકારો આપતા, એવી કૃપા હતી. એમ કરતાં કરતાં રાત્રે ગોપાલદાસને નિદ્રા આવતી ત્યારે ચમકીને વિરહમાં પોકારતા, કે હે મદનમોહનજી, આ સાંભળી શ્રીઠાકોરજી મંદિરમાંથી કહેતા કે શા માટે પોકારે છે? હું તો તારી પાસે જ છું. ત્યારે ગોપાલદાસ કહેતા કે મહારાજ! આપ કેમ જાગો છો? મારે તો પોકારવાનો સ્વભાવ પડ્યો છે. ત્યારે શ્રીમદનમોહનજી કહેતા કે મારાથી તારૂં વિયોગદુઃખ સહન થતું નથી, તેથી તારૂં સમાધાન કરૂં છું. આ પ્રમાણે ગોપાલદાસ મંદિરને અને ચોકને તાળાં વાસી ખાટલા ઉપર માથું રાખીને એક વસ્ત્ર બિછાવી વિરહમાં પડ્યા રહેતા. શરીરના સુખની ખબર પણ રહેતી નહિ. તેથી વિરહનાં કીર્તન બહુ ગાયાં છે.

વળી ગોપાલદાસ શ્રીઆચાર્યજીના ગ્રંથ શ્રીસુબોધિની નિબંધ તથા શ્રીગુસાંઇજીના રહસ્ય ગ્રંથો તે બધું આનોસરમાં દેખ્યા કરતા અને સમય પ્રમાણે ભગવત્સેવા પણ કરતા. વેપાર વણજ લૌકિક વૈદિક બધું ત્યાગ કરી લીલારસમાં મગ્ન રહેતા. શ્રીગુસાંઇજી ગોપાલદાસ પર બહુ પ્રસન્ન રહેતા. અને કહેતા કે શેઠ પુરુષોત્તમદાસનો પરિવાર આવો જ હોય; વિરહની દશા અનિર્વચનીય છે. તેથી ગોપાલદાસની વાર્તાનો બહુ વિસ્તાર કર્યો નથી. શેઠ પુરુષોત્તમદાસના પરિવાર સહિત વાર્તા એક થઇ

આ પ્રમાણે વૈષ્ણવ અગિઆર થયા પરન્તુ પરિવાર સહિત વાર્તા એક ગણતાં વૈષ્ણવ ૬ થયા.

—(૦)—

વાર્તા ૭ મી.

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના સેવક રામદાસજી સારસ્વત બ્રાહ્મણ પૂર્વમાં રહેતા તેમની વાર્તા અને તેનો ભાવ.

ભાવપ્રકાશ—આ રામદાસજી લીલામાં રાધા સહચરીની સખી છે, પ્રેમમંજરી એમનું નામ છે. એ કુમારિકાના યૂથમાં છે. આ રામદાસના પિતા પાસે ઘણું દ્રવ્ય હતું, પરંતુ પુત્ર નહોતો તેથી સૂર્યની ઉપાસના બહુ કરી. તેથી સૂર્યે પ્રસન્ન થઈ એક પુત્ર આપ્યો. રામદાસજી આઠ વરસના થયા એટલે રામદાસના બાપે રામદાસનો વિવાહ કર્યો. પછી દેહ છોડી. રામદાસને એક મર્યાદામાર્ગીય વૈષ્ણવનો સત્સંગ થયો. આ મર્યાદા-માર્ગીયે કહ્યું તેં કોઈ તીર્થ કર્યાં છે ? ત્યારે રામદાસજીએ કહ્યું બાપની દેહ છૂટી ગઈ છે હવે ઘર છોડી કેવી રીતે જાઉં ? ત્યારે આ મર્યાદામાર્ગીયે કહ્યું કે ગંગાસાગર તો તારી પાસે જ છે. ત્યાં તો નહાઈ આવ, ચાલો હું સાથે આવું. આથી રામદાસ સાથે ચાલ્યા. અને ગંગાસાગર જઈ આ મર્યાદામાર્ગીય સાથે નહાયા. ત્રણ દિવસ ત્યાં રહ્યા. ચોથે દિવસે નહાઈને ગંગાસાગરને કિનારે રસોઈ કરવાને થોડી રેતી આઘી પાછી કરી, તેમાંથી લાલજીનું સ્વરૂપ નીકળ્યું, તે સ્વરૂપને રામદાસે ગંગાસાગરના જળથી નવ-રાવી આ મર્યાદામાર્ગીય વૈષ્ણવને કહ્યું, મને ભગવત્સ્વરૂપ પ્રાપ્ત થયું છે. ત્યારે તે મર્યાદામાર્ગીય વૈષ્ણવે કહ્યું કે, તારાં મોટાં ભાગ્ય છે. તું આની પૂજા કરજે, પણ હવે તમે કોઈના સેવક થાઓ. આ વખતે રામદાસની ઉંમર સોળ વરસની હતી. તેમણે કહ્યું કે હું અત્યાર સુધી કોઈનો સેવક થયો નથી. ત્યારે મર્યાદા માર્ગીય વૈષ્ણવે કહ્યું, જો તમારૂં મન હોય તો હું તમને સેવક કરૂં. એટલે રામદાસે કહ્યું, કે ઘેર જઈને સ્ત્રી સહિત સેવક થઈશ. ત્યારે આ મર્યાદા માર્ગીય વૈષ્ણવે કહ્યું શ્રીવલ્લભાચાર્યજી જેમણે દક્ષિણમાં તથા કાશીમાં માયાવાદનું ખંડન કર્યું છે, તે શ્રીપુરુષોત્તમક્ષેત્રમાં પધાર્યા છે, એમનું શરણ તમને મળે તો તમારૂં અહોભાગ્ય છે. આ સાંભળીને

શ્રીઠાકોરજીને પધરાવી તે ઘર તરફ જવા જલદી નીકળ્યા. આ મર્યાદામાર્ગીય તો અહીં ગંગાસાગર ઉપર રહ્યો. ચોથી મજલે તેમના ગામની બહાર એક બગીચો છે, ત્યાં રામદાસ મધ્યાહ્ન સમયે આવ્યા. અહીં શ્રીઆચાર્યજી પણ પુરુષોત્તમપુરીથી એક દિવસ આગળ આવીને ઉતર્યા હતા. હવે શ્રીઆચાર્યજીએ રામદાસને કહ્યું, તમને ગંગાસાગરમાં ભગવત્સ્વરૂપ કેવું પ્રાપ્ત થયું છે ? તે અમને બતાવો. તમારૂં નામ રામદાસ છે? આ સાંભળી રામદાસ આશ્ચર્યમાં ડૂબી ગયા, કે હું તો હમણાં જ ચાલ્યો આવું છું, કોઇને પ્રભુનું સ્વરૂપ બતાવ્યું પણ નથી, માટે આ મહાપુરુષ છે. ત્યારે પાસે વૈષ્ણવ બેઠા હતા તેમને પૂછ્યું કે, આ મહાપુરુષનું નામ શું છે ? ત્યારે કૃષ્ણદાસ મેઘને કહ્યું કે, શ્રીવલ્લભાચાર્યજી સઘળે પ્રસિદ્ધ છે. (આપશ્રીએ) માયાવાદનું ખંડન કરી ભક્તિમાર્ગનું સ્થાપન કર્યું છે, એટલે રામદાસે સાષ્ટાંગ દંડવત કરી વિનંતી કરી કે મહારાજ, મારે ઘેર પધારો. એટલે આચાર્યશ્રીએ કહ્યું કે તમે સારસ્વત બ્રાહ્મણ છો. તમારો ખાનપાનનો વહેવાર ક્ષત્રીઓ સાથેનો છે તે શી રીતે છુટશે ? એટલે રામદાસે કહ્યું કે આપની કૃપાથી મારી પાસે દ્રવ્ય બહુ જ છે. હું તો કોઈની સાથે જળનો પણ વહેવાર જ નહિ રાખું. આપ જેવી આજ્ઞા કરશો તેવી રીતે રહીશ. એટલે શ્રીઆચાર્યજી પ્રસન્ન થઇને રામદાસને ઘેર પધાર્યા અને સ્ત્રી સહિત તેમને નામસમર્પણ કરાવ્યું. શ્રીઠાકોરજીને પંચામૃતસ્નાન કરાવી પાટે બેસાડ્યા. શ્રીઠાકોરજીનું નામ શ્રીનવનીતપ્રિયજી ધર્યું. પાંચ રાત્રિ રામદાસને ત્યાં રહી સઘળી રીતિ સેવાની બતાવી. પછી આપ પૃથ્વીપરિક્રમા કરવા પધાર્યા.

વાર્તા પ્રસંગ ૧ લો.

આ રામદાસજી આઠે પહોર અપરસમાં રહેતા, જળપાન બીડાં અપરસમાં જ લેતા.

ભાવપ્રકાશ–આમ કહીને એ બતાવ્યું કે લૌકિક કોઇની સાથે બોલે જ નહિ. વ્યવહારવણજ કશું કરતા નહિ. સ્ત્રીનો સંગ પણ છોડ્યો.

આવી રીતે પ્રભુની સેવા કરતા. શ્રીઠાકોરજીનો નેક પણ બહુ જ હતો. દ્રવ્ય પણ બહુ જ હતું. આમ કરતાં કરતાં કેટલાક દિવસ પછી દ્રવ્ય ઓછું થઇ ગયું.

ભાવપ્રકાશ–આનો અભિપ્રાય એ છે કે કંઇક દ્રવ્યનું અભિમાન હતું. આ અન્યાશ્રય છોડાવી દીનતાનું દાન પ્રભુને કરવું હતું, તેથી દ્રવ્ય થોડુંક રહ્યું.

હવે રામદાસે વિચાર્યું કે દ્રવ્ય મેળવવા કશોક ઉપાય કરવો જોઈએ. તેથી પૂર્વ દેશમાં કપડાં વણનારને તાંતી (વણકર) કહે છે તેમને વ્યાજે દ્રવ્ય આપ્યું. તેમાંથી વ્યાજ બહુ આવવા લાગ્યું, તેથી રામદાસના મનમાં કંઇક હરખ થયો. તેથી શ્રીઠાકોરજીએ આજ્ઞા કરી, "તેં મને તાંતી પર રાખ્યો ?"

ભાવપ્રકાશ–આનો આશય એ છે કે હું તો ભાવ અને પ્રીતિ પર રહું છું. તેં પહેલાં મને દ્રવ્ય પર રાખ્યો, હવે દ્રવ્ય ઘટયું એટલે વ્યાજ પર રાખ્યો. વ્યાજ તાંતીને ત્યાંથી આવે છે. એ દ્રવ્યથી મારી સેવા કરે છે. પણ વ્યાજનું દ્રવ્ય મહા હીન છે. તે દ્રવ્યનો મેલ છે તેના વડે સેવા કરી મને રાખે તે પર હું શી રીતે રહું?

આ આજ્ઞા સાંભળી રામદાસજી ચમકી ગયા.

ભાવપ્રકાશ–ચમકવાનું કારણ એ છે કે હાય હાય! મેં બુરૂં કામ કર્યું! હવે તો પ્રભુની ઇચ્છા હશે તેમ ભલે થાય. પરન્તુ એવું કામ કદીય નહિ કરૂં.

પછી તાંતીઓની પાસે ગયા, અને કહ્યું કે મારૂં બધું દ્રવ્ય આપો. એટલે તાંતીઓએ કહ્યું કે તમને વ્યાજ આપ્યા જઈએ છીએ, તો દ્રવ્ય કેમ પાછું માગો છો? થોડા જ દિવસમાં કેમ માગો છો? એટલે રામદાસે કહ્યું કે મારે છોકરા સાથે કામ પડયું છે; તેથી છોકરો કહે તે કરવું જોઈએ.

ભાવપ્રકાશ–આ કહી એ બતાવ્યું કે બાલકનો ખ્યાલ દુનિયાથી વિરુદ્ધ હોય છે. કોઈ રમકડાને તે ઉંચે બેસાડે, કોઈને નીચે બેસાડે, અને કોઈને તોડે ફોડે. તેવો જ પ્રભુનો સ્વભાવ. કર્તુમ્ અકર્તુમ્ અન્યથા કર્તુમ્ સર્વસામર્થ્યવાન છે. તે મનમાં આવે તે કરે, આ સિદ્ધાંત બતાવ્યો. પણ તાંતી તો જાણે કે કોઈ બાળક હશે.

હવે તેણે બધું દ્રવ્ય ભેગું કરીને રામદાસને આપ્યું. તે ઘેર લાવ્યા, સેવા કરવા લાગ્યા. તેથી કેટલાક દિવસમાં સઘળું દ્રવ્ય ખરચાઈ ગયું.

ભાવપ્રકાશ—હવે દ્રવ્યનો આશ્રય તો છુટયો, પરન્તુ પહેલાં (અહંતા) ગર્વ હતો તેનું બીજ મનમાં રહ્યું હતું, તે શ્રીઠાકોરજી હવે દૂર કરશે.

હવે રામદાસજી એક વાણિયાને ત્યાંથી ઉધારે બધું લેવા લાગ્યા, તેથી માથે ઋણ થયું. વાણિયો રોજ તેમને ટોકે. તેથી આ વાણિયાને ત્યાંથી ઉધાર લેવાનું છોડી બીજા વાણિયાને ત્યાંથી લેવા માંડયું. એક દિવસ પેલા વાણિયાએ ખૂબ જ તકાદો કર્યો અને કહ્યું, હવે મારે ત્યાંથી ઉપાડ કરતા નથી તો મારું લેણું આપી દો. આ પ્રમાણે બહુ કહી સંભળાવી ને વિદાય કર્યા; પણ લજ્જાના માર્યા મનમાં બહુ જ દુઃખી થયા.

ભાવપ્રકાશ—આથી પાછલો અહંકાર દૂર થયો.

હવે શ્રીઠાકોરજીએ પોતે રામદાસનું રૂપ લઇ આ વાણિયાનું બધું દેવું ચુકવી આપ્યું. અને (કરજ ચુકવવા) ઉપરાંત રૂપિયા ૧૦૦) વધારે આપ્યા. અને પોતાના હાથથી રામદાસના ખાતામાં જમા કર્યા. રામદાસનું દુઃખ પ્રભુ સહન કરી શકયા નહિ.

ભાવપ્રકાશ—મારે માટે એણે આટલું દુઃખ વેઠ્યું તેથી શ્રીઠાકોરજીએ દેવું ચુકવ્યું. પણ રૂ. ૧૦૦) વધારે આપ્યા તેનું કારણ એ છે કે અધિક આપવાથી કદાપિ દ્રવ્ય સંબંધી પ્રસન્નતા કે ગર્વ હોય તો પુષ્ટિમાર્ગીય ફળ ન મળે, અને દાસભાવ જતો રહે. શ્રીઠાકોરજીએ કરજ ચુકવ્યું, રામદાસ બેસી રહે. તેથી જરાક રૂ. ૧૦૦) વધારે આપ્યા તે પરીક્ષા માટે. વળી બીજા વાણિયાનું પણ કરજ થયું છે તે ખર્ચને માટે પણ ખરૂં જ.

હવે એકવાર રામદાસજીને વૈષ્ણવો બોલાવવા આવ્યા તેમની સાથે રામદાસ ગયા. જતાં પહેલાં વાણિયાનું હાટ રસ્તામાં

આવે; તેથી ત્યાંથી આ વાણિયાની નજર ચુકાવાય તેવી રીતે આનાકાની કરીને ચાલ્યા, કે કદાચ એ પૈસા માગશે. તે વાણિયાએ રામદાસને જોયાં અને મનમાં વિચાર્યું કે આ મારી નજર ચુકાવીને આગળ જાય છે. તેનું કરણ કે મેં એમના પર તગાદો બહુ જ કર્યો હતો, એટલે તે વાણિયો રામદાસજીની સામે આવીને પગે પડ્યો ને કહ્યું, મારૂં અભાગ્ય છે કે તમે તમારે જોઇતી વસ્તુઓ મારી દુકાનેથી લેતા નથી, પરન્તુ રૂપિયા ૧૦૦) મને વધારે આપી ગયા છો તે તો લઇ જાઓ. એટલે રામદાસે કહ્યું કે પાછા આવતાં આવું છું. હમણાં કામ છે માટે જાઉં છું. એટલે વાણિયો હાટ પર આવ્યો; રામદાસજીએ પોતાના મનમાં વિચાર કર્યો કે મેં તો એને કંઈ પણ દ્રવ્ય આપ્યું નથી તેથી રખેને કદાચ શ્રીઠાકોરજીએ જ આને દ્રવ્ય ચુકવી આપ્યું તો નહિ હોય !

પછી આ વૈષ્ણવને ત્યાં જઇ ત્યાં આગળ કંઇક છુઆછુવીનું કામ બતાવવાનું હતું તે બતાવી પછી રામદાસજી તે વાણિયાની હાટે આવી કહે તું તારો હિસાબ કાઢ. ત્યારે વણિયાએ કહ્યું તમે હિસાબ ચુકવી રૂ. ૧૦૦) વધારે આપી તમારે જ હાથે લખી ગયા છો. છતાં ફરીથી જોઈ લો. આ ચોપડામાં શ્રીઠાકોરજીના હસ્તાક્ષર જોયા તેથી તે તો ચુપ કરી રહ્યા. પછી ઘરમાં આવી વિચાર્યું કે હવે ઘરમાં રહેવું નથી. નોકરી કરીશ.

ભાવપ્રકાશ—તેનું કારણ કે ઘરમાં રહું તો શ્રીઠાકોરજીને પરિશ્રમ થાય તેવું દ્રવ્ય ખાવું પડે. સ્ત્રીની પ્રીતિ સાધારણ છે તેથી તે ભલે ખાય.

હવે એક ઘોડો લીધો. હથિયાર બાંધી નોકરી કરવા પ્રયાગમાં આવ્યા. ત્યાં જળપાન બીડાં વગેરે અપરસ વગર લેવા લાગ્યા.

ભાવપ્રકાશ—આનું કારણ એ છે કે અપરસનો પણ કંઇક અહંકાર હતો, કે બીજાથી આવી મારા જેવી અપરસ ન રખાય. તે અહંકાર પણ શ્રીઠાકોરજીએ છોડાવ્યો અને રામદાસજીને એવું જણાવ્યું કે એવી અપરસ શા કામની કે જેમાં પ્રભુને પરિશ્રમ પડે ?

હવે એક દિવસ પ્રયાગથી અડેલમાં રામદાસજી શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના દર્શન કરવા આવ્યા. તે વખતે પાંચે કપડાં પહેરી હથિયાર બાંધીને દંડવત કર્યા. આ વખતે રામદાસને દેખીને શ્રીઆચાર્યજીએ કહ્યું 'ધન્ય છે'. તે વખતે વૈષ્ણવ પાસે બેઠા હતા તે કહેવા લાગ્યા કે, મહારાજ હવે આમને ધન્ય કેમ કહો છો ? આની અપરસ તો છુટી ગઇ છે. સિપાઇગીરીમાં રહે છે, હથિયાર બાંધ્યાં છે. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું, આથી જ એ ધન્ય છે. તે શ્રીઠાકોરજીને પરિશ્રમ કરાવતા નથી. તેથી આના સમાન ધીરજ કોઇની નથી. આવું શ્રીમુખે કહ્યું.

ભાવપ્રકાશ–તેનું કારણ એ છે કે શું બહુ અપરસથી કાર્ય સિદ્ધ થાય છે? પુષ્ટિમાર્ગીય ધર્મ બહુ જ કઠણ છે. દ્રવ્ય બધું જ ગયું. માથે ઋણ થયું; પરન્તુ ધીરજ છોડી નહિ. તેનું કારણ શું ? તો મન શ્રીઠાકોરજીમાં રહ્યું. હૃદયની અંદર ચિંતારૂપ કષ્ટ ન થયું. પછી શ્રીઠાકોરજીએ ઋણ ચુકવ્યું પણ મનમાં પ્રસન્ન ન થયા. ચાકરીનું કામ કર્યું. હવે એમને દીનતા આવી છે. મન શ્રીઠાકોરજીમાં છે. આ આશયથી શ્રીઆચાર્યજી તેમને 'ધન્ય' કહે છે.

વાર્તા પ્રસંગ ૨ જો.

હવે શ્રીઆચાર્યજીના બારણા આગળ એક ખાડો હતો. ત્યાં થઇને આપશ્રી નહાવાને પધાર્યા. આ વખતે આપશ્રીએ કહ્યું કે, આ ખાડો હજુયે કોઇએ પૂર્યો નહિ ? આમ કહી પોતે તો શ્રીયમુનાજીમાં સ્નાન કરવા પધાર્યા. બધા વૈષ્ણવ ખાડો પુરવા મંડ્યા. આ વખતે રામદાસજીએ એક મોટો ટોપલો લઇ શ્રીઆચાર્યજી નહાઈને પધાર્યા એટલામાં તો બધો ખાડો પુરી ધરતી બરાબર કરી દીધો. શ્રીઆચાર્યજીએ રામદાસને ખાડો પુરતાં જેયા તે વખતે બધાં કપડાં ધુળ ભર્યાં જેઇને ફરી શ્રીઆચાર્યજીએ પ્રસન્ન થઇને કહ્યું, " રામદાસ! ધન્ય છે."

ભાવપ્રકાશ–અહીં ખાડો પુરવામાં બીજા વૈષ્ણવ સારાં કપડાં ઉતારી એક ધોતી પહેરી ખાડો પૂરવા લાગ્યા. રામદાસજીએ શ્રીઆચાર્યજીની

આજ્ઞા સાંભળી પરમ ભાગ્ય સેવા માની ખાડો પૂર્યો. સિપાઈપણાની લાજ-શરમ બધી છોડી. તેથી શ્રીઆચાર્યજી બહુ જ પ્રસન્ન થયા, કે આવી રીતે પ્રભુની સેવામાં પ્રતિષ્ઠા મનમાં ન આવે. છોટી મોટી અથવા હલકી બધી સેવા ભાગ્ય માનીને કરવી એવો સિદ્ધાંત જણાવ્યો.

હવે રામદાસજી એક વરસમાં દ્રવ્ય બહુ જ કમાઈને ઘેર આવ્યા. પછી ભલીભાંતિથી સેવા કરવા લાગ્યા.

ભાવપ્રકાશ–શ્રીઠાકોરજીને રામદાસની ધીરજની પરીક્ષા કરવી હતી. દ્રવ્યની તો શી વીસાત છે? જે જોઈએ તે બધું સિદ્ધ છે.

વાર્તા પ્રસંગ ૩ જો.

હવે એક દિવસ સ્ત્રીએ કહ્યું કે તમે બીજો વિવાહ કરો તો સંતતિ થાય.

ભાવપ્રકાશ–(આમ ધારવાનું) કારણ એ છે કે સ્ત્રીને રામદાસના હૃદયના અભિપ્રાયની ખબર નથી, તેથી એમ જાણ્યું કે મારાથી તે રાજી નથી માટે બીજો વિવાહ કરે તો એક પુત્ર થાય.

આ સાંભળી રામદાસે કહ્યું કે મને પુત્રની ઇચ્છા નથી. ત્યારે સ્ત્રીએ કહ્યું કે મને એક પુત્રની ઇચ્છા છે. ત્યારે રામદાસે કહ્યું કે તને પુત્રની ઇચ્છા છે તો શ્રીનવનીતપ્રિયજીની સેવા બાળભાવથી કરો. ખાનપાનથી પણ લાડ લડાવો. તમારો મનોરથ પૂર્ણ થશે. પછી કેટલાક દિવસ પછી પુત્ર થયો.

ભાવપ્રકાશ–હવે રામદાસે તો ભાવરૂપથી અલૌકિક વાત કરી કે શ્રીઠાકોરજીને બાલભાવથી લાડ લડાવશો તો એ જ બાળક થશે. અને તમને શ્રીયશોદાજીના સૌભાગ્યની પ્રાપ્તિ થશે. આ (મર્મ) તો સ્ત્રી ઉત્તમ અધિકારી હોય તો સમજે. તેથી પુત્રની કામના સાથે શ્રીઠાકોરજીની બાલભાવથી સેવા કરી. તેથી શ્રીઠાકોરજીએ પુત્ર આપ્યો. પરન્તુ રામદાસજીનું કહેલું ફળ મળ્યું નહિ. રામદાસનું મન તો કદી પણ લૌકિક ભાવનામાં ગયું જ નહિ. તેથી શ્રીઆચાર્યજી પ્રસન્ન રહેતા. તેથી રામદાસના ભાવની વાત ક્યાં સુધી કહેવી!

આ રામદાસ શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના એવા કૃપાપાત્ર ભગવદીય હતા કે તેમની વાર્તાનો પાર નથી તે કયાં સુધી કહીએ. વાર્તા ॥ ૭ ॥ થઇ

વાર્તા ૮ મી.

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના સેવક ગદાધરદાસ કપીલ સારસ્વત બ્રાહ્મણ કડામાં રહેતા તેમની વાર્તા અને તેનો ભાવ.

ભાવપ્રકાશ—આ ગદાધરદાસ મકરસ્નાન કરવા તીર્થરાજ પ્રયાગ દર વરસે જતા. એકવાર ગદાધરદાસ પ્રયાગમાં હતા. ત્યારે ત્યાં શ્રીઆચાર્યજી પધાર્યા. અહીં સૌ પંડિત શ્રીમહાપ્રભુજી સાથે ચર્ચા કરવા આવતા. આ ગદાધરદાસના કાકા પ્રયાગમાં રહેતા, ત્યાં ગદાધરદાસ ઉતરતા. આ ગદાધરદાસનો કાકો પંડિત હતો, પણ શૈવ હતો. તે કાકાએ ગદાધરદાસને કહ્યું કે, હું શ્રીવલ્લભાચાર્યજી પધાર્યા છે, તેમને કંઈક સંદેહ પૂછવો છે, માટે જાઉં છું. ત્યારે ગદાધરદાસે કહ્યું કે હુ પણ આવું છું, એમ કહી બેઉ આવ્યા. અહીં આવી ગદાધરદાસના કાકાએ શ્રીમહાપ્રભુજીને પૂછ્યું કે મહારાજ ! શ્રીઠાકોરજી તો એક છે, પણ વૈષ્ણવ સંપ્રદાયમાં ન્યારા ન્યારા કેમ મનાય છે ? કોઇ કૃષ્ણને, કોઈ રામને, કોઈ નૃસિંહને, કોઈ નારાયણને આદિ (અનેકને) માને છે તેમાં નિશ્ચય ઠાકોરજી કોણ છે ? ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે જેવી રીતે ચક્રવર્તી રાજાનું રાજ્ય સઘળી પૃથ્વી પર હોય છે. અને દેશ દેશના ગામ ગામના રાજાઓ હોય તે પણ રાજા જ કહેવાય છે. પરંતુ તે બધા રાજાઓ ચક્રવર્તી રાજાના આજ્ઞાકારી છે તેમ પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ તો સર્વના ઉપરિ છે. બીજા અવતારો અંશ કલાથી થાય છે, તે બધા શ્રીકૃષ્ણના આજ્ઞાધીન છે. બાકી ઠાકોરજી તો બધાય કહેવાય. આ સાંભળી ગદાધરદાસના કાકા ચુપ થઇ ગયા. ગદાધરદાસ દૈવી જીવ હતા તેથી તેમના મનમાં સિદ્ધાંત બેસી ગયો, કે શ્રીઆચાર્યજીને શરણે જઈએ તો શ્રીકૃષ્ણની પ્રાપ્તિ થાય. એટલે ગદાધરદાસે દંડવત કરી શ્રીઆચાર્યજીને વિનતિ કરી કે, મહારાજ! મને શરણે લો. હું સંસારમાં

બહુ જ ભટક્યો. ત્યારે શ્રી આચાર્યજીએ કહ્યું કે તમે તમારા કાકાને તો પૂછો. એમના ચિત્તને દુઃખ થાય તો સેવક શા માટે થવું ? એટલે ગદાધરદાસના કાકાએ કહ્યું, મહારાજ ! અમારે તો ગાયત્રી મંત્ર સાથે કામ છે. બીજું તો અમે જાણતા જ નથી. ગદાધરદાસની વાત ગદાધરદાસ જાણે. હું તો હાએ કહેતો નથી, કે નાએ કહેતો નથી. એટલે ગદાધરદાસે શ્રીમહાપ્રભુજીને કહ્યું કે હવે હું તો આપનો દાસ થયો. હવે સંસારી જીવો સાથે મારે વહેવાર જ નથી. તેથી હું આપને શરણે આવ્યો છું. કૃપા કરીને મને શરણે લ્યો. વળી આ બહિર્મુખ ક્યારે કહેશે કે તું સેવક થા. આવાં ગદાધરદાસનાં વચન સાંભળીને ગદાધરદાસનો કાકો ત્યાંથી ઉઠીને બહાર જઈને ઉભો.

હવે શ્રીઆચાર્યજી ગદાધરદાસ પર બહુ જ પ્રસન્ન થયા. અને કહ્યું કે વિના સેવક આવી ટેક છે તો સેવક થયેથી ભલો વૈષ્ણવ થશે. પછી શ્રીઆચાર્યજીએ કહ્યું કે, જા ત્રિવેણીમાં નહાઈ આવ. તરત જ ગદાધરદાસ નાહીને અપરસમાં આવ્યા. એટલે શ્રીઆચાર્યજીએ નામ સંભળાવી બ્રહ્મસંબંધ કરાવ્યો, પછી ગદાધરદાસે વિનતિ કરી કે મહારાજ ! હવે મારૂ શું કર્તવ્ય છે ? તે આજ્ઞા કરો. ત્યારે ગદાધરદાસને શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે તમે ભગવત્સેવા કરો. ક્યાંકથી સ્વરૂપ લાવો. ત્યારે ગદાધરદાસે વિચાર્યું કે એક સ્વરૂપ આ મારા કાકાને ઘેર છે, તે શી રીતે મળે ? હું તો એ બહિર્મુખ સાથે બોલતો નથી. માલા તિલક ધારણ કરીને આ વિચાર કરતા કરતા બહાર નિકળ્યા. આ જોઈ ગદાધરદાસના કાકાએ તેમને કહ્યું કે તું સેવક થયો તે તો ઠીક કર્યું પણ મારે ઘેર તો ચાલ. એટલે ગદાધરદાસે કહ્યું કે તમારે ઘેર શ્રીઠાકોરજી છે, તે મને આપો તો તમારે ઘેર આવું. ત્યારે તેણે કહ્યું કે લઈ જજો, મારે શ્રીઠાકોરજીનું શું કામ છે? એટલે ગદાધરદાસ કાકાને ઘેર તેમની સાથે ગયા ને શ્રીઠાકોરજી માગ્યા. ત્યારે કાકાએ કહ્યું કે ખાનપાન તો કરો, બપોર થયા છે. પછી શ્રીઠાકોરજી લઈને જજો. ત્યારે ગદાધરદાસે કહ્યું કે હવે અમારે તમારે જળનો પણ વહેવાર નહિ. મને શ્રીઠાકોરજી પધરાવી આપો. પછી તમારે શ્રીઠાકોરજી સાથે કોઈપણ કામ ન રાખવું એ શરતે આપો તો લઉં. એટલે કાકાએ કહ્યું કે હું શિવમાર્ગી છું અમારે ને શ્રીઠાકોરજીને શું ? અમે તો મહાદેવજીને જાણીએ, માટે

જલદીથી લઇ જાઓ.

શ્રીઠાકોરજીએ ગદાધરદાસના કાકાનું મન એટલા માટે ફેરવ્યું કે ભગવદીય જેનું ઘર છોડે તેને ઘેર શ્રીઠાકોરજી પણ ન રહે. તેથી જલદીથી શ્રીઠાકોરજી આપ્યા. પછી શ્રીઆચાર્યજીએ પંચામૃત સ્નાન કરાવીને શ્રીમદનમોહનજી નામ ધર્યું. ગૌરસ્વરૂપ છે. ત્રણ દિવસ ગદાધરદાસ શ્રીઆચાર્યજી પાસે રહ્યા. સેવાની બધી રીત શીખી લીધી. અહીં શ્રીમહાપ્રભુજીએ " શ્રીભક્તિવર્ધિની " ગ્રંથ કર્યો હતો તેનું વ્યાખ્યાન કર્યું. તેમાં એમ કહ્યું છે કેઃ—

अव्यावृत्तो भजेत्कृष्णं पूजया श्रवणादिभिः ॥
व्यावृत्तोऽपि हरौ चित्तं श्रवणादौ यतेत्सदा ॥

તેમાં મુખ્ય સેવા અવ્યાવૃત્ત થઇને કરે એવું કહે છે. તેનાથી ઉતરતિ વ્યાવૃત્તિ છે. હરિમાં મન રાખે. આ સાંભળતાં જ ગદાધરદાસે સંકલ્પ કર્યો કે વ્યાવૃત્તિ કશી ન કરવી. પછી શ્રીમહાપ્રભુજીની વિદાય માગી પોતાને ઘેર ઓરછા આવ્યા. તેમનો વિવાહ તો થયો નહોતો. માબાપ પણ નહોતાં. તેમની ઉંમર પણ ત્રીસ વરસની હતી. સગાં સંબંધીઓને તેમણે કહ્યું કે, હવે તમે બધાં બીજા ઘરમાં જઈને રહો; હું વૈષ્ણવ થયો છું, મારે તમારે જળ વહેવાર પણ નથી. ત્યારે બધાં બીજા ઘરમાં જઈને રહ્યાં. એટલે ગદાધરદાસ બધું ઘર ખાસા કરી શ્રીમદનમોહનજીની સેવા પ્રીતિથી કરવા લાગ્યા.

વાર્તા પ્રસંગ ૧ લો.

હવે આ ગદાધરદાસને શ્રીમદનમોહનજી સાનુભાવ જણાવતા. પહેલાં જજમાનને ત્યાં જતા, જે જોઈએ તે લઇ આવતા. વૈષ્ણવ થયા પછી અવ્યાવૃત્ત જેવા રહેતા. બધી જગાએ જવાનું છોડી દીધું. જે આવે તેમાં નિર્વાહ કરે. તેમનું ચિત્ત ફળરૂપ માનસી સેવામાં લાગ્યું રહે. " चेतस्तत्प्रवणं सेवा " આ ભાવમાં મગ્ન રહેતા. તનુજા વિત્તજા જે બને તે કરતા બહુ સંગ્રહ કરતા નહિ. જે આવે તેની સામગ્રી કરી શ્રીમદનમોહનજીને ભોગ ધરતા અને વૈષ્ણવોને મહાપ્રસાદ લેવરાવી દેતા. આ રીતે ત્યાગ પૂર્વક રહેતા.

ભાવપ્રકાશ-તેનું કારણ એ છે કે શ્રીઠાકોરજીએ એમની પરીક્ષા લીધી કે અવ્યાવૃત્તિનો સંકલ્પ થવો તો સહજ જ છે, પરંતુ ન મળતાં ધીરજ રહેવી બહુ કઠણ છે. તેથી (એકદિવસ) કશું ન આવ્યું.

આથી મંગલામાં જળની લોટી ભોગ ધરી. શૃંગારમાં અને રાજભોગમાં પણ જળની લોટી જ ધરી પરંતુ ઉધારે ન આણ્યું.

ભાવપ્રકાશ-કારણ કે આ વ્યવહાર છે. વળી ઉધારે લઈ જ્યાં સુધી તેનું દ્રવ્ય પાછું ન આપે ત્યાં સુધી તેની સેવા ગણાય, સેવા કરનારની નહિ. અને કાળનું તો કાંઈ નક્કી નથી. ઉધારે લઈને આપ્યા વગર દેહ છુટી જાય તો ઋણ માથે રહે. તો તે માટે જન્મ લેવો પડે; આવું શાસ્ત્રોમાં કહે છે. પરન્તુ આમને તો કાળનો પણ ડર નહિ. કેમકે અવ્યાવૃત્ત છે ને શ્રીઆચાર્યજીના ગ્રંથનો આશ્રય છે.

એમ કરતાં કરતાં દોઢ પહોર રાત્રિ ગઇ એટલે સુઇ રહ્યા; છાતીમાં જાણે આગ લાગી, હૃદય સળગી ઉઠયું કે મારા પ્રભુ ભૂખ્યા રહ્યા છે.

ભાવપ્રકાશ-એનો હેતુ એ છે કે જો કે જળ ધરીને માનસી સેવામાં બધું આરોગાવ્યું છે. અને શ્રીઠાકોરજી આરોગ્યા પણ છે. કારણ કે આ પણ શ્રીરાધાસહચરીની સખી છે. કલકંઠી એનું નામ છે. કુમારિકાઓના જૂથમાં છે. એમને શ્રીયમુનાજીનો આશ્રય છે. રાધાસહચરીના ગાન વખતે એ સૂર પૂરે છે. એમનો તો કંઠ પણ બહુ જ સુંદર છે. તેથી શ્રીયમુનાજીના ભાવથી સઘળા ભોગમાં જળ જ ધર્યું. તેથી બધી સામગ્રી ભાવવડે સિદ્ધ છે. પણ આ સામગ્રીથી વૈષ્ણવનું સમાધાન નથી. સઘળી ઈન્દ્રિયોની સેવા નથી. સામગ્રી હાથથી ધરે અને વ્રજભક્તોની માનસી પણ કરે. અને શ્રીઠાકોરજીનો જુદો મનોરથ પણ કરે, આ પુષ્ટિ માર્ગની રીત છે. જે સામગ્રી હાથે ધરવામાં પ્રીતિ ન હોય તો વ્રજભક્તોનો ભાવ પણ છુટી જાય. જ્ઞાનમાર્ગની રીત થઈ જાય. **पत्रं पुष्पं फलं तोयम् यो मे भक्त्या प्रयच्छति** " આ વાક્યમાં બોધ અર્થ છે. મર્યાદા માર્ગના ભાવમાં પત્ર, પુષ્પ, ફળ અને જળ જેવું બને તેવું ધરે. સામગ્રીનો આગ્રહ નથી.

વળી ગીતામાં જે કહ્યું છે કે ભક્ત ધરે તેમાં અર્થ એ છે કે ભક્ત હોય તે બધી ચારે વસ્તુ વિવેક પૂર્વક ધરે. સ્નેહી હોય તેને ભક્ત કહેવાય. તેમાં પત્ર એટલે પાન તથા પોઇનાં પાન, અરવીનાં પાન તેનાં પત્રાવળાં (પાતરાં) કરી સ્નેહથી તૈયાર કરીને ધરે. જ્ઞાનીને સ્નેહ નહિ કે સુંદર વસ્તુ કરી પત્તાં ધરે. ફુલમાં ગુલાબનાં ફુલની ખાંડમાં સામગ્રી કરી પ્રેમથી આરોગાવે. ફળ મીઠાં કડવાં ચાખીને ધરે. ભક્ત હોય તો ચાખે. જો કે મર્યાદામાં શબરી ભીલડી બાઇ હતી. તેણે વનનાં ફળ ખાઈને ધર્યાં હતાં. જેથી ફળ કોઇ ઝેરી કીડાનું ખાધેલું કે કડવું હોય તો પહેલું મને દુઃખ થાય શ્રી રામચંદ્રજીને ન થાય; તેથી શ્રીરામચંદ્રજીએ સરાહના કરી કે, આવાં ફળ પિતા દશરથને ઘેર અને જનકવિદેહીને ઘેર વિવાહ વખતે પણ મેં નથી આરોગ્યાં. ત્યાં એવી પ્રીતિ નથી. ભક્ત સિદ્ધ કરીને ધરે–જ્ઞાની જેવું મળે તેવું ધરે. હવે આ ગદાધરદાસ તો પુષ્ટિમાર્ગીય લીલા સંબંધી છે તેથી ભાવપૂર્વક જળ ધરે છે; પરન્તુ સ્નેહી છે, તેથી આજ કશું આવ્યું નહિ તેથી છાતીમાં આગ ઉઠી; છાતીમાં વિરહરૂપી આગ લાગી કે આજે કશુંજ ધર્યું નહિ. વૈષ્ણવોને સેવરાવ્યું નથી તેથી શ્રીઠાકોરજી ભૂખ્યા જ છે. આવો ગૂઢભાવ જેના હૃદયનો છે. તેમ જ શ્રીઠાકોરજીને વિરહનું દાન કરવું છે, તેથી કશું આવ્યું નહિ અને વિરહથી છાતીમાં આગ સળગી, અને મુખ્ય અધિકારી થયા. જેને વિરહ નથી તેને પુષ્ટિમાર્ગનું ફળ નથી. આવી રીતે દોઢ પહોર રાત વીતી ગઈ.

આ વખતે એક યજમાન આવ્યો. ગદાધરદાસને કમાડ ખોલાવીને રૂપિયા અને કંઇક વસ્ત્રો આપ્યાં, અને કહ્યું કે આજ મારે ઘેર શુદ્ધ શ્રાદ્ધ હતું, તેની દક્ષિણા લો. આમ કહી તે ઘેર ગયો. આ વખતે ગદાધરદાસના હૃદયમાં વિરહ બહુ જ હતો તેથી જલદી કશું ધરવું જોઇએ એમ વિચારી ભાવથી એક રૂપિયો લઇ સામગ્રી લેવા જલદી બજારમાં ગયા. તે વખતે એક કંદોઇ જલેબી કરતો હતો, તેને જોઇને જ તેને પૂછયું "આમાંથી કોઇને આપી તો નથી ને ?" એણે કહ્યું કે, "હમણાં જ કરી છે કોઇને વેચી નથી." એટલે રૂપિયો આપી કહ્યું કે જલદી આપી દે. તે લઇને આવીને ઘરમાં નહાઈ, શ્રીઠાકોરજીને ભોગ ધરી.

પછી શ્રીઠાકોરજીને પોઢાવી વૈષ્ણવોને બોલાવી બધો મહાપ્રસાદ લેવરાવી દીધો. પોતે તો ભૂખ્યા જ સુઇ રહ્યા;[૧] પણ મનમાં સુખ થયું, " કે શ્રીઠાકોરજી આરોગ્યા,અને બીજા વૈષ્ણવોનું સમાધાન કરવામાં પણ અડચણ ન આવી. પછી ત્રણ રૂપિયાની સામગ્રી લાવી સામગ્રી કરી ભોગ ધરી પછી શ્રીઠાકોરજીને પોઢાવી વૈષ્ણવોને બોલાવી મહાપ્રસાદની પાતળો ધરી. ત્યારે વૈષ્ણવો મહાપ્રસાદ લેતાં બોલ્યા, કે ગદાધરદાસ રાત્રે તમે મહાપ્રસાદ આપો તે સામગ્રી તો અમે પણ કરીએ છીએ, પરન્તુ એવો સ્વાદ આવતો નથી. માટે એવી સામગ્રી કરવાની ક્રિયા અમને પણ બતાવો. તમે શી રીતે કરી હતી ? ત્યારે ગદાધરદાસે કહ્યું કે લે મારે ઘેર કશું જ હતું નહિ. રાત્રે રૂપિયા ચાર આવ્યા તે તેમાંથી એક રૂપિયાની જલેબી બજારમાંથી લાવ્યો. આ રીતે બધું બન્યું હતું તે કહ્યું. આ સાંભળી બધા વૈષ્ણવો ગદાધરદાસ ઉપર પ્રસન્ન થયા.

ભાવપ્રકાશ–આનો હેતુ એ છે કે શ્રીઠાકોરજી અને શ્રીઆચાર્યજી આમના ઉપર પ્રસન્ન છે, તેવું બધા વૈષ્ણવોના હૃદયમાં છે, બુદ્ધિના પ્રેરક શ્રીકૃષ્ણ જ છે, તેથી નિષ્કપટ શુદ્ધ ભાવવાળા વૈષ્ણવ પર કોઈ અપ્રસન્ન ન થાય. આરીતે વૈષ્ણવો પ્રસન્ન થયા ત્યારે ગદાધરદાસે એક કીર્તન ગાયું કેઃ–

ગોવિંદ પદપલ્લવ શિરપર બિરાજમાન;
તિનકો કહા કહિ આવે સુખકો પ્રમાન.
વ્રજદિનેશ દેશ વસત કાલાનલ હૂ ન ગ્રસત;
વિલસત મન હુલસત કરી લીલારસ પાન.

---

[૧]ભક્તનો કલેશ પ્રભુ સહન કરતા નથી. તેથી સામગ્રી શ્રદ્ધના પૈસાથી આવી છે, છતાં શ્રીગદાધરદાસના વિરહે તે શુદ્ધ બની છે. તેથી સામગ્રીમાં અલૌકિક સ્વાદ આવ્યો અને તે બજારની જલેબી છતાં પ્રભુ પ્રેમથી આરોગ્યા. પુષ્ટિભાવ આગળ કશું પ્રમાણ નથી. વિરહ સહિત પ્રેમ જ અહીં પ્રમાણ છે. પુષ્ટિમાર્ગમાં ભક્તના હૃદયના પ્રેમ સહિતનો વિરહ જ નિયામક છે. તેથી પ્રભુને કર્તુંમ્ અકર્તુંમ્ અને અન્યથા કર્તુંમ્ સમર્થ કહ્યા છે.

ભીંજે નિત નૈન રહત હરિકે ગુણગાન કહત.
જાનત નહીં ત્રિવિધ તાપ માનત નહીં આન;
તિનકે સુખકમલ દરસ પાવન પદરેનુ પરસ;
અધમજન "ગદાધર" સે પાવત સન્માન;

જો કે હું અધમજન છું; પરન્તુ તમે બધા ભગવદીય છો, તેથી મારા જેવાનું સન્માન કરો છો. આ પ્રમાણે વૈષ્ણવોમાં અને શ્રીઠાકોરજીમાં દઢ પ્રીતિ એકરસ હતી, તેથી શ્રીઠાકોરજી અને વૈષ્ણવો એમને વશ હતા. ગદાધરદાસ આવા ઉત્તમ ભગવદીય છે.

વાર્તા પ્રસંગ ૨ જો.

એક દિવસ ગદાધરદાસે વૈષ્ણવોને મહાપ્રસાદ લેવા બોલાવ્યા હતા. બધી સામગ્રી કરી પણ શાક કશું હતું નહિ, એટલે ગદાધરદાસે ત્યાં બેઠેલા વૈષ્ણવોને કહ્યું કે તમારામાંથી કોઈ શાક લઈ આવે એવું છે ? આ વખતે વેણીદાસના ભાઇ માધવદાસ જેમણે વેશ્યા ઘરમાં રાખી હતી તેમણે કહ્યું, કહો તો હું લઇ આવું.

ભાવપ્રકાશ—આનો અર્થ એ છે કે મેં તો વેશ્યા રાખી છે તો મારૂં લાવેલું ઉપયોગમાં લેશો ?

આ સાંભળી ગદાધરદાસે કહ્યું કે " લઈ આવો. "

ભાવપ્રકાશ—ગદાધરદાસના હૃદયમાં દોષદષ્ટિ નથી. શ્રીઆચાર્યજી મહાપ્રભુજીનો સંબંધ જાણે છે, તેથી કહે છે કે લઈ આવો.

એટલે તરત જ બથવાની ભાજી લઇ આવ્યા, આ જોઇ તરત જ ગદાધરદાસે પ્રસન્નતાથી કહ્યું કે જલદી સુધારી લાવો.

ભાવપ્રકાશ—આમાં એ જણાવ્યું કે પ્રેમથી લાવ્યા તેથી સિદ્ધ કરવાની મુખ્ય સેવા પણ આપી, આમાં એ જણાવ્યું કે સેવા પ્રેમથી કરે તો ગમે તેવો હોય તેના હાથનું શ્રીઠાકોરજી પ્રીતિથી અંગીકાર કરે.

પછી સામગ્રી સિદ્ધ કરી શ્રીઠાકોરજીને ભોગ ધર્યો. સમય થયે ભોગ સરાવી અનોસર કરી બધા વૈષ્ણવોને મહાપ્રસાદની

પાતળો ધરી. મહાપ્રસાદ લેતાં વૈષ્ણવોએ શાક વખાણ્યું. આ વખતે પીરસતાં પીરસતાં ગદાધરદાસ માધવદાસ પાસે આવ્યા, અને પ્રસન્ન થઇને માધવદાસને કહે કે જો, તારું લાવેલું શાક શ્રીઠાકોરજી આરોગ્યા. તેથી તારી હરિભક્તિ દૃઢ થશે. આવો આશીર્વાદ આપ્યો.

ભાવપ્રકાશ—આમાં એ જણાવ્યું કે રંચક પણ સેવા શાકની માધવદાસે દીનતા પૂર્વક કરી તેથી શ્રીઠાકોરજી પ્રીતિથી આરોગ્યા. અને તે પ્રસન્નતા ત્યારે જાણવી કે વૈષ્ણવો એ મહાપ્રસાદ લેતાં સરાહના—વખાણદ્વારા જણાવે. તેથી એઉ સેવા સિદ્ધ થાય. વળી ભાગવદીય સમાન કોઈ ઉદાર નથી કેમકે જરાક શાકની સેવા કરી તેમાં તો જન્મ જન્મનો સંસાર મટાડી હરિભક્ત બનાવી દીધા; ગદાધરદાસ એવા ભાગવદીય છે.

વાર્તા પ્રસંગ ૩ જો.

એકવાર ગામની બહાર (એક) વણઝારો આવીને ઉતર્યો. તેને બળદ જોઇતો હતો તેથી ગામમાં આવ્યો. હવે દશપંદર ગદાધરદાસના સગા બ્રાહ્મણો બેઠા હતા. તેઓ ગદાધરદાસની ઇર્ષ્યા કર્યા કરતા હતા કે ગદાધરદાસ ભગત થયો છે. આ વણઝારાએ તે બ્રાહ્મણોને પૂછ્યું કે, મારે બળદ વેચાતો લેવો છે તે ક્યાં મળશે? ત્યારે આ બ્રાહ્મણોએ કહ્યું કે, (જાઓ) ગદાધરદાસ ભગત છે તેને ત્યાં જેટલા જોઇએ તેટલા મળશે. પરન્તુ એમ તો એ નહિ આપે એમને રૂપિયા આપી આવો. અને કહેજો કે અમને જ્યાંથી મળે ત્યાંથી લાવી આપો. પછી બીજે દહાડે જજો, એટલે બળદ તમને મળશે. એટલે વણઝારો રૂપિયા ૧૦૦) લઇ ગદાધરદાસ પાસે ગયો ને કહ્યું કે મારે બળદ લેવા છે, તે તમે મંગાવી આપો. આ સાંભળી ગદાધરદાસે કહ્યું, કે ભાઈ મારી પાસે બળદ કેવા? ગામમાં પૂછો. અમે તો જાણતા જ નથી. ત્યારે વણઝારાએ ગદાધરદાસ પાસે રૂપિયા ૧૦૦) ધરી દીધા અને ઉઠીને ચાલ્યો ગયો, અને કહ્યું કે કાલે બળદ લેવા આવીશ. મને ગામના લોકોએ આ પ્રમાણે કહ્યું છે. એટલે ગદાધરદાસે જાણ્યું કે આને અમારી નાત-

પાતળો ધરી. મહાપ્રસાદ લેતાં વૈષ્ણવોએ શાક વખાણ્યું. આ વખતે પીરસતાં પીરસતાં ગદાધરદાસ માધવદાસ પાસે આવ્યા, અને પ્રસન્ન થઇને માધવદાસને કહે કે જો, તારૂં લાવેલું શાક શ્રીઠાકોરજી આરોગ્યા. તેથી તારી હરિભક્તિ દૃઢ થશે. આવો આશીર્વાદ આપ્યો.

ભાવપ્રકાશ—આમાં એ જણાવ્યું કે રંચક પણ સેવા શાકની માધવદાસે દીનતા પૂર્વક કરી તેથી શ્રીઠાકોરજી પ્રીતિથી આરોગ્યા. અને તે પ્રસન્નતા ત્યારે જાણવી કે વૈષ્ણવો એ મહાપ્રસાદ લેતાં સરાહના—વખાણદ્વારા જણાવે. તેથી એઉ સેવા સિદ્ધ થાય. વળી ભગવદીય સમાન કોઈ ઉદાર નથી કેમકે જરાક શાકની સેવા કરી તેમાં તો જન્મ જન્મનો સંસાર મટાડી હરિભક્ત બનાવી દીધા; ગદાધરદાસ એવા ભગવદીય છે.

વાર્તા પ્રસંગ ૩ જો.

એકવાર ગામની બહાર (એક) વણઝારો આવીને ઉતર્યો. તેને બળદ જોઇતો હતો તેથી ગામમાં આવ્યો. હવે દશપંદર ગદાધરદાસના સગા બ્રાહ્મણો બેઠા હતા. તેઓ ગદાધરદાસની ઇર્ષા કર્યા કરતા હતા કે ગદાધરદાસ ભગત થયો છે. આ વણઝારાએ તે બ્રાહ્મણોને પૂછ્યું કે, મારે બળદ વેચાતો લેવો છે તે ક્યાં મળશે? ત્યારે આ બ્રાહ્મણોએ કહ્યું કે, (જાઓ) ગદાધરદાસ ભગત છે તેને ત્યાં જેટલા જોઇએ તેટલા મળશે. પરન્તુ એમ તો એ નહિ આપે એમને રૂપિયા આપી આવો. અને કહેજો કે અમને જ્યાંથી મળે ત્યાંથી લાવી આપો. પછી બીજે દહાડે જજો, એટલે બળદ તમને મળશે. એટલે વણઝારો રૂપિયા ૧૦૦) લઇ ગદાધરદાસ પાસે ગયો ને કહ્યું કે મારે બળદ લેવા છે, તે તમે મંગાવી આપો. આ સાંભળી ગદાધરદાસે કહ્યું, કે ભાઈ મારી પાસે બળદ કેવા? ગામમાં પૂછો. અમે તો જાણતા જ નથી. ત્યારે વણઝારાએ ગદાધરદાસ પાસે રૂપિયા ૧૦૦) ધરી દીધા અને ઉઠીને ચાલ્યો ગયો. અને કહ્યું કે કાલે બળદ લેવા આવીશ. મને ગામના લોકોએ આ પ્રમાણે કહ્યું છે. એટલે ગદાધરદાસે જાણ્યું કે આને અમારી નાત-

વાળાઓએ ચઢાવ્યો હશે. ત્યારે ગદાધરદાસે કહ્યું કે કાલે બપોર સુધી નહી રહી શકે? ત્યારે વણઝારાએ પ્રસન્નતાથી કહ્યું કે બહુ સારૂ. આ રૂપિયા રાખો.

પછી ગદાધરદાસે રૂપિયા ૧૦૦)ની સામગ્રી મંગાવી સઘળી સામગ્રી પાક સિદ્ધ કરી બીજે દહાડે ભોગ ધર્યો. પછી તે મહાપ્રસાદ બધા વૈષ્ણવોને પીરસતા હતા ત્યારે મધ્યાહ્નસમે વણઝારો આવ્યો. એટલે ગદાધરદાસે કહ્યું કે ઠીક સમયસર આવ્યો. આ બધા શ્રીઠાકોરજીના બળદ છે. આમાં વાછરડા પણ છે, જુવાન પણ છે. જેવા જોઈએ તેવા જોઇ લે.

ભાવપ્રકાશ—આમ કહેવાનો આશય એ છે કે બળદ એ ધર્મનું રૂપ છે. તેથી ગદાધરદાસે કહ્યું કે આજકાલ ધર્મ તો વૈષ્ણવોમાં છે, તેથી ધર્મ લેવો હોય સો જોઈ લો. બળદનો અર્થ એ છે કે જે કામ સોંપે તે કરે, ના જ ન પાડે, ને જે ખવરાવે તે ખાય, સદા સંતોષમાં રહે. તેવા આ વૈષ્ણવો છે. વળી જેનો જે કામમાં ઉપયોગ હોય તે તેને મળે ને તેમાં સંતોષ છે.

આ વણઝારાની સામગ્રી શ્રીઠાકોરજી આરોગ્યા, વૈષ્ણવોએ મહાપ્રસાદ લીધો અને ગદાધરદાસે પ્રસન્ન થઇને કહ્યું એટલે વણઝારાને જ્ઞાન થઇ ગયું, કે આ તો ભગવદ્ ભક્ત છે, ગામના લોકોએ મશ્કરી કરી લડાવવાનો ઉપાય કર્યો હતો. પરન્તુ મારૂં મહદ્ ભાગ્ય છે કે આ બહાને મારા જેવા પાપીની સત્તા (વસ્તુ) અંગીકાર થઈ. હવે હું આપને શરણે જાઉં તો કૃતાર્થ થાઉં. પછી સાષ્ટાંગ દંડવત કરી ગદાધરદાસને કહ્યું, હું રાતદિવસ સંસારમાં ભટકું છું હવે તમારે શરણે આવ્યો છું, મારો ઉદ્ધાર કરો. એટલે ગદાધરદાસે કહ્યું હું તો સેવક કરતો નથી પણ આ બધા વૈષ્ણવ અને હું શ્રીઆચાર્યજીના સેવક છીએ. તેઓશ્રી અડેલમાં બિરાજે છે, તેમના સેવક થાઓ. પછી દૈવી જીવ જાણી તેને ગદાધરદાસે મહાપ્રસાદ આપ્યો. પછી તે વણઝારો અડેલ આવી શ્રીઆચાર્યજી પાસે નામ પામી કૃતાર્થ થયો.

ભાવપ્રકાશ—આમાં એ જણાવ્યું કે ભગવદીયના એક ક્ષણના સત્સંગથી પણ દૈવી જીવ હોય તો તેનું કાર્ય સિદ્ધ થઈ જાય. ગદાધરદાસ ભગવદીય છે. એમના હૃદયનો અગાધ ભાવ છે તે શી રીતે કહ્યો જાય?

આ ગદ્દધરદાસજી શ્રીમહાપ્રભુજીના એવા કૃપાપાત્ર ભગવદીય છે. તેથી તેમની વાર્તાનો પાર નથી તે ક્યાં સુધી કહેવાય? વાર્તા ॥ ૮ ॥ થઇ.

—(૦)—

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના સેવક વેણીદાસ માધવદાસ બેઉ ભાઇ ક્ષત્રી હતા, કડામાં રહેતા તેમની વાર્તા અને તેનો ભાવ.

ભાવપ્રકાશ—આ વેણીદાસ વૃષભાનજીના ગાડાના બળદ છે. તેમણે ઋષભસખાને શિંગડું માર્યું, તેથી ત્રણ દિવસ ઋષભસખાને દુઃખ પડ્યું, તેના શાપથી ભૂમિ પર પડ્યા. અને માધવદાસ લલિતાજીની સખી રત્નપ્રભા છે. તે બેઉ અહીં ભગવદ્ ઇચ્છાથી ભાઇ થયા. પરન્તુ મન મળે નહિ. આ માધવદાસે ઘરમાં વેશ્યા રાખી હતી, તેથી બધા વૈષ્ણવો નિંદા કરતા, પરન્તુ આ વેશ્યા દૈવી વૈષ્ણવ હતી. લીલામાં ચંદ્રવલીજીની સખી ચંદ્રલતા એનું નામ હતું. તેથી અલૌકિક સંબંધ વગર દૈવી જીવોની દઢ પ્રીતિ થાય નહિ.

વાર્તા પ્રસંગ ૧ લો.

એક વાર શ્રીમહાપ્રભુજી કડામાં પધાર્યા. તે વખતે બધા વૈષ્ણવો દર્શન કરવા આવ્યા. પાછળથી માધવદાસને પણ ખબર પડી એટલે તેમણે પણ આવીને શ્રીમહાપ્રભુજીને દંડવત કર્યા, આ વખતે બધા વૈષ્ણવ દર્શન કરવા આવ્યા હતા, તેમણે બધાંયે શ્રીમહાપ્રભુજીને કહ્યું કે મહારાજ! માધવદાસે વેશ્યા રાખી છે. એટલે માધવદાસે કહ્યું કે, મહારાજ! મારૂં મન તેના ઉપર આસક્ત છે. તેથી રાખી છે. આ પ્રમાણે ત્રણ વાર શ્રીમહાપ્રભુજીએ પૂછ્યું અને ત્રણે વાર માધવદાસે કહ્યું કે મારૂં મન તેના પર આસક્ત છે, તેથી રાખી છે. આ સાંભળી શ્રીમહાપ્રભુજી ચુપ કરી રહ્યા.

ભાવપ્રકાશ—આનો અભિપ્રાય એવો છે કે પ્રથમ કરતા, તે માધવદાસને વેશ્યાનો સંગ છોડાવવા માટે કે નિંદાથી લાજના

માર્યા સંગ છોડી દેશે પોતાના ભાઈ જાણી આમ કરતા. ઈર્ષ્યા કે દ્વેષભાવ નહોતો જો દ્વેષ હોય તો બધાને બાધક થાય. પછી શ્રીઆચાર્યજી મહાપ્રભુજીને બધા વૈષ્ણવોએ કહ્યું તે પણ માધવદાસને માટે જ હતું કે શ્રીઆચાર્યજીના કહેવાથી છુટે તો ઠીક. હવે શ્રીમહાપ્રભુજી તો સર્વ લીલાનો પ્રકાર જાણે છે. તેથી કહ્યું કે, કેમ રે માધવદાસ! તેં વેશ્યા રાખી છે? "તું વેશ્યાનો સંગ છોડી દે, તને બાધક છે" એમ કહ્યું હોત તો માધવદાસ છોડી દેત. પણ આપે તો વખાણ કર્યાં, કે કેમ રે, માધવદાસ! વેશ્યા સરખી હીનનો પણ અંગીકાર કરી રાખી? બિચારી સંસારમાં વહી જતી હતી, વળી લૌકિકથી પણ ન ડર્યો? તેથી માધવદાસે કહ્યું કે મન તેના પર આસક્ત થઈ ગયું કે એનું ક્યાંય ઠેકાણું નથી, તેથી સંસારની લાજ શરમ તથા વૈષ્ણવોની પણ કાની છોડીને રાખી છે. મનની પ્રેરણા કરનાર તો આપ જ છો. આપે જ મને તેના પર આસક્ત કર્યો એટલે આપે જ રાખી છે. આ પ્રમાણે ત્રણવાર કહ્યું. આનું કારણ જો સાચી પ્રીતિ હશે, તો એક દૃઢ અને સાચાં વચન જ નીકળશે. તેથી સાચેસાચ માધવદાસે ત્રણવાર એક જ દૃઢ જવાબ આપ્યો. તેથી આપ બહુ પ્રસન્ન થઈ ગયા, કે આવા ટેકી વૈષ્ણવ દુર્લભ છે.

હવે બધા વૈષ્ણવ શ્રીઆચાર્યજી મહાપ્રભુજીને કહે, મહારાજ! અત્યાર સુધી તો આપની કાની (મર્યાદા) પણ હતી, હવે તો આપને પણ જવાબ આપી ચુકયો, આપ એને કશું કહો નહિ?

ભાવપ્રકાશ–તેણે આમ કહ્યું તેથી વૈષ્ણવોને ભારે ચિંતા થઈ કે આપની પાસે કહી દીધું; તો હવે આનું કલ્યાણ શી રીતે થશે? આવી ચિંતા થવાથી વૈષ્ણવોએ શ્રીમહાપ્રભુજીને ફરી કહ્યું કે આપ એને કશું કહો નહિ? આમ કહેવાનો આશય એ હતો કે આપ તેને કંઈ કહો.

આ સાંભળી શ્રીઆચાર્યજીએ વૈષ્ણવોના મનનું સમાધાન કર્યું કે તમે ચિંતા ન કરશો. એનું મન એના પર આસક્ત છે, તે ફેરવતાં શ્રીઠાકોરજીને કેટલી વાર લાગશે? વળી આને ગદાધરદાસે

આશીર્વાદ આપ્યો છે કે હરિભક્તિ દૃઢ થશે; તે જ આ માધવદાસ છે.

ભાવપ્રકાશ—આમ કહી એ બતાવ્યું કે એમની ચિંતા કરશો નહિ. એ સંસારમાં પડે એવો નથી. વેશ્યાઓ આદિ બીજાઓને પણ સંસારમાંથી કાઢનાર છે. ગદાધરદાસે દૃઢભક્તિ આપી તે મેં જ આપી છે. હવે જો હઠ કરીને હું છોડાવું તો ગદાધરદાસ ભગવદીયની કૃપા શી રીતે જણાય? તેથી ગદાધરદાસે દૃઢભક્તિ આપી તે દૃઢ થશે. તમે એની ચિંતા કરશો નહિ.

આ સાંભળી બધા વૈષ્ણવો પ્રસન્ન થઇને ચુપ થઈ ગયા. ત્યારપછી માધવદાસનું મન ફર્યું, વેશ્યાને દૂર કરી. વૈષ્ણવોની રીત મર્યાદામાં ચાલવા લાગ્યા. સારા વૈષ્ણવ થયા.

ભાવપ્રકાશ—આમાં એમ બતાવ્યું કે વેશ્યાને દૂર કરી એટલે તેને એવું જણાવ્યું કે તું શ્રીગુસાંઈજીની સખી છે, તેથી હવે શ્રીગુસાંઇજી પધારશે ત્યારે તારૂં કાર્ય સિદ્ધ થશે. તેથી અમારે ને તારે નહિ બને. આમ કહીને દૂર કરી. ત્યાર પછી આ વેશ્યાએ વગર ચોપડેલી ઘી વગરની લુખી ભાખરી ખાઇને પંદર વર્ષ સુધી નિર્વાહ કર્યો. પછી શ્રીગુસાંઈજી કડામાં પધાર્યા, તે વેશ્યાએ સાંભળ્યું. એટલે શ્રીગુસાંઈજી પાસે આવી વિનતિ કરી કે મહારાજ! મારો અંગીકાર કરો. ત્યારે શ્રીગુસાંઇજીએ કહ્યું કે અમે વેશ્યાને સેવક કરતા નથી, એટલે ઘેર આવીને પડી રહી. અન્નજળ પણ છોડી દીધું. શ્રીગુસાંઈજી કડામાં આઠ દિવસ બિરાજ્યા. દૂરથી વેશ્યા દર્શન કરી જતી. પછી નવમે દિવસે શ્રીગુસાંઇજી પધારવા લાગ્યા, ત્યારે વેશ્યા બે માણસના હાથ પકડીને આવી અને કહ્યું કે મહારાજ! આજે નવમો દિવસ છે; જો આપ મારો અંગીકાર નહિ કરો તો અન્નજળ વગર મારા પ્રાણ છુટી જશે. ત્યારે શ્રીગુસાંઈજીએ જાણ્યું કે એના દોષ દૂર થયા છે, આ શુદ્ધ થઈ છે. એટલે એને નામ સુણાવ્યું. પછી તેણે બ્રહ્મસંબંધની વિનંતિ કરી કે મહારાજ! માધવદાસ કહી ગયા છે કે તું શ્રીગુસાંઇજીની દાસી છું. તેથી આપને માટે તો પંદર વરસ સુધી સુકી અંગાખરી ખાઇને દેહ રાખી છે. હવે નવ દિવસથી જળ પણ છોડયું છે; હવે મને જેવી આજ્ઞા કરો તે હું કરૂં. હું તો દુષ્ટ છું. પરન્તુ માધવદાસના સંબંધથી મને શ્રીઆચાર્યજી મહાપ્રભુજીનાં દર્શન પણ થયાં છે, અને આપનાં પણ દર્શન થયાં છે. માટે

મને બ્રહ્મસંબંધ આપી મારે માથે ભગવત્સેવા પધરાવો, તો જ મારા પ્રાણ રહેશે. આ સાંભળી શુદ્ધભાવ જોઇ શ્રીગુસાંઇજીએ બ્રહ્મસંબંધ કરાવ્યું, અને લાલજી પધરાવી આપ્યા. વૈષ્ણવોને કહ્યું કે આને સેવાની રીતભાત બધી બતાવી દેજો. તે પ્રમાણે એ સેવા કરશે. આમ કરતાં કરતાં વેશ્યાને અટકાવ આવ્યો (છોવાઇ). વૈષ્ણવોએ તો એને વરજી કે ચાર દિવસ સુધી જળાદિકને પણ સ્પર્શ કરીશ નહિ. પરન્તુ તેનો બહુ પ્રેમ હોવાથી તેનાથી રહેવાયું નહિ તેથી અટકાવમાં પણ સેવા કરી. પછી પાંચમે દિવસે અપરસ કાઢી નાખી, અને શ્રીઠાકોરજીને પંચામૃત સ્નાન કરાવ્યું. તેથી વૈષ્ણવોએ એની સાથેનો વહેવાર છોડી દીધો. પછી કેટલાક દિવસે શ્રીગુસાંઇજી કડા પધાર્યા, ત્યારે બધાંએ શ્રીગુસાંઈજીને કહ્યું કે, મહારાજ ! આ વેશ્યાને અટકાવમાં ઘણી ના કહેવા છતાં સેવા કરે છે. આવું સાંભળી તે વેશ્યાને પાસે બોલાવી શ્રીગુસાંઇજીએ કહ્યું કે તું અટકાવમાં પણ લોટી કેમ ભરે છે ? ત્યારે વેશ્યાએ કહ્યું કે મહારાજ ! મારાં જેટલાં રૂવાં છે તેટલા ધણી મેં લૌકિકમાં કર્યા છે. તે બધા જ આપની કૃપાથી છુટી ગયા. હવે એક જ અલૌકિક ધણી આપશ્રીએ કૃપાથી કરી આપ્યો છે તેના વિના ચાર દિવસ શી રીતે રહેવાય ? આપ તો અંતર્યામી છો. એક ક્ષણનો પણ અંતરાય સહન થતો નથી. વળી પાંચમે દિવસે અપરસ કાઢી પંચામૃતથી શ્રીઠાકોરજીને સ્નાન કરાવું છું, આ મર્યાદા પણ રાખું છું. હવે આપ તો બધાંના અન્તરની જાણો છો. જેવી આજ્ઞા આપો તેમ હું કરૂં. ત્યારે શ્રીગુસાંઇજી આના ઉપર શ્રીઠાકોરજીની બહુ પ્રસન્નતા જોઈને પોતે બોલ્યા કે જેમ કરે છે તે પ્રમાણે કર્યા કરજે. આ પ્રમાણે તેના મનનું સમાધાન કરી ઘેર મોકલી, કે તું જલ્દી જા શ્રીઠાકોરજી તારે માટે બેસી રહ્યા છે. એટલે આ દંડવત કરીને ગઇ.

પછી વૈષ્ણવોને શ્રીગુસાંઈજીએ કહ્યું કે તે વેશ્યા જે કરે છે તે કરવા દેજો. તેને કશું કહેશો નહિ. એનું જોઈને બીજા કોઇ કરશો નહિ. એના પર શ્રીઠાકોરજી એવી રીતે કરવાથી જ પ્રસન્ન છે. તમારા ઉપર મર્યાદાથી પ્રસન્ન થશે. આવી રીતે આ વેશ્યાનો માધવદાસના સંગથી સ્નેહ થયો.

વાર્તા પ્રસંગ ૨ જો.

હવે માધવદાસ વેણીદાસની સાથે મળીને રહેતા. હવે એક

દિવસ બહુ કીમતી મોતીની માળા ભારે મૂલની વેચાવા માટે આવી. આ માળા જોઇને માધવદાસે વેણીદાસને કહ્યું કે આ માળા શ્રીનવનીતપ્રિયજીને લાયક છે; માટે ખરીદ કરી લો. ત્યારે વેણીદાસે કહ્યું કે માળામાં તો શું ! અમારે ત્યાં તો જે વસ્તુઓ છે તે બધી શ્રીઠાકોરજીની જ છે. આમ કહીને વાત ટાળી દીધી.

ભાવપ્રકાશ—આમાં એમ જણાવ્યું કે જે સંસારમાં આસક્ત છે, તે લોકોને દેખાડવાને માટે બધું શ્રીઠાકોરજીનું છે એમ કહે, પરન્તુ શ્રીઠાકોરજીને માટે ખર્ચ ન કરે.

આ સાંભળી માધવદાસે કહ્યું કે બધું શ્રીઠાકોરજીનું છે, તો શ્રીઠાકોરજીને માટે માળા કેમ લેતા નથી ? ત્યારે વેણીદાસે કહ્યું કે મારાથી શી રીતે લઇ શકાય ? એટલે માધવદાસે કહ્યું કે મારૂં દ્રવ્ય મને વહેંચી આપો. હું તમારાથી જુદો રહીશ.

ભાવપ્રકાશ—આમાં એમ કહ્યું કે તમે બળદનું સ્વરૂપ છો, તેથી કેવળ ગૃહસ્થાશ્રમના જ વહેવારનો બોજો ઉપાડો. હું તો જુદો રહી મનોરથ કરીશ.

હવે દ્રવ્યનો અડધો ભાગ વહેંચી લઇને જુદા રહ્યા. પણ દ્રવ્ય થોડું હતું તેથી માળા લઇ શકાઇ નહિ, પણ મનમાં એમ થયું કે જો આવી માળા શ્રીનવનીતપ્રિયજીને અંગીકાર થાય તો સારૂ; તેથી દ્રવ્ય લઇને દક્ષિણમાં કમાવા ગયા. હવે આ માળાનો તો અલૌકિક ભાવથી શ્રીઠાકોરજી માટે લાયક છે એવો વિચાર માધવદાસે કર્યો; તેથી તે લૌકિકમાં તો જાય નહિ, તેથી પ્રયાગમાં વેચાવા આવી. ત્યાં પ્રયાગના વૈષ્ણવોએ મળી તે વેચાતી લઇ શ્રીઆચાર્યજીને સમર્પણ કરી. શ્રીઆચાર્યજીએ એ માળા શ્રીનવનીતપ્રિયજીને પહેરાવી. હવે પણે માધવદાસ પણ બહુ દ્રવ્ય કમાયા; તેથી પહેલી માળા કરતાં પણ ઉત્તમ (વધારે કીમતી) માળા લઇને ચાલ્યા. માર્ગમાં એક મોટી નદી આવી. તેમાં નાવ પર બેઠા. બીજા પણ ઘણા લોકો બેઠા. નાવ જ્યારે નદીની વચ્ચો

વચ્ચ આવી ત્યારે શ્રીનવનીતપ્રિયજી લાલ છડી (લાકડી) લઇને આવ્યા, તેનાં દર્શન માત્ર માધવદાસ એકલાને જ થયાં. પછી શ્રીમુખથી કહ્યું કે નાવ ડુબાડુ ? ત્યારે માધવદાસે કહ્યું કે " निजेच्छातः करिष्यति " ત્યારે શ્રીનવનીતપ્રિયજી કહે, તું ક્યાં ગયો હતો ? ત્યારે માધવદાસે કહ્યું કે માળા લેવા ગયો હતો ત્યારે શ્રીનવનીતપ્રિયજી કહે કે, શું અમારે માળા નથી ? જો એજ માળા શ્રીઆચાર્યજીએ ધરાવી છે, બીજી પણ બહુ જ મારી પાસે છે. ત્યારે માધવદાસે કહ્યું કે મહારાજ ! આપને તો બહુ જ માળાઓ છે. પણ સેવકનો તો એવો ધર્મ નથી કે બેસી રહે. ઉદ્યમ કરવો જોઇએ, એટલે નાવ ડૂબતી રહી.

ભાવપ્રકાશ—શ્રીઠાકોરજીએ નાવ પર આવીને આમ કહ્યું તેનું કારણ એ કે તારી પછવાડે મારે પણ દક્ષિણમાં આવવું પડ્યું, તો તું શા માટે ગયો? શું મારે ત્યાં માળા નથી? માટે નાવ ડુબાડું તો તું શું કરે ? તારો ધારેલો મનોરથ ત્યાંનો ત્યાં રહે. ત્યારે માધવદાસે કહ્યું કે " निजेच्छातः करिष्याति "તેનો હેતુ "निजानां सेवकानां तस्य (तेषाम्) इच्छातः करिष्यति " આપ સદા ભક્તોની ઇચ્છા પ્રમાણે કરતા આવ્યા છો. " भक्तमनोरथपूरकाय नमः" એવું આપનું નામ છે. તેથી માળાનો અંગીકાર શ્રીઆચાર્યજી મહાપ્રભુદ્વારા થયો. એટલે ત્યાર પછી આ શરીર રૂપી નાવ ડુબે તેની મને ચિંતા નથી. જ્યારે તમારી હોય ત્યારે ડુબાડજો. વળી તમારે ત્યાં માળાઓ બહુ છે તેમાં મારો ઉદ્યમ શો ? જો આપનો મનોરથ કંઈ બની આવે તો જ ઉદ્યમ સફળ છે નહિ તો ગૃહસ્થાશ્રમ પણ વૃથા ભારરૂપ છે. માટે સેવકનો ધર્મ એવો છે કે તમને (કંઇપણ) અંગીકાર કરાવવાનો મનોરથ કરે છે. આ સાંભળી શ્રીઠાકોરજીએ નાવ ડૂબતી બચાવી, નહિ તો જેવી રીતે શ્રીઠાકોરજીએ નાવ ડુબાડવાનું કહ્યું તેમ માધવદાસ પણ भगवदिच्छा એમ કહત તો ભક્તની આજ્ઞા થતાં ડૂબી જ જાય. પરન્તુ निजेच्छातः કહ્યું નિજ એટલે ભક્ત અને તેની ઇચ્છા માળા અંગીકાર કરાવવાની છે. આ રીતે કહ્યું વળી માધવદાસને તો નાવ ડુબે તેની ચિંતા નથી, પરન્તુ બીજાઓ પણ નાવમાં બેઠા હતા તેઓ ભક્તસંગે બેઠા છે માટે ભક્તસંગે તો બચાવવા જ જોઈએ. તેમને માધવદાસ કેમ ડુબવા દે ? તેથી ભગવદીયની વાણી ગૂઢ છે. (તેને)

ભગવાન સમજે કે જેના. પર કૃપા હોય તે સમજે. જ્યારે નાવ ડોલી ઉઠી ત્યારે બધાંનાં મોઢાં ફિક્કાં પડી ગયાં. નાવિકે કહ્યું કે અમારા હાથમાં નથી. આ વખતે માધવદાસનું મન પ્રસન્ન હતું તેથી નાવ ડૂબતી બચી ગઇ. આ જોઈ બધાંયે કહ્યું કે આ મહાપુરુષ બેઠા છે, તેથી નાવ બચી, નહિ તો બધા ડૂબી જાત.

પછી પાર ઉતર્યા. થોડાક દિવસ પછી શ્રીઆચાર્યજી મહાપ્રભુજી પાસે માધવદાસ આવ્યા; ત્યારે શ્રીઆચાર્યજીએ માધવદાસને કહ્યું, નાવ ડૂબતી શી રીતે બચી ? ત્યારે બધા સમાચાર માધવદાસે શ્રીઆચાર્યજીને કહ્યા. આ વખતે બધા વૈષ્ણવોને શ્રીઆચાર્યજીએ કહ્યું કે, જુઓ આ તે જ માધવદાસ છે તે કેવો ટેકી વૈષ્ણવ થયો ? તે દિવસથી માળાનું નામ "માધવદાસ" કહેવાય છે, તે સઘળા વૈષ્ણવ કહે છે.

ભાવપ્રકાશ–આ કહી એ જણાવ્યું કે જેવું લીલામાં એમનું નામ રત્નપ્રભા છે, તેવી જ રીતે રતન જેવો પ્રકાશ માધવદાસની વાર્તાનો છે. માધવદાસ એવા ભગવદીય છે. આ વાર્તામાં ભગવદીયના આશીર્વાદનો ઉત્કર્ષ જણાવ્યો.

આ માધવદાસ શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના એવા કૃપાપાત્ર ભગવદીય છે, તેથી એમની વાર્તાનો પાર નથી તે કયાં સુધી કહીએ ? વાર્તા ॥ ૯ ॥ થઇ.

વાર્તા ૧૦ મી.

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના સેવક હરિવંશ પાઠક સારસ્વત બ્રાહ્મણ કાશીના (રહેવાસી) તેમની વાર્તા અને તેનો ભાવ.

ભાવપ્રકાશ–આ (હરિવંશ પાઠક) લીલામાં વિશાખાજીની સખી ગતિઉત્તાલિકા છે; બધી સેવા સામગ્રી તત્કાલ સિદ્ધ કરે છે. તેથી એની ચાલ એની ગતિક્રિયા ઉતાવળી એટલે જલ્દી કરે છે, તેથી વિશાખાજી એમના પર બહુ જ પ્રસન્ન રહેતાં.

આ હરિવંશ પાઠક પહેલાં ગણેશના ઉપાસક હતા. જ્યારે શ્રીમહાપ્રભુજીએ કાશીમાં પત્રાવલંબન ગ્રંથ કર્યો, અને પંડિતોને જીત્યા, ત્યારે હરિવંશ પાઠકના મનમાં આવ્યું કે હું શ્રીઆચાર્યજી મહાપ્રભુજીનાં દર્શન કરી આવું. તે દર્શન કરવા આવ્યા. આ વખતે (આપશ્રીનું) વિપ્રરૂપ જોઇને તેમના મનમાં આવ્યું કે એઓ બ્રાહ્મણ છે ને હું પણ બ્રાહ્મણ છુ. એ પંડિત છે તેનું મારે શું કામ છે ? મારે તો ગણેશનાં દર્શનમાં ઢીલ થાય તે ઠીક નહિ. આમ વિચારી દૂરથી દેખી પાછા ફર્યા. ઘેર આવી ગણેશની પૂજાનો સામાન લઇ ચાલવા લાગ્યા. ત્યારે બારણામાં ઠોકર વાગી ગબડી પડ્યા ને મૂર્છા આવી ગઈ. આ વખતે ગણેશે સ્વપ્નમાં તેમને કહ્યું, "હરિવંશ, તું શ્રીઆચાર્યજીનાં દર્શન કર્યા વગર મારી પાસે આવતો હતો તેથી હુ તારૂં મોં નહિ જોઉં, શ્રીઆચાર્યજીનો અપરાધ કર્યો. શ્રીઆચાર્યજી પૂર્ણપુરુષોત્તમ છે, તેમની પાસે અપરાધની ક્ષમા માગી મારી પાસે આવજે. તરત જ હરિવંશને શરીરની શુદ્ધિ આવી. એટલે શ્રીઆચાર્યજી મહાપ્રભુજી પાસે દોડ્યા આવ્યા ને દંડવત કરી વિનંતી કરી કે મહારાજ ! હું તો અજ્ઞાની જીવ છું, સંસાર સાગરમાં પડ્યો છું, તે આપના સ્વરૂપને શું જાણું ? હું તો ગણેશનો ઉપાસક છું, તે ગણેશ પણ આપના અપરાધથી ડરે છે. તેથી મને આપની પાસે મોકલ્યો છે, કે જા અપરાધ ક્ષમા કરાવી આવ. તેથી મેં હવે જ જાણ્યું કે આપ મારાથી મોટા છો, માટે હવે મને શરણે લો. આ વખતે શ્રીમહાપ્રભુજી શેઠ પુરુષોત્તમદાસને ત્યાં ઉતર્યા હતા, ત્યાં હરિવંશ પાઠકને નામ સંભળાવ્યું. ત્યારે હરિવંશ પાઠકે વિનંતી કરી કે મહારાજ ! ઘરમાં સ્ત્રી છે, એક બેટા છે, ને એક બેટી છે, તેનો પણ અંગીકાર કરો. ત્યારે શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે તમે કંઈકથી શ્રીઠાકોરજીનું સ્વરૂપ લાવો. પછી તમારે ઘેર પધારી બધાંને નામ નિવેદન કરાવી, શ્રીઠાકોરજી પધરાવી આપું. તેની તમે સેવા કરજો. બીજાની સેવા ન કરશો. ત્યારે હરિવંશ પાઠકે કહ્યું કે મહારાજ ! શ્રીપુરુષોત્તમની પ્રાપ્તિ થયા પછી એવો કોણ અભાગિયો છે કે બીજા દેવતાઓના દ્વાર પર ભટકે ? આમ કહી બજારમાં આવી કંઇક ન્યોછાવર—કીંમત—આપી એક નાના સરખા લાલજીનું સ્વરૂપ લીધું. પછી શ્રીઆચાર્યજી મહાપ્રભુજી પાસે આવી વિનંતી કરી કે હવે કૃપા કરીને જલ્દી પધારો. કારણ કે શરીરનો ભરોસો નથી,

તેથી કદાપિ કોઈનો કાળ થઈ જાય તો જીવનું અકલ્યાણ થાય. આવી આર્તિ જોઇ શ્રીઆચાર્યજી મહાપ્રભુજી હરિવંશ પાઠકને ઘેર પધાર્યા, સઘળી અપરસ સિદ્ધ કરાવી સઘળા કુટુંબને નામ નિવેદન કરાવ્યું. શ્રીઠાકોરજીને પંચામૃત સ્નાન કરાવી પાટે બેસાડ્યા. પછી પોતે પાક કરી ભોગ ધરી ભોજન કર્યું. બધાંને જુઠણ ધર્યું; પછી આપ શેઠ પુરુષોત્તમદાસને ત્યાં પધાર્યા.

પછી આપ પૃથ્વી પરિક્રમા માટે પધાર્યાં. આ વખતે હરિવંશ પાઠકને કહ્યું કે સંદેહ થાય તો શેઠ પુરુષોત્તમદાસને પૂછી લેજો આ હરિવંશ પાઠક સેવા બહુ જ સારી રીતે કરતા. શ્રીઠાકોરજી સાનુભાવતા જણાવવા લાગ્યા.

વાર્તા પ્રસંગ ૧ લો.

આ હરિવંશ પાઠક એક વખત પટણા વહેવાર માટે ગયા હતા. પટણાના હાકેમ સાથે તેમને બહુ જ મેળ હતો. તે હાકેમ પોતાના મનમાં એમ જાણે કે આ કશું માગે તો હું એમને આપું. હવે એકવાર તે હાકેમે કહ્યું કે હું તમારા પર બહુ જ પ્રસન્ન છું, માટે તમે જો કંઇ માગો તે હું આપું. ત્યારે હરિવંશ પાઠકે કહ્યું કે કોઇ દિવસ કશું કામ પડશે તો કહીશ. એમ કરતાં કરતાં ડોલોત્સવના દિવસો નજીક આવ્યા. ત્યારે શ્રીઠાકોરજીએ હરિવંશ પાઠકને જણાવ્યું કે તું મને શું ડોલ નહિ ઝુલાવે ? ત્યારે હરિવંશ પાઠકે મનમાં વિચાર્યું કે હવે શું કરવું ? દિવસ થોડા રહ્યા ! ચાલીને જવાથી તો પહોંચાય નહિ. એટલે તે હાકેમ પાસે ગયા, અને કહ્યું કશું માગું છું, તે મને મળવું જોઇએ. ત્યારે હાકેમે કહ્યું કે જે જોઇએ તે માગો. ત્યારે હરિવંશ પાઠકે કહ્યું કે મારે ત્રણ દિવસમાં કાશી પહોંચવું જોઇએ. તરત જ હાકેમે ઘોડો અને સાથે માણસો આપ્યા. મજલે મજલે ઘોડાની ખેપ ઉપર જાય અને મનુષ્ય અને ઘોડો બદલાતા જાય. આમ કરતાં બીજે જ દિવસે આવી પહોંચ્યા. રાત્રે બધી ડોલની તૈયારી કરી રાખી અને બીજે જ દહાડે ઝુલાવ્યા. ખૂબ આનંદ આવ્યો. પછી દશ પંદર દિવસ રહીને પટણા આવ્યા. ત્યારે તે હાકેમે હરિવંશ પાઠકને પૂછ્યું, ઘરમાં એવું શું જરૂરી કામ હતું કે આવું માગ્યું ? કંઇ

દ્રવ્યાદિ માગ્યું હોત તો લાખ રૂપિયા ખુશીથી આપત. ત્યારે હરિવંશ પાઠકે કહ્યું કે અમે ગૃહસ્થ છીએ, અનેક કામ ઘરનાં હોય, તેથી ગયો હતો. આવી રીતે પોતાનો ધર્મ ગુપ્ત રાખ્યો. એવા ભગવદીય છે. ત્યાર પછી મોટા ઉત્સવ તથા નાના ઉત્સવ બધા ઘેર આવીને કરતા.

ભાવપ્રકાશ—આમાં એ સિદ્ધાંત જણાવ્યો કે સ્નેહી હોય તે ઉત્સવ પોતાના શ્રીઠાકોરજી આગળ કરે તો શ્રીઠાકોરજી પ્રસન્ન રહે. વળી શ્રીઠાકોરજીની સેવાનો પ્રકાર કોઇને કહેવો નહિ. જેમ હરિવંશ પાઠકે આ હાકેમને મનથી કશું કહ્યું નહિ. જો કે ઘરમાં બધાં વૈષ્ણવ હતાં તોપણ તેમને પણ શ્રીઠાકોરજીના અનુભવની વાતો કરી નહિ.

આ હરિવંશ પાઠક શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના એવા કૃપાપાત્ર ભગવદીય છે. તેથી એમની વાર્તાનો પાર નથી તે ક્યાંસુધી કહીએ ? વાર્તા ॥ ૧૦ ॥ થઇ.

—(૦)—

વાર્તા ૧૧ મી.

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના સેવક ગોવિંદદાસ ભલ્લા ક્ષત્રી થાણેશ્વરમાં રહેતા તેમની વાર્તા અને તેનો ભાવ.

ભાવપ્રકાશ—ગોવિંદદાસ થાણેશ્વરમાં સિપાઇગીરી કરતા હતા; હથિયાર બાંધતા; અને થાણેશ્વરના હાકેમ પાસે રહેતા. રોજના પાંચસાત રૂપિયા મળતા. હવે થાણેશ્વરમાં શ્રીઆચાર્યજી મહાપ્રભુજી પધાર્યા, ત્યારે થાણેશ્વરમાં બહુ જ જીવો શરણે આવ્યા. આ વખતે ગોવિંદદાસ ભલ્લાએ શ્રીઆચાર્યજી મહાપ્રભુજી પાસે વિનંતિ કરી કે મહારાજ, મારી પાસે દ્રવ્ય બહુ જ છે, શું કરું ? ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે ભગવત્સેવા કરો. ત્યારે ગોવિંદદાસ ભલ્લાએ કહ્યું કે મહારાજ ! સ્ત્રી અનુકૂળ નથી. આનો આશય એ કે સ્ત્રી દૈવી નથી. ત્યારે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ કહ્યું કે સ્ત્રીનો ત્યાગ કર. એટલે ગોવિંદદાસે સ્ત્રીનો ત્યાગ કરી બધું દ્રવ્ય શ્રીઆચાર્યજી પાસે લાવી વિનંતિ કરી કે મહારાજ ! દ્રવ્યનું શું કરું ? સ્ત્રીનો તો ત્યાગ કર્યો. ત્યારે

શ્રીઆચાર્યજીએ કહ્યું કે આ દ્રવ્યના ચાર ભાગ કર: એક ભાગ શ્રીનાથજીને ભેટ કર, એક ભાગ સ્ત્રીને આપ, તેથી જેની સાથે લગ્ન કર્યું તેને છોડી દે છે તેનો દોષ દ્રવ્ય આપવાથી છૂટશે. બે ભાગ તારી પાસે રાખી પ્રભુની સેવા કર. ત્યારે ગોવિંદદાસ ભલ્લાએ કહ્યું કે મહારાજ! આપ પણ કંઇક અંગીકાર કરો. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે, ભલે એક ભાગ અમને આપ. એટલે ગોવિંદદાસે દ્રવ્યના ચાર ભાગ કર્યા. એક ભાગ શ્રીનાથજીને ભેટ કર્યો, એક ભાગ શ્રીઆચાર્યજી મહાપ્રભુજીને ભેટ કર્યો, એક ભાગ સ્ત્રીને આપ્યો અને એક ભાગનું દ્રવ્ય લઈને મહાવનમાં આવી રહ્યા; કારણ કે ગામમાં (રહે તો) સ્ત્રીનો સેવામાં પ્રતિબંધ પડે, તેથી મહાવનમાં આવી શ્રીમથુરાનાથજીની સેવા કરવા લાગ્યા.

વાર્તા પ્રસંગ ૧ લો.

આ ગોવિંદદાસ રોજ મહાવનમાં ચોવીસ ટકાની સામગ્રી કરે અને ભોગ ધરે અને ત્યાં જ મર્યાદામાર્ગીય વૈષ્ણવોને લેવરાવી દે, અને વધે તો ગાયને ખવરાવી દે. તેમાંથી પોતે કશું ન લે. પોતે જુદી લીટી (બાટી) કરીને ભોગ ધરીને લે.

ભાવપ્રકાશ—આનો આશય એ છે કે મહાવનમાં નંદરાયજીનું દેવાલય કરાવી બ્રાહ્મણને પૂજા સોંપી હતી, તે મર્યાદારીતે સેવા કરતો. ખર્ચ નંદરાયજી આપતા, તે જ શ્રીઠાકોરજી હતા. બ્રાહ્મણ પૂજા કરતો. તે દેવાલયનું પોતે શી રીતે લે? તેથી જુદી લીટી (બાટી) કરી માનસી ભોગ ધરી પોતે લેતા.

આમ કરતાં કરતાં બધું દ્રવ્ય ખૂટી ગયું; એટલે શ્રીનાથજીદ્વાર આવી શ્રીગોવર્ધનધરની પરિચારગી કરવા લાગ્યા. બેઉ સમયનાં પાત્ર માંજે, પાછલી દોઢ પહોર રાત રહે ત્યારે ઊઠી દેહકૃત્ય કરી નાહીને ગાગર લઇ મથુરા આવી શ્રીયમુનાજળની ગાગર ભરી, રાજભોગ પહેલાં પાછા આવતા. પાત્ર બધાં માંજી રસોઈમાં પોતનાં કરી, પોતાની બધી સેવાથી પરવારી પર્વત પરથી નીચે આવી, તિલક ધોઇ, માળા ઉતારી, ગાંઠે બાંધી,

ગોવર્ધનની આજુબાજુથી કોરી ભિક્ષા માગી લાવે. આહાર પણ પાંચ સાત શેરનો હતો. આ આહાર જેટલી ભિક્ષા મળી રહે ત્યારે પાછા આવી પોતાના હાથે દળીને રોટી કરી શ્રીગોવર્ધન-ધરની ધજાને બતાવી ચરણામૃત પધરાવીને લેતા. પછી સેનભોગનાં પાત્ર માંજતા. રસોઇનાં પોતનાં કરી સેવાથી પહોંચીને સુઇ જતા. આવી રીતે સેવા કરતા, પરન્તુ શ્રીગોવર્ધનનાથજીને તેથી સારું લાગતું નહિ (ગમતું નહિ).

ભાવપ્રકાશ–તેનું કારણ એ કે જો ભાવપ્રીતિથી સેવા કરતા હોત તો શ્રીગોવર્ધનધર તેમની પાછળ પાછળ ફરતા. પરન્તુ ગોવિંદદાસ ભલ્લા તામસી હતા; તેથી (આ બધી સેવા) અહંકારથી કરતા. સ્ત્રીનો ત્યાગ પણ અહંકારથી કર્યો હતો. મહાવનમાં પણ રોજ ચોવીસ ટકાની સામગ્રી કરતા, તે પણ અહંકારથી કરતા. અહીં પણ બધી સેવા અહં-કારથી કરતા. શરીરને કષ્ટ પડતું, પરન્તુ બધા સેવકોને સેવાથી નીચું જોવરાવી દીધું કે મારી બરાબરી કોણ કરે તેવો છે? તેથી શ્રીગોવર્ધન-ધરને સારું લાગતું નહિ.

આથી શ્રીગોવર્ધનધરે અડેલમાં શ્રીઆચાર્યજી મહાપ્રભુ-જીને કહ્યું કે તમારો સેવક મને બહુ ખીજવે છે (પજવે છે).

ભાવપ્રકાશ–આમાં એમ જણાવ્યું કે અહંકારથી બહુ સેવા કરે છે, મને ખીજવે છે, અપ્રસન્ન કરે છે, આમાં 'તમારો સેવક' આવું કહીને એવું બતાવ્યું કે હું તો એને દંડ દઉં પણ તમારો સેવક છે, માટે તમે જ સમજાવો.

એટલે શ્રીઆચાર્યજી મહાપ્રભુજી અડેલથી આગ્રા પધાર્યા ને બધા વૈષ્ણવોને પૂછ્યું શ્રીઠાકોરજીને કોણે અપ્રસન્ન કર્યા છે?

ભાવપ્રકાશ–અહીં બધાને પૂછવાનું કારણ એ છે કે પોતે તો બધું જાણે છે કે ગોવિંદદાસ ભલ્લાએ અપ્રસન્ન કર્યા છે તો પણ બધાને પૂછવાથી અહંકાર સહિત બીજા કોઇ પણ સેવા કરે, તો શ્રીઠાકોરજી અપ્રસન્ન થઇ જાય (તે સમજી શકે).

આ સાંભળી બધા વૈષ્ણવોએ કહ્યું કે, મહારાજ! અમે તો કશું જાણતા નથી. અહંકાર કઇ વાતનો કરીએ? અમારાથી તો કશું બનતું નથી. ત્યારે પ્રસન્ન થઇને આપ આગ્રાથી મથુરા પધાર્યા. ત્યારે અહીં પણ બધાંએ કહ્યું કે મહારાજ અમે તો કશું જાણતા નથી. એટલે આપ પ્રસન્ન થઇને શ્રીનાથજીદ્વાર પધાર્યા, અને સ્નાન કરી મંદિરમાં પધાર્યા. શ્રીગોવર્ધનધરના બેઉ કપોલ પર હાથ ફેરવીને પૂછ્યું: બાબા, અનમના (ઉદાસીન) કેમ છો? ત્યારે શ્રીગોવર્ધનધરે કહ્યું: તમારો સેવક મને બહુ જ ખીજવે છે. એટલે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ સઘળા સેવકોને બોલાવીને સેવા, ટહેલ, મહાપ્રસાદ સંબંધી પૂછ્યું, અને સઘળાને શિખામણ આપી કે અહંકાર ન કરશો. પછી ગોવિંદદાસને પણ પૂછ્યું તો તેમણે પણ પોતે જે રીતે ટેલ કરતા હતા તે બધું કહ્યું. ત્યારે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ કહ્યું કે શ્રીનાથજીની રસોઇમાં સઘળા સેવક મહાપ્રસાદ લે છે, (તેમ) તમે પણ લીધા કરો.

ભાવપ્રકાશ—આમ કહેવાનો હેતુ એ છે કે બધા સેવકોની રીતે ચાલો. અહંકાર છોડી દો. શ્રીઠાકોરજી તો 'अक्लिष्टकर्मा' છે. દુઃખી થઈને અહંકારથી કરીએ તે પ્રભુને રુચે નહિ.

ત્યારે ગોવિંદદાસે કહ્યું કે મહારાજ! દેવઅંશ શી રીતે લઉં?

ભાવપ્રકાશ—તેનો આશય એ છે કે બધા દેવઅંશ લે છે (તે) હું શી રીતે લઉં?

ત્યારે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ કહ્યું કે અમારી રસોઇમાં મહાપ્રસાદ લો.

ભાવપ્રકાશ—તેનો આશય એ છે કે આપની રસોઈ થાય એ કહીને એવું જણાવ્યું કે શ્રીગોવર્ધનધરની સેવા છોડી અમારી કરો. અહીં

રહો અને બધા સેવકો સાથે મળીને ચાલો તો નિર્વાહ થાય. નહિ તો અમારી પાસે રહો અને મહાપ્રસાદ લો.

આ સાંભળી ગોવિંદદાસ ફરી અહંકારથી કહે કે દેવ-અંશ, ગુરુઅંશ કેમ લઉં ? ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે સેવા છોડી દો.

ભાવપ્રકાશ—આમાં એમ જણાવ્યું કે શ્રીનાથજી પાસે અહંકાર કર્યો ત્યારે સહજમાં સેવા છૂટી ગઈ. સેવા છોડી દીધી પણ આજ્ઞા ન માની. તેથી શ્રીગોકુલનાથજી કહે છે કે અહંકારી ક્ષત્રીએ સેવા છોડી દીધી. આનો આશય એ છે કે શ્રીગોકુલનાથજીને અહંકાર પ્રિય નથી. "तामसानां अधोगतिः" કારણ કે અહંકાર દાસભાવમાં વિરોધી છે, તેથી ક્ષત્રિય અહંકારી એમ કહ્યું. તેનો આશય એ છે કે બીજા અનેક ક્ષત્રિય સેવક થયા પણ બધાંએ ક્ષત્રિય-પણાનો અહંકાર છોડી દીધો અને આમને વૈષ્ણવ ન કહેતાં ક્ષત્રિય કહ્યા, કારણ કે ક્ષત્રિયપણું દાસ થવા છતાં ન ગયું, અને તે પણ ગુરુની આગળ. તેથી ઉત્તમ કુળનો મદ બાધક બતાવ્યો, જેથી અહંકારને લીધે એક દિવસ સેવા છૂટે. સેવા શ્રીઠાકોરજી ન કરાવે. આ સિદ્ધાંત બતાવ્યો. તેથી શિક્ષાપત્રમાં કહે છે કે:—

असाधनः साधनो वा न साधुः साधुरेव वा ।
शरणादेव निखिलं फलं प्राप्नोत्यसंशयः ॥

આ માર્ગમાં કેટલાક અસાધન છે, જેનાથી ભગવદ્ધર્મ બનતો નથી. કેટલાક સાધન બહુ કરે છે, સેવા, સ્મરણ, જપ, પાઠ વગેરે. તેમાં કોઈ સાધુ જ સાત્વિક છે, કોઈ અસાધુ રાજસી તામસી છે. છતાં, પ્રભુનું શરણ જેને રાત્રિદિવસ દૃઢ છે, તેને તો નક્કી જ પ્રભુની પ્રાપ્તિ થાય છે જ એ બતાવ્યું.

વાર્તા પ્રસંગ ૨ જો.

હવે ક્ષત્રિય અહંકારીએ સેવા છોડી દીધી, પછી મથુરા આવ્યા. પરન્તુ સેવાપૂજા વગર રહેવાતું નહિ, દૈવી છે, તેથી કેશવરાયજીની સેવા ઇજારે લીધી. તે પણ વિપરીત કર્યું.

ભાવપ્રકાશ—કારણ કે પ્રથમ મહાવનમાં શ્રીમથુરાનાથજીની સેવા છોડી દીધી અને શ્રીગોવર્ધનધરની સેવા કરી, તે તો ઠીક કર્યું. પરન્તુ શ્રીગોવર્ધનનાથજીની સેવા છોડી ફરી મર્યાદામાં ગયા. તેનું પરિણામ વિપરીત આવ્યું તે હવે કહે છે.

પછી એકવાર ગોવિંદદાસે કેશવરાયજીની શય્યા (ની પાટી) તૈયાર કરવી. તે વણનારને મેવો ખવરાવીને વણાવી, તેથી તે બહુ જ સુંદર થઈ. વળી મથુરાના હાકેમે (એક બીજી) ખાટ નિવાર (પાટી) વડે ભરાવી. ત્યારે કોઇએ કહ્યું કે કેશવરાયજીની શય્યા થઇ તેવી આ ન થઇ. આ સાંભળીને તે હાકેમ કેશવરાયજીના મંદિરમાં આવ્યો. તિબારીમાં કેશવરાયજીની શય્યા ઢારી હતી, તેના પર ચઢી બેઠો. કોઇએ ગોવિંદદાસ ભલ્લાને કહ્યું કે મથુરાનો હાકેમ આવી શ્રીઠાકોરજીની શય્યા પર બેઠો છે. તરત જ ગોવિંદદાસ ગુપ્તી લઇને આવ્યા ને હાકેમને ત્યાં જ મારી નાખ્યો. પછી હાકેમના માણસોએ ગોવિંદદાસની પણ એવી જ દશા કરી. આ વાત મથુરાના વૈષ્ણવોએ સાંભળી, એટલે ગોવિંદદાસના દેહને અગ્નિસંસ્કાર કર્યો.

પછી આ વાત એક વૈષ્ણવે શ્રીઆચાર્યજીને કહી ને કહ્યું કે, મહારાજ ! આવા વૈષ્ણવની આવી ગતિ કેમ થઇ ? ત્યારે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ કહ્યું કે આને પરલોકમાં તો કશી હાનિ થઇ નથી, પણ એણે અમારી આજ્ઞા ન માની તેથી આવું થયું. આ પૂર્વ જન્મમાં નંદરાયજીનો ભેંસા—પાડો—હતો. તેના ઉપર શ્રીઠાકોરજી ચઢતા. તેણે એક વાર શ્રીઠાકોરજીને પૂછડાની ઝાપટ મારી; તેનો દંડ થયો. અને શ્રીનંદરાયજીને ત્યાં શ્રીઠાકોરજીનું મંદિર બન્યું ત્યારે એણે પીઠ પર પાણી તથા માટી બહુ જ વહ્યાં છે.

ભાવપ્રકાશ—આમ કહીને એમ જણાવ્યું કે ત્યાં પણ ભાર ઉપાડ્યો અને અહીં પણ ભાર ઉપાડ્યો; પણ પ્રીતિથી સેવા કરી નહિ. જેવો અધિકાર પૂર્વનો હોય તેવું જ કાર્ય બને.

આ ગોવિંદદાસ સારસ્વત કલ્પમાં નન્દરાયજી પાસે હથિયાર બાંધીને રહેતા. મથુરામાં કંસને કર આપતા તે એમની મારફતે મોકલતા. લીલામાં એમનું નામ " મનસુખા " ગોપ છે. જ્યારે શ્રીઠાકોરજીએ ધોબીનાં વસ્ત્રો લૂંટ્યાં અને માર્યો તે વખતે મનસુખાએ કંસના પૈસા ટકા રાખતો તેને લૂંટી લઈને મારગમાં બહુ જણને માર્યા. તે બધા દશ પાંચ અસુરો થઈ ગયા; તે એમનો વેરભાવ ચાલ્યો આવ્યો છે.

ત્યાર પછી શ્વેત વરાહ કલ્પ આવ્યો તેમાં એ નંદરાયજીને ત્યાં બેસા–પાડા થયા. તે વાતને પાંચ હજાર વરસ થયાં. ત્યાં શ્રીઠાકોરજીને પૂછડાની ઝાપટ મારી. આ અપરાધ થયો. આ મથુરાનો હાકેમ મ્લેચ્છ હતો તે કંસનો ખજાનચી હતો. તેને ગોવિંદદાસે માર્યો, કારણ કે એણે નંદરાયજી પાસેથી બહુ જ પૈસા લીધા છે. અને આજ શ્રીઠાકોરજીની શય્યા પર બેઠા છે. આ મારવા લાયક છે. તેથી માર્યો અને પાંચદશને પહેલાં અસુરો કર્યા. તેમણે બધાએ મળીને ગોવિંદદાસને માર્યા. બધાનું વેર છૂટી ગયું. પછી હવે નંદરાયજીને ત્યાં ફરીથી ગોપ થયા. આ પ્રકાર કહી એ જણાવ્યું કે પાછલું વેર હોવાથી વેર થાય અને પાછલો સ્નેહ હોય તો તેથી સ્નેહ થાય. આ ગોવિંદદાસ ભલ્લા એવા ભગવદીય હતા. એની વાર્તામાં એ સિદ્ધાંત બતાવ્યો કે અહંકાર ન કરવો અને પોતે હઠ કરી ગુરુની આજ્ઞાનું ઉલ્લંઘન ન કરવું, તેમજ પુષ્ટિમાર્ગીય શ્રીઠાકોરજીની સેવા છોડીને મર્યાદામાર્ગીય શ્રીઠાકોરજીનીજ સેવા ન કરવી.

આ ગોવિંદદાસ શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના એવા કૃપાપાત્ર ભગવદીય છે, તેથી એમની વાર્તા ક્યાંસુધી કહીએ? વાર્તા ૧૧મી થઈ.

વાર્તા ૧૨ મી.

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીની સેવક અંમા ક્ષત્રાણી તેની વાર્તા અને તેનો ભાવ.

ભાવપ્રકાશ–આ લીલામાં રોહિણીજી હતી. અને તે નંદરાયજીને ત્યાં રહી. પછી મથુરા ગઈ; પરન્તુ મન એનું વ્રજમાં રહ્યું, તેથી હવે

શ્રીઆચાર્યજી મહાપ્રભુજીનો સંબંધ પ્રાપ્ત કરીને વ્રજલીલામાં અંગીકાર થયો. તેથી એનો પુત્રભાવ જ દૃઢ છે. આ અંમા ક્ષત્રાણી કડામાં રહેતી. કુટુંબ વિશાળ હતું. આ અંમાને બે પુત્ર થયા હતા. એક વર્ષ બેનો, એક વર્ષ ચારનો હતો. હવે અંમાનાં પતિ, સાસુ, સસરો, માબાપ મરી ગયાં. અંમા અને બે છોકરા જ રહ્યાં. આ કડામાં ગદાધરદાસ રહેતા હતા. ત્યાં શ્રીઆ-ચાર્યજી પધાર્યા હતા. તે સમયે એક રાત્રે શ્રીઠાકોરજીએ અંમાને સ્વપ્ન આપ્યું કે તું સવારે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીને શરણે જજે; હું શ્રીઆચાર્યજી શ્રીમહાપ્રભુજી પાસે છું; ત્યાંથી મને પધરાવી મારી સેવા કરજે. તરત જ અંમાની ઊંઘ ઊડી ગઈ અને વિરહ બહુ થયો, કે ક્યારે સવાર થાય અને ક્યારે હું શ્રીઆચાર્યજી મહાપ્રભુજીને શરણે જાઉં! સવાર થતાં જ નાહીને શ્રીઆચાર્યજી મહાપ્રભુજી પાસે આવીને દંડવત્પ્રણામ કર્યા; વિનંતિ કરી કે મહારાજ, મને શરણે લો. અને આપની પાસે શ્રીબાલકૃષ્ણજી છે તેમણે મને રાત્રે કૃપા કરીને એવી આજ્ઞા કરી છે. ત્યારે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ પોતે અંમાનો શુદ્ધ ભાવ જોઈને તેને નામ નિવેદન કરાવ્યું. વળી એક બ્રાહ્મણ દક્ષિણમાંથી આવ્યો હતો, તેની પાસે નાના સરખા લાલજી હતા; તેણે શ્રીઆ-ચાર્યજીને આ લાલજી આપીને બદરિકાશ્રમ જઈ કેટલાક દિવસ તપસ્યા કરી દેહ છોડયો હતો. તે શ્રીઠાકોરજી અંમાને માથે પધરાવ્યા અને આજ્ઞા કરી કે આમનું નામ શ્રીબાલકૃષ્ણજી છે; એમની બાલભાવથી પુત્રની પેઠે સ્નેહથી સેવા કરજો. આ રીતે કૃપા કરી. વળી અંમાના બે બેટા તે શ્રીઠાકોરજીના અંતરંગ સખા છે. મોટા અર્જુન અને નાનો ભોજ. તેમને પણ નામ નિવેદન કરાવી, અંમાને આજ્ઞા કરી: આ બેઉ બેટાઓને કોઈના હાથનું ખાન પાન કરાવશો નહિ. આ શ્રીઠાકોરજીનો જ મહાપ્રસાદ આપજો. એ પણ લીલા સંબંધી છે. મહાપ્રસાદ વગર બીજું કંઈ પણ ખાશે તો તેમને બાધક થશે. આવી રીતે અંમાનો અંગીકાર કરી શ્રીઆચાર્યજી શ્રીમહાપ્રભુજી પોતે કાશી પધાર્યા. સંન્યાસ ગ્રહણ કરી આપે આસુરવ્યામોહ લીલા કરી.

વાર્તા પ્રસંગ ૧ લો.

આ અંમા ક્ષત્રાણી સેવા બાળભાવથી બહુ જ પ્રીતિથી કરતાં. તેમના બેઉ બેટા તેમને અંમા કહેતા, તેથી શ્રીઠાકોરજી

પણ સાનુભાવપૂર્વક અંમા કહેતા. હવે એમ કરતાં કરતાં શ્રીઠાકોરજી પણ બેઉ બાળકો સાથે ખેલતા. ઇંટો ઘસી ઘસીને એકબીજાને ચોપડતા અને ઉરાડતા. આ જોઇને અંમા મનમાં બહુ સુખ પામતી. ભાવે વરતતી (રોકતી) કે આ શા ખેલ! ક્યાંક (આ ધૂળ) આંખમાં પડી બેસશે! એમ કરતાં થોડા દિવસમાં એનો મોટો દીકરો મૃત્યુ પામ્યો. ત્યારે અંમા શ્રીઠાકોરજીની સેવાથી પહોંચીને રડવા બેસતી. ક્ષત્રિયોમાં રડવાનો રિવાજ બહુ જ છે. અંમાને રડતી દેખી શ્રીઠાકોરજી કહેતાઃ તું રોઇશ નહિ. આ પ્રકારે શ્રીઠાકોરજી રોકતા અને ખેદ કરતા. પણ અંમા માનતી નહિ. એમ કરતાં કરતાં અંમાનો બીજો દીકરો પણ મરી ગયો. ત્યારે તો અંમા બહુ જ રોવા લાગી. ત્યારે પણ શ્રીઠાકોરજી રડવાનું ના કહેતા. પોતે કહેતા કેઃ "અંમા રડ નહિ." પણ એ અંમા રડતી છાની રહે નહિ; ત્યારે શ્રીગુસાંઇજીને અડેલમાં શ્રીઠાકોરજીએ કહ્યું કે અંમા રડે છે. તેથી મને બહુ દુઃખ થાય છે, માટે તમે આવીને સમજાવો.

ભાવપ્રકાશ—આ બેઉ બેટાઓના દેહ તેથી છૂટયા કે જો મોટા થાય તો સંસારના કાર્યમાં વળગે, અંમાનું મન એમના વિવાહાદિકમાં જાય. વળી આ શ્રીઠાકોરજીના અંતરંગ સખા છે, તેથી જલદી લીલામાં બોલાવી લીધા. પરન્તુ અંમા ભગવદીય હોઇને કેમ રડી! તેનો આશય એ છે કે દુનિયામાં પુત્રનો શોક છે તે તો અંમાને નથી, પરંતુ શ્રીઠાકોરજી બેઉ બેટા સાથે ખેલતા, ઇંટ ઘસીને પરસ્પર દેહ ઉપર લગાડતા, ઉરાડતા. આવા અનેક પ્રકારના ખેલનાં દર્શન અંમા કરતી. તે ખેલનું સુખ ગયું. બેઉ બેટા શ્રીઠાકોરજીનાં ખિલોનાં હતાં. હવે શ્રીઠાકોરજી કોની સાથે ખેલશે! આ ભાવથી અંમા રડતી હતી. તેથી શ્રીઠાકોરજી અંમાના ઉપર પ્રસન્ન થઇને રડવાનું ના કહેતા. અંમાનું દુઃખ સહન કરી શકતા નહિ. પણ જો પુત્રનું મમત્વ કરીને રડતી હોત તો શ્રીઠાકોરજી બોલત નહિ.

આથી શ્રીગુસાંઇજીએ અડેલથી કડા પધારીને, અંમાને ઘેર જઇ, એમને કહ્યું કે તું રોઇશ નહિ; શ્રીઠાકોરજીને દુઃખ થાય છે.

ભાવપ્રકાશ–આ પ્રમાણે કહીને અંમાના બેટાઓનું સ્વરૂપ બતાવ્યું કે જે અંતરંગ સખા છે. મોટા થાય તો સંસારમાં પડે તે ઠીક નહિ માટે તું રડ નહિ.

અંમા આ સાંભળી રડતી મટી. આ અંમાનો એવો સ્નેહ હતો, કે જ્યારે શ્રીઠાકોરજીને ઉઠાડે ત્યારે બેઉ હાથે સુગંધી અત્તર આદિ લગાડી શ્રીઅંગને સ્પર્શ કરે. મારા હાથ કઠણ છે. બાળક કોમળ હોઈ શ્રીઅંગ પણ કોમળ છે. આ પ્રકારે બધી સેવા પ્રેમથી કરતી.

ભાવપ્રકાશ–આ સોંધો તે શ્રીસ્વામિનીજીના સ્નેહરૂપ સચ્ચિકણ છે. આ કહીને એ જણાવ્યું કે વ્રજભક્તના તથા જશોદા રોહિણીજીના ભાવથી સેવા કરતી, તેથી શ્રીઠાકોરજી અંમા પર બહુ જ પ્રસન્ન રહેતા.

વાર્તા પ્રસંગ ૨ જો.

વળી એકવાર શ્રીઠાકોરજીના આગળ દૂધનો કટોરો ભરીને ધર્યો. ટેરો ખેંચીને અંમા બાહાર આવી. એવામાં શ્રીગુસાંઈજી અંમાને ત્યાં પધાર્યા. ત્યારે અંમાને એવું પૂછ્યું કે શ્રીઠાકોરજીને શો સમય છે ? ત્યારે અંમાએ કહ્યું કે, બાબા પધારો, આપને તો સદા સમય જ છે. એટલે તરત જ ટેરો સરકાવીને શ્રીગુસાંઈજી અંદર ગયા અને જુએ છે તો શ્રીઠાકોરજી હાથમાં કટોરો લઈ દૂધ પીએ છે; જાતે દૂધ પીએ છે. એટલે અંમાએ કહ્યું કે એ તો બાળક છે; શું આપ જાણતા નથી ? ત્યારે શ્રીગુસાંઈજીએ કહ્યું કે આ દૂધ અમારે ત્યાં પહોંચાડજો. ત્યારે અંમાએ કહ્યું કે આપ જ આરોગનારા છો; ફાવે તો અહીં આરોગો અગર ફાવે તો ત્યાં આરોગો. આવાં અંમાનાં સ્નેહનાં વચન સાંભળીને શ્રીગુસાંઈજી બહુ પ્રસન્ન થયા; પોતાને મુકામે પધાર્યા. પાછળ અંમા પણ દૂધ લઈને આવ્યાં અને શ્રીગુસાંઈજીને પાન કરાવ્યું.

ભાવપ્રકાશ–આનું કારણ એ છે કે અંમા રોહિણીજીનું સ્વરૂપ છે. આથી બાલકૃષ્ણજી રોહિણીજીના ભાવથી છે, તેથી શ્રીબાલકૃષ્ણજી દૂધ આરોગતા હતા ત્યારે શ્રીગુસાંઈજી પાછા ફર્યા, કારણ કે શ્રીનવનીતપ્રિયજી

શ્રીગુસાંઈજીના શ્રીઠાકોરજી છે. જો એ શ્રીનવનીતપ્રિયજી હોત તો આપ પાન કરાવત. પણ રોહિણીજી અને ચંદ્રાવલિજી બન્નેનો અરસપરસ સ્નેહ બહુ જ છે. રોહિણીજી ચંદ્રાવલિજીનો ભાવ જાણે છે. તેથી શ્રીગુસાંઇજી પ્રસન્ન થઇને એમ કહે છે કે આ પ્રસાદી દૂધ અમને મોકલજો. આ પાછલો લીલાનો સ્નેહ જણાવ્યો. ત્યારે અંમાએ કહ્યું કે ચાહે તો અહીં આરોગો અગર ત્યાં આરોગો. તેનું કારણ એ કે તમે જ આરોગનાર છો. આ શ્રીઠાકોરજી તમે જ રાખનાર છો, આ શ્રીઠાકોરજી તમારા જ છે.

પછી અંમાનો દેહ છૂટ્યો ત્યારે શ્રીગુસાંઇજીએ (આ શ્રીબાલકૃષ્ણજી ઠાકોરજીને) શ્રીનવનીતપ્રિયજીની પાસે પધરાવ્યા.

ભાવપ્રકાશ–કારણ કે રોહિણીજી સાથે શ્રીગુસાંઈજીનો ભાવ મળ્યો છે. રોહિણીજી પણ લીલાનાં સાધક છે, તેથી અંમાની કાળજી શ્રીગુસાંઇજી બહુ જ રાખતા.

આ અંમા એવી કૃપાપાત્ર ભગવદીય હતી તેથી તેની વાર્તા ક્યાં સુધી કહીએ? વાર્તા ॥ ૧૨ ॥ થઇ.

ભાવપ્રકાશ—આ વાર્તામાં એ સિદ્ધાંત બતાવ્યો કે ભક્તનો ક્લેશ પ્રભુ સહન કરી શક્તા નથી, તેથી લૌકિક વૈદિક ક્લેશ આવી પડે તો વૈષ્ણવ ધીરજ રાખી ક્લેશ ન કરે; જો ક્લેશ પણ કરે તો તે શ્રીઠાકોરજી સંબંધી કરે.

વાર્તા ૧૩ મી.

હવે આચાર્યજી મહાપ્રભુજીના સેવક ગજ્જન ધાવન ક્ષત્રિય આગ્રામાં રહેતા તેમની વાર્તા અને તેનો ભાવ.

વાર્તા પ્રસંગ ૧ લો.

એમને સાથે શ્રીનવનીતપ્રિયજી શ્રીઆચાર્યજીએ પધરાવી આપ્યા, તે પ્રકાર એક ક્ષત્રાણીની વાર્તામાં કહેવાશે.

ભાવપ્રકાશ—આ ગજ્જન ધાવનનું શ્રીચંદ્રાવલિજીની સખી લીલામાં શુભનના એવું નામ છે, શ્રીઠાકોરજીના પ્રાકટ્યને બીજે દિવસે એનો જન્મ છે–

દશમીને દિવસે જન્મ છે, તેથી શુભાનના શ્રીઠાકોરજીની સાથે બાળલીલાના ખેલ બહુ ખેલી છે. શ્રીચંદ્રાવલિજીને સઘળા ખેલના મેળાપનો ભેદ-કળા-એ બતાવતી, તેથી ચંદ્રાવલિજીને બહુ જ પ્રિય છે. તેથી શ્રીઆચાર્યજીએ ગજ્જનને સાથે શ્રીનવનીતપ્રિયજી પધરાવ્યા. અને તે શ્રીગુસાંઈજીના શ્રીઠાકોરજી છે. ગજ્જન શ્રીગુસાંઇજીની સખી છે, સદા જ સાથે ખેલે છે તે સંબંધે હવે પણ ફરી ખેલશે.

હવે કેટલાક દિવસ પછી ગજ્જનને શ્રીનવનીતપ્રિયજી સાનુભાવ જણાવવા લાગ્યા. ગજ્જનને ગાય કરે, ઘોડો કરે અને પોતે ઉપર બિરાજે. આથી ગજ્જનના ઢીંચણ ઘસાઇ ગયા, પણ દેહનું ભાન રહેતું નહિ. તેથી એક દિવસ ગજ્જનને શ્રીનવનીત-પ્રિયજી કહે: મને શ્રીઆચાર્યજીને ત્યાં પધરાવીને તમે પણ ત્યાં રહો.

ભાવપ્રકાશ-તેનું કારણ એ છે કે ગજ્જનનો એવો સ્નેહ વધ્યો કે સેવાની રીત પણ ભૂલી જાય; ખેલમાં અનોસર કરવાનું પણ ભૂલી જાય. આથી શ્રીઠાકોરજીએ વિચાર્યું કે આની વ્યસન અવસ્થા સિદ્ધ થઇ ચૂકી છે, હવે તે પોતાના ગામમાં અને ઘરમાં રહેશે તો તેને બાધક થશે.

(આ આજ્ઞાથી) ગજ્જન તરત જ શ્રીનવનીતપ્રિયજીને શ્રીગોકુલ પધરાવી લાવ્યા. શ્રીઆચાર્યજીને દંડવત્પ્રણામ કરીને કહ્યું કે મહારાજ! શ્રીનવનીતપ્રિયજી આપને ત્યાં પધાર્યા છે. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે શય્યા જુદી નથી; કશાં પાત્ર પણ નવાં નથી. આવી રીતે અચાનક શાથી પધાર્યા છે? ત્યારે ગજ્જને કહ્યું હાલ શ્રીનવનીતપ્રિયજીની ઇચ્છા એવી છે, એટલે શ્રીઆચાર્યજીએ જે કંઈ સામગ્રી બની આવી તે સિદ્ધ કરી, આરોગાવી પોતાના શરીર પર સોંધો-સુગંધિ-લગાવી પોતાની પાસે લઇને પોઢયા.

ભાવપ્રકાશ-સોંધો લગાડવાનું કારણ એ છે કે અત્તર આદિ સુગંધિ શ્રીસ્વામિનીજીના શ્રીઅંગની ગંધના સ્નેહરૂપ છે, તેથી પ્રકટ ના કર્યું. આમાં એવું કર્યું કે શ્રીસ્વામિનીજી સ્વરૂપ પોતે થઈ સાથે લઇને પોઢયા.

પછી મર્યાદા રાખવા માટે નાની સરખી પલંગડી બનાવી. તેના પર બીજે દિવસે શ્રીનવનીતપ્રિયજીને પોઢાવ્યા. ત્યારે શ્રીનવનીતપ્રિયજીએ કહ્યું કે શય્યા છોટી છે; મારા પગ નીચે લટકે છે, માટે હું તમારી સાથે પોઢીશ.

ભાવપ્રકાશ—આમાં એમ જણાવ્યું કે હું શું તમારા ભાવમાં બાળક છું, તમારે ઘેર તો તરુણ છું. અને જશોદાને ભાવે બાળક છું. માટે તમે મારું છોટું સ્વરૂપ જોઈને શય્યા છોટી કેમ બનાવી? માટે હું તમારી સાથે પોઢીશ. મને એ ગમે છે.

આ સાંભળી શ્રીઆચાર્યજી મહાપ્રભુજી ફરી શ્રીઅંગ પર સોંધા—અત્તર લગાવી પોતાની પાસે લઈને પોઢયા. પછી બીજે દિવસે સવારે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ મોટી શય્યા તૈયાર કરાવી તે પર પોઢાડયા. ત્યારે ફરી શ્રીનવનીતપ્રિયજી શ્રીઆચાર્યજી મહાપ્રભુજીને કહે છે કે હું તમારી સાથે જ પોઢીશ. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે મહારાજ! લોકમાં મર્યાદા રાખવી જોઈએ અને તમારી પાસે સૂંઢાનો સર્વ સાજ રાખીને શ્રીસ્વામિનીજી સ્વરૂપથી હું પાસે જ છું, એવું શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ પોતે કહ્યું.

ભાવપ્રકાશ—આમાં એ જણાવ્યું કે ઉપરની મર્યાદા છોડવાથી જીવનો બગાડ થાય, કારણ કે કોઈ દેખાદેખી કરે.

ત્યારે શ્રીનવનીતપ્રિયજી શય્યામાં પોઢવા લાગ્યા.

વાર્તા પ્રસંગ ૨ જો.

આ ગજ્જન સેવા સમયે મંદિરના દ્વારમાં સન્મુખ બેસી રહેતા; અનોસરમાં પણ મંદિરમાં જ રહે, શ્રીનવનીતપ્રિયજી સાથે ખેલે; જરા પણ વેગળા ન રહે. એકવાર પાન ન હતાં, તેથી શ્રીઅક્કાજીએ ગજ્જનને કહ્યું કે આ પૈસા લઈ જાઓ અને પાન લઈ આવો.

ભાવપ્રકાશ—આ ગજ્જન અક્કાજીને કહી શક્યા નહિ કે મારી સાથે શ્રીનવનીતપ્રિયજી હળી ગયા છે. આ સિદ્ધાંત બતાવ્યો. જો કે શ્રીઠાકોરજી વૈષ્ણવો સાથે બોલે, પાસે રાખે, તોપણ ગુરુની આજ્ઞા થાય તો આજ્ઞા માથે ચઢાવીને ગુરુનું કાર્ય કરવા જાય, તો ધર્મ રહે, શ્રીઠાકોરજી પણ પ્રસન્ન રહે. તેથી ગજ્જન ગયા. પરન્તુ શ્રીનવનીતપ્રિયજીએ પણ તેમને રોક્યા નહિ ને વૈષ્ણવનો ભાવ જોવાને માટે ન વરજ્યા.

હવે ગજ્જન પાન લેવા ગયા, પણ બહાર નીકળતાં જ વિરહનો જ્વર એવો ચઢયો કે એક દુકાન પર પડી રહ્યા.

ભાવપ્રકાશ—કારણ કે આમની વ્યસન અવસ્થા થઈ ગઈ છે, તેથી તે શ્રીઆચાર્યજી સાથે અગર કોઈ ભગવદીય જો ભાવમાં મગ્ન હોય તેની સાથે બોલતા; બીજાઓ સાથેનો સઘળો દેહસંબંધ છૂટી ગયો હતો.

અહીં શ્રીઆચાર્યજીએ શ્રીનવનીતપ્રિયજીને રાજભોગ ધર્યા ત્યારે શ્રીનવનીતપ્રિયજીએ કહ્યું કે ગજ્જન આવે ત્યારે હું આરોગું; એટલે શ્રીમહાપ્રભુજીએ બધાંને પૂછયું કે "ગજ્જન કયાં ગયો છે?" ત્યારે શ્રીઅક્કાજીએ કહ્યું, કે મેં પાન લેવા મોકલ્યો છે. એટલે શ્રીઆચાર્યજીએ કહ્યું કે ગજ્જનને કેમ મોકલ્યો? ગજ્જનની સાથે શ્રીનવનીતપ્રિયજી હળી ગયા છે. આજ પછી કશું એને કહેવું નહિ; કોઈપણ જગ્યાએ મોકલશો નહિ.

ભાવપ્રકાશ—આમાં એ જણાવ્યું કે ફલદશાને પ્રાપ્ત કર્યા પછી એમને માનસી સિદ્ધ થઇ ગંઇ છે.

ત્યારે શ્રીઅક્કાજીએ કહ્યું કે આજ પછી એને કશી ટહેલ નહિ સોંપું. પછી શ્રીઆચાર્યજી એક વૈષ્ણવને કહે: ગજ્જનને જલદી મોકલી આપજો; દુકાન પર પડ્યો છે; તમે પાન લાવજો. વૈષ્ણવ જઇને જુએ છે તો બારણા પાસે જ એક હાટ પર પડ્યા છે. ત્યાં જઇને કહ્યું કે જલદી જાઓ; તમને શ્રીઆચાર્યજી બોલાવે છે. આ સાંભળતાં જ ગજ્જનનો વિરહજ્વર ઉતરી ગયો. દોડીને આવ્યા; આવીને શ્રીનવનીતપ્રિયજીને કહ્યું કે બાબા! ભોજન કેમ

કેમ કરતા નથી? ત્યારે શ્રીનવનીતપ્રિયજીએ કહ્યું: તું આવ્યો? હવે હું ભોજન કરીશ. ગજ્જન એવા કૃપાપાત્ર ભગવદીય હતા. તેથી એની વાર્તા ક્યાં સુધી કહીએ? વાર્તા ॥૧૩॥ થઈ.

ભાવપ્રકાશ—એમની વાર્તામાં આ સિદ્ધાંત બતાવવામાં આવ્યો છે કે વ્યસન–અવસ્થા સર્વોપરિ છે કે જેમાં શ્રીઠાકોરજી વશ થાય છે. તેથી જ તો કુંભનદાસજીએ ગાયું છે કે:–

"जो पै विरह परस्पर व्यापै तौ कछु जीय बनि आवै।"

જો પરસ્પર વિરહ વ્યાપે તો જ સાક્ષાત્કાર થાય. તેથી જ ગજ્જનની પરસ્પર પ્રીતિ બતાવી.

વાર્તા ૧૪ મી.

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના સેવક નારાયણદાસ બ્રહ્મચારી સારસ્વત બ્રાહ્મણ મહાવનમાં રહેતા તેમની વાર્તા અને તેનો ભાવ.

વાર્તા પ્રસંગ ૧ લો.

એમને માથે શ્રીગોકુલચંદ્રમાજી શ્રીઆચાર્યજીએ પધરાવી આપ્યા, તે પ્રકાર એક ક્ષત્રાણીની વાર્તામાં કહેવાશે, જ્યાં ચારે સ્વરૂપ ચારે વૈષ્ણવને માથે પધરાવ્યાં છે.

ભાવપ્રકાશ—લીલામાં સોળ હજાર અગ્નિકુમારિકા છે તેમાંનાં મુખ્ય રાધા સહચરી છે તેમની સખી મધુરેક્ષણા તે નારાયણદાસનું નામ. 'મધુર છે ઈક્ષણ–દૃષ્ટિ જેમની.' શ્રીઠાકોરજીના મુખની સુંદરતા જોતા વાંતજ એ દેહની શુદ્ધિ ભૂલી જતી, આવી સ્વરૂપમાં આસક્તિ હતી. સ્વરૂપનું ચિંતન આઠે પહોર એ કરતી.

એ નારાયણદાસ શ્રીગોકુલચંદ્રમાજીની સેવા ભલી ભાંતે કરતા હતા; ગાયને ઘાસ ધોઈને ખવડાવતા—એ માટે કે દૂધમાં રજ ન આવે, કેમકે શ્રીઠાકોરજી સુકુમાર છે.

ભાવપ્રકાશ—આ કહી એ બતાવ્યું કે— દૂધમાં રજ જવાનો એમને સંદેહ રહેતો હતો. એ શાક સામગ્રી જળ બધામાં ભલી ભાંતે ચોકસી રાખતા, કે જેથી પ્રભુને કોઈ વસ્તુમાં દુઃખ ન થાય.

નારાયણદાસ ત્યાગ દશામાં રહેતા. ઉત્તમ રીતે સુપટી કરી લાવતા. કોરું અનાજ અલગ અલગ રાખતા અને માગ્યા વિના આવે તેના ઉપર નિર્વાહ કરતા. એ નારાયણદાસ જ્યાં જ્યાં પગ ધોવાને માટી લેવા જતા ત્યાં ત્યાં દ્રવ્ય દેખતા, અને એના ઉપર માટી નાખી ચાલી નીકળતા, પરંતુ દ્રવ્યને સ્પર્શ કરતા નહિ. એક દિવસે રાતે એમના ખાટલાની આસપાસ દ્રવ્ય ઘણું ફેલાઈને પડ્યું. સવારે ઊઠીને ભત્રીજીને કહ્યું: ઘરમાં બગાડ પડ્યો છે, તો વાસીદું બહાર નાખી આવ. ત્યારે ભત્રીજીએ વાસીદું વાળી એ બહાર ફેંકી દીધું ને જગ્યા બધી લીંપી નાખી.

ભાવપ્રકાશ—આનો આશય એ છે કે નારાયણદાસે બચપણમાંથી બ્રહ્મચર્ય ધારણ કરી દ્રવ્ય મેળવવાનો ઉપાય બહુ કર્યો હતો, પણ દ્રવ્ય કાંઈ પણ મળ્યું નહોતું. પછી એ ચાળીશ વરસના થયા ત્યારે શ્રીઆચાર્યજીના સેવક થયા; ત્યારે શ્રી ઠાકોરજીના સ્વરૂપનું જ્ઞાન થયું. 'દ્રવ્યને અગ્નિની વિષ્ટા કહેલ છે'—એ પ્રમાણે જાણવા લાગ્યા. ત્યારે રિદ્ધિસિદ્ધિ એમને છળવાને આવી; તેથી જ્યાં અને ત્યાં દ્રવ્ય જ જુએ પણ એને કચરો અને વિષ્ટા જેવું જાણે; તેથી જ એના પર માટી નાખે. એ માટે કે જો આ માયારૂપ દ્રવ્ય બીજાના હાથમાં જશે તો એવાનું બગડી જશે. એટલે ઉપર માટી નાખતા. અને જ્યારે ઘરમાં દ્રવ્ય ફેલાયેલું દેખે ત્યારે ભત્રીજીને કહે કે બગાડ પડ્યો છે. પોતે ન તો સ્પર્શ કરે, ન વાસીદું વાળે. ભત્રીજી પણ શ્રીઆચાર્યજીની સેવક કૃપાપાત્ર હતી અને નારાયણદાસના સ્વરૂપને જાણતી હતી.

નારાયણદાસ રાધા સહચરીની 'મધુરેક્ષણા' સખી છે. એમની સખી 'ચતુરા' તે ભત્રીજીનું નામ છે. નારાયણદાસને ભત્રીજી ઉપર વહાલ એ માટે હતું કે એ સામગ્રી તૈયાર કરવામાં બહુ ચતુર છે. એ બાલવિધવા થયેલી તેથી નારાયણદાસને ત્યાં રહેતી. એનું લીલાનું નામ એ 'ચતુરા'જ હતું, તેથી જ

ચતુર ભત્રીજીએ નારાયણદાસનો શબ્દ સાંભળતા વાંત જ દ્રવ્ય વાસીદામાં વાળીને બહાર નાખી દીધું. નારાયણદાસે વાસીદું વાળવાનું કહ્યું, પરંતુ એણે જાણ્યું કે નારાયણદાસ બગાડ હોવાનું કહે તે જગ્યા જ લીંપી નાખવી. ભત્રીજીની આવી બુદ્ધિ જોઇને શ્રીઠાકોરજી એના પર બહુ પ્રસન્ન રહેતા. આ પ્રકારે બેઉ શ્રીગોકુલચંદ્રમાજીની સેવા કરતાં.

વાર્તાપ્રસંગ ૨ જો.

વળી એક દિવસ નારાયણદાસે નાહીને મંદિરમાં જઇ, શ્રીઠાકોરજીને મંગળ ભોગ ધરી, પછી શૃંગાર કર્યા. શ્રીઠાકોરજીના મુખચંદ્રની શોભા જોઈ ચકિત થઇ કેટલીવાર સુધી નિહાળી જ રહ્યા; પછી પૂછ્યું: મહારાજ, આ ઘટા ક્યાં વરસશે? ત્યારે શ્રીઠાકોરજી પ્રસન્ન થઇને કહે કે શ્રીરઘુનાથજી ઉપર વરસશે. ત્યારે નારાયણદાસ બહુ પ્રસન્ન થયા.

ભાવપ્રકાશ—એનું કારણ એ કે શ્રીરઘુનાથજીનું પ્રાકટ્ય રાધાસહચરીનું છે. એમને દંડકારણ્યમાં રઘુનાથજીનું વરદાન છે કે વ્રજમાં મનોરથ પૂર્ણ થશે. એટલે જ શ્રીગુસાંઇજીએ નામ 'રઘુનાથજી'નું આપ્યું હતું. જે બહુ રમત કરાવે, બધાંનાં મનનું હરણ કરે તેનું નામ 'રામ' કહીએ. એટલે જ શ્રીરઘુનાથજી જ પરમ સુંદર રાધાસહચરી—રૂપ અને એવા સુંદર શ્રીગોકુલચંદ્રમાજી; અને રાધાસહચરીની સખી નારાયણદાસ. તેથી જ 'શ્રીરઘુનાથજી ઉપર ઘટાની વૃષ્ટિ થશે' એવું સાંભળી નારાયણદાસ બહુ પ્રસન્ન થયા, કે અમારા સ્વામીનો સંબંધ સદા રહેશે.

વળી એક દિવસે નારાયણદાસ શ્રીઠાકોરજીને રાજભોગ ધરાવી બહાર આવી બેઠા ત્યારે હૃદય ભરાઇ આવ્યું, ત્યારે ભત્રીજીને કહ્યું: શ્રીઠાકોરજી કેવી રીતે આરોગતા હશે? આવો વિચાર કરવા લાગ્યા ત્યારે ભત્રીજીએ કહ્યું: તમે શા માટે વિચારમાં પડ્યા છો? શ્રીઆચાર્યજીના સાધારણ સેવક શ્રીઆચાર્યજીની કાનીથી ભોગ ધરે છે અને એ આરોગે છે; તમે તો શ્રીઆચાર્યજીના કૃપાપાત્ર છો, એટલે તમોએ સમર્પિત કરેલું આરોગે જ છે. ત્યારે નારાયણદાસે

કહ્યું: દીકરી, સાંભળ; શ્રીઠાકોરજી ભલીભાંતે આરોગ્યા ત્યારે જ જાણીએ કે જ્યારે કોઇ વૈષ્ણવ અચાનક આવી મહાપ્રસાદ લે.

ભાવપ્રકાશ–આમાં એવું બતાવ્યું કે ભોગ ધરવામાં આવે છે તે તો આરોગે જ; પરંતુ 'અચાનક'નો ભાવ એ છે કે વૈષ્ણવને નોતરું આપ્યું હોય ત્યારે વૈષ્ણવના ભાવે અધિક સામગ્રી હોય; ત્યારે તો શ્રીઠાકોરજી વૈષ્ણવના ભાવથી આરોગે. પરન્તુ નોતરું ન આપવામાં આવ્યું હોય ત્યારે તો નિત્ય પોતાના ઘરમાં વાપરવાની હોય તેટલી જ સામગ્રી થાય, એમાંથી વૈષ્ણવને લેવડાવવામાં આવે તો પોતાના ભાગમાંથી વૈષ્ણવને લેવડાવ્યું સમજાય. એમ તો શ્રીઠાકોરજી સર્વને મહાપ્રસાદ દે છે. આમ કહી વૈષ્ણવ વિશેની પ્રીતિ બતાવવામાં આવી. જો અચાનક વૈષ્ણવ આવે તેના ઉપર પ્રીતિ હોય તો પોતે ભૂખ્યો રહે; પોતાનું પરમ ભાગ્ય જાણી વૈષ્ણવને પ્રસાદ લેવડાવે; એટલે શ્રીઠાકોરજી આરોગ્યા જાણવા. એટલે જ 'શિક્ષાપત્ર'માં કહ્યું છે કે

તદીયાશ્ચેત્સ્વતસ્તુષ્ટાસ્તુષ્ટઃ કૃષ્ણો ન સંશયઃ ॥"

ભગવદીયો જો આપે સંતોષ પામ્યા હોય તો ભગવાન કૃષ્ણ જ સંતોષ પામ્યા છે, એમાં કશો સંશય નથી. આ પ્રકારે નારાયણદાસના હૃદયમાં વૈષ્ણવો ઉપર અનિર્વચનીય પ્રીતિ હતી.

વાર્તાપ્રસંગ ૪ થો.

વળી એક વાર નારાયણદાસે શ્રીગોકુલચંદ્રમાજીને શૃંગાર કરી શૃંગાર ભોગની ખીર સિદ્ધ કરી થાળીમાં પધરાવી. એટલામાં એક વૈષ્ણવે આવી નારાયણદાસને વધાઇ આપી કે ગોકુલમાં શ્રીઆચાર્યજી મહાપ્રભુજી પધાર્યા છે. ત્યારે નારાયણદાસ ધખધખતી ખીરથી ભરેલી થાળી શ્રીગોકુલચંદ્રમાજીને ભોગ ધરી શ્રીઆચાર્યજીનાં દર્શન કરવા ગોકુલ જવા ચાલ્યા. શ્રીઆચાર્યજી મહાપ્રભુજી મહાવનમાં પધારતા હતા, એટલે માર્ગમાં દર્શન થયાં; ત્યારે નારાયણદાસે દંડવત પ્રણામ કર્યાં. ત્યારે શ્રીઆચાર્યજી મહાપ્રભુજી શ્રીમુખથી કહે: નારાયણદાસ, શ્રીઠાકોરજીનો કયો સમય છે? ત્યારે નારાયણદાસે વિનંતિ કરી: શૃંગાર ભોગ ધરી આપનાં દર્શન કરવા આવ્યો છું. ત્યારે

શ્રીઆચાર્યજી ઉતાવળા પધાર્યા, તત્કાળ સ્નાન કરી મંદિરમાં પધાર્યા, ઝારી લીધી, ત્યારે જુએ છે તો શ્રીગોકુલચંદ્રમાજી હાથ ખેંચી રહ્યા છે: શ્રીહસ્ત ખીરવાળા ભર્યા છે; સિંહાસન ઉપર અને વસ્ત્ર ઉપર ખીરના છાંટા પડયા છે, ત્યારે શ્રીઆચાર્યજીએ શ્રીગોકુલચંદ્રમાજીને પૂછયું કે બાબા ! હસ્ત કેમ ખેંચી રહ્યા છો ? ત્યારે શ્રીગોકુલચંદ્રમાજીએ કહ્યું કે નારાયણદાસ ધખધખતી ખીર સમર્પીને ગયો તે મેં હાથથી ખીર લીધી ને ધગધગતી લાગી એટલે હાથ ઝાટકી આંગળી ચાટી; તેથી મારા ઓઠ હાથ દઝાયા છે અને મંદિરમાં અહીંતહીં છાંટા પડયા છે. ત્યારે શ્રીઆચાર્યજીએ શ્રીહસ્તથી હોઠ જોયા તો એ રતાશ પકડી ગયા છે. ત્યારે ખીરને પંખાથી ટાઢી કરી ભોગ સમર્પી આપ બહાર આવ્યા, ત્યારે નારાયણદાસને ઠપકો આપ્યો કે શ્રીઠાકોરજીને ધગધગતી ખીર તેં કેમ સમર્પી ? ત્યારે નારાયણદાસે કહ્યું: મહારાજ, આપના પધારવાની વધામણી સાંભળી ઉતાવળમાં ખીર સમર્પી. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું: આજ પછીથી આવું કામ કદી કરતો નહિ.

ભાવપ્રકાશ–આનો આશય એ કે નારાયણદાસ શ્રીઆચાર્યજીના પધારવાની વધામણી સાંભળી પરવશ થઈ ગયા અને સમજ્યા કે ધગધગતી હશે તો શ્રીઠાકોરજી ઠારી લેશે; પરંતુ શ્રીઆચાર્યજીનાં દર્શનમાં ઢીલ કરવાનો ધર્મ નહિ. એવા ભાવથી ગયા. શ્રીગોકુલચંદ્રમાજીએ નારાયણદાસના હાથનું ધગધગતું પોતે આરોગ્યા છે એ બતાવવાને માટે આખો શ્રીહસ્ત ખીરમાં નાખી ઝાટકયો. એ પ્રમાણે ઉતાવળમાં જે કોઈ ભોગ ધરે, શૃંગાર કરે તો અપરાધ થાય–એમ બતાવ્યું. વળી નારાયણદાસે શ્રીઆચાર્યજી પાસે જવાનું અલૌકિક મન કર્યું તો સેવામાં એટલો શ્રમ શ્રીઠાકોરજીને થયો; તો જે લૌકિક વૈદિક કાર્યને માટે ઉતાવળ કરે તેને તો ખૂબ જ અપરાધ થાય. અને માટે જ સેવા કરતી વેળા મન ઠેકાણે રાખવું.

અથવા ખીરની સામગ્રીનું સ્વરૂપ પ્રકટ કર્યું કે આ શ્રીસ્વામિનીજીના ભાવની છે; અને શૃંગારભોગ એમના જ ભાવનો છે; તેથી જ ખીરને જોઈ શ્રીઠાકોરજી પ્રથમ શ્રીહસ્ત ખીરમાં નાખે છે. એટલે જ ખીર ટાઢી કરી

આંગળી નાખી જોઇ લેવી જોઇએ; સુહાતી થાય ત્યારે ભોગ ધરવો જોઈએ. આ સિદ્ધાંત બતાવ્યો.

પછી સમય થતાં શ્રીઆચાર્યજીએ આચમન મુખવસ્ત્ર કરાવી બીડી આરોગાવી ભોગ ધરાવ્યો, ત્યારે શ્રીગોકુલચંદ્રમાજી શ્રીઆચાર્યજીના બેઉ શ્રીહસ્ત પકડીને કહે: આ ખીર મહાપ્રસાદ આપ લો. ત્યારે શ્રીઆચાર્યજી કહે: મહારાજ, જ્ઞાતિવ્યવહાર કઠણ છે, તેથી મર્યાદા રાખવી જોઇએ. ત્યારે શ્રીગોકુલચંદ્રમાજી કહે: મારી આજ્ઞા છે માટે લો. ત્યારે શ્રીઆચાર્યજી ખીર મહાપ્રસાદ આરોગ્યા. તેથી જ એ દિવસથી ખીર અનસખડીમાં થાય છે.

ભાવપ્રકાશ—આમાં આ કારણે શ્રીગોકુલચંદ્રમાજી કહે: ખીર જેવી સામગ્રીમાં જ્ઞાતિની મર્યાદા આપણા ભક્તોમાં રાખવી નહિ. ત્યારે આરોગ્યા. એ દિવસથી ખીર અનસખડીમાં કરવામાં આવે છે. એનું કારણ એ કે અનસખડી શ્રીઠાકોરજી બધા ભોગોમાં આરોગે છે. અને ખીરને ઉત્સવના ભોગમાં નથી રાખવામાં આવતી, પરંતુ નિત્યમાં રાખવામાં આવે છે. એનું કારણ એ કે જો ઉત્સવમાં રાખવામાં આવે તો વૈષ્ણવ એ ઉત્સવમાં કરે. તેથી ખીર સદા પ્રિય છે. આમાં ઋતુના ઉત્સવનો વિચાર નહીં; જ્યારે પણ બનાવવામાં આવે ત્યારે કરી શકાય.

વાર્તાપ્રસંગ ૫ મો.

આ પ્રકારે નારાયણદાસે સેવા બહુ કરી. પછી એમનો દેહ થાક્યો ત્યારે એક દિવસ નારાયણદાસને શ્રીઠાકોરજીએ કહ્યું: કાંઇક માગ. ત્યારે નારાયણદાસે શ્રીગોકુલચંદ્રમાજીને કહ્યું: હું તમારી પાસે એ માગુ છું કે શ્રીગુસાંઇજીને ત્યાં પધરાવી સેવા કરાવજો.

ભાવપ્રકાશ—એનું કારણ એ કે શ્રીગુસાંઇજીના ઘર વિના શ્રીઠાકોરજી સુખ નહિ પામશે.

ત્યારે શ્રીગોકુલચંદ્રમાજી બહુ પ્રસન્ન થયા કે તેં મારું સુખ માગ્યું, તારું પોતાનું સુખ ન માગ્યું. પછી નારાયણદાસની ભત્રી-

જીનો દેહ છૂટ્યો. એને ત્રીજે દિવસ નારાયણદાસનો દેહ છૂટ્યો. એ પછી કૃષ્ણદાસ સ્વામી મહાવનમાં રહેતા એ નારાયણદાસની જ્ઞાતિના હતા, શ્રીગુસાંઈજીના સેવક હતા; એમની પાસે શ્રીગોકુલચંદ્રમાજીએ કેટલાક દિવસ સેવા કરાવી. એ નારાયણદાસની વાર્તાનો પાર નથી, એને કયાંસુધી કહીએ ? ॥ વાર્તા ૧૪ ॥

ભાવપ્રકાશ—એ એ માટે કે લીલામાં એ નારાયણદાસનાં સખી હતા. 'મૃદુવેણી' એમનું નામ, તેથી સેવા કરાવી. પછી મથુરામાં શ્રીગુસાંઈજીને ઘેર પધાર્યા. એમની વાર્તાનો એ સિદ્ધાંત થયો કે બ્રહ્મચર્યના ધર્મ બતાવ્યા. મહાપ્રસાદીની પોતાની પાતળ ધરી પ્રસન્ન થવું. શ્રીઠાકોરજી પાસે પોતાનું સુખ ન માગ્યું. પ્રભુનું સુખ વિચારવામાં આવે એ પુષ્ટિમાર્ગની રીત છે.

વાર્તા ૧૫ મી

શ્રીઆચાર્યજી મહાપ્રભુજીનાં સેવક એક ક્ષત્રાણી મહાવનમાં રહેતાં તેમની વાર્તા અને એનો ભાવ.

ભાવપ્રકાશ—એ ક્ષત્રાણી લીલામાં શ્રીસ્વામિનીજીની અંતરંગી સખી, 'ભદ્રા' એમનું નામ. એ એક ક્ષત્રિયને ઘેર જન્મ્યાં અગિયાર વર્ષનાં થયાં ત્યારે માતા–પિતાએ લગ્ન કરવાનું વિચાર્યું ત્યારે એણે કહ્યું કે મારું લગ્ન નહિ કરશો, જે દિવસે લગ્ન કરશો તે દિવસે વર મરી જશે, અને તમે પણ મરી જશો. ત્યારે ડરીને એઓ ચૂપ થઇ જતાં. એ તેર વર્ષનાં થયાં ત્યારે જ્ઞાતિમાં માબાપની નિંદા થવા લાગી, એટલે એક જણા સાથે સગાઈ કરી. એ પરણવા આવ્યો. ફેરા ફરતી વેળાએ જ એનાં માતપિતા ને એ વર ત્રણે મરી ગયાં. ત્યારે ઘરમાં એકલી પડી. એની સાથે ગામમાં સંબંધી કોઈ ન બોલે, કેમકે લગ્ન થતાં હતાં ત્યાં જ માતાપિતા અને વર ત્રણેને માર્યાં એના ઉપર જે પ્રેમ કરશે તે મરી જશે, આવું લોક કહેતાં. નારાયણદાસને ઘેર શ્રીઆચાર્યજી પધારતા હતા ત્યારે આ ક્ષત્રાણીને દર્શન થતાં. એ શુદ્ધ જીવ હતી, એટલે જ્ઞાન થયું કે એઓશ્રીને શરણે જાઉં. ત્યારે શ્રીઆચાર્યજીને વિનંતિ કરી દંડવત્ પ્રણામ કર્યાં : મહારાજ ! મારો અંગીકાર કરો;

હવે મારા લૌકિક પ્રતિબંધ બધા છૂટી ગયા છે. ત્યારે શ્રીઆચાર્યજીએ નામનિવેદન કરાવ્યું. ત્યારે આ ક્ષત્રાણીએ કહ્યું : મહારાજ, હવે શી આજ્ઞા છે? ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું : ભગવત્સેવા કરો. ક્ષત્રાણીએ કહ્યું : મહારાજ, લીલામાં સદા આપની સેવા કરી છે અને આપે ભગવત્સેવાનું કહ્યું : ભગવત્સેવા તો ઘણા લોકો કરે છે. પરંતુ આપનાં ચરણારવિંદ મળવાં બહુ દુર્લભ છે, તેથી મને સાધનમાં નાખો નહિ; મને સદા આપની સેવા આપો. હું સદા આપના સંગમાં રહું, આપનાં દર્શન કરું. મને આપના ચરણારવિંદનો એકમાત્ર આશ્રય છે. ત્યારે શ્રીઆચાર્યજીએ પ્રસન્ન થઇને કહ્યું કે તેં સારું કહ્યું; પરંતુ મારે પૃથ્વીપરિક્રમા કરવી છે, એટલે સ્ત્રીજન સંગમાં હોય એ ઠીક નહિ. પછી શ્રીઆચાર્યજીએ કંકુ મંગાવી એક વસ્ત્ર ઉપર બેઉ ચરણમાં કંકુ લગાવી છાપ કરી આપી એ વસ્ત્ર એ ક્ષત્રાણીને આપ્યું અને કહ્યું : એની સેવા કરજે; હું તારા ઉપર પ્રસન્ન છું. તારા સઘળા મનોરથ પૂર્ણ થશે. ત્યારે એ ક્ષત્રાણી શ્રીઆચાર્યજીને ભલી-ભાંતે ઘરમાં પધરાવી શ્રીઆચાર્યજીની શ્રીસ્વામિનીજીના ભાવથી સેવા કરતી. શ્રીઆચાર્યજી દર્શન દેતા; બધા રસનો અનુભવ કરાવતા. પછી શ્રીઆચાર્યજી પૃથ્વીપરિક્રમા કરતા કરતા કાશીમાં પધાર્યા.

અહીં એક દિવસે એ ક્ષત્રાણી શ્રીયમુનાજલ ભરવા અપરસમાં ગાગર લઈ બ્રહ્માંડઘાટ ઉપર ગઈ. ગાગર લઈ શ્રીયમુનાજીમાં પેઠી ત્યારે કિનારા ઉપર થોડા જલમાં ચાર સ્વરૂપ જોયાં. ત્યારે ક્ષત્રાણીએ કહ્યું : તમે પરમ સુંદર, જલમાં શા માટે બિરાજ્યા છો? ત્યારે ચારે સ્વરૂપોએ કહ્યું : તું અમને ઘેર પધરાવ; હવે થોડા દિવસમાં શ્રીઆચાર્યજી પધારશે, ત્યારે અમને સોંપી આપજે. ત્યારે એ ક્ષત્રાણીએ કહ્યું : હું ઘરમાં શ્રીઆચાર્યજીને પૂછી આવું ત્યારે પધરાવું. ત્યારે ગાગર ભરીને ઝડપથી દોડી આવી મંદિરમાં જઇ વિનંતિ કરી : મહારાજ, ચારે સ્વરૂપ શ્રીયમુનાજીના કિનારા ઉપર છે—એ કહે: અમને પધરાવી જા; તો શી આજ્ઞા છે? ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું : જા. ઝડપથી પધરાવી લાવ. પછી આવીને ચારે સ્વરૂપોને પધરાવી મંદિરમાં વસ્ત્રો પહેરાવી ભોગ ધર્યો. એમાં એ બતાવ્યું કે એ ક્ષત્રાણીને મમત્વ શ્રીઆચાર્યજીની સેવાનું હતું, ભગવત્સેવાનું નહોતું. પરંતુ શ્રીઠાકોરજી ચારે સ્વરૂપે થઈ

પોતે જ પધાર્યા. તેથી શ્રીઆચાર્યજીની સેવા હોય તે વૈષ્ણવની પાસે શ્રી-ઠાકોરજી વિના યત્ન જાતે જ પધારે છે.

આ વાત કાશીમાં શ્રીઆચાર્યજીએ જાણી. ત્યાંથી વ્રજમાં પધાર્યા. એઓ પ્રથમ અડેલ આવ્યા, પછી કડામાં પધાર્યા. કડામાં દેવા કપૂર ક્ષત્રી હતો; ગદાધરદાસની પડોશમાં જ એનું ઘર હતું. એક દિવસ ગદાધરદાસને ત્યાં વૈષ્ણવ મહાપ્રસાદ લેતાં હતાં. ગદાધરદાસ પીરસતા હતા. દેવા કપૂરનું ઘર કાંઈક ઊંચું હતું, એટલે દેવા કપૂર ઉપરથી જોતા હતા. ત્યાં એક વૈષ્ણવની પાસે બેસી શ્રીઠાકોરજી ભોજન કરતા હતા. એ જોઇ દેવા કપૂરને મૂર્છા આવી ગઇ. ઘડીએકમાં સાવધાન થઈ ગદાધરદાસ પાસે આવી કહે: બધા વૈષ્ણવ ક્યાં ગયા? ત્યારે ગદાધરદાસે કહ્યું: મહાપ્રસાદ લઈ પોતપોતાને ઘેર ગયા. ત્યારે દેવા કપૂરે કહ્યું: તારા વૈષ્ણવોની વચ્ચે મેં શ્રીઠાકોરજીને ભોજન કરતા જોયા ને મને મૂર્છા આવી ગઈ, તેથી અત્યારે દોડ્યો આવ્યો છું. હવે મને શ્રીઠાકોરજીનાં દર્શન કેવી રીતે થશે? ત્યારે ગદાધરદાસે કહ્યું: તારાં મોટાં ભાગ્ય કે દર્શન થયાં. હવે દર્શન કેવાં? ત્યારે દેવા કપૂરે કહ્યું: કોઇ ઉપાય બતાવો; હું તમારે શરણે છું કે જેથી મને શ્રીઠાકોરજી મળે. આખો જનમારો એમ ને એમ ગુમાવ્યો. ત્યારે ગદાધરદાસે કહ્યું: શ્રીઆચાર્યજીને શરણે જાઓ. શ્રીઆચાર્યજીની કૃપાથી શ્રીઠાકોરજી મળે છે. એઓશ્રીની કૃપાથી તમને પણ મળશે. હવે કાશીથી નીકળી ચૂક્યા છે; બેચાર દિવસમાં અહીં પધારશે. એ દેવા કપૂર નિત્ય ગદાધરદાસને ત્યાં આવી પૂછે. આર્તિ વધવા લાગી ને ઘરનાં કામ ભૂલી ગયા. બે ચાર દિવસ પછી શ્રીઆચાર્યજી કડામાં પધાર્યા, ત્યારે દેવા કપૂરે આવીને શ્રીઆચાર્યજીને દંડવતપ્રણામ કર્યાં; વિનંતિ કરી: મહારાજ, કૃપા કરીને શરણે લો. ત્યારે ગદાધરદાસે શ્રીઆચાર્યજી પાસે દેવા કપૂરના સમાચાર કહ્યા: આ પ્રકારે એને વૈષ્ણવોમાં શ્રીઠાકોરજીનાં દર્શન થતાં આર્તિ થઇ છે; દૈવી જીવ છે. ત્યારે શ્રીઆચાર્યજીએ પ્રસન્ન થઇ દેવા કપૂરને નામ-નિવેદન કરાવ્યું. ત્યારે દેવા કપૂરે વિનંતિ કરી: હવે અમને શી આજ્ઞા છે? ત્યારે શ્રીઆચાર્યજી કહે: તું જ અમારી સાથે વ્રજમાં ચાલ; ત્યાં શ્રીઠાકોર-જી તારે માથે પધરાવી દઇશ; તું સેવા કરજે. ત્યારે દેવા કપૂરની સ્ત્રી ઘેર રહી ને દેવા કપૂર સાથે ચાલ્યા.

પછી શ્રીઆચાર્યજી આગરા પધાર્યા. આગરામાં ગજ્જન ધાવન ક્ષત્રિય હતા. એમના પિતા પાસે દ્રવ્ય ઘણું હતું. ચાર પુત્ર હતા, તેઓમાં ગજ્જન નાનો હતો. ઘરમાં ગજ્જનની માતા હતી. સ્ત્રીઓમાં બીજું કોઈ નહોતું. ગજ્જનના પિતાએ નાવ ઉપર ભૈયાનો નાચ કરાવ્યો. ગજ્જન સહિત ચારે પુત્ર પાસે હતા અને ગામના મિત્ર સગા સંબંધી સઘળી પચાસ સાઠ માણસ હતા. રાત અડધી પસાર થઈ એટલામાં નાવ અકસ્માત્ ફાટ્યું ને બધાં ડૂબી મૂઆં. ગજ્જનના હાથમાં નાવનો એક ટુકડો આવી ગયો તે ગજ્જને પકડી રાખ્યો. એ ટુકડો તણાતો તણાતો આગરાથી ચાર ગાઉ ઉપર આવી લાગ્યો. સવાર થયું ત્યારે ગજ્જન ઘેર આવ્યો, ને એની માને સમાચાર આપ્યા: ભાઇ પિતા બધા ડૂબી મૂઆ. ત્યારે ગજ્જનની માતા સતી થઈ. ગજ્જન એકલો પડ્યો. વેપાર કરવો છોડી દીધો. બેચાર ઘડી શ્રીયમુનાજી ઉપર જઈ બેસે, પછી પોતાને ઘેર બેસી રહે. કોઇની સાથે બહુ બોલવાનું નહિ. મનમાં વૈરાગ્ય આવ્યું: પિતા ભાઈ સૌ મરી ગયા તો હું પણ મરીશ. શું કરું? ભગવાન કૃપા કરે તો સારું થાય. આ પ્રકારે બધાથી ઉદાસ રહે.

અને જીયદાસ સૂરિ ક્ષત્રિય પણ આગરામાં રહેતા હતા. એ જીયદાસ વર્ષ સાઠના થયા, તે આગરામાં કોટવાળી કરતા, આગરામાં બધાંનો ન્યાય કરતા. એક દિવસ એક બ્રાહ્મણીને એક શૂદ્ર સાથે ઝઘડો થયો. એ બ્રાહ્મણી પાસેથી શૂદ્રે દ્રવ્ય લીધેલું તે દે નહિ. ત્યારે બ્રાહ્મણીએ હાહોકારો કર્યો એટલે શૂદ્રે થોડા રૂપિયા જીયદાસને દીધા અને કહ્યું કે બ્રાહ્મણીને જૂઠી પાડજો. ત્યારે લોભને વશ થઇ જીયદાસે બ્રાહ્મણીને જૂઠી પાડી અને જોરાવરીથી ફારગતી લખાવડાવી. એ બ્રાહ્મણી કકળતી રહી. જીયદાસના આખા શરીરમાં કોઢ નીકળ્યો, ત્યારે જીયદાસ દૈવી જીવ હતો તેથી એને જ્ઞાન થયું: મેં બ્રાહ્મણીને, લોભને વશ થઈ જૂઠી પાડી; તેથી આ કોટવાળીનું કામ ખૂબ બૂરું છે. ત્યારે કોટવાળી છોડી દઈ એ બ્રાહ્મણીને બોલાવી કહે: માડી, લોભને વશ થઇ આ રીતે મેં તને જૂઠી પાડી; તો વ્યાજસહિત થતા રૂપિયા મારી પાસેથી લઈ જાઓ. તમારા પ્રત્યે કરેલા અપરાધને લીધે મારી આ ગતિ થઈ છે. એમ એને વ્યાજસહિત રૂપિયા ચૂકવી દીધા; ઉપરાંત દસ રૂપિયા પોતાના તરફથી ઉમેરીને દીધા. ત્યારે એ બહુ બહુ આશીર્વાદ

દેવા લાગી. ત્યારથી જીયદાસ પણ વૈરાગ્ય કરી શ્રીયમુનાજીને કિનારે જઈ બેસવા લાગ્યા. ત્રીજે પહોરે ઘેર આવી ખાનપાન કરતા. થોડા દિવસોમાં જીયદાસનો દેહ સારો થઈ ગયો; કોઢ બધો જતો રહ્યો.

પછી એક દિવસ ગજ્જન શ્રીયમુનાજીને તીરે બેઠા હતા ત્યાં જીયદાસ પણ આવીને પાસે બેઠા. પરસ્પર જોઈ રહ્યા. ત્યારે ગજ્જને પોતાની બધી વાત કહી બતાવી કે અમારા પિતા ભાઇ સૌ ડૂબી મર્યા; માતા સતી થઈ; ત્યારથી વૈરાગ્ય થયું છે. ત્યારે જીયદાસે પોતાની વાત કહી કે મેં બ્રાહ્મણીનું દ્રવ્ય અન્યાય કરીને લીધું તેથી મારો દેહ વિકૃત થયો; ત્યારે મને જ્ઞાન થયું: હવે તો કોઇપણ પ્રકારે ભગવાનની પ્રાપ્તિ થાય તો સારું. ત્યારે ગજ્જને કહ્યું: ઝંખના તો મારી પણ એવી છે, પરંતુ કેવી રીતે મળે? કોઈ મહાપુરુષની કૃપા થાય તો ભગવાન તો મળે. ત્યારે જીયદાસે કહ્યું: એ તો સાચું, પણ હું તો મહાપાપી છું. મને મહાપુરુષ ક્યાં મળે? એથી જ હવે ભગવાનનો આશ્રય કરી શ્રીયમુનાજીનો આશ્રય કર્યો છે. જે બને તે ખરું. આ પ્રકારે બેઉ જણા નિત્ય મળે અને વાત કરે.

એવું થતું હતું ત્યાં કદાચી શ્રીઆચાર્યજી આગરા પધાર્યા, ને એઓશ્રી શ્રીયમુનાજીના તીર ઉપર સંધ્યાવંદન કરતા હતા, એટલામાં ગજ્જન અને જીયદાસ આવ્યા ને શ્રીઆચાર્યજીનાં દર્શન થયાં. ત્યારે બંનેએ જોયું કે આ મહાપુરુષ છે; એમને શરણે જઇએ. પછી ગજ્જને કૃષ્ણદાસ મેઘનને પૂછ્યું કે આ કોણ છે? ત્યારે કૃષ્ણદાસ મેઘને કહ્યું: શ્રીવલ્લભાચાર્યજી છે; દક્ષિણમાં અને કાશીમાં માયાવાદનું ખંડન કરી ભક્તિમાર્ગ પ્રકટ કર્યો છે. ત્યારે ગજ્જને અને જીયદાસે દંડવત્પ્રણામ કર્યાં અને વિનંતિ કરી કે મહારાજ, અમે સંસારસમુદ્રમાં ડૂબ્યા છીએ: અમને શરણે લઈ ઉદ્ધાર કરો. ત્યારે શ્રીઆચાર્યજીએ શ્રીયમુનાજીમાં નવડાવી નામનિવેદન કરાવ્યું. પછી જીયદાસે કહ્યું: મહારાજ, અમારે ઘેર પધારો. ત્યારે જીયદાસને ઘેર પધારી જીયદાસના બે પુત્ર પુરુષોત્તમદાસ અને છબીલદાસ હતા તેઓને નામનિવેદન કરાવ્યું. પછી ગજ્જનનું ઘર ખાલી હતું ત્યાં પધારી સામગ્રી કરી ભોગ ધરી ભોજન લીધું અને ગજ્જનને અને જીયદાસને જૂઠણ આપ્યું. ત્યારે ગજ્જને અને જીયદાસે વિનંતિ કરી: મહારાજ, હવે અમારું કર્તવ્ય

શું ? ત્યારે શ્રીઆચાર્યજી કહે : અમારી સાથે ગોકુલ ચાલો; બેઉ જણને શ્રીઠાકોરજી પધરાવી આપીશ; એટલે સેવા કરજો. ત્યારે ગજ્જન અને છીપદાસ સાથે ચાલ્યા. દેવા કપૂર કડાથી સાથે આવ્યા હતા.

અને નારાયણદાસ બ્રહ્મચારી મહાવનમાં રહેતા હતા. એમનો પિતા મથુરામાં જઈ ક્ષત્રિયો પાસેથી જિવાઈ લાવતો તેનાથી નિર્વાહ થતો હતો. એક દિવસે નારાયણદાસને સાથે મથુરા લઈ આવ્યો; એક ક્ષત્રિયને ઘેર જઈ કાંઈ માગ્યું, ત્યારે ક્ષત્રિયે રીસ કરી કહ્યું : ધિક્કાર છે બ્રાહ્મણને કે નિત્ય સવાર થતાં તારો જન્મ માગતાં માગતાં પૂરો થયો, પરંતુ કદી પેટ ન ભરાયું; તેથી તને કોઈ દિવસ પણ શરમ ન આવી ? આ સાંભળતાં જ નારાયણદાસને ખોટું લાગ્યું ને મહાવન ચાલ્યા આવ્યા. પિતા બીજે ઠેકાણેથી માગીને મહાવન આવ્યો ત્યારે નારાયણદાસે કહ્યું : હવે મારું મોઢું જોશો નહિ; હું તમારી લાવેલી ભીખ કાંઇપણ નહિ ખાઉં. ત્યારે પિતાએ સમજાવ્યું કે આપણું બ્રાહ્મણનું આ જ કર્તવ્ય છે. માગવા જઇએ ત્યાં અનાદર પણ થાય. ન માગીએ તો કામ કેમ ચાલે ? ત્યારે નારાયણદાસે કહ્યું : તમારું કામ માગવાનું છે તો માગો; હું તો તમારો થઇ રહેવા માગતો નથી. અને એ તો શ્રીયમુનાજીને તીરે બ્રહ્માંડઘાટ ઉપર જઈ બેઠા. જે કાંઇ મળે તેમાં નિર્વાહ ચલાવે; ગાયત્રી જપે; કોઈની સાથે બોલે નહિ. એમ થતાં થતાં નારાયણદાસનાં માતાપિતાના દેહ છૂટી ગયા, ત્યારે પાછા ઘરમાં આવી રહ્યા. દ્રવ્ય મેળવવાનાં ઉપાયસાધન ઘણાં કર્યાં, પરંતુ દ્રવ્ય ન મળ્યું; ત્યારે એકાદશ સ્કંધમાં અષ્ટસિદ્ધિ કહી છે તેનાં પણ સાધન ઘણાં કર્યાં, પરંતુ સાધન કાંઇપણ સિદ્ધ ન થયાં; ત્યારે હાર માની બેસી રહ્યા. આમ કરતાં કરતાં એ ચાળીસ વર્ષના થયા ત્યારે વૈરાગ્ય આવ્યું કે દ્રવ્યની પાછળ આટલા દિવસ એળે ગયા; હવે મથુરાં જઈ ભગવાનને માટે તપ કરું કે જ્યાં ધ્રુવજીએ તપ કર્યું હતું. એમ એ આવીને આખો દહાડો ગાયત્રી જપે, રાત્રે પાશેર દૂધ લે. આ પ્રકારે છ દિવસ વીત્યા, ત્યારે શ્રીઆચાર્યજી આગરાથી મથુરાં પધાર્યા; ધ્રુવઘાટ ઉપર મધ્યાહ્નસંધ્યા કરતા હતા ત્યારે એઓશ્રીએ નારાયણદાસ તરફ નજર કરી; ત્યારે નારાયણદાસના મનમાં એવું થયું કે એમનો સેવક થાઉં તો શ્રીઠાકોરજી કૃપા કરે. ત્યારે શ્રીઆચાર્યજીને દંડવત્પ્રણામ કરી વિનંતિ કરી : મહારાજ, મારા ઉપર કૃપા

કરી મને સેવક કરો. ત્યારે શ્રીઆચાર્યજી કહે : તું બ્રહ્મચારી છે; પહેલાં તો દ્રવ્યને માટે બહુબહુ ઉપાય કર્યા પણ સિદ્ધ ન થયા; હવે તું શ્રીઠાકોરજીને માટે તપ કરે છે તો સેવક થવાનું કેમ કહે છે? ત્યારે નારાયણદાસે કહ્યું : મહારાજ, આપ પૂર્ણ પુરુષોત્તમ છો; મારા જન્મની બધી વાત કહી દીધી. તેથી જ આપની કૃપા વિના શ્રીઠાકોરજી મળવા દુર્લભ છે. હું અત્યાર સુધી ખૂબ ભટક્યો છું; હવે આપે મારા ઉપર કૃપા કરી દૃષ્ટિ કરી ત્યારે મારું મન સેવક થવાનું થયું; એથી કૃપા કરીને શરણે લો.

ત્યારે શ્રીઆચાર્યજીએ નારાયણદાસને નામનિવેદન કરાવ્યું; ત્યારે નારાયણદાસે વિનંતિ કરી : મહારાજ, હવે મારું શું કર્તવ્ય છે? એ વિશે આજ્ઞા આપો. ત્યારે શ્રીઆચાર્યજી કહે : અમારી સાથે મહાવન ચાલો; તારી ઉપર શ્રીઠાકોરજી પધરાવી આપીશ; એમની તું સેવા કરજે. ત્યારે નારાયણદાસે કહ્યું: મારું ઘર મહાવનમાં છે તો પધારો અને મારે એક ભત્રીજી છે તેને સેવક કરો. એટલે શ્રીઆચાર્યજી સાંજે શ્રીગોકુળ પધાર્યા, રાત્રિ રહ્યા, પ્રાતઃકાલમાં નારાયણદાસને ઘેર મહાવનમાં પધારી નારાયણદાસની ભત્રીજીને નામનિવેદન કરાવ્યું. એટલામાં એ વનમાં ક્ષત્રાણીને ચારે સ્વરૂપે કહ્યું કે શ્રીઆચાર્યજી નારાયણદાસને ઘેર પધાર્યા છે ત્યાં અમને લઈ ચાલો.

વાર્તાપ્રસંગ ૧ લો.

એક સમયે શ્રીઆચાર્યજી મહાપ્રભુ પૃથ્વીપરિક્રમા કરતા કરતા મહાવનમાં પધાર્યા ત્યારે એ ક્ષત્રાણીએ, બ્રહ્માંડઘાટ ઉપર શ્રીયમુનાજીમાંથી ચારે સ્વરૂપ પ્રાપ્ત થયાં હતાં તે ચારે સ્વરૂપોને લાવીને શ્રીઆચાર્યજીને પાસે રાખ્યાં. શ્રીઆચાર્યજીએ એ ચારે સ્વરૂપ ચાર વૈષ્ણવોને માથે પધરાવી આપ્યાં. શ્રીનવનીતપ્રિયજી ગજ્જન ધાવનને માથે પધરાવ્યા; શ્રીગોકુલચંદ્રમાજી નારાયણદાસને માથે પધરાવ્યા; શ્રીલાડીલેશજી જીયદાસ સૂરિ ક્ષત્રિયને માથે પધરાવ્યા; શ્રીલલિતત્રિભંગીજી દેવા કપૂરને માથે પધરાવ્યા; અને ચારે વૈષ્ણવોને શ્રીઆચાર્યજીએ કહ્યું: આ મારું સર્વસ્વ છે, તે તમારે માથે પધરાવી આપ્યા છે, તો સેવા પ્રેમથી સાચી ભાતે કરજો, અને જો તમારાથી ન બને તો અમારા ઘરમાં

પાછા પધરાવી આપજો. એમ ચારેને સેવાની રીતિ બતાવી. પછી દેવા કપૂર અને જીયદાસને કહે: તમે ઘેર પધરાવી લઇ જાઓ; ગજ્જન પછીથી આવશે. ત્યારે જીયદાસ ઘેર આવ્યા, આગરામાં સેવા કરવા લાગ્યા, એ એમની વાર્તામાં આગળ કહેવામાં આવશે. અને દેવા કપૂર કડામાં આવ્યા, તેમનો સેવાનો પ્રકાર દેવા કપૂરની વાર્તામાં કહીશું. નારાયણદાસને સેવાની રીતિ બતાવી, એ નારાયણદાસે સેવા કરી, એ નારાયણદાસની વાર્તામાં આ પહેલાં કહી આવ્યા છીએ.

વાર્તાપ્રસંગ ૨ જો.

હવે શ્રીઆચાર્યજી ગજ્જનને અને શ્રીનવનીતપ્રિયજીને સાથે લઇ શ્રીગોકુલ પધાર્યા. સાથે દામોદરદાસ હરસાની અને કૃષ્ણદાસ છે. એમ ગોકુલ આવ્યા. પ્રાતઃકાલમાં જન્માષ્ટમી હતી તેથી શ્રીગોકુલમાં ઉત્સવ કર્યો; એક મટકી દહીંથી દહીંકાદવ કર્યો; એક ઉપરણામાં શ્રીનવનીતપ્રિયજીને ઝુલાવ્યા. એક છેડો દામોદરદાસ હરસાનીએ પકડયો ને બીજો છેડો કૃષ્ણદાસ મેઘને પકડયો. ગજ્જને નૃત્ય કર્યું. શ્રીઆચાર્યજીએ પલને ઝુલાવ્યા. સાક્ષાત્ નંદરાય યશોદાજી વ્રજભક્ત ગોપ ગોપી એમ સૌ નંદાલયની લીલા પ્રકટ કરી, સેવકોને અનુભવ કરાવ્યો. પછી ગજ્જનને સાથે શ્રીનવનીતપ્રિયજી પધરાવી આપી આગરા તરફ વિદાય કર્યા. ગજ્જન આગરામાં આવી સેવા કરવા લાગ્યા, એ પ્રકાર ગજ્જનની વાર્તામાં ઉપર કહી આવ્યા છીએ.

પછી શ્રીઆચાર્યજી પૃથ્વીપરિક્રમામાં પધાર્યા. એમ એ ક્ષત્રાણી શ્રીઆચાર્યજીનાં એવાં કૃપાપાત્ર હતાં. એમને શ્રીઆચાર્યજીની સેવા ઉપર દ્દઢ ભાવ હતો તો ચારે સ્વરૂપ પ્રથમ જ પધાર્યાં; પરંતુ શ્રીઆચાર્યજીની સેવામાં મમત્વ રાખે; એમની વાર્તા ગૂઢ છે; તેથી જાજો પ્રકાશ કર્યો નથી. વાર્તા ॥ ૧૫ ॥

વાર્તા ૧૬ મી.

હવે શ્રીઆચાર્યજીના સેવક જીયદાસ સૂરિ ક્ષત્રિય આગરામાં રહેતા હતા તેમની વાર્તા અને એનો ભાવ.

ભાવપ્રકાશ—જીયદાસ લીલામાં શ્રીયમુનાજીનાં સખી છે. 'શ્યામા' એમનું નામ. એ શ્યામાની પાંચ સખી છે તેમનાં નામ કહે છે: 'કાવેરી' સખી અહીં પુરુષોત્તમદાસ થઇ; 'મનોહર' સખી તે અહીં છબીલદાસ થઈ; 'હીરા' સખી તે અહીં કૃષ્ણદાસ થઇ; 'છબિશ્યામા' સખી તે અહીં હરિજી થઇ; 'મંજુકી' સખી તે અહીં મથુરામલ્લ થઈ. હવે આ છયે જણ જે પ્રકારથી શ્રીલાડીલેશજીની સેવા કરી લીલામાં પ્રાપ્ત થયા તે પ્રકાર કહે છે.

વાર્તાપ્રસંગ ૧ લો.

હવે જીયદાસ સૂરિ ક્ષત્રિયને માથે શ્રીઆચાર્યજીએ શ્રીલાડીલેશજી પધરાવ્યા; એ આગરામાં આવ્યા. સવારથી લઈ સાંજ સુધી મન લગાવી તનુજા વિત્તજા અને માનસી (સેવા) કરે. અનોસર કરતાં કરતાં વિરહ એવો થયો કે દેહ છૂટી ગયો. આ પ્રકારે શ્રીલાડીલેશજીએ ચારે પહોર જીયદાસ પાસે સેવા કરાવી.

ભાવપ્રકાશ—શા માટે? જીયદાસ ઉત્તમ અધિકારી છે; લીલામા મન થઇ ગયા પછી લૌકિક વૈદિક ન જુએ.

પાછળ જીયદાસને બે પુત્ર હતા: પુરુષોત્તમદાસ અને છબીલદાસ. એમણે કેટલાક દિવસ સેવા કરી. એ બેઉ ભાઇઓને સંતતિ ન થઇ.

ભાવપ્રકાશ—એમ શા માટે? જીયદાસનો દેહ છૂટી ગયા પછી બેઉ ભાઈએ લૌકિકમાં વ્યવહાર છોડી શ્રીઠાકોરજીમાં મન લગાડી સેવા કરી.

જ્યારે જાણ્યું કે દેહ છૂટી જશે ત્યારે બેઉ ભાઇના મામા કૃષ્ણદાસ ચોપડા ક્ષત્રિય હતા તેમને માથે શ્રીલાડીલેશજી પધરાવ્યા. કૃષ્ણદાસ ચોપડાએ કેટલાક દિવસ ભલી ભાતે સેવા કરી. પછી એક સમયે મરકી આવી, ત્યારે કૃષ્ણદાસનાં બધાં કુટુંબીઓના દેહ છૂટી ગયા; કૃષ્ણદાસ પંડે એકલા રહ્યા.

ભાવપ્રકાશ—એમ શા માટે? કુટુંબ દૈવી નહોતું, તેથી કોઇ સેવક ન થયું. અને જેટલું દ્રવ્ય દૈવી હતું તેટલાનો શ્રીઠાકોરજીએ અંગીકાર કર્યો. પછી આસુરી દ્રવ્ય બાકી રહ્યું તે આગરામાં પઠાણે આવી ગામ લૂંટ્યું ને માર્યો એમાં કૃષ્ણદાસ અને શ્રીલાડીલેશજી બચત રહ્યા એમનું દ્રવ્ય બધું લૂંટી ગયો.

ત્યારે કૃષ્ણદાસને હરજી અને મથુરામલ્લ કરી મિત્રો હતા.
એઓ શ્રીઆચાર્યજીના સેવક છે. એમને ઘેર કૃષ્ણદાસ જઈ રહ્યા.
મથુરામલ્લે તો ત્રણ દિવસ સેવા કરી દેહ છોડયો; ભગવત્પ્રાપ્તિ
થઈ. પછી હરજી અને કૃષ્ણદાસે મળીને સેવા કરી. પછી કૃષ્ણ-
દાસનો દેહ છૂટી ગયો ને લીલામાં પ્રાપ્ત થયા. પછી હરજીએ દોઢ
વર્ષ શ્રીલાડીલેશજીની સેવા કરી. ત્યારપછી શ્રીગુસાંઇજીને ઘેર
શ્રીગોકુલ પધાર્યા. એ જયદાસ શ્રીઆચાર્યજીના એવા કૃપાપાત્ર
ભગવદીય હતા. એમની વાર્તાનો પાર નથી. એ કયાંસુધી
કહીએ ? ॥ વાર્તા ૧૬ ॥

ભાવપ્રકાશ–પછી હરજીનો દેહ બગડ્યો ત્યારે બંટ શ્રીગિરિધરજીના
લાલજી શ્રીદામોદરજી મુરલીધરજી શ્રીગોપીનાથજી–એમના ઘરમાં શ્રીગોકુલમાં
શ્રીઠાકોરજીને બધી સામગ્રી વસ્ત્ર આભૂષણ સાથે પધરાવી, વિરહ કરી દેહ
છોડ્યો. એમ આ છયે જણ શ્રીઆચાર્યજીના કૃપાપાત્ર ભગવદીય હતા:
લીલાસંબંધી હતા તેથી એક જ જન્મમાં પ્રભુને પામ્યા.

વાર્તા ૧૭ મી.

હવે શ્રીઆચાર્યજીના સેવક દેવા કપૂર ક્ષત્રિય કડામાં રહેતા હતા તેમની વાર્તા અને એનો ભાવ.

ભાવપ્રકાશ–દેવા કપૂર અને દેવા કપૂરની સ્ત્રી બેઉ શ્રીજશોદાજીનાં સખી છે. લીલામાં દેવા કપૂરનું નામ 'પ્રવીણ.' લીલામાં દેવા કપૂરની સ્ત્રીનું નામ 'રસલીના' છે.

વાર્તાપ્રસંગ ૧ લો.

એ દેવા કપૂરને માથે શ્રીઆચાર્યજીએ શ્રીલલિતત્રિભંગી-જીની સેવા પધરાવી આપી. એ દેવા કપૂરે સ્ત્રીની સાથે મળી ઘણા દિવસો સુધી શ્રીલલિતત્રિભંગીજીની સેવા કરી. પછી દેવા કપૂરનો દેહ છૂટી ગયો ત્યારે દેવા કપૂરની સ્ત્રીએ ઘણા દિવસ સુધી સેવા કરી. કેટલાક દિવસો પછી દેવા કપૂરની સ્ત્રીનો દેહ છૂટી ગયો ત્યારે એનાં સગાંસંબંધીઓએ એનો અગ્નિસંસ્કાર કર્યો. ત્યારપછી ઘરમાં આવી મંદિરનાં કમાડ ખોલીને પુત્રોએ જોયું તો બધી સામગ્રી

જેમ હતી તેમજ પડી છે. શ્રીઠાકોરજી નથી. શય્યા ખાલી પડી છે, શ્રીઠાકોરજી અંતર્ધાન થયા છે, એની કોઇને ખબર ન પડે એમ અંતર્ધાન થયા. દેવા કપૂરને પુત્રો ચાર હતા, પરંતુ શ્રીઠાકોરજીએ એઓની પાસે સેવા ન કરાવી.

ભાવપ્રકાશ–શા માટે? જે કે શ્રીગુસાંઇજીના મોટા ભ્રાતા શ્રીગોપીનાથજી પાસે નામ પમાડ્યું હતું; પરંતુ લૌકિક વૈદિક કાર્યોમાં આસક્ત હતા, તેથી શ્રીઠાકોરજીએ સેવા ન કરાવી. અને શ્રીગોપીનાથજીએ જેઓને નામ પમાડ્યાં તે મર્યાદામાર્ગીય થયા. એઓ શ્રીબલદેવજી મર્યાદારૂપ છે અને શ્રીલલિતત્રિભંગીજી શ્રીઆચાર્યજીના સેવ્ય પુષ્ટિપુરુષોત્તમ છે, તેથી સંબંધ કેવી રીતે થાય અને ચારે પુત્રોની આગળ વૈષ્ણવોને સેવા કેમ મળે ? એટલે જ શ્રીઠાકોરજી અંતર્ધાન થઈ ગયા. પછી સિંહનદમાં શ્રીગુસાંઈજીની સેવક એક બ્રાહ્મણી હતી તેને ઘેર પ્રકટ થઇ બ્રાહ્મણીને બધી વાત કરી; ગોપ્ય રીતે ઘણા દિવસો સુધી સેવા કરાવી. એ શ્રીગુસાંઇજીની વાર્તાના ભાવમાં લખ્યું છે, જે પ્રકારે શ્રીગુસાંઈજીના ઘરમાં પધાર્યા તે.

એ દેવા કપૂર અને દેવા કપૂરનાં સ્ત્રી મોટાં ભગવદીય હતાં, તેથી એમની વાર્તા કયાંસુધી કહીએ ? ॥ વાર્તા ૧૭ ॥

ભાવપ્રકાશ–એમની વાર્તામાં આ સિદ્ધાંત બતાવ્યો કે દૈવી જીવ સિવાય શ્રીઠાકોરજીમાં સ્નેહ ન થાય; શ્રીઠાકોરજી સેવા પણ ન કરાવે.

વાર્તા ૧૮ મી.

હવે શ્રીઆચાર્યજીના સેવક દિનકર શેઠ ક્ષત્રિય પ્રયાગમાં રહેતા હતા તેમની વાર્તા અને એનો ભાવ.

ભાવપ્રકાશ–આ દિનકર શેઠ લીલામાં શ્રીઠાકોરજીની ભગવત્સંબંધી સખી છે. શ્રીસ્વામિનીજી સાથે પ્રીતિ બહુ છે. શ્રીઠાકોરજીની વાર્તા બધી પૂછતી, તેને પોતાની પ્રીતિની બધી વાત કહેતાં. લીલામાં એનું નામ 'મનચાતુરી' છે. હમેશાં શ્રીસ્વામિનીજીની વાર્તા સાંભળી શ્રીઠાકોરજીને કહેતી. એમની વાત સાંભળવામાં મન આતુર, એથી મન રહી ન શકે. સાંભળવાનું વ્યસન હતું.

તેથી શ્રીઠાકોરજીને અને શ્રીસ્વામિનીજીને પરમ પ્રિય છે. પ્રયાગમાં એક મોટા દ્રવ્યવાન ક્ષત્રિય હતો તેને ઘેર દિનકર શેઠનો જન્મ થયો. એ પાંચ વર્ષના થયા ત્યારથી શ્રીઠાકોરજીની કથાવાર્તા થાય તે સાંભળવામાં એમનું મન લાગ્યું. પછી વર્ષ દસ બારના થયા, ત્યારે પોતાનાં તેમજ ઘરમાંનાં ઘરેણાં કપડાં જે કાંઇ હાથ લાગે તે કથા કહેનારાને દઇ આવે; તેથી એમનાં માતા પિતા ભાઈ હતાં તે સૌ દિનકર શેઠને ચોર કહેતાં; ઘરમાં એમનો વિશ્વાસ ન કરતાં. એક સમયે દિનકર શેઠના મોટા ભાઇનાં લગ્ન હતાં તેથી એમને પણ સુંદર જરીનો વાઘો પહેરાવ્યો, આભૂષણ પહેરાવ્યાં, ઘોડા ઉપર ચડાવ્યા, જાનમાં લઈ ચાલ્યા; ત્યારે દિનકર શેઠના મનમાં એવું આવ્યું કે જો આજ નાસી છૂટવાનો લાગ આવે તો આ બધું કથા કહેનારાને દઈ આવું. જ્યારે જાન પુત્રીવાળાને બારણે પહોંચી ત્યારે બધાં કુટુંબી લગ્નના કામમાં પડ્યાં; દિનકર શેઠ નાસી જઇ કથા કહેનારા દસ પાંચ જણાને ઘેર જઇ બધાં આભૂષણ વસ્ત્ર વાંટી દીધાં, અને કહ્યું: મારાં ભાઇ પિતા કુટુંબી કોઇને પણ કહેશો નહિ પછી દિનકર શેઠ એક ધોતિયું પહેરી ઘરમાં આવી બેઠા. ત્યારે માતાએ પૂછ્યું: આભૂષણ વસ્ત્રો ક્યાં છે ? એ પછી પિતાએ શોધતાં શોધતાં આવી દિનકર શેઠને બહુ જ માર માર્યો; ત્રણ દિવસ સુધી કોઠામાં ગોંધી રાખ્યા, પણ દિનકર શેઠ બોલ્યા નહિ કે ન કાંઈ બતાવ્યું; ત્યારે પિતા ભાઈ હાર માની બેસી રહ્યા. દિનકર શેઠ બધા દિવસ કથા વાર્તા સાંભળે. જ્યાં જાય ત્યાં શ્રોતા વક્તા એમને 'શેઠ' કહે, એમની સરાહના કરે; અને લોકોમાં, જ્ઞાતિમાં, કુટુંબીઓમાં એમને ચોર કહે. એમ 'દિનકર શેઠ' કહેવાયા. સાંઝે ઘેર આવે ત્યારે માબાપ ખાવાનું આપે તે ખાય; જેવું પહેરવાનું આપે તે પહેરે. સાંઝે એકવાર ખાય. કથા કહેનારાને ત્યાં ક્યાંય જાગરણ હોય, ભગવદ્વાર્તા હોય, તો ત્યાં જ સૂઇ રહે. ઘરમાં રહેવા ન દે એ માટે કે જે કાંઇ નજરે પડશે તે નજર ચુકાવી લઈ જશે. જ્ઞાતિમાં 'ચોર' કહેવાયા, તેથી એમનાં લગ્ન ન થયાં. માતાપિતા એમ કરતાં રહ્યાં તેથી ત્યારથી ખાનપાન ચાલ્યું ગયું. પછી માતાપિતા મરી ગયાં ત્યારે ભાઈની સાથે ન બન્યું; ત્યારે દિનકર શેઠ વિચાર્યું કે હવે આ ગામ છોડું તો સારું. સવારમાં ત્રિવેણીસ્નાન કરવા ઘાટ ઉપર દિનકર શેઠ આવ્યા. હવે શ્રીઆચાર્યજીએ અડેલમાં કૃષ્ણદાસ મેઘનને કહ્યું કે શહેરમાં જઇ બે-ચાર રૂપિયાની ખાંડ લઈ આવો. કૃષ્ણદાસ

મેઘન ત્રિવેણી ઉપર આવ્યા. બેઉ જણ સ્નાન કરતા હતા ત્યારે દિનકર શેઠે કહ્યું: તમે કોણ છો? ત્યારે કૃષ્ણદાસ પૂછે: તમે કોણ છો? મને પૂછો છો તો તમારે કાંઇ કામ છે? ત્યારે દિનકર શેઠે કહ્યું: મારે આ ગામ છોડી દેવું છે; તેથી તમને પરદેશી જાણી પૂછ્યું. જો કોઇને પણ ભગવદ્‌વાર્તા–કથા આવડતી હોય તો એમની સાથે જાઉં. મારા ઘરમાં દ્રવ્ય ઘણું છે. એ તો માતાપિતા હતાં ત્યાંસુધી નિર્વાહ ચાલ્યો; અત્યારે ત્રણ ભાઇ છે તેઓ મને 'ચોર' કહી બૂરાં વેણ કહે છે. મારાં લગ્ન થયાં નહિ, એ શ્રીઠાકોરજીએ સારું કર્યું. ત્યારે શ્રીકૃષ્ણદાસે દૈવી જાણી કહ્યું: તમને કથા સાંભળવાનું વ્યસન છે તો અડેલમાં શ્રીઆચાર્યજીના શ્રીમુખની કથા તો એક દિવસ સાંભળો; પછી જ્યાં મન હોય ત્યાં જજો. ત્યારે દિનકર શેઠ આટલું સાંભળતાં જ ત્યાંથી નાવ ઉપર ચડી અડેલ આવ્યા. એ સમયે શ્રીઆચાર્યજી પોઢીને ઊઠ્યા હતા. સવા પહોર દિવસ બાકી હતો, ત્યારે દિનકર શેઠે દંડવત્પ્રણામ કર્યાં. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું: આવો દિનકર શેઠ; બેસો; કથા સાંભળો. પછી આપશ્રીએ દશમ સ્કંધમાં ભ્રમરગીતનું વ્યાખ્યાન કર્યું. ત્યારે દિનકરદાસની આંખોમાંથી આંસુના પ્રવાહ ચાલ્યા. મનમાં કહે: હાય હાય! આટલા દિવસ મારા એળે ગયા. હવે તો આમને શરણે જઈ હંમેશાં એમની પાસે રહી કથાશ્રવણનું પાન કરું. પછી કથા પૂરી થઇ ત્યારે દિનકર શેઠે વિનંતિ કરી: મને કૃપા કરી શરણે લો. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું: તેં કથા તો ખૂબ સાંભળી, પણ અત્યાર સુધી સેવક નથી થયો. તને મોટા મોટા પંડિત સ્વામી મળ્યા તેઓનો સેવક કેમ ન થયો? ત્યારે દિનકર શેઠે કહ્યું: મહારાજ, જેટલા સ્વામી પંડિત મળ્યા તેટલા (સૌ) દ્રવ્યના સંગી મળ્યા. જ્યાંસુધી ભેટ કરી ત્યાંસુધી પ્રીતિ બહુ કરતા; હવે કોઈ મારી સાથે બોલતો નથી. પરંતુ શ્રીઠાકોરજીએ કૃપા કરી કે આપનાં દર્શન થયાં. આપ સાક્ષાત્ ભગવાન છો. હું કોઈ દેશમાં જાત તો જન્મ બગડી જાત. હવે મારો ઉદ્ધાર કરો. મારે કોઈ લૌકિક પ્રતિબંધ નથી. ત્યારે શ્રીઆચાર્યજી કહે: શ્રીયમુનાજીમાં સઘળાં વસ્ત્રો સાથે નાહી આવ. ત્યારે દિનકરશેઠ નાહી આવ્યા. ત્યારે શ્રીઆચાર્યજીએ નામનિવેદન કરાવ્યું. પછી કહે: ભગવત્સેવા કરો. ત્યારે દિનકર શેઠે કહ્યું: આપ તો અંતઃકરણની વાત જાણો છો; હું તો આપના મુખની કથા સાંભળીશ. એમાં બધી સેવા છે. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું: સારું; અમારી સાથે રહો. દિનકર શેઠ પાસે સો

પચાસ શ્રીઆચાર્યજીને ભેટ ધર્યા; પચાસ રહ્યા તેમાંથી
રૂપિયા હતા તેમાંથી
નિત્ય 'બાટી દાળ' કરતા.

વાર્તાપ્રસંગ ૧ લો.

આસક્તિ હતી. શ્રી-
એ દિનકરદાસને કથા ઉપર બહુ
આચાર્યજી મહાપ્રભુ આપ બેઠકમાં કથા કહેતા ત્યારે એક દિવસ
દિનકર શેઠ શ્રીયમુનાજીને કાંઠે રસોઇ કરવા ગયા. ત્યાં નાહીને
ચૂન બાંધી બાટી મૂકી. પાતાળ ઉપર ધરી ઉપર બરાઇ દીધી.
એ જ સમયે શ્રીઆચાર્યજીનો એક જલઘરિયો જલ ભરવા આવ્યો
ત્યારે એને દિનકરદાસે પૂછ્યું: શ્રીઆચાર્યજી મહાપ્રભુ આપ શું
કરે છે? ત્યારે એ જલઘરિયાએ કહ્યું: શ્રીઆચાર્યજી પોથી ખોલે
છે; હવે કથા કહેશે? ત્યારે દિનકર શેઠ એ જલઘરિયાનાં વચન
સાંભળતાં વાંત જ કાચી બાટી લઇ જલપાન કર્યું; સેકી નહિ.
ઝડપથી આવી કથા સાંભળવા લાગ્યા. પછી જ્યારે શ્રીઆચાર્ય-
જી કથા કહી ચૂકયા, ત્યારે જલઘરિયાએ શ્રીઆચાર્યજીને કહ્યું:
મહારાજ, દિનકર શેઠ કાચી બાટી સેકયા વિના ખાઇને આવ્યા
છે, ત્યારે શ્રીઆચાર્યજી દિનકર શેઠને પૂછે: હેં સેકયા વિના
બાટી કેમ ખાધી? ત્યારે દિનકર શેઠ બોલ્યા: મહારાજ, બાટી
તો નિત્ય સેકીને લઇશ પરંતુ આ આપના મુખથી કથામૃત
ક્યારે સાંભળીશ? જો બાટી સેકવા રહેતો હોત તો મને અમૃત
કેવી રીતે મળત? ત્યારે શ્રીઆચાર્યજી બહુ પ્રસન્ન થઇને કહે:
આજ પછી રસોઇ તૈયાર કરી ભોગ ધરી મહાપ્રસાદ લઇને આવજે:
તારા આવ્યા વિના કથા નહિ કહું. આજથી તું કથાનો મુખ્ય
શ્રોતા છે. એ પછી દિનકર શેઠ પણ ઝડપથી રસોઇ કરતા; કેમકે
શ્રીઆચાર્યજી મારે લીધે બેઠા રહે એ સારું નહિ. અને કોઇ દિવસ
જવા ઢીલ પણ થાય તો જ્યારે દિનકર શેઠ આવે ત્યારે આપ કથા કહે.

ભાવપ્રકાશ—આમાં આ સિદ્ધાંત બતાવ્યો કે કાચી બાટી અસમર્પિતનો
મોટા દોષ છે પરંતુ શ્રીઆચાર્યજીની કથામાં દૃઢ સ્નેહ છે, એ માટે લીધી;
તેથી બાધક ન થયું, અને પ્રસન્ન થયા. તેથી શ્રીઆચાર્યજીમાં દૃઢ સ્નેહ હોય
તેને કોઇ બાધક ન થાય. એ બતાવ્યું.

પછી જ્યાંસુધી જીવ્યા ત્યાંસુધી શ્રીઆચાર્યજીના મુખની કથા સાંભળી. રાતદિવસ લીલાની ભાવનામાં મગ્ન રહેતા. લીલામાં પણ શ્રીસ્વામિનીજી એમને બધી વાત કરતાં. શ્રીઆચાર્યજીએ કથા સંભળાવી પોતાના સ્વરૂપનો અનુભવ કરાવ્યો.

એ દિનકર શેઠ એવા ભગવદીય હતા. ॥ વાર્તા ૧૮ ॥

ભાવપ્રકાશ—એમની વાર્તામાં આ સિદ્ધાંત વૈષ્ણવોને બતાવ્યો કે જો કથા સાંભળવાનું મન હોય તો પ્રથમથી જ ઝડપથી રસોઇ કરી શ્રીઠાકોરજીની સેવામાં પહોંચીને પછી જવું. તેથી શ્રીઆચાર્યજી 'ભક્તિવર્ધિની'માં કહે છે :

सेवायां वा कथायां वा यस्यासक्तिर्दृढा भवेत ॥

પ્રથમ સેવા છે, પછી કથા છે; બેઉ કરીને પ્રભુમાં આસક્તિ થવી જોઇએ. કોઇ પણ પ્રકારે થાઓ, સર્વોપરિ આસક્તિ છે. એ દિનકર શેઠની થઈ હતી, તેથી કરીને લીલાની પ્રાપ્તિ થઈ.

વાર્તા ૧૯ મી.

હવે શ્રીઆચાર્યજીના સેવક દિનકરદાસ મુકુંદદાસ સહનિયા કાયસ્થ માળવા દેશમાં રહેતા તેમની વાર્તા અને એનો ભાવ—

ભાવપ્રકાશ—એ લીલામાં શ્રીનંદરાયજીના ભાઈ હતા. દિનકરદાસનું નામ ધરાનંદ છે અને મુકુન્દદાસ ધ્રુવનંદ છે. તેઓ માળવામાં એક કાયસ્થને ત્યાં જન્મ્યા. એમના પિતા ઉજ્જનમાં હાકેમની પાસે રહેતા. હવે એક દિવસ હાકેમ સાથે બોલાચાલી થઇ, એટલે દિનકરદાસ—મુકુંદદાસના પિતા ચાકરી છોડીને ઘેર ચાલ્યા આવ્યા અને પાંચ દશ દિવસમાં દેહ છોડી ત્યારે આ બન્ને ભાઈ દશ અને બાર વરસના હતા, અને ઘરમાં દ્રવ્યનો સંકોચ હતો, એટલે ઘેરથી નીકળી કાશી ગયા. ત્યાં દ્રવ્ય બહુ જ કમાયા. એટલે બેઉ જણા ઘેર જવા લાગ્યા. કાશીથી એક ગાઉ દૂર આવ્યા ત્યાં એક સાપ નીકળ્યો; તે મુકુંદદાસને કરડીને દરમાં પેસી ગયો. પછી ઝેર ચઢયું. એટલે દિનકરદાસ તેમને કાશીમાં ઉઠાવી લાવ્યા. ઘણા ય ઝેર ઉતારનારાઓએ આવી યત્ન કર્યાં, પણ ઝેર ઊતર્યું નહિ. આથી દિનકરદાસે પોકારીને રુદન કર્યું.

આ વખતે શ્રીઆચાર્યજી કાશીમાં શેઠ પુરુષોત્તમદાસને ત્યાં બિરાજતા હતા. કૃષ્ણદાસ બજારમાં કંઈક કામ માટે આવ્યા હતા. તેમણે દિનકરદાસનો વિલાપ સાંભળ્યો. ભગવદીયનું હૃદય કોમળ હોય છે તેથી તેમણે પૂછ્યું: આટલો બધો સંતાપ તમે કેમ કરો છો? ત્યારે દિનકરદાસે કહ્યું: પહેલાં દ્રવ્યના દુઃખે ઘેરથી નીકળી અહીંયાં આવ્યા; દ્રવ્ય કમાયા; અને ઘેર જતા હતા, ત્યાં મારા ભાઈને સાપ કરડયો. બહુ ઉપાય કર્યા પણ ઝેર ઊતર્યું નહિ. હવે હું પણ કાશીમાં ગંગાજીમાં ડૂબી મરીશ. ઘેર જઈને શું કરું? એટલે કૃષ્ણદાસને દયા આવી અને દૈવી જાણ્યા એટલે શ્રીઆચાર્યજીનું ચરણામૃત પાસે હતું તે મુકુંદદાસને પાણીમાં ઘોળીને પાયું. તરત જ ઝેર ઊતરી ગયું. મુકુંદદાસ ઊઠીને બેઠા થયા. ચરણામૃતથી બુદ્ધિ નિર્મળ થઇ ગઈ, એટલે મુકુંદદાસે કૃષ્ણદાસને ભગવત્સ્મરણ કરી દંડવત્પ્રણામ કર્યાં કૃષ્ણદાસે પૂછ્યું કે તમે મને દંડવત્પ્રણામ કેમ કર્યાં? એટલે મુકુંદદાસે કહ્યું કે તમારા હૃદયમાં શ્રીઆચાર્યજીએ બિરાજીને અમારા પર કૃપા કરી છે; નહિ તો અમે સંસારસમુદ્રમાં પડયા છીએ તે શ્રીઆચાર્યજીને ઓળખતા નહોતા, અને તમને પણ ઓળખતા નહતા. પરંતુ તમે કૃપા કરીને જણાવ્યું, તેથી ભગવદીયને દંડવત્પ્રણામ કર્યાં તે બાધક નથી. ત્યારે કૃષ્ણદાસે કહ્યું કે આ ચરણામૃતની વાત શ્રીઆચાર્યજીને કહેશો નહિ, નહિ તો મારા પર ખિજાશે. અને ગામમાં પણ કોઇને કહેશો નહિ. અમને આવીને બધા દુઃખ દેશે, એટલે અહીં રહેવું ભારે પડશે. પછી મુકુંદદાસે કૃષ્ણદાસને પૂછ્યું કે શ્રીઆચાર્યજી ક્યાં બિરાજે છે? ત્યારે કૃષ્ણદાસે કહ્યું કે આપ શેઠ પુરુષોત્તમદાસને ત્યાં બિરાજે છે. આમ કહીને કૃષ્ણદાસ તો કામે ગયા. પછી મુકુંદદાસે દિનકરદાસને કહ્યું: ભાઈ, શ્રીઆચાર્યજીને શરણે ચાલો. એટલે દિનકરદાસે પૂછ્યું કે શ્રીઆચાર્યજી કોણ છે? ત્યારે મુકુંદદાસે કહ્યું કે એઓ સાક્ષાત્ ભગવાન છે. મને એમનું ચરણામૃત પ્રાપ્ત થવાથી જ્ઞાન થયું છે. તમે પણ દર્શન કરી ચરણામૃત લેશો ત્યારે શ્રીઆચાર્યજીના સ્વરૂપને જાણશો, માટે જલદી ચાલો, ઢીલ ન કરો. હવે બેઉ ભાઈએ આવી શ્રીઆચાર્યજીને દંડવત્પ્રણામ કરી વિનંતિ કરી: મહારાજ, અમે મહા અપરાધી છીએ, સંસારનાં દુઃખસુખમાં પડયા છીએ, માટે અમારો ઉદ્ધાર કરો. એટલે શ્રીઆચાર્યજીએ કહ્યું કે તમે કાયસ્થ છો, એટલે આ પુષ્ટિમાર્ગ શી રીતે સધાશે? એટલે મુકુંદદાસે કહ્યું કે મહારાજ, આપની

કૃપાથી બધું સધાશે. આપની કૃપા જો શૂદ્ર ચંડાળ પર થાય તો તેનાથી બધું સધાય, અને આપની કૃપા મોટા પંડિત બ્રાહ્મણ પર ન હોય તો તેનાથી કશું ન સધાય. માટે આપ કૃપા કરીને અમને શરણે લો. શરણના પ્રતાપથી અમારું કલ્યાણ થશે. એટલે શ્રીઆચાર્યજીએ પ્રસન્ન થઈને કહ્યું કે હવે મેં જાણ્યું કે આ કૃષ્ણદાસ મેઘનનું કામ છે. પછી મુકુંદદાસ તથા દિનકરદાસને નવરાવીને નામનિવેદન કરાવ્યું. ત્યાર પછી કેટલાક દિવસ શ્રી-આચાર્યજી પાસે રહીને તેઓ માર્ગની રીતિબંધી શીખ્યા. પછી વિનંતિ કરી કે મહારાજ, આજ્ઞા આપો તો ઘેર જઈએ. હવે અમારું શું કર્તવ્ય છે? એટલે શ્રીઆચાર્યજીએ બ્રહ્મસંબંધનો મંત્ર લખી શ્રીહસ્તાક્ષર આપ્યા, અને કહ્યું કે આની સેવા કરજો; જે કંઈ ખાનપાન કરો તે આને ભોગ ધરીને લેજો. એટલે બેઉ ભાઇ વિદાય થઇને માળવામાં પોતાને ઘેર આવ્યા. પોતે રસોઈ કરી ભોગ ધરી સ્રીજનને વેગળે ધરી દેતા, કારણ કે તે દૈવી નહોતાં: તેમને શ્રીમહાપ્રભુજીના સેવક થવાનું મન નહોતું. આ મુકુંદદાસને શ્રીમહા-પ્રભુજીનું ચરણામૃત મળ્યું, તેથી સઘળાં શાસ્ત્ર વેદ પુરાણ કંઠાગ્ર થઈ ગયાં.

વાર્તાપ્રસંગ ૧ લો.

આ મુકુંદદાસ કવિત્ત બહુ સારાં કરતા; શ્રીઆચાર્યજીનાં, શ્રીગુસાંઇજીનાં, શ્રીઠાકોરજીનાં, એક સરખાં કવિત્ત કરતા. વળી મુ-કુંદદાસે મુકુંદસાગર નામનો ગ્રંથ ભાષામાં-વ્રજભાષામાં કર્યો છે. તેમાં શ્રીભાગવત દશમસ્કંધ (સુધી)નો ભાવ ભરી દીધો છે. આ મુકુંદદાસ એક સમય ઉજ્જૈનમાં કારકુન થઇને ગયા. આ વખતે ઉજ્જનના બધા બ્રાહ્મણ પંડિતો આવીને મળ્યા અને કહેવા લાગ્યા કે તમે કહો તો અમે તમને શ્રીભાગવત સંભળાવીએ. ત્યારે મુકુંદદાસે કહ્યું કે નવરાશ નથી; નવરાશ મળશે ત્યારે સાંભળીશું.

ભાવપ્રકાશ—આનું કારણ એ છે કે શ્રીમહાપ્રભુજીના શ્રીસુબોધિનીજી આદિ ગ્રંથ આગળ તમારી કથા સાંભળવાનો અવકાશ ક્યાંથી મળે? વળી બ્રાહ્મણોનું મન નારાજ ન થાય તેથી કહ્યું કે નવરાશ આવશે ત્યારે સાંભળીશું.

આથી આ બ્રાહ્મણે બીજે ચોથે દહાડે વારંવાર પૂછે કે જ્યારે તમે કહેશો ત્યારે શ્રીભાગવત સંભળાવીશું. એમ કરતાં બહુ દહાડા વીતી ગયા. હવે એક દિવસ મુકુંદદાસ ચોપાટ ખેલતા હતા તે પેલા પંડિતે જોયું, એટલે તેણે વિચાર્યું: આજે વાત કહેવાનો દાવ આવ્યો છે. એટલામાં ચોપાટ ખેલી રહ્યા, ત્યારે પેલા પંડિતે કહ્યું કે તમે કહો તો તમને હું શ્રીભાગવત સંભળાવું. એટલે મુકુંદદાસે કહ્યું કે અવકાશ મળશે ત્યારે સાંભળીશું. ત્યારે પંડિતે કહ્યું કે ચોપાટ ખેલવાનો અવકાશ છે અને શ્રીભાગવત સાંભળવાનું કહીએ છીએ ત્યારે કહો છો કે જ્યારે અવકાશ આવશે ત્યારે સાંભળીશું; તેનું કારણ શું? એટલે મુકુંદદાસે વિચાર્યું કે આણે તો પ્રતિઉત્તર ભારે દીધો, માટે આપણે પણ એને એવો જ જવાબ આપવો. એટલે કહ્યું કે અમારું શ્રીભાગવત જાણો છો? ત્યારે પંડિતે કહ્યું કે આ શું તમારું શ્રીભાગવત ન્યારું છે? ત્યારે મુકુંદદાસે કહ્યું કે અમારું શ્રીભાગવત ન્યારું છે. ત્યારે પંડિતે કહ્યું કે તમે જ તમારું શ્રીભાગવત અમને સંભળાવો. એટલે મુકુંદદાસે કહ્યું: કોઈ સમયે નવરાશે તમને સંભળાવી દઈશું. આ રીતે કહીને તેનાથી છૂટયા. પરન્તુ આ માર્ગીય બ્રાહ્મણ ન હતો, તેથી તેના મુખની કથા ન સાંભળી.

ભાવપ્રકાશ—આ બાબતમાં "છાસઠ અપરાધ"માં લખ્યું છે કે:— "वृक्षजन्मत्रयम्" ઇત્યાદિક શ્રીપુષ્ટિમાર્ગીય વૈષ્ણવને દોષ લાગે. અહીં જીવને બહુ સંદેહ થાય, કારણ કે ભગવન્નામમાં સર્વનો અધિકાર છે. શૂદ્રાદિક ચાંડાલ પર્યંત જે કહે અને સાંભળે તે સર્વનું કલ્યાણ થાય. શ્રીભાગવતમાં જ અજામિલ વગેરે પવિત્ર થયા છે, તે માહાત્મ્ય જગતમાં પ્રસિદ્ધ છે. અને પુષ્ટિમાર્ગમાં ભગવન્નામ-કીર્તનરૂપ શ્રીભાગવત અન્યમાર્ગીય પાસે સાંભળવાનું કેમ નહિ? ભગવન્નામ સાંભળવામાં દોષ કેવો? આ સંદેહ બહુ જ ગૂઢ છે. અહીં કહે છે કે મર્યાદામાર્ગમાં તો મુક્તિફળ જ છે, અને પુષ્ટિમાર્ગમાં તો એકાંગી પુષ્ટિભક્તિ તે ફળ છે; તે ભક્તિ શ્રી આચાર્યજીના આશ્રયથી સિદ્ધ થાય. હવે આશ્રય અને અન્યાશ્રયનો ભેદ બતાવે છે. આ હૃદયકમળ છે ત્યાં આશ્રય, પ્રેમ, બધા ધર્મ

એ પ્રભુને બિરાજવાનું ઠેકાણું છે. જો એ હૃદયમાં શ્રીઆચાર્યજી સંબંધી આનંદ સર્વ પ્રકારે પ્રવેશ કરે તો આશ્રય સિદ્ધ થાય. હૃદયમાં રસ આનંદ પ્રવેશવાના આટલા પ્રકાર છે. એક તો નેત્ર–તે વડે કોઈ વસ્તુ સુંદર દેખીને હૃદયમાં આનંદ થાય, તેથી શ્રીઆચાર્ય સંબંધી શ્રીઠાકોરજીનાં દર્શન કરી સુખી થવું. અન્ય સ્થળનાં દર્શન તથા લૌકિક વૈદિક કંઈ પણ સંસાર સંબંધી સારી વસ્તુ જોઈને શ્રીઆચાર્યજીનો સંબંધ ન હોવા છતાં આનંદ આવે તે જ અન્યાશ્રય. આ નેત્રનો અન્યાશ્રયરૂપી મહાદોષ છે. બીજું શ્રવણ દ્વારા દુઃખસુખનો રસ હૃદયમાં જાય છે, તેથી જેના મુખથી સાંભળીએ તેના જૂઠણનો રસ કર્ણદ્વારા હૃદયમાં જાય છે. માટે જ્યાં દાસભાવ રાખતા હોઈએ તેના મુખની કથા સાંભળવી. દાસભાવ તો શ્રીવલ્લભકુળમાં કે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવમાં હોય. માટે એમના જ મુખથી સાંભળવું જેથી હૃદયમાં ધર્મ દૃઢ થાય. બીજાના મુખથી પ્રીતિથી સાંભળે તો અન્યાશ્રય, કારણ કે તેનું જૂઠણ હૃદયમાં આવ્યેથી શ્રીઆચાર્યજીનો દૃઢાશ્રય ન થાય. એવા કોઈ પાસે સંકોચથી સાંભળવું પડે તો મન ન રાખવું. તે વખતે પોતાના અષ્ટાક્ષરમાં મન લગાવવું. એતન્માર્ગીયનો મુખ્ય સિદ્ધાંત એ છે કે બીજા સાથે વાચન કે વિલાસ કરવો નહિ. વાણી દ્વારા મેળાપ થાય છે, માટે मौनं सर्वार्थसाधकम्. તેથી અન્યમાર્ગીયને ભગવદ્ધર્મની વાત પૂછવી નહિ અને આપણી વાત કહેવી પણ નહિ. આવી રીતે બધી ઇંદ્રિયો અને મન શ્રીઆચાર્યજીના સંબંધ વિના સુખ ન પામે. આ શ્રીઆચાર્યજીના આશ્રયનું સાધન છે. મુકુંદદાસજીને તો શ્રીઆચાર્યજીનો આશ્રય દૃઢ છે જેથી કદાચ એ એ પંડિતની કથા સાંભળત તોપણ બાધક ન થાત. પણ એમનું જોઈને બીજા સામાન્ય વૈષ્ણવો સાંભળે તો એમનું અહિત થાય. આમાં એ બતાવ્યું કે આપણને જો એટલું દૃઢ તાન ન હોય તો અન્યમાર્ગીય પાસેથી (કથા) ન સાંભળવી, કારણ કે મન છે, કદાચ તેના વચનમાં દૃઢ વિશ્વાસ થઈ જાય તો ધીમે ધીમે પોતાના માર્ગ પરથી તેનાં બતાવેલાં સાધનમાં મન જાય. તેથી જ અમે (એની પાસેથી) ન સાંભળ્યું. આથી કાચી દશાવાળાએ તો શ્રીઆચાર્યજીના સંબંધી સાથે જ ભગવદ્ધર્મ કહેવો ને સુણવો.

વળી મુકુંદદાસ ચોપાટ ખેલતા હતા, તેનું કારણ એ કે કોઈ

અન્યમાર્ગીય અનેક કર્મધર્મની વાતો કહેવા સાંભળવા આવે કે મુકુંદ
દાસ ચોપાટ કાઢીને બેસતા, તેથી બધા અન્યમાર્ગીય ઉદાસ થઈને ઊઠી
જતા. ચોપાટને બહાને કોઈને બૂરું લગાડવું પડતું નહિ. લોક જાણે કે
ચોપાટમાં આસક્તિ છે. આવી રીતે પુષ્ટિધર્મ પોતાના હૃદયમાં છુપાવી
રાખતા હતા.

હવે એકવાર સૂર્યગ્રહણ આવ્યું, તે વખતે મુકુંદદાસ નદીમાં
નાહીને ભગવન્નામ નદીમાં ઊભા ઊભા જપતા હતા, તે વખતે
પેલા પંડિતે આવીને કહ્યું કે ભલા. આ સમયે આપનું શ્રીભાગ-
વત કંઈક સંભળાવો. ત્યારે મુકુંદદાસ એક શ્લોક શ્રીભાગવતનો
કહીને તેનો અર્થ કરવા લાગ્યા. તેમાં સઘળો દિવસ ને સઘળી
રાત વીતી ગઈ ને સવાર થઈ ગયું. ગામના લોકો નદીએ નહાવા
માટે આવ્યા, ત્યારે તે પંડિતે કહ્યું કે બીજો દિવસ થયો; હવે
આ શ્લોકનો અર્થ પૂરો કરશો? ત્યારે મુકુંદદાસે કહ્યું કે આ
શ્લોકનો ભાવ છ મહિના સુધી થશે. આ સાંભળી તે પંડિત તો
થાકી જ ગયો, અને કહ્યું કે તમને તો પ્રભુએ આપેલું સામર્થ્ય
છે; જીવ શું જાણે? ત્યારે મુકુંદદાસે કહ્યું કે અમારું શ્રીભાગવત
એવું છે. કોઈ જાણતા હો તો અમને સંભળાવો. એટલે આ પંડિત
હારીને ઘેર ગયો. બીજા પંડિતો આવીને કશું પૂછતા તો તેના
પ્રશ્નનું દૂષણ (ખામીઓ) બતાવી પ્રતિઉત્તર આપતા, જેથી તે
પંડિતો ફરી આવે નહિ; એવું શ્રીમહાપ્રભુજીનું કૃપાબળ હતું.
શ્રીસુબોધિની આદિ બધાં શાસ્ત્રોમાં પ્રવેશ થઈ ચૂક્યો હતો. આ
મુકુંદદાસ કેટલાક દિવસ પછી માનસી સેવાની ભાવના કરીને
દેહ છોડી લીલામાં પ્રાપ્ત થયા. ત્યારે કોઈ વૈષ્ણવે આવીને શ્રી-
મહાપ્રભુજીને કહ્યું; મુકુંદદાસે અવંતિકા પ્રાપ્ત કરી. ત્યારે તે વૈષ્ણવ-
ને શ્રીમહાપ્રભુજીએ વારીને કહ્યું કે એવું ન બોલો; એવું કહો
કે અવંતિકાએ મુકુંદદાસને પ્રાપ્ત કર્યાં. આ મુકુંદદાસ એવા કૃપાપાત્ર
ભગવદીય હતા. ॥ વાર્તા ૧૯ ॥

ભાવપ્રકાશ–કારણ કે જે સંસારી લોકો છે તે તીર્થને ચાહે છે, અને

તીર્થ છે તે ભગવદીયને ચાહે છે. તીર્થની પાસે જઇને જો ભગવદીય તીર્થને સ્પર્શ કરે (તો તીર્થ પાપમુક્ત થાય). મોટાભાઈ દીનકરદાસની વાતનો વિસ્તાર એટલા માટે નથી કર્યો કે જે દિવસથી એ શ્રીઆચાર્યજીના સેવક થઈને માળવામાં આવ્યા તે દિવસથી શ્રીમહાપ્રભુજીના હસ્તાક્ષરમાં બ્રહ્મસંબંધ-નો પ્રકાર વાંચીને નિત્ય માથું કૂટીને રુએ, કે હું હાલમાં નંદરાયજીનો ભાઈ છું છતાં આટલા દિવસ સંસારમાં રખડયો! મને ધિક્કાર છે! આવી રીતે વિરહ કરતાં કરતાં ત્રણ મહિનામાં દેહ છોડી લીલાની પ્રાપ્તિ કરી. એમની વાર્તા અનિર્વચનીય વિરહદશાની છે. લોકમાં વિરુદ્ધ દેખાય માટે બહુ પ્રકાશ કર્યો નથી. એ બેઉ ભાઈ દિનકરદાસ મોટા કૃપાપાત્ર ભગવદીય છે.

વાર્તા ૨૦ મી.

હવે શ્રીઆચાર્યજીના સેવક પ્રભુદાસ જલોટા ક્ષત્રિય સિંહનંદના વાસી તેમની વાર્તા અને એનો ભાવ.

ભાવપ્રકાશ—આ પ્રભુદાસ જલોટા ક્ષત્રિય લીલામાં લલિતાજીની સખી છે. મન્મથમોદા એનું નામ છે. કામલીલાની બધી સામગ્રી સિદ્ધ કરનાર તે છે. વળી વિહારલીલાની વાર્તામાં લલિતાજી સાથે વાર્તા કરી તેમાં મગ્ન રહે છે, તેથી તેનું નામ મન્મથમોદા છે. તે સિંહનંદમાં એક ક્ષત્રિયને ઘેર જન્મ્યા. જ્યારે તેર વરસના થયા ત્યારે એમનો વિવાહ થયો. સ્ત્રી પણ કુપાત્ર આવી. તે બધાંને ગાળો દેતી. જે વસ્તુ મળે તે ચોરીને માબાપને ત્યાં આપી આવે. એમ કરતાં કરતાં પ્રભુદાસનાં માબાપે દેહ છોડયો. વળી બધાં સગાં-સંબંધી કોઈપણ આ સ્ત્રીના દુઃખથી ઘરમાં આવે નહિ. હવે એક દિવસ આ સ્ત્રીએ પ્રભુદાસને કહ્યું કે ક્યાંકથી દ્રવ્ય લાવો. ત્યારે પ્રભુદાસે કહ્યું કે દ્રવ્ય ક્યાં છે? મળશે તો લાવીશ. ત્યારે સ્ત્રીએ પ્રભુદાસને માર્યા, તેથી પ્રભુદાસને રીસ ચઢી, એટલે તેમણે સ્ત્રીને મારી. એટલે સ્ત્રી ચૂડી ફોડી નાખી માથું મૂંડાવી ગામના હાકેમને કહી આવી કે હું હવે આ પ્રભુદાસની સ્ત્રી નથી; જો એ ઘરમાં આવશે તો હું એના પર આપઘાત કરીશ. એટલામાં પ્રભુદાસ પણ આવ્યા. અને તેમણે કહ્યું કે હું ઘર છોડીને જાઉં છું; મારે ને તારે હવે છૂટાછેડા છે. આ પ્રમાણે છૂટા થઈ ગામમાંથી બહાર નીકળી

ગયા. તે રાજનગર સિકંદરપુરમાં આવ્યા. ત્યાં રામદાસ ક્ષત્રિય તેમની જ્ઞાતિના હતા તેમને ત્યાં ઊતર્યા. આ રામદાસને મર્યાદામાર્ગીયનો સંગ થયેલો, તેને ત્યાં પ્રભુદાસ કેટલાક દિવસ રહ્યા. એક દિવસ શ્રીઆચાર્યજી રાજનગર સિકં-દરપુરની પાસે બગીચી હતી ત્યાં ઊતર્યા હતા. આ બગીચીમાં પ્રભુદાસ આવ્યા. અહીં શ્રીઆચાર્યજીનાં દર્શન કરતાં મનમાં એવું આવ્યું કે આમનો સેવક થાઉં. એટલે શ્રીઆચાર્યજીને વિનંતિ કરી કે મહારાજ, કૃપા કરી મને સેવક કરો. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે તારે મર્યાદામાર્ગીય રામદાસ-નો સંગ છે, તેથી અમારો સેવક ના બન. ત્યારે પ્રભુદાસે કહ્યું કે મહારાજ, આપ કહો તો એ રામદાસને પણ આપનો સેવક કરાવું, તો પછી મને સેવક કરશો? મારું કહ્યું રામદાસ માન્યા વગર રહેશે નહિ. એટલે શ્રી-આચાર્યજીએ કહ્યું: સેવક કરવાથી શું વળે? એનો અંગીકાર જ મર્યાદામાં છે; છતાં જા, રામદાસને લઈ આવ; બેઉને સાથે સેવક કરીશ. એટલે પ્રભુ-દાસે રામદાસ પાસે આવીને કહ્યું: શ્રીવલ્લભાચાર્યજી સાક્ષાત્ પુરુષોત્તમ છે, તે પધાર્યા છે; ગામ બહાર બગીચીમાં બિરાજે છે; તો હું અને તમે બન્ને સેવક થઈએ તો સાથે મળીને સેવા કરીએ. એટલે રામદાસે કહ્યું કે મારા તો એક વૈરાગી ગુરુ છે; તેની કંઠી મેં બાંધી છે, તો હવે બીજા ગુરુ શી રીતે કરું? એટલે પ્રભુદાસે કહ્યું કે હવે અમારે તમારે નહિ બને. મારાં વસ્ત્રો અને પાત્રો આપો. એટલે રામદાસે કહ્યું કે તમારી ખાતર હું સેવક થઈશ, પણ હું મારી ટેવ નહિ છોડું. ત્યારે પ્રભુદાસે કહ્યું કે સેવક તો થાઓ, રીતભાત ન કરશો. પછી રામદાસ અને પ્રભુદાસ બેઉ આવ્યા. શ્રી-આચાર્યજીએ નવરાવીને બેઉને નામ સુણાવ્યું. ત્યારે પ્રભુદાસને તો શ્રીઆચા-ર્યજીના સ્વરૂપનું જ્ઞાન થયું, પણ રામદાસને ન થયું. ત્યારે પ્રભુદાસે વિનંતિ કરી કે મહારાજ, બન્નેને કૃપા કરીને નિવેદન કરાવો. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે રામદાસને નિવેદન નહિ કરાવું. એટલે પ્રભુદાસ સમજી ગયા અને વિનંતિ કરી કે મને તો કૃપા કરીને કરાવો. એટલે શ્રીઆચાર્યજીએ પ્રભુદાસને બ્રહ્મસંબંધ કરાવ્યું. પછી પ્રભુદાસ રામદાસે મળીને ભગવત્સેવાનું કહ્યું ત્યારે શ્રીમહાપ્રભુજીએ કહ્યું: હમણાં નહિ; કેટલાક દિવસ પછી. આ પ્રમાણે કહી આપ તો શ્રીગોકુલ પધાર્યા. પ્રભુદાસ પુષ્ટિમાર્ગની રીતભાત બતાવે; રામદાસ મર્યાદામાર્ગીય રીતભાત કરે. એમ કરતાં કરતાં કેટલાક દિવસમાં શ્રીઆચાર્ય-

જીના મોટા પુત્ર શ્રીગોપીનાથજી રાજનગર સિકંદરપુરમાં પધાર્યા, ત્યારે રામદાસે વિનંતિ કરી કે મહારાજ, સેવા પધરાવી દો. આથી શ્રીગોપીનાથજીએ એક બ્રાહ્મણને ત્યાં શ્રીમદનમોહનજીનું સ્વરૂપ હતું તે બ્રાહ્મણને કંઈક આપી એઉને માથે પધરાવ્યા. પછી શ્રીગોપીનાથજી અડેલ પધાર્યા. હવે રામદાસ તો મર્યાદામાર્ગીય રીતે અવાહન વિસર્જન પૂજાની રીતે કરે. પછી એક દિવસ તો પ્રભુદાસ અર્ધી રાત્રે પોતાની વસ્તુઓ લઈને નાસી છૂટ્યા, કારણ કે રામદાસ સાથે આવી રીતે ક્યાંસુધી માથાકૂટ કરવી? એને તો જ્ઞાન નહિ. જેવો તે તેવા મર્યાદામાર્ગીય શ્રીઠાકોરજી શ્રીગોપીનાથજીએ પધરાવી આપ્યા હતા. હવે ત્યાંથી ચાલી નીકળી શ્રીગોકુલમાં શ્રીઆચાર્યજીને દંડવત્પ્રણામ કર્યાં. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે પ્રભુદાસ તું આવ્યો? ત્યારે પ્રભુદાસે વિનંતિ કરી: મહારાજ, જેમ તેમ કરી દુ:સંગમાંથી છૂટ્યો છું. આ સાંભળી શ્રીઆચાર્યજીએ કહ્યું કે મેં તને પહેલેથી જ કહ્યું હતું, કે આ મર્યાદામાર્ગનો અધિકારી છે; તું પુષ્ટિમાર્ગીય છે. સારું થયું કે સંગ છોડીને આવતો રહ્યો. આ વખતે પ્રભુદાસે વિનતિ કરી કે મહારાજ, હવે મને ચરણારવિંદની પાસે રાખો. હું સંસારમાં ખૂબ ભટક્યો. એટલે શ્રીઆચાર્યજીએ કહ્યું: હવે અમારી પાસે સુખેથી રહો. પછી તે દિવસથી પ્રભુદાસ શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના સંગમાં જ રહ્યા.

વાર્તાપ્રસંગ ૬ ઠો.

હવે એક દિવસ શ્રીઆચાર્યજી શ્રીમહાપ્રભુજી મથુરા પધાર્યા. વિશ્રાંતિઘાટ પાસે આવીને બેઠક છે ત્યાં આપશ્રી સંધ્યાવદન કરતા હતા; પાસે ચાર વૈષ્ણવ ઊભા હતા: દામોદરદાસ હરસાની કૃષ્ણદાસ મેઘન, પ્રભુદાસ જલોટા અને એક વૈષ્ણવ મથુરાંનો હતો. આ વખતે ત્યાં કૃષ્ણચૈતન્યના સેવક રૂપ અને સનાતને શ્રીઆચાર્યજી પાસે આવી દર્શન કરી દંડવત્પ્રણામ કર્યાં એટલે રૂપ અને સનાતને શ્રીઆચાર્યજીને પૂછ્યું કે મહારાજ, આ વૈષ્ણવ કોણ છે? ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે એ અમારા સેવકો છે; એટલે રૂપ અને સનાતને કહ્યું કે મહારાજ, આપનો માર્ગ તો પુષ્ટિનો માર્ગ છે તો બધા દૂબળા કેમ છે? ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે મેં તો એમને ના કહી હતી

કે આ માર્ગમાં પડશો નહિ; પરંતુ એમણે મારું કહ્યું માન્યું નહિ, તેનું ફળ ભોગવે છે. આ પ્રમાણે ગૂઢ રીતે શ્રીમહાપ્રભુજીએ જવાબ આપ્યો, પણ રૂપ અને સનાતન કશું સમજ્યા નહિ. પછી રૂપ અને સનાતન આજ્ઞા માગી શ્રીજગન્નાથરાયજીનાં દર્શન કરવા ગયા, ત્યારે કૃષ્ણચૈતન્યે તેમને પૂછયું કે તમે કયાંથી આવ્યા? ત્યારે રૂપ અને સનાતને કહ્યું કે અમે વ્રજનાં દર્શન કરીને આવ્યા છીએ. ત્યારે કૃષ્ણચૈતન્યે કહ્યું કે ત્યાં તમને શ્રીવલ્લભાચાર્યજીનાં દર્શન થયાં? ત્યારે રૂપ અને સનાતને કહ્યું કે મથુરામાં વિશ્રાંતિઘાટ પર દર્શન થયાં. ત્યારે કૃષ્ણચૈતન્યે કહ્યું: કંઈ વાર્તાપ્રસંગ ચાલ્યો હતો? ત્યારે રૂપ અને સનાતને કહ્યું કે જ્યારે અમે પૂછયું કે આપનો માર્ગ તો પુષ્ટિનો છતાં આપના વૈષ્ણવ બહુ દૂબળા છે! ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે મેં તો એમને ઘણું ના કહ્યું કે તમે આ માર્ગમાં ન પડશો; પણ એમણે કહ્યું માન્યું નહિ, તેનું ફળ ભોગવે છે. આ શ્રીઆચાર્યજીનો આવો ભાવ સાંભળીને સમજતાં જ કૃષ્ણચૈતન્યને એક મુહૂર્ત સુધી મૂર્છા આવી. એવી રીતે ત્રણ વાર કહ્યું, ત્રણ વાર મૂર્છા આવી. પછી ચોથી વાર પૂછયું ત્યારે રૂપ અને સનાતને કહ્યું કે હવે અમારાથી બોલાશે નહિ. કૃષ્ણચૈતન્ય આ વાત કંઈક સમજ્યા.

ભાવપ્રકાશ—આનું કારણ એ છે કે તેમને શ્રીમહાપ્રભુજીના સ્વરૂપનું કંઇક જ્ઞાન હતું, તેથી કંઇક સમજ્યા. જો સઘળો ભાવ સમજી ગયા હોત તો તેમની દેહ છૂટી જાત. શ્રીઆચાર્યજીએ કહ્યું કે આ માર્ગમાં ન પડશો; પણ કહ્યું ન માન્યું તેનું ફળ (વિરહાનુભવ) ભોગવે છે. જેમ રાસપંચાધ્યાયીમાં વ્રજભક્તોને શ્રીઠાકોરજી કહે, ઘેર જાઓ, પરન્તુ વ્રજભક્તોએ એ વાત ન માની ત્યારે રાસલીલાનું ફળ પ્રાપ્ત કર્યું. હવે આ તો મર્યાદામાર્ગની રીતે કહ્યું, કારણ કે વેદની મર્યાદા એવી છે કે સેવક થવા આવે તેને એક વાર તો ના કહેવી, કારણ કે સેવકના ભાવની દૃઢતાની પરીક્ષા માટે. પછી તેની સેવક થવા માટેની પૂરી પ્રીતિ હોય તો સેવક કરવાથી તેને બરાબર ફળ મળે. તેથી વૈષ્ણવને ના કહેવી. બીજી વાત "આ માર્ગમાં ન પડશો." એટલે આ માર્ગ તો વ્રજભક્તોનો માર્ગ છે, જેવી રીતે

વ્રજભક્તો બધું સમર્પણ કરી શરણ આવ્યાં ત્યારે ખાનપાન વગેરે દેહનું બધું સુખ છૂટી ગયું અને વિપ્રયોગની ફળદશા ભોગવે છે, તેથી દેહ કૃશ હોય, વિરહની વેદનાના નિઃશ્વાસ છૂટે, નેત્રમાં જળ ભરાય, કંઠ રૂંધાઈ જાય, સઘળા દેહમાં પરસેવો પરસેવો થાય, મૂર્છા આવે, હસી પડે, રુદન કરે, નૃત્ય કરે. આ બધાં ભક્તિનાં લક્ષણ છે.

વાર્તાપ્રસંગ ૨ જો.

આ પ્રભુદાસ રસોઇ હમેશાં પોતાના હાથથી કરતા. હવે એક દિવસ રસોઇ બગડી ગઈ. દાળ કાચી રહી અને લીટી (રોટી કે બાટી) બળી ગઇ. આ વખતે પ્રભુદાસના મનમાં એમ આવ્યું કે શ્રીઠાકોરજીને આવી બગડેલી રસોઈ કેમ સમર્પાય ? તેથી ચરણામૃત મેળવીને લીધું.

ભાવપ્રકાશ—કારણ કે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવનું મન કોમળ છે. જેવા શ્રીઠાકોરજી બહુ જ કોમળ છે તેવું ભક્તનું મન પણ અત્યંત કોમળ છે. તેથી એવો વિચાર કર્યો કે આવી સામગ્રી શ્રીઠાકોરજીને કેમ સમર્પાય. વળી દાઝેલા અન્નનો પણ દોષ હોય છે. "वृन्ताकं च कलिंगं च दग्धान्नं च मसूरिका:" ઇત્યાદિ વિચારીને શ્રીઠાકોરજીને ભોગ સમર્પ્યો નહિ, અને અણપ્રસાદીનો મહાન દોષ છે તેથી ચરણામૃત પધરાવીને લીધું.

આ પ્રસંગે શ્રીઠાકોરજીએ શ્રીઆચાર્યજીને કહ્યું કે પ્રભુદાસની મેં ઘણી વાટ જોઈ, પણ આજ તેણે મને ભોગ ધર્યો નથી; પોતે લીધું છે.

ભાવપ્રકાશ—આ પ્રસંગમાં એમ જણાવ્યું કે શ્રીઠાકોરજી જો કે એક છે નંદકુમાર છતાં ભક્તના ભાવને લીધે જેટલા ભક્ત છે તેટલાં તેમનાં ઠાકોરસ્વરૂપ છે; તેથી પ્રભુદાસના ભાવની વાત શ્રીઠાકોરજીએ શ્રીમહાપ્રભુજીને કહી, કે પ્રભુદાસે ભોગ ધર્યો નથી.

ત્યારે શ્રીઆચાર્યજીએ પ્રભુદાસને કહ્યું: તેં આજે શ્રીઠાકોરજીને ભોગ સમર્પ્યા વિના શા માટે લીધું? ત્યારે પ્રભુદાસે વિનંતિ કરી કે મહારાજ, દાળ કાચી રહી અને બાટી બળી ગઈ, તેથી

ચરણામૃત મેળવીને લીધું. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે એવી રસોઈ કેમ કરી? શ્રીઠાકોરજીએ ઘણીવાર સુધી વાટ જોઈ. માટે સાવધાનીથી સરસ રસોઈ કરી ધરીને લેજો. તે દિવસથી પ્રભુદાસ સાવધાનીથી રસોઈ કરતા.

ભાવપ્રકાશ—આમાં એમ જણાવ્યું કે ચરણામૃત મેળવીને લીધું; તેથી અન્નદોષ મટ્યો, પરન્તુ ભગવદ્‌ભોગ્ય પદાર્થ ન થયો. તેથી વૈષ્ણવે શ્રીઠાકોરજીને જેવો ભોગ ધર્યો હોય તેવો લેવો. દહીં જુદું ધર્યું હોય તો દહીં ભાતમાં મેળવીને આપણે ન લેવું; કારણ કે દૂધભાત દહીંભાત જુદા જુદા ભક્તોના ભાવની સામગ્રી છે, તેથી ચરણામૃત યથાપ્રસાદી વસ્તુ પધરાવીને લેવું. કોઇ સામગ્રીમાંથી પોતાના ભોગને માટે ન લેવી. દાસધર્મ એ છે કે પ્રભુનું ઉચ્છિષ્ટ—જેવું આરોગે તેવા જ પ્રકારે લેવું. પતિવ્રતાનું આ લક્ષણ છે. વગેરે ભાવ જણાવ્યા.

વાર્તાપ્રસંગ ૩ જો.

એક વાર શ્રીઆચાર્યજી મહાપ્રભુ વ્રજમાં પધાર્યા. શ્રીગોવર્ધનની પાસે રાધાકુંડ સ્થળ છે, ત્યાં શીતકાળના દિવસ હતા, તેથી જલદીથી શ્રીઆચાર્યજીએ રસોઈ કરી ભોગ સમર્પ્યો. પછી આપે ભોજન કર્યું. પછી પ્રભુદાસને કહ્યું કે મહાપ્રસાદ લે. ત્યારે પ્રભુદાસે કહ્યું કે મહારાજ, મેં સ્નાન કર્યું નથી.

ભાવપ્રકાશ—તેનો આશય એ છે કે શ્રીઆચાર્યજીના સેવકો બધા પોતપોતાની જુદી જુદી રસોઈ કરતા અને તે લેતા. પરન્તુ શ્રીઆચાર્યજીએ શ્રીકુંડમાં સ્નાન કરી રસોઈ કરી ભોગ ધર્યો. હવે આ સ્થળ તો શ્રીસ્વામિનીજીનું છે, તેથી તે આપને બહુ પ્રિય છે. તેથી પ્રભુદાસ પર કૃપા કરવા શ્રીઆચાર્યજીએ કહ્યું કે મહાપ્રસાદ લો, ત્યારે પ્રભુદાસે મર્યાદાનાં વચન કહ્યાં, કે હું નાહ્યો નથી. આ વખતે શ્રીમહાપ્રભુજી શ્રીપુષ્ટિલીલામાં મગ્ન હતા, તેથી પ્રભુદાસને વ્રજનું સ્વરૂપ બતાવ્યું.

આ વખતે શ્રીઆચાર્યજીએ બે શ્લોક બોલીને વ્રજનું સ્વરૂપ બતાવ્યું. તે શ્લોક—

वृक्षे वृक्षे वेणुधारी पत्रे पत्रे चतुर्भुजः ॥
यत्र वृन्दावनं तत्र लक्ष्यालक्ष्यकथा कुतः ॥ १ ॥
जलादपि रजः पुण्यं रजसोऽपि जलं वरम् ॥
यत्र वृन्दावनं तत्र स्नात्वा स्नात्वा कथा कुतः ॥ २ ॥

આમ કહીને કૃપા કરીને કહ્યું, એટલે પ્રભુદાસને વ્રજનું અલૌકિક સ્વરૂપ દેખાવા લાગ્યું.

ભાવપ્રકાશ–વૃક્ષે વૃક્ષની નીચે વેણુધારી સાક્ષાત્ શ્રીગોવર્ધનધર ભક્તોની સાથે ક્રીડા કરે છે. એવાં વૃક્ષો ભગવદીય છે. તેનાં પત્ર કેવાં છે? ચતુર્ભુજરૂપ છે. તથા વૃંદાવનનાં દરેક વૃક્ષ વેણુધારી શ્રીગોવર્ધનધરરૂપ છે તેનો આશય એ છે કે ચતુર્ભુજરૂપ નારાયણે પત્રરૂપ થઈ વૃંદાવનનાં વૃક્ષોનો આશ્રય કર્યો છે, એવું વૃંદાવન છે. તે લક્ષ્યાલક્ષ્ય-કથા છે. લૌકિક લોકો તે અલક્ષ્ય છે, અને ભગવદીયો તે સ્વરૂપાત્મક છે. તે કથા કહી જાય તેમ નથી. આ કૃષ્ણરૂપની વાતને ભક્તજન જાણે. કૃષ્ણરૂપ વૃક્ષ છે તે લોકોને ન દેખાય. તેવી જ રીતે વૃંદાવનની રજથી જળ શ્રેષ્ઠ છે, અને જળથી રજ શ્રેષ્ઠ છે. ત્યાં નહાવાની કથા શી કરવી? ભાવે તો જળથી નહાય, ભાવે તો રજ લગાવે; હવે આ રજ ઊડીને શરીરને લાગી એટલે નહાવાની અપેક્ષા રહે નહિ, પરન્તુ મર્યાદાની ખાતર નહાવું પડે.

આ સાંભળતાં જ પ્રભુદાસને અલૌકિક શ્રીવૃંદાવનનાં દર્શન થયાં, તેથી શ્રીમહાપ્રભુજીની આજ્ઞાથી વગર નાહ્યે પ્રસાદ લીધો. આ પ્રકારે પ્રભુદાસને વૃંદાવનનું અલૌકિક સ્વરૂપ વર્ણન કરીને અનુભવાવ્યું, જ્યાં વેદમર્યાદાની ગતિ નથી.

વાર્તાપ્રસંગ ૪ થો.

હવે એકવાર શ્રીઆચાર્યજી મહાપ્રભુજી શ્રીગોવર્ધનધરના મંદિરમાં શ્રીગોવર્ધનધરને શૃંગાર કરતા હતા ત્યારે મનમાં એમ આવ્યું કે આજે દહીં હોય તો સમર્પીએ. ત્યારે પ્રભુદાસને કહ્યું કે જા, કયાંય દહીં મળે તો લઇ આવ. ત્યારે પ્રભુદાસ દહીં લેવા ચાલ્યા. રસ્તે એક આહીરાણી મળી તેને તેમણે પૂછયું કે તારી પાસે

દહીં છે ? ત્યારે તેણે કહ્યું કે, દહીં મીઠું ને સુંદર છે, પરન્તુ તું મને શું આપીશ ? ત્યારે પ્રભુદાસે કહ્યું કે તું મને દહીં દે તો તું જે માગે તે હું તને આપીશ. ત્યાર ભરવાડણે કહ્યું કે એક ટકો દે; અને શું તું મને મુક્તિ આપીશ ? ત્યારે પ્રભુદાસે કહ્યું કે જા, તને ટકો અને મુકિત બેય આપ્યાં. ત્યારે આહિરાણીએ કહ્યું કે હું શી રીતે માનું ? એટલે પ્રભુદાસે એક કાગળ પર લખી દીધું કે દહીંને બદલે મુકિત આપી છે, એટલે આહિરણી તે પત્ર પોતાની સાડીના અંચળે (છેડે) બાંધીને પોતાને ઘેર ગઇ. પછી એણે પડોશણને કહ્યું કે હું દહીંના બદલામાં મુક્તિ લાવી છું. ત્યારે પાડોશણે કહ્યું: અરે, જા. જા, તને કોઇ વેરાગીએ ઠગી લીધી છે; મુકિત શું આપે ? ત્યારે આહિરાણીએ કહ્યું કે એવું ના કહે; તે તો મોટા મહાપુરુષ છે. મને સાચે જ મુક્તિ આપી છે. મને કાગળ લખી આપ્યો છે; તે મેં મારે છેડે બાંધ્યો છે. તે જૂઠું ન બોલે. ત્યારે તેણે કહ્યું કે હવે સમયે જણાશે. ત્યારપછી બેજ ઘડી બાદ તેનો દેહ છૂટયો ત્યારે યમદૂત આવ્યા, એટલામાં વિષ્ણુના દૂત આવ્યા ને યમદૂતને કહ્યું કે આને છોડી દો; એની મુક્તિ કરીશું. ત્યારે યમદૂતોએ કહ્યું કે આણે મુક્તિનું કશું સાધન તો કર્યું નથી; મુક્તિ શી રીતે થશે ? ત્યારે વિષ્ણુદૂતે કહ્યું કે એને શ્રી-આચાર્યજીના સેવક પ્રભુદાસે દહીંને બદલે મુક્તિ આપી છે. માટે અમે તેને લઈ જઇશું. આથી યમદૂત પાછા ગયા. વિષ્ણુના દૂતો એને વિમાનમાં બેસાડીને લઇ ગયા. ત્યારે જતાં જતાં તેણે કહ્યું કે મારી પાડોશણને વિશ્વાસ નથી, માટે એને કહીને ચાલો. ત્યારે તેને કહ્યું કે શ્રીઆચાર્યજીના સેવકે દહીંને બદલે એને મુક્તિ આપી હતી, તેથી એને અમે લઇ જઇએ છીએ. પછી તે પોતાને ઘેરથી દોડી આવી ને જુએ છે તો આ આહિરાણી મરેલી પડી છે. ત્યારે આ પાડોશણ વ્રજવાસીને કહે છે કે એક ચિઠ્ઠી બાંધી છે તે તો જુઓ. આ વખતે તેનો અંચળ જુએ તો કાગળમાં દહીંને બદલે મુક્તિ એમ લખેલું છે, ત્યારે આને વિશ્વાસ આવ્યો. ત્યારે તે પણ ચાલી, કે હું તે મહાપુરુષ પાસે જઇને મુક્તિ મેળવું. પછી તે શ્રીમહાપ્રભુજીની સેવક થઇ કૃતાર્થ થઈ.

હવે અહીં શ્રીમહાપ્રભુજીએ દહીંનો ભોગ ધર્યો ત્યારે શ્રી-
નાથજી કહે: દહીં મીઠું છે. પછી મંદિરમાંથી આપશ્રી પધાર્યા
ત્યારે આપશ્રીએ કહ્યું કે પ્રભુદાસ, દહીં બહુ મીઠું સુંદર લાગ્યો.
શું આપ્યું? ત્યારે પ્રભુદાસે કહ્યું કે મહારાજ, મહા મોંઘું આપ્યું છે;
દહીંને બદલે મુકિત આપી છે. ત્યારે શ્રીમહાપ્રભુજીએ કહ્યું: ભકિત
કેમ ન આપી? શ્રીઠાકોરજી પ્રીતિથી આરોગ્યા છે તો મુકિત જેવી
તુચ્છ વસ્તુ શું આપી? ત્યારે પ્રભુદાસે કહ્યું કે મહારાજ, એણે તો
મુકિત માગી. જો ભકિત માગી હોત તો ભકિત આપત. ॥ વાર્તા ૨૦ ॥

ભાવપ્રકાશ–આનું કારણ એ છે કે તે દિવસે દાન એકાદશી હતી,
તેથી તે દિવસે અવશ્ય દહીં જોઈએ, તેથી શ્રીઆચાર્યજીએ કહ્યું કે આજે
દહીં અવશ્ય જોઈએ. વળી શ્રીઆચાર્યજીના સેવકનું માહાત્મ્ય પણ દર્શાવ્યું
કે ભક્તિ અને મુક્તિ આપવાનું સામર્થ્ય શ્રીમહાપ્રભુજીના ભકતોમાં છે.

વાર્તા ૨૧ મી.

હવે શ્રીઆચાર્યજીના સેવક પ્રભુદાસ ભાટ સિંહનદમાં રહેતા
તેમની વાર્તા અને એનો ભાવ.

ભાવપ્રકાશ–એ લીલામાં લલિતાજીની સખી છે. કલહંસી એનું નામ
છે. તે સિંહનંદમાં એક ભાટ હતો તેને ત્યાં જન્મી. આ પ્રભુદાસનો પિતા
દેશાધિપતિની આગળ ચાલતો, દેશાધિપતિનાં કવિત્ત કરતો. દ્રવ્ય બહુ જ હતું.
પ્રભુદાસ દસ વરસના થયા પણ બહુ મૂર્ખ રહ્યા. આ પ્રભુદાસના પિતાએ
પ્રભુદાસને ભણાવવા બહુ જ પ્રયત્ન કર્યો પણ કશું ભણ્યા નહિ. પછી પિતાનો દેહ
છૂટચો. હવે જ્યારે પ્રભુદાસ પંદર વરસના થયા ત્યારે દિલ્હી આવ્યા અને
દેશાધિપતિ પાસે ગયા. ત્યારે દેશાધિપતિએ કહ્યું કે કશું કવિત્ત કહો. ત્યારે
પ્રભુદાસે કહ્યું કે કવિત્ત કોને કહે છે? (કવિત્ત એટલે શું?) હું તો જાણતો
નથી. વળી હું તમારી પાસેથી કશું ઇચ્છતો નથી. શ્રીઠાકોરજી ખાવાનું આપે
છે. તમે શું પાળવાના છો? એટલે દેશાધિપતિએ કહ્યું કે આને ગામ બહાર
કાઢી મૂકો. પછી દિલ્હીથી ઉદાસ થઇને તે ચાલ્યા અને મથુરાં આવી
વિશ્રાંતિઘાટ પર રડવા લાગ્યા–કે શ્રીભગવાને મને મૂર્ખ કેમ કર્યો? હવે હું
ક્યાં જાઉં? જ્યાં જાઉં છું ત્યાં આદર સન્માન તો કોઈ કરતું નથી. આવી

રીતે ચિંતામાં હતા. આ જ વખતે શ્રીમહાપ્રભુજી આચાર્યજી મથુરા વિશ્રાંતિ-ઘાટ પર પધાર્યા. ત્યાં પ્રભુદાસને જોઇ દૈવી જાણી આપશ્રીએ કહ્યું કે, પ્રભુ-દાસ, તું કેમ રડે છે? નાહી લે. એટલે પ્રભુદાસ નાહ્યા, અને શ્રીઆચાર્ય-જીએ નામનિવેદન કરાવ્યું, કે તરત જ તેમને પોતાના સ્વરૂપનું અને શ્રીમહા-પ્રભુજીના સ્વરૂપનું જ્ઞાન થયું. તે જ સમયે દંડવત્ પ્રણામ કરીને એક દોહરો કર્યો:–

જબ તેં વિછુર્યો નાથ સોં પર્યો જગત–ભવકૂપ ॥
તાહિન વલ્લભ પ્રગટ વ્હૈ દર્શાયો નિજરૂપ ॥ ૧ ॥

આ સાંભળી શ્રીઆચાર્યજી બહુ જ પ્રસન્ન થયા, અને કહ્યું કે પ્રભુ-દાસ, તમને આ માર્ગ સ્ફુર્યો, હવે તમે ભગવત્સેવા કરો. ત્યારે પ્રભુદાસે કહ્યું: મહારાજ, આ બધી આપની કૃપા છે. કેવળ પ્રમેયબળે આપે મારો અંગીકાર કર્યો. મારા જેવો દુ:ખી કોઈ નહોતો, છતાં ક્ષણમાં મને સુખના સમુદ્રનો અનુભવ કરાવ્યો. હવે મારી આટલી વિનંતિ છે કે મને કદી દુ:સંગ ન થાય; એક આપના ચરણનો દૃઢ વિશ્વાસ રહે. ત્યારે આ-ચાર્યશ્રીએ પ્રસન્ન થઈને કહ્યું: જા, એમ જ થશે. પછી મથુરામાંથી એક સ્વરૂપ લાલજીનું ન્યોછાવર આપીને લઈ આવ્યો. તે સ્વરૂપને પંચામૃત સ્નાન કરાવીને શ્રીઆચાર્યજીએ પ્રભુદાસને માથે પધરાવ્યું, અને પ્રસન્ન થઇને કહ્યું: તને બધી રીત આપોઆપ સ્ફુરશે માટે જલદી તારા ગામમાં જઇને સેવા કર. એટલે પ્રભુદાસ દંડવત્ પ્રણામ કરી શ્રીઠાકોરજી પધરાવીને સિંહનદ આવ્યા. ત્યાં ઘરનાં બધાંનો સંગ ત્યજી જુદું ઘર લઈ એકલા સેવા કરવા લાગ્યા. લગ્ન તો એમનું થયું નહોતું.

આ પ્રભુદાસ સર્વદા એકરસ અને પ્રીતિથી સેવા કરતા હતા. રાત્રે વૈષ્ણવોનો સત્સંગ કરે. દ્રવ્ય ઘરમાં બહુ જ હતું તે ભગવત્સેવા ગુરુસેવા તથા વૈષ્ણવોની સેવામાં વાપરે. લૌકિક વૈદિક બધું છોડી દીધું. એવું કરે કે જેથી વૈષ્ણવો બહુ વખાણ કરે, અને નાતીલાઓ નિંદા કરે. પરન્તુ એ કોઇનું સાંભળે નહિ. એમ કરતાં કરતાં વૃદ્ધ થયા અને શરીરમાં અસાવધાનતા થઇ સાવ-ધાનતા છૂટી. ત્યારે બધા નાતીલાઓ મળી તેમને પૃથોદક-

તીર્થમાં લઇ ગયા, ત્યારે ત્યાં સાવધાનતા આવી. આંખો ઉઘાડી જોયું તો પૃથોદકતીર્થ છે. એટલે બધાંને કહ્યું: મને અહીં કેમ લાવ્યા? ત્યારે બધા જ્ઞાતિવાળા કહે કે આ પૃથોદકતીર્થસ્થાન છે. તમે વિકલ થયા ત્યારે તમને અહીં આણ્યા હતા. આ સાંભળી પ્રભુદાસે કહ્યું કે આ પૃથોદકતીર્થ શું મને કૃતાર્થ કરશે? હું તો શ્રીઆચાર્યજી મહાપ્રભુજીનો સેવક છું. તમે મને વરસ સુધી અહીં રાખશો તોપણ મારો દેહ નહિ છૂટે, માટે તમે મને સિંહનદ લઇ ચાલો. હું શ્રીઠાકોરજીનાં ચરણારવિંદનાં દર્શન કરીશ ત્યારે જ ત્યાં મારો દેહ છૂટશે. આમ પ્રભુદાસે કહ્યું, પણ જ્ઞાતિવાળા બધા સગાવહાલા માને નહિ. પ્રભુદાસને પાંચ સાત દિવસ પૃથોદકતીર્થમાં રાખ્યા. અહીં પ્રભુદાસ સારા થઈ ગયા, હરવા ફરવા લાગ્યા. સગાં સંબંધી થાકીને પ્રભુદાસને ઘેર લાવ્યાં. ત્યારે પ્રભુદાસે નાહીને વિનંતિ કરી: મહારાજ, શ્રીઆચાર્યજીએ તમને મારે માથે પધરાવ્યા છે, પરંતુ આ બાવરા લોકોએ તમારા ચરણારવિંદનો આશ્રય છોડાવીને પૃથોદકનો આશ્રય કરાવ્યો. પણ આપ એવું શાના કરો કે મારો દેહ ત્યાં છૂટે? આવી રીતે શ્રીઠાકોરજીને વિનંતિ કરી સિંહનદમાં એક વૈષ્ણવને માથે શ્રીઠાકોરજીને પધરાવી દંડવત્પ્રણામ કરી મંદિરની બહાર આવી બધા વૈષ્ણવોને ભગવત્સ્મરણ કરી દેહ છોડી દીધો. આ વખતે સિંહનંદના સઘળા વૈષ્ણવો એકઠા થઈ ભગવદ્વાર્તા કરે ત્યાં પ્રભુદાસની બડાઈ કરે કે પ્રભુદાસને ધન્ય છે; મહાન ભગવદીય કે જેમણે તીર્થનો આશ્રય ન કર્યો, શ્રીઠાકોરજીનો આશ્રય કર્યો.

આ સિંહનંદમાં એક ક્ષીરત ચોધરી હતો.

ભાવપ્રકાશ—તે કંસનો ધોબી હતો; શ્રીઠાકોરજીએ તેની પાસેનાં વસ્ત્રો મથુરામાં લૂટ્યાં હતાં. તેનો અવતાર હતો.

તે આ વૈષ્ણવ પાસે આવીને નિંદા કરવા લાગ્યો કે પ્રભુદાસે પૃથોદકતીર્થથી પાછા આવી આ હિડંબ દેશમાં દેહ છોડયો, તેમની બડાઇ શા માટે કરો છો? તેને ગામનો ચોધરી જાણીને વૈષ્ણવો

તો કંઇ બોલે નહિ. આ પ્રમાણે બે ચાર દિવસ નિંદા કરી. હવે એક દિવસ રાત્રે તે સૂતો હતો ત્યારે ચાર જણાએ આવીને મુગદળ લઇને ક્રીરત ચોધરીને ખાટલા નીચે ઊંધો નાખ્યો અને મારવા લાગ્યા. ત્યારે ક્રીરત ચોધરીએ કહ્યું કે મને તમે શા માટે મારો છો? મેં તમારું શું બગાડયું છે? ત્યારે આ ચારેય વિષ્ણુના દૂતો હતો. તેમણે કહ્યું કે તું પ્રભુદાસની નિંદા કેમ કરે છે? માટે આજ તને મારી મારીને તારાં હાડકાંના ચૂરેચૂરા કરી નાખીશું. આ સાંભળી ક્રીરત ચોધરીએ હા, હા ખાઇને નાક ઘસીને કહ્યું કે હવે હું પ્રભુદાસની નિંદા નહિ કરું, વડાઈ કરીશ. તમે મને મારશો નહિ. ત્યારે વિષ્ણુદૂતોએ કહ્યું આજ અમે તને છોડીએ છીએ; પણ હવે પછી કદી નિંદા કરીશ તો તને છોડીશું નહિ. આમ કહી વિષ્ણુદૂત ગયા. બીજે દિવસે વૈષ્ણવો એકઠા થઈ પ્રભુદાસનાં વખાણ કરતા હતા ત્યાં ક્રીરત ચોધરી આવ્યો ત્યારે બધા વૈષ્ણવ ચૂપ થઈ ગયા, એટલે ક્રીરત ચોધરીએ કહ્યું કે વૈષ્ણવો, તમે કહો છો તે સાચું છે, પ્રભુદાસ મહાન ભગવદીય છે, એમને તીર્થની શી જરૂર? એમને શ્રીઠાકોરજીનો આશ્રય હતો. આ પ્રકારે બહુ વખાણ કર્યાં, એટલે વૈષ્ણવો ચકિત થઇ ગયા ને પૂછયું: પહેલાં તો તમે નિંદા કરતા હતા, અને આજે બહુ વડાઇ કરો છો તેનું કારણ શું? ત્યારે ક્રીરત ચોધરીએ પોતાની પીઠ દેખાડી અને કહ્યું કે ચાર જણે રાત્રે મને બહુ જ માર્યો, અને કહ્યું કે તું પ્રભુદાસની નિંદા કેમ કરે છે? માટે તે મોટા ભગવદીય છે. તેમની વડાઈ સુખેથી ગાઓ. આ સાંભળી બધા વૈષ્ણવો પ્રસન્ન થઇ પ્રભુદાસની વડાઇ કરવા લાગ્યા. આ પ્રભુદાસ એવા ભગવદીય હતા. ॥ વાર્તા ૨૧ ॥

ભાવપ્રકાશ—આ પ્રભુદાસની વાર્તામાં એ સિદ્ધાંત જણાવ્યો કે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવે કોઇ તીર્થનો આશ્રય ન કરવો; શ્રીઆચાર્યજીનો આશ્રય રાખવો. વળી ભગવદીયની નિંદા કરે તે આ જ લોકમાં દુઃખ પામે અને મૂઆ પછી નરકમાં જાય, કારણ કે ભગવાનને ભગવદીય બહુ વહાલા છે. પોતાનો અપરાધ કોઈ કરે તે સહન કરે, પણ ભગવદીયનો અપરાધ સહન કરે નહિ

વાર્તા ૨૨ મી.

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના સેવક, પુરુષોતમદાસ સ્ત્રી-પુરુષ ક્ષત્રિય હતાં, આગ્રામાં રાજઘાટ પર રહેતાં, તેમની વાર્તા અને એનો ભાવ.

ભાવપ્રકાશ—આ પુરુષોત્તમદાસ લીલામાં ચંદ્રાવલીજીની અંતરંગ સખી છે. પુરુષોત્તમદાસનું નામ માધવી અને એમની સ્ત્રીનું નામ માલતી છે. આગ્રામાં રાજઘાટ પર બે ક્ષત્રિયનાં ઘર પાસે પાસે હતાં, ત્યાં આ બેઉ જન્મ્યાં. આ બેઉ ક્ષત્રિઓને પરસ્પર મિત્રતા હતી, આથી બેઉ જણ કહેતાં કે આપણાં બેટા બેટી થાય તેમનો વિવાહ કરીએ તો સારું. તેથી બન્નેને ત્યાં જ્યારે પ્રજા થઇ ત્યારે વિવાહ કર્યો. પછી વરસ દિનની અંદર બેઉના પિતાના દેહ છૂટ્યા. એવામાં શ્રીઆચાર્યજી મહાપ્રભુજી આગ્રા પધાર્યા. તે વખતે પુરુષોત્તમદાસ તથા તેમની સ્ત્રી બારી પર બેઠાં હતાં તેમને શ્રીઆચાર્યજીનાં દર્શન થતાં જ બન્ને જણ પરસ્પર કહેવા લાગ્યાં કે એમને શરણે જઈએ. આ વખતે પુરુષોત્તમદાસે દોડીને ખુલ્લા માથે દંડવત્પ્રણામ કર્યાં, અને વિનંતિ કરી કે મહારાજ, કૃપા કરીને અમને શરણે લો અને અમારે ઘેર પધારો. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે તમે અડેલ આવજો અને શ્રીગુસાંઈજી પાસે નામ પામજો. ત્યારે પુરુષોત્તમદાસે કહ્યું કે મહારાજ, શ્રીગુસાંઈજીમાં અને આપમાં શો ભેદ છે? માટે આજ જ સેવક કરો. શરીરનો શો ભરોસો છે? પછી આપનાં દર્શન દુર્લભ છે. આ પ્રકારે દૈવી જીવ હોવાથી સ્વરૂપનું જ્ઞાન થયું, એટલે શ્રીમહાપ્રભુજી પુરુષોત્તમદાસને ઘેર પધાર્યા. પુરુષોત્તમદાસને અને એમની સ્ત્રીને નામનિવેદન કરાવ્યું, એટલે પુરુષોત્તમદાસે અને તેમની સ્ત્રીએ વિનંતિ કરી કે મહારાજ, હવે અમને શી આજ્ઞા છે? ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે પ્રભુની સેવા કરો, એટલે પુરુષોત્તમદાસે વિનંતિ કરી કે મહારાજ, શ્રીઠાકોર-જી પધરાવી આપો તો સેવા કરીએ. ત્યારે શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે તમારે માથે કલંક આવશે માટે તમે ગંગાસ્નાન કરવાના (નિમિત્તે) જજો અને ત્યારે તમે અડેલ આવજો; તે વખતે તમારે માથે શ્રીઠાકોરજી પધરાવી આપીશું. અત્યારે તો તમારી બેઉ જણની માતાઓ છે તે આસુરી જીવ છે તેથી કલેશ કરશે. ત્યારે પુરુષોત્તમદાસ સ્ત્રી સહિત કહેવા લાગ્યા કે માતાઓ તો અમારા પર બહુ પ્રેમ રાખે છે; તો કલેશ શી રીતે થશે? ત્યારે શ્રીમહાપ્રભુ-

જીએ કહ્યું કે આજ સુધી તમે વૈષ્ણવ નહોતાં તેથી પ્રીતિ કરતાં હતા. વૈષ્ણવ થયાં એવું સાંભળશે ત્યારે જોશે. માટે અમે હવે અહીંથી જલદી પધારીશું, કારણ કે કલેશ અમને ગમતો નથી. આ સાંભળી પુરુષોત્તમદાસ અને તેમની સ્ત્રીએ ડરીને જ બની આવી તે ભેટ જલદી કરી અને શ્રીમહાપ્રભુજીને વિદાય કર્યા. શ્રીઆચાર્યજી કલેશ જાણી જલદી અડેલ પધાર્યા. આ પછી પુરુષોત્તમદાસે અને એમની સ્ત્રીએ ડરના લીધે ત્રણ દિવસ સુધી પોતાની માતાઓને પોતે વૈષ્ણવ થયા છે એ વાત ન બતાવી. કોરું દૂધ લાવી પીને રહ્યાં. હવે જ્યારે પુરુષોત્તમદાસની માતાએ ગળામાં કંઠી જોઈ ત્યારે પૂછ્યું: બેટા, ગળામાં માળા કેવી! આપણે ક્ષત્રિયોને જનોઈ સર્વોપરિ છે. માળા કેવી! પણ પુરુષોત્તમદાસ બોલ્યા નહિ. ત્યારે તેણે પુરુષોત્તમદાસની સ્ત્રીનું માથું ઉઘાડીને ગળું જોયું ત્યારે તો માળા જોઈ ખૂબ રડી અને કહ્યું કે આ સ્ત્રીપુરુષ બેઉ વેરાગી થઇ ગયાં. પછી જઇને પુરુષોત્તમદાસની માતાએ પુરુષોત્તમદાસની સ્ત્રીની માતાને કહ્યું કે તારી બેટી અને મારો બેટા એ બેઉએ માળા પહેરી છે; બેઉ વેરાગી થયાં. હવે શું કરીશું? ત્યારે પેલીએ કહ્યું કે ચાલો એમની માળાઓ ઉતરાવીએ; નહિ ઉતારે તો બેઉ જણ મરીશું. આમ આ બન્નેએ આવીને આ સ્ત્રીપુરુષને કહ્યું કે માળા આ ક્ષણે જ ઉતારી દો, નહિ તો અમારી બેઉની હત્યા લેશો. ત્યારે પુરુષોત્તમદાસે સગાં સંબંધી દશ-વીશ ક્ષત્રિયોને બોલાવીને બધાંની આગળ માતાઓને કહ્યું: આ માળાઓ અમારે તો શિર સાટે છે. માથું જાય તો ચિંતા નહિ, પણ માળા તો નહિ છૂટે. તમારે માળા સાથે શું કામ છે? તમારી ઇચ્છા હોય તો અમારી સાથે ઊભાં રહો; જે ઈચ્છા હોય તે લો. અથવા કહો તો તમને જુદું ઘર કરી આપીએ. એક માણસ નોકર પણ રહેશે. તો તમારે જે જોઇએ તે લો. જે અમારાથી બનશે તે તમારી ટહેલ કરીશું. ફાવે તો તમે આ ઘરમાં રહો અને અમે જુદું ઘર લઈને રહીએ. તમે કહો તેમ કરીએ. કલેશ ન કરશો. પણ અમે માળા તો સર્વદા નહિ જ છોડીએ અને તમારા હાથનું અડેલું ખાનપાન પણ નહિ કરીએ. તમે માળા પહેરો અને વૈષ્ણવ થાઓ તો જ તમારા હાથનું પાણી પણ અમારા કામમાં આવે. આ સાંભળીને બેઉની માતાઓએ ક્રોધ કરીને કહ્યું: તમે બેઉ વેરાગી થયાં અને હવે અમને વેરાગી કરવાં છે! અમે તમને ઉછેર્યાં, હવે અમે તમારા હિસાબે

ચ્યાર ભગી કર્યાં. તમે અમારું અડેલનું જલ પણ ન લો!! અમે બેઉ તમારા ઉપર મરીશુ! આ પ્રકારે પાંચ દિવસ જળ પણ કોઈએ ન લીધું. બધાં સગાં સંબંધી અને ગામના હાકેમે પણ આવીને બધાંને સમજાવ્યાં, પણ બેઉએ માન્યું નહિ. હવે રાત્રે પુરુષોત્તમદાસ અને તેમની સ્ત્રી સૂઇ ગયાં પછી તેમની બેઉ માતાઓ ઘરમાં કૂવો હતો તેમાં પડી અને બેઉના દેહ છૂટી ગયા. સવારે બેઉના સંસ્કાર પુરુષોત્તમદાસે કર્યા. આ વખતે જ્ઞાતિવાળા બધા કહેવા લાગ્યા કે તમને બેઉને હત્યા લાગી; માટે ગંગાજી નાહી આવો, ત્યારે જ જ્ઞાતિમાં લઈએ. આ સાંભળી સ્ત્રી પુરુષે વિચાર કર્યો કે આપણે શ્રીમહાપ્રભુજી પાસે જઇ શ્રીઠાકોરજીની સેવા પધરાવવી છે, માટે ચાલો. તરત જ બેઉ જણ ત્યાંથી ચાલ્યાં ને પ્રયાગ આવ્યાં. ત્યાં નાહ્યાં, પછી અડેલ આવી શ્રીઆચાર્યજી શ્રીગુસાંઈજીને દંડવત્પ્રણામ કરી બધી વાત કહી, અને કહ્યું કે મહારાજ, આપે કહ્યું હતું તેમ જ બન્યું. બેઉની માતા મરી. હવે કલેશ મટ્યો. હવે ભગવત્સેવા પધરાવી આપો. ત્યારે શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે બેઉ આસુરી જીવ હતા; પરન્તુ તમે વૈષ્ણવ થયાં છો માટે તેમની પણ ગતિ થશે. જે કુળમાં વૈષ્ણવ હોય તેનું સઘળું કુળ કૃતાર્થ થાય છે. તમે ભગવત્સેવા કરો. પછી અડેલમાં એક પૂજામાર્ગી બ્રાહ્મણ હતો તેને ઘેર લાલજીનું સ્વરૂપ હતું, તેને કહ્યું કે તમારાથી પૂજા ન બને તો શ્રીઠાકોરજી અમને પધરાવી આપો. ત્યારે આ વૃદ્ધ બ્રાહ્મણે કહ્યું: હું પણ વિચાર કરતો હતો કે આ શ્રીઠાકોરજી કોને માથે પધરાવું. હવે મારાથી પૂજા બનતી નથી. આ શ્રીઠાકોરજીને શ્રીઆચાર્યજીએ પંચામૃત સ્નાન કરાવી પુરુષોત્તમદાસને માથે પધરાવ્યા. કેટલાક દિવસ અડેલમાં રહી બધી સેવાની રીત શીખી પછી વિદાય લઇ આગ્રા આવ્યાં. સઘળી જ્ઞાતિને રસોઇ કરાવી જમાડી તથા બ્રાહ્મણોને પણ ભોજન કરાવી લૌકિક અપવાદ પણ દૂર કર્યો અને બેઉ સ્ત્રી પુરુષ ભગવત્સેવા કરવા લાગ્યાં.

વાર્તાપ્રસંગ ૧ લો.

એકવાર શ્રીગુસાંઇજી આગ્રા પધાર્યા. ત્યાં પુરુષોત્તદાસને ઘેર ઊતર્યા ત્યારે પુરુષોત્તદાસની સ્ત્રી છુપાઇ રહી. તેથી શ્રીગુસાંઇ-જીએ તેમને પૂછયું કે તારી સ્ત્રી કયાં છે? ત્યારે પુરુષોત્તમદાસે કહ્યું કે

એટલે ગુસાંઈજીએ જાણ્યું કે જરૂર
મહારાજ, જનોઈ તૂટી હશે. પછી શ્રીગુસાંઈજીએ સ્નાન કરીને રસોઇ
બેઠી હશે (છોવાઇ હશે). ખીર વગેરે કરી દીધું. રોટલી વણવાને
કરી દાળભાત પાંચસાત શાક નાહીને આવીને બેઠી ત્યારે શ્રીગુસાં-
સમયે પુરુષોત્તમદાસની સ્ત્રી અત્યાર સુધી કયાં હતી? ત્યારે તેણે કહ્યું કે
ઇજીએ પૂછયું કે તું
મહારાજ, કંઇ કામ હતું.

ભાવપ્રકાશ—આ વખતે અટકાવનો પાંચમો દિવસ હતો, તેથી
નાહ્યા વગર શ્રીગુસાંઈજીને મોં શી રીતે દેખાડે?
સ્ત્રી છુપાઇ રહી, કારણ કે બધી રસોઇ શ્રીગુસાંઇજીએ કરી
પછી રોટલી વણી દીધી. પછી ભોગ સરાવી અનોસર કર્યા.
ને શ્રીઠાકોરજીએ ભોગ ધર્યો, શ્રીગુસાંઇજીને કહ્યું કે મહારાજ,
શ્રીપુરુષોત્તમદાસ અને તેમની સ્ત્રીએ ત્યારે શ્રીગુસાંઇજીએ કહ્યું કે
આજ થાળકટોરામાં ભોજન કરો. અમે પાતળ કરીને ભોજન
શ્રીઠાકોરજીનાં પાત્રમાં કેમ થાય? મહારાજ, દ્રવ્ય તો ખૂટયું
કરીશું. ત્યારે પુરુષોત્તમદાસે કહ્યું કે નવાં પાત્ર લાવીશું.
નથી અને કંસારા કંઇ બધા મરી ગયા નથી.
આ પ્રકારે કહીને એમણે શ્રીગુસાંઇજીને શ્રીઠાકોરજીનાં પાત્રમાં
ભોજન કરાવ્યું.

ભાવપ્રકાશ—આવો ભાવ શ્રીગુસાંઇજીમાં હોવાનું કારણ એ હતું
કે લીલામાં શ્રીચંદ્રાવલીજી શ્રીઠાકોરજી સાથે એક જ પાત્રમાં ભોજન કરતાં.
અને આ બેઉ શ્રીચંદ્રાવલીજીની સખીઓ છે, તેથી સ્ફૂર્તિ
(સ્મરણ) છે, તેથી શ્રીઠાકોરજીના પાત્રમાં ભોજન કરાવ્યું. વળી સ્ત્રીપુરુષ
બેઉનો શ્રીગુસાંઇજીમાં સ્નેહ બહુ જ છે, તેથી એમ વિચારે છે કે બીજા
પાત્રમાં ઠાલવતાં સામગ્રીનો સ્વાદ ફરી જાય; બધી શીતળ થઈ જાય. વળી
બીજીમાં ઠાલવતાં ભોજન કરવામાં ઢીલ થાય તે પણ સારું નહિ. તેથી
સ્નેહથી એ જ પાત્રમાં ભોજન કરાવ્યું.

હવે શ્રીગુસાંઇજી ભોજન કરવા બેઠા ત્યારે પુરુષોત્તમદાસની
સ્ત્રી પાસે આવીને બેઠી, અને કહ્યું કે મહારાજ, આ સામગ્રી
આરોગો. ત્યારે શ્રીગુસાંઇજીએ કહ્યું કે અમારે જોઇશે તે અમે લઇશું;
એટલે પુરુષોત્તમદાસની સ્ત્રીએ કહ્યું કે મહારાજ, નંદરાયજીને ત્યાં

જેમ આરોગો છો તેવી જ રીતે બધા વૈષ્ણવોને ત્યાં પણ આરોગો.

ભાવપ્રકાશ—આમાં એ બતાવ્યું કે નંદરાયજીને ત્યાં તેઃ ભક્તોના જેવા મનોરથ હોય તેવી રીતે આરોગો છો અને અહીં કહો છો કે મારી રુચિ હશે તે લઇશ; તે શી રીતે બને ?

આવી રીતે શ્રીગુસાંઇજી સાથે પ્રેમસંયુક્ત વાર્તા કરે. વારંવાર સઘળી સામગ્રીનું ભોજન કરાવી શ્રીગુસાંઇજીને પ્રસન્ન કર્યા; પછી શ્રીઠાકોરજીની શય્યા, શ્રીઠાકોરજીનાં બિછાનાં તકિયા તેના પર શ્રીગુસાંઇજીને પોઢાડીને સ્ત્રીપુરુષ ચરણસેવા કરવા લાગ્યાં. પછી શ્રીગુસાંઇજીએ કહ્યું કે હવે ઊઠો, બેઉ જણ જઇને મહાપ્રસાદ લો. ત્યારે સ્ત્રીપુરુષ બેઉ જણ કહેઃ મહારાજ, મહાપ્રસાદ તો નિત્ય લઇશું. આવી રીતે શ્રીગુસાંઇજીને નિત્ય નૌતન પ્રીતિથી હઠ કરીને-આગ્રહપૂર્વક-પાંચ સાત દિવસ રાખ્યા; નિત્ય નવાં પાત્ર, શય્યા, વસ્ત્ર કરતાં. આ સ્ત્રીપુરુષ આવાં કૃપાપાત્ર ભગવદીય છે. ॥ વાર્તા ૨૨ ॥

ભાવપ્રકાશ—આ વાર્તામાં એ સિદ્ધાંત થયો કે એમની ગુરુમાં શ્રીઠાકોરજીથી અધિક પ્રીતિ છે. આવી રીતે વૈષ્ણવ કરે તો ફળ પ્રાપ્ત થાય.

વાર્તા ૨૩ મી.

હવે શ્રીઆચાર્યજીના સેવક ત્રિપુરદાસ કાયસ્થ શેરગઢના વાસી તેમની વાર્તા અને એનો ભાવ.

ભાવપ્રકાશ—લીલામાં એઓ શ્રીઠાકોરજીની અંતરંગ સખી છે. જો કોઇ ભક્તને કશો સંદેશો કહેવો હોય કે મોકલવો હોય તો તે હરણીને હાથે સોંપતાં. એનાં નેત્ર વિશાળ મોટાં છે, તેથી લીલામાં એનું નામ 'હરણી' સખી છે. તે શેરગઢમાં એક કાયસ્થને ત્યાં જન્મી. એનો પિતા રાજાનું સઘળું કામ કરતો અને દીવાન કહેવાતો. જ્યારે ત્રિપુરદાસ બાર વરસના થયા, ત્યારથી તેના પિતા તેને સાથે રાખતા. બધું કામ ત્રિપુરદાસને શીખવ્યું. આ રાજા એક વાર આગ્રા દેશાધિપતિની પાસે આવ્યો, ત્યારે (પિતા) ત્રિપુરદાસને સાથે લઈ રાજાની સાથે આગ્રા આવ્યો. કેટલાક દિવસ આગ્રા રહીને રાજા દેશાધિપતિ પાસેથી વિદાય થઈને પોતાને દેશ ચાલ્યો. તે ગોવર્ધન શ્રીગોવર્ધનધરનાં દર્શન કરવા આવ્યો. તે વખતે ત્રિપુરદાસ પિતા સાથે

આવ્યા. પિતા ત્રિપુરદાસ સાથે ત્રણ દિવસ શ્રીગોવર્ધનમાં રહ્યા, ત્યારે ત્રિપુરદાસનું મન શ્રીનાથજીમાં આસક્ત થયું. હવે ચોથે દિવસે રાજાએ વિદાય થઈ ચાલવાની તૈયારી કરી. તે સાંભળતાં જ ત્રિપુરદાસને વિરહજ્વર ચઢી આવ્યો. તે વ્યાકુલ થયા. ત્યારે પિતાએ પૂછ્યું કે ત્રિપુરદાસ કેમ છો? ત્યારે ત્રિપુરદાસે કહ્યું: જો મને લઇ જશો તો મારો દેહ છૂટી જશે. ગમે તો તમે મારી સાથે મહિનો બે મહિના અહીં રહો અગર રાજાની સાથે જાઓ; હું તો પાછળથી સારી રીતે દર્શન કરીને આવીશ, તો જ મારા પ્રાણ રહેશે. આ બધા સમાચાર ત્રિપુરદાસના પિતાએ રાજાને કહ્યા. આવી રીતે મારો બેટા—ત્રિપુરદાસ કહે છે. ત્યારે રાજાએ કહ્યું કે શી ચિંતા છે; અસવારી અને માણસ રાખીને ચાલો; છોકરો પછીથી આવશે. એટલે પિતાએ આવીને કહ્યું કે બેટા, તમે અહીં રહો; ચિંતા ન કરશો. આ સાંભળતાં જ ત્રિપુરાદાસનો તાવ ઊતરી ગયો અને આનંદ આનંદ થઈ ગયો. પછી પિતાએ પ્રસન્ન થઈને પાલખી અને મનુષ્ય આપ્યાં, અને કહ્યું કે બેટા, જલદી આવજો. હું વૃદ્ધ થયો છું. રાજાનું કામકાજ કરવાનું છે. ત્યારે ત્રિપુરદાસે કહ્યું કે તમે જાઓ; હુ પછીથી જલદી આવીશ. એટલે પિતા રાજાની સાથે ગયો. હવે રસ્તામાં કોઈ જમીનદાર સાથે લડાઈ થઇ ત્યાં ત્રિપુરદાસના પિતાને ગોળી વાગી તેથી મરી ગયો. રાજા આ જાગીરદારને મારીને આગળ ગયો. પછી એ રાજાએ ત્રિપુરદાસની પાસે માણસ મોકલ્યો. તેણે બધા સમાચાર ત્રિપુરદાસને કહ્યા. તે સાંભળીને ત્રિપુરદાસ પ્રસન્ન થયા કે સારું થયું; હવે મારે કોઈ બંધન છે નહિ. હવે શ્રીગોવર્ધનધરનાં દર્શન હમેશાં કરીશ. પછી પિતાની બધી ક્રિયા માનસી ગંગા પર કરી અને શુદ્ધ થયા. નિત્ય બધા સમયનાં દર્શન કરતા. હવે શ્રીઆચાર્યજીએ એક દિવસ ત્રિપુરદાસને કહ્યું કે તું કોણ છે? બે મહિનાથી દર્શન કરે છે. હવે તારે ઘેર જા. ત્યારે ત્રિપુરદાસે કહ્યું કે મહારાજ, હવે હું ક્યાં જાઉં? મારા જન્મતાં જ માતા મરી ગઈ છે. પિતા હમણા મરી ગયો. મારો વિવાહ થયો નથી. હવે મારું મન શ્રીનાથજીના સ્વરૂપમાં આસક્ત થયું છે, તેથી હું હવે ક્યાં જાઉં? તેથી શ્રીઆચાર્યજીએ ત્રિપુરદાસની પ્રીતિ જોઈને કહ્યું કે અમે એવું કરીએ કે તુ જ્યાં હો ત્યાં શ્રીનાથજીનાં તને દર્શન થાય. એક ક્ષણનો

પણ વિયોગ થાય નહિ. ત્યારે ત્રિપુરદાસે દંડવત્ પ્રણામ કરી વિનંતિ કરી કે મહારાજ, મારે એ જ જોઈએ છે, કારણ કે એ મારાથી મગાય નહિ. નિત્ય અર્ચા પણ જોઇએ, અને શ્રીનાથજીનાં દર્શન વગર મારાથી રહ્યું જશે નહિ. આ ચિંતા હતી. હવે આપ કૃપા કરીને જે આજ્ઞા કરો તે હું કરું. એટલે શ્રીમહાપ્રભુજીએ ત્રિપુરદાસને નવરાવીને નામનિવેદન કરાવ્યું અને શ્રીનાથજીનો ચરણામૃત મહાપ્રસાદ આપ્યો; તેની સાથે જ નેત્ર આગળ શ્રીનાથજીનાં દર્શન થવા લાગ્યાં. શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે હવે અહીંથી તું જા. જ્યાં રહીશ ત્યાં પ્રભુ તને દર્શન આપશે. તું કદી શ્રીઠાકોરજીને પીઠ દઈશ નહિ. પછી ત્રિપુરદાસ શ્રીમહાપ્રભુજીને દંડવત્ પ્રણામ કરી વિદાય લઈને ચાલ્યા, અને એવું પણ લીધું કે શ્રીનાથજીનો ચરણામૃત મહાપ્રસાદ લીધા વિના જળ પણ લેવું નાહ. આવો મનમાં નિશ્ચય કરી ઘેર આવ્યા.

વાર્તાપ્રસંગ ૨ લો.

આ ત્રિપુરદાસને શ્રીનાથજીને વિશે બહુ મમત્વ હતું; શ્રીનાથજીને કદી પીઠ દેતા નહિ. શ્રીનાથજીના ચરણામૃત મહાપ્રસાદ વિના જળ પણ લેતા નહિ. આ ત્રિપુરદાસ એક તુર્કની ચાકરી કરતા. તે તુર્કના તરફથી એક પરગણામાં ગયા. ત્યાં બહુ જ કમાયા. તેથી જે વસ્તુ નૌતન (નવીન) આવે-અન્ન શાક ફળ તથા વસ્ત્ર વગેરે તો તે પ્રથમ શ્રીનાથજીને અંગીકાર કરાવે; ત્યારપછી જ પોતે કંઇ પણ લે. ત્રિપુરદાસ ઊઠતાં બેસતાં કે ચાલતાં શ્રીનાથજીને પીઠ દેતા નહિ.

ભાવપ્રકાશ—આનો અર્થ એ છે કે શ્રીનાથજીના સ્વરૂપને ભૂલવું તેનું જ નામ પીઠ છે. મતલબ કે સદા દર્શન કરતાં કરતાં જ બધાં કામકાજ કરતા.

તેઓ દરવરસે શ્રીનાથજીને સરસ ડગલો મોકલતા. શ્રીગુસાંઈજી પણ પ્રથમ ત્રિપુરદાસનો ડગલો સરસ જોઇને અંગીકાર કરાવતા. હવે એકવાર આ મ્લેચ્છે ત્રિપુરદાસનો હિસાબ તપાસ્યો; તેમાં કંઈક નાણું ત્રિપુરદાસ પાસે લેણું નીકળે, તે તેમની પાસેથી માગ્યું. ત્યારે

ત્રિપુરદાસે કહ્યું કે હમણાં તો મારી પાસે નથી; કમાઇને ભરી દઇશ. આ સાંભળી પેલા તુર્કે બધું ઘર લૂંટી લીધું, અને ત્રિપુરદાસને બંદીખાને નાખ્યા. હવે અર્ધી રાત્રિ ગઇ ત્યારે ચાર જણે આવી પેલા તુર્કને ખાટથી નીચે ઊંધો નાખ્યો, અને મુગદળનો માર મારવા લાગ્યા. ત્યારે આ તુર્કે કહ્યું: મને કેમ મારો છો ? મેં તમારું શું બગાડયું છે ? ત્યારે વિષ્ણુદૂતોએ કહ્યું કે ત્રિપુરદાસને બંદીખાને કેમ નાખ્યો છે ? તને મારી મારીને તારાં હાડકાં ભાંગી નાખીશું. ત્યાર આ તુર્કે હા, હા ખાઇને નાક ભૂમિએ ઘસીને કહ્યું કે હું હમણાં તરત જ જઇને ત્રિપુરદાસને છોડી દઉં છું, તમે મને મારશો નહિ. એટલે વિષ્ણુદૂત ચાલ્યા ગયા. તરત જ આ તુર્કે ત્રિપુરદાસ પાસે જઈને કહ્યું કે તમે તમારે ઘેર જાઓ. ત્યારે ત્રિપુરદાસે કહ્યું: હાલ રાત્રિ બહુ ગઈ છે, સવારે જઇશ. આ સાંભળી તુર્કે કહ્યું: કોઇનો જીવ લેવો છે ? હમણાં જ જાઓ. એટલે ત્રિપુરદાસ ઘેર આવ્યા.

એવામાં શ્રીનાથજીનો ભેટિયો આવ્યો. તેણે ત્રિપુરદાસને ચરણામૃત મહાપ્રસાદ આપ્યો. હવે ત્રિપુરદાસે વિચાર્યું કે દર વરસે શ્રીનાથજીને જડાવર મોકલું છું, પરંતુ આજે તો પાસે કશું છે નહિ; માત્ર એક લખવાની દોત (ખડિયો) રહી છે. તેનું ઉપરનું મોઢું રૂપાનું હતું તે વેચી એક રંગેલું ખારકા (ખાદી)નું થાન લઈ ભંડારીને આપ્યું અને કહ્યું કે શ્રીગુસાંઇજીને કહેશો નહિ; શ્રીનાથજીના ભંડારમાં આપજો. શું કરું ? અત્યારે તો મારી પાસે પ્રભુને લાયક કશું નથી. આ ભેટિયાએ આ રંગેલું કાપડ શ્રી-નાથજીના ભંડારમાં આપ્યું. પછી પ્રબોધિનીને દિવસે શ્રીગુસાંઇજી-એ મંડપ કરી દેવોત્થાપન કરી શ્રીનાથજીને ડગલો ઓઢાડયો ત્યારે શ્રીનાથજીએ કહ્યું કે મને ટાઢ બહુ વાય છે. ત્યારે બીજો ડગલો ઓઢાડયો; પણ ફરી શ્રીનાથજીએ કહ્યું કે મારી ટાઢ જતી નથી; બહુ જ વાય છે. ત્યારે શ્રીગુસાંઇજીએ બીજી અંગીઠી ધરી, એક અંગી કરીને રજાઈ ઉપર ઓઢાડી તોય શ્રીનાથજી કહે: મને ટાઢ બહુ વાય છે. ત્યારે શ્રીગુસાંઇજીએ વિચાર્યું કે કોઈ વૈષ્ણવની

જડાવર આવી છે તે અંગીકાર નથી થઇ, તેને લીધે આ શીત છે. એટલે શ્રીગુસાંઇજીએ ભંડારીને બોલાવીને પૂછયું કે જડાવર કોની કોની આવી છે, તે વૈષ્ણવનાં નામ કહો. ભંડારીએ તે નામ કહ્યાં ત્યારે શ્રીગુસાંઇજીએ કહ્યું કે ત્રિપુરદાસની દર વરસે આવે છે તેમનું નામ તો આવ્યું નહિ! ત્યારે ભંડારીએ કહ્યું કે મહારાજ ત્રિપુરદાસને દ્રવ્યનો સંકોચ છે, તેથી જડાવર નથી આવી; પણ એક રંગેલું થાન આવ્યું છે. તે ભંડારમાં મેલું ઘેલું પડયું છે. એટલે શ્રીગુસાંઇજીએ કહ્યું કે એ ત્રિપુરદાસની રંગી જલદીથી લાવો. તે ભંડારી લઈ આવ્યા, એટલે શ્રીગુસાંઇજીએ દરજીને કહ્યું કે જલદીથી દોરા નાખી દુલાઈ જેવું કરી દો. તરત જ દરજીએ દોરા નાખી દુલાઇ કરી દીધી. તૈયાર થતાં શ્રીગુસાંઇજીએ આ દુલાઇ શ્રીનાથજીને ઓઢાડી ત્યારે શ્રીનાથજીએ કહ્યું કે હવે મારી ટાઢ ગઇ; ગરમી આવી. શીતકાળમાં પાંચદશવાર આ દુલાઈ અંગીકાર કરી ભક્તવાત્સલ્ય બતાવ્યું. આ વાત ત્રિપુરદાસે જાણી ત્યારે ગદ્ગદ થઈ આ પદ ગાયું. તે પદ–

नवरंग ललन बिहारी मेरो कहे, जाडो मोहि अधिक सुहाय,
पहेरि कँवाइ ओढि लई फरगुल तोहू सीत सतावत आय ॥ १ ॥
अचरज भये सुनी वल्लभनंदन कनक अंगीठी धरी मंगाय,
पुनि जिय सोचि मंगाइ उढाई सजि गई सीत हँसे जदुराय ॥ २ ॥
ऐसे परमकृपाल दयानिधि बिसरत नाहि सुधि करत सुहाय,
"त्रिपुरारि" गिरिधारीकी बातें कहा जाने कोउ देहु बताय ॥ ३ ॥

ભાવપ્રકાશ—એમાં એવું જણાવ્યું કે મારો ભક્ત–તેની પ્રીતિની વસ્તુ હોય, તે આવી રીતે હું અંગીકાર કરું છું. અહીં ભક્તિભાવનો અંગીકાર છે, વસ્તુનો વિચાર નથી.

વાર્તાપ્રસંગ ૨ જો.

હવે એક સમય ત્રિપુરદાસ આ તુર્કની સાથે અટક ગયા હતા ત્યાં એક દિવસ સવારે રસોયાએ કહ્યું કે આજે શ્રીનાથજીનો

ચરણામૃત મહાપ્રસાદ નથી. ત્યારે ત્રિપુરદાસે કહ્યું: પ્રથમથી કેમ કહ્યું નહિ? વખારે લાવી રાખત. પછી રસોયાને કહ્યું: રસોઈ કરી ભોગ ધરી તમે પહોંચી લેજો; મને બોલાવશો નહિ. આમ કહીને ત્રિપુરદાસે પોતાના મનમાં એવો નિશ્ચય કર્યો કે જ્યાંસુધી દેહ ચાલશે ત્યાંસુધી કામકાજ કરીશ; પરંતુ ચરણામૃત મહાપ્રસાદ વિના જલ પણ નહિ લઉં. આવો નિર્ણય કરી દરબારમાં ગયા. આ વખતે શ્રીગોવર્ધનધર એક દશ વરસના છોકરાનું રૂપ ધરી ત્રણ થેલી લઈને આવ્યા: એક થેલીમાં શ્રીનાથજીનો મહાપ્રસાદ, એક થેલીમાં શ્રીનાથજીનું ચરણામૃત, અને એક થેલીમાં શ્રીઆચાર્યજીનું ચરણામૃત. આ આપી એ રસોયાને કહ્યું કે જ્યારે તું શ્રીઠાકોરજીની સેવાથી પહોંચે ત્યારે મને બોલાવજે; એટલે રસોયાએ એ થેલી રાખી. તરત જ આ છોકરો અંતર્ધાન થઈ ગયો. પછી રસોયાએ રસોઈ કરી શ્રીઠાકોરજીને ભોગ ધર્યો, અને ત્રિપુરદાસને બોલાવવા દરબારમાં માણસ મોકલ્યો, તેણે જઈને ત્રિપુરદાસને કહ્યું ત્યારે ત્રિપુરદાસે કહ્યું કે હું તો કહીને જ આવ્યો હતો કે હું નથી આવવાનો, અને તમે પહોંચી લેજો; માટે જઈને કહે કે તમે પહોંચી લો; મારી વાટ ના જોશો. ત્યારે આ માણસે પાછા ત્રિપુરદાસનાં સમાચાર કહ્યા કે તે નહિ આવે; તમે પહોંચી લો. ત્યારે તે રસોયાએ કહ્યું: તું એકવાર ફરીથી જા અને કહેજે કે તમે એક છોકરા સાથે ચરણામૃત મહાપ્રસાદની થેલી મોકલી અને મને બોલાવજો એવું કહેવરાવ્યું હતું. અને હવે આવવાની શા માટે ના પાડો છો? એટલે બીજીવાર જઈ પેલા માણસે આ વાત કહી ત્યારે ત્રિપુરદાસે ઘેર આવી રસોયાને કહ્યું કે મને કેમ બોલાવ્યો? હું ચરણામૃત મહાપ્રસાદ વિના જલ પણ નહિ લઉં! ત્યારે રસોયાએ કહ્યું કે તમે છોકરા સાથે ચરણામૃત મહાપ્રસાદની થેલી મોકલી અને કહેવરાવ્યું હતું કે મને બોલાવજો; અને હવે આમ કેમ કહો છો? આ ત્રણે થેલી મૂકી છે. ત્યારે ત્રિપુરદાસે તે જોઈને કહ્યું કે એ છોકરો ક્યાં છે? ત્યારે રસોયાએ કહ્યું: એ છોકરો થેલી આપી ચાલ્યો ગયો; હું શું જાણું કે ક્યાં છે?

ત્યારે ત્રિપુરદાસે વિચાર્યું કે મેં પ્રભુને બહુ પરિશ્રમ કરાવ્યો; હવે પછી કદી કોઇ વાતની હઠ ન કરવી. મનમાં બહુ જ ખેદ કર્યો. આ ત્રિપુરદાસ એવા ભગવદીય છે.

ભાવપ્રકાશ—શ્રીઠાકોરજી રસોયાને ચેલી આપી ગયા, પણ ત્રિપુરદાસને ન જણાવ્યું, તેનું કારણ એ કે જો ઠાકોરજીને છોકરાના વેશમાં ત્રિપુરદાસ દેખે તો તેમને બહુ જ ક્લેશ થાય. ત્રિપુરદાસને તો આઠે પહોર સ્વરૂપાનુભવ છે, તેથી જણાવ્યું નહિ. અને રસોયો સાધારણ વૈષ્ણવ હતો, તેથી છોકરાના વેશે તેને પોતાના સ્વરૂપનો અનુભવ કરાવ્યો. એની વાર્તામાં એ સિદ્ધાંત થયો કે એની સ્વરૂપાસક્તિ હતી, તેથી તે સર્વદા શ્રીઠાકોરજીની સન્મુખ છે. વળી ચરણામૃતનું સ્વરૂપ પણ જણાવ્યું કે ચરણામૃતનો નિયમ પણ વૈષ્ણવ હમેશાં રાખે તો શ્રીઠાકોરજી તેના પર પ્રસન્ન થાય. પ્રભુનો પરિશ્રમ જાણી દુઃખ ન થાય તો મર્યાદામાર્ગીય થઇ જાય. પોતાના જીવ માટે પ્રભુ પરિશ્રમ લે તેથી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પ્રસન્ન થતા નથી, કારણ કે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પોતાના સુખને માટે પ્રભુ પાસે કશી ઇચ્છા રાખતા નથી. દુઃખ પણ આવે તો શરીરનો ભોગ વિચારીને ભોગવે તેથી બંદીખાને પડવા છતાં શોક ન કર્યો. ત્યારે વિષ્ણુના દૂતોએ તુર્કને દંડ આપી તેમને છોડાવ્યા. તેમાં પ્રભુએ ભક્તવત્સલતા પ્રકટ કરી. વળી દર વરસે ત્રિપુરદાસ સરસ ડગલો શ્રીનાથજી માટે મોકલતા, તે શ્રીઠાકોરજીએ માગીને અંગીકાર કર્યો નહિ, અને વિરહપ્રીતિથી રંગી મોકલી, તો પ્રીતિને વશ થઈ માગીને અંગીકાર કરી, ત્યારે આપશ્રીને ઠંડી મટી. આમાં એવું જણાવ્યું કે દ્રવ્યનો સંકોચ વૈષ્ણવને થાય, તે પ્રભુના અંગીકારને માટે જ થાય છે. અને દ્રવ્ય વધે તો તે વૈષ્ણવના સંબંધપૂર્વક ભગવદ્અંગીકાર માટે હોય છે, કારણ કે દર વરસે સરસ ડગલો મોકલતા તો જ સંકોચમાં તાપ થયો. જો દ્રવ્ય (હોવા છતાં તેથી) નિયત સેવા ન કરે, તો તાપ ક્યાંથી થાય? તેથી દૈવી જીવ સેવા કરનારો હોય તો દ્રવ્યમાં પણ બને, અને સંકોચમાં પણ બને, એવું દર્શાવ્યું, તેથી ત્રિપુરદાસની વાર્તાનો પાર નથી. તેમનો ભાવ હૃદયમાં રાખ્યો, કોઈની આગળ પ્રકટ કર્યો નહિ અને તેથી સ્વરૂપસેવા પધરાવી નહિ. મનમાં ને મનમાં સ્વરૂપસેવામાં એક પ્રહર મગ્ન રહેતા.

તેમણે સંયોગરસનો જે અનુભવ કર્યો. લીલામાં પણ એમને સંયોગરસ છે. શ્રીઠાકોરજી સંબંધી સખી છે.

આ ત્રિપુરદાસની વાર્તાનો પાર નથી ક્યાં સુધી કહીએ. ॥ વાર્તા ૨૩ ॥

વાર્તા ૨૪ મી.

હવે શ્રીઆચાર્યજીના સેવક પૂરણમલ ક્ષત્રિય અંબાલય રહેતા તેમની વાર્તા અને એનો ભાવ

ભાવપ્રકાશ—એ લીલામાં લલિતાજીની સખી છે, એનું નામ ચિત્રલેખા છે. શ્રીસ્વામિનીજીની કુંજરચના અને તેમાં નાના પ્રકારનાં ચિત્ર ચીતરે છે. તે અંબાલયમાં એક ક્ષત્રિયને ઘેર પ્રકટી. આ પૂરણમલનો પિતા હથિયાર બાંધીને ચાકરી કરતો. પૂણરમલને એક ઝવેરીનો સંગ થયો, તેથી જવાહીરનો ધંધો શીખ્યા. જ્યારે પૂરણમલ વીસ વરસના થયા, ત્યારે માતા પિતાના દેહ છૂટ્યા. પૂરણમલનો વિવાહ થયો હતો, પણ સ્ત્રી સાધારણ મળી હતી. પૂરણમલનું મન તો બાલપણથી જ ભગવાનમાં લાગેલું હતું તેથી જ્યાં ત્યાં કથાવાર્તા સાંભળતા. અને મર્યાદાની રીતે ચાલે. સ્ત્રીનું મન શ્રીઠાકોરજીમાં જોયું નહિ; તેથી પોતાના ઘરમાં જુદી જગ્યા કરી આપી અને મહિને ચાર રૂપિયા આપવાના કર્યા. દ્રવ્ય બહુ જ હતું, તેથી સ્ત્રીનો ખર્ચ માણસ સાથે મોકલી દેતા. પોતે તો તેની સાથે બોલતા પણ નહિ વૈરાગ્ય પણ દૃઢ હતું.

વાર્તાપ્રસંગ ૧ લો.

આ પૂરણમલ પાસે દ્રવ્ય બહુ હતું; તેથી એકવાર રાત્રિમાં પૂરણમલને દૈવી જીવ જાણી શ્રીનાથજીએ કહ્યું કે શ્રીગોવર્ધન પર્વત છે ત્યાં હું પ્રકટ થયો છું; માટે તું અહીં આવીને મારું મંદિર સમરાવ અને શ્રીઆચાર્યજીનો સેવક થા. આથી પૂરણમલે જાગીને સવારે બધું દ્રવ્ય ભેગું કરી વ્રજમાં આવીને શ્રીગોવર્ધનધરનાં દર્શન કર્યા પછી રામદાસ ભીતરિયાને કહ્યું કે મને શ્રીનાથજીએ મંદિર સમરાવવાની આજ્ઞા કરી છે માટે હું આવ્યો છું, ત્યારે રામદાસ સદુપાંડે બધા

કહે કે શ્રીનાથજી તો શ્રીમહાપ્રભુજીના શ્રીઠાકોરજી છે; હવે બેચાર દિવસમાં શ્રીઆચાર્યજી પનારવાના છે. એટલે એમને પૂછીને એમની આજ્ઞા હોય તો મંદિર સમરાવો. ત્યારબાદ શ્રીઆચાર્યજી પધાર્યા. ત્યારે પૂરણમલે દંડવત પ્રણામ કરી વિનંતિ કરી કે મહારાજ, મનેસેવક કરો. વળી શ્રીનાથજીએ મંદિર સમરાવવાની આજ્ઞા કરી છે, માટે જો આપ આજ્ઞા આપો તો હું મંદિર સમરાવું. એટલે શ્રીઆચાર્ય-જીએ પૂરણમલને નામનિવેદન કરાવીને કહ્યું કે આગ્રાથી કારીગર બોલાવો; એટલે પૂરણમલે કારીગરો બોલાવ્યા. ત્યારે શ્રીઆચાર્ય-જીએ કહ્યું કે મંદિરનો નકશો કરી લાવો. આ આજ્ઞાથી કારીગરે નકશો શિખરબંધ મંદિરનો કર્યો; ધ્વજા કલશ સહિત કર્યો. એટલે શ્રીઆચાર્યજીએ કહ્યું કે અમારા પ્રભુનું મંદિર શિખરબંધ ધ્વજા કલશવાળું ન જોઈએ; નંદરાયજીના ઘરની પેઠે કરો. એટલે કારીગરોએ બીજીવાર ઘરની પેઠે કર્યું. તે નકશાનો કાગળ શ્રીઆચાર્યજીના શ્રીહસ્તમાં આવ્યો, ત્યારે એ પણ શિખરબંધ ધ્વજા કલશસહિત હતો. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે શિખરબંધ નકશો કેમ કર્યો. ત્યારે કારીગરોએ કહ્યું કે મહારાજ, અમે તો ઘરની પેઠે કર્યું હતું; પણ હવે શિખરબંધ ધ્વજા કલશવાળો થયો તેનું કારણ અમે જાણતા નથી. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે અમે બેઠા છીએ; અમારી પાસે બેસી નકશો તૈયાર કરો. એટલે કારીગરોએ ઘરની પેઠે શ્રીઆચાર્યજીએ કહ્યો હતો તેવી રીતે કર્યો; પણ જ્યારે નકશો તૈયાર થયો ત્યારે એ જ પ્રમાણે શિખરબંધ ધ્વજા કલશ ચક્રવાળો થઈ ગયો. એટલે શ્રીમહાપ્રભુજીએ જાણ્યું કે શ્રીઠાકોરજીની ઇચ્છા એવી છે કે જગતમાં પુજાય અને આપ બહુ જ જીવોનો ઉદ્ધાર કરશે, તેથી દેવાલયની રીત અહીં રાખવી ઉચિત છે. હવે શ્રીઆચાર્યજીએ ગિરિરાજજીને પૂછ્યું કે પ્રભુની ઇચ્છા તમારા પર મંદિર બાંધવાની છે, પણ મંદિર બનશે તો લૌકિક રીતે તમને પરિશ્રમ બહુ જ પડશે. ત્યારે શ્રીગોવર્ધનજીએ કહ્યું : મને તો બહુ જ સુખ છે. અમારા ઉપર અમારા પ્રભુને માટે જે કરો તે પર

હું પ્રસન્ન છું; માટે સુખેથી મંદિરને માટે લૌકિક રીતે બધું કરો; મને કશું દુઃખ નથી.

ભાવપ્રકાશ—તેથી જ પછી શ્રીગુસાંઈજી પણ વૈષ્ણવોને સેવા તથા દર્શન માટે શ્રીગોવર્ધન પર ચઢવા દેતા. બાકી તો જ્યાં ત્યાં સામગ્રી કે સેવાના કારણ વગર શ્રીગોવર્ધન પર ચઢવાની આજ્ઞા નથી.

હવે શ્રીઆચાર્યજીએ પૂરણમલને આજ્ઞા આપી કે જલદી મંદિર સમરાવો; તરત જ મંદિરનો પાયો ખોદો. પાયો પુરાયો એટલામાં તો પૂરણમલનું દ્રવ્ય પૂરું થઇ ગયું એટલે પૂરણમલ કમાવા ગયા.

ભાવપ્રકાશ—દ્રવ્ય ખૂટી ગયું, તેનો અભિપ્રાય એ છે કે તે દ્રવ્ય પૂરણમલના પિતાનું કમાયેલું હતું, તે પર પિતાના મૂઆ પછી પુત્રની સત્તા થાય. તેથી પૂરણમલની સત્તા જાણીને શ્રીનાથજીએ તેનો અંગીકાર કર્યો; પરન્તુ લૌકિક મનોરથથી પિતા દ્રવ્ય કમાયો હતો, તેથી કાર્ય સિદ્ધ ન થયું. વળી જો એ જ દ્રવ્યથી મંદિર બને તો વિત્તની સેવા પૂરણમલની સિદ્ધ ન થાય, તેથી દ્રવ્ય ખૂટી ગયું એટલે પૂરણમલ મંદિરની સેવાના નિમિત્તે કમાવા ગયા. એમાં એવું સૂચવ્યું કે વૈષ્ણવે વેપાર કરવો તો ભગવત્સેવા, ગુરુની સેવા અને વૈષ્ણવની સેવાનો મનોરથ કરીને કરવો; તો જ તેવા દ્રવ્યથી સેવા સિદ્ધ થાય; ત્યારે જ વિત્તની સેવા કહેવાય.

પછી પૂરણમલ ગયા ત્યારે બીજા કેટલાક રાજસી વૈષ્ણવોએ કહ્યું કે જો આજ્ઞા હોય તો અમે મંદિર સમરાવીએ. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે પૂરણમલ આવીને સમરાવશે.

ભાવપ્રકાશ—આમ આજ્ઞા કરવાનું કારણ એ છે કે પૂરણમલને મંદિર સમારવાની શ્રીઠાકોરજીની આજ્ઞા થઈ છે, કેમકે પૂરણમલનો મનોરથ સિદ્ધ કરવો છે.

પછી તો પૂરણમલ જવાહીરનો વેપાર કરી થોડા દિવસમાં બહુ જ કમાઇને આવ્યા.

ભાવપ્રકાશ—એમાં વૈષ્ણવોને એમ જણાવ્યું કે કશો સેવાસંબંધી

મનોરથ કરીને વેપાર કરવો, કેમકે જો તે કાર્ય સિદ્ધ થવાનું ન હોય તો વ્યાપાર પણ સિદ્ધ ન થાય; ત્યાં વૈષ્ણવ તેમાં પ્રભુની ઇચ્છા માને અને હરખ કે શોક ન કરે. પ્રભુને જેટલું કરાવવું હોય તેટલું સહજમાં સિદ્ધ થાય છે.

હવે પૂરણમલ દ્રવ્ય લઇને આવ્યા. મંદિર સિદ્ધ કરાવ્યું એટલે શ્રીઆચાર્યજીએ સારું મુહૂર્ત જોઇને શ્રીગોવર્દ્ધનધરને મંદિરમાં પધરાવ્યા. અક્ષયતૃતીયાનો દિવસ હતો. તે સમયે પૂરણમલે બહુ જ દ્રવ્ય ખર્ચ કર્યું. આભૂષણ વસ્ત્ર સામગ્રી, ભેટ વગેરે ખૂબ અર્પણ કર્યું; એટલે શ્રીઆચાર્યજીએ પ્રસન્ન થઇને પૂરણમલને કહ્યું કે તારા જેટલા મનોરથ હોય તેટલા પૂરા કરી લે : કશું બાકી રાખીશ નહિ. એટલે પૂરણમલે શ્રીઆચાર્યજીને વિનતિ કરી : મહારાજાધિરાજ, મારો એવો મનોરથ છે કે મારે હાથે અતિ સુગંધી અત્તર શ્રીઅંગે સમર્પું. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે સુખેથી તે મનોરથ સિદ્ધ કરો, એટલે પૂરણમલે અતિ સુગંધિત અરગજા સિદ્ધ કરીને સર્વાંગે લગાડયું. બહુ જ આનંદ થયો. આ વખતે શ્રીઅંગનો પ્રસાદી ઉપરણો શ્રીઆચાર્યજીએ પૂરણમલને ઓઢાડયો. પાછળથી દ્રવ્ય બહુ જ વધ્યું તે પૂરણમલે શ્રીમહાપ્રભુજીને ભેટ કર્યું.

ભાવપ્રકાશ—પૂરણમલને આવો મનોરથ થવાનું કારણ એ હતું કે પૂરણમલ લીલામાં ચિત્રલેખા સખી છે. પોતાના આ સ્વરૂપનું પૂરણમલને જ્ઞાન થયું હતું. હવે શ્રીઆચાર્યજીને પ્રસન્ન જાણી મનમાં વિચાર કર્યો કે મેં મંદિર સમરાવ્યું તે તો સેવા લીલામાં પણ મને મળે છે, હું જ તૈયાર કરવાની, પરન્તુ શ્રીઆચાર્યજી મુખ્ય શ્રીસ્વામિનીજીસ્વરૂપ છે તો તેમની કૃપાથી કંઈક શ્રીઅંગની સેવા કરી લઉં એવો વિચાર કર્યો. અરગજાલેપન-ની સેવા શ્રીસ્વામિનીજી પોતાના હાથથી પ્રભુને સંયોગ સમયે સમર્પે છે અને વિપ્રયોગમાં લલિતાજી શ્રીઠાકોરજીને સમર્પે છે, કારણ કે અરગજા શ્રી-સ્વામિનીજીના શ્રીઅંગના ભાવથી છે. તેથી શ્રીસ્વામિનીજીની કૃપા વિના આ સેવા શી રીતે મળે ? તેથી શ્રીઆચાર્યજીની પ્રસન્નતાથી પૂરણમલનો

મનોરથ સિદ્ધ થયો. વળી શ્રીઆચાર્યજીએ પોતાનો પ્રસાદી ઉપરણો ઓઢાડયો, તેમાં પૂરણમલનું બધું શરીર અલૌકિક માનસી સેવાને યોગ્ય બની ગયું, તેથી પૂરણમલે ભગવત્સેવા પધરાવી નથી, માનસીમાં મગ્ન રહ્યા. મંદિર સમરાવ્યું તેમાં વિત્તજા સેવા સિદ્ધ થઈ. એમાં એવું બતાવ્યું કે ભાવ કરીને એક જ સેવામાં ફળ પ્રાપ્ત થયું. એક દિવસ અરગજા સમર્પીને તનુજા સિદ્ધ કરી અને શ્વન કરીને મંદિર સમરાવ્યું. આમાં એ બતાવ્યું કે ભાવ વગર જન્મ-ભર તનુજા વિત્તજા સેવા કરે છે, પરન્તુ ફળરૂપ માનસી સિદ્ધ થતી નથી, પરન્તુ પ્રીતિથી પૂરણમલને એક જ વારમાં ફળ પ્રાપ્ત થયું, તેથી પ્રીતિ સર્વો-પરિ ફળ સિદ્ધ કરે એવું અહીં બતાવ્યું.

પછી દર વરસે શ્રીગુસાંઇજી પૂરણમલને પ્રસાદી ડગલો મોકલતા. ॥ વાર્તા ૨૪ ॥

ભાવપ્રકાશ-ડગલો શ્રીગોવર્ધનધરનું સ્વરૂપ છે, તે વડે પૂરણમલ પાસે સાક્ષાત્ પધારતા, કારણ કે પૂરણમલના હૃદયમાં અગાધ ભાવ છે. આઠે પહોર લીલામાં મગ્ન રહેતા તેમની વાર્તાનો ભાવ ક્યાંસુધી કહીએ? પૂરણમલ એવા ભગવદીય હતા, કે જેમ સાક્ષાત્ શ્રીનાથજીએ પ્રમેય બળથી ઘરમાં દર્શન આપી મંદિર સમરાવવાની આજ્ઞા આપી.

વાર્તા ૨૫ મી.

હવે શ્રીઆચાર્યજીના સેવક યાદવેન્દ્રદાસ કુંભાર મહાવનમાં રહેતા તેમની વાર્તા અને એનો ભાવ.

ભાવપ્રકાશ-આ લીલામાં નંદરાયજીની ગાયો હતી, તેમાં બિજાર (સાંઢ) છે. એનું નામ મદોન્મત્ત સૌ કોઈ કહેતા; કોઇ બિજાર (સાંઢ) એની પાસે આવી શકતા નહિ. શ્રીઠાકોરજીએ એને બહુ જ ખવરાવ્યું છે. યમુનાજીમાં નવરાવ્યો છે. તે મહાવનમાં એક કુંભારને ઘેર જન્મ્યા. તે નારાયણદાસ બ્રહ્મ-ચારીને ત્યાં માટીનાં વાસણ લાવતા, તેથી નારાયણદાસે દૈવી જાણી યાદવેંદ્ર-દાસને એક દિવસ મહાપ્રસાદ લેવરાવ્યો, એટલે યાદવેંદ્રદાસની બુદ્ધિ નિર્મળ થઈ ગઈ, તેથી તેમણે નારાયણદાસને કહ્યું કે મને શ્રીઆચાર્યજીના સેવક

કરાવો. ત્યારે નારાયણદાસે કહ્યું કે તમારી જ્ઞાતિ કુંભારની છે; કુંભારનો સંગ તમારાથી છોડાય તો સેવક કરાવું. ત્યારે યાદવેંદ્રદાસે કહ્યું : આ તો મેં પહેલેથી મનમાં નિશ્ચય કરી રાખ્યો છે કે આજ પછી માબાપના હાથનુ ખાવું નહિ, તેમ જળ પણ ન લેવું; શ્રીઆચાર્યજીના વૈષ્ણવના હાથનું જ લઈશ; પરન્તુ હવે મારા ઘરનું મોં પણ નહિ જોઉં. આ સાંભળી નારાયણદાસે પ્રસન્ન થઈ ને કહ્યું કે તું અમારે ઘેર રહેજે; શ્રીઆચાર્યજી પધારે ત્યારે સેવક થજે. હવે તે નારાયણદાસના ઘરમાં રહેતા અને લાકડાં છાણાં લઈ આવતા. પછી શ્રીઆચાર્યજી મહાવન પધાર્યા ત્યારે નારાયણદાસને ઘેર ઊતર્યા ત્યારે નારાયણદાસે વિચાર કરીને યાદવેન્દ્રદાસને સેવક કરાવ્યા. પછી તેઓ શ્રીઆચાર્યજીના સારા વૈષ્ણવ થયા.

વાર્તાપ્રસંગ ૧ લો.

આ યાદવેંદ્રદાસ શ્રીમહાપ્રભુજીના પરમકૃપાપાત્ર વૈષ્ણવ હતા. જ્યારે શ્રીમહાપ્રભુજી તથા શ્રીગુસાંઇજી પોતે પરદેશ પધારતા ત્યારે યાદવેંદ્રદાસ પરદેશમાં સાથે રહેતા અને ત્યારે આટલી વસ્તુઓ લઇ સાથે ચાલતા : એક કનાત, એક હડવાઇ, બેચાર દિવસનું સીધું સામગ્રી, એક હોટી રાવટી; અને માર્ગમાં વૈષ્ણવો સાથે ચાલતા. તેમનો મુકામ કરે ત્યાં બધી પરચારગી કરતા; રાત્રે ચોકી પહેરા દેતા; એવી સેવા કરતા.

વાર્તાપ્રસંગ ૨ જો.

એક વાર શ્રીગુસાંઈજી શ્રીગોકુલમાં હતા ત્યારે એક દિવસ દોઢ પહોર રાત ગઇ હતી. ફાગણ વદિ ૭ નો દિવસ હતો. તે વખતે શ્રીગુસાંઇજીએ શ્રીમુખથી કહ્યું કે, આ વખતે જો મંદિરની નીમ –પાયો– ખોદવામાં આવે તો તે મંદિર સરસ અને દૃઢ થાય, એવું મુહૂર્ત છે. આમ કહી આપ તો પોઢી ગયા.

યાદવેંદ્રદાસે તત્કાળ પાયો ખોદ્યો ને બે જ પહોરમાં ખોદી કાઢયો. હવે માટીનો ઢગલો દીઠો, ત્યારે શ્રીગુસાંઇજીએ પૂછ્યું કે આટલી બધી માટી શાથી છે? એટલે વૈષ્ણવોએ કહ્યું કે યાદવેંદ્રદાસે

બધી ખોદી છે. ત્યારે શ્રીગુસાંઇજીએ યાદવેંદ્રદાસને પૂછ્યું કે આ તમે ખોદી છે ? ત્યારે યાદવેંદ્રદાસે કહ્યું કે આપે શ્રીમુખે કહ્યું તેજ સમયે મંદિરનો પાયો ખોદ્યો છે. પછી તો કડિયા, મજૂર, કારીગરોએ એક મહિનો કામ કરીને એ પાયો પૂર્યો એટલું બધું ખોદ્યું હતું. એવા સામર્થ્યવાળા તે હતા. પછી મંદિર બન્યું; શ્રીનવનીતપ્રિયજી આદિ બિરાજ્યા. શ્રીગુસાંઇજી યાદવેંદ્રદાસ પર બહુ જ પ્રસન્ન થયા.

વળી શ્રીનાથજીદ્વારમાં જલની બહુ જરૂર જાણીને તેમણે રુદ્રકુંડ પાસે એક કૂવો પોતાના હાથે જ ખોદ્યો. તેની માટીને પકવી તેને પાકો બાંધ્યો; પરન્તુ જળ ખારું નીકળ્યું; આથી યાદવેંદ્રદાસ ગંગાજી ગયા. ત્યાં જઈ ગંગાજીમાં દાખલ થઈ પોતાના હાથે તર્પણ કરવા લાગ્યા અને વીનવ્યું કે કૂવાનું જળ આના જેવું મિષ્ટ કરો. પછી જ્યારે જળ મીઠું થયું એવું જાણ્યું ત્યારે જ બહાર નીકળ્યા.

ભાવપ્રકાશ—આનું કારણ એ છે કે સઘળા જગતમાં ઉત્તમ ગંગાજળ નિર્દોષ છે, તેથી શ્રીનાથજીની સેવામાં નિર્દોષ પદાર્થ અંગીકાર થાય માટે ગંગાજી ગયા. યાદવેંદ્રદાસ શ્રીઆચાર્યજીના એવા કૃપાપાત્ર ભગદીય છે. એમની વાર્તા ક્યાં સુધી કહીએ ?

---

૧. યાદવેંદ્રદાસ અને માધવભટ્ટ કાશ્મીરી મહાપ્રભુજીના કરનું સ્વરૂપ છે. આથી શ્રીમહાપ્રભુજીના કરરૂપ માધવભટ્ટ શ્રીસુબોધિનીજી વગેરે ગ્રંથો શ્રીમહાપ્રભુજી સન્મુખ બેસીને લખે છે; નિબંધના મંગળાચરણ પ્રમાણે નામ અને રૂપ એ વડે જગતમાં ખેલે છે. ભક્તિમાર્ગીય ગ્રંથો એ પ્રભુનું નામ ને તે નામરૂપે પ્રભુમાં ખેલવા શ્રીમહાપ્રભુજીએ ગ્રંથો રચ્યા–તે લખનાર માધવભટ્ટ કાશ્મીરી માટે શ્રીમહાપ્રભુજીના કરનું સ્વરૂપ છે. બીજું પ્રભુ રૂપ વડે ખેલે છે, તે સાકારબ્રહ્મ–શ્રીઠાકોરજીનાં સ્વરૂપ મંદિરમાં બિરાજે છે, તે મંદિર પણ તૈયાર કરનાર શ્રીમહાપ્રભુજીના કરસ્વરૂપ છે, કારણ કે મંદિર વગર પ્રભુ બિરાજી શકે નહિ. આ મંદિરનો પાયો ખોદનાર યાદવેંદ્રદાસ હોવાથી તે શ્રીમહાપ્રભુજીના કરનું સ્વરૂપ છે. ગ્રંથોનું વાચન અને મંત્રોનાં જપ કીર્તન વગેરે નામસ્વરૂપ છે તેનું મનન કરીએ છીએ તે નામરૂપે પ્રભુનું ખેલવું કહેવાય. શ્રીઠાકોરજીની સ્વરૂપ સેવા અને તે સંબંધી કોઈ પણ કાર્ય તે શ્રીઠાકોરજીના રૂપ સાથે ખેલવું કહેવાય. આ બેઉ એવી રીતે શ્રીમહાપ્રભુજીએ ભૂતળ પર ધર્યાં કે તેમાં મૂલ લીલાના સંબંધની પણ ખબર પડે. મૂળલીલાના સંબંધપૂર્વક શ્રીઠાકોરજીને પણ વૈષ્ણવોને માથે પધરાવ્યા.

વાર્તા ૨૬ મી.

હવે શ્રીઆચાર્યજીના સેવક ગુસાંઇદાસ સારસ્વત મથુરામાં રહેતા તેમની વાર્તા અને એનો ભાવ.

ભાવપ્રકાશ—આ લીલામાં ગિરિરાજજીની પાસ ગોવિંદકુંડ પર કદંબનું વૃક્ષ છે, ત્યાંના શુક–પોપટ છે. જ્યારે શ્રીઠાકોરજી વેણુનાદ કરતા ત્યારે તે નાદરસના અધરામૃતનું પાન કરતા. આ ગુસાંઈદાસ પૂર્વમાં સારસ્વત બ્રાહ્મણને ઘેર જન્મ્યા. તે ચૌદ વરસના થયા ત્યારે એક બ્રાહ્મણને મોઢે શ્રીભાગવત પારાયણ અને ભગવદ્ગીતા સાંભળ્યાં; તેથી વિરક્ત થઇ તીરથ કરવા લાગ્યા. તીર્થ કરતાં કરતાં તે ચોવીસ વરસના થયા ત્યારે મથુરામાં આવી ચઢયા. આ વખતે શ્રીઆચાર્યજી વિશ્રાંતિઘાટ પર સંધ્યાવંદન કરતા હતા. તેમનાં દર્શન કરતાં ગુસાંઈદાસના મનમાં એમ આવ્યું કે મેં એકલાએ તીર્થ બહુજ કર્યાં પણ હવે આમને શરણે જાઉં. ત્યારે તેમણે શ્રીઆચાર્યજીને વિનંતિ કરી કે મહારાજ, મને સેવક કરો. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે તારું મન તો તીર્થ કરવામાં છે તો સેવક થઇને શું કરીશ? ત્યારે ગુસાંઇ-દાસે કહ્યું કે મહારાજ, આપ જે આજ્ઞા કરશો તે કરીશ. તીર્થ કરી કરીને હવે તો થાકયો છું; હવે મથુરામાં એક જગ્યાએ રહીશ. એટલે શ્રીઆચાર્યજીએ ગુસાંઈદાસને નામનિવેદન કરાવ્યું; પછી કહ્યું કે ભગવત્સેવા કરો. ત્યારે તેમણે કહ્યું કે મહારાજ, આપ શ્રીઠાકોરજી પધરાવી આપો તો તેમની સેવા કરું. હવે એક વેરાગી પાસે ચતુર્ભુજ શ્યામસ્વરૂપ શ્રીઠાકોરજીનું હતું; આ વેરાગી શ્રીઆચાર્યજીને સ્વરૂપ આપી દ્વારિકા ગયો. આ સ્વરૂપને પંચામૃત કરાવી શ્રીઆચાર્યજીએ ગુસાંઈદાસને માથે પધરાવ્યા.

વાર્તાપ્રસંગ ૧ લો.

આ ગુસાંઇદાસ મથુરામાં એક ઘર લઇ સેવા કરવા લાગ્યા. શ્રીઠાકોરજી ગુસાંઇદાસને સાનુભાવ જણાવવા લાગ્યા. હવે એક વૈષ્ણવ ગુસાંઇદાસને ત્યાં શ્રીઠાકોરજીનાં દર્શન કરવા રોજ આવતો, તે મનમાં શ્રીઠાકોરજીને પ્રાર્થના કરે કે મહારાજ, આપ મારે માથે બિરાજો તો હું સેવા કરું. આવી રીતે રોજ મનમાં વિનંતિ કરે.

ત્યારે ગુસાંઇદાસ તે વૈષ્ણવને કહેતા કે તમે મારી પાસે રહો અને સેવા કરો, ત્યારે આ વૈષ્ણવે ના કહી. આના મનમાં એવું કે હું સ્વતંત્ર એકલો સેવા કરું; આથી તે વૈષ્ણવે માન્યું નહિ. પછી થોડા દિવસમાં શ્રીઠાકોરજીએ ગુસાંઇદાસને પ્રેરણા કરી, એટલે ગુ-સાંઇદાસે આ વૈષ્ણવને કહ્યું કે હવે તમે શ્રીઠાકોરજી પધરાવો અને સેવા કરો. ત્યારે વૈષ્ણવે કહ્યું કે તમે શું કરશો ? ત્યારે ગુસાંઇદાસે કહ્યું કે હું બદરિકાશ્રમ જઇશ, ત્યાં મારો દેહ છૂટશે. ત્યારે આ વૈષ્ણવે કહ્યું કે કદાચિત ભગવદિચ્છાથી દેહ ન છૂટે અને તમે પાછા આવો તો ? પ્રભુની ગતિ જાણી શકાય નહિ. ત્યારે ગુસાંઇદાસે કહ્યું કે પ્રભુ એવું નહિ કરે; અને કદાચિત આવીશ તોપણ તમારા ઘેર રહીશ. શ્રીઠાકોરજી તો તમારા પર પ્રસન્ન છે, હું શ્રીઠાકોરજીને નહિ પધરાવી દઉં; એકવાર દર્શન કરીશ. એટલે આ વૈષ્ણવ શ્રી-ઠાકોરજી પધરાવી સારી રીતે ભાવથી સેવા કરવા લાગ્યો, અને ગુસાંઇદાસ બદરિકાશ્રમ ગયા. ત્યાં વિરહમાં દેહ છોડી દીધો. આ ગુસાંઈદાસ શ્રીઆચાર્યજીના એવા કૃપાપાત્ર ભગવદીય છે.

ભાવપ્રકાશ–તે દેહ છોડી લીલામાં શુક–સૂડા થયા.

પછી કેટલાક દિવસ પછી ગુસાંઈદાસનો દેહ છૂટયાના સમાચાર આ વૈષ્ણવને મળ્યા, ત્યારે તેણે કહ્યું કે શ્રીઆચાર્યજીના સેવક કદી જૂઠું ન બોલે, દેહ છોડયો. પછી ચિત્ત લગાડીને સેવા કરવા લાગ્યો. ॥ વાર્તા ૨૬ ॥

ભાવપ્રકાશ–આ ગુસાંઈદાસે કેટલાક દિવસ ભગવત્સેવા કરી, એટલે પોતાના સ્વરૂપનું જ્ઞાન થયું ત્યારે શ્રીઠાકોરજીએ જણાવ્યું કે હવે તું મને આ વૈષ્ણવને માથે પધરાવી બદરિકાશ્રમ જા. ત્યાં વિરહમાં દેહ છોડી લીલામાં પક્ષી થઈશ. તારું સાધન સિદ્ધ થઈ ચૂકયું છે. એટલે ગુસાંઇદાસ ગયા. આ વૈષ્ણવ લીલામાં શ્રીચંદ્રાવલીજીની સખી હતી. ચતુરા એનું નામ હતું. તે મથુરામાં એક સનોડિયાને ઘેર જન્મી. માતાપિતા સ્ત્રી બધાં મરી ગયાં. એકલો રહ્યો. તે શ્રીઆચાર્યજીનો સેવક હતો તેથી પ્રભુની સેવાનો બહુ જ તાપ

અંતરનો હતો. તેને એક દિવસ શ્રીઠાકોરજીએ સ્વપ્નમાં કહ્યું કે ગુસાંઇદાસના શ્રીઠાકોરજીનાં રોજ દર્શન કરજે. તે શ્રીઠાકોરજી તારે સાથે બિરાજશે. આ વૈષ્ણવ રોજ આવીને ગુસાંઈદાસને ત્યાં આવી દર્શન કરતો, જેથી કૃપા કરી શ્રીઠાકોરજી તેના સાથે પધારે. તેથી મૂળમાં જેવો જીવ હોય તેવા જ પ્રકારે સાધન બને અને તેથી ફળ મળે.

વાર્તા ૨૭ મા.

હવે શ્રીઆચાર્યજીના સેવક માધવભટ્ટ કાશ્મીરી કાશ્મીરમાં રહેતા તેમની વાર્તા અને એનો ભાવ

ભાવપ્રકાશ—આ માધવભટ્ટ લીલામાં જશોદાજીની દાસી છે. તે પરમ-ચતુર છે. શ્રીઠાકોરજીની શય્યા બિછાવવી, ફળ લઈ આવવું વગેરે સેવા કરતાં. કુમારી રાધા સહચરીના સંગમાં છે. રત્ના એનું નામ છે.

વાર્તાપ્રસંગ ૧ લો.

આ માધવભટ્ટ કાશ્મીરમાં એક બ્રાહ્મણને ત્યાં પ્રગટયા. આ માધવભટ્ટ પ્રથમ કેશવભટ્ટ (કાશ્મીરી)ના સેવક થયા. આ કેશવભટ્ટ કાશ્મીરમાં કથા કહેતા. આ કેશવભટ્ટ શ્રીમહાપ્રભુજી પાસે મળવાને આવ્યા. આ વખતે શ્રીઆચાર્યજી શ્રીસુબોધિનીજી કહેતા હતા. તે સાંભળવા કેશવભટ્ટ આવતા, પણ વિદ્યાના મદમાં ઊંચા આસન પર બસી કથા સાંભળતા અને માધવભટ્ટ મન રાખીને દાસભાવથી કથા સાંભળતા. પછી જ્યારે શ્રીઆચાર્યજી કથા કહી રહેતા, ત્યારે માધવભટ્ટ શ્રીઆચાર્યજીના વૈષ્ણવો પાસે જઇને બેસતા અને વૈષ્ણવોના મુખથી વાર્તા સાંભળતા. એક દિવસે કેશવભટ્ટે માધવભટ્ટને કહ્યું કે હું કથા કહું છું તે સાંભળવા તું આવતો નથી અને હાંસી ઠઠોરીની વાતો શા માટે સાંભળે છે? ત્યારે માધવભટ્ટે કહ્યું કે તમારી કથા કરતાં શ્રીઆચાર્યજીના સેવકોની હાંસી મશ્કરીની વાર્તા સરસ લાગે છે તેથી ત્યાં જાઉં છું. માધવભટ્ટની આ વાત સાંભળી કેશવભટ્ટે મનમાં વિચાર કર્યો, હવે અમારા કામનો નથી, તેથી

શ્રીઆચાર્યજીને ભેટમાં આપું. કેટલાક દિવસ પછી કેશવભટ્ટ ઘેર જવા લાગ્યા, ત્યારે શ્રીઆચાર્યજીને કહ્યું કે મેં આપની કથા સાંભળી છે. તેથી આ માધવભટ્ટ આપને ભેટ આપું છું; આ મારા કામનો નથી. એટલે માધવભટ્ટ શ્રીઆચાર્યમહાપ્રભુજી પાસે રહ્યા. પછી કેશવભટ્ટ વિદાય થઈને ચાલ્યા ગયા. ત્યારે એક વૈષ્ણવે શ્રીઆચાર્યજીને પ્રશ્ન કર્યો કે મહારાજ, આપના મુખથી કથા માધવભટ્ટે સાંભળી તથા કેશવભટ્ટે પણ સાંભળી, છતાં માધવભટ્ટને બોધ થયો અને કેશવભટ્ટને કેમ ન થયો તેનું કારણ શું? ત્યાર શ્રીઆચાર્યજીએ કહ્યું: કેશવભટ્ટે અમારી બરોબરીના આસન પર બેસી કથા સાંભળી તેથી બોધ ન થયો અને માધવભટ્ટે દાસભાવથી મન રાખીને સાંભળી તેથી તેમને જ્ઞાન થયું.

ભાવપ્રકાશ—આમાં એ બતાવ્યું કે, કથા સાંભળવામાં દાસભાવ હોય તો કથા ફળરૂપ થાય. અહંકારીને કહે તોપણ સાંભળવાનું ફળ ન થાય, એવું જણાવ્યું છે. વળી મૂળમાં માધવભટ્ટ લીલા સંબંધી છે તેથી શ્રીમહાપ્રભુજીની વાણી ફળરૂપ થઇ; અને કેશવભટ્ટ લીલા સંબંધી નથી, મર્યાદામાર્ગીય છે, સ્વર્ગ તથા મુક્તિના અધિકારી છે, તેથી શ્રીઆચાર્યજીની વાણી ફળરૂપ થઈ નહિ. પછી કેશવભટ્ટ વિદાય થઈને દેશમાં ગયા.

પછી માધવભટ્ટને શ્રીઆચાર્યજીએ નામનિવેદન કરાવ્યું એટલે માધવભટ્ટે વિનંતિ કરી કે મહારાજ, હવે મારું કર્તવ્ય શું છે? ત્યારે શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે તમે પ્રભુની સેવા કરો. ત્યારે માધવભટ્ટે કહ્યું કે મહારાજ, લાલજીનું સ્વરૂપ મારા બાપદાદાના વખતથી સદા રહે છે; તે સ્વરૂપ હું હમેશાં મારી પાસે રાખું છું. તુલસીચંદન ચડાવી ધૂપ દીપ કરી નૈવેદ્ય ધરી એવી રીતે આવાહન વિસર્જન પૂજા માર્ગની રીતે સદા કરું છું; હવે આજ્ઞા કરો એ રીતે કરું. ત્યારે શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે જા, સ્વરૂપ લઈ આવ. એટલે માધવભટ્ટ જઈને લઇ આવ્યા. પછી શ્રીમહાપ્રભુજીએ તે સ્વરૂપને પંચામૃત સ્નાન કરાવી માધવભટ્ટને માથે પધરાવ્યું. કેટલાક દિવસ રહીને પુષ્ટિમાર્ગની રીતે સેવા શીખી માધવભટ્ટ

આજ્ઞા માગી કાશ્મીરમાં પોતાને ઘેર પ્રીતિપૂર્વક સેવા કરવા લાગ્યા; થોડાક દિવસમાં શ્રીઠાકોરજી અનુભવ જણાવવા લાગ્યા.

વાર્તાપ્રસંગ ૨ જો.

જે ગામમાં માધવભટ્ટ રહેતા તે ગામમાં એક મોટો ગૃહસ્થ રહેતો હતો. તેને એક પુત્ર હતો તે મરી ગયો, એટલે એ બહુ જ દુઃખથી વિલાપ કરવા લાગ્યો: તેણે કહ્યું કે આને કોઈ જિવાડે તો હું જીવું, નહિ તો આની સાથે હું પણ મરીશ. આવું કહી પછાડા ખાતો ભોંયે આળોટતો હતો. આ વખતે એક વૈષ્ણવ એ બાજુએ આવી ચઢયો, તેણે આ ગૃહસ્થની આ દશા જોઇને કહ્યું કે જે ગામમાં માધવભટ્ટ જેવા વૈષ્ણવ છે ત્યાં આવું દુઃખ કેમ થાય? આ વાત પેલા ગૃહસ્થે સાંભળી કે તરત જ માધવભટ્ટ પાસે દોડી ગયો; દંડવત્પ્રણામ કરી બહુ વિલાપ કરવા લાગ્યો, અને કહ્યું તમે મોટા મહાપુરુષ છો. મારો દીકરો મરી ગયો છે. તેને જિવાડો, નહિ તો તેની સાથે હું પણ મરીશ. આ પ્રમાણે તેને બહુ જ દુઃખી જોઇને માધવભટ્ટને દયા આવી, તેથી માધવભટ્ટે એક શ્લોક કરીને શ્રીઠાકોરજીના આગળ મૂકયો; તે શ્લોકઃ-

दयालोरसमर्थस्य दुःखायैव दयालुता ॥
विश्वोद्धारणदक्षस्य शास्त्रेष्वेकस्य शोभना ॥

ભાવપ્રકાશ——આનો અર્થ એ છે કે, તમે દયાળુ છો; પણ કેવા દયાળુ છો? અને અસમર્થ પર દયા તમે જ કરો છો, કારણ કે દયાળુપણાનું લક્ષણ એ છે કે દુઃખી પર દયાળુપણું પ્રકટ થાય, તે જ દયાળુપણું કહેવાય. એવા એક તમે જ છો. વિશ્વોદ્ધરણમાં એક આપ જ ચતુર છો, અને બધાં શાસ્ત્રોમાં આપને જ એવા ગાયા છે. આવું દયાળુપણું આપનામાં જ શોભે છે, માટે દુઃખનો નાશ કરો.

આ શ્લોક સાંભળીને શ્રીઠાકોરજી કહેઃ આમાં શી મોટી વાત છે? તમને દયા આવી છે, તો જઇને કહો કે તારો છોકરો જીવશે.

એટલે માધવભટ્ટે બહાર આવીને પેલા ગૃહસ્થને કહ્યું કે જા, તારો દીકરો જીવશે. ત્યારે આ ગૃહસ્થના મનમાં વિશ્વાસ આવ્યો નહિ, કેમકે કશી દવા આપી નથી, માત્ર મોઢાથી કહી દીધું છે. એટલામાં તો એના ઘરના માણસે આવીને કહ્યું કે તમારો દીકરો જીવ્યો છે. વધામણી આપી એટલે આ ગૃહસ્થ દોડીને ઘેર જઈને જુએ તો એનો દીકરો જીવતો થયો છે; અને એણે ત્યાં ઉત્સાહ કર્યો: માધવભટ્ટ મોટા ભગવદીય છે. એમની વચનસિદ્ધિ એવી છે કે 'જા જીવજો' એટલું કહેતાં માત્રમાં મારો પુત્ર જીવતો થયો છે. પછી રાત્રે માધવભટ્ટે મનમાં વિચાર કર્યો કે આ કાર્ય મેં બહુ અયોગ્ય કર્યું. સંસારમાં અનેક દુ:ખીસુખી લોક છે, માટે હવે આ ગામમાં રહેવાનો ધર્મ નથી, તેથી અર્ધી રાતે શ્રીઠાકોરજીને ઝાંપીજીમાં પધરાવી લઇને નીકળી ગયા અને અડેલમાં શ્રીઆચાર્યજી પાસે આવીને રહ્યા. માટે વૈષ્ણવે દયા પણ વિચારીને કરવી. લૌકિકમાં માહાત્મ્ય પ્રકટ કરવાથી ગામ છોડયું તો ધર્મ સચવાયો, નહિ તો પછીથી બહુ દુ:ખી થાત તેથી લૌકિકમાં લૌકિકની પેઠે રહે તો ધર્મ રહે. શ્રીઠાકોરજીને તકલીફ ન થાય, વૈષ્ણવને પણ દુ:ખ ન થાય. માધવદાસ સર્વસામર્થ્યવાળા હતા, તોપણ ગામ છોડી નાસવું પડયું. માટે વૈષ્ણવે વિચારીને કામ કરવું.

વાર્તાપ્રસંગ ૩ જો.

વળી માધવભટ્ટને લખવાનો ઘણો અભ્યાસ હતો. શ્રીઆચાર્યજીએ શ્રીભાગવતની ટીકા શ્રીસુબોધિનીજી કરી, તે માધવભટ્ટ લખતા જાય. જ્યાં માધવભટ્ટ સમજે નહિ ત્યાં કલમ છોડી બેસી રહેતા, એટલે શ્રીમહાપ્રભુજી તેમને સમજાવતા, ત્યારે પાછા લખતા. આ માધવભટ્ટ શ્રીમહાપ્રભુજી પાસે એવી રીતે બેસતા કે પગ ન દેખાય.

ભાવપ્રકાશ—આમ બેસવાનું કારણ એ છે કે મોટા આગળ સિદ્ધ આસને ન બેસવું. વળી પગ ન દેખાય એમ બેસવું. આમ દાસભાવથી બેસતા.

વાર્તાપ્રસંગ ૪ થો.

વળી એક સમયે શ્રીઆચાર્યજી મહાપ્રભુજી પરદેશ હતા

ત્યારે માધવભટ્ટ સાથે હતા, શ્રીસુબોધિનીજી લખતા. માધવભટ્ટ એક દિવસ પાછલી રાતના લઘુશંકા કરવા ઊઠ્યા ત્યારે ચોરોએ તીર માર્યું તે માધવભટ્ટને વાગ્યું; ત્યારે તેમણે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીનું નામ લીધું અને નામ લેતાં જ માધવભટ્ટનો દેહ છૂટ્યો. ત્યારે વૈષ્ણવોએ માધવભટ્ટના દેહને અગ્નિસંસ્કાર કર્યો. હવે એક વૈષ્ણવે શ્રીઆચાર્યજીને વિનંતિ કરી કે મહારાજ, માધવભટ્ટ જેવા વૈષ્ણવનો દેહ આવી રીતે કેમ છૂટ્યો? ત્યારે શ્રીઆચાર્યજીએ શ્રીમુખે કહ્યું કે માધવભટ્ટની પરલોકમાં કશી હાનિ થઈ નથી. પણ એમનાથી ભગવાનનો એક અપરાધ થયો હતો તેનો દંડ મળ્યો છે. એટલે વૈષ્ણવોએ પૂછ્યું કે મહારાજ, એવો શો અપરાધ પડ્યો હતો? ત્યારે શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે પહેલાં શ્રીઠાકોરજીની સેવા કરતા, ત્યારે ફૂલની શય્યા બિછાવતા. ત્યાં એકવાર ભૂલથી શય્યામાં સોય રહી ગઇ, તેની માધવભટ્ટને ખબર નહિ. તે સોયનો શ્રીઠાકોરજીના અંગને સ્પર્શ થયો (વાગી) તે અપરાધથી આવું બન્યું છે. પરન્તુ તેમનો દેહ સાવધાનતાથી ભગવાનનું નામ લેતાં છૂટ્યો છે; તેથી તે કશું બાધક નથી. તેમને શ્રીનાથજીના ચરણારવિંદની પ્રાપ્તિ થઇ છે. હવે કશું કરવાનું બાકી રહ્યું નથી.

ભાવપ્રકાશ—આમાં એવું જણાવ્યું કે પુષ્ટિમાર્ગમાં શય્યા પર ફૂલ બિછાવવાની રીત શ્રીમહાપ્રભુજીએ પ્રકટ કરી નથી, કારણ કે એ લૌકિક ફૂલ છે. એની દાંડી કઠણ છે. વળી એક ક્ષણમાં તે કરમાઇ જાય છે. વસ્ત્રમાં ફૂલના ડાઘા પડે છે, તેથી ફૂલ ન્યારાં ધરાય છે. શ્રીઠાકોરજીને માત્ર સુગંધ આવે. લીલામાં તો ફૂલ સ્વરૂપાત્મક છે, તે બહુ જ કોમળ છે, તેથી ફૂલની શય્યા બનાવે છે. માધવભટ્ટ શ્રીઆચાર્યજીની રીત છોડી લીલામાં ફૂલોની શય્યાનું વર્ણન સાંભળી ફૂલની શય્યા ભરતા તે પ્રભુને ન ગમી, તેથી સોય રહી ગઈ. માધવભટ્ટને દંડ દઈ બધા વૈષ્ણવોને બોધ આપ્યો, કે શ્રીઆચાર્યજીએ જે પ્રકારે પુષ્ટિમાર્ગની રીત પ્રકટ કરી છે અને ગ્રંથમાં જેવી રીતે આજ્ઞા કરી છે તેવી જ રીતે સેવા કરવી અને તેવી જ રીતે ચાલવું. અને જો પોતાના મનથી કલ્પિત પ્રકાર કરે તો તે શ્રીગોવર્ધનધરને ગમે નહિ.

કદાચિ લીલામાં વર્ણન પણ હોય તોપણ આપણા માર્ગમાં જેટલી આજ્ઞા શ્રીઆચાર્યજી તથા શ્રીગુસાંઇજીની હોય તેટલું જ કામ કરવું; તો પ્રભુ જલદી પ્રસન્ન થાય. આ માધવભટ્ટ પ્રથમ મર્યાદામાર્ગની રીતે શ્રીઠાકોરજીની પૂજા કરતા, અને મર્યાદામાં લની શય્યા કરે છે ત્યારનો અપરાધ છે, તે ભોગવવો પડયો, પછી લીલામાં અંગીકાર થયો એ જણાવ્યું. શ્રીઆચાર્યજીના શરણથી જન્મોજન્મના અપરાધ હોય તે આ જન્મમાં ભોગવાઈ જાય છે, જેથી પછીથી બાધક થાય નહિ. એવો શ્રીઆચાર્યજીના શરણનો પ્રતાપ છે, કે સર્વ અપરાધનો ભોગ ભોગવી લીલામાં પ્રાપ્ત થાય. અહીં જ ભોગ છૂટે એ શરણનો પ્રતાપ બતાવ્યો. આ ભાવ છે.

હવે માધવભટ્ટનો દેહ છૂટયો ત્યારે શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે હવે શ્રીસુબોધિનીજી રહી. ભગવાનની ઇચ્છા આટલી જ પ્રકટ કરવાની હતી. આ માધવભટ્ટની વાર્તા ક્યાંસુધી કહીએ ? ॥ વાર્તા ૨૭ ॥

ભાવપ્રકાશ—આમાં એ બતાવ્યું કે શ્રીઠાકોરજી શ્રીમહાપ્રભુજીને આપની પાસે (લીલામાં) બોલાવવા ઇચ્છતા હતા. પ્રથમની બે આજ્ઞાઓ થઈ તે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ ન માની. એટલે શ્રીઠાકોરજીએ આ અપરાધને મિષે લીલામાં માધવભટ્ટને બોલાવી ત્રીજી આજ્ઞા આપી એટલે શ્રીમહાપ્રભુજીએ 'અંતઃકરણપ્રબોધ' ગ્રંથ કરી અંતર્ધાન લીલા કરી. આ પણ એક કારણ છે.

વાર્તા ૨૮ મી.

હવે શ્રીઆચાર્યજીના સેવક ગોપાળદાસ વાંસવાડાના વાસી તેમની વાર્તા અને એનો ભાવ.

ભાવપ્રકાશ—આ ગોપાળદાસ શ્રીયમુનાજીની સખી છે. રસપ્રકાશિકા એનું નામ છે. એ લીલામાં એવી વાતો ભક્તો સાથે કરે કે, સર્વના મનમાં રસનો પ્રકાશ થઇ જાય. આ ગોપાળદાસ વાંસવાડામાં એક ક્ષત્રિય હતો તેને ત્યાં પ્રકટ્યા. આ ક્ષત્રિય વૈશ્યવૃત્તિ કરતો, અને શરાફીની દુકાન પણ કરતો. દાસજનોમાં (હલકી કોટિના લોકોમાં) આ કરતો. આ ક્ષત્રિયને આગળ ચાર પુત્રો થયા તે મરી ગયા. પાંચમા ગોપાળદાસ જન્મ્યા, ત્યારે આ ક્ષત્રિયે માનતા રાખી કે જો આ છોકરો ઊછરશે તો એનું મુંડન તીર્થરાજ પ્રયાગમાં

કરીશ. આ ગોપાળદાસ પાંચ વરસના થયા, પણ આ ક્ષત્રિયનું વેપારમાં મન બહુ જ હતું તેથી પ્રયાગ જઇ શકે નહિ. એમ કરતાં કરતાં ગોપાળદાસ અગિયાર વરસના થયા; ત્યારે ક્ષત્રિયે એક ગાડી કરી પોતાના ગુમાસ્તા ચાકર તેમની જોડે મોકલી કહ્યું કે ગોપાળદાસનું પ્રયાગમાં મુંડન કરાવી જલદી પાછા લઈ આવો, એટલે ગોપાળદાસનો વિવાહ કરી દઈએ. આ પ્રમાણે ગોપાળદાસ વાંસવાડાથી ચાલ્યા અને પ્રયાગમાં આવી શ્રીગંગાજમનાનાં દર્શન કર્યાં. તે દૈવી હતા, તેથી તેમને અલૌકિક દર્શન થયાં. એટલે આ ગોપાળદાસ ગુમાસ્તાઓને કહે કે હું તો અહીં વાળ નહિ મૂંડાવું; આ તીર્થક્ષેત્રથી પાંચ ગાઉ દૂર જઇ મૂંડાવીશ. શું મને નરકમાં નાખવો છે? આ રસરૂપ જળ તેમાં વાળ નાખું? ગુમાસ્તાઓએ બહુ જ સમજાવ્યા કે તમારા પિતાની માનતા (બાધા) છે અને આ પ્રયાગ ક્ષેત્રમાં મુંડન કરાવ્યાનું ફળ બહુ જ છે. ત્યારે ગોપાળદાસે કહ્યું કે પિતા મૂર્ખ છે કે એવી માનતા રાખી છે. મારે તો એવું ફળ જોઈતું નથી. બ્રાહ્મણોએ તીર્થમાં દાન લેવા માટે એવું ફળ કહ્યું છે. હું તો અહીં માથું કદી નહ મૂંડાવું. પછી ગોપાળદાસે પ્રયાગથી પાંચ કોશ ગંગાજીથી દૂર જઈને મુંડન કરાવ્યું. પછી ત્યાં નાહીને ફરી પ્રયાગમાં પોતે નાહ્યા, પુણ્યદાન કર્યું. શ્રીયમુનાજી શ્રીગંગાજીની પૂજા દૂધ અરગજા માળા અને ચંદન વડે કરી. પાંચ રાત રહ્યા. આ વખતે શ્રીઆચાર્યજી મહાપ્રભુજી પણ પ્રયાગ પધાર્યા હતા. આ ગોપાળદાસ રોજ ત્રિવેણીનું પૂજન કરતા. પાંચમે દિવસે શ્રીઆચાર્યજી ગોપાળદાસની પાસે પોતે જ સ્નાન કરવા પધાર્યા; દૈવી જીવ જાણી કૃપા કરવા પધાર્યા. તે વખતે ગોપાળદાસ નહાતા હતા. તે વખતે શ્રીમહાપ્રભુજીએ કૃપા કરવાને ત્રિવેણીમાંથી એક અંજલિ જલ ભરીને ગોપાળદાસ પર છાંટ્યું. તરત જ ગોપાળદાસને પોતાના સ્વરૂપનું જ્ઞાન થયું, અને શ્રીઆચાર્યજીના સ્વરૂપનું જ્ઞાન થયું, એટલે ગોપાળદાસે જળમાં જ માથું નમાવ્યું, અને બેઉ હાથ જોડી શ્રી-મહાપ્રભુજીને વિનંતિ કરી કે મહારાજ, હું મોટો પાપી છું. સંસારમાં બહુ-જ ભટક્યો. હવે મારા પર કૃપા કરશો. આ પ્રમાણે ગોપાળદાસની દીનતા જોઈ શ્રીઆચાર્યજીએ જળમાં જ નામનિવેદન કરાવ્યું, અને માર્ગનો સિદ્ધાંત હૃદયમાં સ્થાપન કર્યો. અને ગોપાળદાસને આજ્ઞા કરી કે તમે ભગવત્સેવા કરો. પછી ગોપાળદાસે બહાર આવી વસ્ત્રો પહેર્યાં, અને શ્રીમહાપ્રભુજીએ નાહી બહાર પધારી અપરસનાં વસ્ત્ર પહેરી મધ્યાહ્ન સંધ્યા કરી. પછી ગોપાળદાસને

કહ્યું કે તું કોઈ જગ્યાએથી પ્રભુનું સ્વરૂપ લઈ અડેલ આવજે. આમ કહી આપ તો અડેલ પધાર્યા. પછી ગોપાળદાસ પ્રયાગમાંથી ન્યોછાવર આપી લાલજી લઈ અડેલમાં આવ્યા, એટલે શ્રીઆચાર્યજીએ પંચામૃત સ્નાન કરાવી ગોપાળદાસને માથે પધરાવ્યા. પછી પાંચ દિવસ ગોપાળદાસ અડેલમાં રહી પુષ્ટિમાર્ગની રીત બધી શીખ્યા, પછી શ્રીમહાપ્રભુજીની વિદાય લઈ વાંસવાડા પોતાને ઘેર આવ્યા. ગુમાસ્તાઓએ ગોપાળદાસના બધા સમાચાર એમના પિતાને કહ્યા કે, આ તમારા છોકરાએ પ્રયાગથી પાંચ ગાઉ ગંગાજીથી પાર જઇ મુંડન કરાવ્યું. અમે બહુ કહ્યું પણ માન્યું નહિ. વળી વૈષ્ણવ થઈને આવ્યો છે. એટલે ગોપાળદાસના પિતાએ કહ્યું : જે થયું તે થયું; હવે કશું બોલશો નહિ. આમ કહેવાનું કારણ એ હતું ગોપાળદાસનાં માતાપિતાનો ગોપાળદાસ પર બહુ જ પ્રેમ હતો. તેમને બીક હતી કે કદાચ આ ઘર છોડીને ચાલ્યો જાય, તેથી ગોપાળદાસને કશું કહે નહિ. પછી મા બાપે કહ્યું કે ભૂખ લાગી હશે; કશું ખાઓ. એટલે ગોપાળદાસે કહ્યું કે હું તો તમારું જળ નહિ પીઉં. તમે જઇ શ્રીઆચાર્યજીનાં સેવક થઈ આવો તો જ તમારે ને મારે બનશે; નહિ તો મને થોડી જગ્યા જુદી કાઢી આપો, તેમાં હું રહીશ. એટલે પિતાએ કહ્યું કે તારો વિવાહ કરવો છે તો શી રીતે થશે? એટલે ગોપાળદાસે કહ્યું કે હમણાં તો અત્યારે મારે માટે જગ્યા તો કરી આપો; પછી જે થાય તે ખરું. હમણાં તો વિવાહ થતો નથી? એટલે પિતાએ ઘરમાં જગ્યા કરી આપી. એટલે ગોપાળદાસે તે જગ્યા ખાસા કરી શ્રીઠાકોરજીની રસોઈ કરી ભોગ ધરી મહાપ્રસાદ લીધો. પછી શ્રીઠાકોરજીનું મંદિર તૈયાર કરાવી પ્રીતિથી સેવા કરવા લાગ્યા. પછી પિતાએ ગોપાળદાસની સગાઇ કરી અને વિવાહ પણ થયો, પરન્તુ સાસરિયામાં કે ઘરમાં કોઈના હાથનું જળ પણ લેતા નહિ. પછી ગોપાળદાસે પિતાને કહ્યું : જો તમે શ્રીઆચાર્યજીના સેવક થાઓ તો સારું થાય, નહિ તો હું સ્ત્રીને સેવક કરાવી આવું. એટલે માતાપિતાએ કહ્યું : દ્રવ્ય જોઇએ એટલું લઈ જાઓ અને સ્ત્રીને સેવક કરાવી આવો; અમે તો સેવક નહિ થઈએ. એટલે ગોપાળદાસે સ્ત્રીને કહ્યું કે તું સેવક થા; માતાપિતાનું ન્યાતજાતનું ખાનપાન છોડે તો મારે તારે બને. એટલે સ્ત્રીએ કહ્યું કે સેવક તો થઈશ, પણ માબાપના ઘરનું ખાનપાન તો નહિ છોડું. એટલે ગોપાળદાસે મનમાં વિચાર્યું કે શ્રીઆચાર્ય-

જીને સેવક કરાવુ; જો ઉત્તમ જીવ હશે તો આપોઆપ વળી સિદ્ધ થશે. પછી ગાડીમાં સ્ત્રીને બેસાડી લઈને વાંસવાડાથી આવ્યા. કેટલેક દિવસે પ્રયાગ આવ્યા. પછી અડેલમાં આવી શ્રીઆચાર્યજીને દંડવત્પ્રણામ કરી વિનંતિ કરી: મહારાજ, મારાં માતાપિતા તો સેવક ન થયાં. મેં બહુ કહ્યું. આ સ્ત્રીને સાથે લાવ્યો છું; તો નામનિવેદન કરાવી કૃપા કરો. એટલે શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે આ તારી સ્ત્રી પુષ્ટિજીવ નથી, માટે નિવેદન ન કરાવીશ. એનાથી તે નિભાવાશે નહિ. એ જ્યાં ત્યાં ખાનપાન કરશે. એને નામ સંભળાવીશું. તારા સંબંધથી તારાં માતાપિતા સ્ત્રી બધાંનો ઉદ્ધાર થશે; લીલા સંબંધ નહિ થાય. એટલે ગોપાળદાસે કહ્યું કે કૃપા કરી નામ જ સંભળાવો. એટલે શ્રીમહાપ્રભુજીએ નામ સુણાવ્યું. પછી ગોપાળદાસ કેટલાક દિવસ પછી શ્રીમહાપ્રભુજી પાસે રહ્યા પછી આજ્ઞા લઇ વાંસવાડા પોતાને ઘેર આવ્યા અને ભગવત્સેવા કરવા લાગ્યા.

વાર્તાપ્રસંગ ૧ લો.

આ ગોપાળદાસે પોતાના ઘરના દરવાજા પાસે માર્ગમાં મળવા આવનાર માટે એક વિશ્રાંતિસ્થળ રાખ્યું હતું. જે આવે તે ત્યાં ઉતરે. ગોપાળદાસે વિચાર્યું કે ગામમાં તો એવો કોઇ વૈષ્ણવ છે નહિ કે જેની સાથે ભગવદ્વાર્તા સેવા કરીએ, તેથી વિશ્રામસ્થાન હોય તો કોઇ વૈષ્ણવ સાથે મેળાપ થશે. આવો મનોરથ વિચારીને વિશ્રામસ્થાન કર્યું હતું.

એ માર્ગે જનાર આવનાર ત્યાં આવી ઊતરતા. સાંજનાં ગોપાળદાસ આ જગ્યાએ જતા અને ઊતર્યા હોય તેને પૂછતા; તેમાં કોઇ ભૂખ્યા હોય તેને ખાવાનું આપે અને કોઇ વૈષ્ણવ હોય તો તેને પોતાને ઘેર લાવી પ્રીતિથી મહાપ્રસાદ લેવરાવે; બેચાર દિવસ રાખે; ખર્ચી ન હોય તેને ખર્ચી આપતા. એમ કરતાં કરતાં એકવાર પદ્મારાવળ સાચોરા આવી ચડ્યા. તેમને ગોપાળદાસે પૂછ્યું કે તમે કોણ છો, ક્યાંથી આવો છો, અને ક્યાં જવાના છો? ત્યારે પદ્મારાવળે કહ્યું કે અમે સાચોરાબ્રાહ્મણ છીએ. અમારી રણછોડજીનાં દર્શન પર પ્રીતિ છે. અમારો યજમાન માવજી પટેલ ઉજ્જૈન-

માં છે, તેની પાસેથી ખર્ચી લઇ દ્વારિકા જઇ શ્રીરણછોડજીનાં દર્શન કરું છું. જ્યારે ખર્ચી ખૂટે એટલે ફરી ઉજ્જેન જઇ માવજી પટેલ પાસેથી ખર્ચી લઈ દ્વારિકા જઈને દર્શન કરું છું. હવે ગોપાળદાસે આ વાત પદ્મારાવળની સાંભળી દૈવી જીવ જાણી વાત આગળ ચલાવી, કેમકે એને જેવી લગની શ્રીરણછોડ-જીમાં છે તેવી લગની જો શ્રીઆચાર્યજીમાં હોય તો બ્રાહ્મણનું કામ થઇ જાય. આમ વિચારી ગોપાળદાસે પદ્મારાવળને કહ્યું કે તમારી સાથે શ્રીરણછોડજી કોઈ દિવસ બોલે છે, વાતો કરે છે ? ત્યારે પદ્મા-રાવળે કહ્યું કે શ્રીરણછોડજી કોઇ સાથે બોલે છે, વાતો કરે છે, તે અમને બતાવો. એટલે ગોપાળદાસે કહ્યું કે પ્રયાગની પાસે અડેલમાં શ્રીઆચાર્યજી મહાપ્રભુજી બિરાજે છે; શ્રીરણછોડજી (સાક્ષાત્) પ્રકટ થયા છે; તે બોલે છે ને વાતો કરે છે. ત્યારે પદ્મારાવળે ગોપાળ-દાસને કહ્યું કે હું જાઉં તો મને શ્રીરણછોડજીની પેઠે દર્શન આપશે ? આ સાંભળી ગોપાળદાસે કહ્યું : જેવાં શ્રીરણછોડજી દર્શન આપે છે તેવાં જ દર્શન શ્રીઆચાર્યજી આપશે, અને તમારી સાથે બોલશે. એટલે પદ્મારાવળને ખૂબ આતુરતા થઇ કે ક્યારે હું અડેલ જાઉં, ક્યારે શ્રીઆચાર્યજી શ્રીરણછોડજી મારી સાથે બોલે ! પછી ગોપાળ-દાસ પોતાને ઘેર આવ્યા. રાત્રે પદ્મારાવળને ઊંઘ જ ન આવી. કહે કે અડેલ ક્યારે જાઉં; તેથી પ્રાતઃકાળમાં ઊઠીને ચાલ્યા; કેટલા દિવસે ઉજ્જેન આવ્યા. એટલે માવજી પટેલે પદ્મારાવળને પૂછ્યું કે રાવળજી, આ ફેરે તો તમે બહુ જ વહેલા આવ્યા. તમારું મન ઉચાટમાં દેખાય છે, તેનું કારણ શું ? ત્યારે પદ્મારાવળે કહ્યું કે અડેલમાં શ્રીરણછોડ-જી પ્રકટ થયા છે ને બધાં સાથે બોલે છે વાતચીત કરે છે, તેથી પ્રાતઃ કાળમાં હું અડેલ જઇશ. ત્યારે માવજી પટેલે કહ્યું કે રાવળજી, હું પણ તમારી સાથે આવું છું; શ્રીરણછોડજીનાં દર્શન કરવા આવીશ. પદ્મારાવળે કહ્યું કે તમે રાજસી લોક છો. હું તો પગે ચાલીશ. તમારી સાથે ભીડ, જાપ્તો, અસવારી હશે આ બધું શી રીતે બને ? ત્યારે માવજી પટેલે કહ્યું કે હું એકલો તમારી સાથે પગે ચાલીને આવીશ. ત્યારે પદ્મારાવળે કહ્યું કે કાલે પ્રાતઃકાળમાં નીકળ

લીશું. હવે માવજી પટેલ પોતાને ઘેર આવીને પોતાની સ્ત્રી વીરજ્ઞેને કહે કે હું સવારે પદ્મારાવળ સાથે અડેલ જઇશ. ત્યાં શ્રીઆચાર્યજી શ્રીરણછોડજીનાં સ્વરૂપે દર્શન આપે છે; બધાં સાથે બોલે છે. એટલે વીરજ્ઞેએ કહ્યું કે હું પણ તમારી સાથે આવીશ. ત્યારે માવજી પટેલે કહ્યું કે તમે સ્ત્રીજન શી રીતે ચાલશો? હું તો પગે ચાલીશ. જ્યાં અસવારી કશું તેમાંનું નથી. આ સાંભળી વીરજ્ઞેએ કહ્યું: હું પણ તમારી સાથે ચાલીશ. એટલે પદ્મારાવળને માવજી પટેલે કહ્યું કે મારી સ્ત્રી પણ સાથે આવવાનું કહે છે. ત્યારે પદ્મારાવળે કહ્યું કે એકલી પગે શી રીતે ચાલશે? એટલે માવજી પટેલે કહ્યું કે એકલી પગે ચાલવાનું કહે છે. તેથી પદ્મારાવળે કહ્યું કે ચાલો, જલદી ત્રણે જણ સાથે ચાલીશું. પછી માવજી પટેલ આવી ઘરમાં તૈયારી કરી ઘરમાં રખેવાળ મૂકી વીરજ્ઞેને સાથે લઇને આવ્યા અને ત્રણે જણ અડેલ ચાલ્યાં.

ભાવપ્રકાશ—આ દૈવી જીવ હોવાથી એમનું મન શ્રીઆચાર્યજીનાં દર્શનનું સાંભળતા માત્રમાં જ આર્તિ થઈ. લીલામાં પદ્મારાવળ તો દ્વારકા-લીલાના અધિકારી છે, શ્રીરુક્મિણીજીની સખી છે. જ્યારે શ્રીઠાકોરજીએ રુક્મિણીજી સાથે પરિહાસ કર્યો ત્યારે રુક્મિણીજી મૂર્છિત થઇને ગબડી પડ્યાં. પછી શ્રીઠાકોરજીએ સમજાવ્યાં, તે વેળા આ સખી ત્યાં ઊભી હતી, તેનું નામ "વિમળા" હતું, તે હસી પડી. એટલે રુક્મિણીજી વિમળા સખી પર ખિજાયાં, કે જ્યારે હું મૂર્છામાં પડી ત્યારે તું પાસે હોવા છતાં કેમ વેગળી ઊભી રહી? શ્રીઠાકોરજીએ મારી ટેલ કરી તે તને કેમ ગમ્યું? શ્રીઠાકોરજીએ મારી વેણી બાંધી મોઢું ધોયું. આ આપણો ધર્મ નથી. આપણે શ્રીઠાકોરજીની ટહેલ કરીએ તે જ ઉચિત છે. શ્રીઠાકોરજી આપણી ટહેલ કરે તે અનુચિત છે. જો તેં મારી ટહેલ કરી હોત તો શ્રીઠાકોરજીને શા માટે કરવી પડી? આવું રુક્મિણીજીએ કહ્યું, પણ તે કશું બોલી નહિ, હસીને ચૂપ થઇ ગઈ. એટલે રુક્મિણીજીએ ક્રોધ કરીને કહ્યું: જા, ભૂમિ પર પડ તું મારી સખી શાની? તું મારા કામની નથી. આ વિમળા સખી પદ્મારાવળ થઇ. પૂર્વનો શ્રીરણછોડજીનાં દર્શનમાં એમની આસક્તિ અત્યંત આથી જ થઇ.

સંબંધ દૃઢ છે; માવજી પટેલ અને વીરજો એ બેઉ વ્રજલીલા સંબંધી શ્રીચંદ્રાવલિજીની બેઉ સખી છે. લીલામાં માવજીનું નામ "રૂપ" છે. અને વીરજોનું નામ "હરખા" છે; તેથી એમની શ્રીગુસાંઈજીમાં વ્રજલીલામાં આસક્તિ છે.

હવે ચાર પાંચ માણસ સાથે લીધા, બધા પ્રયાગમાં આવ્યા, ત્યારે સામે કિનારે અડેલનાં દર્શન થયાં. ત્રણે જણને તો એટલી બધી આતુરતા થઇ કે જાણે શ્રીયમુનાજીમાં થઈને (દોડીને) પાર જઈએ. એટલામાં શ્રીઆચાર્યજી મહાપ્રભુજી મધ્યાહ્નની સંધ્યા કરવાને માટે શ્રીયમુનાજીના કાંઠે પધાર્યા, આ સમયે સામે તીરે પદ્મારાવળ, માવજી પટેલ તથા વીરજોની અત્યંત આતુરતા દેખીને એક વૈષ્ણવને કહ્યું કે નાવ લઇ જલદી સામે પાર જાઓ; પદ્મારાવળ સાચોરા બ્રાહ્મણ, માવજી પટેલ તથા વીરજોને બેસાડીને લઇ આવો. ત્રણે જણને કહેજો કે શ્રીરણછોડજીએ નાવ મોકલી છે; જલદી ચાલો. એટલે આ વૈષ્ણવે નાવ લઇ પાર જઇને પૂછયું કે પદ્મારાવળ માવજી પટેલ અને વીરજો કોનાં નામ છે? એટલે ત્રણે જણે કહ્યું કે અમારાં નામ છે. ત્યારે વૈષ્ણવે કહ્યું કે શ્રીરણછોડજીએ તમારે માટે નાવ મોકલી છે, માટે બેસીને જલદી ચાલો. આ સાંભળી આ ત્રણે જણ બહુ જ પ્રસન્ન થયાં કે શ્રીરણછોડજી સાક્ષાત્ સાચેસાચ પ્રકટ થયા છે; અમને આવતાં વાર તો નથી થઇ એટલામાં તો અમારાં નામ દઇને, અમને બોલાવ્યાં અને વળી નાવ મોકલી. આથી અત્યંત આતુરતાપૂર્વક નાવ પર બેસીને પાર આવ્યાં, અને જઈને શ્રીમહાપ્રભુજીનાં દર્શન કર્યાં: શ્રીમહાપ્રભુજીએ જાણ્યું કે આમનો ભાવ શ્રીરણછોડજીમાં છે તેથી શ્રીરણછોડજી રૂપે દર્શન આપીશ તો એમનો ભાવ વૃદ્ધિ પામશે, તેથી આપે શ્રીરણછોડજીરૂપે દર્શન આપ્યાં, ત્યારે ત્રણે જણે દંડવત્પ્રણામ કર્યાં. આ વખતે પદ્મારાવળે વિનંતિ કરી કે મહારાજ, ગોપાળદાસની કૃપાથી અમને આપનાં દર્શન થયાં, અને ગોપાળદાસે અમને કહ્યું છે કે તમે શ્રીઆચાર્યજીનાં સેવક થજો, માટે હવે કૃપા કરીને અમારો ત્રણે જણનો અંગીકાર કરો; અમે આપને શરણે આવ્યાં છીએ. એટલે આચાર્યશ્રીએ શ્રીયમુનાજીમાં ત્રણે જણને નવરાવીને નામનિવેદન

કરાવ્યું. પછી માવજી પટેલ સાથે માણસો હતાં તેમને નામ આપ્યું. પછી પદ્મારાવળને પોતાના મંદિરમાં સાથે લઇને આવ્યા, પછી ભોજનમાં પધાર્યા. આ વખતે પદ્મારાવળના મનમાં એવું આવ્યું કે શ્રીરણછોડજીને ભોગ ધરે છે તેવાં જ શ્રીઆચાર્યજીનાં ભોજન કરતાં દર્શન થાય તો જૂઠણ લઈએ. પદ્મારાવળના મનની આ વાત શ્રીઆચાર્યજીએ જાણી, અને પદ્મારાવળને અંદર બોલાવ્યા, તો પદ્મારાવળે જોયું તેવું શ્રીરણછોડજીરૂપથી ભોજન કરે છે. પદ્મારાવળ આથી મનમાં બહુ જ પ્રસન્ન થયા. આ વખતે શ્રીઆચાર્યજીએ કહ્યું કે હવે મનનો સંદેહ ગયો ? ત્યારે પદ્મારાવળે વિનંતિ કરી કે મહારાજ, અમે તો તુચ્છ બુદ્ધિના જીવ છીએ; તેથી વારંવાર મનમાં એવું આવે છે. આપ તો સાક્ષાત્ શ્રીરણછોડજી છો. પછી આપે ભોજન કરી પદ્મારાવળને જૂઠણની પાતળ ધરી, માવજી પટેલ તથા વીરજીને પણ જૂઠણની પાતળ ધરી. ત્રણે જણ મહાપ્રસાદ લઈ શ્રીઆચાર્યજી મહાપ્રભુજી પાસે આવ્યાં, ત્યારે પદ્મારાવળે વિનંતિ કરી: મહારાજ, જેવું મારું મન આપનાં દર્શનમાં આસક્ત છે અને આઠે પહોર મનમાં એવું રહે છે કે શ્રીરણછોડજીને નીરખ્યા કરું, એવું મન સેવામાં લાગે તો સેવા કરું, નહિ તો ન કરું. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે તારો મનોરથ શ્રીઠાકોરજી પૂર્ણ કરશે.

ભાવપ્રકાશ—આનો ભાવ એવો છે કે શ્રીરણછોડજી પાસે તારી પ્રાપ્તિ દ્વારકાલીલામાં થશે. તે મનોરથ શ્રીઠાકોરજી પૂર્ણ કરશે.

વળી ત્રણે જણને આજ્ઞા કરી કે અમે થોડા દિવસમાં ઉજ્જન પધારીશું ત્યારે તમારા ઘરમાં શ્રીઠાકોરજી પધરાવી દઇશું અને માવજી પટેલ અને વીરજીને સાથે સેવા પધરાવીશું; પછી તમે સેવા કરજો; હમણાં તમે ત્રણ જણ ઘેર જાઓ. પાછળથી અમે પણ ઉજ્જન પધારીશું ત્યારે તમારો મનોરથ સિદ્ધ થશે. પછી પદ્મારાવળ માવજી પટેલ તથા વીરજી ત્રણે જણ દંડવત્પ્રણામ કરી વિદાય થઇને ચાલ્યાં. તેઓ કેટલાક દિવસે ઉજ્જન આવ્યાં. આ ગોપાળદાસ એવા ભગવદીય છે કે જેના જરાક સંગથી પદ્મારાવળ માવજી પટેલ અને

વીરજી એ ત્રણે શ્રીઆચાર્યજીને શરણે આવ્યાં. આ ગોપાળદાસની વાત ક્યાંસુધી કહીએ, કે જેમનો વિશ્વાસ એક શ્રીઆચાર્યજી ઉપર અત્યંત દૃઢ છે? ॥ વાર્તા ૨૮ ॥

વાર્તા ૨૯ મી.

હવે શ્રીઆચાર્યજીના સેવક પદ્મારાવળ સાચોરા બ્રાહ્મણ ઉજ્જનમાં રહેતા તેમની વાર્તા અને એનો ભાવ.

વાર્તાપ્રસંગ ૧ લો.

આ પદ્મારાવળ સેવક થયા એ બધો પ્રકાર તો ઉપર ગોપાળદાસની વાર્તામાં કહ્યો છે. પછી શ્રીઆચાર્યજી ઉજ્જન પધાર્યા, ત્યારે પદ્મારાવળને ત્યાં ઊતર્યા; પદ્મારાવળની સ્ત્રીને નામનિવેદન કરાવ્યું; પછી પદ્મારાવળને કહ્યું કે ક્યાંકથી શ્રીઠાકોરજીનું સ્વરૂપ લઇ આવ. આ પદ્મારાવળની જ્ઞાતિમાં એક સાચોરાને ત્યાં ભગવાનનું સ્વરૂપ હતું, અષ્ટભુજાજી સ્વરૂપ હતું, તેને પદ્મારાવળે કહ્યું કે આ શ્રીઠાકોરજી અમને આપો; ત્યારે તેણે કહ્યું કે લઇ જાઓ; અમારાથી તો સેવા બનતી નથી, એવાર નાહી શકાતું નથી. એટલે પદ્મારાવળ શ્રીઠાકોરજીને પધરાવી લાવ્યા. પછી શ્રીઆચાર્યજીએ પંચામૃત સ્નાન કરાવી પાટે બેસાડી પદ્મારાવળને માથે પધરાવ્યા. આ વખતે માધવજી પટેલ અને વીરજીએ વિનંતિ કરી કે મહારાજ, અમારે માથે પધરાવો તો અમે સેવા કરીએ. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે તમારે માથે શ્રીગુસાંઇજી સેવા પધરાવશે.

ભાવપ્રકાશ—અમે તમને શરણે લીધાં, પોતાનાં કર્યાં, પણ તમારા બધા મનોરથ શ્રીગુસાંઇજી દ્વારા સિદ્ધ થશે, એવો ભાવ જણાવ્યો.

આ સાંભળી માધવજી પટેલ તથા વીરજી દંડવત્પ્રણામ કરી ભેટ ધરી ઘેર ગયાં. હવે પદ્મારાવળે વિનંતિ કરી કે મહારાજાધિરાજ, હું તો મૂર્ખ છું, કશું ભણ્યો નથી, કશું સમજતો પણ નથી, અને અહીં અમારી જ્ઞાતિના લોકો કર્મજડ સ્માર્ત છે તે મને દુઃખ દે છે કે તું શું સમજીને સેવક થયો છે. આ સાંભળી શ્રીઆચાર્ય-

જીએ પોતાના ચરણારવિંદમાં પ્રસાદી ચંદન અને ચરણામૃત પદ્મા-રાવળને આપ્યાં તે મૂખમાં મૂકતાં સાથે જ તેમને સઘળાં–વેદશાસ્ત્ર પુરાણનું જ્ઞાન થઇ ગયું, તેથી મોટા મોટા પંડિતો વગેરે બધાને પ્રતિઉત્તર આપતા. માથું નીચું કરી હારીને બધા હઠી જતા.

ભાવપ્રકાશ–હવે શ્રીમહાપ્રભુજીએ પ્રસાદી ચંદન અને ચરણામૃત આપ્યાં. આ બે આપવાનો અભિપ્રાય એવો છે કે ચંદન લેવાથી બધું જ્ઞાન થઈ જાય, પણ ઉચ્છલિત રસ થઇ જાય તો કદાચ શરીર છૂટી જાય, અથવા તો બધાના આગળ લીલાની વાર્તા કહ્યા વગર રહેવાય જ નહિ; પરન્તુ ચરણા-મૃતથી શરીર દૃઢ થઇ જાય, ભક્તિ પણ દૃઢ થઈ જાય, જેથી રસ ઉચ્છલિત થઈ બાહાર ન જાય; હૃદયમાં સ્થિર થઇ રહે. તેથી પ્રસાદી ચંદન અને ચરણામૃત બેઉ આપ્યાં.

વાર્તાપ્રસંગ ૨ જો.

એકવાર પદ્મારાવળે શય્યા નવી બનાવી ત્યારે શ્રીઠાકોરજી-એ પદ્મારાવળને કહ્યું કે શય્યા નાની છે; મારાથી સુવાતું નથી. ત્યારે પદ્મારાવળે પ્રસન્ન થઇ નવી શય્યા બનાવરાવી. એટલે શ્રી-ઠાકોરજી સુખથી પોઢવા લાગ્યા. આવી રીતે શ્રીઠાકોરજી સાનુભાવ જણાવવા લાગ્યા. એકવાર પદ્મારાવળનાં સ્ત્રીએ ઊની ઊની ખીર સમર્પી પછી ભોગ સરાવી આરતી કરી; તે જ સમયે શ્રીઆચાર્યજી મહાપ્રભુજી પધાર્યા. શ્રીઠાકોરજીએ શ્રીઆચાર્યજીને હાથ ને હોઠ બતાવ્યા અને કહ્યું કે મને પદ્મારાવળની સ્ત્રીએ ઊની ઊની ખીર સમર્પી તેથી મારા હાથ તથા ઓઠ રાતા થયા છે. આવી રીતે શ્રીઆચાર્યજીને કહ્યું; પણ પદ્મારાવળની સ્ત્રીને ન કહ્યું.

ભાવપ્રકાશ—આનું કારણ સ્ત્રી સાધારણ વૈષ્ણવ છે. શરણના પ્રતાપ-થી ઉદ્ધાર તો થશે, પરન્તુ તે લીલા સંબંધી નથી.

હવે પદ્મારાવળને અને તેમની સ્ત્રીને શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે તમે શ્રીઠાકોરજીને ઊની ઊની ખીર કેમ સમર્પી ? શ્રીઠાકોરજીના હાથ અને હોઠ લાલ થઈ ગયા છે; ઊની ઊની ખીરથી આપશ્રી

દઝાયા છે. ત્યારે પદ્મારાવળે કહ્યું કે મહારાજ, અમે શું જાણીએ? ઊની સામગ્રી સારી એમ જાણી અમે સમર્પી. એટલે શ્રીમહાપ્રભુજીએ કહ્યું: બીજી સામગ્રી ઊની ધરાય તેની ચિંતા નહિ, પણ ખીર ઊની ન ધરવી. આંગળી બોળીએ; આરોગવા જેવું ઠંડું થાય ત્યારે ભોગ ધરીએ. હવે પદ્મારાવળે કહ્યું કે મહારાજ, ખીર ઊની ઊની હતી તો શ્રીઠાકોરજીએ શીતળ કેમ ન થવા દીધી? ઊની શા માટે આરોગ્યા? ત્યારે મહાપ્રભુજીએ કહ્યું કે શ્રીઠાકોરજી તો બાળક છે, અને બાળકને ખીર બહુ જ વહાલી છે, તેથી પ્રથમ ખીરમાં હાથ નાખે છે; બીજી સામગ્રી ઊની હોય તો પછી આરોગે, ખીર પહેલી આરોગે; માટે ખીર ઊની ન ધરવી.

ભાવપ્રકાશ—આવી રીતે શ્રીઆચાર્યજીએ પદ્મારાવળ અને તેમની સ્ત્રીને સમજણ પાડી. બાળકનું બહાનું કહ્યું પણ ખીરનું આંતરિક સ્વરૂપ ન કહ્યું, કારણ કે સ્ત્રી લીલાસંબંધી નથી. વળી પદ્મારાવળ દ્વારકાના રાજલીલા સંબંધી ભક્ત છે, તેથી તો પદ્મારાવળને શ્રીઠાકોરજી અનુભવ જણાવતા, પણ વ્રજભક્તોની લીલા સંબંધી અનુભવ કરાવ્યો નથી. ખીર તો શ્રીસ્વામિનીજીના ભાવની સામગ્રી છે, તેથી શ્રીઠાકોરજીને બહુ વહાલી છે. આ ખીરનો ભાવ નારાયણદાસ બ્રહ્મચારીની વાર્તામાં પૂર્વે કહેવામાં આવ્યો છે. ખીર જોતાં જ શ્રીઠાકોરજીની ધીરજ છૂટી જાય છે, માટે ખીર ઠંડી કરીને ધરવી. વળી જ્યાં-ત્યાં ખીરને ઠંડી કરીને ધરવાનું લખ્યું છે, બીજી કોઈ સામગ્રીને ઠંડી કરીને ધરવાનું લખ્યું નથી. જેવી રીતે શ્રીઆચાર્યજીને ખીર બહુ જ વહાલી છે. તેવી જ રીતે શ્રીગુસાંઈજીને લાડુ બહુ જ વહાલા છે. વળી શ્રીઆચાર્યજીને ખીર અને સખડી શીતળ કોમળ ભાવથી પ્રિય છે, તેવી જ રીતે શ્રીગુસાંઈજીને નાના પ્રકારની અનસખડી પ્રિય છે. તે પ્રભુ પ્રૌઢ ભાવથી અંગીકાર કરે છે. પરન્તુ પુષ્ટિમાર્ગમાં વૈષ્ણવનો જેવો અધિકાર તેવો જ અનુભવ છે.

વાર્તાપ્રસંગ ૩ જો.

હવે એકવાર પદ્મારાવળ શ્રીરણછોડજીનાં દર્શન કરવા દ્વારકા ચાલ્યા ત્યારે શ્રીરણછોડજીએ સ્વપ્નામાં કહ્યું કે રાજનગરમાં અમારો એક સેવક છે તેને ઘેર તમે જજો; ત્યાં સામગ્રી કરજો. ત્યારે પદ્મા-

રાવળે કહ્યું કે મહારાજ, હું તો તેને ઓળખતો નથી, અને વગર બોલાવ્યો કોને ઘેર જાઉં ? ત્યારે શ્રીરણછોડજીએ કહ્યું કે તે જાતેજ બોલાવવા આવશે. પછી પદ્મારાવળ રાજનગરમાં આવ્યા.

ભાવપ્રકાશ—આનો ભાવ એ છે કે પદ્મારાવળ શ્રીરણછોડજીની લીલા સંબંધી છે, તેથી શ્રીરણછોડજીએ વિચાર્યું કે કોઇ જગ્યાએ વ્રજલીલામાં મગ્ન થઇ જાય તો મારા હાથમાંથી જાય; તેથી કહ્યું કે મારા સેવકને ઘેર જજો. તે પદ્મારાવળને ગમ્યું પણ ખરું. જો વ્રજલીલામાં મગ્ન હોત તો એવું કહેત કે તમારો સેવક છું; પણ શ્રીઆચાર્યજીનો સેવક હોત તો મને ઠીક પડે. પણ આમનો તો શ્રીરણછોડજી પર ભાવ બહુ જ છે. શ્રીઆચાર્યજીના સ્વરૂપને શ્રીરણછોડજીનું સ્વરૂપ જાણ્યું, વ્રજલીલા સંબંધી ન જાણ્યું; તેથી એમને ત્યાં શ્રીઠાકોરજી પણ શ્રીરણછોડજીના સ્વરૂપે અનુભવ આપતા. હવે પદ્મારાવળના બેટા કૃષ્ણભટ્ટ થશે; તે શ્રીગુસાંઇજીના લીલા સંબંધી થશે; ત્યારે કૃષ્ણભટ્ટને શ્રીઠાકોરજી અનુભવ કરાવશે. આ ઉપરથી એવું જણાવ્યું કે જેવો જીવ હોય તેટલું જ શ્રીઆચાર્યજીના સ્વરૂપને જાણે, તેટલો જ અનુભવ શ્રીઠાકોરજી પણ જણાવે. જો શ્રીઆચાર્યજીને પૂર્ણ પુરુષોત્તમ જાણતા હોત તો શ્રીગોવર્ધનધર અનુભવ કરાવત. જો શ્રીઆચાર્યજીને પૂર્ણ પુરુષોત્તમ શ્રીગોવર્ધનધરથી પણ અધિક જાણે તેને વ્રજલીલાનો અનુભવ થાય. આ સિદ્ધાંત જણાવ્યો.

આ વાત રાત્રે શ્રીરણછોડજીએ પોતાના સેવકને કહી કે કાલે પદ્મારાવળ રાજનગરથી તારા ગામમાં આવશે; તેમને તારે ઘેર લાવી સારી રીતે સામગ્રી કરાવજો. ત્યારે આ સેવકે કહ્યું કે હું પદ્મારાવળને શી રીતે ઓળખીશ ? ત્યારે રણછોડજીએ કહ્યું કે પદ્મારાવળ પ્રસિદ્ધ છે તેથી તું ઓળખીશ.

ભાવપ્રકાશ—આ પ્રસંગથી એવું જણાવ્યું કે તમે બેઉ મારા લીલા સંબંધી છો; તેથી હું તમારા બેઉનો મેળાપ કરાવી દઈશ.

હવે પદ્મારાવળ રાજનગરમાં વિચારે છે કે હું શ્રીરણછોડ-

જીના સેવકને જાણતો નથી, તેથી એક ઉપાય કરું. તેની સાથે એક વિદ્યાર્થી હતો, તેને કહ્યું કે તું ગામમાં જઇને કોરા અન્નની જુદી જુદી ભિક્ષા પાંચસાત ઠેકાણેથી માગી લાવ તે બધાંની જુદી જુદી રાખજે. એટલે આ વિદ્યાર્થી ગામમાં જઇ કોરી ભિક્ષા પાંચ સાત ઠેકાણેથી માગીને લઇ આવ્યો. ત્યારે પદ્મારાવળે આ વિદ્યાર્થીને કહ્યું કે જેને ત્યાંથી ભિક્ષા માગી લાવ્યો છો તેનું અન્ન પાછું આપી આવ. એટલે આ વિદ્યાર્થી અન્ન પાછું આપવા ગયો. ત્યારે આ શ્રીરણછોડજીના સેવકે કહ્યું કે ભિક્ષા લઇ ગયા અને ફરી પાછી આપવા કેમ આવ્યા? ત્યારે વિદ્યાર્થીએ કહ્યું કે અમારા સ્વામીની જેવી આજ્ઞા. એમણે કહ્યું કે લઇ આવ એટલે લઈ ગયો, અને વળી કહ્યું કે જેની એ ભિક્ષા લાવ્યા છો એને પાછી આપી આવો તો પાછી આપવા આવ્યો. ત્યારે આણે પૂછયું કે તમારા સ્વામીનું નામ શું? ત્યારે વિદ્યાર્થીએ કહ્યું કે પદ્મારાવળ. એટલે આ ભિક્ષા લઇ લીધી. પછી આ વિદ્યાર્થી સાથે તે પદ્મારાવળ પાસે ગયો અને કહ્યું કે રાવળજી, અમારે ઘેર ચાલો; રસોઇ કરો; ત્યારે પદ્મારાવળે કહ્યું કે હું કોઇને ઘેર જતો નથી. ત્યારે આ શ્રીરણછોડજીના સેવકે કહ્યું કે મને શ્રીરણછોડજીની આજ્ઞા છે, કે પદ્મારાવળને તારે ઘેર રસોઇ પાક કરાવજો, તેથી હું બોલાવવા આવ્યો છું. જેવી મને આજ્ઞા કરી છે તેવી તમને પણ આજ્ઞા કરી જ હશે! તમે શ્રીરણછોડજીના કૃપાપાત્ર છો; અને તેથી જ મને એ પ્રમાણે આજ્ઞા કરી હશે. ત્યારે પદ્મારાવળે બહુ જ પ્રસન્ન થઈને કહ્યું કે મને પણ આજ્ઞા શ્રીરણછોડજીની થઇ છે; માટે ચાલો. પછી તેને ઘેર જઇ રસોઇ પાક કરી ભોગ ધરી મહાપ્રસાદ આ સેવકને પણ લેવરાવ્યો.

ભાવપ્રકાશ—તેના હાથનું કેમ ન લીધું તેનું કારણ એ હતું કે એ વાણિયો હતો. તેથી બેઉ જણે મહાપ્રસાદ લીધો; અને પેલા વિદ્યાર્થીને પણ મહાપ્રસાદ લેવરાવ્યો. પછી રાતનાં એને જ ઘેર રહ્યા, અને શ્રીરણછોડજીની વાર્તા કરી બેઉ જણ પ્રસન્ન થયા. એક ભાવથી બે મળે ત્યાં સુખ ઉપજે.

પછી પ્રાતઃકાલ થતાં પદ્મારાવળ (દ્વારકા) ચાલવા લાગ્યા

ત્યારે આ સેવકે કહ્યું કે થોડા દિવસ રહો. ત્યારે પદ્મારાવળે કહ્યું કે મારાથી રહેવાશે નહિ; શ્રીરણછોડજીનાં દર્શનની બહુ જ આતુરતા છે. એવું કહ્યું એટલે આ શ્રીરણછોડજીના સેવકે વિદાય કર્યા. ત્યાંથી પદ્મારાવળ દ્વારકા આવ્યા.

વાર્તાપ્રસંગ ૪ થો.

હવે એકવાર આટો બહુ જ મળ્યો અને ઘી થોડું મળ્યું, એટલે પદ્મારાવળે ચૂનની રોટલી કરી. જેટલી ઘીમાં ચોપડાઈ તેટલી ચોપડી (ઉપર રાખી), જ્યારે બાકીની વગર ચોપડેલી નીચે ધરી, દાળ ધરીને ભોગ સમર્પ્યો, અને વિનંતિ કરી કે મહારાજ, ચોપડેલી રોટલી આરોગજો; વગર ચોપડેલી લૂખી રહેવા દેજો, આરોગશો નહિ. હવે શ્રીઠાકોરજી તો બધી રોટલી આરોગી ગયા અને રોટલીઓ ઉપર તળે કરી નાખી; લૂખી ઉપર લાવી દીધી અને ચોપડેલી નીચે રાખી. જ્યારે ભોગ સરાવ્યા, ત્યારે જાણ્યું કે શ્રીઠાકોરજી તો બધી રોટલીઓ આરોગ્યા છે. આવું જોઈ તેમણે શ્રીઠાકોરજીને કહ્યું કે મહારાજ, લૂખી રોટલી કેમ આરોગ્યા ? ત્યારે પદ્મારાવળને શ્રીઠાકોરજીએ કહ્યું કે મને ભોગમાં લૂખી ધરી શા માટે ? મારા આગળ તો જે ભોગ ધરશો તે આરોગીશ. પ્રસન્ન થઇ પ્રસાદ લેવા બેઠા. તેમાંની કેટલીક રોટલી બાંધી રાખી. તે દિવસની રોટલીનો સ્વાદ બહુ જ અલૌકિક હતો. રોજ રસોઇ કરી ભોગ ધરીને મહાપ્રસાદ લેવા બેસે ત્યારે એ રોટલીનો એક ટુક પધરાવી પછી મહાપ્રસાદ લેતા.

ભાવપ્રકાશ—આવા પ્રકારનું માહાત્મ્ય હૃદયમાં આવ્યું એથી આ રોટલીના ટુકને એઠો ગણતા નહિ. જન્મભર આ રોટલી લીધી, પ્રભુએ અનુભવ આપેલા એક દિવસની યાદગીરી, અને પ્રભુનું દયાળુપણું સ્મરણમાં રાખવાને માટે જ.

પછી શ્રીરણછોડજી પાસેથી વિદાય થઇને ચાલ્યા. રસ્તામાં વાંસવાડા આવ્યા. ત્યાં પદ્મારાવળ ગોપાળદાસને ઘેર ગયા અને

તેમને ત્યાં રાત્રિ રહ્યા. ત્યાં રસોઇ કરી ભોગ ધરી મહાપ્રસાદ લીધો. આ વખતે પદ્મારાવળે ગોપાળદાસને કહ્યું કે તમારી કૃપાથી અમને શ્રીઆચાર્યજીનાં દર્શન થયાં. સાક્ષાત્ શ્રીરણછોડજી પ્રકટ થયા છે. મારો અંગીકાર કરી મને કૃતાર્થ કર્યો. ત્યારે ગોપાળદાસે કહ્યું કે શ્રીઆચાર્યજી એવા જ દયાળુ છે.

ભાવપ્રકાશ—મનમાં જાણ્યું કે આ એટલા અનુભવને જ પાત્ર છે; તેથી શ્રીરણછોડજીનો ભાવ થયો. પ્રભુની ઇચ્છા. ભલે, સંસારથી છૂટી કૃતાર્થ તો થયો.

પછી પ્રાતઃકાળે પદ્મારાવળ ગોપાળદાસથી વિદાય થઈ ઉજ્જન આવ્યા ને પ્રભુની સેવા કરવા લાગ્યા. આ શ્રીઆચાર્યજીના એવા કૃપાપાત્ર છે. ॥ વાર્તા ૨૯ ॥

વાર્તા ૩૦ મી.

હવે શ્રીઆચાર્યજીના સેવક પુરુષોત્તમ જોશી સાચોરા ગુજરાતના વાસી તેમની વાર્તા અને એનો ભાવ.

ભાવપ્રકાશ—આ પુરુષોત્તમ જોશી લીલામાં શ્રીવિશાખાજીની સખી છે, 'ગુણચૂડા' એનું નામ છે, અને પુરુષોત્તમ જોશીની સ્ત્રી 'ગુણચૂડા'ની સખી છે. એનું નામ 'દુર્વાસા' છે. તે બેઉ ગુજરાતમાં જુદા જુદા સાચોરાને ઘેર જન્મ્યાં. આ પુરુષોત્તમ જોશીનો વિવાહ થયો. પુરુષોત્તમ જોશી સત્તર વર્ષના થયા ત્યારે એક સમયે શ્રીઆચાર્યજી ગુજરાતમાં પધાર્યા. આ પુરુષોત્તમ જોશી મધ્યાહ્‌ન સમયે એક તળાવ પર સંધ્યાવંદન કરતા હતા તે જ તળાવ પર શ્રીઆચાર્યજી પધારી સંધ્યાવંદન કરવા લાગ્યા. આ વખતે દૈવી જીવ જાણીને પુરુષોત્તમ જોશી તરફ શ્રીઆચાર્યજીએ કૃપાદૃષ્ટિ કરી, એટલે પુરુષોત્તમ જોશીએ શ્રીઆચાર્યજીની પાસે જઇ નમસ્કાર કરીને પૂછ્યું, કે મહારાજ, કર્મમાર્ગ બડો કે જ્ઞાનમાર્ગ બડો ? ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું, કે જેના મનમાં જે માર્ગ દૃઢ હોય, જેમાં જેનો વિશ્વાસ હોય તેને માટે તે માર્ગ મોટો. બાકી ખરેખર બડો માર્ગ તો ભક્તિમાર્ગ છે, જેમાં જીવ કૃતાર્થ થાય. અને જ્ઞાનમાર્ગ ને કર્મમાર્ગથી તો કૃતાર્થતા ઘણી મુશ્કેલીએ થાય છે, તેથી કોઈથી તે સાધી શકાતા નથી, કારણ કે તે બેઉ કષ્ટસાધ્ય છે. અને આ વખતમાં શરીરનું કષ્ટ સહન કરી શકાય તેમ નથી. વળી જો કોઈ શરીરનું

કષ્ટ સહે તો મન ઠેકાણે ન રહે. તેથી ભક્તિમાર્ગીય જીવ કૃતાર્થ થાય છે. બીજો કાંઈ આશ્રય નથી. ત્યારે પુરુષોત્તમ જોશીએ કહ્યું કે મહારાજ, ભક્તિનું સ્વરૂપ શું, તે કૃપા કરીને કહો. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે ભક્તિના સ્વરૂપનું વર્ણન કરીએ તો પાર આવે નહિ. પરન્તુ કંઈક તમને કહું છું. ત્યારે 'ભક્તિવર્ધિની ગ્રંથના અગિયાર શ્લોકમાં પુરુષોત્તમ જોશીને ભક્તિનું સ્વરૂપ સમજાવ્યું, કેમકે તે ઉત્તમ અધિકારી છે. તેમાં તેમને બધો બોધ થઈ ગયો. એટલે શ્રીઆચાર્યજીને દંડવત્પ્રણામ કરી વિનંતિ કરી કે મહારાજ, આટલા દિવસ હું કર્મમાર્ગમાં પ્રસાઈ રહ્યો, પણ કશું હાથમાં આવ્યું નહિ; વૃથા જન્મ ગુમાવ્યો. હવે આપ મને શરણે લો; આજ્ઞા કરો તે હું કરું. શ્રી-આચાર્યજીએ દૃઢ પ્રીતિ જોઇ નામ સુણાવી બ્રહ્મસંબંધ કરાવ્યું અને માથા પર ચરણ ધર્યા, હૃદય પર ચરણ ધર્યા, અને કહ્યું કે તને ભક્તિમાર્ગ સ્ફુરશે; દૃઢ એકાંગી ભક્તિનો તું અધિકારી છે. હવે પુરુષોત્તમ જોશીએ વિનંતિ કરી કે મહારાજ, મારે ઘેર પધારો; સ્ત્રીનો અંગીકાર કરો. એટલે શ્રીઆચાર્ય-જીએ પુરુષોત્તમ જોશીને ઘેર પધારી તેમની સ્ત્રીને નામનિવેદન કરાવ્યું. પછી આજ્ઞા કરી કે તમે ભગવત્સેવા કરો. ત્યારે પુરુષોત્તમ જોશીએ કહ્યું કે મહારાજ, મારા ઘરમાં શ્રીઠાકોરજી છે તેમની મર્યાદારીતે પૂજા કરું છું; હવે જેવી આજ્ઞા કરો તેવી સેવા કરું. એટલે શ્રીઆચાર્યજીએ લાલજીને પંચામૃત સ્નાન કરાવી પાટે બેસાડ્યા, અને પુરુષોત્તમ જોશીને માથે પધરાવ્યા. માબાપે તો પહેલેથી દેહ છોડયો હતો. હવે બેઉ જણ પ્રીતિથી સેવા કરવા લાગ્યાં, પછી શ્રીઆચાર્યજી શ્રીદ્વારિકા પધાર્યા. આ પુરુષોત્તમ જોશીએ બહુ દિવસ સેવા કરી. ભગવદ્-ભાવમાં તે મગ્ન રહેતા, અવ્યાવૃત્ત થઇને રહેતા; તે કોઈની આગળ પોતાના હૃદયનો ભાવ પ્રકટ કરતા નહિ.

વાર્તાપ્રસંગ ૧ લો.

એક સમય પુરુષોત્તમ જોશીના મનમાં એવું આવ્યું કે શ્રીગોકુલ જઇ શ્રીગુસાંઇજીનાં દર્શન કરીએ. હવે લોકોના આગળ જ્ઞાતિમાં કહ્યું કે અમે કાશી જઇ આવીએ. આમ બનારસનું નામ દઇ સ્ત્રીને સાથે લઇ શ્રીઠાકોરજીને એક ઘોડા પર પધરાવી લઇને ચાલ્યા. કેટલેક દિવસે ઉજ્જન આવ્યા અને ત્યાં પૂછયું: પદ્મા-

રાવળના બેટા ક્યાં રહે છે ? શ્રીગુસાંઇજીના સેવક છે તેમને મળીએ.
હવે લોકોએ કહ્યું કે પદ્મારાવળને ચાર બેટા છે તેમાં ત્રણ બેટા એકઠા
રહે છે અને એક કૃષ્ણભટ્ટ જુદા રહે છે. આ સાંભળી પુરુષોત્તમ
જોશીએ વિચાર્યું કે પ્રથમ ત્રણને ઘેર ચાલો. વિચારી પ્રથમ ત્રણ
દીકરા પાસે આવ્યા, એટલે ત્રણે બેટાઓએ મળીને કંઈક અન્ન
આપ્યું. આ વખતે પુરુષોત્તમ જોશીએ વિચાર કર્યો કે પદ્મારાવળના
બેટા આવા કેમ દેખાય છે ? આ તો ખાલી બ્રાહ્મણ જણાય છે, જેમ-
નામાં પ્રીતિનું એક પણ લક્ષણ નથી. પણ જો અન્ન પાછું આપું તો
કહેશે કે થોડું જાણી પાછું આપ્યું, તેથી એમની સાથે બોલવું નહિ.
પછી આ વાત કૃષ્ણભટ્ટે જાણી કે પુરુષોત્તમ જોશી આવ્યા છે, એટલે
કૃષ્ણભટ્ટ પ્રેમથી પુરુષોત્તમ જોશીને પોતાને ઘેર લઇ ગયા. સુંદર
સામગ્રી કરી, શ્રીઠાકોરજીને ભોગ ધરી પુરુષોત્તમ જોશીને અને
એમની સ્ત્રીને બહુજ પ્રીતિથી મહાપ્રસાદ લેવરાવ્યો. ચાર પાંચ
દિવસ વિનંતિ કરી પોતાને ઘેર રાખ્યા. આવો પ્રેમ જોઇ પુરુષોત્તમ
જોશીએ કહ્યું કે પદ્મારાવળના બેટા ખરેખર આવા જ જોઈએ.
ત્રણે બેટાઓએ તો થોડુંક અન્ન આપ્યું જેથી ભૂખ્યા રહેવાય.
પછી પુરુષોત્તમ જોશી ચાલવા લાગ્યા, એટલે કૃષ્ણભટ્ટ પણ તેમની
સાથે ચાલ્યા; એક મજલ જઈને મુકામ કર્યો. જ્યારે જાણ્યું કે
કૃષ્ણભટ્ટ ઊંઘી ગયા, એટલે સ્ત્રીને પૂછ્યું કે કૃષ્ણભટ્ટ ઊંઘી ગયા ?
ત્યારે સ્ત્રીએ કહ્યું કે હા, ઊંઘી ગયા. આ વખતે ભગવદ્‌વાર્તા લીલાનો
ભાવ સ્ત્રીને કહેવા લાગ્યા, કૃષ્ણભટ્ટ આગળ ન કહી; વિચાર્યું કે
યોગ્યતા ન હોય તો શી રીતે કહેવાય ? આમ બે ચાર દિવસ વીત્યા,
ત્યારે કૃષ્ણભટ્ટે જાણ્યું કે આ ભગવદ્‌વાર્તા મારાથી છૂપી રીતે કરે છે;
મારી સાથે વાત કરતા નથી તો હું હવે એમની પાસે ભગવદ્‌વાર્તા
કહેવડાવું. પછી પ્રાતઃકાલમાં જ્યારે મજલ ચાલ્યા, ત્યારે કૃષ્ણભટ્ટે
પુરુષોત્તમ જોશીની વહુને કહ્યું તમે જોશીને એક તરફથી પકડી
રાખજો; હું ભગવદ્‌વાર્તા ચલાવું છું. આ સાંભળી પુરુષોત્તમ જોશીની
વહુએ ઘોડા પાસે આવી કૃષ્ણભટ્ટને કહ્યું કે ભલે કરો. પછી જોશીને
એક બાજુ કૃષ્ણભટ્ટે પકડ્યા ને પછી એવી ભગવદ્‌વાર્તા કરી કે

પુરુષોત્તમ જોશીને દેહનું અનુસંધાન (ભાન) રહ્યું નહિ; રસમાં મગ્ન થઈ ગયા. જ્યારે ઘોડા પરથી ઉતરવા લાગ્યા, ત્યારે બેઉ જણે બેઉ બાજુથી પકડી રાખ્યા. પછી એમ ચાલતાં ચાલતાં જ્યારે એક મજલ આવ્યા ત્યારે ઘોડા પરથી ઉતારવા લાગ્યા, ત્યારે પુરુષોત્તમ જોશીએ કહ્યું; મને હમણાં ને હમણાં ઘોડા પરથી કેમ ઉતારો છો ? હું હમણાં જ બેઠો છું. ત્યાર સ્ત્રીએ કહ્યું કે મજલ આવ્યા. સવારથી ચાલતાં ચાલતાં પાછલો પહોર થયો છે. એટલે પુરુષોત્તમ જોશી સાવધાન બનીને ઉતર્યા, પણ ભગવદ્દવાર્તાનો આવેશ ઉતર્યો નહિ. પછી કૃષ્ણભટ્ટ સાથે વાર્તા કરવા લાગ્યા. રાતદિવસ ભગવદ્દલીલારસમાં રહેતા. નિત્ય એ પ્રકારે કરતા કરતા શ્રીગોકુલ આવ્યા, ત્યારે પુરુષોત્તમ જોશીએ દંડવત્પ્રણામ કરી શ્રીગુસાંઇજીને કહ્યું કે મહારાજ, કૃષ્ણભટ્ટ પર આટલી બધી કૃપા કયાંથી થઈ? ત્યારે શ્રીગુસાંઇજીએ કહ્યું કે કૃષ્ણભટ્ટને ચાચા હરિવંશજીનો સંગ છે, તેથી આટલી બધી કૃપા છે. આથી પુરુષોત્તમ જોશીનો સંદેહ નિવૃત્ત થયો. ત્યારથી મન ખોલીને ભગવદ્દવાર્તા કરવા લાગ્યા. પછી કેટલાક દિવસ શ્રીગોકુલ રહીને શ્રીગુસાંઇજી પાસેથી વિદાય લઇ કૃષ્ણભટ્ટ સાથે પુરુષોત્તમ જોશી સ્ત્રી સહિત ચાલ્યા. ભગવદ્દવાર્તા કરતાં કરતાં કેટલાક દિવસમાં ઉજ્જન આવ્યા. કૃષ્ણભટ્ટે ચાર દિવસ પ્રીતિથી પોતાને ઘેર રાખ્યા; ભગવદ્દવાર્તા કરી બહુ જ પ્રસન્ન થયા. પછી પુરુષોત્તમ જોશી કૃષ્ણભટ્ટ પાસેથી વિદાય લઇ ગુજરાતમાં પોતાને ઘેર આવ્યા. ભગવત્સેવા કરતા અને ભગવદ્દવાર્તા કરતા; લૌકિક જાણતા જ નહિ. પુરુષોત્તમ જોશી સ્ત્રી સહિત એવા ભગવદીય છે; એમની વાર્તા કયાંસુધી કહીએ ? ॥ વાર્તા ૩૦ ॥

ભાવપ્રકાશ—આ વાર્તામાં એવો સિદ્ધાંત જણાવ્યો કે પાત્ર વગર ભગવદ્વાર્તા કરવી નહિ.

વાર્તા ૩૧ મી.

હવે શ્રીઆચાર્યજીના સેવક જગન્નાથ જોશી ખેરાળુના તેમની વાર્તા અને એનો ભાવ.

ભાવપ્રકાશ–આ જે પ્રકારે શરણે આવ્યા તે આગળ એમની માતાની વાર્તામાં કહીશું.

વાર્તાપ્રસંગ ૧ લો.

એક દિવસ જગન્નાથ જોશીએ શ્રીઠાકોરજીને શૃંગાર ધરી વાઘો પહેરાવી રાજભોગનો થાળ સજીને શ્રીઠાકોરજીના આગળ ભોગ ધર્યો. પછી બહાર આવ્યા, ત્યારે જગન્નાથ જોશીના મનનાં આવ્યું કે શ્રીઠાકોરજી વાઘો પહેરી આરોગે છે, તેથી થાળ છોવાઇ જશે. શ્રીઠાકોરજીએ જગન્નાથ જોશીના મનની આ વાત જાણી તેથી થાળ લાત મારી ચોકીથી નીચે ફેંકી દીધો. આથી જગન્નાથ જોશીએ ફરી સામગ્રી કરી, થાળ ધોઇ, ચોકી ધોઇ, ભોગ ધર્યો; પરંતુ ફરી પણ શ્રીઠાકોરજીએ લાત મારી થાળ નીચે ફેંકી દીધો. વળી ફરી સામગ્રી કરી એ પ્રમાણે કર્યું, એટલે ફરી પણ લાત મારી થાળ ફેંકી દીધો. હવે ચોથી વાર જગન્નાથ જોશી બહુ જ શ્રમિત થઇ ગયા. માથું નીચું કરવા લાગ્યા કે શો અપરાધ પડયો છે કે શ્રીઠાકોરજીને જેટલીવાર થાળ ધરું છું તેટલી વાર ફેંકી દે છે? સામગ્રી આરોગતા જ નથી. મનમાં આવા વિચાર કરતાં કરતાં બહુ જ દીનતા આવી, ત્યારે શ્રીઠાકોરજીએ કહ્યું કે તું થાળ છોવાઈ જશે એવો ડર રાખે છે, તો મારી આગળ શા માટે ધરે છે? આ સાંભળતાં જ જગન્નાથ જોશીએ નાક ઘસીને બહુ જ વિનંતિ કરી કે મહારાજ, હું ચૂકયો; હવે મારો અપરાધ ક્ષમા કરો; હું તો કશું સમજતો નથી. આવી રીતે બહુ જ મનુહાર કરી.

ભાવપ્રકાશ–આનો અભિપ્રાય એવો છે કે શ્રીઆચાર્યજી શ્રીસુબોધિનીજીમાં કહે છે કે શ્રીઠાકોરજીની લીલામાં અને શ્રીઠાકોરજીના સ્વરૂપમાં બે (જુદી) ભાવના કરે તો શ્રીઠાકોરજી અપ્રસન્ન થાય. એક અસંભાવના અને એક વિપરીત ભાવના. અસંભાવના એ કે શ્રીઠાકોરજીએ બીજા સાથે વિહાર કર્યો! શ્રીઠાકોરજી હીનજાતિને ઘેર કેમ આરોગતા હશે? શ્રીઠાકોરજીના અડવાથી આ વસ્તુ છોવાઈ જશે. આહીર જાતિને ત્યાં વગર નહાયે કેમ ભોજન કર્યું? શ્રીઠાકોરજીને ફલાણો રોગ થયો. શ્રીઠાકોરજી નિત્ય તો પ્રમાણમાં

(ભાપસર) આરોગે છે તો અન્નકૂટમાં એટલું બધું શી રીતે આરોગતા હશે? શ્રીઠાકોરજી હવે વૃદ્ધ થયા છે. શ્રીઠાકોરજીએ આવી લીલા કેમ કરી? આવા જુદા જુદા પ્રકારના કુતર્ક પ્રભુમાં કરવા નહિ. કારણ કે શ્રીપુરુષોત્તમ-સહસ્રનામમાં આપશ્રીનું એક નામ છે કે "तर्कागोचरकार्यकृत्" ॥ પ્રભુનું કાર્ય તર્કથી અગોચર છે. કોઈની બુદ્ધિમાં-તર્કમાં આવે નહિ. શ્રીઠાકોરજી 'कर्तुमकर्तुमन्यथाकर्तुम्' સર્વસામર્થ્ય યુક્ત છે. આ સર્વ અસંભાવના કહેવાય. હવે વિપરીત ભાવના એ છે કે શ્રીઠાકોરજીના શ્રીમુખમાં વાસ આવશે, તેથી વાસનદાતણ કરાવવું. એક ઠેકાણે ખર્ચુની ભાવના કરવી. ચોરાશી કોશ વ્રજમાં છે, તે એક દિવસમાં વ્રજમાં શી રીતે ફરતા હશે? આટલી બધી ગાયો શી રીતે દોહતા હશે? આગળ વ્રજમાં પ્રગટ્યા હતા હવે આજ વ્રજમાં ક્યાં છે? કોઇ જગ્યાએ વ્રજમાં દેખાતા નથી. હીન વસ્તુ ગાજર, મૂળા, મોગરી, કાલંગડાં વગેરે પ્રભુએ બનાવ્યાં છે એનો ભોગ ધરવામાં શો બાધ છે? અનેક વ્રજભક્તો ગોપીજનો સાથે એકલા શી રીતે વિહાર કરતા હશે? આ બધી વિપરીત ભાવના થઈ. પરન્તુ જગન્નાથ જોશીને તો એક સરળ સ્વભાવથી આવું થયું; તેથી શ્રીઠાકોરજી બોલ્યા કે થાળ છોવાઈ જતો હોય તો મારી પાસે ન ધરીશ. પછી અપરાધ ક્ષમા કરાવ્યો. પોતાને અજ્ઞાની જાણે. આ રીતે અસંભાવના અને વિપરીત ભાવનાથી શ્રીઠાકોરજી અપ્રસન્ન થાય, એમ જણાવ્યું; માટે એવું ન કરવું.

વાર્તાપ્રસંગ ૨ જો.

વળી જગન્નાથ જોશી ઊની ખીર પ્રભુને ભોગમાં ધરતા; તેવી ઊની ખીર શ્રીઠાકોરજી આરોગતા. હવે કેટલાક દિવસ પછી શ્રીઆચાર્યજી ખેરાળુમાં જગન્નાથ જોશીને ત્યાં પધાર્યા, તે વખતે શ્રીઠાકોરજીનાં હોઠ તથા જીભ બહુ જ રાતાં દેખ્યાં. ત્યારે શ્રીઆચાર્યજીએ શ્રીઠાકોરજીને પૂછ્યું: બાબા, જીભ અને હોઠ રાતા કેમ છે? ત્યારે શ્રીઠાકોરજીએ કહ્યું કે જગન્નાથ જોશી ઊની ખીર મને ધરે છે, તેથી હું ઊની આરોગું છું. ત્યારે શ્રીઆચાર્યજીએ જગન્નાથ જોશીને કહ્યું કે તું ઊની ઊની ખીર શ્રીઠાકોરજીને ભોગમાં કેમ ધરે છે? ત્યારે જગન્નાથ જોશીએ કહ્યું કે મહારાજ, હું એમ

જાણું કે આપ ઊની સામગ્રી આરોગે છે તેથી સમર્પું છું. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે ખીર બહુ ઊની ન ધરવી. આંગળી નાખી તપાસીએ. આંગળીને સોહાય ત્યારે ભોગ ધરવો. બીજી સામગ્રી ઊની ધરીએ તેની ચિંતા નહિ. ત્યારથી જગન્નાથ જોશી ખીર શીળી કરીને ધરતા.

ભાવપ્રકાશ—ત્યાં સંદેહ થાય કે શ્રીઠાકોરજી ઊની કેમ આરોગે? જગન્નાથ જોશીને કેમ ન કહ્યું? ત્યાં એમ જાણવું કે જે દિવસથી જગન્નાથ જોશીના મનમાં થાળ છોવાવાની અસંભાવના થઈ ત્યારથી શ્રીઠાકોરજી બહુ અનુભવ આપતા નહિ; એમ ની પ્રીતિ પ્રમાણે આરોગતા.

વાર્તાપ્રસંગ ૩ જો.

હવે એકવાર જગન્નાથ જોશી શ્રીઆચાર્યજીનાં દર્શન કરવા અડેલ ચાલ્યા. માર્ગમાં અન્નકૂટનો દિવસ આવ્યો. એક શ્રીઆચાર્યજીનો સેવક માથુર હતો તેને કહ્યું કે ગામમાં જઈને ઉત્તમ સામગ્રી જે મળે તે લઇ આવો, દાળ, ચોખા, ઘી, ખાંડ વગેરે. ત્યારે તે વૈષ્ણવ ગામમાં ગયો. પણ આ ગામ નાનું હતું, તેથી માત્ર જુવાર મળતી હતી; બીજું કશું મળતું નહતું. તેથી તેણે આવીને જગન્નાથ જોશીને કહ્યું કે આ ગામમાં માત્ર જુવાર જ મળે છે, બીજું કશું મળતું નથી. ગામ નાનું છે. ત્યારે જગન્નાથ જોશીએ કહ્યું કે ભગવદિચ્છા. જુવાર લઇ આવો. એટલે વૈષ્ણવ જુવાર લઈ આવ્યો. પછી કહ્યું કે એને વીણી ઝાટકીને સાફ કરીને લાવો. એટલે આ વૈષ્ણવ જુવારને વીણી જાટકીને સાફ કરીને લાવ્યા. એટલે જગન્નાથ જોશીએ પાણીમાં ચઢાવી. ત્યારે આ વૈષ્ણવે કહ્યું કે આ જુવારની ભૂંસી છે તેને પાણીમાં બાંધી ઉપર ધરી દો, એટલે બાફથી ઢોકળાં જલદી તૈયાર થઇ જશે. જગન્નાથ જોશીએ એને બાંધીને ઉપર ધરી. હવે જ્યારે જુવારનો ઠુમર (ટોઠા) ખદખદવવા (ઊકળવા) લાગ્યો ત્યારે આ ભૂંસીનાં ઢોકળાં જુવારમાં ગરી પડતાં તે બધું એક થઈ ગયું. આ જોઈને જગન્નાથ જોશીને મનમાં બહુ જ ખેદ થયો. પછી ભગવદિચ્છા માની જેવું બન્યું

તેવું ધરી મહાપ્રસાદ લીધો. પછી સૂઈ ગયા. ત્યારે શ્રીઠાકોરજીએ જગન્નાથ જોશીને કહ્યું કે મારા પેટમાં ભૂંસીનાં ડાકળાં છે. એટલે તરત જ જગન્નાથ જોશીએ અજમો સૂંઠ તથા લૂણ સમર્પ્યાં. એટલે શ્રીઠાકોરજીએ કહ્યું કે મારા પેટમાં સુખ થયું. આ વખતે જગન્નાથ જોશીને મનમાં બહુ જ પશ્ચાત્તાપ થયો કે આજે શ્રીઠાકોરજીને બહુ જ દુઃખ થયું; હવેથી સારું ગામ જોઈને મુકામ કરવો. ત્યારથી સારું ગામ જોઈ મુકામ કરતા.

ભાવપ્રકાશ—આ વાર્તાનો અભિપ્રાય એ છે કે જગન્નાથ જોશીનો સ્વભાવ બહુ જ સરળ છે, તેથી શ્રીઠાકોરજી પ્રસન્ન થયા. પ્રથમ થાળ છોવાવાની અસંભાવના અજ્ઞાનને લીધે આવી હતી, તેથી ઉદાસ થયા હતા. બહુ બોલતા નહિ. એમનો સરળ સ્વભાવ હતો. કુતર્ક કે પંડિતાઈ અથવા જ્ઞાનને લીધે તર્ક કરતા નહિ. સહજમાં મનમાં આવે, પછી કશું નહિ. તેથી શ્રીઠાકોરજી સરળ સ્વભાવ જાણીને પ્રસન્ન થયા. સ્નેહની પરીક્ષા માટે જણાવ્યું કે મારા પેટમાં દુખે છે. અને એમને બહુ સ્નેહ પ્રભુ પર હોવાથી મનમાં દુઃખ થયું, અને સૂંઠ અજમો અને લૂણ ભોગ ધર્યાં, એટલે શ્રીઠાકોરજી એમના પર બહુ જ પ્રસન્ન થયા, અને કહ્યું કે હવે મારા પેટમાં સુખ થયું. આવું સાંભળી જગન્નાથ જોશીના મનને શાંતિ થઈ. જો વિદ્યાનાં ચતુરાઈ અને જ્ઞાનીપણું રાખ્યાં હોત તો કહેત કે શ્રીઠાકોરજીના પેટમાં દુખે છે! એ તો ઈશ્વર છે. પણ જગન્નાથ જોશી સીધા નિષ્કપટી ભગવદીય છે, તેથી શ્રીઠાકોરજી ફરીથી પ્રસન્ન થયા. આમાં એવું જણાવ્યું કે જેના હૃદયમાં સ્નેહ હોય અને સરળ સ્વભાવ હોય તેનાથી અપરાધ પણ થાય, તોપણ શ્રીઠાકોરજી કૃપા તો કરે જ, તેનું બગાડે નહિ.

વાર્તાપ્રસંગ ૪ થો.

હવે એકવાર જગન્નાથ જોશીએ પોતાને ઘેર ઉત્થાપન પછી ભોગ સમયે કમાડ ખોલ્યાં. દર્શન કરતી વખતે જગન્નાથ જોશી શ્રીઠાકોરજીને મૂંઠા (ચામર) કરતા હતા :તે વખતે એક ગરાસિયો રજપૂત દર્શન કરવા આવ્યો હતો તે દર્શન કરતો હતો; બીજા પણ પાંચ દશ વૈષ્ણવ દર્શન કરતા હતા. તે વખતે એક ડોસીએ

ફૂલની માળા લઇ દૂરથી શ્રીઠાકોરજી પર નાખી તે શ્રીઠાકોરજીના સિંહાસન ઉપર આવી પડી. આ જોઇ જગન્નાથ જોશીને બહુ જ રીસ ચઢી, તેથી માળા લઇને બહાર ફેંકી; ત્યાં બીજો એક રજપૂત હતો તેના ગળામાં આવી પડી. એટલે (પહેલા) ગરાસિયાએ પોતાના મનમાં વિચાર્યું કે મને જોશીએ માળા ન આપી; માટે હું રજપૂત ત્યારે જ ખરો ગણાઉં કે જગન્નાથ જોશીને ઠાર મારું. તેથી તલવાર લઈને લાગ જોતો ફરે, પણ મારી નાખવાનો લાગ ન આવે. હવે જગન્નાથ જોશી એકવાર બહાર ભૂમિ (ખર્ચું જઇ) દાતણ કરી ગામ બહારથી આવતા હતા, ત્યારે ગરાસિયા રજપૂતે પાછળથી આવીને જગન્નાથ જોશી પર તલવાર ચલાવી. આ વખતે પેલા રજપૂતનો હાથ તલવાર સહિત શ્રીઠાકોરજીએ ઉપરથી પકડી લીધો અને કહ્યું કે આને મારીશ નહિ. આ રજપૂતે બહુ જ પ્રયત્ન કર્યો પણ હાથ અધ્ધર જ રહી ગયો, ચાલ્યો જ નહિ. આ વખતે જગન્નાથ જોશીએ પાછળ ફરીને જોયું તો શ્રીઠાકોરજી શ્રમિત ઊભા છે. આ વખતે જગન્નાથ જોશીએ કહ્યું કે ફટ રે પાપી, આ તેં શું કર્યું ? આ જોઇ પેલો રજપૂત તલવાર ફેંકી દઈ જગન્નાથ જોશીને પગે પડયો.

ભાવપ્રકાશ—કારણ કે રજપૂતે જાણ્યું કે આ મહાપુરુષ છે; મારો હાથ ચાલ્યો નહિ. એટલે તલવાર ભૂમિ પર નાખી પગે લાગ્યો.

પછી કહ્યું કે મારો અપરાધ ક્ષમા કરો. જગન્નાથ જોશીએ બહુ કહ્યું પણ પેલો રજપૂત તેમને છોડે નહિ, અને કહ્યું કે મને સેવક કરો, તમે ભગવદીય છો, હું પાપી છું, તેથી તમારી કૃપાથી મારો ઉદ્ધાર થશે, નહિ તો મારું ઠેકાણું જ ન પડે. એટલે જગન્નાથ જોશીને દયા આવી, તેથી કહ્યું કે ઘેર ચાલો; તમને નામ સુણાવીશું. પછી ઘેર આવી પોતે નાહ્યા અને આ રજપૂતને નવરાવી નામ સંભળાવ્યું. પછી શ્રીગુસાંઇજી ગુજરાત પધાર્યા ત્યારે આ રજપૂતને શ્રીગુસાંઇજી પાસે નામ સંભળાવ્યું; તે સારો વૈષ્ણવ થયો. ॥વાર્તા ૩૧॥

ભાવપ્રકાશ—ભગવદીય પછવાડે વેરભાવે મારવા માટે પડયો, તોપણ તેનો ઉદ્ધાર થયો; તો જો કોઈ પ્રીતિ કરી ભગવદીયનો સંગ કરે તો તેનો ઉદ્ધાર થાય તેમાં તો કહેવાનું શું? વળી જગન્નાથ જોશીને મંદિરમાં શ્રીઠાકોરજી સન્મુખ ક્રોધ ચઢ્યો, તેથી માળા બહાર ફેંકી. આ ક્રોધ તો ચંડાળનું રૂપ છે; તેથી તેમને પણ અપરાધ પડ્યો. તે દોષની નિવૃત્તિ માટે આ રજપૂતદ્વારા જગન્નાથ જોશીના ઉપર તલવાર ચલાવરાવી, તેથી અપરાધ દૂર થયો આ રજપૂતનો ઉદ્ધાર થવાનો તેથી તેની બુદ્ધિ ફરી ગઇ અને જગન્નાથ જોશીને પગે લાગ્યો. આ રજપૂત લીલા સાંબંધી તો નહોતો, મુક્તિનો અધિકારી હતો, કારણ કે આ વાક્ય રાસપંચાધ્યાયીમાં છેઃકે "कामं क्रोधं भयं स्नेहमैक्यं सौहृदमेव च" તેથી ક્રોધદ્વારા આ રજપૂતની મુક્તિ થઇ. આ જગન્નાથ જોશી શ્રીમહાપ્રભુજીના એવા કૃપાપાત્ર ભગવદીય છે.

વાર્તા ૩૨ મી.

હવે શ્રીઆચાર્યજીના સેવક જગન્નાથ જોશીનાં માતા ખેરાળુમાં રહેતાં તેમની વાર્તા અને એનો ભાવ.

વાર્તાપ્રસંગ ૧ લો.

તેમને બે બેટા હતા, તેમાં મોટા નરહર જોશી અને નાનો જગન્નાથ જોશી.

ભાવપ્રકાશ—લીલામાં માતા તો શ્રીસ્વામિનીજીની સખી છે. 'છબીસિંધી' એનું નામ છે. છબીસિંધીને બે સખીઓ છે. તેમાં એકનું નામ 'ગંધરેખા' અને બીજીનું નામ 'સૌરભી' છે. આ માતા તે છબીસિંધીનું સ્વરૂપ અને નરહરિ જોશી ગંધરેખાનું પ્રાકટ્ય અને જગન્નાથ જોશી સૌરભીનું પ્રાકટ્ય હતાં. આ નરહરિ જોશી અને જગન્નાથ જોશીનો પિતા મહાદુષ્ટ હતો; કોઇ સાધુ, સંત, પંડિત, બ્રાહ્મણ તેમજ વૈષ્ણવ કોઈને માનતો નહિ. ગામમાં કોઈ આવે તો દુઃખ દે. રાત્રે ચોરી કરાવે, લૂંટી લે; તેથી ભગવદ્ધર્મનો દ્વેષી હતો. હવે શ્રીઆચાર્યજી અડેલથી દ્વારકા પધારતા હતા, તે કેટલાક દિવસમાં ગુજરાતમાં ખેરાળુમાં આવ્યા, ગામ બહાર એક બગીચામાં મુકામ કર્યો. ત્યાં જગન્નાથ જોશીની માતા જળ ભરવાને આવી. આ વખતે શ્રીઆચાર્યજી શ્રીસુબોધિનીની કથામાં

યજ્ઞપત્નીઓનો પ્રસંગ કહેતા હતા. આ પ્રસંગ સાંભળી એ બાઈ ઘણી પ્રસન્ન થઈ, અને શ્રીઆચાર્યજીને વિનંતિ કરી : મહારાજ, મને સેવક કરો. અને અહીં રહેશો નહિ. મારો પતિ મહાદુષ્ટ છે, તે જાણશે તો રાત્રે ચોરી કરાવશે અને લૂંટી લેશે. ત્યારે આચાર્યશ્રીએ કહ્યું કે એ શું લૂંટશે ? તેને જઇને તું કહેજે કે શ્રીઆચાર્યજી બાગમાં આવ્યા છે. વળી તું દૈવી જીવ છો, પણ હમણાં તો તને શરણે શી રીતે લઉં? તારો પતિ ધર્મનો વિરોધી છે તે પાંચ વરસમાં મરી જશે. વળી તને બે પુત્ર થશે. તું પતિના મૂઆ પછી અડેલ આવજે, તને સેવક કરીશ. હાલ તો સેવક કરવી ઉચિત નથી. એટલે આ બાઈ દંડવત્પ્રણામ કરી જળ ભરીને ઘેર ગઈ. શ્રીઆચાર્યજી ત્રણ રાત્રિ ખેરાળુમાં રહ્યા. આ બાઈના પતિએ સાંભળ્યું, તોપણ આવ્યો જ નહિ. ત્યારપછી આપ તો શ્રીદ્વારકા શ્રીરણછોડજીનાં દર્શન માટે પધાર્યા. પછી આ બાઇને ગર્ભ રહ્યો, ને વરસ દિવસમાં નરહરિ જોશીનો જન્મ થયો. તેને ત્રીજે વરસે જગન્નાથ જોશીનો જન્મ થયો. પછી જ્યારે પાંચ વરસ થયાં ત્યારે એક સંન્યાસી પંડિત ખેરાળુમાં આવ્યો; બધા બ્રાહ્મણો સાથે ચર્ચા કરી. હવે રાત્રે જગન્નાથ જોશીનો પિતા આ સંન્યાસીને લૂંટવા ગયો, તેથી આ સંન્યાસી પાસે ગડસા (મોટા ચીપિયો) હતો તેનાથી તેને માર્યો (મારી નાખ્યો). પછી સંન્યાસી (ખૂનના) ડરનો માર્યો નાસી ગયો. સવાર થયું ત્યારે લોકોએ જાણ્યું, અને જ્ઞાતિના બ્રાહ્મણોએ મળીને તેને અગ્નિસંસ્કાર કર્યો. આ વખતે શ્રીઆચાર્યજીએ શ્રીમુખે કહેલાં વચન આ બાઇને યાદ આવ્યાં કે તારે બે બેટા થશે, તે પ્રમાણે થયા; પતિ પાંચ વરસ પછી મર્યો; હવે હું યાત્રાના બહાને અડેલ જાઉં ને શ્રીઆચાર્યજીને શરણે જઈ કૃતાર્થ થાઉં; હવે મારે કોઈ પ્રતિબંધ તો છે નહિ. પછી પોતાનું ઘર કોઈ પ્રામાણિકને સોંપી, બેઉ બેટા ઘરમાં રાખ્યા. દ્રવ્ય બહુ જ હતું, તેમાંથી કેટલુંક ઘરમાં રાખી કેટલુંક સાથે લઇ, તીર્થરાજ પ્રયાગ નહાવાને બહાને ગાડી ભાડે કરી ગુજરાતથી ચાલી. કેટલાક દિવસમાં પ્રયાગ આવીને નાહી. ત્યાં કંઈક દાનપુણ્ય કરી અડેલ આવી, શ્રીઆચાર્યજીને દંડવત્પ્રણામ કરી, મહારાજ, આપે જે કહ્યું હતું તે બધું જ થયું; બે બેટા પણ થયા ને પોતે પણ મર્યો; હવે મારે કશો પ્રતિબંધ નથી. તેથી આપ સાક્ષાત્ પૂર્ણપુરુષોત્તમ છો, મને શરણે લો; બધો જન્મારો વૃથા ગયો. હવે શ્રીઆચાર્યજીએ આ બાઈને શ્રીયમુનાજીમાં નવરાવી નામનિવેદન કરાવ્યું અને કહ્યું

કે તું ભગવત્સેવા કર. એટલે આ બાઇએ શ્રીઆચાર્યજીને કહ્યું કે મારે માથે સેવા પધરાવી આપો; હું સેવા કરું. હવે શ્રીઆચાર્યજીએ કહ્યું કે પ્રયાગમાં જઈ ભગવત્સ્વરૂપ પધરાવી લાવો. બાઈ પ્રયાગમાં ગઈ અને એક કંસારા પાસે શ્રીઠાકોરજી હતા તે ન્યોછાવર આપીને લાવી. શ્રીઆચાર્યજીએ આ સ્વરૂપને પંચામૃતસ્નાન કરાવી આ બાઇને માથે પધરાવી આપ્યા. પછી કેટલાક દિવસ શ્રીઆચાર્યજી પાસે રહી પુષ્ટિમાર્ગની રીત સઘળી શીખી. પછી વિદાય થઇ ગુજરાતમાં આવી; રાજસેવાની સવડ અનુસાર પ્રીતિપૂર્વક સેવા કરવા લાગી. પછી કેટલાક દિવસમાં શ્રીઠાકોરજી સાનુભાવતા જણાવવા લાગ્યા.

હવે બે પુત્ર નરહરિ જોશી અને જગન્નાથ જોશી થયા, મોટા ત્યારે તેમને માતાએ કહ્યું કે તમે અડેલ જઇ શ્રીઆચાર્યજીના સેવક થઇ આવો, પછી ભગવત્સેવા કરો. એક મહોર મારી તરફથી ભેટ ધરી મારા દંડવત્પ્રણામ કરજો અને શ્રીઆચાર્યજીને સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ જાણજો. હવે નરહરિ જોશી અને જગન્નાથ જોશી બેઉ જણ ગુજરાતથી ચાલ્યા; એક વાંસની પોલી લાઠી હતી તેમાં મહોર મૂકી દીધી. કેટલાક દિવસે અડેલ આવીને પૂછ્યું કે શ્રીવલ્લભાચાર્યજી કયાં છે ? આ વખતે આપ તો પુરુષોત્તમપુરી જગન્નાથજીનાં દર્શન માટે પધાર્યો હતા. હવે બેઉ ભાઇઓએ વિચાર કર્યો કે જો ઘેર જઇશું તો માતાજી ખિજાશે કે તમે સેવક થયા વિના કેમ આવ્યા ? તેથી બેઉ જણ પુરુષોત્તમપુરી ચાલ્યા અને પુરુષોત્તમપુરી આવ્યા. ત્યાં આવીને પૂછ્યું કે અહીં શ્રીઆચાર્યજી કઈ જગ્યાએ બિરાજે છે ? તરત જ કોઈ વૈષ્ણવ મળી ગયો તેણે સ્થળ બતાવી દીધું. હવે બેઉ જણે આવી શ્રીઆચાર્યજીનાં દર્શન કર્યાં, ત્યારે શ્રીઆચાર્યજીએ બેઉ જણને પૂછ્યું કે તમારી માતા આનંદમાં છે ને ? આ સાંભળી બેઉ જણ આશ્ચર્યચકિત થઇ ગયા કે અમારો કદી શ્રીઆચાર્યજી સાથે મેળાપ થયો નથી. માતાએ કહ્યું હતું કે શ્રીઆચાર્યજી સાક્ષાત્ શ્રીપૂર્ણપુરુષોત્તમ છે એ વાત સાચી છે. પછી બેઉ ભાઇઓએ કહ્યું કે મહારાજ, આપની કૃપાથી આનંદમાં છે. પછી આચાર્યશ્રીએ કહ્યું કે તમે શ્રીજગદીશનાં દર્શન કરી આવ્યા? ત્યારે બેઉ ભાઇ-

ઓએ કહ્યું કે મહારાજ, અત્યાર સુધી તો અમે શ્રીજગદીશનાં દર્શન કર્યાં નથી; સીધા જ આપની પાસે ચાલ્યા આવીએ છીએ. એટલે શ્રીઆચાર્યજીએ કહ્યું કે જાઓ, દર્શન કરી આવો. બન્ને જણાએ જઈને જગદીશનાં દર્શન કર્યાં તો શ્રીજગદીશ પાસે શ્રીઆચાર્યજી ઊભા હતા એવાં દર્શન થયાં. આ જોઇ બેઉ ભાઇ વિચારમાં પડયા કે અમે તો ઘેર દર્શન કર્યાં હતાં. કદાચ બીજે માર્ગ હશે તે માર્ગે થઇને આપ અહીં પધાર્યા હશે. પછી બેઉ ભાઇ અહીંથી દોડયા; શ્રીઆચાર્યજી પાસે આવીને જુએ તો આપ બિરાજ્યા છે. ત્યારે આશ્ચર્ય પામીને જોઇ રહ્યા છે. હવે શ્રીઆચાર્યજીએ પૂછયું કે શ્રીજગદીશનાં દર્શન કરી આવ્યા? બેઉ જણે કહ્યું કે હા મહારાજ, બેઉ જણ દર્શન કરી આવ્યા. એટલે આચાર્યશ્રીએ કહ્યું કે તમારા મનનો સંદેહ દૂર થયો? ત્યારે બેઉ જણે વિનંતિ કરી કે મહારાજ, અમે અજ્ઞાન છીએ તેથી સંદેહ કર્યો; પણ આપ તો સાક્ષાત્ પૂર્ણપુરુષોત્તમ છો. એટલે આચાર્યશ્રીએ કહ્યું કે અમારી ભેટ તમારી માતાએ એક મહોર આપી છે તે ધરો.

ભાવપ્રકાશ—બેઉ ભાઇએ એટલા માટે ભેટ નહોતી કરી કે જો ઈશ્વર હશે તો ભેટ માગી લેશે. આથી બેઉ ભાઇઓને વિશ્વાસ અધિક આવ્યો.

હવે મહોર ભેટ ધરી વિનંતિ કરી કે મહારાજ, અમને કૃપા કરીને સેવક કરો, એટલે શ્રીઆચાર્યજીએ બન્નેને કહ્યું કે નાહીને આવો. બેઉ જણ નાહી આવ્યા, એટલે શ્રીઆચાર્યજીએ તેમને નામનિવેદન કરાવ્યું. પછી કેટલાક દિવસ શ્રીઆચાર્યજીનાં દર્શન કર્યાં. પછી વિદાય થઈને બેઉ ભાઈઓ નીકળ્યા; પોતાને ઘેર એરાળુ આવીને માતાને બધો પ્રકાર કહ્યો કે અમે અજ્ઞાની છીએ, પણ પોતાનું માહાત્મ્ય શ્રીઆચાર્યજીએ બતાવી અમારો સંદેહ નિવૃત્ત કર્યો. ત્યારે માતાએ કહ્યું કે મેં તો તમને પહેલેથી જ કહ્યું હતું કે શ્રીઆચાર્યજી પૂર્ણપુરુષોત્તમ છે, તેમાં સંદેહ કેમ કર્યો?

ભાવપ્રકાશ—શ્રીઆચાર્યજીએ બેઉ ભાઈને એટલા માટે માહાત્મ્ય બતાવ્યું કે બેઉ સરળ સ્વભાવના મુગ્ધ વૈષ્ણવ છે, તેથી કોઈ બીજા માર્ગનું

માહાત્મ્ય જુએ, કોઈનું કંઈ ચેટક દેખે તો ભટકે (તેમાં દોરવાઇ જાય) નહિ, કારણ કે શ્રીઆચાર્યજીનું માહાત્મ્ય હૃદયમાં દૃઢ થયું છે. હવે તેમને લૌકિક વૈદિક બધું તુચ્છ લાગવા માંડયું. આવી દૃઢતા (ઉત્પન્ન કરવા)ને માટે આવું માહાત્મ્ય બતાવ્યું.

પછી માતાની આજ્ઞા પ્રમાણે સેવા કરવા લાગ્યા. આ માતા એવી શ્રીઆચાર્યજીની કૃપાપાત્ર ભગવદીય હતી; તેથી એની વાર્તા કેટલીક કહીએ ? ॥ વાર્તા ૩૧ ॥

વાર્તા ૩૧ મી (ચાલુ)

હવે શ્રીઆચાર્યજીના સેવક નરહરિ જોશી જગન્નાથ જોશીના મોટાભાઈ તેની વાર્તા અને એનો ભાવ.

ભાવપ્રકાશ—લીલાનું એમનું અલૌકિક સ્વરૂપ એમની માતાજીની વાર્તામાં ઉપર કહ્યું છે.

વાર્તાપ્રસંગ ૧ લો.

આ નરહરિ જોશી એકવાર શ્રીજગન્નાથરાયજીનાં દર્શનને બહાને શ્રીઆચાર્યજીનાં દર્શન માટે જગન્નાથ ફરી જવા નીકળ્યા ને જ્યારે પટણાથી આગળ જતાં અને મજલ જઈને મુકામ કર્યો અને નાહીને રોટી અને દાળ સામગ્રી કરી અને શ્રીઠાકોરજીને ભોગ ધર્યો તે વખતે એક ઝાડ પરથી એક દશ વરસનો સુંદર બાળક નરહરિ જોશી પાસે આવીને હાથ લાંબો કરીને માગવા લાગ્યો. આ જોઇ નરહરિ જોશી આશ્ચર્ય પામ્યા કે આ કોણ છે ! પછી ભોગ સરાવી ચોપડેલી બે રોટલી પર દાળ ધરી આ બાળકના હાથમાં આપી, એટલે આ બાળક આ ઝાડ પર ચઢી ગયો અને અંતર્ધાન થઇ ગયો. પછી નરહરિ જોશીએ જોયું તો વૃક્ષ પર બાળક નહોતો. પછી બીજે દિવસ ફરી મજલ જઇ મુકામ કર્યો, નાહી રસોઇ કરીને ભોગ ધર્યો, ત્યારે વળી ફરી આ જ બાળક ઝાડ પરથી ઊતરીને જોશી પાસે આવી હાથ લાંબો કરીને માગવા લાગ્યો; એટલે

નરહરિ જોશીએ મનમાં વિચાર કર્યો કે કોઇ છલવા (કારણરૂપ જીવ) હોય તો આપવું નહિ. આમ વિચારી નરહરિ જોશીએ કશું આપ્યું નહિ. ભોગ સરાવીને ગાયનો ભાગ કાઢી પોતે મહાપ્રસાદ લેવા બેઠા, એટલે શ્રીઠાકોરજીએ બાળક વેશથી એ જ વૃક્ષ ઉપર ચઢી અંતર્ધાન થઈ, ઘેર જગન્નાથ જોશીને કહ્યું કે મેં નરહરિ જોશી પાસે જઇ કાલે અને આજે હાથ લાંબો કરીને માગ્યું, કાલે તો બે રોટલી અને દાળ આપ્યાં, પણ આજે કશું ન આપ્યું, તેથી પાછો આવ્યો. એટલે જગન્નાથ જોશીએ આ મહિનો આ તિથિ લખી રાખ્યાં કે નરહરિ જોશી જ્યારે આવશે ત્યારે પૂછીશ. હવે નરહરિ જોશીએ પુરુષોત્તમપુરી જઈ ત્યાં શ્રીઆચાર્યજીનાં દર્શન કર્યાં. પછી શ્રી-જગન્નાથરાયજીનાં દર્શન કરી કેટલાક દિવસ ત્યાં રહી ત્યાંથી નીકળ્યા, કેટલેક દિવસે ખેરાળુ પોતાને ઘેર આવ્યા, એટલે જગ-ન્નાથ જોશીએ શ્રીઆચાર્યજીના સઘળા સમાચાર પૂછ્યા, તો નર-હરિ જોશીએ શ્રીમહાપ્રભુજીએ માયાવાદનું ખંડન કર્યું તે બહુ કહ્યું અને કહ્યું કે આપશ્રી બહુ સારી રીતે બિરાજે છે. પછી જગન્નાથ જોશીએ નરહરિ જોશીને પૂછ્યું કે ફલાણે દિવસે તમારી પાસે કોણ માગવા આવ્યું હતું કે જેને તમે આપ્યું નહિ? ત્યારે નરહરિ જોશી કહે : પટણાથી આગળ ચાલ્યો તો પહેલે દિવસે એક દશ વરસના બાળકે આવી મારા આગળ હાથ લાંબો કરીને માગ્યું ત્યારે મેં તે બાળકના હાથમાં બે રોટલી ઉપર દાળ ધરીને આપી. તે ઝાડ પર ચઢી ગયો ને ફરી જોવામાં ન આવ્યો. પછી બીજે મજલને દિવસે પણ આ જ બાળક ઝાડ પરથી ઊતરીને આવ્યો, તેથી મેં વિચાર કર્યો કે આ કોઇ છલવા (કારણરૂપ ધારી) ચેટક આવતું હોય તો આપવું ઉચિત નથી. અને ભગવત્સ્વરૂપ હોય તો મહાપ્રસાદ શી રીતે આપું? આમ વિચારી મેં કશું આપ્યું નહિ. એટલે એ બાળક ઝાડ પર ચઢી અંતર્ધાન થઈ ગયો. આવી રીતે મનમાં સંદેહ આવવાથી બીજે દિવસે કશું આપ્યું નહિ. ત્યારે જગન્નાથ જોશીએ કહ્યું કે તમે ખોટું કર્યું; એ તો શ્રીઠાકોરજીએ આપે આવી હાથ લાંબો કરીને માગ્યું હતું. તમે ન આપ્યું તે સારું ન કર્યું. વળી હું

અને તમે પ્રથમ શ્રીઆચાર્યજીનાં દર્શન કરવા જગદીશ ગયા ત્યારે માતાએ એક મહોર ભેટ આપી હતી તે આપણે છુપાવી રાખી હતી એવો સંદેહ થયો કે જો શ્રીઆચાર્યજી ઈશ્વર હશે તો માગીને લેશે. આ મહોર શ્રીઆચાર્યજીએ માગીને લીધી. વળી જગન્નાથ-રાયજીના મંદિરમાં પણ જગન્નાથરાયજી પાસે આપણને દર્શન આપ્યાં હતાં અને ઘેર પણ એકકાલાવચ્છિન્ન દર્શન દઈ સંદેહનું નિવારણ કર્યું હતું. હવે આપણે એવા શ્રીપૂર્ણપુરુષોત્તમસ્વરૂપ શ્રી-આચાર્યજીના સેવક છીએ, તેથી છલવા (કોઈ ચેટક) આપણી પાસે આવે નહિ. તમે છલવાનો સંદેહ કર્યો તે ઠીક ન કર્યું. શ્રીઆચાર્ય-જીની કાનીથી શ્રીઠાકોરજી આપણી પાસે માગીને કૃપા કરીને લે છે. આ સાંભળી નરહરિ જોશીનો સંદેહ ગયો.

ભાવપ્રકાશ—આ વાર્તાનો અભિપ્રાય એ છે કે જગન્નાથ જોશી પર સેવક થતાંની સાથે જ કૃપા થઈ અને શ્રીઠાકોરજીમાં ચિત્ત ચોંટી ગયું, પણ નરહરિ જોશીમાં પોતાની યોગ્યતાનું એવું અભિમાન હતું કે હું મોટો ભાઈ છું અને જગન્નાથ જોશી નાનો ભાઈ છે, તેથી હું વધારે સમજું છું. તેથી નરહરિ જોશીને જો કે શ્રીઠાકોરજીએ પોતાનું સ્વરૂપ બતાવ્યું, બાળક સ્વરૂપે થઈ ઝાડ પરથી ઊતરી માગ્યું, તોપણ નરહરિ જોશીએ પ્રભુના સ્વરૂપને ઓળખ્યું નહિ, ત્યારે શ્રીઠાકોરજીએ જગન્નાથ જોશીને આવીને કહ્યું, પણ નર-હરિ જોશી સાથે ન બોલ્યા. પછી જ્યારે ઘેર આવ્યા ત્યારે જગન્નાથ જોશીએ કહ્યું કે તમે સંદેહ કેમ કર્યો? શ્રીઠાકોરજીને ન આપ્યું તે બહુ જ ખોટું કર્યું. આ સાંભળીને નરહરિ જોશીનો (યોગ્યતાનો) મદ ઊતરી ગયો, કે મેં શ્રીઠાકોરજીને ઓળખ્યા નહિ; જગન્નાથ જોશી બહુ જ કૃપાપાત્ર છે. આવી રીતે પોતાની ઓછી બુદ્ધિ ગણી સેવા કરી. તે દિવસથી શ્રીઠાકોરજી જેમ જગન્નાથ જોશીને અનુભવ જણાવતા તેમ નરહરિ જોશીને પણ જણાવવા લાગ્યા. માટે વૈષ્ણવને નાનો ગણી (કેવળ ઉમરની ખાતર) પોતાની બહુ યોગ્યતા ગણવી નહિ. પોતાનાથી બધા વૈષ્ણવોને મોટા જાણવા તો શ્રીઠાકોરજી કૃપા કરે. આ સિદ્ધાંત અમે અહીં પ્રકટ કર્યો છે.

વાર્તાપ્રસંગ ૨ જો.

એકવાર આ નરહરિ જોશી ગુજરાતમાં અલીણા ગામ ગયા. ત્યાં નરહરિ જોશીના યજમાન હતા તેમનું નામ મહીધર હતું. આ મહીધરને એક બહેન ફૂલબાઇ હતાં. તેમને નરહરિ જોશીએ કહ્યું કે તમે શ્રીગુસાંઇજીનાં સેવક થાઓ, વૈષ્ણવ થાઓ, તો અમારો તમારો સંબંધ રહે, ત્યારે મહીધર દેસાઇ અને ફૂલબાઈએ કહ્યું કે બહુ સારું, શ્રીગુસાંઇજીને પધરાવો, અમે સેવક થઇશું. તમારી કૃપાથી વૈષ્ણવ થઇએ તો જન્મ સફળ થાય. આવી રીતે પ્રસન્ન થયાં.

ભાવપ્રકાશ—કેમકે આ બેઉ દૈવી જીવ છે; લીલામાં શ્રીચંદ્રાવલીજીની સખીઓ છે. મહીધરનું નામ લીલામાં 'કુરંગાક્ષી' છે, અને ફૂલબાઇનું નામ 'ચપલાનેની' છે. આ બહુ જ સુંદર હતાં. એમનાં નેત્ર બહુ જ સુંદર હતાં, તેથી એમના મનમાં (લીલામાં) રૂપનો ગર્વ થયો, તેથી શ્રીચંદ્રાવલીજીના શાપથી ભૂમિ પર પ્રગટ્યાં. આમ પૂર્વની લીલાનો સંબંધ છે. હવે મહીધરનો વિવાહ થતાંની સાથે તેમનાં સ્ત્રી મરી ગયાં, માતાપિતા પણ મરી ગયાં. એક મહીધર અને ફૂલબાઈ બેઉ ભેગાં રહેતાં. પિતાનું દ્રવ્ય બહુ જ હતું. વૈષ્ણવ થવાનું કહ્યું, તેથી બેઉ ભાઈ બહેન બહુ જ પ્રસન્ન થયાં.

પછી કહ્યું કે શ્રીગુસાંઇજીને જલદી પધરાવો. એટલે નરહરિ જોશીએ ખેરાળુમાં આવી શ્રીગુસાંઇજીને વિનંતિપત્ર લખ્યો, તેમાં લખ્યું કે આપ કૃપા કરી ગુજરાતમાં પધારો તો કેટલાક જીવોનું કલ્યાણ થાય. એટલે શ્રીગુસાંઇજી પધાર્યા, ખેરાળુમાં જગન્નાથ જોશીને ઘેર ઊતર્યા. ત્યાર પછી નરહરિ જોશીએ અલીણા જઈ મહીધર અને ફૂલબાઇને કહ્યું કે વધાઇ છે; શ્રીગુસાંઇજી ખેરાળુમાં જગન્નાથ જોશીને ત્યાં પધાર્યા છે. ત્યારે ફૂલબાઇએ મહીધરને કહ્યું કે હવે શું કરવું? ત્યારે મહીધરે ફૂલબાઇને કહ્યું કે બહેન, તું ચિંતા ના કરીશ. રૂપિયા મહોર એકઠાં કરી શ્રીગુસાંઇજીને ન્યોછાવર કરી આપણે ઘેર પધરાવીશું.

ભાવપ્રકાશ—આમાં એ જણાવ્યું કે એટલી ન્યોછાવર કરીશ તો

પછી ભેટમાં શો સંદેહ રાખે છે?

આ સાંભળી ફૂલબાઈ અને નરહરિ જોશી મનમાં બહુ જ પ્રસન્ન થયાં કે મહીધરની પ્રીતિ તો સારી છે. પછી ખેરાળુમાં આવી નરહરિ જોશી મહીધર અને ફૂલબાઈએ દંડવત્પ્રણામ કરી વિનંતિ કરીને શ્રીગુસાંઈજીને અલીણા ગામમાં પધરાવ્યા. હવે શ્રીગુસાંઈજી અલીણા પધાર્યા, એટલે મહીધર અને ફૂલબાઈએ રૂપિયા અને મહોર એકઠાં કરી શ્રીગુસાંઈજી પર ન્યોછાવર કરી લુટાવ્યાં; અનેક વાજિંત્ર ગાનતાનથી આપશ્રીને ઘરમાં પધરાવ્યા. પછી મહીધર અને ફૂલબાઈને નવરાવીને નામનિવેદન કરાવ્યું. એમના ઘરમાં પ્રથમ શ્રીઠાકોરજી હતા તે લાલજીની મર્યાદા રીતે પૂજા કરતા. આ શ્રીઠાકોરજીને શ્રીગુસાંઈજીએ પંચામૃત સ્નાન કરાવી પાટે પધરાવ્યા અને મહીધર અને ફૂલબાઈને માથે પધરાવ્યા. મહીધર અને ફૂલબાઈએ શ્રીગુસાંઈજીને બહુ જ ભેટ કરીને પ્રીતિથી પાંચ દિવસ પોતાને ત્યાં રાખ્યા; પુષ્ટિમાર્ગની રીતિ બધી શીખી લીધી. પછી શ્રીગુસાંઈજી દ્વારકા પધાર્યા. આ વખતે મહીધરે અને ફૂલબાઈએ નરહરિ જોશીને બહુ જ વિનંતિ કરી કે તમારી કૃપાથી અમે વૈષ્ણવ થયાં; હવે અમારો નવો જન્મ થયો; શ્રીગુસાંઈજીએ કૃપા કરી.

ભાવપ્રકાશ—વૈષ્ણવનો સંગ એવો છે. 'आर्द्रार्द्रीकरणत्वम्' ભીંજેલું કપડું સૂકા કપડાને અડે તો સૂકું પણ ભીંજાઈ જાય, તેવી રીતે વૈષ્ણવના સંગથી વૈષ્ણવ થાય; જેમ શ્રીગિરિરાજના સંગથી પુલિંદીજીને ભગવદ્ભાવ ઉત્પન્ન થયો. માટે તાદશી વૈષ્ણવનો સંગ સર્વોપરિ છે.

પછી નરહરિ જોશી ભાઈબહેનની વિદાય લઈ પોતાને ગામ ખેરાળુ આવ્યા. પછી નરહરિ જોશીએ જગન્નાથ જોશીને કહ્યું કે મહીધર અને ફૂલબાઈની પ્રીતિ વાણીમાં આવી શકે એમ નથી. તે સરસ વૈષ્ણવ થયાં. ત્યારે આ જગન્નાથ જોશીએ કહ્યું કે શ્રીગુસાંઈજી જેના પર કૃપા કરે તે ભગવદીય થાય એમા શો સંદેહ? પછી સેવા કરવા લાગ્યાં.

વાર્તાપ્રસંગ ૩ જો.

ત્યાર પછી કેટલાક દિવસ પછી અલીણામાં આગ લાગી. પ્રાતઃકાળમાં નરહરિ જોશી ખેરાળુ ગામમાં બહાર જઇ દેહકૃત્ય તળાવ પર કરી નિત્યકર્મ કરી, ફૂલના કંડિયામાં ફૂલ તથા તુલસી ધરી, હાથમાં કંડિયો લઈ ઘેર આવતા હતા તે વખતે નરહરિ જોશીએ જાણ્યું કે અલીણા ગામમાં જબરી આગ લાગી છે. આ વખતે મનમાં વિચાર્યું કે મહીધર અને ફૂલબાઈ હમણાં જ નવાં વૈષ્ણવ થયાં છે. જો એમનું ઘર બળી જશે તો કદાપિ એ આવશે તો એમનો ધર્મ જશે–બગાડ થશે. આમ વિચારી ચોખ્ખી ધરતી જોઇ તુલસી અને ફૂલનો કંડિયો ભૂમિ પર મૂકી ઝારીથી જલ લઇ આસપાસ કુંડાળું કરી પાણી રેડવા લાગ્યા. જ્યારે અલીણા ગામની આગ બુઝાઇ ગઇ એવું જાણ્યું, ત્યારે મહીધરનું ઘર આ પ્રમાણે બચાવીને, પછી નરહરિ જોશી ફૂલ–તુલસી લઇ પોતાને ઘેર આવ્યા. પછી કેટલાક દિવસે અલીણા મહીધરને ત્યાં નરહરિ જોશી ગયા ત્યારે મહીધર અને ફૂલબાઇએ નરહરિ જોશીને કહ્યું કે અહીં અગ્નિનો ઉપદ્રવ બહુ જ થયો હતો; પણ શ્રીગુસાંઇજીની કૃપાથી અમારું ઘર બચ્યું. વૈષ્ણવ થયાં તેથી બચ્યાં, નહિ તો કોણ જાણે શું થાત? ત્યારે નરહરિ જોશીએ કહ્યું કે શ્રીગુસાંઇજી પરમ કૃપાળુ છે; વૈષ્ણવની સદા રક્ષા–છાયા કરતા જ આવ્યા છે; તેથી વૈષ્ણવનું સદા કલ્યાણ જ છે. આ પ્રકારે ભાઇ-બહેનનું સમાધાન કરીને પછી વિદાય થઇ ખેરાળુ પોતાને ઘેર આવ્યા. હવે બેઉ ભાઇ સેવાથી પહોંચીને પોતાના ઘરમાં બેઠા છે ત્યારે નરહરિ જોશીએ જગન્નાથ જોશીને કહ્યું કે એક દિવસ અલીણામાં આગ લાગી તે વખતે હું તળાવ પરથી પ્રાતઃકાળમાં નિત્યકર્મ કરીને આવતો હતો, તે વખતે ફૂલ અને તુલસીનો કંડિયો મારા હાથમાં હતો. અહીં રહ્યાં મેં અલીણામાં આગ લાગેલી જાણી એટલે ફૂલ તુલસીનો કંડિયો ભૂમિ પર મૂકી ઝારીનું જલ લઇ તુલસીની આસપાસ પાણી-નું કુંડાળું કરી મહીધર અને ફૂલબાઇનું ઘર બચાવ્યું. ત્યારે જગન્નાથ જોશીએ નરહરિ જોશીને કહ્યું: આવી હઠ કરીને શ્રીઠાકોરજીને શ્રમ

કરાવ્યો તે ઉચિત નથી. આ આપણા માર્ગની રીત નથી. વળી આપણે કોણ કે બચાવીએ? શ્રીઠાકોરજી સર્વસામર્થ્યયુક્ત છે, તે બધી લીલાઓ કરે છે. ત્યારે નરહરિ જોશીએ જગન્નાથ જોશીને કહ્યું કે મેં શ્રીઠાકોરજી સાથે હઠ કરી. મારા મનમાં એમ આવ્યું કે મહીધર અને ફૂલબાઇ હમણાંજ નવાં વૈષ્ણવ થયાં છે. જો એમના ઘરમાં અગ્નિનો ઉપદ્રવ થાય તો કદાચ એમના મનમાં એમ આવે કે અમે હમણાંજ નવાં વૈષ્ણવ થયાં છીએ અને તરત જ આગ લાગી તેથી એતન્માર્ગમાંથી પ્રીતિ ઘટી જાય તો એમને ભગવત્પ્રાપ્તિમાં અંતરાય થાય. હવે તેમનો દૃઢ વિશ્વાસ શ્રીગુસાંઇજી પર અને પુષ્ટિમાર્ગ પર થયો કે અમે વૈષ્ણવ થયાં તેથી બચ્યાં. આવી દૃઢતાને માટે મેં એટલું કર્યું, બીજું કોઇ પ્રયોજન મારે નહોતું. ત્યારે બેઉ ભાઇ હસીને ચૂપ થઇ ગયા; કે પ્રભુ મહા કૌતુકી (ખેલાડી) છે; એમની ઇચ્છાથી બધું થાય છે. આ નરહરિ જોશી, જગન્નાથ જોશી અને એમની માતા ત્રણે મહાન ભગવદીય છે; ફાવે તે કરે. એમના સંગથી મહીધર અને ફૂલબાઇને શ્રીઠાકોરજીમાં દૃઢ વિશ્વાસ થયો; પ્રીતિથી સેવા કરવા લાગ્યા. હવે કેટલાક દિવસ પછી શ્રીઠાકોરજી ફૂલબાઇ અને મહીધરને સાનુભાવ જણાવવા લાગ્યા. એમની વાર્તા કયાંસુધી કહીએ? નરહરિ જોશી જગન્નાથ જોશી અને એમની માતા મળીને એક વાર્તા જાણવી. ॥ વાર્તા ૭૧ ॥

વાર્તા ૭૨ મી.

શ્રીઆચાર્યજીના સેવક રાણાવ્યાસ સાચોરા બ્રાહ્મણ ગોધરાના વાસી તેમની વાર્તા અને એનો ભાવ.

---

૧. આ શ્રીઆચાર્યજીનાં સેવકોની વાર્તા પરથી એમ જણાય છે કે શ્રીમહાપ્રભુજીનું નામ भक्तेच्छापूरक છે, તે બરાબર પુરાવા સાથે જણાય છે. જગન્નાથ અને શ્રીનરહરિ જોશીની માનસી પ્રમાણે જ શ્રીમહાપ્રભુજીએ પોતાનું સ્વરૂપ બતાવ્યું. પોતાનું ઇશ્વરત્વ તેમને જોવું હતું; તેથી મહોર માતાએ ભેટ કરવા આપેલી ધરી નહિ તો શ્રી-આચાર્યજીએ માગી લીધી. વળી જગદીશ્વર પાસે દર્શનમાં અને પોતે બિરાજતા હતા ત્યાં એકી સાથે દર્શન આપી પોતે અનેક સ્વરૂપ ધારણ કરી શકે છે તે દર્શાવ્યું. એ જ રીતે અનેક વૈષ્ણવોને ત્યાં પ્રભુનાં પણ જુદાં જુદાં અનેક સ્વરૂપો છે તે દર્શાવ્યું.

ભાવપ્રકાશ—આ રાણાવ્યાસ લીલામાં 'ઇંદુલેખા' શ્રીસ્વામિનીજીની સખી છે તેની સખી 'નાગવેલિકા' એનું નામ છે. આ રાણાવ્યાસ બાર વરસના થયા ત્યારે એક વૈરાગીનો એમને સંગ થયો. તે વૈરાગી ચાર ધામ ફરીને આવ્યો હતો. તેણે બદરિકાશ્રમની વાત, શ્રીજગન્નાથરાયજીની વાત, રંગનાથજીની વાત, શ્રીરણછોડજીની વાત, તથા બધાનું માહાત્મ્ય કહ્યું. હવે રાણાવ્યાસ અર્ધી રાતે ઊઠીને ચાલ્યા તે પ્રથમ બદરિકાશ્રમ ગયા. ત્યાં માર્ગમાં બહુ જ દુઃખ પડયું. ત્યાં જઈ બદરિનાથજીનાં દર્શન કર્યાં, પણ મન પ્રસન્ન થયું નહિ, કારણ કે ત્યાં ટાઢ બહુ જ હતી, અને માર્ગ એવો છે કે પ્રાણ જાય. પછી શ્રીજગદીશ ગયા. ત્યાં દર્શન કરવાથી કંઇક પ્રસન્નતા થઇ. પછી રોગથી બહુ જ માંદા પડ્યા અને એક મહિને સાજા થયા, ત્યારે મનમાં વિચારે કે જો ફરી માંદો પડીશ તો મરી જઇશ, માટે અહીંથી ચાલો. પછી દક્ષિણમાં આવી શ્રીરંગનાથજીનાં દર્શન કર્યાં. ત્યારે મનમાં આવ્યું કે આમનાં દર્શન શી રીતે કરું? ચરણનાં કરું છું તો મુખનાં થતાં નથી, અને મુખનાં કરું છું તો ચરણનાં દર્શન થતાં નથી. એ સ્વરૂપ બહુ જ મોટું છે, માટે હવે દ્વારકા જાઉં, તેથી દ્વારકા આવ્યા. ત્યાં શ્રીરણછોડજીનાં દર્શન કર્યાં. ત્યાં ચરણસ્પર્શ કરાવવા વિનંતિ કરી, તો ત્યાંના પંડ્યાઓએ કહ્યું કે આટલું દ્રવ્ય ખર્ચો, તો ચરણસ્પર્શ કરો. અહીં રાણાવ્યાસે વિચાર્યું કે અહીં બ્રહ્મચારીઓ દ્રવ્યની લાલચે જ ચરણસ્પર્શ કરાવે છે અને શ્રીઠાકોરજીનું દ્રવ્ય લઈ જાય છે, માટે અહીં પણ રહેવું ઉચિત નથી, કારણ કે જ્યાં ચિત્તમાં દોષ આવે ત્યાં રહેવાથી કલ્યાણ ન થાય—બગાડ થાય, આમ વિચારી દ્વારકાથી ચાલ્યા, અને ગુજરાતમાં ગોધરા પોતાને ઘેર આવ્યા.

અહીં માતાપિતા બહુ જ વૃદ્ધ થયાં હતાં. આઠ વરસે રાણાવ્યાસ આવ્યા ત્યારે માતાપિતાએ કહ્યું: બેટા, તું ક્યાં નીકળી ગયો હતો? ઘરમાં રહ્યો હોત તો તારો વિવાહ કરત. હજુ પણ ઘરમાં રહો, આપણી ન્યાતની રીતભાત પ્રમાણે ચાલો તો વિવાહ થાય. ત્યારે રાણાવ્યાસે કહ્યું કે હું તો સદા બ્રહ્મચારી રહીશ. વિવાહ કરીને શું નરકમાં પડું? હું તો ઇંદ્રિયજિત છું. આ સાંભળી માતાપિતા ચૂપ રહ્યાં. હવે માતાપિતાના દેહ છૂટ્યા, એટલે સંસ્કાર કરી મનમાં પ્રસન્ન થયા કે હવે બંધન છૂટયું; હવે હું ચાહીશ તે પ્રકારે

કરીશ. પાંચ દશ હજાર રૂપિયા પણ છે. આ પ્રમાણે ઇંદ્રિયજિતનો અહંકાર હતો અને વળી દ્રવ્યનો અહંકાર થયો; આથી અહંકારના તોરમાં કોઈ સાથે બોલે પણ નહિ. ગામમાં મોટો સિદ્ધ કહેવાતો. જગન્નાથ જોશી પણ રાણાવ્યાસ પાસેથી નામ પામ્યા હતા. પછી માતાના કહેવાથી જગન્નાથ જોશી શ્રીઆચાર્યજીના સેવક થયા. વળી રાણાવ્યાસ કંઈક ભણ્યા પણ હતા. આથી મનમાં આવ્યું કે આ ગામમાં તો બધા મૂર્ખ છે; કાશીમાં જઈ કોઇની સાથે વાદવિવાદ કરું. આવો અહંકાર કરી ઘરમાંથી થોડું ઘણું દ્રવ્ય લઈ કાશીમાં મોટા મોટા પંડિતો જ્યાં વાદ કરતા હતા ત્યાં ગયા. ત્યાં હાર્યા અને શરમિંદા બની ગયા. હવે મનમાં વિચાર કર્યો કે 'મધરાતની વેળાએ ગંગાજીમાં ડૂબી મરું.' આમ વિચાર કરી ભૂખ્યા જ ગંગાજીને કાંઠે હનુમાનઘાટ છે ત્યાં જઈને સંધ્યા સમે બેઠા, કે રાત્રિ પડે ને કોઈ જાણે નહિ એમ ડૂબી મરું. ત્યાં આગળ (આ જ વખતે) શ્રીઆચાર્યજી પધાર્યા. આપશ્રીને એક વૈષ્ણવે પૂછ્યું કે, "મહારાજ, ગંગાજીમાં ડૂબી મરે તેને ગંગાજી કશું ફળ આપે?" ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે અહંકારથી, કોઇ સાથે લડીને હારવાથી ડૂબે તો કશું ફળ નહિ—સાપની યોનિ પ્રાપ્ત કરે, આત્મહત્યા લાગે. મહાદુષ્ટ હોય તે એવી રીતે મરે. રોગથી પીડાતો હોય, તે દીનતાપૂર્વક સંન્યાસ લઈ ડૂબે તો કંઇક ફળ મળે—અને તે પણ મરતી વખતે શ્રીઠાકોરજીમાં ચિત્ત રહે તો, નહિ તો દુર્ગતિ થાય. આ વાત સાંભળતાં જ રાણાવ્યાસને લાગ્યું કે આ મહાપુરુષ છે. એમ જાણી આવીને શ્રીઆચાર્યજીને વિનંતિ કરી કે મહારાજ, સારું થયું કે આ વૈષ્ણવે આવી વાત પૂછી. હું ગંગાજીમાં ડૂબી મરવા સવારનો ભૂખ્યો બેઠો છું, કે મધરાત્રિ થાય ત્યારે ડૂબું; પણ હવે મારો ઉદ્ધાર થાય તેવું બતાવો. હું આપને શરણે છું. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું: તમે પણ નામ તો આપો છો, સ્વામી કહેવાઓ છો, પોતાની જાતને બહુ યોગ્ય માનો છો, તો હવે સેવક થવાની વાત શા માટે કરો છો? ત્યારે રાણાવ્યાસે વિનંતિ કરી કે મહારાજ, અહંકાર તો બહુ જ હતો, પણ કાશીમાં જ્યાં જ્યાં પંડિતો સાથે વાદવિવાદ થયો ત્યાં ત્યાં હાર્યો, તેથી ગંગાજીમાં ડૂબવા ઊભો છું. પણ મારા ભાગ્યમાં કંઈ સારું થવાનું હશે કે આ સમયે આપનાં દર્શન થયાં—હુ બહુ દીન છું, અનાથ છું, તેથી આપ મારા પર કૃપા કરો. ત્યારે શ્રીઆચાર્યજીએ રાણાવ્યાસને કહ્યું, કે જાઓ ગંગાજીમાં નાહી આવો; એટલે રાણાવ્યાસ ગંગાજીમાં નાહી આવ્યા. પછી

શ્રીમહાપ્રભુજીએ નામ સુણાવી બ્રહ્મસંબંધ કરાવ્યું; અને આજ્ઞા કરી કે જ્યાં જ્યાં પંડિતોથી હાર્યા હો, ત્યાં ત્યાં જાઓ અને તે બધાને વાદ કરીને જીતી આવો. પછી રાત્રે રાણાવ્યાસે રસોઈ કરી, ભોગ ધરીને મહાપ્રસાદ લીધો. મનમાં આનંદ થયો. પછી પ્રાતઃકાલે નાહીને શ્રીઆચાર્યજીને દંડવત્પ્રણામ કર્યા, ત્યારે શ્રીઆચાર્યજીએ ચતુઃશ્લોકી શિખવાડીને કહ્યું કે જાઓ, પંડિતો સાથે વાદ કરી આવો. પછી તેમણે સઘળા પંડિતોને શ્રીઆચાર્યજીના પ્રમેયબળના પ્રતાપથી એક જ વચનમાં જીત્યા. પછી ત્રીજે પહોરે આવી શ્રીઆચાર્યજીને દંડવત્પ્રણામ કરી વિનંતિ કરી, ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે પંડિતોને તો જીત્યા પણ અહંકાર ન કરશો. જે વસ્તુનો અહંકાર કરશો તે વસ્તુ નાશ પામશે. ત્યારે રાણાવ્યાસે વિનંતિ કરી કે મહારાજ, હવે અહંકાર નહિ કરું. અહંકારથી બહુ જ દુઃખ પામ્યો. હવે એવો અનગ્રહ કરો કે પ્રભુની કૃપા થાય. મારો જન્મ આમ જ ભટકતાં વહી ગયો છે. આ વિનંતિથી શ્રીઆચાર્યજીએ કહ્યું કે જાઓ, પ્રભુનું સ્વરૂપ ક્યાંકથી લઈ આવો, એટલે રાણાવ્યાસે બજારમાં જઈ ન્યોછાવર આપી એક શ્રી-લાલજીનું સ્વરૂપ લીધું. આ સ્વરૂપને પંચામૃત સ્નાન કરાવી શ્રીઆચાર્યજીએ રાણાવ્યાસને માથે પધરાવી કહ્યું, કે આજ સુધી તું બહુ જ ભટક્યો છે; હવે ઘેર જઈ મન લગાવી પ્રભુની સેવા કર. હવે રાણાવ્યાસ શ્રીઆચાર્યજીને દંડવત્ પ્રણામ કરી વિદાય લઈ પોતાને ઘેર આવ્યા અને સેવા કરવા લાગ્યા.

વાર્તાપ્રસંગ ૧ લો.

પ્રથમ જગન્નાથ જોશી રાણાવ્યાસ પાસેથી નામ પામ્યા હતા. હવે જગન્નાથ જોશીએ સાંભળ્યું કે રાણાવ્યાસ શ્રીઆચાર્યજીના સેવક થઇ આવ્યા, ત્યારે તેઓ ગોધરા આવ્યા અને રાણાવ્યાસને મળ્યા; બેઉ જણ પ્રસન્ન થયા. પછી જગન્નાથ જોશી રાણાવ્યાસ પાસે બહુ જ રહેતા.

ભાવપ્રકાશ——રાણાવ્યાસના મનમાં પંડિતાઈનું અભિમાન હતું તે તો જતું રહ્યું; પણ ઇંદ્રિયજીતનો અહંકાર હતો, આથી શ્રીઠાકોરજીએ આ અહં-કાર દૂર કરવા માટે એક કૌતુક રચ્યું.

ભગવદિચ્છાથી ગોધરાની દેસાઇયણ સાથે રાણાવ્યાસનો સંગ થયો. કોઇએ રાણાવ્યાસની આ વાત દરબારમાં કહી તેથી

હાકેમના સિપાઈઓ રાણાવ્યાસને લેવા આવ્યા એટલે જગન્નાથ જોશીએ રાણાવ્યાસને અને આ દેસાઇયણને બીજે ગામ મોકલી દીધાં અને રાણા વ્યાસના ઘરમાં જગન્નાથ જોશી રહ્યા. પ્રભુની સેવા કરી રાજભોગથી પહોંચ્યા એટલામાં હાકેમના સિપાઇ આવ્યા તેમણે પૂછયું કે રાણાવ્યાસ ક્યાં છે? ત્યારે જગન્નાથ જોશીએ કહ્યું કે શું કામ છે? ત્યારે સિપાઈઓ કહે કે રાણાવ્યાસે અન્યાય કર્યો છે, તેથી તેમને હાકેમ પાસે લઇ જઇશું. એટલે જગન્નાથ જોશીએ કહ્યું કે રાણાવ્યાસ તો કંઈક ગયા છે; ચાલો, હાકેમને હું જવાબ દઇ જાઉં. એટલે સિપાઇઓએ જગન્નાથ જોશીને લઇ જઇ હાકેમની આગળ ખડા કર્યા. હવે હાકેમે પૂછયું કે રાણાવ્યાસ ક્યાં છે? એને લાવો. રાણાવ્યાસે પારકી સ્ત્રી સાથે અન્યાય કર્યો છે, એને કેમ ન લાવ્યા? આ તો જગન્નાથ જોશી છે. એમને તો હું સદાચારી જાણું છું. જેનું નામ જગન્નાથ જોશી છે તે કદી અન્યાય ન કરે; અન્યાય તો રાણાવ્યાસે કર્યો છે; માટે રાણાવ્યાસ-ને લઇ આવો. ત્યારે જગન્નાથ જોશીએ કહ્યું કે તમે મારી વાત સાંભળો. રાણાવ્યાસે અન્યાય કર્યો નથી. કોઇએ ખોટી ચૂગલી (ચાડી) કરી છે. જેનું નામ રાણાવ્યાસ છે તે કદી પણ અન્યાય ન કરે. ત્યારે હાકેમે કહ્યું કે તે કેમ જણાય કે રાણાવ્યાસે અન્યાય નથી કર્યો? એટલે જગન્નાથ જોશીએ કહ્યું કે કહો તે પ્રમાણ આપું. એટલે હાકેમે એક ગાડાના પૈડાની લોઢાની વાટ મંગાવી તેને અગ્નિમાં મૂકી તપાવી ને રાતીચોળ થઇ ત્યારે હાકેમે કહ્યું કે આને ઉઠાવીને નાખો; દાઝો નહિ તો રાણાવ્યાસ સાચા. એટલે આ જગન્નાથ જોશીએ વાટ પાસે આવી ઊભા રહીને કહ્યું કે જો રાણા-વ્યાસે અન્યાય કર્યો હોય તો મારો હાથ બળી જજો. આમ બોલ-તાં સાથે જ અગ્નિમય વાટ શીતળ થઇ ગઇ. જગન્નાથ જોશીએ હાથમાં પકડી આ વાટ ગળામાં પહેરી લીધી અને એક ઘડી ઊભા રહ્યા. આથી હાકેમે ને અન્ય લોકોએ કહ્યું: જગન્નાથ, ગળામાંથી જલદી કાઢો કાઢો, તમે સાચા છો. એટલે જગન્નાથ જોશીએ કહ્યું કે આ કોના ગળામાં નાખું? એટલે હાકેમે બહુ જ કાલાવાલા

કરી વિનંતિ કરી, એટલે ભૂમિ પર નાખી દીધી તો ભૂમિ સળગી ઊઠી. એટલે સઘળાએ આશ્ચર્ય પામીને કહ્યું કે જગન્નાથ જોશી, તમને ધન્ય છે; તમે સાચા છો. પછી હાકેમે જગન્નાથ જોશીને કહ્યું કે હું તમારા પર બહુ જ પ્રસન્ન થયો છું, માટે તમે કંઈક માગો. ત્યારે જગન્નાથ જોશીએ એ હાકેમને કહ્યું કે જેણે તમારી પાસે રાણાવ્યાસની ચાડી ચૂગલી કરી છે તેને કશી સજા ન કરશો; આ હું માગી લઉં છું. જગન્નાથ જોશીનાં આવાં વચન સાંભળીને હાકેમ અને બધા પ્રસન્ન થયા, અને કહ્યું કે તમને ધન્ય છે; ચૂગલી કરનારને પણ બચાવ્યો, નહિ તો હું તેને મારી નંખાવત. આવા માણસો ધરતી પર વિરલ જ છે. પછી જગન્નાથ જોશી પોતાને ઘેર આવ્યા. પછી રાણાવ્યાસ પણ ઘેર આવ્યા, અને જગન્નાથ જોશીને કહ્યું કે તમે મારે માટે બહુ જ દુઃખ વેઠયું. ત્યારે જગન્નાથ જોશીએ કહ્યું કે વૈષ્ણવ કદી હીન કાર્ય ન કરે.

ભાવપ્રકાશ—આ પછી રાણાવ્યાસના મનમાં ઇંદ્રિયજિતનું અભિમાન હતું તે છૂટી ગયું.

પછી રાણાવ્યાસે પ્રભુની સેવામાં મન પરોવ્યું એટલે શ્રીઠાકોરજી સાનુભાવ જણાવવા લાગ્યા.

ભાવપ્રકાશ—આ વાર્તામાં એ સિદ્ધાંત જણાવ્યો કે અહંકાર કે ગર્વ હોય ત્યાંસુધી શ્રીઠાકોરજી અનુભવ ન આપે. વળી પોતાના ભક્તનું અભિમાન પોતે દંડ દઇને છોડાવે છે. વળી સાચો વૈષ્ણવ કદી હીન કાર્ય કરે નહિ. વળી કદાચિત્ ભગવદીયથી કશું ખોટું કામ બની ગયું હોય તો પણ મનમાં દોષબુદ્ધિ ન લાવવી, (કારણ કે) ભગવદીય એવું કરે નહિ, એમાં પ્રભુની કૃતિ જાણવી. વળી જીવ માત્ર પર દયા રાખવી. ચોર હોય, ચૂગલીખોર હોય તેને પણ જો આપણું ચાલતું હોય તો બચાવવો—રક્ષા કરવી. આવો વૈષ્ણવનો ધર્મ છે વગેરે સિદ્ધાંત પ્રકટ બતાવ્યો. આ રાણાવ્યાસ પ્રથમ જ્યારે ઘેરથી નીકળ્યા હતા ત્યારે બદરીનાથ જગન્નાથપુરી થઇ પછી દ્વારકામાં આવ્યા હતા, ત્યાં માધવ સરસ્વતી એક પંડિત બ્રાહ્મણ હતો તેના સેવક થયા

હતા ને તેની પાસે નામ પામ્યાં હતા. પછી કાશીમાં શ્રીઆચાર્યજીના સેવક થયા, તે તો ઉપર કહ્યું છે.

વાર્તાપ્રસંગ ૨ જો.

રાણાવ્યાસ ગોધરાથી સિદ્ધપુર જઈને રહ્યા. હવે એકવાર રાણાવ્યાસ અને જગન્નાથ જોશી સરસ્વતીમાં નાહીને સંધ્યાવંદન કરતા બેઠા હતા, તે વખતે એક રજપૂતાણીનો ધણી મરી ગયો તેથી તે સતી થવાને આવી. આ વખતે જગન્નાથ જોશીએ રાણાવ્યાસને પૂછ્યું કે આ સતી થાય છે તેનો શો પ્રકાર છે? ત્યારે રાણાવ્યાસે માથું હલાવીને જગન્નાથ જોશીને કહ્યું કે પ્રેતની સાથે વૃથા આ દેહ બાળે છે. આવો સુંદર દેહ ભગવત્સેવામાં લાગે તો ઉદ્ધાર થઇ જાય. પ્રેત (મુડદા)ની સાથે બળે છે તે વૃથા જન્મ ખુએ છે. આવી રીતે રાણાવ્યાસે માથું હલાવીને કહ્યું તે વખતે આ રજપૂતાણીની દૃષ્ટિ રાણાવ્યાસ તરફ હતી. આ પ્રમાણે માથું હલાવતાં જોતાંની સાથે સતીનું સત ઊતરી ગયું, એટલે રજપૂતાણીએ સાથેના લોકોને કહ્યું કે હું સતી નહિ થાઉં, મારું સત ઊતરી ગયું છે. ત્યારે લોકોએ આ ક્ષત્રાણીને કહ્યું કે તને ઘરમાં તો નહિ જવા દઇએ, તને અહીં જ બાળીશું. ત્યારે રજપૂતાણીએ કહ્યું કે હું ઘેર નહિ આવું. આ નદીને કાંઠે મને ઝૂંપડી કરી આપજો, ત્યાં જ રહીશ. જો મને પરાણે બાળી મૂકશો તો તમને બધાને હત્યા લાગશે. આમ કહીને બધાંને સોગંદ આપ્યા કે મને બાળશો નહિ. આથી આ મૃત દેહને બાળીને સરસ્વતી નદી પર એક ઝૂંપડી બાંધીને બધાં સગાંસંબંધી પોતપોતાને ઘેર ગયાં. પછી બીજે દિવસે રાણાવ્યાસ અને જગન્નાથ જોશી સરસ્વતીમાં નહાવા ગયા ત્યારે આ રજપૂતાણીએ રાણાવ્યાસને પૂછ્યું કે કાલે તમે મારા તરફ જોઇને માથું કેમ ધુણાવ્યું? ત્યારે રાણાવ્યાસે રજપૂતાણીને કહ્યું કે અમે તો એક બીજા સાથે એવી અનેક વાતો કરીને હસતા હતા; આ વાતમાં તને શું મળશે? ત્યારે રજપૂતાણીએ કહ્યું કે હવે મારાથી શા માટે છુપાવો છો? તમે શિર ધુણાવીને વાત કરી એથી મારું

સત ઊતરી ગયું ને હું બળી નહિ; માટે હવે જે ખરી વાત હોય તે ને હવે જે મારું કર્તવ્ય હોય તે મને કહો; તે હું કરું. તમે મને અગ્નિમાં બળતી બચાવી તો કૃપા કરીને ખરી વાત, ખરો રસ્તો બતાવવો જોઇએ. આવી રીતે રજપૂતાણીએ બહુ જ આગ્રહ કર્યો ત્યારે રાણાવ્યાસે કહ્યું કે અમે માંહોમાંહો એમ કહેતા હતા કે આ મનુષ્યદેહ પરમ ઉત્તમ મેળવીને નકામો પ્રેત-મુડદાની સાથે બાળે છે; આ દેહથી જો શ્રીઠાકોરજીનાં ભજન કીર્તન ને સ્મરણ ન કર્યું તેને ધિક્કાર છે; તે મહાદુષ્ટ છે.

ભાવપ્રકાશ—જો શ્રીઠાકોરજીના કાર્યમાં આ દેહ કામ આવે તો કૃતાર્થ થાય. તેની બરાબર કોઈ નહિ. આ વાત અમે કરતા હતા.

ત્યારે આ રજપૂતાણીએ કહ્યું કે હવે હું તમારે શરણે છું. તમે જેવી રીતે મને કહો તેવી રીતે હું ભજન સ્મરણ કરીશ. મારો પરલોક સુધરે એમ મારા પર કૃપા કરો. ત્યારે રાણાવ્યાસે કહ્યું કે હમણાં તો તારે સૂતક છે; સૂતક ઊતર્યા પછી આવજે; ત્યારે અમે તને કહીશું. એટલે આ રજપૂતાણી દંડવત્પ્રણામ કરી પોતાની ઝૂંપડીમાં ગઇ; પણ આર્તિ બહુ જ થઇ—એક એક ઘડી યુગ સમ વીતે કે ક્યારે સૂતક ઊતરે અને રાણાવ્યાસ મને ભજન કીર્તનનો માર્ગ બતાવે તેવી જ રીતે હું શ્રીઠાકોરજીનાં ભજનકીર્તન કરું.

ભાવપ્રકાશ—આવી આર્તિ દૈવી જીવ છે તેથી થઈ. લીલામાં ઇંદુલેખાની સખી 'મધુરા' અને મધુરાની સખી 'નાગવેલિકા'નું પ્રાકટ્ય રાણા-વ્યાસ છે, અને નાગવેલિકાની સખી 'રસએની' છે, આ આજ્ઞાકારી સખી રસએનીનું પ્રાકટ્ય આ રજપૂતાણી છે. મતલબ કે લીલામાં પણ રાણાવ્યાસની આ આજ્ઞાકારી સખી છે, તેથી જ રાણાવ્યાસ પર આ રજપૂતાણીનો દૃઢ વિશ્વાસ થયો કે આના દ્વારા મારો ઉદ્ધાર થશે.

પછી જ્યાંસુધી સૂતક રહ્યું ત્યાંસુધી રાણાવ્યાસ સરસ્વતી પર નહાવાને આવે ત્યારે નિત્ય દર્શન કરી દીનતાપૂર્વક વિનંતિ કરી જાય કે મારો અંગીકાર ક્યારે થશે? એમ કરતાં કરતાં સૂતક ઊતર્યું

ત્યારે નાહીને શુદ્ધ થઇને નદી પર બેસી રહી. તે વખતે રાણાવ્યાસ નદી પર નહાવાને આવ્યા; રજપૂતાણી રાણાવ્યાસની સન્મુખ આવી દંડવત્પ્રણામ કરી વિનંતિ કરી : હવે મારા પર કૃપા કરો. ત્યારે રાણાવ્યાસે કહ્યું કે કાલે સવારે આવજે, એટલે તને કહીશું. એટલે દંડવત્પ્રણામ કરી ઝૂંપડીમાં ગઇ; ભારે વિરહના દુઃખને લીધે કશું ખાનપાન કર્યું નહિ; પ્રાતઃકાળ થયો ત્યારે નાહીને સરસ્વતી પર બેસી રહી. એટલામાં રાણાવ્યાસે આવીને સરસ્વતીમાં સ્નાન કરી આ રજપૂતાણીને કહ્યું કે ફરી નાહી લે. પછી રાણાવ્યાસે એને રેશમી વસ્ત્ર આપ્યું ને કહ્યું કે આને પહેરી લે, એટલે રજપૂતાણીએ એ રેશમી વસ્ત્ર પહેર્યાં. હવે રાણાવ્યાસે તેને બેસાડીને શ્રીઆચાર્યજી મહાપ્રભુજીનું ધ્યાનસ્મરણ કરીને તેને નામ સુણાવ્યું. નામ સાંભળતાં સાથે જ આ રજપૂતાણીને ભગવદ્ભાવ ઉત્પન્ન થયો; એટલે સ્ત્રીએ રાણાવ્યાસને વિનંતિ કરી કે હવે મને ટેલ બતાવો તે કરું. ત્યારે રાણાવ્યાસે પોતાની ધોતી બતાવીને કહ્યું કે સરસ ધોઇને ઘેર આવજે; વળી અષ્ટાક્ષર મંત્રના જપ આઠે પહોર સુખેથી કર્યા કરજે: પછીથી બીજી સેવા આપીશું. તે ધોતી સરસ ધોઇને લાવી. રાણાવ્યાસે શ્રીઠાકોરજીની સેવા કરી, રાજભોગ આરતીનાં દર્શન આ રાજપૂતાણીને કરાવ્યાં. પછી મહાપ્રસાદની પાતળ ધરી. આ પ્રકારે કેટલાક દિવસ ધોતી ઉપરણાં પરદની વગેરે વસ્ત્ર ધોવાની સેવા આપી. તે પ્રીતિપૂર્વક પોતાનું ભાગ્ય માનીને સઘળાં વસ્ત્ર ધોઇ લાવતી અને મહાપ્રસાદ રાણાવ્યાસને ત્યાં લેતી.

ભાવપ્રકાશ—વસ્ત્ર ધોવાની સેવા સોંપવાનું કારણ એ છે કે જેમ જેમ ભગવદીયોનાં વસ્ત્રો ધુએ, તેમ તેમ હૃદય શુદ્ધ થાય. જેમ વસ્ત્રોનો મેલ નીકળતો ગયો તેમ તેમ હૃદયમાંથી કામ ક્રોધ મદ મત્સર લોભ અને મોહ વગેરે મેલ સઘળા દૂર થયા, ત્યારે તો શુદ્ધ થઈ.

પછી રાણાવ્યાસના ઘરમાં બધુ કામકાજ સીધું સામગ્રી સમારવાં વગેરે ઉપરની બધી સેવા કરવા લાગી. એમ કરતાં કરતાં કેટલાક દિવસ પછી શ્રીઆચાર્યજી પધાર્યા ત્યારે રાણાવ્યાસે શ્રીઆચાર્યજીને પોતાને

ઘેર પધરાવ્યા અને વિનંતિ કરી રજપૂતાણીની બધી હકીકત કહી: આપ હવે કૃપા કરીને એને સેવક કરો. એટલે શ્રીઆચાર્યજીએ દૈવી જીવ જાણીને આ રજપૂતાણીને નામનિવેદન કરાવ્યું. પછી કેટલાક દિવસ સિદ્ધપુરમાં રહીને આપશ્રી દ્વારકા પધાર્યા. હવે આ રજપૂતાણી રસોઇની બધી પરચારગી કરે. હવે તેને શ્રીઠાકોરજી સાનુભાવ જણાવવા લાગ્યા. આવી રીતે રાણાવ્યાસના સંગથી આ રજપૂતાણીને ભગવત્પ્રાપ્તિ થઈ.

ભાવપ્રકાશ—આમાં એ બતાવ્યું કે ભગવદીયનો સંગ પરમ ઉત્તમ છે. ભગવાનનું ભજન સ્મરણ કરતાં પણ બહુ જ સમયે કૃપા થાય, પરન્તુ ભગવદીય સર્વસામર્થ્યયુક્ત છે. એના ક્ષણમાત્રના સંગથી ભગવાન કૃપા કરે છે, આ બતાવ્યું.

આ રાણાવ્યાસ એવા કૃપાપાત્ર ભગવદીય છે કે જેમના સંગથી રજપૂતાણી ભગવદીય થઇ; એમની વાર્તા કયાંસુધી કહીએ? ॥ વાર્તા ૩૨ ॥

વાર્તા ૩૩ મી.

હવે શ્રીઆચાર્યજીના સેવક રામદાસ સાચોરા રાજનગરના વાસી તેમની વાર્તા અને એનો ભાવ.

ભાવપ્રકાશ—લીલામાં શ્રીસ્વામિનીજીની સખી 'ઇંદુલેખા', ઇંદુલેખાની સખી 'સુભગા'. આ સુભગાનું પ્રાકટ્ય રામદાસ છે. અને સુભગાની સખી 'સુભદ્રા' તે રામદાસની સ્ત્રીનું પ્રાકટ્ય છે. આ બેઉ રાજનગરમાં સાચોરા બ્રાહ્મણને ત્યાં જન્મ્યાં. આ રામદાસ નવ વરસના થયા અને સ્ત્રી આઠ વરસની થઇ એટલે માબાપે બેઉનો વિવાહ કર્યો. પરન્તુ રામદાસને નાનપણથી વૈરાગ્ય દશા હતી; કોઇના પર મોહ કરે નહિ તેમ કોઈનું કહ્યું પણ કરે નહિ. માતાપિતાએ ભણાવવા બહુ જ કર્યું, પણ કશું ભણ્યા નહિ. હવે એક વાર તળાવ પર રામદાસ બેઠા હતા ત્યાં તેલી દશ પાંચ ગાડાં લઇને આવ્યો. તેણે બળદોને પાણી પાયું. તેમાંથી એક બળદ પાણી પીને તળાવ ઉપર જ ગબડી પડ્યો અને મરી ગયો, એટલે આ તેલી રડવા લાગ્યો; ત્યારે રામદાસે

આ તેલીને પૂછ્યું કે તું કેમ રડે છે? ત્યારે તેલીએ કહ્યું કે મારો બળદ પાણી પીને હમણાં જ આ મરી ગયો. હવે રામદાસ તો દસ વરસના બાળક તેથી કશું સમજ્યા નહિ, એટલે તેલીને પૂછ્યું કે આનું શું મર્યું? આ પડ્યો છે, તેને ઉઠાડો. ત્યારે તેલીએ કહ્યું કે હવે એ શું ઊઠે? એના પ્રાણ નીકળી ગયા. ત્યારે રામદાસે કહ્યું કે, આ રીતે જ ગર્વે મરી જવાના. એટલે તેલીએ કહ્યું કે આ જ દશા બધાની થવાની; કોઈ બે દિવસ આગળ તો કોઇ પાછળ, પણ સૌ મરવાના જ. આ સાંભળતાં જ રામદાસ ત્યાંથી નાઠા, તે કેટલેક દિવસે દ્વારકા આવ્યા, ને શ્રીરણછોડજીનાં દર્શન કર્યાં. શ્રીઆચાર્યજી ત્યાં શ્રીસુબોધિનીજીની કથા કરતા હતા. રામદાસ ત્યાં આવ્યા અને કથા સાંભળી બહુ જ પ્રસન્ન થયા. આ વખતે મનમાં એવું થયું કે શ્રીઆચાર્યજીની સાથે રહીને કેટલાક દિવસ એમની કથા સાંભળીએ; એમનો સેવક થાઉં તો સારું. પછી આપ કથા કહી ચૂક્યા, એટલે રામદાસે દંડવત્પ્રણામ કરી વિનંતિ કરી: મહારાજ, મને શરણે લો; પાસે રાખો તો હું થોડા દિવસ આપના મુખની કથા સાંભળું. ત્યારે શ્રીઆચાર્યજીએ પૂછ્યું કે તું કોણ છે? ક્યાંથી આવ્યો? એટલે રામદાસે બધી વાત કહી: હું રાજનગરમાં રહું છું અને સાચોરાનો દીકરો છું. ત્યાં તળાવ પર એક તેલીનો બળદ મરી ગયો તે જોઇને મને વૈરાગ્ય આવ્યો છે, ત્યાંથી જ ઊઠીને નાઠો. અહીં આપનાં દર્શન થયાં. ત્યારે શ્રીઆચાર્યજીએ વિચાર્યું કે જીવ તો દૈવી છે, પણ અવસ્થા નાની છે. જો આને પાસે નહિ રાખું તો સંસારમાં દુઃસંગ છે, ક્યાંક ખરાબ થઇ જશે, તેથી થોડા દિવસ સાથે રાખી, એને દૃઢ વૈરાગ થાય ત્યારે છોડવો. આમ વિચારી રામદાસને કહ્યું કે જા, નાહી આવ. એટલે રામદાસ નાહી આવ્યા. પછી શ્રીઆચાર્યજીએ નામ પમાડયું, મહાપ્રસાદ લેવરાવ્યો, ને પાસે રાખ્યો. હવે કેટલાક દિવસ રહીને શ્રીમહાપ્રભુજી દ્વારકાથી પૃથ્વીપરિક્રમામાં પધાર્યા ત્યારે રામદાસ સાથે ચાલ્યા. બધી રસોઈની પરિચારગી કરતા, વળી નાની મોટી બધી ટેલ કરતા. શ્રીઆચાર્યજી રામદાસની પરીક્ષા માટે કોઈવાર થોડો મહાપ્રસાદ ધરતા તો કોઇવાર એકલી રોટલી ધરતા; પરન્તુ એ તો ભાગ્ય માની મહાપ્રસાદ લેતા. મનમાં એવું કંઇ જ લાવે નહિ કે મને આજે આ ન ધર્યું. આથી શ્રીઆચાર્યજી બહુ જ પ્રસન્ન થયા. પછી બધી સામગ્રી ધરતા. વળી માર્ગમાં જ્યાં જ્યાં કાંટા આવે ત્યાં ત્યાં રામદાસજી જલદી જલદી માર્ગ

સાફ કરતા જાય. એમ કરતાં એક દિવસ રામદાસના પગમાં મોટો કાંટો વાગ્યો. હવે રામદાસે વિચાર્યું કે હું પગમાંથી કાંટો કાઢવા બેસી જઈશ તો શ્રીઆચાર્યજીને મારા માટે ઊભા રહેવું પડશે તે સારું નહિ, મારો ધર્મ જાય. વળી આપશ્રી આગળને આગળ પધારે તોપણ માર્ગમાં કાંટા બહુ જ છે અને કદાચ શ્રીઆચાર્યજીના ચરણારવિંદમાં વાગે તોપણ મારો ધર્મ જાય. આમ વિચારી પોતાના પગમાંથી કાંટો ન કાઢ્યો અને માર્ગ સાફ કરતા કરતા ચાલવા લાગ્યા. પછી શ્રીઆચાર્યજી થોડે દૂર જઈ ઊભા રહ્યા અને કહ્યું કે રામદાસ, તું તારા પગમાંથી કાંટો કાઢી લે. તારા પર હું બહુ જ પ્રસન્ન છું. તું ચાહે તે માગ. ત્યારે રામદાસે કહ્યું કે મહારાજ, આપનું શરણ મળ્યું; હવે આથી અધિક શું છે? તો મને કૃપા કરીને એવું વરદાન આપો કે આપનો આશ્રય મને સદા દૃઢ રહે; બીજા કોઇનો આશ્રય થાય નહિ. એટલે શ્રીઆચાર્યજીએ બહુ જ પ્રસન્ન થઇને કહ્યું : એવું જ થશે. (અનન્યાશ્રય માગીને) તેં સર્વ કાંઈ માગી લીધું. પરન્તુ હું તારા પર ખૂબ પ્રસન્ન છું. તું કાંટો કાઢી લે. હું ઊભો છું. તને અપરાધ કદી પણ નહિ લાગે. એટલે રામદાસે કાંટો કાઢ્યો. આવી રીતે દસ વરસ શ્રીઆચાર્યજીની સાથે રહી સેવા કરી, પણ પ્રીતિ સદા એક સરખી રહી. એવા કૃપાપાત્ર ભગવદીય તે છે. પછી દક્ષિણમાં શ્રીઆચાર્યજી બીજી પૃથ્વીપરિક્રમ કરવા પધાર્યા ત્યાં એક બ્રાહ્મણે એક શ્રીઠાકોરજીનું સ્વરૂપ ભેટ કર્યું અને કહ્યું : મારાથી પૂજા બનતી નથી. એટલે શ્રીઆચાર્યજીએ આ સ્વરૂપ પાસે રાખ્યું ને કેટલાક દિવસ સેવા કરી. પછી દક્ષિણમાં એક ગામની બહાર આવીને ઊતર્યા ત્યારે કૃષ્ણદાસને કહ્યું કે :જા, ગામમાંથી સીધું સામગ્રી લઈ આવ; અને એક સુથાર પાસેથી ખંટી વગરની પાદુકા બનાવડાવી લાવ. આ આજ્ઞા પ્રમાણે કૃષ્ણદાસ સીધું સામગ્રી લઇ આવ્યા, એટલે શ્રીઆચાર્યજીએ રસોઈ કરી ભોગ ધરી પોતે આરોગીને રામદાસને કહ્યું : મહાપ્રસાદ લે. એટલે રામદાસ મહાપ્રસાદ લઇ શ્રીઆચાર્યજીની પાસે આવ્યા.

આ બ્રાહ્મણે શ્રીઠાકોરજી ભેટ કર્યા, તે સ્વરૂપને પંચામૃત સ્નાન કરાવી શ્રીઆચાર્યજીએ રામદાસને માથે પધરાવ્યા. શ્રીઠાકોર-જીનું નામ શ્રીનટવરગોપાલજી ધર્યું. વળી આ પાદુકાજી પર ચરણારવિંદ ધરી રામદાસને માથે પધરાવ્યાં.

ભાવપ્રકાશ—કારણ કે શ્રીઆચાર્યજી તો પાદુકાજી પહેરતા નહિ. પૃથ્વીને પાવન કરવાને માટે ઉઘાડા પગે ચાલતા. પૃથ્વીના મનોરથ પૂર્ણ કરવાને માટે આપ ખુલ્લા પગે ચાલતા. પણ પાદુકાજી માત્ર ઉપર ઊભા રહી સેવા કરવા માટે પધરાવી આપતા. તેથી શ્રીઆચાર્યજીનાં પાદુકાજીને ખૂંટી હોતી નથી.

આ રામદાસને માથે શ્રીઠાકોરજી પધરાવીને કહ્યું કે રામદાસ, હવે તમે ભગવત્સેવા કરો. જ્યાં રહો ત્યાં હવે તમને ડર નથી. તમને ભક્તિ પ્રાપ્ત થઈ છે. પણ રામદાસના મનમાં એમ હતું કે જાણે સદા જ શ્રીઆચાર્યજી પાસે રહું; પરન્તુ આજ્ઞા શી રીતે ટળાય (ઉલ્લંઘાય)? તેમણે જાણ્યું: આપ જે કહે તે કરવામાં જ મારું કલ્યાણ છે. આમ વિચારી દંડવત્પ્રણામ કરીને ચાલ્યા. વિરહ બહુ જ થવા લાગ્યો. વારેવારે પાછળ જોઈ દર્શન કરી શ્રીઆચાર્યજી-નું સ્વરૂપ હૃદયમાં ભરીને ચાલ્યા. આ જોઇ શ્રીઆચાર્યજીનું હૃદય ભરાઈ આવ્યું કે આવા વૈષ્ણવનો પોતાને વિયોગ થાય છે! પરંતુ રામદાસની સ્ત્રી દૈવી જીવ પતિવ્રતા છે, તે ઘરમાં કુટુંબમાં મા-બાપને ત્યાં દુઃખી છે. તેના ઉદ્ધારને માટે શ્રીઆચાર્યજીએ રામ-દાસને વિદાય કર્યા. હવે રામદાસે ત્રણ દિવસ સુધી શ્રીઠાકોરજીની સેવા કરી શ્રીપાદુકાજીની સેવા કરી અને ભોગ ધર્યો તે ગાયોને લેવરાવી દીધો. શ્રીઆચાર્યજીના વિયોગનું દુઃખ બહુ જ હતું તેથી પ્રસાદ લેવાતો જ નહિ. હવે ચોથે દિવસે ભોગ ધરીને સરાવા લાગ્યા ત્યારે શ્રીઆચાર્યજીએ દર્શન આપીને કહ્યું કે તું મહાપ્રસાદ કેમ લેતો નથી? હું તો તારી પાસે જ છું, માટે મહાપ્રસાદ લેજે. એટલે રામદાસે ગાયનો ભાગ કાઢી મહાપ્રસાદ લીધો. આવી રીતે વિરક્ત દશામાં કોઇ દિવસ કયાં રહે તો કોઈ દિવસ કયાં રહે; કદીપણ એક ઠેકાણે ન રહે. આમ પૃથ્વીપરિક્રમા કરતાં કરતાં પોતાને ગામ રાજનગરમાં આવી પહોંચ્યા. રામદાસનાં માબાપ તો મરી ગયાં હતાં; એની સ્ત્રી માબાપને ઘેર હતી. હવે રામદાસ પોતાના ઘરમાં આવી રહ્યા. રામદાસના સસરાએ જાણ્યું કે રામદાસ આવી ગયા છે, એટલે દીકરીને કહ્યું કે તારો ધણી આવ્યો છે તે કંઈક ફરી જતો

રહેશે તો તું મેળવી શકીશ નહિ; માટે તારી મરજી હોય તો ધણીની સાથે જા, તારું મન હોય તો અમારે ઘેર રહે. એટલે દીકરીએ કહ્યું કે મને મારા ધણીને ત્યાં મૂકી આવો, મારે બીજું કશું જોઇતું નથી. એટલે રામદાસનો સસરો દીકરીને લઇ રામદાસને ત્યાં મૂકી ગયો. આ (સ્ત્રી) રામદાસ પાસે આવી, પણ રામદાસે સ્ત્રીનો અંગીકાર કર્યો નહિ, બોલ્યા પણ નહિ. રામદાસ બેચાર દિવસ ઘરમાં રહ્યા, પછી ઊઠીને દ્વારકા ચાલ્યા, એટલે રામદાસની સ્ત્રી રામદાસ સાથે ચાલી, પણ રામદાસ સાથે આવવા દે નહિ, ઢેખાળા મારે; પણ સ્ત્રી પતિવ્રતા હતી, દૂર દૂર તે પાછળ ચાલવા લાગી. રામદાસની પાતળમાં જૂઠણ રહે તે જ પોતે લે. ન રહે તો ભૂખી રહે. એમ કરતાં ચાર મજલ પૂરી થઇ ત્યારે શ્રીરણછોડજીએ રામદાસને કહ્યું કે તું સ્ત્રીનો અંગીકાર કેમ નથી કરતો? ત્યાગ કેમ કર્યો છે? ત્યારે રામદાસે શ્રીરણછોડજીને કહ્યું કે હું તો વિરક્ત વૈરાગી છું; મારે સ્ત્રીનું શું કામ છે? એટલે રણછોડજીએ કહ્યું કે વિવાહ શા માટે કર્યો? વળી તું શ્રીઆચાર્યજીનો સેવક હોઇ આવી નિષ્ફળતા તારામાં ન જોઇએ. વળી તું શ્રીઆચાર્યજીનો કૃપાપાત્ર સેવક છે, તેથી હું તને બહુ કહી શકતો નથી. માટે સ્ત્રીનો અંગીકાર કર. આવી રીતે રામદાસને શ્રીરણછોડજીએ કહ્યું.

ભાવપ્રકાશ—આમ કહેવાનું કારણ એ છે કે સ્ત્રી દૈવી જીવ છે, તેના અંગીકાર માટે તો શ્રીઆચાર્યજીએ પોતાની પાસેથી તને વિદાય કર્યો છે અને તું એ કાર્ય કેમ નથી નથી કરતો? વળી રામદાસને શ્રીઆચાર્યજીએ દ્વારકામાં શરણે લીધા છે, તેથી દ્વારકા જાય છે; કેવળ શ્રીરણછોડજીનાં દર્શનને નિમિત્તે જતા નથી. શ્રીઆચાર્યજીનો સંબંધ વિચારી રામદાસ બધા દેશમાં ફરતા હતા, તેથી આને શ્રીરણછોડજી આજ્ઞા પણ ન કરે, તેમજ દંડ પણ ન કરે; તેથી શ્રીરણછોડજીએ કહ્યું: તું શ્રીઆચાર્યજીનો સેવક છે, હું તને કહી ન શકું, પણ શ્રીઆચાર્યજીએ કહેવરાવ્યું છે; તેથી તો મેં તને એટલું કહ્યું કે સ્ત્રીનો અંગીકાર કર.

હવે મજલ જઇને ઊતર્યા, એટલે સ્ત્રીને પાસે બોલાવીને કહ્યું

કે તું પોટલી વગેરે સંભાળ, હું છાણાં વીણી લાવું. એટલે સ્ત્રી પ્રસન્ન થઇ કે આજ મારા પર કૃપા કરી. હવે સ્ત્રીએ કહ્યું કે હું જ છાણાં વીણી લાવું. ત્યારે રામદાસે કહ્યું: એ સ્ત્રીનું કામ નથી, હું વીણી લાવું છું. છાણાં વીણી લાવી, રસોઇ કરી, શ્રીઠાકોરજીને ભોગ ધરી, પછી ભોગ સરાવી ગાયનો ભાગ કાઢી, એક પાતળ સ્ત્રીને ધરી અને એક પોતાની ધરી, મહાપ્રસાદ બેઉ જણે લીધો. એમ કરતાં દ્વારકા આવ્યા; શ્રીરણછોડજીનાં દર્શન કર્યાં. ત્યારે શ્રીરણછોડજીએ કહ્યું: તું સ્ત્રીને નામ આપે તો તે જલ સામગ્રી સિદ્ધ કરે, રસોઇની પરિચારગી * કરે. ત્યારે રામદાસે કહ્યું કે હું નામ શી રીતે આપું? નામ શ્રીઆચાર્યજી આપે તો ઠીક છે. ત્યારે શ્રીરણછોડજીએ કહ્યું કે મારી આજ્ઞા છે, તું નામ આપ; પછી જ્યારે શ્રીઆચાર્યજી પધારે ત્યારે શ્રીઆચાર્યજી પાસે નામ પમાડજે. વળી હું તને કહું છું તે શ્રીઆચાર્યજીની આજ્ઞાથી કહું છું; શ્રીઆચાર્યજીની ઇચ્છા વિના કહેતો નથી. એટલે રામદાસે સ્ત્રીને નામ સુણાવ્યું. પછી સ્ત્રી પાસે જળ ભરાવવા માંડયું; રસોઇની પરિચારગી કરાવવા લાગ્યા. પછી દ્વારકાથી નીકળ્યા ત્યારે તેમણે મનમાં વિચાર્યું કે હવે સ્ત્રીને સાથે સાથે લઇને ફરવું ઉચિત નથી; એક જગ્યાએ બેસીને પ્રભુનું ભજન કરવું. આમ વિચારી-રામદાસ કેટલેક દિવસે રાજનગર પોતાને ઘેર આવ્યા; પ્રભુની સેવા કરવા લાગ્યા.

પછી કેટલાક દિવસે શ્રીઆચાર્યજી રાજનગર પધાર્યા, ત્યારે રામદાસ સામે જઇ દંડવત્પ્રણામ કરી વિનંતિ કરી પોતાને ઘેર પધરાવી લાવ્યા અને વિનંતિ કરી કે મહારાજ, સ્ત્રીને નામનિવેદન કરાવો ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે તે સ્ત્રીને નામ પમાડયું છે, તો ફરી હવે શા માટે નામ આપવાનું કહે છે? ત્યારે રામદાસે કહ્યું કે મહારાજ, મેં તો શ્રીરણછોડજીના કહેવાથી નામ આપ્યું છે; વળી શ્રીરણછોડજીએ પણ એમ કહ્યુ હતું કે પછીથી શ્રીઆચાર્યજી પાસે નામ નિવેદન કરાવજો. આવી આપની ઇચ્છા હતી તેથી શ્રીરણછોડજીદ્વારા આજ્ઞા કરી તેથી મેં નામ આપ્યું. આપની ઇચ્છા ન હોય એવું કામ હું કદી જ ન કરું. વળી સ્ત્રીના અંગીકાર માટે તો આપે

આપની પાસેથી મને વિદાય કર્યો, માટે આ સ્ત્રીનો અંગીકાર કરો. આ સાંભળી શ્રીઆચાર્યજી રામદાસ પર પ્રસન્ન થયા અને (સ્ત્રીને) નામ આપીને બ્રહ્મસંબંધ કરાવ્યું. પછી રામદાસને ત્યાં પાકસામગ્રી કરી શ્રીઠાકોરજીને ભોગ ધર્યો, અને પોતે ભોજન કરી રામદાસને અને તેની સ્ત્રીને જૂઠણ ધરી પછી રામદાસને આજ્ઞા કરી કે હવે તમે એક જગ્યાએ ઘેર રહીને બેઉ જણ ભગવત્સેવા કરો. આ સાંભળી રામદાસે કહ્યું કે મહારાજ, એજ મારા મનમાં હતું, અને તેવી જ આપે આજ્ઞા કરી. પછી શ્રીઆચાર્યજી દ્વારકા પધાર્યા. રામદાસ સ્ત્રીસહિત ભગવત્સેવા કરી અનોસરમાં ભગવદ્વાર્તા ગ્રંથના ભાવ સ્ત્રીને કહેતા. આવી રીતે બેઉ જણ પ્રભુની સેવામાં મગ્ન રહેતાં. આ રામદાસ સ્ત્રી સહિત એવા ભગવદીય છે. એમની વાર્તા કયાંસુધી કહીએ? ॥ વાર્તા ૩૩ ॥

વાર્તા ૩૪ મી.

હવે શ્રીઆચાર્યજીના સેવક ગોવિંદ દવે સાચોરા, ખેરાળુ ગામના તેમની વાર્તા અને એનો ભાવ.

ભાવપ્રકાશ—આ ગોવિંદ દવે દ્વારકાલીલા સંબંધી છે, સત્યભામાની સખી છે, એનું નામ લીલામાં 'તન્મધ્યા' છે. એનું સ્વરૂપ બહુ જ સુંદર હતું. એની કેડ સિંહણ જેવી હતી. (એકવાર) જ્યારે શ્રીઠાકોરજી સત્યભામાને ત્યાં પધારતા હતા ત્યારે આ સખી તન્મધ્યાએ શ્રીઠાકોરજીને કહ્યું: હું તમારી દાસી છું; કોઇ વાર તો મને મળો. ત્યારે શ્રીઠાકોરજીએ મુસકાઈને કહ્યું કે સત્યભામા આગળ શી રીતે બને? સત્યભામાએ દૂરથી આ વાત સાંભળી, એટલે ક્રોધ કરીને શાપ આપ્યો કે તેં અમારી બરોબરી કરી, માટે ભૂમિ પર પડ. તેથી એ લીલામાંથી પડી, અને અનેક જન્મ લેવા પડ્યા. તે હાલ એક સાચોરાને ઘેર ગોવિંદ દવે નામે પ્રકટી. તે પંદર વરસના થયા ત્યારે માતાપિતાને કહ્યું કે, કંઇ તીર્થ કરો તો સારું. ત્યારે ગોવિંદ દવેનાં માબાપે કહ્યું કે દીકરા, તું આજથી તીર્થનું મન કરે છે તો શું તું વૈરાગી થઈશ? અમારું મન તો ઘર છોડીને ક્યાંય જવાનું થતું નથી; ઘરમાં ખાનપાનનું સુખ છે. ત્યારે ગોવિંદ દવેએ કહ્યું કે હું તો વૈરાગી થઈશ; માટે મારો વિવાહ ભૂલથી પણ કરશો નહિ. વળી તમે સદા ઘરનું જ કામકા

કરતાં કરતાં મરી જશો એવું મને લાગે છે. હું તો તીર્થ કરવા જઈશ. ત્યારે માતાપિતાએ કહ્યું કે, અમે વૃદ્ધ છીએ. અમારા મૂઆ પછી જ્યાં મન હોય ત્યાં જજો, હાલ આના સમયમાં તો અમારી ટહેલ કરો—અમારી રક્ષા કરો તો સારું. આ સાંભળી ગોવિંદ દવેએ કહ્યું: તમે આ વાત કહી તે તો સાચી, પણ કાલની કશી ખબર પડતી નથી. કદાપિ હું મરી જાઉં તો મારો જન્મ તો નિષ્ફળ જાય; પછી તમારી ટહેલ કોણ કરશે? માટે શ્રીઠાકોરજી બધાંની રક્ષા કરે છે. જીવનું રક્ષણ કરવાનું શું સામર્થ્ય! માટે હું શ્રી-રણછોડજીનાં દર્શન તો દ્વારકા જઇને કરી આવું. ત્યારે માતાપિતાએ કહ્યું કે અમે તને વાતોમાં તો નહિ જીતીએ; તારું મન હોય તેમ કર. પછી ગોવિંદ દવે દ્વારકા આવ્યા; શ્રીરણછોડજીનાં દર્શન કરી મનમાં ખૂબ આનંદ પામ્યા. ત્રણ વરસ દ્વારકા રહ્યા, અને માતાપિતાએ ઘેર દેહ છોડયા. આ ખબર ગોવિંદ દવેને મળતાં મનમાં બહુ જ ખેદ થયો કે માતાપિતાએ કોઈ તીર્થ કર્યું નહિ. પછી ગોવિંદ દવેના મનમાં એમ આવ્યું કે માતાપિતાનું ગયાજી શ્રાદ્ધ તો કરી આવું. પછી શ્રીરણછોડજીનાં દર્શન કરીને ચાલ્યા, અને ગયાજીમાં આવી શ્રાદ્ધ કર્યું. પછી ઘેર જવા નીકળ્યા. ગયાથી કાશી આવ્યા, ત્યાં મણિકર્ણિકાના ઘાટ પર સ્નાન કરી સંધ્યાવંદન કરતા હતા તેજ વખતે શ્રી-આચાર્યજી શેઠ પુરુષોત્તમદાસને ઘેરથી મણિકર્ણિકા પર સ્નાન કરવા પધાર્યા. તે વખતે ગોવિંદ દવેએ શ્રીઆચાર્યજીનાં દર્શન કર્યાં ને એમ જાણ્યું કે આ કોઈ મોટા પંડિત છે. આ વખતે ગોવિંદ દવેના મનમાં એમ આવ્યું કે એમની પાસે હું કંઈક ભણું. હવે શ્રીઆચાર્યજીએ સ્નાન કરી સંધ્યાવંદન કર્યું, ત્યાર પછી ગોવિંદ દવેએ આવીને આપશ્રીને વિનંતિ કરી કે મહારાજ, આપ મોટા પંડિત છો, મને કશું ભણાવશો? ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે બહુ વિદ્યા તમારા ભાગ્યમાં નથી. મન રાખીને ભણો તો અક્ષર જ્ઞાન થશે; પછી પોથી પાઠ વાંચી શકશો. ત્યારે ગોવિંદ દવેએ કહ્યું: મહારાજ, પોથી વાંચી શકાય તોય ઠીક; જેટલું આવડે તેટલું ખરું. શ્રીગીતા ભાગવત તો વાંચી શકું. ત્યારે શ્રીઆચાર્ય-જીએ કહ્યું કે ત્રીજે પહોરે મુકામ પર આવજે. પછી ગોવિંદ દવેએ ઘેર જઇ એક વ્યાકરણની પોથી એક બ્રાહ્મણને ઘેરથી માગી કહ્યું કે હું ભણીને તમને આપીશ. ત્યારે આ બ્રાહ્મણે કહ્યું કે તમે જ રાખો અને ભણો. અહીં શ્રીઆચાર્યજી શેઠ પુરુષોત્તમદાસને ઘેર પધાર્યા; સામગ્રી કરી ભોગ ધરી ભોજન કર્યું. એટલામાં

ગોવિંદ દવે રોટી ખાઈ ત્રીજા પહોર શ્રીઆચાર્યજીની પાસે પોથી લઈને આવ્યા, નમસ્કાર કરીને બેઠા. પછી ગોવિંદ દવેએ વ્યાકરણનું પુસ્તક કાઢ્યું, ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે વ્યાકરણ ક્યાંસુધી ભણશો? તમને ગીતા ભણાવીશું. (કેમકે) ગીતા ભણવામાં વ્યાકરણ આપોઆપ જ આવશે. ત્યારે ગોવિંદ દવેએ કહ્યું કે, મહારાજ, વ્યાકરણ ભણ્યા વગર ગીતા શી રીતે સમજાશે? જગતમાં તો રિવાજ છે કે વ્યાકરણ ભણીએ ત્યારે કંઈક અક્ષરનું જ્ઞાન થાય, તો શાસ્ત્ર વંચાય. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે હું કહું તેમ તું કર તો ખરો. એટલે ગોવિંદ દવેએ કહ્યું કે મહારાજ, મારી પાસે તો ગીતાનું પુસ્તક નથી. આ વખતે શ્રીઆચાર્યજીએ ગીતાજીનું પુસ્તક કાઢી એક જ શ્લોક ગીતાનો ભણાવ્યો. પછી કહ્યું કે અમારી આજ્ઞા છે, તું આખી ગીતા પાઠ કર. એટલે ગોવિંદ દવે આખી ગીતા અઢાર અધ્યાય પાઠ કરી ગયા. પછી શ્રીઆચાર્યજીએ એક શ્લોક ગીતાનો અર્થ કર્યો અને કહ્યું: તું પણ અર્થ કરી જા; એટલે ગોવિંદ દવેએ એક શ્લોકનો અર્થ કર્યો. પછી શ્રીઆચાર્યજીએ કહ્યું: મારી આજ્ઞા છે કે બધી ગીતાનો અર્થ કરી જા. એટલે ગોવિંદ દવે આખી ગીતાનો અર્થ કરી ગયા. એટલામાં પહોર રાત ગઈ, એટલે શ્રીઆચાર્યજીએ કહ્યું કે, હવે તું જા, વ્યાકરણ સાથી લેજા. ગીતા ને શ્રીભગવતનો શ્લોકાર્થ તો તને આવડી ગયો. હવે વધારે તારા ભાગ્યમાં નથી. પછી ગોવિંદ દવે પેલા બ્રાહ્મણ જેને ઘેરથી વ્યાકરણની પોથી લીધી હતી તેને ઘેર આવ્યા; બધું વ્યાકરણ તેની પાસેથી સમજી લીધું; પછી અર્ધી રાતે સૂતા. હવે આ વખતે ગોવિંદ દવેએ મનમાં વિચાર્યું કે શ્રીઆચાર્યજી તો ઈશ્વર છે. એકવાર ગીતાનો એક શ્લોક ભણાવ્યો તેમાં વ્યાકરણ પણ આવડી ગયું. ગીતાના પણ શ્લોકાર્થનું જ્ઞાન થયું. આ જીવનું સામર્થ્ય ન હોય, માટે એમનો સેવક થાઉં તો સારું. પ્રાતઃકાળમાં નાહીને આવીને શ્રીઆચાર્યજીને દંડવત્પ્રણામ કર્યા અને વિનંતિ કરી કે મહારાજ, મને શરણે લો ને નામ સંભળાવો. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે તમે પણ બ્રાહ્મણ છો અને અમે પણ બ્રાહ્મણ છીએ, પછી સેવક કેમ થાઓ છો? ત્યારે ગોવિંદ દવેએ વિનંતિ કરી કે મહારાજ, હું તો જીવ છું તે આપના સ્વરૂપને શું જાણું! આપ કૃપા કરી જણાવો તો જણાય. પહેલાં તો હું આપને પંડિત બ્રાહ્મણ જાણતો હતો, પણ હવે તો મેં એવું જાણ્યું કે આપ ઈશ્વર છો. એકવાર એક શ્લોક ગીતાનો ભણાવ્યો, તેમાં મને આખી ગીતા-

જીના શ્લોકાર્થનું જ્ઞાન થયું! માટે કૃપા કરીને મને સેવક કરો. હું તો અજ્ઞાની જીવ છું. આપ મારો અપરાધ ક્ષમા કરો. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે ગંગાજી સ્નાન કરવા જઈશું ત્યાં તમને નામ સુણાવીશું. પછી આપશ્રી ગંગાજી પધાર્યા, ત્યાં ગોવિંદ દવેને ગંગાજીમાં સ્નાન કરાવી નામનિવેદન કરાવ્યું. પછી ગોવિંદ દવેએ કહ્યું કે હવે મને શી આજ્ઞા છે? ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે ભગવત્સેવા કરો. એટલે ગોવિંદ દવેએ શ્રીઆચાર્યજીને વિનંતિ કરી કે મહારાજ, મારા પિતાના શ્રીઠાકોરજી છે તે મારી જ્ઞાતિના એક બ્રાહ્મણને ઘેર છે, એમની સેવા શી રીતે કરું? ત્યારે શ્રીઆચાર્યજીએ આજ્ઞા કરી કે તું તારે ઘેર શ્રીઠાકોરજી લાવીને પંચામૃત સ્નાન કરાવી સેવા કરજે. એટલે ગોવિંદ દવે શ્રીઆચાર્યજી પાસેથી વિદાય લઇને કેટલાક દિવસે પોતાને ઘેર આવ્યા અને પેલા બ્રાહ્મણ પાસેથી શ્રીઠાકોરજી લઈ પોતાને ઘેર લાવી પંચામૃત સ્નાન કરાવી સેવા કરવા લાગ્યા; પણ પ્રભુની સેવામાં મન ચોંટે નહિ, ચિત્તમાં ઉદ્વેગ રહે. વળી શ્રીઆચાર્યજીએ એવી આજ્ઞા આપી કે તું તારી જાતે શ્રીઠાકોરજીને પંચામૃત સ્નાન કરાવી લેજે. આ આજ્ઞાથી એમ જણાવ્યું કે ગોવિંદ દવે વ્રજલીલા સંબંધી નથી, દ્વારકાની રાજલીલા સંબંધી સત્યભામાની સખી છે, ત્યાં એની પ્રાપ્તિ છે. તેથી શ્રીઆચાર્યજીએ પંચામૃત સ્નાન ન કરાવ્યું. પછી શ્રીઆચાર્યજી અડેલ પધાર્યા. હવે એક વૈષ્ણવ અડેલથી ગુજરાત આવ્યો, તે ગોવિંદ દવેને ઘેર ઊતર્યો. ત્યારે ગોવિંદ દવેએ શ્રીઆચાર્યજીના સમાચાર પૂછ્યા. ત્યારે આ વૈષ્ણવે કહ્યું કે આપશ્રી કાશીથી અડેલ પધાર્યા છે, ત્યાં કેટલાક દિવસ બિરાજશે, પછી પૃથ્વીપરિક્રમામાં પધારશે, એવું મેં સાંભળ્યું છે. જાણું છું તે તમને કહું છું. પછી આપની ઇચ્છા. આમ કહી તે વૈષ્ણવ બીજે દિવસે દ્વારકા ગયો.

વાર્તાપ્રસંગ ૧ લો.

આ ગોવિંદ દવે ઘરમાં સેવા કરે, પણ મનમાં બહુ જ વિગ્રહ–ઉદ્વેગ રહે, તેથી સેવામાં ચિત્ત લાગે નહિ. આથી ગોવિંદ દવેએ એક પત્ર શ્રીઆચાર્યજીને લખ્યો કે મહારાજ, મારા મનમાં બહુ જ ઉદ્વેગ રહે છે, ભગવત્સેવામાં મન લાગતું નથી; માટે હવે શું કરું? તે પત્ર શ્રીઆચાર્યજી પાસે આવ્યો. તે વાંચીને 'નવરત્ન'

ગ્રંથ લખીને આપશ્રીએ મોકલ્યો, અને લખ્યું કે આ 'નવરત્ન' ગ્રંથનો પાઠ કરશો તો તમારા મનની વ્યગ્રતા મટી જશે. તે શ્રીઆચાર્યજીનો પત્ર ગોવિંદ દવે પાસે આવ્યો, એટલે પ્રસન્ન થઇને નવરત્ન ગ્રંથનો પાઠ કરવા લાગ્યા. આ પાઠ કરતાંની સાથે શ્રીઆચાર્યજીની કૃપાથી મનની વ્યગ્રતા ચિંતા બધી મટી ગઇ; મન પ્રભુની સેવામાં ચોંટવા લાગ્યું.

ભાવપ્રકાશ--ગોવિંદ દવેના મનમાં વ્યગ્રતા થઈ, તેનો અભિપ્રાય એ છે કે ગોવિંદ દવે જીવ તો દ્વારકા લીલાસંબંધી છે અને સેવાભાવના વ્રજની કરે તેથી મન લાગે નહિ. ન તો રાજલીલામાં દઢતા થાય, અને ન તો વ્રજલીલામાં દઢતા થાય. તેથી અનેક સાધનમાં મન જાય, કે તીર્થ કરું, કે કોઇ વ્રત કરું, કે કોઈ જપ કરું! ઇત્યાદિકમાં મન ભટકે, તેથી શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ નવરત્ન ગ્રંથ લખી મોકલ્યો કે તું ચિંતા ન કરીશ. ચિત્તનો ઉદ્વેગ છે તે પણ પ્રભુની લીલા જાણવી. શ્રીઠાકોરજીમાંથી મન બીજી જગ્યાએ જાય, તો તે પણ ભગવદિચ્છા જાણવી ને ચિંતા કરવી નહિ; જેટલી બને તેટલી સેવા કરવી. પછી ગોવિંદ દવેનું મન સ્થિર થઇ ગયું. મન કદાપિ લૌકિકવૈદિકમાં જાય, તોપણ ભગવદિચ્છા માને. શ્રીરણછોડજીમાં મન બહુ જાય, તોપણ ભગવદિચ્છા માને. ત્યાંની લીલામાં મગ્ન રહે, કારણ કે શાસ્ત્ર પુરાણોમાં અનેક ઉપાય પ્રભુપ્રાપ્તિ માટે કહ્યા છે. જીવને માત્ર ઈસારા માટે માર્ગ બતાવ્યો છે કે જીવ જેવો અધિકારી હોય તેમાં તેનું મન સ્વતઃ ચોંટેલું રહે છે; તેથી જેમ રસ્તાના ચાલનાર માણસને પાંચ દશ ગામના માર્ગ બતાવે, પણ જેને જે ગામ જવું હોય તે જ ગામ જાય છે, તેવી જ રીતે કોઇ ભગવદીય દ્વારા, કોઇ ગુરુદ્વારા, કોઈ ઈશ્વરદ્વારા જેવો અધિકારી હોય તેવો સંગ તેને મળે અને એ જ માર્ગ જેવો ભાવ દઢ થાય છે. તેથી ગોવિંદ દવેનો શ્રીરણછોડજીમાં દઢ ભાવ થયો. તેનું આગળ વર્ણન કરે છે.

વાર્તાપ્રસંગ ૨ જો.

એકવાર શ્રીઆચાર્યજી અડેલથી દ્વારકા પધાર્યા ત્યારે ગુજરાતમાં થઇને પધાર્યા; ત્યારે ગોવિંદ દવે જગન્નાથ જોશી વગેરે પાંચ સાત વૈષ્ણવો સાથે ચાલ્યા. શ્રીઆચાર્યજી દ્વારકામાં આવી

પહોંચ્યા, ત્યારે ગોવિંદ દવેએ શ્રીઆચાર્યજીને વિનંતિ કરી કે મહારાજ, કશો કથાનો પ્રસંગ ચલાવો તો બહુ જ સારું. ત્યારે આચાર્યજી મહાપ્રભુજીએ કહ્યું કે બહુ સારું; પણ હમણાં તો મને અવકાશ નથી; અવકાશ હશે ત્યાર કહીશું.

ભાવપ્રકાશ--તેનો અર્થ એ છે કે 'તું વ્રજલીલા સંબંધી નથી; છતાં કોઈ વ્રજલીલા સંબધી વિનંતિ કરે તો કહું. તારી આગળ પ્રસંગ કહેવાથી તને સુખ મળશે નહિ.' આ અભિપ્રાયથી આપે કહ્યું કે મને અવકાશ નથી.

ત્યારે ગોવિંદ દવેએ કહ્યું: મહારાજ, થોડી કહો. એટલે શ્રીઆચાર્યજીએ પુસ્તક ખોલી કથાનો આરંભ કર્યો. એટલામાં શ્રીરણછોડજીએ આવી ગોવિંદ દવે સાથે વાર્તા કરવા માંડી, એટલે ગોવિંદ દવે શ્રીરણછોડજી સાથે વાર્તા કરતાં મગ્ન થઈ ગયા. એવું પણ ભાન ન રહ્યું કે શ્રીઆચાર્યજી કથા કહે છે, તો હું વાર્તા કેમ કરું ? આ વખતે શ્રીઆચાર્યજીએ ગોવિંદ દવેને કહ્યું કે પુસ્તક ખોલાવીને વાર્તા કોની સાથે કરો છો ? પછી શ્રીઆચાર્યજીએ પુસ્તક ઉપરથી દૃષ્ટિ ફેરવીને જોયું તો શ્રીરણછોડજી સાથે ગોવિંદ દવે વાર્તા કરે છે. આથી શ્રીઆચાર્યજી પુસ્તક બાંધીને આપ ગોવિંદ દવે ઉપર અપ્રસન્ન થઇને પોઢી ગયા. પછી પ્રાતઃકાળમાં ઊઠીને આપે રસોઈ કરી ભોગ ધરી ભોજન કર્યું. પછી આપે ખવાસ કૃષ્ણદાસ મેઘનને કહ્યું કે આજ પછી અમારા થાળનો મહાપ્રસાદ કોઇ વૈષ્ણવને આપશો નહિ; દામોદરદાસ હરસાની તથા તમે લેજો. આ પહેલાં નિત્ય નિયમથી શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના થાળનો મહાપ્રસાદ વૈષ્ણવ લેતા, પછી પોતાના હાથનો લેતા. હવે ખવાસે તો એમ જ કર્યું કે દામોદરદાસ હરસાની જેને આપ દમલા કહેતા, તેમણે અને કૃષ્ણદાસ મેઘને તે મહાપ્રસાદ લીધો, બીજા કોઇને આપ્યો નહિ. આમ બનવાથી તે દિવસે બધા વૈષ્ણવોએ ઉપવાસ કર્યો, ભૂખ્યા રહ્યા. પછી બીજે દિવસે શ્રીઆચાર્યજી શ્રીરણછોડજીનાં દર્શન કરવા પધાર્યા, ત્યારે શ્રીરણછોડજીએ કહ્યું કે કાલે આપે બધા વૈષ્ણ-વોને મહાપ્રસાદ આપ્યો નહિ, તેથી બધા વૈષ્ણવ ભૂખ્યા રહ્યા; તેથી

જેવી રીતે કૃપા કરીને બધા વૈષ્ણવોને મહાપ્રસાદ આપતા તેવી જ રીતે આપ્યા કરો.

ભાવપ્રકાશ—આનું કારણ એ છે કે શ્રીમુખની કથા સાંભળશે તો વ્રજલીલામાં મગ્ન થઇ જશે, પછી મારા હાથમાં રહેશે નહિ, તેથી ગોવિંદ દુબેને વાર્તામાં લગાડી આપની કથા મેં સાંભળવા ન દીધી. વળી જો કોઈ કથા કરે તે વખતે કોઈ વાત કરે તો જેનું મન કથામાં હોય તેના મનમાં બહુ દુઃખ થાય, તે કેવું કે જેવી રીતે સુંદર મધુર ભોજન કરતાં કાંકરો દાંત નીચે આવે તો દુઃખ થાય તેવી રીતે કથામાં કોઇ બીજાની વાતથી દુઃખ થાય છે. આ કારણથી શ્રીઆચાર્યજી અપ્રસન્ન થયા. રસાભાસ થયો. આપનો કથા કહેવાનો ઉચ્છલિત ભાવ (ઉમળકો) તિરોભૂત થઈ ગયો, તેથી આપ પુસ્તક બાંધી પોઢી ગયા. વળી બીજો અભિપ્રાય એ છે કે શ્રીઆચાર્યજીની કથામાં શ્રીરણછોડજી વિઘ્ન કેમ કરી શકે? તેથી સાક્ષાત્ પુરુષોત્તમ શ્રીગોવર્ધનધરે વિચાર્યું કે આપ રસમાં મગ્ન થઈ ગયા છે, અને મારી અનેક પ્રકારની ભક્તોની સાથે લીલા છે તે આવેશમાં કહેશે. પરંતુ સામે શ્રોતા રાજલીલાના અધિકારી છે, તેથી આ ઠીક નહિ. તેથી શ્રીગોવર્ધનધરે શ્રીરણછોડજીને પ્રેરણા કરી ગોવિંદ દુબે સાથે વાત કરાવી, અને રસ ગોપ્ય કરી દીધો. તેથી બીજે દિવસે શ્રીરણછોડજીએ શ્રીઆચાર્યજીને કહ્યું: આપ વૈષ્ણવો પર અપ્રસન્ન કેમ થયા? જેથી થાળનો મહાપ્રસાદ આપ્યો નહિ. આ બધું કામ શ્રીગોવર્ધનનાથજીની ઇચ્છાથી થયું છે; મેં પણ નથી કર્યું; માટે આપ જેવી રીતે નિત્ય વૈષ્ણવોને થાળનો મહાપ્રસાદ આપતા એ જ પ્રમાણે આપ્યા કરો.

હવે આચાર્યશ્રીએ ડેરા પર આવી સર્વ વૈષ્ણવોને પૂછ્યું કે તમે કાલે મહાપ્રસાદ કેમ ન લીધો? ત્યારે વૈષ્ણવોએ વિનંતિ કરી કે મહારાજ, કાલે આપના થાળનો મહાપ્રસાદ ન મળ્યો, તેથી પ્રસાદ ન લીધો. આ સાંભળી શ્રીઆચાર્યજીએ કહ્યું કે થાળનો મહાપ્રસાદ તો હું ન આપત; પણ તમારી સિફારસ મોટે ઘેરથી (શ્રીરણછોડજીની) આવી છે માટે આપીશ.

ભાવપ્રકાશ—આનો અર્થ એ છે કે તમારો દોષ નથી; આ બધું કામ પ્રભુના તરફથી થયું છે; માટે મહાપ્રસાદ આપીશું.

આ વખતે બધા વૈષ્ણવોએ વિનંતિ કરી : મહારાજ, અમે આપના ચરણારવિંદને વળગેલા છીએ. અમારું ભલું થાય તેવું જ આપ કરશો. આ સાંભળી શ્રીઆચાર્યજીએ ખવાસને આજ્ઞા આપી : જેવી રીતે થાળનો મહાપ્રસાદ બધાને આપતા હતા, તેવી જ રીતે આપ્યા કરો. પછી ખવાસે મહાપ્રસાદ આપ્યો, ત્યારે બધા વૈષ્ણવો-એ મહાપ્રસાદ લીધો. પછી કેટલાક દિવસ દ્વારકામાં રહી શ્રીરણછોડ-જી પાસેથી વિદાય થઇ આપશ્રી અડેલ પધાર્યા. તે વેળા બધા વૈષ્ણવો પણ સાથે અડેલ સુધી આવ્યા ત્યારબાદ સઘળા વૈષ્ણવો શ્રીઆચાર્ય-જીને દંડવત્પ્રણામ કરી વિદાય થઇ અડેલથી પોતપોતાને ઘેર ગયા, એટલે ગોવિંદ દવે પણ પોતાને ઘેર ખેરાળુ આવ્યા.

ભાવપ્રકાશ—શ્રીરણછોડજીના કહેવાથી મહાપ્રસાદ આપ્યો; પરંતુ ગોવિંદ દવે સાથે રહ્યા ત્યાંસુધી કોઈ કથા ન કહી. આથી જણાય છે કે અધિકારી વિના વાર્તાનો રસ ન હોય. એ બતાવ્યું.

હવે એકવાર ગોવિંદ દવે મીરાંબાઇને ઘેર ગયા. આ મીરાં-બાઇ સાથે ભગવદ્વાર્તા કરતાં કરતાં કેટલાક દિવસ ત્યાં રહ્યા. આ વાત શ્રીગુસાંઇજીએ સાંભળી કે શ્રીઆચાર્યજીના સેવક ગોવિંદ દવે મીરાંબાઇ પાસે છે, વાર્તા ચર્ચા કરે છે: ત્યારે આપશ્રીએ એક શ્લોક લખીને વ્રજવાસીને આપ્યો અને કહ્યું કે મીરાંબાઇને ઘેર ગોવિંદ દવે છે, તેમને આ કાગળ આપી આવો. તેમાં આ શ્લોક લખ્યો કે:

भगवत्पदपद्मपरागयुतो न हि युक्ततरं मरणेऽपि तराम् ॥
इतराश्रयणं गजराजगतो न हि रासभमप्युररीकुरुते ॥१॥

આમાં લખ્યું કે હાથીની સવારી કરી હોય તે પ્રાણ જાય તોપણ ફરી ગધેડાની સવારી ન કરે. તેવી રીતે કોઇપણ ભગવાનના ચરણ-કમળના પરાગનો આસ્વાદ લીધા પછી બીજાનો આશ્રય–અન્યાશ્રય અન્યરસ કદી પણ ન ચાખે; ભલે મરણપર્યંત દુઃખ સહન કરે, પરંતુ અન્યરસ ગ્રહણ કરે નહિ.

ભાવપ્રકાશ—આમાં એમ દર્શાવ્યું કે તું શ્રીઆચાર્યજીનો સેવક

થઇને અન્યમાર્ગીય મીરાંબાઈને ત્યાં તું ભગવદ્‌વાર્તામાં ફસાઈ ગયો: આવી રીતે તે કર્યું તે હાથીની સવારી છોડી ગધેડા પર સવારી કરવા જેવું છે.

હવે આ કાગળ વ્રજવાસીએ ગોવિંદ દવેના હાથમાં આપ્યો. વખતે ગોવિંદ દવે ગામ બહાર તળાવ પર સંધ્યાવંદન કરતા હતા. ત્યાંજ આ કાગળ વાંચી મીરાંબાઈને ત્યાંથી ખડિયાવસ્ત્ર લઈને ચાલ્યા. મીરાંબાઇએ બહુ જ સમાધાન કર્યું, પરન્તુ જવાબ જ ન આપ્યો; ઊઠીને ચાલ્યા. ત્યાંથી શ્રીગુસાંઇજી પાસે આવ્યા, દંડવત્પ્રણામ કર્યા, એટલે શ્રીગુસાંઇજીએ કહ્યું કે આપણા માર્ગની વાત અન્યમાર્ગીય આગળ કરવી નહિ. આ પ્રમાણે સમજાવ્યું. પછી ગોવિંદ દવે શ્રીગુસાંઇજી પાસેથી વિદાય થઇ ઘેર આવ્યા. ॥ વાર્તા ૭૪ ॥

ભાવપ્રકાશ—આમાં એ બતાવ્યું છે કે ગોવિંદ દવેનું મન જ્યાં ત્યાં લાગી જતું, વળી શ્રીગુસાંઈજીએ ગોવિંદ દવેને શીખામણ એટલા માટે દીધી કે બીજા વૈષ્ણવો એમની દેખાદેખી કરી કદી સંગ કરે તો પુષ્ટિમાર્ગીય ફળ ન મળે. વળી ગોવિંદ દવે તો ઠીક છે, કારણ કે તે દ્વારકાલીલા સંબંધી છે. આવું જ્ઞાન બીજાને તો છે નહિ. મતલબ કે શ્રીગુસાંઈજી પોતાના વૈષ્ણવોને સાવધાન કરવા માટે કહે છે. આ પુષ્ટિમાર્ગમાં શ્રી આચાર્યજીના સંબંધ વિના બધું બાધક જાણવું. જો કોઈ પુષ્ટિમાર્ગનું રહસ્ય કહેવરાવવાની હઠ લે તોપણ તેને કહેવું નહિ,[1] કારણ કે તે શુદ્ધ પુષ્ટિમાર્ગીય નથી એટલે તેને વ્રજલીલાનો અનુભવ ન થાય; તેથી ગોવિંદ દવે મર્યાદાપુષ્ટિ છે.

---

૧. આ પ્રમાણે પુષ્ટિમાર્ગનું રહસ્ય અન્યમાર્ગીય પાસે ન કહેવાનું કારણ એ છે કે તે અન્યમાર્ગીય હોવાથી તેનો દુરુપયોગ કરે તો કોઈ પુષ્ટિમાર્ગીય સાધારણ વૈષ્ણવો માર્ગથી ચલિત થાય. આવો એક પ્રસંગ શ્રીગોકુલેશનો છે. એકવાર પંચોળીએ એક સામાન્ય ધાર્મિક સભામાં શ્રીગોકુલનાથજીને પૂર્ણ પુરુષોત્તમ સાબિત કર્યા, શ્રીગોકુલેશ પાસે આવી વધાઇ ખાધી કે રાજ, મેં આપને એક ધાર્મિક સભામાં પૂર્ણ પુરુષોત્તમ સાબિત કર્યા. આ સાંભળી શ્રીગોકુલેશે કહ્યું કે તેં બહુ જ અધર્મ કર્યો, કારણ કે તેં કસાઇને ગાય બતાવી. હવે જે લોકોને મારા પર શ્રદ્ધા નથી તેઓ તારા કહેવાથી વિરુદ્ધ ઉપદેશ કરશે, અને સાધારણ વૈષ્ણવોની શ્રદ્ધામાં સંશય થશે. વળી હું પૂર્ણ પુરુષોત્તમ નથી, પણ મારા પર તમારો પૂર્ણ પુરુષોત્તમ તરીકે પ્રેમ છે; તેથી તમે મારામાં પૂર્ણ પુરુષોત્તમનો અનુભવ કરો છો. શ્રીઠાકોરજીમાં વ્રજભક્તોનો પૂર્ણ પુરુષોત્તમ તરીકેના અનુભવ પ્રેમને જ

વાર્તા ૩૫ મા.

હવે શ્રીઆચાર્યજીના સેવક રાજા દવે અને માધવ દવે સાચોરા મણુંદમાં રહેતા તેમની વાર્તા અને એનો ભાવ.

ભાવપ્રકાશ—આ બેઉ ભાઈઓ લલિતાજીની સખીઓ છે. એમનું નામ 'કુંજરી' તે કુંજરચનામાં નિપુણ, તે રાજા દવે છે. બીજીનું નામ 'રસાલિકા'–જેવી રીતે ફૂલના રસમાં અલિ જે ભ્રમર તે લોભાય છે, તેવી રીતે લીલારસમાં મગ્ન રહેતાં. આ રસાલિકા તે માધવ દવે છે. આ બેઉ ભાઈ એક સાચોરાને ઘેર જન્મ્યા. તેમના પિતા બહુ જ સાધુપુરુષ હતા; મર્યાદામાર્ગની રીતે શ્રીઠાકોરજીની પૂજા કરતા. એમને ઘેર સાધુ સંત વૈરાગી કોઇ પણ ભૂખ્યો જાય તો તેને ભૂખ્યો ન જવા દે–પ્રેમથી રાખે, એકાદશીનું જાગરણ સદા કરે. એકવાર રાજા દવે અને માધવ દવેનાં માબાપ માંદાં પડ્યાં. તેઓ બે બેટાને કહે કે હવે અમને આ વખતે શ્રીરણછોડજીનાં દર્શન કરાવો તો બહુ જ સારું. ત્યારે રાજા દવે અને માધવ દવે બેઉ ડોળી ભાડે કરી માતા-પિતાને બેસાડી શ્રીઠાકોરજી સાથે લઇને ચાલ્યા; શ્રીરણછોડજીનાં દર્શન માતા-પિતાને કરાવ્યાં. હવે કેટલાક દિવસથી શ્રીઆચાર્યજી ત્યાં દ્વારકામાં બિરાજતા હતા. માતાપિતાના દેહ દ્વારકામાં છૂટ્યા. માધવ દવેએ અને રાજા દવેએ સંસ્કાર કર્યા. તેમને સૂતક લાગ્યું, તેથી ડોલા પર બેસતા. ત્યાં રાજા દવેએ અને માધવ દવેએ લોકોને પૂછ્યું કે અહીં કંઈ કથાવાર્તા ભગવચ્ચર્ચા થતી હોય તો

અધીન છે. શ્રીઠાકોરજી રાક્ષસો સામે પણ ઊભા રહેતા; પણ રાક્ષસોનો પ્રેમ જ ન હોવાથી પ્રભુ તરીકેનાં દર્શન થાય નહિ; જ્યારે ગોપીજન ગોવાળિયા વગેરેને પ્રભુસ્વરૂપનાં દર્શન થતાં; મતલબ કે શ્રીમહાપ્રભુજી પોતાના શરણાંગત અંગીકૃત જીવોને "પૂર્ણપુરુષોત્તમ તરીકેનો અનુભવ આપે છે, જ્યારે પ્રવાહી જીવોને–પ્રાકૃત જીવોને "પ્રાકૃતાનુકૃતિવ્યાજમોહિતાસુરમાનુષ" સ્વરૂપ દર્શાવે છે. ગોવિંદ દવે તથા પદ્મારાવળ બેઉ દ્વારકા લીલાના–રાજલીલાના સંબંધી હોવાથી તેમને વ્રજલીલાની–પ્રમોદ–વાર્તાઓ સાંભળવાની જ સવડ આવતી નથી. અને આવે તો તે સાંભળામાં વિઘ્ન આવી બીજાઓને :પણ રસાભાસ કરાવે છે. વળી આમાં શ્રીરણછોડજી શ્રીમહાપ્રભુજી અને ગોવિંદ દવે વચ્ચે જે લીલાઓ પ્રકટ થઇને દર્શાવે છે તે "લીલાભેદે સ્વરૂપભેદ"નું સ્પષ્ટીકરણ કરે છે. શ્રીકૃષ્ણ પોતે જ દ્વારકા લીલાસંબંધે શ્રીરણછોડજી છે, છતાં વ્રજલીલા સાથે તેમને જાણે લેવાદેવા નથી. ઊલટું રાજલીલાના સ્વસંબંધીઓને વ્રજની દિવ્યલીલાનું જ્ઞાન ન થાય તેવું ઇચ્છે છે, એથી તેવી તદબીરો પણ કરે છે. (દીનકિંકર)

ત્યાં જઈએ; સૂતકના દિવસ ખૂટતા નથી. ત્યારે કોઈએ કહ્યું કે શ્રીવલ્લભાચાર્યજી પૃથ્વીપરિક્રમા કરી અહીં પધાર્યા છે તે કથા બહુ જ સુંદર કહે છે, ત્યાં તમે ત્રીજે પહોરે જજો. ત્યારે રાજા દવે અને માધવ દવેએ કહ્યું કે તમે આજે અમને સાથે લઈ જજો; પછી અમે નિત્ય જઈશું. એટલે તેમણે કહ્યું કે સારું. આ વૈષ્ણવ ત્રીજે પહોરે આવી રાજા દવે અને માધવ દવેને લઇ ગયો. આ વખતે બેઉ ભાઈ દૂરથી દંડવત્પ્રણામ કરી વેગળા બેઠા, ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે આગળ આવો. ત્યારે બેઉ ભાઇએ કહ્યું: મહારાજ, અમારે સૂતક છે, તેથી દૂર બેઠા છીએ. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે તમે બેઉ ભાઇ સદા શુદ્ધ છો, માટે અમારી આગળ આવીને બેસો. વળી કોઈ સંદેહ હોય તો પૂછજો. આ સાંભળી બેઉ ભાઈ પ્રસન્ન થઈ આગળ આવી બેઠા. આ વખતે શ્રીઆચાર્યજીએ નંદોત્સવનું વર્ણન–શ્રીભાગવત દશમસ્કંધના પાંચમા અધ્યાયનું વર્ણન કર્યું. આમાં નંદાલયની લીલાનો પ્રકટ અનુભવ બેઉ ભાઈઓને શ્રીઆચાર્યજીએ કરાવી દીધો. પછી બધી કથા પૂરી થઇ, ત્યારે બેઉ જણે દંડવત્ પ્રણામ કરીને કહ્યું કે મહારાજ, શું કરીએ? સૂતક છે, નહિ તો વિનંતિ કરત. હવે અમારો જન્મ સફળ થયો કે આપનાં દર્શન થયાં. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે અમે તમારા મનની વાત જાણીએ છીએ કે તમે બેઉ ભાઈ અમારા છો; સૂતક પછી અંગીકાર કરીશું. ત્યાંસુધી અમે અહીં છીએ. તમારો અંગીકાર કરી, તમારા સઘળા મનોરથ પૂર્ણ કરી બીજી જગ્યાએ જઈશું. તમે ચિંતા ફિકર જરા પણ ન કરશો. હવે તમારા ઉતારા પર જાઓ ને કાલે આ વખતે અહીં આવજો. એટલે બેઉ ભાઇ પ્રસન્ન થઈ દંડવત્પ્રણામ કરી પોતાના મુકામ પર ગયા. આખી રાત નંદાલયની લીલાના અનુભવનો આવેશ રહ્યો. પછી બેઉ ભાઇ સવારે ઊઠીને એક બીજા સાથે વાતો કરવા લાગ્યા કે હવે આપણે કૃતાર્થ થયા; શ્રીઆચાર્યજી સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ છે, જેથી એક જ દિવસની કથામાં જ લીલારસનો અનુભવ કરાવ્યો. પછી આવી રીતે સૂતકના દિવસો મહા મુશ્કેલીથી વિતાવ્યા. અગિયારમે દિવસે નાહીને શુદ્ધ થઈ શ્રીઆચાર્યજી પાસે વહેલી સવારે આવી વિનંતિ કરી કે મહારાજ, અમને શરણે લો. શ્રીઆચાર્યજીએ બેઉ ભાઇને ફરી નવરાવીને નામ સુણાવ્યું, બ્રહ્મસંબંધ કરાવ્યું. પછી શ્રીઆચાર્યજીએ કહ્યું કે હવે તમે ભગવત્સેવા કરો. ત્યારે રાજા દવે અને માધવ દવે કહે: મહારાજ, અમારા પિતાના શ્રીઠાકોરજી અમારી પાસે છે.

માતાપિતા પૂજામાર્ગની રીતે સેવાપૂજા કરતાં. તેમણે અહીં આવી દેહ છોડ્યા છે. અને અહીં અમારા પર આપની કૃપા થઈ છે. જે પ્રકારે આજ્ઞા કરો એ પ્રકારે સેવા કરીએ. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે જાઓ, મુકામ પરથી શ્રીઠાકોરજી લઈ આવો. એટલે માધવ દવે જઈને શ્રીઠાકોરજીનાં ઝાંપીજી લઇ આવ્યા. પછી શ્રીઆચાર્યજીએ પંચામૃત સ્નાન કરાવી રાજા દવે અને માધવ દવેને માથે પધરાવ્યા, અને આજ્ઞા કરી કે બધેથી મન છોડી દઈ નિરોધ કરી ભગવત્સેવા કરજો. ત્યારે રાજા દવે અને માધવ દવેએ વિનંતિ કરી કે મહારાજ, નિરોધનું સ્વરૂપ શું છે? આ સાંભળી શ્રીઆચાર્યજીએ કહ્યું કે નિરોધ બે પ્રકારનો છે: એક સાધન દશાનો અને બીજો સિદ્ધ દશાનો. સાધન દશાના નિરોધનું લક્ષણ એ છે કે સંસાર લૌકિક વૈદિક ગમે નહિ. મન કંઇક લૌકિકમાં જાય તો ત્યાંથી ખેંચીને સેવામાં લગાડે. મનમાં એમ જાણે કે એક ભગવત્સેવા અને આશ્રયથી જ બધાં કાર્ય સિદ્ધ થાય છે. આ સાધન દશાનો નિરોધ છે. બીજો ફળ દશાનો નિરોધ એ છે કે મનનો આપોઆપ જ આવો સ્વભાવ થઈ જાય કે શ્રીઠાકોરજીના સ્વરૂપના ધ્યાન વિના બીજે ક્યાંય પણ જાય જ નહિ. લૌકિક વૈદિક કાર્ય પણ કરે, છતાં શ્રીઠાકોરજી વિના બીજે ઠેકાણે મન જાય જ નહિ. આ ફળદશાનો નિરોધ. તેવાને આ સંસારનાં સુખદુઃખ અને તાપ છે તે અડે જ નહિ. મન ઠાકોરજી અને એમની લીલાઓમાં મગ્ન રહે. આ નિરોધનો પ્રકાર છે. ત્યારે રાજા દવે અને માધવ દવેએ વિનંતિ કરી કે મહારાજાધિરાજ, અમને તો બેઉ પ્રકારનો નિરોધ દુર્લભ છે; તેથી જેવી રીતે આપે અમને સંસારસમુદ્રમાં ડૂબતાઓને હાથ પકડીને શરણે લીધા છે, તેવી જ રીતે નિરોધનું દાન પણ આપ કરશો તો જ અમને કંઈક સિદ્ધ થશે; બીજી કોઇ રીતે અમારું સામર્થ્ય નથી. આવી રીતે બેઉ ભાઇનાં દીનતા અને સરળ સ્વભાવ જોઇને દશમસ્કંધ જેને નિરોધ સ્કંધ કહે છે તેનો આપે 'નિરોધલક્ષણ' ગ્રંથ કરીને બેઉ ભાઇને પાઠ કરાવ્યો, અને કહ્યું: તમને બેઉ ભાઈને નિરોધ સિદ્ધ થશે. આમ કહી પોતાનું ચરણામૃત બેઉ ભાઇને આપ્યું. તે જ વખતે બેઉ ભાઇનું મન અલૌકિક થઇ ગયું; લીલારસનો અનુભવ થવા લાગ્યો. હવે શ્રીઆચાર્યજીએ કહ્યું કે હવે તમારે ઘેર જઇ સેવા કરો. જેને નિરોધ પ્રાપ્ત થાય તેણે બહુ બોલવું નહિ તેમ બહાર દેશ ફરવું નહિ, માટે ઘેર જાઓ. કોઇ દૈવી જીવ આવે તેને નામ આપજો. તમને તો નિરોધ સિદ્ધ થયો. વળી બીજો કોઇપણ જો તમારો સત્સંગ મન રાખીને

કરશે તો તેને પણ નિરોધ પ્રાપ્ત થશે. હવે રાજા દવે અને માધવ દવે પાસે દ્રવ્ય હતું, તે શ્રીઆચાર્યજીને ભેટ કરી વિદાય થઈ દ્વારકાથી ચાલ્યા, ને પોતાને ગામ મણુંદમાં આવ્યા. ઘેર આવી બેઉ ભાઈ ભગવત્સેવા કરવા લાગ્યા. કંઇક દ્રવ્ય ધરમાં હતું તેનાથી નિર્વાહ કરતા. કોઇની સાથે બહુ બોલે નહિ. જે કોઇ આવે તેના પર દયા કરી ખાનપાન કરાવી સમાધાન કરે. ભગવદ્વાર્તા કરી બેઉ ભાઇ શ્રીઠાકોરજીની લીલાના રસમાં રસમગ્ન રહેતા,

વાર્તાપ્રસંગ ૧ લો.

હવે જે ગામમાં રાજા દવે અને માધવદવે રહેતા તે ગામમાં બે સાચોરા બ્રાહ્મણ બીજા રહેતા હતા. તેમાં મોટાભાઇનું નામ રામજી અને નાના ભાઇનું નામ હરિકૃષ્ણ હતું. તેમાં મોટા ભાઇ રામજી ભણ્યો હતો. તે ગામમાં પટેલની આગળ ચોતરા પર બેસીને કથા કહેતો; અને નાનો ભાઇ મૂર્ખ હતો તે મોટાભાઇના ખેતરની રખવાળી કરતો. હવે કંઇ કામ પ્રસંગે મોટા ભાઇ બીજે ગામ ગયો ત્યારે કથા બંધ રહી. હવે એકવાર વરસાદ બહુ આવ્યો, શીતકાળનો સમય હતો, નાનો ભાઇ સાંજનાં ખેતરમાંથી આવ્યો એટલે ભાભીએ કહ્યું કે રોટલી ખાશો ? ત્યારે દિયેરે કહ્યું કે મને ટાઢ બહુ વાય છે; તમે મને ગરમ ગરમ રોટલી કરી આપો તો હું ખાઉં. એટલે ભાભીએ કહ્યું કે ખાવું હોય તો ખાઓ નહિ, તો સૂઇ જઇશ. મારી સામેથી ઊઠી જાઓ. ભાભીનાં આવાં વચન સાંભળીને મનમાં બહુ જ દુઃખ થયું. જાણે મનમાં હૃદયમાં–બાણ વાગ્યું, તે તેજ વખતે ઘરમાંથી બહાર નીકળ્યો હવે મનમાં વિચાર કર્યો કે હવે દેહનો ત્યાગ કરવો અથવા આ ગામ છોડીને બીજા દેશમાં જવું. પણ મનમાં એવું આવ્યું કે ગામમાં રાજા દવે અને માધવ દવે મહાપુરુષો છે તેમને નમસ્કાર કરીને ક્યાંક જાઉં. એટલે રાજા દવે અને માધવ દવેને ઘેર આવી બેઉ ભાઇને નમસ્કાર કર્યા અને રડવા લાગ્યો, ત્યારે બેઉ ભાઈઓએ પૂછ્યું કે તું કોણ છે? પછી પાસે આવી ઓળખીને કહ્યું : તું તો ફલાણાનો દીકરો છે, અમારી જ્ઞાતિનો છે. ત્યારે એણે કહ્યું : મારા દુઃખનો પાર નથી. હવે હું દેહત્યાગ કરીશ. તમને નમસ્કાર કરવા

આવ્યો છું. ત્યારે માધવ દવેએ કહ્યું : શ્રીઠાકોરજી સર્વસામર્થ્યયુક્ત છે, તે દુઃખ દૂર કરશે. માટે તું તારું દુઃખ તો કહે. એટલે એણે સઘળી હકીકત કહી. કે મને મારી ભાભીએ આવાં વચન કહ્યાં તે હૃદયમાં ખૂંચે છે. હું તમારે શરણે છું; મારું દુઃખ દૂર કરો. આ વખતે બેઉ ભાઇઓએ એના મનનું સમાધાન કર્યું કે શ્રીઠાકોરજી બધું સારું કરશે. પછી એને મહાપ્રસાદ લેવરાવ્યો અને કહ્યું કે હવે સૂઇ રહે. પછી સવાર થયું એટલે માધવ દવેએ તેને ઉઠાડીને કહ્યું કે હવે તું સ્નાનસંધ્યાવંદન કરીને અહીં આવજે. તેથી તે દેહકૃત્ય કરી સ્નાનસંધ્યાવંદન કરીને આવ્યો. એટલે માધવ દવેએ રાજા દવેને કહ્યું કે હવે આને કહેવું હોય તે કહો. એટલે રાજા-દવેએ કહ્યું કે તમારી જીભે તમે આશ્વાસન આપ્યું છે માટે તમે કશુંક કહો. આ એક ઉપાધિ ઊભી કરી છે. આપણે એવું શા માટે કરવું ? સંસારમાં તો અનેક સુખીદુઃખી છે. ત્યારે માધવ દવેએ રાજાદવેને કહ્યું કે તમે શ્રીઆચાર્યજીના સેવક છો, અને આ બહુ જ દુઃખી છે તેના પર કૃપા કરો. ત્યારે રાજા દવેએ કહ્યું કે આ કામ તમારા આગળ (તમે છો છતાં) મને કહેવું ઠીક નથી. અને રાજા દવેએ કહ્યું કે અમારી આજ્ઞા છે કહો.

ભાવપ્રકાશ—રાજા દવે કહે 'ઝાર લગાયો' છે (ઉપાધિ ઊભી કરી છે) તેનું કારણ એ છે કે આ લીલા સંબંધી દૈવી નથી; કૃપાએ કરીને ઉદ્ધાર થશે.

એટલે માધવ દવેએ તેને શ્રીઠાકોરજીના મંદિરના દ્વાર આગળ બેસાડીને શ્રીઆચાર્યજીનું સ્મરણ કરી પછી અષ્ટાક્ષર મંત્રનો ઉપદેશ કર્યો. નામ દઈને પછી અષ્ટાક્ષરની માળાનો જપ કરાવ્યો, એટલે આ સંસ્કૃત બોલવા લાગ્યો. ત્યારે માધવ દવેએ રાજા દવેને કહ્યું : આજ્ઞા હોય તો આને એક માળાનો જપ વધારે કરાવું. ત્યારે રાજા દવેએ કહ્યું કે અવશ્ય ફરી જપ કરાવો. એટલે માધવ દવેએ એક અષ્ટાક્ષરની માળા વધારે જપાવી. એટલે એ શ્રીભાગવત પુરાણશાસ્ત્ર બધાંનો અર્થ જાણવા લાગ્યો. ત્યારે રાજા દવેએ માધવ દવેને કહ્યું કે આજ્ઞા હોય તો એક વધુ માળાનો જપ કરાવું. એટલે રાજા દવેએ

કહ્યું કે એ આટલાને જ પાત્ર છે; વધારે આપશો તો રસ ઉચ્છલિત થઇ જશે.

ભાવપ્રકાશ—ના પાડી એનો આશય એ હતો કે ત્રીજી માળા જો તો લીલારસનો અનુભવ થઇ જાય; પણ લીલા સંબંધી નથી, તેથી તેને એટલું જ બસ છે.

પછી રાજા દવેએ માધવ દવેને કહ્યું કે તમે તમારા મનમાં એવું ન લાવશો કે મેં આને આ દાન કર્યું, તેથી તેને જ્ઞાન થયું, પણ આ બધું શ્રીઆચાર્યજીની કૃપાનું જ પરિણામ છે. મારું તમારું સ્વરૂપ તમે જાણો છો. ત્યારે માધવ દવેએ કહ્યું કે મારું શું છે? આ કરનારા તો શ્રીઆચાર્યજી છે. પછી એને રાજભોગ આરતી પછી મહાપ્રસાદ લેવરાવ્યો. ત્રીજો પહોર થયો એટલે માધવ દવેએ એને કહ્યું કે જાઓ, પટેલના ચોતરા પર કથા કહો. પોથી મારી પાસેથી લઇ જાઓ. એટલે એ પોથી લઇ બેઉ ભાઇને નમસ્કાર કરી પટેલના ચોતરા પર બેસી કથા કહેવા લાગ્યો. બે ચાર પટેલો આ જોઇને બધા પટેલોને જઇને કહે કે ભટ્ટજી કથા કહેછે, માટે જલદી ચાલો. એટલે બધા પટેલો આવ્યા. એનું કહેવું કૃપાબળથી હોવાથી બહુ જ સુંદર કથા કહી. આ વખતે બધા પટેલોએ કહ્યું કે તમે કથા તો બહુ જ સુંદર કહો છો. અગાઉ કેમ કહેતા નહોતા? ત્યારે આણે કહ્યું કે મારા મોટાભાઈ કહેતા, તેથી હું કહેતો નહિ. એટલે બધાંએ કહ્યું કે હવે તમે જ કથા કહ્યા કરો. અમારું મહાભાગ્ય છે કે આવા બ્રાહ્મણ કથા કહેનારા મળ્યા. પછી બધા પટેલોએ મળીને વિચાર કર્યો કે ભટ્ટજી પહેલી જ વાર કથા કહે છે, માટે ખાલી હાથે જાય તે સારું નહિ. તેથી બધા પટેલોએ ભટ્ટજીની બહુ જ સારી રીતે પૂજા કરી. કથા ઊઠી ગઇ એટલે ઊઠીને માધવ દવે પાસે આવી તેણે પૂજામાં મળેલું દ્રવ્ય એમની આગળ ધરી વિનંતિ કરીઃ તમે મારા ગુરુ છો. તમારી કૃપાથી જ પટેલના ચોતરા પર કથા કહી આવ્યો. બધા પટેલ પ્રસન્ન થયા. આ સાંભળી માધવ દવેએ કહ્યું કે આવું આજ પછી ન બોલશો. અમારા અને તમારા ગુરુ શ્રીઆચાર્યજી છે. અમે તો એમની આજ્ઞાથી

નામ આપીએ છીએ, માટે આ બધું દ્રવ્ય એમનું છે. શ્રીઆચાર્યજી પધારે ત્યારે ભેટ કરજો અને એમના સેવક થજો. ત્યારે એણે કહ્યું કે હું કયાં રાખું ? તમને સારું લાગે તેમ કરો. એટલે માધવ દવેએ પૂજાનું દ્રવ્ય મૂકી રાખ્યું. એટલામાં જગન્નાથ જોશી અને રામદાસ અડેલ શ્રીઆચાર્યજીનાં દર્શન માટે જતા હતા તેમની સાથે આ દ્રવ્ય શ્રીઆચાર્યજીને મોકલી દીધું. પછી પટેલના ચોતરા પર રોજ કથા કહેતા. થોડાક દિવસમાં મોટો ભાઈ આવ્યો, એટલે નાના ભાઇએ આવીને માધવ દવેને કહ્યું કે જો આજ્ઞા હોય તો બાપદાદાનો ગરાસ (આવક) બહુ દિવસથી ગામડામાં અટકયો છે તે પાછો મેળવવા જાઉં છું. એટલે માધવ દવેએ કહ્યું કે હવે તમે જે કામ કરશો તે સિદ્ધ થશે. શ્રીઆચાર્યજીની કૃપા છે, માટે તમે જાઓ.

પછી તે બેઉ ભાઇઓની આજ્ઞા લઇ નમસ્કાર કરી તે બાપદાદાના યજમાનોના ગામમાં આવ્યો. અહીંના રજપૂતો ઊઠીને પગે પડયા અને કહે કે અમારાં મહાભાગ્ય છે કે તમે આવ્યા. પછી તેમને સારી જગ્યા રહેવાને આપી; સીધું સામગ્રી આપી રસોઇ કરાવી. ત્યારબાદ બધા રાત્રે ભેગા થયા, અને એમને બોલાવીને કહ્યું કે કંઇક કથા સંભળાવો. એટલે એક શ્લોક કહીને એનો અર્થ બધાને સંભળાવ્યો તે સાંભળી બધા બહુ જ પ્રસન્ન થયા અને કહેવા લાગ્યા કે ભટ્ટજી બહુ જ લાયક માણસ છે. પછી બધાએ કહ્યું કે પાંચ રાત્રિ અહીં રહો, પછી તમને વિદાય કરીશું. લાંબા દિવસે આપણા પુરોહિતનો દીકરો આવ્યો છે, એનું વર્ષાસન બહુ જ દિવસનું અટકયું છે. માટે બ્રાહ્મણનું ઋણ સારું નહિ. તેથી સો મણ તો અન્ન આપો અને સો રૂપિયા રોકડા આપો, અને એમની જમીનનું ખત નવેસરથી લખી આપો. આવી રીતે બ્રાહ્મણનું આગળનું ઋણ આપણા ઉપર છે, તેથી છૂટીએ. બધાંએ કહ્યું કે બહુ જ સારું. પછી બધાંએ મળીને સો રૂપિયા રોકડા આપ્યા અને સો મણ અન્ન આપ્યું. એટલે એમણે કહ્યું કે અનાજ મારે ઘેર મોકલી આપો. આથી ગાડાંમાં ભરીને ગાડાં સાથે મોકલ્યાં અને ફરી નવો કાગળ (દસ્તાવેજ) લખી આપ્યો અને કહ્યું કે અમે જમીનદારો છીએ, માટે વરસો વરસ આ તમારું (ગરાસ) વર્ષાસન લઇ જજો.

ભાવપ્રકાશ—કારણ કે બ્રાહ્મણનું ગ્રહણ બહુ માથે થાય તો આપી ન શકાય.

પછી નવાં વસ્ત્ર આપ્યાં. એક ગાય અને એક ભેંસ સારા દૂધની સાથે આપી, સાથે મનુષ્ય મૂકવા મોકલ્યો. આ બધું લઇને પોતાને ઘેર આવ્યો અને પોતાને ઘેર બારણા પર આવ્યો અને ભાભીને મોટેથી પોકારી કહ્યું કે પટેલને ઘેર ચોતરા પર કથા કહીને આવ્યો છું અને દાદાનો ગરાસ પણ ફરીને લાવ્યો છું; માટે હવે બારણું ઉઘાડો. એટલે ભાભીએ કમાડ ખોલ્યું; એનું તેજ જોઇને ચકિત થઇ ગઈ. મોટા ભાઇએ જોયું તો એના મુખ પર શ્રીભગવત્તેજ ઝળકી રહ્યું છે; એટલે બીને કહ્યું કે ભાઇ, અંદર આવો. એટલે અંદર આવી તેણે ભાભીને નમસ્કાર કરીને કહ્યું કે તમે મને શિક્ષા આપી તો શ્રીઠાકોરજીએ મારો મનોરથ પૂર્ણ કર્યો. પટેલના ચોતરા પર કથા કહી આવ્યો અને દાદાનો ગરાસ પણ ફરીને લઇ આવ્યો. હવે ભાઇ અને ભોજાઇ બેઉ ડર્યાં કે આના પર શ્રીભગવાનની કૃપા થઇ છે તો શાપ દેશે તો ભસ્મ થઈ જઇશું. પછી ભોજાઇએ કહ્યું કે હવે સ્નાન કરો; કશું ખાઓ. એટલે આણે કહ્યું કે રાજા દવે અને માધવ દવેને નમસ્કાર કરી આવું પછી બીજું કામ કરું. ત્યારે મોટાભાઈએ કહ્યું કે એમની પાસે પહેલાં જવાનું શું કારણ છે? ત્યારે એણે કહ્યું કે તમે તો મારા સ્વરૂપને જાણો છો, પણ આ બધી કૃપા તો એમણે જ કરી છે, મારામાં તો શું છે? આ મોટો ભાઇ પણ સાથે ચાલ્યો, કે મારા પર પણ કૃપા કરે તો સારું. બેઉ ભાઇએ આવી રાજા દવે અને માધવ દવેને નમસ્કાર કર્યા. અહીં નાનાભાઇએ બન્યું તે કહ્યું. સો રૂપિયા તથા કપડાં આગળ ધરીને કહ્યું કે સો મણ અન્ન છે, તે પણ રાખો. ત્યારે માધવ દવેએ કહ્યું: અન્ન વેચીને તેના પૈસા કરો. આ બધું શ્રીઆચાર્યજીનું છે. આમાં તમારું અને અમારું શું છે? ત્યારે રાજા દવેએ માધવ દવેને કહ્યું કે બીજા ભાઇને આ પ્રકાર કહેશો નહિ. પછી મોટાભાઈએ વિનંતિ કરી કે જેવી રીતે મારા નાનાભાઇ પર કૃપા કરી તેવી કૃપા મારા પર કરો હું; તમારે શરણે છું. ત્યારે માધવ દવેએ રાજા દવેને

કહ્યું કે જુઓ, આ વિનંતિ કરે છે. ત્યારે રાજા દવેએ કહ્યું કે મેં તો તમને પહેલેથી કહ્યું હતું કે આવી ઉપાધિ ઊભી ના કરશો. માટે હવે તમારે કરવું હોય તો આને પણ માત્ર નામ આપો. એટલે મોટાભાઈને પણ નવરાવીને નામ સંભળાવ્યું. પછી અન્ન વેચીને પૈસા કર્યા. ત્યારબાદ કેટલાક દિવસે શ્રીઆચાર્યજી દ્વારકા પધાર્યા, તે વેળા સિદ્ધપુરમાં રાણાવ્યાસને ઘેર ઊતર્યા, તે ખબર રાજા દવે તથા માધવ દવેને મળી, એટલે બેઉ ભાઇને સાથે લઇ બધું દ્રવ્ય લઇ સિદ્ધપુર આવ્યા. શ્રીઆચાર્યજીને દંડવત્પ્રણામ કરી દ્રવ્ય સઘળું ભેટ કરી બેઉ ભાઇની બધી વાત કહી; પછી વિનંતિ કરી કે મહારાજ, આ બેઉ ભાઇને આપ નામ સુણાવો. એટલે શ્રીઆચાર્યજીએ બેઉ ભાઇને નામ સુણાવ્યું; પછી આપ દ્વારકા પધાર્યા. બેઉ ભાઇઓને સાથે લઇ રાજા દવે અને માધવ દવે પોતાને ઘેર આવ્યા. આવી રીતે રાજા દવે તથા માધવ દવેના સંગથી બેઉ સાચોરા ભાઇ કૃતાર્થ થયા. આ રાજા દવે અને માધવ દવે એવા ભગવદીય છે, તેમની વાર્તા કયાંસુધી કહીએ? ॥ વાત ૩૫ ॥

ભાવપ્રકાશ—અને રાજા દવે તથા માધવ દવેને નિરોધ પ્રાપ્ત થયો. એમના હૃદયનો ભાવ અલૌકિક લીલા સંબંધી છે. તે અવર્ણનીય છે.

વાર્તા ૩૬ મી.

હવે શ્રીઆચાર્યજીના સેવક ઉત્તમશ્લોકદાસ સાચોરા બ્રાહ્મણ તેની વાર્તા અને એનો ભાવ.

વાર્તાપ્રસંગ ૧ લો.

આ ઉત્તમશ્લોકદાસ શ્રીનાથજીના સેવકોની રસોઇ કરતા અને બધાને પ્રીતિથી પોતાને હાથે પીરસતા. આથી બધા વૈષ્ણવો તેમને 'મહતારી' (મા) કહીને બોલાવતા. આ ઉત્તમશ્લોકદાસને સેવકો ઉપર બહુજ મમત્વ હતું, તેથી શ્રીગુસાંઇજી એમના ઉપર બહુ જ પ્રસન્ન રહેતા.

ભાવપ્રકાશ—આ ઉત્તમશ્લોકદાસ અને ઈશ્વર દવે લીલામાં શ્રીચંદ્રાવલીજીની સખી છે, તેમનામાં સાત્ત્વિકભાવ બહુ જ છે. શ્રીચંદ્રાવલીજીને અને બીજી બધી સખીઓને પ્રીતિથી સામગ્રી આરોગાવતી. હવે એકવાર શ્રીચંદ્રાવલીજીએ શ્રીસ્વામિનીજીને પોતાની કુંજમાં પધરાવ્યાં. આ વખતે શ્રીચંદ્રાવલીજી પોતાના હાથથી બેઉ સ્વરૂપને પીરસતાં હતાં, તે વખતે આ બેઉ સખીના મનમાં એવો ગર્વ થયો કે અમે સઘળી સખીઓને નિત્ય પીરસીએ છીએ, તો આજે બેઉ સ્વરૂપ પધાર્યાં છે તેમને પણ અમે પીરસીએ તો સારું. આ બાબત શ્રીચંદ્રાવલીજીને પૂછી નહિ, અને બીજો થાળ ઉઠાવીને ચાલી. એટલામાં શ્રીચંદ્રાવલીજી આવ્યાં, અને પૂછ્યું કે ક્યાં જાઓ છો? ત્યારે ગર્વથી કહ્યું કે શું અમે શ્રીઠાકોરજીને ન પીરસીએ? આ સાંભળી શ્રીચંદ્રાવલીજીએ કહ્યું કે અહીં અભિમાન કરે તેનું કામ નહિ; પૃથ્વી પર પડો. આથી આ બેઉએ ભૂમિ પર અનેક જન્મ લીધા. લીલામાં એકનું નામ 'સુશીલા' બીજીનું નામ 'મેના' છે. ઉત્તમશ્લોકદાસ સુશીલાનું પ્રાકટ્ય, અને ઈશ્વર દવે મેના સખીનું પ્રાકટ્ય છે. તે બેઉ ગુજરાતમાં ગોધરામાં સાચોરા બ્રાહ્મણમાં જન્મ્યાં. આ બેઉ જણ એક કાયસ્થની રસોઇ કરતા. આ કાયસ્થ આગ્રા દેશાધિપતિ પાસે આવ્યો ત્યારે આ બેઉ જણ ત્યાં સાથે આવ્યા. આ વખતે શ્રીઆચાર્યજી આગ્રા પધાર્યા હતા અને રાજઘાટ પર શ્રીયમુનાજીને તીરે સંધ્યાવંદન કરતા હતા. આ વખતે ઉત્તમશ્લોકદાસ અને ઈશ્વર દવે શ્રીયમુનાજી પર સ્નાન કરવા આવેલા ને નહાતા હતા. શ્રીઆચાર્યજીએ સંધ્યાવંદન કરીને એવાં વચનામૃત કૃષ્ણદાસને કહ્યાં કે બ્રાહ્મણ દેહ પ્રાપ્ત કરીને શૂદ્રની ટહેલ કરવી યોગ્ય નથી. શૂદ્ર બ્રાહ્મણની ટહેલ કરે તે તો બરાબર છે, એવું શ્રીભાગવતમાં કહ્યું છે. ઉત્તમશ્લોકદાસ તથા ઈશ્વર દવેએ આ વાત સાંભળીને કહ્યું: મહારાજ, આપ કહો છો તે સાચું, પણ આ પેટને માટે અમે શૂદ્રની ચાકરી કરીએ છીએ. શું કરીએ? બીજા કોઈ ગુણ તો અમારામાં છે નહિ! ભણ્યા નથી, તેથી શૂદ્રની રસોઈ કરી નિર્વાહ કરીએ છીએ. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે અમે તમારા પર કહેતા નથી; અમે તો અમારા સેવકો જોડે વાત કરીએ છીએ. વળી ઈશ્વર સર્વનું ભરણપોષણ કરે છે. ઈશ્વર પર વિશ્વાસ જોઇએ. એટલે બેઉ જણે વિનંતિ કરી કે મહારાજ, આપે તો શાસ્ત્રની વાત કહી; પણ અહીં તો આવા છીએ, માટે આપ અમને સેવક કરો. અમને

બતાવો તે અમે કરીએ, જેથી શૂદ્રની ટહેલ છૂટે. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું : તમે પણ બ્રાહ્મણ છો અને યોગ્ય છો; સેવક કેવી રીતે થશો? ત્યારે બેઉ જણે કહ્યું કે મહારાજ, અમે બ્રાહ્મણ શેના છીએ? બ્રાહ્મણનું કર્મ તો અમે જાણતા નથી; માટે અમારા પર કૃપા કરો ને શરણે લો, કે અમારી બુદ્ધિ કંઈક ઉત્તમ થાય. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે આગળ આવો. આવી રીતે બેઉ જણને બોલાવી નામ નિવેદન કરાવ્યું. હવે બેઉ ભાઇએ વિનંતિ કરી કે હવે અમને આજ્ઞા કરો એ અમે કરીએ. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે તમે તમારે ગામ જઈ માતાપિતાની આજ્ઞા–વિદાય લઈ શ્રીગોવર્ધન પર્વત પર આવજો; ત્યાં શ્રીગોવર્ધનધરની સેવા કરજો. એટલે બેઉ મળી આ કાયસ્થનો હિસાબ કરી પોતાનો પગાર લઇને ચાલ્યા. આ વખતે આ કાયસ્થે રાખવાનું બહુ કહ્યું, વળી પગાર વધારવાનું પણ કહ્યું, પણ રહ્યા નહિ; ત્યાંથી નીકળ્યા ને પોતાને ઘેર ગોધરા આવ્યા, અને માતાપિતાને કહ્યું : અમને આજ્ઞા આપો તો વ્રજમાં જઇએ. ત્યારે બેઉનાં માતાપિતાએ કહ્યું કે થોડા દિવસ રહો; અમે પણ સાથે આવીશું. આ માતાપિતાના મનમાં એમ કે આવું કહીએ તો પુત્ર જાય નહિ. આમ બાર માસ વીત્યા એટલે બેઉએ માતાપિતાને કહ્યું કે તમે આવશો? વર્ષ દહાડો તો થઈ ગયો. ત્યારે તેઓ કહે હવે તુરત જ ચાલીશું. એમ કરતાં કરતાં પાંચ વર્ષ વીત્યાં. એટલે ઉત્તમશ્લોકદાસ તો માતાપિતાને કે બીજાઓને જણાવ્યા સિવાય જ ગોવર્ધન ચાલ્યા આવ્યા: શ્રીનાથજીનાં દર્શન કરી શ્રી-ગુસાંઈજીને દંડવત્પ્રણામ કરી પોતાની બધી વાત કહી. શ્રીગુસાંઈજીએ એમને શ્રીગોવર્ધનધરની રસોઈની સેવા આપી. તેઓ બધા સેવકોને બહુ જ પ્રેમથી પીરસતા; આથી ઉત્તમશ્લોકદાસને બધા સેવકો 'મહતારી' કહીને બોલાવતા.

આ એવા શ્રીઆચાર્યજીની કૃપાપાત્ર ભગવદીય છે.॥વાર્તા ૩૬॥

વાર્તા ૩૭ મી.

હવે શ્રીઆચાર્યજીના સેવક ઈશ્વર દવે સાચોરા બ્રાહ્મણ તેમની વાર્તા અને એનો ભાવ.

ભાવપ્રકાશ—એમનું લીલાનું સ્વરૂપ તો ઉપરની વાર્તામાં જણાવ્યું છે. વળી આચાર્યમાં સેવક શી રીતે થયા તે પણ ઉપર કહ્યું છે. ઉત્તમશ્લોક-દાસના આવ્યા પછી ૭ માસે ઈશ્વર દવેનાં માતાપિતાએ દેહ છોડ્યા, એટલે

ઈશ્વર દવેએ શ્રીગિરિરાજ આવી, શ્રીનાથજીનાં દર્શન કરી, શ્રીગુસાંઈજીને દંડવત્ પ્રણામ કરી, સઘળી હકીકત પોતાની કહી કે હું ઉત્તમશ્લોકદાસની સાથે સેવક થયો છું અને શ્રીઆચાર્યજીની એવી આજ્ઞા છે કે શ્રીગોવર્ધનધરની સેવા કરજો. હવે આપ આજ્ઞા કરો તે કરું. ત્યારે શ્રીગુસાંઈજીએ કહ્યું કે ઉત્તમ-શ્લોકદાસ શ્રીનાથજીની રસોઈનું અને સેવકોને પીરસવાનું કાર્ય કરે છે, તો આજથી તમે બેઉ સાથે મળીને આ સેવા વેગે—જલદીથી કરો. આજ્ઞા પ્રમાણે બેઉ સેવા કરવા લાગ્યા.

વાર્તાપ્રસંગ ૧ લો.

પછી કેટલાક દિવસ પછી ઉત્તમશ્લોકદાસનો દેહ છૂટયો ત્યાર પછી શ્રીગુસાંઇજીએ ઈશ્વર દવેનું નામ ઉત્તમશ્લોકદાસ રાખ્યું. આ ઉત્તમશ્લોકદાસ શ્રીગોવર્ધનધરની રસોઇ કરતા અને બધા સેવકોને પીરસતા. વળી પોતાની ગાંઠના પૈસાનું ઘી લાવીને વધારે પીરસતા.

ભાવપ્રકાશ—આમ ગાંઠનું પીરસવાનું કારણ એ છે કે સેવકો પોતાનો નેક ભાગ લે તેમાં મારી શી સેવા છે? કશું પોતાની ગાંઠનું પોતાની સત્તાનું પીરસાય તો સેવા છે. આ ભાવથી પીરસતા. વળી સામગ્રીમાં ઘી વધારે પીરસતા તેનું કારણ એ છે કે ઘીથી શરીરમાં શક્તિ આવે, અને તેથી પ્રભુની સેવા સારી રીતે થાય, થાકે નહિ: તેથી અધિક ઘી પીરસતા.

તેથી બધા સેવક 'મહતારી' (મા) કહીને બોલાવતા. આ વાત વૈષ્ણવોએ શ્રીગુસાંઇજીને કહી. આ સાંભળીને શ્રીગુસાંઇજી ઉત્તમ-શ્લોકદાસના ઉપર પ્રસન્ન થયા અને પાસે બોલાવીને પૂછયું: તમે પોતાની ગાંઠનું ઘી લાવીને સેવકોને કેમ પીરસો છો? બધા સેવકો પોતાનો નેક ભાગ તો લે છે. ત્યારે ઉત્તમશ્લોકદાસે કહ્યું કે મહારાજ, સેવકોને સેવામાં બહુ જ શ્રમ થાય છે. પર્વત પર ચઢે છે, અને ઊતરે છે, તેથી શ્રીઠાકોરજીના મનમાં ખેદ થાય. જો અધિક ઘી લે તો શરીરમાં બળ આવે, અને સેવા સારી રીતે થાય. આ વાત સાંભળીને શ્રીગુસાંઇજી બહુ જ પ્રસન્ન થયા કે આની સેવકો પર આટલી બધી વત્સલતા છે. આ વખતે શ્રીગુસાંઇજીએ કહ્યું કે

ઉત્તમશ્લોકદાસ, તમે કશું માગો. હું તમારા પર બહુ પ્રસન્ન થયો છું. ત્યારે ઉત્તમશ્લોકદાસે કહ્યું કે મહારાજ, હું તો આપના પર કદી પણ અપ્રસન્ન ન થાઉં એ માગું છું. ત્યારે શ્રીગુસાંઇએ કહ્યું: એવું જ થશે. આ વખતે સઘળા આ સાંભળીને કહેવા લાગ્યા કે એમણે આ શું માગ્યું? જીવ પ્રસન્ન થાય તોયે શું અને અપ્રસન્ન થાય તોયે શું? પ્રભુ પ્રસન્ન થવા જોઇએ. આ વખતે એક વૈષ્ણવે શ્રીગુસાંઇજીને વિનંતિ કરી કે મહારાજ, ઉત્તમશ્લોકદાસે શું માગ્યું કે હું તમારા પર પ્રસન્ન રહું. ત્યારે શ્રીગુસાંઇજીએ કહ્યું કે એ વાત તમે ઉત્તમશ્લોકદાસને પૂછજો કે તમે આ શું માગ્યું કે હું સદા આપના પર પ્રસન્ન રહું. ત્યારે ઉત્તમશ્લોકદાસે કહ્યું કે મેં એવું માગ્યું તેનું કારણ એ છે કે અત્યારે આ વખતે શ્રીગુસાંઇજી પ્રસન્ન છે. કોઇવાર સેવામાં અપરાધ પડે ને કદાચ અપ્રસન્ન થાય ત્યારે મારું મન બગડે (મને અભાવ થાય) તો મારું ઠેકાણું ન રહે; આથી મેં માગ્યું કે 'આપ અપ્રસન્ન થાઓ તોપણ મારું મન ન બગડે.' આ વાત સાંભળીને બધા વૈષ્ણવો પ્રસન્ન થયા. પછી શ્રીગુસાંઇજીએ સઘળા વૈષ્ણવોને કહ્યું કે ઉત્તમશ્લોકદાસે બહુ જ વિચાર કરીને માગ્યું છે; હવે એનું કદી બગડે નહિ. આ ઉત્તમશ્લોકદાસ એવા વૈષ્ણવ છે કે સદા એકરસ પ્રીતિ શ્રીઠાકોરજીમાં, શ્રીગુસાંઇજીના સેવકોમાં અને વૈષ્ણવોમાં રાખી રહ્યા. એમની વાર્તા ક્યાસુધી લખીએ? ॥ વાર્તા ૩૭ ॥

વાર્તા ૩૮ મી.

હવે શ્રીઆચાર્યજીના સેવક વાસુદેવદાસ છકડા સારસ્વત બ્રાહ્મણ સિંહનંદમાં રહેતા તેમની વાર્તા અને એનો ભાવ.

ભાવપ્રકાશ—આ વાસુદેવદાસ શ્રીનંદરાયજીના મુખ્ય ખવાસ છે. શ્રીનંદરાયજી જ્યાં જ્યાં જતા ત્યાં ત્યાં નંદરાયજીનાં વસ્ત્રો પાત્ર બધું લઈ સાથે ચાલતા. લીલામાં એનું નામ 'મનસુખા' છે. આ વાસુદેવદાસ સિંહનંદમાં એક સારસ્વત બ્રાહ્મણને ત્યાં જનમ્યા. આ સારસ્વત પાસે દ્રવ્ય બહુ જ હતું.

આ વાસુદેવદાસ તેર વરસના થયા તે અરસામાં ત્યાંના હાકેમે સિંહનંદનાં બધાંની પાસેથી દંડ લીધો, તેમાં વાસુદેવદાસના પિતા ઉપર પણ બે હજાર રૂપિયાનો દંડ નાખ્યો. આ વખતે વાસુદેવદાસે પિતાને કહ્યું કે હાકેમને દંડ શા માટે આપવો? હાકેમ સાથે લડીશું. ત્યારે વાસુદેવદાસના પિતાએ કહ્યું કે, હાકેમને શી રીતે પહોંચી વળાશે? ત્યારે વાસુદેવદાસે પિતાને કહ્યું કે, એ વાત તો હું જાણું છું, મને બતાવી દેજો. હવે હાકેમના ચાર સિપાઈ (દંડ લેવા) આવ્યા તેમને વાસુદેવદાસે કહ્યું કે, અમે દંડ શાનો આપીએ? જાઓ, હાકેમને કહેજો કે લડવું હોય તો લડે; દંડ તો અમે નહિ આપીએ. આ સાંભળી ચારે સિપાઈ ગાળાગાળી કરવા લાગ્યા અને કહ્યું કે અમે તને પકડીને લઈ જઈશું. એટલે વાસુદેવદાસે ચારેયનાં હથિયાર લઈ લીધાં ને એવા ધક્કા માર્યા કે ચારેય દૂર જઈ પડ્યા. પછી આ ચારેય જણાએ હાકેમ પાસે જઈને ફરિયાદ કરી કે વાસુદેવ બ્રાહ્મણે અમને માર્યા અને અમારાં હથિયાર છીનવી લીધાં. વળી કહે છે કે અમે હાકેમ સાથે પણ લડીશું. આ સાંભળતાં હાકેમ ક્રોધે ભરાયો અને ચાળીસ સિપાઈ મોકલ્યા, અને કહ્યું કે એને હમણાં જ બાંધીને લાવો. આ ચાળીસ પ્યાદા આવતા દેખી વાસુદેવદાસ ચાળીસની વચ્ચે દોડીને પેસી ગયા. કોઈની પાઘ, કોઈનાં હાથયાર લઈને, પછી કોઈને મુક્કી, કોઈને લાત એમ માર મારી બધાને પૃથ્વી પર પાડી નાખ્યા અને બધાનાં હથિયાર લઈ લઈને એક એક પાઘમાં પાંચપાંચ દશદશને બાંધીને બધાનાં હથિયાર લઈ ઘેર આવ્યા. આ બધાએ હાકેમ પાસે જઈ પોકાર કર્યો કે એક બાર તેર કે ચૌદ વરસનો છોકરો છે તેણે અમારા બધાનાં હથિયાર છીનવી લીધાં અને બધાને મુસ્કેટાટ બાંધ્યા; તેથી આ બાળક મનુષ્ય નથી પણ કોઈ દેવતા છે; માટે તમે સંભાળીને રહેજો. ત્યારે હાકેમે પોતાની પાસેના ખાસ પાંચશો ચુનંદા માણસો મોકલ્યા, કારણ કે હાકેમ પણ મનમાં બીન્નો. ત્યારે પોતાના દ્વારની આગળ ગલીમાં એક છકડો (ગાડું) આડું ધરી મારગ બંધ કર્યો અને આ છકડા પર હજાર મણ પથ્થરની શિલા આડી મૂકી પોતે હથિયાર લઈને વીસ માણસ લઈને બેઠો. હવે (બીજી તરફ) પાંચશો પ્યાદા દેખીને વાસુદેવદાસે કેડ બાંધી એક મોટો લઠ લીધો. તે આખો લોઢાથી મઢેલો બે મણ વજનનો ભારે હતો. તે લઈને દોડીને પ્યાદાઓની વચમાં આવી લઠ વીંઝવા માંડ્યો. તે એક ફેરો ફેરવતાં તો પચાસ સાઠ જણ એક ઉપર એક પડી ગયા.

આવી રીતે જેમ કુંભારનો ચાકડો ફરે, તેમ દશ પંદર ફેરા ફરીને બધા પ્યાદાઓને પછાડી નાખ્યા. પછી ક્રોધનો આવેશ વાસુદેવદાસમાં પૂરો વ્યાપી ગયો, તેથી હાકિમ ત્યાં રહેતો હતો ત્યાં દોડી ગયા. અહીં આડે હજાર મણનો છકડો જોઇ તેને એક હાથનો ધક્કો મારી ફેંકી દીધો, તેથી છકડો અને પથ્થર દૂર ગમે ત્યાં જઇને પડ્યા. છકડાના તો કડકે કડકા થઈ ગયા. અને છકડા (ગાડું) અને પથ્થરનો મોટો અવાજ થયો. સાંભળતાં જ વીસ પ્યાદા સાથે હાકિમ નાસીને સરસ્વતી નદીમાં તરીને દૂર જતો રહ્યો. આથી વાસુદેવદાસ હાકિમનો ચોતરો તોડી ગબડાવી નાખી પછી પોતાને ઘેર આવ્યા. પછી રાત્રે હાકિમે પોતાના ઘેર આવી સિંહાનંદના આગેવાન ડાહ્યા બે ચાર શરાફ કાપડિયા (વાણિયા)ને બોલાવીને કહ્યું કે તમે વાસુદેવને ઘેર જઈ સમાધાન કરી આવો. તમારો દંડ કર્યો તે મેં ભૂલ કરી. હવે જો તમે કહો તો અહીંની હાકિમી કરું, નહિ તો બીજે ગામ જાઉં. હવે જન્મભર તમને કશું કહીશ નહિ. આ લોકોએ જઈને હાકિમની સઘળી વાત કરી, ત્યારે વાસુદેવદાસે કહ્યું કે અમારે હાકિમ સાથે શું વેર છે? આવો અને રહો. એટલે હાકિમ રહ્યો. બીજે દિવસે તેણે વાસુદેવદાસને મળીને કહ્યું કે તમે મનુષ્ય નથી, કોઈ દેવતા છો; માટે મારા પર દયા રાખજો. કામકાજ હોય તો કહેજો. વળી આ છકડો ઉઠાવીને ફેંકી દીધો ત્યારથી ગામના બધા લોક એમને "વાસુદેવ છકડા" કહેતા. આથી વાસુદેવદાસને બહુ જ ગર્વ થયો, ગામમાં કોઇને ગણે જ નહિ; ગાળો દે તોપણ સૌ સાંખી રહે. એવામાં એક વાર શ્રીઆચાર્યજી થાણેશ્વર પધારતા હતા તે વખતે કૃષ્ણદાસ સરસ્વતીમાં નહાતા હતા, તે જ વખતે જોગજોગે વાસુદેવદાસ સિંહનંદથી નહાવા માટે આવ્યા. આ વખતે વાસુદેવદાસ જલ ઉછાળતા ઉછાળતા કૃષ્ણદાસ મેઘન પાસે આવ્યા, ત્યારે કૃષ્ણદાસ મેઘને કહ્યું કે તું કોણ છે કે છાંટા ઉડાડતો આવ્યો છે? માટે સીધી રીતે જરા દૂર રહીને નહા; બધાં પર તારા છાંટા ઊડે છે. કૃષ્ણદાસનાં આવાં વચન સાંભળતાંમાં તો વાસુદેવદાસે કૃષ્ણદાસ મેઘનને મારવા માટે હાથ ઊંચો કર્યો. હવે કૃષ્ણદાસમાં તો શ્રીઆચાર્યજીની કૃપાનું બળ તેથી તેમણે વાસુદેવદાસના બેઉ હાથ પકડી લીધા. આ વખતે વાસુદેવદાસે ખૂબ ખૂબ બળ કર્યું, પણ હાથ છૂટયા નહિ; એટલે મનમાં હાર્યા એમ જાણ્યું, અને પૂછ્યું કે તમે કોણ છો? ત્યારે કૃષ્ણદાસ મેઘને કહ્યું કે હું તો શ્રીવલ્લભાચાર્યજી સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ પ્રકટયા છે, તેમનો સેવક છું. પછી કૃષ્ણદાસ

મેઘને પૂછ્યું કે તમે કોણ છો? ત્યારે વાસુદેવદાસે કહ્યું કે હું સારસ્વત બ્રાહ્મણ છું. મારામાં ભારે ગર્વ હતો કે બળમાં મારાથી બરોબરિયો કોઇ નથી. મેં પાંચસો પ્યાદા સહિત હાકેમને હરાવ્યો હતો ને હજાર મણનો છકડો ફેંકી દીધો હતો. અને તમે તો મારા હાથ સહજમાં પકડયા. મેં બહુ જ બળ કર્યું પણ હાથ છૂટયા નહિ. માટે તમારો એવો પ્રભાવ છે તો તમારા સ્વામી કેવા હશે! માટે હું તમારી સાથે આવીને શ્રીઆચાર્યજીનાં દર્શન કરીશ. એટલે કૃષ્ણદાસે હાથ છોડી દીધો. બેઉ જણ નાહીને શ્રીઆચાર્યજી પાસે આવ્યા, ત્યારે શ્રીઆચાર્ય-જીએ દામોદરદાસને કહ્યું કે દેખ, દમલા, ભગવદીય જેનો હાથ પકડે તેને સં-સારથી પાર ઉતારે, તો આ વાસુદેવદાસના હાથ કૃષ્ણદાસ મેઘને સહજમાં પકડયો, તેના ભાગ્યની શી વાત? વાસુદેવદાસે આવીને શ્રીઆચાર્યજીને દંડવત્પ્રણામ કરી પછી વિનંતિ કરી કે મહારાજ, મને શરણે લો. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે તમને મનમાં ગર્વ બહુ જ રહે છે તો અમારે શરણે આવી શું કરશો? અમારા શરણમાં તો દૈન્ય આવે. ત્યારે વાસુદેવદાસે કહ્યું કે મહારાજ, હવે મારે ગર્વ નથી જોઇતો. ગર્વ કરવાથી બગાડ થાય છે. અહંકારીને ભગવદીય સૂઝે (મળે) નહિ. કૃષ્ણદાસનો અપરાધ કર્યો હતો, પણ ભગવદીયે મારા હાથ પકડ્યા તેથી ગર્વ જતો રહ્યો. હવે આપ કૃપા કરો; જેથી મારો જન્મ સફળ થાય. વળી આપનું પ્રાકટ્ય અમારા જેવા અધમ જીવોના ઉદ્ધારને માટે છે. આ સાંભળી શ્રીઆચાર્યજીએ વાસુદેવદાસને નિવેદન કરાવ્યું, અને કહ્યું કે તારું નામ 'વાસુદેવદાસ છકડા': આગળ ગર્વમાં છક્યો રહેતો, હવે ભગવદ્રસમાં છકેલો રહીશ, માટે 'છકડા'; વળી પાંચ ઇંદ્રિયો વિષયની તથા છઠ્ઠું મન તું વશ કરીશ—માટે તારું નામ 'છકડા'; વળી ઐશ્વર્ય (૧), વીર્ય (૨), યશ:(૩), શ્રી (૪), જ્ઞાન (૫), વૈરાગ્ય (૬)—છએ ધર્મ શ્રીઠાકોરજીમાં રહેલા છે, તે તારામાં રહેશે, તેથી તારું નામ 'છકડા'. આવી રીતે કૃપા કરી આશીર્વાદ આપી બધા ધર્મ હૃદયમાં શ્રીઆચાર્યજીએ ધરી દીધા, તેથી ફળરૂપ માનસી સેવામાં મન પ્રવેશી ગયું, તેથી શ્રીઠાકોરજીની સેવા એમના માથે ન પધરાવી. એટલે વાસુદેવદાસે કહ્યું મહારાજ, સિંહનંદ પધારો, તો મારાં માબાપને શરણે લો. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે અમારે સરસ્વતી ઓળંગવી નથી, તેથી સિંહનંદ નહિ અવાય; માટે તું જા. જેની શ્રદ્ધા શરણે આવવાની હોય તેમને લાવ, બીજાને ના કહેતો. એટલે વાસુદેવદાસે શ્રીઆચાર્યને દંડવત્પ્રણામ કરી

સિંહનંદ આવી માતાપિતાને કહ્યું: શ્રીવલ્લભાચાર્યજી થાણેશ્વર પધાર્યા છે. તે સાક્ષાત્ ભગવાનનું સ્વરૂપ છે, માટે તમે તેમનાં સેવક થાઓ. હું તેમનો સેવક થઈને આવ્યો છું. ત્યારે માતાપિતાએ કહ્યું કે અમે કાલે સવારે આવીશું આજ તો ખાનપાન કરી ચૂક્યાં છીએ. આ વાત કહી તે પાસે જ ક્ષત્રાણી સાસુ અને વહુ રહેતી હતી–સાસુનું નામ ગોરજા અને વહુનું નામ સમરાઈ–તેમણે સાંભળી એટલે વાસુદેવદાસને તેમણે પૂછયું કે, તમે માતાપિતાને સવારે ક્યાં લઈ જવાના છો? એટલે વાસુદેવદાસે જે રીતે પોતે સેવક થયા હતા તે બધો પ્રકાર કહ્યો કે, હું એવો અહંકારી દુષ્ટ હતો, છતાં મારો અંગીકાર કર્યો. ત્યારે સાસુ વહુએ કહ્યું: સવારે અમને પણ સાથે લઇ જજો. પછી આ વાત સિંહનંદમાં બધા લોકોએ સાંભળી, કે થાણેશ્વરમાં શ્રીવલ્લભાચાર્યજી મોટા મહાપુરુષ પધાર્યા છે અને વાસુદેવદાસ છકડા જેવો અહંકારી તેમનો સેવક થયો છે. તેથી આખું ગામ દર્શન કરવાને થાણેશ્વર આવ્યું, તેમાં કેટલાક નામ પામ્યા ને કેટલાકે સમર્પણ કર્યું. થાણેશ્વર ગામમાં બહુ જણ સેવક થયા. સવારે વાસુદેવદાસે માતાપિતાને અને સાસુ વહુને સરસ્વતીમાં નવરાવી શ્રીઆચાર્યજીની પાસે આવી દર્શન કરી દંડવત્ પ્રણામ કર્યા. પછી વાસુદેવદાસે વિનંતિ કરી કે, મહારાજ, આ માતાપિતા છે એમને શરણે લો, અને આ સાસુ વહુ સિંહનંદમાં રહે છે; આ વહુનો ધણી મરી ગયો છે; આ બેઉ આપને શરણે છે. એટલે શ્રીઆચાર્યજીએ સાસુ વહુને નામ સુણાવ્યું અને નિવેદન કરાવ્યું અને વાસુદેવદાસનાં માબાપને નામ સંભળાવ્યું. એટલે વાસુદેવદાસે શ્રીઆચાર્યજીને વિનંતિ કરી કે મહારાજ, માતાપિતાને બ્રહ્મસંબંધ કરાવો. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે એમનો તો એટલો જ અધિકાર છે; એમનાથી નિવેદન સધાશે નહિ. તારા સંબંધથી એમનો ઉદ્ધાર કર્યો. આ વખતે સાસુએ વિનંતિ કરી કે મહારાજ, હવે અમારું કર્તવ્ય શું છે, તે આપ કૃપા કરીને કહો. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે, તમે ભગવત્સેવા કરો. એટલે સાસુએ વિનંતિ કરી કે મહારાજ, હવે અમને સેવા પધરાવી આપો. આ વખતે શ્રીઆચાર્યજીએ કહ્યું કે તમે સરસ્વતી નદીમાં જાઓ; ત્યાંથી તમને ભગવત્સ્વરૂપની પ્રાપ્તિ થશે તે લાવો. આ સાંભળી સાસુ સરસ્વતી પર આવી. જુએ તો જળના કિનારા પર એક શ્રીઠાકોરજી બિરાજે છે, તે જોઈને બહુ જ પ્રસન્ન થઇ; તે લાવીને શ્રીઆચાર્યજીને આપ્યા. એટલે શ્રીઆચાર્યજીએ પંચામૃતથી સ્નાન કરાવી સાસુ

વહુને માથે તે ઠાકોર પધરાવ્યા. શ્રીઠાકોરજીનું નામ "શ્રીદામોદરજી" ધર્યું. પછી કહ્યું કે ઘેર જઇને સેવા કરો. એટલે સાસુ વહુ ઘેર આવ્યાં. સાસુ ચતુર હતી, તે સેવા કરતી, વહુ ભોળી હતી તે ઉપરની પરિચારગી કરતી. આ સાસુ વહુની વાર્તા આગળ કહીશું. ત્યાં એમનું લીલાનું સ્વરૂપ તથા ભાવ કહીશું. પછી વાસુદેવદાસને શ્રીઆચાર્યજીએ કહ્યું કે હવે તમે માતાપિતાને લઈને ઘેર જાઓ. ત્યારે વાસુદેવદાસે કહ્યું કે મારું મન આપની સાથે રહેવાનું છે, એટલે શ્રીઆચાર્યજીએ કહ્યું કે હમણાં તો તમે માતાપિતાને ઘેર લઈ જઇ ગામમાં રહો. કેટલાક દિવસ પછી માતાપિતાના દેહ છૂટશે, એટલે તમે આવીને અમારે ઘેર રહેજો. એટલે વાસુદેવદાસ દંડવત્ પ્રણામ કરી માતાપિતાને સિંહનંદ લઇ ગયા, અને પછી શ્રીઆચાર્યજી પૃથ્વીપરિક્રમા કરવા પધાર્યા.

વાર્તાપ્રસંગ ૧ લો.

વળી એકવાર શ્રીઆચાર્યજી અડેલમાં બિરાજતા હતા ત્યારે એક દિવસ ભંડારીએ શ્રીઆચાર્યજીને કહ્યું કે મહારાજ, આજે ભંડારમાં સીધું સામાન કશું છે નહિ. આ સાંભળી શ્રીઆચાર્યજીએ શ્રીઠાકોરજીના મંદિરમાંથી એક સોનાની કટોરી આણી અને કહ્યું કે આજને લાયક રાજભોગ સુધીની સામગ્રી લાવો; વધારે લાવશો નહિ. એ વાણિયાને ત્યાં આ કટોરી ઘરાણે મૂકી આવો. એટલે ભંડારી સોનાની કટોરી લઈ વાણિયાને ત્યાં રાજભોગ સુધીની સામગ્રી બધી લાવ્યો. પછી સામગ્રી કરી શ્રીઠાકોરજીને ભોગ ધરી સમયાનુસાર ભોગ સરાવી આરતી કરી અનોસર કર્યાં. પછી મહાપ્રસાદ શ્રીયમુનાજીમાં પધરાવી દીધો, અને કેટલોક ગાયોને ખવરાવી દીધો. આપ બધા પરિકર અને સેવકો સાથે ભૂખ્યા જ બેસી રહ્યા.

ભાવપ્રકાશ--આથી વૈષ્ણવોને એવી શિક્ષા આપી કે શ્રીઠાકોરજીની વસ્તુ હોય તે વૈષ્ણવે લેવી નહિ; શ્રીઠાકોરજી આરોગે. આ રીત બધાને શીખવી.

વળી અહીં સિંહનંદમાં સઘળા વૈષ્ણવોએ મળીને શ્રીઆચાર્યજીની ભેટની મહોરો ત્રીસ હતી તે વાસુદેવદાસ છકડાને આપી અને કહ્યું કે આ શ્રીઆચાર્યજીને પહોંચાડાય તો સારું. એટલે

વાસુદેવદાસે વેરાગીનો વેશ લઇ બધી મહોરો એક લાખના ગોળામાં વાળી તેને શાલિગ્રામ જેવો બનાવી ચંદન ચઢાવતા ચાલ્યા. તેઓ સિંહનંદના નીકળ્યા સ્થાનેશ્વર આવ્યા, વૈષ્ણવને ઘેર મહાપ્રસાદ લીધો. થાણેશ્વરથી ચાલ્યા દિલ્હી રાત રહ્યા, વૈષ્ણવને ઘેર મહાપ્રસાદ લીધો. તે દિલ્હીથી ચાલી મથુરા રહ્યા ને વૈષ્ણવને ત્યાં મહાપ્રસાદ લીધો. રસ્તામાં ચોર ઠગ મળ્યા તેમણે એમ જાણ્યું કે વેરાગી છે. શાલિગ્રામ પૂજતો પૂજતો જાય છે.

ભાવપ્રકાશ—વાસુદેવદાસના શરીરમાં બળ બહુ જ હતું, તો આવું કેમ કર્યું ? તેનું કારણ એ છે કે જાણે, આ શ્રીઆચાર્યજીનું દ્રવ્ય છે. કોઈ જગ્યાએ માર્ગમાં સૂઈ જાય ત્યારે કોઇ ચોરી કરે. સામે થઇને કોઈનું સામર્થ્ય નથી કે લઇ શકે. વળી ગુરુની સેવા માટે શાલિગ્રામની રીત કરી અંદર મહોર ઘાલી છે; તેમાં ભગવાનનો અપરાધ પણ મનમાં ન આણ્યો. તેનું કારણ એ છે કે ગુરુનું કાર્ય હોઇ તે કોઈ રીતે કરવું—એ રીતે ગુરુની સેવા કરવી, તેમાં પ્રભુનો અપરાધ બાધક નથી. પ્રભુની સેવામાં ગુરુના અપરાધથી ડરતા રહેવું એ દર્શાવ્યું.

પછી આગ્રા આવી ત્યાંથી ચાલ્યા અને બે દિવસ ચવાણું લઈને ચલાવી લીધું. ત્રીજે દિવસે ત્રીજે પહોરે જે દિવસે શ્રીઆચાર્યજી ભૂખ્યા બેસી રહ્યા હતા તે જ દિવસે અડેલ આવ્યા; પછી ગામને પાદરે આવી લાખનો ગોળો ફોડીને મહોર કાઢી લીધી ને શ્રીઆચાર્યજી મહાપ્રભુજીને આપી. ત્રીસ મહોર આગળ ધરી. અને શ્રીઆચાર્યજીને વિનંતિ કરી કે મહારાજ, સિંહનંદના વૈષ્ણવોની ભેટ છે. ત્યારે શ્રીઆચાર્યજીએ પૂછયું કે વાસુદેવદાસ, આટલી મહોર તું શી રીતે લાવ્યો ? માર્ગમાં ચોર ઠગ તો બહુ જ છે. ત્યારે વાસુદેવદાસે કહ્યું કે મહારાજ, એ વાત તો હું નહિ કહું. આપ સાંભળીને ખિજાશો. એટલે શ્રીઆચાર્યજીએ કહ્યું કે હું તારા પર પ્રસન્ન થઈશ; નહિ ખીજું. જેવી રીતે લાવ્યો તે કહી દે. ત્યારે વાસુદેવદાસે બધો પ્રકાર કહ્યો કે લાખનો ગોળો કરી ચંદન ચઢાવતાં ચઢાવતાં આવ્યો છું. આ સાંભળી શ્રીઆચાર્યજીએ કહ્યું કે એવું ન કરવું.

ભગવત્સ્વરૂપનો આકાર કરી પછી તેને અન્યથા કરવું પડે તે ઠીક નહિ. એટલે વાસુદેવદાસે કહ્યું કે મહારાજ, કશી પ્રતિષ્ઠા તો કરી નહોતી! લાખનો ગોળો જ કર્યો હતો. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે તોપણ એવું ન કરવું. પછી ભંડારીને બોલાવીને ત્રીસ મહોર શ્રીઆચાર્યજીએ આપી અને કહ્યું કે મંગળાથી સેન પર્યંતની સામગ્રી લાવી. કોઠારી છોડાવી લાવો. પછી શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ સેન પર્યંત પહોંચી શ્રીઠાકોરજીને અનોસર કરાવી આપે ભોજન કર્યું, અને ત્યારબાદ શ્રીઅક્કાજી વગેરે બધા પરિકરે ભોજન કર્યું. વાસુદેવદાસે મહાપ્રસાદની પાતળ ધરી. બધા સેવક વૈષ્ણવોએ મહાપ્રસાદ લીધો. પછી ત્રીસ મહોરની પહોંચ લખી શ્રીઆચાર્યજીએ વાસુદેવદાસને બીજે દિવસે વિદાય કર્યા. વાસુદેવદાસ કેટલેક દિવસે સિંહનંદ આવ્યા અને વૈષ્ણવોને પત્ર આપ્યો, એટલે બધા વૈષ્ણવોએ પ્રસન્ન થઇ વાસુદેવદાસને પૂછ્યું કે તમે આટલે બધે દૂર મહોરો શી રીતે લઇ ગયા? રસ્તો તો ભય વગરનો નથી! ઠગ ચોરોનો ભય તો બહુ જ છે! એટલે વાસુદેવદાસે બધો પ્રકાર કહ્યો ત્યારે બધા વૈષ્ણવો વાસુદેવદાસનાં વખાણ કરવા લાગ્યા.

વાર્તાપ્રસંગ ૨ જો.

હવે એકવાર શ્રીઆચાર્યજીના મોટા પુત્ર શ્રીગોપીનાથજી આગ્રા પધાર્યા. ત્યાં શ્રીગુસાંઇજીની ભેટની સો મહોર હતી તે વૈષ્ણવોએ શ્રીગોપીનાથજીને આપી. એટલામાં સિંહનંદથી વાસુદેવદાસ છકડા આગ્રા આવ્યા. તે વખતે શ્રીગોપીનાથજીએ કહ્યું કે એવો કોઇ વૈષ્ણવ છે, જે આ મહોર અડેલ પહોંચાડે? ત્યારે વાસુદેવદાસે કહ્યું કે મહારાજ, મને આપો, હું પહોંચાડીશ. એટલે શ્રીગોપીનાથજીએ શ્રીગુસાંઇજીને પત્ર લખી દીધો, સોનામહોર વાસુદેવદાસ છકડાને આપી. વાસુદેવદાસ પ્રથમ પ્રમાણે જ લાખનો ગોળો કરી ચંદન ચઢાવતા ચઢાવતા વેરાગીનો વેશ લઈને ચાલ્યા. રસ્તામાં ચવાણું લેતા. ત્રીજે દિવસે અડેલ આવી લાખના ગોળામાંથી મહોર કાઢી શ્રીગુસાંઇજી પાસે આવી દંડવત્પ્રણામ કરી શ્રીગોપીનાથજીનો પત્ર આપી મહોર આગળ ધરી;

એટલે શ્રીગુસાંઇજીએ પત્ર વાંચી મહોર સંભાળી ભંડારીને આપી. પછી વાસુદેવદાસને મહાપ્રસાદ લેવરાવ્યો. ત્યારપછી બીજે દિવસે મહોરોની પહોંચ શ્રીગુસાંઇજીએ આપે લખી વાસુદેવદાસને આપી. એટલે વાસુદેવદાસ શ્રીગુસાંઇજીને દંડવત્પ્રણામ કરી અડેલથી નીકળ્યા અને ત્રીજે દિવસે આગ્રા આવી શ્રીગુસાંઇજીનો પત્ર શ્રીગોપીનાથજીને વાસુદેવદાસે આપ્યો. શ્રીગોપીનાથજી આ પત્ર વાંચીને વાસુદેવદાસ પર બહુ જ પ્રસન્ન થયા. પછી પૂછ્યું કે આટલી બધી મહોરો તમે માર્ગમાં એકલા શી રીતે લઇ ગયા, તેનો પ્રકાર તો અમને કહો. એટલે વાસુદેવદાસે બધો પ્રકાર શ્રીગોપીનાથજીને કહ્યો, ત્યારે શ્રીગોપીનાથજીએ વાસુદેવદાસને કહ્યું કે એવું કદી ન કરવું; એટલે વાસુદેવદાસ બોલ્યા વગર ચૂપ રહ્યા.

ભાવપ્રકાશ—આમ કહેવાનું કારણ એ છે કે મર્યાદામાં આ આજ્ઞા છે કે દોષ લાગે, પણ ગુરુના કાર્યને માટે શો દોષ છે? આવી રીતે વાસુદેવદાસ એક પુષ્ટિકાર્યને સર્વોપરિ જાણતા. તેથી આવી રીતે કર્યું.

વાર્તાપ્રસંગ ૩ જો.

એકવાર શ્રીગુસાંઇજી શ્રીમથુરામાં બિરાજતા હતા, ત્યારે શ્રીઠાકોરજીને રાજભોગથી પહોંચીને આપ ભોજન કરીને બેઠકમાં પધાર્યા. પછી આગ્રામાં રૂપચંદનંદા આપશ્રીના સેવક છે તેમને શ્રીગુસાંઇજીએ પત્ર લખ્યો. તેમાં વસંતપંચમીની સામગ્રી મંગાવી. પછી વાસુદેવદાસને બોલાવીને પત્ર આપીને શ્રીગુસાંઇજીએ કહ્યું કે આટલી સામગ્રી આગ્રાથી રૂપચંદનંદાને ત્યાંથી લઇને સાંજ સુધીમાં આવી જજો. અને એક ટોપલી મહાપ્રસાદની મંગાવી એક ચાદરની ઝોળી બનાવી વાસુદેવદાસના ગળામાં ભેરવી, તેમાં મહાપ્રસાદ ભર્યો. આ વખતે વાસુદેવદાસે શ્રીગુસાંઇજીને વિનંતિ કરી કે મહારાજ, જોડા પહેરીને મહાપ્રસાદ લઈ શી રીતે જાઉં? ત્યારે શ્રીગુસાંઇજીએ કહ્યું કે તમને દોષ નહિ પડે; શ્રીઠાકોરજીની સેવા માટે જાઓ છો. માટે જોડા પહેરીને જ આનંદથી પ્રસાદ લેતા લેતા ચાલ્યા જજો.

એટલે વાસુદેવદાસ પ્રસાદ લેતા લેતા મથુરા ચાલ્યા. આગ્રા જઇને રૂપચંદનંદાને ઘેર ગયા તે વખતે રૂપચંદનંદા મહાપ્રસાદ લઇ હાથ ધોતા હતા. તેમણે વાસુદેવદાસ છકડાને જોઇ ભગવત્સ્મરણ કરી ઘરમાં કહ્યું કે મોટો હાંડો રસોઇને માટે ચઢાવો. એટલે વાસુદેવદાસે કહ્યું કે રસોઇ થાય ત્યાંસુધી હું નહિ રહું. પત્ર વાંચી મને સામગ્રી અપાવો. હમણાંજ મથુરા જઇશ. એટલે રૂપચંદનંદાએ શ્રીગુસાંઇજીનો પત્ર માથે ચઢાવી વાંચી પોતાના ભાઈને કહ્યું કે ઘરમાં જેટલો અનસખડી મહાપ્રસાદ હોય તેટલો બધો એક ટોકરા (ટોપલી)માં લઈ "છારછુ" દરવાજે જઈને બેસો; હું બજારમાં જઈને આવું છું. હવે રૂપચંદનંદા વાસુદેવદાસને બજારમાં લઇ જઇ વસંત લાયક સુંદર વસ્ત્રો વગેરે સામગ્રી લઇને આપવા લાગ્યા, ત્યારે વાસુદેવદાસે કહ્યું કે મારા હાથ પ્રસાદી છે, માટે મારી પીઠ પર બાંધી દો. એટલે રૂપચંદનંદાએ બધી સામગ્રી વાસુદેવદાસની પીઠ પર બાંધી પત્ર લખી આપ્યો; વાસુદેવદાસ સાથે છારછુ દરવાજે જઇ ભાઇ પાસેથી મહાપ્રસાદનો ટોકરો લઈ વાસુદેવદાસની ઝોળી ભરી દીધી. પછી વિદાય કરી બેઉ ભાઇ ઘેર આવ્યા. અને વાસુદેવદાસ મહાપ્રસાદ લેતા લેતા આગ્રાથી ચાલ્યા તે ત્રીજે પહોરે શ્રીગુસાંઇજી પોઢી ઊઠીને મુખારવિંદ ધોઇ ગાદી પર બિરાજ્યા હતા, તે જ વખતે વાસુદેવદાસ આવીને ઊભા રહ્યા, અને શ્રીગુસાંઇજીને વિનંતિ કરી કે મહારાજ, મારો હાથ પ્રસાદી છે. સામગ્રી પીઠ પર બાંધી છે. એટલે શ્રીગુસાંઇજીએ પ્રસન્ન થઈ આપે ઊઠીને શ્રીવાસુદેવદાસની પીઠ પરથી સામગ્રી છોડી લીધી. પછી રૂપચંદનંદાનો પત્ર લઈ વાંચીને શ્રીગુસાંઇજી પ્રસન્ન થયા. પછી આપશ્રીને વાસુદેવદાસે શ્રીમુખથી કહ્યું કે વાસુદેવદાસ, તારે માટે મહાપ્રસાદની પાતળ ઢાંકી રાખી છે, માટે ભીતર જઇ મહાપ્રસાદ લે. આ સાંભળી વાસુદેવદાસે નાહીને મહાપ્રસાદ લીધો. પછી સઘળી સામગ્રી શ્રીગુસાંઇજીએ સિદ્ધ કરી રાખી. સવારે વસંતપંચમી હતી, તેથી ઉત્સવ કર્યો અને વાસુદેવદાસને દર્શન કરાવ્યાં. આ વાસુદેવદાસ આવી રીતે સેવામાં તત્પર રહેતા.

વાર્તાપ્રસંગ ૪ થો.

હવે શ્રીગુસાંઇજીએ સેવાથી પહોંચીને ખવાસને કહ્યું કે, આસન, ઝારી, સંધ્યાવંદનનો સામાન લઇને વિશ્રાંતિઘાટ પર આવજો. આપ પાંચ દશ વૈષ્ણવો તથા વાસુદેવદાસ છકડા સાથે રોજ વિશ્રાંતિઘાટ પર પધારતા. ત્યાં સંધ્યાવંદન કરીને પછી શ્રીકેશવરાયજીનાં દર્શન માટે જન્મસ્થાન પર નિત્ય દર્શન કરવા પધારતા. એક દિવસ મથુરિયા ચોબાઓએ મળીને કાજી પાસે જઈ કાજીને શ્રીગુસાંઇજીની ચાડી કરી કે જો તમે એમની બે એક દિવસ લાગાબંધી (નાકાબંધી) કરો તો એમના સેવક એવા છે કે તમને હજારો રૂપિયા આપશે. આ સાંભળી કાજી બસો હથિયારબંધ માણસો સાથે લઈ જન્મસ્થાનની આસપાસ ઊભો રહ્યો. હવે જ્યારે શ્રીગુસાંઇજી શ્રીકેશવરાયજીનાં દર્શન કરીને બહાર પધાર્યા ત્યારે કાજીના માણસો સાવધાન થવા લાગ્યા, એટલે વાસુદેવદાસે શ્રીગુસાંઇજીને વિનંતિ કરી કે મહારાજ, આમની નજર બૂરી લાગે છે. ત્યારે શ્રીગુસાંઇજીએ કહ્યું કે તારું એ શું કરશે? આપણે એમની સાથે કશું વેર નથી, માટે ચાલ્યા કર. હવે વાસુદેવદાસ આગળ ચાલ્યા, ત્યારે કાજીના માણસો પાસે આવીને કહે કે હવે અહીંથી કયાં જાઓ છો? એટલે વાસુદેવદાસે શ્રીગુસાંઇજીને ફરી વિનંતિ કરીને કહ્યું કે મહારાજ, આ ખોટી નજરથી આવ્યા છે. એટલે શ્રીગુસાંઇજીએ કહ્યું કે તારાથી થાય તે તું કર. આ સાંભળતાં જ વાસુદેવદાસ ચાર ડગલાં આગળ ગયા ને એકની પાસે ઢાલ અને ગુરજ હતી તેને એક થપ્પડ મારી. એ તો થપ્પડ લાગતાં જ ગબડી પડયો. એટલે વાસુદેવદાસે તેની ઢાલ અને ગુરજ લઇને વીસપચીસ માણસને પછાડી નાખ્યા કે બધા ભાગીને નાઠા ને એક હવેલીમાં કાજી સહિત જઈને કમાડ બંધ કરી દીધાં. પછી વાસુદેવદાસે શ્રીગુસાંઇજીને કહ્યું કે ઠીક, બધા એક ઘરમાં એકઠા પેસી ગયા છે, ને આપ કહો તો ચારે ય બાજૂથી હવેલીની ભીંતો પાડી નાખું કે જેથી બધા દબાઇ મરે. ત્યારે શ્રીગુસાંઇજીએ કહ્યું કે એવું ન કરશો; તારું શું બગાડે છે? આપણે વિશ્રાંતિઘાટ ચાલો. પછી શ્રીગુસાંઇજી વિશ્રાંતિઘાટ પર પધારી

સંધ્યાવંદન કરી ઘેર પધાર્યા. પછી બીજે દિવસે શ્રીગુસાંઇજી જન્મ-સ્થાન દર્શન કરવા પધાર્યા એટલે કાજીએ બેચાર માણસ લઈ ગળામાં પટકો નાખી શ્રીગુસાંઇજી પાસે આવી વિનંતિ કરી : મહારાજ, મારો અપરાધ ક્ષમા કરો. મારી પાસે લોકોએ આપની ચૂગલી કરી હતી. હવે તેઓની ખબર લઇશ. તેઓ મને કનૈયા અને ભીમની સાથે લડાવે છે. આપ તો સાક્ષાત્ કનૈયા છો, કે આપે આ બધાને બચાવ્યા; નહિ તો આ ભીમ બધાને મારત. માટે હવે મને કશી ટહેલના આજ્ઞા કરો. આ સાંભળી શ્રીગુસાંઇજીએ કહ્યું કે તમને જેમણે ચાડી કરી હોય તેમને તમે કશું કહેશો નહિ. આવી રીતે કાજી વિનંતિ કરી ગયો અને મનમાં કહેવા લાગ્યો, કે જુઓ, દુષ્ટોએ એમની ચૂગલી કરી, પણ આ કનૈયા એવા દયાળુ છે કે વેરી પર પણ દયા કરી. આ વાસુદેવદાસ એવા કૃપાપાત્ર હતા.

વાર્તાપ્રસંગ ૫ મો.

સિંહનંદમાં વૈષ્ણવોને ઘેર મોટો ઉત્સવ હોય ત્યારે વાસુદેવદાસ-ને મહાપ્રસાદ લેવા બોલાવતા, અને નાના ઉત્સવમાં દશવીસ વૈષ્ણવ બોલાવવાના હોય ત્યારે વાસુદેવદાસને બોલાવતા નહોતા. કેટલાક દિવસ પછી સિંહનંદના બધા વૈષ્ણવ શ્રીગુસાંઇજીનાં દર્શન કરવા શ્રીગોકુલ આવ્યા, ત્યારે વાસુદેવદાસે શ્રીગુસાંઇજીને વિનંતિ કરી કે મહારાજ, આ વૈષ્ણવો મને ઉત્સવકીર્તનમાં બોલાવતા નથી. એટલે શ્રીગુસાંઇજીએ આ વૈષ્ણવોને કહ્યું કે તમે ઉત્સવ કીર્તનમાં વાસુ-દેવદાસને કેમ બોલાવતા નથી? એ શ્રીઆચાર્યજીના કૃપાપાત્ર ભગવદીય છે, એમને બોલાવ્યા વિના કેમ ચાલે? ત્યારે વૈષ્ણવો-એ શ્રીગુસાંઇજીને વિનંતિ કરી કે મહારાજ, મોટા ઉત્સવમાં તો બોલાવીએ છીએ. પણ નાના ઉત્સવમાં દશવીસ વૈષ્ણવની સામગ્રી એ એકલા લે તો પણ ભૂખ્યા રહે, તેથી અપરાધ પડે, તેથી બો-લાવતા નથી. ત્યારે શ્રીગુસાંઇજીએ કહ્યું: એવું બંધારણ કરો કે જો બસેં વૈષ્ણવ બોલાવવાનો મનોરથ હોય તો સો બોલાવવા ને બીજા સોમાં વાસુદેવદાસ; અને સોનો મનોરથ હોય તો પચાસ બીજા અને

પચાસમાં વાસુદેવદાસ; પચાસનો મનોરથ હોય તો પચીસ બીજા અને પચીસમાં વાસુદેવદાસ; દશનો મનોરથ હોય તો પાંચ બીજા અને પાંચમાં વાસુદેવદાસ; આમ દશ સુધીમાં એમને બોલાવજો, પણ પાંચ બોલાવો તો એમને ન બોલાવશો. ત્યારે વૈષ્ણવોએ કહ્યું કે મહારાજ, એ ભૂખ્યા રહે તો અપરાધ પડે. ત્યારે શ્રીગુસાંઈજીએ કહ્યું કે એમાં તમને અપરાધ નહિ પડે. આ પ્રકારે વ્યવસ્થા કરજો. ત્યારથી સિંહનંદના વૈષ્ણવો વાસુદેવદાસને ઉત્સવમાં બોલાવવા લાગ્યા.

ભાવપ્રકાશ--આમાં એ જણાવ્યું છે કે ભગવદીય એકને જ બોલાવીએ તેમાં બધા આવી ગયા. ભગવદીયના આવવાથી શ્રીઠાકોરજી જલદી પ્રસન્ન થાય.

વાર્તાપ્રસંગ ૬ ઠ્ઠો.

વળી વાસુદેવદાસના યજમાન આગ્રામાં બહુ જ રહેતા હતા. આથી પિતૃપક્ષ (શ્રાદ્ધપક્ષ)માં વાસુદેવદાસ આગ્રે જતા, બધા ક્ષત્રિયોનાં નોતરાં સ્વીકારતા, બધાંને ઘેર મહાપ્રસાદ લેતા; ધોતી ઉપરણા કપડાનાં થાન (આખા તાકા), તથા દક્ષિણા બંધુ લઇને પંદર દિવસનું એકઠું કરી પછી પિતૃપક્ષ પૂરાં થાય, ત્યારે દક્ષિણાના પૈસાના ચાવલ (ચોખા) અને સાકર લઇ શ્રીગોકુલ આવી ભંડારમાં આપતા. કપડાંમાંથી બધી જગ્યાએ છન્ના (ગળણાં), મંદિરવસ્ત્ર ને શાકઘર ભંડાર પાનઘર ફૂલઘર વગેરે જગ્યાએ હાથ લોવાનાં નવાં વસ્ત્ર કરી દેતા. શ્રીગુસાંઇજી બધી જગ્યાએ એકી સાથે નવાં વસ્ત્ર જોઇને પૂછે કે બધે એકી સાથે નવાં વસ્ત્રો ક્યાંથી આવ્યાં? ત્યારે બધા વૈષ્ણવ કહેતા કે મહારાજ, વાસુદેવદાસ લાવ્યા છે, તેમણે કર્યાં છે. ત્યારે શ્રીગુસાંઇજી વાસુદેવદાસને પૂછતા કે આટલાં બધાં નવાં વસ્ત્ર તમે ક્યાંથી લાવ્યા? એટલે વાસુદેવદાસ કહેતા કે મહારાજ, આગ્રામાં મારા યજમાન ક્ષત્રિયો રહે છે. પિતૃપક્ષમાં હું ત્યાં જઇ પંદર દિવસ રહી એમને ઘેર મહાપ્રસાદ લઉં છું. એ દક્ષિણા અને કપડાં આપે છે. દક્ષિણાના ચોખા તથા સકાર લાવી ભંડારમાં આપું છું. વસ્ત્રોનાં છન્ના વગેરે કરું છું. ત્યારે શ્રીગુસાંઇજી પ્રસન્ન થઈને કહેતા કે

જુઓ ભગવદીયનું કાર્ય; અલૌકિકમાં બધું વાપરી દે છે. પછી દર વરસે જ્યારે શ્રીગુસાંઇજી બધી જગ્યાએ નવાં છન્ના પોતનાં મંદિર-વસ્ત્ર વગેરે જોતા ત્યારે પૂછતા કે વાસુદેવદાસે કર્યાં હશે! ત્યારે બધા સેવક કહેતાઃ આગ્રાથી વાસુદેવદાસ લાવ્યા છે. એમ શ્રીગુસાંઇજી વાસુદેવદાસ પર બહુ જ પ્રસન્ન હતા.

ભાવપ્રકાશ—આમાં એ જણાવ્યું કે લૌકિક કાર્યાર્થે કે વૈદિક કાર્યાર્થે ભગવદીય વૈષ્ણવને કશું આપીએ તોપણ તે અલૌકિકમાં ઉપયોગ કરે. આગ્રાના જમાનો શ્રાદ્ધ કરીને શ્રાદ્ધના નામથી આપતા અને વાસુદેવદાસ લઇ શ્રી-ગુસાંઈજીને ઘેર અંગીકાર કરાવતા, તેમાં આ ક્ષત્રિય લોકો પણ કૃતાર્થ થયા, અને એમના પિતૃઓ પણ કૃતાર્થ થઈ ગયા. વાસુદેવદાસના મનમાં એવો દૃઢ ભગવદાશ્રય હતો કે લૌકિક વિચાર જ કશો મનમાં લાવતા નહિ. શ્રાદ્ધના નામથી મહાપ્રસાદ પણ લેતા. શ્રાદ્ધસંબંધી વસ્તુઓ લઇ અલૌકિકમાં વાપરતા, પણ એમને કશું પણ બાધક થતું નહિ. એવું પ્રભુકૃપાનું બળ કે સદા નંદાલયની લીલાનું કામકાજ કરે. અહીં શ્રીઆચાર્યજીની ટહેલ કરે, પછી લીલારસનો અનુભવ કરે; પણ નિકુંજની લીલાઓનો અનુભવ નહિ.[1] નંદા-લયની લીલાઓના સંબંધી છે, તેથી નંદાલયની લીલાઓનો અનુભવ થયો. આ વાસુદેવદાસ છકડા એવા ભગવદીય છે, તેથી એમને માથે શ્રીઠાકોરજી નથી પધરાવ્યા. લીલામાં પણ વસ્તુ સામગ્રી લાવીને શ્રીયશોદાજીને આપતા.

વાર્તાપ્રસંગ ૭ મો.

હવે જ્યારે શ્રીગુસાંઇજી પરદેશ પધારતા ત્યારે વાસુદેવદાસ સાથે જતા. તે એક છકડાનો ભાર ઉઠાવી લઇને ચાલતા. તેથી સર્વ કોઇ એમને 'વાસુદેવદાસ છકડા' કહેતા. એવા ટેકવાળા આ વૈષ્ણવ છે. એ વાસુદેવદાસની વાર્તા ક્યાંસુધી કહીએ? ॥ વાર્તા ૭૮ ॥

---

૧. આ વાર્તા પરથી એવો પણ નિશ્ચય થાય છે કે જેવો મૂળલીલાનો જીવ તેવાં જ સેવા અને સંબંધ થાય છે. વળી તેને લીલાના અનુભવ પણ તેવા જ થાય છે. વાસુદેવદાસને બિલકુલ નિકુંજલીલાનો અનુભવ તેમજ જ્ઞાન નથી; નંદરાયજીના ખવાસ હોવાથી અહીં પણ એવી જ ટહેલ અત્યંત ત્યાગપૂર્વક શિરસાટે અને અત્યંત ચતુરાઇથી કરી છે. વળી ખવાસી કરવામાં શરીરની ટહેલ હોવાથી શક્તિ જોઇએ તે પણ પ્રભુએ ખૂબ આપી છે. 'છકડા' એમાં 'ષડ્ગુણ'નો ભાવ પણ રહેલો છે. ષડૈશ્વર્યવાળો ષડ્ગુણ કે છકડા.

વાર્તા ૩૯ મા.

હવે શ્રીઆચાર્યજીના સેવક બાબાવેણુ સારસ્વત બ્રાહ્મણ, કૃષ્ણદાસ ઘઘરી ક્ષત્રિય, અને યાદવદાસ બનિયા (વાણિયા) બાબાવેણુનો ખવાસ એ ત્રણેની વાર્તા ને એનો ભાવ.

ભાવપ્રકાશ--પૂર્વમાં કાશી પ્રયાગની વચમાં એક ગામ હતું, ત્યાં આ બધા રહેતા હતા. આ બાબાવેણુ અને કૃષ્ણદાસ એ બેઉ લીલામાં વિશાખાજીની સખી છે. લીલામાં બાબાવેણુનું "સોરસેની" અને કૃષ્ણદાસનું નામ "કામલતા" છે. સોરસેનીની એક સખી "તિલકની" તે યાદવદાસ બાબાવેણુના ખવાસ થયા. તેમને ત્રણેને અનેક જન્મ એટલા માટે લેવા પડ્યા કે એક દિવસ વિશાખાજીએ એમને કહ્યું કે શ્રીનંદરાયજીને ત્યાં જોઈ આવો, જો શ્રીઠાકોરજી જાગ્યા હોય તો વસ્ત્ર માગી કરી લઈ ચાલ્યા આવજો. તેથી એ ત્રણે શ્રીનંદરાયજીના દ્વાર પર આવી. તે સમયે શ્રીઠાકોરજીએ એ ત્રણેને પૂછ્યું કે વિશાખાજી ક્યાં છે? ત્યારે એ ત્રણેએ કહ્યું કે અમને ખબર નથી. અમે તો તમારાં દર્શન કરવા આવી છીએ, તેથી જો કંઈ વિશાખાજીને કહેવું હોય તે અમને જ આજ્ઞા કરો. આ પ્રમાણે વિશાખાજી બરોબરનું પોતાનું સૌભાગ્ય ગણ્યું, એટલે શ્રીઠાકોરજી હસીને ચૂપ થઈ રહ્યા, અને અંદર જશોદાજીની પાસે પધાર્યા. આ ત્રણે સખીઓ દ્વાર પર બેસી રહી, મનમાં એવો વિચાર કે શ્રીઠાકોરજી હસીને અંદર પધાર્યા છે, તેથી હમણાં જ ફરી બહાર આવશે, એમ જાણી દ્વાર પર બેઠી. આ વાત વિશાખાજીને એક સખીએ જઇને કહી, તેથી વિશાખાજી દોડી આવ્યાં. આવીને જુએ છે તો ત્રણે પરસ્પર હાસ્ય કરી રહી છે. આથી વિશાખાજીએ શાપ આપ્યો કે, જાઓ ભૂમિ પર જન્મ લો. આ (તમારા) અભિમાનનું ફળ. તેથી ત્રણે ભૂતળપર પડી. બાબાવેણુ એક સારસ્વત બ્રાહ્મણને ઘેર જન્મ્યા, તે તેવીસચોવીસ વરસના થયા. આ બાબાવેણુ અને કૃષ્ણદાસ બેઉ એક બીજાના પરમ મિત્ર હતા—સાથે જ રહેતા. યાદવદાસને ઘેર ખાનપાનનો સંકોચ હતો. યાદવદાસ બાબાવેણુની ખવાસી કરતા હતા. બાબાવેણુ દેવીના ઉપાસક હતા; દેવીને સર્વોપરિ જાણતા. એક-વાર શ્રીકલ્યાણરાયજી ઠાકોરજીએ બાબાવેણુને સ્વપ્નમાં કહ્યું કે 'હું કલ્યાણી દેવી છું, અને આ ગામના તળાવમાં છું, ત્યાંથી તું મને બહાર કાઢ, અને

મારી પૂજા કર.' સવારમાં–પ્રાતઃકાલમાં બાબાવેણુએ પોતાના મિત્ર કૃષ્ણદાસને આ વાત કહી, એટલે બેઉ જણા તળાવમાં પેઠા. આખા તળાવમાં છાતી બરોબર પાણી હતું. બધે શોધતાં શોધતાં બાબાવેણુના હાથમાં શ્રીકલ્યાણરાયજી આવ્યા, એટલે બાબાવેણુ તળાવમાંથી બહાર આવ્યા, અને ઘરમાં જે દ્રવ્ય હતું તે વડે એક નાનું સરખું મંદિર આ તળાવ ઉપર જ બનાવી દેવીના ભાવથી દેવીની સ્થાપના કરી, અને કલ્યાણીદેવી નામ રાખ્યું. ગામના લોકો દેવી જાણી માનતા બહુ માને, તેથી બાબાવેણુ કૃષ્ણદાસ તથા યાદવદાસનો નિર્વાહ થતો. એમ કરતાં કરતાં પાંચ વર્ષ વહી ગયાં, ત્યારે શ્રીઆચાર્યજી કાશીથી અડેલ પધારતા હતા તે આ ગામમાં આવી શ્રીકલ્યાણરાયજીના મંદિર પાસે એક આંબાનું ઝાડ હતું તેની નીચે બિરાજ્યા. તે વખતે બાબાવેણુ અને કૃષ્ણદાસ પાસે ગામ હતું ત્યાં ગયા હતા. ત્યારે મંદિરમાંથી શ્રીકલ્યાણરાયજીએ શ્રીમહાપ્રભુજીને બોલાવ્યા કે આપ મંદિરમાં પધારો. એટલે શ્રીઆચાર્યજી મંદિરમાં જઇને જુએ છે તો શ્રીઠાકોરજીએ લહેંગો અને લૂગડાં (દેવીનાં) પહેર્યાં હતાં. આ જોઈ શ્રીઆચાર્યજીએ પૂછ્યું કે દેવીની પેઠે કેમ બેઠા છો? ત્યારે શ્રી-ઠાકોરજીએ કહ્યું કે શું કરું? આ ગામમાં ઠાકોરજીને કોઈ જાણતું નથી. અને બાબાવેણુ કૃષ્ણદાસ તથા યાદવદાસ દૈવી જીવ છે, તેમના ઉદ્ધારને માટે મેં દેવી થઈ બાબાવેણુ પાસે પૂજા કરાવી છે. કારણ કે બાબાવેણુ દેવીના ઉપાસક છે. હવે આપ મને શ્રીઠાકોરજી સ્વરૂપે પ્રકટ કરો, અને આપ ચાર ઘડી બિરાજો. બાબાવેણુ કૃષ્ણદાસ અને યાદવદાસ ખવાસનો અંગીકાર કરી પછી પધારો. એટલે શ્રીઆચાર્યજીએ લહેંગો સાડી ઉતારી લહેંગો એક ખૂંટી પર મૂક્યો અને લૂગડાને ફાડી એક પરદની પહેરાવી, પાઘ બાંધી દીધી; પછી આપ આંબાના ઝાડ નીચે જઇને બિરાજ્યા. એટલામાં જ બાબાવેણુ કૃષ્ણદાસ અને યાદવદાસ ખવાસ એ ત્રણે આવ્યા, અને શ્રીકલ્યાણરાયજીના મંદિરમાં જઈને જુએ તો પાઘધોતી પહેરીને બેઠા છે. આ જોઈ બાબાવેણુએ કહ્યું કે અહીં કોણ આવ્યું હશે કે મારી દેવીનાં કપડાં ઉતાર્યાં છે? ત્યારે શ્રીકલ્યાણરાયજીએ કહ્યું કે મને અડશો નહિ; હું તો શ્રીકલ્યાણરાયજી શ્રીઠાકોરજી છું. ત્યારે બાબાવેણુએ કહ્યું કે ઠાકોરને તો આ ગામમાં કોઈ માનતું નથી, અને મારો અપરાધ શો છે કે મને અડવાની ના કહો છો? એટલે શ્રીકલ્યાણરાયજીએ કહ્યું કે આંબાના ઝાડ નીચે શ્રીઆચાર્યજી બિરાજે છે તેમનો તું થઈ આવ. વળી

ગામના લોકો ઠાકોરજીને નથી માનતા તો તારે ને અમારે ગામના લોકો સાથે શું કામ છે? તારા ઘરમાં સાતસો રૂપિયા નીચે કોઠામાં દાટેલા છે, તે કાઢીને મારી સેવાપૂજા કરજો, પણ હવે તમે જઈને શ્રીઆચાર્યજીના સેવક થઈ આવો. એટલે ત્રણે જણે શ્રીઆચાર્યજી પાસે આવીને કહ્યું કે મહારાજ, અમને સેવક કરો. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે ત્રણે જણ તળાવમાં નાહીને આવો. પછી ત્રણે જણ તળાવમાં નાહીને શ્રીઆચાર્યજીની પાસે આવ્યા, શ્રીઆચાર્યજીએ પછી ત્રણે જણને નામ સુણાવી નિવેદન કરાવ્યું. પછી શ્રીઆચાર્યજીએ કહ્યું કે બાબાવેણુ, હવે તમે એક કામ કરો, શ્રીકલ્યાણરાયજીને તમારે ઘેર લઇ જઈ છૂપી રીતે સેવા કરો, જેથી કોઈ ગામમાં જાણે નહિ. અને આ મંદિરમાં કોઈ દેવીને બેસાડી કોઇને રાખીને તેની પૂજા ચલવો. તમે કશું પણ દેવીની પૂજાનું લેશો નહિ, અને શ્રીઠાકોરજીને ભોગ ધરો એ ત્રણે જણ લેજો. ત્યારે બાબાવેણુએ કહ્યું કે મહારાજ, આજ મારે ઘેર પધારી બે દિવસ રહી જેવી સેવાની રીત હોય તેવી રીત આપ અમને કૃપા કરી બતાવી દો, કેમકે આ ગામમાં કોઇ જાણતું નથી. એટલે શ્રીઆચાર્યજી શ્રીકલ્યાણરાયજીને પધરાવી બાબાવેણુને ઘેર પધાર્યા. ત્યાં બાબાવેણુના ઘરમાં નીચેના કોઠામાંથી સાતસો રૂપિયા નીકળ્યા તે લાવીને શ્રીઆચાર્યજી પાસે ધર્યા, એટલે શ્રીઆચાર્યજીએ કહ્યું કે એ અમારા કામના નથી, એ તમને આપ્યા છે. વળી તમારો દઢ વિશ્વાસ શ્રીઠાકોરજીમાં થયો તે માટે આપ્યા છે, તેથી તમે જ રાખો. પછી શ્રીઆચાર્યજી ચાર દિવસ રહી શ્રીકલ્યાણરાયજીને પંચામૃત સ્નાન કરાવી, બાબાવેણુ અને કૃષ્ણદાસને માથે પધરાવી સઘળી પુષ્ટિમાર્ગની સેવાની રીત બતાવી, અને આજ્ઞા કરી કે શ્રી-ઠાકોરજી જે રીતે આજ્ઞા દે તે પ્રમાણે કરજો. આ પ્રમાણે સમજાવી આપ અડેલ પધાર્યા. હવે બાબાવેણુ અને કૃષ્ણદાસ મળીને સેવા કરવા લાગ્યા. યાદવદાસ ખવાસ બધી ઉપરની ટહેલ કરતા હતા. પછી બાબાવેણુએ એક બ્રાહ્મણને પાંચદશ રૂપિયા આપ્યા ને દેવીને બેસાડી તેની પૂજા તેને સોંપી દીધી. આ બ્રાહ્મણ પ્રસન્નતાથી સેવા કરતો અને ગામની જીવિકા આવતી તે તે ખાતો. અહીં બાબાવેણુ અને યાદવદાસ ખવાસનો તો કોઇ સગો રહ્યો નહિ, બધા મરી પરવાર્યા. કૃષ્ણદાસને બે ભાઈ હતા, તેઓ અડેલ આવી શ્રીઆચાર્યજી પાસે નામ પામ્યા અને સાધારણ વૈષ્ણવ થયા. આવી રીતે બહુ દિવસ વીત્યા. હવે શ્રીગોવર્ધનધર પ્રકટ થઈ શ્રીગોવર્ધન પર બિરાજ્યા છે, તે પછી

શ્રીગુસાંઇજી સેવા કરે છે, આ સાંભળીને બાબાવેણુ કૃષ્ણદાસ તથા યાદવદાસને મન થયું કે શ્રીગોવર્ધનધરનાં તથા શ્રીગુસાંઈજીનાં દર્શન કરીએ. બાબાવેણુ હૃદયનાં નેત્રોથી દેખતા અને શ્રીગોવર્ધનધરનાં દર્શન કરતા. વળી કૃષ્ણદાસને આઠે પહોર વિરહ રહેતો, કે લીલાની પ્રાપ્તિ ક્યારે થશે? તે (તે પ્રકારનાં) કીર્તન ગાઇને વિરહ શાંત કરતા, અને યાદવદાસ ખવાસ બધી વાતમાં ભગવદિચ્છા માની પ્રસન્નતાથી સેવા કરતા. હવે એકવાર શ્રીકલ્યાણરાયજીએ ત્રણે જણને આજ્ઞા કરી કે તમે શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન કરવા જાઓ; હવે તમારી ત્રણેની ત્યાં પ્રાપ્તિ થશે. ત્યારે બાબાવેણુએ કહ્યું કે આપ હવે કોના સાથે બિરાજશો? આ સાંભળી શ્રીકલ્યાણરાયજીએ કહ્યું કે કૃષ્ણદાસના બે ભાઇ છે, તેમને સાથે મને પધરાવીને તમે જાઓ. એટલે બાબાવેણુએ કૃષ્ણદાસના બેઉ ભાઇને બોલાવીને કહ્યું કે તમારાં મોટાં ભાગ્ય છે; મન રાખીને શ્રીઠાકોરજીની સેવા કરજો. આ ઘર વસ્તુ બધું તમને સોંપીએ છીએ. અમે ત્રણે જણ વ્રજમાં જઈએ છીએ, ત્યાં અમારા ત્રણેના દેહ છૂટશે, પ્રભુની ઇચ્છા એવી જણાય છે. હવે બેઉ જણ સેવા કરવા લાગ્યા અને ત્રણે જણા પ્રસન્ન થઇને ચાલ્યા. તેઓ કેટલાક દિવસે મથુરા આવ્યા.

આ બાબાવેણુ હૃદયનાં નેત્રોથી દેખતા હતા. હવે આ ત્રણે જણ કેશવરાયજીનાં દર્શન કરવા ચાલ્યા, અને મથુરા આવી દર્શન કર્યાં. દર્શન કરતાંની સાથે જ કૃષ્ણદાસને શ્રીગોવર્ધનધર સ્વરૂપનાં દર્શન થયાં એથી કૃષ્ણદાસને શ્રીગોવર્ધનધરનાં સ્વરૂપનાં દર્શનનો અત્યંત વિરહ થયો, ત્યારે આ કીર્તન તેમણે ગાયું.

રાગ–બિલાવલ

आली! तू देखरी नयनन गिरिवरधर।
सहचरी कहति दुतिय सहचरीसों परम मुदित प्यारी राधावर ॥ १ ॥
भूषन भूषित अंग, मोहन बसन मोहत कनककान्ति हरि।
चितैं चित हरत विश्व युवतिनके सर्वसु देत करकमल करि ॥ २ ॥
उपमा कहा देउ को लायक, वरनौं कहा किशोरवैस वरु ॥
सुरति अत लटकत ब्रज आवत "कृष्णदास" बडभाग कल्पतरु ॥ ३ ॥

આ પદ ગાતાં જ કૃષ્ણદાસનો દેહ શ્રીકેશવરાયજીના મંદિરમાં છૂટી ગયો, એટલે બાબાવેણુ અને યાદવદાસ ખવાસે કૃષ્ણદાસના દેહને અગ્નિસંસ્કાર કર્યો. બાબાવેણુએ યાદવદાસ ખવાસને કહ્યું કે કૃષ્ણદાસની તો સદ્‌ગતિ થઇ ગઇ. કૃષ્ણદાસને તો 'ગોહ મારી' ને લઈ ગઈ અને હું તો શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન કરીનેજ દેહ છોડીશ.

ભાવપ્રકાશ—આનો આશય એ છે કે ગોહ કાળરૂપ છે, તેણે અમારી સોબતમાંથી એમને પહેલેથી જ લઈ લીધા. આમ કહે. હવે કાળ બે પ્રકારનો છે. અહીં કાળ એ શ્રીઠાકોરજીનો મુખ્ય અધિકારી છે. જ્યારે કૃષ્ણદાસને વિરહ થયો, તે વિરહથી એની દેહદશા ભુલાઇ ગઇ, તે લીલામાં મગ્ન થઈ ગયા. તેથી બાબાવેણુને સુણાવીને કીર્તન કર્યું કે, 'હે આલી (સખી!)' કેમકે બેઉ લીલામાં વિશાખાજીની સખી છે, તેથી બાબાવેણુને કહે છે કે "હે સખી!" "તું દેખિ નયનન ગિરિધર। તું તો જ્યાં ત્યાં ક્યાં ભટકે છે" પણ હું તો નયનવડે ગિરિવરધરને દેખું છું. મારાં નયન બીજે ઠેકાણે જતાં જ નથી. "સહચરી કહતિ દુતિય સહચરીસોં." આમ કીર્તનમાં કહેવાનું કારણ એ છે કે કૃષ્ણદાસ સહચરી છે, અને બાબાવેણુ પણ સહચરી છે તેના આપ સ્વામી (વર) છે, તેથી કૃષ્ણદાસ તેને કહે કે: પરમમુદિત—જે આનંદમય પ્યારી રાધા છે, તેના આપ વર (સ્વામી) છો, તેમની જ સાથે મારાં નયન લાગ્યાં છે. આ પ્રકારે કીર્તન કરી પોતાના હૃદયનો ભાવ બાબાવેણુને જણાવ્યો. આથી એમનો વિરહ શ્રીગોવર્ધનધર સહન કરી શક્યા નહિ. કાળ છે તે શ્રીભગવાનની વિભૂતિ છે, મુખ્ય અધિકારી છે, ઇચ્છાશક્તિ સ્વરૂપવાળો છે; તેથી શિક્ષાપત્રમાં કહે છે કે:—

यतः कालस्तद्विभूतिः कालः कलयतामहम् ॥
मुख्याधिकार्यपि हरेरिच्छाशक्तिस्वरूपवान् ॥१॥

આ કાળે પ્રભુની ઇચ્છા જાણી તત્કાળ કૃષ્ણદાસને પ્રભુની પાસે પહોંચાડી દીધા. ત્યારે બાબાવેણુએ કહ્યું કે કૃષ્ણદાસને તો ગોહ મારીને લઈ ગઇ. તેનો અર્થ એ છે કે કૃષ્ણદાસની અહંતા મમતાત્મક વાસનારૂપ દેહને 'ગોહ મારી' લઈ ગઈ, કારણ કે જ્યાંસુધી લિંગ દેહ પડે નહિ ત્યાંસુધી ભગવત્પ્રાપ્તિ થાય નહિ. તેથી લિંગ દેહને મારીને ગોહ (=ઘો) તેમને લઈ ગઇ, આમ કહે છે. પછી પોતાની

વાત કહે છે કે કે શ્રીગોવર્ધનધરનાં દર્શન કરીને આ દેહ—લિંગદેહને હું છોડીશ. તેમાં એવું જણાવ્યું કે અમને હજુ તો કૃષ્ણદાસના જેટલો વિરહ નથી થયો. હવે શ્રીગોવર્ધનધરનાં દર્શન કરીશું ત્યારે વિરહ થશે, ત્યારે દેહ છોડીશું. આ પ્રમાણે બાબાવેણુએ દીનતા જણાવી કે અમારું કાર્ય શ્રીગોવર્ધનધર કરશે.

પછી બાબાવેણુ અને યાદવ ખવાસ બેઉ મથુરાંથી ચાલ્યા તે શ્રીનાથજીદ્વાર આવ્યા. ત્યાં શ્રીનાથજીનાં દર્શન કર્યાં. ત્યાં બાબાવેણુએ શ્રીનાથજી આગળ કીર્તન કર્યાં. તે વખતે શ્રીનાથજીના કંઠમાંથી ફૂલની માળા ગરી પડી, એટલે રામદાસે એક બીડું પ્રસાદી અને માળા લઇ બાબાવેણુને આપ્યાં.

ભાવપ્રકાશ—આનો અર્થ એ છે કે શ્રીનાથજીએ તમને વિરહ આપ્યો અને આ દેહથી વિદાય આપી. હવે લીલામાં પ્રાપ્ત થશે; અને માળા શ્રીનાથજીના કંઠમાંથી વડી થઈ તેનો ભાવાર્થ એ છે કે માળા ભક્તરૂપ છે, ને વિરહ ભક્તોના હાથમાં છે. જ્યારે વ્રજભક્તો વિરહ આપે, ત્યારે વિરહ આવે, તેથી માળા લેતાંની સાથે જ વિરહ થયો. વળી બીડું આપ્યું તેનો ભાવ એવો છે કે જેના પર પ્રસન્નતા હોય તેને મંગળરૂપ બીડું આપે છે. એથી રામદાસજીએ તેમને બીડું આપી એમ જણાવ્યું કે પ્રભુ તમારા પર પ્રસન્ન છે.

પછી બાબાવેણુએ દંડવત્પ્રણામ કરી માળા બીડું લઇ, પર્વત પરથી નીચે ઊતરી દેહ છોડી દીધો. એટલે બાબાવેણુના દેહનો સંસ્કાર યાદવદાસ ખવાસે કર્યો. પછી શુદ્ધ થઈ શ્રીગુસાંઇજીનાં દર્શન કરવા આવ્યા, એટલે શ્રીગુસાંઇજીએ એમને ભગવદીય જાણી સેવા આપી, તે યાદવદાસ કરવા લાગ્યા, પણ મનમાં ખેદ રહેતો. પછી યાદવદાસ ખવાસે વિચાર્યું કે હવે અહીં રહીને શું કરવું? જ્યાં બાબાવેણુ છે ત્યાં જઇએ તો સારું.

ભાવપ્રકાશ—આમ થવાનું કારણ એ છે કે લીલામાં પણ યાદવદાસ ખવાસ બાબાવેણુની સખી છે, તેથી બાબાવેણુને ટહેલ કરીને પ્રસન્ન કર્યા હતા, તેથી હવે બાબાવેણુના સંગ વિના તેમનાથી રહેવાતું નથી, તેથી વિરહ થયો.

હવે યાદવદાસ ખવાસે વિચાર્યું કે કૃષ્ણદાસના દેહનો સંસ્કાર તો મેં કર્યો; હવે મારા દેહનો સંસ્કાર તો કોઇ વૈષ્ણવ સેવક કરશે તો તેને સેવામાં અંતરાય પડશે, તો તેવું આપણે ન કરવું. આમ વિચારી શ્રીનાથજીનાં દર્શન કરી અનોસર પછી નિત્ય વનમાં જઈ ત્યાં સૂકી ભૂમિ પર પડેલાં લાકડાં ભેગાં કરે. એમ કરતાં કરતાં જાણ્યું કે અગ્નિસંસ્કાર જેટલાં લાકડાં ભેગાં થયાં છે, એટલે શ્રીનાથજીનાં દર્શન કર્યાં. પછી સવારે બધા સેવકોને ભગવત્સ્મરણ કરી શ્રીગુસાંઇજીને દંડવત્પ્રણામ કર્યા પછી અગ્નિ લઇ વનમાં ગયા અને જે તરફનો પવન હતો તે તરફ ચિતામાં અગ્નિ મૂકી, ફરી શ્રીનાથજીની ધ્વજાને દંડવત્પ્રણામ કરી, એ ચિતા પર બેસી, પછી શ્રીઆચાર્યજીના ચરણારવિંદનું ધ્યાન ધરી દેહ છોડી દીધો અને લીલામાં પ્રાપ્ત થયા. પોતાના જ હાથે અગ્નિમાં બળીને શરીરનો સંસ્કાર કર્યો. વળી પ્રથમ બાબાવેણુએ યાદવદાસને કહ્યું હતું કે વિલંબ કરીશ નહિ; તું જલદી આવજે. પણ શ્રીગુસાંઇજીએ શ્રીનાથજીની સેવા સોંપી એટલે આટલા દિવસ વિલંબ કર્યો. આ યાદવદાસ એવા ભગવદીય છે કે કાળ એમને આધીન હતો. પછી એક વૈષ્ણવે શ્રીગુસાંઇજીને પૂછ્યું કે મહારાજ, યાદવદાસ બે ત્રણ દિવસથી દેખાતા નથી, ત્યારે શ્રીગુસાંઇજીએ કહ્યું કે યાદવદાસ દેહ છોડી પ્રભુ પાસે ગયા. ત્યારે વૈષ્ણવોએ પૂછ્યું કે એમના શરીરનો સંસ્કાર કયાં થયો? ત્યારે શ્રીગુસાંઇજીએ કહ્યું કે વનમાં લાકડાં એકઠાં કરી પોતાની જાતે જ પોતાના સંસ્કાર કર્યા છે.

ભાવપ્રકાશ—આનું કારણ એ કે કોઇ વૈષ્ણવને ભગવત્સેવામાં અંતરાય શા માટે કરવો?

આ બાબાવેણુ, કૃષ્ણદાસ, યાદવદાસ ખવાસ અલૌકિક દૈવીજીવ છે. એમનામાં અલૌકિક સામર્થ્ય છે, કારણ કે પરમકૃપાપાત્ર ભગવદીય છે. એમની વાર્તા કયાંસુધી કહીએ? ॥ વાર્તા ૩૯ ॥

વાર્તા ૪૦ મી.

હવે શ્રીઆચાર્યજીના સેવક જગતાનંદ સારસ્વત બ્રાહ્મણ થાણેશ્વરમાં રહેતા તેમની વાર્તા અને એનો ભાવ.

ભાવપ્રકાશ–'ભામા' શ્રીસ્વામિનીજીની સખી છે તેમની સખી આ જગતાનંદ છે. લીલામાં એનું નામ 'માધુરી' સખી છે. એ થાણેશ્વરમાં એક બ્રાહ્મણને ઘેર પ્રગટી. તે બાર વરસના થયા, ત્યારે કાશીમાં જઈ વિદ્યા ભણવા લાગ્યા. બાર વરસ કાશીમાં રહી વિદ્યા–શ્રીભાગવત ભણ્યા. પછી થાણેશ્વરમાં આવી સરસ્વતી નદી પર શ્રીભાગવતની કથા કહેતા, તેમાં તેમની આજીવિકા નિર્વાહ લાયક ચાલતી હતી.

વાર્તાપ્રસંગ ૧ લો.

હવે એકવાર શ્રીઆચાર્યજી થાણેશ્વર પધાર્યા. આપશ્રીએ પ્રાતઃકાલની સંધ્યા કરી એટલામાં જગતાનંદ આવી સરસ્વતીમાં નાહી શ્રીભાગવતની કથા કહેવા લાગ્યા. ત્યારે શ્રીઆચાર્યજીએ મનમાં વિચાર્યું કે આ જગતાનંદ અમારો દૈવી જીવ છે, તેનો અંગીકાર કરવો. આવો વિચાર કરી જગતાનંદની સન્મુખ જઇને બિરાજ્યા. આ વખતે જગતાનંદે જાણ્યું કે આ કોઇ પંડિત બ્રાહ્મણ છે, એટલે જગતાનંદે શ્રીભાગવતનો વેણુગીતનો એક શ્લોક કહ્યો, "प्रायो बताम्ब विहगाः" આ શ્લોક કહી પછી એનો અર્થ કરી શ્રીઆચાર્યજીને પૂછ્યું, કે આવી રીતે અર્થ છે કે કોઇ બીજી રીતે છે? ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે આ શ્લોકમાં અનેક ભાવ છે, અને અર્થ પણ બહુ જ છે, માટે બીજા આવડતા હોય તો કહો. ત્યારે જગતાનંદે કહ્યું કે મહારાજ, શ્લોકનો અર્થ આવડતો હતો તે મેં કહ્યો, હવે બીજા અર્થ આપ કહો. ત્યારે શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે વ્યાસાસન પર તમે બેઠા છો એટલે વ્યાસાસનનો અતિક્રમ અમે શી રીતે કરીએ? આ સાંભળતાં તરત જ જગતાનંદે આસન પરથી ઊતરી કહ્યું કે આપ બિરાજીને કહો, મને સાંભળવાની ઇચ્છા છે. તે જ વખતે શ્રીઆચાર્યજીએ તે જ શ્લોકનો શ્રીસુબોધિનીજીનો અર્થ કહેવા માંડયો. તે કહેતાં કહેતાં સવારથી તે ત્રીજો પહોર થયો. ત્યાર-પછી શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે આ શ્લોકનું વ્યાખ્યાન બે ત્રણ મહિના સુધી ચાલશે; તો હવે તમે ભૂખ્યા છો માટે ઊઠો. આ સાંભળી જગતાનંદે જાણ્યું કે આ તો સાક્ષાત્ ઇશ્વર છે. જગતાનંદે

દંડવત્પ્રણામ કરી વિનંતિ કરીને કહ્યું કે મહારાજ, આપ સાક્ષાત પુરુષોત્તમ છો, જેટલા દિવસ ચાહો તેટલા દિવસ અર્થ કરો. હવે કૃપા કરીને મારે ઘેર પધારો. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે અમે અમારા સેવક વગર કોઇને ઘેર પધારતા નથી. એટલે જગતાનંદે વિનંતિ કરી કે મહારાજ, મને સેવક કરો. ત્યારે શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે જાઓ, નાહી આવો. તરત જ જગતાનંદ સરસ્વતીમાં નાહી અપરસમાં આવ્યા, એટલે શ્રીઆચાર્યજીએ નામ સુણાવી બ્રહ્મસંબંધ કરાવ્યું. પછી જગતાનંદને ઘેર પધાર્યા અને કહ્યું કે તમે હવે ભગવત્સેવા કરો. એટલે જગતાનંદે કહ્યું કે મહારાજ, મારી પાસે એક ઠાકોર લાલજી છે તે સદા જ તુલસીમાં બેસી રહે છે, તેમના પર રોજ એક લોટો પાણી ચઢાવું છું. એટલે શ્રી આચાર્યજીએ કહ્યું કે જલદી શ્રીઠાકોરજી પધરાવી લાવો; એવું ન કરવું. આ સાંભળી તરત જ જગતાનંદ શ્રીઠાકોરજીને લઇ આવ્યા. શ્રીઆચાર્યજીએ પંચામૃત સ્નાન કરાવી પાટે બેસાડયા અને જગતાનંદને માથે પધરાવ્યા. આપશ્રીએ જગતાનંદને ઘેર પાક સામગ્રી કરી શ્રીઠાકોરજીને ભોગ ધર્યો. પછી પોતે ભોજન કરી જગતાનંદને જૂઠણ મહાપ્રસાદની પાતળ ધરી. પછી રાત્રે શ્રીઆચાર્યજીએ આ શ્લોક કહ્યોઃ—

પઠનીયં પ્રયત્નેન સર્વહેતુવિવર્જિતમ્ ॥
વૃત્ત્યર્થં નૈવ યુંજીત પ્રાણૈઃ કંઠગતૈરપિ ॥

આ સાંભળતાં જ જગતાનંદે જલ લઇ સંકલ્પ કર્યો કે આજ પછી વૃત્ત્યર્થે શ્રીભાગવત કહીશ નહિ, બીજું શાસ્ત્ર કહીશ. ત્યારે શ્રી-આચાર્યજીએ કહ્યું કે શ્રીભાગવત કહી જીવિકા કદી ન ચલાવવી; પ્રાણ જાય તો ભલે જાય. આ પ્રકારે જગતાનંદને ઘેર રહી પુષ્ટિમાર્ગની સેવાની રીત શીખવી, પોતે પૃથ્વીપરિક્રમા કરવા પધાર્યા. હવે જગતાનંદ મન રાખીને સેવા કરવા લાગ્યા. બીજાં પુરાણોની કથા, મહાભારત વગેરે કહેતા અને એનાથી જીવિકા પ્રાપ્ત કરતા. આમ ભગવત્સેવા કરતાં કરતાં કેટલાક દિવસમાં શ્રીઠાકોરજી સાનુભાવ જણાવવા લાગ્યા. આ જગતાનંદ મોટા ભગવદીય છે. એમની વાર્તા કયાંસુધી કહીએ ? ॥ વાર્તા ૪૦ ॥

વાર્તા ૪૧ મી.

હવે શ્રીઆચાર્યજીના સેવક આનંદદાસ, અને વિશ્વંભરદાસ ક્ષત્રિય પ્રયાગમાં રહેતા તેમની વાર્તા અને એનો ભાવ.

ભાવપ્રકાશ—લીલામાં કુમારિકાઓની એ બેઉ સખી છે. લીલામાં આનંદદાસનું નામ 'નાગરી' અને વિશ્વંભરદાસનું નામ 'મલ્લિકા' છે. આ બેઉ પ્રયાગમાં એક ક્ષત્રિયને ઘેર પ્રગટી. બાલપણથી જ એમનું મન વૈરાગ્યદશામાં રહેતું. ખાનપાન વસ્ત્ર આદિ દેહનું સુખ કશું જ કરે નહિ. માતાપિતા જેવું આપે તેવું ખાય અને પહેરે. જો માતાપિતા સારું પહેરાવે તો પ્રયાગમાં ત્રિવેણીના કાદવમાં મેલું કરીને પહેરે: માતાપિતા ખીજે, ગાળો દે, મારે પરન્તુ બોલે નહિ. જો ઘરેણું પહેરાવે, તો કોઈ બ્રાહ્મણ કે વેરાગીને આપી આવે. વળી માતાપિતા સાથે કશું બોલે નહિ. જ્યારે ને ત્યારે એમ કહે કે આપણા ખાવાપીવાથી તથા પહેરવાથી શું? કશું પરમાર્થ કરીએ તો સારું છે. આ વાત માબાપને ગમે નહિ. હવે માતાપિતાએ આનંદદાસની સગાઇ કરી, ત્યારે આનંદદાસે કહ્યું કે મારો વિવાહ ન કરશો, હું તો વૈરાગી છું. પણ માતાપિતાએ માન્યું નહિ, અને વિવાહની તૈયારી કરી. લગ્નનો એક દિવસ બાકી રહ્યો, એટલે આનંદદાસે નાનાભાઈ વિશ્વંભરદાસને કહ્યું કે માતાપિતા તો માનતાં નથી, મને પરણાવીને પછી તને પરણાવશે, એટલે આપણે બંદીખાને પડીશું. હવે શો ઉપાય કરીશું? આ સાંભળી નાનાભાઈ વિશ્વંભરદાસે કહ્યું કે આ ગામ છોડીને કોઈ બીજે ગામ નીકળી જઈએ, તો જ આપણે બચીશું. આ પ્રમાણે બેઉ ભાઈ સંધ્યાસમયે નાવ પર બેસીને શ્રીયમુનાજી પાર કરી ચિત્રકોટ પર જઇ રહ્યા. ત્યાં પર્વતની શોભા જોતા, વનફળ ખાતા, આઠ દિવસ ત્યાં રહ્યા. આ તરફ પિતા બધું ગામ શોધી વળ્યા ને થાક્યા. એવામાં પિતાએ સાંભળ્યું કે બેઉ બાળકો ચિત્રકોટ પર જઇ રહ્યા છે, એટલે નવમે દહાડે પિતા ચિત્રકોટ આવ્યો, અને છોકરાઓની દશા જોઇને કહ્યું કે હવે તમે ઘેર ચાલો, તમને નહિ પરણાવીએ. અમે વૃદ્ધ થયા છીએ, માટે અમારા દેહ છૂટ્યા પછી તમારે ફાવે તેમ કરજો. અત્યારે તમારી બાળક અવસ્થામાં જ વનવાસ તમને યોગ્ય નથી. આ સાંભળી બેઉ ભાઇઓએ કહ્યું કે વનવાસ તો બાળપણથી જ સારો, પણ તમે આવ્યા એટલે તમારી સાથે આવીશું.

પણ અમારા બેઉના વિવાહની વાત કરશો નહિ અને અમારી પાછળ પડશો નહિ. અમે ફાવે તે કરીએ. કશો અન્યાય કે ચોરી કરીએ તો રોકજો. અમને તો વેરાગી અતીત વહાલા છે, તેમની પાસે બેસીશું. તે તમને ગમતું નથી, તેથી તો અમે ઘર છોડયું હતું. એટલે પિતાએ કહ્યું કે હવે તમે ઘેર ચાલો. તમારા મનમાં આવે તેમ કરજો. અમે તમારી પાછળ નહિ પડીએ. પછી બેઉ ભાઈ પિતાની સાથે આવ્યા. તેઓ બેઉ ભાઈ ઘેર આવી એક વખતે ખાનપાન કરી જતા અને જ્યાં ક્યાંય કથાવાર્તા સાંભળતા ત્યાં જ ધરતી પર પડી રહેતા, દેહનાં સુખદુઃખને મનમાં લાવતા જ નહિ.

હવે એકવાર શ્રીયમુનાજીના તટ પર બેસી બેઉ ભાઈ જ્ઞાનની વાર્તા કરતા હતા, કે જો ભાઇ, જન્મારો આખો વીત્યો; પ્રભુ સાથે ઓળખાણ ન થઈ; મન શ્રીઠાકોરજીમાં ન લાગ્યું; કથાવાર્તા તો બહુ જ સાંભળી, પણ મન વશ ન થયું. માટે આપણો મનુષ્યજન્મ આખો વૃથા ગયો. હવે ફરીથી લખચોરાસી ભોગવવી પડશે–તો શું કરવું ? કશો ઉપાય જડતો નથી. આ પ્રમાણે પરસ્પર વાતો કરવા લાગ્યા, અને મનની ધીરજ છૂટી ગઇ. તેથી શ્રીયમુનાજીને કિનારે પોતાનું માથું ફૂટતા રુદન કરવા લાગ્યા. શરીરનું પણ ભાન રહ્યું નહિ; રાત્રે ત્યાં જ બેઉ ભાઈ પડ્યા રહ્યા. ત્યારે મધ્યરાત્રિએ શ્રીઠાકોરજીએ શ્રીઆચાર્યજીને કહ્યું કે બે ક્ષત્રિયના છોકરા શ્રીયમુનાજીની સામે પાર રેતીમાં પડ્યા છે, તેમને મારે માટે બહુ જ તાપ (આર્તિ) છે; માટે ત્યાં પધારી આપ તેમનો અંગીકાર કરો; નહિ તો થોડા દિવસમાં એમના દેહ છૂટી જશે. તે જ વખતે કૃષ્ણદાસ મેઘન વગેરે વૈષ્ણવોને જગાડી તે જ સમયે શ્રીઆચાર્યજી આપ શ્રીયમુનાજીના તટ પર પધાર્યા. તે વેળા ઘાટ પર કોઇ ન હતું; નાવ બાંધી હતી. તરત જ વૈષ્ણવો સહિત આપ નાવ પર બેઠા, અને વૈષ્ણવોને કહ્યું કે, તમને નાવ ચલાવતાં તો આવડે નહિ; પણ જેવું આવડે તેવું ચલાવો; નાવ પાર જશે જ. મારી ઇચ્છા છે. એટલે વૈષ્ણવો નાવ હંકારવા લાગ્યા. બેઉ ભાઇ રેતીમાં પડ્યા હતા, ત્યાં નાવ આવીને ઊભી રહી. શ્રીઆચાર્યજીએ તેમની પાસે આવી શ્રીહસ્તમાં યમુનાજળ લઈને વેદમંત્ર ભણીને બેઉ ભાઇઓ પર છાંટયું. તરત જ બન્ને ભાઈ ઊઠયા અને શ્રીઆચાર્યજીને દંડવત્પ્રણામ કરી વિનંતિ કરી કે મહારાજ, અમારો અંગીકાર કરો. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે

સવાર થશે ત્યારે નામ સંભળાવીશું. ત્યારે બેઉ જણે કહ્યું કે મહારાજ, સવાર સુધી દેહ રહે કે ન રહે; આ દેહનું શું પ્રમાણ છે? વળી આજ અમે બેઉ જણે કંઈ ખાનપાન પણ કર્યું નથી; માટે આપ ઢીલ કરશો નહિ. શ્રીઠાકોરજીની કૃપાથી આપનાં દર્શન થયાં. સવાર સુધીમાં તો શું જાણીએ કે બુદ્ધિ કેવી થઇ જાય! ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે તમારી બુદ્ધિ કદી જ બગડશે નહિ; તમે ઉત્તમ જીવ છો. વળી તમે ખાનપાન કર્યું હોય તોપણ શુદ્ધ જ છો. પછી જ બેઉને નામ સંભળાવી બ્રહ્મસંબંધ કરાવ્યું; નાવમાં બેસાડી યમુના ઉતારી પોતાને ઘેર લઈ ગયા. સવાર થયું એટલે શ્રીઆચાર્યજીએ સ્નાન કરી શ્રીઠાકોરજીની સેવાથી પહોંચી, બેઉ ભાઈઓને કહ્યું: તમે ભગવત્સેવા કરો. ત્યારે બેઉ ભાઈએ વિનંતિ કરી કે મહારાજ, અમારું મન તો સંન્યાસ લેવામાં છે, અને બીજી જગ્યાએ મન જતું નથી; માટે અમારું મન ઠેકાણે રહે, ત્યાગદશા છૂટી જાય, ઘરમાં રહેવાય ત્યારે જ ભગવત્સેવા બને. એટલે શ્રીઆચાર્યજીએ ચરણામૃત આપ્યું, અને 'સંન્યાસનિર્ણય' ગ્રંથ રચી બેઉ ભાઈઓને સંભળાવ્યો, એટલે જે રસ ઉચ્છલિત હતો તે શાંત થઇ હૃદયમાં ભગવદ્રસ સ્થિર થયો અને મનનો ઉદ્વેગ મટી ગયો. પછી શ્રીઆચાર્યજીએ તેમને શ્રીનવનીતપ્રિયજીનાં પ્રસાદી વસ્ત્ર આપ્યાં અને કહ્યું: તમે આ વસ્ત્ર પધરાવી સેવા કરો. ઘરમાં જાઓ; તમારું મન સદૈવ શ્રીઠાકોરજીની લીલામાં રહેશે. લૌકિક વૈદિક કશું તમને બાધક થશે નહિ. એટલે બેઉ ભાઈ શ્રીઆચાર્યજીને દંડવત્પ્રણામ કરી વિદાય થઇ ઘેર આવ્યા. એટલે માતાપિતા રડવા લાગ્યાં: બેટા, તમે બે દિવસથી આવ્યા નહિ. ખાનપાન પણ તમે ક્યાં કર્યું હશે? અમે જ્યાંસુધી જીવીએ ત્યાંસુધી તો દિવસમાં એકવાર તો અમને દેખા દઈ જજો. ત્યારે બેઉ ભાઈઓએ કહ્યું કે અમને એક જગ્યા કરી આપો; તો અમે ઘરમાં જ રહીએ. ત્યારે માતાપિતાએ કહ્યું કે આ બધી જગ્યા તમારી જ છે; જ્યાં ચાહો ત્યાં રહો. આ સાંભળી બેઉ ભાઈઓએ કહ્યું કે એવું નહિ, અમને જુદી જ જગ્યા કરી આપો. તમારી જગ્યામાં અમે નહિ આવીએ, અને અમે રહીએ તે જગ્યામાં તમે પણ ન આવો, તો અમે ઘરમાં રહીએ. ત્યારે એક અલગ જગ્યા બનાવી. તે જગ્યા બેઉ ભાઈઓએ પસંદ કરી શ્રીઠાકોરજી પધરાવ્યા. બેઉ મળી રસોઇ કરી ભોગ મહાપ્રસાદ લેતા. પછી ભગવદ્વાર્તા કરતા વાર્તામાં મગ્ન થઇ જતા. 'સંન્યાસ-

નિર્ણયનો ભાવ–લીલાનો પણ વિચાર કરી રાતદિવસ ભગવદ્રસમાં રહેતા. માત-પિતા પણ બહુ સુખી થયાં કે પુત્રો ઘરમાં રહે છે, આપણને મળતા (રહેતા) નથી તેથી શું થઇ ગયું !

વાર્તાપ્રસંગ ૧ લો.

હવે બેઉ ભાઇ ભગવદ્વાર્તા કરે તેમાં કોઇવાર નાના ભાઇને નિદ્રા આવી જાય અને મોટા ભાઇ રસમગ્ન થઇને કહ્યા જાય તો શ્રીઠાકોરજી હુંકારો આપ્યે જાય; કારણ કે છોટાભાઇને નિદ્રા આવી છે ને જો હુંકરો નહિ આપું તો આ મોટા ભાઇ કહેશે નહિ; તેથી શ્રીઠાકોરજી હુંકારો આપતા. પછી જ્યારે નાનો ભાઇ જાગે ત્યારે કહે કે મેં અહીં સુધી સાંભળ્યું; આગળ તો મને નિદ્રા આવી ગઇ. ત્યારે મોટા ભાઇએ કહ્યું કે તમને નિદ્રા આવી તો હુંકારો કોણ દેતું હતું ? ત્યારે નાના ભાઇએ કહ્યું કે હું તો સૂઈ ગયો હતો; મને ખબર નહિ. ત્યારે મોટાભાઇએ કહ્યું કે શ્રીઠાકોરજીએ હુંકારા આપ્યો હશે. આ જાણી બેઉ ભાઈ પ્રસન્ન થયા કે શ્રીઆચાર્યજીની કાનીથી શ્રીઠાકોરજી સાનુભાવ જણાવવા લાગ્યા. આવી રીતે બેઉ ભાઈએ બાળપણથી જ લૌકિક વૈદિક જાણ્યું જ નહિ. સંસારનું દુઃખ પણ તેમને જરા પણ અડયું નહિ. આ આનંદદાસ અને વિશ્વંભરદાસ શ્રીઆચાર્યજીના આવા કૃપાપાત્ર ભગવદીય છે; એમની વાર્તા કયાંસુધી કહીએ ? ॥ વાર્તા ૪૧ ॥

વાર્તા ૪૨ મી.

હવે શ્રીઆચાર્યજીની સેવક એક બ્રાહ્મણી અડેલમાં રહેતી તેમની વાર્તા અને એનો ભાવ.

ભાવપ્રકાશ—આ બ્રાહ્મણી લીલામાં લલિતાજીની સખી છે. એનું નામ "શશિકલા" છે. તે અડેલમાં એક બ્રાહ્મણને ત્યાં જન્મી. તે નવ વર્ષની થઈ ત્યારે તેનો વિવાહ અડેલમાં એક બ્રાહ્મણને ઘેર થયો. તે રોગી રહેતો. જ્યારે આ બ્રાહ્મણી પિસ્તાળીશ વર્ષની થઇ ત્યારે રોગને લીધે તેનો ધણી મરી ગયો. આ બ્રાહ્મણીએ લૌકિક વિષયાદિ ઘરનું સુખ જાણ્યું ન હતું.

હવે તે એકલી થઇ, ત્યારે ભગવદ્દઇચ્છાથી મનમાં એમ આવ્યું કે શ્રીઆચાર્યજીની સેવક થાઉં. તેથી તેણે જઈને શ્રીઆચાર્યજીને દંડવત્પ્રણામ કરી વિનંતિ કરી કે મહારાજ, મને શરણે લો. આખો જન્મારો લૌકિક પતિની ટહેલમાં ગયો, તે પણ મરી ગયો; હવે હું આપને શરણે આવી છું. એમ કહી રડવા લાગી. એટલે શ્રીઆચાર્યજીને દયા આવી ને કહ્યું કે જા, શ્રીયમુનાજીમાં નાહી આવ. તરત જ બ્રાહ્મણી શ્રીયમુનાજીમાં નાહી આવી. એટલે શ્રીઆચાર્યજીએ શ્રીનવનીતપ્રિયજીની આગળ બેસાડી નિવેદન કરાવીને કહ્યું કે હવે તું ભગવત્સેવા કર કે જેથી તારું કલ્યાણ થાય. એટલે બ્રાહ્મણીએ કહ્યું કે મને સેવા પધરાવી આપો. એટલે શ્રીઆચાર્યજીએ કહ્યું કે કાલે તને સેવા પધરાવી આપીશું; આજ અહીં રહે. પછી આપે જૂઠણની પાતળ ધરી. પ્રસાદ લઈ તે ત્યાં રહી; રાત્રિ રહી; પ્રાતઃકાળ થયો એટલે આ બ્રાહ્મણી દેહકૃત્ય કરી શ્રીયમુનાજીમાં નાહીને આવી. એટલામાં એક બ્રાહ્મણ દક્ષિણમાંથી આવ્યો, તેણે એક શ્રીભાગવતનું પુસ્તક અને એક શ્રીલાલજીનું સ્વરૂપ શ્રીઆચાર્યજીને આપીને કહ્યું કે હું કાશી જઇ સંન્યાસ ગ્રહણ કરીશ; માટે આ આપ રાખો

વાર્તાપ્રસંગ ૧ લો.

હવે શ્રીઆચાર્યજીએ આ શ્રીલાલજીના સ્વરૂપને પંચામૃત સ્નાન કરાવી આ બ્રાહ્મણીને માથે સેવા પધરાવી, શ્રીબાલકૃષ્ણલાલજી નામ ધર્યું; એટલે આ બ્રાહ્મણી શ્રીઆચાર્યજીને દંડવત્પ્રણામ કરી વિદાય થઇ શ્રીબાલકૃષ્ણલાલજીને પધરાવી પ્રીતિથી સેવા કરવા લાગી. શ્રીઠાકોરજી પણ સાનુભાવ જણાવવા લાગ્યા. આ બ્રાહ્મણી નિષ્કપટી ભોળી બહુ જ હતી અને નિષ્કિંચન-દ્રવ્ય પાસે હતું નહિ, તેથી માટીનો કુંજો શ્રીઠાકોરજી પાસે ભરીને રાખે. રસોઇમાં પણ માટીનાં જ વાસણ રાખે. ઘર પણ તદ્દન નાનું હતું. તે જ ઘરમાં રસોઇની જગ્યા મંદિર તથા શ્રીઠાકોરજીની સામગ્રી-વસ્તુઓ રહે. આચારક્રિયામાં પણ બહુ સમજે નહિ. વળી આંખે સૂઝે પણ થોડું; પણ પ્રીતિપૂર્વક સેવા કરે. તેથી શ્રીઆચાર્યજી તથા શ્રીઠાકોરજી પ્રસન્ન રહેતા. યજમાનને ત્યાંથી કશું આવે તેમાં નિર્વાહ કરે. આથી વૈષ્ણવો

બધા માંહોમાંહે ચર્ચા કરવા લાગ્યા કે આ બ્રાહ્મણીને માથે શ્રી-આચાર્યજીએ ભગવત્સેવા કેમ પધરાવી હશે? એ કશો આચાર તો સમજતી નથી; દ્રવ્ય પણ પાસે નથી. તેથી જો અમારે માથે પધરાવે તો અમે સારી રીતે સેવા કરીએ. આવી રીતે માંહોમાંહે ચર્ચા કરે, પણ શ્રીઆચાર્યજીને કહી શકે નહિ. પછી એક દિવસ એક વૈષ્ણવે શ્રીઆચાર્યજીને વિનંતિ કરી કે મહારાજ, આ બ્રાહ્મણીને દ્રવ્યનો સંકોચ બહુ જ છે, વળી આચારક્રિયામાં પણ સમજતી નથી, તેમજ આંખે પણ ઠીક સૂઝતું નથી માટે શ્રીઠાકોરજી કોઇ બીજા વૈષ્ણવોને માથે પધરાવો તો સેવા બહુ સારી રીતે થાય. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે આચારક્રિયા કે દ્રવ્યથી શ્રી-ઠાકોરજી પ્રસન્ન નથી; શ્રીઠાકોરજી પર પ્રીતિ જોઇએ; અને આ બ્રાહ્મણીમાં પ્રીતિ બહુ જ છે. આ બ્રાહ્મણી જેવી સેવા કરે છે, તેવી સેવા શ્રીઠાકોરજી માની લે છે. આ સાંભળી તે વૈષ્ણવ ચૂપ થઈ ગયો. ત્યારપછી શ્રીઆચાર્યજી શ્રીયમુનાજી પરથી સંધ્યાવંદન કરીને પધારતા હતા, ત્યાંથી આ બ્રાહ્મણીના ઘર પાસે થઇને નીકળ્યા. ત્યારે વૈષ્ણવોએ કહ્યું કે મહારાજ, એ બ્રાહ્મણીનું ઘર એક જ છે, આપ પધારીને સેવાની રીત જુઓ; તેને દર્શન આપો. એટલે શ્રીઆચાર્યજીએ બ્રાહ્મણીને ઘેર પધાર્યા. તે વખતે આ બ્રાહ્મણી રોટલી કરતી હતી. શ્રીઆચાર્યજી (પોતાને ત્યાં) પધાર્યા છે તે તેણે જાણ્યું નહિ. તે એક રોટલી ઉતારીને પછી તેને ચોપડતી ને મૂકતી હતી અને શ્રીઠાકોરજી શ્રીહસ્ત વડે તે રોટલી લઈને આરોગતા હતા. આ બ્રાહ્મણીને :(આ બધું) આંખથી દેખાતું ન હતું, તેથી હાથ વડે રોટલીને શોધે પણ જ્યારે રોટલી હાથમાં ન આવે ત્યારે મોઢેથી કહેતી કે ઉંદર કે બિલાડી રોટલી લઇ જાય છે. પછી તે હાથ ભોંય પર પછાડી ફરી રોટલી કરતી. આ (લીલા) જોઈ શ્રીઆચાર્યજીએ તે બ્રાહ્મણીને કહ્યું કે તારી રોટલી શ્રીઠાકોરજી આરોગે છે; ઉંદર કે બિલાડી નથી. તારાં મહાભાગ્ય છે. ત્યારે આ બ્રાહ્મણીએ કહ્યું કે મહારાજ, આપ પધાર્યા છો? મને તો સૂઝેલું નહિ, તેથી મેં જાણ્યું નહિ. મારો અપરાધ ક્ષમા કરો. વળી મારી પાસે દ્રવ્ય નથી; આપની

કાની (સિફારસ)થી શ્રીઠાકોરજી આરોગે છે. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે તું જેવી રીતે કરે છે તેવી જ સેવા તારી શ્રીઠાકોરજી પ્રસન્ન થઇને અંગીકાર કરે છે. આવી જ રીતે સદા કરજે. આવી રીતે આ બ્રાહ્મણી પર પ્રસન્ન થઇ સમાધાન કરી શ્રીઆચાર્યજી પોતાને ઘેર પધાર્યા. પછી બધા વૈષ્ણવોને કહ્યું કે શ્રીઠાકોરજી સ્નેહના ભૂખ્યા છે. એ બ્રાહ્મણી ઉપર આપ પ્રસન્ન છે. ત્યારે બધા વૈષ્ણવોએ જાણ્યું કે એ બ્રાહ્મણી ઉપર મોટી કૃપા છે. તેથી શ્રીઠાકોરજી આવી રીતે રોટલી નિત્ય હાથમાં લઇ લે છે. આ બ્રાહ્મણી કહેતી કે મેં બધી રોટલી કરી, પણ ખબર ન પડી કે ઉંદર કે બિલાડી લઈ ગઈ. ત્યારે શ્રીઠાકોરજી આરોગીને આ બ્રાહ્મણીને બધી રોટલી આપતા. આ બ્રાહ્મણી સાથે શ્રીઠાકોરજી નિત્ય આવી રીતે ખેલ કરતા; પણ આ બ્રાહ્મણીનો સ્વભાવ બહુ સરળ હતો, તેથી તે રોજ આવી રીતે જ કહે. શ્રીઠાકોરજી પણ આ તેની પ્રીતિથી એવા વશ થઇ ગયા હતા, કે ભોગ ધર્યા વગર પણ આ બાઈ રોટલી કરતી જાય ને આપ તરત જ આરોગતા જાય અને પછી આપે. આ બ્રાહ્મણી શ્રીઆચાર્યજીની એવી કૃપાપાત્ર હતી. ॥ વાર્તા ૪૨ ॥

ભાવપ્રકાશ—આ વાર્તામાં એ સિદ્ધાંત છે કે, નિષ્કપટ ભાવ શ્રીઠાકોરજીને બહુ જ પ્રિય છે; ચતુરાઇથી આપ પ્રસન્ન થતા નથી; એટલા પ્રીતિને વશ છે.

વાર્તા ૪૩ મી.

હવે શ્રીઆચાર્યજીની સેવક એક ક્ષત્રાણી જે પ્રયાગમાં રહેતી તેની વાર્તા અને એનો ભાવ.

ભાવપ્રકાશ—કેટલાક વૈષ્ણવનાં નામ શ્રીગોકુલનાથજીએ પ્રકટ કર્યાં નથી, તો જ્યાં આ પ્રમાણે નામ ન કર્યાં હોય ત્યાં જાણવું કે માતાપિતાએ હીન–હલકાં નામ રાખ્યાં હશે, જેવાં કે ફકીરા, ઘસીટા, વગેરે; તેથી શ્રીગોકુલનાથજી એવાં નામ બોલતા નહિ; તેથી કાંઇક વૈષ્ણવનાં નામ પ્રકટ નથી કર્યાં. આ ક્ષત્રાણી લીલામાં શ્રીસ્વામિનીજીની સખી છે. "નીલા" એનું નામ છે. તે પ્રયાગમાં એક ક્ષત્રિયને ઘેર પ્રકટ થઈ. ક્ષત્રિય બહુ ધનવાન હતો, તેથી

કોઈને ગણતો નહિ. તેણે પ્રયાગમાં એક ક્ષત્રિયને ઘેર બેટી આપી. એક ગરીબ ઘર હતું, ત્યાં બેટી આપી. એક દિવસ જમાઈને બોલાવ્યો. તેને આવતાં બે ઘડી વાર લાગી, તેથી સાસુ સસરાએ સર્વેએ અહંકારથી જમી લીધું. દીકરીને કહ્યું કે તું પણ જમી લે. દીકરીએ કહ્યું કે તમે તમારા જમાઈને બોલાવ્યા છે, તે આવે ત્યારપછી હું જમું. એટલે પિતાએ કહ્યું કે એ આવે નહિ ત્યાંસુધી અમે શું બેસી રહીએ? તારે જમવું હોય તો જમી લે, નહિ તો બીજાને આપી દઈએ. ત્યારે દીકરીએ કહ્યું કે હું તો મારા ધણીના જમ્યા વગર નહિ જમવાની. એટલે માબાપે ક્રોધ કરી બધું સાફ કરી દીધું. ત્યારપછી જમાઇ આવ્યો, પણ સાસુ કે સસરો કોઈ એની સાથે બોલ્યું નહિ; એટલે સ્ત્રીએ તેના પતિને કહ્યું કે હવે આમના ઘરનું જળ પીવું એ પણ ધર્મ નથી. બધી વાત પતિને કહી. આ સાંભળી પતિએ કહ્યું કે તું માબાપને ઘેર ફરી કદી આવવાનું નામ ન દે તો હું તને ઘેર લઈ જાઉં. એટલે સ્ત્રીએ કહ્યું કે મને લઈ જાઓ; આ જન્મમાં તો કદી માબાપનું નામ જ નહિ લઉં. પછી બેઉ જણ પોતાને ઘેર આવી રસોઈ કરીને જમ્યાં. પછી સસરાના મનમાં એમ આવ્યું કે દીકરી રાંડે તો ભલે રાંડે, પણ જમાઈને મારી નાખવો. પૈસા આપીને મારાઓ એની પાછળ મૂક્યા. હવે એક દિવસે એનાં માતાપિતા વહુ અને પોતે મકરસંક્રાંતિ નહાવા માટે જતાં હતાં તે વખતે મારાઓએ ત્રણેને માર્યાં: એક એ ક્ષત્રિયની દીકરીને ન મારી. પછી આ વાત હાકેમે જાણી, તેથી તેનું ઘર બધું તેણે લૂંટી લીધું. પછી એના ઘરમાં આગ લાગી, તેમાં આ ક્ષત્રાણીનાં માતાપિતા બધાં કુટુંબ સાથે બળી ગયાં એ એકલી રહી ગઇ, તે ચરખા કાંતીને નિર્વાહ કરતી. તે એકવાર શ્રીયમુનાજી નહાવા ગઇ. કાર્તિકના દિવસો હતા, તેથી બે ઘડી પાછલી રાત બાકી હતી ને ગઈ, અને નહાવા જળમાં પેઠી. નાહીને કપડાં પહેર્યાં. કપડાં પહેરીને જળનો લોટો ભર્યો ત્યારે એક શ્રીલાલજીનું સ્વરૂપ લોટામાં આવ્યું તેની ખબર ન પડી. હવે નાહીને ઘેર આવી લોટાનું જળ તુલસીને ચઢાવ્યું, એટલે શ્રીઠાકોરજી તુલસીજી પાસે જઈને બેઠા. આ જોઈને તે ચકિત થઇ ગઇ, કે આ સ્વરૂપ! એની શી ઇચ્છા હશે? આમ વિચાર કરતાં કરતાં તુલસીની પાસે બેસી ગઈ. આ વખતે શરીરની શુદ્ધિ–ભાન રહ્યું નહિ. એવી ચિંતા થઇ કે હવે હું કોને પૂછું? કોઇ ઘરમાં તો છે નહિ! આથી રસોઈ

કરવાનું ભાન રહ્યું નહિ પડીકમાં શ્રીઠાકોરજીને હાથમાં લે અને વળી પાછા તુલસીમાં ધરી દે; એમ કરતાં કરતાં અર્ધી રાત ગઇ, ત્યારે શ્રીઠાકોરજીએ કહ્યું કે તું વિચાર શું કરે છે? પ્રાત:કાળમાં પધરાવી, શ્રીઆચાર્યજીની પાસે જઇ, સેવક થઈ, મારી સેવા કર. હું તારા પર કૃપા કરવાને માટે તારે માથે બિરાજવા શ્રીયમુનાજીમાંથી તારા લોટામાં આવ્યો છું. આ સાંભળી પ્રસન્ન થઇ આખી રાત્રિ ભૂખી ને ભૂખી તુલસી પાસે બેસી રહી. પછી પ્રાત:કાળે શ્રીઠાકોરજીને લઈ શ્રીઆચાર્યજી પાસે અડેલ જઇ દંડવત્પ્રણામ કરી, સઘળી વાત કહી વિનંતિ કરી કે મને સેવક કરો, ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે તારું મહાભાગ્ય છે. તારા કુટુંબમાં તું દૈવી છે, તેથી શ્રીઠાકોરજીએ તારા પર કૃપા કરી કે જેથી વગર સેવા કર્યે પહેલેથી જ તારી સાથે બોલ્યા. પછી આ ક્ષત્રાણીને નામ સુણાવી નિવેદન કરાવ્યું, પછી શ્રીઠાકોરજીને પંચામૃતસ્નાન કરાવી પાટ બેસાડી તે ક્ષત્રાણીને માથે પધરાવ્યા અને કહ્યું: હવે તું ઘેર જા, અને મન લગાડીને આની સેવા કર. એમનું નામ શ્રીબાલકૃષ્ણજી છે, માટે બાળકની પેઠે સ્નેહ રાખજે. એટલે આ ક્ષત્રાણી શ્રીઆચાર્યજીને દંડવત્પ્રણામ કરી શ્રીઠાકોરજીને પધરાવી પ્રયાગમાં પોતાને ઘેર આવી અને સેવા કરવા લાગી.

વાર્તાપ્રસંગ ૧ લો.

આ ક્ષત્રાણી ચરખો કાંતીને સૂતર વેચતી તેમાંથી બે પૈસા જુદા રાખતી. એમ કરતાં કરતાં થોડા પૈસા ભેગા થયા ત્યારે દશ-બાર દિવસની સામગ્રી બાળભોગની કરી રાખી, અને ઘી ખાંડ મેંદો છણીને લાડુ કર્યા, પછી એક હાંડી ભરી મોં બાંધીને મંદિરમાં શીંકા પર ધરી રાખ્યા. મનમાં વિચાર્યું કે દશબાર દિવસની બાળભોગની સામગ્રી કરવાની નિશ્ચિતતા થઈ. રાજભોગથી પહોંચીને અનોસર કરાવી મહાપ્રસાદ લઇ, ચરખો કાંતવા બેઠી, એટલે શ્રી-આચાર્યજીની કાનીથી શ્રીઠાકોરજીએ સિંહાસન પરથી ઊઠીને શીંકા ઉપરથી લાડુની હાંડી ઉતારી અને પછી સિંહાસન પર તે લઇને બેઠા. હાંડીમાંથી કાઢી કાઢીને લાડુ આરોગવા લાગ્યા તેથી મંદિરમાં હાંડીનો અવાજ થવા લાગ્યો, એટલે એ ક્ષત્રાણીએ મનમાં વિચાર કર્યો કે મંદિરમાં હાંડીનો અવાજ થાય છે, તો સામગ્રીની હાંડીમાં

ઉંદર કે બિલાડી તો નથી વળગ્યાં ? આમ વિચારીને ધીમેથી મંદિર-નાં કમાડ ખોલીને અંદર જઈને જુએ તો તો શ્રીઠાકોરજી હાંડી લઈ સિંહાસન પર બેઠા છે અને તેમાંથી લાડુ આરોગે છે. આવું જોઈને આ ક્ષત્રાણી છાતી કૂટવા લાગી અને કહ્યું કે આ સામગ્રી તો આપને માટે જ કરી છે, દશબાર દિવસ ચાલે એટલી તે આપ આજ જ બધી આરોગી ગયા! ત્યારે શ્રીઠાકોરજીએ કહ્યું કે તું એકી સાથે બધી સામગ્રી કરી દશબાર દિવસની નિશ્ચિંતતા કરીને બેઠી, પણ મને તો નિત્ય નવી તાજી સામગ્રી હોય તે ભાવે છે; વાસી સામગ્રી શા કામની ? એટલે તે ક્ષત્રાણીએ દંડવત્પ્રણામ કરી વિનંતિ કરી કે મહારાજ, હું ભૂલી કે મેં એવું કર્યું. હવે રોજ કરીશ, આળસ નહિ કરું. ત્યારપછી આ ક્ષત્રાણી રોજ નવી સામગ્રી કરી ધરવા લાગી. ।। વાર્તા ૪૦ ।।

ભાવપ્રકાશ—આ શ્રીઠાકોરજી બધી સામગ્રી એટલા માટે આરોગ્યા કે નિત્ય નવી સામગ્રી કરવાની આરતી રહે. જો નિશ્ચિંત થઇ રહે તો મનનો નિરોધ નહિ થાય; મન જ્યાં ત્યાં ભટકશે તેથી બધી આરોગી ગયા. વળી વૈષ્ણવોને એમ પણ જણાવ્યું કે વાસી સામગ્રી કામની નથી; તાજી નિત્ય નવી બહુ જ પ્રિય છે. વળી આ ક્ષત્રાણીએ છાતી એટલા માટે કૂટી કે પુષ્ટિમાર્ગની મર્યાદા છે કે વૈષ્ણવ જે ભોગ ધરે તે જ શ્રીઠાકોરજી આરોગે. તે મર્યાદા શ્રીઠાકોરજીએ છોડી અને સામગ્રી આપ જ આપને હાથે આરોગ્યા, તો કદાચ મને પણ છોડી દે નહિને? મર્યાદા છોડી તેવી રીતે મને પણ છોડે, તો અનર્થ થાય. વળી એવો પણ ભાવ છે કે શ્રીઠાકોરજી પોતાની જાતે લઇને આરોગે તેથી સેવા સિદ્ધ ન થાય. જો મને આજ્ઞા કરત તો હું મારે હાથે ધરત, તો મારા હાથને ફળસેવા મળત, તે મારી સેવા ગઈ. એમ સેવાને માટે છાતી કૂટી કે જે સામગ્રી શ્રીઠાકોરજીને માટે કરી હતી, તે શ્રીઠાકોરજી આરોગ્યા, તેમાં તો પ્રસન્ન થઇ; પણ સેવા ગઈ તેથી છાતી કૂટી. વળી આ વાર્તામાં એ જણાવ્યું કે સામગ્રી શ્રીઠાકોર-જીને માટે વિચારીને કરવી, શ્રીઠાકોરજી પ્રીતિથી આરોગે, પરન્તુ બીજા કોઇ મનોરથથી કરીએ જેમકે લોકોનું સમાધાન કરવું છે, મને આ વસ્તુ બહુ જ ભાવે છે, ઇત્યાદિક ભાવ હોય તો દૃષ્ટિથી અંગીકાર કરે, પણ પ્રસન્ન થઈને

આરોગે, માટે શ્રીઠાકોરજીના ભાવથી સામગ્રી કરવી. આ ક્ષત્રાણી શ્રીઆચાર્ય-ની કૃપાપાત્ર ભગવદીય છે. એની વાર્તા ક્યાંસુધી કહીએ?

વાર્તા ૪૪ મા.

હવે શ્રીઆચાર્યજીનાં સેવક સાસુ વહુ—સાસુનું નામ ગોરજા અને વહુનું નામ સમરાઇ—ક્ષત્રાણી સિંહનંદમાં રહેતાં તેમની વાર્તા અને એનો ભાવ.

ભાવપ્રકાશ—લીલામાં શ્રીસ્વામિનીજીની સખી ચંદ્રભાગા છે તેની આ બેઉ સખીઓ છે. લીલામાં એકનું નામ "નન્દા" સખી તે સાસુ ગોરજા થઈ, અને "વૃંદા" સખી વહુ થઈ તેનું નામ સમરાઈ. તે બેઉ સિંહનંદમાં રહેતી. એમને શ્રીઆચાર્યજીએ શી રીતે સેવક કરી, તે પ્રકાર વાસુદેવદાસ છકડાની વાર્તામાં પૂર્વે કહેવામાં આવ્યો છે.

વાર્તાપ્રસંગ ૧ લો.

આ શ્રીઠાકોરજીની સેવા કરતી. એક વાર શ્રીઆચાર્યજી થાણેશ્વર પધાર્યા. થાણેશ્વર અને સિંહનંદ વચ્ચે સરસ્વતી નદી છે. શ્રીઆચાર્યજી સરસ્વતીનું ઉલ્લંઘન કરતા નહિ.

ભાવપ્રકાશ—કારણ કે આપ સરસ્વતીના પતિ છે, તેથી સ્ત્રીનું ઉલ્લંઘન શી રીતે કરે? તેથી આપ સિંહનંદમાં પધારતા નહિ.

આ સિંહનંદના વૈષ્ણવો થાણેશ્વર આવી શ્રીઆચાર્યજીનાં દર્શન કરી જતા. શ્રીઆચાર્યજી થાણેશ્વર પધાર્યા ત્યારે વધૈયાએ જઇને સિંહનંદના સઘળા વૈષ્ણવોને શ્રીઆચાર્યજી પધાર્યાની વધાઈ આપી, કે શ્રીઆચાર્યજી થાણેશ્વર પધાર્યા છે. એટલે સાસુએ વહુને કહ્યું કે હું શ્રીઆચાર્યજીનાં દર્શન કરવા થાણેશ્વર જાઉં છું. તું શ્રીઠાકોરજીને જગાડી, પ્રથમ મંગલા કરી, પછી શૃંગાર કરજે, પછી રાજભોગ ધરી શ્રીઠાકોરજીની સેવામાં પહોંચજે. હું શ્રીઆચાર્યજીનાં દર્શન કરી આવું પછી તું જજે. આ સાંભળી વહુ પ્રસન્ન થઈ કે આજ હું શ્રીઠાકોરજીના શૃંગાર કરીશ—ભોગ ધરીશ. તેણે સાસુને કહ્યું કે તમે દર્શન કરી આવો પછી હું જઇશ. એટલે સાસુ થાણે-

શ્વર શ્રીઆચાર્યજીનાં દર્શન કરવા ગઇ. અહીં વહુએ જલદી નાહીને શ્રીઠાકોરજીને મંગલભોગ ધરી પછી શૃંગાર કર્યા, પછી સઘળી રસોઇ કરી, થાળ કટોરા સજીને શ્રીઠાકોરજીના આગળ ભોગ ધર્યો અને ટેરો કરીને બેઠી. સઘળાં પાત્ર માંજી રસોઈ ઘર પોતી એટલો સમય થયો, એટલે ભોગ સરાવવા ગઇ ને જુએ તો થાળ કટોરા, બધી સામગ્રી એમ ને એમ ભરેલી પડી છે. એટલે શ્રીઠાકોરજીને કહ્યું કે મહારાજ, મારી સાસુ તો થાણેશ્વર શ્રીઆચાર્યજીનાં દર્શન કરવા ગયાં છે. હુ તો કશું સમજતી નથી. મને તો જેવી રીતે સાસુએ કહ્યું તે પ્રમાણે મેં કર્યું, પણ તમે તો આરોગ્યા નથી, તો હવે હું શું કરું?

પછી વહુએ જાણ્યું કે હું કંઇક ચૂકી હોઇશ; કદાપિ છેવાઇ ગઈ હશે. આથી ફરી બધાં પાત્ર માંજી, રસોઇ પોતી[1] સારી રીતે નાહીને ફરી રસોઈ કરી, ફરી થાળ કટોરામાં સામગ્રી ધરી શ્રીઠાકોરજીને ભોગ ધર્યો, ટેરો લગાવીને બહાર આવી. રસોઇનાં પાત્ર માંજી રસોઇ પોતી લીધી. ફરી પણ સામગ્રી જેમની તેમ દેખી બહુ જ વલવલાટ કરવા લાગી અને કહ્યું કે મહારાજ, હું તો કશું સમજતી નથી, આપ કેમ આરોગતા નથી? રડતી જાય અને મનમાં કહેતી જાય કે જરૂર મારો કશો મહાન અપરાધ પડયો હશે, તેથી મારા હાથે શ્રીઠાકોરજી આરોગતા નથી. પછી ત્રીજી વાર અપરસ કાઢી સાવધાનતાથી ફરી રસોઇ કરી, થાળ કટોરામાં ધરીને શ્રીઠાકોરજીને ભોગ ધર્યો. પછી ટેરો લગાવી રસોઇનાં પાત્ર માંજી રસોઇ પોતીને ટેરો સરકાવી ભોગ સરાવવા ગઈ, પણ સામગ્રી જેમની તેમ દેખી મહા દુઃખ થયું કે ત્રણવાર મેં રસોઇ કરી પણ ત્રણવાર શ્રીઠાકોરજી આરોગ્યા નહિ. આ પ્રમાણે દુઃખી થઇ અને શ્રમિત પણ બહુ થઇ હતી, તેથી થાકને લીધે મૂર્છા આવી, પછડાઇને પૃથ્વી પર પડી ગઇ; કંઠ સુકાઈ ગયો. એટલે શ્રીઠાકોરજીએ સિંહાસન પરથી ઊઠી પોતાની ઝારી વડે જળ એને પાયું એટલે સાવધાન થઈ આંખ ઉઘાડી. આ વહુનું દુઃખ શ્રીઠાકોરજી સહન કરી શકયા નહિ.

1. પોતી–સાફ કરી, માંજી–ધોઇ સ્વચ્છ કરી.

ભાવપ્રકાશ—આ વહુ સીધી (ભોળી) હતી, છળકપટ કશું જ જાણતી નહિ.

તેથી શ્રીઠાકોરજીએ પ્રસન્ન થઇને વહુને કહ્યું : તું ખેદ શા માટે કરે છે? તેં ત્રણવાર રસોઇ કરી તે હું ત્રણે વાર આરોગ્યો છું; તું સંદેહ શા માટે કરે છે? ત્યારે વહુએ કહ્યું કે હું શી રીતે માનું? સામગ્રી તો બધી એમની એમ ધરેલી દેખતી હતી. ત્યારે શ્રીઠાકોરજીએ કહ્યું કે મારો હાથ જેમાં પડે તેમાં તે વસ્તુ ઘટે નહિ, અને જો તું ન માનતી હોય તો કાલે સવારે તારા દેખતાં આરોગીશ. માટે હવે તું મહાપ્રસાદ લે. હું ત્રણે વાર આરોગ્યો છું અને તેં કશું લીધું નથી, તેથી તું શિથિલ થઇ ગઇ છે. એટલે વહુએ ઊઠીને બધી સખડી ગાયોને ખવડાવી દીધી; પોતે કશું જ લીધું નહિ શ્રીઠાકોરજીને ઝારીથી જળપાન કરાવ્યું હતું એટલું જ લઇને રહી.

ભાવપ્રકાશ—આમ કરવાનું કારણ એ છે કે શ્રીઠાકોરજી સાચું કહે છે કે મારા મનના સમાધાન માટે કહે છે. માટે સવારે ભોજન કરતાં જોઈશ તો જ મહાપ્રસાદ લઈશ.

પછી બીજા દિવસે સવાર માટેની સામગ્રી વીણી સિદ્ધ કરી રાત્રિનાં સૂઇ રહી. પ્રાતઃકાલ થતાં જ દેહકૃત્ય કરી નાહીને મંગળા-શૃંગાર કરીને જલદીથી રસોઇ તૈયાર કરી થાળ કટોરામાં પધરાવી શ્રીઠાકોરજીના આગળ ભોગ ધરી, પછી ટેરો ખેંચવા લાગી; ત્યારે શ્રીઠાકોરજીએ કહ્યું કે હવે તું ટેરો શા માટે લગાવે છે? પછી તને વિશ્વાસ નહિ આવે માટે તારા દેખતાં આરોગું છું. એટલે એ પાસે બેઠી અને શ્રીઠાકોરજી સારી રીતે સઘળી સામગ્રી આરોગ્યા. પછી વહુ સાથે હાસ્યવિનોદ કરી સર્વરસનો અનુભવ કરાવ્યો. પછી શ્રીદામોદરજીએ આ સઘળી વાત શ્રીઆચાર્યજીને કહી કે મને સમરાઇ બહુ જ સુખ આપે છે. આ વાત શ્રીઆચાર્યજીએ મનમાં રાખી કે જ્યારે સમરાઇ દર્શન કરવા આવશે ત્યારે પૂછીશ. પછી શ્રીઠાકોરજી સમરાઇને જેવી રીતે કહ્યું તેવી રીતે આરોગ્યા છતાં બધી સામગ્રી જેમની તેમ ભરેલી રહી આથી વહુના મનમાં વિશ્વાસ

આવ્યો કે શ્રીદામોદરજી કાલે ત્રણ વાર આરોગ્યા હતા તેમાં સંદેહ નહિ. પછી અનોસર કરી વહુએ મહાપ્રસાદ લીધો. આવી રીતે પાંચ દિવસ સુધી નિત્ય શ્રીઠાકોરજીને આ વહુએ પોતાની રૂબરૂ જ આરોગાવ્યું. હવે સાસુએ શ્રીઆચાર્યજી પાસે વિદાય માગી ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે વહુને જલદીથી દર્શન કરવા મોકલી દેજો. હવે સાસુએ સિંહનંદ આવી વહુને કહ્યું કે હવે તું શ્રીઆચાર્યજીનાં દર્શન કરી આવ; એટલે વહુ શ્રીઆચાર્યજીની પાસે આવી અને દંડવત્પ્રણામ કર્યા. આ વખતે શ્રીઆચાર્યજી રસોઇ કરતા હતા, ત્યારે વહુને કહ્યું કે જા નાહી આવ, અને રોટલી વણી દે; એટલે સમરાઈ નાહીને આવીને રોટલી વણવા લાગી. ત્યારે શ્રીઆચાર્યજીએ સમરાઈને કહ્યું કે તારી સઘળી વાત શ્રીદામોદરજી શ્રીઠાકોરજીએ અમારી આગળ કહી છે. તને બધા રસનો અનુભવ જણાવ્યો. તારાં અહોભાગ્ય છે. ત્યારે સમરાઇએ કહ્યું કે શ્રીઠાકોરજીના પેટમાં આટલી વાત પણ ન ઠરી, તો એમને શું કહીએ? આખરે તો બાળક છે! આ વાત સાંભળી શ્રીઆચાર્યજી પ્રસન્ન થયા અને કહ્યું કે આવાં વૈષ્ણવને તો ઘેર જઇને દર્શન દેવાં ઉચિત છે. પણ શું કરવું? સરસ્વતીનું ઉલ્લંઘન કરવું નથી. પછી બે દિવસ રહી સમરાઇએ શ્રીઠાકોરજીની બધી વાત શ્રીઆચાર્યજીને કહી. પછી ત્રીજે દિવસે આજ્ઞા માગી, ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે આવાં વૈષ્ણવને આજ્ઞા કેમ અપાય? હમેશાં એની વાત સાંભળીએ; પણ શ્રીઠાકોરજી એનાથી પ્રસન્ન છે, એના વિના રહી શકે નહિ, તેથી વિદાય આપી. એટલે સમરાઇએ દંડવત્પ્રણામ કરી વિનંતિ કરીઃ મહારાજ, આ બધું આપની કૃપાથી છે, નહિ તો ક્યાં શ્રીઠાકોરજી અને ક્યાં અમે સંસારી જીવો! આપની જ કાનીથી અમારા જેવા જીવો પર શ્રીઠાકોરજી કૃપા કરે છે. આમ કહીને ચાલી. વહુની આ દીનતા સાંભળી શ્રીઆચાર્યજી બહુ જ પ્રસન્ન થયા, કારણ કે આવાં વૈષ્ણવ દુર્લભ છે, જેની સાથે શ્રીઠાકોરજી બોલે તેનામાં જ આવી દીનતા હોય. પછી વહુ ઘેર આવી સાસુને શ્રીઆચાર્યજીના બધા સમાચાર કહ્યા, કે આપણા પર બહુ કૃપા છે. એટલામાં વહુની આંખ જરા મીંચાઈ અને નિદ્રા આવી.

થાકીને આવી હતી. એટલામાં સાસુ ભોગ ધરી વાસણ માંજવા લાગી, તે વખતે વહુ ચમકી ગઇ, કે શ્રીઠાકોરજી કેવી રીતે આરોગતા હશે! તેથી તે નાહીને મંદિરમાં ગઈ; શ્રીઠાકોરજીને ફરી પોતાની રૂબરૂ વહુએ આરોગાવ્યું. હવે શ્રીઠાકોરજીએ સાસુને જણાવ્યું કે રસોઇ વગેરે ઉપરની ટહેલ તું કરજે, અને શણગાર વહુ કરશે, ભોગ પણ વહુ ધરશે. વહુને હાથે હું બહુ આનંદથી સારી રીતે આરોગું છું. ત્યારથી સાસુએ વહુને કહ્યું કે શ્રીઠાકોરજી તારા પર બહુ જ પ્રસન્ન છે, માટે શૃંગાર તું કરજે, ભોગ પણ બધા તું ધરજે, હું રસોઇ કરીશ અને ઉપરની ટહેલ કરીશ.

આ વહુ રોજ નૌતન (નૂતન) શૃંગાર કરતી, નિત્ય પાસે બેસીને શ્રીદામોદરજીને સામગ્રી આરોગાવતી. શ્રીઠાકોરજી સદા પ્રસન્ન રહેતા. આ સાસુ વહુ એવાં ભગદીય શ્રીઆચાર્યજીનાં કૃપાપાત્ર સેવક છે. એમની વાર્તા કેટલી કહીએ? ॥ વાર્તા ૪૪ ॥

ભાવપ્રકાશ—આ વાર્તામાં એ જણાવ્યું કે નિષ્કપટ પ્રેમ પ્રભુને બહુ જ પ્રિય છે.

વાર્તા ૪૦ મી.

હવે શ્રીઆચાર્યજીનાં સેવક કૃષ્ણદાસી શ્રીરુક્મિણીજીની ખવાસી કરતી, તેમની વાર્તા અને એનો ભાવ.

ભાવપ્રકાશ—આ કૃષ્ણદાસી શ્રીસ્વામિનીજીની અંતરંગિણી સખી છે, "વ્રજમંગલા" લીલામાં એનું નામ છે. પૂર્વમાં પટણાથી બે ગાઉ પર એક ગામ છે ત્યાં એક ગૌડ બ્રાહ્મણને ત્યાં એ જન્મી. તે પાંચ વર્ષની થઈ ત્યારે માતાની સાથે ગંગાસ્નાન માટે ગઈ. ત્યાં એક નાવ સામે પારથી આવતી હતી. તે નાવમાં કાષ્ઠ ભર્યાં હતાં, અને નાવિક હતા. સમય ચોમાસાનો હતો. તે નાવ તૂટી. નાવિક તો નાવ પરથી તરીને પાર આવ્યા. બધાં લાકડાં તણાવા લગ્યા. આ વખતે કૃષ્ણા તીર પર ઊભી હતી. તે કરાડ તૂટીને ગંગાજીમાં પડી એટલે કૃષ્ણા તથા એની માતા બેઉ ગંગાજીમાં પડયાં, તેથી માતાનો દેહ છૂટી ગયો. કૃષ્ણા નાની બાળકી તેના હાથમાં લાકડું આવી ગયું,

તે લાકડું પાંચ ગાઉ તણાતું ગયું. ત્યાં કિનારા પર શ્રીઆચાર્યજી સંધ્યાવંદન કરતા હતા. ત્યાં છોકરી પ્રવાહમાં રડી, ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે બાળક કોણ છે? જુઓ તો ખરા! એ તણાઈ આવી છે, તેને ગામમાં પહોંચતી કરો. પટણા અહીંથી પાંચ ગાઉ છે. કૃષ્ણદાસ આ છોકરીને બાંય પકડી શ્રીઆચાર્યજીની પાસે લાવ્યા. શ્રીઆચાર્યજીએ દૈવી જીવ જાણી તેને નામ સુણાવી નિવેદન કરાવ્યું. પછી કહ્યું કે કોઈ વૈષ્ણવ પાસે મહાપ્રસાદ હોય તો આને ખવરાવો. એટલે કૃષ્ણદાસે પ્રસાદ ખવરાવ્યો. હવે શ્રીઆચાર્યજીએ કહ્યું. કે આપણે પુરુષોત્તમપુરી શ્રીજગન્નાથરાયજીનાં દર્શન કરવા જવું છે, માટે કોઇ માણસ શોધી લાવો ને આને પટણા પહોંચાડો. એટલે કૃષ્ણદાસ એક માણસ કરી લાવ્યો. તેને એક રૂપિયો આપ્યો. તેણે આ છોકરીને ગોદમાં લીધી. આ વખતે શ્રીઆચાર્યજીએ કૃષ્ણદાસને કહ્યું કે આ છોકરીનું પટણામાં બરાબર ઠેકાણું પાડીને તું આવજે. ત્યાંસુધી અમે અહીં બેઠા છીએ. તેથી કૃષ્ણદાસ તેની સાથે ચાલ્યા, અને પટણા આવ્યા. ત્યાં હરિવંશ પાઠક મળ્યા. તે કાશીમાં રહેતા અને પટણા વહેવાર માટે આવતા. આ હરિવંશ પાઠકને તેમણે કહ્યું કે આ છોકરીનું ઠેકાણું તમે કરી દેજો; શ્રીઆચાર્યજી મારે માટે બેસી રહ્યા છે, તેથી હું જાઉં છું. એટલે છોકરીને હરિવંશ પાઠકે મહાપ્રસાદ લેવરાવ્યો. કૃષ્ણદાસ શ્રીઆચાર્યજી મહાપ્રભુજી પાસે આવ્યા. પછી આપ પુરુષોત્તમપુરી પધાર્યા. અહીં હરિવંશ પાઠકે સાત દિવસ આખા ગામમાં તપાસ કરી ત્યારે એક જણે બતાવ્યું કે ફલાણા ગામની બ્રાહ્મણની દીકરી છે, ગૌડ બ્રાહ્મણ છે. એમણે એને ઘેર ખબર પહોંચાડી એટલે એનો પિતા આવ્યો અને કહ્યું કે બેટી, ચાલ, તારી માતા તો મરી ગઈ; તું શી રીતે બચી ગઇ? હવે બેટીને તો નામસમર્પણ થયું હતું તેમ દૈવી જીવ હતી તેથી બુદ્ધિ નિર્મળ થઈ ગઇ હતી, એટલે એણે કહ્યું કે તમારે હિસાબે (મનથી) તો મારી મા મરી ગઈ છે અને હું પણ મરી જ ગઈ છું, કારણ કે હું શ્રીઆચાર્યજીની સેવક થઇ છું. તેથી વૈષ્ણવ વગર બીજાના હાથનું પાણી પણ નહિ પીઉં. આ સાંભળી પિતાએ હરિવંશ પાઠકને કહ્યું, કે તમે વૈષ્ણવ છો. જેવી અમારી બેટી, તેવી આ તમારી પણ બેટી છે. તમે ઘરમાં રાખો. બે ચાર વરસ પછી આનો વિવાહ કરી દેજો; અમારા હાથનું તો એ જળ પીવાની પણ ના કહે છે. વળી અમારી પાસે કશું દ્રવ્ય પણ નથી, એટલે અમે આનો વિવાહ પણ

ક્યાંથી કરીશું ? એટલે હરિવંશ પાઠકે કહ્યું કે સારું. ભગવદિચ્છા. શ્રીઆચાર્યજીના સેવકને શી રીતે કાઢી મુકાય ? પણ અમારું ઘર કાશીમાં છે. ત્યાં સ્ત્રીઓ ભેગી રહેશે. એટલે એના પિતાએ કહ્યું કે બહુ જ સારું. આમ કહીને ઘેર ગયો. પછી હરિવંશ પાઠક કાશી આવ્યા. તે આ છોકરીને લઈને આવ્યા. છોકરી દશ વરસની થઈ ત્યારે સગાઈ શોધવા માંડી, પણ કોઈ બ્રાહ્મણ પરણવા તૈયાર થાય નહિ. સૌ કહેતું કે આની સાથે શા માટે પરણીએ ? આની જાતપાત, ખાનપાનનું ઠેકાણું નહિ. વળી આ છોકરી બધાને કહેતી કે શ્રીઆચાર્યજીનો સેવક હોય તો તેના હાથનું ખાનપાન કરીશ. તો આની સાથે કોણ પરણે ? આવું જાણી હરિવંશ પાઠકે આ છોકરીને પૂછ્યું કે હવે અમારા ઘરમાં તારો નિર્વાહ નહિ થાય. બે વરસ પછી તારી ઉમર તરુણ થશે, એટલે લોકો અમારી નિંદા કરશે કે કુંવારી કન્યા ઘરમાં રાખી મૂકી છે. તો હવે તારે શું કરવું છે ? આ સાંભળી કૃષ્ણાએ કહ્યું કે મને અડેલમાં શ્રીઆચાર્યજીને ત્યાં મોકલી આપો; ત્યાં હું રહીશ. એટલે હરિવંશ પાઠક કૃષ્ણાને સાથે લઇ અડેલ આવ્યા ને શ્રીગુસાંઈજીને દંડવત્પ્રણામ કરી કૃષ્ણાની બધી હકીકત કહી. આ સાંભળી શ્રીગુસાંઇજીએ કહ્યું કે કૃષ્ણા અમારી છે, તે વહુજી પાસે રહેશે. એટલે કૃષ્ણાએ દંડવત્પ્રણામ કરી વિનંતિ કરી કે મહારાજ, હું તો જન્મોજન્મ આપની દાસી છું. શ્રીઆચાર્યજીએ મારો હાથ પકડયો છે, તેથી હુ આપના ચરણારવિંદ વગર મારું ઠેકાણું નથી. પછી કૃષ્ણાની દીનતા જોઈ પ્રસન્ન થઈને શ્રીગુસાંઈજીએ કહ્યું કે અમારું પ્રાકટ્ય તો તમારા જેવા દૈવી જીવો (વૈષ્ણવો) માટે છે. માટે આ ઘર તમારું છે; સુખેથી રહો. આમ કૃષ્ણા શ્રીરુક્મિણી વહુજીની ખવાસીમાં રહી. હરિવંશ પાઠક શ્રીગુસાંઈજીની આજ્ઞા લઈ કાશી આવ્યા. કૃષ્ણા આખા ઘરનું કામકાજ ટહેલ કરે. તેણે બધા પરિવારને પ્રીતિથી વશ કરી લીધો. કૃષ્ણા કહે તે થાય. શ્રીગુસાંઈજી પણ શ્રીઆચાર્યજીની કૃપાપાત્ર સેવક જાણી કૃષ્ણાની કાની બહુ જ રાખતા.

વાર્તાપ્રસંગ ૧ લો.

આ કૃષ્ણા રુક્મિણી વહુજીની ખવાસી કરતી હતી. એકવાર શ્રીરુક્મિણી વહુજીને ગર્ભાધાન રહ્યું, ત્યારે કૃષ્ણાએ કહ્યું કે આ

વળા વહુજીને પુત્ર જન્મશે, તેમનું નામ શ્રીગોકુલનાથજી ધરીશ. હવે ગર્ભના દિવસ પૂરા થયા ત્યારે રુકમિણી વહુજીના પેટમાં પીડા શરૂ થઇ, તે વખતે કૃષ્ણાએ જઇને કોઈ જોશીને પૂછ્યું કે હાલ મુહૂર્ત કેવું છે? ત્યારે જોશીએ કહ્યું કે હાલ બેચાર દિવસ સારા નથી. એટલે કૃષ્ણા દાસીએ આવી રુકમિણી વહુજીના પેટ પર હાથ ફેરવીને કહ્યું કે મહારાજ, હમણાં ન પધારશો; બેચાર દિવસ સારા નથી. એટલે પીડા તત્કાલ શમી ગઈ. પછી પાંચ સાત દિવસ ગયા એટલે કૃષ્ણા દાસીએ ફરી તે જોશી પાસે જઇને પૂછ્યું કે હાલ કેવું મુહૂર્ત છે? ત્યારે આ જોશીએ કહ્યું કે આજે બહુ જ સુંદર દિવસ છે-ભલું મુહૂર્ત આજ છે. એટલે કૃષ્ણા દાસીએ ઘેર આવી, શ્રી-રુકમિણી વહુજીના પેટ પર હાથ ફેરવી કહ્યું કે મહારાજ, આજ બહુ જ સુંદર મુહૂર્ત છે; ભલું મુહૂર્ત આજ છે; હવે પધારો. તરત જ બાળકનું પ્રાકટ્ય થયું. પછી શ્રીગુસાંઇજીએ નામકરણ કર્યું અને 'વલ્લભ' નામ પાડ્યું. પરન્તુ કૃષ્ણા દાસીએ પહેલેથી 'શ્રીગોકુલનાથજી' નામ પાડેલું છે, તેથી જગપ્રસિદ્ધ નામ 'શ્રીગોકુલનાથજી' રાખ્યું છે; ઘરમાં 'શ્રીવલ્લભ' કહેતા અને જન્મપત્રિકામાં 'શ્રીકૃષ્ણ' નામ છે. (આ નામ) શ્રીગુસાંઇજીએ ગુપ્ત રાખ્યું. કૃષ્ણાની આવી કાની શ્રી-ગુસાંઇજી રાખતા. હવે જ્યારે શ્રીઘનશ્યામજીનો જન્મ થયો ત્યારે નામકરણ-સમયે શ્રીવલ્લભે કહ્યું કે આમનું નામ 'શ્રીગોકુલનાથજી' રાખો. ત્યારે શ્રીગુસાંઇજીએ કહ્યું : એ નામ તો તમારું જ છે. ઘરમાં 'વલ્લભ' કહે છે, પણ આખા જગતમાં તો તમારું નામ 'શ્રીગોકુલનાથજી' છે. કૃષ્ણા ભગવદીયે તમારું નામ પાડ્યું છે, તે ફેરવી શકાય નહિ.

વાર્તાપ્રસંગ ૨ જો.

હવે એકવાર શરદ ઋતુ આવી, ત્યારે રુકૂમિણી વહુજીએ કૃષ્ણાને કહ્યું કે કોઇ શરદ નિશાનું વર્ણન કરો. ત્યારે કૃષ્ણાએ 'શરદનિશા' (કાવ્ય) કરીને ગાયું. ત્યારે શ્રીગુસાંઇજીએ ખૂબ પ્રસન્ન થઇને કહ્યું કે જાણે રાસમાં ઊભા રહીને જ ગાયું હોય (એવું આબે-હૂબ છે). આ કૃષ્ણાને નંદાલયની લીલા, રાસાદિક લીલાઓનો

અનુભવ છે, તેથી કીર્તન બહુ જ કર્યાં છે. આઠે પહોર ભગવદ્રસમાં મગ્ન રહેતી. આ કૃષ્ણા દાસી એવી શ્રીઆચાર્યજીની કૃપાપાત્ર ભગવદીય હતી. એની વાર્તા કયાંસુધી કહીએ ? ॥ વાર્તા ૭૫ ॥

વાર્તા ૪૬ મી.

હવે શ્રીઆચાર્યજીના સેવક બૂલામિશ્ર પશ્ચિમમાં રહેતા તે સારસ્વત બ્રાહ્મણ હતા તેમની વાર્તાનો ભાવ—

ભાવપ્રકાશ—લીલામાં શ્રીસ્વામિનીજીની સખી વિશાખાજી છે તેમની સખી આ છે. લીલામાં એમનું નામ 'સુમંદિરા' છે. તે લાહોરમાં પશ્ચિમ દિશામાં સારસ્વત બ્રાહ્મણને ત્યાં જન્મ્યા. દશ વર્ષના થયા ત્યારે પિતાએ બૂલામિશ્રને કહ્યું કે કશું શાસ્ત્ર ભણો તો સારું; નહિ તો મારી પેઠે મૂર્ખ રહેશો. એટલે બૂલામિશ્રે કહ્યું કે કાઇ પંડિતની ગોઠવણ કરી મને બતાવો તો (તેની પાસે) ભણું. ત્યારે એમને લાહોરમાં એક પંડિતની પાસે ભણવા બેસાડ્યા. ત્યારે પંડિતે કહ્યું કે મારી પાંચ દસ રૂપિયાથી પૂજા કરો તો ભણાવું. એટલે બૂલામિશ્ર તે પંડિત પાસેથી ઊઠીને ઘેર આવીને બેઠા. ત્યારે તેમના પિતાએ કહ્યું કે ઘેર પાછો કેમ આવ્યો ? શું ઘરમાં બેઠો બેઠો ભણીશ ? તું જન્મથી ઘરમાંજ રહ્યો છે, તેથી શું સ્ત્રીઓનું જ કામ શીખીશ ? બહાર નીકળતાં શરમ આવતી હશે ? ત્યારે બૂલામિશ્રે કહ્યું કે અહીં તો જેની પાસે ભણવા જઇએ તે દ્રવ્ય માગે છે, માટે હવે હું કાશી ભણવા જાઉં છું. તમે મને મહેણાં ટાણાં કેમ મારો છો ? ત્યારે પિતાએ કહ્યું કે તું ઘરમાંથી બહાર જવાની ના પાડે છે તો કાશી શી રીતે જઇશ ? તરત જ બૂલામિશ્રે ઊઠીને પિતાને નમસ્કાર કર્યા ને કહ્યું કે આ હું કાશી ચાલ્યો. ત્યારે પિતાના માનવામાં આવ્યું નહિ; જાણ્યું કે એ એકલો કયાં જશે ? કોઈ ગામ જઇ બેસી રહેશે. તેથી પિતા બોલ્યા નહિ અને બૂલામિશ્ર તો ચાલ્યા, અને (રસ્તામાં) ગામમાં લોટ માગી લાવી અંગાખરી કરીને ખાય. આમ કરી ચાલતાં ચાલતાં કેટલાક દિવસે કાશી આવ્યા. ત્યાં ભિક્ષાવૃત્તિથી નિર્વાહ કરે અને પંડિત પાસે ભણવા જાય. ત્રણ વરસ સુધી ભણવાનો ખૂબ પ્રયત્ન કર્યો, પરન્તુ જરા પણ વિદ્યા ન આવડી, એટલે પંડિતે કહ્યું કે મેં અનેક વિદ્યાર્થીઓને ભણાવ્યા. પરન્તુ તારા જેવો મૂઢ કોઇ ન જોયો. ત્રણ વરસ સુધી તું પણ ભણવા માટે મથ્યો

તે હું ભણાવીને થાક્યો, પણ અક્ષરનું પણ તને જ્ઞાન ન થયું. હવે તું શા માટે ભણવા પ્રયત્ન કરે છે? તારા ભાગ્યમાં વિદ્યા જ નથી. ત્યારે બૂલામિશ્રના મનમાં બહુ જ દુ:ખ થયું કે વિદ્યા ભણવા માટે ઘર છોડ્યું, આટલું દુ:ખ સહન કર્યું, પરન્તુ વિદ્યા ન આવી; માટે હવે હું સરસ્વતી (વિદ્યા) પર મરીશ (મારી હત્યા આપીશ). હવે તે ગંગાજીને કાંઠે કાશીથી દૂર જઈ જ્યાં કોઇપણ માણસ ન હતું ત્યાં જળ લેવાનું પણ બંધ કરીને બેઠા. આમ જળ પણ લીધા વિના ત્રણ દિવસ અને ત્રણ રાત વીતી ગયાં. ત્યારે શ્રીગંગાજીની ભીતરમાં પધારીને સરસ્વતી બોલ્યાં કે તું મારા પર મરવા કેમ બેઠો છે? હું તો ભગવાનની દાસી છું. શ્રીભગવાન જ્યાં મોકલે ત્યાં જાઉં. આ જગતમાં બધાં કામના કર્તા તો ભગવાન છે; માટે તું શ્રીભગવાનનું ભજન કર. ભગવાન પ્રસન્ન થશે તો વિદ્યા તો શું પણ તું જે ચાહે તે મળશે. મારા પર મરવા બેઠો છે તો સુખેથી મર, પણ ભગવાનની ઇચ્છા વિના હું કોઇની પાસે જઈશ નહિ. જો ભગવાનની ઇચ્છા હોય તો હું શૂદ્ર અને ચંડાળ પાસે પણ જાઉં અને તે પંડિત થઈ જાય. ભગવાનની ઇચ્છા ન હોય તો ભણ્યો હોય તો-પણ મૂર્ખ થઈ જાય. ગમે તેવો બ્રાહ્મણ હોય, પણ હું ન જાઉં. આ મેં તને સત્ય હકીકત કહી. હવે તારા મનમાં આવે તો મર કે પછી જીવ; પરન્તુ ભગવાનની ઇચ્છા તને વિદ્યા આપવાની નથી. ત્યારે બૂલામિશ્રે કહ્યું કે ભગવાનનું સ્મરણ ભજન તો મારાથી બનશે નહિ; પણ આજ સુધી તારા પર મરતો હતો તે હવે ભગવાન પર મરીશ, પણ વિદ્યા આવશે ત્યારે જ જળપાન કરીશ. એટલે સરસ્વતી ગઈ. પછી એ તો ભગવાનનું નામ વિષ્ણુ, વિષ્ણુ કહેવા મંડ્યો. રાત દિવસ કહ્યા કરે. ત્યારે ભગવાને સરસ્વતીને કહ્યું કે તેં મારા પર મરવા માટે બ્રાહ્મણને બેસાડ્યો, માટે હવે જા, મારી ઇચ્છા છે, તેને વિદ્યા આપ અને ખાનપાન કરાવી આવ. એટલે સરસ્વતીએ સ્ત્રીનું રૂપ લઈ, બૂલામિશ્ર પાસે આવીને કહ્યું કે બ્રાહ્મણ, તું આંખ ઉઘાડ. ત્યારે બૂલામિશ્રે આંખ ખોલીને પૂછ્યું કે તું કોણ છે? ત્યારે સ્ત્રીએ કહ્યું કે હું સરસ્વતી છું. મને ભગવાને મોકલી છે, તેથી હવે હું તારી પાસે આવી છું; માટે વિદ્યા જોઇએ તેટલી લે. ત્યારે બૂલામિશ્રે કહ્યું કે હમણાં કાલે જ તો તું ના કહી ગઈ કે વિદ્યા તારા ભાગ્યમાં નથી! હવે આજે વિદ્યા આપવા કેમ આવી છે?

ત્યારે સરસ્વતીએ કહ્યું કે ભગવાનની ઇચ્છા એવી થઈ કે તું વિદ્યા આપ, તેથી હું આવી છું. ત્યારે બૂલામિશ્રે કહ્યું કે ભગવાનની ઇચ્છા હવે વિદ્યા દેવાની કેમ થઈ? પહેલાં તો નહોતી. જો પહેલેથી હોત તો હું ત્રણ વરસ સુધી ભણ્યો પણ કશું ન આવડયું. હવે ભગવાને તમને મારી પાસે કેમ મોકલ્યાં? ત્યારે સરસ્વતીએ કહ્યું કે રાતદિવસ ભગવાનનું નામ લીધા કર્યું તેથી ભગવાન તમારા પર પ્રસન્ન થયા, તમારા દોષો દૂર થઈ ગયા, તેથી ભગવાને મને મોકલી છે. તમે મન લગાવીને ભગવાનનું નામ લીધું, તેનો એ પ્રતાપ છે. ત્યારે બૂલામિશ્રે કહ્યું કે શું ભગવાન કરતાં પણ ભગવાનનું નામ શ્રેષ્ઠ છે કે, જેથી ભગવાન પ્રસન્ન થયા? માટે હવે વિદ્યા ચાહતો નથી. વિદ્યાથી ભગવાનનું નામ મોટું જાણ્યું, માટે હવે તું જા. વિદ્યા મારે ન જોઈએ. હવે તો ભગવાન જ આવશે તો દર્શન કરીશ, અને તો જ કંઇક લઈશ.

હવે સરસ્વતીએ ભગવાન પાસે જઈને કહ્યું કે મહારાજ, એ તો વિદ્યા લેતો નથી; આપનાં દર્શનની ઇચ્છા કરે છે. આથી ભગવાન પ્રસન્ન થયા કે આવા સમયમાં કોણ છે કે જે મને ચાહે છે? (જે મને ચાહે છે) તેને હું ચાહીશ. ત્યારે ભગવાને ગંગાજીની અંદરથી વાણી દ્વારા કહ્યું કે બ્રાહ્મણ, તું ખાનપાન કર. જલપાન કર્યા વગર પાંચ દિવસ જતા રહ્યા છે. હું તારા પર પ્રસન્ન છું. વિદ્યા વગેરે જે વરદાન જોઇએ તે લે. ત્યારે બૂલામિશ્રે કહ્યું કે મહારાજ, હવે મારે કશું જોઇતું નથી. આપ મને કૃપા કરીને એકવાર દર્શન આપો. ત્યારે ભગવાને કહ્યું કે અડેલમાં શ્રીવલ્લભાચાર્યજી બિરાજે છે, ત્યાં જઇને તેમને શરણે જાઓ, એટલે મારાં દર્શન તમને ત્યાં થશે. ત્યારે બૂલામિશ્રે કહ્યું કે મહારાજ, એકવાર મને દર્શન આપો, કે જેથી આપનાં દર્શન થવાથી મને માયા ન અડે. નહિ તો હું ખાનપાન કરીશ એટલે અનેક લોકોનો સંગ થશે તો માયા લાગી જશે, પછી મનનું બુદ્ધિનું ઠેકાણું રહેશે નહિ. અડેલ જાઉં ને વચ્ચે રસ્તામાં જ કોઇ મને મારી નાખે તો હું શું કરું? ત્યારે ભગવાને બૂલામિશ્ર પર પ્રસન્ન થઇ, બૂલામિશ્રને ચતુર્ભુજ સ્વરૂપે દર્શન દઇને કહ્યું કે હવે તું અડેલ જા. શ્રીઆચાર્યજી તારો મનોરથ પૂર્ણ કરશે, અને તને માયા અડશે નહિ. આ વખતે બૂલામિશ્રે દંડવત્પ્રણામ કરી, વિનંતિ કરી કે મહારાજ, મારો અપરાધ ક્ષમા કરો, કે મેં આપ સાથે હઠ કરી. ક્યાં હું તુચ્છ જીવ

અને ક્યાં આપ પુરુષોત્તમ! પણ આપે મારું કહ્યું સાચું કર્યું. પરન્તુ આપની માયાએ મને જગતમાં બહુ જ પ્રકારે ભટકાવ્યો અને બહુ જ કલેશ આપ્યો, તેથી મેં આપનાં દર્શનની વિનંતિ કરી. ત્યારે પ્રભુ બૂલામિશ્રના મનનું સમાધાન કરી અંતર્ધાન થયા. પછી બૂલામિશ્રે ખાનપાન કર્યું. ભગવાનના નામનું માહાત્મ્ય દેખી દઢ વિશ્વાસ થયો, તેથી આઠે પહોર શ્રીભગવાનનું નામ લેતાં લેતાં અડેલ ચાલ્યા. કેટલેક દિવસે અડેલ આવી શ્રીઆચાર્યજીનાં દર્શન કરી દંડવત્પ્રણામ કર્યા, ત્યારે શ્રીઆચાર્યજીએ બૂલામિશ્રને કહ્યું કે તને ધન્ય છે, તું એવી ધીરજ ધરી દઢ રહ્યો ને આ જ દેહે ભગવાનનાં દર્શન પામ્યો. ત્યારે બૂલામિશ્રે શ્રીઆચાર્યજીને વિનંતિ કરી કે મહારાજ, દર્શન થયાં તે પણ આપની જ કૃપા. પરન્તુ ભગવાનના સ્વરૂપનો આનંદ છે તેનો અનુભવ મને નથી. માટે આપ કૃપા કરીને શરણે લો, ત્યારે જ થાય. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે હવે શરણે આવીને શું કરીશ? ભગવત્પ્રાપ્તિ તો તને થઈ ગઈ, વળી ભગવાનનું વરદાન છે કે તને માયા લાગશે નહિ એવાં વચન કહ્યાં છે. હવે તારું શું કર્તવ્ય બાકી રહ્યું છે? ત્યારે બૂલામિશ્રે કહ્યું કે ભગવત્પ્રાપ્તિ જે મુક્તિ છે તે તો મારે જોઇતી નથી, મને ભક્તિ આપો. તે તો આપની કૃપાથી જ મળે. માટે મને શરણે લો, તો જ ભક્તિની પ્રાપ્તિ થાય. વળી ભગવાને પણ મને આપનું (શરણ) બતાવ્યું છે, તેથી હું આપને શરણે આવ્યો છું. ત્યારે શ્રીઆચાર્યજીએ બૂલામિશ્રને કહ્યું કે જા, શ્રીયમુનાજીમાં નાહીને આવ. એટલે બૂલામિશ્ર શ્રીયમુનાજીમાં સ્નાન કરી અપરસમાં આવ્યા કે શ્રી-આચાર્યજીએ નામ સુણાવી નિવેદન કરાવ્યું. કૃષ્ણાશ્રય ગ્રંથ રચી તેનો પાઠ કરાવ્યો, કે તરત જ બૂલામિશ્રને શ્રીઠાકોરજીની લીલાનો અનુભવ થવા લાગ્યો અને બધાં શાસ્ત્ર, પુરાણ તથા વેદોના આશયનું જ્ઞાન થઇ ગયું. માનસી ફળરૂપ સેવાના ફળનું દાન શ્રીઆચાર્યજીએ એમને કર્યું, તેથી મન અલૌકિક થઇ શ્રીઠાકોરજીમાં લીન થઇ ગયું. પછી શ્રીઆચાર્યજીએ કહ્યું કે હવે તું ઘેર જા. ત્યારે બૂલામિશ્રે વિનંતિ કરી કે મહારાજ, હવે મને ઘેર શા માટે મોકલો છો? મારે ઘરનું શું કામ છે? ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે તમને ઘેર એટલા માટે મોકલું છું કે તારા સત્સંગથી કેટલાક જીવ કૃતાર્થ થશે તથા ભક્તિનો પ્રચાર થશે. હવે તને સંસારનું દુઃખ તો અડશે જ નહિ. જ્યાં રહીશ ત્યાં અમારી પાસે જ છો. વળી જેમ ભગવાન સર્વસામર્થ્યયુક્ત છે, તેવી રીતે ભગવદીય પણ

હવે બૂલામિશ્રે આવીને કહ્યું કે તમે બેઉ સ્ત્રી-પુરુષ નાહીને નવાં વસ્ત્રો પહેરીને આવીને બેસો. એટલે બેઉ સ્ત્રીપુરુષ નાહીને નવાં વસ્ત્રો પહેરીને આવીને બેઠાં ત્યારે બૂલામિશ્ર હરિવંશ પુરાણનો એક શ્લોક બોલ્યા કે; इदं मया ते हरिकीर्तनं महत— આ શ્લોક કહી આ શ્લોકનો અર્થ કહ્યો. આમાં શ્રીકૃષ્ણકીર્તિ ઉપર કહ્યું તે શ્રીકૃષ્ણનું માહાત્મ્ય પરમ અદ્ભુત છે; જે સાંભળે તેના ભાગ્યનો પાર નહિ. તે સાંભળવું મહાદુર્લભ છે. આ શ્લોકમાં બધું ફળ મળે છે. પછી મંત્રાક્ષત બોલીને તે મોટી સ્ત્રીને ખોળામાં આપ્યા એટલે આ ક્ષત્રિયે બૂલામિશ્રને કહ્યું કે તમે શું કર્યું ? આ મોટી સ્ત્રીને તો સ્ત્રીધર્મ પણ નથી (ઋતુસ્નાન પણ થતું નથી) તો નાની સ્ત્રીને કેમ ન આપ્યા ? ત્યારે બૂલામિશ્રે કહ્યું કે શ્રીઠાકોરજી પુત્ર આપનાર હશે તો આને જ પુત્ર આપશે. શ્રીઠાકોરજી સર્વસામર્થ્યવાન છે. આમ કહી બૂલામિશ્ર ઊઠયા ને ઘેર જવા લાગ્યા, એટલે આ ક્ષત્રિયે કહ્યું કે કૃપા કરીને મને આખું હરિવંશ પુરાણ સંભળાવો, ત્યારે બૂલામિશ્રે કહ્યું કે તારો મનોરથ તો પુત્રપ્રાપ્તિ માટે જ સઘળું પુરાણ સાંભળવાનો છે, તો તારે થશે જ. સઘળું પુરાણ સાંભળવાનું ફળ વિચારતો હતો તે તો તને મળશે જ, હવે આખું પુરાણ-સાંભળવાનું શું પ્રયોજન ?

ભાવપ્રકાશ—આવું બૂલામિશ્રે એટલા માટે કહ્યું કે એમને એટલો અવકાશ ક્યાંથી આવે કે આખું પુરાણ સંભળાવે. આ તો ભગવદિચ્છાથી કહેવાનો સંયોગ મળી ગયો.

આમ કહી બૂલામિશ્ર ઘેર ગયા. થોડા સમયમાં મોટી સ્ત્રીને ગર્ભ રહ્યો ને એને પુત્ર થયો.

ભાવપ્રકાશ—આ વાર્તામાં ભગવદીયને ભારે મોટાઈ આપી, કારણ કે ભગવદીય ભક્તિ ને મુક્તિના દાતા છે. ચાહે તો તત્કાલ શ્રીઠાકોરજીનો પણ મેળાપ કરાવી દે. તો આ તો પુત્રપ્રાપ્તિ-એ તુચ્છ ફળમાં શું ? અહીં અર્થ એ છે કે પુત્ર લૌકિક નથી આપ્યો, પરમ ભગવદીય પુત્ર આપ્યો છે. એ પુત્ર શ્રીગુસાંઈજીનો સેવક બની આખા કુળનું આગળ કલ્યાણ કરશે. તેથી ભગ-

વદીય જે આપે તે અલૌકિક આપે. જો લૌકિક આપે તો ન આપ્યા બરાબર છે; કારણ કે પુત્ર કોને કહેવાય? જે માતાપિતાનો ઉદ્ધાર કરે તે પુત્ર કહેવાય. નહિ તો જેમ પશુઓ, કૂતરાં, ગધેડાંને પણ પુત્ર તો થાય છે, તેમ જો સંસારી પુત્ર થાય તો પશુ સમાન છે; તેથી બૂલામિશ્રે જેવા પુત્રની શાસ્ત્રોમાં ઉત્તમતા કહી છે તેવો પુત્ર આપ્યો.

આ બૂલામિશ્ર શ્રીઆચાર્યજીના બહુ જ કૃપાપાત્ર ભગવદીય છે. સદા માનસી ફળરૂપ સેવામાં ભગવદ્રસમાં મગ્ન રહેતા. તેથી બૂલામિશ્રની વાર્તા કયાંસુધી કહીએ ॥ વાર્તા ૪૬ ॥

વાર્તા ૪૭ મી.

હવે શ્રીઆચાર્યજીના સેવક રામદાસ મેવાડા બ્રાહ્મણ મીરાંબાઇના પુરોહિત હતા, મેવાડમાં રહેતા તેમની વાર્તા અને એનો ભાવ.

ભાવપ્રકાશ–શ્રીસ્વામિનીજીની સખી વિશાખાજી તેમની આ સખી છે. લીલામાં એમનું નામ 'કંદર્પા' છે. તે સદા શ્રીસ્વામિનીજીના નામનું કીર્તન કરતી. તેનું રૂપ બહુ જ સુંદર હતું. આ કંદર્પા એકવાર પોતાનો શૃંગાર સજતી હતી ત્યારે શ્રીસ્વામિનીજી પધાર્યાં; પરન્તુ શૃંગાર કરતાં કરતાં કંદર્પા ઊઠી નહિ, તેથી વિશાખાએ શાપ આપ્યો કે આટલો બધો ગર્વ કે ઊઠીને અમારાં શ્રીસ્વામિનીજીનું સન્માન ન કર્યું ! માટે ભૂમિ પર જાઓ. તેથી અહીં અનેક જન્મ થયા, પછી મેવાડમાં એક બ્રાહ્મણને ત્યાં જન્મ્યાં. ત્યાં રામદાસ બાવીસ વરસના થયા, ત્યારે તેમને સાથે લઈ તેમના પિતા શ્રીરણછોડજીનાં દર્શન માટે ગયા. ત્યાં શ્રીઆચાર્યજી પધાર્યા હતા, તેથી રામદાસને આપનાં દર્શન થયાં. એટલે રામદાસે પિતાને કહ્યું કે શ્રીઆચાર્યજીના સેવક તમે અને અમે થઇએ તો સારું. ત્યારે રામદાસના પિતાએ કહ્યું કે એ બ્રાહ્મણ છે અને આપણે પણ બ્રાહ્મણ છીએ તો આપણે સેવક કોના થઈએ? અને કહ્યું કે આજે બોલ્યો તો બોલ્યો, પણ ફરી આવું બોલ્યો તો તારી વાત તું જાણીશ. એટલે રામદાસ ચૂપ થઇ ગયા. પછી પિતાથી છૂપી રીતે શ્રીઆચાર્યજી પાસે આવી રામદાસે દંડવત પ્રણામ કરી વિનંતિ કરી કે મહારાજ, મારું મન આપનો સેવક થવાનું બહુ જ છે; વળી મારા પિતા પણ સેવક થાય તો ભગવદ્ધર્મ ઘરમાં બને;

ક્લેશ ન થાય. માટે મારા પિતાને આપ આપનું કાંઇ માહાત્મ્ય બતાવો તો તે સેવક થાય, કારણ કે તે અજ્ઞાની જીવ છે ને અહંકારથી ભરેલો છે. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું : તું દૈવી જીવ છે ને તારો બાપ સાધારણ છે. તે તારી પાછળ કૃતાર્થ થશે. તું જે વાત તારા પિતાને કહીશ, તે સાચી પડશે. તું જ તારા પિતાને માહાત્મ્ય દેખાડજે. એટલે રામદાસ દંડવત્ પ્રણામ કરી પિતાની પાસે આવ્યા. તે વખતે પિતા રસોઈ કરતા હતા. રસોઇ કરતાં કરતાં તેનો આખો હાથ દાઝી ગયો, તેથી પિતા બહુ જ દુઃખી થયો. ત્યારે રામદાસે કહ્યું કે એક વાત કહું; જો તમે માનો તો કહું. ત્યારે પિતાએ કહ્યું કે કહો. ત્યારે રામદાસે કહ્યું કે હું હાથમાં જળ લઈ તમારી સમક્ષ પણ કરું છું કે શ્રી-આચાર્યજી સાક્ષાત્ ભગવાન હોય તો આ જળથી તમારો હાથ સારો થઈ જજો; જો એથી ઊલટું હોય તો તમારો હાથ સારો ન થશો. એ જળ હું આમ બોલીને તમારા હાથ પર નાખીશ, જો તમારો હાથ સારો થાય તો તમે શ્રીઆચાર્યજીના સેવક થશો? ત્યારે પિતાએ કહ્યું કે હા, હા; એ પ્રમાણે બનશે તો હું સેવક થઈશ. એટલે રામદાસ હાથમાં જળ લઈ બોલ્યા કે શ્રી-આચાર્યજી સાક્ષાત્ ભગવાન હોય તો આ જળથી પિતાનો હાથ સારો થઈ જજો. આમ બોલી રામદાસે હાથનું જળ પિતાના દાઝેલા હાથ પર નાખ્યું, તેથી હાથ સારો થઇ ગયો. એટલે રામદાસે કહ્યું કે ચાલો, હવે શ્રીઆચાર્યજીના સેવક થાઓ. એટલે પિતાએ કહ્યું કે બેટા, તું બહાવરો થઇ ગયો છે. મારા કર્મમાં આવું લખેલું હશે તેથી દાઝ્યો અને મારા પુણ્યથી હું સારો થયો. રસોઈ તો કરું. એટલે રામદાસે અતિ ક્રોધિત થઈને કહ્યું કે જો તમે આટલામાં જ ફરી ગયા (વચનભંગ કર્યો) તો બેઉ આંખે આંધળા થઈ જાઓ. આટલું કહેતાં જ બેઉ આંખોમાં ફૂલ પડી ગયાં, આંધળા થઇ ગયા. ત્યારે પિતાએ રામદાસને કહ્યું કે આ શું કર્યું? હવે હું સેવક થઇશ. જે તું કહે તે કરીશ. મારી આંખ સારી થાઓ (કર). ત્યારે રામદાસે કહ્યું કે હવે તો શ્રીઆચાર્યજીના સેવક થશો ત્યારપછી આંખો સારી થશે, નહિ તો ખૂબ દુઃખી થશો. ત્યારે પિતાએ કહ્યું કે જલદી ચાલો, પછી બીજું કામ થશે. એટલે રામદાસે પિતાનો હાથ પકડી, શ્રીઆચાર્યજી પાસે આવી, દંડવત્ પ્રણામ કર્યા. હવે પિતાએ વિનંતિ કરી મહારાજ, આપનો પ્રતાપ પ્રસિદ્ધ દેખ્યો, તોપણ હું ન સમજ્યો, તેથી

હું આંધળો થયો. હવે હું આપને શરણે આવ્યો છું. મારું દુઃખ દૂર કરો. એટલે શ્રીઆચાર્યજીએ રામદાસને કહ્યું કે તું શ્રીયમુનાજીમાં નાહી આવ. પિતાને અહીં બેસી રહેવા દે. એટલે રામદાસ શ્રીયમુનાજીમાં નાહીને શ્રી-આચાર્યજી પાસે આવ્યા. એટલે શ્રીઆચાર્યજીએ તેમને નામ સુણાવી બ્રહ્મ-સંબંધ કરાવ્યું. પછી રામદાસના પિતાને નામ સુણાવ્યું. પછી રામદાસે શ્રી-આચાર્યજીનું ચરણામૃત પોતે લીધું તેમજ પિતાનાં નેત્ર પર લગાવીને કહ્યું: હવે નેત્રો પહેલાં જેવાં થઈ જાઓ. તરત જ આંખો સારી થઇ ગઈ. એટલે પિતાએ શ્રીઆચાર્યજીને દંડવત્ પ્રણામ કરીને કહ્યું કે મહારાજ, હવે મારે શું કરવું જેથી હું સુખી થાઉં, તે વાત બતાવો. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે તમે તમારા પુત્ર રામદાસના કહ્યામાં રહેશો તો સદા સુખી થશો—કૃતાર્થ થઇ મુક્તિ પામશો. ત્યારે રામદાસે કહ્યું કે મહારાજ, મને ભગવત્સેવા પધરાવી આપો. એટલે શ્રી-આચાર્યજીએ પ્રસાદી વસ્ત્ર આપ્યું અને કહ્યું: આની સેવા મન રાખીને કરજો. એટલે રામદાસ દંડવત્ પ્રણામ કરી પિતાને લઇ મુકામ પર આવ્યા, પછી પિતાને કહ્યું કે હવે રસોઈ હું કરીશ; તમે ઉપરની પરચારગી બધી કરજો. ત્યારે પિતાએ કહ્યું કે જે તમે કહેશો તે હું કરીશ. પછી રામદાસે રસોઇ કરી વસ્ત્રસેવાને ભોગ ધર્યો, પછી પિતાની પાતળ કરી ગાયનો ભાગ કાઢી પ્રસાદ લીધો. પછી શ્રીઆચાર્યજી તો અડેલ પધાર્યા, અને રામદાસ પિતાને લઈ મેવાડમાં આવ્યા અને ઘરમાં રહ્યા. ઘરનાં સઘળાં (મનુષ્ય) હવે રામદાસના કહ્યામાં રહેવાં લાગ્યાં.

વાર્તાપ્રસંગ ૧ લો.

એક દિવસ રામદાસજી મીરાંબાઇને ઘેર ગયા. તેમણે મીરાં-બાઇના શ્રીઠાકોરજી સન્મુખ શ્રીઆચાર્યજીનું કીર્તન ગાયું. એટલે મીરાંબાઇએ કહ્યું કે કોઈ વિષ્ણુપદ શ્રીઠાકોરજીનું ગાઓ. આ સાંભળી રામદાસને રીસ ચઢી અને કહ્યું કે નફ્ફટ રાંડ, શું આ તારા ધણીનું કીર્તન છે? આજ પછી તારું મુખ નહિ જોઉં. આમ બનવાથી તે આ ગામમાંથી સઘળું કુટુંબ લઈને નીકળી ગયા. મીરાંબાઇએ બહુ જ કહ્યું. એમને દક્ષિણા આપવા માંડી, પણ કશું ન લીધું. કુટુંબ લઇ બીજા ગામમાં જઇને રહ્યા. આ રામદાસ એવા ટેકી કૃપાપાત્ર ભગવદીય હતા. પોતાના પ્રભુમાં એવા અનુરક્ત હતા કે ફરી કદી મીરાંબાઇનું મોં જોયું જ નહિ. ॥ વાર્તા ૪૭ ॥

ભાવપ્રકાશ—આ વાર્તામાં એવું જણાવ્યું કે પ્રથમ તો અન્યમાર્ગીય પાસે જવું નહિ. કદાચ જઇએ તો પોતાના માર્ગની વાર્તા ન કરવી; આપણા માર્ગનાં કીર્તન ન કરવાં. જો કરીએ તો ક્લેશ થાય. તેથી શ્રીગુસાંઈજી ચતુઃશ્લોકીમાં કહે છે કેઃ—

> विजातीयजनाक्रांते निजधर्मस्य गोपनाम् ॥
> देशे विधाय सततं स्थेयमित्येव भावये ॥ १ ॥

આવી રીતે પરદેશમાં પોતાના ધર્મને ગુપ્ત રાખીને જ સતત રહેવું. રામદાસજીએ જે વખતે શ્રીઆચાર્યજીનું કીર્તન ગાયું તે વખતે શ્રીગોવર્ધનધરે વિચાર્યું કે રામદાસજીએ શ્રીઆચાર્યજીનું કીર્તન ગાયું તો હવે પછી માર્ગની વાર્તા પણ કહેશે; તેથી મીરાંબાઈ દ્વારા કહેવરાવ્યું કે શ્રીઠાકોરજીના જશ ગાઓ. આ સાંભળતાં જ રામદાસજીને જ્ઞાન થયું કે આ મેં શું કર્યું ? શ્રીગોવર્ધનધરને શ્રમ આપ્યો. તેથી એમ વિચાર્યું કે હવે આ વખતે આ ગામમાં જળ પીવું પણ ઉચિત નથી, કારણ કે કદાપિ ગામમાં રહું તો મીરાંબાઈનું મોં જોવું પડે. અમે બ્રાહ્મણ છીએ, વળી મીરાંબાઈના પુરોહિત રહ્યા અને દ્રવ્યની લાલચ આ જગતમાં બહુ જ ખરાબ છે, તેથી લોભથી તો ધર્મ જતો રહે; માટે આ ગામમાં જળ ના લેવું. તેથી કુટુંબ સાથે બીજા ગામમાં જઇને રહ્યા. એમની વાર્તા ક્યાંસુધી કહીએ?

વાર્તા ૪૮ મી.

હવે શ્રીઆચાર્યજીના સેવક રામદાસ ચૌહાણ રાજપૂત, બુંદેલખંડના વાસી તેમની વાર્તા અને એનો ભાવ.

ભાવપ્રકાશ—લીલામાં એ લલિતાજીની સખી છે. એનું નામ 'મધુએની' છે. એના મનમાં એમ રહેતું કે હું લલિતાજીની જેમ બેઉ સ્વરૂપને બીડી આરોગાવું. ત્યારે શ્રીઠાકોરજીએ કહ્યું કે આ તારો મનોરથ કોઇ સમયે પૂર્ણ થશે. આ વાત લલિતાજીએ સાંભળી ને મધુએનીને શાપ આપ્યો કે તું છૂપી રીતે શ્રીઠાકોરજીને બીડી આરોગાવીશ તો હું શું કરીશ? માટે તેં આવો ગર્વ કર્યો તો જા, ભૂમિ પર રહે. તેથી તેને સંસારમાં અનેક જન્મ થયા. આ સમયે બુંદેલખંડમાં એક રાજપૂતને ઘેર તેનો જન્મ થયો. ત્યાં બાર વરસના થયા. આ રામદાસનો પિતા બુંદેલખંડના રાજાનો નોકર હતો. પિતાએ

રામદાસને કહ્યું કે એક દિવસ ચાલો તો રાજાની સાથે મેળાપ કરાવું, કારણ કે રાજાને રોજ મળતો રહે તો તને પણ નોકરી મળે. આ વાત સાંભળી રામદાસે કહ્યું કે હું રાજાની નોકરી પણ નહિ કરું; હું તો શ્રીઠાકોરજીની જ ચાકરી કરીશ, જેથી જન્મ સુધરે. રાજાની નોકરીની શી જરૂર છે? આ વાત સાંભળી પિતાએ કહ્યું કે તને કોઈ વૈરાગી મળ્યો છે. તેણે તને ભરમાવ્યો છે. રાજાની નોકરી નહિ કરે તો ખાઇશ ક્યાંથી? ત્યારે રામદાસે કહ્યું: શું આખા જગતનું પાલન રાજા કરે છે? પાલન તો શ્રીઠાકોરજી કરે છે. તમે મૂર્ખ છો તેથી એમ જાણો છો કે અમારું પાલન રાજા કરે છે. આ સાંભળી પિતા મનમાં બહુ જ ગુસ્સે થયો. પરન્તુ એકનો એક છોકરો ને બહુ જ વહાલો તેથી કશું બોલ્યો નહિ. ઘરમાં એક માણસ રાખ્યો, જેથી ઘરમાં કોઇ વૈરાગી આવી શકે નહિ. તેણે ધાર્યું: કોઈ વૈરાગીની સોબત આ રામદાસને થઈ છે, તેથી આવું થયું છે, તેથી માણસોને સાવધાન રાખ્યા. પરન્તુ રામદાસ તો રામકૃષ્ણ એવો જપ કરે કોઇ સાથે બોલે નહિ કે વાત પણ ન કરે. આ વાત એક રાજપૂતે સાંભળી અને તેણે જઈને રામદાસજીની બધી વાત રાજા પાસે કહી. એટલે રાજાએ રામદાસના પિતાને કહ્યું કે જાઓ, તમારા દીકરાને અહીં લઇ આવો. આવડો મોટા થયો, પણ એને મારી પાસે પણ લાવ્યા નથી! ત્યારે રાજાની પાસે હાથ જોડીને બીતાં બીતાં રામદાસના પિતાએ કહ્યું કે મારા દીકરાની કોઈ વૈરાગીના સંગથી બુદ્ધિ બગડી છે, તેથી મને પણ ગણતો નથી, તેથી મેં માણસ રખવાળી માટે બેસાડયો છે, જેથી કોઈ વૈરાગીનો મેળાપ ન થાય. થોડા દિવસમાં સમજશે તો લાવીશ, પણ હમણાં તો અજ્ઞાની છે. ત્યારે રાજાએ કહ્યું કે કાલે સમજાવીને મારી પાસે લાવો, નહિ તો હું એને બોલાવીને બંદીખાને નાખીશ, પછી શી રીતે નાશી જશે? વળી મેં એમ પણ સાંભળ્યું છે કે તે મને સલામ નહિ કરે. હવે હું જોઉં છું કે તે સલામ કેવો નથી કરતો. એટલે રામદાસના પિતાએ બીકને લીધે ઘેર આવીને રામદાસને કહ્યું કે હજું કશું બગડયું નથી; રાજાની પાસે જઈને મળી આવ, નહિ તો રાજા બંદીખાને નાખશે. ત્યારે રામદાસે કહ્યું કે તમે મને ડરાવો છો? નસીબમાં બંદીખાનું અગર જે દુઃખ લખ્યું હશે તે કોઇથી ટળવાનું નથી. હું રાજા પાસે મારી જાતે ચાલીને તો નહિ જ જાઉં. પિતા સમજાવીને થાકયો, પણ રામદાસે માન્યું નહિ. હવે બીજો દિવસ થયો ત્યારે રાજાએ રામદાસના પિતાને કહ્યું તું છોકરાને લાવ્યો નહિ, માટે આ તારો

ગુનો છે. તું બરાબર ધ્યાન રાખજે: હું તારી બરાબર ખબર લઈશ. એટલે રામ-
દાસના પિતાએ ડરીને રાજાને કહ્યું કે મારા પર રીસ ન કરશો, પુત્ર મારે ઘેર છે
તેને બોલાવીને તેની સાથે સમજી લો. મેં બહુ સમજાવ્યું પણ તેણે મારું માન્યું
નહિ; એટલે રાજાએ દશ માણસો બોલાવી કહ્યું કે રામદાસને લઈ આવો. આ
દશ માણસોએ રામદાસ પાસે આવીને કહ્યું કે તમને રાજાએ બોલાવ્યા છે. ત્યારે
રામદાસે કહ્યું, કે મારે રાજાનું શું કામ છે? હું નહિ આવું, એટલે રાજાના
માણસો રામદાસને પકડી તેમના હાથ બાંધીને રાજાની પાસે લઇ ગયા. જઇને
બધી વાત કરી કે તે આવી રીતે બોલ્યો કે મારે રાજાનું શું કામ છે? એટલે
અમે તેને બાંધીને લાવ્યા છીએ. હવે રાજાએ રામદાસને કહ્યું કે તું મને સલામ
નહિ ભરે, તો હું તને મારીશ અને બંદીખાને નાખીશ. ત્યારે રામદાસે કહ્યું
કે તું તને પોતાને તો બચાવ; મને શું મારશે? એટલે રાજાએ મનુષ્યોને
કહ્યું કે આને બંદીખાને નાખો. જરા મારજો તથા બીક દેખાડજો, ખાવાનું
આપશો નહિ. જે પ્રકારે સીધો થઈ મને સલામ કરે એમ કરજો. રામ-
દાસને આમ બંદીખાને નાખીને બહુ દુઃખ દીધું. રામદાસ કશું બોલે નહિ.
આ વાત રાજાની રાણીએ સાંભળી અને રાજાને કહ્યું: તમે આ શું કામ
કર્યું? દશબાર વરસના છોકરે તમને સલામ ન ભરી તેમાં શું થઈ ગયું?
તેને આટલું બધું દુઃખ દીધું? તે ઠીક નથી. શી ખબર કે આનું ફળ
કંઈક ખરાબ આવવાનું છે? માટે હમણાં જ જઈને એ બાળકને છોડી
મૂકો. આવી રીતે રાણીએ સમજાવ્યો, પણ રાજાએ માન્યું નહિ. હવે ત્રીજે
દિવસે અધીં રાત્રે દક્ષિણ તરફથી કોઈ બીજા રાજાની ફોજ ચઢી આવી,
તેની સાથે લડાઈ થઈ તેમાં ચઢી આવનાર રાજાએ આ રાજાને માર્યો ને
ગામ લૂટ્યું. રામદાસનો પિતા પણ નાસી છૂટયો. બધા કેદીઓને છોડી
મૂકવામાં આવ્યા. આથી રામદાસ બુંદેલખંડથી ચાલ્યા તે મથુરા આવ્યા.
પછી આખું વ્રજ જોઈને બહુ જ પ્રસન્ન થયા. હવે વિચાર્યું કે કદાપિ
મારો પિતા અહીં આવી જશે તો મારો દમ નીકળી જશે; તેથી ગોવર્ધનની
કંદરા અપ્સરા કુંડ પર છે તેની અંદર આખો દિવસ બેસી રહેતા અને
પ્રભુનું નામ લીધા કરતા; રાત પડતાં વ્રજવાસીઓને ઘેરથી માગતા ને, જે
મળે તેમાં નિર્વાહ કરતા.

વાર્તાપ્રસંગ ૧ લો.

હવે જ્યારે શ્રીઆચાર્યજીએ પ્રથમ શ્રીનાથજીનું પ્રાકટ્ય કર્યું અને કાચું નાનું સરખું મંદિર કરી તેના પર છાણમાટીથી લીંપીગૂંપી શ્રીનાથજીને પાટે બેસાડ્યા, ત્યારે રામદાસને શ્રીઠાકોરજીએ જણાવ્યું કે શ્રીઆચાર્યજીનો સેવક તું થા અને મારી સેવા કર.

ભાવપ્રકાશ—કારણ કે લીલામાં તેં મારી પાસે માગ્યું હતું કે લલિતાજીની સેવા મને મળે; ત્યારે મેં કહ્યું હતું કે કોઈ કાળમાં—સમયે તે સિદ્ધ થશે, તે સમય અત્યારે આવ્યો છે. તેથી તારી એ સેવાનો સમય હવે આવ્યો છે.

હવે રામદાસે આવી શ્રીઆચાર્યજીને દંડવત્પ્રણામ કર્યા, એટલે શ્રીઆચાર્યજીએ રામદાસને પાસે બોલાવી નામનિવેદન કરાવીને કહ્યું કે તમે શ્રીનાથજીની સેવા કરો. વ્રજવાસીઓને ઘેરથી જે કંઇ દૂધ દહીં તથા અન્ન સામગ્રી આવે તે શ્રીગોવર્ધનનાથજીને ભોગ ધરી તમે નિર્વાહ કરજો. પછી શ્રીઆચાર્યજીએ સદુપાંડે કુંભનદાસ આદિ વ્રજવાસીઓને કહ્યું કે તમે શ્રીનાથજીને સારી રીતે રાખજો. પછી દૂધ દહીં માખણ અન્ન સીધું સામગ્રી વગેરેની વસ્તુઓ બધા વ્રજવાસી આપી જતા. રામદાસ ભોગ ધરી તેનાથી નિર્વાહ કરતા. પછી પૂરણમલને શ્રીનાથજીએ મંદિર સારું કરાવવાની જ્યારે આજ્ઞા કરી ત્યારે પૂરણમલ આવ્યા અને મંદિર નવું કરાવવા લાગ્યા, પણ દ્રવ્ય ખર્ચાઇ ગયું તેથી ફરી કમાઇને મંદિર સમરાવ્યું. ત્યારબાદ રામદાસનો દેહ છૂટ્યો અને લીલામાં પ્રાપ્ત થયા.

ભાવપ્રકાશ—કારણ કે તેમનો મનોરથ એકાંત સેવાનો હતો, તેથી એકલા સેવા કરી લીલામાં ગયા.

વાર્તાપ્રસંગ ૨ જો.

હવે શ્રીનાથજીનું મન વૈભવ વધારવા તરફ ગયું; તેથી નવા મંદિરમાં બિરાજ્યા; એટલે શ્રીઆચાર્યજીએ સદુપાંડેને કહ્યું કે પાંચ-દશ વ્રજવાસી સેવા કરવાને લાયક હોય તે સેવા કરે. ત્યારે સદુપાંડેએ કહ્યું કે મહારાજ, વ્રજવાસીઓથી સેવા બનશે નહિ, કારણ કે ઘરનું

તેમને કામ છે. એટલે શ્રીઆચાર્યજીએ રાધાકુંડ પરથી બંગાળીઓને બોલાવી રુદ્રકુંડ પર એમને રહેવા માટે એક કુટીર બનાવરાવી અને શ્રીનાથજીની સેવા તેમને સોંપી. પછી શ્રીકૃષ્ણદાસ અધિકારીએ બંગાળીઓને કાઢી રામદાસ સાચોરા બ્રાહ્મણને મુખિયા ભિતરિયા કર્યા. આ બધું કૃષ્ણદાસની વાર્તામાં કહ્યું છે. વ્રજવાસીઓ સઘળા પ્રથમ "દેવદમન" કહેતા. પછી જ્યારે ગાયો રાખી ત્યારે "ગોપાળ" નામ ધર્યું. અને પછી શ્રીઆચાર્યજીએ "શ્રીગોવર્ધનનાથ" નામ રાખ્યું. આવી રીતે રામદાસે ભાવપૂર્વક સેવા કરી છે. વળી માનસી સેવામાં પણ મગ્ન રહેતા. આ રામદાસ એવા ટેકી કૃપાપાત્ર વૈષ્ણવ છે. એમની વાર્તા ક્યાંસુધી કહીએ? ॥ વાર્તા ૪૮ ॥

વાર્તા ૪૯ મી.

હવે શ્રીઆચાર્યજીના સેવક રામાનંદ પંડિત સારસ્વત બ્રાહ્મણ થાણેશ્વરમાં રહેતા, તેમની વાર્તાનો ભાવ.

ભાવપ્રકાશ—આ નિકુંજમાં તમચર (રાત્રિનું પક્ષી) છે. એકવાર પાછલી છ ઘડી રાત રહી ત્યારે આ તમચર બોલી ઊઠ્યો, તેથી શ્રીઠાકોરજીએ જાણ્યું કે સવાર થયું, તેથી આપશ્રી ઊઠ્યા, ત્યારે લલિતા વગેરે સખીઓએ કહ્યું કે હજુ તો રાત્રિ બહુ જ છે. ત્યારે શ્રીસ્વામિનીજીએ ક્રોધ કરીને કહ્યું કે આવા પક્ષીનું અહીં શું કામ છે કે જેણે વગર સમયે અવાજ કરી મનમાં ખેદ કરાવ્યો? માટે આનો સંસારમાં જન્મ થાઓ. તેથી આ તમચર સંસારમાં અનેક જન્મ પામ્યો. તે આ વખતે થાણેશ્વરમાં એક સારસ્વત બ્રાહ્મણને ઘેર જન્મ્યો. થાણેશ્વરમાં જ તેનો વિવાહ થયો. તે ત્રીસ વર્ષના થયા, ત્યારે માતાપિતાએ દેહ છોડ્યો. આ સ્ત્રીપુરુષ બે જણ રહેતાં હતાં. શ્રીભાગવતાદિક પુરાણ વાંચતા અને કથા કહેતા, તેથી એમને બધા 'પંડિત' કહેતા. લોકોની સાથે ચર્ચા કરતા. હવે એકવાર શ્રીઆચાર્યજી થાણેશ્વર પધાર્યા, ત્યારે રામાનંદ ચર્ચા કરવા આવ્યા, પણ શ્રીઆચાર્યજી પાસે વાચા બંધ થઇ ગઈ. બોલવા જાય કંઇક અને બોલાઇ જાય કાંઈ બીજું. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે તમે વાદ કરવા આવ્યા છો અને આમ કેમ બોલો છો? આ સાંભળી રામાનંદને શરમ આવી, તેથી ઘેર જઇ સરસ્વતીનાં પૂજન અને જપ કરવા બેઠા, અને

કહ્યું કે સરસ્વતી પ્રસન્ન થાય ત્યારે જ જળપાન કરું. રાત્રિદિવસ એમ બેસતાં ત્રણ દિવસ થયા ત્યારે સરસ્વતીએ પ્રસન્ન થઇને કહ્યું, હું તારા પર પ્રસન્ન થઈ છું; મન ફાવે તે માગ. આ વખતે રામાનંદ પંડિતે માગ્યું કે મને કોઇ પણ પંડિત જીતે નહિ; હું સર્વને જીતું એટલું જ માગું છું. ત્યારે સરસ્વતીએ કહ્યું કે જા એવું જ થશે. એટલે અહંકાર કરી ફરી શ્રીઆચાર્યજી પાસે વાદ કરવા માટે આવ્યો. ફરી પણ એવી જ રીતે વાચા બંધ થઇ ગઈ. બોલવા જાય કંઇક અને બોલાઇ જાય કાંઇ બીજું. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે હવે તો તું સરસ્વતીને પ્રસન્ન કરીને વાદ કરવા આવ્યો છે, તો ફરી પણ આમ કેમ બોલે છે? આથી રામાનંદને બહુ જ લાજ આવી. ઘરમાં જઇને ફરી પ્રથમ પ્રમાણે સરસ્વતીનું આરાધાન કર્યું, એટલે ફરીથી સરસ્વતીએ પ્રસન્ન થઇને રામાનંદને કહ્યું કે હવે શું માગે છે? વિદ્યા તો તને આપી છે. ત્યારે રામાનંદે કહ્યું કે મને શી વિદ્યા આપી છે? હું શ્રીઆચાર્યજી પાસે વાદ કરવા ગયો તો ત્યાં તો મારાથી કશો જવાબ દેવાતો નથી. ત્યારે સરસ્વતીએ કહ્યું કે તને તો મેં પંડિતો જીતવાનું વરદાન આપ્યું છે, કંઈ ભગવાનને જીતવાનું વરદાન નથી આપ્યું. શ્રીઆચાર્યજી તો સાક્ષાત્ ભગવાન શ્રીકૃષ્ણચંદ્ર છે, તેમની સાથે તું વાદ કરવા ગયો તો શી રીતે જીતે? માટે તારું ભલું ઇચ્છતો હોય તો શ્રીઆચાર્યજીને શરણે જા, ને સંસારથી છૂટીને કૃતાર્થ થા. તું એમને કદી પણ જીતીશ નહિ. એટલે રામાનંદ પંડિતે શ્રીઆચાર્યજી પાસે જઈ, દંડવત્ પ્રણામ કરી, વિનંતિ કરી કે મહારાજ, મેં આપનું સ્વરૂપ જાણ્યું નહિ. આપ સાક્ષાત ઈશ્વર છો. અને કહ્યું કે હું તો જીવ છું. મારા પર કૃપા કરી મને શરણે લો મારો અપરાધ ક્ષમા કરો કે હું જીવબુદ્ધિએ આપની સાથે વાદ કરવા માટે આવ્યો. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે તમે પંડિત છો. અમારા સેવક થઈને શું કરશો? ત્યારે રામાનંદે કહ્યું કે મહારાજ, હવે મને ભૂલમાં નાખશો નહિ; હું આપને શરણે આવ્યો છું માટે મારો અંગીકાર કરો. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે જાઓ, નાહી આવો. એટલે રામાનંદ પંડિત સરસ્વતીમાં નાહીને આવ્યા, એટલે શ્રીઆચાર્યજીએ નામનિવેદન કરાવ્યું. ત્યારે રામાનંદે વિનંતિ કરી કે મહારાજ, મારે ઘેર પધારો અને મારી સ્રીનો અંગીકાર કરો. આ સાંભળી શ્રીઆચાર્યજીએ કહ્યું કે હમણાં તો પૃથ્વી પરિક્રમા જવાની તૈયારી છે, માટે જલદીથી સ્રીને અહીં લાવો. નામ સુણાવી દઉં. પછી ફરી થાણેશ્વર

પધારીશું, ત્યારે તારે ઘેર ઊતરીશું. એટલે રામાનંદ ઘેર જઈ પોતાની સ્ત્રીને બોલાવી લાવ્યા. એટલે શ્રીઆચાર્યજીએ રામાનંદની સ્ત્રીને નામ સંભળાવ્યું, ત્યારે રામાનંદે કહ્યું કે મહારાજ, મને ભગવત્સેવા પધરાવી આપો. એટલે શ્રી-આચાર્યજીએ કહ્યું કે તારે ઘેર શ્રીભાગવતજીની પોથી છે, તેને તું ભોગ ધરજે, કારણ કે બીજી સેવા તારાથી બનવી કઠણ છે. પછી રામાનંદ પંડિત દંડવત પ્રણામ કરી સ્ત્રી સહિત પોતાને ઘેર આવ્યા, અને શ્રીઆચાર્યજી પૃથ્વીપરિક્રમા કરવા પધાર્યા.

વાર્તાપ્રસંગ ૨ જો.

હવે એક વાર શ્રીઆચાર્યજી થાણેશ્વર પધાર્યા ત્યારે રાત્રે રામાનંદને ઘેર રહ્યા.

ભાવપ્રકાશ—આમાં એવું જણાવ્યું કે પોતે રાત્રે રામાનંદને ઘેર રહ્યા પણ દિવસે પાક રસોઈ સામગ્રી બીજા વૈષ્ણવને ઘેર કરી.

હવે પાછલી રાતના રામાનંદે ઊઠીને સ્ત્રીને કહ્યું કે જલદીથી ગોબર એકઠું કરી લે, નહિ તો વૈષ્ણવો ઊઠીને લઇ જશે. રામાનંદના આ બોલ શ્રીઆચાર્યજીએ સાંભળ્યા, તેથી આપે ઊઠીને મનમાં બહુ જ ક્રોધ કર્યો કે આવી રીતે ગોબરને માટે કહે છે કે વૈષ્ણવો ઉઠાવી લઈ જશે તો વૈષ્ણવોનું સમાધાન શું કરશે? વૈષ્ણવો તો મને પ્રાણથી પણ વહાલા છે. તેમને માટે આણે આવી વાત કહી, એટલે શ્રીઆચાર્યજી-એ ક્રોધ કરી, વેદમંત્ર ભણીને રામાનંદના ઉપર જલ છાંટયું, અને કહ્યું કે મેં તારો ત્યાગ કર્યો. આમ કહી તે જ સમયે સાથેના વૈષ્ણવોને સાથે લઈ ત્યાંથી ઊઠીને ચાલ્યા, અને થાણેશ્વરથી ત્રણ ગાઉ પર એક અમીતીર્થ ગામ છે ત્યાં જઈને સ્નાન સંધ્યા કર્યાં, અને જે વખતે રામાનંદને ઘેરથી શ્રીઆચાર્યજી ઊઠીને ચાલવા લાગ્યા તે વખતે થાણેશ્વરના વૈષ્ણવોએ બહુ વિનંતિ કરી કે મહારાજ, અમારે ઘેર પધારો; ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે અત્યારે તો આ વેળા આ ગામમાં તો જળપાન પણ નહિ કરું. આમ કહીને પધાર્યા, રહ્યા નહિ.

ભાવપ્રકાશ—આમ કરવાનું કારણ એ છે કે જો શ્રીઆચાર્યજીનો અપરાધ કર્યો હોત તો આપ થોડો દંડ દઈ ક્ષમા કરત. પણ વૈષ્ણવોનો

અપરાધ જલદી છૂટે નહિ, તેથી આ ગામમાં રહ્યા નહિ. વળી જ્યારે શ્રી-ગોકુલમાં બ્રહ્મસંબંધની આજ્ઞા શ્રીઠાકોરજીએ શ્રીઆચાર્યજીને કરી ત્યારે શ્રી-ઠાકોરજીએ કહ્યું હતું કે જેને તમે બ્રહ્મસંબંધ કરાવશો, તેને હું છોડીશ નહિ. તેથી (આ વચનોની) પરીક્ષા કરવાને માટે શ્રીઆચાર્યજીએ અપરાધનું બહાનું મળતાં ત્યાગ કર્યો, કે આ ઠીક છે (આથી બરોબર પરીક્ષા થશે). અને શ્રી-આચાર્યજીએ ક્રોધ એટલા માટે કર્યો કે રામાનંદે સ્ત્રીને એમ કહ્યું કે જલદી ગોબર એકઠું કરી લે, નહિ તો વૈષ્ણવો લઇ જશે. વૈષ્ણવ (સમસ્ત)નું નામ દઇને એમ કહ્યું, માટે ક્રોધ કર્યો; જો કોઈ અમુક વૈષ્ણવનું નામ દઇને કહેત તો એક બે વૈષ્ણવનો અપરાધ પડત. પણ આણે તો 'વૈષ્ણવ' કહ્યું, તેથી વૈષ્ણવોમાં મુખ્ય વ્રજભક્તો આદિ બધા વૈષ્ણવોના પર વાત થઈ ગણાય. તેથી શ્રીઆચાર્યજીને બહુ જ ક્રોધ થયો, કારણ કે આપે નવરત્નમાં કહ્યું છે કે **"निवेदनं तु स्मर्तव्यं सर्वथा तादृशैर्जनैः"** આ નિવેદનનું સ્મરણ તાદશી વૈષ્ણવ સાથે મળીને કરે, તો જ નિવેદનનાં ફળ તથા ભાવ જાણે. આ તો વૈષ્ણવને માટે ગોબર જેવી વસ્તુ માટે આમ બોલે છે? વળી ધોળમાં એવું કહ્યું છે કે "તન, મન, ધન સમર્પણ કરીને વૈષ્ણવને અનુસરિયેજી." વળી આ કીર્તનઃ—રાગ કેદારો.

हौं वारी इन वल्लभीयन पर ॥
मेरे तनको करूं बिछोना शीश धरों इनके चरणन तर ॥१॥
भाव भरी देखौं मेरी अखियन मंडल मध्य बिराजत गिरिधर ॥
ए तो मेरे प्राणजीवनधन दान दिये हे श्रीवल्लभवर ॥२॥
मायावादखंडखंडनको प्रगट भये श्रीविठ्ठल द्विजवर ॥
'रसिक' कहे आश इनकी कर वल्लभीयन की चरणरज अनुसर ॥३॥

આવો ભાવ વૈષ્ણવમાં હોય, જ્યારે અહીં તો કહે છે કે વૈષ્ણવો ગોબર ઉઠાવી લઈ જશે, તો વૈષ્ણવોને ગોબરના ચોર ઠરાવ્યા, તેથી શ્રીઆચાર્યજીએ ક્રોધવંત થઈ બધા વૈષ્ણવોને શિક્ષા (શિખામણ) આપી કે સંભારીને બોલવું. વૈષ્ણવ પર પ્રીતિ રાખવી એ જણાવ્યું.

વાર્તાપ્રસંગ ૨ જો.

પછી શ્રીઆચાર્યજી પૃથ્વીપરિક્રમામાં પધાર્યા. અહીં શ્રીઆ-ચાર્યજીના તિરસ્કારથી રામાનંદ વિકલ થઈ ગયા. જ્યાં ત્યાં બજાર-

માં ખાનપાન કરવા લાગ્યા. મર્યાદા બધી છૂટી ગઇ. પરંતુ એટલી મર્યાદા રહી કે કશું ખાનપાન કરે ત્યારે પ્રથમ એમ કહે, કે હે શ્રીગોવર્ધનનાથજી, આરોગજો, આવી રીતે સમર્પણ કરીને ખાતા. હવે એકવાર રામાનંદ બજારમાં ચાલ્યા જતા હતા, ત્યાં એક હલવાઇ બજારમાં જલેબી કરતો હતો તે તાજી જોઈ રામાનંદ ખરીદી લાવીને ત્યાં બજારમાં કહ્યું કે શ્રીગોવર્ધનનાથજી, આરોગજો. આવી રીતે સમર્પણ કરી જલેબી ખાધી. હવે જે વખતે રામાનંદે શ્રીનાથજીને જલેબી આરોગાવી તે જ વખતે શ્રીઆચાર્યજી શ્રીનાથજીદ્વારમાં હતા. શ્રીનાથજીને રાજભોગ આવ્યો હતો. સમય થતાં ત્યારે શ્રીઆચાર્યજી ભોગ સરાવવા મંદિરમાં પધાર્યા અને આચમન મુખવસ્ત્ર કર્યું ત્યારે શ્રીનાથજીના મુખારવિંદમાં જલેબીનો ટુકડો દેખીને શ્રીઆચાર્યજીએ શ્રીનાથજીને કહ્યું કે આજે કશો ઉત્સવ તો છે નહિ, જલેબી કેવી રીતે આરોગ્યા છો? ત્યારે શ્રીનાથજીએ કહ્યું કે તમારા સેવકે મને જલેબી આરોગાવી છે, તે હું આરોગ્યો છું. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું: કયા વૈષ્ણવે જલેબી આરોગાવી છે? ત્યારે શ્રીનાથજીએ કહ્યું કે થાણેશ્વર ગામના રામાનંદ પંડિતે આરોગાવી છે, તે હું આરોગ્યો છું. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે મેં તો એનો ત્યાગ કર્યો છે; તમે તેનું સમર્પેલું શી રીતે આરોગ્યા? ત્યારે શ્રીનાથજીએ કહ્યું કે મેં તમને વચન આપ્યું છે કે જેને તમે બ્રહ્મસંબંધ કરાવશો તેને હું કદી પણ છોડીશ નહિ; માટે તમે તો ત્યાગ કરો, પણ તમે મને પહેલાં સોંપ્યો છે તેને શી રીતે છોડું? ત્યારે શ્રીઆચાર્યજી ચૂપ થઇ રહ્યા. પછી અનોસર કરી શ્રીઆચાર્યજી મંદિરમાંથી બહાર પધાર્યા અને દામોદરદાસ હરસાનીને કહ્યું કે રામાનંદ પંડિતના હાથની જલેબી શ્રીનાથજી આરોગ્યા. અને કહે છે કે હું તેને શી રીતે છોડું? ત્યારે દામોદરદાસે કહ્યું કે મહારાજ, આપે એનો ત્યાગ કર્યો છે, અને શ્રીનાથજીએ એનો પક્ષ કર્યો છે, તો (આપ) તે જીવનો અંગીકાર ક્યારે કરશો? ત્યાર શ્રીઆચાર્યજીએ કહ્યું કે હવે વૈષ્ણવનો અપરાધ નહિ કરે તો તેનો લાખ જન્મે અંગીકાર કરીશું. શ્રીનાથજી જલેબી આરોગ્યા તેથી શું થઇ ગયું?

પછી એક વૈષ્ણવ શ્રીનાથજીનાં દર્શન કરીને થાણેશ્વર ગયો, ત્યારે રામાનંદે આ વૈષ્ણવને પૂછયું કે કોઇવાર શ્રીઆચાર્યજીના આગળ મારી વાત નીકળી હતી? ત્યારે આ વૈષ્ણવે કહ્યું કે તારા હાથની જલેબી શ્રીનાથજી આરોગ્યા હતા અને દામોદરદાસ હરસાનીએ શ્રી-આચાર્યજીને પૂછયું હતું કે આપ રામાનંદનો અંગીકાર ક્યારે કરશો? ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું હતું કે આજ પછી જો તે વૈષ્ણવનો અપરાધ નહિ કરે, તો એક લાખ જન્મ પછી અંગીકાર કરીશ; આટલી વાત નીકળી હતી. ત્યારે રામાનંદે પ્રસન્ન થઇને કહ્યું કે ઠીક ભલા, લાખ જન્મે પણ મારો અંગીકાર કરવાનું તો કહ્યું ને? ત્યારપછી રામાનંદની બુદ્ધિ સારી થઈ; વૈષ્ણવના અપરાધથી ડરવા લાગ્યા. પંડિતાઇનો અહંકાર હતો તેથી અપરાધ પડયો, ને તેથી દીનતા આવી. પછી કૃપા કરી સ્વપ્ન દ્વારા લાખ જન્મ ભોગવાવી શ્રીઆચાર્યજીએ અંગીકાર કર્યો. આ રામાનંદ શ્રીઆચાર્યજીના એવા કૃપાપાત્ર ભગવદીય છે, એમની વાત ક્યાંસુધી કહીએ? ॥વાર્તા ૪૯॥

ભાવપ્રકાશ—અંગીકાર કર્યો તે શા માટે? શ્રીઆચાર્યજી વૈષ્ણવને શિક્ષા (શિખામણ)ને માટે દંડ દે છે, પણ પોતા તરફનો (ખરેખર) ત્યાગ નથી. જેમ માતાપિતા પુત્રને દંડ શિક્ષા માટે જ આપે છે (તેમ જ આ સમજવાનું છે). પુત્રનું બૂરું કરશે નહિ, તેવું આ જાણવું. જો શ્રીઆચાર્યજીએ અંતઃકરણ-પૂર્વક ત્યાગ કર્યો હોય તો શ્રીનાથજી તેના હાથની સામગ્રી કદી પણ ન આરોગે, કારણ કે શ્રીઆચાર્યજીના સેવક હોવાથી જેવી ઇચ્છા શ્રીઆચાર્યજીની હોય તેવું જ શ્રીનાથજી કરે. જો શ્રીઆચાર્યજી જરાપણ અપ્રસન્ન હોય તો શ્રીનાથજી તેનો અંગીકાર કદી પણ ન કરે, તો શ્રીઆચાર્યજી જેનો ત્યાગ કરે તેના હાથની સામગ્રી તો શ્રીગોવર્ધનધર કેમ જ આરોગે? તેથી શ્રીમહાપ્રભુજીએ અંતઃકરણથી ત્યાગ કર્યો નહોતો, પણ શ્રીઆચાર્યજીએ વેદમંત્ર ભણીને જળ છાંટીને ત્યાગ લોકોને દેખાડવા પૂરતો—લોકો જાણે કે ત્યાગ કર્યો છે એટલા માટે જ કર્યો હતો કે આ ત્યાગ મર્યાદા રીતે છે. પરન્તુ લીલાસૃષ્ટિનો જીવ તો સમજે છે કે જે દૈવી છે તે તો શ્રીમહાપ્રભુજીના અંગરૂપ છે જેમ

અંગનો ત્યાગ થાય નહિ તેમ હવી જીવનો પણ ત્યાગ થાય નહિ, તેથી શ્રીનાથજી આરોગ્યા. તેથી શ્રીઆચાર્યજી અંતઃકરણ પ્રબોધ ગ્રંથમાં કહે છે કે:—

चाण्डाली चेद्राजपत्नी जाता राज्ञा च मानिता ॥
कदाचिदपमानेऽपि मूलतः का क्षतिर्भवेत् ॥ १ ॥

ચંડાળી રાજપત્ની માનવતી જ્યારે થઇ ત્યારે કદાપિ અપમાન પણ થાય છતાં રાણીપણું ન જાય. માનાપમાન તો થયા જ કરે. વળી નવરત્ન ગ્રંથમાં કહે છે કે:—

अज्ञानादथवा ज्ञानात्कृतमात्मनिवेदनम् ॥
यैः कृष्णसात्कृतप्राणैस्तेषां का परिवेदना ॥

જ્ઞાન અથવા અજ્ઞાનથી જેનો પ્રભુએ અંગીકાર કર્યો તે શ્રીકૃષ્ણનો પ્રાણપ્રિય થયો તેને પરિદેવના એટલે દુઃખ અગર ચિંતા શાની? તેથી રામાનંદ દ્વારા આટલો સિદ્ધાંત પ્રકટ કરવા માટે આપે મર્યાદા રીતે ત્યાગ કર્યો. જેવી રીતે રાસપંચાધ્યાયીમાં ભક્તોનું માન દેખી, અંતર્ધાન થયા તે શું છોડી દીધા હતા? ભક્તોને પ્રભુ તો કદી છોડે જ નહિ. બહારથી ભક્તોના હૃદયમાં જઇને બેસે.[1] તે જ પ્રમાણે બધાના દેખતાં બહારથી ત્યાગ કર્યો, તેમાં વૈષ્ણવ તદ્રૂપનો અપરાધ એવો ભારે બતાવ્યો. વળી વૈષ્ણવે બોલવું પણ સંભાળીને (તે બતાવ્યું), કારણ કે આશ્રય અન્યાશ્રય બધું વાણીમાં છે. પેલી બાઈએ સંસારી લોકોથી પ્રસન્ન થઈ એવું કહ્યું કે 'તમે મને જિવાડી' આટલામાં તો શ્રીઠાકોરજી રૂઠીને પધારી ગયા. વળી રજો ક્ષત્રાણી પાસે શ્રીઆચાર્યજીએ ઘી માગ્યું, પણ તે ન આપ્યું, છતાં રાત્રે વિનંતિ કરી સામગ્રી આરોગાવી તેથી અહંકારનું એક જ વચન સઘળા ધર્મનો નાશ કરે છે અને પ્રસન્નતાનું એક વચન પ્રભુને તત્કાળ પ્રસન્ન કરી દે છે. માટે વૈષ્ણવે સંભાળીને બોલવું, એમ બતાવ્યું. વળી જે જીવો મહાત્મિક છે તેમને દૃઢતા જણાવી.[2] પુષ્ટિમાર્ગમાં અંગીકાર કર્યો છે, બસ એટલાની ખાતર તો (અંગીકૃતિના બહાનાથી) શ્રીઠાકોરજી તેને છોડતા નથી. જલેબી આરોગ્યા, 'સમર્પણ કર્યું તેનો ત્યાગ નહિ' એવાં શ્રીઠાકોરજીનાં વચન દૃઢ કર્યાં. જ્યારે (શ્રીઠાકોરજીએ) બ્રહ્મસંબંધની આજ્ઞા શ્રીમહાપ્રભુજીને કરી તે વખતે કહ્યું હતું કે જેને તમે બ્રહ્મસંબંધ કરાવશો તેને હું છોડીશ નહિ. તે જ

વચનામૃતો અહીં સાચાં કરી દેખાડ્યાં એવું અહીં કહ્યું છે. વળી વૈષ્ણવોને શ્રીગોવર્ધનધરે એમ પણ જણાવ્યું કે વિકલ દશામાં રામાનંદે બજારની જલેબી મને ધરી તે હું શ્રીઆચાર્યજીની કાનીથી સેવક જાણીને આરોગ્યો. તો સુંદર રીતે સામગ્રી કરે અને ધરે, તેની (તે સામગ્રી) તો હું બહુ જ પ્રેમથી આરોગું છું. વળી અહીં એ પણ બતાવ્યું કે રામાનંદ પંડિત જો કે ભ્રષ્ટ ને વિકલ થયા પણ શ્રીનાથજીને સમર્પીને ખાનપાન કરતા હતા, એટલી મર્યાદા છોડી ન હતી. વળી બીજા જે વૈષ્ણવો અસમર્પિત ખાય છે તે તો રામાનંદથી પણ ગયા (હલકા) ગણાય. ત્યાગ કરી શ્રીઆચાર્યજી ત્યાં ઊભા જ ન રહ્યા તેનું કારણ એ છે કે આ ત્યાગ અંતઃકરણથી નથી, તેથી જો આપ અહીં રહ્યા હોત તો વિનંતિ કરી ફરી પ્રસન્ન કરત; તો આટલો સિદ્ધાંત પ્રકટ શી રીતે થાત? વળી શ્રીનાથજી દ્વારા શ્રીઆચાર્યજી (બિરાજ્યા) હોય તે જ સમયે રામાનંદ જલેબી આરોગાવે તેનું કારણ એ છે કે સઘળા વૈષ્ણવો રામાનંદનો ત્યાગ થયો છે એમ જાણતા હતા, તેમને બતાવ્યું કે ત્યાગ નથી, રામાનંદ તો શ્રીનાથજીની પાસે બેઠા છે. અહીં એ જણાવ્યું કે લૌકિક વૈદિક દૃષ્ટિએ ત્યાગ કર્યો છે, તેથી લૌકિક વૈદિક દેહ વિકલ થયો છે જેનો ત્યાગ કર્યો છે; અલૌકિક આધિદૈવિક દેહ તો શ્રીગોવર્ધનધરની પાસે જ છે, તે તો સેવા કરે છે; વગેરે ભાવો પ્રકટ કર્યા છે.[3]

---

૧. પ્રકટ દર્શન દેતા તેને બદલે હૃદયમાં બિરાજ્યા—સંયોગ રસને બદલે વિરહાનંદનો અનુભવ કરાવ્યો.

૨. જે જીવો ભગવાનના માહાત્મ્ય વડે આકર્ષાઈ શરણે આવે છે તેમનો આથી વિશ્વાસ દૃઢ થાય એવું કર્યું.

૩. આ પ્રસંગ એક મહાન પ્રસંગ છે તેમાં કેટલી બધી વસ્તુ સમાયેલી છે તે બહુ જ સૂક્ષ્મ બુદ્ધિએ સમજવાની જરૂર છે.

અહીં શ્રીપુષ્ટિમાર્ગીય આધિદૈવિક સ્વરૂપ સમજવા જેવું છે. જે વસ્તુ દૈવી છે તે દરેકનું આધિદૈવિક સ્વરૂપ છે તેનો પ્રભુ અંગીકાર કરે છે જલેબીનું ભૌતિક સ્વરૂપ બજારુ હોવા છતાં તે દૈવી હોવાથી તે જ વખતે તાજી તાજી ઊતરતાં વિકલ દશાના રામાનંદ ત્યાં જાય છે ને તે જલેબી શ્રીગોવર્ધનધરને આરોગાવી પોતે પ્રસાદી લે છે. શ્રીગોવર્ધનધર પણ તેના આધિદૈવિક સ્વરૂપને શ્રીનાથજી દ્વારમાં આરોગે છે. મતલબ કે શ્રીનાથજીનું એક સ્વરૂપ રામાનંદનું આત્મસંબંધી રામાનંદ વિકલ છતાં તેમની પાસે છે તે અને શ્રીનાથજી દ્વારના શ્રીઠાકોરજી એકાંગી છે તે અહીં બતાવ્યું. વળી ભગવદીયની આવી વિકલ અને અસ્વાસ્થ્ય દશા તે શ્રીમહાપ્રભુજીના કથન પ્રમાણેઃ— **विकलत्वं तथास्वास्थ्यं प्रकृतिः प्राकृतं नहि** ભગવદીયની વિકલ દશા–ભાન વગરની સ્થિતિ તથા અસ્વાસ્થ્યસ્થિતિ પ્રાકૃત નથી, પણ અપ્રાકૃત છે, એટલે અલૌકિક જ હોય છે; જો કે લૌકિક દૃષ્ટિએ તેનું ઠેકાણું નથી.

વાર્તા ૫૦ મા.

હવે શ્રીઆચાર્યજીના સેવક વિષ્ણુદાસ છીપા જે આગ્રાની પાસે એક ગામ છે ત્યાં રહેતા, તેમની વાર્તાનો ભાવ—

ભાવપ્રકાશ—લીલામાં એ શ્રીચંદ્રાવલિજીની સખી છે. 'કમળા' એનું નામ છે. તે આગ્રાની પાસે એક ગામમાં છીપાને ત્યાં પ્રકટ્યા. તે વીસ વરસના થયા ત્યારે વિવાહ થયો. પિતા વસ્ત્રો છાપી આપે તે વિષ્ણુદાસ આગ્રામાં જઇને વેચી આવે. એમ ચાલતું હતું એવામાં એકવાર શ્રીઆચાર્યજી આગ્રા પધાર્યા. વિષ્ણુદાસ પણ સુંદર છીંટનાં થાન લઈ આગ્રા આવ્યા, ત્યારે શ્રીઆચાર્યજીએ કૃષ્ણદાસને કહ્યું કે આ છીપા પાસે છીંટ સુંદર છે, તે તું લે, અને જે માગે તે આપ. એટલે કૃષ્ણદાસે વિષ્ણુદાસને કહ્યું કે આ બધાં છીંટનાં થાન અમને આપ, અને તેની જે કીમત હોય તે તું લે. વિષ્ણુદાસે ચારગણી કીમત કહી તે પ્રમાણે કૃષ્ણદાસે બધા રૂપિયા ગણી આપ્યા અને કહ્યું કે બીજાં પણ સારાં થાન હોય તો લઈ આવ. આ સાંભળી વિષ્ણુદાસ ચકિત થઇ ગયા કે આ તો કોઈ મોટા મહાપુરુષ અલૌકિક જીવ છે, જેથી મૂલ્ય જ ન કર્યું, બધા થાન લઈ લીધાં, અને તેના દામ આપ્યા; તેથી એમને છીંટ આપવી યોગ્ય નથી. એમનો પૈસો મારે ઘેર આવશે તો બધા ઘરને વેરાગી બનાવી દેશે. આથી વિષ્ણુદાસે કહ્યું કે આ બધા આપના રૂપિયા લો, અને મારાં છીંટનાં થાન પાછાં આપો. આ સાંભળી કૃષ્ણદાસે કહ્યું કે તું બડો મૂર્ખ દેખાય છે. તેં મૂલ્ય કહ્યું તે પ્રમાણે તને કીમત આપી. પછી હવે આ થાન કદી પાછાં મળે નહિ. તને નુકસાન થતું હોય તો વધારે રૂપિયા લે ચારગણા તો રૂપિયા લીધા છે. એટલે વિષ્ણુદાસે કહ્યું કે તમે મહાપુરુષ છો, તેથી તમારું દ્રવ્ય મારા ઘરમાં આવે તો આખું ઘર વેરાગી થઈ જાય. આથી જ મારે તમને થાન વેચવાં નથી. જો થાન પાછાં ન આપો તો આ રૂપિયા પણ રાખો અને થાન પણ રાખો; પણ તમારા રૂપિયા મને પચે નહિ. ત્યારે કૃષ્ણદાસે કહ્યું કે આ થાન શ્રીઆચાર્યજીની સન્મુખ આવ્યાં અને સરાહના કરીને કહ્યું છે કે 'લો' તેથી લીધાં છે, તેથી તું કોટી ઉપાય કરશે તોપણ તને એ થાન પાછાં નહિ મળે. વળી શ્રીઆચાર્યજી પોતાના સેવક વગર બીજાનું કશું લેતા નથી, માટે તારા મનમાં આવે તેટલા રૂપિયા લઈ જા અને બીજાં થાન તારા મનમાં આવે

તો લાવજે, ન આવે તો ન લાવીશ. ત્યારે વિષ્ણુદાસે કહ્યું કે શ્રીઆચાર્યજી ક્યાં છે? એટલે કૃષ્ણદાસે કહ્યું કે પેલા પીપરના વૃક્ષ નીચે બિરાજે છે. પછી વિષ્ણુદાસે શ્રીઆચાર્યજી પાસે આવીને દંડવત્ પ્રણામ કરીને કહ્યું કે મહારાજ, આપના સેવકોમાં આટલો બધો ધર્મ છે તો આપ તો સાક્ષાત્ ભગવાન છો. હવે મને શરણે લો. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે તમને શરણે શી રીતે લઉં? તમે છીપાઓમાં રહો છો, આચાર ક્રિયા, પુષ્ટિમાર્ગીય ધર્મ શી રીતે નીભશે? ત્યારે વિષ્ણુદાસે કહ્યું કે મહારાજ, હવે હું આપનો સેવક થયો તો પછી જ્ઞાતિ-વહેવારનો ડર શો છે? માબાપ મારું કહ્યું માનશે ને આપનાં સેવક થશે તો હું તેમના ભેગો રહીશ, નહિ તો જુદું ઘર કરીને રહીશ; માટે કૃપા કરીને મને શરણે લો. એટલે શ્રીઆચાર્યજીએ કહ્યું કે જા, શ્રીયમુનાજીમાં સ્નાન કરી આવ. વિષ્ણુદાસ શ્રીયમુનાજીમાં નાહીને અપરસમાં આવતા હતા. પણ છોવાઈ ગયા. કોઇનું એંઠું પતરાળું ઊડીને શરીરને અડી ગયું, તેથી ફરી નહાવાને ચાલ્યા, એટલે શ્રીઆચાર્યજીએ પૂછ્યું કે વિષ્ણુદાસ, ફરી સ્નાન કરવા કેમ ચાલ્યા? ત્યારે વિષ્ણુદાસે કહ્યું કે મહારાજ, પાંદડું ઊડીને શરીરને અડયુ, તેથી છોવાઈ ગયો, તેથી ફરી નહાવાને જાઉં છું. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે આજથી જ તું છઆછતમાં (સ્પર્શાસ્પર્શમાં) સમજે છે? એટલે વિષ્ણુદાસે કહ્યું હું તો શું જાણું કે કોને છોવાયું કહેવાય; પણ આ તો આપની કૃપાથી સમજાય છે. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે ઊભો રહે; અમારે પણ શ્રીયમુનાજીના તટ પર મધ્યાહ્નની સંધ્યા કરવી છે, માટે ત્યાં જ તને નામ સંભળાવીશું. ત્યારે વિષ્ણુદાસે વિનંતિ કરી કે મહારાજ, મારે માટે એ શ્રમ લેશો નહિ, હું નાહીને આવું છું. આપ આપની ઇચ્છાથી પધારો તો સુખેથી પધારો; મારે માટે પધારો તો મને અપરાધ લાગશે. ત્યારે શ્રીઆચાર્યજીએ પ્રસન્ન થઇને કહ્યું કે તમારા જેવા વૈષ્ણવોને માટે તો લીલામાંથી અમે પધાર્યા છીએ અને પરિક્રમા કરીએ છીએ, માયા-વાદનું ખંડન કરી ભક્તિમાર્ગનું સ્થાપન કર્યું છે, અનેક ગ્રંથો બધા વૈષ્ણવોને માટે કર્યા છે, માટે આવું તું શા માટે કહે છે કે શ્રમ ન કરશો? એટલે વિષ્ણુદાસે કહ્યું કે મહારાજ, મારે તો કહેવું જોઈએ; સેવકનો તો એ ધર્મ છે. ત્યારપછી શ્રીઆચાર્યજીએ શ્રીયમુનાજીને તીરે પધારી, વિષ્ણુદાસને નવરાવીને નામ સંભળાવ્યું અને બ્રહ્મસંબંધ કરાવ્યું. એટલે વિષ્ણુદાસે વિનંતિ કરી કે મહારાજ, હું તો મૂર્ખ છું, પણ આપ એવી કૃપા કરો કે શ્રીભાગવતાદિક

આપના ગ્રંથોનું કંઈક જ્ઞાન થાય; આપણા માર્ગનો સિદ્ધાંત જાણવામાં આવે. એટલે શ્રીઆચાર્યજીએ "સેવાફલ" ગ્રંથ કરી વિષ્ણુદાસને સંભળાવ્યો. તે સાંભળી, વિષ્ણુદાસે વિનંતિ કરી કે મહારાજ, સેવાફલ ગ્રંથ સાંભળવાથી સઘળાં શાસ્ત્રપુરાણનું જ્ઞાન થયું, પણ સેવાફલ ગ્રંથનો અભિપ્રાય સમજવામાં ન આવ્યો. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે સેવાફલ ગ્રંથ એવો જ કઠણ છે. સારું થયું કે તેં પૂછ્યું. પછી આપે સેવાફલની ટીકા કરીને સંભળાવી, તેથી આખા માર્ગનો સિદ્ધાંત વિષ્ણુદાસના હૃદયમાં આરૂઢ થયો, તેથી તે તેમાં મગ્ન થઈ ગયા. હવે કૃષ્ણદાસે કહ્યું કે આ તારાં છીંટનાં થાન છે, ફાવે તો લઈ જા, ફાવે તો દામ લે અને ચાહે તો ભેટ કર. એટલે વિષ્ણુદાસે વિનંતિ કરી: હું તમારા સંગથી શ્રીઆચાર્યને શરણે આવ્યો, માટે તમે ભગવદીય એવું મને ન કહેશો. કોની છીંટ ને કોણ ભેટ કરે? આ સઘળું પ્રાણ શરીર જ્યારે અને જ્યાં શ્રીઆચાર્યજી કહે ત્યાં વિનિયોગ કરાવજો. એટલે કૃષ્ણદાસ પ્રસન્ન થઈ ચૂપ થઈ ગયા. પછી શ્રીઆચાર્યજીએ વિષ્ણુદાસને કહ્યું કે હવે તમે તમારે ઘેર જાઓ. ત્યારે વિષ્ણુદાસે કહ્યું કે મહારાજ, હવે મારું ઘર તો આપના ચરણકમળની રજમાં છે, તે છોડીને હું ક્યાં જાઉં? એટલે શ્રીઆચાર્યજીએ પ્રસન્ન થઇને કહ્યું કે તે તો સાચું છે, પણ અમે તો અડેલ પધારીએ છીએ; તમે પણ તે (તમારા) ગામમાં રહેજો. પછી શ્રીગુસાંઈજી શ્રીગોકુલમાં વાસ કરે ત્યારે તમે શ્રીગોકુલ જઈ શ્રી-ગુસાંઈજીની પાસે રહેજો. હવે તમને સંસાર હરકત કરી શકશે નહિ, તેથી મનમાં આવે ત્યાં રહો. તમે શ્રીગુસાંઈજીના લીલા સંબંધી છો, તેથી તમારા બધા મનોરથ શ્રીગુસાંઈજી પૂરા કરશે. અમે તમારો અંગીકાર કરી અમારા કર્યા છે, તેથી તમે સદા ભગવત્સેવામાં મગ્ન રહેજો. એટલે વિષ્ણુદાસ દંડવત્ પ્રણામ કરી પોતાના ગામમાં આવ્યા. શ્રીઆચાર્યજીએ અડેલ પધારીને વિષ્ણુદાસની છીંટ શ્રીનવનીતપ્રિયજીને અંગીકાર કરાવી. અહીં વિષ્ણુદાસે ઘેર આવી માબાપને કહ્યું કે હું તો જુદો રહીશ. ત્યારે માબાપે કહ્યું કે જુદા રહેવાનું શું કારણ? ત્યારે વિષ્ણુદાસે કહ્યું કે મારું મન એમ જ કહે છે કે હું ન્યારો રહું. પછી સ્ત્રી આવી એટલે સ્ત્રીને કહ્યું કે તું શ્રીઠાકોરજીની સેવા કરવાનું કબૂલ કરે તો અડેલ જઇને તને સેવક કરાવું. તારા હાથનું જળ પણ હું ત્યારે જ લઈશ; નહિ તો તું મારી પાસે આવીશ નહિ. આ સાંભળી સ્ત્રી દશવીસ ગાળો દઇને ઊઠી ગઈ, અને કહ્યું કે તેં શ્રીઠાકોરજીની સેવાનું નામ દીધું માટે હું તારું મુખ પણ

નહિ જોઉં. વેરાગણ અગર ફકીરણ હોય તે શ્રીઠાકોરજીને પૂજે. મારાં માબાપ તથા ભાઇ વગેરે છે, તો શ્રીઠાકોરજીને શી રીતે પૂજું? આ સાંભળી વિષ્ણુદાસ મનમાં પ્રસન્ન થયા કે શ્રીઠાકોરજીએ બલા ટાળી; બહુ સારું થયું કે એ પોતાની મેળે જ મને છોડી ગઈ. હવે વિષ્ણુદાસ થોડાં કપડાં છાપે અને આગ્રા વેચી આવે, તેમાં દેહનિર્વાહ થાય. અને હમેશાં રાતદિવસ માનસી સેવા, શ્રીઆચાર્યજીના ગ્રંથો શ્રીસુબોધિનીજી આદિમાં મગ્ન રહેતા.

વાર્તાપ્રસંગ ૧ લો.

હવે કેટલાક દિવસ પછી શ્રીગુસાંઇજીએ શ્રીગોકુલવાસ કર્યો. વિષ્ણુદાસ છીપા પણ વૃદ્ધ થયા તેમણે શ્રીગોકુલ આવી શ્રીગુસાંઇજીને દંડવત્પ્રણામ કરી વિનંતિ કરીને બધી હકીકત કહી, કે મને આવી રીતે કૃપા કરી શ્રીઆચાર્યજીએ શરણે લીધો. પછી આપને સોંપ્યો છે, માટે આપને શરણે આવ્યો છું; કયાંક ટહેલમાં રાખો. ત્યારે શ્રીગુસાંઇજીએ વિષ્ણુદાસ પર પ્રસન્ન થઇને કહ્યું કે તમે શ્રીઆચાર્યજીના કૃપાપાત્ર સેવક છો માટે કહો ત્યાં રાખીએ. એટલે વિષ્ણુદાસે વિચાર્યું કે હવે તો હું વૃદ્ધ થયો છું, બીજી સેવા જન્મપર્યંત બની શકશે નહિ, માટે શ્રીગુસાંઇજીની દોઢી (ચોકી પહેરાના સ્થાન) પર રહું

ભાવપ્રકાશ–કારણ કે સૂરદાસજીએ ગાયું છે કે "મારગ રોકિ પર્યો હઠિ દ્વારે પતિતસિરોમનિ સૂર" હું પતિત છું, શ્રીગુસાંઇજીના દ્વાર પર મને શ્રીગુસાંઇજી જતાં આવતાં દર્શન આપી પાવન કરશે. આમ વિચારી વિષ્ણુદાસે કહ્યું કે મહારાજ, આપની દોઢી પર (દ્વારપાળ તરીકે) મને રહેવાનું મન છે.

ત્યારે શ્રીગુસાંઇજીએ કહ્યું: બહુ સારું, દોઢી પર રહો. એટલે વિષ્ણુદાસ દોઢી પર રહ્યા. શ્રીગુસાંઇજી જ્યારે ત્યાંથી પધારે ત્યારે, વિષ્ણુદાસ, પ્રસન્ન છો? એમ વિષ્ણુદાસને પૂછે; એટલે વિષ્ણુદાસ જવાબ આપે કે આપના ચરણકમલના આશ્રયથી પ્રસન્ન છું. આવી રીતે શ્રીગુસાંઇજી વિષ્ણુદાસ પર કૃપા કરતા. આવી રીતે દોઢી પર રહેતા.

વાર્તાપ્રસંગ ૨ જો.

હવે જ્યાં ત્યાંથી બ્રાહ્મણ પંડિતો શ્રીગુસાંઇજી પાસે વાદ કરવા આવતા, આથી વિષ્ણુદાસે વિચાર્યું: આ પંડિતો શ્રીગુસાંઇજી

સાથે વાદ કરવાને આવે છે, એમને હું જ પ્રતિઉત્તર દઈ વિદાય કરી દઉં તો શ્રીગુસાંઇજીને શ્રમ ન કરવો પડે. આમ વિચારી જે પંડિત આવે તેની સાથે વાદ કરીને તેને નિરુત્તર કરી દેતા. આથી પંડિતો એમ જાણે કે જેમના પોળિયામાં આટલું સામર્થ્ય છે કે જેને જવાબ અમારાથી ન અપાયો. તો શ્રીગુસાંઇજી સાથે તો અમે શી રીતે વાદ કરવાના? આમ વિચારી બધા બ્રાહ્મણ દ્વાર પરથી જ પાછા ફરી જતા. આથી શ્રીગુસાંઇજીએ એકવાર વૈષ્ણવોને પૂછયું કે આજ કાલ પંડિત બ્રાહ્મણો વાદ કરવા નથી આવતા તેનું કારણ શું? ત્યારે વૈષ્ણવોએ કહ્યું કે મહારાજ, વાદવિવાદ કરવા પંડિતો તો બહુ જ આવે છે, પરન્તુ દોઢી પરથી જ વિષ્ણુદાસ તેમની સાથે વાદ કરી નિરુત્તર કરી દે છે, તેથી તેઓ ચાલ્યા જાય છે. ત્યારે શ્રીગુસાંઇજીએ બોલાવીને વિષ્ણુદાસને કહ્યું કે તમારા પર તો શ્રીઆચાર્યજીનું કૃપાબળ એવું છે, તેથી તમારો બધા શાસ્ત્રોમાં અભિનિવેશ છે, તેથી પંડિતોને નિરુત્તર કરી દો છો, પરન્તુ અમારા દ્વારેથી બ્રાહ્મણો ખાલી હાથે જાય તે સારું નહિ, માટે પંડિતોને અમારી પાસે આવવા દેજો. એઓની સાથે ચર્ચા કરી એમને કશું આપીને વિદાય કરીશું, ત્યારે વિષ્ણુદાસે દંડવત્પ્રણામ કરીને કહ્યું કે મહારાજ, હવે આવવા દઇશ. હું તો આપના શ્રમની ખાતર જ પંડિતોને વિદાય કરી દેતો હતો, હવે આવવા દઇશ. આ વિષ્ણુદાસ પર એવી કૃપા હતી.

ભાવપ્રકાશ—શ્રીગુસાંઇજીના લાલજી—શ્રીરઘુનાથજીએ નામરત્ન ગ્રંથ કર્યો છે. તેમાં કહે છે કે "विप्रदारिद्र्यदावाग्निः" બ્રાહ્મણોની દરિદ્રતારૂપી જે કાષ્ઠ તેને દાવાગ્નિરૂપે બાળી નાખનાર, તેથી આ નામ પ્રકટ કરવાને માટે બ્રાહ્મણોનું બહુ જ સમાધાન કરી દ્રવ્યાદિક આપીને વિદાય કરતા.

વાર્તાપ્રસંગ ૩ જો.

હવે મથુરામાં એક ભટ્ટ હતો, તે શ્રીગુસાંઇજીને નિત્ય કહેતો કે તમારા બધા વૈષ્ણવોને હું એક દિવસ જમાડું. ત્યારે શ્રીગુસાંઇજી એને કહેતા કે તમે આ વાતમાં ન પડશો. તેમાંથી શું મેળવશો?

પણ તે માનતો નહિ અને રોજ કહ્યા કરતો; છતાં આપ સાંભળીને ચૂપ રહેતા. આ ભટ્ટ શ્રીગુસાંઇજીના સસરા હતા. તેમણે શ્રીગુસાંઇ-જીને નોતરું દીધું, એટલે શ્રીગુસાંઇજી તેમને ઘેર મથુરા ભોજન કરવા પધાર્યા. આ વખતે શ્રીગુસાંઇજીએ વિષ્ણુદાસને કહ્યું કે જળની ઝારી લઇને અમારી સાથે ચાલો; એટલે વિષ્ણુદાસ જળની ઝારી લઇને શ્રીગુસાંઇજી સાથે ચાલ્યા. હવે શ્રીગુસાંઇજી એ ભટ્ટને ત્યાં ભોજન કરી ઊઠ્યા, એટલે વિષ્ણુદાસે શ્રીગુસાંઇજીના હાથ ધોવરાવ્યા. શુદ્ધ આ-ચમન કરાવ્યું. હવે શ્રીગુસાંઇજીએ કહ્યું કે અમે શ્રીગોકુલ જઇએ છીએ; તું થાળનો મહાપ્રસાદ લઈ થાળ માંજીને આવજે. આમ કહી પોતે શ્રીગોકુલ પધાર્યા. વિષ્ણુદાસે પોતાના જળથી પોતનું કરી પાતળ ધરી થાળનો મહાપ્રસાદ બધો પાતળમાં લીધો, પછી થાળ માંજીને ધોઇને જુદો ધરી મહાપ્રસાદ લેવા લાગ્યા. આ વખતે બીજી સામગ્રી લઇ વિષ્ણુદાસ પાસે આવીને ભટ્ટે કહ્યું કે આ જૂઠણ કેમ ખાઓ છો? હું સુંદર સામગ્રી ધરું તે લો. ત્યારે વિષ્ણુદાસે કહ્યું કે મારે તમારું ન જોઇએ. જો મારી પાતળમાં મૂકશો તો મારી પાતળ છોવાઈ જશે. આથી તે ભટ્ટ ક્રોધ કરીને ચાલ્યા ગયા. વિષ્ણુદાસ મહાપ્રસાદ લઇ શ્રીગોકુલ આવ્યા, પોતાની પોળિયાની જગ્યાએ બેઠા. પછી આ ભટ્ટે શ્રીગોકુલ આવી શ્રીગુસાંઇજીને કહ્યું કે તમારા સેવક-શૂદ્રે એવું કહ્યું કે જો મારી પાતળમાં સામગ્રી ધરશો તો મારી પાતળ છોવાઈ જશે. એટલે શ્રીગુસાંઇજીએ કહ્યું કે તમે તો કહેતા હતા ને કે અમે બધા સેવકોને ભોજન કરાવી શું? જો એક સેવક-શૂદ્રને તમે જમાડી શક્યા નહિ તો બધા સેવકોને શી રીતે જમાડતા? એટલે આ ભટ્ટ શરમાઇને ચૂપ થઈ ગયા. આ વિષ્ણુદાસ એવા કૃપા-પાત્ર ભગવદીય છે, તેથી એમની વાર્તા ક્યાંસુધી કહીએ? ॥૯૦॥

ભાવપ્રકાશ—આ વાર્તામાં જણાવ્યું કે ભટ્ટના હાથનું લેવું નહિ, કારણ કે ભટ્ટને ત્યાં શ્રીગુસાંઇજીનું સંકલ્પ કરેલું દ્રવ્ય છે, માટે ન લેવું. તેથી જ શ્રીગુસાંઈજી આ ભટ્ટને ત્યાં વિષ્ણુદાસને લઇ ગયા, કારણ કે એ સઘળા ધર્મના જાણકાર હતા, તેથી ધર્મ ચૂકશે નહિ. જો સાધારણ વૈષ્ણવને લઇ જાય

અને તે આ ભટ્ટના હાથનું ખાય તો તેનો ધર્મ જાય. વળી આગળના (ભવિષ્યના) વૈષ્ણવોની બુદ્ધિ ઓછી થવાની છે, તેથી સઘળે ખાનપાન કરે તો વૈષ્ણવ ધર્મ શી રીતે વધે? તેથી વિષ્ણુદાસને લઈ ગયા. તેમણે કહ્યું કે મારી પાતળ છોવાઈ જશે. આમાં (આ બહાનેથી) ભટ્ટનું સ્વરૂપ જણાવ્યું, જે સામગ્રીને ભટ્ટ સ્પર્શ કરે તે છોવાઈ ગઈ જાણવી. અહીં એક મોટો સંદેહ છે કે ઉત્તમ બ્રાહ્મણ છે, શ્રીગુસાંઇજીના સગા સંબંધી છે, તેથી શ્રીગુસાંઈજી એમના હાથનું લે છે તો વૈષ્ણવને શો દોષ? આ સંદેહ થાય ત્યાં કહે છે કે આમને શાસ્ત્રમાં દેહસંબંધી કહ્યા છે, જ્યારે બીજા ભાવસંબંધી છે. દેહસંબંધી યાદવો અને કંસાદિક અને ભાવસંબંધી વ્રજભક્તો. આ યાદવોને પણ શ્રીઠાકોરજીએ ભારરૂપ જાણ્યા ત્યારે નાશ કર્યો. પણ વ્રજભક્તોનો તો ભાવસંબંધ હતો, તેથી વ્રજભક્તોના પ્રેમથી તેમને વશ થઈ ગયા. જો કે યાદવો સાથે શ્રીકૃષ્ણ રહ્યા, પણ તેમને પ્રભુના સ્વરૂપનું જ્ઞાન ન થયું અને વ્રજભક્તોને જન્મતાં સાથે જ શ્રીકૃષ્ણના સ્વરૂપનું જ્ઞાન થયું. તેથી નંદરાયજીને ઘેર આવી સઘળાં પાયે પડ્યાં. તેવી રીતે શ્રીગુસાંઈજીને ભટ્ટવર્ગ સગાસંબંધી જાણે છે, કોઇ નિંદા પણ કરે છે. કોઇ (આપની પાસેથી) દ્રવ્યાદિક લેવાની ચાહના પણ રાખે છે. તેથી વધારે તો શું કહીએ પણ તેમને આસુરાવેશી જાણવા. અને ભક્તોનો તો દાસભાવ છે. દાસનો ધર્મ એ છે કે સ્વામીનું જૂઠણ લેવું, તેથી ભટ્ટના હાથનું લે તો તેની બુદ્ધિ સર્વથાનાશ થઈ જાય. શ્રીગુસાંઈજી લે છે, પણ તે તો ઈશ્વર છે. જેમ શ્રીઠાકોરજી દાવાનળપાન કરી ગયા, તે બીજાથી ન બને, તેવી જ રીતે શ્રીગુસાંઇજી જ્ઞાતિવહેવારને લીધે લે, પણ વૈષ્ણવે ન લેવું. જેમ શ્રીયમુનાજળ ગંગાજળ કોઈ હીન જાતિ પોતાના પાત્રમાં ભરી લાવે તો વૈષ્ણવ તે ન લે, તેવી આ બાબત છે. મહાપ્રસાદ તો ઉત્તમ ગંગાજળ છે. જેમ આકાશથી નિર્મળ સ્વાતીનું જળ વરસે છે, પણ પાત્રભેદથી છીપમાં મોતી બને, વાંસમાં પડે તો વાંસલોચન થાય અને સર્પના મુખમાં પડે તો વિષ થાય, આ પ્રમાણે ભેદ પડે છે. તેથી ભટ્ટ હોય તેમનું તથા અન્યમાર્ગીયના હાથનું સર્વથા ન લેવું. અહીં કોઈ શંકા કરે કે કોઇ ભટ્ટ નામસમર્પણ કરી સેવા કરે છે તેના હાથનું કેમ ન લેવાય? ત્યાં કહે છે કે એમને ભગવદ્ધર્મનો સ્પર્શ જ થાય, કારણ કે નામસમર્પણ તો શ્રીગુસાંઈજીના બાળકોથી કરે, પણ પછી જ્ઞાતિબુદ્ધિ થઈ જાય છે, તેથી સઘળા ધર્મનો નાશ થઇ જાય છે. એમની સેવા શી

અને એમનું સમર્પણ પણ શું? ગુરુમાં જ્ઞાતિબુદ્ધિ રાખે, જૂઠણ ચરણામૃત લે નહિ, તેથી ધર્મહીન થઇ જાય, પણ કોઇ એવો હોય, જૂઠણ ચરણામૃત લે, જ્ઞાતિબુદ્ધિ ન કરે. વૈષ્ણવની રીતે ચાલે છતાં તે જો બીજા ભટ્ટના હાથનું લે તો તેવો જ થઈ જાય, તેથી ભક્તિ શ્રીગુસાંઈજીએ વૈષ્ણવોને આપી છે ત્યાં જ છે; તેથી કરીને વિષ્ણુદાસ દ્વારા સઘળા વૈષ્ણવોને શિક્ષા આપી.

વાર્તા ૫૨ મી.

હવે શ્રીઆચાર્યજીના સેવક જીવણદાસ ક્ષત્રિય સિંહનંદમાં રહેતા તેમની વાર્તા અને એનો ભાવ.

ભાવપ્રકાશ—આ જીવણદાસ લીલામાં શ્રીયમુનાજીની સખી છે. લીલામાં 'ઈશ્વરી' એનું નામ છે. તે સિંહનંદમાં એક ક્ષત્રિયને ઘેર જનમ્યા. જીવણદાસ અઢાર વીસ વરસના થયા, ત્યારે તેમના પિતા સિંહનંદથી દિલ્લી આવ્યા અને દિલ્લીમાં દલાલી કરવા લાગ્યા. હવે જીવણદાસને રાગરંગનો બહુ જ શોખ હતો, તેથી જે કંઇ કમાય તે વેશ્યાભગૈયાને આપી દઇ નાચ જુએ. પિતા કમાય તેમાંથી ખાય. જ્યારે આ વાત પિતાએ સાંભળી ત્યારે જીવણદાસ પર બહુ જ ખિજાયા અને કહ્યું કે આજ પછી તું નાચ તમાસામાં જઇશ નહિ. ત્યારે જીવણદાસે કહ્યું કે હવે નહિ જાઉં. પણ એનાથી તો રાગરંગ સાંભળ્યા વગર રહેવાય જ નહિ, તેથી પિતાથી છાનામાના જાય. હવે પિતાએ ફરી સાંભળ્યું એટલે જીવણદાસ પર બહુ જ ખિજાઇને કહ્યું કે હવે તું દિલ્લી છોડી સિંહનંદ જા, આ શહેરમાં તારું કામ નથી. હવે બે રૂપિયા પિતાએ જીવણદાસને આપ્યા, અને કહ્યું કે થોડા દિવસ સિંહનંદમાં આપણે ઘેર રહીને પાછો મારી પાસે આવજે. હવે જીવણદાસ બે રૂપિયા લઇ સિંહનંદ ચાલ્યો, પરન્તુ રસ્તામાં વિચાર કર્યો કે મારાથી રંગરાગ વગર રહેવાશે નહિ, અને તે સિંહનંદમાં તો બધા લોકો ઓળખે તેથી સાંભળવા તથા જોવા જવાશે નહિ, અને પિતાએ તો ઘેર મોકલ્યો. આવો વિચાર કરતા કરતા માર્ગમાં ઊભા રહ્યા. વિચારમાં ને વિચારમાં બે ઘડી ત્યાં ઊભા રહેતાં જતી રહી, એટલામાં એક ગવૈયાઓનો સંઘ આવ્યો, તે આગ્રા જતો હતો. આ સંઘને જોઈને જીવણદાસે પૂછયું કે તમે કોણ છો? ક્યાંથી આવો છો, અને ક્યાં જવાના છો? ત્યારે એમણે કહ્યું કે અમે ભગૈયા છીએ, પશ્ચિમથી આવ્યા છીએ, અને આગ્રા જઇએ છીએ.

એટલે જીવણદાસે વિચાર્યું કે આગ્રા મોટું શહેર કહેવાય છે, તો તે જોઉં; ઘેર જઇને શું કરીશ? આથી જીવણદાસ તે ભનૈયાઓ સાથે આગ્રા આવ્યા. આગ્રામાં કપડાંની દલાલી કરે, તેમાં ખાનપાન કરે, અને બચત કમાઈ રહે તેમાં રંગરાગ સાંભળી આવે. આવી રીતે ત્રણ વરસ રહ્યા. તેથી પિતાએ જાણ્યું કે પુત્ર કંઈક માર્ગમાં માર્યો ગયો, અથવા કોઈ બીજા દેશમાં નીકળી ગયો. રંગરાગનો ઇશ્ક (ચસકો–શોખ) ભૂરો છે તેથી તે ગયો. આમ વિચારી રડીને બેસી રહ્યો. અહીં આગ્રામાં એકવાર ઠગ લોકો સરસ કપડાં પહેરીને આવ્યા. તેમણે જીવણદાસને કહ્યું કે અમારે સારાં સારાં કપડાં લેવાં છે, તેથી જીવણદાસ બજારમાં દુકાનેથી રૂપિયા સોનો માલ લાવ્યા. હવે આ ઠગોએ વાતોમાં વળગાડી સાંજ પડી, અને જીવણદાસને કહ્યું કે સવારે તાકા રાખીશું તેના તમને દામ આપીશું, માટે તમે સવારમાં આવી જજો. હવે જીવણદાસે તો આ ઠગોનાં ઉપરનો ઠાઠમાઠ ઘરેણાં વૈભવ સઘળાં કપડાં જોઈ જાણ્યું કે આ સારા માણસો છે, તેથી જીવણદાસ રાત્રે રંગરાગ સાંભળવા ગયા. અહીં ઠગ લોકો સઘળાં કપડાં લઇને ચાલ્યા ગયા. સવાર થયે આવીને જોયું તો કોઈ મળે નહિ. લોકોને પૂછ્યું તો લોકો કહે કે એ તો ઠગ હતા. પાંચદશ રૂપિયાનું સીધું સામગ્રી પણ લઈ ગયો છે. એટલે જીવણદાસે તે કાપડિયા પાસે જઈને કહ્યું કે તમારો બધો માલ આ રીતે જતો રહ્યો છે. આથી આ કાપડિયાએ જીવણદાસને બંદીખાને નખાવ્યા. ત્રણ દિવસ થયાં અન્નજળ પણ મળે નહિ. એટલે જીવણદાસે આ કાપડિયાને કહ્યું: હવે મારા પ્રાણ તો જરૂર ચાલ્યા જશે. માટે તમે એક કામ કરો. મારા પિતા દિલ્હીમાં દલાલી કરે છે, તેમને હું લખું છું. વળી સિંહનંદમાં મારું ઘર છે, ત્યાં પણ લખીશ. તમારા રૂપિયા કોઈપણ ઉપાયે આપી દઈશ; માટે તમે મને યમુનાજીમાં સ્નાન કરાવો, કારણ કે અમારા ગામમાં શ્રીવલ્લભાચાર્યજીના સેવક છે તે બધા માંહોમાંહ વાત કરતા હતા કે શ્રીયમુનાજીમાં નહાવાથી તથા તેનું પાન કરવાથી બધાં દુઃખ જતાં રહે છે, નવીન દેહ થાય છે. વળી વૈષ્ણવો જૂઠું ન બોલે, માટે તમે મને શ્રીયમુનાજીમાં નહાવા દો, તો તમારા રૂપિયાનો કંઈક વિચાર કરું. આ સાંભળી પેલા કાપડિયાના મનમાં દયા આવી, તેથી કહ્યું કે અમે તને શ્રીયમુનાજળ લાવીને ઘરમાં નવરાવીએ, માટે ખાનપાન કરો. એટલે જીવણદાસે કહ્યું કે મોટું પુણ્ય વહેતી ધારામાં સ્નાન કરવાથી છે, તો મને જો શ્રીયમુનાજીમાં

નહાવા દો તો સારું થશે, નહિ તો હું તો જળ પણ નહિ લઉં. મારો કંઠ સુકાય છે, તેથી આજકાલમાં મારા પ્રાણ જશે, તો હત્યા તમને લાગશે. આથી આ કાપડિયાએ ચાર માણસ સાથે આપ્યાં અને કહ્યું કે એને હાથ બાંધીને શ્રીયમુનાજીમાં નવરાવી આવો. કદાચ આ ડૂબી ન મરે, માટે મજબૂત પકડી રાખજો. આથી ચાર માણસો એ હાથ બાંધીને શ્રીયમુનાજીના તીર પર લઇ ગયા, અને જીવણદાસને નવરાવ્યા. ત્યાં શ્રીઆચાર્યજી સંધ્યાવંદન કરતા હતા, દશ-વીસ વૈષ્ણવો ગાતા હતા, તે વખતે શ્રીઆચાર્યજીની દૃષ્ટિ જીવણદાસ ઉપર પડી. એટલે જીવણદાસને જોઈને આપે કહ્યું કે આ કોણ છે? આને ચાર માણસોએ હાથ બાંધીને પકડ્યો છે, તેને અહીં લાવો. આ સાંભળી બધા વૈષ્ણવોએ જઈ આ ચાર જણને સમજાવ્યા તેથી જીવણદાસને પકડીને એ માણસો શ્રીઆચાર્યજી પાસે આવ્યા. પછી શ્રીઆચાર્યજીએ કહ્યું : જીવણદાસ, રંગરાગ હવે ફરીથી દેખીશ સાંભળીશ? ત્યારે જીવણદાસે કહ્યું : કે મહારાજ, આ રંગરાગનું ફળ ભોગવું છું. પિતાનું કહ્યું ન માન્યું, તેથી આ ભોગવવું પડયું છે. આ સાંભળી શ્રીઆચાર્યજીએ કૃષ્ણદાસને કહ્યું આ જીવણદાસને સો રૂપિયા અમારે નામે લખાવીને કંઈકથી અપાવી દો અને એમને છોડાવી લાવો. આ સાંભળતાં જ ગામના દશવીસ વૈષ્ણવોએ વિનંતિ કરી કે મહારાજ, આટલા માટે કૃષ્ણદાસને આપ શા માટે મોકલો છો? અમે છોડાવી લાવીએ છીએ. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે જલદીથી આને છોડાવી લાવો. એટલે વૈષ્ણવો જીવણદાસને સાથે લઈ જઈ પેલા વેપારીને કહે કે જીવણદાસને છોડી દો. સો રૂપિયા અમારી પાસેથી લો. પછી સો રૂપિયા આપી જીવણદાસને શ્રીઆચાર્યજી પાસે આણ્યા. એટલે શ્રીઆચાર્યજીને દંડવત્ પ્રણામ કરી જીવણદાસે વિનંતિ કરી કે મહારાજ, આ લૌકિક બંદીખાનામાંથી આપે મને છોડાવ્યો, તો હવે આ સંસારરૂપી બંદીખાનામાંથી પણ છોડાવો. વળી શ્રી-યમુનાજીને ધન્ય છે તથા બધા વૈષ્ણવોને પણ ધન્ય છે. હું સિંહનંદમાં એક દિવસ મારા ઘરના કામ માટે વૈષ્ણવ પાસે ગયો હતો, તે વખતે વૈષ્ણવો માંહોમાંહે કહેતા હતા કે શ્રીયમુનાજીમાં સ્નાન કરવાથી બધાં દુઃખ જતાં રહે. નૌતન શરીર થાય, તે સત્ય જ કહ્યું હતું. હમણાં જ નાહ્યો કે તરત જ આ લૌકિક દુઃખ જતું રહ્યું, અને સંસારનું દુઃખ પણ આપની કૃપાથી જતું રહેશે. આપ મને સેવક કરશો, તેની સાથે મારું શરીર પણ નૌતન થઇ જશે,

માટે આપના વૈષ્ણવોને ધન્ય છે. એક ક્ષણ મેં સંગ કર્યો તેના ફળનો પાર નથી. એટલે શ્રીઆચાર્યજીએ કહ્યું કે શ્રીયમુનાજીમાં નાહી આવ. પછી જીવણદાસ શ્રીયમુનાજીમાં નાહી શ્રીઆચાર્યજી પાસે આવ્યા, એટલે શ્રીઆચાર્યજીએ જીવણદાસને નામ સંભળાવ્યું અને બ્રહ્મસંબંધ કરાવ્યું. પછી કહ્યું કે તું અમારી સાથે ચાલ; અમે તને સિંહનંદ પહોંચાડીશું. અહીં રહીશ તો તને કંઇક દુઃસંગ લાગશે, તો ફરી બગડીશ પછી શ્રીઆચાર્યજી વૈષ્ણવોને ઘેર પધાર્યા અને રસોઇ કરી, ભોગ ધર્યો. પછી ભોજન કરી જૂઠણની પાતળ જીવણદાસને ધરી. જીવણદાસે ચાર દિવસ મહાપ્રસાદ લીધો તેથી દેહ ઉત્તમ થઇ ગયો. હવે શ્રીઆચાર્યજી જીવણદાસને સાથે લઈ આગ્રાથી પધાર્યા અને થાણેશ્વર આવ્યા અને એક વૈષ્ણવને સિંહનંદ મોકલ્યો, અને કહ્યું કે જીવણદાસને ઘેર કહેજો કે જીવણદાસ આવ્યો છે. એટલે આ વૈષ્ણવે સિંહનંદ જઈને જીવણદાસના પિતાને કહ્યું કે તમારો પુત્ર શ્રીઆચાર્યજીની સાથે થાણેશ્વર આવ્યો છે. આ સાંભળી જીવણદાસનો પિતા પ્રસન્ન થઈને સિંહનંદથી દોડ્યો આવ્યો અને થાણેશ્વરમાં જીવણદાસને મળ્યો, અને રડીને છાતી સરસો ચાંપ્યો, અને કહ્યું કે પુત્ર, તું ક્યાં ગયો હતો? અમે તો જાણ્યું કે કંઇક મરી ગયો હોઈશ. એટલે જીવણદાસે બધી હકીકત કહી કે આવી રીતે શ્રીઆચાર્યજી કૃપા કરી મને બંદીખાનેથી છોડાવી સાથે લાવ્યા છે. પરન્તુ હવે તમે ઘેર જઈ મારી સ્ત્રી તથા મારી માતા વગેરેને અહીં લાવો. તમે બધાં શ્રીઆચાર્યજીનાં સેવક થાઓ, તો હું ઘેર આવું. નહિ તો હું ઘરમાં નહિ રહું. એટલે પિતાએ કહ્યું કે હુ બધાંને લઇ આવીશ અને તું કહીશ એમ કરીશું. પછી જીવણદાસનો પિતા સિંહનંદ જઈ બધાંને લઇને થાણેશ્વર આવ્યો અને શ્રીઆચાર્યજીને વિનંતિ કરી કે મહારાજ, જીવણદાસના પ્રાણ બચાવ્યા એ અમારા પર મોટો ઉપકાર કર્યો; હવે અમે બધાં આપને શરણે છીએ; નામ સુણાવો. એટલે શ્રીઆચાર્યજીએ નામ સુણાવ્યું. હવે જીવણદાસે શ્રીઆચાર્યજીને વિનંતિ કરી કે મહારાજ, બધાંને બ્રહ્મસંબંધ થાય તો સારું. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે એ બ્રહ્મસંબંધનાં અધિકારી નથી. એમનો નામથી જ ઉદ્ધાર છે. પછી જીવણદાસે કહ્યું કે મહારાજ, હવે મને શી આજ્ઞા છે? એટલે શ્રીઆચાર્યજીએ શ્રી-નવનીતપ્રિયજીનું પ્રસાદી વસ્ત્ર જીવણદાસને માથે સેવા માટે પધરાવી કહ્યું કે હવે તમે ઘરમાં રહી પ્રભુની સેવા કરો. હવે જીવણદાસ પિતા માતા સ્ત્રી સહિત

શ્રીઆચાર્યજીને દંડવત્ પ્રણામ કરી વિદાય થઇ સિંહનંદ આવ્યા. અહીં જીવણદાસે માતાપિતાને કહ્યું કે સો રૂપિયા પોતે આપીને મને બંદીખાનેથી છોડાવ્યો, એવા દયાળુ શ્રીઆચાર્યજી છે. એટલે માતાપિતાએ કહ્યું કે શ્રીગુરુનું ઋણ માથે ન રાખવું. બધાં ઘરેણાં કપડાં વેચ્યાં તો એકસો દશ રૂપિયા આવ્યા. એટલે પિતાએ જીવણદાસને કહ્યું કે આ બધા રૂપિયા જીવણદાસ, તું શ્રીઆચાર્યજીને આપી આવ. ગુરુનું ઋણ માથે સારું નહિ. એટલે જીવણદાસે શ્રીઆચાર્યજી પાસે આવીને એકસો ને દશ રૂપિયા લાવીને ધર્યા. આ જોઈ શ્રીઆચાર્યજીએ કહ્યું કે તમે આટલો બધો સંકોચ શા માટે કર્યો? તમે તો અમારા જ છો. અમે પ્રસન્ન છીએ તેથી તમને કશું જ બાધક નહોતું. ત્યારે જીવણદાસે કહ્યું કે મહારાજ, અમારી લાયકાત જ શું છે? આપે જે ઉપકાર કર્યો છે તે માટે મારું રૂવેરૂંવું ઋણી છે. આપ જ્યાં વેચશો ત્યાં ત્યાં અમે વેચાઇશું. અમે વિના મૂલ્યના ગુલામ છીએ. સંસારરૂપી નરક ભોગવતા હતા તેમાંથી આપે અમને છોડાવ્યા. આવી દીનતાપૂર્વકની વિનંતિ સાંભળી શ્રીઆચાર્યજીએ પ્રસન્ન થઇને કહ્યું કે જીવણદાસ, તમને સંસારનાં દુઃખ જરા પણ બાધા કરશે નહિ. વળી તમે જે મનોરથ કરશો તે પૂર્ણ થશે. હવે ઘેર જઇ પ્રભુની સેવા કરો, એટલે જીવણદાસ દંડવત્ પ્રણામ કરી ઘેર ગયા. પછી શ્રીઆચાર્યજી પૃથ્વીપરિક્રમા કરવા પધાર્યા. આ જીવણદાસ પ્રીતિથી સેવા કરતા. નિત્ય સ્નેહપૂર્વક વૈષ્ણવોનો સત્સંગ કરતા, એટલે શ્રીઠાકોરજી સાનુભાવ જણાવવા લાગ્યા.

વાર્તાપ્રસંગ ૬ ઠો.

હવે એકવાર સિંહનંદના વૈષ્ણવો બધા એકઠા થઇ અડેલ શ્રીઆચાર્યજીનાં દર્શન કરવા આવતા હતા, તેમાં જીવણદાસ પણ હતા. હવે એક દિવસ રસ્તામાં બધા વૈષ્ણવો મુકામ કરી પોતપોતાનો ચોકો કરી રસોઈ કરતા હતા, તે વખતે વરસાદ ચઢી આવ્યો. ચારે તરફથી વાદળની ઘટા આવી અને છાંટા પડવા લાગ્યા, એટલે બધા વૈષ્ણવો કહે છે કે વરસાદ આવ્યો તેથી આજે રસોઇ કરવી મુશ્કેલ છે. આ વખતે જીવણદાસે બધા વૈષ્ણવોને કહ્યું કે તમે ચિંતા ન કરશો. પછી જીવણદાસે મેઘ તરફ નજર કરીને કહ્યું કે તને

શ્રીઆચાર્યજીની આણ છે; જો, હમણાં વરસીશ નહિ. એટલે વરસાદ રહી ગયો. પછી બધા વૈષ્ણવો રસોઇ કરી શ્રીઠાકોરજીને ભોગ ધરી મહાપ્રસાદ લઇ પોતપોતાની જગ્યાએ જઇને સૂઇ ગયા; એટલે જીવણદાસે કહ્યું કે હવે આણ છૂટી, તારા મનમાં આવે તેટલો વરસી પડ, ત્યારે વરસાદ પડયો. આ સાંભળી બધા વૈષ્ણવો ચકિત થઇ ગયા, અને જાણ્યું કે જીવણદાસમાં ભગવાનનું સામર્થ્ય છે. હવે બધા વૈષ્ણવોએ અડેલમાં આવીને શ્રીઆચાર્યજીનાં દર્શન કરી દંડવત્ પ્રણામ કર્યા. શ્રીઆચાર્યજીએ બધાનું સમાધાન કર્યું. ત્યાર પછી શ્રીઆચાર્યજીને એક વૈષ્ણવે કહ્યું કે મહારાજ, રસ્તામાં એક દિવસ રસોઇ કરતા હતા અને વરસાદ વરસવા મંડ્યો, આ વખતે જીવણદાસે આપની આણ દીધી એટલે તત્કાલ વરસાદ રહી ગયો. આ સાંભળી શ્રીઆચાર્યજીએ જીવણદાસને કહ્યું કે તેં મારી આણ દીધી, પણ વરસાદ વરસત તો તું શું કરત? એટલે જીવણદાસે કહ્યું કે મહારાજ, એવો તે એ કોણ છે કે આપની આણ દીધા પછી વરસે? આપના પ્રતાપથી ઇંદ્ર સાથે પૃથ્વી પર નાખી દઉં. આ સાંભળી શ્રીઆચાર્યજી ચૂપ રહ્યા. આ જીવણદાસ એવા ટેકવાળા કૃપાપાત્ર ભગવદીય છે. એમની વાર્તા કયાંસુધી કહીએ? ॥ વાર્તા ૫૧ ॥

ભાવપ્રકાશ—અહીં એવો સંદેહ થાય કે જીવણદાસ તો કૃપાપાત્ર ભગવદીય છે; તો પોતાની આણ કેમ ન દીધી? શ્રીઆચાર્યજીની કેમ દીધી? અહીં કહે છે કે જો જીવણદાસે પોતાની આણ દીધી હોત તો પણ વરસાદ ન વરસત. પરન્તુ જીવણદાસને પોતાનું માહાત્મ્ય પ્રકટ કરવું ગમતું ન હતું, કારણ કે જો માહાત્મ્ય બહુ વધે તો કોઇ દહાડો અહંકાર આવે તેથી પોતાનો બગાડ જ થાય, તેથી શ્રીઆચાર્યજી અપ્રસન્ન થઈ જાય કે, તેં તુચ્છ કાર્યમાં શ્રીઠાકોરજીને પરિશ્રમ કરાવ્યો. આવી પુષ્ટિમાર્ગની રીતિ જીવણદાસ જાણતા હતા, તેથી શ્રીઆચાર્યજીનું માહાત્મ્ય વૈષ્ણવોને દેખાડયું.

વાર્તા ૫૨ મી.

હવે શ્રીઆચાર્યજીના સેવક ભગવાનદાસ સારસ્વત બ્રાહ્મણ હાજીપુરમાં રહેતા હતા, તેમની વાર્તા અને એનો ભાવ.

ભાવપ્રકાશ—લીલામાં એ વિશાખાજીની સખી છે. લીલામાં એનું નામ "સુગંધિની" છે. તે હાજીપુરમાં એક સારસ્વત બ્રાહ્મણને ઘેર પ્રકટ્યા. તે એકવાર પટણામાં એક યજમાનને ઘેર ગયા ત્યાં કેટલાક દિવસ રહ્યા. આ વખતે ભગવાનદાસની ઉમર સત્તર વર્ષની હતી. તેમણે આ યજમાનની ખૂબ ટહેલ કરી, પછી જ્યાં ચાલવા લાગ્યા ત્યારે આ યજમાન પાવલીના ટકા આપવા લાગ્યો. ત્યારે ભગવાનદાસે ક્રોધ કરીને કહ્યું કે મારે નહિ જોઇએ. તું લક્ષાધિપતિ થઇને મને આટલા બધા દહાડા રાખી, આ દક્ષિણા આપે છે ? મારે કશું જોઇતું જ નથી. અને પાવલી છોડી ઘેર ચાલ્યા આવ્યા. પિતાના આગળ રડ્યા અને કહ્યું કે પ્રભુએ અમને આવા બ્રાહ્મણ શા માટે બનાવ્યા કે પસો બે પૈસા માટે રાજસી લોકોની ચાકરી કરીએ અને એમનું મોં દેખીએ ? આ કોઇ મોટા પાપનું ફળ છે. પછી પિતાએ કહ્યું કે હું પરદેશ જાઉં છું. પૂર્વમાંથી કમાઇને આવીશ. ત્યારે ભગવાનદાસે કહ્યું કે તમે વૃદ્ધ છો તેથી ન જશો, હું જાઉં છું. હવે ભગવાનદાસ પટણાથી આગળ ગયા. ત્યાં રસ્તામાં એવું બન્યું કે શ્રીઆચાર્યજી કાશીથી શ્રીપુરુષોત્તમ ક્ષેત્ર પધારતા હતા, તેથી તેમને માર્ગમાં દર્શન થયાં, એટલે ભગવાનદાસે કહ્યું કે સારું થયું કે મને પંડિત બ્રાહ્મણનો સંગ તો સારો મળ્યો. શ્રીઆચાર્યજી શ્રીમુખે વૈષ્ણવો સાથે વાતો કરે, તે સાંભળતા પોતે પાછળ ચાલતા જાય. પછી મજલ આવી ત્યાં ઊતર્યા, એટલે શ્રીઆચાર્યજીએ ભગવાનદાસને કહ્યું કે જાઓ, કૃષ્ણદાસ પાસેથી જોઇએ તેટલું સીધું લો. અને કૃષ્ણદાસને કહ્યું કે આપણું નિત્યનું સીધું કાઢી લીધા પછી આ બ્રાહ્મણને તે માગે તેટલું આપજો. હવે ભગવાનદાસને કૃષ્ણદાસ સાથે લઈ ગયા. પોતાનું સીધું સામગ્રી લઇ કહ્યું કે, તમારે જોઇએ તેટલું તમે લો. એટલે ભગવાનદાસે કહ્યું કે શેર ખાંડ, શેર, ઘી અને બશેર ચૂન જોઇએ. આમ લોભ કરીને બે ત્રણ દિવસનું સીધું ભગવાનદાસે આણ્યું તેમાંથી થોડું બનાવ્યું અને બીજું પાસે રાખ્યું. આવી રીતે ત્રણ દિવસ સુધી માગ્યું, ને કૃષ્ણદાસે આપ્યું. હવે ચોથે દિવસે ભગવાનદાસે કૃષ્ણદાસને કહ્યું કે મને કશું કામ ટહેલ બતાવો, પાણી લાવું ? વાસણ માંજું ? ત્યારે કૃષ્ણદાસે કહ્યું કે તમે શ્રીઆચાર્યજીના સેવક નથી તેથી તમારા હાથનું જળ પણ કામમાં ન આવે, અને પાત્રને પણ તમારાથી ન અડાય. ત્યારે ભગવાનદાસે શ્રી-આચાર્યજીને પૂછ્યું કે મહારાજ, આપનું જળ એક શૂદ્ર લાવે છે, વાસણ

માંજે છે, અને હું તો બ્રાહ્મણ છું; મારી પાસે કેમ કરાવતા નથી ? ત્યારે શ્રી-આચાર્યજીએ કહ્યું કે અમારા મતે તો ભગવાનને જે ન જાણે તે શૂદ્રથી પણ હલકો જાણવો, અને જે ભગવાનને જાણે તે જ સર્વોપરિ બ્રાહ્મણ, એટલો ભેદ છે, માટે બીજા પાસે નથી કરાવતા. ત્યારે ભગવાનદાસે કહ્યું કે મહારાજ, શી રીતે જાણીએ કે વૈષ્ણવો ભગવાનને જાણે છે? આ સાંભળી શ્રીઆચાર્યજીએ કહ્યું કે શ્રીઠાકોરજી કૃપા કરે ત્યારે ખબર પડે. ત્યારે ભગવાનદાસે કહ્યું કે શ્રીઠાકોરજી કૃપા કેવી રીતે કરે ? ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે, ગુરુ પ્રસન્ન થાય તો શ્રીઠાકોરજી પ્રસન્ન થયા જાણવા. આ સાંભળી ભગવાનદાસે કહ્યું કે મારે તો ગુરુ જ કોઈ નથી. આપ જ મને સેવક કરો. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે સેવક થવું બહુ જ કઠણ છે. તમે બ્રાહ્મણ તમારું પોતાનું માહાત્મ્ય માનો, અને સેવક થયા પછી તો દાસ થવું પડે, માટે સેવક ન થશો. ત્યારે ભગવાન-દાસે કહ્યું કે હવે તો હું સેવક થઈશ. સ્વામિપદ બહુ દિવસ કર્યું, તેમાં દુઃખ જ મળ્યું, માટે હવે મને સેવક કરો. હવે શ્રીઆચાર્યજીએ નામ સંભળાવી તેની પાસે પાણી ભરાવ્યું, પાત્ર મંજાવ્યાં, અને ચોકો દેવડાવ્યો. પછી જૂઠણની પાતળ ધરી, તે મહાપ્રસાદ ભગવાનદાસે લીધો. તેથી બુદ્ધિ ફરી ગઈ અને વિચાર્યું કે મેં એમનું સીધું ત્રણ દિવસ લોભ કરીને ખાધું તે બહુ જ ખોટું કર્યું. પછી ગાંઠે પાંચ રૂપિયા હતા તે શ્રીઆચાર્યજીને ભેટ ધરી વિનંતિ કરી કે મહારાજ, મેં લોભ કરીને આપનું સીધું સામગ્રી ખાધાં તે સારું નથી કર્યું. પરન્તુ અમે અજ્ઞાની છીએ. આપનું સ્વરૂપ જાણ્યું નહિ, તે અપરાધ ક્ષમા કરો, આપ સાક્ષાત્ ઈશ્વર છો. હવે મને બ્રહ્મસંબંધ કરાવો. ત્યારે શ્રીઆચાર્ય-જીએ કહ્યું કે કાલે તમને સમર્પણ કરાવીશું. અને આ પાંચ રૂપિયા તુ તારી પાસે રાખ. ખર્ચને માટે તારે કામ લાગશે. ત્યારે ભગવાનદાસે વિનંતિ કરી કે મહારાજ, આ તો આપને ભેટ કરી ચૂકયો; હવે હું શી રીતે રાખું ! તેથી શ્રીઆચાર્યજીએ રાખ્યા, અને બીજે દિવસે બ્રહ્મસંબંધ કરાવ્યું. પછી ભગવાનદાસ શ્રીઆચાર્યજી પાસે ટહેલ કરતા એક વર્ષ રહ્યા. ઉનાળામાં પંખો મોટા બનાવી માર્ગમાં છાયા કરતા. જ્યાં આપ પોઢે ત્યાં સુંદર બિછાનું ધરતી સુધી (ચોખ્ખી) કરી બિછાવતા અને રસોઈની પરચારગી પણ કરતા. આથી શ્રીઆચાર્યજીએ પ્રસન્ન થઈ પોતાની પાદુકાજીની સેવા આપી, અને કહ્યું કે તમે આની સેવા ભાવપૂર્વક કરજો. હવે તમે ઘેર જાઓ. ત્યારે

ભગવાનદાસે કહ્યું કે મારે ઘેર પધારો, તો મારા કુટુંબને શરણે લેવાય. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે તારાં કુટુંબીઓ દૈવી જીવ નથી, તેથી શરણે નહિ આવે. સેવા તો તારાથી જ થશે. ત્યારે ભગવાનદાસ દંડવત્‌પ્રણામ કરી વિનંતિ કરી વિદાય થઇ હાજીપુર પોતાના ગામમાં આવ્યા. ઘરમાં જુદી જગ્યા કરી સેવા મન લગાવીને કરવા લાગ્યા. ત્યારપછી થોડા દિવસમાં શ્રીઠાકોરજી સાનુભાવ જણાવવા લાગ્યા.

વાર્તાપ્રસંગ ૧ લો.

હવે કેટલાક દિવસ પછી શ્રીઆચાર્યજી મહાપ્રભુ ભગવાનદાસને ઘેર પધાર્યા. પાક સામગ્રી કરી ભોજન કર્યું. ભગવાનદાસને જૂઠણની પાતળ ધરી. ભગવાનદાસનાં માબાપને અને સ્ત્રીને નામ સુણાવ્યું. પછી આપ અડેલ પધાર્યા. જ્યાં શ્રીઆચાર્યજી શ્રીમહાપ્રભુજી બિરાજતા હતા, ત્યાં ભગવાનદાસ ચોતરો બનાવી નિત્ય પોતનું કરતા અને રોજ નાહીને દંડવત્‌પ્રણામ કરતા. ભાવ એવો રાખવા કે જાણે શ્રીઆચાર્યજી નિત્ય અહીં બિરાજે છે. એ પ્રમાણે ભગવાનદાસને નિત્ય દર્શન થતાં, અને વાર્તા પણ કરતા.[1] આ ભગવાનદાસ શ્રીઆચાર્યના એવા કૃપાપાત્ર સેવક હતા. એમની વાર્તા કયાંસુધી કહીએ? ॥ વાર્તા ૫૨ ॥

વાર્તા ૫૩ મી.

હવે શ્રીઆચાર્યજીના સેવક ભગવાનદાસ સાચોરા બ્રાહ્મણ તેમની વાર્તા અને એનો ભાવ.

ભાવપ્રકાશ—આ ભગવાનદાસ લીલામાં શ્રીલલિતાજીની સખી છે, લીલામાં તેમનું નામ 'સુંદરી' છે. ગુજરાતમાં રાજનગરની પાસે એક ગામ છે ત્યાં એક સાચોરાને ઘેર તેનો જન્મ થયો. તે આઠ વરસના થયા, એટલે

1. '**स्वयशोगानसंहृष्टहृदयांभोजविष्टर:**' આવું શ્રીમહાપ્રભુજીનું નામ છે. જે શ્રીમહાપ્રભુજીની સેવા અને ગુણગાનમાં તત્પર રહે છે તેના હૃદયને કમળ જેવું બનાવી શ્રીમહાપ્રભુજી તેમાં સાક્ષાત્ બિરાજી જાય છે. હવે હૃદયમાંથી પ્રકટ થઇ જે સ્વરૂપે બિરાજ્યા હોય તે સ્વરૂપે ત્યાં જ આગળ દર્શન પણ આપે છે. ભગવાનદાસ આવા શ્રીઆચાર્યજીના સ્વરૂપાસક્ત નિત્યસ્વરૂપાનુભવી ભગવદીય છે.

રાજનગરમાં એક પંડિત પાસે ભણવા જવા લાગ્યા. દશ વર્ષ વિદ્યા ભણ્યા. હવે આ પંડિત શ્રીરણછોડજીનાં દર્શન માટે આવ્યો, તેની સાથે ભગવાનદાસ પણ શ્રીરણછોડજીનાં દર્શન માટે આવ્યા. ત્યાં શ્રીઆચાર્યજી મહાપ્રભુજી પધાર્યા હતા. એ પંડિત આપશ્રીની સાથે વાદ કરવા આવ્યો. એમ વાદમાં એ પંડિત હાર્યો, અને પોતાને મુકામે ગયો. પછી ભગવાનદાસને આ પંડિતે કહ્યું કે હું કાશી જઈ વધારે ભણી આવી શ્રીઆચાર્યજી સાથે વાદ કરીશ. તું મારી સાથે ચાલ. ત્યારે ભગવાનદાસે આ પંડિતને કહ્યું કે મારે તો શ્રીરણછોડજીનાં દર્શન કરવાં છે. હમણાં કાલે જ આવ્યો છું, અને આજે શી રીતે આવું? એક મહિનો તો દર્શન કરું. ત્યારે પંડિતે કહ્યું કે હું તો જાઉં છું, ફરી કોઈવાર મળીશું. આમ કહી પંડિત તો કાશી ગયો. (અહીં) ભગવાનદાસે શ્રીઆચાર્યજી પાસે આવી, દંડવત્ પ્રણામ કરી વિનંતિ કરી કે મહારાજ, પેલો પંડિત વાદ કરતાં કરતાં નિરુત્તર થયો, તે શરમનો માર્યો કાશી ચાલ્યો ગયો. હું એની પાસે ભણતો હતો. હવે મને આપ ભણાવશો? ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે તમે બહુ ભણીને શું કરશો? ત્યારે ભગવાનદાસે કહ્યું કે મહારાજ, બહુ ભણ્યો હોઉં તો દ્રવ્ય બહુ જ કમાઉં. જ્યાં ત્યાં પંડિતોની સભામાં આદર થાય. કોઇ શાસ્ત્રની ચર્ચા કરે ત્યાં વાદ કરું જેથી સંસારમાં પૂજા થાય. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે વિદ્યા ભણવાનાં બે રૂપ છે: વિદ્યા ભણે, શાસ્ત્ર વાંચે. હવે શાસ્ત્ર છે તે શીતળ જળરૂપ ને બે સુંદર ભીતરનાં નેત્ર રૂપ છે. તે ખૂલે તો બધી વસ્તુનું જ્ઞાન થાય. પરન્તુ સત્પુરુષને જ્ઞાન થાય; શીતળ જળની પેઠે ચિત્ત શાંત થઈ જાય. સુખદુઃખને પ્રભુની ઇચ્છા જાણે અને જગતમાં જીવ માત્રમાં ભગવદ્બુદ્ધિ થાય. વળી દીનતા, સંતોષ, નિર્મળતા આવે ને ક્રોધાદિક રહિત બની જાય, ને ભગવાનનો આશ્રિત થાય, તો તેનું ભણવું સફળ છે. આ લોકમાં અને પરલોકમાં પણ તે સુખી થાય. પણ ઓછું પાત્ર હોય અને બહુ વિદ્યા ભણે તો આ વિદ્યા તેને અગ્નિરૂપ થાય. એક તો કામ, ક્રોધ, મદ, માત્સર્યમાં લપટાયેલો હતો જ, તેમાં વળી વિદ્યા ભણે તો મદ બહુ વધે, તેથી કોઇને જગતમાં ગણે નહિ. રાતદહાડો અહંકારરૂપ અગ્નિમાં બળ્યા કરે. તે જીવ આ લોકમાં દુઃખી રહે અને પરલોકમાં નરક મળે, માટે તમે બહુ શાસ્ત્ર ન ભણશો. ભણ્યા છો એટલું જ બહુ છે. અને દ્રવ્ય વગેરે તો નસીબમાં હોય તો મળે છે. મોટા મોટા પંડિતો મૂર્ખ રાજસી લોકોની

ચાકરી કરે છે. માટે સંતોષ અને દયા રાખો; કામ, ક્રોધ, લોભાદિક મોહ વગેરે છોડી, શ્રીઠાકોરજીનું ભજન કરો. જીવિકાનો તો શ્રીભગવાને વિચાર કર્યો છે, તે ભગવદિચ્છાથી નસીબ પ્રમાણે મળી રહેશે. આ પ્રમાણે સિદ્ધાંતરૂપ શ્રીઆચાર્યજીનાં વચનો સાંભળીને ભગવાનદાસના હૃદયમાં ભગવદ્ધર્મનો પ્રવેશ થયો, તેથી શ્રીઆચાર્યજીને દંડવત્ પ્રણામ કરી વિનંતિ કરી કે મહારાજ, હવે મારા મનનો બધો સંદેહ દૂર થઈ ગયો. બધામાં ભગવાનનું ભજન જ શ્રેષ્ઠ છે, માટે હવે મને કૃપા કરીને શરણે લો. જે પ્રકાર આપ બતાવશો તે પ્રમાણે ભગવાનનું ભજન કરીશ. એટલે શ્રીઆચાર્યજીએ કહ્યું કે જા, નાહીને આવ. એટલે ભગવાનદાસ નાહીને શ્રીઆચાર્યજી પાસે આવ્યા. ત્યારે શ્રીઆચાર્યજીએ નામ સુણાવી નિવેદન કરાવ્યું. હવે ભગવાનદાસે કહ્યું કે મહારાજ, મારું મન આપની પાસે રહીને આપની સેવા કરવાનું છે. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે અમારી પાસે તમારાથી રહી શકાશે નહિ. જીવથી અનેક અપરાધ થાય છે, તેથી કોઈ સમયે અપ્રસન્નતા થાય તો તેને ભગવત્પ્રાપ્તિમાં અંતરાય થાય; અને આ વૈષ્ણવો તો અમારા સ્વભાવના ભોમિયા—જાણીતા છે, તેથી એ અમારી પાસે રહેવાને લાયક છે. માટે તમે ઘેર જાઓ; વૈષ્ણવોનો સંગ કેટલાક દિવસ કરો. પછી શ્રીગોવર્ધનનાથજી શ્રીગોવર્ધનપર્વત પર પ્રકટ થશે, ત્યાં જઈ શ્રીગુસાંઈજીની આજ્ઞા પ્રમાણે સેવા કરજો. તમારા બધા મનોરથ શ્રીગુસાંઈજી પૂરા કરશે. આપે બ્રહ્મસંબંધનો શ્લોક તથા અષ્ટાક્ષર (શ્રીહસ્તે) લખીને આપ્યો અને કહ્યું કે રસોઈ કરી આને ભોગ ધરી નિર્વાહ કરજો. ત્યારે ભગવાનદાસે વિનંતિ કરી કે મહારાજ, આપ જ્યાંસુધી અહીં બિરાજો ત્યાંસુધી તો આપની સેવા કરું? એટલે શ્રીઆચાર્યજીએ કહ્યું કે સુખેથી કરો. હવે ભગવાનદાસ જળ લાવતા અને રસોઇની બધી પરચારગી કરતા. શ્રીઆચાર્યજી કથા કહેતા; ત્યારે પાસે ઊભા રહી ચમ્મર કરતા. ભગવાનદાસ પર શ્રીઆચાર્યજીએ ખૂબ પ્રસન્ન થઈ ચતુઃશ્લોકી ગ્રંથ આપે કર્યો હતો તે ભગવાનદાસને ભણાવ્યો. અને કહ્યું કે પ્રથમ તારું મન ભણવામાં હતું તેથી હવે તને વેદ પુરાણ ભાગવતનો સર્વ અર્થ સ્ફુરશે. હું પ્રસન્ન થયો છું. હવે તમે ઘેર જાઓ. એટલે ભગવાનદાસ દંડવત્ પ્રણામ કરી ઘેર ચાલ્યા, અને શ્રીઆચાર્યજી પરિક્રમા કરવા પધાર્યા. આ ભગવાનદાસ બહુ દિવસ ઘરમાં રહ્યા. ત્યારપછી કેટલાક દહાડે ભગવાનદાસની સ્ત્રીનો દેહ છૂટયો એટલે ભગવાનદાસ મનમાં પ્રસન્ન થયા,

કે હવે ઘરનું બંધન છૂટ્યું; હવે વ્રજમાં જાઉં. એવામાં એક દિવસ વૈષ્ણવોના મોઢાથી સાંભળ્યું કે શ્રીગિરિરાજ પર શ્રીગોવર્ધનધર બિરાજે છે અને શ્રીગુસાંઈજી સેવા શૃંગાર કરે છે. આવું જાણતાં ભગવાનદાસે ઘરની બધી વસ્તુઓ વેચી, ઘર એક પોતાની જ્ઞાતિનો બ્રાહ્મણ હતો તેને આપ્યું. માબાપ કે કોઈનો સંગ તો હતો નહિ, એટલે ચાલ્યા અને કેટલેક દિવસે શ્રીગિરિરાજ પર આવી શ્રી-નાથજીનાં દર્શન કર્યાં, પછી શ્રીગુસાંઈજીનાં દર્શન કરી દંડવત્ પ્રણામ કરી વિનંતિ કરી કે મહારાજ, આવી રીતે મને શ્રીઆચાર્યજીએ શરણે લીધો છે અને એવી આજ્ઞા હતી કે મારે આપની પાસે આવવું, તેથી હું આપની પાસે આવ્યો છું. ઘરનું કશું જ બંધન મને છે નહિ, માટે મને કૃપા કરીને સેવા બતાવો. એટલે શ્રીગુસાંઈજીએ પ્રસન્ન થઈને કહ્યું કે તમે શ્રીનાથજીના ભીતરિયા થાઓ અને રસોઈ બાળભોગની સેવા કરો, આથી ભગવાનદાસ સુંદર સામગ્રી કરતા.

વાર્તાપ્રસંગ ૧ લો.

હવે એક દિવસ ભગવાનદાસે સામગ્રી કરી તે દાઝી, એવી બગડેલી સામગ્રી ભોગમાં ધરી. હવે જ્યારે શ્રીગુસાંઈજી ભોગ સરાવવા પધાર્યા ત્યારે બગડેલી સામગ્રી જોઈ ભગવાનદાસ પર બહુ જ ખીજ્યા અને સેવાથી બહાર કાઢ્યા. આથી ભગવાનદાસ એક ખૂણામાં બેસી રડવા લાગ્યા કે હવે હું શું કરું?

ભાવપ્રકાશ—અહીં શ્રીગુસાંઈજી એટલા માટે ખીજ્યા કે સામગ્રી બગડી ગઈ તો બીજી કરવી જોઈતી હતી; બગડેલી વસ્તુ કેમ પ્રભુને ભોગ ધરી? કરવામાં આળસ કર્યું? અમને કહ્યું હોત તો અમે (સામગ્રી) કરત, અથવા બીજા ભીતરિયા પાસે કરાવત; આમ વિચારી ભગવાનદાસ પર ખીજ્યા.

ત્યારપછી ભગવાનદાસ ગોવિંદકુંડ ઉપર અચ્યુતદાસ પાસે આવ્યા અને બધા સમાચાર કહ્યા કે હવે હું શું કરું? મને સેવામાંથી દૂર કર્યો છે. ત્યારે અચ્યુતદાસે કહ્યું કે સામગ્રી સાવધાનતાથી કરવી. હવે ચિંતા ન કરશો. શ્રીગુસાંઈજી પરમ દયાળુ છે, ફરી તમને સેવા આપશે. હવે ગોવિંદકુંડ પર જઈને બેસો. પછી શ્રીગુસાંઈજી ગોવિંદકુંડ

પર મધ્યાહ્નની સંધ્યા કરવા નિત્ય પધારતા. અચ્યુતદાસ વૃદ્ધ હતા, માનસી સેવામાં મગ્ન રહેતા, તેમને રોજ દર્શન આપવાને ખાતર પોતે પધારતા. હવે ગોવિંદકુંડ પર સંધ્યા કરી અચ્યુતદાસ પાસે શ્રીગુસાંઇજી પધાર્યા; જુએ છે તો અચ્યુતદાસની આંખોમાંથી અશ્રુની જળધારા વહી રહી હતી. આ જોઇ શ્રીગુસાંઇજીએ અચ્યુતદાસને પૂછયું કે તમને એવું ભારે દુઃખ શું છે? ત્યારે અચ્યુતદાસે શ્રી-ગુસાંઇજીને કહ્યું કે મહારાજ, શ્રીઆચાર્યજીએ જીવો તમને સોંપ્યાં છે. વળી આપને બહુ જીવોનો અંગીકાર કરવાનો છે. જીવ તો દોષથી ભરેલો છે. હવે આપે તો અત્યારથી જીવોના દોષ જોવા માંડ્યા છે, તો જીવોનો ઉદ્ધાર હવે શી રીતે થશે? વળી જ્યારે શ્રી-ગોવર્ધનનાથજીએ શ્રીઆચાર્યજીને બ્રહ્મસંબંધની આજ્ઞા આપી ત્યારે કહ્યું હતું કે જેને તમે બ્રહ્મસંબંધ કરાવશો તેના સઘળા દોષ દૂર થઇ જશે; જ્યારે આપ દોષ જુઓ છો, તેથી મને ભારે દુઃખ થાય છે કે હવે જીવોનો ઉદ્ધાર શી રીતે થશે! ત્યારે શ્રીગુસાંઇજીએ અચ્યુતદાસને કહ્યું કે તમે ચિંતા ન કરશો. મેં ભગવાનદાસને શિક્ષા આપી છે, અને આ વાત તમારા દ્વારા શ્રીઆચાર્યજીએ મને કહી છે, માટે હવે પછી કોઇ વૈષ્ણવ પર કદી પણ નહિ ખીજું. આ સાંભળી અચ્યુતદાસ પ્રસન્ન થયા. પછી શ્રીગુસાંઇજી ભગવાનદાસની બાંય પકડીને ગોવિંદકુંડ ઉપરથી શ્રીનાથજીના મંદિરમાં લઇ ગયા, અને કહ્યું કે સેવા સામગ્રી સાવધાનતાથી કરજો. આ વખતે ભગવાન-દાસે પ્રસન્ન થઇ આ નીચેનું કીર્તન ગાયું:

श्रीविठ्ठलेशचरणकमल पावनत्रैलोक्यकरन दरशपरशसुंदरवर वारवार वंदे ॥
समरथ गिरिराजधरण लीलानिज प्रकटकरण संतनहित मानुषतन वृंदावनचंदे ॥१॥
चरणोदक लेत प्रेत ततक्षण मुक्त भये करुणामय नाथ सदा आनंदनिधिकंदे ॥
वारणे 'भगवानदास' विहरत सदा रसिकरास जयजय जश बोलि बोलि
गावत श्रुतिछंदे ॥२॥

આ કીર્તન સાંભળીને શ્રીગુસાંઇજી પ્રસન્ન થયા. ત્યારપછી ભગવાનદાસ સેવામાં મન રાખીને ભય રાખીને સેવા કરવા લાગ્યા.

ત્યારપછી થોડા દિવસમાં શ્રીનાથજી સાનુભાવ જણાવવા લાગ્યા. આ ભગવાનદાસ શ્રીઆચાર્યજીના એવા કૃપાપાત્ર ભગવદીય છે, તેથી એમની વાર્તા ક્યાંસુધી કહીએ ? ॥વાર્તા ૫૩॥

વાર્તા ૫૪ મી.

હવે શ્રીઆચાર્યજીના સેવક અચ્યુતદાસ સનોઢિયા બ્રાહ્મણ મથુરાંના વાસી તેમની વાર્તાનો ભાવ.

ભાવપ્રકાશ—અચ્યુતદાસ લીલામાં લલિતાજીની સખી છે. લીલામાં "મધુરા" એનું નામ છે. એવાં વચન બોલે કે માનો અમૃતની વર્ષા. બધાંને પ્રિય લાગે. આ અચ્યુતદાસ મથુરાંમાં એક સનોઢિયા બ્રાહ્મણને ત્યાં પ્રકટ્યા. તેઓ નવ વર્ષના થયા ત્યારે માતાપિતાની સાથે દિવાળીમાં શ્રીગોવર્ધનની પરિક્રમા કરવા આવ્યા. શ્રીગિરિરાજજીની શોભા જોઈ આ અચ્યુતદાસનું મન તેમાં ચોંટી ગયું, આથી માબાપને કહ્યું કે હું તો ગિરિરાજજીમાં રહીશ. ત્યારે માબાપે કહ્યું કે શું બેટા વેરાગી થવાનું મન છે! ત્યારે અચ્યુતદાસે કહ્યું કે હું તો વેરાગી છું. મારો વિવાહ થયો નથી; પણ આપણાં સગાંસંબંધી અન્યોરમાં છે ત્યાં થોડા દિવસ રહીશ અને ગોવર્ધનની દસવીસ પરિક્રમા કરી મન થશે ત્યારે (ઘેર) આવીશ. એટલે માબાપ સગાંસંબંધીને સોંપીને મથુરાંજીમાં આવ્યાં.

વાર્તાપ્રસંગ ૧ લો.

આ અચ્યુતદાસ અન્યોરમાં રહેતા, કોઈવાર પરાસોલીમાં, તો કોઈવાર શ્રીકુંડ ઉપર, તો કોઇવાર શ્રીગોવર્ધનમાં આવી રીતે રહેતા હતા. પછી જ્યારે શ્રીઆચાર્યજી શ્રીગોવર્ધનની તળેટીમાં પધાર્યા ત્યારે અન્યોરમાં સદ્દુપાંડેને કુટુંબ સહિત સેવક કર્યા અને શ્રીગોવર્ધનધરને પર્વતની અંદરથી બહાર પધરાવ્યા. આ વખતે અચ્યુતદાસને દૈવી જીવ જાણી નામનિવેદન કરાવીને કહ્યું કે તમે શ્રીગોવર્ધનધરની સેવા કરો. હવે અચ્યુતદાસે શ્રીઆચાર્યજીને દંડવત્ પ્રણામ કરીને વિનંતિ કરી કે મહારાજ, મારા પર એવી કૃપા કરો કે એકાન્તમાં બેસી માનસી સેવામાં મન લાગ્યું રહે. એટલે શ્રીઆચાર્યજીએ પોતાનું ચરણામૃત આપ્યું. તેનું અચ્યુતદાસે પાન

કર્યું અને હાથે આંખે સ્પર્શ કર્યો, અને માથા પર ધરાવ્યું તેમજ હૃદય પર પણ લગાવ્યું, એટલે અચ્યુતદાસનાં નેત્રો અલૌકિક થયાં અને લીલાનાં દર્શન થવા લાગ્યાં. માથા પર (ચરણામૃત) ધારણ કર્યે (થી આ બધું થયું).

ભાવપ્રકાશ—જેવી રીતે મર્યાદામાર્ગમાં મહાદેવજી ગંગાજીને મસ્તક પર ધારણ કરીને ભક્તરાજ થયા, તેવી જ રીતે આ અચ્યુતદાસ માથા પર શ્રીઆચાર્યજીનું ચરણોદક ધરી તેની છાયામાં સદા રહ્યા. હૃદય પર લગાવવાથી સઘળી લીલા, માર્ગનો સિદ્ધાંત હૃદયારૂઢ થયાં. આ અચ્યુતદાસને "સિદ્ધાંતમુક્તાવલી" ગ્રંથ કરી ભણાવ્યો. તેથી કરીને માનસી સેવામાં મગ્ન થઇ થયા. તેથી સદા ગોવિંદકુંડની પાસે ગુફામાં રહેતા. નેત્રો પ્રેમરસથી ભરેલાં રહેતાં. અહીં શ્રીગુસાંઈજી નિત્ય દર્શન આપવા પધારતા. ઉપરથી મર્યાદા રાખવા માટે આવો ભાવ, પરન્તુ શ્રીગુસાંઈજી દર્શન કરવા આવતા. આનું કારણ એ હતું કે શ્રીગુસાંઈજીને શ્રીઆચાર્યજીનો અનુભવ થતો. અચ્યુતદાસનાં ચક્ષુમાં શ્રીઆચાર્યજી ઝળકતા. (આંખોમાં શ્રીઆચાર્યજીના સ્વરૂપનાં દર્શન થતાં) તેથી શ્રીગુસાંઈજી માર્ગની રીતિભાતિ, શ્રીગોવર્ધનની લીલાનો ભાવ પૂછીને બહુ જ પ્રસન્ન થતા. વળી આ અચ્યુતદાસ પરમાર્થી પણ એવા કે ભગવાનદાસને શ્રીગુસાંઇજીએ સેવાથી કાઢયા, પણ ફરી વિનંતિ કરી અચ્યુતદાસે તેમને સેવામાં અંગીકાર કરાવ્યા. જે સામગ્રી શ્રીગુસાંઈજી શ્રીગોવર્ધનધરને ધરતા, તેનો અચ્યુતદાસ ગોવિંદકુંડ પર બેસી તે જ અનુભવ કરતા અને શ્રીગુસાંઇજીને બધું કહેતા કે આજ ફલાણી સામગ્રી સુંદર થઈ અને તેનો આવી રીતે અંગીકાર કર્યો. આથી શ્રીગુસાંઈજી રાજભોગ ધરીને અચ્યુતદાસ પાસે નિત્ય પધારતા. આ અચ્યુતદાસની વાર્તાનો પ્રકાશ બહુ કર્યો નથી, કારણ કે એમની વિપ્રયોગ દશા રસસંબંધી વાર્તા લોકોમાં પ્રકાશ કરાય નહિ; તેથી એમનું વર્ણન કર્યું નથી.

આ અચ્યુતદાસ એવા ભાગવદીય છે; એમની વાર્તા કયાંસુધી કહીએ ? ॥વાર્તા ૫૪॥

વાર્તા ૫૫ મી.

હવે શ્રીઆચાર્યજીના સેવક અચ્યુતદાસ ગૌડ બ્રાહ્મણ મહાવનના વાસી તેમની વાર્તા ને એનો ભાવ.

ભાવપ્રકાશ—લીલામાં એ વિશાખાજીની સખી અંતર્ગૃહગતામાં છે, તેમાં એની પ્રીતિ છે. લીલામાં એનું નાન "મોહિની" છે. જ્યારે શ્રીઠાકોરજીને દેખે ત્યારે મોહી જાય, શરીરની શુદ્ધિ પણ રહે નહિ. તે મહાવનમાં એક ગૌડ બ્રાહ્મણને ઘેર જનમ્યા. જ્યારે શ્રીઆચાર્યજી નારાયણદાસ બ્રહ્મચારીને ઘેર પધાર્યા, ત્યારે અચ્યુતદાસને નામ પમાડયું. તે વખતે તે સાત આઠ વરસના હતા. તે નારાયણદાસ બ્રહ્મચારીની પાસે આવતા જતા. તેઓ જ્યારે વીસ વરસના થયા, ત્યારે નારાયણદાસને પૂછ્યું કે મને નામ સંભળાવ્યું અને સેવક કર્યો તે ક્યાં છે? એમનું નામ શું છે? તે વખતે તો હું બાળક હતો, કશું સમજતો ન હતો, હવે દર્શન કરું તો સમર્પણ કરું. ત્યારે નારાયણદાસે કહ્યું કે શ્રીઆચાર્યજી એમનું નામ છે, અને તીર્થરાજ પ્રયાગની પાસે અડેલ ગામમાં બિરાજે છે. ત્યારે અચ્યુતદાસે કહ્યું કે ગિરિરાજની પરિક્રમા કરીને અડેલ જઈશ. આ અચ્યુતદાસને ગિરિરાજની પરિક્રમામાં અતિશય પ્રેમ હતો, મહિનામાં બેચાર પરિક્રમા કરતા હતા. અચ્યુતદાસ ગિરિરાજની પરિક્રમા કરીને અડેલ જવા નીકળ્યા, તે કેટલાક દિવસે અડેલ આવ્યા. શ્રીઆચાર્યજીને દંડવત્ પ્રણામ કરી ઊભા રહ્યા, ત્યારે શ્રીઆચાર્યજીએ પૂછ્યું કે અચ્યુતદાસ, તમે ક્યાંથી આવ્યા? એટલે અચ્યુતદાસે કહ્યું કે મહારાજ, હું વ્રજમાંથી આવ્યો. ત્યારે શ્રીઆચાર્યજીએ પૂછ્યું કે વ્રજમાં તમે શું કરતા હતા? એટલે અચ્યુતદાસે કહ્યું કે શ્રીગિરિરાજજીની બેચાર પરિક્રમા એક મહિનામાં કરતો હતો, અને નારાયણદાસ બ્રહ્મચારી આપના સેવક વૈષ્ણવ છે મહાવનમાં રહે છે, તેમનો સત્સંગ કરતો. આપે મને નાનપણમાં નામ સંભળાવ્યું હતું, પણ હું આપનું નામ જાણતો ન હતો, પણ એ બધો પ્રકાર નારાયણદાસે મને બતાવ્યો. હવે મને સમર્પણ કરાવો. આ વખતે શ્રીઆચાર્યજીએ કહ્યું કે જાઓ, શ્રીયમુનાજીમાં સ્નાન કરી આવો. એટલે અચ્યુતદાસ શ્રીયમુનાજીમાં નાહીને શ્રીઆચાર્યજી પાસે આવ્યા. પછી શ્રીઆચાર્યજીએ તેમને બ્રહ્મસંબંધ કરાવ્યું. પછી અચ્યુતદાસને પૂછ્યું કે તમે શ્રીગિરિરાજની પરિક્રમા બહુ કરી, પરન્તુ ત્યાં કશો ચમત્કાર જોયો? ત્યારે અચ્યુતદાસે કહ્યું કે મહારાજ, મેં તો કશો ચમત્કાર ન જોયો. આ સાંભળી શ્રીઆચાર્યજીએ કહ્યું કે શ્રીગિરિરાજની ત્રણ પરિક્રમા એકી સાથે કરશો તો કંઈક ચમત્કાર દેખશો. હવે શ્રીઆચાર્યજીને દંડવત્ પ્રણામ કરી અચ્યુતદાસ વિદાય લઇને ચાલ્યા. મનમાં એટલો બધો ઉમળકો કે ક્યારે

ગિરિરાજજી જાઉં અને ક્યારે ત્રણ પરિક્રમા ચાલતે ચાલતી (એકી સાથે) કરું! આમ અત્યંત આતુર બની ગયા. કેટલાક દિવસે તેમણે આવીને નારાયણદાસને બધી હકીકત કહી અને કહ્યું કે શ્રીઆચાર્યજીએ કૃપા કરીને બ્રહ્મસંબંધ કરાવ્યું હવે ત્રણ ચાલતે ચાલતી પરિક્રમાની આજ્ઞા કરી છે, તેથી શ્રીગોવર્ધન જાઉં છું. પછી ગોવર્ધન જઇ, રાત્રે સૂઈ રહ્યા. જ્યારે પાછલી એક પહોર રાત્રિ રહી, ત્યારે ઊઠીને દેહકૃત્ય કરીને માનસી ગંગા નાહીને પરિક્રમા કરવાની શરૂઆત કરી તે દોઢ પહોર દહાડો ચઢતાં એક પૂરી કરી. બીજી શરૂ કરી તે છ ઘડી દહાડો પાછલો રહ્યો ત્યારે પૂરી કરી. જ્યારે ત્રીજી કરવા માંડી અને અપસરા કુંડ પાસે આવ્યા ત્યારે થાકી ગયા. ભૂખ્યા હતા, રાત એક ઘડી ગઇ હતી, તે વખતે એક ગોવાળિયાએ અચ્યુતદાસ પાસે આવીને કહ્યું કે વેરાગી, તું આગળ ક્યાં જાય છે? સિંહ બેઠો છે, માટે પાછો ફરી જા. ત્યારે અચ્યુતદાસ કહ્યું કે પાછો નહિ ફરું; શ્રીઆચાર્યજીનાં વચન છે કે ચાલતે ચાલતી ત્રણ પરિક્રમા કરવી, માટે પાછો નહિ ફરું. એટલે ગોવાળિયો અંતર્ધાન થઇ ગયો, એટલે અચ્યુતદાસ આગળ ચાલ્યા. જુએ તો આગળ રસ્તા વચ્ચોવચ સિંહ ઊભો છે. આ વખતે વિચાર કર્યો કે પરિક્રમા તો છોડવી નથી. સિંહ ખાય તો ભલે ખાય. હવે ધીરજથી સિંહ પાસે જઇને જુએ તો સુંદર ગાય ઊભી છે. એટલે ગાયની પરિક્રમા કરી પૂછ માથા ઉપર ચઢાવી પછી આગળ ચાલ્યા. એક પહોર રાત ગઈ ત્યારે પરિક્રમા પૂરી થઇ. એટલે મહાવનમાં આવીને નારાયણદાસને કહ્યું કે ગોવાળિયો ગાય તથા સિંહ દીઠાં, તેનું કારણ શું? ત્યારે નારાયણદાસે કહ્યું કે આનો અભિપ્રાય તો શ્રીઆચાર્યજી જાણે. એટલે અચ્યુતદાસ ફરી અડેલ ચાલ્યા, અને કેટલાક દિવસે શ્રીઆચાર્યજી પાસે આવી દર્શન કર્યાં કે તરત જ શ્રીઆચાર્યજીએ પૂછ્યું કે ત્રણ પરિક્રમા શ્રીગિરિરાજજીની લગોલગ કરી? ત્યાં કંઈ દીઠું? ત્યારે અચ્યુતદાસે કહ્યું કે ગોવાળિયો દીઠો, પછી સિંહ જોયો, તે સિંહમાં ગાયનાં દર્શન થયાં, પણ હું સમજ્યો નહિ. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે ગોવાળિયો તો શ્રીઠાકોરજી પોતે જ હતા. તેમણે તારી ધીરજ જોવા બિવરાવ્યો. પછી સિંહ તે શ્રીગિરિરાજજી હતા, અને તું પાસે ગયો, એટલે ગાયરૂપ બનીને તને દર્શન આપ્યાં. તારાં મહદ્ ભાગ્ય છે, પરન્તુ દશા કાચી છે. હજુ તારો (લીલાનાં દર્શનને લાયક) પ્રેમ નથી, તેથી તને લીલાસહિત દર્શન ન થયાં. એટલે અચ્યુતદાસે દર્શન કરી દંડવત્ પ્રણામ

કરી શ્રીઆચાર્યજીને વિનંતિ કરી કે મહારાજ, પ્રેમનું દાન આપ કૃપા કરીને કરો. આપ બતાવો તે હું કરું, જેથી મને લીલાનો અનુભવ થાય. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે તમે ભગવત્સેવા કરો તો પ્રેમ થાય. ત્યારે અચ્યુતદાસે કહ્યું કે સેવા પધરાવી આપો, મહારાજ, અને જે પ્રકારે કહો તે પ્રકારે હું સેવા કરું. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે હવે અમે વ્રજમાં જઈએ છીએ, તમે પણ અમારી સાથે ચાલો. ત્યાં તમારો બધો મનોરથ પૂર્ણ થશે. એટલે અચ્યુતદાસ શ્રીઆચાર્યજીની સાથે ચાલ્યા. અડેલથી પાંચ મજલ પર એક નાનું સરખું ગામ આવ્યું, ત્યાં એક સારું તળાવ હતું. બગીચો, સઘન તળાવ, સુંદર ઠેકાણું જોઈ શ્રીઆચાર્યજીએ કહ્યું કે આજ પાક સામગ્રી અહીં કરીશું. અચ્યુતદાસને કહ્યું કે જા, તું નાહીને આવ, અને જલ ભરી લાવ. હવે અચ્યુતદાસ તળાવમાંથી નાહીને નીકળ્યા અને નીકળીને જુએ છે તો તળાવના કિનારા પર એક પીપરનું નાનુંશું વૃક્ષ છે, તેની નીચે લીલા ઘાસ પર શ્રીઠાકોરજીનું એક સ્વરૂપ બિરાજતું હતુ. એટલે અચ્યુતદાસે શ્રીઆચાર્યજી પાસે દોડી આવીને કહ્યું કે મહારાજ, તળાવને કિનારે પીપરની નીચે લીલા ઘાસ પર શ્રીઠાકોરજીનું સ્વરૂપ છે. આ સાંભળી શ્રીઆચાર્યજીએ ત્યાં પધારી શ્રીઠાકોરજી હાથમાં પધરાવી પોતાના ઉપરણાથી રજ સાફ કરી અચ્યુતદાસને આપ્યા અને કહ્યું કે તું રસોઈ કરી એને ભોગ ધર અને પછી વ્રજમાં આવજે. તારા ઘરમાં પધરાવીશું. આ સ્વરૂપ સુંદર જોઈ અચ્યુતદાસ બહુ જ પ્રસન્ન થયા. શ્રીઆચાર્યજીના શ્રીહસ્તનો સ્પર્શ તો થઈ ચૂકયો છે. હવે રસોઈ કરી ભોગ ધર્યો. આવી રીતે રોજ એ પ્રકારે વર્તતા અચ્યુતદાસ શ્રીઆચાર્યજીની સાથે મહાવન આવ્યા, એટલે અચ્યુતદાસે શ્રીઆચાર્યજીને પોતાને ઘેર પધરાવ્યા. એટલે શ્રીઆચાર્યજીએ શ્રીઠાકોરજીને પંચામૃત સ્નાન કરાવી પાટ બેસાડ્યા, શ્રીમદનમોહનજી નામ ધર્યું, અને અચ્યુતદાસને માથે પધરાવ્યાં. આપે ત્રણ દિવસ અચ્યુતદાસને ઘેર રહી પુષ્ટિમાર્ગની બધી રીતભાત બતાવી. પછી આપ નારાયણદાસ બ્રહ્મચારીને ઘેર એક રાત્રિ રહી, પછી ગિરિરાજ થઇ, આપ દ્વારિકા પધાર્યા.

વાર્તાપ્રસંગ ૧ લો.

હવે અચ્યુતદાસ શ્રીમદનમોહનજીની સેવા બહુ ભાવપૂર્વક સારી રીતે કરતા. તેથી થોડાક દિવસમાં શ્રીમદનમોહનજી તેમને

સાનુભાવ જણાવવા લાગ્યા ને લીલારસનો અનુભવ કરાવ્યો. વાતો કરતા, જે જોઇએ તે માગી લેતા. પછી જ્યારે શ્રીગુસાંઇજી પાસે અચ્યુતદાસ આવતા ત્યારે શ્રીગુસાંઇજી અચ્યુતદાસને દંડવત્ પ્રણામ કરવા દેતા નહિ, અને કહેતા કે તમારા હૃદયમાં શ્રીઆચાર્યજી બિરાજે છે. આ અચ્યુતદાસ એવા ભગવદીય છે. બહુ જ દિવસ શ્રીમદનમોહનજીની સેવા મન લગાવીને કરી. પછી જ્યારે શ્રી-આચાર્યજીએ આસુરવ્યામોહ લીલા કરી ત્યારે અચ્યુતદાસે શ્રીમદન-મોહનજી (પાછા) પધરાવ્યા, પછી વિરહ બહુ જ. તેથી રહેવાય નહિ. પછી બદરિકાશ્રમ જઈ અન્નજળ છોડી દેહનો ત્યાગ કર્યો, અને અંતર્ગૃહગતાની પ્રાપ્તિ થઇ. અને શ્રીઠાકોરજીના શ્રીમુખમાં પ્રવેશ કર્યો. પછી આ શ્રીમદનમોહનજીને શ્રીગોપીનાથજીની પાસે પધરાવ્યા. આ અચ્યુતદાસ એવા શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના કૃપાપાત્ર ભગવદીય હતા, કે આપનો વિરહ સહન કરી શકયા નહિ. તેથી તેમની વાર્તા કયાંસુધી કહીએ ? ॥ વાર્તા ૫૫॥

વાર્તા ૫૬ મી.

હવે શ્રીઆચાર્યજીના સેવક અચ્યુતદાસ સારસ્વત બ્રાહ્મણ કડામાં રહેતા તેમની વાર્તા અને એનો ભાવ.

ભાવપ્રકાશ—લીલામાં એ શ્રીયમુનાજીની સખી છે. લીલામાં એનું નામ 'રસાત્મિકા' છે. સદા સંયોગમાં મગ્ન રહેતી. આ અચ્યુતદાસ કડામાં એક સારસ્વત બ્રાહ્મણને ઘેર પ્રકટયા. તે અગિઆર વરસના થયા, ત્યારે વિવાહ થયો. ચાર વરસ પછી એ સ્ત્રી મરી ગઈ, આથી અચ્યુતદાસને બહુ જ દુઃખ થયું. તેમણે ચાર દિવસ તો ખાધું પણ નહિ, બહુ જ ક્લેશ થયો. એક દિવસ માતાપિતાએ બહુ જ સમજાવ્યો પણ માને નહિ, અને કહે કે વૈરાગ્ય લઇશ. ત્યારે પિતાએ કહ્યું કે તું કહે તો તારો બીજો વિવાહ કરી દઉં. આમ કહી સમજાવીને જમાડયો. દશ દિવસ પછી પિતા મરી ગયા, એટલે અચ્યુત-દાસને વળી વધારે દુઃખ થયું. પછી વળી ચાર દિવસ પછી માતા મરી આથી અચ્યુતદાસ ઘરમાંથી નીકળ્યા. તે બદરિનાથ થઇ, જગન્નાથરાયજી ત્યાં શ્રીઆચાર્યજી પધાર્યા હતા. આપ કથા કહેતા હતા, તે સ

અચ્યુતદાસ બેઠા, અને કથા સાંભળી. પરન્તુ દુઃખના માર્યા કશું સમજ્યા નહિ. પછી કથા પૂરી થઇ ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે, અચ્યુતદાસ, તું આટલો બધો ઉદાસ કેમ છે? આ સાંભળી અચ્યુતદાસ રડી પડ્યા, અને કહ્યું કે મહારાજ, મારા દુઃખનો પાર નથી. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે તું તારું દુઃખ કહે તો તેનો ઉપાય થાય. ત્યારે અચ્યુતદાસે કહ્યું કે મહારાજ, સ્ત્રી માબાપ બધાં મરી ગયાં. મેં કદી દુઃખ દીઠું નથી, તેથી હું શું કરું? કશો ઉપાય સૂઝતો નથી. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે જા, નાહી આવ, તારું બધું દુઃખ શ્રીઠાકોરજી દૂર કરશે. પછી અચ્યુતદાસ સ્નાન કરી આવ્યા, એટલે શ્રી-આચાર્યજીએ નામ આપી નિવેદન કરાવ્યું. પછી વેદમંત્ર ભણી એક અંજલિ જળ છાંટ્યું, એટલે અચ્યુતદાસના હૃદયમાં વિવેક ધૈર્ય અને ભગવાનનો આશ્રય દૃઢ થઇ ગયાં. તરત જ શ્રીઆચાર્યજીને દંડવત્ પ્રણામ કરી અચ્યુતદાસે વિનંતિ કરી કે મહારાજ, મને આટલું બધું દુઃખ નકામું થયું. કોની સ્ત્રી અને કોનાં માતાપિતા? (જ્યાં) આ શરીર જ મારું નથી તો પછી મેં શરીરનાં સંબંધી-ઓનું દુઃખ વિના કારણે ભોગવ્યું! હું (અચ્યુત—દાસ) ભગવાનનો દાસ છતાં ભગવાનને ભૂલ્યો, તેથી જ દુઃખી થયો. હવે હું આપને શરણે આવી અતિશય સુખી થયો. હવે મને આપ ટહેલ બતાવો, તે હું કરું. એટલે શ્રીઆચાર્યજીએ કહ્યું કે તું અમારી સાથે રહે. જે ટહેલ તારાથી બને તે કરજે. એટલે અચ્યુતદાસ શ્રીઆચાર્યજીની સાથે રહ્યા. આખી એક પરિક્રમામાં શ્રીઆચાર્યજીની ટહેલ તન મન લગાવીને કરી. પછી શ્રીઆચાર્યજી પ્રસન્ન થઇને અડેલ પધાર્યા, ત્યારે અચ્યુતદાસને કહ્યું કે હવે તમે ઘેર જઈ, સેવા કરો. આ સાંભળી અચ્યુતદાસની આંખોમાં જળ ભરાઇ આવ્યું, અને કહ્યું કે મહારાજ, આપનાં વચનામૃત સાંભળ્યા સિવાય અને આપનાં દર્શન કર્યા વિના મારાથી એક દિવસ પણ રહેવાશે નહિ. આપે બધું લૌકિક દુઃખ તો દૂર કર્યું, હવે આપ મને વિદાય કરશો તો આ અલૌકિક સંબંધી દુઃખ દૂર કરવાને કોણ સમર્થ છે? એટલે શ્રીઆચાર્યજીએ પ્રસન્ન થઈ પોતાની પાદુકાજીની સેવા આપી અને કહ્યું કે હું તારા પર બહુ જ પ્રસન્ન થયો છું. માટે જ્યાં રહેશો ત્યાં તને દર્શન આપીશ. તને જે સંદેહ હોય તે પૂછજે. તારો સંદેહ દૂર કરીશ. માટે હવે ઘેર જઈ ભગવત્સેવા કરો. એટલે અચ્યુતદાસ શ્રીઆચાર્યજીને દંડવત્ પ્રણામ કરી, શ્રી-

આચાર્યજીનાં પાદુકાજી પધરાવી, વિદાય થઈ, કડામાં પોતાને ઘેર આવ્યા.

વાર્તાપ્રસંગ ૧ લો.

આ અચ્યુતદાસ શ્રીઆચાર્યજીનાં પાદુકાજીની સારી રીતે સેવા કરતા, અને શ્રીઆચાર્યજી મહાપ્રભુજી નિત્ય અચ્યુતદાસને દર્શન આપતા, અને વાર્તા કરતા. વળી પુષ્ટિમાર્ગની રીત અને લીલાનો ભાવ કહેતા આ અચ્યુતદાસ એવા કૃપાપાત્ર ભગવદીય હતા. પછી કેટલાક દિવસે શ્રીઆચાર્યજી સંન્યાસ ગ્રહણ કરી કાશી પધાર્યા. ત્યાં દોઢ માસ સંન્યાસ રાખી પછી આસુરવ્યામોહ લીલા કરી. સાથે એક વૈષ્ણવ હતો, તેને વિરહનું દુઃખ બહુ જ થયું. તેથી આસુરવ્યામોહ કરતાં પહેલાં આ વૈષ્ણવને આપે કહ્યું હતું કે તું કડામાં અચ્યુતદાસ પાસે જજે; એ તારા બધા સંદેહ ને દુઃખ દૂર કરશે. હવે જ્યારે શ્રીઆચાર્યજીએ આસુરવ્યામોહ લીલા કરી ત્યારે વિરહથી દુઃખી થયેલા આ વૈષ્ણવે કડામાં અચ્યુતદાસ પાસે આવી ને શ્રીઆચાર્યજીના સંન્યાસગ્રહણની અને આસુરવ્યામોહ લીલાની વાત કરી, ત્યારે અચ્યુતદાસે કહ્યું કે શ્રીઆચાર્યજી એવું કદી ન કરે; તને મોહ થયો હશે. શ્રીમહાપ્રભુજી એવું કદી કરે જ નહિ; તને ભ્રમ થયો છે. ત્યારે આ વૈષ્ણવે કહ્યું કે હું કાશીમાં શ્રીઆચાર્યજીની સાથે હતો, ને (નજરે) જોઇને આવ્યો છું. ત્યારે અચ્યુતદાસે કહ્યું કે હવે બે ઘડીમાં ઉત્થાપનનો સમય થશે તે વખતે તારો સંદેહ દૂર થશે. એટલે આ વૈષ્ણવ બેસી રહ્યો. પછી ઉત્થાપનનો સમય થયો, એટલે અચ્યુતદાસે નાહી મંદિરનાં કમાડ ખોલી, આ વૈષ્ણવને બોલાવી ને શ્રીઆચાર્યજીનાં દર્શન કરાવ્યાં. આ વૈષ્ણવ જુએ છે તો શ્રીઆચાર્યજી બિરાજી પોથી જુએ છે, એટલે આ વૈષ્ણવ દંડવત્ પ્રણામ કરી ચકિત થઈ ગયો. આ વખતે શ્રીઆચાર્યજીએ આ વૈષ્ણવને કહ્યું કે કાશીમાં તેં લૌકિક લીલા દેખી તે ઉપરથી તું સંદેહ ન કર. હું મારા ભક્તોને ત્યાં સદા બિરાજું છું. હવે લૌકિક લોકોને મારાં દર્શન થશે નહિ. ભગવદીયોને નિત્ય દર્શન છે. એટલે આ વૈષ્ણવનો સંદેહ ગયો. આ અચ્યુતદાસ સદા સંયોગ રસમાં

મગ્ન રહેતા, એવા તે શ્રીઆચાર્યજીના સેવક કૃપાપાત્ર ભગવદીય છે, તેથી એમની વાર્તા કયાંસુધી કહીએ ? ॥ વાર્તા ૫૬ ॥

ભાવપ્રકાશ—આ શ્રીયમુનાજીની સખી છે, તેથી એની સંયોગી લીલા સંબંધી વાર્તા અનેક છે, પણ તે પ્રકટ કરી શકાય નહિ.

વાર્તા ૫૭ મી.

હવે શ્રીઆચાર્યજીના સેવક નારાયણદાસ કાયસ્થ (અંબાલય) અમ્બાલામાં રહેતા તેમની વાર્તા અને એનો ભાવ.

ભાવપ્રકાશ—આ લીલામાં કુમારિકાની સખી છે. લીલામાં એનું નામ 'વ્રજવિલાસિની' છે. તે અંબાલામાં એક કાયસ્થને ઘેર પ્રકટ્યા. આ નારાયણદાસ વીસ વરસના થયા, ત્યારથી તેમના પિતાની સાથે તે જતા તેમનો પિતા દેશાધિપતિનું કામ કરતો હતો. હવે આ નારાયણદાસને જુગાર ખેલવાનો બહુ જ શોખ હતો. પિતા બહુ મારે, બહુ સમજાવે પરન્તુ જુગાર ખેલ્યા વગર રહે નહિ. આ નારાયણદાસ એક દિવસ જુગાર ખેલવામાં રૂપિયા હારી ગયા. આ રૂપિયા માગનારો મનુષ્ય નારાયણદાસના પિતાની પાસે આવ્યો, અને તેણે કહ્યું કે નારાયણદાસ જુગારમાં હાર્યો છે. તેને રોક્યો છે માટે તમે પૈસા આપો. ત્યારે નારાયણદાસના પિતાએ કહ્યું કે એ નારાયણદાસ જ આપશે. ભારે ઝઘડો થયો. પછી નારાયણદાસના પિતાએ હજાર રૂપિયા આપ્યા અને દેશાધિપતિને કહ્યું કે નારાયણદાસને દેશપાર કરી દો. હવે નારાયણદાસ દક્ષિણ દેશમાં ગયા. ત્યાં એક બ્રાહ્મણ પાસે રહીને કંઈક વિદ્યા ભણ્યા અને પોથી વાંચવા લાગ્યા, અને જુગારનું વ્યસન છૂટી ગયું. હવે પાંચ દશ છોકરાં ભણાવે અને તેમાં પોતાનો નિર્વાહ કરે. હવે એક દિવસ બજારમાં એક દુકાન પર છોકરાઓને ભણાવતા હતા, તે વખતે એક છોકરાની કંઈક ભૂલ પડી તેથી તેને મારતા હતા; આ વખતે કૃષ્ણદાસ બજારમાં શ્રીઆચાર્યજીને માટે સીધુંસામાન લેવા આવ્યા હતા તેમણે નારાયણદાસને દૈવીજીવ જાણીને કહ્યું કે નારાયણદાસ, બાળકોને આમ ન મારવા, દયા રાખવી. ત્યારે નારાયણદાસે કહ્યું કે તમે તમારે કામે જાઓ, તમારે શા માટે કહેવું પડે છે ? અમારું તો આ કામ છે. ત્યારે કૃષ્ણદાસે કહ્યું કે આવી રીતે મારો છો તો જુગારની પાછળ અંબાલાથી નાસવું

પડયું તેમ અહીં પણ કોઇ બાળક મરી જશે તો હત્યા લાગશે અને હવે નાશીને ક્યાં જઇશ? ત્યારે નારાયણદાસે કહ્યું કે અંબાલાની વાત શી રીતે જાણી? મેં તમને કદી દેખ્યા તો છે નહિ. ત્યારે કૃષ્ણદાસે કહ્યું કે હું શ્રી-આચાર્યજીની કૃપાથી તારી બધી વાત જાણું છું. મેં પણ તને જોયો નથી, પરન્તુ તું ઉત્તમ દૈવી જીવ છે, તેથી તને કહ્યું હતું. આ છોકરાં ભણાવવાની આજીવિકા છોડી દે. એટલે નારાયણદાસે કહ્યું કે હું ખાઉં ક્યાંથી? એટલે કૃષ્ણદાસે કહ્યું કે કાયસ્થ છે તો કોઇની ચાકરી કરીને રળી ખા. ત્યારે નારાયણદાસે કહ્યું કે આવું તમારું કહ્યું કરું તો ખરાબ થાઉં; મારે તો આ જ ઠીક છે. ત્યારે કૃષ્ણદાસે કહ્યું કે તું જાણે, દુઃખી થઇશ. આમ કહી કૃષ્ણદાસ સીધું સામગ્રી લઈ શ્રીઆચાર્યજીની પાસે આવ્યા, અને શ્રીઆચાર્યજીને બધી વાત કહી કે મહારાજ, નારાયણદાસ કાયસ્થ એક અંબાલાનો અહીં છે, દૈવી જીવ છે, તેને મેં સમજાવ્યું પણ માન્યું નહિ. બાળકોને ભણાવે છે. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે ન માન્યું તો શું થયું? તમે તો એને સમજાવ્યું છે. હવે તમને શોધતો હમણાં જ આવશે. પછી શ્રીઆચાર્યજીએ રસોઇ કરી ભોગ ધરી ભોજન કર્યું; ગામ બહાર બગીચો હતો ત્યાં પોઢ્યા. હવે ત્રીજે પહોરે નારાયણદાસે પેલા છોકરાને જોરથી પાટી ખેંચીને મારી, એથી એ છોકરો મૂર્છા ખાઇને પડ્યો; એટલે નારાયણદાસે આ છોકરાને કોઠા (ઓરડી)માં લઈ જઈ નાક મોં બહુ જ મસળ્યાં, પરન્તુ મૂર્છા વળી નહિ. આ વખતે નારાયણદાસને યાદ આવ્યું કે બે પહોર પહેલાં પેલા મહાપુરુષે કહેલાં વચન સાચાં પડ્યાં. એમણે કહ્યું હતું કે હું શ્રીઆચાર્યજીની કૃપાથી જાણું છું, માટે એ મહાપુરુષ શ્રી-આચાર્યજીના સંગમાં જ હશે. પછી કોઠાને તાળું મારી ગામમાં બધાંને પૂછતો પૂછતો ચાલ્યો કે પરદેશથી કોઈ શ્રીઆચાર્યજી આવ્યા છે? આ વખતે એક પંડિત બ્રાહ્મણે કહ્યું કે શ્રીઆચાર્યજી પધાર્યા છે, તેમણે માયા-વાદનું ખંડન કર્યું છે, અને ભક્તિમાર્ગનું સ્થાપન કર્યું છે, તે ગામ બહાર બગીચામાં ઊતર્યા છે. તે સાંભળીને નારાયણદાસ દોડ્યા ને આ બગીચાને દ્વારે આવ્યા. અહીં કૃષ્ણદાસને જોઈ નારાયણદાસે કહ્યું: તમે જે વાત કહી તે બધી સાચી પડી છે. એ છોકરાને મેં ફરીથી માર્યો તેથી મૂર્છિત થયો છે. એમ કહી કૃષ્ણદાસને પગે પડી રડવા લાગ્યો, અને કહ્યું કે તમે મારો અપરાધ ક્ષમા કરો, મેં તમારું કહ્યું ન માન્યું. આ સાંભળી કૃષ્ણદાસે કહ્યું કે તું

રડીશ નહિ. તું હવે શ્રીઆચાર્યજીનાં દર્શન કર. એમની કૃપાથી બધું સારું થશે. ત્યારે નારાયણદાસે કહ્યું કે હુ શ્રીઆચાર્યજીને ઓળખતો નથી; તમે કૃપા કરીને મને લઇને ચાલો. એટલે કૃષ્ણદાસ નારાયણદાસને લઇને આવ્યા. શ્રી-આચાર્યજી પોઢીને ઊઠ્યા હતા. આ વખતે દંડવત્ પ્રણામ કરી, નારાયણદાસે વિનંતિ કરી કે મહારાજ, મેં આપનું કહ્યું માન્યું નહિ, તેથી દુઃખી થયો. હવે હું આપને શરણે આવ્યો છું. મારા માથા પરનું કલંક છોડાવો. પેલો ગૃહસ્થનો છોકરો મૂર્છિત થયો છે, તેથી તેને નિશાળના ઓરડામાં પૂરી તાળું મારીને આવ્યો છું. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે એ છોકરો સારો થઈ જ જશે. પરન્તુ પછી તું એ જ કામ કરીશ કે? એટલે નારાયણદાસે કહ્યું કે મહારાજ, હું આપનો દાસ, ગુલામ થઇને આપની પાસે રહીશ. આપ આજ્ઞા કરશો તે જ હું કરીશ. એટલે શ્રીઆચાર્યજીએ ઝારીજીમાંથી જળ લઇ વેદમંત્ર ભણી એક દુના (પડિયા)માં આપ્યું અને કહ્યું કે આ જળ છોકરા ઉપર છાંટજે એટલે છોકરો તરત જ ઊઠશે. પછી નારાયણદાસ જળ લઈને આવ્યા. કોટડીનું તાળું ઉઘાડી પેલો છોકરો મૂર્છિત પડ્યો હતો તેના પર (જળ) છાંટયું કે તરત જ આ છોકરો ઊઠ્યો. પછી આ છોકરાને ઘેર વિદાય કરી શ્રીઆચાર્યજી પાસે આવી દંડવત્ પ્રણામ કર્યા અને વિનંતિ કરી કે મહારાજ, હું આપને શરણે છું; મને સેવક કરો. મારે માથેથી આપે હત્યા ટાળી છે. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે જા, સ્નાન કરી આવ. એટલે નારાયણદાસ નાહીને અપરસમાં શ્રીઆચાર્યજી પાસે આવ્યા ત્યારે શ્રીઆચાર્યજીએ નામ સુણાવી બ્રહ્મસંબંધ કરાવ્યું, અને કહ્યું કે હવે તું તારી વસ્તુઓ હોય તે લઈને અમારી પાસે આવીને રહે. કોઈ બીજી જગ્યાએ જઇશ તો વળી પાછો દુઃસંગમાં પડીશ. હવે નારાયણદાસે ગામમાં જઈ બધાં છોકરાં એમનાં માબાપને સોંપી દીધાં અને પોતાની વસ્તુઓ લઇને શ્રીઆચાર્યજી પાસે આવીને રહ્યા અને શ્રીમુખની વાર્તા સાંભળી મહાપ્રસાદ લીધો. ચિત્તમાં બહુ આનંદ થયો. પછી આપ દ્વારકા પધાર્યા ત્યાંસુધી નારાયણદાસ શ્રીઆચાર્યજી સાથે રહ્યા. પછી શ્રીઆચાર્યજીએ કહ્યું કે નારાયણદાસ, હવે તું તારે ઘેર જા. ત્યારે નારાયણદાસે વિનંતિ કરી કે મહારાજ, મારા પિતાએ મને જુગારી જાણી દેશમાંથી કાઢી મૂક્યો છે, તો હવે ઘરમાં કેમ રાખશે? એટલે શ્રીઆચાર્યજીએ

કહ્યું કે હવે રાખશે, ચિંતા ન કર. ત્યારે નારાયણદાસે કહ્યું કે મહારાજ, માતાપિતા સેવક નથી તો મારો ધર્મ શી રીતે સચવાશે? તેઓ પ્રતિબંધ (વિરોધ) કરે તો મને મુશ્કેલી પડે. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે 'તારાથી સ્વરૂપસેવા તો થઈ શકશે નહિ, પરાઈ ચાકરી કરવાની, વળી ઘરમાં કોઈ સેવક નહિ માટે તને હસ્તાક્ષર લખીને આપું છું, તેને જે બને તે સામગ્રી ભોગ ધરીને મહાપ્રસાદ લેજે. પછી બ્રહ્મસંબંધનો ગદ્યમંત્રનો શ્લોક અને અષ્ટાક્ષર લખી નારાયણદાસને આપ્યા. હવે નારાયણદાસે દંડવત્ પ્રણામ કરી વિનંતિ કરી કે મહારાજ, આટલા દિવસ આપની પાસે રહ્યો, પણ મારા અંતઃકરણમાં જ્ઞાન ન થયું, માટે એવી કૃપા કરો કે મને સંસારનાં સુખદુઃખ બાધા ન કરે; મન શ્રીઠાકોરજીના ચરણારવિંદમાં ચોટ્યું રહે. એટલે શ્રીઆચાર્યજીએ પોતાનું ચરણામૃત આપ્યું, અને બાલબોધ ગ્રંથ ભણાવ્યો. પછી નારાયણદાસ શ્રીઆચાર્યજીને દંડવત્ પ્રણામ કરી દ્વારકાથી નીકળ્યા ને ચાર વર્ષે આવ્યા. આ વખતે માતાપિતાએ પ્રસન્ન થઇને કહ્યું કે બહુ જ દિવસે દીકરા, તું આવ્યો છે, કશું ભોજન કરો, જળ પીઓ. ત્યારે નારાયણદાસે કહ્યું કે હું શ્રીઆચાર્યજીનો સેવક થયો છું, તેથી મારે હાથે કરીને જ લઉં છું. આ શ્રીઆચાર્યજીની કૃપા છે. તમે તો મને જાણો છો કે હું જુગારી હતો. એ બધું વ્યસન શ્રીઆચાર્યજીએ છોડાવ્યું. હવે મને થોડીક જુદી જગ્યા આપો, ત્યાં બેસી પ્રભુનું નામ લઉં. તમે કહેશો તે કામકાજ કરીશ. આ સાંભળી પિતા બહુ જ પ્રસન્ન થયો કે જુગારનું વ્યસન તો છૂટયું. પછી ઘરમાં જુદી ઓરડી આપી ત્યાં ખાસા કરી નારાયણદાસ રહ્યા. તે કોઇની સાથે બહુ બોલે નહિ, અને માતાપિતા કહે તે કામ કરે. પોતાની રસોઇ કરી ભોગ ધરી મહાપ્રસાદ લે, અને ભગવન્નામ લે. પિતા પ્રસન્ન થયા કે મારી વૃદ્ધાવસ્થામાં છોકરો આવ્યો. હવે એની બુદ્ધિ (પણ) સુંદર થઇ. પછી પિતા નારાયણદાસને લઇને રાજદ્વારમાં ગયા, અને નારાયણદાસ પાસે બાદશાહનું બધું કામ કરાવવા લાગ્યા. ત્યારપછી કેટલેક દિવસે પિતાએ દેહ છોડ્યો.

વાર્તાપ્રસંગ ૧ લો.

હવે નારાયણદાસ હાકેમ થઇ કામ કરવા લાગ્યા. કામ બહુ રહેતું, એટલે નવરાશ મળે નહિ. શ્રીગોકુલ આવવાનું મન બહુ રહે,

અને શ્રીઆચાર્યજીનાં દર્શનમાં પણ મન બહુ રહે. આથી નારાયણદાસે એક નોકર રાખ્યો. તેને મહિને રૂપિયા ચારનો પગાર આપે. અને તેને કહ્યું કે તારું એ કામ કે મને ઘડી ઘડીમાં એવું કહી સંભળાવ કે ભૈયાજી, શ્રીગોકુલ શ્રીઆચાર્યજીનાં દર્શન માટે ક્યારે ચાલશો? આ જ કહ્યા કરવાનું. આ નોકર નારાયણદાસની સાથે રહેતો અને ઘડીઘડીમાં કહેતો કે ભૈયાજી, શ્રીઆચાર્યજીનાં દર્શન કરવા ક્યારે ચાલશો? ત્યારે નારાયણદાસ કહે કે હા, હમણાં જ ચાલીશું. આંખમાં જળ ભરાઇ આવે અને લીલારસમાં મગ્ન થઇ જાય, પછી કામકાજ કરે. વળી ફરી પેલો નોકર કહે કે ફરી મગ્ન થઈ જાય. વર્ષો વર્ષ શ્રીમહાપ્રભુજીને ભેટ મોકલતા. આ પ્રમાણે આખો જન્મારો આમ શ્રીગોકુલનું સ્મરણ કરી શ્રીઆચાર્યજીમાં મન લગાવી મગ્ન રહેતા. આ નારાયણદાસ એવા ભગવદીય હતા. એમની વાર્તા ક્યાંસુધી કહીએ? ॥ વાર્તા ૫૭ ॥

વાર્તા ૫૮ મી.

હવે શ્રીઆચાર્યજીના સેવક નારાયણદાસ ભાટ મથુરામાં રહેતા તેમની વાર્તા અને એનો ભાવ.

ભાવપ્રકાશ—આ નારાયણદાસ લીલામાં શ્રીગોકુલના વાનર છે. તે મથુરામાં એક ભાટને ઘેર જન્મ્યા ને મોટા થયા, પણ કવિત દોહા કશું જ આવડે નહિ. વિશ્રાંતિ ઘાટ પર બેસી રહે; જે કોઈ કશું આપે તેના વડે નિર્વાહ કરે. હવે એક વખત શ્રીઆચાર્યજી મહાપ્રભુજી મધ્યાહ્નસંધ્યા વિશ્રાંતિ ઘાટ પર કરતા હતા તે વખતે (સંધ્યાવંદન સમયે) આ નારાયણદાસ ભાટે શ્રીઆચાર્યજીનાં દર્શન કર્યાં. તે વખતે મનમાં આવ્યું કે આ મહાપુરુષ છે, તેમને હું મારા ભાગ્યની કાંઈ વાત પૂછું કે મારા ભાગ્યમાં શું છે? આમ વિચારી નારાયણદાસ ભાટે શ્રીઆચાર્યજીને દંડવત્ પ્રણામ કરીને પૂછ્યું: મહારાજ, હું ભાટ થઇને આવો મૂર્ખ કેમ રહ્યો? ન કવિતા આવડે, ન દોહા આવડે, વળી સારું સારું મીઠું બોલતાં પણ આવડે નહિ. અને જ્યારથી જન્મ્યો ત્યારથી માગી ખાતાં દિવસ જાય છે. કદી પણ મને દ્રવ્ય મળશે? દ્રવ્ય મારા ભાગ્યમાં છે કે નહિ? મારો હાથ તો આપ કૃપા કરીને જુઓ. ત્યારે શ્રી-

આચાર્યજીએ કહ્યું કે સારું થયું કે કવિત અને દુહા નથી આવડતાં. જો આવડતાં હોત તો રાજસી લોકો પાસે બોલતો આંટા ખાતો હોત. સારું થયું કે નથી ભણ્યો. વળી ઓછા પાત્રને પ્રભુ દ્રવ્ય આપતા નથી તે પણ કૃપા કરી છે. દ્રવ્ય મળે તો તે તેના મદમાં અનેક જીવોનું બૂરું કરે છે, તેથી જ વિષયાદિક પાપ કરે છે. તું ભૂખ્યો તો કદી રહ્યો નથી. માટે દ્રવ્ય તારા ભાગ્યમાં નથી. પ્રભુ તને ઓછું પાત્ર જાણી દ્રવ્ય આપતા નથી. પછી નારાયણદાસ ઊઠીને ઘેર ગયા; રાત્રિ પડી, એટલે ઊઠીને નારાયણદાસ ધ્રુવઘાટ પર ગયા, અને જુએ તો સોના રૂપાના ઢગલા પડ્યા છે, તે લોભથી લેવા મંડ્યા. એટલે શ્રીયમુનાજીમાંથી બે માણસો આવી નારાયણદાસને મારવા લાગ્યા અને કહ્યું કે તને શ્રીઆચાર્યજીએ લેવાનું કહ્યું છે કે લેવા આવ્યો છે? તને શ્રીઆચાર્યજીનાં વચન સત્ય છે તે જણાવવા માટે દ્રવ્ય બતાવ્યું છે. માટે શ્રી-આચાર્યજીની આજ્ઞા લઈ આવ, પછી લઈ જજે. આ સાંભળી નારાયણદાસ ઘેર આવી સૂઇ રહ્યા. પછી બીજે દિવસે સવારે નારાયણદાસ વિશ્રાંતિ ઘાટ પર આવીને બેસી રહ્યા. જ્યારે શ્રીઆચાર્યજી પ્રાતઃકાલનું સંધ્યાવંદન કરવા વિશ્રાંતિ ઘાટ પર પધાર્યા, તે સમયે નારાયણદાસે દંડવત્ પ્રણામ કર્યા. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે આખરે પશુ તો ખરોને, વિશ્વાસ આવ્યો નહિ! ત્યારે નારાયણદાસે વિનંતિ કરી : મહારાજ, આપનાં વચન બધાં સાચાં છે. ધ્રુવઘાટ પર દ્રવ્ય તો જોયું, એટલે લોભથી લેવા ગયો, તો બે માણસો જળમાંથી નીકળી મને મારવા મંડી પડ્યા, અને કહ્યું કે શ્રીઆચાર્યજીની આજ્ઞા હોય તો લઈ જા. તો મહારાજ, એ બે કોણ હતા? વળી આપ મને પશુ કહો તેનું શું કારણ? તે કૃપા કરીને કહો. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે એ બેઉ વરુણના દૂત છે, તેમણે તને લેવા દીધું નહિ. અને જો તું લેત તો તારો જન્મ બગડી જાત. વળી તું લીલામાં શ્રીગોકુલનો વાનર છે, તેથી અસમર્પિત ખાઇને સંસારમાં પડ્યો પડ્યો દુઃખ ભોગવે છે. આ સાંભળી નારાયણદાસે દંડવત્ પ્રણામ કરી વિનંતિ કરી કે મહારાજ, મને આ સંસારનાં દુઃખથી છોડાવો. હવે મને દ્રવ્યની ઇચ્છા નથી. એટલે શ્રીઆચાર્યજીએ નારાયણદાસને શ્રીયમુના-જીમાં સ્નાન કરાવી નામનિવેદન કરાવ્યું. આ વખતે નારાયણદાસે કહ્યું કે મહારાજ, મને ભગવત્સેવા પધરાવી આપો. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે પશુથી કદી પુષ્ટિમાર્ગીય સેવા બની છે ખરી? માટે તું રાત્રિ દિવસ અષ્ટાક્ષર મંત્રનો

જપ કર્યા કર, તને એથી જ ભગવત્પ્રાપ્તિ થશે. વળી આજ પછી શ્રીયમુનાજીને તીરે કોઈની પાસેથી કશું લેતો નહિ. તું ઘરમાં જ રહેજે. ઘરમાં જ તને જે જોઇએ તે આવી મળશે. વિશ્વાસ દૃઢ રાખજે. આમ કહી આપ સંધ્યાવંદન કરી મહાવન પધાર્યા. નારાયણદાસ ઘરમાં આવીને બેસી રહે, મુખથી અષ્ટાક્ષર મંત્ર કહ્યા કરે. તે જ દિવસે એક જણ આવીને દશ રૂપિયા ઘરમાં આપી ગયો. આથી નારાયણદાસનો વિશ્વાસ દૃઢ થયો, પછી તો તે ઘરમાં જ રહેતા અને શ્રીમહાપ્રભુજીનો આશ્રય રાખી અષ્ટાક્ષર જપ્યા કરતા.

વાર્તાપ્રસંગ ૧ લો.

આ નારાયણદાસ ભાટને શ્રીમદનમોહનજીએ (એકવાર) આજ્ઞા આપી કે હું વૃંદાવનમાં રાધાબાગમાં છું, ત્યાંથી ધરતી ખોદીને તું મને બહાર પધરાવ. એટલે નારાયણદાસ વૃંદાવનમાં જઇ, રાધાબાગમાં ખોદી, શ્રીમદનમોહનજીને પધરાવીને મથુરા આવ્યા. થોડા દિવસમાં અડેલથી શ્રીગોપીનાથજી મથુરા પધાર્યા, એટલે નારાયણદાસે શ્રીગોપીનાથજીને સઘળા સમાચાર કહ્યા. પછી શ્રીગોપીનાથજીએ શ્રીમદનમોહનજીને પંચામૃત સ્નાન કરાવી પાટે બેસાડ્યા. પછી કેટલાક દિવસ સુધી નારાયણદાસે સેવા કરી. હવે નારાયણદાસને પાછળ સગાસંબંધી કુટુંબી કોઇ હતું નહિ, તેથી વૈષ્ણવોએ શ્રીગુસાંઇજીને કહ્યું કે મહારાજ, નારાયણદાસનો દેહ છૂટ્યો. હવે શ્રીમદનમોહનજીને કયાં પધરાવવા? ત્યારબાદ બંગાળીઓ કે જેમણે કેટલોક વખત શ્રીનાથજીની સેવા કરી હતી, તે બંગાળીઓને શ્રીમદનમોહનજી આપ્યા. ॥ વાર્તા ૫૮ ॥

ભાવપ્રકાશ—તેનું કારણ એ છે કે શ્રીગોપીનાથજીએ પાટે બેસાડ્યા હતા. આ શ્રીગોપીનાથજી બળદેવજીનું રૂપ છે, તેમના સેવ્ય શ્રીઠાકોરજી મર્યાદામાર્ગીય છે, તેથી બંગાળીઓને શ્રીગુસાંઈજીએ મર્યાદામાર્ગીય પૂજા કરવા માટે આપ્યા. પુષ્ટિમાર્ગીય વૈષ્ણવને ન પધરાવી આપ્યા તેમજ પોતે પણ ન રાખ્યા. જો શ્રીઆચાર્યજીના સેવ્ય હોત તો આપ પધરાવત. શ્રીગોપીનાથજીએ પાટે બેસાડ્યા માટે શ્રીવલ્લભકુળ તેમજ વૈષ્ણવો દર્શન કરવા જાય છે. આ નારાયણદાસ એવા ભગવદીય છે.

વાર્તા ૫૯ મી.

હવે શ્રીઆચાર્યજીના સેવક નારાયણદાસ લુહાણા ઠઠ્ઠાના વાસી તેમની વાર્તા અને એનો ભાવ.

ભાવપ્રકાશ—આ નારાયણદાસ લીલામાં વિશાખાજીની સખી છે. લીલામાં એનું નામ 'કૃતકી' છે. તે ઠઠ્ઠા ગામમાં એક લુહાણાને ઘેર જનમ્યા. આ લુહાણો ગામમાં એક મોટો શેઠ હતો, તેથી ભારે વધાઈ કરી ઉત્સવ મનાવ્યો. હવે નારાયણદાસ પાંચ વરસના થયા ત્યારે તેમના શરીર ઉપર બધે જ કોલ્લા થયા. પિતાએ દેશદેશથી વૈદ્યો હોશિયાર હોશિયાર બોલાવી દવા કરી પરન્તુ કશાથી મટ્યું નહિ. હવે નારાયણદાસના પિતાએ બધાંને કહ્યું કે નારાયણદાસને કોઈ મટાડે તો એક લાખ રૂપિયા તેને આપું. પાંચ વર્ષ થઈ ગયાં, પરન્તુ કોલ્લા મટ્યા નહિ. નારાયણદાસ સુકાઇ ગયા. એવામાં પૃથ્વીપરિક્રમા કરતા કરતા શ્રીઆચાર્યજી ઠઠ્ઠા પધાર્યા, એટલે કોઇએ નારાયણદાસના પિતાને કહ્યું કે શ્રીવલ્લભાચાર્યજી પધાર્યા છે, માયાવાદનું ખંડન કર્યું છે. જો એમની કૃપા થાય તો નારાયણદાસને હમણાં જ સારું થઈ જાય. એટલે નારાયણદાસનો પિતા એક હજાર રૂપિયા ભેટ લઈ નારાયણદાસને ડોળીમાં બેસાડી શ્રીઆચાર્યજી પાસે આવ્યો. આવીને શ્રીઆચાર્યજીને દંડવત્ પ્રણામ કર્યા, અને એક હજાર રૂપિયા ભેટ ધર્યા. આ વખતે શ્રીઆચાર્યજીએ ખીજીને કહ્યું કે શું અમે વૈદ્ય છીએ કે કોલ્લા મટાડીએ? અમો તો જે કોઈ અમારો સેવક હોય તેનું લઇએ છીએ; તેને ભગવાનનું નામ સંભળાવીએ છીએ. શ્રીઠાકોરજીનું નામ અમારી પાસેથી સાંભળી જા અને આ દ્રવ્ય લઈ જા. અમારે ન જોઇએ. આ વખતે નારાયણદાસના પિતાએ પોતાની પાઘડી શ્રીઆચાર્યજીના આગળ ધરી, અને ચરણ પકડી પડ્યો રહ્યો, અને તેણે કહ્યું કે આપ તો ઈશ્વર છો. આ છોકરો આપ જ મને આપના તરફથી આપો છો. હું આપને શરણે છું. આપ મારા પર કૃપા કરો ત્યારે હું ઘેર જઈશ. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે હમણાં તું તારા પુત્રને લઇને ઘેર જા. અમે તારે ઘેર પધારીને સારો કરી દઈશું, એટલે જગત જાણશે નહિ. હમણાં જો મટાડી દઇએ તો સઘળું જગત અનેક દુઃખોથી ભરેલું છે, તે અમારી પછવાડે પડે. એટલે નારાયણદાસના પિતાએ કહ્યું કે મહારાજ, હું ઘેર જાઉં છું. અને આપ અન્યત્ર પધારી જાઓ તો હું આપનાં

ચરણારવિંદ પછી ક્યાંથી મેળવું? માટે મારે માથે હાથ મૂકો કે હું તારે ઘેર આવીશ જ. વળી મારે માથે ચરણ ધરો તો મને વિશ્વાસ આવે. આ પ્રકારે વચન આપો તો હું જાઉં. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું: તારે માથે તો હાથ ચરણ કશું નહિ ધરું. તું દૈવી નથી. તારા સ્વાર્થને માટે દીનતા બતાવે છે. તારામાં કાંઈ પ્રેમ નથી. નારાયણદાસ દૈવી જીવ છે, એને શરણે લેવો છે, માટે એને માથે હાથ ધરીશ. ત્યારે નારાયણદાસના પિતાએ કહ્યું કે મહારાજ, હું આટલી વિનંતિ આ પુત્રની ખાતર જ કરું છું, બીજું મારે કશું જ જોઈતું નથી. એને જ માથે હાથ ધરો. એટલે શ્રીઆચાર્યજીએ ડોળી પાસે જઈ જોયું તો નારાયણદાસ ડોળીમાં પડ્યો છે. તેના માથા પર તથા છાતી પર બેઉ ચરણ ધરી પડદો પાડી દીધો, અને કહ્યું કે હવે ઘેર લઈજા. એટલે નારાયણદાસનો પિતા ઘેર લઈ જઇ નારાયણદાસને જુએ છે તો કોઈ જગ્યાએ ફોલ્લાનું નામ નહિ. સુંદર દેહ બની ગયો છે. એટલે છોકરાને ગોદમાં લેવા લાગ્યો. ત્યારે નારાયણદાસે કહ્યું કે મને સારો કર્યો તે ક્યાં છે? ત્યારે નારાયણદાસના પિતાએ કહ્યું કે ગામ બહાર તળાવ પર છે. એટલે નારાયણદાસે કહ્યું કે એક માણસ મારી સાથે કરી આપો, એટલે હું ત્યાં જાઉં. ત્યારે પિતાએ કહ્યું કે અસવારી પર બેસીને જાઓ; ઘોડા છે—પાલખી છે. ત્યારે નારાયણદાસે કહ્યું કે તમે મૂર્ખ છો. ભગવાનનાં દર્શન કરવા પગે ચાલીને જઈએ. હવે નારાયણદાસે સાથે મનુષ્ય લઈ શ્રીઆચાર્યજીની પાસે જઈ દંડવત્ પ્રણામ કરીને વિનંતિ કરી કે મને કૃપા કરીને શરણે લો. આપે મને સારો કર્યો. મારા માથા પર અને છાતી પર ચરણારવિંદ મૂકયો, પરંતુ મને આપનાં દર્શન ન થયાં તેનું કારણ શું? એટલે શ્રીઆચાર્યજીએ નારાયણદાસને તળાવમાં નવરાવી નામ સુણાવ્યું. આ વખતે નારાયણદાસે કહ્યું કે મહારાજ, હું મહા અનાથ હતો, શરીરથી તો મોટા ઘરમાં જન્મ થયો પણ આઠે પહોર દુઃસંગથી ઘેરાયો હતો. એવો હું મહાદુષ્ટ પાપી તેના પર આપે આટલી બધી કૃપા કરી તે તો આપનાથી જ બને. હવે આપ જે આજ્ઞા મને આપો તે કરું, જેથી મારો ઉદ્ધાર થાય, વિવેક ધૈર્ય કદી છૂટે નહિ. આપના ચરણમાં જ મન લાગી રહે. આ સાંભળી શ્રીઆચાર્યજીએ કહ્યું કે એ તો જ્યારે તારા માથા પર અને હૃદય પર ચરણ ધર્યો ત્યારથી સઘળો ધર્મ તારામાં સ્થાપન કર્યો છે. હવે તને ભગવત્સેવા

આપું છું, તેની સેવા કરજે. પછી કંકુ મંગાવી બેઉ ચરણારવિંદમાં લગાવી એક વસ્ત્ર પર છાપી આપના ચરણારવિંદની સેવા આપી, અને કહ્યું કે હવે તું ઘેર જા. તને દૃઢ ભક્તિ આપી છે. વળી તારો પિતા આ હજાર રૂપિયા આપી ગયો છે તે પિતાને આપજે. ત્યારે નારાયણદાસે કહ્યું કે મહારાજ, આ મારા તરફથી ભેટ રાખો. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું : તારા તરફથી તો હું બહુ જ ભેટ રાખીશ. પિતા તો થોડા દિવસમાં મરી જશે; ત્યારપછી રાખીશ. આ દૈવી દ્રવ્ય નથી. પછી શ્રીઆચાર્યજીએ કહ્યું કે તારું નામ "નારાયણદાસ;" અગાઉ સહુ કોઈ તને "નરિયા" કહેતું. હવે નારાયણદાસ દંડવત પ્રણામ કરીને વિદાય થયા અને ઘેર આવ્યા. પિતાને હજાર રૂપિયા પાછા આપ્યા. ત્યારે પિતાએ કહ્યું કે આ તો મેં શ્રીઆચાર્યજીને ભેટ ધર્યા હતા, તું શા માટે લઈ આવ્યો? એમણે મારા પર મોટો ઉપકાર કર્યો છે, કે તને સાજો કર્યો. અને વધારે લેવાની ઇચ્છા હોય તો પાંચદશ હજાર બીજા લઇ જા. એટલે નારાયણદાસે કહ્યું કે એમને કશું જ નહિ જોઇએ. એ તો કેવળ પરમાર્થને માટે જ પ્રકટ્યા છે. એટલે પિતા ચૂપ થઇ ગયો. હવે નારાયણદાસ એક જુદી હવેલી લઇને રહ્યા. ત્યાં રહી શ્રીઆચાર્યજીનાં ચરણારવિંદની સેવા કરવા લાગ્યા. પછી શ્રીઆચાર્યજી પૃથ્વીપરિક્રમા કરવા પધાર્યા. અહીં નારાયણદાસે બધાંના હાથનું જળ છોડી દીધું. કોઈ વૈષ્ણવ આવે તો ભરે અગર પોતાને હાથે ભરે. આ સાંભળી નારાયણદાસ પર પિતા ખીજ્યો કે શું તું મજૂર છે કે જળ ભરે છે? આ તને કોણે શિખવાડયું? ત્યારે નારાયણદાસે કહ્યું કે તમે મને કંઇ જ કહેશો નહિ, મારા મનમાં આવશે તે હું કરીશ. તમે કોણ અને હું કોણ? આ સાંભળીને પિતા ક્રોધ કરીને બોલ્યો : મારું દ્રવ્ય તું બેઠો બેઠો ખાય છે, ખર્ચ કરે છે, અને મારી સાથે અવળું બોલે છે? એટલે નારાયણદાસે ઘરેણાં કપડાં વાસણ જે દ્રવ્ય હતું તે બધું પિતાને ઘેર મોકલાવી દીધું. આથી પિતા ગુસ્સે થયો. આ બધી વાત બાદશાહે સાંભળી એટલે બાદશાહે નારાયણદાસને કુલદીવાનગીરી આપી. આથી આ દેશાધિપતિને ત્યાં નારાયણદાસ જે કરે તે જ થાય. આથી તે દ્રવ્ય પણ બહુ જ કમાયા અને શ્રીઆચાર્યજીને બહુ જ ભેટ મોકલી. વળી જે વૈષ્ણવ આવે તેને મનમાન્યું દ્રવ્ય આપતા અને પ્રસન્ન કરીને વિદાય કરતા. આમ કરતાં કરતાં બહુ દિવસ વીત્યા.

વાર્તાપ્રસંગ ૧ લો.

હવે એકવાર નારાયણદાસ પર આ બાદશાહ કોપ્યો, તેથી નારાયણદાસને બંદીખાને નાખ્યા, પાંચ લાખ રૂપિયા દંડ કર્યો, અને તેની વ્યવસ્થા કરી કે રોજ પાંચ હજાર રૂપિયા ભરે, ને જે દિવસે પાંચ હજાર રૂપિયા ન ભરાય તે દિવસે પાંચસો કોરડા મારવા. હવે અડેલમાં શ્રીઆચાર્યજીના સેવક બે બ્રાહ્મણ વૈષ્ણવો હતા તેમને એક દીકરી ઉમર લાયક હતી તેના વિવાહ માટે દ્રવ્ય કાંઇ હતું નહિ. ત્યારે બેઉએ વિચાર કર્યો કે આપણે ઠઠ્ઠા જઇએ; નારાયણદાસ પાસેથી કાંઇક દ્રવ્ય લાવીને પુત્રીનો વિવાહ કરીએ. આવો વિચાર કરી બેઉ ભાઇ બ્રાહ્મણ અડેલથી નીકળી ઠઠ્ઠા આવ્યા. ત્યારે સાંભળ્યું કે નારાયણદાસ મળશે નહિ, માટે સવારમાં ઊઠીને ચાલ્યા જઇશું. આ વખતે એક માણસે નારાયણદાસને આવીને કહ્યું કે બે બ્રાહ્મણો શ્રીઆચાર્યજીના સેવક આવ્યા છે, તે તમે બંદીખાને છો એવું સાંભળી સવારમાં ઊઠીને જવાના છે. આ ઉપરથી નારાયણદાસે આ બે વૈષ્ણવો પાસે પોતાનો માણસ મોકલ્યો અને કહેવડાવ્યું કે સવારમાં મને દર્શન દઇને જવું હોય ત્યાં જજો. મારાં મોટાં ભાગ્ય છે કે તમે મને આ સમયે દર્શન આપ્યાં. ત્યારે આ માણસે આવી આ બ્રાહ્મણ વૈષ્ણવોને કહ્યું કે નારાયણદાસને મળીને જવું હોય ત્યાં જજો. એટલે પ્રાતઃકાલમાં ઊઠીને આ બેઉ જણે દેહકૃત્ય કરી સ્નાન કર્યું. પછી શ્રીઆચાર્યજીના તથા શ્રીનાથજીના ચરણામૃત મહાપ્રસાદની થેલી લઈ નારાયણદાસની પાસે આવ્યા. નારાયણદાસ ઊઠીને તેમને મળ્યા, પ્રેમથી પાસે બેસાડ્યા. પછી બેઉ વૈષ્ણવોએ શ્રીઆચાર્યજીનું ચરણામૃત, શ્રીનાથજીનું ચરણામૃત, અને મહાપ્રસાદની થેલી આપી. નારાયણદાસે તે માથે ચઢાવીને લીધાં. પછી નારાયણદાસે શ્રીઆચાર્યજીની કુશળતા પૂછીને કહ્યું કે મારું મોટું ભાગ્ય છે કે વૈષ્ણવોએ મને બંદીખાનામાં દર્શન આપ્યાં. આજ મારી બંદીખાનાની સજા પૂરી થઇ જશે. હવે મેં જાણ્યું કે મારા પર શ્રીઆચાર્યજીની ને શ્રીઠાકોરજીની કૃપા છે કે જેથી આ જગ્યાએ પણ આ સમયે મને વૈષ્ણવોએ દર્શન આપ્યાં. આવી રીતે

વાત કરે છે એટલામાં પાંચ હજારની પાંચ થેલી નારાયણદાસને ઘેરથી આવી. દ્વારપાળે આ પાંચેય થેલીઓ પર મહોર છાપ કરીને નારાયણદાસ પાસે મોકલી. નારાયણદાસે તો આ થેલીઓ માટે જ વૈષ્ણવોને વાતોએ વળગાડી મોડું કર્યું હતું. થેલી આવી એટલે લાવનાર માણસને વિદાય કરી વૈષ્ણવોને કહ્યું કે આ થેલીઓ લઇને તમે જલદી ચાલ્યા જાઓ. કાં તો બીજે ગામ જતા રહેજો અથવા અહીં રહેવાની ખબર પડવા દેશો નહિ. બે ચાર દિવસ પછી જજો. અત્યારે તો આટલું જ બન્યું. તમે આવ્યા પણ તમારી ટહેલ કશી જ થઇ શકી નથી. આમ કહી વૈષ્ણવોને દંડવત્ પ્રણામ કરી વિદાય કર્યા. અને કહ્યું કે શ્રીઆચાર્યજીને મારા તરફથી દંડવત્ પ્રણામ કરજો. આ (દ્રવ્ય)થી કન્યાઓનો વિવાહ કરી દેજો. વૈષ્ણવો પાંચ હજારની થેલીઓ લઈ ઘેર આવ્યા. એટલામાં બાદશાહ દીવાનખાનામાં આવીને બેઠા અને દીવાનને પૂછયું કે નારાયણદાસની પાંચેય થેલીઓ આવી ગઈ? ત્યારે દીવાને કહ્યું કે આવી ગઇ છે ને દ્વારપાળ પાસે મહોર સિક્કો કરાવી નારાયણદાસ પાસે મોકલી છે. આ સાંભળી તેણે ખજાનચીને પૂછયું કે નારાયણદાસના પાંચ હજાર રૂપિયા આવી ગયા? ત્યારે ખજાનચીએ કહ્યું કે મારી પાસે તો નથી આવ્યા! ત્યારે તેણે ક્રોધ કરીને કહ્યું કે નારાયણદાસને બંદીખાનામાંથી લાવો. એક માણસે નારાયણદાસને લાવીને દેશાધિપતિ પાસે ઊભા કર્યા. પછી દેશાધિપતિએ કહ્યું કે નારાયણદાસ, આજ થેલીઓ કેમ નથી આવી? ત્યારે નારાયણદાસે કહ્યું કે આજે થેલી આવી શકી નથી. એટલે બાદશાહે કોરડાવાળાને બોલાવીને કહ્યું કે બિવરાવજો, મારશો નહિ. એટલે કોરડાવાળા બેઉ બાજુ ઊભા રહી બિવરાવવા મંડ્યા. આ વખતે બાદશાહે કહ્યું કે હવે તારા શરીરની ખાલ પણ ઊખડી જશે; નહિ તો સાચું બોલ; ઘેરથી થેલીઓ તારી પાસે આવી છે, તો તેં તે કયાં સંતાડી છે, તે સાચું કહે. ત્યારે નારાયણદાસે કહ્યું કે મારા ગુરુભાઇ બ્રાહ્મણો આવ્યા હતા, તેમની પાસે કન્યાનાં લગ્ન માટે કશું હતું નહિ. તેઓ દૂરથી મારી આશાએ આવ્યા હતા, તેથી પાંચેય થેલીઓ મેં એમને આપી

દીધી છે. મનમાં વિચાર્યું કે આજે પાંચસો કોરડા ખાઇ લઇશ. એમનું તો કામ થઇ જશે! તેથી મેં એમને આપી છે. હવે તમારા મનમાં આવે તેમ કરો. નારાયણદાસની આવી વાત સાંભળીને બાદશાહ ઘડી ભર ચૂપ થઇ ગયો. મનમાં વિચાર્યું કે આ ભૂમિ પર આવા પરમાર્થી લોકો છે! માટે આ ધર્મથી જ આ ભૂમિ સ્થિર રહી છે. પછી દેશાધિપતિએ કહ્યું કે નારાયણદાસ, તને શાબાશી છે, હું તારા પર બહુ જ પ્રસન્ન થયો છું. તું ગુરુના ધર્મમાં આટલો બધો સાચો છે? પછી ઘોડો, સિરપાવ મંગાવી નારાયણદાસને કહ્યું કે આગળ જેવી રીતે કામકાજ કરતા હતા તેવી જ રીતે કરો. બધો દંડ માફ કર્યો. પછી નારાયણદાસને સિરપાવ પહેરાવી ઘોડા પર બેસાડી ઘેર મોકલ્યા. પેલા બે બ્રાહ્મણ વૈષ્ણવોએ સાંભળ્યું કે, નારાયણદાસ બંદીખાનામાંથી છૂટ્યા છે. ને સિરપાવ પહેરી ઘોડા પર ચડીને આવ્યા છે, ત્યારે પ્રસન્ન થઇને નારાયણદાસને મળવા આવ્યા. નારાયણદાસ ઊઠીને તેમને મળ્યા અને કહ્યું, કે તમારાં દર્શનથી છૂટ્યો. પછી હજાર મહોરોની થેલી શ્રીઆચાર્યજીને ભેટ આ વૈષ્ણવોના હાથમાં આપી અને આ વૈષ્ણવોને પણ કંઇક આપી કહ્યું કે શ્રીઆચાર્યજીને મારા દંડવત્ પ્રણામ કરજો. પછી બેઉ ભાઇ નારાયણદાસની વિદાય લઇ ચાલ્યા અને કેટલાક દિવસે શ્રીગોકુલ આવ્યા. ત્યાં શ્રીઆચાર્યજી પધાર્યા હતા ત્યાં આવી નારાયણદાસના દંડવત્ પ્રણામ કરી હજાર મહોરો ભેટ ધરી, નારાયણદાસના બધા સમાચાર કહ્યા. આ વખતે શ્રીઆચાર્યજીએ કહ્યું કે વૈષ્ણવો પર આવો પ્રેમ જોઇએ. આવો ધર્મ જેના હૃદયમાં હોય તેનું સદા કલ્યાણ જ થાય. પછી બેઉ બ્રાહ્મણ વૈષ્ણવોએ શ્રીઆચાર્યજીની વિદાય લઈ અડેલમાં આવી સારી રીતે કન્યાનો વિવાહ કરી દીધો. આ નારાયણદાસ શ્રીઆચાર્યજીના એવા કૃપાપાત્ર ભગવદીય હતા. એમનું નામ પ્રથમ 'નરિયા' હતું તે શ્રીઆચાર્યજીના સેવક થયા પછી શ્રીઆચાર્યજીએ એમનું નામ 'નારાયણદાસ' રાખ્યું. ॥ વાર્તા ૫૯ ॥

ભાવપ્રકાશ—એ બાઈ બ્રાહ્મણ વૈષ્ણવો સાધારણ નામધારી જ હતા. તેઓ પુષ્ટિલીલા સંબંધી તો હતા જ નહિ, તેથી એમની વાર્તા કહી નથી. શ્રીઆચાર્યજીએ શરણે લીધા. તે શરણના પ્રતાપથી સંસારનાં દુઃખથી છૂટીને મુક્તિના અધિકારી થયા. તેથી નારાયણદાસ મોટા ભગવદીય હતા. એમની વાર્તા ક્યાંસુધી કહીએ?

વાર્તા ૬૦ મી.

હવે શ્રીઆચાર્યજીની સેવક એક ક્ષત્રાણી તે એકલી સિંહનંદમાં રહેતી એની વાર્તાનો ભાવ.

ભાવપ્રકાશ—લીલામાં નવનંદમાં મોટા ઉપનંદ છે, તેમની વહુનું નામ "સુનંદા" છે તે આ ક્ષત્રાણીનું પ્રાકટ્ય છે, તેથી એનો બાલભાવ છે. તેણે સિંહનંદમાં એક ક્ષત્રીને ઘેર જન્મ લીધો. તે જ્યારે અગિયાર વરસની થઈ ત્યારે વિવાહ થયો. પરણ્યા પછી એક મહિને તેનો વર હતો તેને શીતળા નીકળ્યાં, તેથી મરી ગયો. હવે આ માબાપને ઘેર રહેતી, બધું કામકાજ કરતી. હવે ત્રીસ વરસની થઈ એટલે માબાપ પણ મરી ગયાં. એક ભાઈ હતો તેના પર પ્રીતિ બહુ જ હતી, પરન્તુ ભાઇની સ્ત્રી ભોજાઈ તેની સાથે બને નહિ, તેથી આ ક્ષત્રાણીએ જુદું ઘર લીધું. ત્યારે ભાઇએ કહ્યું કે તું જુદી કેમ રહી? ત્યારે બહેને કહ્યું કે, નિત્ય કલેશ તો સારો નહિ. જુદી રહી તેમાં શું થઈ ગયું? હું તારી આજ્ઞામાં જ રહીશ, કામકાજ કહેજે. ત્યારે ભાઈએ સો રૂપિયા લઇ બહેનને કહ્યું: લે, આ તું ખર્ચ માટે રાખ. ત્યારે બહેને કહ્યું કે મારી પાસે અત્યારે તો ખર્ચી છે, ન હોય ત્યારે આપજે. ત્યારે ભાઇએ કહ્યું કે અત્યારે મારો હાથ છૂટમાં છે, માટે જે આપું તે લીધા કર. આગળ પછી શું જાણીએ કે શું થાય? એટલે આ રકમ તેણે રાખી. પછી આ સિંહનંદમાં સાસુવહુ હતાં ત્યાં જવા આવવા લાગી. તેણે એક દિવસે કહ્યું કે કશું કામકાજ શ્રીઠાકોરજીની સેવા મારી પાસે કરાવો. ત્યારે સાસુ વહુએ કહ્યું કે તું શ્રીઆચાર્યજીની સેવક થઈ હોત તો તારી પાસે કંઈક સેવા કરાવત.—ત્યારે આણે કહ્યું કે આચાર્યજી પધારે ત્યારે મને સેવક કરાવજો. પછી સાસુ વહુના શ્રીઠાકોરજીએ કહ્યું: આ ક્ષત્રાણી બુટ્ટી સારી કાઢે છે, માટે મારા વાઘામાં બુટ્ટી કઢાવી મને પહેરાવો. ત્યારે

વહુએ શ્રીઠાકોરજીને પૂછ્યું કે એ શ્રીઆચાર્યજીની સેવક નથી, વળી બુટ્ટી કાઢીને કશું લેશે નહિ તો હું કેવી રીતે કઢાવું ? ત્યારે શ્રીઠાકોરજીએ આ વહુને કહ્યું કે, એ ક્ષત્રાણી દૈવી જીવ છે માટે તું બુટ્ટી કઢાવ થોડા દિવસમાં શ્રીઆચાર્યજી પધારશે, ત્યારે એ સેવક પણ થશે અને કૃપાપાત્ર ભગવદીય થશે; માટે તું બુટ્ટી કઢાવ; મારી આજ્ઞા છે, તેથી મને બાધક નથી. એટલે એક સફેદ વાઘો આ ક્ષત્રાણીને વહુએ આપ્યો, અને કહ્યું કે આમાં નાની બુટ્ટી કાઢી દે. એટલે આ ક્ષત્રાણીએ પ્રસન્ન થઈને પોતાનું ભાગ્ય માનીને પોતાને ઘેર લઈ જઈ પ્રેમથી અપરસમાં બુટ્ટી કાઢી. કોરા વસ્ત્રમાં અપરસની ચિંતા રાખવાની નથી તોપણ શ્રીઠાકોરજીનું જાણીને અપરસમાં કાઢીને વહુને આપ્યું એટલે વાઘો વહુએ શ્રીઠાકોરજીને અંગીકાર કરાવ્યો. પછી જ્યારે રાત પડી ત્યારે આ ક્ષત્રાણીને શ્રીઠાકોરજીએ સ્વપ્નમાં કહ્યું કે મેં તારી બુટ્ટી કાઢેલી ભાવથી અંગીકાર કરી છે. હવે શ્રીઆચાર્યજી બે દિવસમાં પધારશે, તો તારા ભાઈને ઘેર શ્રીઠાકોરજી છે તે ભાઇ પાસે માગી તું તારે ઘેર પધરાવ. તેમની સેવા તું કરજે. તરત જ આ ક્ષત્રાણીની આંખ ઊઘડી ગઈ અને કહેવા લાગી કે ક્યારે સવાર થાય અને ક્યારે હું મારા ભાઇ પાસે જાઉં. સવાર થયું એટલે ક્ષત્રાણી ભાઇ પાસે ગઈ. અહીં ભાઈએ કહ્યું કે બહેની, આજ તું કેમ આવી ? ત્યારે તેણે કહ્યું : ભાઈ અને ભોજાઈ બે દિવસથી લડ્યાં હતાં. ક્લેશથી રસોઇ પણ કરી નહોતી; આથી મને એકલીને કંઇ ગોઠતું નથી, તો તમે જો તમારા શ્રીઠાકોરજી મને આપો તો હું પૂજા કરું. ત્યારે ભાઈએ પ્રસન્ન થઇને કહ્યું કે બહેન, આ બહુ સારી વાત કરી. શ્રીઠાકોરજી બે દિવસના ભૂખ્યા બેઠા છે; મારી વહુ રોજ ક્લેશ કરે છે; માટે તું લઈજા. ત્યારે આણે કહ્યું કે તમે તમારા હાથે પધરાવી આપો. જો હું જાતે લઈ જાઉં તો તમારી વહુ મારી સાથે લડે. એટલે ભાઈએ નાહીને શ્રીઠાકોરજી પધરાવી આપ્યા. એટલે પ્રસન્ન થઇને ઘેર લાવી, રસોઈ કરી, ભોગ ધરી, મહાપ્રસાદ લીધો. હવે શ્રીઆચાર્યજી થાણેશ્વર પધાર્યા ત્યારે વહુએ કહ્યું કે શ્રીઆચાર્યજી પધાર્યા છે; હું દર્શન કરવા જાઉં છું. તું આવીશ ? ત્યારે આ ક્ષત્રાણીએ કહ્યું કે હું મારા ભાઈને ત્યાંથી શ્રીઠાકોરજીને પધરાવી લાવી છું તે ઘેર લઈ આવું. ત્યારે વહુએ કહ્યું, જલદી લઇ આવ. એટલે આ ક્ષત્રાણી શ્રીઠાકોરજીને લઇ આવી, અને

વહુની સાથે થાણેશ્વર આવી, અને શ્રીઆચાર્યજીને દંડવત પ્રણામ કર્યા. આ વખતે વહુએ ક્ષત્રાણીના બધા સમાચાર કહ્યા પછી વિનંતિ કરી કે મહારાજ, હવે આને કૃપા કરીને શરણે લો. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે હું જાણું છું કે એના ઉપર શ્રીઠાકોરજીએ પહેલેથી જ કૃપા કરી છે. પછી આ ક્ષત્રાણીને કહ્યું કે જા, તું સ્નાન કરી આવ. એટલે આ ક્ષત્રાણી સરસ્વતીમાં નાહીને શ્રીઆચાર્યજી શ્રીમહાપ્રભુજી પાસે આવી, એટલે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ નામ સુણાવી બ્રહ્મસંબંધ કરાવ્યું. પછી શ્રીઠાકોરજીને પંચામૃત સ્નાન કરાવી 'શ્રીનવનીતપ્રિયજી' નામ ધર્યું અને એ ક્ષત્રાણીને માથે પધરાવ્યા અને કહ્યું કે મન લગાવીને સેવા કરજો. પછી આ ક્ષત્રાણી અને વહુ શ્રીઆચાર્યજીને દંડવત્ પ્રણામ કરી વિદાય થઇને સિંહનંદમાં આવી સેવા કરવા લાગી. આ ક્ષત્રાણીની પ્રીતિ જોઈ શ્રીઠાકોરજી ચોથે જ દિવસે સાનુભાવ જણાવવા લાગ્યા.

વાર્તાપ્રસંગ ૧ લો.

આ ક્ષત્રાણીનું બધું દ્રવ્ય વપરાઇ રહ્યું. અકિંચન હતી, તેથી સેવાથી પહોંચીને સૂતર કાંતતી તેની આવકમાંથી સેવા કરી નિર્વાહ કરતી. ઘરના બારણે કાછિયણ તરકારી ફળ મેવા વગેરે વેચવા આવે ત્યારે શ્રીઠાકોરજી કહે કે "અલી મા, તરકારીવાળી આવી છે, તું લે." એટલે આ ક્ષત્રાણી દમડી દમડીની બધા પ્રકારની થોડી થોડી લે. મેવાવાળી–ફળવાળી જ્યારે આવે ત્યારે શ્રીઠાકોરજી પોકારીને કહે: "અલી મા, મેવા–ફળ વેચાવા આવ્યાં." એટલે એક પૈસામાં પણ બધી જાતની વસ્તુ લે. આ વેચનારી કાછિયણ એમ જાણે કે આનો બેટો ઘરમાં બહુ જ વહાલો છે, તેથી નજર લાગે એ બીકે બહાર કાઢતી નથી; આમ સમજી તે ક્ષત્રાણીને પહેલી જ આપી જાય. વળી તેથી તેને ગામમાં કમાઇ પણ સારી થતી. તેથી પ્રથમ જ બેચાર વાર બારણે બોલીને આ બાઇને બધા પ્રકારની વસ્તુઓ આપી જાય અને આ ક્ષત્રાણી જે આપે તે લઈ જાય. આ ક્ષત્રાણી કેટલીક કાકડી વગેરે કાચી સમર્પે, કેટલીક તળીને સમર્પે, કેટલીક ભુજવડાં કરીને સમર્પે, વળી શાક કરે. આ પ્રકારે

જરા જરા સર્વ પ્રકારે પ્રીતિપૂર્વક કરી ભોગ ધરે. વળી કોઇ દિવસ તરકારીવાળી દૂર નીકળી જાય તો શ્રીઠાકોરજી દ્વાર પર જઇ દોડીને પોકારે કે જલદી લાવ, મારી મા લેશે. તે આવો સુંદર શબ્દ સાંભળીને દોડી આવતી. શ્રીઠાકોરજી તો બુમ પાડી અંદર જતા રહેતા, એટલે કાછિયણ તેમને દેખતી નહિ, ત્યારે આ ક્ષત્રાણી કહેતી કે લાલા, બહાર ન જઇએ, નજર લાગી જાય. ત્યારે શ્રી-ઠાકોરજી કહેતા કે તરકારી ચાલી જાય તો તું કયાંથી લાવે અને ભોગમાં શું ધરે? ત્યારે તે ક્ષત્રાણી કહેતી : બીજી ઘણીય કાછિયણો આવશે. પણ, આપ મંદિરથી બહાર ન જાઓ. ગામના બૂરા લોકોની નજર લાગશે. વળી કોઇક વેળા તરકારીવાળી બૂમ પાડીને જતી રહે અને આ ક્ષત્રાણી સેવા ટહેલમાં રોકાયેલી હોઇ સાંભળે નહિ ત્યારે શ્રીઠાકોરજી લૌકિક બાળકની માફક આવીને તેની સાથે ઝઘડો કરે કે "તરકારીવાળી જતી રહી, હવે તું કયાંથી લાવીશ? આજે શું ભોગ ધરીશ? શાક તરકારી વગર હું તો નહિ આરોગું." ત્યારે આ ક્ષત્રાણી કહેતી કે લાલા, બીજી કાછિ-યણ આવશે તેની પાસેથી હું તો લઇશ અને કદાચ નહિ આવે તો બજારમાંથી લાવી હું બધા પ્રકારની સામગ્રી કરીશ. તમે હઠ ના કરો, પ્રસન્ન રહો. ત્યારે શ્રીઠાકોરજી બાળકની માફક તેને ખભે ચડી જઇ કહેતા, કયારે લાવીશ? આ પ્રકારે તેના ઉપર પોતે કૃપા કરતા. વળી જે દિવસે બાળભોગની સામગ્રી કરવાના પૈસા ન હોય ત્યારે રોટી ચોપડીને ઢાંકી રાખતી, કેમકે શ્રીઠાકોરજી કોઇવાર પહોર રાત્રિ ગયે અને કોઇક વાર અર્ધી રાત્રીએ જાગીને કહેતા કે "મા, મને ભૂખ લાગી છે." ત્યારે તે બાઇ કહેતી : "લાલા, આજ તો પકવાન કાંઈ નથી, રોટી છે." ત્યારે શ્રીઠાકોરજી કહેતા : 'મને ટૂક કરી આપ.' તરત જ તે બાઇ બધી રોટલી પર ઘી ચોપડી થોડું થોડું બૂરું (ખાંડ) ભભરાવીને હાથ વડે ટૂક કરી શ્રીઠાકોર-જીના હાથમાં આપતી અને શ્રીઠાકોરજી નાના બાળકની માફક દાંતથી થોડા થોડા ટૂક કરીને આરોગતા. પછી જલ આરોગી, બીડી આરોગીને પોઢી જતા, ત્યારે આ બાઇના મનમાં બહુ જ ખેદ થતો

કે આજે લાલાને માટે કશું પકવાન ન બન્યું, કારણ કે પૈસા નથી. કોઇ જગ્યાએથી ઉધારે લાવી પકવાન કરી રાખું. રાત્રે સૂકી રોટી આરોગ્યા, તેથી એક દિવસ પ્રાતઃકાલે ઊઠી પાવલીનું ઘી ખાંડ ઉધારે લાવી ઘેર મેંદો કાઢી બે ચાર પ્રકારનું પકવાન કરીને ધરી રાખ્યું. પછી જ્યારે અર્ધી રાત્રિ ગઈ ત્યારે શ્રીઠાકોરજી જાગ્યા, અને કહે: મા, મને ભૂખ લાગી છે. એટલે ઊઠીને આ ક્ષત્રાણીએ પકવાન આગળ ધર્યું, તે આરોગીને શ્રીઠાકોરજી કહે કે આજે રોટી કેમ ન ધરી? તારી પાસે પૈસા તો હતા નહિ, તો પકવાન કયાંથી કર્યું? ત્યારે આ ક્ષત્રાણીએ કહ્યું કે શું કરું? લાલા, મારે કોઈ કમાનાર નથી અને વળી મારી પાસે પૈસા નથી. તમે સૂકી રોટલી સવારની રાખી મૂકેલી તે આરોગો તેથી મારા મનમાં દુઃખ થતું, તેથી પાવલી ઉધાર કરી પકવાન કર્યું છે. તે પૈસા બે ત્રણ દિવસમાં સૂતર વેચીને આપી દઇશ. ત્યારે શ્રીઠાકોરજીએ કહ્યું કે મા, ઉધારે દેવું કરી પકવાન શા માટે કર્યું? મને તો ચોપડેલી રોટલી બહુ જ ભાવે છે. કરજ માથે ચડી જાય તો આપી ન શકાય. વળી એ માગે તો ન અપાય તો કલેશ થાય, માટે એવું ન કરવું. આજ પછી ઉધારે ન લાવીશ. મને રોટી ભાવે છે, માટે રોટી ઘીથી ચોપડીને ધરી રાખજે. ત્યાર પછીથી આ બાઇ એ પ્રમાણે જ કરતી. સૂતરના પૈસા વધે તેમાં પકવાન કરતી. જો પૈસા ન હોય તો રોટલી ચોપડીને ધરતી. ॥ વાર્તા ૬૦ ॥

ભાવપ્રકાશ—શ્રીઠાકોરજીએ ઉધારે લેવાની એટલા માટે ના કહી કે ઋણ છે તે હત્યા બરાબર છે. મન શ્રીઠાકોરજીના સ્મરણમાં હોય તે લેણદારમાં જાય, અને જ્યાંસુધી કરજ ન ચૂકવાય ત્યાંસુધી તેની સેવાનું ફળ તેને મળે નહિ, જ્યાંથી કરજ કર્યું હોય તેને મળે. તેથી શ્રીઠાકોરજીએ આ બાઇને કરજ કરવાની ના પાડી. અહીં સંદેહ થાય કે આ બાઇ પાસે શ્રીઠાકોરજી બાળકની પેઠે કૃપા કરીને માગીને આરોગતા, તો પછી લક્ષ્મી તો શ્રીઠાકોરજીની દાસી છે, તો આ બાઈ પાસે દ્રવ્ય કેમ ન થયું કે જથી રોટી ધરવી પડતી? બાલભોગ ધરવામાં આવો સંકોચ કેમ થયો? કારણ કે વ્રજમાં શ્રીઠાકોરજી

પધાર્યા ત્યારે તો લક્ષ્મીજીએ વ્રજમાં વાસ કર્યો હતો. વ્રજનો આશ્રય કર્યો હતો તે વાત આપે પંચાધ્યાયીમાં ગોપિકાગીતના અધ્યાયમાં કહી છે કે "जयति तेऽधिकं जन्मना व्रजः श्रयत इंदिरा शश्वदत्र हि" (આપના જન્મથી વ્રજ અધિક વિજય પામી રહ્યું છે: અહીં લક્ષ્મી સતત આશ્રય કરીને રહી છે.) તો આ બાઈ એવી નિષ્કિંચન કેમ રહી? આવો સંદેહ હોય ત્યાં કહે છે કે લક્ષ્મી છે તે શ્રીઠાકોરજીની દાસી છે, શ્રીઠાકોરજીની ઇચ્છા પ્રમાણે કામ કરે છે. આ બાઇને શ્રીઠાકોરજીએ એટલા માટે દ્રવ્ય ન આપ્યું કે જો દ્રવ્ય થાય તો આ બાઇના મનનો નિરોધ ન થાય અને તો ભક્તોની આર્તિ શી રીતે વધે? દ્રવ્ય ન હોવાથી ચરખો કાંતે (તે દ્રવ્ય શ્રીઠાકોરજીને માટે છે એવું મનમાં રહે) તેથી મન પ્રભુમાં જ લાગ્યું રહે કે આટલું દ્રવ્ય થાય તો હું ફલાણી સામગ્રી કરું. મારો લાલા રોટી આરોગે છે, તો કશું સારું સારું તૈયાર કરીને આરોગાવું. આવી રીતે આ બાઇનું મન પોતાનામાં લગાડવા માટે શ્રીઠાકોરજીએ બહુ દ્રવ્ય ન આપ્યું. એટલું જ દે કે જેથી રોજનો પોતાનો નિર્વાહ થાય; અને ધનનો મદ આવે નહિ. માટે લક્ષ્મી ભગવાનની ઇચ્છાને આધીન છે, તેથી ધન ક્યાંથી થાય? આ બાઇનો પ્રભુએ આવી જ રીતે નિરોધ કર્યો. જ્યાં જેવી પ્રભુની ઇચ્છા હોય ત્યાં તેવી લીલા કરે છે. વળી એવો સંદેહ થાય કે અર્ધી રાતે પ્રભુ આ બાઇ પાસે માગે છે, તો નહાવાની અપરસ તેનો નિત્ય કેવો વિચાર? વળી તરકારીવાળી પોકારીને ચાલી જતી તો શ્રીઠાકોરજી આ બાઈના ખભા પર ચડીને ઝઘડો કરતા તો અપરસ ક્યાં રહી? મંદિરમાં પણ અપરસનો વિચાર કેવો છે? આ સંદેહ હોય ત્યાં કહે છે કે શ્રીઆચાર્યજીના પુષ્ટિમાર્ગમાં શ્રીઠાકોરજી મર્યાદાપુષ્ટિની રીતે બિરાજે છે. પુષ્ટિપુરુષોત્તમના સંપૂર્ણ ભાવથી સઘળી સામગ્રી આરોગે છે, સઘળી વસ્તુ વસ્ત્ર આભૂષણ વગેરે એ ભાવે અંગીકાર કરે છે, પરન્તુ દર્શન આપવામાં મર્યાદા રીતે બિરાજે છે, બોલતા નથી. હવે ભગવત્સ્વરૂપમાં બે પ્રકારે સ્વરૂપ છે: એક ભક્તોદ્ધારક સ્વરૂપ અને એક મર્યાદાપુષ્ટિની રીતે બધાંને દર્શન આપે છે તે. એક ભક્તોદ્ધારક સ્વરૂપનાં બધાંને દર્શન થતાં નથી. જ્યાંસુધી વૈષ્ણવનો પ્રેમ ન હોય ત્યાંસુધી મર્યાદા-પુષ્ટિ રીતે અંગીકાર અને દર્શન થાય છે. ભક્તોદ્ધારક સ્વરૂપ સર્વોદ્ધારક સ્વરૂપમાંથી બહાર પ્રકટ થાય છે, અને જ્યાં જેવું કાર્ય હોય, બાળક બને, તરુણ બને, વૃદ્ધ બને, ગાય વગેરે જેવું કાર્ય કરવું હોય તેવું સ્વરૂપ કરી આ ભક્તની

સાથે બોલે અને અનુભવ આપે. તથા મર્યાદાપુષ્ટિ સ્વરૂપ છે એ સ્વરૂપના મુખ દ્વારા જ બોલે અને અનુભવ જણાવે. હવે આ ક્ષત્રાણી મંદિરમાં બધી મર્યાદાસેવા અપરસ અને કામકાજ કરતી. શ્રીઠાકોરજી એની પાસે પોતે પધારે અને અર્ધ રાત્રે આવીને માગે, આ ભક્તોદ્ધારક સ્વરૂપને અપરસ નહિ. અહીં કેવળ પ્રેમ જ સર્વોપરિ ધર્મ છે. પૂર્ણબ્રહ્મ પુરુષોત્તમ આનંદરૂપ ભક્તોની સાથે લીલા કરે, હસે, બોલે વગેરે અનુભવ જણાવે, ત્યાં અપરસની મર્યાદાની સંભાવના નથી; ત્યાં કેવળ સ્નેહ કે જે સર્વોપરિ પ્રેમ છે તે જ કારણભૂત છે. આવી રીતે ભક્તોને ઘેર પુષ્ટિપુરુષોત્તમ શ્રીઠાકોરજી પુષ્ટિમાર્ગમાં બિરાજે છે; તેથી ભક્તોને ભક્તોદ્ધારક સ્વરૂપ કંઈક અનુભવ જણાવે છે. આવું મનમાં જાણી ઇરાદાપૂર્વક અપરસ ન રાખે તો અપરાધ થાય. મંદિરમાં તો શ્રીઠાકોરજીની સેવામાં પુષ્ટિમાર્ગીય મર્યાદાની રીતે સેવા કરે, પરન્તુ પ્રેમમાં કશી મર્યાદાનું અનુસંધાન ન રહે. તેમાં જે કાર્ય બને તે તો શ્રીઠાકોરજીને બધું જ પ્રિય છે, તેમાં કશું છોવાઈ જાય નહિ. શ્રીઠાકોરજી તો પ્રેમના ભૂખ્યા છે, મર્યાદાનું શું કામ છે? આવી રીતે જાણી જોઈને કરે—કલ્પિત જ્ઞાનથી મર્યાદા છોડે તો તેને અપરાધી ભ્રષ્ટ જાણવો. આ પ્રકારે ભેદ જાણવો. આ ક્ષત્રાણી એવી શ્રી-આચાર્યજીની કૃપાપાત્ર હતી, તેથી શ્રીઠાકોરજી બાળકની પેઠે અનુભવ કરાવતા. લીલામાં પણ ઉપનંદ ગોપની વહુ હતી તેથી ત્યાં પણ પુત્રભાવ, તેથી અહીં પણ પુત્રભાવ દૃઢ છે.[1] આ ક્ષત્રાણી બાઈની વાર્તા ક્યાંસુધી કહીએ?

વાર્તા ૬૨ મી.

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીનાં સેવક દામોદરદાસ કાય-સ્થની માતા, તેનું નામ વીરબાઇ તે શેરગઢમાં રહેતાં હતાં તેમની વાર્તા અને એનો ભાવ—

૧. આ ક્ષત્રાણીને અનુભવોનું કારણ તેનું તનુનવત્વ પણ છે. જે ભક્તો શુદ્ધ ભાવે, શુદ્ધ કાર્યથી દ્રવ્ય સંપાદન કરી પ્રભુને વિનિયોગ કરાવી નિર્વાહ કરે છે તેમની આવી અનુભવી દશા હોય છે, તેમનો સ્વભાવ શ્રીયમુનાજી સ્વરૂપ બની જાય છે, તેથી શ્રીગોકુલનું બાળલીલાનું સુખ તેને મૂળલીલાના સંબંધપૂર્વક મળે છે. ભક્તોનો અહીં વહેવાર લીલાત્મક તે લીલાના સંબંધપૂર્વક જ હોય છે. એ વસ્તુ અહીં ખાસ ક્ષણે ક્ષણે તરી આવે છે.

ભાવપ્રકાશ—લીલામાં આ પુલિંદીજી છે, ત્યાં "વનદેવી" એનું નામ છે. શ્રીગિરિરાજના સંગથી એને દઢ ભક્તિ પ્રાપ્ત થઈ છે. શ્રીમહાપ્રભુજી પ્રકટયા, શ્રીગોવર્ધનધર પ્રકટયા, તેથી ભૂમિ પર સઘળો ભગવદીય પરિકર પ્રકટ્યો છે.

હવે શેરગઢમાં એક કાયસ્થ ગૃહસ્થ દ્રવ્યપાત્ર બહુ જ હતો તે કાશી ગયો. ત્યાં કાશીમાં એક કાયસ્થને ઘેર વીરબાઇ પ્રકટી હતી, તેની શેરગઢના કાયસ્થ સાથે સગાઈ થઈ, પછી વિવાહ થયો. વીરબાઈને એક દીકરો શેરગઢમાં થયો, તેનું નામ દામોદરદાસ રાખ્યું. આ દામોદરદાસ નવ વર્ષના થયા ત્યારે શેરગઢમાં એક નવો હાકિમ આવ્યો તે બહુ જ લુચ્ચો આવ્યો. જેની પાસે દ્રવ્ય જુએ તેની પાસેથી તેના પર કંઈ આળ ચઢાવી બધું દ્રવ્ય લઇ લે. ચોરો પાસે પણ ચોરી કરાવે. ત્યારે વીરબાઇના પતિએ કહ્યું કે હવે શું કરીશું ? હાકિમ બધું દ્રવ્ય લઇ લેશે. ત્યારે આ સ્ત્રીએ કહ્યું કે બધું દ્રવ્ય ભેગું કરી મને સોંપી દો. હું કાશી મારાં માબાપને ઘેર જઇ રહીશ. જ્યારે બીજો સારો હાકિમ આવશે ત્યારે આવીશ. જો આ જ હાકિમ રહે તો તમે પણ પાછળથી કાશી ચાલ્યા આવજો. આ સાંભળી વીરબાઈના પતિએ કહ્યું કે આ બહુ સારી વાત છે. પછી કાયસ્થે બધું દ્રવ્ય ભેગું કરી, પાંચ દશ દિવસમાં તેની મહોરો કરી, પોતાની સ્ત્રી વીરબાઇને સોંપી, દામોદરદાસે પુત્ર તથા બે પુત્રીઓ બધાંને કાશી મોકલ્યાં, એટલે વીરબાઈ કાશી આવીને રહી. હવે ચાર મહિનામાં આ હાકિમે એક બ્રાહ્મણને કલંક લગાડી તેનું દ્રવ્ય અને ઘર લૂટી લીધું, તેને ઘેર શ્રીઠાકોરજીનું ગૌર મોટું સ્વરૂપ તથા લાલજી હતા તેમનાં પણ ઘરેણાં, કપડાં, વાસણ હાકિમજીએ લૂંટી લીધાં, એટલે આ બ્રાહ્મણની સ્ત્રી રડવા લાગી. ત્યારે આ બ્રાહ્મણે કહ્યું કે તું રડીશ નહિ. તું જો કે હવે શું થાય છે. આ હાકિમ બજારમાં ઘોડા પર ચઢીને ચાલ્યો જતો હતો, તે વખતે બ્રાહ્મણે તરવાર લઈ આ હાકિમને મારી અને તેથી તે ઘોડા પરથી પડી ગયો. પછી છાતી પર ચઢી પેટમાં કટારી મારી તેથી મરી ગયો. ત્યારે આ હાકિમના માણસોએ આ બ્રાહ્મણને માર્યો. આવી રીતે બે જણા મરી ગયા. આ વાત રાજાએ સાંભળી એટલે બીજો હાકિમ શેરગઢ મોકલ્યો. તે બહુ જ સારો માણસ આવ્યો, બધાને સુખ આપ્યું. જે બ્રાહ્મણ મરી ગયો

રૂપિયા બાંધી આપ્યા. શેરગઢમાં શાંતિ થઈ ગઈ,
હતો તેની સ્ત્રીને મહિને બે રૂપિયા બાંધી આપ્યા. શેરગઢ આવ્યા. હવે આ
જે લોકો જ્યાં ત્યાં જતા રહ્યા હતા તે બધા પાછા શેરગઢ આવ્યા. હવે આ
બ્રાહ્મણી જેનો બ્રાહ્મણ માર્યો ગયો હતો તેણે વીરબાઈના પતિને કહ્યું કે મારી
એકલીથી શ્રીઠાકોરજીની સેવા બનતી નથી. વળી મારી પાસે દ્રવ્ય પણ નથી.
ત્યારે આ કાયસ્થે કહ્યું કે મારી સ્ત્રી તથા પુત્ર પુત્રીઓ બધું કાશીમાં છે. હવે
ગામમાં શાંતિ થઈ છે તેથી હું અહીં બોલાવું છું. તેના આવ્યા પછી હું
શ્રીઠાકોરજી રાખીશ. ત્યારે આ બ્રાહ્મણીએ કહ્યું કે બહુ સારું. આ શ્રી-
ઠાકોરજી શેરગઢમાં નદી છે ત્યાં આ બ્રાહ્મણ આવ્યો હતો ત્યાંથી પ્રાપ્ત થયા
હતા. પછી આ કાયસ્થે વીરબાઈને તેડવા માટે ચાર માણસ સારા ગામના
પ્રામાણિક તેમને કાશી મોકલ્યા. તે માણસોએ જઈને વીરબાઈને કહ્યું કે હવે
શેરગઢમાં બીજો હાકેમ આવ્યો છે તે સારો માણસ છે, માટે તમે હવે શેરગઢ
ચાલો. તમારા ધણીએ તમને બોલાવ્યાં છે. એટલે વીરબાઈ સર્વ ધનની પેટી
લઈ પુત્ર દામોદરદાસ તથા બેઉ પુત્રીઓ સાથે કાશીથી ચાલ્યાં. પાંચ મઝલ
ચાલ્યાં અને એક નાનું ગામ આવ્યું ત્યાં મુકામ કર્યો. અહીં ચોર પાછળ
પડ્યા. જ્યારે પાછલી પહોર રાત્રિ બાકી હતી ત્યારે માણસો ઊંઘી ગયા એટલે
ચોરોએ પેટી લીધી. સવાર થવાની તૈયારી જાણી ચોરો ગામ બહાર રેતી-
ધૂળમાં પેટી દાટી ગામમાં આવીને બેસી ગયા. હવે સવાર થતાં જ વીરબાઈએ
કહ્યું કે પેટી ગઈ, હવે શું કરવું? મારું તો બધું ઘરનું દ્રવ્ય એમાં છે. પછી
આ ગામના લોકોને પૂછ્યું, તો લોકો કહે અમે શું જાણીએ? એટલે વીરબાઈ
તળાવ પર બેસી રડવા લાગી. હવે શ્રીઆચાર્યજી પૃથ્વીપરિક્રમા કરતાં કરતાં
આ તળાવ પર પધાર્યા. પ્રાતઃકાળની સંધ્યા કરી. આ બાઈને રુદન કરતાં
દીઠી અને (વિચાર્યું) કે આ દૈવી જીવ છે તે દુઃખી શાથી છે! પછી તેને
(આપશ્રીએ) પૂછ્યું કે એવું તને શું દુઃખ પડ્યું છે? એટલે વીરબાઈએ
જવાબ આપ્યો: મહારાજ, મને ભારે દુઃખ પડ્યું છે. કુટુંબ બહોળું છે તેમજ
દ્રવ્ય પણ બહુ જ હતું, પણ દ્રવ્યની પેટી રાત્રે ચોરાઈ ગઈ. હવે અહીં મારું
કોઈ નથી; કોને હું મારું દુઃખ કહું? પછી જે રીતે કાશીથી આવી હતી તે
બધું કહ્યું. એટલે શ્રીઆચાર્યજીને દયા આવી ને કહ્યું કે રડીશ નહિ, શ્રી-
ઠાકોરજી બધું સારું કરશે. એટલે વીરબાઈએ દંડવત્ પ્રણામ કરીને કહ્યું કે

મહારાજ, આ દ્રવ્ય મળે તો અર્ધું આપ લો, અને આપની કૃપાથી અમારું સઘળું કુટુંબાદિક જીવતું રહે. અને આપની દાસી બની જન્મભર આ આપનો ગુણ નહિ ભૂલું. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે તું દૈવી જીવ છે તેથી અમારી જ છે. અમારે તારું દ્રવ્ય જોઇતું નથી. પછી કૃષ્ણદાસ મેઘનને શ્રીઆચાર્યજીએ કહ્યું કે ચોરાએ ધૂળમાં પેટી દાટી છે ત્યાં જઈને એને બતાવી દો. એટલે કૃષ્ણદાસે વીરબાઈની સાથે જઈ (તે જગ્યા) બતાવી, એટલે તેણે ધૂળ દૂર કરી, પેટી લઈ, શ્રીઆચાર્યજી પાસે લાવી ધરી, અને કહ્યું કે મહારાજ, આપ આમાંથી અડધું મને આપો, અડધું આપનું છે. આ તો આપે જ આપેલું મને મળ્યું છે. અને મને સેવક કરો. એટલે શ્રી-આચાર્યજીએ કહ્યું કે અત્યારે તો તું માર્ગમાં છે, તેથી અમારા પુષ્ટિમાર્ગનો ધર્મ તારાથી બનશે નહિ. તું કશું સમજતી નથી, માટે દ્રવ્ય લઈ શેરગઢ જા. અમે શેરગઢ આવીશું ત્યારે તને સેવક કરીશું. તું કહીશ એ કરીશું. એટલે વીરબાઈએ વિનંતિ કરીને કહ્યું કે મહારાજ, આપ તો સાક્ષાત્ ઈશ્વર છો; હું દ્રવ્ય આપું છું તે લેતા નથી તો શેરગઢ પણ શા માટે પધારો ! આપનાં દર્શન મહાદુર્લભ છે, માટે મારા પર શ્રીઠાકોરજીએ ભારે કૃપા કરી કે આપે દર્શન દીધાં, માટે મને નામ સુણાવો અને અડધું દ્રવ્ય લો. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે તારે ઘેર આવીને તને સેવક કરવાની છે. પેલો બ્રાહ્મણ માર્યો ગયો તેની સ્ત્રી પાસે શ્રીઠાકોરજી છે તે તારે માથે પધરાવવાના છે, માટે અમે જરૂર શેરગઢ આવીશું, ત્યારે તારું કાર્ય સિદ્ધ થશે. ત્યારે વીરબાઈએ કહ્યું કે મહારાજ, શરીરનો કશો નિશ્ચય નથી અને આપની સન્મુખ બહુ બોલવું એ અપરાધ છે, માટે માથે ચરણ મૂકી આપ કહો કે શેરગઢ પધારીશું, કેમકે આપના ચરણ ધરવાથી મારું મન શુદ્ધ રહેશે. ત્યારે શ્રીઆચાર્યજી વીરબાઈની આવી પ્રીતિ જોઈ બહુ જ પ્રસન્ન થયા. પોતાના ચરણારવિંદ વીરબાઇના શિર પર ધરી વચન આપ્યું : અમે શેરગઢ પધારીને તને શરણે લઈશું. પછી વીરબાઈ દંડવત્પ્રણામ કરી પુત્ર પુત્રીઓને લઈ શેરગઢ તરફ ચાલી, કેટલાક દિવસે શેરગઢ આવી. પોતાના પતિને બધી શ્રી-આચાર્યજીની વાત કહી કે આવી રીતે કૃપા કરી છે. વળી શ્રીઆચાર્યજીએ એક બ્રાહ્મણને ત્યાં શ્રીઠાકોરજી બતાવ્યા છે તે ગૌર વર્ણના છે, તે તારે ઘેર

પધારશે એવું કહ્યું છે. તો આ બ્રાહ્મણી કોણ છે ? ત્યારે વીરબાઇના પતિએ કહ્યું કે એ બ્રાહ્મણી એકલી રહી છે, એનો પતિ તો માર્યો ગયો છે. તે રોજ કહે છે કે મારા શ્રીઠાકોરજી પધરાવો. ત્યારે વીરબાઈએ તેના પતિને કહ્યું કે ઢીલ ન કરશો, એ શ્રીઠાકોરજી આપણે ઘેર પધરાવી લાવો. શ્રીઆચાર્યજી બેચાર દિવસમાં જરૂર પધારશે, તે વખતે આ બ્રાહ્મણી શ્રીઠાકોરજી આપે કે ન આપે; તો શ્રીઠાકોરજી વચન કરીને લેજો કે ફરી પાછા નહિ આપું. એટલે આ ક્ષત્રાણીના પતિએ આ બ્રાહ્મણી પાસે જઈને કહ્યું કે મારી સ્ત્રી, પુત્ર પુત્રીઓ બધાં કાશીથી આવ્યાં છે, માટે શ્રીઠાકોરજી આપવા હોય તો આપ, નહિ તો અમે બીજા શ્રીઠાકોરજી પધરાવીશું. એટલે આ બ્રાહ્મણીએ કહ્યું કે મેં તો તમને પહેલેથી કહ્યું છે કે મારાથી પૂજા બનતી નથી. તમે હમણાં જ લઇ જાઓ. ત્યારે એમણે કહ્યું કે કદાપિ ફરી તમે શ્રીઠાકોરજી માગશો તો હું પધરાવી આપીશ નહિ. ત્યારે એ બ્રાહ્મણીએ કહ્યું કે હવે હું શું પધરાવવાની હતી ? દ્રવ્ય નથી, મારે ઘેર માણસ નથી. ત્યારે એણે કહ્યું કે એક શ્રીઠાકોરજી હું લઉં, એક તમે લો. મારે ઘેર પધરાવી જાઓ. આ બ્રાહ્મણીએ લાલજી લીધા અને મોટું ગૌર સ્વરૂપ આ કાયસ્થે લીધું, અને બેઉ સ્વરૂપ પોતાને ઘેર પધરાવ્યાં. પછી ચાર દિવસમાં શ્રીઆચાર્યજી શેરગઢ પધાર્યા. પોતે નદીને કિનારે એક બાગમાં ઊતર્યા. હવે આપશ્રીએ કૃષ્ણદાસને કહ્યું કે પેલી વીરબાઈને આપણી ખબર આપજે, અહીં બોલાવશો નહિ, તેની મનની પ્રસન્નતા હોય તો આવે. પછી કૃષ્ણદાસ ગામમાં ગયા. તેના દીકરા દામોદરદાસને જોઇને કહ્યું : તું ઘેર જઈને તારી માતાને કહેજે કે નદીને કાંઠે બગીચો છે ત્યાં શ્રીઆચાર્યજી પધાર્યા છે. આમ કહી કૃષ્ણદાસે શ્રીઆચાર્યજી પાસે આવીને કહ્યું કે વીરબાઇનો દીકરો દામોદરદાસ મળ્યો તેને કહી આવ્યો કે શ્રીઆચાર્યજી પધાર્યા છે. હવે દામોદરદાસે જઈને તેની માતાને કહ્યું કે શ્રીઆચાર્યજી પધાર્યા છે, એવું મને એમનો એક સેવક કહી ગયો છે, તે મેં તને કહ્યું. આ સાંભળતાં જ વીરબાઈ દોડી આવી. બગીચામાં આવી, શ્રીઆચાર્યજીને દંડવત્પ્રણામ કરી વિનંતિ કરી કે કે, મહારાજ, ઘેર પધારો, સઘળા કુટુંબને શરણે લો. શ્રીઠાકોરજી આપે કહ્યું હતું તે પ્રમાણે ઘરમાં પધરાવી રાખ્યા છે, તે મારે માથે પધરાવો. ત્યારે શ્રી-

આચાર્યજીએ કહ્યું કે તું દૈવી જીવ છે, તારાથી ભગવત્સેવા બનશે, તેથી તને નામ અને બ્રહ્મસંબંધ બેઉ કરાવવાનાં છે. અને તારું કુટુંબ સાધારણ જીવ છે, તેને નામ સુણાવીશું. તારા સંગથી બધાંનો ઉદ્ધાર થશે. માટે તું નદીમાં નાહી આવ. એટલે વીરબાઈ નદીમાં નાહી આવી. એટલે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ તેને નામ સુણાવી બ્રહ્મસંબંધ કરાવીને કહ્યું કે હવે તું ઘેર જા, તારા પતિને મોકલ, એટલે અમે તારે ઘેર પધારીશું. એટલે વીરબાઈએ ઘેર જઇ પતિને કહ્યું કે નદીતીરે બગીચામાં શ્રીઆચાર્યજી પધાર્યા છે તેમને વિનંતિ કરીને (આપણે ઘેર) પધરાવો. બધા સેવક થાઓ, અને કૃતાર્થ થાઓ. ત્યારે તેના પતિએ કહ્યું કે તું પણ સાથે ચાલ. પછી સ્ત્રી પુરુષ બેઉએ શ્રીઆચાર્યજી પાસે આવી, વિનંતિ કરી, ઘેર પધરાવ્યા. બધાંને શ્રીઆચાર્યજીએ નામ સુણાવ્યું. પછી ઠાકોરજીને પંચામૃતસ્નાન કરાવી પાટે બેસાડયા અને વીરબાઇને માથે પધરાવ્યા. મોટું ગૌર સ્વરૂપ હતું તેનું નામ "શ્રીકપૂરરાયજી" ધર્યું અને લાલજી હતા તેનું નામ "શ્રીનવનીતપ્રિયજી" ધર્યું અને (તે સ્વરૂપને શ્રીકપૂરરાયજીની આગળ ગોદમાં પધરાવ્યા) હિંડોરા, પલનામાં શ્રીનવનીતપ્રિયજીને ઝુલાવ્યા. પછી વીરબાઇએ વિનંતિ કરીને શ્રીઆચાર્યજીને પોતાને ઘેર પાંચ દિવસ રાખ્યા. પુષ્ટિમાર્ગની સેવાની બધી રીત શીખી લીધી. પછી અર્ધું દ્રવ્ય આચાર્યજીનું રાખી મૂકયું હતું તે ભેટ કર્યું. પછી શ્રીઆચાર્યજી પૃથ્વીપરિક્રમામાં પધાર્યા.

વાર્તાપ્રસંગ ૧ લો.

આ વીરબાઇ શ્રીઠાકોરજીની સેવા બહુ જ પ્રેમથી કરવા લાગી. થોડાક દિવસમાં શ્રીઠાકોરજી સાનુભાવ જણાવવા લાગ્યા, એવામાં વીરબાઇને ગર્ભ રહ્યો. બે ઘડી પાછલી રાત રહી ત્યારે દીકરાનો જન્મ થયો. હવે બધા લોકો છોકરાનો જન્મ જાણી વધાઇ વગેરેમાં જ્ઞાતિવહેવારમાં પડ્યા. શ્રીઠાકોરજીને ચાર ઘડી દિવસ ચડ્યો (પણ સેવાનું ઠેકાણું નહિ) તેથી વીરબાઈ બહુ જ કલેશ કરવા લાગી કે મારા શ્રીઠાકોરજીને મોડું થયું. બધાંને કહે કે શ્રીઠાકોરજીને કોઇ જગાડો, પણ કોઈ જગાડે નહિ. એમ કરતાં કરતાં પહોર દહાડો ચઢયો, એટલે વીરબાઇ મનમાં મહા તાપ કરતાં કરતાં રડવા લાગી

(અને કહેવા લાગી) કે આ પુત્ર પાપી ક્યાંથી આવે સમયે આવ્યો કે મારા શ્રીઠાકોરજી કાલના પોઢ્યા છે તે મને કોઇ જગાડતું નથી? હવે હું શું કરું? આવી રીતે ખૂબ વિરહ થયો એટલે શ્રીઠાકોરજી શય્યામાંથી બોલ્યા: તું રુદન શા માટે કરે છે? કોઇ નથી જગાડતું તો તું જ મને જગાડ. ત્યારે વીરબાઇએ કહ્યું કે મહારાજ, હું આ અઘોર નરકમાં પડી છું, આપને શી રીતે અડું? ત્યારે શ્રીઠાકોરજીએ કહ્યું કે ગોબર લગાડીને સ્નાન કર અને કછોટો વાળીને તું જ મને જગાડ. હું બીજા પાસે સેવા નહિ કરાવું. મારી આજ્ઞા છે માટે તને એમાં અપરાધ નહિ આવે. એટલે વીરબાઇએ ઊઠીને ગોબર લગાવી, સારી રીતે નાહીને કછોટો મારીને શ્રીઠાકોરજીને જગાડ્યા. પછી મંગળા કરી, શૃંગાર કરી, રસોઇ કરી, ભોગ ધરી પ્રસાદ લઇને પડી રહી. આવી રીતે તેર દિવસ પછી અપરસ કાઢી. પછી ચાલીસ દિવસ થયા ત્યારે સઘળાં વસ્ત્રો પાત્ર કાઢીને અપરસ બધી નવી કરી. શ્રીઠાકોરજીને પંચામૃત સ્નાન કરાવી શુદ્ધ થઈ પુષ્ટિમાર્ગની રીત પ્રમાણે સેવા કરવા લાગી. એટલે શ્રીઠાકોરજીએ પ્રસન્ન થઇ વીરબાઇને કહ્યું: તેં મારી પણ આજ્ઞા માની ને સૂતકમાં સેવા કરી પછી માર્ગની રીત પ્રમાણે અપરસ પણ કાઢી, તેથી હું તારા પર બહુ જ પ્રસન્ન થયો છું. આ પ્રમાણે શ્રીઠાકોરજીએ વીરબાઈ પર પ્રસન્ન થઈ પીંડરુ (વૃદ્ધિ સૂતક)માં પણ સેવા કરાવી, પરન્તુ બીજા પાસે ન કરાવી. આ વીરબાઈ એવી શ્રીઆચાર્યજીની કૃપાપાત્ર ભગવદીય હતી, એની વાર્તા ક્યાંસુધી કહીએ? ॥ વાર્તા ૬૧ ॥

ભાવપ્રકાશ—આમાં એ બતાવ્યું કે જે બહુ જ શુદ્ધ હોય, ઉત્તમ હોય, તોપણ પ્રીતિ વિના શ્રીઠાકોરજી સેવા ન કરાવે અને કરે તોપણ પ્રીતિ વિના (શ્રીઠાકોરજી) સેવા માને નહિ. વળી કોઈ ગમે તેવો અપવિત્ર, હીન, નીચ, હોય તેની પ્રીતિ હોય તો તેની જ પાસે ભગવત્સેવા કરાવે. આવી રીતે પીંડરુ, સૂતક તથા મહિનાના મહિના અટકાવમાં પણ વીરબાઈએ સેવા કરી, ઘરમાં કુટુંબ પરિવાર બહુ હતો છતાં તેમની કોઇની પાસે સેવા ન કરાવી. આની વાતો અનિર્વચ્ય છે. જેમ પુલિંદીજીને કુંકુમ ચરણા-

રવિંદથી તે દ્વારા બધા રસોનો અનુભવ કરાવ્યો, એ જ પતિભાવ વડે અહીં પણ સઘળા રસનો અનુભવ કરાવ્યો. એ વાર્તા વર્ણવી શકાય તેમ નથી. તેથી આટલી પણ લોક અને વેદની વિરુદ્ધ વાર્તા કહી છે, કેમકે પ્રેમની રીત અટપટી છે. ભગવદીય હોય તે આ મર્મ સમજે. તેઓએ જ સાંભળવા યોગ્ય છે; બીજાને આવી વાર્તા પર વિશ્વાસ ન આવે. આ વીરબાઇ સદા શ્રીઠાકોરજીની લીલાના રસમાં મગ્ન રહેતી. પ્રથમ તો હરિદાસોમાં ઉત્તમ એવા પરમ ભગવદીય ગિરિરાજનો તેને સંગ છે, તેથી એનો ભાવ અનિર્વચનીય છે.

વાર્તા ૬૨ મી.

હવે શ્રીઆચાર્યજીનાં સેવક બે સ્ત્રીપુરુષ ક્ષત્રિય સિંહનંદનાં વાસી તેમની વાર્તા અને એનો ભાવ—

ભાવપ્રકાશ—આ બેઉ લીલામાં વિશાખાજીની સખીઓ છે. પુરુષનું નામ "રંગા" અને સ્ત્રીનું નામ "હંસા" સખી છે. આ બેઉ શ્રીયમુનાજીમાં સ્નાન કરવા ગઇ, ત્યાં એમને શ્રીઠાકોરજી મળ્યા, ત્યાં નાના પ્રકારની વિહાર-લીલામાં મગ્ન થઈ ગઇ, પછી જળવિહાર કરવા લાગી. આ વખતે શ્રી-સ્વામિનીજી અને વિશાખાજી શ્રીયમુનાજીમાં સ્નાન કરવા પધાર્યાં, એટલે શ્રીઠાકોરજી શ્રીયમુનાજીમાંથી નીકળી એક વૃક્ષને ઓથે ઊભા રહ્યા, અને આ બે સખીઓ ચકિત થઇ જળમાં ઊભી રહી, એટલે શ્રીસ્વામિનીજીએ પોકારીને કહ્યું કે રંગા, હંસા, અમારી પાસે આવો. પણ આ સખીઓનું મન શ્રીઠાકોરજીમાં તલ્લીન હતું કે હે (પ્રભુ) પાછા કયારે આવશે ? તેથી એમણે સાંભળ્યું નહિ. એટલે શ્રીસ્વામિનીજીએ કહ્યું કે વિશાખા, આ તારી બેઉ સખીઓ બહુ જ ધૃષ્ટ છે. મેં બોલાવી પણ આવી નહિ. એટલે વિશાખાજીએ પોકારી કે રંગા, હંસા, અહીં આવો, તોપણ ન આવી ત્યારે વિશાખાજી કહે આવું માન ને ગર્વ થયાં કે આટલું બોલાવવા છતાં જવાબ પણ ન આપ્યો; માટે ભૂમિ પર પડો. એટલે બેઉ ભૂમિમાં પડી. સિંહનંદમાં બે ક્ષત્રિયનાં ઘર હતાં ત્યાં બેઉ પ્રકટી. સમય જતાં દશ વર્ષનાં બેઉ થયાં, ત્યારે બેઉનો વિવાહ થયો. પણ બેઉના મનમાં વૈરાગ્ય આવ્યો, તેથી બન્નેને એકબીજાને

વિચાર થયો કે વિષયાદિક સુખ તો પશુપંખીમાં પણ છે, માટે આપણને શ્રીઠાકોરજીએ મનુષ્યદેહ આપ્યો તો વ્રતાદિક કરી દેહ ઇંદ્રિયોનું દમન કરીએ. એટલે બેઉએ વ્રત લીધું. ભૂમિ પર સૂએ, હમેશાં ફલાહાર કરે, કોઇવાર દૂધ, કોઇવાર જલ વગેરે લે, એકાદશી નિર્જલ કરે, કાર્તિકમાં એક દિવસ ફળાહાર કરે ને એક દિવસ નિર્જલ રહે. આ પ્રમાણે વ્રત કરી બેઉએ શરીર સૂકવી દીધાં. એટલે બેઉનાં માબાપ ખિજાવા લાગ્યાં કે તમે આજથી આવાં કષ્ટ કરો છો, તેનું કારણ શું ? અત્યારે તો તમારે ખાવાપીવા પહેરવાના દિવસો છે, સારા ભોગ ભોગવો. શ્રીઠાકોરજીએ ચાર પૈસા આપ્યા છે તો સંસારનાં સુખ ભોગવો. ત્યારે બેઉ જણે કહ્યું કે સંસારનાં સુખ તો કૂતરાં ગધેડાં હોય તે ભોગવે; અમે તો વ્રત કરીશું. એટલે તેઓ ચૂપ થઇ ગયાં. હવે એકવાર બેઉ સરસ્વતીમાં માઘસ્નાન કરતાં હતાં તે વખતે શ્રીઆચાર્યજી થાણેશ્વર પધાર્યા હતા. પોતે સંધ્યાવંદન કરવા સરસ્વતી પર પધાર્યા તે વખતે બેઉને જળમાં ઊભેલાં જોઈને થાણેશ્વરના વૈષ્ણવોને પૂછ્યું: આ બેઉ સ્ત્રી પુરુષ કોણ છે ? આવી ટાઢમાં જળમાં ઊભાં છે, મહાદુર્બળ છે. ત્યારે વૈષ્ણવોએ કહ્યું કે મહારાજ, એ બેઉ ક્ષત્રિયનાં દીકરી દીકરો છે. બેઉ ધણીધણિયાણી છે. એમણે લૌકિક સંસારનું સુખ જાણ્યું જ નથી. હમેશાં વ્રત કરે છે. અન્નની વસ્તુ લેતાં નથી. બહુ જ કષ્ટથી શરીરને સૂકવી નાખે છે. માબાપનું કે કોઇનું કહ્યું માનતાં નથી. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું: એમને કોઈપણ રીતે સમજાવીને અમારી પાસે લાવો. એટલે વૈષ્ણવોએ સરસ્વતી પાર જઇ એ બેઉને કહ્યું: તમે સામે પાર ચાલો, શ્રીઆચાર્યજી બોલાવે છે. તમને વ્રતનું જે ફળ જોઈએ તે મળશે. એ સાંભળી બેઉ પ્રસન્ન થયાં ને વૈષ્ણવો સાથે પાર આવ્યાં. ત્યાં શ્રીઆચાર્યજીને દંડવત્પ્રણામ કરી ઊભાં રહ્યાં. એટલે શ્રીઆચાર્યજીએ કહ્યું: તમે આટલું બધું કષ્ટ સહન કરીને વ્રત કરો છો, તેનો મનોરથ શો છે? તમારે જે ફળ જોઇતું હોય તે લો. ત્યારે બેઉએ કહ્યું કે મહારાજ, ફળ તો ભારે ઇચ્છીએ છીએ અને સાધન તુચ્છ કરીએ છીએ, તો ફળ શી રીતે મળશે ? ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે તમે કહો તો ખરાં ! ત્યારે બેઉએ કહ્યું : અમારો એવો મનોરથ છે કે આ જ જન્મમાં ને આ જ શરીરથી શ્રીઠાકોરજી અમારી સાથે બોલે અને કૃપા કરે. હવે શ્રી-

ઠાકોરજી તો વ્રત તીર્થ વગેરે સાધનો કરી શી રીતે મળે? તો અમે શું કરીએ? બાકી તો વ્રતાદિક કરી શરીર છોડીશું; બીજો કોઈ ઉપાય અમે જાણતાં નથી. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું: વ્રત કરી શરીરને આટલું બધું કષ્ટ આપો છો, તેને બદલે શ્રીઠાકોરજીનાં સેવા અને સ્મરણમાં મન લગાડો તો આ જ જન્મમાં પ્રભુ કૃપા કરે. ત્યારે આ સ્ત્રી પુરુષે બન્નેએ કહ્યું કે મહારાજ, શ્રીઠાકોરજીની સેવા શી રીતે બને? અમે તો કશું પાસે રાખ્યું નથી. આ બે કપડાં જ મેલાં પહેરીએ છીએ, અને માબાપ પાસે જો દ્રવ્ય છે તેમાંથી સંસારના સુખ માટે જે માગે તે આપે, પરન્તુ પરમાર્થ માટે કે શ્રીઠાકોરજીના નામ પર એક કોડી પણ આપે નહિ. અમારી સાથે દ્વેષ કરે છે. હવે દ્રવ્ય વગર ભગવત્સેવા શી રીતે બને? ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે એ દ્વેષ કરે છે તે તો ઊલટું તમારા માટે સારું છે. બહિર્મુખ સાથે બોલવું મટ્યું. વળી સેવાને લાયક તમે બેઉ જણ ચાર આઠ ઘડી ઉદ્યમ કરશો તો તેમાં તમને નિર્વાહજોગ મળી રહેશે. તેમાં જ નિર્વાહ કરજો. સેવાને માટે શરીરને કષ્ટ થાય, તો ધીરજ રાખી કષ્ટ સહન કરો, તો તે શ્રીઠાકોરજી સહન કરી શકશે નહિ. તમને અનુભવ જણાવશે. વળી અમે થાણેશ્વરના વૈષ્ણવોને કહી દઇશું કે તમને ઉધારે આપશે. વ્યાપાર પણ સિદ્ધ કરશે. પરન્તુ તમારું મન ભગવત્સેવા કરવામાં હોય તો શ્રીઠાકોરજી તો ગમે તે ઉપાય કરશે જ. જો મન ન હોય તો તમારી બાબત તમે જાણો. ત્યારે બેઉએ કહ્યું કે મહારાજ, અમારું મન તો બહુ જ છે; માબાપના પ્રતિબંધથી ડરીએ છીએ. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે તમે માબાપના પ્રતિબંધથી ડરશો નહિ. અમે કહીએ તેમ કરો. તમારા બધા મનોરથ પૂર્ણ થશે. એટલે બેઉ જણે પ્રસન્ન થઇને કહ્યું: મહારાજ, અમે આપને શરણે છીએ. જે પ્રકારે અમારું કલ્યાણ થાય એવું કરો. એટલે શ્રીઆચાર્યજીએ કહ્યું કે સ્નાન કરીને આવ્યાં છો એટલે અપરસમાં તો તમે છો, આગળ આવો. એટલે બેઉ આગળ આવ્યાં. પછી બેઉને નામ નિવેદન કરાવ્યું. પછી શ્રીઆચાર્યજીએ થાણેશ્વરના વૈષ્ણવોને કહ્યું: હવે આમને માટે શ્રીઠાકોરજીનું સ્વરૂપ તૈયાર કરો. આ સાંભળતાં એક થાણેશ્વરના નામધારી વૈષ્ણવે કહ્યું કે મહારાજ, મારે ઘેર બે સ્વરૂપ છે, તો એક લાલજી હું આપું. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે જલદી અહીં

લઈ આવ. એટલે આ નામધારી વૈષ્ણવ સ્વરૂપ લઇ આવ્યો. એટલે શ્રી-આચાર્યજી મહાપ્રભુજીએ પંચામૃત સ્નાન કરાવી આ સ્ત્રી પુરુષને માથે પધરાવ્યા. પછી સિંહનંદના વૈષ્ણવો શ્રીમહાપ્રભુજીનાં દર્શન કરવા આવ્યા હતા તેમને કહ્યું કે આ બેઉ સ્ત્રીપુરુષ અમારાં છે, તેથી એમને કોઈ પ્રકારે દુઃખ ન પડે તેમ કરજો. ત્યારે વૈષ્ણવોએ કહ્યું : મહારાજ, અમે અમારા પ્રાણની પેઠે એમને જે જોઇએ તે સિદ્ધ કરી આપીશું. તે વખતે સાસુ વહુ દર્શન કરવા આવ્યાં હતાં, તેમણે કહ્યું કે અમારા ઘરમાં જગ્યા બહુ જ છે, તે અમે તમને આપીશું સેવા સંબંધી વસ્તુઓ સિંહાસન સજ્યા વગેરે સિદ્ધ કરી આપીશું, એટલે શ્રીઆચાર્યજીએ આ સ્ત્રીપુરુષને કહ્યું : તમે આ વહુની સાથે જાઓ. તમારા પર ભગવાન જલદી કૃપા કરશે. અને તમે જ્યાં રહેશો ત્યાં સુખી થશો. જેમાં પુષ્ટિધર્મ સિદ્ધ હોય તેવાં કાર્ય કરજો.[૧] પછી આ સ્ત્રીપુરુષ શ્રીઆચાર્યજીને દંડવત્પ્રણામ કરી આ વહુને ઘેર આવ્યાં, ત્યાં જુદી જગ્યા તૈયાર કરી શ્રીઠાકોરજીને પધરાવ્યા. એક વૈષ્ણવ પાસેથી ૨૨ રૂપિયા ઉધારે લીધા અને સામગ્રી લાવ્યાં. રસોઇ કરી શ્રીઠાકોરજીને ભોગ ધરી મહાપ્રસાદ લીધો. સાધન વ્રતાદિક બધું છોડી દીધું. વિષ્ણુપંચક વ્રત કરતાં. જયન્તી અને એકાદશી વ્રત કરે, એને વિષ્ણુપંચક કહે છે. આ પાંચ વ્રતો તે ચાર જયન્તી અને એકાદશી વિષ્ણુસંબંધી છે, તે વૈષ્ણવોએ અવશ્ય કરવાં, બીજાં વ્રત કરવાં નહિ. પછી સેવાથી પહોંચીને પુરુષ બજારમાં ગયો. વૈષ્ણવોએ બહુ સન્માન કરીને કહ્યું કે તમો દુકાન કરવી હોય તો દ્રવ્ય લો, અને ચાકરી કરો તો મહિને પગાર આપીએ. જે રીતે તમારું મન પ્રસન્ન હોય તેમ કરો. ત્યારે એણે કહ્યું કે મારું મન દલાલી કરવામાં છે, માટે દલાલી કરીશ. દલાલીમાં વૈષ્ણવો પ્રીતિથી નિત્ય રૂપિયો બે રૂપિયા એમને પેદા કરાવી આપતા. એ રીતે બાવીસ રૂપિયા કરજ આપી દીધું અને ભગવત્સેવા કરવા લાગ્યા. ત્યારે સ્ત્રીપુરુષ બેઉનાં માબાપ તેમની નિંદા કરવા લાગ્યાં, કે પ્રથમ તો બેઉ મહા ત્યાગી હતાં, હવે વૈષ્ણવો પાસે ભીખ

૧. ધંધો એવો કરજો કે જેથી પ્રભુ કૃપા કરે. મતલબ કે કોઇ પણ જીવને પ્રસન્નતા મળે તેવો ધંધો કરી સેવોપયોગી વસ્તુઓ પ્રાપ્ત કરજો. કોઇની લાગણી દુભાય તેવા કાર્યથી પ્રાપ્ત કરેલું દ્રવ્ય–વસ્તુ પ્રભુ અંગીકાર કરતા નથી.

માગીને નિર્વાહ કરે છે. પરાયા ઘરમાં જઈને રહ્યાં છે, તેથી અમને શરમ આવે છે. આવું કરવું હતું તો કોઈ બીજા ગામમાં જઇને રહેવું હતું. શ્રીઠાકોરજી લઇને લોકોને ઠગવા માટે મોટા ભક્ત બન્યાં છે. આવી વાત બધાંને કહે. આ વાત એક જણે આ ક્ષત્રિયને કહી તેથી આ પુરુષના મનમાં બહુ જ માઠું લાગ્યું. તેણે આવી સ્ત્રીને કહ્યું કે તારાં માબાપ ને મારાં માબાપ આવી રીતે જ્યાં ત્યાં નિંદા કરે છે. ત્યારે સ્ત્રીએ કહ્યું કે તમારાં અને મારાં માબાપ સાચાં છે. આપણી પાસે શું હતું? એક કોડી પણ હતી નહિ. બધા વૈષ્ણવોએ શ્રીઆચાર્યજીના સેવક જાણી મદદ કરી દીધી, તેથી હવે આપણે સુખી છીએ. પરન્તુ આવા પ્રકારની સેવા શ્રીઠાકોરજી માનશે નહિ. આપણો ધર્મ નાશ થયો. વૈષ્ણવોમાં પૂજાઇ ને ધન લઇને આપણો નિર્વાહ કર્યો, માટે આપણને ધિક્કાર છે. માટે એવી જગ્યાએ ચાલો કે જ્યાં આપણને કોઈ વૈષ્ણવ ઓળખે નહિ. ત્યાં જે કમાઈ લાવો તે ભોગ ધરીને નિર્વાહ કરીશું; ત્યારે જ શ્રીઠાકોરજી પ્રસન્ન થશે. માટે આપણાં માબાપ સાચી નિંદા કરે છે. આપણે નિંદાને જ પાત્ર છીએ, કારણ કે શ્રીઠાકોરજીને પ્રસન્ન કરવાને માટે શ્રીઆચાર્યજીને શરણે આવ્યાં છીએ ને સેવા પધરાવી છે. આપણે કાંઇ વૈષ્ણવોમાં પૂજાવા માટે કે આપણી મોટાઇને માટે વૈષ્ણવ નથી થયાં. માટે આપણો ધર્મ સાચવવો હોય તો શ્રીઠાકોરજીને લઈ આ ગામથી બીજી જગ્યાએ કંઈક વેગળે નીકળી જઇએ. સ્ત્રીની આ વાત સાંભળીને પુરુષે કહ્યું કે તને ધન્ય છે કે તેં આવી વાત શિખામણની કરી. પછી બધી તૈયારી કરી સાસુ વહુને કહ્યું કે હવે અમે જઇએ છીએ. તમારી બધી વસ્તુઓ સંભાળી લો. ત્યારે સાસુએ કહ્યું કે અમારો કશો અપરાધ હોય તો કહો. ત્યારે વહુએ કહ્યું કે કશો અપરાધ નથી, હવે એમના પર શ્રીઆચાર્યજીની કૃપા થઈ, પૂર્ણ કૃપા થઈ. પછી સાસુ વહુની રજા લઈ શ્રીઠાકોરજી પધરાવી સ્ત્રીપુરુષ નીકળીને ચાલ્યાં; કોઈ વૈષ્ણવને કે માબાપને પણ જણાવ્યું નહિ.

વાર્તાપ્રસંગ ૧ લો.

હવે તેઓ બેઉ કેટલાક દિવસે આગ્રા આવીને રહ્યાં. ત્યાં એક કોઠો ભાડે લીધો. જગ્યા જરાક ટૂંકી હતી, તેથી એક બાજુ

આલામાં શ્રીઠાકોરજી પધરાવ્યા. આલાની આગળ લાકડાં અને માટીથી મેંડ કરી જગ્યા વધારી, તેના પર સજ્યા રહેતી. એક બાજુ રસોઇ કરે અને એક બાજુ સીધું સામગ્રી ધરે. રાત્રે સ્ત્રી-પુરુષ કોટડીના બારણા આગળ સૂઈ રહે. બારણા આગળ જ માર્ગ હતો, તેથી શીતકાળ ને ઉષ્ણકાળ તો આ પ્રમાણે વિતાવ્યો, પછી વર્ષાઋતુ આવી. રાત્રે વરસાદ પડે. કોઠાને બારણે બેઠાં બેઉ પલળે. એમ કરતાં પલળતાં અર્ધી રાત્રિ ગઇ ત્યારે શ્રીઠાકોરજી મંદિરમાંથી બોલ્યા: વૈષ્ણવ, તમે શા માટે પલળો છો? બહારથી અંદર આવો. ત્યારે સ્ત્રીપુરુષે કહ્યું કે મહારાજ, કોઠો જરાક નાનો છે. અમારા મળમૂત્રના દેહ, અમે આપની પાસે શી રીતે સૂઇએ? મર્યાદા રહે નહિ. ત્યારે શ્રીઠાકોરજીએ કહ્યું: હું તો ઉપર ચોબારામાં છું, તમે નીચે આવો. તમે પલળો છો તેથી મને બહુ દુઃખ થાય છે. તમે અંદર આવો તો મને સુખ થાય. એટલે બેઉ સ્ત્રીપુરુષ અંદર આવી ધરતી પર સૂતાં. પણ આખી રાત બીતાં રહ્યાં કે કયાંક છીંક, ખાંસી, બગાસું આવે અગર વાયુ સરે તો અપરાધ પડે. આવી બીક મનમાં રાખતાં રહ્યાં. પછી સવાર થયું ત્યારે શ્રીઠાકોરજીની સેવાથી પહોંચીને સ્ત્રીએ વિચાર કર્યો: વર્ષાઋતુ આવી; આપણે અંદર સૂવું નથી, અને બહાર સૂઇએ તો પલળાય; તેથી શ્રીઠાકોર-જીને દુઃખ થાય. માટે એક નાનું સરખું છાપરું બારણા પર બના-વીએ. પછી એક છાપરું બારણા ઉપર બનાવી બેઉ સ્ત્રીપુરુષ બહાર આવીને સૂતાં. ત્યારે શ્રીઠાકોરજીએ કહ્યું કે અંદર કેમ ન સૂતાં? મારી આજ્ઞા હતી. એટલે બેઉ જણે કહ્યું કે મહારાજ, અમે લૌકિક જીવ છીએ માટે અનોસરમાં આપની પાસે આવવું સારું નહિ. આપે આજ્ઞા કરી તો અમે પલળતાં નથી; છાપરા નીચે છીએ. આથી શ્રીઠાકોરજી શુદ્ધભાવ જોઇ અનુભવ જણાવવા લાગ્યા. માગી માગીને આરોગતા. આ સ્ત્રીપુરુષ શ્રીઆચાર્યજીનાં એવાં કૃપાપાત્ર ભગવદીય હતાં, મહાન ભગવદીય હતાં, તેથી એમની વાર્તા કેટલી કહીએ?

॥ વાર્તા ૬૨ ॥

ભાવપ્રકાશ—આ વાર્તામાં એવો સિદ્ધાંત જણાવ્યો કે શ્રીઠાકોરજીથી બીતા રહેવું. અપરાધ પડે તો બાધક થાય. દાસનો એવો ધર્મ છે કે સ્વામીની બીક રાખે, પ્રીતિથી સેવા કરે, પરન્તુ પોતાનો ધર્મ ગુપ્ત રાખે, તો શ્રીઠાકોરજી પ્રસન્ન થાય. આ સ્ત્રીપુરુષની એવી પ્રીતિ હતી.

વાર્તા ૬૩ મી.

હવે શ્રીઆચાર્યજીનો સેવક એક સુતાર ખાતીધરનું કામ કરતો અને અડેલમાં રહેતો તેની વાર્તાનો ભાવ—

ભાવપ્રકાશ—લીલામાં શ્રીઠાકોરજીના અંતરંગી "શ્રીદામા" સખીનું એ પ્રાકટ્ય છે. શ્રીસ્વામિનીજી, શ્રીદામોદરજી જે લીલા કરે તેનો અનુભવ કરે તથા "શ્રીદામા" શ્રીસ્વામિનીજીનો ભાઈ થાય. વળી શ્રીઠાકોરજીનો અંતરંગી સખા છે, તેથી લીલામાં સહાયક છે. શ્રીસ્વામિનીજી સઘળી વાતો શ્રીદામાને પૂછતાં. હવે એક દિવસ શ્રીદામા ખેલમાં શ્રીઠાકોરજીની કાંધ પર ચઢ્યો. આ વાત સાંભળીને શ્રીસ્વામિનીજી અપ્રસન્ન થયાં; જો કે શ્રીઠાકોરજીએ શ્રીસ્વામિનીજીને સમજાવ્યાં. શ્રીસુબોધિનીમાં કહ્યું છે કે શ્રીદામા માલાકાર–માળારૂપ છે. તેથી શ્રીઠાકોરજી કાંધ પર ધરે છે એવું કહ્યું, તોપણ શ્રીસ્વામિનીજીને ઠીક ન લાગ્યું, તેથી શાપ આપ્યો કે જા, ભૂમિ પર પડ. આથી શ્રીદામા અડેલમાં એક સુતારને ઘેર જનમ્યા. આ જ્યારે તેવીસ વરસના થયા ત્યારે શ્રીઆચાર્યજીનાં દર્શન કરતાંની સાથે જ મન શ્રીઆચાર્યજીમાં આસક્ત થઈ ગયું. એટલે દંડવત્ પ્રણામ કરી વિનંતિ કરી કે મહારાજ, મને શરણે લો. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું: તમારાથી પુષ્ટિમાર્ગીય ધર્મ પળાશે કેવી રીતે? જ્ઞાતિ સાથે ખાનપાન છે. ત્યારે સુતારે વિનંતિ કરી કે મહારાજ, મારે ઘરનું શું કામ છે? હું તો આપની પાસે જ બેઠો રહી આપનાં દર્શન કરીશ. આપ વિના મારાથી એક ક્ષણવાર રહેવાશે જ નહિ. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે જા, શ્રીયમુનાજીમાં સ્નાન કરી આવ. તેથી આ સુતાર નાહીને શ્રીઆચાર્યજી પાસે આવ્યો, એટલે શ્રી-આચાર્યજીએ તેને નામનિવેદન કરાવ્યું.

વાર્તાપ્રસંગ ૧ લો.

હવે આ સુતાર શ્રીઆચાર્યજીના સ્વરૂપ પર આસક્ત થઈ

ગયા, તેથી શ્રીઆચાર્યજી પાસે બેઠો બેઠો દર્શન કર્યા કરે, તેથી આ સુતારના ઘરનાં બધાં ભૂખે મરવા લાગ્યાં. એટલે આ સુતારનાં કુટુંબી-માતા સ્ત્રી વગેરેએ શ્રીઆચાર્યજીનાં માતા ઇલ્લમ્માગારુજી પાસે આવીને કહ્યું: આ સુતાર રાત્રિ દિવસ શ્રીઆચાર્યજીની પાસે રહે છે, સુતારનું કામ કશું કરતો નથી; અમે અન્નપાન કયાંથી કરીએ? માટે તમે શ્રીઆચાર્યજીને કહો. આ સાંભળી શ્રીઆચાર્યજીને ઇલ્લમ્માગારુજીએ કહ્યું કે તમે સુતારની પાસે શા માટે બેસો છો? તેના ઘરનાં ભૂખે મરે છે. માટે એને ઘેર વિદાય કરો તો તે તેને ઘેર જાય. ત્યારે શ્રીઆચાર્યજીએ આ સુતારને કહ્યું કે તમે તમારે ઘેર જાઓ, કામકાજ કરો. ત્યારે સુતારે કહ્યું કે મહારાજ, આપનાં દર્શન કર્યા વગર મારાથી રહેવાતું નથી. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે મારાં માતાજી ખિજાય છે, માટે તમે ઘેર જાઓ, અને તમારું કામકાજ કરો. અમે તમારી પાસે આવીશું. એટલે આ સુતાર ઘેર આવી કામકાજ કરવા લાગ્યો, પણ મન શ્રીઆચાર્યજીમાં રહે કે ક્યારે પધારશો? ક્યારે મને દર્શન થશે?

આ સુતારની આર્તિ પ્રીતિ જાણીને આપ એને ઘેર પધાર્યા, ત્યારે તે કામકાજ છોડી શ્રીઆચાર્યજી સાથે વાતો કરવા લાગ્યો. રોજ આવું થાય, એટલે સુતારના ઘરનાંએ ફરી ઇલ્લમ્માગારુજી પાસે આવીને કહ્યું કે શ્રીઆચાર્યજી સુતારની પાસે આવીને બેસે છે એટલે આ કામકાજ છોડીને શ્રીઆચાર્યજી સાથે વાતો કરે છે. માટે તમે શ્રીઆચાર્યજીને કહેજો. એટલે ઇલ્લમ્મારુજીએ કહ્યું કે તમે સુતારને ઘેર શા માટે જાઓ છો? આ વાત સારી નથી. સુતાર પાસે ના બેસશો. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે હવે નહિ બેસું. તોપણ એની પ્રીતિ એવી કે શ્રીઆચાર્યજી એકવાર આ સુતારને દર્શન દઇ આવતા, ઘડી બે ઘડી વાર્તા ચર્ચા કરી આવતા, એવી કૃપા કરતા.

ભાવપ્રકાશ—આનો અભિપ્રાય એ છે કે પહેલાં આને શરણે લઇ અહિં બેસાડી વાર્તા કરી તેનું મન સ્વરૂપાસક્ત કર્યું. પરન્તુ વિરહ વગર રસ

હૃદયારૂઢ ન થાય, તેથી એના કુટુંબને બહાનેથી તેને ઘેર મોકલી વિરહ કરાવ્યો, પરન્તુ તેનું વિરહદુઃખ સહન ન થવાથી આપ ત્યાં પધારતા ને બેસતા. ફરી પણ આના કુટુંબને બહાને ઘડી બે ઘડી બેસતા. હવે આપને પૃથ્વી પરિક્રમા કરવા પધારવું છે; તેને આવી જ સ્થિતિમાં છોડી જાય તો વિરહ દુઃખથી વ્યાકુળ થાય, તેથી આપે પહેલેથી વિરહ કરાવી તેની એવી સ્થિતિ કરી કે હૃદયમાં શ્રીઆચાર્યજીનાં દર્શન આઠે પ્રહર થાય. આવી રીતે આને દર્શન આપ્યાં જેવી રીતે વ્રજમાં શ્રીઠાકોરજી પ્રકટ થયા, ત્યારે વ્રજભક્તોને દર્શન આપી પ્રેમ વધાર્યો. આ પ્રેમ એટલો બધો વધ્યો કે પલકવાર પણ યુગસમાન થાય. પછી વિરહ વધારવાને માટે ગોચારણ કરવા પધારતા. તેમાં (શ્રીગોપીજનો) આખો દિવસ વેણુગીત યુગલગીત વગેરે ગાઇને દિવસ વિતાવે; સંધ્યાસમયની આશાએ દિવસ કાઢે. પછી મથુરા પધારવાને બહાને રાત-દિવસનો વિરહ આપ્યો. પરન્તુ મનમાં એટલો સંતોષ કે મથુરા પાસે છે, હમણાં આવશે. પછી દ્વારકા પધારવાને બહાને પૂર્ણ વિરહનું દાન કરી રાત દહાડો હમેશને માટે વ્રજભક્તોને સ્વરૂપાનંદનો અનુભવ કરાવ્યો. તેવી જ કૃપા કરી આ સુતારને પૂર્ણ વિરહ કરાવી હૃદયમાં સ્વરૂપાનંદનો અનુભવ કરાવ્યો. હવે સુતારની બહારદૃષ્ટિ હતી તે મટી આંતરદૃષ્ટિ થતાં ઘરમાં જ સ્વરૂપમાં મગ્ન થઈ રહ્યો. પછી આપ પૃથ્વીપરિક્રમામાં પધાર્યા.

આ સુતાર એવો કૃપાપાત્ર ભગવદીય હતો કે તેની વાર્તા અનિર્વચનીય છે તેથી ખુલ્લી કરી નથી. ॥ વાર્તા ૬૩ ॥

વાર્તા ૬૪ મી.

હવે શ્રીઆચાર્યજીનો સેવક એક ક્ષત્રિય હતો, તે પૂર્વમાં પટણાથી ચાર મઝલ આઘે રહેતો હતો, તે ક્ષત્રિયને એક અન્યમાર્ગીય નો સંગ હતો, તેની વાર્તાનો ભાવ—

ભાવપ્રકાશ—લીલામાં આ ક્ષત્રિય કુમારિકાઓના યૂથમાં છે. લીલામાં એનું નામ "મોહિની" સખી છે. અને અન્યમાર્ગીય તે મોહિનીની સખી "લક્ષણી" એનું નામ છે. તે પણ અહીં પૂર્વમાં એક ગૌડ બ્રાહ્મણને ત્યાં ઘેર જનમ્યો. "મોહિની" એક ક્ષત્રિયને ઘેર જન્મી. આ બેઉ આઠ વરસના થયા, ત્યારથી

એક પંડ્યાને ત્યાં ભણવા જતા. આ બેઉનો લીલાનો પૂર્વનો સંબંધ છે, તેથી
અહીં પણ બેઉને અત્યંત પ્રીતિ થઈ ગઈ. બેઉ પંદર વર્ષના થયા, ત્યારે
એકવાર શ્રીઆચાર્યજી શ્રીજગન્નાથરાયજીનાં દર્શન કરવા પધારતાં આ ગામમાં
પોતે ઊતર્યાં. ત્યારે આ ક્ષત્રિયના પિતાને મનમાં એમ થયું કે આમની સાથે
શ્રીજગન્નાથરાયજીનાં દર્શન કરવા જઈએ. તે પુત્રને લઇને શ્રીઆચાર્યજીની
સાથે ચાલ્યો, અને આ અન્યમાર્ગીય ઘેર રહ્યો. હવે કેટલેક દિવસે શ્રીઆચાર્યજી
શ્રીજગદીશ પહોંચ્યા. ત્યાં માયાવાદીઓ ભેગા થયા હતા તેમની સાથે વાદ કરી
માયાવાદનું ખંડન કર્યું, ત્યારે આ ક્ષત્રિયે પિતાને કહ્યું કે શ્રીઆચાર્યજીના
સેવક થઈએ તો સારું. ત્યારે પિતાએ કહ્યું કે મારે તો શ્રીજગન્નાથરાયના રથ
નીચે મરવું છે, પછી તારા મનમાં આવે તે કરજે. ત્યારે પુત્રે કહ્યું કે તમે
એવી હત્યા શા માટે કરો છો? શ્રીઆચાર્યજીના સેવક થઈ શ્રીઠાકોરજીનાં સેવા
તથા સ્મરણ કરો. ત્યારે પિતાએ કહ્યું કે હું વૃદ્ધ થયો છું. મારાથી હવે કશું
બને નહિ, વળી હું આ જ મનોરથ કરીને (ભાવનાથી) આવ્યો છું; એટલે
પુત્ર ચૂપ થઈ રહ્યો. હવે દશ દિવસ પછી રથયાત્રા આવી, એટલે શ્રીજગન્નાથ-
રાયજી રથ પર બિરાજી બહાર પધાર્યા. તે દિવસે પિતા રથના પૈડા નીચે મરી
ગયો, એટલે પુત્રે શ્રીઆચાર્યજી પાસે આવી પિતાની વાત કરી કે મહારાજ,
રથના પૈડા નીચે મારો પિતા મર્યો તેનું ફળ શું? ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું
કે મરવાનું ફળ શું? પ્રભુની પ્રાપ્તિ થયા વિના ફળ શું? મરતી વખતે જ્યાં
મન હોય ત્યાં જાય. પરન્તુ આને તો સુખની કામના હતી, તેથી સ્વર્ગમાં
ગયો. કેટલાક દિવસ ભોગ ભોગવી પાછો (ભૂતલ પર) પડશે, પરન્તુ તું દૈવી
જીવ છે, તેથી તારા સંબંધ થકી તેની મુક્તિ થશે. ત્યારે આ ક્ષત્રિયે શ્રી-

---

૧. આ ગોચારણનો ભૌતિક ભાવ ગાયો ચારવી છે, પણ આધ્યાત્મિક ભાવ 'ગો'
એટલે ઇંદ્રિયો 'ચારણ' એટલે પોષવું, ખોરાક આપવો. વ્રજભક્તોની ઇંદ્રિયોને વિરહના દાન
માટે ગોચારણ છે. તે જ ભાવમાં શ્રીવલ્લભાખ્યાનમાં "દિવસે સર્વે સ્યામા મળી રસરૂપ
તણો જશ ગાયેજી" એમ કહે છે. વિયોગમાં ગુણગાન ભક્તનાં પોષક છે. આધિદૈવિક
સાક્ષાત્ રસાત્મક ભાવમાં જે ગોપીજન છાક લઇ પ્રભુને આરોગાવવા જાય છે તેને આપ
મૂકવા જવાના મિષે જે દાન કરે છે તે આધિદૈવિક ગોચારણ છે, તે અનિર્વચનીય છે.
છાકનો ભાવ રસમાં છકેલાં વ્રજભક્તો લૌકિક વૈદિક મર્યાદા તજી પ્રભુને વનમાં આરોગાવા
જાય છે, તે છે. તેમને દાન પણ તેવું જ કરે છે.

આચાર્યજીને વિનંતિ કરી કે મહારાજ, મારા મનોરથ તો બહુ જ છે. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે અત્યારે તો તારે સૂતક છે, સૂતક ઊતર્યા પછી સેવક કરીશું. પછી સૂતક ઊતર્યું, એટલે આ ક્ષત્રિય આવ્યો. દંડવત્ પ્રણામ કરી વિનંતિ કરી કે મહારાજ, મારો અંગીકાર કરો. એટલે શ્રીઆચાર્યજીએ કહ્યું કે જા, નાહીને આવ. એટલે તે નાહી આવ્યો. પછી શ્રીઆચાર્યજીએ નામ સુણાવી બ્રહ્મસંબંધ કરાવ્યું. પછી આ ક્ષત્રિય લાલજીનું એક સ્વરૂપ સુંદર જોઇને ન્યોછાવર આપીને લઈ આવ્યો. શ્રીઆચાર્યજીએ આ સ્વરૂપને પંચામૃત સ્નાન કરાવી આ ક્ષત્રિયને માથે પધરાવી આપ્યું, પછી આ ક્ષત્રિયે બે દિવસ શ્રીઆચાર્યજી પાસે રહી માર્ગની સેવાની રીત શીખીને આજ્ઞા માગી. એટલે શ્રીઆચાર્યજીએ કહ્યું કે જા, ઘરમાં રહી સેવા મન લગાવીને કરજે. શ્રીઆચાર્યજીની વિદાય લઈ દંડવત્ પ્રણામ કરી ઘેર આવી આ ક્ષત્રિય સેવા સારી રીતે કરવા લાગ્યો. કેટલાક દિવસ પછી શ્રીઠાકોરજી સાનુભાવતા જણાવવા લાગ્યા. હવે પેલો અન્યમાર્ગીય બ્રાહ્મણ મર્યાદામાર્ગની રીતિથી શ્રીઠાકોરજીની પૂજા કરતો, તેની જોડે એને બહુ જ સ્નેહ હતો. આ ક્ષત્રિયને તો આ જ્ઞાન શ્રીઆચાર્યજીના શરણે આવવાથી થયું કે આ અન્યમાર્ગીય બ્રાહ્મણ દૈવી છે, (માટે) કોઈ પ્રકારે વૈષ્ણવ થાય તો સારું. તેથી એક દિવસે આ ક્ષત્રિયે એ બ્રાહ્મણને કહ્યું કે જો તમે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના સેવક થાઓ તો સારું. ત્યારે આ બ્રાહ્મણે કહ્યું કે અત્યારે તો હું બીજા માર્ગનો સેવક થઈ ચૂક્યો છું. હવે વૈષ્ણવ શી રીતે થાઉં? આ સાંભળી પેલો ક્ષત્રિય વૈષ્ણવ બોલ્યો નહિ. મનમાં દુઃખી થયો કે દૈવી જીવ છે છતાં વૈષ્ણવ ન થયો, તો શું કરું? આવી ચિંતા કરતાં કરતાં તે ઘેર આવ્યો. શ્રીઠાકોરજીને ઉત્થાપન કરાવ્યાં, ત્યારે શ્રીઠાકોરજીએ કહ્યું કે ચિંતા ન કરીશ. એ અન્યમાર્ગીય સેવક બનીને કૃપાપાત્ર ભગવદીય થશે, ત્યારે આ ક્ષત્રિયે કહ્યું કે મહારાજ, એ કેવી રીતે થશે? મેં એને વૈષ્ણવ થવાનું કહ્યું, ત્યારે એણે ના પાડી, તેનું મન તો (વૈષ્ણવ થવાનું) નથી. ત્યારે શ્રીઠાકોરજીએ કહ્યું કે મારી ઇચ્છા એનો અંગીકાર કરવાની છે, તેથી એક ક્ષણમાં હું એનું મન ફેરવી દઈશ. માટે તું એક કામ કર. કોઈવાર આ અન્યમાર્ગીય તને રસોઈ કરવાનું કહે તો તું તેને ઘેર સામગ્રી કરી એના શ્રીઠાકોરજીને ભોગ ધરી મહાપ્રસાદ લેજે. ત્યારે આ ક્ષત્રિયે કહ્યું કે એ અન્ય-

માર્ગીયના શ્રીઠાકોરજીને ભોગ શી રીતે ધરું? પ્રસાદ શી રીતે લઉં? શ્રીઆચાર્યજીના માર્ગની રીત નથી. ત્યારે શ્રીઠાકોરજીએ કહ્યું કે મારી આજ્ઞાથી કરજે, તને બાધક નથી. અને તારો ધરેલો ભોગ હું ત્યાં આવીને આરોગીશ, માટે તું મહાપ્રસાદ લેજે, એટલે એ વૈષ્ણવ થશે.

વાર્તાપ્રસંગ ૧ લો.

હવે એક વાર શિયાળાના દિવસ હતા, ત્યારે આ ક્ષત્રિય વૈષ્ણવ એક પહોર પાછલી રાતનાં ઊઠીને ઘડી એક દિવસ ચઢયો ત્યારે રાજભોગ આરતી કરી અનોસર કર્યા, પછી આ અન્યમાર્ગીયને ઘેર ગયો. આ વખતે આ અન્યમાર્ગીય વૈષ્ણવે બહુ જ આગ્રહ કર્યો (અને કહ્યું) કે આજે પાક સામગ્રી અહીં કરો.

ભાવપ્રકાશ—આ સાંભળી આ ક્ષત્રિય વૈષ્ણવ મનમાં બહુ જ પ્રસન્ન થયો, કે હવે આ વૈષ્ણવ થશે. શ્રીઠાકોરજીની આજ્ઞા વિચારી પાક સામગ્રી અનસખડી કરી; જો કે શ્રીઠાકોરજીની આજ્ઞા હતી તેથી સખડી કરત તો પણ બાધક થાત નહિ; પણ એટલી પોતાના માર્ગની કાની (મર્યાદા) રાખી.

હવે આણે અનસખડી કરી એના શ્રીઠાકોરજીના આગળ ભોગ ધર્યો, શ્રીઆચાર્યજીની કાની કરી, શ્રીગોવર્ધનધરને વિનંતિ કરીને કહ્યું કે મહારાજ, સામગ્રી પણ આરોગો અને આ દૈવી જીવનો અંગીકાર પણ કરો. એટલે શ્રીગોવર્ધનધર તત્કાલ ત્યાં પધારી સામગ્રી આરોગી (પાછા) પધાર્યા. પછી આ અન્યમાર્ગીય વૈષ્ણવ બ્રાહ્મણને પણ મહાપ્રસાદ લેવરાવ્યો. આ વૈષ્ણવ ક્ષત્રિય પણ મહાપ્રસાદ લઇ પોતાને ઘેર આવ્યો અને ત્રીજે પહોર થયો એટલે નાહીને શ્રીઠાકોરજીનાં ઉત્થાપન કર્યાં. હવે આ અન્યમાર્ગીયે પ્રસાદ લઇને સૂતો, ત્યારે એના શ્રીઠાકોરજી (જેનું) નિત્ય આવાહન વિસર્જન કરતો તે વિભૂતિએ-શ્રીઠાકોરજી દ્વારા આ અન્યમાર્ગીય બ્રાહ્મણને કહ્યું કે હું આજ ભૂખ્યો છું. ત્યારે આ અન્યમાર્ગીયે કહ્યું કે ભૂખ્યા કેમ છો? શ્રીઆચાર્યજીના સેવક ક્ષત્રિયે ભોગ ધર્યો તે તમે કેમ આરોગ્યા નહિ? ત્યારે આ વિભૂતિએ કહ્યું કે એ

વૈષ્ણવે શ્રીગોવર્ધનનાથજીનું સ્મરણ કર્યું તેથી તે આવીને આરોગ્યા. હું તો શ્રીપુરુષોત્તમની વિભૂતિ છું, તેથી શ્રીપુરુષોત્તમ પધારીને આરોગે ત્યાં અમારી ગતિ નહિ. અમે તો મંત્રથી આવાહન કરે ત્યારે એ શ્રીભગવાનની પ્રતિમા (મૂર્તિ) માં પ્રવેશ કરીને આરોગીએ અને વિર્સજન કર્યે ચાલ્યા જઇએ, આવી રીત અમારી છે. વળી શ્રીપુરુષોત્તમ મંત્રાધીન નથી, એક પ્રેમને આધીન છે. એ ક્ષત્રિયનો એવો પ્રેમ છે કે શ્રીપુરુષોત્તમ આરોગવા પધારે છે. જ્યાં પુરુષોત્તમ પધારીને આરોગે ત્યાં અમારું ચાલે નહિ. એટલે આ અન્યમાર્ગીય ધૂપ દીપ કરી નૈવેદ્ય ધરી પછી ક્ષત્રિય વૈષ્ણવની પાસે આવ્યો. આવીને કહ્યું કે તમે મને પહેલાં શ્રીઆચાર્યજીના સેવક થવાનું કહ્યું તે મેં માન્યું નહિ, તે બહુ ખોટું કર્યું. હવે મને સેવક કરાવી વૈષ્ણવ કરો. આજ મારે ઘેર રસોઈ કરી તમે ભોગ ધર્યો તે મારે ઘેર આજે પુરુષોત્તમ પધારીને આરોગ્યા, તેથી તમારો વૈષ્ણવ ધર્મ મોટો છે. આ વખતે આ વૈષ્ણવ ક્ષત્રિયે કહ્યું કે શ્રીઆચાર્યજી મહાપ્રભુ કાશીથી શ્રીજગન્નાથરાયજી પધારે છે, તેથી પાંચ સાત દિવસમાં અહીં પધારશે. ત્યારે શરણે જઇ વૈષ્ણવ થજો. મેં તો તમને પહેલેથી જ કહ્યું હતું, ત્યારે તમે માન્યું નહિ. હવે શ્રીઠાકોરજીએ તમારા પર કૃપા કરી.

ભાવપ્રકાશ—આમાં એ બતાવ્યું કે વૈષ્ણવ જેનો અંગીકાર કરવાનો વિચાર કરે તેના પર શ્રીઠાકોરજી જરૂર કૃપા કરે. વળી જેને ઘેર વૈષ્ણવ એક દિવસ પણ આવીને કશું અંગીકાર કરે તે શ્રીઠાકોરજીની ભારે કૃપા જાણવી. ભગવદીયે અંગીકાર કર્યો, તે જાણે શ્રીઠાકોરજીએ જ અંગીકાર કર્યો, એમ જાણવું. તેથી ભગવદીયનો સંગ સર્વ રીતે કૃતાર્થ કરે. આ સિદ્ધાંત પ્રકટ કર્યો.

હવે શ્રીઆચાર્યજી પધાર્યા, તે આ વૈષ્ણવ ક્ષત્રિયને ઘેર ઊતર્યા, ત્યારે આ ક્ષત્રિય વૈષ્ણવે આ અન્યમાર્ગીય બ્રાહ્મણને કહ્યું કે શ્રીઆચાર્યજી મહાપ્રભુજી પધાર્યા છે. એટલે આ અન્યમાર્ગીયે શ્રીઆચાર્યજી પાસે આવીને દંડવત્ પ્રણામ કરી, વિનંતિ કરી કે મહારાજ, મને શરણે લો. કૃપા કરીને મારે ઘેર પધારો. એટલે

શ્રીઆચાર્યજીએ તેને ઘેર પધારી આ બ્રાહ્મણને નામ નિવેદન કરાવ્યું, તેના બધા કુટુંબને નામ સુણાવ્યું. પછી એના શ્રીઠાકોરજીને પંચામૃત સ્નાન કરાવી પાટે બેસાડ્યા. સામગ્રી કરી ભોગ ધરી આપ આરોગ્યા, અને આ બ્રાહ્મણને જૂઠણ ધરી પછી આપ શ્રીજગન્નાથરાયજીનાં દર્શન કરવા શ્રીપુરુષોત્તમ ક્ષેત્રમાં પધાર્યા. આ અન્યમાર્ગીય આ ક્ષત્રિય વૈષ્ણવના સંગથી સારો વૈષ્ણવ થયો. આ ક્ષત્રિય વૈષ્ણવ શ્રીઆચાર્યજીના એવા કૃપાપાત્ર વૈષ્ણવ થયા કે તેમની વાર્તા કેટલી કહીએ? ॥ વાર્તા ॥ ૬૪ ॥

ભાવપ્રકાશ—માટે સત્સંગ મોટી વસ્તુ છે. પૂર્ણ કૃપાથી સત્સંગ મળે.

વાર્તા ૬૫ મી.

હવે શ્રીઆચાર્યજીના સેવક લઘુ પુરુષોત્તમદાસ ક્ષત્રિય કવિ હતા, તે કાશીમાં રહેતા તેમની વાર્તાનો ભાવ.

ભાવપ્રકાશ—લીલામાં એ શ્રીનંદરાયજીના ઘરના ભાટ. લીલામાં એનું નામ "ઉમાશંકર" હતું. તે કાશીમાં એક ક્ષત્રિયને ઘેર પ્રકટ થયા. તે આઠ વરસના થયા, ત્યારથી જ કવિત્ત અને દુહા બનાવતા. તે રાજાનાં, ધનવાનોનાં અને શેઠોનાં એવાં કવિત્ત બનાવતા. હવે શ્રીઆચાર્યજી કાશી પધાર્યા, ત્યારે મણિકાર્ણકાના ઘાટ પર સંધ્યાવંદન કરતા હતા. કૃષ્ણદાસ, શેઠ પુરુષોત્તમદાસ આદિ વૈષ્ણવો પાસે ઊભા છે, ત્યાં લઘુપુરુષોત્તદાસ કવિ આવ્યા. આ વખતે શેઠ પુરુષોત્તમદાસને ડર પેઠો કે આ ધનવાનોનાં કવિત્ત કરે છે, તેથી મારો જશ શ્રીઆચાર્યજીના આગળ ક્યાંક ગાય તે સારું નહિ. આથી શેઠ પુરુષોત્તમદાસે લઘુપુરુષોત્તમદાસ પાસે આવી કહ્યું કે આ વખતે મારાં કવિત્ત કે દોહા કરશો નહિ. ત્યારે લઘુપુરુષોત્તમદાસે કહ્યું કે ફરી અમારો અને તમારો મેળાપ ક્યાં થશે? હું તો તમારાં કવિત્ત કરવા અહીં આવ્યો છું, માટે કરીશ. તમારા મનમાં આવે તો કાંઇ દેજો, અને મનમાં ન આવે તો ન આપશો. પૈસા આપવા પડે માટે તમે ના કહો છો કે તું કવિત્ત ના કરીશ. એટલે શેઠ પુરુષોત્તમદાસે પાંચ રૂપિયા આપી કહ્યું કે ઘેર આવજે. વધારે કંઇક આપીશ. પરન્તુ અત્યારે અમારા ગુરુદેવ શ્રી-

આચાર્યજી સંધ્યાવંદન કરે છે, તેમના આગળ અમારો જશ ભૂલથી પણ ગાઈશ નહિ. ત્યારે લઘુપુરુષોત્તમદાસે પ્રસન્ન થઈને કહ્યું કે હું બીજા રાજાઓનાં કવિત્ત શ્રીઆચાર્યજીના આગળ કહીશ, તમારાં નહિ કહું. એટલે શેઠ પુરુષોત્તમદાસે કહ્યું કે મારાં કવિત્ત ન કરશો; બીજાનાં તો તમે જાણો. પછી લઘુપુરુષોત્તમદાસે શ્રીઆચાર્યજીની પાસે આવી અનેક રાજાઓનાં પાંચ દશ કવિત્ત કહ્યાં. આ વખતે શ્રીઆચાર્યજીએ દૈવી જીવ જાણી લઘુપુરુષોત્તમદાસ તરફ કૃપાદૃષ્ટિ કરી કહ્યું કે લઘુપુરુષોત્તમદાસ, તું નંદરાયજીના ઘરનો ભાટ ચારણ થઈને શ્રીઠાકોરજીનો જશ ગાવાનો મૂકીને રાજસી લોકોનો જશ ગાય છે, તે સારું નહિ. તું કવિ છે, ચતુર છે. રાજાના આવા જશ તેં ગાયા તેવા કશા ગુણ એ રાજાઓમાં છે ખરા ? અનેક રોગ દુઃખથી તેઓ ભરેલા છે, મૃતક જેવા પાપી છે, તેમનો જશ ગાઈને મિથ્યા ભાષણ કર્યું તે સારું નહિ. ગાવા લાયક તો એક શ્રીઠાકોરજીના જ જશ છે. આ સાંભળતાં જ લઘુપુરુષોત્તમદાસને જ્ઞાન થયું, એટલે દંડવત્પ્રણામ કરી શ્રીઆચાર્યજીને વિનંતિ કરી : મહારાજ, આખો જન્મ આવી રીતે મિથ્યા ભાષણ કરી ગુમાવ્યો. હવે હું આપને શરણે છું, તો એવી કૃપા કરો કે હું શ્રીઠાકોરજીના જશ ગાઉં. મને શ્રીઠાકોરજીના જશ ગાવાનું જ્ઞાન નથી, તેથી રાજસી લોકોના ગાયા છે. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે શ્રીગંગાજીમાં નાહી લે, અમે તને સમજાવીએ. એટલે લઘુપુરુષોત્તમદાસ ગંગાજીમાં સ્નાન કરી શ્રીઆચાર્યજીની પાસે આવ્યા, એટલે શ્રીઆચાર્યજીએ નામ સુણાવી સમર્પણ કરાવ્યું અને પોતાનું ચરણામૃત આપ્યું; એટલે તરત જ લઘુપુરુષોત્તદાસને શ્રીઠાકોરજીની લીલાનું જ્ઞાન થયું અને શ્રીઆચાર્યજીના સ્વરૂપનું પણ જ્ઞાન થયું.

.... વાર્તાપ્રસંગ ૧ લો.

હવે તે શ્રીગોવર્ધનનાથજીનાં કવિત્ત અને શ્રીઆચાર્યજીનાં કવિત્ત એકસાર (એક સરખાં) કરતા. આવી રીતે શ્રીઆચાર્યજીને સાક્ષાત્ પુરુષોત્તમ જાણવા લાગ્યા. તે દિવસથી રાજા આદિક ધનવાનોને ત્યાં જવાનું અને એમનાં કવિત્ત કહેવાનું એમણે છોડી દીધું. ત્યારપછી થોડા જ દિવસમાં શ્રીઠાકોરજી સાનુભાવ જણાવવા લાગ્યા. સદા જ ભગવાનના લીલારસમાં મગ્ન રહેતા.

આવી રીતે શ્રીઆચાર્યજીએ લઘુપુરુષોત્તમદાસ પર કૃપા કરી તેથી લઘુપુરુષોત્તમદાસ મોટા ભગવદીય છે; એમની વાર્તા ક્યાંસુધી કહીએ ? ॥ વાર્તા ॥ ૬૫ ॥

વાર્તા ૬૬ મી.

હવે શ્રી આચાર્યજીના સેવક કવિરાજ ભાટ, સનોઢિયા બ્રાહ્મણ મથુરામાં રહેતા હતા તેમની વાર્તાનો ભાવ.

ભાવપ્રકાશ—લીલામાં આ કવિરાજ ભાટ શાંડિલ્ય મુનિ શ્રીનંદરાયજીના પુરોહિત છે. તે મથુરામાં એક પુરોહિતને ઘેર જન્મ્યા. એ ત્રણ ભાઈ હતા. તેમાં બે ભાઇ તો મૂર્ખ હતા. કવિરાજ દેવી દેવતાઓનાં તથા રાજાઓનાં કવિત્ત ગાઈને નિર્વાહ કરતા હતા, તેથી સૌ કોઇ એમને 'કવિરાજ ભાટ' કહેતા હતા. તેઓ મથુરામાં વિશ્રાંતિ ઘાટ પર કવિત્ત કહેતા.

વાર્તાપ્રસંગ ૧ લો.

તેઓ એક દિવસ વિશ્રાંતિઘાટ પર ભૂતેશ્વર મહાદેવનાં કવિત્ત કરીને ગાતા હતા તે વખતે શ્રીઆચાર્યજી મહાવનથી મથુરા પધાર્યા. વિશ્રાંતિ ઘાટ પર આપ સંધ્યાવંદન કરે છે તે વખતે કવિરાજ ભાટને શ્રીઆચાર્યજીનાં દર્શન થયાં. આ વખતે કવિરાજ ભાટે જાણ્યું કે આ મોટા પંડિત જેવા દેખાય છે, તેથી એમને કંઇક પૂછું. (આમ વિચારી) કવિરાજ ભાટે શ્રીઆચાર્યજી પાસે આવી દંડવત પ્રણામ કરી, એક પ્રશ્ન કર્યો કે મહારાજ, દેવી મોટી કે મહાદેવ મોટા ? ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે શાસ્ત્રરીતિએ તો શ્રીઠાકોરજી મોટા, પણ જેણે પોતાના મનથી જેને મોટો માન્યો તેને મન તે મોટો. ત્યારે કવિરાજ ભાટે કહ્યું કે મહારાજ, શ્રીઠાકોરજીમાં અને અને મહાદેવમાં શો ભેદ છે ? બેઉ ઇશ્વર કહેવાય છે. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે શ્રીભાગવતમાં કહ્યું છે કે જ્યારે શ્રીભગવાને મોહિનીરૂપ ધર્યું ત્યારે મહાદેવ મોહિત થયા. અને મહાદેવ કોઇ રૂપ ધરે પરન્તુ શ્રીઠાકોરજીને મોહિત ન કરી શકે. માટે મહાદેવ શ્રીભગવાનને આધીન છે, મહાદેવને આધીન ભગવાન નથી; એટલું તારતમ્ય છે.

આવાં વચન શ્રીઆચાર્યજીના મુખનાં સાંભળીને કવિરાજ ભાટની બુદ્ધિ નિર્મળ થઈ ગઈ; એટલે કવિરાજે દંડવત્ પ્રણામ કરી વિનંતિ કરી કે મહારાજ, મને શરણે લો, કેમકે એક ક્ષણ આપની પાસે બેસવાથી ને વાત કરવાથી શ્રીઠાકોરજીમાં મન ચોંટી ગયું. માટે આપનો સેવક થઇ કેટલાક દિવસ આપની પાસે રહીશ, તો નક્કી શ્રીઠાકોરજી મારા પર પ્રસન્ન થશે; માટે મને સેવક કરો. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે તમે કવિરાજ છો. કવિત્ત કરો છો તો સેવક થઇ શું કરશો ? ત્યારે કવિરાજ ભાટે કહ્યું કે મહારાજ, આપનો સંગ ન હોવાથી આજ સુધી ભટકતો હતો. કશું જ્ઞાન તો હતું નહિ, તેથી શ્રીઠાકોરજીને છોડીને અનેક દેવતાના ગુણ ગાતો હતો. હવે મારા પર આપ કૃપા કરો, જેથી હું સદા ઠાકોરજીના જ ગુણ ગાઉં. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે અત્યારે તો અમે અડેલ પધારીએ છીએ; ત્યાં ત્રણે ભાઇ સાથે આવજો, એટલે ત્યાં સેવક કરીશું. આમ કહી શ્રીઆચાર્યજી અડેલ પધાર્યા.

ભાવપ્રકાશ—આમ કહેવાનું કારણ એ છે કે એને સેવક થવાની પૂર્વની પ્રીતિ હશે તો આવીને સેવક થશે. પ્રીતિ વિના અંગીકાર ન થાય. આથી શ્રીઆચાર્યજીએ અડેલ આવવાનું કહ્યું, અને આપ અડેલ પધાર્યા.

હવે કવિરાજ ભાટે પોતાના બેઉ ભાઇને કહ્યું કે અડેલ જઇને શ્રીઆચાર્યજીના સેવક આપણે થઇ આવીએ. હવે ત્રણે ભાઇ અડેલ ચાલ્યા અને કેટલેક દિવસે અડેલ પહોંચ્યા. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે નાહીને આવો, એટલે ત્રણે જણ નાહી આવ્યા. એટલે શ્રીઆચાર્યજીએ કવિરાજ ભાટને નામનિવેદન કરાવ્યું, અને બીજા બે ભાઇને નામ સંભળાવ્યું. પછી કવિરાજ ભાટે શ્રીઆચાર્યજીને વિનંતિ કરી કે મહારાજ, હું આગળ પૂર્વજન્મમાં કોણ હતો કે જેથી આવી રીતે અહીં શ્રીઠાકોરજીને ભૂલીને સંસારમાં ભટકયો ? ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે તમે નંદરાયજીના મુખ્ય પુરોહિત છો. (શાંડિલ્ય) ભક્તિસૂત્ર તો તમે જ પ્રકટ કર્યું છે. આ ભક્તિમાર્ગ તો તમારાં કરેલાં ભક્તિસૂત્રોની સાક્ષીથી જગતમાં પ્રસિદ્ધ છે. તમે

બધા મુનિઓમાં શ્રેષ્ઠ છો. એકવાર તમને અહંકાર થયો કે
ભક્તિમાર્ગ હું બહુ જાણું છું. એટલે વિશ્વામિત્રે તમને શાપ આપ્યો
કે તમે ભૂમિ પર પડો અને મૂર્ખ થાઓ. તેથી તમારો જન્મ ભૂમિ
પર થયો. હવે દેહ છોડી ફરી શાંડિલ્યમુનિ બનશો. ત્યારે કવિરાજ
દંડવત્ પ્રણામ કરી વિદાય થઇને મથુરા પાછા આવ્યા.
હવે શરણે આવી રહેલા એમણે ગોવર્ધન પર જઈ શ્રીનાથજીનાં
દર્શન કરી સન્મુખ કવિત્ત કર્યાં. પછી શ્રીઆચાર્યજીનાં, શ્રીગોવર્ધન-
નાથજીનાં કવિત્ત બહુ કર્યાં; તેથી લીલારસમાં મગ્ન થઈ ગયા. આ
કવિરાજ ભાટ એવા ભગવદીય થયા, અને શ્રીઆચાર્યજી મહાપ્રભુ-
જીના એવા કૃપાપાત્ર છે. એમના સંગથી બે ભાઈનો પણ ઉદ્ધાર
થયો, તેથી કવિરાજની વાર્તા કયાંસુધી કહીએ ? ॥ વાર્તા ૬૬ ॥

વાર્તા ૬૭ મી.

હવે શ્રીઆચાર્યજીના સેવક ગોપાળદાસ ઈંટોડા ક્ષત્રિય, તેઓ પશ્ચિમમાં પંજાબમાં રહેતા તેમની વાર્તાનો ભાવ—

ભાવપ્રકાશ—લીલામાં એ લલિતાજીની સખી છે. લીલામાં "નૃત્યકલા" એનું નામ છે. તેને એક વાર મદ થયો કે સંગીત ગાવાનું મને આવડે છે, એવું કોઇ સખીને અરે લલિતાજીને પણ આવડતું નથી. આવું મનમાં આવતાં જ લલિતાજીએ કહ્યું કે જા, મૂર્ખ, ભૂમિમાં જન્મ લે. આ અપરાધથી ભૂમિ પર એક ક્ષત્રિયને ઘેર જન્મ લીધો. હવે તે મોટા થયા ત્યારે મનમાં થયું કે વ્રજની યાત્રા અને પિતાજીની (ગયાની ક્રિયા) પણ કરી આવું. આમ વિચારી પશ્ચિમથી નીકળ્યા ને વ્રજમાં આવ્યા. તે મથુરા નાહીને કાશી તરફ ચાલ્યા. કાશી જઈ ગયામાં પિતાનું શ્રાદ્ધ કરી કાશી પાછા આવ્યા, અને કાશીથી મથુરા ચાલ્યા ત્યારે રસ્તામાં શ્રીઆચાર્યજીનો સંગ થયો. એક મઝલ ચાલી નાનું સરખું ગામ હતું ત્યાં ઊતર્યા. રાત્રે ત્યાં ધાડ પડી. ગોપાળદાસના હાથમાં જરાક તીર વાગ્યું, વસ્તુ ભાવ બધું લૂંટાઇ ગયું. પછી શ્રીઆચાર્યજીએ સવારે કહ્યું કે ગોપાળદાસ, શા સમાચાર છે ? ત્યારે તેણે કહ્યું : મહારાજ, ખરચી વાસણ વગેરે બધી વસ્તુઓ ગઇ તેની તો ચિંતા નથી; આગરાથી હૂંડી લખી ઘેરથી મંગાવી લઈશ; પરન્તુ

બેચાર દિવસમાં ખર્ચી વિના આગ્રા શી રીતે પહોંચાશે, એની ચિંતા છે. હાથમાં જરાક વાગ્યું છે તે તો સારું થઈ જશે. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે પ્રારબ્ધભોગ મટયો, હવે ચિંતા કરશો નહિ. ખર્ચી જોઇએ તો કૃષ્ણદાસ પાસેથી લેજો. ત્યારે ગોપાળદાસે કહ્યું : પ્રારબ્ધભોગ કેવી રીતે ? ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું : આ વાતને દશ વરસ થયાં. તું રાત્રે એક ગામ જતો હતો, તે રસ્તે કોઈ બીજી જગ્યાએથી એક ચોર ચોરી કરી જતો હતો, તેં એને પકડીને બહુ માર્યો; એની વસ્તુઓ છીનવી લીધી; તેનું ફળ તને મળ્યું. તારી વસ્તુઓ ગઇ, અને તને આ ચોટ લાગી. તને સૂઝ છે ? ત્યારે ગોપાળદાસે કહ્યું કે મહારાજ, બરાબર છે. આ વાતને દશ વરસ થયાં. પછી કૃષ્ણદાસ પાસેથી રૂ. ૫ લઇને ચાલ્યો, ત્યારે ગોપાળદાસે પોતાના મનમાં વિચાર્યું કે ખરેખર. શ્રીઆચાર્યજી સાક્ષાત્ ઈશ્વર છે. દશ વરસ પરની વાત—મારા દેશની બધી બતાવી દીધી, માટે હુ એમનો સેવક થાઉં તો કૃતાર્થ થાઉં. આમ વિચારી શ્રીઆચાર્યજીને વિનંતિ કરી કે મહારાજ, મને કૃપા કરીને શરણે લો, અને મારું સંસારનું દુઃખ છૂટે એવી કૃપા કરો. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે આગ્રા ચાલો. ત્યાં તમને નામ સંભળાવીશું. ત્યારે ગોપાળદાસે વિનંતિ કરી કે મહારાજ, મને વિશ્વાસ નથી. એક ક્ષણમાં દેહ છૂટી જાય તો પછી મને આપ ક્યાં મળો ? પછી શરણની પ્રાપ્તિ શી રીતે થાય ? ત્યારે શ્રીઆચાર્યજી કહે : જા, સ્નાન કરી આવ. એટલે ગોપાળદાસ નાહી આવ્યા. પછી શ્રીઆચાર્યજીએ નામ સંભળાવી બ્રહ્મસંબંધ કરાવ્યું. આ વખતે ગોપાળદાસે વિનંતિ કરી કહ્યું કે મહારાજ, હું મૂર્ખ છું, આપના માર્ગનો પ્રકાર કશો જાણતો નથી, માટે મારા પર એવી કૃપા કરો કે પુષ્ટિમાર્ગનો સિદ્ધાંત હૃદયારૂઢ થાય, અને આપના સ્વરૂપનું (પણ) કંઈક જ્ઞાન થાય. એટલે શ્રીઆચાર્યજીએ પોતાના ચરણારવિંદનું ચરણામૃત આપ્યું અને "સિદ્ધાંતરહસ્ય" ગ્રંથ ભણાવ્યો, એટલે ગોપાળદાસના હૃદયમાં પુષ્ટિમાર્ગના સિદ્ધાંતનો ભાવ હૃદયારૂઢ થયો અને શ્રીઆચાર્યજીના સ્વરૂપનું જ્ઞાન થયું. આથી ગોપાળદાસે દંડવત્ પ્રણામ કરી ચોખરા છંદ બહુ જ વર્ણવ્યા. હવે શ્રીઆચાર્યજીએ કહ્યું કે ગોપાળદાસ, તમારા પર શ્રીઠાકોરજીની કૃપા થઇ. એટલે ગોપાળદાસે દંડવત્ પ્રણામ કરીને કહ્યું કે મેં તો કદી શ્રીઠાકોરજીનું નામ પણ લીધું નથી, તો શ્રીઠાકોરજી મને

શી રીતે જાણે ? આ બધી તો આપની કૃપા જ છે કે મારા જેવા અધમને શરણે લઈ આટલું બધું દાન કર્યું. આવી ગોપાળદાસની દીનતા જોઇ શ્રી-આચાર્યજી બહુ જ પ્રસન્ન થયા. માટે આવા પ્રકારની દીનતા વૈષ્ણવમાં જોઇએ. પછી શ્રીઆચાર્યજી સાથે ગોપાળદાસ આવ્યા, અને પછી વ્રજમાં (પણ) સાથે રહ્યા. શ્રીગોવર્ધનધરનાં દર્શન કરી શ્રીઆચાર્યજીની વિદાય લઇ પંજાબ ગયા, ત્યાં ચોખરા–ગાન કરીને મગ્ન રહેતા.

વાર્તાપ્રસંગ ૧ લો.

હવે એક વાર ગોપાળદાસ શ્રીઆચાર્યજીનાં દર્શન કરવા અડેલ આવ્યા, ત્યારે શ્રીઆચાર્યજીનો જન્મદિવસ આવ્યો, તેથી કેસરસ્નાન કરી (આપ શ્રી) માર્કંડેય પૂજા કરવા બિરાજ્યા ત્યારે ગોપાલદાસે આ ચોખરા છંદ બિલાવલ રાગમાં ગાયો : "माधवमासे मर वैशाखे; श्रीवल्लभ हरि जन्म लिया; श्रीलक्ष्मणनंदना, त्रिभुवनवंदना, भक्तिमार्ग जिन प्रकट किया ॥ छंद ॥ प्रकटिया जिन भक्तिमारग बंधजीव छोडाइयां, संसारतें जे मुक्त कीने शरण जे जन आइयां. अभयदान निशान मेल्या चित्त जिन हरिको दिया; गोपालदास अनंत लीला प्रकट श्रीवल्लभ भया ॥ १ ॥ दाता मुक्ता ओर न दूजा, साचा त्रिभुवनराय वहां; विरहनिवारणा भवजलतारणा देखत उपजे चाव वहां ॥ छंद ॥ देखत हरिको चाव उपजे सकल दुःख निवारही; जाको नाम सुमरे जरे पातक, कर जोर निगम पुकारही. पतित-पावन विरह जाको शील माधो करमया; गोपालदास अनंतलीला प्रकट श्रीवल्लभ भया ॥ २ ॥ ये व्रजबालिया गोपगुवालिया, ये गोकुलके लोक वहां; ये वनक्रीडा हरिमुखक्रीडा. हरिसेवारसभोग वहां ॥ छंद ॥ रसभोग ओर संयोग मिलि यौं हिये अंतर रम रह्या; तुव बालचरित्र अनंतलीला, दान दे सब गुण कह्या; तेरी भली मूरति देख सूरत राधिकाअंचल ग्रह्या, गोपालदास अनंतलीला प्रकट श्रीवल्लभ भया ॥ ३ ॥ पूरण ब्रह्मसनातन माधो कलि केशवअवतार वहां; जिन जेसा देख्या तिन तेसा पेख्या, भक्तन प्राणआधार वहां ॥ छंद ॥ भक्तन प्राण-आधार श्रीवल्लभ हिये राखियां, रामकृष्ण मुकुंद माधो सदा जिह्वा भाखियां, गोपीनाथ अनाथ बंधु वेदमें करुणामया, गोपालदास अनंत लीला प्रकट श्रीवल्लभ भया ॥ ४ ॥

આ ચોખરા સાંભળીને શ્રીઆચાર્યજી ગોપાળદાસના ઉપર બહુ જ પ્રસન્ન થયા. આ ગોપાળદાસ શ્રીઆચાર્યજીના એવા કૃપાપાત્ર ભગવદીય છે તેથી એમની વાર્તા ક્યાંસુધી કહીએ ? ॥ વાર્તા ૬૭ ॥

વાર્તા ૬૮ મી.

હવે શ્રીઆચાર્યજીના સેવક જનાર્દનદાસ ચોપડા ક્ષત્રિય થાણેશ્વરના વાસી એમની વાર્તાનો ભાવ.—

ભાવપ્રકાશ—આ જનાર્દનદાસ લીલામાં શ્રીકુમારિકાઓના જૂથમાં છે. લીલામાં એમનું નામ “કૃષ્ણાવતી” છે. તે થાણેશ્વરમાં એક ક્ષત્રિયને ઘેર જન્મ્યા. એમનો પિતા હથિયાર બાંધીને થાણેશ્વરના હાકિમની ચાકરી કરતો. હવે આ હાકિમ બીજા હાકિમ પર લડાઇ કરવા ચઢ્યો તેની સાથે જનાર્દનદાસનો પિતા પણ શસ્ત્ર લઇને ચઢ્યો. આ જનાર્દનદાસનો પિતા બહુ જ કાયર હતો, તેથી જ્યારે લડાઇ થવા લાગી તે વખતે તે બીકને લીધે નાઠો ને ઘરમાં આવી જનાર્દનદાસને—જેમની ઉમર સોળ વર્ષની હતી તેમને—કહ્યું કે હું હાકિમ પાસેથી યુદ્ધમાંથી નાશી આવ્યો છું, તેથી હાકિમ આવીને મને મારશે. ત્યારે જનાર્દનદાસે કહ્યું કે તમે બહુ જ ખોટું કર્યું કે ક્ષત્રિય થઈને લડાઈમાંથી નાઠા ! હવે આ દેશમાં રહેવું મુશ્કેલ છે. એટલે જનાર્દનદાસના પિતાએ કહ્યું કે હું પૂર્વમાં કાશી ભણી જતો રહું છું. આમ કહી જનાર્દનદાસનો પિતા નીકળ્યો, તે પૂર્વમાં થઇ દક્ષિણમાં નીકળી ગયો. અહીં જનાર્દનદાસના પિતાના નાસવાથી ફોજ પણ નાઠી અને હાકિમ પણ નાઠો. પછી મામલો શાંત પાડીને થાણેશ્વરમાં આવ્યો અને બધા સિપાઇઓને પૂછ્યું કે પહેલાં કોણ નાઠો ? ત્યારે બધાએ કહ્યું કે જનાર્દનદાસનો પિતા પહેલો નાઠો. ત્યારે આ હાકિમે કહ્યું કે એને મારી સમક્ષ પકડી લાવો. એટલે સિપાઇ ઘેર આવ્યા ને જનાર્દનદાસને લઈ ગયા. ત્યાં હાકિમે કહ્યું કે તારા પિતાને બતાવ, ક્યાં છે ? એ રણમાંથી નાઠો એટલે મારી સઘળી ફોજ (હિંમત હારી) વીખરાઇ ગઇ, માટે એને મારીશ. તારા પિતાને નહિ બતાવે તો તને મારીશ. એટલે જનાર્દનદાસે કહ્યું કે મારો પિતા નાશીને ઘેર આવ્યો, પછી તમારી બીકે પૂર્વમાં કાશી જવાને બહાને જતો રહ્યો છે, અને હું જ તમારી આગળ

છું, ફાવે તે કરો. ત્યારે હાકિમે કહ્યું કે તું જૂઠો છે; પિતાને ક્યાંય છુપાવી રાખ્યો. ત્યારે જનાર્દનદાસે કહ્યું કે મેં સંતાડ્યો હોય તો આ બાબતનો મચરકો લખો. હું જૂઠું બોલતો નથી. એટલે તે હાકિમે જનાર્દનદાસને બંદીખાનામાં નાખ્યા. હવે તેમને બંદીખાને નાખતાં જ સાંજે તે હાકિમના ઘરમાં આગ લાગી. આ હાકિમનો દીકરો, વહુ બધું કુટુંબ બળી ગયું. તે એકલો જ રહ્યો. આથી હાકિમના મનમાં આવ્યું કે મેં બહુ ખોટું કર્યું કે જનાર્દનદાસને બંદીખાને નાખ્યો. એને વિના ગુને મેં દંડ દીધો તેનું આ ફળ મળ્યું. એટલે હાકિમે જનાર્દનદાસને બોલાવ્યા અને કહ્યું: મેં તને વગર ગુને સજા કરી. તારો પિતા નાશી ગયો તેમાં તું શું કરે? તેથી મારા સઘળા કુટુંબનો નાશ થયો. હવે તું તારા પિતાને બોલાવ. હું કશું જ નહિ કહું. થવાનું હતું તે થઈ ગયું. વળી તને વિશ્વાસ ન આવે, તો ગામના દશ પ્રામાણિક શેઠિયાઓને બોલાવી લખી આપું. પછી ગામના દશ પ્રામાણિક શેઠિયાઓને બોલાવી હાકિમે લખી આપ્યું કે જનાર્દનદાસનો પિતા ઘરમાં આવે (એમાં) મારે કશો વાંધો નથી. જો કશું જ કહું તો પંચ વચ્ચે જૂઠો ગણાઉં. પછી જનાર્દનદાસના પિતાની નોકરીના પૈસા બહુ દિવસના બાકી હતા તે બધો (પગાર) જનાર્દનદાસે આપ્યો. જનાર્દનદાસે ઘેર આવી વિચાર કર્યો: હવે પિતાને ઘેર લાવવા શો ઉપાય કરું? પછી મનમાં એવો નિશ્ચય કર્યો કે તે કાશીની આસપાસ હશે, હું જઇને લઈ આવું; નહિ તો તે કદીય આવશે નહિ. આમ વિચારી જનાર્દનદાસ થાણેશ્વરથી નીકળ્યા, ત્યાંથી આગ્રા આવ્યા, પછી આગ્રાથી આગળ ચાલ્યા, ત્યારે રસ્તામાં બે મહોરો પડી દીઠી, તે લીધી અને મન પ્રસન્ન થયું કે મને શુકન તો સારાં થાય છે કે સુવર્ણ મળ્યું. પછી ત્યાંથી બે મજલ આગળ ચાલતાં વાસુદેવદાસ છકડા મળ્યા, તેમને જનાર્દનદાસે પૂછ્યું કે મારા પિતાને ક્યાંય જોયા? એટલે વાસુદેવદાસ છકડાએ કહ્યું કે મેં તારા પિતાને નથી જોયો. પણ જો તું માને તો એક વાત તને કહું. તું દૈવી જીવ છે તેથી કહું છું. એટલે જનાર્દનદાસે કહ્યું કે તમે મોટા છો, મારા પુરોહિત છો. હું તમારો યજમાન, તમારા બાળક જેવો છું. તમે કહો તે કરું: ત્યારે વાસુદેવદાસે કહ્યું: તું ઘેરથી નીકળ્યો છે તો શ્રીગોકુલ મથુરા જજે; ત્યાં તને શ્રીઆચાર્યજીનાં દર્શન થશે,

તેમને શરણે તું જજે. સંસારમાં બહુ જ દુઃખ ભોગવ્યાં, હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીનો સેવક થઈને તું કૃતાર્થ થા. કાશી ભણી શા માટે ભટકવા જાય છે ? તારો પિતા તો દક્ષિણ તરફ ગયો છે. તે એક મહિનામાં ત્યાં મરી જશે; માટે મેં કહ્યું તેમ કર. ત્યારે જનાર્દનદાસે કહ્યું કે તમે શાથી જાણ્યું કે મારો પિતા દક્ષિણ તરફ ગયો છે ને વળી એક મહિનામાં મરી જશે ? કાલની વાત કોણ જાણે છે ? ત્યારે વાસુદેવદાસે કહ્યું કે હું શ્રીઆચાર્યજી મહાપ્રભુજીની કૃપાથી કાલની વાતો પણ જાણું છું. તું રસ્તામાં બે મહોર જડવાથી પ્રસન્ન થયો, પણ એ બે મહોર તને બહુ દુઃખી કરશે, માટે કોઇ બ્રાહ્મણને આપી દેજે. જેવી રીતે મેં તારી બે મહોરની વાત જાણી એમ તારા પિતાનું મૃત્યુ પણ તને બતાવ્યું. હવે તારા મનમાં આવે તે કર. એટલે જનાર્દનદાસને દૃઢ વિશ્વાસ આવ્યો કે વાસુદેવદાસ કહે છે તે વાત સાચી છે. આથી વાસુદેવદાસને દંડવત્ પ્રણામ કરીને કહ્યું કે હવે હું શ્રીઆચાર્યજીનો સેવક જરૂર થઇશ.

વાર્તાપ્રસંગ ૧ લો.

હવે જનાર્દનદાસ મથુરા થઇને શ્રીગોકુલ આવ્યા. ત્યાં શ્રીઆચાર્યજીનાં દર્શન કરી દંડવત્પ્રણામ કર્યા. હવે મનમાં એમ વિચારે છે કે આજે બે મહોર જડી છે, તે હું બીજા બ્રાહ્મણને કયાં શોધીશ ? શ્રીઆચાર્યજીને ભેટ કરી દઉં. એટલે બે મહોર કાઢીને શ્રીઆચાર્યજીને ભેટ કરી. એટલે શ્રીઆચાર્યજીએ કહ્યું: તું મહામૂર્ખ છે. માર્ગમાંથી જડેલી મહોરો અમને ભેટ કરી તે અમારે ન જોઇએ. એટલે જનાર્દનદાસે ફરી દંડવત્પ્રણામ કરી વિનંતિ કરી કે મહારાજ, આપ તો પૂર્ણ પુરુષોત્તમ છો. વાસુદેવદાસે મને માર્ગમાં કહ્યું કે શ્રીઆચાર્યજી સાક્ષાત્ ભગવાન છે તેમને શરણે તું જજે. આ મહોર તારા કામની નથી, દુઃખરૂપ છે. માટે આપ કૃપા કરીને મને શરણે લો અને આ મહોર જેને આપવી હોય તેને આપજો. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે મહોરો તું લઈ લે. મથુરામાં ચોબા બ્રાહ્મણ બહુ જ છે તેમને આપી દેજે. અને શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન કરવા સાથે ચાલ. ત્યાં તને સેવક કરીશું. પછી જનાર્દનદાસ બે મહોરો

આવ્યા. પછી જ્યારે અન્યોરમાં
લઈ શ્રીઆચાર્યજી સાથે શ્રીગોવર્ધન
શ્રીઆચાર્યજીએ કહ્યું કે જનાર્દનદાસ, સ્નાન કરીને
આવ્યા ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે જનાર્દનદાસ, સ્નાન કરીને
શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન માટે ચાલ. એટલે જનાર્દનદાસે સ્નાન
કરીને શ્રીઆચાર્યજીની સાથે શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન કર્યાં. ત્યાં
શ્રીઆચાર્યજીએ શ્રીગોવર્ધનનાથજીની સન્મુખ બેસાડીને તેને નામ-
નિવેદન કરાવ્યું. પછી કહ્યું કે હવે તું ભગવત્સેવા કર. એટલે
જનાર્દનદાસે કહ્યું કે આપ જે પ્રકાર બતાવો તે પ્રકારે સેવા કરું.
એટલે શ્રીઆચાર્યજીએ શ્રીનાથજીની પાઘ જનાર્દનદાસને સેવા કરવા
માટે આપી. હવે દસ દિવસ જનાર્દનદાસ શ્રીઆચાર્યજી મહાપ્રભુજી
સાથે અન્યોરમાં રહ્યા અને એતન્માર્ગની રીતિ શીખ્યા. પછી શ્રી-
આચાર્યજીએ જનાર્દનદાસને કહ્યું : હવે અમે પૃથ્વીપરિક્રમા કરવા
જઈએ છીએ. તું ઘેર જઈ મન લગાવીને ભગવત્સેવા કરજે. એટલે
શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન કરી જનાર્દનદાસ શ્રીઆચાર્યજીને
દંડવત્પ્રણામ કરી વિદાય થઈ થાણેશ્વર પોતાને ઘેર આવ્યા. પછી
પિતાનો દેહ છૂટ્યાના સમાચાર દક્ષિણમાંથી આવ્યા, એટલે જનાર્દન-
દાસે મનમાં કહ્યું કે વાસુદેવદાસ મોટા ભગવદીય છે; એમણે કહેલું
બધું સાચું પડ્યું. પછી મન લગાવી પ્રભુની સેવા કરવા લાગ્યા.
એટલે કેટલાક દિવસ પછી શ્રીઠાકોરજી સાનુભાવ જણાવવા લાગ્યા.
હવે સિંહનંદથી વાસુદેવદાસ થાણેશ્વર આવતા, ત્યારે જનાર્દનદાસ
પ્રેમથી વાસુદેવદાસને પોતાને ઘેર રાખતા અને કહેતા કે મને તમારી
કૃપાથી શ્રીઆચાર્યજીનું શરણ પ્રાપ્ત થયું છે. માટે તમે જ્યારે
થાણેશ્વર આવો ત્યારે આ ઘર તમારું જ છે, અહીં જ ઊતર્યા કરજો.
એક ક્ષણના વૈષ્ણવના સત્સંગથી જનાર્દનદાસ ભગવદીય થયા,
માટે ભગવદીયનો સત્સંગ કરવો. આ જનાર્દનદાસ એવા ભગવદીય
શ્રીઆચાર્યજીના કૃપાપાત્ર છે; એમની વાર્તા કેટલી કહીએ?

॥ વાર્તા ૬૮ ॥

વાર્તા ૬૯ મી.

હવે શ્રીઆચાર્યજીના સેવક ગડૂસ્વામી સનોઢિયા બ્રાહ્મણ શ્રીવૃંદાવનમાં રહેતા, તેમની વાર્તાનો ભાવ.—

ભાવપ્રકાશ—લીલામાં એ શ્રીનંદરાયજીના ઘરની દાસી છે. "બંદી" એનું નામ છે. જશોદાજી જ્યારે દામોદર લીલામાં શ્રીઠાકોરજીને બાંધવા લાગ્યાં; ત્યારે આ બંદીએ એક દામણુ જશોદાજીને આપ્યું. આ વાત રોહિણીજીએ સાંભળી ત્યારે શાપ આપ્યો કે તેં દાસી થઈને તારું પોતાનું દામ—દોરડું શ્રીજશોદાજીને કેમ આપ્યું ? માટે પૃથ્વી પર પડ. આથી આ બંદી મથુરામાં એક સનોઢિયાને ત્યાં જન્મી. જ્યારે આ આઠ વરસના થયા, ત્યારથી જ વૈરાગ્ય—દશા હતી, તેથી મથુરા છોડી વૃંદાવનમાં આવી એકલા રહ્યા. મથુરાથી પાંચદસ દિવસનું લાવે. વૃંદાવનમાં કેશી ઘાટ પર બેસી વિચાર કરતા કે મારા પર કૃપા ક્યારે થશે ? વળી જે વ્રજવાસી આવીને કહે કે મને સેવક કરો, તે વ્રજવાસી આદિકને સેવક કરતા. તેમને એમ જ કહેતા કે શ્રીઠાકોરજીનું નામ સદા મુખથી બોલ્યા જ કરો.

વાર્તાપ્રસંગ ૧ લો.

હવે એક દિવસ રાતનાં ગડૂસ્વામીને બહુ જ વિરહ થયો કે આખો જન્મારો વીત્યો, આ મનુષ્યદેહ વૃથા ગયો, માટે જીવવું નકામું છે. આમ બોલતાં બોલતાં આંખોમાંથી આંસુ વહેવા લાગ્યાં. આ વખતે ગડૂસ્વામીને જરાક નિદ્રા આવી. ત્યારે શ્રીઠાકોરજીએ કહ્યું કે સવારે શ્રીવલ્લભાચાર્યજી તારી પાસે કેશીઘાટ ઉપર સ્નાન કરવા પધારશે; તેમને શરણે તું જજે, એટલે તારા પર કૃપા થશે. પછી ગડૂસ્વામીની આંખ ઊઘડી ગઈ અને કહેવા લાગ્યા કે કયારે સવાર થાય અને કયારે હું શ્રીઆચાર્યજીને શરણે જાઉં. એટલામાં સવાર થયું. હવે શ્રીઆચાર્યજી ગિરિરાજથી રાત્રે નીકળ્યા અને પ્રાતઃકાલમાં કેશીઘાટે પધારી શ્રીયમુનાજીમાં સ્નાન કરી સંધ્યાવંદન કરે છે, ત્યાં આવી ગડૂસ્વામીએ પૂછયું કે આપ કોણ છો ? એટલે કૃષ્ણદાસ મેઘને કહ્યું કે શ્રીવલ્લભાચાર્યજી ગિરિરાજથી પધાર્યા

છે. એટલે ગડૂસ્વામીએ દંડવત્પ્રણામ કરી શ્રીઆચાર્યજીને વિનંતિ કરી કે મહારાજ, મને કૃપા કરીને સેવક કરો. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે તમે તો સ્વામી કહેવાઓ છો, તમે પણ સેવક કરો છો, તો તમે સેવક થવાનું શાથી કહો છો? આ સાંભળી ગડૂસ્વામીએ કહ્યું કે મહારાજ, મને ભગવદાજ્ઞા થઇ છે કે તું શ્રીઆચાર્યજીનો સેવક બનજે, એટલે તારા પર કૃપા થશે; માટે મને સેવક કરો. એટલે શ્રીઆચાર્યજીએ ગડૂસ્વામીને કહ્યું કે સ્નાન કરી લો. એટલે ગડૂસ્વામી સ્નાન કરી શ્રીઆચાર્યજી પાસે આવ્યા, એટલે શ્રી-આચાર્યજીએ નામ સુણાવી નિવેદન કરાવ્યું. પછી ગડૂસ્વામીએ પોતે જે સેવક કર્યા હતા તે બધાને શ્રીઆચાર્યજી પાસે નામ સુણાવ્યું.

ભાવપ્રકાશ—પછી ગડૂસ્વામીએ શ્રીઆચાર્યજીને વિનંતિ કરી કે મહારાજ, મારાં માતાપિતા તો બહિર્મુખ છે, તે મથુરામાં છે, તેથી એમને છોડીને હું અહીં આવ્યો છું. મારું લગ્ન તો થયું નથી. બાળપણથી જ વૈરાગ્ય-દશામાં રહ્યો છું. હવે આપ એવી કૃપા કરો કે મારું મન શ્રીઠાકોરજીની લીલામાંથી બીજે ન ભટકે. એટલે શ્રીઆચાર્યજીએ પોતાનું ચરણામૃત આપ્યું ને "ત્રિવિધલીલાનામાવલી" રચી તેનો પાઠ કરાવ્યો; એટલે ગડૂસ્વામીને શ્રી-ઠાકોરજીની લીલાનો અનુભવ થવા લાગ્યો. તેથી માનસી સેવામાં મગ્ન થઇ ગયા.

આ ગડૂસ્વામી શ્રીઆચાર્યજીના એવા કૃપાપાત્ર ભગવદીય છે, તેથી એમની વાર્તા અનિર્વચનીય છે. માનસીનો પ્રકાર કહી શકાય નહિ, તેથી ગડૂસ્વામીની વાર્તાનો વિસ્તાર નથી કર્યો. ॥ વાર્તા ૬૯॥

વાર્તા ૭૦ મી.

હવે શ્રીઆચાર્યજીના સેવક કનૈયાશાલ ક્ષત્રિય આગ્રામાં રહેતા તેમની વાર્તાનો ભાવ.

ભાવપ્રકાશ—આ કનૈયાશાલ ક્ષત્રિય લીલામાં લલિતાજીની સખી છે. ત્યાં એમનું નામ 'કમોદની' છે. એ આગ્રામાં એક "શાલ" ક્ષત્રિયને ત્યાં જન્મ્યા. (હવે આને ત્યાં) પ્રથમ દ્રવ્યનો સંકોચ બહુ જ હતો. જે દિવસે કનૈયાશાલ જન્મ્યા તે જ દિવસે

માતાપિતાના ઘરમાંથી જમીનમાંથી દ્રવ્ય નીકળ્યું. આથી માતાપિતાએ કહ્યું કે આ છોકરો મહા ભાગ્યવાન છે કે જેથી જન્મતાં જ સાથે લક્ષ્મી આવી. માટે આ બાલકનું નામ કનૈયાશાલ (પાડયું). આ પ્રમાણે માતાપિતાએ કનૈયાશાલ સાથે પ્રીતિ બહુ જ કરી. મોટા થયા છતાં ઘરની બહાર જવા દે નહિ. હવે જ્યારે એ તેર વર્ષના થયા, ત્યારે પિતાનો દેહ છૂટ્યો; એટલે કનૈયાશાલે માતાને કહ્યું કે હવે મને બહાર જવા દે. હું મોટો થયો છું. મથુરા મોટું ધામ છે, પણ કદી દર્શન કર્યાં નથી. એટલે માતાએ કહ્યું કે બેટા, તું મારી આંખો આગળથી કયાંય દૂર ન જઈશ, એટલે કનૈયાશાલ ચૂપ થઈ રહ્યા. એવામાં કનૈયાશાલનો એક મામો હતો તે મથુરા આવ્યો. ત્યારે કનૈયાશાલે માતાને કહ્યું કે હવે મને મામાની સાથે મથુરા (શ્રીયમુના) સ્નાન કરવા જવા દે, નહિ તો હું એકલો નાશી જઈશ. એટલે માતાએ બીકથી પોતાના ભાઈને કહ્યું કે મારા બેટાને બહુ દર્શન ન કરાવશો; બહુ ફેરવશો નહિ; મથુરામાં નવરાવી જલદી પાછો લાવજો. તમારે વ્રજમાં યાત્રા કરવી હોય, ફરવું હોય તો મારા બેટાને મારી પાસે ઘેર પહોંચાડી પછી ફરજો. હવે કનૈયાશાલ મથુરા આવી વિશ્રાંતિ ઘાટ પર નાહ્યા, એટલે કનૈયાશાલે મામાને કહ્યું કે મને બધા વ્રજનાં દર્શન કરાવો. ત્યારે મામાએ કહ્યું કે તમારી માતાએ તો ના પાડી છે. એટલે કનૈયા… …ા. પછી …કહ્યું કે મારા પર માનો મોહ બહુ જ છે, પરન્તુ હું ફરી કયારે …ના નાના ગ્રંથ … ચાલો અને વ્રજનાં દર્શન કરીએ. આમ કહી પરિક્રમાએ… …હવે તુમે ઘે…ાંચ દિવસમાં શ્રીગોવર્ધન પહોંચ્યા. અહીં શ્રીગિરિરાજને જોતાં જ કનૈયાશાલ બહાવરા બની ગયા. બોલાવ્યા બોલે નહિ તેમ ઉઠાડ્યા ઊઠે પણ નહિ. જેને જુએ તેની સામે જોઈને હશે. કોઇ મોઢામાં મૂકે તો ખાય અને પહેરાવે તે વસ્ત્ર પહેરે. આવી રીતે શરીરનું ભાન ભૂલી ગયા. આથી મામાને ભારે ચિંતા થઇ. જો આ દશામાં ઘેર લઇ જઈશ તો આની માતા રડશે. આમ વિચારી મામો આ કનૈયાશાલને લઈને ગોવર્ધનમાં રહ્યો. વૈરાગી, અતીત, વૈદ્ય બધાને કહે કે કનૈયાશાલને કોઇ સાજો કરે તો તે જે માગે તે આપું. આથી લોકોએ બહુ જ દવાઓ કરી, અનેક જન્ત્રમંત્ર કર્યાં, પરંતુ કનૈયાશાલ સાજા થયા નહિ. આમ કરતાં કરતાં મહિનો વીત્યો. એટલે ઘેર માતાને બહુ ચિંતા થઇ કે પુત્રની કશી ખબર પણ ન

આવી. મારો બાઇ પાંચ દિવસના વાયદે ગયો છે, તેને એક મહિનો થયો, માટે કંઈ કારણ બન્યું લાગે છે. (આમ વિચારી) એક માણસને કહ્યું કે તમે મથુરા જાઓ. વ્રજમાં મારો બાઇ અને પુત્ર બેઉ ગયા છે, માટે તું ખબર કાઢી આવ કે તે ક્યાં છે, શું કરે છે, અને કેવી સ્થિતિમાં છે. બધા સમાચાર લઈ આવ. તેમને કશું જણાવીશ નહિ. મને બધા સમાચાર આવીને કહીશ તો તને દસ રૂપિયા આપીશ. એટલે માણસ ચાલ્યો, તેને મથુરામાં ખબર મળી કે (તેઓ) શ્રીગોવર્ધનમાં છે. (આ ખબર મળતાં જ) ગોવર્ધનમાં આવી બેઉને જોઇ, ને આયા આવીને કનૈયાલાલની માતાને કહ્યું કે તમારો બેટો તો બહાવરો થઈ ગયો છે; શરીરનું પણ ભાન નથી. તમારો બાઈ જંત્રમંત્ર અનેક કરે છે, દવાઓ પણ કરે છે. (આ સાંભળી) માતાને બહુ જ દુઃખ થયું (અને કહ્યું) કે હું આથી જ બહાર કાઢતી નહોતી. હવે હું શું કરું? પછી આ માણસને કહ્યું કે એક ડોળી ભાડે કરી લાવો અને તમે મારી સાથે ચાલો. તમને દસ રૂપિયા બીજા આપીશ. મને મારા પુત્ર પાસે પહોંચાડો. પેલો માણસ ડોળી ભાડે કરી લાવ્યો, એટલે આ માતા એક હજાર રૂપિયા લઈ ડોળીમાં બેસીને ચાલી. ગોવર્ધન આવી, પુત્ર પાસે જઇ પુત્રને હૃદય સાથે ચાંપીને રડી પડી. પછી બાઇને ખિજાઇને ત્યાંથી કાઢી મૂક્યો (અને કહ્યું) [illegible] મારા પુત્રને બહાવરો કર્યો. હવે માતાએ અનેક ઇલમીઓને બોલા[illegible] એવા કૃપાપા[illegible]શાલ સારા થયા નહિ. પછી ગોવર્ધનમાં બધા વ્રજવાસીઓને [illegible]). માનસીનો પ્રક[illegible]વો મહાપુરુષ બતાવો કે જે મારા પુત્રને સારો કરી દે; તેની હું દાસી થઈને રહું. તે વખતે સદુપાંડે અન્યોરથી ગોવર્ધન આવ્યા હતા તેમને આ ડોશીએ પૂછ્યું, એટલે સદુપાંડેએ કહ્યું કે અમારા ગામમાં શ્રીઆચાર્યજી પધાર્યા છે, તેમણે કેટલાય વ્રજવાસીઓને પરચા આપી (ચમત્કાર બતાવી) શરણે લીધા છે. વળી ગોવર્ધન પર્વતમાંથી શ્રીગોવર્ધનનાથજી પ્રકટ કર્યા છે. આ શ્રીઆચાર્યજી સાક્ષાત્ ભગવાન છે. એમના મનમાં આવે તો આ તો શા હિસાબમાં છે! પણ શ્રી-આચાર્યજી પાસે અમારું નામ દેશો નહિ. એટલે આ ડોસીએ કહ્યું કે તમારું મારી સાથે ચાલો. તમારા ગામમાં લઇ જાઓ. હું વિનંતિ કરીશ. હું મારે નામ નહિ દઉં. એટલે સદુપાંડેએ કહ્યું કે મારી સાથે ચાલો.

ગામ જ જાઉં છું. હવે માતા કનૈયાશાલને ડોળીમાં બેસાડી અન્યોર આવી. એક વ્રજવાસીનું ઘર લઇ તેમાં કનૈયાશાલને બેસાડી બારણાને તાળું માર્યું. પછી શ્રીઆચાર્યજી પાસે આવી દંડવત્પ્રણામ કર્યા. એટલે શ્રીઆચાર્યજીએ કહ્યું કે ડોકરી, તું શા માટે આવી છે તે તો મેં જાણ્યું, માટે તારા છોકરાને અહીં જલદી લઈ આવ. અમે સારો કરી દઈશું. બહુ વાત કરીશ નહિ. એટલે ડોસી કનૈયાશાલને લઈને શ્રીઆચાર્યજી પાસે આવી, એટલે શ્રીઆચાર્યજીએ ઝારીમાંથી જળ હાથમાં લઈ વેદમંત્ર ભણી કનૈયાશાલ પર છાંટયું, એટલે કનૈયાશાલ સાવધાન થઇ ગયા અને શ્રીઆચાર્યજીને દંડવત્ પ્રણામ કરી વિનંતિ કરી કે મહારાજ, હું તો બહુ જ સુખી હતો—વ્રજની ગોવર્ધનની લીલામાં મગ્ન હતો. ત્યાંથી આપે મને બહાર કેમ કાઢયો? આપ તો અધિક દાન આપવાને માટે પ્રકટ થયા છો, તો આ શું કર્યું? ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે ઉચ્છલિત રસ, ઉપરનો પ્રેમ એક દિનમાં જતો રહે; માટે તને સાવધાન કર્યો. ભીતર સ્થિર પ્રેમ થાય અને લીલારસનો અનુભવ થાય તે જગતમાં કોઇ જાણે નહિ, તે પ્રેમનો કદી પણ નાશ થાય નહિ. એટલે કનૈયાશાલે વિનંતિ કરી કે મહારાજ, કૃપા કરી—એ સ્થિર પ્રેમનું દાન કરો. આ વિનંતિથી શ્રીઆચાર્યજીએ કનૈયાશાલને નવરાવી, શ્રીગોવર્ધનનાથજીની સન્મુખ બેસાડી, નામ નિવેદન કરાવ્યું. સાક્ષાત્ ઠાકોરજીના લીલારસનો અનુભવ કરાવી દીધો. પછી કનૈયાશાલની માતાને નામ સુણાવ્યું. હવે શ્રીઆચાર્યજીએ જે નાના નાના ગ્રંથ કર્યા હતા તે બધા કનૈયાશાલને ભણાવ્યા. પછી કનૈયાશાલને કહ્યું કે હવે તમે ઘેર જઈ રસનો અનુભવ કરો. હવે તમને લૌકિક વૈદિક કે સંસાર કશું બાધ કરશે નહિ. એટલે કનૈયાશાલની માતાએ હજાર રૂપિયા ભેટ ધરી વિનંતિ કરી કે મહારાજ, મારા પર મોટી કૃપા કરી. આપ સાક્ષાત્ પુરુષોત્તમ છો. તમારા વિના મારા પુત્રને સારો કોણ કરે? આ સાંભળી શ્રીઆચાર્યજીએ કહ્યું કે હવે તું તારા પુત્રને લઈને તારે ઘેર જા. એટલે કનૈયાશાલની માતાએ શ્રીઆચાર્યજીને વિનંતિ કરી કે મહારાજ, એકવાર મારે ઘેર આગ્રા પધારો અને આપની ભેટ બહુ જ છે તે અંગીકાર કરી પાવન કરો. એટલે શ્રીઆચાર્યજીએ કહ્યું કે અમે અડેલ પધારવાના છીએ ત્યારે તમારે ઘેર આવીશું. હવે તમે ઘેર જાઓ. એટલે

કનૈયાશાલ અને ડોસી દંડવત્ પ્રણામ કરી શ્રીઆચાર્યજીની વિદાય લઈ આગ્રા આવ્યાં. કનૈયાશાલ તો લીલામાં મગ્ન રહેતા, અને ડોસી ઘરનું બધું કામ કરે. પછી શ્રીઆચાર્યજી આગ્રા પધાર્યા ત્યારે કનૈયાશાલને ઘેર ઊતર્યા. બધા ગ્રંથોના ભાવ, પુષ્ટિમાર્ગનો સિદ્ધાંત બધું કનૈયાશાલના હૃદયમાં સ્થાપન કર્યું. પાંચ રાત્રિ રહ્યા. ત્યારે ડોસીએ ખૂબ ભેટ કરી તે લઈને અડેલ પધાર્યા.

વાર્તાપ્રસંગ ૧ લો.

એકવાર શ્રીગુંસાઇજીએ અક્કાજીને પૂછયું કે માર્ગની વાર્તા તો દામોદરદાસ દ્વારા જાણી, પણ શ્રીઆચાર્યજીના ગ્રંથ કયાં મળશે? ત્યારે અક્કાજીએ કહ્યું કે આગ્રામાં કનૈયાશાલ ક્ષત્રિય છે, તેમની પાસે બધા ગ્રંથ છે, ત્યાંથી લેજો. એટલે શ્રીગુસાંઇજી કનૈયાશાલ ક્ષત્રિયને ત્યાં પધાર્યા. કનૈયાશાલે પરમપ્રીતિથી શ્રીગુસાંઇજીને પોતાને ત્યાં પધરાવ્યા. પછી શ્રીગુસાંઇજી કનૈયાશાલ પાસે શ્રીઆચાર્યજીના બધા ગ્રંથ ભણ્યા. પછી શ્રીગુસાંઇજીએ ગ્રંથોની ટીકા કરીને કનૈયાશાલને કૃપા કરીને ભણાવ્યા. ત્યારબાદ શ્રીગુસાંઇજીએ પોતાના ગ્રંથો દાનલીલા હુલ્લાસ વ્રતચર્યા આદિ રહસ્યગ્રંથો કર્યા હતા તે કનૈયાશાલને ભણાવ્યા. વળી કનૈયાશાલને શ્રીગુસાંઇજી દંડવત્ પ્રણામ કરવા દેતા નહિ અને કહેતા કે તમારા હૃદયમાં શ્રીઆચાર્યજી બિરાજે છે. આવી રીતે શ્રીઆચાર્યજીની અને શ્રીગુસાંઇજીની અત્યંત કૃપા હોવાથી તે લીલાના સંયોગરસ વિપ્રયોગરસ એ બેઉ રસમાં મગ્ન રહેતા. પછી શ્રીગુસાંઇજી અડેલ પધાર્યા.

ભાવપ્રકાશ—પછી કનૈયાશાલની માતાનો દેહ છૂટ્યો, ત્યારે કનૈયાશાલે કહ્યું કે આપણો પ્રતિબંધ છૂટ્યો. ક્ષણ ક્ષણમાં ખાનપાનનો પ્રતિબંધ માતા કરતી. હવે પછી કનૈયાશાલને શરીરની સૂધી આવે ત્યારે ખાનપાન કરે, નહિ તો એમ ને એમ બેસી રહેતા.

વાર્તાપ્રસંગ ૨ જો.

હવે એકવાર શ્રીગુસાંઇજી અડેલથી આગ્રા પધાર્યા અને કનૈયાશાલને ત્યાં ઊતર્યા ત્યારે કનૈયાશાલને કહ્યું કે અમે દ્વારકા

પધારીએ છીએ. ત્યારે કનૈયાશાલે કહ્યું કે હું પણ પાછળથી આવીને આપનાં દર્શન કરીશ. ત્યારે શ્રીગુસાંઇજીએ કહ્યું કે તમે શી રીતે આવશો ? વૈષ્ણવ વગર બીજા કોઇ સાથે તો બોલતા નથી, અને રસ્તો લાંબો છે. ત્યારે કનૈયાશાલે કહ્યું કે મારે શા માટે બીજા સાથે બોલવું પડે ? હું આપની પાછળ આવીશ. ત્યારે શ્રીગુસાંઇજીએ કહ્યું કે તમને કૃપાનું બળ છે, જે ચાહે તે કરો. પછી શ્રીઆચાર્યજીના ગ્રંથોની વાર્તા કનૈયાશાલ પાસે બે દિવસ શ્રી-ગુસાંઇજીએ કરી. પછી આપ તો દ્વારકા પધાર્યા.

એક દિવસ કનૈયાશાલના મનમાં આવ્યું કે દ્વારકા જઇએ, શ્રીગુસાંઇજીને મળીએ. તેથી નીકળીને ચાલ્યા, પણ માર્ગની બરાબર માહિતી નહિ. કોઈની સાથે બોલે નહિ. ત્રણ દિવસ ચાલ્યા ગયા ત્યારે એક વનમાં આવી ચઢયા. ત્યાં સઘન વન, જળ પણ નહિ, એટલે વિચાર્યું કે દેહ છૂટી જશે. ત્યારે શ્રીઆચાર્યજીના ગ્રંથોનો એક વૃક્ષની નીચે બેસી પાઠ કરવા લાગ્યા. એટલામાં એક ગોવાળિયાએ આવીને કહ્યું કે તું અહીં કેમ બેઠો છે ? અહીં સર્પ તથા નહારની બીક છે. ત્યારે કનૈયાશાલે કહ્યું કે હું શ્રીઆચાર્યજી મહાપ્રભુનો સેવક છું તેથી સાપ કે નહાર કોઇ મારી પાસે આવશે નહિ. ત્યારે ગોવાળિયાએ કહ્યું: તળાવ તારી પાછળ છે તેમાંથી જળ તો પી. ત્યારે પાછળ જુએ તો જળ ભર્યું છે, તેમાંથી જળ પીવા લાગ્યા. ત્યારપછી બીજો ગોવાળિયો મહાપ્રસાદ શ્રીનાથજીની સખડી અન-સખડી લઇ આવ્યો અને કહ્યું કે આ મહાપ્રસાદ તું લે. ત્યારે કનૈયાશાલે પૂછયું કે મહાપ્રસાદ કયાંનો છે? હું ઘરનો લઉં અગર શ્રીગુસાંઇજીને ત્યાંનો લઉં, બીજા કોઇનો મહાપ્રસાદ લેતો નથી. ત્યારે ગોવાળિયાએ કહ્યું કે આ શ્રીનાથજીનો મહાપ્રસાદ છે. તું શું શ્રી-રણછોડજીના ઉપર હત્યા આપવા નીકળ્યો છે કે આટલી બધી હઠ કરે છે? એટલે મહાપ્રસાદ જોયો ને શ્રીનાથજીનો જાણી મહા-પ્રસાદને દંડવત્પ્રણામ કરીને લીધો. પછી ત્રીજા ગોવાળિયાએ આવીને કહ્યું કે અહીં આવીને બેસી રહીને શું કરે છે? શ્રીરણછોડ-

જીનાં દર્શન માટે જા. હવે પાછળ ફરીને જુએ તો શ્રીરણછોડજીનું મંદિર દીઠું ત્યારે કનૈયાશાલે કહ્યું કે અહીં શ્રીગુસાંઇજી પધાર્યા હોય તો જાઉં, ત્યારે ગોવાળિયાએ કહ્યું કે મને શ્રીગુસાંઇજીએ તને સંદેશો કહેવા મોકલ્યો છે, માટે તું જલદી જા. એટલે કનૈયાશાલ શ્રીરણછોડજીના મંદિરમાં શ્રીગુસાંઇજી પાસે ગયા. ત્યાં શ્રીગુસાંઇજીએ પૂછ્યું કે કનૈયાશાલ, તમે આવ્યા? રસ્તામાં કોઇની સાથે બોલ્યા કે નહિ? ત્યારે કનૈયાશાલે કહ્યું કે મહારાજ, મારે બીજાની સાથે બોલવાની શી જરૂર છે? એટલે શ્રીગુસાંઇજીએ કહ્યું કે તમે ત્રણ ગોવાળિયા સાથે બોલ્યા, છતાં એમ કેમ કહો છો? ત્યારે કનૈયાશાલે કહ્યું કે મહારાજ, મારી વાણી આપ વિના બીજા કોઇની સાથે નીકળે જ નહિ. ત્રણે ગોવાળિયાના સ્વરૂપે, આપ વિના મને વનમાં સખડી અનસખડી મહાપ્રસાદ કોણ ધરે? બીજાના હાથનું તો હું લઉં જ શી રીતે? આ બધી આપની કૃપા છે. પછી શ્રીગુસાંઇજીએ કનૈયાશાલનો હાથ પકડીને શ્રીરણછોડજીનાં દર્શન કરાવ્યાં, તો કનૈયાશાલને શ્રીગોવર્ધનધરનાં દર્શન થયાં. એટલે શ્રીગુસાંઇજીએ કહ્યું કે કનૈયાશાલ, શ્રીરણછોડજીનાં દર્શન કર્યાં? ત્યારે કનૈયાશાલે કહ્યું કે આપની કૃપાથી શ્રીગોવર્ધનધર ચક્ષુમાં બિરાજી રહ્યા છે, તેથી શ્રીગોવર્ધનધરનાં દર્શન થયાં.

ભાવપ્રકાશ—આમાં એ બતાવ્યું કે કનૈયાશાલનું મન વ્રજની લીલા સિવાય બીજામાં જાય જ નહિ.

હવે શ્રીગુસાંઇજીએ કનૈયાશાલને પોતાના મુકામ પર લાવીને કહ્યું કે હવે તમે અમારી સાથે આગ્રા ચાલો, ત્યારે કનૈયાશાલે કહ્યું કે મહારાજ, આપ તો દૈવી જીવોના ઉદ્ધારને માટે પધાર્યા છો, તેથી આપને ઢીલ થશે, અને મને તો એકલાને બહુ ગમે છે; માટે હું તો આપની કૃપાથી આગ્રા જઈ પહોંચીશ. ત્યારે શ્રીગુસાંઇજીએ કહ્યું કે તમારા પર તો શ્રીઆચાર્યજીની કૃપાનું બળ છે; તમે જે કરશો તે યોગ્ય જ કરશો. પછી કનૈયાશાલ શ્રીગુસાંઇજીની આજ્ઞા લઇ આગ્રા જવા નીકળ્યા. રસ્તામાં ભગવદાવેશમાં બે દિવસ નીકળી ગયા.

રસ્તામાં ગાઢ ઝાડી આવી કે જ્યાં રસ્તો જ ન મળે. ત્યાં એક ઝાડ નીચે બેસી ગયાં. ત્યાં શ્રીઆચાર્યજીના ગ્રંથ, શ્રીગુસાંઇજીની ટીકા તથા રહસ્યગ્રંથો જોવા લાગ્યા. ત્યાં એક ગોવાળિયાએ આવીને કહ્યું કે તું અહીં કેમ બેઠો છે? શ્રીયમુનાજીમાં સ્નાન કરવું હોય, પાન કરવું હોય તો કરીને તારે ઘેર જા. હવે કનૈયાશાલની દૃષ્ટિ પોથી પર હતી તે ત્યાંથી ઊંચી દૃષ્ટિ કરીને જુએ તો શ્રીયમુનાજી અને આગ્રા શહેર દીઠું. એટલે શ્રીયમુનાજીમાં સ્નાન કરી, જલનું પાન કરી, પાઠ પૂજન કરી ઘેર આવ્યા.

પછી કેટલાક દિવસે દ્વારકાથી શ્રીગુસાંઇજી આપ આગ્રા પધાર્યા, ત્યારે કનૈયાશાલને પૂછ્યું કે તમે આગ્રા કેટલા દિવસમાં અને શી રીતે આવ્યા? એટલે કનૈયાશાલે કહ્યું કે મને તો ખબર નથી. આપ જ મને દ્વારકા લઇ ગયા અને આપે જ મને આગ્રા પહોંચાડ્યો, એટલું જ હું તો જાણું છું. આ સાંભળી પ્રસન્ન થઇ શ્રીગુસાંઇજી ત્રણ દિવસ કનૈયાશાલને ત્યાં બિરાજ્યા. ભગવદ્વાર્તા કરીને બહુ જ પ્રસન્ન થયા. પછી શ્રીગુસાંઇજી અડેલ પધાર્યા. કનૈયાશાલ લૌકિક વૈદિક જ્યારે શરીરનું ભાન હોય ત્યારે કરે, પરન્તુ પછી કશી શુદ્ધિ (ભાન) રહે નહિ. લીલારસમાં મગ્ન રહેતા. આ કનૈયાશાલની એવી લોકવેદ વિરુદ્ધની વાત છે, જે કહી જાય નહિ.

ભાવપ્રકાશ—આનું કારણ એ છે કે લોકોને શ્રીઠાકોરજીની લીલાના ભાવની ખબર નહિ, તેથી એમને કહીએ તો વિશ્વાસ ન આવે, તેથી પ્રકાશ કર્યો નથી. પ્રેમની રીત અટપટી છે. તેથી સૂરદાસે ગાયું છે કેઃ—

રાગ સારંગ–

व्रजलीला कोउ पार न पायो–
ब्रह्मा, शेष, महेश, नारायण, मति हि भुलायो ॥ १ ॥
वेद स्मृति सुनी हरि हि मिलन बहु मारग बतायो ॥
गोपीजन निज मारग "सूर" न्यारो दिखरायो ॥ २ ॥

માટે કનૈયાશાલ એવા શ્રીઆચાર્યજીના કૃપાપાત્ર ભગવદીય છે, એમની વાર્તા કેટલીક કહીએ? ॥ વાર્તા ૭૦ ॥

વાર્તા ૭૨ મો.

હવે શ્રીઆચાર્યજીના સેવક નરહરદાસ ગોડિયા બ્રાહ્મણ બંગાળાના તેમની વાર્તાનો ભાવ.—

ભાવપ્રકાશ—આ નરહરદાસ બંગાળામાં જન્મ્યા. લીલામાં એ કુમારિકાના યૂથમાં છે. ત્યાં એમનું નામ "સુગંધરા" છે. હવે પૂર્વમાં જ્યારે નરહરદાસ મોટા થયા ત્યારે તેમની પ્રીતિ શ્રીજગન્નાથરાયજીમાં લાગી. એક વાર તો આખું વર્ષ શ્રીજગન્નાથરાયજીમાં જઈ રહ્યા પછી ઘેર આવ્યા ત્યારે પિતાએ કહ્યું કે બેટા, હું તો હવે વૃદ્ધ થયો છું; તું યજમાન પાસે જતો નથી તો મારા મૂઆ પછી ખાઇશ ક્યાંથી? તું વારંવાર શ્રીજગન્નાથરાયજીનાં દર્શન કરવા જાય છે, તો શ્રીજગન્નાથરાયજી તને કશું આપે છે? ત્યારે નરહરદાસે કહ્યું કે શ્રીજગન્નાથરાયજી આખા જગતને પોષે છે એટલે મને પણ (એ જ) આપે છે. આજથી હવે તમે મને કશું આપશો નહિ. જુઓ કે શ્રીજગન્નાથરાયજી મારું પાલન કરે છે કે નહિ. એટલે નરહરદાસના પિતાએ કહ્યું કે શ્રીજગન્નાથરાયજી બધાંને આપે છે તો બધાંની ભેટ પૂજા શા માટે લે છે? બધા લેવાવાળા જ છે, આપવાવાળો ઠાકોર કોઇ નથી! જ્યારે હું તને ખર્ચી આપું છું, ત્યારે તો તું શ્રીજગન્નાથરાયજીનાં દર્શન કરવા જાય છે. જો હું ન આપું તો તારે ભીખ માગવી પડે. આ સાંભળી નરહરદાસને બહુ ક્રોધ ચઢ્યો, એટલે પિતાને કહ્યું કે તમે ભગવાનના નિંદક છો, માટે આજ પછી હવે તમારું કશું લઈશ નહિ, અને તમારા ઘરમાં પણ નહિ રહું; તમારું મોઢું જોવું પણ યોગ્ય નથી. તમે એવી વાત કરી કે મ્લેચ્છ પણ એવી વાત કરે નહિ. એમ કહી ઘરમાંથી ઊઠીને ચાલ્યા. ત્યારે પિતાએ બહુ જ સમજાવ્યા, વિનંતિ પણ કરી કે મારી ભૂલ થઈ, પરંતુ નરહરદાસ દૈવી જીવ છે; શ્રીઠાકોરજીની નિંદા તેમનાથી સાંભળી ન ગઈ. આથી શ્રીજગન્નાથરાયજીનાં દર્શન આવીને કર્યાં, પણ કશું પાસે નહિ, એટલે સમુદ્રને કાંઠે જઈને બેઠા. મનમાં વિચાર્યું કે હવે કોઈ પાસે માગવું નથી. જો માગીને નિર્વાહ કરું તો કદાપિ મારો પિતા આવે અથવા ઘેર બેઠે સાંભળે તો કહે કે હું કહેતો હતો તે થયું; માટે શ્રીજગન્નાથરાયજી આપશે તો ખાઇશ, નહિ તો જે થવાનું હોય એ ભલે થાય.

પછી રાત પડી એટલે શ્રીજગન્નાથરાયજી મહાપ્રસાદ લઈ એક સોળ વરસના બાળક બની, આવીને કહ્યું કે હે બ્રાહ્મણ, આ મહાપ્રસાદ લે. એટલે નરહરદાસે કહ્યું કે હું મહાપ્રસાદની અવજ્ઞા શી રીતે કરું? મૂકી જાઓ. પણ મને તો શ્રીજગન્નાથરાયજી જ આપશે ત્યારે જ લઈશ; આવો મનમાં નિશ્ચય કર્યો છે. ત્યારે (પેલા કિશોરે) કહ્યું કે શ્રીજગન્નાથરાયજી જ આપે છે, બીજું કોણ આપે છે? એમની ઇચ્છા વિના બીજું કોણ તમને આપવા આવશે? એટલે પ્રસન્ન થઈને મહાપ્રસાદ લીધો, અને આપ તો પધાર્યા. પછી નરહરિદાસ સૂતા, એટલે શ્રીજગન્નાથરાયજીએ કહ્યું કે તું પ્રાતઃકાળમાં શ્રીઆચાર્યજીની પાસે જઈ સેવક થા, એટલે તારા બધા મનોરથ પૂર્ણ થશે. ત્યારે નરહરદાસે કહ્યું કે હું તો શ્રીઆચાર્યજીને ઓળખતો નથી; ક્યાં જાઉં? એટલે શ્રીજગન્નાથરાયજીએ કહ્યું કે શ્રીવલ્લભાચાર્યજી પ્રસિદ્ધ છે. જેને પૂછીશ તે તને બતાવશે. તું શ્રીઆચાર્યજીને મારું જ સ્વરૂપ જાણજે. હવે નરહરદાસે પ્રાતઃકાળમાં ઊઠીને પૂછતાં પૂછતાં શ્રીઆચાર્યજી પાસે આવીને દંડવત્ પ્રણામ કર્યાં, એટલે શ્રીઆચાર્યજીએ કહ્યું કે આવો નરહરદાસ, તમારે ટેક તો એવી જ રાખવી જોઇએ કે પિતાનો પણ તિરસ્કાર કરીને આવ્યા. આગળ પ્રહ્લાદજીએ પણ પિતાનું કહ્યું નહોતું કર્યું, તેથી તમારું નામ નરહરદાસ હવે સાર્થક થયું. પરન્તુ તું તો પુષ્ટિમાર્ગીય દૈવી પરમ ઉત્તમ જીવ છે. આ સાંભળી નરહરદાસે જાણ્યું કે આ (સાક્ષાત્) ઈશ્વર જરૂર છે. મારા પિતાની બધી વાત કહી દીધી. હવે નરહરદાસે વિનંતિ કરી કે મહારાજ, મને સેવક કરો. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે અત્યારે તો તારું ચિત્ત દ્રવ્યમાં છે, તેથી પ્રભુનું નામ અત્યારે તને ફળશે નહિ; માટે તું જઈને સમુદ્રને તીરે બેસ; સમુદ્રની લહેરમાંથી તને દ્રવ્ય મળશે. તે દ્રવ્યથી તેં જે શ્રીજગન્નાથરાયજીનો મનોરથ વિચાર્યો છે તે પૂર્ણ કર. પછી શરણે લઈશું. તું અમારો છે, તેથી તને હવે સંસારનાં દુઃખ નડશે નહિ. ત્યારે નરહરદાસે કહ્યું કે મહારાજ, દ્રવ્યમાં મારું મન વધારે છે તે માત્ર કીર્તિ મેળવવા માટે છે. મનમાં એમ છે કે મનમાન્યું દ્રવ્ય ખર્ચું કે પિતા પણ સાંભળીને શરમાય, (ને જાણે કે) શ્રીજગન્નાથરાયજી એવા શ્રીઠાકોરજી છે. એટલે શ્રીઆચાર્યજીએ કહ્યું કે જા, સમુદ્રકિનારે તારો મનોરથ પૂર્ણ થશે. એટલે નરહરદાસ કોઈ ન હતું ત્યાં

(એકાંતમાં) સમુદ્રને તીરે જઈને બેઠા. સમુદ્રની લહેરમાં સોનું રૂપું હીરા મોતી વગેરે (કીમતી વસ્તુઓ) નો નરહરદાસ પાસે ઢગ થયો. તેનું પોટલું બાંધી મનમાં પ્રસન્ન થઈ શ્રીઆચાર્યજી પાસે આવ્યા તે બધું બતાવીને કહ્યું કે મહારાજ, આપની કૃપાથી દ્રવ્ય તો બહુ જ મળ્યું. એટલે શ્રીઆચાર્યજીએ કહ્યું કે જાઓ, જગન્નાથરાયજીનો મનોરથ કરો. ત્યારે નરહરદાસે કહ્યું કે મહારાજ, હું દ્રવ્ય લઇ જઈને ખર્ચું, પણ મને તો બધા ગરીબ જાણે છે એટલે રાજા દંડે તો હું શું કરું? ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે અમારું નામ દેજો, એટલે કોઈ દંડશે નહિ. આ વખતે નરહરદાસે કહ્યું કે મહારાજ, આમાંથી કશુંક આપ રાખો. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું: આ શ્રીજગન્નાથજીનું દ્રવ્ય છે, માટે જગન્નાથરાયજીનો મનોરથ કરો. આમાંનું કશું અમારા કામનું નથી. અમારે તો જે કોઈ અમારો સેવક હોય, ખરી મજૂરીનું દ્રવ્ય હોય તે જ અમે અંગીકાર કરીએ છીએ. એટલે નરહરદાસે એક જગ્યા લઈ ત્યાં સોની દરજી કાપડિયા વગેરે બોલાવ્યા, અને અનેક વાઘા વસ્ત્રો આભૂષણ રસોઈની સામગ્રી–શ્રીજગન્નાથરાયજીની કરી. ગામમાં કોઇ ભૂખ્યો ન રહે. પંડ્યાઓને પણ આપ્યું. આ જોઇ બધા ચકિત થઈ ગયા કે આગળ તો નરહરદાસ ગરીબ હતા, આજે આટલું બધું દ્રવ્ય ક્યાંથી લાવ્યો? જે પૂછે તેને નરહરદાસ કહે કે શ્રીઆચાર્યજીએ મનોરથ કરવા આપ્યું છે. પછી રાજા સાંભળીને આવ્યો અને પૂછ્યું કે તું આટલું બધું દ્રવ્ય ક્યાંથી લાવ્યો? એટલે નરહરદાસે કહ્યું કે શ્રીઆચાર્યજીએ મનોરથ કરવા આપ્યું છે, એટલે રાજાએ શ્રીઆચાર્યજી પાસે આવીને પૂછ્યું. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે અમે કહ્યું છે કે શ્રીઠાકોરજીનો મનોરથ કરો. રાજા શ્રીઆચાર્યજીના ભેદની બાબત તો સમજ્યો નહિ. એમ જાણ્યું કે આપે જ આપ્યું હશે. પછી રાજા ઘેર ગયો. પછી તેના પિતાએ જાણ્યું કે નરહરદાસ હજારો રૂપિયાના મનોરથ કરે છે; એટલે નારાયણદાસનો પિતા નરહરદાસ પાસે આવ્યો. એટલે નરહરદાસે પિતા તરફ પીઠ કરીને કહ્યું કે તમે શ્રીઠાકોરજીના નિંદક છો; માટે તમારું મોઢું નહિ જોઉં. તમે જુઓ કે શ્રીજગન્નાથરાયજીએ કેટલું બધું દ્રવ્ય મને આપ્યું છે. જેનો દૃઢ વિશ્વાસ શ્રીઠાકોરજી ઉપર છે, તેને સર્વ કાંઈ જ સિદ્ધ છે. જેનો શ્રીઠાકોરજીમાં વિશ્વાસ નથી તે આ જન્મમાં દુઃખી છે, અને

પરલોકથી પણ ભ્રષ્ટ થાય છે. પરન્તુ તમે તો પિતા છો, એટલે શ્રીજગન્નાથરાયજીની કૃપાની ન્યોછાવર તમે પણ કંઈક લઇ જાઓ. પછી હજાર રૂપિયાનો માલ આપીને કહ્યું કે આજ પછી હવે તમારું મુખ મને ન બતાવશો. પછી પિતા દ્રવ્ય લઈને ઘેર ગયો. હવે થોડા દિવસમાં દ્રવ્ય વપરાઈ ગયું, અને મનના મનોરથ પણ પૂર્ણ કરી નરહરદાસે શ્રીઆચાર્યજીની પાસે આવી દંડવત્ પ્રણામ કરી વિનંતિ કરી કે મહારાજ, હવે મને કૃપા કરીને શરણે લો. હવે મારું મન કશામાં નથી; આપની શરણાગતિમાં જ છે. એટલે શ્રીઆચાર્યજીએ કહ્યું કે જા, સ્નાન કરી આવ. એટલે નરહરદાસ સ્નાન કરીને શ્રીઆચાર્યજી પાસે આવ્યા. અને શ્રીઆચાર્યજીએ નામ સુણાવી નિવેદન કરાવ્યું, એટલે નરહરદાસના હૃદયમાં પુષ્ટિમાર્ગનું જ્ઞાન થયું. એટલે શ્રીઆચાર્યજીને દંડવત્ પ્રણામ કરી વિનંતિ કરી કે મહારાજ, મેં બહુ જ ખોટું કામ કર્યું કે શ્રી. ઠાકોરજીને પરિશ્રમ કરાવી દ્રવ્ય મેળવી મારો જશ પ્રકટ કર્યો. હું મહાદુષ્ટ, મારો જશ શો? મન અવળું જાય અને પરલોક બગડે. માટે મને ધિક્કાર છે. શ્રીઠાકોરજીનું દ્રવ્ય લઇ શ્રીઠાકોરજીનું કામ કર્યું. તેમાં અજ્ઞાનતાથી મોટો સ્વાર્થ માન્યો. હવે હું આપને શરણે છું, જેથી મારો પરલોક સુધરે અને શ્રીઠાકોરજી કૃપા કરે, એવો પ્રકાર મને બતાવો. એટલે શ્રીઆચાર્યજીએ કહ્યું કે નરહરદાસ, તમે શ્રીઠાકોરજીની સેવા કરો. એટલે નરહરદાસે વિનંતિ કરી કે મહારાજ, મને શ્રીઠાકોરજી પધરાવી આપો. એટલે શ્રીઆચાર્યજીએ કહ્યું કે તમે ફરી સમુદ્રને કિનારે જાઓ, ત્યાં પ્રભુનું સ્વરૂપ તમને મળશે, તે લઇ આવો. આ સાંભળતાં નરહરદાસ ફરી એ જ ઠેકાણે સમુદ્રને કિનારે આવીને બેઠા. ત્યાં આગળ સમુદ્રની લહેરમાં બે યુગલ સ્વરૂપ આવ્યાં. લહરી આ સ્વરૂપ નરહરદાસ પાસે મૂકીને ચાલી ગઈ. પછી આ યુગલ સ્વરૂપ લઇ નરહરદાસ શ્રીઆચાર્યજી પાસે આવ્યા, એટલે શ્રીઆચાર્યજીએ યુગલ સ્વરૂપને પંચામૃત સ્નાન કરાવી પછી 'શ્રીમદનમોહનજી' નામ ધરી નરહરદાસને માથે પધરાવ્યા. હવે નરહરદાસે શ્રીઆચાર્યજીને વિનંતિ કરી કે મારા ઘરમાં પિતા બહિર્મુખ છે, તેથી મારાથી ઘેર જવાશે નહિ. વળી અહીં મારો લૌકિકમાં જશ થયો એટલે હવે અહીં માગીને સેવા કરાય નહિ. મારા યજમાન બંગાળી કાશીમાં બહુ જ છે ત્યાં જો આપ કહો તો જઇને રહીને ભગવત્સેવા

કરું. આ સાંભળી શ્રીઆચાર્યજીએ ક ં કે જ્યાં રહીને પ્રભુની સેવા સારી રીતે થાય તેને માટે તે દેશ ઉત્તમ છે. વળી મને પણ અહીં બહુ જ દિવસ થઇ ગયા છે, તેથી અમે પણ દક્ષિણ થઇને કાશી આવીશું, માટે તું સીધો કાશી જા. પછી શ્રીઆચાર્યજી તો દક્ષિણ તરફ પધાર્યા, અને નરહરદાસ કાશી જઇ શ્રીમદનમોહનજીની સેવા મન લગાડીને કરવા લાગ્યા, એટલે કેટલાક દિવસ પછી શ્રીમદનમોહનજી સાનુભવ જણાવવા લાગ્યા.

વાર્તાપ્રસંગ ૧ લો.

આ નરહરદાસે શ્રીમદનમોહનજીની સેવા ઘણાં વરસ ભાવપૂર્વક સારી રીતે કરી. પછી શરીર અશક્ત થયું, વૃદ્ધ થયા, તેથી સેવા બની શકે નહિ. એટલે શ્રીમદનમોહનજીને પધરાવી શ્રીગોકુલ આવ્યા. શ્રીગુસાંઇજીને દંડવત્ પ્રણામ કરી શ્રીમદનમોહનજીને શ્રીગુસાંઇજીને ઘેર પધરાવ્યા. શ્રીગુસાંઇજીએ (આ શ્રીમદનમોહનજીને) શ્રીગોકુલચંદ્રમાજીની પાસે પધરાવ્યા. તે શ્રીગોકુલચંદ્રમાજી પાસે જુદા સિંહાસન પર બિરાજે છે. પછી નરહરદાસ વ્રજમાં જન્મભર રહ્યા અને ભાવના કરી માનસી સેવા કરી નિર્વાહ કર્યો. આ નરહરદાસ એવા શ્રીઆચાર્યજીના કૃપાપાત્ર ભગવદીય છે. એમની વાર્તા કયાંસુધી કહીએ? ॥ વાર્તા ૭૧ ॥

વાર્તા ૭૨ મી.

હવે શ્રીઆચાર્યજીના સેવક નરહર સંન્યાસી ગૌડ બ્રાહ્મણ આગ્રાથી ગુજરાતમાં જઇને જેમનો પિતા રહ્યો, તેમની વાર્તા અને એનો ભાવ.—

ભાવપ્રકાશ—નરહર સંન્યાસી લીલામાં શ્રુતિરૂપા છે. મનસુખા ગોપની બેટી, એનું નામ લીલામાં "ગુલાબી" છે. અને ગુલાબીની એક સખી હતી તેનું નામ "પાંડરિ". તે વેણી કોઠારી ગુજરાતમાં જન્મ્યા. હવે એક વાર આગ્રામાં દુકાળ પડ્યો, એટલે નરહર સંન્યાસીનો પિતા આગ્રા છોડી ગુજરાતમાં કુટુંબ સાથે રહેવા આવ્યો, ત્યાં નરહર સંન્યાસીનો જન્મ થયો. હવે નરહર પંદર વરસના થયા ત્યારે તેમને એક સંન્યાસીનો સંગ થયો,

તેથી નરહર સંન્યાસી થયા. તેમણે વરસ દિવસ સુધી તપસ્યા કરી. ઉષ્ણ-કાળમાં પંચાગ્નિ તપે, વરસાદમાં માથે જળની ધારા લે, અને શિયાળામાં પ્રાતઃકાળમાં જળમાં બેસી રહે. આથી નરહર સંન્યાસીનું માન ગુજરાતમાં બહુ જ વધ્યું. સેવક પણ બહુ લોકોને કર્યા. તેમાં વેણી કોઠારી પણ નરહર સંન્યાસીના સેવક થયા. આ નરહર સંન્યાસી સ્ત્રીને દેખે કે મુખ પર કપડું ઢાંકી દે. એવી ત્યાગદશામાં રહે. તે મહી નદીને કિનારે એકાંતમાં જ્યાં ગામ નહિ ત્યાં સ્થાન બનાવીને રહે. ત્યાંથી બે ગાઉ ઉપર ગામ હતું ત્યાં એક તેલીને સંતાન નહોતું, તેથી આ તેલીની સ્ત્રીએ વિચાર કર્યો કે નરહર સંન્યાસી મોટા મહાપુરુષ છે, તે કશી દવા આપે તો મને પ્રજા થાય; પરન્તુ તેઓ તો કોઇનું મુખ જોતા નથી. પછી એક દિવસ શીરો પૂરી કરી આ તેલીની સ્ત્રી સંધ્યાસમયે ત્યાં આવી અને નરહર સંન્યાસી પાસે ગઇ. આ તેલીની સ્ત્રીએ પોતાના મુખ પર કપડું ઢાંકી આ નરહર સંન્યાસીને પોકાર કર્યો. એટલે નરહર સંન્યાસીએ પાસે આવીને પૂછ્યું કે તું કોણ છે? ત્યારે તેણે કહ્યું કે હું તેલીની સ્ત્રી છું અને તમારે માટે શીરો પૂરી લાવી છું. તમે સ્ત્રીનું મોઢું દેખતા નથી તેથી મેં મારું મોઢું કપડાથી ઢાંકી દીધું છે. એટલે નરહર સંન્યાસીએ કહ્યું કે હું પણ બે દિવસનો ભૂખ્યો છું. વળી તારી પ્રીતિ પણ બહુ જ છે કે બે ગાઉથી મારે માટે લાવી છે. આમ કહી નરહર સંન્યાસીએ લીધું, એટલે તેલીની સ્ત્રી રાજી થઈ કે આમણે લીધું તો ખરું. પછી બીજે દિવસે ફરી સંધ્યાસમયે શીરો પૂરી લાવી, એટલે નરહર સંન્યાસીએ કહ્યું કે હવે અત્યારે તો અહીં કોઇ નથી, માટે તું મુખ ઉઘાડ, એટલે આ તેલીની સ્ત્રીએ મોઢું ઉઘાડયું. શીરો પૂરી દઇ આવી. આમ નિત્ય સંધ્યાસમયે જાય. આવી રીતે દશબાર દિવસ થયા. હવે એક દિવસ શીરો પૂરી લઇને નરહર સંન્યાસીના કોઠાની અંદર ગઇ, એટલામાં ગુજરાતનો રાજા નરહર સંન્યાસીની મહત્તા સાંભળીને મળવાને આવ્યો, તેથી આ તેલીની સ્ત્રી નરહર સંન્યાસીના ઘરમાં સંતાઈ રહી. હવે આ હાકેમ રાત્રે નરહર સંન્યાસીની પાસે રહ્યો. હવે સવાર થતાં જ આ તેલીએ નરહર સંન્યાસી પાસે આવીને કહ્યું કે મારી સ્ત્રી કાલે સાંજની તમારે માટે શીરો પૂરી આપવા આવી તે પાછી ઘેર આવી નથી. રાત્રે તમે શા માટે રાખી? તમે તો સ્ત્રીનું મુખ જોતા

નથી. એટલે નરહર સંન્યાસીએ કહ્યું કે અહીં તો નથી આવી. એટલે તેલીએ કહ્યું કે તમારા ઘરમાંથી નીકળે તો ? એમ કહી તેલીએ નરહર સંન્યાસીનું ઘર તપાસ્યું, ને ઘરમાંથી પકડીને કાઢી. આ જોઇને હાકિમ ખૂબ કોપ્યો, અને નરહર સંન્યાસીનું ઘર પાડી નાખી કહ્યું: અહીંથી બીજા દેશમાં ચાલ્યો જા. એટલે નરહર સંન્યાસી વ્રજમાં આવ્યા અને મનમાં કહેવા લાગ્યા કે સ્ત્રીનો સંગ એવો જ છે, બહુ બૂરો છે. જો સંગ થયો હોત તો પરલોક બગડત. પ્રભુએ મને દંડ અપાવ્યો. આમ વિચારી વ્રજમાં ફરવા લાગ્યા. હવે વેણી કોઠારીએ સાંભળ્યું કે નરહર સંન્યાસી વ્રજમાં છે. ત્યારે મનમાં વિચાર્યું કે બહુ દિવસ થયા છે અને મારા ગુરુ નરહર સંન્યાસી છે, માટે વ્રજમાં જઈ આવું અને નરહર સંન્યાસીને મળી આવું. આમ વિચારી વેણી કોઠારી ગુજરાતથી વ્રજમાં આવ્યા અને વૃંદાવનમાં નરહર સંન્યાસીને મળ્યા. તે વાર્તા કરતા હતા એવામાં એક દિવસ શ્રીઆચાર્યજી વૃંદાવન પધાર્યા, એટલે નરહર સંન્યાસીને ત્યાં દર્શન થયાં એટલે નરહર સંન્યાસીએ વેણી કોઠારીને કહ્યું કે જુઓ, કેવા તેજસ્વી પુરુષ આવ્યા છે ! એટલે વેણી કોઠારીએ કહ્યું કે એમનો સંગ કેટલાક દિવસ કરીએ, એટલે એમના સ્વરૂપની ખબર પડે. એટલે નરહર સંન્યાસીએ કહ્યું કે ચાલો, બેઉ જણ એમનો સંગ કરીએ. આ પ્રમાણે બેઉ જણે વાત કરી, શ્રીઆચાર્યજી પાસે આવી દંડવત્ પ્રણામ કરી વિનંતિ કરી કે મહારાજ, અમારું મન આપનો સંગ ચાર રાત્રિ કરવાનું છે. જો આપ કૃપા કરી પ્રસન્ન થઇને આજ્ઞા આપો તો અમે સાથે રહીએ. એટલે શ્રી-આચાર્યજીએ કહ્યું કે અમે તો દ્વારિકા જવાનો વિચાર કર્યો છે, તમારું મન હોય તો તમે પણ ચાલો. નરહર સંન્યાસી તથા વેણી કોઠારી પણ સાથે ચાલ્યા. રસ્તામાં નરહર સંન્યાસીએ શ્રીઆચાર્યજીને પ્રશ્ન કર્યો કે અમારા મનમાં એક સંદેહ છે કે મહારાજ, સંન્યાસધર્મ મોટો કે વૈષ્ણવ-ધર્મ મોટો ? ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે એનો પ્રકાર બધો જુદો જ છે. સંન્યાસધર્મ કલિયુગમાં સિદ્ધ થવો કઠણ છે. સંન્યાસ લીધા પછી જ્યાં-સુધી જીવે ત્યાંસુધી નારાયણ વગર ક્યાંય ચિત્ત જાય તો આખા જન્મના સંન્યાસધર્મનો નાશ થાય. અને ભક્તિમાર્ગમાં તો કદાચ દુઃસંગથી ભ્રષ્ટ પણ

થાય, પણ ભક્તિનું બીજ જાય નહિ; કોઈક વાર સત્સંગ મળતાં ફરી વધે જ. તેથી શ્રીભાગવતમાં કહ્યું છે કે જડભરતનો મૃગના સંગથી ત્રણ જન્મનો અંતરાય પડયો, પણ પછી કૃતાર્થ થયા. ચિત્રકેતુ પાર્વતીના શાપથી વૃત્રાસુર થયો. અસુરયોનિમાં જન્મ થયો છતાં ભક્તિ વધી, એટલું એમાં તારતમ્ય છે. વળી આ કળિયુગમાં તો ભગવાનના નામથી જ ચંડાળ સુધ્ધાંત પવિત્ર થાય છે, અને (તેમનો) ઉદ્ધાર થાય છે, માટે તમે જ મનમાં વિચારો. તમે તપસ્યા કરી, સંન્યાસધર્મ પણ સાધ્યો, પણ કશું સિદ્ધ થયું ખરું ? એટલે નરહર સંન્યાસીએ વિનંતિ કરી કે મહારાજ, હવે જે રીતે મારો ઉદ્ધાર થાય તેવું કરો. મેં બધા ધર્મોમાં દુઃખ જ પ્રાપ્ત કર્યું છે, છતાં પણ મન નિર્મળ ન થયું. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે તમે સંન્યાસી છો, જગતમાં પૂજ્ય છો, અને સેવક પણ કરો છો. સેવક થઈને તો દાસપણું કરવું પડે. તમે તો સ્વામી–પદમાં છો તો દાસભાવ શી રીતે થશે? તો સ્વામી–પદને છોડો તો શરણ પ્રાપ્ત થાય, અને તો જ વૈષ્ણવ ધર્મ વધે. એટલે નરહર સંન્યાસીએ વિનંતિ કરી કે મહારાજ, મેં હવે સ્વામી–પદ છોડયું. હવે તો હું આપનો દાસ છું. જે આજ્ઞા કરો તે જ હું કરીશ. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે આ જટા દાઢી મૂંડાવીને ભગવાં વસ્ત્રો કાઢી નાખી ઊજળાં વસ્ત્રો પહેરીને આવો, તો સેવક થવાય. તરત જ નરહર સંન્યાસી જટા દાઢી મૂંડાવી નાખી ઊજળાં નવાં વસ્ત્રો પહેરીને આવ્યા, એટલે શ્રીઆચાર્યજીએ કહ્યું કે આજે વ્રત કરો કે જેથી બધી ઇંદ્રિયો શુદ્ધ થઈ જાય. કાલે તમને નામ સંભળાવીશું, એટલે નરહર સંન્યાસીએ વ્રત કર્યું. પછી બીજે દિવસે શ્રી-આચાર્યજીએ નામ સુણાવી નિવેદન કરાવ્યું.

વાર્તાપ્રસંગ ૧ લો.

હવે નરહર સંન્યાસીએ શ્રીઆચાર્યજીને વિનંતિ કરી કે મહારાજ, વેણી કોઠારીને નામ સુણાવો. એટલે વેણી કોઠારીને નવરાવી નામનિવેદન કરાવ્યું. ત્યારે નરહર સંન્યાસીએ શ્રીઆચાર્ય-જીને કહ્યું કે મહારાજ, મને વ્રત કરાવ્યું અને વેણી કોઠારીને વ્રત ન કરાવ્યું તેનું કારણ શું? એટલે શ્રીઆચાર્યજીએ કહ્યું કે તમે

સ્વામી-પદે હતા અને અનેક કર્મ ધર્મ કર્યાં હતાં, તેથી તમારું મન અનેક જગ્યાએ ફેલાયું હતું, અને આ તો ગૃહસ્થાશ્રમનું દુઃખ જાણે છે, બીજાં કર્મધર્મ જાણતો નથી, તેથી એને વ્રત ન કરાવ્યું.

ભાવપ્રકાશ—આમાં એ બતાવ્યું કે અન્ય માર્ગમાં પડીને બહુ શાસ્ત્રો ભણે, અતિશય યોગસાધના કરે, તેને ભક્તિ જલદી પ્રાપ્ત થાય નહિ; અને સીધા નિષ્કપટીને ભક્તિ જલદી સત્સંગથી પ્રાપ્ત થાય.

આ નરહર સંન્યાસી મોટા કૃપાપાત્ર ભગવદીય થયા, અને વેણી કોઠારી પણ મોટા ભગવદીય થયા, સદા માનસીમાં મગ્ન રહેતા. પછી દ્વારકા થઇ શ્રીઆચાર્યજી તો પૃથ્વીપરિક્રમામાં પધાર્યા. વેણી કોઠારી દ્વારકામાં નરહરદાસ પાસે કેટલાક દિવસ રહી પછી ગુજરાતમાં પોતાને ઘેર આવ્યા. નરહર સંન્યાસી સદા ફર્યા કરતા.

વાર્તાપ્રસંગ ૨ જો.

હવે એક વાર નરહર સંન્યાસી ફરતા ફરતા બદરિકાશ્રમ આવ્યા, તે વખતે ત્યાં શ્રીઆચાર્યજી મહાપ્રભુજી પધાર્યા હતા, તેથી નરહર સંન્યાસીને દર્શન થયાં. આ વખતે નરહર સંન્યાસીએ શ્રી-આચાર્યજીને વિનંતિ કરી કે મહારાજ, મેં પહેલેથી સંન્યાસ ગ્રહણ કર્યો હતો, પછી આપની કૃપાથી ભક્તિમાર્ગમાં આવ્યો. આથી સંન્યાસનો પ્રકાર તો હું જાણું છું, પરન્તુ ભક્તિમાર્ગનો પ્રકાર કેવો છે તે તો હું જાણતો નથી, માટે મને તે કૃપા કરીને કહો. એટલે શ્રીઆચાર્યજીએ કહ્યું કે તને ભક્તિમાર્ગીય સંન્યાસનો પ્રકાર કહું છું. એમ કહી "સંન્યાસનિર્ણય"નો ગ્રંથ કરી નરહર સંન્યાસીને ભણાવ્યો અને ભાવ સંભળાવ્યો, એટલે નરહર સંન્યાસીના હૃદયમાં પુષ્ટિમાર્ગનો સિદ્ધાંત સ્થિત થયો. એટલે શ્રીઠાકોરજીની લીલાનો અનુભવ થયો; તેથી મગ્ન થઇ ગયા. પછી શ્રીઆચાર્યજી આગળ પધાર્યા. નરહર સંન્યાસી સ્વરૂપાનંદમાં મસ્ત બની ફર્યા કરતા. આ નરહર સંન્યાસી એવા શ્રીઆચાર્યજીના કૃપાપાત્ર ભગવદીય છે; એમની વાર્તા ક્યાંસુધી કહીએ? ॥ વાર્તા ૭૨ ॥

વાર્તા ૭૩ મી.

હવે શ્રીઆચાર્યજીના સેવક સદુ પાંડે, સદુ પાંડેની વહુ ભવાની, અને સદુ પાંડેની બેટી નરો, તેમની વાર્તા ને એનો ભાવ.—

ભાવપ્રકાશ—આ શ્રીગિરિરાજની નીચે અન્યોરમાં રહેતાં. લીલામાં આ સદુ પાંડે વૃષભાનજીના ભાઈ ચંદ્રભાન ગોપ, અને નરો તથા ભવાની અનુક્રમે 'રામદે' અને 'શ્યામદે' જશોદાજીની નણંદો છે તેમનું પ્રાકટ્ય છે.

વાર્તાપ્રસંગ ૧ લો.

શ્રીઆચાર્યજી મહાપ્રભુ જ્યારે પૃથ્વીપરિક્રમા કરતા કરતા દક્ષિણ ઝારખંડમાં પધાર્યા, ત્યાં ઝારખંડમાં શ્રીગોવર્ધનનાથજીએ શ્રી-આચાર્યજીને દર્શન દઈને કહ્યું કે તમે મારી સેવા જગતમાં પ્રકટ કરો, તો દૈવી જીવો જલદી શરણે આવે. અમે વ્રજમાં ગોવર્ધન પર્વત પર ત્રણ દમન સ્વરૂપથી પ્રકટ થયા છીએ–દેવદમન, નાગદમન, અને ઇંદ્રદમન; તેમાં મધ્ય જે દેવદમન તે હું છું. મારી બે બાજુ બે દમન છે.

ભાવપ્રકાશ—તેનો ભાવ કહે છે કે નાગદમન તો શ્રીઠાકોરજીનો વામભાગ છે અને ઇંદ્રદમન તે દક્ષિણ ભાગ છે. આ વામ ભાગ નાગદમન શ્રીયમુનાજીના સ્વરૂપથી (છે), કારણ કે તે કાળ સર્પ (કાળિનાગ)ને દમન કરનાર છે. યમદંડ, કાળદંડ શ્રીયમુનાપાનથી ન હોય. નિત્યસિદ્ધા શ્રી-ઠાકોરજીની પ્રિયા છે, તે વામભાગમાં બિરાજી સેવા કરે છે. દક્ષિણ દિશાએ (જમણી બાજુએ) ઇંદ્રદમન છે, તે શ્રીગિરિરાજજીના સ્વરૂપે કરી સેવામાં તત્પર છે, કારણ કે તે હરિદાસરાય–ભક્તોના શિરોમણિ છે, તેમાં ઇંદ્રના કોપ સમયે પ્રભુની ઇચ્છા જાણી પોતે જ છત્રાકાર બની સઘળા વ્રજની રક્ષા કરી, અને ઇંદ્રને દંડ આપ્યો, અને પ્રભુનો યશ પ્રકટ કર્યો. તેનું કારણ એ છે કે ભગવદીય પોતાનો યશ પ્રકટ કરતા નથી, તેથી શ્રીઠાકોરજીનો યશ પ્રકટ કર્યો. મધ્યમાં દેવદમન છે તેનું કારણ એ છે કે જેટલા અવતાર છે, શ્રીજગન્નાથદેવ નારાયણદેવ વગેરે તેમનું માન મર્દન કરનાર શ્રીગોવર્ધનધર છે. તેટલા માટે શ્રી ભાગવતમાં કહ્યું છે કે 'एते चांशकलाः पुंसः कृष्णस्तु

भगवान् स्वयम्' (આ બીજા એ પુરુષનાં અંશ અને કલા છે, જ્યારે શ્રીકૃષ્ણ સાક્ષાત ભગવાન છે.) તેથી મારું નામ "દેવદમન" છે. માટે મને પ્રકટ કરો.

હવે શ્રીઆચાર્યજી દક્ષિણના ઝારખંડથી પૃથ્વીપરિક્રમા છોડી વ્રજમાં પધાર્યા અને શ્રીગોવર્ધન આવ્યા. તે વખતે શ્રીઆચાર્યજીની સાથમાં પાંચ સેવક હતા: દામોદરદાસ હરસાની, કૃષ્ણદાસ મેઘન, બડા રામદાસ, માધવદાસ અને નારાયણદાસ. હવે સંધ્યાસમયે શ્રીઆચાર્યજી સદુ પાંડેના દ્વાર આગળ ચોતરા પર બિરાજ્યા. આ વખતે સદુ-પાંડેએ આવી, દંડવત્ પ્રણામ કરીને કહ્યું કે સ્વામી, કશું ખાશો? એટલે કૃષ્ણદાસ મેઘને કહ્યું કે આ શ્રીઆચાર્યજી કોઈના ઘરનું લેતા નથી, પોતે સેવક કરે છે, જે સેવક થાય તે આપે, તેનું જ (આપ) લે છે. (આવી રીતે વાર્તા કરતા હતા) એટલામાં (શ્રીગોવર્ધન) પર્વત પરથી શ્રીગોવર્ધનધર બોલ્યા; સદુ પાંડેની પુત્રીને કહ્યું કે નરો. મારા નેગનું દૂધ લાવ. એટલે નરોએ કહ્યું કે અહો, વારી જાઉં લાલ, લાવું; મારે ત્યાં પરોણા આવ્યા છે, તેમનું સમાધાન કરી લઉં એટલે દૂધ લાવું છું. એટલે શ્રીગોવર્ધનધરે કહ્યું કે પરોણા આવ્યા તો ભલે આવ્યા, પણ મારે મોડું થાય છે. એટલે નરોએ દૂધનો વાટકો ભરી પર્વત પર જઇ શ્રીગોવર્ધનધરને (દૂધ) પાયું. કંઇક વધ્યું તે લઇને નરો નીચે આવી. એટલે શ્રીઆચાર્યજીએ પૂછયું, તું કયાં ગઇ હતી? ત્યારે નરોએ કહ્યું કે પર્વતનો દેવતા દેવદમન છે તેને દૂધ પાઇ આવી. એટલે શ્રીઆચાર્યજીએ કહ્યું કે એ કટોરામાં દૂધ બચ્યું હોય તે અમને આપ એટલે નરોએ (તરત જ) આપ્યું. તેનું પાન શ્રીઆચાર્યજીએ કર્યું. આ જોઇ સદુ પાંડે નરો તથા ભવાનીના મનમાં એમ આવ્યું કે આ કોઇના ઘરનું લેતા નથી, પણ દેવદમને આરોગેલું તે લીધું, તેથી આમની અને દેવદમનની ભારે પ્રીતિ જણાય છે. પછી સદુ પાંડેએ પૂછયું કે મહારાજ, અહીં આપ પધાર્યા છો, તે વ્રજનાં તીર્થ કરવા કે બીજો કોઇ મનોરથ છે? એટલે શ્રીઆચાર્યજી કહ્યું કે અમને દક્ષિણમાં ઝારખંડમાં દેવદમને કહ્યું કે મને પ્રકટ કરો; હું શ્રીગોવર્ધન પર્વત પર છું: ઇંદ્રદમન,

નાગદમન અને મધ્યમાં દેવદમન છું. તે માટે અમે અહીં પધાર્યા છીએ. આ દેવદમન તમારા પર ભારે કૃપા કરે છે. ત્યારે સદુ પાંડેએ તથા નરો અને ભવાનીએ વિનંતિ કરી કે મહારાજ, તમે જીત્યા અને અમે હાર્યાં. અમને સેવક કરો.

ભાવપ્રકાશ—આનો અર્થ એ છે કે અમારા વ્રજમાં ગોવર્ધનમાં જે આવે તેને દહીં દૂધ રોટી સીધું સામગ્રી જે માગે તે અમે આપીએ છીએ, પણ આપ તો સેવક વિના કોઇનું લેતા નથી, માટે અમે હાર્યાં. અમને સેવક કરો. અમે વ્રજવાસીઓ જગતનાં પૂજ્ય અને આપ અમારા પૂજ્ય.

આ સાંભળી શ્રીઆચાર્યજીએ કહ્યું કે કાલે સવારે તમને નામ સુણાવીશું. પછી પ્રાતઃકાલ થયો એટલે સદુ પાંડે, નરો અને ભવાની ત્રણેને નવરાવીને બેસાડ્યાં; પછી નામ સુણાવી નિવેદન કરાવ્યું. શ્રીઆચાર્યજીએ કહ્યું કે તમે દેવદમનની સેવા કરો. એટલે સદુ પાંડેએ કહ્યું કે મહારાજ, અમે વ્રજવાસીઓ ગમાર છીએ, આચાર-વિચાર જાણતા નથી. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે તમારો પ્રેમ શ્રીદેવદમનમાં છે, એ જ સર્વોપરિ છે. તમે નિષ્કપટી ને શુદ્ધ ભક્ત છો, તેથી તમારાથી જે બને તેવું કરજો. પછી સદુ પાંડેએ સીધું સામગ્રી દૂધ દહીં ઘી ખાંડ સર્વ આપ્યું, એટલે શ્રીઆચાર્યજીએ રસોઇ કરી ભોગ ધરી ભોજન કર્યું. પછી સદુ પાંડેના ચોતરા પર વૈષ્ણવો સહિત આવીને બિરાજ્યા. ત્યારે સદુ પાંડેના ભાઇ માણેકચંદ તે સદૂ પાંડેથી જુદા રહેતા હતા, તે રાત પડતાં ત્યાં આવ્યા.

ભાવપ્રકાશ—"મધુમંગળ" સખાનું પ્રાકટ્ય તે આ માણેકચંદ છે.

પછી સદૂપાંડે રાત્રે સર્વ વ્રજવાસીઓને કહે કે મારે ઘેર મોટા મહાપુરુષ પધાર્યા છે, તે સવારે દેવદમનને પ્રકટ કરશે, માટે તમે બધા દર્શન કરવા આવજો. આથી મોટા મોટા વૃદ્ધ વ્રજવાસીઓ પ્રામાણિક બધા આવ્યા. સદુ પાંડે માણેકચંદ વગેરે પણ આવ્યા. એટલે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ કહ્યું કે શ્રીગોવર્ધન પર્વત પર દેવદમન કેવી રીતે પ્રકટ થયા તે કહો. એટલે સદુ પાંડેએ કહ્યું કે

મહારાજ, અમારો એક ગોવાળ હતો, તે ગામની બધી ગાયો ચરાવવા લઈ જતો હતો, તેમાં એક બ્રાહ્મણની મોટી ગાય હતી, તે દૂધ બહુ આપતી. હવે તે બ્રાહ્મણ દોહવા બેઠો, પણ ગાયે કંઇ પણ દૂધ આપ્યું નહિ. પછી બીજે દિવસે સવારે દોહવા બેઠો તોપણ ગાયે દૂધ ન દીધું. આમ બે દિવસ દૂધ ન આપ્યું, તેથી ત્રીજે દિવસે આ બ્રાહ્મણ આ ગોવાળિયા પર ખીજ્યો, અને કહ્યું કે મારી ગાય બહુ દૂધ દેતી, માટે તું મારી ગાય દોહી લે છે. આવી રીતે ગોવાળને ખૂબ ધમકાવ્યો. એટલે આ ગોવાળે કહ્યું કે હું તો તમારી ગાય દોહતો નથી; આજ તમારી ગાયની બરાબર તપાસ કરીશ. પછી આ ગોવાળિયો બધી ગાયોને વનમાં લઇ ગયો અને આ ગાય પર નજર રાખી. હવે આ ગાય પર્વત પર ચઢી તેની પાછળ ગોવાળિયો છાનો માનો ગયો. પછી આ ગાયે જઇને શ્રીગોર્વધન પર્વત પર એક શિલામાં છેદ હતું ત્યાં જાતે બધું દૂધ સ્રવી દીધું. આ જોઇને ગોવાળિયો ફરીને બેસી રહ્યો. પછી ચાર ઘડી પાછલો દિવસ રહ્યો, એટલે આ ગાયે ફરી પર્વત પર ચઢી આ છેદમાં દૂધ સ્રવી દીધું. એટલે આ ગોવાળિયાએ બધી ગાયો ઘેર લાવીને આ બ્રાહ્મણને કહ્યું કે તમારી ગાય ગોવર્ધન પર્વત છે તેના પર છેદમાં બધું દૂધ સ્રવી દે છે; તમે મારા પર જૂઠો ચોરીનો આરોપ મૂકયો. તમને વિશ્વાસ ન આવે તો સવારે મારી સાથે ચાલો. એટલે આ બ્રાહ્મણે કહ્યું કે હું સવારે આવીશ. સવારે દૂધ દોહવા બેઠો તો ગાય બધું દૂધ ઉપર ચઢાવી ગઈ, જરા પણ ન દીધું. તેથી આ બ્રાહ્મણ ગોવાળિયા સાથે ગયો. હવે ગાયે પર્વત પર જઈ દૂધ છેદમાં સ્રવી દીધું. પછી સાંજે પણ આવી જ રીતે ગાય દૂધ સ્રવી દઇને ઘેર આવી. એટલે રાત્રે આ બ્રાહ્મણે વ્રજવાસીઓને ભેગા કરી આ ગાયની હકીકત કહી. ત્યારે એક વૃદ્ધ વ્રજવાસીએ કહ્યું કે છેદની નીચે કંઇ દ્રવ્ય હોય કે પછી શ્રીઠાકોરજીનું સ્વરૂપ હોય; આ બે વસ્તુ હોય ત્યાં જ ગાય સ્રવે. પછી પાંચ દસ વ્રજવાસીઓએ ભેગા થઇ છેદની હેઠળ જોવાનો વિચાર કર્યો. પ્રાતઃકાળ થતાં દસ-પંદર વૃદ્ધ વ્રજ-

વાસીઓ એકઠા થઇ આ ગાયની પાછળ પાછળ ગયા. આ ગાય આ છેદમાં દૂધ સ્રવી કરી પર્વત પરથી નીચે ઊતરી, એટલે અમે જે શિલામાં છેદ હતો તે શિલા ખોદીને ઉઠાવી તો અંદરથી સાત વરસનો બાળક નીકળ્યો. એટલે મેં તેને પૂછયું કે તું કોણ છે ? એટલે એણે કહ્યું કે હું પર્વતનો દેવતા છું. મારું નામ દેવદમન છે. મને દૂધ દહીં બહુ જ પ્રિય છે. તારી દીકરી નરો છે તેની સાથે મને દૂધ સાંજે અને સવારે મોકલી દેજો. અને હવે ઉપર શિલા ઢાંકશો નહિ. આ વખતે તો બધા વ્રજવાસી પોતપોતાને ઘેર આવ્યા. સવારે દૂધ દહીં અને માખણ દેવદમનને આરોગાવી આવતા. સાંજે દૂધ આરોગાવતા, અને જો ભૂખ લાગે છે તો આપે જ દેવદમન આવીને માગી ને લઈ જાય છે. આવી રીતે બધા વ્રજવાસીઓને દેવદમને બહુ જ સુખ આપ્યું છે. વ્રજવાસી જે માનતા કરે છે તે દેવદમન પૂર્ણ કરે છે. હવે આપની જે ઇચ્છા હોય તે મનોરથ કરો. અમે તો જે પ્રકારે દેવદમન પ્રકટ્યા તે પ્રકાર બધો કહ્યો. આ વખતે સદ્દુ પાંડેના ભાઇ માણેકચંદ પાંડેએ જણાવ્યું કે મને દેવદમન જ્યારે પ્રકટ થયા ત્યારે જતાવ્યું હતું (સ્વપ્નમાં) કે હું ગિરિરાજ પર પ્રકટ થયો છું માટે મને માખણ રોજ આપજો; આથી હું રોજ સવારે દેવદમનને માખણ આરોગાવી આવું છું. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે કાલે સવારે પર્વત પર જઇ દર્શન કરીશું. પછી પ્રાતઃકાળમાં શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ સ્નાન કરી, વૈષ્ણવો સાથે પર્વત પર જવાનો વિચાર કર્યો, અને સદ્દુપાંડેને બોલાવ્યા. એટલે સદ્દુ પાંડે અને માણેકચંદ પાંડે બેઉ આવ્યા. હવે માણેકચંદ પાંડેએ કહ્યું કે મહારાજ મને શરણે લો, એટલે શ્રીઆચાર્યજીએ માણેકચંદને નવરાવી નામ-નિવેદન કરાવ્યું. પછી (આપ) સદ્દુપાંડે, માણેકચંદ પાંડે અને આપના સંગના વૈષ્ણવોને લઇને પર્વત પર પધાર્યા, એટલે શ્રી-ગોવર્ધનનાથજી ઊઠીને શ્રીઆચાર્યજીના સામા આવ્યા. આ વખતે શ્રીઆચાર્યજીએ શ્રીગોવર્ધનધરને ગોદમાં લઇ બેઉ કપોલને સ્પર્શ કરીને કહ્યું કે બાવા, હવે તમારી શી ઇચ્છા છે ? એટલે શ્રીગોવર્ધનધરે

કહ્યું કે મારી સેવા પ્રકટ કરો.

પછી ગોવર્ધન પર્વત પર નાનું સરખું મંદિર કરી, અપ્સરા કુંડ પર રામદાસ ચોહાણ રજપૂત ગુફામાં રહેતા હતા તેમને સેવક કરી, શ્રીનાથજીની સેવા કરવાનું કહ્યું. પાઘ પરદનીનો શૃંગાર કરી ઉપર ચંદ્રિકા મેંનથી–મીણથી ચોટાડી મુગટ સરખો કરીને ધરાવ્યો, ગુંજાની માલા પહેરાવી અને દૂધ દહીં માખણ સદુ પાંડે લાવ્યા, તેનો ભોગ ધર્યો. પછી સદુ પાંડેને કહ્યું કે તમે વસ્તુ સામગ્રી જે જોઇએ તે રામદાસને આપજો. હવે યમુનાવતામાં કુંભનદાસજી ગોરવા રહેતા હતા તે આવીને સેવક થયા. આ કુંભનદાસને કીર્તન કરવાની સેવા સોંપી. અહીં શ્રીગિરિરાજની આસપાસના બહુ જ વ્રજવાસી શ્રીઆચાર્યજીના સેવક થયા. આવી રીતે કેટલાક દિવસ સેવા થઈ. પછી મંદિર સમરાવવાની આજ્ઞા પૂર્ણમલ્લને કરી. જ્યારે મંદિર સમરાવી દીધું, ત્યારે રામદાસ ચોહાણનો દેહ છૂટ્યો. હવે શ્રીઆચાર્યજીએ સદુપાંડેને કહ્યું કે તમે સેવા કરો. ત્યારે સદુપાંડેએ કહ્યું કે મહારાજ, અમે વ્રજવાસીઓ તો કંઇ પણ સેવા પૂજાની રીત જાણતા નથી. તથા ઘરનાં અનેક કામકાજ રહ્યાં. ખેતી વગેરેને લીધે અમારાથી બનશે નહિ. સામગ્રી વસ્તુ જે જોઇશે તે પહોંચાડીશું. આ સાંભળી શ્રીઆચાર્યજીએ સદુપાંડેને કહ્યું કે બીજો કોઇ સેવા માટે વિચારી કાઢો. એટલે સદુ પાંડેએ કહ્યું કે રાધાકુંડ કૃષ્ણકુંડ પર બંગાળીઓ છે, કહો તો બોલાવું. એટલે શ્રીઆચાર્યજીએ કહ્યું કે બોલાવો. પછી આ બંગાળીઓને બોલાવી, રુદ્રકુંડ પર ઝૂંપડીઓ બંગાળીઓ માટે બંધાવી દીધી અને કૃષ્ણદાસ પટેલને સેવક કરી અધિકારી બનાવ્યા. અને (કહ્યું કે) બંગાળીઓને જે જોઇએ તે મથુરાથી કે આગ્રાથી લાવી આપજો. પાછળથી કૃષ્ણદાસે બંગાળીઓને કાઢીને વૈષ્ણવોને સેવામાં રાખ્યા, તે આગળ કૃષ્ણદાસની વાર્તામાં કહીશું. આવી રીતે સદુ પાંડે નરો ભવાની માણેકચંદ વગેરેને સેવક કરી શ્રીગોવર્ધનનાથજીને બહાર પધરાવી સેવા ચાલુ કરી.

વાર્તાપ્રસંગ ૨ જો.

એક વાર શ્રીગોવર્ધનધરે કહ્યું કે મને ગાય બહુ જ વહાલી છે. એટલે શ્રીઆચાર્યજીએ સદુ પાંડેને બોલાવીને વેદકર્મ કરવાની પવિત્રી હતી તે આપીને કહ્યું કે આને વેચી શ્રીગોવર્ધનનાથજી માટે ગાય લાવી આપો. આ સાંભળી સદુ પાંડેએ કહ્યું કે મહારાજ, અમારે ઘેર ગાયો ભેંસો છે તે બધી શ્રીગોવર્ધનનાથજીની જ છે. એટલે શ્રીઆચાર્યજીએ કહ્યું કે અમે કહીએ તેમ કરો. આ સોનું વેચી ગાય અમારા તરફથી શ્રીનાથજીને ભેટ કરવી છે, અને તમે બધા વ્રજવાસી થઇને એક એક બબ્બે ગાયો જુદી ભેટ કરો. એટલે સદુ પાંડે તે પવિત્રી વેચી બે ગાયો લાવ્યા. શ્રીઆચાર્યજીએ તે ગાયો શ્રીનાથજીને ભેટ કરી. વળી સદુ પાંડે વ્રજવાસી વગેરેએ કોઇ કોઇએ એક ગાય ભેટ કરી, કોઇએ બે ગાયો ભેટ કરી, કોઇએ ચાર ગાયો ભેટ કરી, આમ હજારો ગાયો ભેટમાં આવી. આ ગાયોને રાખવા માટે મંદિરની પાસે ગોપાલપુર ગામ વસાવ્યું. (મંદિર પાસે ગામ વસાવી ગાયો ત્યાં રાખી ત્યારથી) "શ્રીગોપાળ" નામ શ્રીઠાકોરજીનું થયું. ત્યારથી શ્રીનાથજીની ગાયો બહુ જ વધી. આ ગાયો શ્રીઠાકોરજીને બહુ જ પ્રિય છે તેથી છીતસ્વામીએ કીર્તન ગાયું છે કેઃ—

રાગ ગોરી–

आगें गाय, पाछें गाय, इत गाय, उत गाय, गोविंदको गायनमें बसिवोइ भावें ॥
गायनके संग धावे, गायनमें सचुपावे, गायनकी खुररेणु अंगसो लगावें ॥ १ ॥
गायनसो व्रज छायो, वैकुंठ हु बिसरायो, गायनके हेतु, गिरि कर लें उठावें ॥
छीतस्वामी गिरिधारी, विट्ठलेश वपुधारी, ग्वालिया के भेष किये, गायनमें आवें ॥२॥

આવી રીતે સદુ પાંડે, આદિ વ્રજવાસી બધાંને શ્રીગોવર્ધન-નાથજીએ બહુ સુખ આપ્યું.

વાર્તાપ્રસંગ ૩ જો.

હવે એક દિન સદુ પાંડેને ઘેર શ્રીગોવર્ધનનાથજી સોનાની કટોરી લઇને મંદિરમાંથી આવ્યા અને નરોને કહ્યું આમાં મને દૂધ

કાઢી આપ. ત્યારે નરોએ કહ્યું કે આ કટોરી તો નાની છે, આમાં કેટલું દૂધ માશે? ત્યારે શ્રીનાથજી કહે કે તું આમાં આપ્યા કર એટલે હું પીશ. હવે નરો દૂધ કટોરીમાં આપ્યા કરે, અને શ્રીગોવર્ધનધર પીધા કરે. આ પ્રમાણે દૂધ પીને કટોરી નરોને ત્યાં જ નાખીને રાત્રે પાછા જઇને મંદિરમાં પોઢી ગયા. પછી સવાર થતાં ઘરની ટહેલ, દૂધ ગરમ કરી, દહીં વલોવી, પછી દૂધ દહીં માખણ વગેરે નિત્યનો નેગ લઈ, સોનાની કટોરી લઈ મંદિરમાં આવીને કહ્યું કે રાત્રે દેવદમન સોનાની કટોરી લઇને આવ્યા, ને દૂધ પીને કટોરી મારે ઘેર નાખી આવ્યો છે. આખરે બાળક તો ખરો જ ને!! તે આ સોનાની કટોરી લો. આ સાંભળી બધા ભિતરિયા સેવક ચકિત થઇ ગયા કે નરો પર આટલી બધી કૃપા છે. આ પ્રમાણે સદુ પાંડેને ઘેર એક વાર નિત્ય પધારતા.

વાર્તાપ્રસંગ ૪ થો.

હવે આ સદુ પાંડેની જ પડોશમાં સદુ પાંડેનો નાનો ભાઇ માણેકચંદ પાંડે વ્રજવાસી રહેતા હતા, તેમને ઘેર ગાયો ભેંસો બહુ જ હતી. આ માણેકચંદ ને સદુ પાંડેની મા બહુ વૃદ્ધ હતી. આ ડોસી માણેકચંદને ત્યાં રહેતી. સવારમાં જ્યારે દહીંનું વલોણું થઇ જાય ત્યારે માખણ રોટી દહીં આ ડોસીના આગળ બધાં ઘરનાં ધરી દે. બધાં બાળકોને કલેવો આપવાનો આ ડોસીને નેગ હતો, તેથી અન્યોરનાં બધાં બાળક ભેગાં થઈ (તેના) દ્વાર પર બેસી રહેતાં. જ્યારે આ ડોસી પોકારે કે અરે, બધાં બાળકો, પોતપોતાનો કલેવો લઇ જાઓ; એટલે બધાં બાળક પાસે (દોડી) આવે, તેમાં શ્રીગોવર્ધનધર પણ સાત વરસના બાળક બનીને આવે. આ વખતે આ ડોસી દરેક બાળકનો હાથ પકડીને નામ પૂછે, પછી તેના હાથ પર દહીં માખણ અને રોટી ધરે. આવી રીતે બધાંને આપે. પછી જ્યારે શ્રીનાથજીનો હાથ પકડે અને પૂછે કે તારું નામ શું છે? ત્યારે શ્રીનાથજી કહે કે મારું નામ દેવદમન. ત્યારે ડોસી કહે કે શું પર્વતનો દેવતા દેવદમન? એટલે શ્રીનાથજી કહે કે હા, હા;

એટલે રોટી પર દહીં માખણ ચરીને હાથમાં આપે. અને કહે કે હું વારી જાઉં. હંમેશા કલેવા આ જ વખતે લઈ જજો. તે પછી શ્રીનાથજી પધારી જાય. આવી રીતે સદુ પાંડે આદિ વ્રજવાસીઓ પર શ્રીગોવર્ધનધર કૃપા કરતા; બાળકની પેઠે માગી માગીને લેતા. આ સદુ પાંડે, માણેકચંદ પાંડે, નરો, ભવાની, સદુ પાંડે-માણેકચંદ પાંડેની માતા ડોસી, એ બધાં શ્રીઆચાર્યજીનાં પરમ કૃપાપાત્ર ભગવદીય છે, એમની વાર્તા ક્યાંસુધી કહીએ! ॥ વાર્તા ૬૩ ॥

વાર્તા ૬૪ મો.

હવે શ્રીઆચાર્યજીના સેવક ગોપાળદાસ જટાધારી ગૌડ બ્રાહ્મણ પ્રયાગના તેમની વાર્તા અને એનો ભાવ.

ભાવપ્રકાશ—આ ગોપાળદાસ લીલામાં લલિતાજીની સખી છે. "રસભદ્રા" લીલામાં એમનું નામ છે. તે પ્રયાગમાં એક બ્રાહ્મણને ઘેર પ્રકટ્યા. છ વર્ષના થયા, તે વખતે કાશીમાં નાગડા વૈરાગી બહુ જ આવ્યા તેઓ કાશીમાં કેટલાક દિવસ રહી બધા પ્રયાગમાં મકરસ્નાન કરવા આવ્યા. આ વખતે ગોપાળદાસ પણ પિતાની સાથે મકરસ્નાન કરવા ગયા. તે ભીડમાં પિતાથી વિખૂટા પડી ગયા, એટલે રડવા લાગ્યા. આ વખતે એક નાગડાએ કહ્યું કે ચાલ, હું તને તારા પિતા પાસે લઇ જાઉં. એમ કહી પોતાના મુકામ પર જઇ ત્યાંથી પોતાની વસ્તુ ભાવ લઇ ગોપાળદાસને લઈને નાઠો. ત્યાંથી દક્ષિણમાં લઈ જઈ પોતાનો ચેલો કરીને રાખ્યો. આથી ગોપાળદાસ આ નાગડાઓની જમાતમાં રહ્યા. ત્યાં ત્રીસ વરસના થયા, ત્યારે આ નાગડો મરી ગયો; એટલે ગોપાળદાસના મનમાં એમ આવ્યું કે તીર્થો કરીએ, એટલે સો પચાસ નાગડાઓનો સંઘ લઈને દ્વારકા આવ્યા. પછી દ્વારકાથી આ સંઘ મથુરા ચાલ્યો, તે મથુરા આવ્યો, તેમાં ગોપાળદાસ પણ આવ્યા. આ વખતે શ્રીઆચાર્યજી વિશ્રાંતિ ઘાટ પર સંધ્યાવંદન કરતા હતા, ત્યાં ગોપાળદાસને શ્રીઆચાર્યજીનાં દર્શન થયાં, એટલે તે શ્રીઆચાર્યજી પાસે ઊભા જ રહ્યા, ત્યારે કૃષ્ણદાસ મેઘને પૂછ્યું કે તું અહીં કેમ ઊભો રહ્યો છે? તારો સંગ નાગડા વૈરાગીઓનો તો ગયો. ત્યારે ગોપાળદાસે કહ્યું કે મારો સંગ બહુ જ જન્મોથી વિછર્યો (છટી ગયો) છે, તે હવે આ શ્રીઆચાર્યજી મારા પર કૃપા

કરે તો ફરી મને ભગવદીય અને ભગવાનનો સંગ મળે. એટલે શ્રીઆચાર્યજીએ સંધ્યાવંદન કરી રહીને કહ્યું : ગોપાળદાસ, આવ્યો ? એટલે ગોપાળદાસે દંડવત્ પ્રણામ કરીને કહ્યું કે મહારાજ, આપની કૃપા થઇ તો આવ્યો, પરંતુ મહારાજ, હું તો બહુ જ ભટક્યો. અનેક માર્ગમાં દુ:સંગમાં સઘળાં પાપાચરણ કરી હું મહાદુષ્ટ થઈ ગયો છું; એ તો આપની કૃપાથી આ સંસાર-સાગરમાંથી તરી જઇશ. બીજું તો મારું બળ કશું નથી. માટે કૃપા કરી આપ મને આપને શરણે રાખો. એટલે શ્રીઆચાર્યજીએ કહ્યું કે માથાની જટા મૂંડાવીને નાહીને આવો એટલે તમને નામ સુણાવીશું. તરત જ ગોપાળદાસ જટા મૂંડાવી કૂવામાં નાહીને પછી શ્રીયમુનાજીમાં નાહીને શ્રીઆચાર્યજી પાસે આવ્યા; એટલે શ્રીઆચાર્યજીએ નામ સુણાવી નિવેદન કરાવ્યું. એટલે ગોપાળદાસે વિનંતિ કરી કે મહારાજ, હવે મને શી આજ્ઞા છે ? જે સેવા બતાવો તે કરું. એટલે શ્રીઆચાર્યજીએ કહ્યું કે અમારી સાથે ગોવર્ધન ચાલો. ત્યાં ગોવર્ધનધરના બાગની સેવા કરો પછી શ્રીઆચાર્યજી મથુરાથી શ્રીગોવર્ધન પધાર્યાં અને ત્યાં શ્રીનાથજીના મંદિરમાં પધાર્યા, અને ગોપાળદાસને શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન કરાવ્યાં, પછી શ્રીનાથજીના બાગની સેવા આપી. તે એવી સેવા કરે કે એક એક ફૂલ ફળ બધાં નજરમાં રાખે. બધાં વૃક્ષોની ચોકસાઇ રાખે. બાગમાં ક્યાંય કચરો ઘાસ રહેવા દે નહિ; બધાં વૃક્ષો જળથી લીલાં રાખે. ભાવ એવો રાખે કે અહીં (બાગમાં) શ્રી ઠાકોરજી ખેલવા પધારે છે, તેથી ઉત્તમ જગ્યા રહે તો સારું. આવી રીતે કેટલાક દિવસ સેવા કરી હવે એક વૈષ્ણવનો છોકરો પોતાના શ્રીઠાકોરજીને માટે રોજ પાંચ દસ ફૂલ છાનોમાનો લઇ જાય. ગોપાળદાસે બહુ જ તપાસ કરી કે આ કોણ ફૂલ લઈ જાય છે, પણ પકડાય નહિ. હવે એક દિવસ ગોપાળદાસ તે બાગમાં સંતાઈ રહ્યા, તો એક વૈષ્ણવનો છોકરો અગિયાર વર્ષનો આવી ને એણે ચારે તરફ જોયું તો જાણ્યું કે ગોપાળદાસ નથી એટલે પાંચ ફૂલ તોડ્યાં. એટલે ગોપાળદાસ દોડતા આવ્યા ને છોકરાને પકડીને માર્યો. પણ આ છોકરો તો છૂટીને નાઠો, એટલે ગોપાળદાસ ક્રોધ કરીને આ છોકરાની પાછળ દોડ્યા. એટલે આ છોકરો છોડાવીને નાઠો તે શ્રીનાથજીના મંદિરમાં સંતાઈ ગયો. ત્યાં ભોગનાં કમાડ ખુલ્લાં હતાં ત્યાં આવી આ છોકરો દર્શનમાં સંતાઈ રહ્યો. તેથી ગોપાળદાસ રીસના માર્યા ચાલ્યા આવ્યા અને ક્રોધમાં

મંદિરનું જ્ઞાન (ભાન) રહ્યું નહિ ને આ બાળકને એક ધોલ મારી. પછી બધાંએ છોડાવ્યો. આથી શ્રીનાથજીને બહુ જ ખરાબ લાગ્યું કે ગોપાળદાસે મારી પણ કાની (આમન્યા) ન રાખી ને મંદિરમાં માર્યો, પછી ભૂલી પણ ગયા. આ બાળકને આથી આટલો દંડ મળ્યો કે શ્રીનાથજીનાં ફૂલ ઘરના શ્રીઠાકોરજીને ધરવાં નહિ, આ બોધ દીધો. ત્યારપછી પાનઘરની સેવામાં કોઇ નહોતું એટલે શ્રીઆચાર્યજીએ ગોપાળદાસ જટાધારીને પાનઘરની સેવા આપી. તેઓ પાનની સેવા બહુ સારી રીતે કરવા લાગ્યા. આષાઢ માસના દિવસોમાં ગરમી બહુ પડે, ત્યારે ગોપાળદાસ પાન છાબ પર બિછાવી ભીનું કપડું ઢાંકી આખી રાત પંખો કરે. હવે શ્રીઆચાર્યજીને એવો નિયમ હતો કે રાત્રે બે ત્રણવાર ઊઠીને બધા સેવકોને જોઇ જાય, જેથી કોઇ વૈષ્ણવ લૌકિક વાર્તા અગર કોઇની નિંદા કરે નહિ. હવે એક દિવસ અર્ધી રાત્રિને સમયે શ્રીઆચાર્યજી પધાર્યા. આપશ્રી દૂરથી જુએ તો કોઇ સેવક કીર્તન ગાય છે, કોઇ સેવક ધોળ ગાય છે, કોઇ સેવક પંચાધ્યાયીનો પાઠ કરે છે, ને કોઇ ભગવદ્‌વાર્તા કરે છે. આ બધું જોઇને (આપશ્રી) પ્રસન્ન થયા. અને જાણ્યું કે કોઈ લૌકિક વાર્તા કે કોઈની નિંદા કરતા નથી. પછી ગોપાળદાસને આવીને જોયા તો નિદ્રાનું ઝોકું આવ્યું છે, પરંતુ પાનને પંખો કરે છે. આ જોઈ શ્રીઆચાર્યજી મહાપ્રભુ ગોપાળદાસ પર બહુ જ પ્રસન્ન થયા કે આ બધાથી શ્રેષ્ઠ છે, કારણ કે નિદ્રા આવવા છતાં ભગવત્‌સેવા કરે છે.

વાર્તાપ્રસંગ ૧ લો.

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ કહ્યું કે ગોપાળદાસ, સવારે તમો નાહીને શ્રીનાથજીના મંદિરની અંદર જઇને શ્રીનાથજીની નિકટ જઈ શ્રીનાથજીને પંખો કરજો.

ભાવપ્રકાશ—આનું કારણ એ કે પહેલાં ખેંચવાનો પંખો હતો નહિ.

ત્યારબાદ ગોપાળદાસ નાહીને સવારે શ્રીનાથજીના મંદિરમાં શ્રીનાથજીની નિકટ જઇ શ્રીનાથજીને પંખો કરવા લાગ્યા. તે પ્રેમમાં મગ્ન થઇ ગયા, તેથી ઘેનમાં ઝોકાં ખાવા લાગ્યા, કારણ કે પ્રેમમાં ડૂબી ગયા. તેથી અનોસરમાં પણ શ્રીઆચાર્યજીની આજ્ઞાથી પંખો કરતા. શ્રીઆચાર્યજીએ કહ્યું હતું કે ગોપાળદાસ, અનોસરમાં આંખો

મીંચીને પંખો કરજો, નેત્ર ન ખોલજો; તેથી રાત્રે પણ આંખ મીંચીને પંખો કરતા. આ ગોપાળદાસ એવા ભગવદીય થયા કે શરીરનો અધ્યાસ લઘુશંકા વગેરે પણ રાત્રે કશું બાધા ન કરતાં.

પછી રાત્રે એક દિવસ શ્રીનાથજી કહે કે ગોપાળદાસ, નેત્ર ખોલ, મારાં દર્શન કર. ત્યારે ગોપાળદાસે કહ્યું કે મહારાજ, મને શ્રીઆચાર્યજી મહાપ્રભુજીની આજ્ઞા નથી, માટે હું આંખો નહિ ખોલું. ત્યારે શ્રીનાથજી ગોપાળદાસના મુખમાં મહાપ્રસાદ પણ ખવરાવી દેતા, પરન્તુ ગોપાળદાસ નેત્ર ખોલતા નહિ. શ્રીઆચાર્યજીની આજ્ઞાનું એવું પાલન કરતા કે શ્રીનાથજીએ આજ્ઞા કરવા છતાં પણ આંખો ખોલતા નહિ. શ્રીસ્વામિનીજી પધારતાં, શ્રીગોવર્ધનધર સાથે વાર્તા કરતાં, તે બધી સાંભળતા. આ પ્રકારની કૃપા ગોપાળદાસ પર હતી.

વાર્તાપ્રસંગ ૨ જો.

હવે એક દિવસ શ્રીનાથજીના મનમાં એવું આવ્યું કે આ એ જ ગોપાળદાસ છે જેણે મારી આગળ વૈષ્ણવનો છોકરો આવીને સંતાયો હતો તેને ધોલ મારી હતી. આ અપરાધ એનો છે, માટે એને પણ દંડ દઇ શુદ્ધ કરવો જોઇએ, જેથી એને વિરહનું દુઃખ આપી એનો અંગીકાર કરું. આમ વિચારી શ્રીનાથજીએ ગોપાળદાસનું મન ફેરવ્યું, તેથી ગોપાળદાસના મનમાં એમ આવ્યું કે એક પૃથ્વી-પરિક્રમા કરી આવું.

ભાવપ્રકાશ—આમ થવાનું કારણ શ્રીગુસાંઈજી લખે છે કે "**बुद्धिप्रेरककृष्णस्य पादपद्मं प्रसीदतु**" (બુદ્ધિને પ્રેરણા કરનાર ભગવાન શ્રીકૃષ્ણનાં ચરણકમળ પ્રસન્ન રહો.) જ્યારે જેવી બુદ્ધિ જીવની ભગવાન પ્રેરે ત્યારે જીવ તેવું કાર્ય કરે છે.

હવે ગોપાળદાસે શ્રીઆચાર્યજી પાસે આવીને વિનંતિ કરી કે મહારાજ, આપ આજ્ઞા આપો. મારું મન પૃથ્વીપરિક્રમા કરવાનું છે. એટલે શ્રીઆચાર્યજીએ કહ્યું કે અવશ્ય કરો. એટલે ગોપાળદાસ શ્રીઆચાર્યજીને દંડવત્ પ્રણામ કરી ઊઠીને ચાલ્યા. આ જોઇ બધા વૈષ્ણવો ચકિત થઇ ગયા કે જેના પર એટલી બધી કૃપા કે શ્રી-

નાથજી વાર્તા કરે, મહાપ્રસાદ પોતાના હાથથી લેવરાવે, તેમની બુદ્ધિ આવી કેમ થઇ? આવો સંદેહ બધા વૈષ્ણવોને થયો. એટલે એક વૈષ્ણવે શ્રીઆચાર્યજીને વિનંતિ કરી કે મહારાજ, ગોપાળદાસ આવા ભગવદીય છતાં આવી બુદ્ધિ કેમ થઇ કે આવી સેવા છોડીને પૃથ્વીપરિક્રમા કરવા ચાલ્યા? ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે એનો એક મોટો અપરાધ છે: એક વૈષ્ણવનો છોકરો શ્રીનાથજીના બાગનાં ફૂલ ચોરી જતો, તેને આ ગોપાળદાસે શ્રીનાથજીની સન્મુખ માર્યો; તે અપરાધનો દંડ પ્રભુ આપે છે. પણ એ આગળ જઈ શકશે નહિ; વિરહતાપથી દેહ છોડી લીલાની પ્રાપ્તિ કરશે. ગોપાળદાસના પરલોકમાં બાધક નહિ થાય.

ભાવપ્રકાશ—આમાં એ જણાવ્યું કે પાપપુણ્યનો ભોગ અહીં જ કરી ચૂકે ત્યારે પ્રભુની પ્રાપ્તિ થાય.

આ સાંભળી બધા વૈષ્ણવોનો સંદેહ નિવૃત્ત થયો. હવે ગોપાળદાસ જ્યારે એ મજલ ગયા, એટલે શ્રીનાથજીના સ્વરૂપાનંદની શુદ્ધિ આવી, એટલે વિરહથી વ્યાકુળ થઈ ગબડી પડ્યા. હાય, હાય; મારા જેવો દુષ્ટ કોણ? આવી શ્રીનાથજીની સેવા, સ્વરૂપાનંદનો અનુભવ, વૈષ્ણવોનો સંગ આ બધું છોડીને હું પૃથ્વીપરિક્રમા કરવા ચાલ્યો? ધિક્કાર છે મને, ધિક્કાર છે મારી બુદ્ધિને કે આવું મનમાં આવ્યું. આવી રીતે કહેતાં કહેતાં વિરહથી મૂર્છા આવી, તેમાં શ્રીગોવર્ધનધરના સ્વરૂપનું ધ્યાન ધરી સ્વરૂપાનંદમાં દેહ છોડી લીલાની પ્રાપ્તિ કરી.

ભાવપ્રકાશ—આ વાર્તામાં એ બતાવ્યું કે અપરાધ કોઈનો ન કરવો. અપરાધ ઉત્તમ ભગવદ્ધર્મમાં બાધા કરે છે, એટલે ધર્મ છૂટી જાય; માટે સદા અપરાધનો ભય રાખવો. વળી શ્રીઆચાર્યજીની આજ્ઞામાં દૃઢ વિશ્વાસ રાખવો. શ્રીઠાકોરજીએ કહ્યું કે નેત્ર ખોલો, પરંતુ શ્રીઆચાર્યજીની આજ્ઞા નહિ તેથી ન ખોલ્યાં, આથી શ્રીનાથજી પ્રસન્ન થયા. વળી પુષ્ટિમાર્ગમાં બધા અપરાધો દૂર કરવાનું એક શ્રીઠાકોરજીનો વિરહ મુખ્ય કારણ છે. વિરહથી પ્રભુની પ્રાપ્તિ થાય, આ સિદ્ધાંત જણાવ્યો.

આ ગોપાળદાસ એવા શ્રીઆચાર્યજીના ટેકીલા કૃપાપાત્ર ભગવદીય છે. એમની વાર્તા કયાંસુધી કહીએ ? ॥ વાર્તા ૭૪ ॥

વાર્તા ૭૫ મી.

હવે શ્રીઆચાર્યજીનાં સેવક કૃષ્ણદાસ અને કૃષ્ણદાસની સ્ત્રી ગુજરાતી બ્રાહ્મણ ગુજરાતમાં બાયડ ચોઈલા ગામ છે ત્યાં રહેતાં હતાં, તેમની વાર્તા અને એનો ભાવ.

ભાવપ્રકાશ—એ લીલામાં શ્રુતિરૂપામાં છે; મદનગોપની બેઉ બેટી છે. 'નંદા' ને 'સુભદ્રા' એમનાં નામ. શ્રીચંદ્રાવલીજીને શ્રીઠાકોરજી સંકેતમાં મળ્યાં તે વાત, આ મદનગોપની બેઉ દીકરીઓ "નંદા" અને "સુભદ્રા" એ શ્રી કીર્તિજીને સઘળી કહી કે શ્રીચંદ્રાવલીજી અને શ્રીકૃષ્ણ બેઉ સંકેતમાં એકાંતમાં વાત કરતાં હતાં, એટલે કીર્તિજીએ ખિજાઈને કહ્યું કે આવી વાત કોઈની કરીએ નહિ. આ વાત સાંભળીને શ્રીચંદ્રાવલીજીએ શાપ આપ્યો કે તમે ભૂમિ પર પ્રકટો. એટલે "નંદા" તે કૃષ્ણદાસ થયા અને "સુભદ્રા" તે તેમની સ્ત્રી થઈ. બાયડમાં કૃષ્ણદાસ થયા. ચોઈલામાં એક બ્રાહ્મણને ત્યાં એની સ્ત્રી જન્મી. તે મોટાં થયાં, એટલે કૃષ્ણદાસનો વિવાહ થયો; પરંતુ બાળપણથી જ એમની બેઉની નીતિરીતિ એવી કે વૈરાગી સાધુ અગર સંત કોઈ પણ આવે તો એમને ઘેરથી ખાલી ન જાય. હવે એકવાર કૃષ્ણદાસની સ્ત્રી માટી લેવા ગામની પાંચ દસ સ્ત્રીઓ સાથે ગઈ. માટી ખોદતાં ખોદતાં ઉપરથી માટીની મોટી ભેખડ તૂટી પડી તેથી બધી સ્ત્રીઓ દબાઈ ગઈ. તે જ વખતે શ્રીઆચાર્યજી ત્યાં આવી ચઢ્યા. આપશ્રીએ ભેખડ તૂટતાં જોઈ, એટલે બધા વૈષ્ણવોને કહ્યું કે જલદી માટી દૂર કરો, અહીં સ્ત્રીઓ દટાઈ ગઈ છે. તે વખતે ગુજરાતી વૈષ્ણવો સાથે બહુ જ હતા, તેમણે હાથોહાથ બધી માટી દૂર કરી અને બધી સ્ત્રીઓને કાઢી. તેમાં બે ચાર તો અધમૂઈ થઈ ગઈ હતી. આ વખતે શ્રીઆચાર્યજીએ વેદમંત્ર ભણીને બધી સ્ત્રીઓ ઉપર જળ છાંટ્યું એટલે બધી સાવધાન થઈ. એટલામાં ગામના લોકો આવ્યા. તેઓ પોતપોતાના ઘરની સ્ત્રીઓને લઈ ગયા. આ વખતે કૃષ્ણદાસની સ્ત્રીએ શ્રીઆચાર્યજીને દંડવત્ પ્રણામ કરી વિનંતિ કરી કે મહારાજ, આપ કોણ છો ? આપે અમે બધીઓને માટીમાં દબાઈ ગયેલીઓને, મરેલીઓને જિવાડી. આપે એવી

દયા કરી તો ભગવાન વિના એવી સહાય આ વખતે કોણ કરે ! ત્યારે શ્રી-આચાર્યજીએ કહ્યું કે તું દૈવી જીવ છે અને ભગવદીય છે, તેથી ભગવદીયને લીધે બધી સ્ત્રીઓના પ્રાણ બચ્યા. એટલે કૃષ્ણદાસની સ્ત્રીએ વિનંતિ કરી કે મહારાજ, આપ કૃપા કરીને મારે ઘેર પધારો. મારી ભેટનો અંગીકાર કરો. એટલે કૃષ્ણદાસ મેઘને કહ્યું કે આ શ્રીઆચાર્યજી મહાપ્રભુજી પોતાના સેવકોનું જ લે છે, બીજા કોઇનું કશું લેતા નથી.

આવી રીતે વાર્તા કરે છે, એટલામાં ગામમાં કૃષ્ણદાસે વાત સાંભળી કે માટીમાં તેની સ્ત્રી દબાઈ ગઈ છે, તેથી દોડી આવ્યા. આ વખતે સ્ત્રીએ કહ્યું કે શ્રીઆચાર્યજી મહાપ્રભુજી સાક્ષાત્ ઈશ્વર છે, તેમણે અમને બધી સ્ત્રીઓને કાઢી જળ છાંટીને જિવાડી છે; પરન્તુ એ પોતાના સેવકનું જ લે છે, બીજા કોઇનું કશું લેતા નથી. એટલે કૃષ્ણદાસે શ્રીઆચાર્યજીને દંડવત્ પ્રણામ કરી વિનંતિ કરી કે મહારાજ, અમારે ઘેર પધારી મને અને સ્ત્રીને સેવક કરો. એટલે શ્રીઆચાર્યજી કૃષ્ણદાસને ઘેર પધાર્યા અને કૃષ્ણદાસને સ્ત્રી સાથે નવરાવી નામ નિવેદન કરાવ્યું. પછીથી આ બેઉએ વિનંતિ કરી કે મહારાજ, અમને સેવા પધરાવી આપો, એટલે શ્રીઆચાર્યજીએ કહ્યું કે તમને વૈષ્ણવોની સેવા આપી છે, તો આવ્યા ગયા વૈષ્ણવોની સેવા કરજો. પછી નવનીતપ્રિયજીના વસ્ત્રની સેવા આપી, ત્રણ રાત શ્રીઆચાર્યજીએ કૃષ્ણદાસના ઘરમાં રહી માર્ગની બધી રીતભાત બતાવી, પછી આપશ્રી દ્વારકા પધાર્યા. કૃષ્ણદાસ સ્ત્રી સાથે સેવા કરતા, અને આવ્યા ગયા વૈષ્ણવનું સમાધાન કરતા. પછી શ્રીઆચાર્યજી દ્વારકાથી પાછા પધાર્યા ત્યારે એક રાત કૃષ્ણદાસને ઘેર બિરાજી અડેલ પધાર્યા.

વાર્તાપ્રસંગ ૧ લો.

હવે એકવાર દસપંદર વૈષ્ણવો ભેળા થઇ અડેલ શ્રી-આચાર્યજીનાં દર્શન કરવા ચાલ્યા. તેઓ કૃષ્ણદાસને ઘેર આવીને ઊતર્યા. તે દિવસે કૃષ્ણદાસને ત્યાં કશું જ સીધું કે સામગ્રી હતાં નહિ અને કૃષ્ણદાસ પણ ઘેર નહોતા; એટલે સ્ત્રીએ બધા વૈષ્ણવોને દંડવત્ પ્રણામ કરી, ઘરમાં મુકામ આપ્યો. પછી વિચાર કર્યો કે ઘરમાં તો કશું છે નહિ અને કૃષ્ણદાસ ઘેર નથી, વૈષ્ણવ ભૂખ્યા

હશે, તો હવે હું શો ઉપાય કરું ! હવે આ ગામમાં એક વાણિયો હતો. આ સ્ત્રીને સુંદર દેખીને આ વાણિયો કોઇ કોઈ વાર આ સ્ત્રીને ટોકયા કરે : જો તું મારે ઘેર એકવાર આવે તો તું ચાહે તે લઇજા. આથી આ વખતે આ સ્ત્રીએ વિચાર્યું કે આ વાણિયા પાસે જાઉં; આથી એ પેલા વાણિયાની દુકાને આવી અને તેને કહ્યું કે એક રાત્રિ આવીશ. સીધું સામગ્રી જોઇએ છે. એટલે આ વાણિયાએ પ્રસન્ન થઇને એણે જે માગ્યું તે આપ્યું. એટલે આ સ્ત્રી સામગ્રી લઇ ઘેર આવી. સ્નાન કરી, રસોઈ કરી, શ્રીઠાકોરજીને ભોગ ધરી બધા વૈષ્ણવોને મહાપ્રસાદ લેવરાવ્યો અને જે વધ્યું તે ગાયોને ખવરાવી દીધું, પોતે એમાંથી કશું ન લીધું. પછી સીધું સામગ્રી લઈ સાંજના કૃષ્ણદાસ ઘેર આવ્યા; તેઓ વૈષ્ણવને જોઇને પ્રસન્ન થઇને બધાંને મળ્યા. પછી પૂછયું કે કયારના આવ્યા છો ? એટલે વૈષ્ણવોએ કહ્યું કે મધ્યાહ્નને વખતે આવ્યા છીએ. એટલે કૃષ્ણદાસે સ્ત્રીને કહ્યું કે વૈષ્ણવ ભૂખ્યા હશે; સીધું લઇ રસોઈ જલદી કરો. એટલે સ્ત્રીએ કહ્યું કે બધા મહાપ્રસાદ તો લઇ ચૂકયા છે, ચિંતા ન કરશો. ત્યારે કૃષ્ણદાસે કહ્યું કે વૈષ્ણવોએ કયાંથી લીધું હશે ? ઘરમાં તો કશું હતું નહિ ! એટલે સ્ત્રીએ જે પ્રકારે કર્યું હતું તે કહ્યું. એટલે સ્ત્રીને દંડવત્ પ્રણામ કરીને કહ્યું કે તને ધન્ય છે કે તેં મારો ધર્મ રાખ્યો. પછી ફરી રાત્રે રસોઈ કરી ભોગ ધરી વૈષ્ણવોને લેવરાવી સ્ત્રીપુરુષે મહાપ્રસાદ લીધો; રાત્રે વૈષ્ણવો સાથે મળીને કીર્તન વાર્તા કરી. પછી સવારે વૈષ્ણવો ચાલવા લાગ્યા, ત્યારે વિનંતિ કરીને કહ્યું કે મારે ઘેરથી ભૂખ્યા ન જશો. પછી સ્ત્રી પુરુષે મળી જલદી રસોઈ કરી, ભોગ ધરી, મહાપ્રસાદ લેવરાવી, વૈષ્ણવોને પ્રીતિ સહિત વિદાય કરી થોડે દૂર સુધી કૃષ્ણદાસ મૂકવા ગયા. પછી જ્યારે ઘેર આવ્યા ત્યારે સ્ત્રી સહિત મહાપ્રસાદ લીધો. હવે સંધ્યા થઇ એટલે કૃષ્ણદાસે સ્ત્રીને કહ્યું કે તું પેલા વાણિયા સાથે કરાર કરીને આવી છે, તેથી એ વાણિયો તારી રાહ જોતો હશે. એની સામગ્રીથી આપણો મનોરથ સિદ્ધ થયો, અને આપણો ધર્મ રહ્યો; માટે એનો મનોરથ પણ સિદ્ધ કરવો જોઇએ.

તું નાહીને શણગાર સજી લે. એટલે સ્ત્રીએ ઉબટનો લગાવી નાહીને કાજળ, બિંદી, સિંદૂર લગાડી પગમાં મહાવર દીધો, પછી ચાલવા લાગી. હવે વર્ષાના દિવસ હતા, તેથી વરસાદ વરસવા લાગ્યો. અંધારું થઈ ગયું, તેથી કૃષ્ણદાસે કહ્યું કે રસ્તામાં કાદવ થયો છે. તેથી તમારા પગ કાદવથી ખરડાશે. વળી પગનો મહાવર છૂટી જાય તે પણ સારું નહિ. એ વાણિયાનું મન બગડે. માટે તું મારી ખાંધ પર ચઢી જા. હું તને એની દુકાન પર મૂકી આવું. પછી સ્ત્રીને ખભે ચઢાવી લઇને તેના હાટ ઉપર પહોંચાડી, અને કૃષ્ણદાસ પોતાને ઘેર આવ્યા. એટલે સ્ત્રીએ વાણિયાને બોલાવ્યો કે કમાડ ઉઘાડો. આ સાંભળી વાણિયો પ્રસન્ન થઇ હાથમાં પાણીનો લોટો લઇને આવ્યો, અને કહ્યું કે કાદવવાળા પગ ધોઇ લો. એટલે આ સ્ત્રીએ કહ્યું કે મારા પગ સૂકા કોરા અને ચોખ્ખા છે. ત્યારે વાણિયે કહ્યું કે માર્ગમાં કાદવ બહુ જ છે, તમારા પગ કોરા શાથી? ત્યારે સ્ત્રીએ કહ્યું કે મારા પગ કોરા છે, તેનું કારણ પૂછવાનું તારે શું પ્રયોજન છે? તારે જે કામ છે તે તું કરી લે. ત્યારે વાણિયાએ કહ્યું કે તું આ વાત મને સાચેસાચી કહી દે કે તારા પગ આટલા વરસાદમાં કોરા કેમ રહ્યા? ત્યારે સ્ત્રીએ કહ્યું કે મારો પતિ મને પોતાના ખભા પર બેસાડી તારા હાટ પર મૂકી ગયો. ત્યારે વાણિયાએ કહ્યું કે શું તું આ વાત સાવ સાચી કહે છે? તારો પતિ મારે ત્યાં કેમ લાવ્યો? વળી તું મારી સાથે કદી બોલતી નહોતી, તેને બદલે જાતે આવી મને કહ્યું કે એક રાત્રિ આવીશ, એમ કહી સીધું સામગ્રી લીધું; કશું દ્રવ્ય તો માગ્યું નહિ. આ બધી બાબત મને બરાબર કહે. એટલે સ્ત્રીએ કહ્યું કે મારે ઘેર વૈષ્ણવ મારા ગુરુભાઇઓ પાંચ દશ આવ્યા હતા, પણ ઘરમાં કશું હતું નહિ તેથી મેં વિચાર્યું કે આ દેહ શા કામમાં આવવાનો છે? વૈષ્ણવ ભૂખ્યા રહે એ સારું નહિ. તેથી તેમને માટે હું સીધું લઈ ગઇ, તેથી મારા પતિ તારા પર પ્રસન્ન થઇને તારા હાટ પર ઉતારી ગયા. માટે તું તારા મનથી ડરીશ નહિ. આ સાંભળી વાણિયો પોતાના જન્મને ધિક્કારવા લાગ્યો અને કહ્યું કે તમને સ્ત્રીપુરુષને ધન્ય છે. પછી દંડવત્ પ્રણામ કરીને

કહ્યું કે તું મારી ધર્મની બહેન છે, મારો અપરાધ ક્ષમા કર. પછી એક નવી સાડી પહેરાવી કૃષ્ણદાસને ઘેર સાથે લઇને ચાલ્યો. ત્યાં જઈ કૃષ્ણદાસને દંડવત્ પ્રણામ કરી વિનંતિ કરી કહ્યું કે હું મહા પાપી છું. મારો અપરાધ ક્ષમા કરો. ધન્ય, તમારો ધર્મ સાચો છે. હવે મને કૃપા કરીને શરણે લો. આ મારી ધર્મની બહેન છે, અને તમે મારા બનેવી છો, મારા પૂજ્ય છો. પરન્તુ હવે તમે મને શરણે લઇ આ સંસારના દુઃખથી છોડાવો. એટલે કૃષ્ણદાસે કહ્યું કે અમે તો કોઇને સેવક કરતા નથી. અમે પણ શ્રીઆચાર્યજીનાં સેવક છીએ. તમે પણ શ્રીઆચાર્યજીના સેવક થઈ કૃતાર્થ થાઓ. હવે થોડા દિવસમાં શ્રીઆચાર્યજી દ્વારકા પધારશે ત્યારે અહીં પધારશે, ત્યારે તમે સેવક થજો. એટલે આ વાણિયો પોતાને ઘેર આવ્યો. હવે આ વાણિયો રોજ સવારે આવીને કૃષ્ણદાસને દંડવત્ પ્રણામ કરી જાય. પછી થોડા દિવસમાં શ્રીઆચાર્યજી આ ગામમાં પધાર્યા ત્યારે કૃષ્ણદાસને ઘેર ઊતર્યા. એટલે કૃષ્ણદાસે સર્વ પ્રકાર આ વાણિયાનો શ્રી-આચાર્યજી પાસે કહ્યો (અને કહ્યું) કે વાણિયાને સેવક થવાની બહુ જ આર્તિ છે. એટલે શ્રીઆચાર્યજીએ કૃષ્ણદાસને કહ્યું: એ વાણિયાને બોલાવો. એટલે કૃષ્ણદાસે જઈ આ વાણિયાને કહ્યું કે શ્રીઆચાર્યજી મહાપ્રભુ પધાર્યા છે. એટલે આ વાણિયાએ કૃષ્ણદાસની સાથે આવી શ્રીઆચાર્યજીને દંડવત્ પ્રણામ કરી વિનંતિ કરી કે મહારાજ, હું બહુ જ અધમ છું. મારા પર કૃપા કરો. પછી શ્રીઆચાર્યજીએ આ વાણિયાને નવરાવીને નામ સુણાવી બ્રહ્મસંબંધ કરાવી "જ્ઞાનચંદ" નામ રાખ્યું. ત્યારબાદ શ્રીઆચાર્યજીએ આ વાણિયાને કહ્યું કે કૃષ્ણદાસના સંગથી તને જ્ઞાન થયું, માટે તું કૃષ્ણદાસનો સંગ કરજે; તેથી કરીને તને ભગવત્પ્રાપ્તિ થશે. પછી કૃષ્ણદાસને ઘેર શ્રીઆચાર્યજી રસોઇ કરી, ભોગ ધરી, ભોજન કરી આપ પોઢ્યા, અને પ્રાતઃકાળે પધાર્યા; ત્યારે કૃષ્ણદાસ થોડે દૂર પહોંચાડવા ગયા, ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે કૃષ્ણદાસ, તને ધન્ય છે. જેવી રીતે અમે વૈષ્ણવોની સેવાની આજ્ઞા કરી હતી તેવી જ રીતે વૈષ્ણવોની સેવા તમે તન મન અને ધનથી કરી તેથી તમારા સમાન બીજું કોઈ નથી. આમ

કહીને આપ પધાર્યા, અને કૃષ્ણદાસ ઘેર આવ્યા. કૃષ્ણદાસ સ્ત્રી સહિત શ્રીઆચાર્યજીના એવા કૃપાપાત્ર ભગવદીય હતા, જેના સંગથી વાણિયો સારો વૈષ્ણવ થયો. એ કૃષ્ણદાસ સ્ત્રીપુરુષની વાર્તા ક્યાં સુધી લખીએ ? ॥ વાર્તા ૭૪ ॥

ભાવપ્રકાશ—આ વાણિયો લીલામાં ગોપ (હતો), "પેંલી" એનું નામ છે. મૂળમાં દૈવી જીવ છે. તેને કૃષ્ણદાસનો સંગ થતાં નામ નિવેદન થયું. પછી સારો કૃપાપાત્ર વૈષ્ણવ થયો. આ કૃષ્ણદાસની વાર્તા અનિર્વચનીય છે. જે વૈષ્ણવનો દઢ ધર્મ હોય તે આ વાર્તા કહે અને સાંભળે, અને કાચી દશા વાળા વૈષ્ણવો આવું સાંભળીને ક્રિયા કરવાનું મન કરે તો ભ્રષ્ટ થાય, કારણ કે કૃષ્ણદાસ સ્ત્રી પુરુષ તો આચાર્યજીનાં અંગીકૃત છે, તેમના હૃદયમાં શ્રીઆચાર્યજી બિરાજે છે, તેથી અગ્નિરૂપ છે. એમના પર કોઈ લૌકિક દૃષ્ટિ કરે તો ભસ્મ થઈ જાય. આ તો વાણિયા ઉપર કૃપા કરવાને માટે આવો પ્રકાર કર્યો. વળી વૈષ્ણવોની સેવા બહુ જ દુર્લભ બતાવી. શ્રીઠાકોરજીનો ને ગુરુનો દાસ થઇને સેવા કરે. પરન્તુ વૈષ્ણવની સેવા થવી દુર્લભ–બહુ કઠિન છે. આ સિદ્ધાંત જતાવ્યો.

વાર્તા ૭૫ મી.

હવે શ્રીઆચાર્યજીના સેવક સંતદાસ ચોપડા ક્ષત્રિય આગ્રામાં સેઠના બજાર પાસે ઘર હતું ત્યાં રહેતા તેમની વાર્તા અને એનો ભાવ.

ભાવપ્રકાશ—આ લીલામાં ચંદ્રાવલીની સખી છે. "ચંદ્રિકા" એનું નામ છે એક દિવસ ચંદ્રાવલીજી સાથે શ્રીયમુનાજી નહાવાને બે જણીઓ ગઈ. તે નાહી રહ્યાં એટલે ચંદ્રાવલીજીએ કહ્યું કે શ્રીઠાકોરજી અત્યાર સુધી તો યમુનાજીના તીર પર ન પધાર્યા, માટે શ્રીજશોદાજીને ઘેર જઈને તું ખબર તો કાઢી આવ. એટલે ચંદ્રિકા ચાલી, તેને નન્દરાયજીના બારણા પર શ્રીસ્વામિનીજી મળ્યાં. એટલે શ્રીસ્વામિનીજીએ પૂછ્યું કે ચંદ્રિકા, તું ક્યાં જાય છે અને ચંદ્રાવલીજી ક્યાં છે? એટલે ચંદ્રિકાએ કહ્યું કે હું જાણતી નથી કે કયાં છે. ત્યારે શ્રીસ્વામિનીજીએ કહ્યું કે તું જૂઠું કેમ બોલે છે? તું શ્રીઠાકોરજીને લેવા આવી હોઇશ. તું પણ આ બાબતમાં બહુ જ ચતુર છે ત્યારે ચંદ્રિકાએ કહ્યું કે આ વાતમાં તો તમે ચતુર છો કે ચંદ્રાવલીજી છે;

હું તો કશું જાણતી નથી. હું તો શ્રીયમુનાજીમાં નાહીને આવી છું અને હવે મારે ઘેર જાઉ છું. એમાં ચતુરાઇ કઈ છે? વ્રજના લોક બધા ચર્ચા કરે છે. આવી રીતે અભિમાનપૂર્વક કહ્યું, એટલે શ્રીસ્વામિનીજીએ કહ્યું કે આવું અભિમાન થયું માટે ભૂમિ પર જાઓ; મદ ઊતરે ત્યારે અહીં આવજે. આથી આ ચંદ્રિકા સખી આગ્રામાં એક ચોપડા ક્ષત્રિય મોટા ધનાઢ્ય હતો તેને ઘેર પ્રકટી. આ સંતદાસના પિતાને કોઈ સંતતિ નહોતી, તેથી વેરાગી સાધુસંતને પુત્ર નિમિત્તે સીધું સામાન આપે, અને બધાંને વિનંતિ કરે કે મારે સંતતિ નથી; તમારી કૃપાથી થાય. હવે એક વેરાગીએ કહ્યું કે પુત્ર તો મહાદેવ પ્રસન્ન થાય તો આપે. એટલે આ ક્ષત્રિયે મહાદેવની પૂજા તથા વ્રત એવાં કર્યાં કે બધું શરીર સુકાઈ ગયું. એટલે મહાદેવે સ્વપ્નમાં કહ્યું કે તમારે શું જોઇએ તે કહો. ત્યારે આ ક્ષત્રિયે કહ્યું કે સારો હરિભક્ત છોકરો મને પ્રાપ્ત થાય. એટલે મહાદેવે કહ્યું કે મારા આપેલા જેટલા દીકરા છે તે ભગવાનથી બહિર્મુખ છે, અને તેં હરિભક્ત પુત્ર માગ્યો તે હું કયાંથી આપું? હરિભક્તોનો સંગ તો હુ સદા ઇચ્છું છું. પણ આનો જવાબ હું કાલે આપીશ. પછી મહાદેવે પ્રભુ પાસે જઇને પૂછ્યું કે મહારાજ, એક ક્ષત્રિયને હું વરદાન આપવા ગયો, એટલે તેણે હરિભક્ત પુત્ર માગ્યો; તો આના ભાગ્યમાં પુત્ર છે કે નહિ? ત્યારે ભગવાને કહ્યું કે તેને જઇને કહેજે કે તારે ઘેર હરિભક્ત પુત્ર થશે અને તે આખા કુટુંબનો ઉદ્ધાર કરશે, એવો ભગવદીય થશે, અને લીલા સંબંધી જીવ મારી બરાબરનો પ્રકટ થશે, એટલે મહાદેવે બીજા દિવસે સ્વપ્નમાં આ ક્ષત્રિયને કહ્યું કે તારાં ભાગ્ય મોટાં છે; તારે ઘેર એવો હરિભક્ત પુત્ર થશે કે તારું આખું કુળ પવિત્ર કરશે. પછી મહાદેવ ઘેર ગયા. આ ક્ષત્રિય સ્વપ્ન જોઈ પ્રસન્ન થયો, પણ મનમાં એમ આવ્યું કે પુત્ર ન થયો તો! કારણ કે સ્વપ્નની વાત છે; જ્યારે સાચી પડે ત્યારે (ખરી) જાણીએ. પછી તેની સ્ત્રીને ગર્ભ રહ્યો. બરાબર સમયે પુત્ર જન્મ્યો; અને દ્રવ્ય પણ વધ્યું. પુત્ર મોટો થયો, એટલે પિતાએ એનું નામ સંતદાસ પાડયું. પછી સંતદાસનો વિવાહ થયો. હવે સંતદાસનો પિતા મરી ગયો. સૂતકના દિવસ (કેમે કર્યા) પસાર થાય નહિ; એટલે પોતાની જ્ઞાતિના એક ક્ષત્રિયને સંતદાસે કહ્યું કે મારા દિવસ જતા (પસાર થતા) નથી, તો કંઇ કથા વાર્તા થતી હોય તો સાંભળું. એટલે આ ક્ષત્રિયે કહ્યું કે અહીં શ્રીઆચાર્યજી કનૈયાશાલ

ક્ષત્રિયને ઘેર પધાર્યા છે, તેમની કથા તમે સાંભળો તો મગ્ન થઈ જાઓ. એટલે સંતદાસે કહ્યું કે તમે જ્યારે જાઓ ત્યારે મને લઈ જજો. પછી ત્રીજે પહોરે આ ક્ષત્રિયની સાથે સંતદાસ ગયા ને ત્યાં જઇ શ્રીઆચાર્યજીને દંડવત્ પ્રણામ કરી બેસીને તેમની કથા સાંભળી, તો હૃદયમાં એવું જ્ઞાન થયું કે કે શ્રીઆચાર્યજી પૂર્ણ પુરુષોત્તમ છે. (આથી) પછી સંતદાસે શ્રીઆચાર્યજીને વિનંતિ કરી કે મહારાજ, કૃપા કરીને મને શરણે લો. એટલે શ્રીઆચાર્યજીએ કહ્યું કે હમણાં તો તમને સૂતક છે. સૂતક ઊતર્યા પછી તમને સેવક કરીશું. એટલે દંડવત્ પ્રણામ કરી સંતદાસ ઘેર આવ્યા. પછી સૂતક ચાલ્યું ત્યાંસુધી રોજ કથા સાંભળવા આવતા. વળી શ્રીઆચાર્યજીનાં દર્શન કરી આવતા ત્યારે ખાનપાન કરતા, તેઓ (જ્યારે સૂતક ઊતર્યું અને) શુદ્ધ થયા, એટલે નાહીને શ્રીઆચાર્યજી પાસે આવી દંડવત્ પ્રણામ કરી વિનંતિ કરી કે મહારાજ, કૃપા કરીને મારે ઘેર પધારો, અને મારા કુટુંબને અને મને પાવન કરો. એટલે શ્રીઆર્યજીએ સંતદાને ઘેર પધારી સંતદાસને નવરાવી નામ-નિવેદન કરાવ્યું. આ વખતે સંતદાસે વિનંતિ કરી કે મહારાજ, મારી સ્ત્રીને શરણે લો. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે સ્ત્રીને તો નામ સુણાવીશ; તે દૈવી તો નથી, પરન્તુ તારી સંગથી કૃતાર્થ થશે. પછી સ્ત્રીને નામ સંભળાવ્યું. એટલે સંતદાસે વિનંતિ કરી કે મહારાજ, હવે મને ભગવત્સેવા પધરાવી આપો. એટલે શ્રીઆચાર્યજીએ શ્રીનવનીતપ્રિયજીનું પ્રસાદી વસ્ત્ર સેવાને માટે પધરાવી આપ્યું પછી ખાસા કરી, સંતદાસને ઘેર પાક સામગ્રી કરી ભોગ ધરી, ભોજન કરી સંતદાસને જૂઠણની પાતળ આપશ્રીએ પોતાને હાથે ધરી; તે મહાપ્રસાદ બન્ને સ્ત્રીપુરુષે લીધો. પછી શ્રીઆચાર્યજી એકાંતમાં એકલા બેઠા હતા ત્યાં સંતદાસે જઈને દંડવત્ પ્રણામ કરીને વિનંતિ કરી કે મહારાજ, મારા પર એવી કૃપા કરો કે આ દેહે શ્રીઠાકોરજી અનુભવ જણાવે અને સંસારનાં સુખદુઃખ બાધા ન કરે; આપનું સ્વરૂપ હૃદયારૂઢ થાય, અને પુષ્ટિમાર્ગીય ફળનો અનુભવ થાય. એટલે શ્રીઆચાર્યજીએ સંતદાસને "પુરુષોત્તમસહસ્ર નામ" ભણાવ્યાં શીખવ્યાં અને પોતે ગ્રંથ કર્યા હતા તે પોથી સંતદાસને આપીને કહ્યું કે તમને આ ગ્રંથો દ્વારા બધા મનોરથ પૂર્ણ થશે અને થોડા દિવસમાં તારું સઘળું દ્રવ્ય નાશ પામશે. જેટલું દ્રવ્ય શ્રી-ઠાકોરજી માટે વાપરીશ તેટલું જ રહેશે. પરંતુ શ્રીઠાકોરજીનો વૈભવ વધાર્યા

પછી જ્યારે દ્રવ્ય ન હોય ત્યારે તેમાંથી ખાનપાન કરે તો બહિર્મુખ થવાય. માટે તું વિવેક ધૈર્ય ને આશ્રય રાખી ધીરજ રાખજે. તું દૈવી છે તેથી તારો ધર્મ નભશે; બીજાઓને માટે તો કઠણ છે. હું તારા પર પ્રસન્ન થયો છું, તેથી તને લૌકિક બાધા નહિ કરે. આ પ્રમાણે સંતદાસ પર કૃપા કરી આપ વ્રજમાં પધાર્યા. પછી સંતદાસે સોના રૂપાનાં વાસણ આભૂષણ અનેક શ્રીઠાકોરજીનાં બનાવ્યાં તેમાંથી કેટલાંક ઘરમાં રાખ્યાં, કેટલાંક શ્રીનાથજીને મોકલ્યાં અને કેટલાંક શ્રીગુસાંઇજીને ત્યાં મોકલ્યાં.

વાર્તાપ્રસંગ ૧ લો.

આ સંતદાસ બહુ જ સાધનસંપન્ન હતા. લાખો રૂપિયાનો વેપાર હતો. આ દ્રવ્ય બધું વેપારમાં ખોયું, કેટલુંક ચોરાઇ ગયું, કેટલુંક રાજાએ દંડમાં લીધું, એટલે પછી નિષ્કિંચન થઇ ગયા. પરન્તુ મનમાં આનંદ થયો કે શ્રીઆચાર્યજીએ કહ્યું હતું તેમ જ બન્યું. પછી ચોવીસ ટકાની પૂંજી રહી, તેની કોડી લઇ સેઉના બજારમાં વેચવા બેસતા. એક એક પૈસાની કોડીની જુદી જુદી ઢગલીઓ કરતા. પોતે સંતદાસ કોઇની સાથે કશું બોલે નહિ. લોકો પૈસો ધરીને કોડીની ઢગલી ઉપાડી લેતા તેમાંથી અઢી પૈસા રોજ કમાતા. પોતે તો બેઠા બેઠા પોથી વાંચતા. તેમાંથી અર્ધા પૈસાની ચવેણી અને ઉનાળામાં દાળ ભીંજવીને ધરતા, ને શીતકાળમાં શેકેલા ચણા ધરતા. એક ટકામાં રાજભોગ ધરતા, તેનો મહાપ્રસાદ લેતા. અર્ધા પૈસાની ચવેણી રાત્રે એમને ઘેર વૈષ્ણવ મંડળી બેસતી તેમાં કીર્તન વાર્તા થઇ ગયા પછી વહેંચતા. આવી રીતે નિર્વાહ કરતા. એમ કરતાં કરતાં ગૌડ દેશના નારાયણદાસ શ્રીગુસાંઇજીના સેવકે વાત સાંભળી કે સંતદાસને દ્રવ્યનો સંકોચ બહુ જ છે; આથી નારાયણદાસે સંતદાસને એક પત્ર લખ્યો, તેમાં સો મહોરની હૂંડી મોકલી; તેના પર ટકો કાસદને આપવાનું લખ્યું. તે પત્ર આગ્રા આવ્યો. આ પત્ર વાંચી સંતદાસે પોતે અઢી પૈસા કમાતા હતા તેમાંથી એક ટકો કાસદને આપ્યો અને પોતે રસોઇમાં ઉપવાસ કર્યો ને હૂંડી નીકળી તે શ્રીગુસાંઇજીને મોકલી, અને નારાયણદાસને પત્ર

લખ્યો તેમાં લખ્યું કે તમારી પ્રભુતામાં એક દિવસ રાજભોગનો ખાલી પડ્યો; માટે હવે કદી પણ એવી કૃપા કરશો નહિ, અને તમારી હૂંડી શ્રીગુસાંઇજીને મોકલી છે. તે હૂંડી શ્રીગોકુલ ચાંપાભાઇ શંકરભાઇ ભંડારી પાસે આવી એટલે ચાંપાભાઇ શંકરભાઇએ શ્રીગુસાંઇજીને વાંચી સંભળાવી. પછી કહ્યું કે મહારાજ, ગૌડ દેશના નારાયણદાસે સંતદાસને હૂંડી મોકલી હતી તે સંતદાસે આપને અહીં મોકલી છે. ત્યારે શ્રીગુસાંઇજીએ શ્રીમુખથી કહ્યું કે સંતદાસ મોટા ભગવદીય શ્રીઆચાર્યજીના કૃપાપાત્ર સેવક છે, તેથી વૈષ્ણવનું દ્રવ્ય કેમ કરી રાખે? તેથી અહીં મોકલ્યું છે.

ભાવપ્રકાશ—આ વાર્તામાં સંદેહ થાય કે ચોવીસ ટકાની પૂંજીમાં અઢી પૈસા રોજ કમાતા, તેમાંથી ટકો કાસદને આપ્યો અને લખ્યું કે રાજભોગ ખાલી ગયો, તો પૂંજીમાંથી એક ટકાનો રાજભોગ કેમ ન ધર્યો? એમને તો ભગવદાશ્રય છે. ચોવીસ ટકાની પૂંજીનો આશ્રય તો છે નહિ કે કાલે પૈસા શી રીતે કમાઇશું? સહજમાં જેનું મન ભગવાનમાં લાગ્યું હોય તે પૂંજી રાખીને શ્રીઠાકોરજીને રાજભોગમાં અપવાસ ન પાડે, તો સંતદાસે ચોવીસ ટકાની પૂંજી છતાં રાજભોગમાં અપવાસ કેમ પાડયો? એક તો આ સંદેહ ને વળી બીજો સંદેહ એ થાય કે આગ્રા શહેરમાં સ્ત્રીસહિત રહે તો અઢી પૈસામાં નિર્વાહ શી રીતે થાય? ઘરમાં અનેક ખર્ચ, લાકડાં જોઇએ, તેલ ઘી લૂણ શાકાદિક, વળી ઉત્સવો, પવિત્રાં, શ્રીઆચાર્યજીનો જન્મદિવસ આ બધું શી રીતે કરે? એ બીજો સંદેહ. આ સદેહના નિવારણમાં ત્યાં એવો ભાવ જાણવો કે સંતદાસનું બધું દ્રવ્ય જતું રહ્યું ત્યારથી શ્રીઠાકોરજીની સેવામાં મંડાણ શ્રીઠાકોરજીના દ્રવ્યમાંથી કરે, અને શ્રીઠાકોરજીના દ્રવ્યમાંથી ચોવીસ ટકા પૂંજી કરી કોડી વેચતા; તેથી શ્રીઠાકોરજીની પૂંજીમાંથી તો કાસદને અપાય નહિ, તેથી કમાઇનો ટકો આપ્યો, એથી એમની પોતાની કમાઈનો રાજભોગ ન થયો; તેથી મહાપ્રસાદ પણ ન લીધો. ટકાના ચૂનનો જુદો જ ભોગ ધરતા તેને રાજભોગ જાણતા, અને મહાપ્રસાદ લેતા. વળી નિત્યનો નેગ તો શ્રીઠાકોરજીના દ્રવ્યનો ઘણો થતો, તેથી પોતાની સેવા રાજભોગની સિદ્ધ ન થઈ, કારણ કે ટકો કાસદને આપ્યો. તેથી નારણદાસને લખ્યું કે

ખાલી ગયો, કેમકે મારી સત્તાનો ભોગ
તમારી પ્રભુતામાં એક દિન રાજભોગ
ન ધર્યો. આવી રીતે સંતદાસે વિવેક ધૈર્ય ને આશ્રયનું સ્વરૂપ બતાવ્યું. વિવેક
એ કે ગુંસાઇજીને હૂંડી મોકલી; પોતાનાથી સેવા ન બની તેથી રાજભોગ
ખાલી ગયો; ધૈર્ય એ કે શ્રીઠાકોરજીના દ્રવ્યનું ખાનપાન ન કર્યું; આશ્રય
એ કે પોતાને મન આનંદ થયો, કલેશ દુઃખ જરાપણ ન થયું.

આવી રીતે સંતદાસે શ્રીઆચાર્યજીના ગ્રંથો પ્રમાણે સેવા કરી,
અને સદા રસમાં મગ્ન રહેતા. આ સંતદાસની વાર્તા ક્યાંસુધી કહીએ?

વાર્તાપ્રસંગ ૨ જો.

મંડળી થતી ત્યાં બધા વૈષ્ણવ ચોકમાં
સંતદાસને ત્યાં વૈષ્ણવ
છુપાઇને ઘરના બારણા પાસે નિત્ય ભગવદ્વાર્તા
બેસતા. ત્યાં મહાદેવ
સાંભળવાને આવતા પણ કોઈ જાણે નહિ. અહીં આગ્રામાં એક શેઠ
શ્રીગુસાંઇજીનો સેવક હતો, તે રાજસી બહુ જ હતો. તેણે સાંભળ્યું
કે સંતદાસને ત્યાં રાત્રે ભગવન્મંડળી રોજ બેસે છે, અને ત્યાં
ભગવદ્વાર્તા થાય છે તેમાં બહુ જ આનંદ આવે છે. ત્યારે આ શેઠે
કહ્યું કે મહાપ્રસાદ પણ કશો વહેંચાય છે? ત્યારે એક વૈષ્ણવે કહ્યું
કે ચણા ચવેણી વહેંચે છે. ત્યારે આ શેઠે કહ્યું કે હું મારે ઘેર
વૈષ્ણવ મંડળી ભેગી કરી ઠોર લાડુ વહેંચીશ. પછી આ શેઠે લાડુ
ઠોર કરી સાંજના બધા વૈષ્ણવોને કહેવરાવ્યું કે શેઠને ઘેર
ભગવન્મંડળી ભેગી થાય છે, ત્યાં ઠોર લાડુ વહેંચાય છે. હવે રસિક-
જનો જે કથા વાર્તાના લોભી હતા તે તો સંતદાસને ઘેર આવતા
અને બે ચાર ખાનપાનના લોભી હતા તે શેઠની ખુશામત કરવાવાળા
શેઠના ઘેર આવતા. આવી રીતે દસપંદર દિવસ ચાલ્યું;
એટલે શેઠે કહ્યું કે હું ઠોર લાડુ વહેચું છું તોપણ બધા વૈષ્ણવ
મારે ઘેર આવતા નથી અને સંતદાસને ત્યાં ચણાની ચવેણી વહેંચે
છે ત્યાં બધા જાય છે. આ સાંભળી એક વૈષ્ણવે કહ્યું કે સંતદાસને
ઘેર ભગવદ્વાર્તા અને કીર્તનનો આનંદ બહુ જ આવે છે, તેથી બધા
વૈષ્ણવો ત્યાં જાય છે. એટલે શેઠે કહ્યું કે આપણે પણ એક દિવસ
સંતદાસને ત્યાં જઇને જોઇએ કે કેવો રસ પડે છે, તેવી જ રીતે

આપણે ઘેર કરીશું. પછી બેચાર પોતાના સંગના વૈષ્ણવોને લઇ શેઠ સંતદાસને ઘેર આવ્યા. ત્યાં ભગવદ્વાર્તા થઈ તેમાં શેઠ તો કશું સમજ્યો જ નહિ. પછી ઊંઘ આવી ગઈ. પછી કીર્તનવાર્તા થઈ ચૂકયાં એટલે ચણા વાંટ્યા. શેઠને પણ ઊંઘમાંથી જગાડીને ચણા આપ્યા. તે શેઠે હાથમાં લીધા, પરન્તુ શરમ આવી તેથી મોંમાં ન મૂકયા. હાથમાં લઇને ઊઠ્યો, અને જોડા પહેરવા લાગ્યો, ત્યાં જ ભોંય પર ચણા નાખી દીધા, એટલે મહાદેવજી ચણા વીણવા લાગ્યા. એટલે વૈષ્ણવોએ કહ્યું કે આ કોણ છે અને તેમને ચોર ચોર કહીને પકડ્યો. ત્યારે સંતદાસે આવી વૈષ્ણવોને કહ્યું કે એમ ના કહો, ભગવદ્વાર્તામાં ચોર શા માટે આવે? પછી મહાદેવને સંતદાસે પૂછયું કે તમે કોણ છો તે સાચું કહો. એટલે કહ્યું કે તમે ભગવદીય છો, માટે કહું છું. આ બધાંને જવા દો. હવે બધા વૈષ્ણવ ગયા એટલે કહ્યું કે હું મહાદેવ છું, સંતાઇને ભગવદ્વાર્તા કીર્તન સાંભળું છું. આજ આ રાજસી શેઠે મહાપ્રસાદ ધરતી પર નાખી દીધો તે મેં વીણી લઇને ખાધો. મહાપ્રસાદ કયાંક પગ નીચે આવે તો ભારે અનર્થ થાય. ત્યારે સંતદાસે કહ્યું કે તમે દ્વાર પાસે કેમ બેસો છો? અંદર આવ્યા કરો. એટલે મહાદેવે કહ્યું કે તમે પુષ્ટિમાર્ગીય ભક્તો (છો તેથી તમારા) વચમાં (પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ મંડળીમાં) મર્યાદામાર્ગીયનો અધિકાર નથી. વળી તમે રસમાં મગ્ન થઈ શ્રીઠાકોરજીની અનેક લીલાઓની વાર્તાઓ કરો છો તે સાંભળવાનો મારો અધિકાર નથી. તેથી મારો સાંભળવાનો જેટલો અધિકાર છે, તેટલી હું સાંભળું છું. તેથી મારે એટલે દૂર બેસવું એ જ સારું છે. પછી સંતદાસ પાસેથી વિદાય થઈ મહાદેવજી અંતર્ધાન થઈ ગયા. સંતદાસજી કમાડ અટકાવી ઘરમાં આવ્યા. તે દિવસથી સંતદાસે એવી રીત કરી કે જ્યારે પોતાની મંડળીના બધા આવી ચૂકે એટલે બારણાનાં કમાડ અટકાવીને વાર્તા કરે, કારણ કે કોઈ લૌકિક જીવ આવે તો સારું નહિ. આ સંતદાસ એવા ભગવદીય છે.

વાર્તાપ્રસંગ ૩ જો.

હવે જ્યારે શ્રીગુસાંઇજીનો જન્મદિવસ આવે ત્યારે સંતદાસ

દર વર્ષે શ્રીગુસાંઇજીનાં દર્શન માટે શ્રીગોકુલ આવતા. શ્રીગુસાંઇજી શ્રીઆચાર્યજીના કૃપાપાત્ર જાણી સંતદાસજી પર બહુ જ કૃપા રાખતા. પછી કેટલાક દિવસે સંતદાસનું શરીર અશક્ત થયું, વૃદ્ધ થયા. એટલે શ્રીગુસાંઇજીને વિનંતિપત્ર લખીને શ્રીગોકુલથી ચાંપાભાઈ શંકરભાઇને બોલાવ્યા. ત્યારે ચાંપાભાઇ ભંડારીને શ્રીગુસાંઇજીએ કહ્યું : તમે આગ્રા સંતદાસ વૈષ્ણવને ઘેર જાઓ. હવે તે દેહ છોડશે, માટે ચરણામૃત મહાપ્રસાદ લઇને જાઓ. આથી શ્રીગુસાંઈજીનું ચરણામૃત અને મહાપ્રસાદ લઇને ચાંપાભાઇ સંતદાસ પાસે આગ્રા આવ્યા. ત્યાં સંતદાસને ચરણામૃત મહાપ્રસાદ આપ્યો, તે લઇને સંતદાસે ચાંપાભાઇને કહ્યું કે આ ઘરમાં વાસણપાત્ર જે કાંઇ છે તે બધું શ્રીગુસાંઇજીનું છે. પછી શ્રીઠાકોરજી તથા શ્રીઠાકોરજીનું દ્રવ્ય હતું તે તથા ઘરનાં ખતપત્ર બધું ચાંપાભાઇને આપીને કહ્યું કે જો ઇચ્છા હોય તો આ સ્ત્રીને ઘરમાં કેટલોક સમય રહેવા દેજો. અગર ચાહો તો હમણાં જ (ઘર) વેચીને પૈસા લઈ જાઓ. આવી રીતે બધું ચાંપાભાઇને સોંપ્યું. પછી ચાંપાભાઇ ઘરનાં ખતપત્ર અને બધાં વાસણ તથા દ્રવ્ય લઈને શ્રીગોકુલ આવ્યા અને શ્રી-ગુસાંઈજીને બધા સમાચાર કહ્યા. એટલે શ્રીગુસાંઇજીએ કહ્યું કે સંત-દાસ શ્રીઆચાર્યજીના સેવક છે. એમનામાં જે વિવેક ધૈર્ય અને આશ્રય છે તે એમનાથી જ સાધી શકાય. પછી સંતદાસનો દેહ બહુ જ અશક્ત થયો, તેથી ભૂમિ પર શયન કર્યું. આ વખતે આગ્રાના વૈષ્ણવો બધા એકઠા થયા, અને સંતદાસને કહ્યું કે જો તમે કહો તો તમને અમે રેણુકાતીર્થ લઈ જઈએ અને કહો તો મથુરા મોટું ક્ષેત્ર છે ત્યાં લઇ જઇએ. એટલે સંતદાસે કહ્યું કે રેણુકા અને મથુરા મને શું કૃતાર્થ કરશે? આખો જન્મારો શ્રીઆચાર્યજીનો આશ્રય કર્યો; હવે આ વખતે તીર્થનો આશ્રય શા માટે કરું? અને કરું તો મહાબાધક થાય. આ સાંભળી બધા વૈષ્ણવોએ કહ્યું કે જો તમે કહો તો તમને શ્રીગોકુલ લઈ જઈએ. એટલે સંતદાસે કહ્યું કે અત્યારે શ્રીગોકુલ જઇને (શું કરું ? મારી) રાખ ઉરાડું ? શ્રીગોકુલની સેવા તો મારાથી કશી બની શકી નથી. માટે અત્યારે

તો તમે બધા ભગવાનનું નામ લો. એટલે બધા વૈષ્ણવ ભગવાનનું નામ જપવા લાગ્યા. કોઇ રાસપંચાધ્યાયીનો પાઠ કરવા લાગ્યા, કોઈ કીર્તન ગાવા લાગ્યા. પછી જ્યારે દેહ છોડવાનો સમય થયો ત્યારે સંતદાસે બધા વૈષ્ણવોને કહ્યું કે હવે તમે બધા ચૂપ થઇને મારી વાત સાંભળો. બધા વૈષ્ણવ ચૂપ થઈ ગયા, એટલે સંતદાસે કહ્યું કે એક દિવસ શ્રીગુસાંઇજીનો જન્મ દિવસ હતો, તે દિવસે હું શ્રીગોકુલ ગયો, ત્યારે શ્રીગુસાંઇજી કેસર સ્નાન કરી કેસરી ધોતી પહેરી કેસરી ઉપરણો ઝાટકીને ઓઢતા હતા તે વખતે મેં જઇને દંડવત્ પ્રણામ કર્યા. આ વખતે શ્રીગુસાંઇજીએ પૂછયું કે સંતદાસ, હમણાં જ આવ્યા? ત્યારે મેં કહ્યું કે હા મહારાજ, હમણાં જ આવ્યો. આ વખતે મને પાસે આવ્યો જાણીને જળ મંગાવી પ્રભુનું ચરણોદક આપ્યું. આ ધ્યાન એ સમયનું કરી દેહ છોડી લીલામાં પ્રાપ્ત થયા.

ભાવપ્રકાશ—આ સંતદાસ એવા ટેકી કૃપાપાત્ર ભગવદીય છે કે તેમણે કોઈપણ તીર્થનો આશ્રય ન કર્યો; એક શ્રીઆચાર્યજીનો જ દઢ આશ્રય રાખ્યો. વળી શ્રીગોકુલ આવવાની પણ ના પાડી. કારણ કહ્યું કે શું અત્યારે શ્રીગોકુલમાં મારી રાખ ઉરાડું ? આનો ભાવ એવો છે કે લીલાસ્થળીમાં લૌકિક દેહ કેમ પાડું ? અલૌકિક દેહથી શ્રીગોકુલની જે સેવા બને તથા શ્રીઠાકોરજીની સેવા બને તે સારી છે. અને દેહ (લૌકિક દેહ)ની તો શી વાત છે ? ભગવદાશ્રય સર્વોપરિ પદાર્થ છે. દેહ કયાં પડ્યો (અથવા એની શી બિસાત) તે બતાવ્યું.

પછી વૈષ્ણવોએ સંતદાસના દેહનો સંસ્કાર કર્યો. પછી સંતદાસની આ બધી બનેલી વાત એક વૈષ્ણવે શ્રીગોકુલ આવીને શ્રીગુસાંઇજી પાસે કહી તે સાંભળી શ્રીગુસાંઇજીને રોમાંચ થયા ને કહ્યું: સંતદાસ મોટા ભગવદીય છે. સંતદાસે જેવો આશ્રય કર્યો તેવો વૈષ્ણવે કરવો. આવી રીતે બહુ જ સરાહના (વખાણ) સંતદાસની કરી. આ સંતદાસ એવા શ્રીઆચાર્યજીના કૃપાપાત્ર ભગવદીય હતા. એમની વાર્તા કેટલી કહીએ ? ॥ વાર્તા ૭૬ ॥

વાર્તા ૭૭ મી.

હવે શ્રીઆચાર્યજીના સેવક સુંદરદાસ અને માધવદાસ ગંગાપુત્ર (અને સારસ્વત) બ્રાહ્મણ હતા, તેઓ શ્રીજગન્નાથરાયજીથી દશ ગાઉ ઉપર એક ગામમાં રહેતા, તે ગામનું નામ પીપરી છે, ત્યાં રહેતા, તેમની વાર્તા અને એનો ભાવ.

ભાવપ્રકાશ—લીલામાં આ સુંદરદાસ માધવદાસ બેઉ કુમારિકાના યૂથમાં રાધા સહચરીની સખી છે. ત્યાં સુંદરદાસનું નામ 'શીલા' અને અને માધવદાસનું નામ 'લીલા' સખી છે. આ બેઉ પૂર્વમાં પીપરી ગામમાં, સુંદરદાસ ગંગાપુત્ર બ્રાહ્મણને ત્યાં જન્મ્યાં, અને માધવદાસ સારસ્વત બ્રાહ્મણને ઘેર જન્મ્યા. આ માધવદાસનો પિતા એક મહાજાતિમાં પીર હતો તેનો આશ્રય મ્લેચ્છની માફક કરતો. મ્લેચ્છની માફક માલા બતાસા નિત્ય ચઢાવતો. તેને પુત્ર ન હતો, તેથી પીરની માનતા કરી, તેથી પુત્ર થયો. આથી આ સારસ્વત બ્રાહ્મણને પીર પર દૃઢ વિશ્વાસ થયો. વળી આ પીર આ સારસ્વત બ્રાહ્મણ સાથે બોલતો વાતો કરતો. આ વાત એ સારસ્વત બ્રાહ્મણ હિંદુ હોઈ પ્રકટ કરે તો નિંદા થાય, તેથી દીકરાનું નામ માધવદાસ રાખ્યું. કૃષ્ણચૈતન્ય ગૌડ દેશમાં થયા તેમના સેવક માધવદાસને કર્યા, પરન્તુ મનમાં દૃઢતા માધવદાસની અને એના પિતાની પીરમાં હતી. ઉપરથી એક શ્રીઠાકોરજી રાખે તે લોકોને દેખાડવા માટે પૂજે. જ્યારે શ્રીઠાકોરજી આગળ ભોગ ધરે ત્યારે પીરનું નામ લઇને બોલાવે, એટલે પીર ખાઈ જાય. હવે આજ ગામમાં સુદરદાસ ગંગાપુત્ર બ્રાહ્મણ રહેતા હતા, આમની રીત ભાત એવી કે કોઇ સંત મહન્ત કે મહાપુરુષ આવે તેમની ટહેલ આખો દિવસ કરે, પગ દાબે, પાણી ભરે, સીધું સુધ્ધાં લાવી દે, અને બે ગાઉ સુધી મૂકવા જાય. આવી રીતે રહે. એવામાં એક વાર શ્રીઆચાર્યજી જગન્નાથરાયજી જવા પધાર્યા. આમ રસ્તામાં જતાં પીપરી ગામની પાસે તળાવ પર ઊતર્યા, અહીં સુંદરદાસે આવી કૃષ્ણદાસને દંડવત્ પ્રણામ કરીને કહ્યું કે હું આપનાં ચરણ દાબું ? પાણી લઈ આવું ? તેમજ સીધું સામગ્રી જે કંઇ કહો તે લઈ આવું. હું આ ગામમાં રહું છું અને જે કોઈ સંત મહન્ત મહાપુરુષ આવે તેમની ટહેલ કરું છું. હું ગંગાપુત્ર બ્રાહ્મણ ગૃહસ્થ છું, તેથી આપ મને જે કંઈ

ટહેલ બતાવો તે કરું. ત્યારે કૃષ્ણદાસે કહ્યું કે તું અમારાં વસ્તુ ભાવથી વેગળો રહેજે. જો તું કોઈને અડીશ તો છોવાઈ જશે; માટે તું તારે કામે જા. અમારે તારું કશું કામ નથી. જોજે, કોઈને અડતો નહિ. ત્યારે સુંદરદાસે કહ્યું કે મારો શો અપરાધ છે કે તમે મને કાંઇ જ ટહેલ બતાવતા નથી? હું તો જે કોઈ વૈષ્ણવ આવે છે તે બધાની ટહેલ કરું છું, જ્યારે તમે તો કહો છો કે કશે અડશો નહિ! તેનું કારણ શું? વળી હું તો બ્રાહ્મણ છું. ત્યારે કૃષ્ણદાસે કહ્યું કે તું બ્રાહ્મણ હોય તો તારા ઘરનો છે; અહીં તો શ્રી-આચાર્યજીનો સેવક હોય તેની જ પાસે ટહેલ કરાવીએ છીએ. તેને જ અમારે ત્યાં બધે અડવાનો અધિકાર છે, બીજાની અડેલી વસ્તુ કશી કામમાં ન આવે. આ સાંભળી સુંદરદાસ જરા દૂર ઊભા રહ્યા. એટલે વૈષ્ણવોએ જરા જરા બધી જગ્યા ખોદીને જળ લાવી છાંટીને આસન બિછાવ્યું. તેના પર શ્રી-આચાર્યજીમહાપ્રભુ બિરાજ્યા. આ વખતે શ્રીઆચાર્યજીનું સ્વરૂપ જોઈને સુંદરદાસ મોહિત થઈ ગયા. પછી કૃષ્ણદાસ ગામમાં જઈ સીધું સામગ્રી લઈ આવ્યા, એટલે શ્રીઆચાર્યજીએ નાહીને રસોઇ કરી, શ્રીઠાકોરજીને ભોગ ધરી ભોજન કર્યું; પછી સુંદરદાસને દૈવી જીવ જાણી મહાપ્રસાદ આપ્યો. આ મહાપ્રસાદ લેતાં જ સુંદરદાસની બુદ્ધિ નિર્મળ થઇ ગઇ, એટલે સુંદરદાસે શ્રીમહાપ્રભુજીને વિનંતિ કરી કે મહારાજ, આપ તો સાક્ષાત્ ઈશ્વર છો; મારો શો અપરાધ છે કે મારી પાસે કશી ટહેલ ન કરાવી? ત્યારે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ કહ્યું કે અમારી સાથે વૈષ્ણવો છે તે બધા અમારી રીતિ મર્યાદા જાણે છે. તમને અત્યારે અમારી રીત કે મર્યાદાની ખબર નથી, તેથી તમારી પાસે ટહેલ કરાવી નહિ. ત્યારે સુંદરદાસે કહ્યું કે મહારાજ, મને શરણે લઈ જે પ્રકારે મને બતાવો તે પ્રકારે કશી ટહેલ આપની હું કરું, તો મારા મનમાં સુખ થાય. માટે મને ચરણસ્પર્શ તો કરવા દો. આ પ્રમાણે સુંદરદાસની દીનતા દેખી સુંદરદાસને નામ સુણાવી શ્રીઆચાર્યજીએ ચરણસ્પર્શ કરાવ્યાં. પછી શ્રીઆચાર્યજી મહાપ્રભુજી પોઢ્યા, એટલે સુંદરદાસે સઘળી રાત્રિ પરમ પ્રીતિથી ચરણની સેવા કર્યા કરી. શ્રીઆચાર્યજીએ બેચાર વાર રાત્રે સુંદરદાસને કહ્યું કે સુંદરદાસ, હવે તમે સૂઈ જાઓ. ત્યારે સુંદરદાસે વિનંતિ કરી કે મહારાજ, સૂવાનું તો રોજ છે, પરન્તુ આવી આપની સેવા મને કયારે મળશે?

પછી પ્રાતઃકાળ થયો, એટલે સુંદરદાસે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીને દંડવત્ પ્રણામ કરી વિનંતિ કરી કે મહારાજ, આપ કૃપા કરીને મારે ઘેર પધારો અને મારી સ્ત્રીનો અંગીકાર કરો. એટલે શ્રીઆચાર્યજીએ સુંદરદાસને ત્યાં પધારી આપે સ્નાન કરી રસોઇ કરી પછી સુંદરદાસને કહ્યું કે સુંદરદાસ, સ્ત્રી સહિત નાહીને આવો. પછી શ્રીઆચાર્યજીએ સુંદરદાસને બ્રહ્મસંબંધ કરાવ્યું અને સ્ત્રીને નામ સુણાવી નિવેદન કરાવ્યું. પછી સુંદરદાસને ત્યાં લાલજી ઠાકોરજી હતા તેમને પંચામૃતથી સ્નાન કરાવી આપે ભોગ ધર્યો. પછી આપે ભોજન કરી સુંદરદાસને અને તેમની સ્ત્રીને જૂઠણ મહાપ્રસાદ આપ્યો. પછી બે દિવસ સુંદરદાસને ઘેર રહી પુષ્ટિમાર્ગની બધી રીત બતાવી આપ તો શ્રીજગન્નાથરાયજીનાં દર્શન કરવા પધાર્યા અને સુંદરદાસ સેવા કરવા લાગ્યા.

વાર્તાપ્રસંગ ૬ ઠ્ઠો.

આ સુંદરદાસનો માધવદાસ પર પ્રેમ બહુ જ હતો. આથી સુંદરદાસે મનમાં વિચાર્યું કે આ માધવદાસ શ્રીઆચાર્યજીના સેવક થાય તો કૃતાર્થ થાય; આનો બધો અન્યાશ્રય છૂટી જાય. આથી સુંદરદાસે માધવદાસ પાસે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીની બહુ જ વડાઈ કરી અને માધવદાસને કહ્યું કે તમે શ્રીઆચાર્યજી મહાપ્રભુ-જીના સેવક થાઓ તો આ જ જન્મમાં કૃતાર્થ થાઓ. શ્રીઆચાર્યજી મહાપ્રભુ સાક્ષાત્ ભગવાન છે. એટલે માધવદાસે કહ્યું કે મારે તો જે કંઇ છે તે કૃષ્ણ ચૈતન્ય છે, એટલે સુંદરદાસ ચૂપ રહ્યા. પરન્તુ બે જણનો સ્નેહ બહુ જ હતો.

ભાવપ્રકાશ—સ્નેહનું કારણ લીલાનો દઢ સંબંધ છે, તેથી અહીં દઢ સંબંધ થયો. હવે સુંદરદાસે માધવદાસનું કલ્યાણ આ જ જન્મમાં વિચાર્યું છે, માટે શ્રીઠાકોરજી અંગીકાર કરશે. ભગવદીય જે વિચારે તે થાય.

પછી શ્રીઆચાર્યજી મહાપ્રભુ શ્રીજગન્નાથરાયજીનાં દર્શન કરી, થોડા દિવસ ત્યાં રહીને પછી પુરુષોત્તમપુરીથી પધાર્યા, ત્યારે સુંદરદાસને ઘેર ઊતરી સ્નાન કરી પાક સામગ્રી કરી, પછી શ્રીઠાકોરજીને ભોગ ધર્યો, તે વખતે માધવદાસ સુંદરદાસને ઘેર

આવી સુંદરદાસ પાસે બેઠા. એટલામાં સમય થયો એટલે શ્રી-આચાર્યજીએ ભોગ સરાવ્યો, એટલે માધવદાસે મહાપ્રસાદનો થાળ ભરેલો દીઠો. પછી શ્રીઆચાર્યજી મહાપ્રભુજી પોતે ભોજન કરી પોઢયા; એટલે માધવદાસે સુંદરદાસને કહ્યું કે તારા ગુરુ શ્રીઆચાર્યજીના હાથનું શ્રીઠાકોરજી આરોગતા નથી. મેં મહાપ્રસાદનો ભરેલો થાળ જોયો. જ્યારે મારે ઘેર હું શ્રીઠાકોરજીને ધરું છું, તેમાંથી એક કોળિયો પણ રહેતો નથી; મારા ઠાકોરજી બધું આરોગી જાય છે. ત્યારે સુંદરદાસે કહ્યું કે જો કાંઇ રહેતું નથી તો તમે શું ખાઓ છો? ત્યારે માધવદાસે કહ્યું કે મારા ઘર પૂરતું જુદું ધરી રાખું છું; વધારે હોય તે શ્રીઠાકોરજીને ધરું છું. તેમાંથી કશું ખાતો નથી. ત્યારે સુંદરદાસે કહ્યું કે આ વાતનો જવાબ તમે પાછલે પહોરે આવજો એટલે તમને કહીશ. એટલે માધવદાસ ઘેર ગયો. અને સુંદરદાસે સ્ત્રી સહિત મહાપ્રસાદ લીધો. પછી શ્રીઆચાર્યજી પોઢીને ઊઠ્યા, એટલે સુંદરદાસે શ્રીઆચાર્યજીને કહ્યું કે મહારાજ, માધવદાસ એક સારસ્વત બ્રાહ્મણ છે તે કહે છે કે હું શ્રીઠાકોરજી પાસે ભોગ ધરું છું તે બધું મારા શ્રીઠાકોરજી ખાઇ જાય છે; તે થાળમાં કશું બાકી રહેતું નથી. એટલે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ કહ્યું કે એ મૂર્ખ છે. તેને ઘેર ભૂત ખાઇ જાય છે. શ્રીઠાકોરજીનો હાથ અડે તે વસ્તુ કદી ઘટે જ નહિ. પણ આ માધવદાસ દૈવી છે, અને તમારા મનમાં એનો ઉદ્ધાર કરવાનું થયું છે, માટે હવે એને શરણે લઇને વૈષ્ણવ અવશ્ય કરવો જ છે. એટલે સુંદરદાસ પ્રસન્ન થયા. એટલામાં માધવદાસ આવ્યા, એટલે શ્રીઆચાર્યજીએ માધવદાસને પાસે બોલાવીને કહ્યું કે માધવદાસ, તારે ઘેર શ્રીઠાકોરજી બધી સામગ્રી ખાઇ જાય છે? ત્યારે કહ્યું કે હાં, હાં, કશું રહેતું નથી; થાળમાંથી બધુંજ ખાઈ જાય છે; એવા મારા શ્રીઠાકોરજી છે. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે કાલે જ્યારે તું ભોગ ધરે ત્યારે અમને પ્રથમ ખબર આપજે; અમે પણ જોઇએ. એટલે માધવદાસે કહ્યું કે કાલે સવારે તમને ખબર આપીશ. પછી માધવદાસ ઘેર ગયા. સવારે ઊઠી રસોઇ કરી આવીને શ્રીઆચાર્યજી મહાપ્રભુજીને કહ્યું કે મહારાજ,

પધારો. એટલે શ્રીઆચાર્યજી મંદિરના દ્વાર પર ગયા અને કહ્યું એટલે માધવદાસે સઘળી સામગ્રી થાળમાં ધરી શ્રીઆચાર્યજીને કહ્યું કે જુઓ, હવે હું ભોગ ધરું છું. એટલે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ કહ્યું કે ધરો. હવે આ માધવદાસે શ્રીઠાકોરજી આગળ ભોગ ધરીને પીરનું સ્મરણ કર્યું તે પીર ભૂત હતો તે આવ્યો. મંદિરની પાસે આવતાં જ શ્રીઆચાર્યજી મહાપ્રભુજીને દેખીને આગમાં બળવા લાગ્યો. તેણે શ્રીઆચાર્યજીને કહ્યું કે આજે હું ભૂખે મર્યો. ત્યારે શ્રીઆચાર્યજીએ ભૂતને કહ્યું કે આજ સુધી તેં ખાધું તે તો ખાધું; હવે આજ પછી કદી આવીશ નહિ; ફરીથી આવીશ તો ભસ્મ થઈ જઇશ, માટે જલદી જતો રહે. એટલે આ પીર રડતાં રડતાં નાસી ગયો. પછી સમય થતાં માધવદાસ ભોગ સરાવવા મંદિરમાં ગયા, ત્યાં જઇ જુએ તો બધી સામગ્રી થાળમાં જેમની તેમ પડી છે; એટલે માધવદાસે શ્રીઆચાર્યજીને કહ્યું કે આજ તમે અહીં આવ્યા, તેથી મારા ઠાકોર આરોગ્યા નહિ, ભૂખ્યા રહ્યા. એટલે શ્રીઆચાર્યજીએ માધવદાસને કશું કહ્યું નહિ; પોતે ચૂપ સુંદરદાસને ઘેર પધાર્યા. ત્યાં રસોઈ કરી શ્રીઠાકોરજીને ભોગ ધરી મહાપ્રસાદ લઇ આપ પોઢયા. પછી બધા વૈષ્ણવોએ તથા સુંદરદાસે મહાપ્રસાદ લીધો. હવે રાત પડી એટલે માધવદાસ સૂતા; એટલે અર્ધ રાત્રિ થતાં શ્રીઠાકોરજીના અનુચરો આવ્યા અને માધવદાસને ખાટથી નીચે ઊંધો નાખી મારવા મંડ્યા; એટલે માધવદાસે હાય, હાય કરીને કહ્યું કે તમે મને કેમ મારો છો ? ત્યારે અનુચરોએ કહ્યું કે શ્રીઆચાર્યજી તો ભગવત્સ્વરૂપ છે તેમને તેં કહ્યું કે તમારા આવવાથી મારા ઠાકોર ભૂખ્યા રહ્યા, તેથી તને મારીએ છીએ. તારે ઘેર તો ભૂત ખાઇ જાય છે. તેં જે પીરનો આશ્રય કર્યો છે તે નિત્ય આવે છે, પણ આજે શ્રીઆચાર્યજી બિરાજ્યા હતા તેથી એ પ્રેત અગ્નિમાં બળવા લાગ્યો, એટલે નાશી ગયો. તારા શ્રીઠાકોરજી તો આટલા દિવસે આજે જ આરોગ્યા છે. ત્યારે માધવદાસે કહ્યું કે મેં શ્રીઆચાર્યજી મહાપ્રભુજીનું સ્વરૂપ જાણ્યું નહિ, તેથી કહ્યું. હવે સવારે અપરાધ ક્ષમા કરાવી સેવક થઇશ. હવે

તમે મને મારશો નહિ. ત્યારે શ્રીઠાકોરજીના અનુચરોએ કહ્યું કે સવાર અપરાધ ક્ષમા કરાવીશ નહિ અને સેવક થઇશ નહિ તો આવતી કાલની રાત્રે અમે તને મારી મારીને કચ્ચરઘાણ કરી નાખીશું. આમ કહી શ્રીઠાકોરજીના અનુચાર ચાલ્યા ગયા. પછી સવાર થયું એટલે માધવદાસે શ્રીઆચાર્યજી પાસે આવીને દંડવત્ પ્રણામ કરી વિનંતિ કરી કે મહારાજ, હું તો આપનો મહામોટો અપરાધી છું. હું અજ્ઞાની જીવ છું. આપનું સ્વરૂપ શું જાણું? આપ તો સાક્ષાત્ ભગવાન છો. હવે મારો અપરાધ ક્ષમા કરો. મારો પિતા પીરને બહુ જ માનતો. તે જ્યારે મરી ગયો એટલે મને કહ્યું કે તું આ પીરને માનજે, તેથી ઉપલક દેખાવ માટે શ્રીઠાકોરજી રાખતો હતો. માટે હવે કૃપા કરી આપશ્રી મારે ઘેર પધારો અને મને શરણે લો. આપ જેવી રીતે બતાવશો, તેવી રીતે ભગવત્સેવા કરીશ. આ પ્રમાણે માધવદાસની દીનતા જોઇ શ્રી-આચાર્યજી પ્રસન્ન થયા, અને માધવદાસને ઘેર કૃપા કરીને ફરી પધાર્યા. ત્યાં સ્નાન કરી શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ માધવદાસને નવરાવી નામ સુણાવી બ્રહ્મસંબંધ કરાવ્યું. પછી શ્રીઠાકોરજીને પંચામૃત સ્નાન કરાવી પાટે બેસાડી માધવદાસને માથે પધરાવ્યા. પછી શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ રસોઇ કરી શ્રીઠાકોરજીને ભોગ ધરી પોતે ભોજન કર્યું, પછી શ્રીઆચાર્યજીએ માધવદાસને કહ્યું કે માધવદાસ, આ ગામમાં જેટલા વૈષ્ણવ છે તે બધાને મહાપ્રસાદ લેવા બોલાવી લાવ (અને મહાપ્રસાદ લેવરાવ). ત્યારે માધવદાસે શ્રીઆચાર્યજીને કહ્યું કે મહારાજ, મહાપ્રસાદ તો થોડો છે, અને આ ગામમાં વૈષ્ણવ તો બહુ જ છે, તો બધાંને શી રીતે પહોંચશે? આ સાંભળી શ્રીઆચાર્યજીએ કહ્યું: તું મૂર્ખ છે, મહાપ્રસાદ કદી ઘટ્યો છે? જા, બધાં વૈષ્ણવોને બોલાવી લાવ. એટલે બધાં વૈષ્ણવોને કહ્યું કે શ્રીઆચાર્યજી મહાપ્રભુજી બોલાવે છે માટે જલદી ચાલો. બધાં વૈષ્ણવો શ્રીઆચાર્યજી બોલાવે છે એટલું સાંભળતામાં સઘળું કામકાજ છોડીને દોડી આવ્યાં, એટલે શ્રીઆચાર્યજીએ બધાંને મહા-પ્રસાદની પાતળો ધરી અને બધાંને મહાપ્રસાદ લેવરાવ્યો, છતાં મહા-

પ્રસાદનો થાળ ભરેલો ને ભરેલો રહ્યો. એટલે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ માધવદાસને કહ્યું કે માધવદાસ, જો, વૈષ્ણવે દૃઢ વિશ્વાસ રાખવો. મહાપ્રસાદ કદી જ ઘટે નહિ. આવા પ્રકારનું માહાત્મ્ય શ્રીઆચાર્યજીએ માધવદાસને તે જગ્યાએ અને તે સમયે બતાવ્યું.

ભાવપ્રકાશ—આમ બતાવવાનું કારણ એને અત્યારે તો દૃઢ વિશ્વાસ નથી, નવો વૈષ્ણવ છે, કશું માહાત્મ્ય જુએ તો શ્રીઆચાર્યજીનો દૃઢ આશ્રય થાય, આશ્રય વગર ભગવત્પ્રાપ્તિ–ફળ સિદ્ધ ન થાય, માટે માહાત્મ્ય દેખાડ્યું.

આથી માધવદાસનો વિશ્વાસ દૃઢ થયો. પછી શ્રીઆચાર્યજી ત્યાં રહી માધવદાસને બધી રીતભાત પુષ્ટિમાર્ગની બતાવી આપ કાશી પધાર્યા.

ભાવપ્રકાશ—આ વાર્તામાં એવો સિદ્ધાંત છે કે ભગવદીયના સંગથી કોઇ ગમે તેવો દુષ્ટ હોય પરન્તુ તેનો પણ ઉદ્ધાર થાય છે. માધવદાસ શ્રીઠાકોરજીની આગળ ભોગ ધરે અને પ્રેત ખાઈ જાય. આ વાતનો સંભવ નથી, કારણ કે જ્યાં શ્રીઠાકોરજીનું નામ હોય ત્યાં ભૂત પ્રેતાદિકનો પ્રવેશ જ ન હોય. તો શ્રીઠાકોરજી આગળ ભોગ ધરે તે ભૂત કેમ ખાય? તેથી તેનો ખુલાસો કર્યો કે માધવદાસના પિતાને પીરનો આશ્રય હતો, તેથી પીર ભૂત ખાઇ જતો હતો. આથી એમ જણાવ્યું કે ખરાબ મનુષ્યનો સંગ કરવાથી દુઃખી થવાય, સત્સંગ કરવાથી કૃતાર્થ થવાય.

આ સુંદરદાસના સંગથી માધવદાસ મોટા ભગવદીય થયા, જેમને શ્રીઠાકોરજી સાનુભાવ જણાવતા. તેથી સુંદરદાસ શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના એવા કૃપાપાત્ર ભગવદીય છે, તેમની વાર્તા કેટલી કહીએ? ॥ વૈષ્ણવ ૭૭ ॥

વાર્તા ૭૮ મી.

હવે શ્રીઆચાર્યજીના સેવક માવજી પટેલ અને એમની સ્ત્રી બિરજો જે ઉજ્જેનમાં રહેતાં હતાં, તેમની વાર્તા અને એનો ભાવ.

ભાવપ્રકાશ—માવજી પટેલ અને બિરજો જેવી રીતે શ્રીઆચાર્યજીનાં સેવક થયાં તે બધી વાત પધારાવળ સહિત ગોપાળદાસની વાર્તામાં આગળ

કહી કે તેથી અહીં નથી કહ્યું. લીલામાં એ શ્રીચંદ્રાવલિજીની સખી છે, આ માવજી પટેલનું નામ "રૂપા" છે અને બિરજાનું નામ "હરખા" છે. તે ઉજ્જૈનમાં જન્મ્યાં. માવજી પટેલની પાસે દ્રવ્ય બહુ હતું. હવે એક વાર બિરજો શ્રીગોકુલ આવી ત્યારે શ્રીગુસાંઈજીને વિનંતિ કરી કે મહારાજ, અમને ભગવત્સેવા પધરાવી આપો. અમે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીને વિનંતિ કરી હતી ત્યારે શ્રી-આચાર્યજીએ કહ્યું હતું કે તમારો મનોરથ શ્રીગુસાંઈજી પૂર્ણ કરશે. માટે હવે આપ મારા પર કૃપા કરો. એટલે શ્રીગુસાંઇજીએ શ્રીનવનીતપ્રિયજીનાં ખેલવાન શ્રીઠાકોરજીનાં સ્વરૂપમાંથી એક શ્રીલાલજીનું સ્વરૂપ પધરાવી આપ્યું. આ વખતે બિરજોએ શ્રીગુસાંઈજીને વિનંતિ કરી કે મહારાજ, શ્રીઠાકોરજી જલદી કૃપા કરી અનુભવ જણાવે તેને માટે શો ઉપાય કરવો તે કૃપા કરીને કહો ત્યારે શ્રીગુસાંઈજીએ કહ્યું કે જેવો ભાવ અમારા પર રાખો છો એવો ભાવ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પર રાખજો; તમારો બધો મનોરથ શ્રીઠાકોરજી પૂર્ણ કરશે. પછી બિરજોએ શ્રીગુસાંઈજીની વિદાય લઈ શ્રીઠાકોરજીને ઘરમાં પધરાવીને મોટો ઓચ્છવ કર્યો. ગામ ગામથી વૈષ્ણવો બોલાવી મહાપ્રસાદ, ખરચી આદિ-વસ્ત્રાદિકથી બધાનું સમાધાન કર્યું. ઉજ્જૈનમાં પદ્મરાવળના દીકરા કૃષ્ણભટ્ટના સંગથી બુદ્ધિ પણ અલૌકિક થઇ. શ્રીઠાકોરજી અનુભવ જણાવવા લાગ્યા.

વાર્તાપ્રસંગ ૧ લો.

હવે બિરજો વર્ષ દિવસમાં બે વાર વ્રજમાં શ્રીગોકુલ શ્રી-ગુસાંઇજીનાં દર્શન માટે તથા શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન માટે આવતી ત્યારે એક ગાડું ગોળનું, એક ગાડું ઘીનું ભરી સાથે લાવતી, અને પંદર દિવસ તો શ્રીનાથજીદ્વારમાં રહેતી, ત્યારે શ્રીગોવર્ધન-ધરને સામગ્રી કરાવતી. મહાપ્રસાદ આવતો તે ઢાંકી રાખતી અને બધા ગોવાળો ગાય ચરાવીને આવતા ત્યારે બધાને મહાપ્રસાદ લેવરાવી ગાયોના ખિરકમાં આવતી. ગોવાળણીઓને અને ગાયોને પણ મહાપ્રસાદ લેવરાવે. બધા સેવકોને પહેરામણી કરે. બધાંને સેવકી આપતી. શ્રીનાથજીના રોજ રોજ નવા મનોરથ, આભૂષણ વસ્ત્રો કરતી, તેથી બધા સેવકો એના પર બહુ જ પ્રસન્ન રહેતા. વળી શ્રીગોકુલમાં શ્રીગુસાંઇજીને ભેટ પધરામણી કરતી તથા બધાં

બાળકો, વહુજી, બેટીજીઓને પહેરામણી કરી નિત્ય નવા મનોરથ કરતી.

વાર્તાપ્રસંગ ૨ જો.

હવે એક વાર ઉત્સવ સમયે વૈષ્ણવો મહાપ્રસાદ લેતાં હતાં; બિરજો અનસખડી પીરસતી હતી. આ વખતે બિરજોના મનમાં એવો મનોરથ થયો કે બધાં વૈષ્ણવોની મંડળી બેઠી હોય, અને હું બધાંને

૧. આ સુંદરદાસના સંબંધમાં મહાનુભાવી મનોહરદાસજીએ શ્રીગોકુલનાથજીના પ્રસંગોમાંનો એક પ્રસંગ કહેલો ભાવકો માટે ખાસ જાણવા જેવો છે તે આપું છું.

સુંદરદાસ શ્રીઆચાર્યજીનાં દર્શન કરતાં જ મુગ્ધ થઇ ગયા. શ્રીઆચાર્યજીના શ્રી-સર્વોત્તમસ્તોત્રના "સહજસુંદરાય નમ:" આ નામનું સ્વરૂપ શ્રીઆચાર્યજીએ સ્થાપન કર્યું; તેથી 'સુંદરદાસ' નામ છે. શ્રીમહાપ્રભુજીનો પ્રાકટ્યોત્સવ કરવા એકવાર શ્રીગુસાંઇજી સુંદરદાસને ત્યાં પધાર્યા. આખી જિંદગીની સુંદરદાસની ટેક એવી હતી કે શ્રીમહાપ્રભુજીના સ્વરૂપ સિવાય બીજાને માટે 'સુંદર' શબ્દ વાપરે જ નહિ. ત્રણે લોકમાં સુંદર તો એક શ્રીઆચાર્યજી જ છે એમ માનતા. ટેક તોડવા ઘણીવાર પ્રયત્ન થાય, પણ સુંદરદાસ શ્રીઆચાર્યજી સિવાય બીજા માટે 'સુંદર' શબ્દ ન બોલે. વસ્તુ જોઇ ઠીક છે, સારી છે, એમ કહે, પણ ટેક ચૂકે નહિ. સુંદરદાસમાં સદા જ શ્રીઆચાર્યજીના "સહજ સુંદર" સ્વરૂપનો ચોવીસે કલાક આવેશ રહેતો. આ ઉત્સવમાં શ્રીગુસાંઇજીને અને વૈષ્ણવોને અનહદ આનંદ આવ્યો. શ્રીગુસાંઇજી ભોજન કરી ભગવદીયો પ્રસાદ લેવા બેઠા ત્યારે શ્રીગુસાંઇજી ત્યાં બિરાજ્યા. સુંદરદાસ શ્રીઆચાર્યજીના સ્વરૂપાવેશમાં છે, તે સમયે શ્રીગુસાંઇજીએ મહાપ્રસાદ તરફ દૃષ્ટિ કરી કહ્યું કે સુંદરદાસ સામગ્રી કેવી સુંદર છે? ત્યારે સુંદરદાસે કહ્યું કે મહારાજ, બડી સુંદર. આ શબ્દો સાંભળતાં શ્રીગુસાંઇજીએ જાણ્યું કે આજે સુંદરદાસની ટેક ગઇ. પોતે પેઢીને જાગ્યા. સુંદરદાસ સાથે બીજા વૈષ્ણવો પણ સામે બેઠા છે, એ સમયે પોતે કહ્યું કે સુંદરદાસ, આજે તમારી ટેક ગઇ. ત્યારે સુંદરદાસે કહ્યું કે મહારાજ, જીવની ટેક ક્યાં-સુધી? પ્રભુ કૃપા કરીને રાખે તો રહે, પણ મને ખબર નથી કે મારી ટેક ક્યાં ગઈ; ક્યારે ગઇ. ત્યારે શ્રીગુસાંઇજીએ કહ્યું કે તમે મહાપ્રસાદ લેવા બેઠા ત્યારે મેં પૂછ્યું કે સુંદરદાસ, સામગ્રી કેવી સુંદર? ત્યારે તમે કહ્યું કે બડી સુંદર. આ સાંભળી સુંદરદાસ બોલ્યા કે મહારાજ, મહાપ્રસાદ શો લીધો તેની તો મને ખબર જ નથી, પણ આપે પૂછ્યું ત્યારે શ્રીઆચાર્યજીની વૈષ્ણવો સાથેની પરિક્રમાનું રટન કરી રહ્યો હતો. શ્રીઆચાર્યજી સાથેના સાજ, વૈષ્ણવોનાં ભજન કીર્તન તેમાં ચાલતાં. શ્રીઆચાર્યજીનું દિવ્યસ્વરૂપ આ નીરખી રહ્યો હતો; તે સામગ્રી–પરિક્રમાનીને માટે મેં 'સુંદર' શબ્દ વાપર્યો. શ્રીગુસાંઇજી અને વૈષ્ણવો આ સાંભળી મુગ્ધ થઇ ગયા અને પોતે શ્રીમુખે બોલ્યા કે સુંદરદાસ, તમને ધન્ય છે, તમારી ટેકને ધન્ય છે અને તમારા અનુભવોને અને સ્વરૂપાસક્તિને પણ ધન્ય છે. આમ પ્રસંશા કરી આપ પણ રસમગ્ન થઇ ગયા.

સખડી મહાપ્રસાદ પીરસું. પછી બિરજોએ કૃષ્ણભટ્ટને કહ્યું કે મારા મનમાં એવો મનોરથ થયો છે સઘળાં ગામેગામનાં વૈષ્ણવોને બોલાવીને સખડી મહાપ્રસાદ હું મારે હાથે બધાં વૈષ્ણવોને પીરસું. ત્યારે કૃષ્ણભટ્ટે કહ્યું કે આવો મનોરથ તો શ્રીગુસાંઇજી આજ્ઞા કરે તો ભક્તિભાવથી સિદ્ધ થાય. માટે બધાં વૈષ્ણવોના સમાજ સાથે શ્રીગોકુલ જઇએ. ત્યાં આપ શ્રીગુસાંઇજી કહે તે પ્રમાણે કરીએ, પરન્તુ આવો મનોરથ દ્રવ્યથી સિદ્ધ થાય એવો છે. પછી બિરજોએ આવી માવજી પટેલને આ વાત જણાવી કહ્યું કે મારો આવો મનોરથ છે, તે તમે પૂર્ણ કરો. બધાં વૈષ્ણવોને મહાપ્રસાદ લેવરાવું, અને તે મારા હાથથી લેવરાવું. આ બાબત મેં કૃષ્ણભટ્ટને પૂછી ત્યારે કૃષ્ણભટ્ટે કહ્યું કે એ દ્રવ્યથી સાધ્ય છે. વૈષ્ણવોને શ્રીગોકુલ લઈ જઇએ. એટલે માવજી પટેલે કહ્યું કે મારી પાસે એક લાખ મહોરો છે, જો એટલાથી કામ થાય તો જાઓ, સુખેથી કૃષ્ણભટ્ટને પૂછીને મનોરથ સિદ્ધ કરો. એટલે બિરજોએ કૃષ્ણભટ્ટ પાસે આવીને કહ્યું કે લાખ મહોર છે, એટલામાં જો મનોરથ પૂર્ણ થાય તો કરો. આ સાંભળી કૃષ્ણભટ્ટે કહ્યું કે અવશ્ય, તમારો મનોરથ પ્રભુ પૂર્ણ કરશે. એટલે બિરજોએ આવી માવજી પટેલને કહ્યું: કૃષ્ણભટ્ટે કહ્યું છે કે એટલામાં મનોરથ પૂર્ણ થશે. એટલે માવજી પટેલે સઘળું દ્રવ્ય એકઠું કરી લાખ મહોર બિરજોને આપી. બિરજોએ આ લાખ મહોરો કૃષ્ણભટ્ટની આગળ ધરીને વિનંતિ કરી કે હવે મારો મનોરથ પૂર્ણ કરવાનું તમારા હાથમાં છે. મારો મનોરથ પૂર્ણ કરો. એટલે કૃષ્ણભટ્ટે ગામેગામનાં વૈષ્ણવોને પત્ર લખીને અસવારો ગાડીઓ તથા ખરચીના પૈસા મોકલ્યા. પ્રીતિપૂર્વક ગુજરાતનાં હાલાર (કાઠિયાવાડ)નાં સઘળાં વૈષ્ણવોને ભેગાં કરી બધાંને જુદા જુદા ડેરા, ખરચી આપી. પછી ઉજ્જૈનથી બધાં વૈષ્ણવો સાથે કૃષ્ણભટ્ટ અને બિરજો શ્રીગોકુલ ચાલ્યાં. તેઓએ શ્રીનાથજીદ્વાર આવીને સમાજ સાથે શ્રીનાથજીનાં દર્શન કર્યાં. શ્રીનાથજીનો સામગ્રી, વાઘા, વસ્ત્રો તથા આભૂષણોનો મનોરથ કરી શ્રીગોકુળ આવ્યાં. શ્રીનવનીતપ્રિયજીનાં દર્શન કર્યાં, શ્રીગુસાંઇજીનાં દર્શન કર્યાં. આ વખતે કૃષ્ણભટ્ટે શ્રીગુસાંઇજીને વિનંતિ

કરી કે મહારાજ, બિરજોનો આવો મનોરથ છે કે બધાં વૈષ્ણવોને સખડી મહાપ્રસાદ હું મારા હાથથી જ લેવરાવું. તે મનોરથ સિદ્ધ કરવા બધાં વૈષ્ણવોના સમાજ સાથે આપની પાસે આવ્યાં છીએ, તો આપ આજ્ઞા કરો તો આ મનોરથ સિદ્ધ થાય. આ વખતે શ્રી-ગુસાંઇજીએ મનમાં વિચાર્યું કે બિરજોનું મહદ્ભાગ્ય છે કે એના મનમાં આવો મનોરથ થયો, પરન્તુ અમે આજ્ઞા આપીએ તો અત્યારે તો હરકત નથી; પણ આ મનોરથ જગતમાં પ્રસિદ્ધ થાય, અને શ્રીઆચાર્યજીએ તો વેદમર્યાદા રાખી છે તેથી અમને સઘળાં લોકો એવું કહે કે શ્રીગુસાંઇજી વેદમર્યાદાનું પાલન કરવાવાળા છતાં તેમણે બધા બ્રાહ્મણોને પટેલના હાથનો સખડી મહાપ્રસાદ લેવરાવ્યો. આવી રીતે દોષબુદ્ધિથી અનેક જીવોનો બગાડ થાય. બીજી તરફ વૈષ્ણવનો મનોરથ પૂરો ન કરીએ તો પુષ્ટિભક્તિનો વિરોધ થાય છે; માટે ભક્તોના મનોરથ તો અવશ્ય પૂરા કરવા જ જોઇએ. પછી એમ વિચાર્યું કે જેમાં મર્યાદા રહે, ભક્તોના મનોરથ પૂર્ણ થાય અને બધાં વૈષ્ણવો પ્રસન્ન થાય, એમ કરવું જોઇએ. આથી શ્રીગુસાંઇજીએ કહ્યું કે આ મનોરથ તો શ્રીજગન્નાથરાયજીમાં પુરુષોત્તમપુરીમાં સિદ્ધ થાય. તેમાં પૂર્વનાં વૈષ્ણવો પણ બધાં આવશે. એટલે કૃષ્ણભટ્ટે બિરજોને કહ્યું કે આ મનોરથ પુરુષોત્તમપુરીમાં જઇને સિદ્ધ કરીએ તો થાય. ત્યાં પૂરો મનોરથ સિદ્ધ થશે. એટલે બિરજોએ કહ્યું કે બહુ સારું. પુરુષોત્તમપુરી જોઇએ. અને શ્રીગુસાંઇજી પણ કૃપા કરીને પધારે તો બહુ આનંદ થાય. એટલે કૃષ્ણભટ્ટે શ્રીગુસાંઇજીને વિનંતિ કરી કે મહારાજ, આપ પણ કૃપા કરીને શ્રીપુરુષોત્તમપુરી પધારો, તો બહુ જ આનંદ થાય. ત્યારે શ્રીગુસાંઇજીએ કહ્યું કે અમે પણ આવીશું. વૈષ્ણવો રાજી રહે તે પ્રમાણે કરવું જોઇએ. પછી સિંહનંદ અને પશ્ચિમનાં વૈષ્ણવોને બોલાવ્યાં. મથુરાનાં વૈષ્ણવોને સાથે લઇ શ્રી-ગુસાંઇજી સહિત આગ્રા આવ્યા. આગ્રાનાં વૈષ્ણવોને સાથે લઇ સમાજ સહિત કાશી આવી, કાશીનાં બધાં વૈષ્ણવોને સાથે લીધાં. આવી રીતે ગામેગામનાં વૈષ્ણવો સાથે લીધાં. જતાં જે ગામમાં મુકામ થાય ત્યાં નિત્ય નવી સામગ્રીના મનોરથ (થાય.) ગામેગામનાં વૈષ્ણવોના

ડેરા જુદા જુદા થાય. ત્યાં જુદાં જુદાં કીર્તનવાર્તા (થાય.) શ્રી-ગુસાંઇજીના નવા નવા મનોરથ થાય. વ્યાપારીઓ પણ પોતાનાં ગાડાં સીધું સામાનનાં લઇ સાથે ચાલે. બધાં વૈષ્ણવોના હૃદયમાં આનંદ આનંદ થઈ રહે. નિત્ય શ્રીગુસાંઇજીનાં દર્શન થાય, નિત્ય નવાનવા ઉત્સવ થાય. જેમ શ્રીકૃષ્ણની અસવારી દ્વારકામાં નીકળે એવા પ્રકારનો આનંદ થાય. વળી વૃદ્ધ વૈષ્ણવોને અસવારી જુદી જુદી જાતની હોય. જે ગામમાં ઊતરે તે ગામનાં લોક પણ અનેક સુખી થઇ ગયાં–દ્રવ્યાદિક પણ મળે. આવી રીતે ગામેગામનાં વૈષ્ણવોને સાથે લઇ શ્રીપુરુષોત્તમપુરી આવ્યાં. શ્રીજગન્નાથજીનાં દર્શન કર્યાં. નાના પ્રકારની સખડી અનસખડી સામગ્રી કરાવી. પછી બિરજોએ પોતાના હાથથી સખડી અનસખડીનો થાળ તૈયાર કરી શ્રીગુસાંઇજીને ભોજન કરાવ્યું. પછી બધાં વૈષ્ણવોને પીરસીને બિરજો રસમગ્ન થઇ ગઇ. આંખમાંથી આનંદનાં આંસુ વહેવા લાગ્યાં. આખા દેહમાં પુલકાવલી (રોમાંચ) થઈ. મનમાં કહે : ધન્ય છે શ્રી-ગુસાંઇજીને અને કૃષ્ણભટ્ટ જેવા વૈષ્ણવ ભગવદીયને, જેમણે સુખનો મને અનુભવ આપ્યો.

ત્યારપછી કેટલાક દિવસ પુરુષોત્તમપુરીમાં રહીને નિત્ય નવા મનોરથ જુદા જુદા પ્રકારની સામગ્રીના કરી જે વૈષ્ણવને જે રુચે તે લેવરાવે. પછી પુરુષોત્તમપુરીથી બધો સમાજ ચાલ્યો. અને એવી જ રીતે નિત્ય નવાનવા મનોરથ કરતાં કરતાં શ્રીગોકુળ આવ્યાં. કેટલાક દિવસ શ્રીગોકુલ શ્રીનાથજીદ્વાર રહી જુદા જુદા મનોરથ કર્યા. પછી દ્રવ્ય વધ્યું તે બિરજોએ શ્રીગુસાંઇજીને ભેટ કર્યું. શ્રી-ગુસાંઇજી બિરજો પર બહુ જ પ્રસન્ન થયા, કારણ કે તેણે અલૌકિક વૈષ્ણવોનો મનોરથ કર્યો. પછી બિરજો શ્રીગુસાંઇજી પાસેથી વિદાય લઈ સમાજ સહિત ઉજ્જૈન આવી બધાં વૈષ્ણવોને પ્રીતિપૂર્વક મહાપ્રસાદ લેવરાવી ખરચી નહોતી તેમને ખરચી વસ્ત્ર પાત્ર આપી બધાંને પ્રસન્ન કરી વિદાય કર્યાં. આ બિરજો કૃષ્ણભટ્ટના સંગથી ભલી વૈષ્ણવ થઇ. સઘળાં વૈષ્ણવો અને શ્રીગુસાંઇજી એના પર બહુ જ પ્રસન્ન રહેતાં.

શ્રીઠાકોરજી પણ સાનુભાવ જણાવતા. આ માવજી પટેલ અને બિરજો એવાં શ્રીઆચાર્યજીનાં કૃપાપાત્ર ભગવદીય હતાં, તેથી એમની વાર્તા ક્યાંસુધી કહીએ ? ॥ વાર્તા ૭૮ ॥

વાર્તા ૭૯ મી.

હવે શ્રીઆચાર્યજીના સેવક ગોપાળદાસ ક્ષત્રિય પશ્ચિમમાં નરોડાના વાસી તેમની વાર્તા અને એનો ભાવ.

ભાવપ્રકાશ—આ ગોપાળદાસ લીલામાં શ્રીનંદરાયજીના મુખ્ય ખવાસ છે. ત્યાં "જશવંત" એવું નામ છે. આ જશવંત નંદરાયજીને વરુણ પકડી ગયો તે દિવસે શ્રીનંદરાયજીને ઘાટ પર બેસાડી પોતે પોતાને ઘેર પોતાના કામે ગયો. પછી શ્રીનંદરાયજી એકલા હતા, તેથી વરુણે પકડ્યા, પણ શ્રીઠાકોરજી સાંભળતાંની સાથે જ વરુણલોકથી શ્રીનંદરાયજીને લઇ આવ્યા. આ વખતે આ જશવંત ખવાસને શ્રીબળદેવજીએ કહ્યું કે શ્રીનંદરાયજીને વરુણ લઈ ગયો ત્યારે તું કયાં હતો હતો ? ત્યારે જશવન્તે કહ્યું કે હું મારે ઘેર કશું કામ હતું તેથી ગયો હતો. આથી શ્રીબળદેવજીએ શાપ આપ્યો કે જા, ભૂમિ પર પડ, કારણ કે આટલો શ્રમ શ્રીનંદરાયજીને કરાવ્યો. ખવાસ થઇને રાત્રે સાથે ન રહ્યો. તે પશ્ચિમમાં નરોડામાં એક ક્ષત્રિયને ઘેર જન્મ્યા. તે સાત વર્ષના થયા એટલામાં તો વિદ્યા બહુ જ ભણ્યા. અને દ્રવ્ય બહુ જ હતું. અને રાજસી સ્વભાવ પણ બહુ જ હતો. દશ પાંચ માણસ આગળ પાછળ ચાલે. કોઈને ગણે જ નહિ. જે કોઈ સારો માણસ હોય તેને પણ એક બે સંભળાવી મશ્કરીમાં ઉડાવે પછી પશ્ચિમમાં કોઈ બીજું ગામ હતું. તેમાં ગોપાળદાસનો વિવાહ થયો. પરણ્યા પછી સ્ત્રીને લઇ ગોપાળદાસ એમના પિતા સાથે આવતા હતા, ત્યારે રસ્તામાં એક મોટો પંડિત મળ્યો; તેની સાથે વાદ કરવા લાગ્યા. ત્યાં ત્રણ દિવસ રસ્તામાં મુકામ કરીને રહ્યા, પણ આ પંડિતને જીત્યા નહિ. પછી લડાઇ થઇ ત્યારે ગોપાળદાસનો પિતા છોડાવવા ગયો. તેને પંડિતના માણસોએ તીર માર્યું, તેથી ગોપાળદાનો પિતા મરી ગયો. આથી ગોપાળદાસ હથિયાર લઇને દોડ્યા, તેથી પંડિત પોતાના માણસો લઈ નાસી ગયો. ગોપાળદાસે બહુ શોધ કરી પણ ક્યાંય જડયો નહિ. પછી પિતાના દેહના સંસ્કાર કરીને ઘેર આવ્યા. પછી ગોપાળદાસ દ્વારકા શ્રી-

રણછોડજીનાં દર્શન કરવા ગયા, ત્યાં શ્રીઆચાર્યજી મહાપ્રભુજી પધાર્યા હતા. ગોપાળદાસે સાંભળ્યું કે શ્રીઆચાર્યજી મોટા પંડિત છે, માયામતનું ખંડન કર્યું છે. આ સાંભળી ગોપાળદાસ શ્રીઆચાર્યજી મહાપ્રભુજી સાથે વાદ કરવા આવ્યા, ત્યાં તરત જ વાદમાં હારી ગયા. ત્યારે ગોપાળદાસે શ્રીઆચાર્યજીને કહ્યું કે વૈષ્ણવ ધર્મમાં શું છે? શ્રીઠાકોરજી તો બધાના ઘટમાં બિરાજે છે. સઘળું જગત કૃષ્ણરૂપ આપ પણ કહો છો તો વૈષ્ણવો કૂતરા વગેરેથી શાથી છોવાય છે? જ્યાં બધું ભગવદ્રૂપ થયું પછી છોવાઈ જવાય કેવી રીતે? ત્યારે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ કહ્યું કે અમારો તો વેદમાર્ગ છે. તે વેદશાસ્ત્ર એમ કહે છે કે જગત ભગવદ્રૂપ, અને એટલા અધમથી છોવાઈ જાય અને એટલા ઉત્તમ છે. દયા બધાં પર રાખવી. એવું કહે એને વેદમાર્ગની રીતિ વૈષ્ણવો કહે છે. જ્યારે તું નિર્ગુણ વ્યાપક કહે છે, અને બધો સંસાર બ્રહ્મરૂપ છે તો તું બધામાં દોષબુદ્ધિ કરી જેની તેની નિંદા કેમ કરે છે? કપડાં શું કામ પહેરે છે? બ્રહ્મને તો કશું જ કરવાનું નહિ. સાક્ષિવત્ થઈને રહે. હવે તું વિચાર કર. આ સાંભળી ગોપાળદાસને જ્ઞાન થયું. એટલે ગોપાળદાસે કહ્યું કે હું હવે આપને શરણે છું. આખો જન્મારો કુટિલતા કરતાં કરતાં જ વીત્યો. હવે મને શરણે લઇને કૃતાર્થ કરો. એટલે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ ગોપાળદાસને નવરાવીને નામ સુણાવી બ્રહ્મસંબંધ કરાવ્યું. એટલે ગોપાળદાસે વિનંતિ કરી કે કૃપા કરીને મારે ઘેર પધારો. આ વિનંતિથી શ્રીઆચાર્યજી મહાપ્રભુજી નરોડા ગોપાળદાસને ત્યાં પધાર્યા. આ ગોપાળદાસને ચાર વરસનો છોકરો હતો તેને નામ સંભળાવી ગોપાળદાસની સ્ત્રીને પણ નામ સુણાવ્યું. આ વખતે ગોપાળદાસે શ્રીઆચાર્યજીને વિનંતિ કરી કે મહારાજ, હવે મને શી આજ્ઞા છે? એટલે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ ગોપાળદાસને કહ્યું કે તમારાથી પ્રભુની સેવા તો બનશે નહિ, કારણ કે સ્ત્રી પુત્ર દૈવી નથી. તમે દૈવી છો, પણ તમને વિરહ બહુ જ છે. વિરહવાળાને હૃદયમાં અનુભવ બહુ જ થાય, પણ બહારની ક્રિયા બને નહિ. આથી શ્રીઆચાર્યજીએ ગદ્યનો શ્લોક અને પંચાક્ષર મંત્ર લખીને ગોપાળદાસને આપ્યા, અને કહ્યું કે આને ભોગ ધરીને ખાનપાન કરજો. અમારી આજ્ઞા છે કે જે જીવ આવે તેને તમે નામ સુણાવજો. જન્મથી સ્વામી-પદમાં રહ્યા છો, તેથી તમને સ્વામી-પદ આપ્યું છે. જે કોઈ વાદી વાદ કરવા આવે

તેની સાથે વાદ કરજો; તમને કોઈ જીતશે નહિ. આ પ્રમાણે ગોપાળદાસને કહી શ્રીઆચાર્યજી આપ અડેલ પધાર્યા. આ ગોપાળદાસ નામ સુણાતતા. ભારે ટેકી વૈષ્ણવ હતા. વાદી સાથે વાદ કરે તેમાં શ્રીઆચાર્યજીના પ્રતાપે મુખે બોલે તે જ કરી બતાવે તેથી જેમનો યશ પશ્ચિમમાં ફેલાયો.

વાર્તાપ્રસંગ ૧ લો.

હવે એક વાર શ્રીઆચાર્યજી મહાપ્રભુજી શ્રીદ્વારકાં પધાર્યા ત્યારે માર્ગમાં નરોડા ગામ આવ્યું. અહીં શ્રીઆચાર્યજી ગોપાળદાસને ઘેર પધાર્યા, ત્યારે ગોપાળદાસ તો ઘેર નહોતા. ગોપાળદાસનો ચૌદ વરસનો પુત્ર ઘેર હતો. આ ગોપાળદાસના પુત્રને શ્રીઆચાર્યજીએ પૂછ્યું કે ગોપાળદાસ ક્યાં ગયા છે? ત્યારે ગોપાળદાસના પુત્રે કહ્યું કે મહારાજ, શ્રીઠાકોરજીની સેવા માટે ગયા છે. આ વચન સાંભળી શ્રીઆચાર્યજી મહાપ્રભુ ગોપાળદાસના પુત્ર પર બહુ જ અપ્રસન્ન થયા, અને કહ્યું કે ગોપાળદાસનો પુત્ર આવું અનુચિત કેમ બોલ્યો. હવે અહીં (ગોપાળદાસને ઘેર) રહેવું ઉચિત નથી, પરન્તુ શ્રીઆચાર્યજીએ વિચાર્યું કે ગોપાળદાસને આવવા દઉં; જોઉં, તેની બુદ્ધિ કેવી છે. એટલામાં ગોપાળદાસ આવ્યા, અને શ્રીઆચાર્યજીને દંડવત્ પ્રણામ કર્યા એટલે શ્રીઆચાર્યજીએ કહ્યું કે ગોપાળદાસ, તું ક્યાં ગયો હતો? ત્યારે ગોપાળદાસે કહ્યું કે મહારાજ, પેટ વળગ્યું છે, તેથી કંઇક ધંધા માટે ગયો હતો. આ વચન સાંભળી શ્રીઆચાર્યજી મહાપ્રભુ ગોપાળદાસ પર બહુ જ પ્રસન્ન થયા અને કહ્યું કે વૈષ્ણવે આવું બોલવું ઉચિત છે. એવું ન બોલવું જોઇએ કે લૌકિક વ્યાવૃત્તિએ જાય ત્યાં શ્રીઠાકોરજીની સેવાનું નામ લે.

ભાવપ્રકાશ—પુષ્ટિમાર્ગની એવી રીત છે કે સેવામાં જાય તોપણ લૌકિકનું નામ દે. ભગવદ્ધર્મ પ્રકાશ કરે નહિ, તે ભગવદીય. ઉત્તમ જીવ ન હોય તે લૌકિકમાં પણ પોતાની મોટાઈ માટે બધાંની આગળ સેવાનું નામ લે.

પછી ગોપાળદાસે વિનંતિ કરી કે મહારાજ, બેચાર દિવસ કૃપા કરીને બિરાજો. આવી રીતે રાખવાની વિનંતિ બહુ જ કરી.

પણ શ્રીઆચાર્યજીએ કહ્યું કે અમારે દ્વારકાં જલદી જવું છે. એમ કહીને આપ પધાર્યા; ત્યાં રહ્યા નહિ.

ભાવપ્રકાશ—એનું કારણ કે ગોપાળદાસ તો ભગવદીય છે, પરન્તુ ગોપાળદાસની સ્ત્રી પુત્રની બુદ્ધિ ઠેકાણે નહિ, તેથી આપ પધારી ગયા, કારણ કે અહીં રહેવાથી આનંદ આવે નહિ.

વાર્તાપ્રસંગ ૨ જો.

આ ગોપાળદાસને શ્રીનાથજીનાં દર્શનનો વિરહ બહુ (રહેતો) તેથી શ્રીનાથદ્વારા આવી શ્રીનાથજીનાં દર્શન કર્યાં. ત્યાં ગોપાળદાસને તાવ આવ્યો, તેથી બે લાંઘા થયા. પછી રાત્રિએ એક દિવસ ગોપાળદાસને તરસ બહુ જ લાગી. પાણી પાસે નહોતું. પોતાનો એક સેવક સાથે લાવ્યા હતા તેને બોલાવ્યો. પણ તે તો ઊંઘી ગયો હતો અને ગોપાળદાસનો કંઠ સુકાઈ ગયો, તેથી બોલાય પણ નહિ, તેથી મનમાં વ્યાકુળ થયા. આ વખતે શ્રીગોવર્ધનનાથજીએ પોતાની જળની ઝારી લઇને ગોપાળદાસ પાસે આવી ગોપાળદાસને જળપાન કરાવ્યું, અને ઝારી ત્યાં જ મૂકીને ગયા.

ભાવપ્રકાશ—અહીં ગોપાળદાસનો યશ પ્રકટ કરવાને માટે ઝારી મૂકી ગયા, જેથી સર્વ કોઇ જાણે કે ગોપાળદાસ મોટા ભગવદીય છે. જેને શ્રીનાથજીએ જળ પાયું, આવો જશ થાય. આનું કારણ એવું કે જેમ શ્રી-ઠાકોરજીના યશ ગાવાથી જીવ કૃતાર્થ થાય તેમ ભગવદીયના જશ ગાઈને પણ જીવ કૃતાર્થ થાય. વળી ગોપાળદાસ રાજસી હતા, તેથી સૌ કોઇ કેવળ એમની ઉપરની ક્રિયા જોઇને વૈષ્ણવોની નિંદા કરે તો મહાઅપરાધ લાગે, તેથી શ્રીગોવર્ધનધર ઝારી ધરીને આવ્યા, જેથી ગોપાળદાસને બધા ભગવદીય જાણે અને કોઇ નિંદા ન કરે, તેથી (આપશ્રી) ઝારી મૂકી ગયા. તેમાં એ પણ બતાવ્યું કે જો કે (એ) રાજસી છે તોપણ શ્રીઆચાર્યજીના સેવક મને બહુ વહાલા છે, આવું બધા વૈષ્ણવોને જણાવવાને માટે શ્રીનાથજી ઝારી ત્યાં ધરી આવ્યા, કારણ કે શ્રીગોવર્ધનધરનું હૃદય બહુ જ કોમળ છે, તેથી પોતાના ભક્તનું દુઃખ સહન કરી શકતા નથી.

પછી પ્રાતઃકાળ થયો એટલે બધા ભિતરિયા સ્નાન કરી શ્રીગોવર્ધનનાથજીના મંદિરમાં આવીને જુએ તો ઝારી નથી તેથી સઘળા ચિંતા કરવા લાગ્યા, ત્યારે શ્રીગોવર્ધનનાથજીએ મોટા રામદાસજીને કહ્યું કે ગોપાળદાસ રાત્રે બહુ જ તરસ્યા થયા ત્યાં એમને જળપાન કરાવી ઝારી હું ધરી આવ્યો છું. ત્યારે રામદાસજીએ આવી ગોપાળદાસને કહ્યું કે ગોપાળદાસ, તમે રાત્રે જળ ક્યાંથી પીધું? ત્યારે ગોપાળદાસે કહ્યું કે મને તો બહુ જ તાવ આવ્યો હતો અને તરસ બહુ જ લાગી હતી, કંઠ સુકાઈ ગયો હતો, તેથી વ્યાકુળ થઈ ગયો હતો, તેથી મને કશી જ ખબર નથી કે કોણે જળપાન કરાવ્યું. એટલે રામદાસજીએ ગોપાળદાસને કહ્યું કે તમને શ્રીગોવર્ધનધર જળપાન કરાવીને ઝારી ધરી ગયા છે, તેથી અમે ઝારી લેવા આવ્યા છીએ; તેથી તમારાં મહદ્‌ભાગ્ય છે. ત્યારે ગોપાળદાસે કહ્યું કે પ્રભુને એટલો બધો શ્રમ કરવો પડ્યો, અને પોતાના માણસને ખિજાયા કે તેં મારી પાસે જળ કેમ ન ધર્યું અને તું સૂઈ (કેમ) ગયો? મને તરસ બહુ જ લાગી, તેથી શ્રીઠાકોરજીને શ્રમ કરવો પડ્યો તે બહુ જ ખોટું થયું. પછી રામદાસજી ગોપાળદાસના મનનું સમાધાન કરી ઝારી લઈ મંદિરમાં આવ્યા. પછી ગોપાળદાસ સારા થઈ ગયા. શ્રીનાથજીનાં દર્શન કરી પોતાને ઘેર આવ્યા; પરન્તુ એમને શ્રીગોવર્ધનધરનો વિરહ આઠેય પહોર રહે.

વાર્તાપ્રસંગ ૩ જો.

હવે એક વાર વિરહ બહુ જ થયો, તેથી વિરહના ચોખરા કરીને ગાયા કેઃ—

केकी शिखंडी श्याम घन कंठ मनोहर हार
धन्य ते दिन देखिशुं नैनन नंदकुमार ॥ १ ॥

વાર્તાપ્રસંગ ૪ થો.

હવે એક વાર શ્રીગુસાંઈજી દ્વારકાં દર્શન કરવા પધારતા હતા ત્યારે રસ્તામાં નરોડા ગામમાં પધાર્યા. અહીં ગામની બહાર ડેરા કરી

ઊતર્યા. હવે ઉત્થાપન સમયે ગોપાળદાસ શ્રીગુસાંઇજીનાં દર્શન કરવા ગયા, ત્યારે બે જણ ગોપાળદાસની સાથે ચાલ્યા. તેમણે બધાંએ શ્રીગુસાંઇજીનાં દર્શન ત્યાં જઇને કર્યાં. આ વખતે બેઉ જણે ગોપાળદાસને કહ્યું : અમને શ્રીગુસાંઇજી પાસે નામ અપાવો. ત્યારે ગોપાળદાસે કહ્યું કે હું પણ નામ આપું છું; માટે હું ઘેર જાઉં ત્યારે તમે મારે ઘેર આવજો; અમે તમને નામ સુણાવીશું. આ પ્રમાણે બેઉ જણે ત્રણ વાર ગોપાળદાસને કહ્યું કે અમારો એવો મનોરથ છે કે અમને શ્રીગુસાંઇજી નામ સુણાવે; પણ ત્રણે વાર ગોપાળદાસે કહ્યું કે અમારે ઘેર આવજો, અમે તમને નામ સુણાવીશું. આ વાત શ્રીગુસાંઇજીએ જાણી એટલે શ્રીગુસાંઇજીએ આ બે જણને પૂછયું : તમે ગોપાળદાસને શું કહો છો? ત્યારે એમણે કહ્યું કે મહારાજ, અમારો મનોરથ એવો છે કે અમને કૃપા કરીને આપ નામ સુણાવો. આથી શ્રીગુસાંઇજીએ બેઉને નામ સુણાવી કૃતાર્થ કર્યા.

પછી શ્રીગુસાંઇજીએ ગોપાળદાસને કહ્યું કે તમને તો શ્રીઆચાર્યજીએ અંગીકાર કર્યા છે, તે તો દૃઢ છે; પ્રભુ તમને કદી છોડશે નહિ; પરન્તુ તમે જેટલા સેવક નામ સુણાવીને કર્યા છે તે બધા અમારા નહિ થાય, પુષ્ટિમાર્ગથી બહિર્મુખ થશે. આ વાત બધા વૈષ્ણવોએ સાંભળી એટલે સઘળા શ્રીગુસાંઇજીના સેવક થઇ કૃતાર્થ થયા, અને જે કોઈ રહી ગયા તે પુષ્ટિમાર્ગથી ભ્રષ્ટ થયા. તેમને શ્રીગુસાંઇજી 'ગંગોજ' કહેતા. આ ગોપાળદાસ સદા વિરહ-દશામાં મગ્ન રહેતા; તેથી એમની વાર્તા ક્યાંસુધી કહીએ? ।।વાર્તા ૭૯।।

ભાવપ્રકાશ—જેમ ગંગાજીના પ્રવાહમાંથી જળ જુદું પડી જાય અને વેગળું રહે, તે બધા માણસોને પાપરૂપ છે, તેને અડકવાથી દોષ લાગે તેવું થયું. આમાં એ બતાવ્યું કે ગોપાળદાસને સ્વામી–પદ આવવાથી જીવનો બગાડ થયો. માટે દીનતા મોટો પદાર્થ છે, સર્વફળને સિદ્ધ કરનાર છે, અને અહંકાર મહાબાધક છે, એ અહીં બતાવ્યું છે. એમ છતાં ગોપાળદાસ શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના એવા કૃપાપાત્ર ભગવદીય છે કે જેમને શ્રી-ગોવર્ધનધર અનુભવ આપતા; જળપાન પોતાની ઝારીમાંથી કરાવ્યું.

વાર્તા ૮૦ મી.

હવે શ્રીઆચાર્યજીના સેવક બાદરાયણદાસ પુષ્કરણા બ્રાહ્મણ સ્ત્રીપુરુષ તે મોરબીમાં રહેતાં, તેમની વાર્તા અને એનો ભાવ.

ભાવપ્રકાશ—એ લીલામાં લલિતાજીની સખી છે. એનું નામ "શ્રુતિરૂપા" છે અને એમની સ્ત્રીનું નામ "ગંગા" છે.

વાર્તાપ્રસંગ ૧ લો.

આ મોરબીમાં એક પુષ્કરણા બ્રાહ્મણને ઘેર જન્મ્યા ત્યારે માત-પિતાએ એનું નામ "બાદા" ધર્યું. પછી શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના સેવક થયા, ત્યારે શ્રીઆચાર્યજીએ તેનું નામ "બાદરાયણદાસ" ધર્યું આ બાદા તેર વરસના થયા, એટલે ગામમાં જ તેનો વિવાહ થયો, તે પણ મોરબીમાં જ રહેતા. વળી એક વાછવ ભટ્ટ (વત્સા ભટ્ટ) ગુજરાતી બ્રાહ્મણ હતા તે ગુજરાતમાં રહેતા, તે શ્રીભાગવતની કથા કહીને નિર્વાહ કરતા. આ વાછવ ભટ્ટ શ્રીદ્વારકાં શ્રીરણછોડજીનાં દર્શન કરવા ચાલ્યા ત્યાં માર્ગમાં મોરબી ગામ આવ્યું ત્યાં ગયા. (મોરબીમાં) બાદરાયણે વાછવ ભટ્ટને પોતાને ઘેર રાખ્યા, વાછવ ભટ્ટના સેવક થઇ નામ પામ્યા. પછી ઘરમાં ભટ્ટ પાસે શ્રીભાગવત બાદરાયણદાસે સંપૂર્ણ સાંભળ્યું. પછી વાછવ ભટ્ટ તો દ્વારકાં ગયા.

પછી કેટલાક દિવસ પછી શ્રીઆચાર્યજી મહાપ્રભુજી શ્રીદ્વારકાં પધાર્યા ત્યારે મોરબી ગામની બહાર બગીચામાં મુકામ કર્યો. અહીં મોરબીનાં બધાં વૈષ્ણવ શ્રીઆચાર્યજી મહાપ્રભુજીનાં દર્શન કરવા આવ્યાં તેમાં "બાદા" પણ આવ્યો. આ વખતે શ્રીઆચાર્યજી મહાપ્રભુજી શ્રીસુબોધિની–કથા કરતા હતા તેમાં ભ્રમરગીતનો પ્રસંગ એવો કહ્યો કે બાદાને મૂર્છા આવી ગઈ. તે એક પહોરમાં સાવધાન થયા. આથી બાદા મનમાં કહેવા લાગ્યા કે વાછવ ભટ્ટ પાસે ગયો, શ્રીભાગવત સાંભળ્યું, પણ આવો આનંદ ન આવ્યો. આથી બાદાએ શ્રીઆચાર્યજી મહાપ્રભુજીને દંડવત પ્રણામ કરી દીનતાથી કહ્યું કે મહારાજ, આપ કૃપા કરી મને સેવક કરો. આ સાંભળી શ્રીઆચાર્યજી

મહાપ્રભુએ કહ્યું કે તું વાછવ ભટ્ટનો તો સેવક બની ચૂકયો છે; હવે (ફરી) સેવક કેમ થાય છે? અમે તો તને ફરી સેવક નહિ કરીએ. એટલે બાદાએ શ્રીઆચાર્યજી મહાપ્રભુજીને વિનંતિ કરીને, પોતાને ઘેર આવી સ્ત્રીને કહ્યું કે શ્રીવલ્લભાચાર્યજી પધાર્યા છે, એઓ તો સાક્ષાત્ ભગવાન જ છે. ભ્રમરગીતનો પ્રસંગ-કથા એવી કહી કે મને મૂર્છા આવી. પછી મેં સેવક થવાની વિનંતિ કરી પણ પોતે ના કહી, અને કહ્યું કે તું વાછવ ભટ્ટનો સેવક છે, માટે તને હવે સેવક નહિ કરું. હવે શું કરવું? જો શ્રીઆચાર્યજી મહાપ્રભુજી આપણને સેવક કરે તો આ જ જન્મમાં કૃતાર્થ થવાય. આ સાંભળી સ્ત્રીએ કહ્યું કે તમને વિનંતિ કરતાં આવડી નહિ, મને સાથે લઇ ચાલો તો હું વિનંતિ કરું. એટલે બાદાએ કહ્યું કે ચાલો. પછી બાદો અને તેની સ્ત્રી શ્રીઆચાર્યજી મહાપ્રભુજી પાસે આવ્યાં, એટલે બાદાની સ્ત્રીએ દંડવત્ પ્રણામ કરીને કહ્યું કે મહારાજ, મારા પતિએ સેવક થવાની વિનંતિ કરી ત્યારે આપે ના કહ્યું, પણ આપ તો અમારા જેવાં પતિત અધમ સંસારમાં પડ્યાં છે તેમના ઉદ્ધારને માટે પધાર્યા છો; માટે શરણે લો. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે અમે તો એટલા માટે ના કહી કે વાછવ ભટ્ટના સેવક થઇ ચૂકયા છો, તો ફરી સેવક શા માટે થાઓ છો? ત્યારે સ્ત્રીએ કહ્યું કે મહારાજ, વાછવ ભટ્ટના સેવક થયા પણ તેથી અમારો કશો અર્થ સર્યો નહિ. એવા બ્રાહ્મણો આજીવિકાને માટે ઠેર ઠેર શ્રીભાગવતની કથા કહેતા ફરે છે, તેઓ અમારો ઉદ્ધાર શો કરશે? માટે આપ જ શરણે લઈ અમારો ઉદ્ધાર કરો. ત્યારે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ કહ્યું કે આજે તો સાંજ પડી છે; સવારે તમને સેવક કરીશું. હમણાં તો તમે ઘેર જાઓ. પછી સ્ત્રીપુરુષ બેઉ જણ શ્રીઆચાર્યજી મહાપ્રભુજીને દંડવત્ પ્રણામ કરી ઘેર ગયાં. પછી (બીજે દિવસે) પ્રાતઃકાળમાં બેઉ જણે આવી શ્રીઆચાર્યજીને દંડવત્ પ્રણામ કરી વિનંતિ કરી કે મહારાજ, કૃપા કરી અમારે ઘેર પધારી રસોઇ કરો. આથી શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ બાદાને ઘેર પધારી સ્ત્રીપુરુષ બેઉને નવરાવી નામ સુણાવી બ્રહ્મસંબંધ કરાવ્યું. પછી આપે રસોઇ પાક સામગ્રી કરી ભોગ ધરી

ભોજન કર્યું. બાદાનું નામ 'બાદરાયણદાસ' રાખ્યું અને શ્રીનવનીતપ્રિયજીનાં પ્રસાદી વસ્ત્ર ભગવાનની સેવા આપી, એ દિવસ શ્રીઆચાર્યજી બાદરાયણદાસને ઘેર રહ્યા, પછી આપ દ્વારકાં તરફ પધાર્યા. શ્રીઆચાર્યજી મહાપ્રભુજીની સાથે આ બેઉ સ્ત્રીપુરુષ પણ દ્વારકાં ગયાં. અહીં શ્રીઆચાર્યજી એક વરસ અને એક માસ સુધી રહ્યા, આ દરમ્યાન આ બેઉ સ્ત્રીપુરુષે સઘળી સેવા કરી, જળ લાવવું રસોઈની પરચારગી, ધોતી ઉપરણા શ્રીઆચાર્યજી મહાપ્રભુજીનાં રોજ ધોતાં. આથી શ્રીઆચાર્યજીએ પ્રસન્ન થઈ બાદરાયણદાસને કહ્યું કે તમે જઈને સ્ત્રીપુરુષ બેઉ સાથે ઘરમાં પ્રભુની સેવા કરો. પછી શ્રીઆચાર્યજી આપ પૃથ્વીપરિક્રમામાં પધાર્યા. અને બાદરાયણદાસ સ્ત્રીપુરુષ બેઉ જણ મોરબીમાં પોતાને ઘેર આવી પ્રીતિપૂર્વક વસ્ત્રસેવા કરવા લાગ્યાં. ત્યારે શ્રીનવનીતપ્રિયજી સાનુભાવ જણાવવા લાગ્યા. આ બાદરાયણદાસ સ્ત્રીપુરુષ બેઉ જણ શ્રીઆચાર્યજી મહાપ્રભુજીનાં એવાં કૃપાપાત્ર ભગવદીય છે, તેથી એમની વાર્તા ક્યાંસુધી કહીએ? ॥ વાર્તા ૮૦ ॥

વાર્તા ૮૧ મી.

હવે શ્રીઆચાર્યજીના સેવક સૂરદાસજી સારસ્વત બ્રાહ્મણ દિલ્હીની પાસે સીંહી ગામ છે ત્યાં રહેતા, તેમની વાર્તા અને એનો ભાવ કહે છે.

ભાવપ્રકાશ—આ સૂરદાસજી લીલામાં શ્રીઠાકોરજીના **અષ્ટસખા** છે તેમાં આ 'કૃષ્ણ સખા' નું પ્રાકટ્ય છે. તેમાં એવો સંદેહ થાય કે નિકુંજલીલામાં તો સખી જનોનો અનુભવ છે. સખા ત્યાં નથી, તો સૂરદાસજીએ રહસ્યલીલા, અનુભવ વગર કેવી રીતે ગાઈ? ત્યાં કહે છે કે શ્રીભાગવતમાં કહે છે કે જ્યારે શ્રીઠાકોરજી આપ વનમાં ગોચારણ લીલામાં સખાઓ સાથે પધારતા ત્યારે બધાં ગોપીજન લીલાનો અનુભવ કરે છે અને ઘરમાં સઘળી લીલા વનની ગાય છે. ત્યાર પછી જ્યારે શ્રીઠાકોરજી સંધ્યા સમયે વનથી ઘેર આવે છે તે પછી રાત્રે ગોપીજનો સાથે નિકુંજમાં લીલા કરે છે ત્યારે

અંતરંગ સખાઓને વિરહ થાય છે, ત્યારે તેઓ નિકુંજ લીલાનું ગાન કરે છે, અને અનુભવ કરે છે.

તેનો હેતુ શો ? તો કુંજમાં સખીજનો છે. તેમનાં બે સ્વરૂપ છે તે કહે છે. તેમાં પુંભાવના સખા અને સ્ત્રીભાવની સખી છે. તેમાં દિવસે અષ્ટ સખા દ્વારા અનુભવ અને રાત્રે સખી દ્વારા અનુભવ છે. તે શી રીતે ? તો વેદની ઋચા છે તે ગોપી છે અને વેદના મંત્રો છે તે સખા છે. પરન્તુ ગોપીજન દેખવા માત્રમાં સ્ત્રીઓ છે અને એમના પતિ છે, પણ તેઓ સ્ત્રીઓ નથી. તે આવી રીતે–જેમ શેકેલાં અન્ન હોય તે ધરતીમાં નાખવા છતાં તે બીજ તરીકે ઊગે નહિ, તેવી રીતે એમને લૌકિક વિષય નથી, પરંતુ અહીં તો રસરૂપ લીલા સદા સર્વદા એકરસ છે. તેવી જ રીતે અંતરંગ સખા શ્રીઠાકોરજીના અંગરૂપ છે. તે સખીરૂપે અને સખારૂપે બે રૂપથી રાત્રિ અને દિવસ લીલારસ કરે છે, તેથી સૂરદાસ 'કૃષ્ણસખા'નું પ્રાકટ્ય છે અને કૃષ્ણસખાનું બીજું સ્વરૂપ સખીરૂપ છે, તે લીલાકુંજમાં છે તેનું નામ "ચંપકલતા" છે. તેથી સૂરદાસજીને બધી લીલાઓનો અનુભવ શ્રીઆચાર્યજી મહાપ્રભુજીની કૃપાથી થશે તેનો પ્રકાર કહે છે.

અહીં એવો સંદેહ થાય છે કે લીલા સંબંધી છે તો પ્રથમથી જ અનુભવ કેમ ન થયો ? અને એમને મોહ કેમ થયો ? ત્યાં કહે છે કે શ્રી ઠાકોરજી ભૂમિ પર પ્રકટ થઈને લૌકિકવત્ લીલા કરે છે તે તો યશ–રસ પ્રકટ કરવા માટે એમ કરે છે. તે લીલાઓ ગાઇને જગતમાં લૌકિક જીવો પણ કૃતાર્થ થાય છે, તેવી જ રીતે શ્રીઠાકોરજીના ભક્તો પણ જગતમાં લૌકિક લીલા કરી અલૌકિક બતાવે છે. જેવી રીતે શ્રીરુક્મિણીજી સાક્ષાત્ લક્ષ્મીજીનું સ્વરૂપ છે, છતાં જ્યારે જન્મ્યાં ત્યારે દેવીને પૂજીને વરદાન માગ્યું; વળી શ્રીઠાકોરજી પાસે વિવાહને માટે બ્રાહ્મણને પણ મોકલ્યો. આ બધું જગતમાં લીલા પ્રકટ કરવાને માટે કર્યું. જેવી રીતે કાલિંદીજીએ સૂર્ય દ્વારા પ્રકટ થઇને શ્રીયમુનાજીમાં મંદિર કરી તપસ્યા કરી, અર્જુનને કહ્યું કે હુ શ્રીઠાકુરજીને વરીશ. એટલે શ્રીઠાકોરજી પોતે પરણ્યા. આ તો પ્રભુની માત્ર લીલા જ છે. (કેમકે આંતર દષ્ટિએ તો) એ સદા શ્રીઠાકોરજીની પ્રિયા જ છે. વળી વ્રજમાં શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજી આપ બેઉ એક જ સ્વરૂપ છે.

પરંતુ વ્રજની લીલા પ્રકટ કરવાને માટે શ્રીઠાકોરજી શ્રીનંદરાયને ત્યાં પ્રકટ્યા અને સ્વામિનીજીએ શ્રીવૃષભાનજીને ત્યાં પ્રકટ થઇને શ્રીઠાકોરજીના મેળાપ માટે અનેક ઉપાયો કર્યા. આ બધું જગતમાં લીલા પ્રકટ કરવાને માટે કર્યું. (આંતર દષ્ટિએ તો એ બેઉ) સદા એકરસ લીલા કરે છે. તેવી જ રીતે સૂરદાસે શ્રીઆચાર્યજીના સેવક થઇને ભગવદ્‌લીલા ગાઈ તેનું કારણ એ કે જેમાં સ્વામીનો યશ વધે કે જેમના સેવક સૂરદાસજી એવા ભગવદીય છે એમના સ્વામી શ્રીઆચાર્યજી આપ છે તો તેમને શરણે આપણે પણ જઈએ. આવી રીતે જગતમાં લીલા કરી યશ પ્રકટ કર્યો, જેથી આગળ લૌકિક જીવો પણ યશ ગાઈને પ્રભુની પ્રાપ્તિ કરે.

સૂરદાસજી જગત પર હમણાં જ પ્રકટ્યા, પણ લીલાનું જ્ઞાન નથી. આ સૂરદાસ દિલ્હીની પાસે ચાર ગાઉ પર એક સીંહી ગામ છે. જ્યાં રાજા પરીક્ષિતના બેટા જનમેજયે સર્પયજ્ઞ કર્યો હતો, તે જ ગામમાં એક સારસ્વત બ્રાહ્મણને ઘેર તે જન્મ્યા. સૂરદાસજીને જન્મથી જ નેત્રો નથી. વળી નેત્રની જગ્યાએ નેત્રના આકારનાં ગોલક (ખાડા) પણ નથી. ઉપર ભ્રમર માત્ર જ છે. આવી રીતનું સૂરદાસજીનું રૂપ છે. આ સારસ્વત બ્રાહ્મણને સૂરદાસજીથી મોટા ત્રણ દીકરા હતા અને ઘરનો નિષ્કિંચન (ગરીબ) હતો. આ સારસ્વત બ્રાહ્મણને ત્યાં ચોથા પુત્ર સૂરદાસજી જન્મ્યા. વળી એમને નેત્ર નહિ, નેત્રનો આકાર પણ નહિ, આવી રીતે જોઈને તે બ્રાહ્મણે મનથી બહુ સંતાપ કર્યો, અને બહુ દુઃખી થયો, કે જુઓ, એક તો વિધાતાએ મને નિષ્કિંચન કર્યો અને બીજું ઘરમાં આવો પુત્ર જન્મ્યો. હવે આની ટહેલ કોણ કરશે, અને આની લાકડી પણ કોણ ઝાલશે? આ પ્રમાણે બ્રાહ્મણને મનમાં દુઃખ થયું, કારણ કે જન્મ પછી આંખો જાય તો તેને આંધળો કહેવાય, સૂર ન કહેવાય, અને આ તો સૂર છે; આથી માતપિતા અને ઘરનાં સઉ કોઇની સૂરદાસ પર પ્રીતિ નહિ, કારણ કે નેત્ર વગરનો પુત્ર કેવો! તેથી એમની સાથે કોઈ બોલતું નહિ.

હવે એમ કરતાં કરતાં સૂરદાસજી છ વરસના થયા ત્યારે પિતાને તે ગામના એક દ્રવ્યપાત્ર ક્ષત્રિય યજમાને બે મહોર દાનમાં આપી, એટલે આ બ્રાહ્મણ તે બે મહોરો લઈ પોતાને ઘેર આવ્યો, અને પોતાના મનમાં બહુ જ પ્રસન્ન થયો, અને સ્ત્રી તથા ઘરમાં દેહસંબંધી પુત્રપુત્રી હતાં તે બધાંને

કહ્યું કે શ્રી ભગવાને જે મહોર આપી છે તેને કાલે વટાવીને સીધું સામાન લાવીશું, તેથી આપણા ઘરમાં જે ચાર માસ તો ચાલશે. આ પ્રમાણે કહી બધાંને બે મહોર બતાવી. પછી રાત્રે એક કપડામાં બાંધી તાકામાં મૂકી તે સૂઈ ગયો. હવે રાત્રે બેઉ મહોરો ઉંદર લઈ ગયા, અને ઘરના છાપરામાં દરમાં મૂકી દીધી. હવે સવારે ઊઠીને જુએ તો મહોર ન મળે. આથી તો સૂરદાસનાં માબાપ છાતી કૂટવા લાગ્યાં અને મનમાં બહુ જ ક્લેશ કરવા લાગ્યાં. આ જોઇ દિવસે ખાનપાન કર્યું નહિ. આવી રીતે અતિશય વિલાપ કરવા લાગ્યાં. આ જોઇ સૂરદાસજીએ માતપિતાને કહ્યું કે તમે આટલો બધો સંતાપ વિલાપ કેમ કરો છો? શ્રી ભગવાનનું ભજન સ્મરણ કરો તેથી બધું ભલું થશે. આવી રીતે સૂરદાસે એમને કહ્યું ત્યાં માતાપિતાએ કહ્યું કે તું એવા સમયે સૂર જન્મ્યો છે કે ત્યારથી અમારો દુઃખમાં જન્મ વીતે છે, ત્યારથી અમને કોઈ દિવસ સુખ મળ્યું નથી, વળી પેટ પૂરતું અન્ન પણ મળતું નથી. શ્રીભગવાને અમને બે મહોર આપી હતી, તે પણ એમ જ ગઇ. ત્યારે સૂરદાસે કહ્યું કે મને ઘરમાં ન રાખો તો હું હમણાં જ તમારી મહોરો બતાવી દઉં; પણ પછી મને ઘરમાં રાખશો નહિ અને તમે મારી પાછળ પડશો નહિ. આ સાંભળીને માતપિતાએ કહ્યું કે અમારે બીજું શું જોઇએ? તું અમને મહોરો બતાવી દે. અને અમારી મહોરો મળે પછી તારે ફાવે ત્યાં તું જજે; અમે તને ખોળીશું નહિ. એટલે સૂરદાસે કહ્યું કે છાપરામાં દર છે તે દરના મોઢા પર એ મહોરોની પોટલી છે એટલે તે બ્રાહ્મણે ત્યાં ખોદીને મહોરો મેળવી.

હવે સૂરદાસ ઘેરથી ચાલવા લાગ્યા, એટલે માતપિતાને મોહ ઉત્પન્ન થયો કે જુઓ, સૂરદાસનાં વચન સત્ય થયાં; એના કહેવા પ્રમાણે મહોરો મને તરત જ મળી ગઈ. આમ વિચારી માતપિતાએ સૂરદાસને કહ્યું કે સૂરદાસ, અત્યારે તમે ઘરમાંથી શા માટે જાઓ છો? હમણાં તો આ મહોર મળી ગઈ છે, માટે જ્યાંસુધી આ મહોરોનું અનાજ પહોંચે ત્યાંસુધી તમે પણ ખાઓ અને પછી તમારે જ્યાં જવું હોય ત્યાં જજો. એટલે સૂરદાસે કહ્યું કે હવે મને ઘરમાં ન રાખશો. જો તમે મને ઘરમાં રાખશો તો ફરી તમારી મહોરો ખોવાઈ જશે અને તમે દુઃખ પામશો. આ સાંભળી માતપિતા કહ્યું

બોલ્યાં નહિ. અને સૂરદાસજી તો હાથમાં એક લાઠી લઇ ઘેરથી નીકળ્યા. સીંહીથી નીકળી ચાર ગાઉ પર એક ગામ હતું ત્યાં ગામ બહાર એક તળાવ હતું ત્યાં એક પીપરના વૃક્ષ નીચે સૂરદાસજી આવીને બેઠા અને આ તળાવનું જળ પીધું. ત્યાં બેચાર ઘડી દિવસ પાછલો રહ્યો હતો તે વખતે એ ગામનો જમીનદાર બ્રાહ્મણ ત્યાં આવી સૂરદાસજીને ઓળખીને કહેવા લાગ્યો કે મારી દશ ગાય ત્રણ દિવસથી જડતી નથી; જો કોઇ બતાવે તો બે ગાય તેને આપું. આ સાંભળી સૂરદાસે કહ્યું કે મારે તમારી ગાયોને શું કરવી છે? પરંતુ તમે પૂછો છો તો કહું છું કે અહીંથી કોશ પર એક ગામ છે તે ગામના જમીનદારના માણસો તમારી ગાયો રાત્રે આવીને ચોરી ગયા છે એ જમીનદારના ઘરની અંદર એક બીજું ઘર છે તેમાં જમીનદારના ઘોડા બાંધ્યા છે, તે ઘોડાઓ પાસે તમારી ગાયો બાંધી છે. આ સાંભળી તે જમીનદાર દશ માણસ સાથે લઈ જઇને જુએ તો ગાયો બાંધી છે. તે લઈ આવી સૂરદાસને આવીને કહ્યું કે સૂરદાસ, તમારા કહેવા પ્રમાણે મારી દશ ગાય મળી છે ,માટે આ બે તમે રાખો. એટલે સૂરદાસે કહ્યું કે હું મારું ઘર છોડીને શ્રીઠાકોરજીનો આશ્રય કરીને અહીં બેઠો છું, પછી હું તમારી ગાય શા માટે લઉં? એટલે આ જમીનદાર સૂરદાસને બાળક જાણી શિખામણની વાત કહેવા લાગ્યો કે અરે તું ફલાણા સારસ્વત બ્રાહ્મણનો પુત્ર છે અને તારે આંખો નથી, વળી તારી પાસે કોઈ માણસ નથી, તો તું તારું ઘર છોડી રિસાઇને અહીં શા માટે બેઠો છે? આંખો છે નહિ, દિવસ શી રીતે જશે? ત્યારે સૂરદાસે કહ્યું કે મેં કાંઈ તારા પર ઘર છોડયું નથી; મેં તો નારાયણને આશ્રયે ઘર છોડયું છે. તે બધા જગતનું પાલન કરે છે તો મારું કરશે જ અને જે થવાનું હશે તે થવાનું જ છે. ત્યારે જમીનદારે કહ્યું કે હું બ્રાહ્મણ છું, મારે ઘેર દાળ રોટી થઈ છે, કહો તો લાવું. એટલે સૂરદાસે કહ્યું કે હું રસ્તામાં થઇ લાવેલી રોટી ખાતો નથી. એટલે આ જમીનદારે પોતાને ઘેર જઇ પૂરી કરાવી અને દૂધ લઈ જઇ સૂરદાસને જળ ભરી આપીને કહ્યું કે, સૂરદાસ, તમે કોઇ વાતે દુઃખ રાખશો નહિ. ભગવાન જ્યાંસુધી મને ખાવાનું આપશે ત્યાંસુધી હું તમારે માટે પણ લાવી દઇશ અને સવારે આ તળાવ પર અગર ગામમાં જ્યાં તમે કહેશો ત્યાં છાપરું તૈયાર કરી દઈશ. પછી સવાર થયું; એટલે એ જમીનદારે આવીને કહ્યું કે તમારી ક્યાં રહેવાની ઇચ્છા છે?

એટલે સૂરદાસે કહ્યું કે હાલ તો આ જ તળાવ પર પીપર નીચે કેટલાક દિવસ રહેવાની ઇચ્છા છે. એટલે જમીનદારે ત્યાં એક ઝૂંપડી તૈયાર કરાવી દીધી અને ટહેલ કરવા એક ચાકર પણ રાખી દીધો. ત્યાર પછી આ જમીનદારે પાંચ દશ જણાની આગળ વાત કરી કે ફલાણાનો પુત્ર સૂરદાસ મોટા જ્ઞાની છે. અમારી ગાયો ખોવાઈ ગઇ હતી તે બતાવી દીધી. વળી તે શુકન પણ સારાં જાણે છે. આથી મેં તેને માટે તળાવ પર પીપર નીચે ઝૂંપડી બનાવી આપી છે અને એક ચાકર પણ રાખી દીધો છે, અને રોજ પૂરી દહીં દૂધ વગેરે મોકલું છું; માટે કોઈને શુકન કે ભવિષ્ય પૂછવું હોય તો જઇને તેમને પૂછજો.

આ સાંભળીને ગામના બધા લોકો ત્યાં આવવા લાગ્યા. જે કોઈ તેમને પૂછે અને જે શુકન બતાવે તે જ પ્રમાણે થાય, એટલે સૂરદાસની ભારે પૂજા થવા માંડી. ભીડ સદા લાગી રહેતી. ખાનપાન પણ સારી રીતે આવવા લાગ્યું. હવે ત્યાં આગળ સૂરદાસને રહેવા માટે થોડા દિવસ પછી સુંદર મોટું ઘર બનાવી દીધું અને આ ઝૂંપડી પણ કાઢી નાખી. વળી વસ્ત્રો દ્રવ્ય બહુ જ વૈભવ ભેગો થયો અને સૂરદાસ "સ્વામી" કહેવાવા લાગ્યા. બહુ જ લોકો એમના સેવક થયા. જેને કંઠી બાંધવી હોય તે સૂરદાસનો સેવક થઇ કંઠી બંધાવે. સૂરદાસજી વિરહનાં પદ સેવકોને સંભળાવતા, તેથી ગાવા બજાવાનો પણ બધો સાજ એકઠો થઇ ગયો. આવી રીતે સૂરદાસ તળાવ પાસે પીપરના ઝાડ નીચે અઢાર વરસના થયા. અહીં એક દિવસ રાત્રે સૂતા હતા તે સમયે સૂરદાસને વૈરાગ થયો. આથી તેમણે પોતાના મનમાં વિચાર્યું કે જુઓ, હું ભગવાનને મેળવવા માટે વૈરાગ કરીને ઘેરથી નીકળ્યો હતો અને અહીં માયાએ મને પકડી લીધો. મેં મારો યશ શા માટે વધાર્યો? જો મેં પ્રભુનો યશ વધાર્યો હોત તો ઠીક હતું. આમાં તો મારું અહિત થયું. માટે હવે ક્યારે સવાર થાય અને કૂચ કરું.

આમ વિચારતાં સવાર થયું, એટલે એક સેવકને મોકલી માતપિતાને બોલાવી બધું ઘર એમને સોંપી દીધું. પછી સૂરદાસે એક જ વસ્ત્રભેર હાથમાં લાકડી લઈ ત્યાંથી કૂચ કરી. આ વખતે જે સેવકો માયાની જંજાળમાં હતા તે સંસારમાં લપટાયા અને અહીં જ રહ્યા, અને કેટલાક સંસાર વગરના વિરક્ત હતા તે સૂરદાસજીની સાથે જ ચાલ્યા. હવે સૂરદાસે મનમાં વિચાર્યું કે વ્રજ

છે તે ભગવાનનું ધામ છે, માટે ત્યાં જઇએ. આમ વિચારી સૂરદાસ ત્યાંથી ચાલી મથુરાં આવ્યા. ત્યાં વિશ્રાંત ઘાટ પર રહીને સૂરદાસે વિચાર કર્યો કે જો હું મથુરાંમાં રહીશ તો અહીં પણ મારું માહાત્મ્ય વધશે. અને આ શ્રીકૃષ્ણની પુરી છે, તેથી અહીં મારે મારું માહાત્મ્ય પ્રકટ ન કરવું જોઈએ. આ સંસારમાં તો અનેક લોકો સુખદુઃખ પામે છે, તેથી બધા પૂછવા આવશે જ. વળી અહીં તો મથુરિયા ચોબા છે, તેથી અહીં માહાત્મ્ય વધશે તો તેઓ દુઃખી થશે; માટે અહીં રહેવું પણ ઠીક નથી. તેથી આમ વિચારીને સૂરદાસ મથુરાં અને આગ્રાની વચ્ચોવચ ગૌઘાટ છે ત્યાં આવીને શ્રીયમુનાજીને કાંઠે સ્થળ બનાવીને રહ્યા.

સૂરદાસનો કંઠ બહુ સુંદર હતો; તેથી ગાયન વિદ્યામાં પણ બહુ ચતુર તેમજ સગુન–શુકન બતાવવામાં પણ ચતુર તેથી અહીં પણ બહુ લોક સૂરદાસજીની પાસે આવતા. અહીં પણ સેવકો બહુ થયા, તેથી સૂરદાસ જગતમાં પ્રસિદ્ધ થયા.

વાર્તાપ્રસંગ ૧ લો.

આ સૂરદાસ ગૌઘાટ પર રહેતા. તેવામાં કેટલાક દિવસ પછી શ્રીઆચાર્યજી આપ અડેલથી વ્રજમાં પધારતા હતા ત્યારે કેટલાક દિવસે ગૌઘાટ પર આપ પધાર્યા. તે વખતે શ્રીઆચાર્યજી સાથે સેવકોનો સમાજ ભારે હતો. અહીં બધા વૈષ્ણવ સમાજ સાથે શ્રીઆચાર્યજીએ શ્રીયમુનાજીમાં સ્નાન કર્યું. ત્યારપછી સંધ્યાવંદન કરી પાક કરવાને પધાર્યા. બધા સેવકો પણ પોતપોતાની રસોઈ કરવા લાગ્યા. તે વખતે સૂરદાસનો એક સેવક ત્યાં આવ્યો તેણે જઇને સૂરદાસને ખબર કરી કે સૂરદાસજી, આજ અહીં શ્રીવલ્લભાચાર્યજી પધાર્યા છે તેમણે કાશીમાં તથા દક્ષિણમાં માયાવાદનું ખંડન કર્યું છે અને ભક્તિમાર્ગનું સ્થાપન કર્યું છે. આ સાંભળીને સૂરદાસે પોતાના સેવકને કહ્યું કે જ્યારે શ્રીવલ્લભાચાર્યજી ભોજન કરીને નિશ્ચિંતતાથી ગાદી તકિયા પર બિરાજે તે સમયે તું મને ખબર આપજે, એટલે હું શ્રીવલ્લભાચાર્યજીનાં દર્શન કરવા આવીશ. પછી આ સેવક આવીને દૂર બેસી રહ્યો. હવે જ્યારે શ્રીઆચાર્યજી આપ

ભોજન કરી ગાદી તકિયા પર બિરાજ્યા અને સેવકો પણ આપની આજુબાજુ આવી બેઠા એટલે એ સેવકે સૂરદાસને જઇને ખબર કરી, એટલે સૂરદાસ તે જ સમયે પોતાની પાસેના (અંધા) સેવકો લઇને શ્રીઆચાર્યજીનાં દર્શન કરવા આવ્યા; આવીને શ્રીઆચાર્યજીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા; એટલે શ્રીઆચાર્યજીએ શ્રીમુખે કહ્યું કે આવો સૂર, અમારી આગળ બેસો. સૂરદાસ શ્રીઆચાર્યજી આગળ બેઠા. એટલે શ્રીઆચાર્યજીએ કહ્યું કે સૂર, કંઈ ભગવાનના યશ ગાઓ. એટલે સૂરદાસે દંડવત્ પ્રણામ કરી કહ્યું કે મહારાજ, જેવી આજ્ઞા. પછી સૂરદાસે શ્રીઆચાર્યજી પાસે આ પદ ગાયું.:—

— રાગ ધનાશ્રી —

हौं हरि सब पतितनको नायक ॥
को करी शके बराबरी मेरी इतने मानको लायक ॥ १ ॥
जो तुम अजामीलसो कीनी सो पाती लिखि पाऊं ॥
ते विश्वास भलो जिय अपने ओरो पतित बोलाऊं ॥ २ ॥
सिमिटि जहां तहां ते सब कोउ, आइ झुरे एक ठोर ॥
अब इतने आनि मिलाऊं बेर दूसरी ओर ॥ ३ ॥
दोडादोडी मन हुल्लास करि करे पाप भरि पेट ॥
सबको ले पायन तर पारुं यह हे हमारी भेट ॥ ४ ॥
एसी कीनी कबतांइ प्राणपति सुमरन हे भयो आडो ॥
अबकी बेर निबेरि लेहु प्रभु सूर पतितको तांडो ॥ ५ ॥

પછી વળી બીજું પદ ગાયું તે પદ:–

— રાગ ધનાશ્રી —

प्रभु हौं सब पतितनको टीको ॥
ओर पतित सब द्योस चार के हौं तो जन्म प्रतिहिको ॥ १ ॥
बधिक अजामील गुणका तारी ओर पूतनाहीको ॥
मोहि छोडि तुम ओर उधारे मिटे शूल क्यों जीको ॥ २ ॥
कोउ समरथ मेध करनको खेंची कहत होलीको ॥
मरियत लाज सूर पतितनमें कहत सबनमें नीको ॥ ३ ॥

આ પદ શ્રીઆચાર્યજીની પાસે સૂરદાસે ગાયું એટલે શ્રીઆચાર્યજીએ કહ્યું કે સૂર થઈને આવા કાયર કેમ થાઓ છો ? માટે કશી ભગવાનની વ્રજલીલાનું વર્ણન કરો.

ભાવપ્રકાશ—તેનો આશય એ છે કે જીવ ભગવાનથી વિછર્યો ત્યારથી પતિત તો થયો જ છે, પછી તેમાં વધારે શું કહેવાનું ? માટે ભગવાનની લીલા ગાઓ, જેથી શુદ્ધ થાઓ.

ત્યારે સૂરદાસે શ્રીઆચાર્યજીને વિનંતિ કરી કે મહારાજ, હું કશી ભગવલ્લીલા તો સમજતો જ નથી. એટલે શ્રીઆચાર્યજીએ કહ્યું કે સૂર, શ્રીયમુનાજીમાં સ્નાન કરી આવો એટલે અમે તમને સમજાવી દઈશું. એટલે સૂરદાસ પ્રસન્ન થઈ શ્રીયમુનાજીમાં સ્નાન કરીને અપરસમાં શ્રીઆચાર્યજી પાસે આવ્યા, એટલે શ્રીઆચાર્યજીએ કૃપા કરી સૂરદાસને નામ સુણાવ્યું, ત્યારપછી સમર્પણ કરાવ્યું; આપે દશમસ્કંધની અનુક્રમણિકા કરી હતી તે સૂરદાસને સંભળાવી.

ભાવપ્રકાશ—અષ્ટાક્ષર મંત્ર સુણાવ્યો તેથી સૂરદાસના સઘળા જન્મોના દોષો દૂર કર્યા અને સાત ભક્તિની પ્રાપ્તિ થઈ. પછી બ્રહ્મસંબંધ કરાવ્યું તેથી સાત ભક્તિ સાથે નવધા ભક્તિ સિદ્ધ થઈ. હવે રહી પ્રેમલક્ષણા; તે દશમ સ્કંધની અનુક્રમણિકા સંભળાવી એટલે સંપૂર્ણ પૂર્ણ પુરુષોત્તમની લીલા સૂરદાસના હૃદયમાં સ્થાપન થઈ તેથી પ્રેમલક્ષણા ભક્તિ સિદ્ધ થઈ.

(આમ) શ્રીઆચાર્યજીએ સઘળાં શ્રીસુબોધિનીજીનું જ્ઞાન સૂરદાસજીના હૃદયમાં સ્થાપન કર્યું, ત્યારે ભગવલ્લીલા અને યશનું વર્ણન કરવાનું સામર્થ્ય આવ્યું, અનુક્રમણિકાથી સઘળી લીલા હૃદયમાં સ્ફુરી. એવું શી રીતે જાણવું ? તે માટે શ્રીઆચાર્યજીએ આપે દશમસ્કંધનાં સુબોધિનીજીમાં મંગળાચરણની પ્રથમ કારિકા કરી છે તે કારિકા કહે છેઃ

"नमामि हृदये शेषे लीलाक्षीराब्धिशायिनम् ॥
लक्ष्मीसहस्रलीलाभिः सेव्यमानं कलानिधिम् ॥

આ મંગળાચરણ પ્રમાણે સૂરદાસજીએ શ્રીઆચાર્યજીની આગળ આ પદ કરીને ગાયું:

રાગ બિલાવલ:-

चकइरी चलि चरणसरोवर जहां नहि प्रेमवियोग ॥
जहां ब्रह्मनिशा होत न कबहूक सायर सुख जोग ॥१॥
सनकसे हंस मीनसे शिवमुनि नख रविप्रभा प्रकास ॥
प्रफुल्लित कमल निमिष नहि शशि डर गुंजत निगम सुवास ॥२॥
जे हि सर सुभग सुगत मुक्ताफल सुकृत विमल जल पीजे ॥
सो सर छोडि कुबुध विहंगम इहां रहि कहा कीजे ॥३॥
जहां श्रीसहस्र सहित नित क्रीडत सोभित सूरजदास ॥
अब न सुहाय विषयरस छीलर वा समुद्रकी आस ॥४॥

આ પદ દશમસ્કંધની કારિકા અનુસાર કર્યું છે: "लक्ष्मीसहस्रलीलाभिः सेव्यमानं कलानिधिम्"; તે જ પ્રમાણે સૂરદાસજી આ પદમાં કહે છે કે "जहां श्रीसहस्र सहित नित क्रीडत सोभित सूरजदास."

આ પ્રકારે કહે છે, આથી જણાય છે કે સૂરદાસને સઘળાં સુબોધિનીજીનો ભાવ હૃદયારુઢ થયો. આ પદ સાંભળીને શ્રીઆચાર્યજી બહુ જ પ્રસન્ન થયા. જાણ્યું કે ભગવાનની લીલાનો પ્રકાશ પ્રકટ થયો છે. એટલે શ્રીઆચાર્યજીએ શ્રીમુખે આજ્ઞા કરી કે સૂર, નંદાલયની કૈં લીલા ગાઓ. એટલે સૂરદાસે નંદમહોત્સવના વર્ણનનું પદ ગાયું:

રાગ દેવગંધાર:-

ब्रज भयो महरके पूत जब यह बात सुनी ॥

આ મોટી વધાઈ ગાઇને નંદરાયજીના ઘરનું વર્ણન કર્યું; ત્યાંસુધી તો આપે સાંભળ્યું. પછી ગોપીજનના ઘરનું વર્ણન કરવા માંડ્યું ત્યારે શ્રીઆચાર્યજીએ સૂરદાસને શ્રીમુખે કહ્યું:

"सुनि सूर सबनकी यह गति जो हरिचरण भजे" ॥

આ ભોગની તૂક આપે કહી સૂરદાસજીને ચૂપ કરી દીધા.

ભાવપ્રકાશ—આમાં એ બતાવ્યું કે વ્રજભક્તોનો આનંદ છે તે ભગવદીયોએ હૃદયમાં અનુભવવા યોગ્ય છે. બહાર ખુલ્લો થાય તો રસાભાસ થાય માટે સૂરદાસને અટકાવ્યા. વળી સૂરદાસના હૃદયમાં એવું પણ આવ્યું હતું કે મેં સેવક કર્યા છે તેમની શી ગતિ થશે? આથી શ્રીઆચાર્યજીએ કહ્યું કે "सुनि सूर सबनकी यह गति जो हरिचरण भजे॥"

આમ શ્રીઆચાર્યજીએ પ્રસન્ન થઇને કહ્યું કે જાણે સૂરદાસજી નંદાલયની લીલામાં પ્રત્યક્ષ જ ઊભા હોય તેવી રીતે કીર્તન ગાયું. તે પછી શ્રીઆચાર્યજીએ સૂરદાસને "પુરુષોત્તમસહસ્રનામ" ગ્રંથ સુણાવ્યો, એટલે સઘળી શ્રીભાગવતની લીલા સૂરદાસના હૃદયમાં સ્ફુરી. એટલે સૂરદાસે શ્રીભાગવતના પ્રથમ સ્કંધથી માંડીને દ્વાદશ-સ્કંધ પર્યંતની લીલા કીર્તનમાં વર્ણન કરી, તેમાં અનેક દાનલીલા માનલીલા વગેરેનું વર્ણન કર્યું છે.

ત્યારપછી ગૌઘાટ ઉપર શ્રીઆચાર્યજી આપ ત્રણ દિવસ બિરાજ્યા. તે વખતે સૂરદાસે જેટલા સેવક કર્યા હતા તે બધાને શ્રીઆચાર્યજીના સેવક બનાવ્યા. પછી શ્રીઆચાર્યજી આપ વ્રજમાં પધાર્યા, સાથે સૂરદાસજી પણ વ્રજમાં આવ્યા.

હવે પ્રથમ શ્રીઆચાર્યજી આપ શ્રીગોકુલ પધાર્યા. અહીં શ્રીઆચાર્યજીએ સૂરદાસને કહ્યું કે સૂર, શ્રીગોકુલનાં દર્શન કરો. એટલે સૂરદાસે શ્રીગોકુલને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યાં. દંડવત્ પ્રણામ કરતાંની સાથે જ શ્રીગોકુલની લીલા સૂરદાસના હૃદયમાં સ્ફુરી, એટલે સૂરદાસ પોતાના મનમાં વિચારવા લાગ્યા કે શ્રીગોકુલની લીલાનું વર્ણન હું શી રીતે કરું? કારણ કે શ્રીઆચાર્યજીનું મન શ્રીનવનીત-પ્રિયજીના સ્વરૂપમાં આસક્ત છે, તેથી શ્રીનવનીતપ્રિયજીનું કીર્તન શ્રીગોકુલની બાળલીલાનું વર્ણન કરતું એવું પદ સૂરદાસજીએ ગાયું કેઃ-

રાગ બિલાવલ—

सोभित कर नवनीत लिये-
घुटरूवन चलत नवनीतमंडित मुख दधिलेप किये ॥१॥

चारु कपोल लोल लोचन छवि गोरोचनको तिलक दिये ॥
लर लटकन मानो मत्त मधुपगण मादक मधु हि पिये ॥२॥
कठुला कंठ व्रज के हरिनख राजत हे सखि रुचिर हिये ॥
धन्य सूर एको पल यह सुख कहा भयो शत कल्प जिये ॥३॥

આ કીર્તન સૂરદાસજીએ ગાયું. આ સાંભળી સૂરદાસજી પર શ્રીઆચાર્યજી બહુ જ પ્રસન્ન થયા. પછી સૂરદાસજીએ બાળલીલાનાં બીજાં પણ પદ બહુ જ બનાવીને શ્રીઆચાર્યજીને સંભળાવ્યાં. પછી શ્રીઆચાર્યજીએ મનમાં વિચાર્યું કે શ્રીગોવર્ધનનાથજીનું મંદિર તો સમરાવ્યું અને સેવાનું મંડાણ પણ થયું, તો સૂરદાસજીને શ્રી-નાથજીની પાસે રાખીએ. સમય સમયનાં બધાં કીર્તનની વ્યવસ્થા પણ થવી જોઇએ, જેથી આગળ વૈષ્ણવો સૂરદાસનાં પદ ગાઇને બહુ જ કૃતાર્થ થશે. આમ વિચારી સૂરદાસને સાથે લઈ શ્રીઆચાર્યજી આપ શ્રીગોવર્ધન પધાર્યા. ત્યાં ઉપર પધારી શ્રીનાથજીનાં દર્શન કર્યાં. આ વખતે શ્રીઆચાર્યજીએ આપે સૂરદાસને કહ્યું કે સૂર, શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન કરો અને કીર્તન ગાઓ. એટલે સૂરદાસે પ્રથમ વિજ્ઞપ્તિનું પદ દીનતાપૂર્વક ગાયું તે પદઃ—

રાગ ધનાશ્રી—

अब हौं नाच्यो बहुत गोपाल—
काम क्रोधको पहेरी चोलना कंठ विषयकी माल ॥१॥
महामोहके नूपुर बाजे, निंदा शब्द रसाल ॥
भ्रम मोहे मन भयो पखावज उरप अंस गति चाल ॥२॥
तृष्णानाद करत घट भीतर नानाविधिके ताल ॥
मायाको कटि फेंटा बांध्यो लोभ तिलक दियो भाल ॥३॥
कोटिक कला काछि दिखराई जल थल सुधि नहि काल ॥
सूरदासकी सबे अविद्या दूर करहु नंदलाल ॥४॥

આ પદ સૂરદાસે શ્રીનાથજીને સુણાવ્યું, એટલે શ્રીઆચાર્ય-જીએ કહ્યું કે સૂરદાસ, હવે તો તમારા મનમાં કશી અવિદ્યા રહી

નથી; તમારી અવિદ્યા તો પ્રથમ જ શ્રીનાથજીએ દૂર કરી છે; માટે હવે તમે ભગવલ્લીલા ગાઓ કે જેમાં માહાત્મ્યપૂર્વક સ્નેહ હોય.

ભાવપ્રકાશ—પરન્તુ ભગવદીયો જેટલા છે તે બધાંની એવી બોલી છે કે પોતાને હીન કહે છે; એ તો ભગવદીયનું લક્ષણ છે. વળી જો કોઈ પોતાને અચ્છો કહે અને પોતાની વડાઈ કરે તે ભગવાનથી સદા બહિર્મુખ છે.

પછી શ્રીઆચાર્યજી અને શ્રીગોવર્ધનનાથજીની આગળ સૂરદાસજીએ માહાત્મ્ય અને સ્નેહયુક્ત કીર્તન કર્યાં, તે પદઃ—

રાગ ગૌરી—

कोन सुकृत इन व्रजवासिनको बदत विरंचि शिव शेष ॥
श्रीहरि जिनके हेत प्रकटे मानुषभेष ॥ [ध्रुव]
जोतिरूप जगधाम जगतगुरु जगतपिता जगदीश ॥
योग यज्ञ जप तप व्रत दुर्लभ सो गृह गोकुलईश ॥१॥
एक एक रोमकूप विराट सम अनंत कोटि ब्रह्मांड ॥
लिये उछंग वाहि मात यशोदा अपने निज भुजदंड ॥२॥
जाके उदर लोक त्रय जल थल पंच तत्त्व चहु खान ॥
बाल होय झूलत व्रज पलना जसुमतिभवन निधान ॥३॥
अनुदिन श्रवत सुधारस पंचम चिंतामणिसी धेन ॥
सो तजि जसुमतिको पय पीवत भक्तनको सुखदेन ॥४॥
करन हरन प्रभु दाता भोक्ता विश्वंभर जग जानी ॥
ताहि लगाय माखनकी चोरी बांधत हे नंदरानी ॥५॥
रविशशी कोटि कलासम लोचन त्रिविधतिमिर मिटि जात ॥
अंजन देत हेत सुतके चख लेकर काजर मात ॥६॥
कमलानायक वैकुंठदायक सुखदुःख जाके हाथ ॥
कांध कामरी कर लकुटि नग्न पद बनवछरनके साथ ॥७॥
वेदवेदांत उपनिषद खटरस अरपत भुक्त नाहि ॥
गोपमंडलिके मध्य मोहन हसि हसि जूठिन खाहि ॥८॥

क्षिति नापी त्रिपद करुणामय बलि छल दियो पतार ॥
देहरी उल्लंघ शकत नहि सो प्रभु खेलत नंददुवार ॥९॥
बकी बकासुर शकट तृणावर्त अघ धेनुक वृष मास ॥
कंस केशिको यह गति दीनी राखे चरणनिवास ॥१०॥
भक्तवत्सल प्रभु पतित उद्धरन रहे सकल भरपूर ॥
मारग रोकि पर्यो हठद्वारे पतितशिरोमणि सूर ॥११॥

આ પદ સાંભળીને શ્રીઆચાર્યજી આપ બહુ જ પ્રસન્ન થયા.

ભાવપ્રકાશ—પ્રસન્ન થવાનું કારણ એ છે કે જેવો શ્રીઆચાર્યજીએ પુષ્ટિમાર્ગ પ્રકટ કર્યો તેને અનુસરીને જ સૂરદાસજીએ આ કીર્તન ગાયું. તે શ્રીઆચાર્યજીના માર્ગનું શું સ્વરૂપ છે? જે માહાત્મ્યજ્ઞાનપૂર્વક દૃઢ સ્નેહ તે સર્વોપરિ છે, તે શ્રીઠાકોરજીને બહુ પ્રિય છે. પરંતુ જીવ માહાત્મ્ય રાખે તેનું કારણ? માહાત્મ્ય વિના અપરાધનો ભય મટી જાય. માટે પ્રથમ દશામાં માહાત્મ્યયુક્ત સ્નેહ અવશ્ય જોઈએ. વળી વ્રજભક્તોનો સ્નેહ સર્વોપરિ છે, તેથી ભક્તના સ્નેહને વશ થઈ ભક્તોની પાછળ પાછળ ડોલે છે. જ્યાંસુધી એવો સ્નેહ થાય નહિ ત્યાંસુધી માહાત્મ્ય રાખવું. જ્યારે સ્નેહનું નામ લે ને માહાત્મ્ય છોડે અને શ્રીઠાકોરજીની આગળ બેસે, વાત કરે અને પીઠ દે તો ભ્રષ્ટ થઈ જાય, તેથી માહાત્મ્ય વિચારે, અને અપરાધથી ડરે, તો કૃપા થાય. વળી જ્યારે સર્વોપરિ સ્નેહ થશે તો સ્નેહ એવો પદાર્થ છે કે આપોઆપ જ માહાત્મ્યને છોડાવી દેશે. તે બાબતમાં દશમ સ્કંધમાં વર્ણન છે કેઃ શ્રીભગવાને વ્રજભક્તોને અને શ્રીયશોદાજીને વારંવાર માહાત્મ્ય દેખાડયું. તેમાં પૂતનાનો વધ કરી, શકટ-તૃણાવર્તનો વધ કરી, યમલાર્જુનના પ્રસંગે કરી, બકાસુર, ધેનુકાસુર, કાલીય વગેરેનું દમન કરીને લીલાઓમાં માહાત્મ્ય દેખાડયું. પણ વ્રજભક્તોનો સ્નેહ પરમ અદ્ભુત અનિર્વચનીય છે, તેથી માહાત્મ્ય તથા ઈશ્વરભાવ ન થયો, માટે કે એવો સ્નેહ પ્રભુકૃપા કરીને દાન કરે તેને આપોઆપ જ માહાત્મ્ય છૂટી જશે. પરંતુ જેનો સ્નેહ પતિ, પુત્ર, સ્ત્રી, કુટુંબમાં તથા દ્રવ્યમાં છે, તેમજ પોતાના દેહના સુખમાં છે, તે ભગવાનનું માહાત્મ્ય છોડી લૌકિક રીતે કરે તો ભગવાનનો અપરાધી થાય. માટે વેદ-મર્યાદા સહિત શ્રીઠાકોરજીના ભય સહિત સેવા કરવી અને સાવધાન રહેવું.

આવી શ્રીઆચાર્યજીના માર્ગની રીત છે. માટે માહાત્મ્યજ્ઞાનપૂર્વક સ્નેહ કરવો. વળી માહાત્મ્યજ્ઞાનપૂર્વકનો સ્નેહ એવો કે સમય સમયમાં ઋતુ પ્રમાણે સેવામાં સાવધાન રહેવું, તે જ માહાત્મ્યજ્ઞાનપૂર્વકનો સ્નેહ કહેવાય.

પછી શ્રીઆચાર્યજીએ આપે કહ્યું: સૂર, તમને પુષ્ટિમાર્ગનો સિદ્ધાંત ફળરૂપ થયો છે; માટે તમે હવે શ્રીગોવર્ધનધર પાસે સમય સમયનાં કીર્તન કરો. આ (આજ્ઞા) સમયે સેનભોગ સરી ચૂક્યો હતો, તેથી સૂરદાસે માનનું કીર્તન ગાયું:—તે પદ

રાગ બિહાગરો—

बोलत काहे न नागर बैना—
तोहे मिलनको बहुत करत हे गिरिधरलाल कमलदलनैनां ॥१॥
जबतें दृष्टि परी मोहनको बिसर्यो गोचरन ग्रहसैनां ॥
रटत सूर राधे राधे कही कहूं बनमाल कहूं उपरेना ॥२॥

રાગ બિહાગરો—

चली मुख मौन मनावन मान—
अंचल छोर पसार दुहुं कर धर्यो शीश पर पान ॥१॥
शशितन चिते निहार नयन भर कर अंगुलि मुख आन ॥
लीकी तीन करी वसुधा पर तृन तोर्यो कर तान ॥२॥
समजी सबै भेदकी बाते चतुर चली मुसकान ॥
विविध विहारजु किये सूर प्रभु कवि कहा करे बखान ॥३॥

આ બે પદ માનનાં સૂરદાસે ગાયાં. પછી બે પદ સેનનાં ગાયાં તે પદ:—

રાગ બિહાગરો—

सुखद सेजमें पोढे रसिकवर—
रसमें अंगअंग जागरन जागे डींडे शिथिल बैन बिच ॥
भूपन अलक छबि सोहे मुखमुखसों लपटि उर लागे हो ॥१॥
झुकि झुकि आवे नेंन आलस झलकि रह्यो लटपटी बातें वे हरि अति अनुरागे हो ॥
सूरदास नंदसुवन तिहारो जश जानो प्रानप्रिय सुखहीमें रस पागे हो ॥२॥

રાગ બિહાગરો—

पोढे लाल राधिका उर लाय ॥
नवकुसुम ओर नवल सिज्या नव चतुर दोउ राय ॥१॥
गान करत सहचरी द्वारे सरस राग जिमाय ॥
सूर प्रभु गिरिधरन सुख रह्यो लपटाय ॥२॥

આવી રીતે કીર્તન સૂરદાસજીએ નિત્ય પ્રાતઃકાળ જગાડવાથી શરૂઆત કરી સેન પર્યંતનાં હજારો કીર્તન કર્યાં.

વાર્તાપ્રસંગ ૨ જો.

હવે એક વાર સૂરદાસ પાંચ સાત વૈષ્ણવો સાથે માર્ગમાં ચાલ્યા જતા હતા ત્યાં (રસ્તામાં) પાંચ દશ જણ ચોપાટ ખેલતા હતા; તેઓ ચોપાટ રમવામાં એવા તલ્લીન થઈ ગયા હતા કે રસ્તામાં જતા આવતા માણસની પણ કશી ખબર પડે નહિ. આટલા બધા આ લોકોને રમતમાં તલ્લીન જોઈને પોતાની સાથેના વૈષ્ણવો આગળ સૂરદાસે આ પદ ગાયું, અને આ વૈષ્ણવો પ્રત્યે સૂરદાસે કહ્યું કે જુઓ, આ પ્રાણીઓ પોતાનો મનુષ્યજન્મ વૃથા ખુએ છે. શ્રીભગવાને તો મનુષ્યદેહ પોતાનું ભજન કરવા માટે આપ્યો છે, પરન્તુ આ દેહથી આ પ્રાણીઓ નકામાં હાડ કૂટે છે. વળી આમાં લૌકિકમાં તો નિંદા છે કે જુઓ, આ જુગારી છે, અને અલૌકિકમાં તો શ્રીભગવાનથી બહિર્મુખતા છે; માટે ભગવાને જેને આવો મનુષ્યદેહ આપ્યો છે તેણે નીચે જણાવ્યા પ્રમાણે ચોપાટ ખેલવી જોઈએ. આ વખતે સૂરદાસે નીચેનું પદ કરીને સંગના વૈષ્ણવ હતા તેમને સંભળાવ્યું. તે પદઃ—

રાગ કેદારો—

मन! तुं समज सोच विचार ।
भक्ति बिना भगवान दुर्लभ कहत निगम पुकार ॥१॥
साधु संगत डार पासा फेरि रसना सार ॥
दाव अबके पर्यौ पूरो उतरि पहली पार ॥२॥

छांडि सत्रह सुन अठारे पंच ही को मार ॥
दूर तें तज तीन काने चमक चोंक विचार ॥३॥
काम क्रोध मद लोभ भूल्यो ठग्यो ठगिनी नार ॥
सूर हरिके पदभजन बिन चल्यो दोउ कर झार ॥४॥

આ પદ સાંભળીને સાથેના, વૈષ્ણવોએ કહ્યું: સૂરદાસજી, આ પદમાં સમજણ નથી પડી, માટે અમને અર્થ કરીને સમજાવો તો સમજી શકાય.

આ સાંભળી સૂરદાસે વૈષ્ણવોને કહ્યું : ચોપાટમાં ત્રણ વસ્તુ જોઈએ, 'સમજણ' 'સોચ' અને 'વિચાર.' આ ત્રણે વસ્તુ શ્રીભગવાનના ભજનમાં પણ જોઇએ. મતલબ કે જેવી પહેલી 'સમજણ' પડે ત્યારે ચોપાટ ખેલે, તેવી જ રીતે ભગવાનને જાણે તો ભજન કરે. વળી ચોપાટમાં 'સોચ' (ગણતરી) હોય કે આવો પાસો પડે તો હું જીતું, તેવી જ રીતે આ જીવને કાળનો સોચ (ગણતરી) હોય તો જ આ જીવ પ્રભુને શરણે જાય. અને ત્રીજી વસ્તુ 'વિચાર' તે એવો કે વિચારીને કૂટીના પાસાનો દાવ એવો ચલાવે કે અહીં મરાશે નહિ ઇત્યાદિ;[1] આવો જ વિચાર વૈષ્ણવનો હોય કે આ કાર્ય હું

૧. આ પ્રસંગે આપણે પુષ્ટિમાર્ગમાં શ્રીઠાકોરજી સમક્ષ જે શેત્રંજ ધરાય છે તેનો એક ભાવ સમજીએ તો આનંદ આવશે. ચોપાટ પાથરવામાં ચાર બાજૂ હોય છે. તેમાં દરેકમાં આઠ આઠ એવાં ત્રણ ખાનાં હોય છે એટલે ચારના ચોવીસ ચોવીસ ગણતાં છન્નુ થાય. આ છન્નુમાં ચાર પાસાંમાં ત્રણ ત્રણમાં ખાનાંમાં આવેલી કૂટી મરે નહિ. આ ચાર તરી બાર, ખાનાં એ કુંજ છે. છન્નુમાંથી બાર કુંજ–દ્વાદશ કુંજ બાદ કરતાં ચોરાશી બાકી રહે તે લખચોરાશી યોનિ છે. કૂટીરૂપી જે જીવ લખચોરાશીમાં પડયો તે ગમે ત્યાં જાય પણ મરે જ. તેથી ત્યાંથી કૂટી જલદી ખસે એવો પ્રયત્ન થાય છે. વચ્ચેના મોટા ખાનામાં જે પહેલો પેસી જાય તે જીત્યો કહેવાય; તે નિકુંજ છે. નિકુંજમાં ગયો તે કદી પાછો ન આવે. પણ જો રમનારને જરૂર હોય તો તે નિકુંજમાંથી પણ કૂટીને પાછી કાઢે છે. તેવી જ રીતે જરૂર પડે અગર પોતાના સબંધીઓને પાછા નિકુંજ-માં એટલે પ્રભુની લીલાની પ્રાપ્તિ માટે જગતમાં મોકલે છે, તેમ જ આ ચોપાટ રમ-નાર વચ્ચેના મોટા ખાનામાંથી કૂટીને બહાર કાઢે છે. પણ તે વાંકી ચાલે છે, તેને સીધા ગોઠવાય નહિ. મતલબ કે તે બધી કૂટીઓની પેઠે સીધી ન ચાલતાં વાંકી ચાલે છે. તેમ જેને પ્રભુ નિકુંજમાંથી ગીતાજીના વાકયઅનુસાર "तदात्मानं सृजाम्यहम्" જરૂર પડયે હું મારા ભકતને ભૂતળ પર મોકલું છું "આત્માનં" નો ભાવ આત્મા સંબંધી નિજભકતને હું સરજું છું અગર મોકલું છું. તે લોકવેદની મર્યાદાઓથી પર હોય છે.

કરું છું તે સારું છે કે ખરાબ છે ? આમ વિચારી પૂરાં કામ છોડીને ભગવદ્-ધર્મની ચાલમાં ચાલે. અને ચોપાટમાં પાસાનો દાવ પડે ત્યારે બેઉ બાજૂના માણસો પોકાર કરે છે, તેવી જ રીતે જગતમાં નિગમ જે વેદપુરાણ તે પોકારીને કહે છે કે ભક્તિ વિના ભગવાન દુર્લભ છે, તેથી બીજાં કરોડો સાધન કરો, પણ ભગવાન મળે નહિ. ચોપાટમાં બીજાનો સંગ મળે ત્યારે જ ચોપાટ રમાય, તેવી રીતે ભગવાનની ભક્તિમાં પણ ભગવદીય વૈષ્ણવનો સંગ થાય ત્યારે જ ભક્તિ વધે. વળી ચોપાટ ખેલનારના મનમાં જેમ પોતાના દાવનું સ્મરણ રહે છે કે આમ દાવ પડે તો હું જીતું, તેવી જ રીતે રસનાથી આ જીવ ભગવદ્‌વાર્તામાં મન લગાવીને સઘળા રસના સારરૂપ એવું 'ભગવાનનું નામ કહ્યા જ કરે. અને જેમ ચોપાટમાં સુંદર દાવ પડે તો જ કૂટી પાર જાય અને ત્યારે જ ઊતરીને ઘરમાં આવે અને મરવાની બીક મટે, એવી જ રીતે સંસારમાંથી પાર ઊતરવાને માટે પૂરા દાવ જેવો મનુષ્યદેહ ભારે પુણ્યથી જ મળે છે. તેથી આ દેહથી ભગવદાશ્રય કરી સંસારમાં પાર ઊતરી જાય. "राखि सत्रे सुनि अठारे" ચોપાટમાં સત્તર અઢારનો મોટો દાવ છે. તેવાં જ જગતમાં બધાં પુરાણ છે, તેમને રાખીને અઢારમું પુરાણ જે શ્રીભાગવતજી તેને સાંભળવા તત્પર રહે. અને પાંચેય જે ઇંદ્રિયો, પંચપર્વા અવિદ્યા છે તેને તું માર. તેનું કારણ એ છે કે શાસ્ત્રમાં વચન છે કે :—

पतंगमातंगकुरंगभृंगमीना हताः पंचभिरेव पंच ॥
एकः प्रमादी स कथं न हन्यते यः सेवते पंचभिरेव पंच ॥ १ ॥

તેથી તેના જીવનમાં વહેવારુપણું ઓછું હોય છે. કેવળ સ્નેહ અગર સર્વાત્મભાવ એ જ એનું ઈશ્વરી વર્તન હોય છે. તેઓ જન્મથી જ પરમહંસદશા જેવા હોય છે. ચોરાસીમાં આપણે કનૈયાશાહ ક્ષત્રિય જેવા ઘણાને નિહાળીએ છીએ. તે દશા તે પરમહંસદશા છે. શ્રીઆચાર્યજી શ્રીસુબોધિનીજીમાં પરમહંસદશાના ભક્તોનાં લક્ષણ આપે છે. હંસ એ કે દૂધ પાણીના મિશ્રણમાંથી કેવળ દૂધ પી જાય, તેમ હંસદશા એ કે બધામાં ગુણ જુએ, પણ પરમહંસ તે છે કે જે સર્વત્ર ભગવાનને જ જુએ. સર્વત્ર ઈશ્વર સિવાય બીજું જેને દેખાય જ નહિ તે પરમહંસ. આંખમાં પ્રભુ સ્વરૂપાત્મક બિરાજ્યા પછી મતલબ કે નજર પ્રભુરૂપ બન્યા પછી બીજું દેખાય જ કેમ ? આવી દશા વિરલ છે. સર્વાત્મભાવી ઈશ્વરી પ્રેમ જ તેનું જીવન છે. પ્રભુની કે શ્રીમહાપ્રભુજીની કૃપા વગર આવી દશા થાય નહિ. અને પૂર્વનો દૈવી હોય તો જ શ્રીઠાકોરજીની અગર શ્રીમહાપ્રભુજીની કે શ્રીગુરુદેવની અથવા કોઈ મહાનુભાવી ભગવદીયની કૃપા થાય. આ ચોપાટનો પ્રસંગ સેવાની એક ભાવનારૂપે મહાનુભાવી મનોહરદાસજીએ કહેલો અહીં સ્મરણપૂર્વક આપવામાં આવ્યો છે.

૧. પતંગિયાં નેત્રના વિષયથી દીવામાં અંઝાઇને પડે છે. ૨. હાથી સ્પર્શના વિષયથી મરે છે. ૩. હરણ શ્રવણના વિષયથી મરે છે. ૪. ભમરો સુગંધ એટલે નાસિકાના વિષયથી મરે. ૫. મીન એટલે માછલાં જીભના વિષયથી મરે છે. આ બધાં એક એક વિષયથી મરે છે, જ્યારે માણસ તો પાંચેય વિષયોનું સેવન કરે છે; માટે નક્કી કાળ એનું ભક્ષણ કરે જ. માટે પાંચેય નાદ-છંદને ચોપાટમાં જેમ ગોટ મારે છે તેમ તું માર. અને ચોપાટમાં બધાથી નાનો દાવ ત્રણ દાણા છે તે કોઇ ઇચ્છતું નથી, તેવી જ રીતે ત્રણ તામસ રાજસ અને સાત્વિક આ ત્રણ જે માયાના ગુણ છે તે સઘળા સંસારનું ચોકઠું છે તેને તું ચતુરાઈથી ફેંકી દે. ચતુરાઈ એવી કે એને એવી રીતે ફેંકી દે કે ફરી એની સામે જોવાનું મન ન થાય. જેમ ચોપાટ ખેલવામાં બધા સૂધબૂધ ભૂલી જાય છે ને બધા ઠગાય છે, તેમ આમાં કામક્રોધાદિક જંજાળ છે અને સ્ત્રીરૂપ ભગવાનની માયા છે, તે આખા જગતને ઠગશે. જેમ ચોપાટ ખેલીને હારીને સર્વ કોઈ બેઉ હાથ ખંખેરીને ઊઠે, તેવી જ રીતે શ્રીઠાકોરજીના ચરણકમળના ભજન વિના બેઉ હાથ ખંખેરીને આ મનુષ્યદેહ ખોયો, કારણ કે કશું ભલું કામ પરોપકાર કે સત્સંગ પણ ન કર્યો. આવી રીતે સાંભળીને વૈષ્ણવો સૂરદાસજી પર બહુ જ પ્રસન્ન થયા.

વાર્તાપ્રસંગ ૩ જો.

અને શ્રીઆચાર્યજી સૂરદાસને જોતા એટલે કહેતા કે 'આવો. સૂરસાગર.' તેનો આશય એવો છે કે જેમ સમુદ્રમાં બધા પદાર્થો હોય છે, તેમ સૂરદાસે સહસ્રાવધિ પદ કર્યાં છે તેમાં જ્ઞાનવૈરાગ્યનાં જુદાં જુદાં, અનેક ભક્તિભેદનાં, અને ભગવાનના અવતારો તે બધાંની લીલાઓનાં વર્ણન કર્યાં છે.

પછી જ્યાં ત્યાં તેમનાં પદ લોકો શીખીને ગાવા લાગ્યા. એક વાર તાનસેને એક પદ સૂરદાસજીનું શીખીને અકબર બાદશાહ પાસે ગાયું. તે પદઃ—

રાગ નટ—

यह सब जानो भक्तके लक्षन—
कोउ निंदो कोउ वंदो कोउ मारी लेहु धन गच्छन ॥१॥

कोउ आनिले डारत चंदन, डारि धूरि कोउ देत हे मक्षन ॥
कोउ कहे मूरख महा अधर्मी, काउ कहे यह तो वडो विलक्षण ॥२॥
भली बुरी मनमें नहीं आवे कृष्णचरणरति टरे न एक क्षण ॥
सूर सुखदुःख तिनको न जाने तिनको गिरिधर मिले ततक्षण ॥३॥

આ પદ તાનસેને ગાયું એ સાંભળતાં જ દેશાધિપતિ અકબરને મૂર્છા આવી ગઇ. આ મૂર્છા ત્રણ પહોર રહી ત્યારપછી ભાન આવ્યું. એટલે કહ્યું કે આવાં લક્ષણવાળા ભક્તોનો મેળાપ થાય તો શું કહેવું? ત્યારે તાનસેને કહ્યું કે જેમણે આ પદ રચ્યું છે તે વ્રજમાં રહે છે, અને સૂરદાસજી એમનું નામ છે. આ વખતે દેશાધિપતિના મનમાં આવ્યું કે કોઈ ઉપાય કરી સૂરદાસને મળીએ. પછી દેશાધિપતિ દિલ્હીથી આગ્રા ચાલ્યો, ત્યારે પોતાના હલકારાને કહ્યું કે વ્રજમાં સૂરદાસ શ્રીનાથજીની પાસે પદ ગાય છે તેમની ખબર કાઢી મને શ્રીમથુરાંજીમાં ખબર આપજો; પણ એ વાત સૂરદાસ જાણે નહિ. આ હલકારાએ શ્રીનાથજીદ્વારામાં ખબર કાઢી. ત્યાં ખબર મળી કે સૂરદાસજી મથુરાં ગયા છે, એટલે એ હલકારાએ મથુરાં આવી સૂરદાસજીની તપાસ રાખી કે આ સમયે અહીં બેસે છે. પછી હલકારાએ દેશાધિપતિને ખબર કહી કે જી સાહેબ, સૂરદાસજી તો મથુરાંમાં છે. આ સાંભળી અકબર બાદશાહે સૂરદાસને બોલાવવા પાંચ દશ માણસ મોકલ્યા, ત્યારે સૂરદાસજી દેશાધિપતિ પાસે આવ્યા. દેશાધિપતિએ સૂરદાસજીનું બહુ જ આદરમાન કર્યું. પછી દેશાધિપતિએ સૂરદાસને કહ્યું કે સૂરદાસજી, તમે વિષ્ણુપદ તો બહુ જ કર્યાં છે તો મને કંઈક સંભળાવો. એટલે સૂરદાસે અકબર બાદશાહ પાસે આ પદ ગાયું, તે પદઃ—

રાગ બિલાવલ

मना रेतू कर माधोसो प्रीति—
कामक्रोध मदलोभ माया, छांडि विषय विपरीत ॥ टेक ॥
भोगी भ्रमरा बन भमे रे, मोद न माने मापु;
सब कुसुमन नीरस करे रे, कमल बंधावे आपु ॥ १ ॥

सुनी परमित पिय प्रेमको रे, चात्रक चितवे वारि;
धन आशा सब दुःख सहे रे, अंत न जाये वारि ॥ २ ॥

देखो करनी कमलकी रे, रविसों बांध्यो हेत ॥
प्राण तजे प्रीत ना तज्यो रे, सूखो शरन समेत ॥ ३ ॥

दीपक पीर न जानइ रे, पावक परे पतंग;
तन तो तिहि ज्वाला जर्यो रे, पे चित्त न भयो रसभंग ॥ ४ ॥

मीन वियोग न सही शके रे, नीर न पूछे वात;
देखी जूताकी यह गति रे, रति न घटि तन जात ॥ ५ ॥

परनि परेवा प्रेमकी रे, चित्त ले चढत आकाश;
तहां चढी ताहि जुदे पडि रे, भू परि लेत उसास ॥ ६ ॥

सुमरि सनेह कुरंगको रे, श्रवननि राच्यो राग;
धरी न शक्यो पग पिछ मनो रे, सर सन्मुख उर लाग ॥ ७ ॥

देखी करनी जड नारीकी रे, जरत प्रेमके संग;
चिता न चित्त फीको भयो रे, राचि पियके संग ॥ ८ ॥

लोक वेद बरजे सबे रे, नेनन देखे त्रास;
चोर न जिय चोरी तजे रे, अरे जिय सहे विनास ॥ ९ ॥

सब रसको रस प्रेम हे रे, विपई खेले सार;
तन मन धन जोवन खस्यो रे, तो न माने हार ॥ १० ॥

तेउ रतन पायो भलो रे, जान्यो साधन साजि;
प्रेमकथा अनुदिने सुनी रे, तोउ न उपजी लाज ॥ ११ ॥

सदा संघाती आनो रे, जियके जीवन प्रान;
सो विसर्यो तूं सहजइ रे, हरि ईश्वर भगवान ॥ १२ ॥

वेद पुरान सुमरि सबे रे, सुरतरु सेवत जाहि;
महामोह अज्ञानको रे, क्यों न संभारे ताहि ॥ १३ ॥

खग मृग मीन पतंगलो रे, में शोधे सब ठोर;
जलथल जीव जितकिते रे, कहूं कहां लग ओर ॥ १४ ॥

प्रभु पूरन पावन सखा रे, प्राननहूके नाथ;
परम दयाल कृपाल कृपानिधि, जीवन जिनके हाथ ॥ १५ ॥
गर्भवास अति त्रासमें रे, जहां न एके अंग;
सुनि शठ तेरे प्रानपति रे, तहां हू न छोड्यो संग ॥ १६ ॥
दिनरातन पोषत रहे रे, जेसे चोली पान;
या दुःखतें तोई काढिके रे, गहे दीनो पयपान ॥ १७ ॥
जिहि जडतें चेतन कियो रे, रचि गुण तत्त्व निधान;
चरन चिकुर करन नख दिये रे, नेनन नासिका कान ॥ १८ ॥
असन बसन बहुविध दिये रे, ओसर मोसर आन;
मात पिता भैया मिले रे, नइ रुचि नइ पहेचान ॥ १९ ॥
सज्जनकूट बपर कर बढ्यो सूत दारा धन धाम;
महामोह बिषई भयो रे, चित्त आकर रख्यो काम ॥ २० ॥
खानपान परिधानमें रे, जोबन गयो सब बीत;
ज्यौं बिट परत्रिय संग बस्यो रे, भोर भये भयभीत ॥ २१ ॥
जेसे सुखही धन बाढ्यो रे, तेसे तन ही अनंग;
धूम बढ्यो लोचन खस्यो रे, सखा न सूझो संग ॥ २२ ॥
जब जान्यो सब जग सून्यो रे, बाढ्यो अजश अपार;
बीच न काहू तब कियो रे, जब जमदूतन दीनी मार ॥ २३ ॥
को जाने के बार मुओ रे, एसो कुमति कुमीच;
हरिसो हेत बिसारिके रे, सुख चाहत हे नीच ॥ २४ ॥
जोपें जिय लाज्यो नहि रे, कहा कहू सो बार;
एको अंगतें नरि न भज्यो रे, सुनि शठ सूर गमार ॥ २५ ॥

ભાવપ્રકાશ—આ પદ કેવું છે કે આ પદનું સ્મરણ રહે તો ભગવાનનો અનુગ્રહ થાય અને મનને બોધ થાય, તેમજ સંસારમાં વૈરાગ્ય થાય અને શ્રીભગવાનના ચરણારવિંદમાં મન લાગે. પછી દુઃસંગનો ભય લાગે, અને સત્સંગમાં મન ચોંટે અને દેહાદિકમાંથી સ્નેહ ઘટે. વળી લૌકિક આસક્તિ છૂટે. શ્રીભગવાનનો પ્રેમ છે તે અલૌકિક છે તેમાં પ્રેમ વધે.

આ સાંભળીને દેશાધિપતિ બહુ જ પ્રસન્ન થયો અને તેના મનમાં એમ આવ્યું કે સૂરદાસજીની પરીક્ષા કરું : જો ભગવાનનો આશ્રય હશે તો તે મારો જશ ગાશે નહિ. આમ વિચારી દેશાધિપતિએ સૂરદાસને કહ્યું કે શ્રીભગવાને મને રાજ્ય આપ્યું છે તેથી બધા ગુણીજન મારો યશ ગાય છે તેમને હું અનેક દ્રવ્યાદિક આપું છું, તો તમે પણ ગુણીજન છો માટે તમે પણ મારો જશ ગાઓ, અને તમારા મનમાં આવે તે ઇચ્છા પ્રમાણે માગી લો. આ પ્રમાણે દેશાધિપતિએ કહ્યું એટલે સૂરદાસે આ પદ ગાયું :

રાગ કેદારો—

नाहिन रह्यो मनमें ठौर—
नंदनंदन तजत कैसे आनिये उर और— टेक ॥१॥
चलत चितवत द्यौस जागत, सुपन सोवत राति;
हृदयतें यह मदनमूरति, छिनन इत उत जाति ॥२॥
कहत कथा अनेक ऊधो, लोक लोभ देखाइ;
कहा करूं चित्त प्रेमपूरन, घट न सिंधु समाइ ॥३॥
श्याम गात सरोज आनन, ललित गत मृदुहास;
सूर एसे दर्शनको ये, मरत लोचन-प्यास ॥४॥

આ પદ સાંભળી દેશાધિપતિ અકબરે મનમાં વિચાર્યું કે મારો જશ શા માટે ગાય ? આને કશું લેવાની લાલચ હોય તો ગાય; આ તો પરમેશ્વરનો જન છે તેથી તે તો પ્રભુના જશ ગાવાનો.

હવે સૂરદાસજી આ કીર્તનમાં પાછલા ચરણમાં કહે છે કે "सूर ! एसे दरशको ये मरत लोचनप्यास." આ સાંભળી દેશાધિપતિએ કહ્યું કે સૂરદાસ ! તમારે નેત્ર તો છે નહિ, તો (તે) પ્યાસે શી રીતે મરે છે ? તો આ તમે શું કહ્યું ? ત્યારે સૂરદાસે કહ્યું કે આ વાતની તમને શી ખબર ? આ લોચન તો બધાંને છે, પરન્તુ ભગવાનનાં દર્શનની તરસ કોઇને છે ? ભગવાનનાં દર્શનનાં તરસ્યાં જે નેત્ર છે તે તો સદા ભગવાનની પાસે જ રહે છે, તે સ્વરૂપાનંદનું રસપાન ક્ષણે ક્ષણે કરે છે, છતાં સદા તરસે મરે છે.

આ સાંભળી અકબર બાદશાહે કહ્યું કે આમનાં નેત્ર તો પરમેશ્વરની પાસે છે, તેથી પરમેશ્વરને દેખે છે, બીજાને જોતાં જ નથી. પછી બાદશાહે સૂરદાસના સમાધાનની ઇચ્છા કરી. બે ચાર ગામ તથા બહુ જ દ્રવ્ય આપવા લાગ્યો, પણ સૂરદાસે કશું જ લીધું નહિ. એટલે અકબર બાદશાહે સૂરદાસને કહ્યું કે બાબા સાહેબ! કંઇક તો અમને આજ્ઞા કરો! ત્યારે સૂરદાસે કહ્યું કે આજ પછી અમને કદી ફરી બોલાવશો નહિ, અને મને કદી મળશો નહિ.

ભાવપ્રકાશ—અકબર બાદશાહ વિવેકી હતો, કારણ કે એ યોગભ્રષ્ટ થવાથી મ્લેચ્છ થયો હતો. પૂર્વ જન્મમાં એ બાલમુકુંદ બ્રહ્મચારી હતો. તેણે એક દિવસ વગર ગાળેલું દૂધ પીધું, તેમાં એક ગાયનો વાળ પેટમાં ગયો, તે અપરાધથી એ મ્લેચ્છ થયો.

પછી સૂરદાસને દંડવત્ પ્રણામ કરી સમાધાન કરી વિદાય કર્યા.

વાર્તાપ્રસંગ ૪ થો.

ત્યારપછી સૂરદાસજી શ્રીનાથદ્વારા આવ્યા. પછી દેશાધિપતિએ આગ્રામાં આવીને સૂરદાસજીનાં પદની તપાસ શરૂ કરી. જે કોઇ સૂરદાસજીનું પદ લાવે તેને રૂપિયા અને મહોર આપે અને તે પદ ફારસી ભાષામાં લખાવીને વાંચે. હવે મહોરની લાલચે પંડિતો કવિઓ પણ સૂરદાસ (નામ)નાં પદ બનાવીને લાવ્યા. આ જોઇ અકબર બાદશાહે એમને કહ્યું કે આ પદ સૂરદાસનાં નથી. આ લોકો પૈસાને માટે પદની ચોરી કરે છે. આ બાબતમાં પંડિતો અને કવીશ્વરોએ કહ્યું કે તમે શાથી જાણ્યું કે આ પદ સૂરદાસનાં નથી? આ પદો તો સૂરદાસનાં જ છે. ત્યારે બાદશાહે પોતાની પાસેનું સૂરદાસનું પદ પોતાના કાગળ પર લખાવ્યું. અને પેલા પંડિત કવીશ્વર સૂરદાસની છાપનું લાવેલ તે બેઉ કાગળ જળમાં ધરી કહ્યું કે ઈશ્વર સાચા હોય તો આ વાતનો ન્યાય કરી દેજો. આમ કહી જલમાં નાખી દીધા. ત્યારે આ પંડિત જ્યોતિષીએ પદ બનાવ્યું

હતું તે કાગળ જળમાં પલળી ગયો, અને સૂરદાસનું પદ હતું તે કાગળ જળમાં પલળ્યો નહિ.

ભાવપ્રકાશ—આવી રીતે જે ભગવદીયને ભગવાન મળ્યા છે તેમનાં પદ જે ગાશે તે તો સંસારથી તરી જશે. અને ચતુરાઇ કરી લૌકિક મનુષ્યનાં કવિત કીર્તન કાવ્ય જે ગાશે તે આવી રીતે સંસારમાં ડૂબી જશે.

. આ સાંભળી સઘળા પંડિત કવીશ્વરો શરમાઇને નીચું માથું કરીને પોતાને ઘેર ગયા. આ સૂરદાસજી શ્રીઆચાર્યજીના એવા પરમ કૃપાપાત્ર ભગવદીય હતા.

વાર્તાપ્રસંગ ૫ મો.

આ સૂરદાસજીએ શ્રીનાથજીની કીર્તનસેવા બહુ જ દિવસ સુધી કરી. વચમાં વચમાં જ્યારે પરમાનંદદાસજી કુંભનદાસજીનાં કીર્તનનો વારો આવતો ત્યારે સૂરદાસજી શ્રીગોકુલમાં શ્રીનવનીતપ્રિયજીનાં દર્શન કરવા જતા. હવે એકવાર સૂરદાસજી શ્રીગોકુલમાં શ્રીનવનીતપ્રિયજીનાં દર્શન કરવા આવ્યા હતા, તે વખતે બાળલીલાનાં પદ બહુ જ ગાયાં. તે સાંભળીને શ્રીગુસાંઇજી આપ બહુ જ પ્રસન્ન થયા. અને શ્રીગુસાંઇજીએ એક પલનાનું કીર્તન સંસ્કૃતમાં કરીને સૂરદાસને શિખવાડયું. તે વખતે શ્રીનવનીતપ્રિયજી પલનામાં બિરાજ્યા હતા. ત્યારે સૂરદાસે શ્રીગુસાંઇજીકૃત આ પલનાનું પદ ગાયું. તે પદ :—

રાગ રામકલી—

प्रेंखपर्यंकशयनम्
चिरविरहतापहरमतिरुचिरमीक्षणं प्राकट्यप्रेमायनम्–ध्रुव ॥
तनुतरद्विजपंक्तिमतिललितानि हसितानि तव वीक्ष्य गायकीनाम् ॥
ईयदवधि परमेतदाशया समभवज्जीवितं तावकीनाम् ॥ १ ॥
तोकता वपुषि तव राजते दृशि तु सदमानिनीमानहरणम् ॥
अग्रिमे वयसि किमु भाविका येऽपि निजगोपिकाभावकरणम् ॥ २ ॥
व्रजयुवतिहृच्चकनकाचलानारोढुमुत्सुकं तव चरणयुगलम् ॥
तेन मुहुरुन्नमद्भासमिव नाथ सपदि कुरुते मृदुलमृदुलम् ॥ ३ ॥

अधिगोरोचनातिलकमलकोद्ग्रथितविविधमणिमुक्ताफलविरचितम् ॥
भूषणं राजते मुग्धतामृतभरस्यंदि वदनेंदुरसितम् ॥ ४ ॥
भ्रूतटे मातुरचितांजनबिंदुरतिशयितशोभया दोषमपनयन् ॥
स्मरधनुषि मधु पिबन्नलिराज इव राजते प्रणयिसुखमुपनयन् ॥ ५ ॥
वचनरचनोदारहाससहजस्मितामृतचयैरार्तिभरमपनयन् ॥
पालय सदास्मानस्मदीयश्रीविठ्ठले निजदासरसमयमुपनयन् ॥ ६ ॥

આ પદ સૂરદાસે નવનીતપ્રિયજી આગળ ગાયું. પછી આ પદને અનુસરતાં સૂરદાસજીએ બહુ જ પદ રચીને ગાયાં.

રાગ રામકલી—

प्रेंखपर्यंक गिरिधरन सोहे—
प्रेम आनंद भरि गोपिका कर धरी देत झोटा तहां काम मोहे ॥ १ ॥
मंद मोहन हसत दंतकांति हि लसत बजत नूपुर मधुर रुनत हारि ॥
भाल सित बिंदु केसरि तिलक हि लसे नेन अंजन मनसि बान मारि ॥ २ ॥
अलक राजत मुख हि भुज पसारत सुखहि हरत गोपांगनामान तिहि समे तहां ॥
देत सुखसिंधु सब गोपिकामनको सूर शोभा निरखि वारि तनमन जहां ॥३॥

આ પલનાનું પદ સૂરદાસજીએ ગાયું અને પછી બાળલીલાનાં પદ ગાયાં. તે પદો—

રાગ બિલાવલ—

बालविनोद आंगनमें क्रीडोलनि
मणिमय सुभग भूमि नंदालय बलिबलि गई तोतरी बोलनि ॥ १ ॥
कठुला कंठ रुचिरके हरिनख वजमाल उरवनि अमोलनि ॥
वदनसरोज तिलक गोरोचन लर लटकन मधुपगन लोलनि ॥ २ ॥
ल्योंन्यों कर परसत आनन पर कछुक खात कछु लायो कपोलनि ॥
कहे जन सूर कहां लग बरनो धन्य नंदजीवन जगतोलनि ॥ ३ ॥

રાગ બિલાવલ—

गोपालन माई दुरेरी माखन खात—
देखि सखी सोजु बढी अतिश्याम मनोहर गात ॥ १ ॥

उठी अवलोकी ओट ठाडी ह्वे जिहि विधि करि हरि लेत;
चक्रत नेंन चहुधा चितवत ओर सबनको देत ॥ २ ॥

सुंदर कर आनन समीप हरि राजत इहि आकार;
जनुजलारुह तजी वेर चंदनसो लिये मिलत उपहार ॥ ३ ॥

गिरि गिरि परत वदनके उपर ह्वे दधिसुतके बिंदु;
मानो सुभग सुधाकण बरखत पियजन आगम इन्दु ॥ ४ ॥

बालविनोद विलोकी सूरप्रभु भक्ति भई व्रजनारि;
फुरत न वचन बरजीवेको मनहि विचार विचारि ॥ ५ ॥

રાગ બિલાવલ–

कहांलो वरनौं सुंदरताई–
खेलत कुमार कनिक आंगनमें नेनन निरखी सचुपाई ॥ १ ॥

कुलह लसत शिर श्यामसुंदरके बहुविधि रंगनि बनाई;
मानहु नवघन उपर राजत मघवा धनुष चढाई ॥ २ ॥

सेत पीत अरु असित लाल मनि लटकत भालि रुराई;
मानो असुर देव गुरुसो मिलि भूमि जशो सुखदाई ॥ ३ ॥

अतिसुदेश पट्ठ चिहुर हरत मन मोहनमुख लगराई;
मानहु मंजुल कंजन उपर अलि–आवलि फिर आई; ॥ ४ ॥

दूधदंत छवि कही न जात अलि अल्प अल्प झलकाई;
किलकत हसत दुरत प्रगटित मानो विधुमें विज्जुल नाई ॥ ५ ॥

खंडित वचन दंतपूरन सुख अद्भुतह उपमाई;
घुटरुवन चलत उठत प्रमुदित मन सूरदास बलि जाई ॥ ६ ॥

રાગ બિલાવલ–

देख सखि एक अद्भुत रूप–
एक अंबुज मध्य देखियत बीच दधिसुतजूथ ॥ १ ॥

एक अवलि दोइ जलचर उभय अर्क अनूप;
पंच वारिज ढिंगहि देखियत कहो ये कोन सरूप ॥ २ ॥

शिशुगतिमें भई शोभा कहो कोउ विचार;
सूर श्रीगोपालकी छबी रखिये उर धारि ॥ ३ ॥

રાગ સારંગ—

शोभा आज भली बनी आई
जलसुत उपर हंस विराजत ता पर इन्द्रवधू दरसाई ।१।।
दधिसुत लियो दियो दधिसुतमें यह छबि देखि नंद मुसकाई;
नीरजसुतवाहनको भक्षण सूरश्याम मिल कीर चुगाई ॥ २ ॥

ઇત્યાદિક કીર્તન શ્રીનવનીતપ્રિયજીની સન્મુખ ગાયાં, તેથી શ્રીગુસાંઇજી અને શ્રીગિરિધરજી આદિ સર્વ બાળકો સર્વે કહેવા લાગ્યા કે જેવી રીતનો અમે શૃંગાર શ્રીનવનીતપ્રિયજીનો કરીએ છીએ તે જ પ્રકારનાં કીર્તન સૂરદાસજી ગાય છે, તેથી આ સૂરદાસજી પર બહુ જ કૃપા છે.

વાર્તાપ્રસંગ ૬ ઠ્ઠો.

ત્યારપછી શ્રીગુસાંઇજી આપ તો શ્રીનાથજીદ્વાર પધાર્યા. સૂરદાસજીએ પણ શ્રીનાથજીદ્વાર જવાનો વિચાર કર્યો, ત્યારે શ્રીગિરિધરજી વગેરે સર્વ બાળકોએ કહ્યું કે સૂરદાસજી, બે દિવસ શ્રીનવનીતપ્રિયજીને બીજાં પણ કીર્તન સુણાવો, પછી તમે જજો. આથી સૂરદાસજી શ્રીગોકુળમાં રહ્યા. પછી શ્રીગિરિધરજીને શ્રીગોવિંદરાયજી, શ્રીબાલકૃષ્ણજી, શ્રીગોકુળનાથજી એ ત્રણે ભાઇએ કહ્યું કે આ સૂરદાસજી જેવા શૃંગાર શ્રીનવનીતપ્રિયજીના થાય છે તેવાં જ વસ્ત્રાભૂષણનું વર્ણન કરે છે; માટે એક દિવસ અદ્ભુત અનોખો શૃંગાર કરો, અને સૂરદાસને જણાવશો નહિ; અને જોઇએ કે એ કીર્તન કેવાં કરે છે! આ વખતે ગિરિધરજીએ કહ્યું કે આ સૂરદાસજી ભગવદીય છે તેથી તેમના હૃદયમાં સ્વરૂપાનંદનો અનુભવ છે, તેથી તમે જેવો શૃંગાર કરશો તેવું જ વર્ણન કરી સૂરદાસ કીર્તન ગાશે; માટે ભગવદીયની પરીક્ષા કરવી નહિ. ત્યારે આ ત્રણે બાળકોએ શ્રીગિરિધરજીને કહ્યું કે અમારું મન છે તેથી એમાં કશો વાંધો નથી. ત્યારે શ્રીગિરિધરજીએ કહ્યું કે સવારે શ્રીનવનીતપ્રિયજીનો શૃંગાર કરીશું તે અદ્ભુત શૃંગાર

કરીશું. ત્યારપછી સવારે શ્રીગિરિધરજી ત્રણે બાળકો સાથે શ્રીનવનીતપ્રિયજીના મંદિરમાં પધાર્યા અને સેવામાં નાહ્યા. પછી શ્રીનવનીતપ્રિયજીને જગાડ્યા, પછી ભોગ ધર્યો. પછી (શ્રીને) નવરાવીને શૃંગાર ધરાવવા લાગ્યા. તે વખતે આષાઢના દિવસ હતા, તેથી તાપ બહુ જ હતો; તેથી શ્રીનવનીતપ્રિયજીને કશાં વસ્ત્રો ન ધરાવ્યાં. (માત્ર) મોતીની બે લર મસ્તક ઉપર, મોતીના બાજૂબંધ, પહોંચી, કટિકિંકણી, નૂપુર, હાર બધું મોતીનું, તિલક, નકવેસર કર્ણફૂલ, બીજું કશું નહિ. આ વખતે સૂરદાસજી જગમોહનમાં બેઠા હતા ત્યાં તેમના હૃદયને અનુભવ થયો, એટલે સૂરદાસે પોતાના મનમાં વિચાર્યું કે આજ તો શ્રીનવનીતપ્રિયજીને અદ્‌ભુત શૃંગાર કર્યો છે. આવો શૃંગાર તો મેં કદી જ દેખ્યો નથી અને સાંભળ્યો પણ નથી કે કેવળ મોતી જ ધરાવ્યાં છે, બીજાં વસ્ત્ર તો કશાં ધરાવ્યાં નથી; માટે આજે મારે કીર્તન પણ અદ્‌ભુત ગાવું જોઈએ.

હવે જ્યારે શૃંગારનાં દર્શન ખૂલ્યાં ત્યારે શ્રીગિરિધરજીએ સૂરદાસજીને બોલાવ્યા અને કહ્યું કે સૂરદાસજી, દર્શન કરો અને કીર્તન ગાઓ; એટલે સૂરદાસજીએ આ કીર્તન કરીને શ્રીનવનીતપ્રિયજીને સંભળાવ્યું, તે પદ:—

રાગ બિલાવલ—

देखेरी हरि नंगमनंगा—
जलसुतभूषन अंग बिराजत बसनहीन इति उठत तरंगा ॥१॥
अंगअंग प्रति अमित माधुरी निरखि लजित रति कोटि अनंगा ॥
किलकत दधिसुत मुखलेपन करि सूर हसत व्रजजुवतिन संगा ॥२॥

આ સાંભળીને શ્રીગિરિધરજી વગેરે બધા બાળકો બહુ જ પ્રસન્ન થઈ સૂરદાસજીને કહેવા લાગ્યા કે સૂરદાસજી, આ તમે શું ગાયું? ત્યારે સૂરદાસે કહ્યું કે મહારાજ, જેવો આપે અદ્‌ભુત શૃંગાર કર્યો તેવું મેં અદ્‌ભુત કીર્તન કર્યું. એટલે બધા બાળકો સૂરદાસજી પર ઘણા પ્રસન્ન થયા. આ સૂરદાસ શ્રીઆચાર્યજીના એવા અત્યંત

કૃપાપાત્ર ભગવદીય હતા. એમના હૃદયમાં શ્રીનવનીતપ્રિયજી શ્રી-ઠાકોરજી નિત્ય દર્શન આપતા. પછી શ્રીગિરિધરજી સૂરદાસજીને સાથે લઇને શ્રીનાથજીદ્વારા આવ્યા, પછી શ્રીગિરિધરજીએ શ્રીગુસાંઇજીને બધા સમાચાર કહ્યા કે આવી રીતે શ્રીનવનીતપ્રિયજીનો અદ્ભુત શૃંગાર સઘળા બાળકોના મનોરથ પ્રમાણે કર્યો અને સૂરદાસજીએ પણ તેવું જ કીર્તન કર્યું. એમના હૃદયમાં એવો અનુભવ છે. એટલે શ્રીગુસાંઇજીએ શ્રીગિરિધરજીને કહ્યું કે સૂરદાસજીની વાત તો શી કરવી? એ તો પુષ્ટિમાર્ગનું જહાજ છે, આથી ભગવલ્લીલાનો અનુભવ એમને આઠે પહોર છે. આ સૂરદાસજી શ્રીઆચાર્યજીના એવા કૃપાપાત્ર ભગવદીય હતા.

વાર્તાપ્રસંગ ૭ મો.

સૂરદાસજી પાસે એક વ્રજવાસીનો છોકરો હતો તે સૂરદાસજીનું બધું કામકાજ કરતો. તેનું નામ ગોપાળ હતું. એક વાર સૂરદાસજી મહાપ્રસાદ લેવા બેઠા ત્યારે ગોપાળને સૂરદાસજીએ કહ્યું કે તું મને જળની લોટી ભરી આપ. આ સાંભળી ગોપાળ વ્રજવાસીએ કહ્યું કે તમે મહાપ્રસાદ લેવા બેસો એટલામાં હું જળ ભરી દઉં છું. આમ કહી ગોપાળ તો ગોબર લેવા ગયો. ત્યાં બેચાર વૈષ્ણવો હતા તેમની સાથે વાત કરવા લાગ્યો, તેથી સૂરદાસજીને જળ ભરી આપવાનું ભૂલી ગયો. અહીં સૂરદાસજી તો મહાપ્રસાદ લેવા બેઠા, ગળામાં કોળિયો અટક્યો, એથી ડાબા હાથે આમ તેમ લોટો ખોળવા લાગ્યા, પણ લોટો મળ્યો નહિ. હવે ગળામાં કોળિયો અટકવાથી બોલાય પણ નહિ, આથી સૂરદાસ વ્યાકુળ થઇ ગયા. એટલામાં શ્રીનાથજી સૂરદાસ પાસે આવી પોતાની ઝારી ધરી આવ્યા, એટલે સૂરદાસે ઝારીમાંથી જળ પીધું. હવે ગોપાળ વ્રજવાસીને સાંભરી આવ્યું કે મેં સૂરદાસજીને જળ ભરી આપ્યું નથી તેથી તે દોડતો આવ્યો, એટલામાં સૂરદાસ મહાપ્રસાદ લઇને આવ્યા. પછી ગોપાળ વ્રજવાસીએ આવી સૂરદાસને કહ્યું કે સૂરદાસજી, તમે મહાપ્રસાદ લઇને ઊઠ્યા, તમે જળ ક્યાંથી પીધું? હું તો ગોબર લેવા ગયો

હતો ત્યાં વૈષ્ણવો સાથે વાત કરવામાં (જળ આપવાનું) ભૂલી ગયો, તેથી હું હમણાં દોડ્યો આવ્યો છું. એટલે સૂરદાસજીએ વ્રજવાસીને કહ્યું કે તેં ગોપાળ નામ શા માટે ધર્યું છે? ગોપાળ તો એક શ્રીનાથજી છે, તેથી તેમણે આજ મારી રક્ષા કરી. ગળામાં એવો કોળિયો અટકયો હતો કે જળ વિના બોલ જ નીકળે નહિ! તેથી હું વ્યાકુળ થઈ ગયો, તે વખતે જળની ઝારી હાથમાં આવી એમાંથી મેં જળપાન કર્યું. મેં જાણ્યું કે તેં ધર્યું હશે. હવે તું કહે છે કે હું નહોતો, માટે મંદિરવાળો ગોપાળ હશે. તું જો તો ઝારી કેવી છે! તો ઝારી સોનાની છે તે લઇને ગોપાળે સૂરદાસ પાસે આવીને કહ્યું કે આ ઝારી તો મંદિરની છે. આથી સૂરદાસે ગોપાળ વ્રજવાસીને કહ્યું કે તેં બહુ જ ખોટું કામ કર્યું કે શ્રીઠાકોરજીને આટલો બધો શ્રમ કરાવ્યો; મારે માટે ઝારીજી લઇને શ્રીઠાકોરજીને આવવું પડયું. આવી રીતે સૂરદાસે ગોપાળને કહ્યું કે આ ઝારીજી તું સાચવીને રાખજે, અને શ્રીગુસાંઇજી જ્યારે પોઢીને ઊઠે ત્યારે તેમને સોંપી આવજે. ગોપાળે ઝારી લઈ શ્રીગુસાંઈજી પાસે આવી દંડવત્ પ્રણામ કરી ઝારી શ્રીગુસાંઇજી પાસે મૂકી ત્યારે શ્રીગુસાંઇજીએ પૂછયું કે આ ઝારી તારી પાસે શી રીતે આવી? આ ઝારી તો શ્રીગોવર્ધનધરની છે. એટલે ગોપાળે શ્રીગુસાંઇજીને વિનંતિ કરી કે મહારાજ, આ અપરાધ મારાથી થયો છે. પછી બધી વાત કહી. આ સાંભળતાં જ શ્રીગુસાંઇજી તત્કાળ સ્નાન કરી ઝારીને મંજાવી બીજું વસ્ત્ર લપેટીને મંદિરમાં જલદી ઝારીજી લઇને પધાર્યા. પછી શ્રીગોવર્ધનધરને જળપાન કરાવીને કહે કે આજ તો સૂરદાસજીની બડી રક્ષા કરી. તમારા વિના વૈષ્ણવોની રક્ષા કોણ કરે? એટલે શ્રીનાથજીએ કહ્યું કે સૂરદાસના ગળામાં કોળિયો અટકયો હતો, તેથી વ્યાકુળ થયા હતા, તેથી (હું) ઝારી ધરી આવ્યો.

ભાવપ્રકાશ—આનું કારણ એ કે સૂરદાસ વ્યાકુળ થયા એટલે હું જ વ્યાકુળ થયો, કારણ કે ભગવદીય છે તે મારું સ્વરૂપ છે.

ત્યાર પછી ઉત્થાપનનાં કમાડ ખૂલ્યાં એટલે સૂરદાસે આવી

ઉત્થાપનનાં દર્શન કર્યાં. હવે ઉત્થાપન સમયનો ભોગ શ્રીગુસાંઇજીએ શ્રીનાથજીને ધરીને સૂરદાસજી પાસે આવીને કહ્યું કે આજે ગોપાળે તમારા પર ભારે કૃપા કરી છે; ત્યારે સૂરદાસજીને કહ્યું કે મહારાજ, એ બધી આપની જ કૃપા છે, નહિ તો શ્રીનાથજી મારા જેવા પતિતને ક્યાંથી ઓળખે ? બધું શ્રીઆચાર્યજીની કાનીથી અંગીકાર કરે છે. આ સાંભળી શ્રીગુસાંઇજી આપે કહ્યું કે તમે મહાન ભગવદીય છો. ભગવદીય વિના આવી દીનતા ક્યાં હોય ? આ આ સૂરદાસજી શ્રીઆચાર્યજીના એવા કૃપાપાત્ર ભગવદીય હતા.

વાર્તાપ્રસંગ ૮ મો.

શ્રીનાથજીના મંદિર નીચે ગોપાળપુર ગામ છે ત્યાં એક વાણિયો રહેતો હતો. તે ઘરકામમાં તથા લોભમાં એવો આસક્ત હતો કે કદી પણ શ્રીનાથજીનાં દર્શન કરવા જાય નહિ, અને શ્રી-ગુસાંઇજીને શરણે પણ ન આવ્યો. ગોપાળપુરમાં પર્વતની નીચે એની દુકાન હતી. તે વાણિયો ગોપાળપુરમાં દુકાન ઉઘાડતાં પહેલાં જે કોઈ વૈષ્ણવ શ્રીનાથજીનાં દર્શન કરીને પર્વત પરથી આવતો તેને બોલાવીને પ્રથમ પૂછતો કે આજે શ્રીનાથજીના કેવા શૃંગાર છે ? આ વૈષ્ણવ એને શ્રીનાથજીના શૃંગાર કહેતો હતો તે જ પ્રમાણે આ વાણિયો બધા વૈષ્ણવો આગળ શ્રીનાથજીનાં દર્શનની બડાઇ કરતો કે દેખો, આજ શ્રીનાથજીને કેવા શૃંગાર થયા છે ! કેવાં અલૌકિક દર્શન થયાં છે! આવી રીતે તે બધાંને કહેતો, પણ પોતે દર્શન કરવા કદીય આવતો નહિ અને વૈષ્ણવોને દેખાડો કરવા માળા પહેરતો અને સરસ તિલક અને સરસ છાપાં કરતો, અને વૈષ્ણવો આગળ પ્રેમની વાતો કરતો, આથી વૈષ્ણવો તેને સારો (ભાવવાળો) વૈષ્ણવ જાણી સીધું સામગ્રી (એને ત્યાંથી) લેતાં. તે આવી રીતે પાખંડ કરી વિશ્વાસ કરાવીને બધા વૈષ્ણવોને ઠગતો. તેની પાસે દ્રવ્ય પણ બહુ જ એકઠું થયું, પણ એક કોડી પણ ખર્ચે નહિ. એમ કરતાં કરતાં તે સાઠ વરસનો થયો. એકવાર આ વાણિયાએ સૂરદાસજીને કહ્યું કે સૂરદાસજી !

આજે તમે જુઓ, કેવા સુંદર શૃંગાર થયા છે ! વળી તમે તો કોઇ દિવસ મારી દુકાનેથી સીધુંસામાન કશું લેતા નથી તેમજ કદી મારી દુકાન પર પણ આવતા નથી. તમે આટલા બધા ગુણિયલ વૈષ્ણવ હોવા છતાં મારો અપરાધ શો છે કે મારી દુકાનેથી કંઇપણ સોદો કરતા નથી ? વળી આ દુકાન તો તમારી જ છે. હું તો તમારા વૈષ્ણવોનો દાસ છું; માટે મારા પર કૃપા કરો.

આવાં તે વાણિયાનાં વચન સાંભળી સૂરદાસે પોતાના મનમાં વિચાર્યું કે જુઓ, આ વાણિયો કેવું સુંદર બોલે છે ! ઉપરથી લોભથી કપટ કરે છે, માટે હવે આનું કપટ છોડાવી દઉં. વળી આ વાણિયાએ કોઇ દિવસ શ્રીનાથજીનાં દર્શન કર્યાં નથી માટે એને દર્શન પણ કરાવવાં અને એને વૈષ્ણવ પણ કરાવી દેવો. આમ વિચારી સૂરદાસે આ વાણિયાને કહ્યું કે તેં જનમભરમાં કોઇ દિવસ દર્શન કર્યાં નથી, તે હું તને બરાબર ઓળખું છું. વળી તું વૈષ્ણવ નથી તેથી હું તારી દુકાન પર આવતો નથી. તું સાચું કહી દે કે તેં જન્મભર કોઇ દિવસ શ્રીનાથજીનાં દર્શન કર્યાં છે? આ વચન સાંભળી વાણિયો મનમાં બહુ જ ઝાંખો પડી ગયો અને સૂરદાસને કહેવા લાગ્યો કે સૂરદાસજી, તમે આ વાતને કોઈની આગળ કહેશો નહિ. હું એટલા માટે દર્શન કરવા નથી આવતો કે જો હાટ છોડી દર્શન કરવા જાઉં તો અહીંથી વૈષ્ણવો માલ લીધા વિના પાછા જાય અને બીજી દુકાનેથી લેવા મંડે, તો હું ખાઉં ક્યાંથી ? અને કોઇ એવો માણસ મારી પાસે નથી કે જ્યારે દર્શનનાં કમાડ ખોલે કે તરત આવીને મને ખબર આપી જાય કે જેથી હું જલદી દોડીને દર્શન કરી આવું. આ સાંભળી આ વાણિયાને સૂરદાસે કહ્યું કે જે સમયે આવીને ખબર આપું તે વખતે તું (દર્શન કરવા) આવીશ? એટલે વાણિયાએ કહ્યું કે જો તમે મને આવીને ખબર કહેશો તો તરત દર્શન કરવા જઇશ. મારા મનમાં દર્શનની (ઇચ્છા તો) બહુ જ છે. એટલે સૂરદાસજીએ કહ્યું કે હું ઉત્થાપન સમયે આવીશ. આમ કહી

સૂરદાજી તો ગયા. હવે જ્યારે ઉત્થાપનનો સમય થયો ત્યારે શંખનાદ થયા એટલે સૂરદાસજીએ આવીને આ વાણિયાને કહ્યું : શંખનાદ થયા છે, તેથી દર્શનનો સમય છે માટે હમણાં જ ચાલો. આ વખતે વાણિયાએ સૂરદાસજીને કહ્યું કે અત્યારે ગામના લોકો માલ લેવા આવે છે માટે ભોગનો સમય આવે ત્યારે મને ખબર આપજો.

હવે સૂરદાસે પર્વત પર જઇ શ્રીનાથજીનાં દર્શન કર્યાં અને કીર્તન પણ કર્યાં. ત્યારપછી શ્રીનાથજીના ભોગનાં દર્શનનો સમય થયો એટલે સૂરદાસે પર્વતથી નીચે ઊતરીને આ વાણિયાને કહ્યું કે દર્શનનો સમય છે, માટે હવે તો દર્શન કરવા ચાલ. એટલે આ વાણિયાએ સૂરદાસને કહ્યું કે સૂરદાસજી, હવે તો વનમાંથી ગાયોને આવવાનો સમય થયો છે, તેથી મંદિર આવું તો ગાયો આવીને મારું બધું અનાજ ખાઈ જાય; માટે હવે તમે મને સેન આરતીના સમયે જણાવજો, એટલે તે વખતે બધી ગાયો પોતપોતાના ઘેર જશે.

હવે સૂરદાસે પાછા આવી ભોગના સમયનાં દર્શન કર્યાં. ત્યારપછી સંધ્યાનાં દર્શન કર્યાં. પછી સેન આરતીનાં દર્શનનો સમય થયો એટલે આવીને વાણિયાને સૂરદાસે ખબર કરી કે ચાલ, હવે સેનઆરતીનાં દર્શનનો સમય થયો છે. આ વખતે આ વાણિયાએ કહ્યું કે સૂરદાસજી, આજ તમને બહુ જ પરિશ્રમ પડ્યો છે. પણ અત્યારે દીવા કરવાનો સમય છે, કેમકે આ સમયે લક્ષ્મી આવે છે, અને (જો અત્યારે હું આવું તો) દીવો ન હોય તો લક્ષ્મી પાછી જતી રહે. વળી કોઈ મારી દુકાનમાંથી અન્ન ચોરી જાય તો હું શું કરું? માટે હવે તો હું સવારે પ્રાતઃકાળમાં દર્શન કરી પછી દુકાન ખોલીશ; માટે મને મંગળા સમયે આવીને ખબર આપજો. આજ મેં તમને બહુ જ ફેરા ખવરાવ્યા. એટલે સૂરદાસે મંદિરમાં આવીને શ્રીનાથજીનાં દર્શન કર્યાં અને પછી સેનનાં કીર્તન ગાયાં.

પછી (બીજે દિવસે) પ્રાતઃકાળ થયો, એટલે નાહીને સૂરદાસજીએ આવીને આ વાણિયાને કહ્યું કે મંગળાનો સમય છે માટે હવે તો ચાલ. ત્યારે આ વાણિયે કહ્યું કે સૂરદાસજી, અત્યારે તો દુકાન વાળીને

ગોઠવવાની છે, તેથી બોણીના સમયે કોઈ ગ્રાહક પાછું જાય તો આખો દિવસ ખાલી જાય, માટે દુકાન ગોઠવીને શૃંગારનાં દર્શનમાં આવીશ, માટે શૃંગારના સમયે કહેજો. એટલે સૂરદાસજીએ મંગળા આરતીનાં દર્શન કર્યાં, અને ફરી સૂરદાસ શૃંગારના સમયે આવ્યા; એટલે વાણિયે કહ્યું કે હજુ સુધી તો મેં કોઈના હાથની સારી બોણી કરી નથી અને ગાયો ફરે છે, તેથી હવે રાજભોગનાં દર્શન અવશ્ય કરીશ. વળી જુઓ કે તમે કાલના મારે માટે બહુ જ આવજા કરો છો, જેથી તમે મહાન ભગવદીય છો. હવે સૂરદાસ ફરી શ્રીનાથજીનાં દર્શન માટે પર્વત પર આવ્યા, અને શ્રીજીના શૃંગારનાં દર્શન કર્યાં ને કીર્તન કર્યાં. ત્યારપછી રાજભોગ આરતીનો સમય થયો એટલે આ વાણિયાને સૂરદાસજીએ કહ્યું: હવે આવશો ? એટલે આ વાણિયાએ કહ્યું કે આ વખતે હું શી રીતે આવું ? હવે વૈષ્ણવો રાજભોગનાં દર્શન કરી નીચે આવશે, એ બધા આ સમયે સીધું સામગ્રી લે છે. વળી હું બૂઢો છું; પર્વત પરથી ઊતરીને શી રીતે જલદી આવું ? વળ આ જ વખતે વકરાનો સમય થાય છે, એટલે આ વખતે જ કંઇક મળે તો મળે, માટે ઉત્થાપન સમયે દર્શન કરીશ. આવી રીતે આ સૂરદાસજી આ વાણિયાની પાછળ ત્રણ દિવસ લાગુ રહ્યા, પરંતુ આ વાણિયો એવો લોભી કે દર્શન કરવા ન ગયો. ત્યારપછી ચોથે દિવસે સૂરદાસજી નાહીને મંગળાનાં દર્શન કરવા ચાલ્યા ત્યારે તેમણે પોતાના મનમાં વિચાર્યું કે, જુઓ, આ વાણિયાને ત્રણ દિવસ થયા છતાં દર્શન કરવા ન જ ગયો; માટે આજ તો એ ન આવે તો બીક દેખાડવી અને દર્શન કરાવવાં. આમ વિચારીને સૂરદાસજી આ વાણિયા પાસે આવ્યા અને કહ્યું: મને તારી પાછળ ફરતાં ત્રણ દિવસ વીતી ચૂકયા, પણ તું દર્શન કરવા ન આવ્યો; માટે આજ તો ચાલ જ. ત્યારે આ વાણિયે કહ્યું કે કંઈક બોણી કરી ંગારનાં દર્શન કરીશ, એટલે સૂરદાસે આ વાણિયાને કહ્યું કે હવે તો હું તારી વાત સઘળા વૈષ્ણવોમાં પ્રકટ કરીશ કે આ વાણિયો જૂઠો બહુ જ છે; આણે કદી પણ શ્રી-નાથજીનાં દર્શન કર્યાં નથી અને એ વૈષ્ણવ પણ નથી. હવે કોઈ

તારી પાસે માલ લેવા આવશે તો હું તારી કુટિલતાનાં દુહા ચોપાઇ પદ કરીને વૈષ્ણવોમાં સંભળાવીશ. આવી રીતે કહીને ભૈરવ રાગમાં એક પદ ગાયું, તે પદ :—

રાગ ભૈરવ—

आज काम काल काम परसों काम करनो ॥
पहले दिन बहुत काम विमुख भये चरनो ॥१॥
जागत काम सोवत काम कामहिमें पचि मरनो ॥
छांडि काम सुंदरश्याम सूर पकरि शरनो ॥२॥

આ પદ સૂરદાસજીએ આ વાણિયાને તે જ વખતે કરીને સંભળાવ્યું, એટલે આ વાણિયો પોતાના મનમાં બીનો. પછી સૂરદાસને પગે પડી આ વાણિયાએ વિનંતિ કરી કે તમે મારાં દોહા કવિત કશું વર્ણન કરશો નહિ અને મારી વાત પણ કોઈની પાસે પ્રકટ કરશો નહિ. હું હમણાં જ તમારી સાથે આવું છું. પછી આ વાણિયો સૂરદાસજીની સાથે આવ્યો. મંગળાનાં દર્શન ખૂલ્યાં ત્યારે સૂરદાસજીએ શ્રીનાથજીને કહ્યું કે મહારાજ, આ વાણિયો દૈવી જીવ છે માટે આના મનનું આકર્ષણ કરીને આનો ઉદ્ધાર કરો, કારણ કે એ આપની ધ્વજા નીચે રહે છે. ત્યારે શ્રીનાથજીએ કહ્યું કે મારી પાસે રહે છે, પણ શું મને ઓળખે છે? તમારી બધા ભગવદીયોની કૃપા હોય તો જ મને પ્રાપ્ત કરે.

ભાવપ્રકાશ—કારણ કે ગંગા યમુનાજીમાં અનેક જીવો છે તે બધા શું કૃતાર્થ છે? માખી મચ્છર કીડી આદિ શ્રીપ્રભુના બહુ જ જીવો છે તે શું કૃતાર્થ છે? જ્યારે ભગવદીયનો સંગ થાય ત્યારે જ કૃતાર્થ થાય, અને તો જ પ્રભુને પ્રાપ્ત કરે. ભગવદીયના સંગથી દાસભાવ થાય, તો જ કૃપા થાય.

હવે શ્રીનાથજીએ આ વાણિયાને એવાં દર્શન દીધાં કે તેનું મન જ હરી લીધું. જ્યારે મંગળાનાં દર્શન થઈ ગયાં ત્યારે આ વાણિયે સૂરદાસજીનાં ચરણ પકડીને વિનંતિ કરી કે મહારાજ, મારો આખોય જન્મારો પૈસા એકઠા કરવામાં વૃથા ગયો. મારી પાસે દ્રવ્ય બહુ જ છે. હવે તેનો તમો ખુશી પડે ત્યાં ઉપયોગ કરો, અને મને

શ્રીગુસાંઇજીનો સેવક કરાવી વૈષ્ણવ કરો. એટલે સૂરદાસે આ વાણિયાને કહ્યું કે તું નાહીને કોઇને અડીશ નહિ; અહીં આવીને બેસજે. એટલામાં શ્રીગુસાંઇજી શૃંગાર કરી ચૂકયા એટલે સૂરદાસજીએ શ્રીગુસાંઇજીને વિનંતિ કરી કે મહારાજ, આ વાણિયાને શરણે લો. ત્યારે શ્રીગુસાંઇજીએ આપે શ્રીમુખથી સૂરદાસજીને કહ્યું કે તમે ખરો સાઠ વરસનો બુઢ્ઢો બળદ નાથ્યો. તમારા વિના આ વાણિયાનો આખો જન્મારો એમ જ જાત. પછી શ્રીગુસાંઇજીએ આ વાણિયાને બોલાવીને, શ્રીનાથજીની પાસે બેસાડીને નામ-બ્રહ્મસંબંધ કરાવ્યું, તેથી આ વાણિયાની બુદ્ધિ નિર્મળ થઈ ગઈ. પછી બધા સમયનાં દર્શન નિત્ય નિયમસર કરવા લાગ્યો. વળી આ વાણિયાએ શ્રી-ગુસાંઇજીને બહુ જ ભેટ કરી, તથા શ્રીનાથજીનાં વાઘા વસ્ત્રો સામગ્રી આભૂષણ કરાવીને અંગીકાર કરાવ્યાં. ત્યારપછી એકવાર આ વાણિયે સૂરદાસજીને કહ્યું કે સૂરદાસજી, તમારી કૃપાથી હું શ્રીગોવર્ધન-નાથજીનાં દર્શન પામ્યો અને વૈષ્ણવ થયો; માટે હવે વળી એવી કૃપા કરો કે આ જ જન્મમાં મારો અંગીકાર થાય તથા મને સંસારનાં સુખદુઃખ નડે નહિ. એટલે સૂરદાસે એક પદ કરીને આ વાણિયાને શીખવ્યું:

રાગ બિલાવલ—

कृष्ण सुमिर तन पावन कीजे, जवलग जग सपनोंसों बीजे ॥ १ ॥
अवध उसा सपने सब तेरे, सो बीतत भय आवतने रे ॥ २ ॥
जो यह सुपनो नांहि विचारे, कबहू न जन्म विसय लगि हारे ॥ ३ ॥
गहे विवेक बीज जो बोवे, कबहू जठर अग्निमें सोवे ॥ ४ ॥
बारबार तोको समझावे, जो छिन गइ सो बहुरि न आवे ॥ ५ ॥
ठगिनी विष ठगोरी लाई, घटिका घटत छिनहि छिन जाई ॥ ६ ॥
गिनत गिनत अवध निशराती, छांडि चल्यो निधि भई विरांती ॥ ७ ॥
होत कहा अबके पछिताने, तरुवर पत्र न मिले पुराने ॥ ८ ॥
पवन उडे सो बहुरि न आवे, करता ओर अनेक बतावे ॥ ९ ॥
जलथल पशुपंखी शुक कलम, मानुस तन सब झुग भरम ॥१०॥

सो तन तूं खोवे रति वित गनि, काच गह्यो विसरी चिंतामनि ॥११॥
कबहू नीके नाथ न गायो, एक मन दशहू दिश धायो ॥१२॥
मनही मन माया अवगाहत, नायक भयो तिहू पुर चाहत ॥१३॥
सर्ग रसातल भुव रजधानी, तोउ तृप्त न भयो अभिमानी ॥१४॥
एसेइ करत अवधि सब बीती, गह्यो न ज्ञान रह्यो मदमाती ॥१५॥
कबहू सजन मिलि करत बडाई, कबहू ललना ललित बडाई ॥१६॥
कबहूक हय हाथी रथ आसन, कबहू पालिका सुखद सुखासन ॥१७॥
कबहूक चमर छत्र शिर ढारे, कबहू सुभट पशुन चढि मारे ॥१८॥
कबहू तोरन छत्र बनावे, कबहूक मद मच्छर मलरावे ॥१९॥
नोबत द्वार दुनी सब ठाडी, त्यों त्यों त्रस्ना सतगुनि बाढी ॥२०॥
दिव्य व्यसन फलफूल सुवासी, नवजोबन अबला सुखराशी ॥२१॥
द्वारकपाट सहस एक लागे, शुभट पहरु बारहू दिश जागे ॥२२॥
रमनीरमत न रजनी जानी, मायामद पीयो अभिमानी ॥२३॥
सुत वित वनिता हेत लगायो, नव चेत्यो तब काल चेतायो ॥२४॥
जूठे नाटक संग न साथी, न्होकति द्वारन हय गज हाथी ॥२५॥
भूप छिनकर्मे भयो भिखारी, क्योंहू तह्ल न सहे विकारी ॥२६॥
भयो अनाथ सनाथ बांध्यो, त्रिजग सूर सरसन सुख साध्यो ॥२७॥
मनुसदेह धरी धर्म कमायो, ते हिरदे दुख दारुन पायो ॥२८॥
जेहि तनुकाज जीव वधि कीने, रसना रस अभि खट रस लीने ॥२९॥
सो तन छुटत प्रेत करि डार्यो, प्रेतप्रेत कहि नगर निकार्यो ॥३०॥
हिंसा करि पालन करि जाकी, विष्ठा कलम भस्म भइ ताकी ॥३१॥
भोग अष्ट अरु वीस भयानक, हरिपदविमुख विषयरस पातक ॥३२॥
जागि जागि रे यह को तेरो, मायासुपन कहत सब मेरो ॥३३॥
कृष्ण विन तोइ को न छुडावे, को करुणामय विरद बुलावे ॥३४॥
आन देवको नहीं भरोसो, बातन खटरस लाख परोसो ॥३५॥
जीवन कह्यो तृषितकी नांई, मृगतृष्णा कबहू न अघाइ ॥३६॥
येसे आन देव सुखदायक, हरि विन को न छुडावन लायक ॥३७॥
धर्मराज कहि सुनि कृत हारी, तूं विसइन रति सुरति विसारी ॥३८॥

गर्भ अगिनि रक्षा जिहि कीनी, संकट मेटि अभयता दीनी ॥३९॥
हस्त चरन लोचन नासा मुख, रुधिरबुंदतें लह्यो इतो सुख ॥४०॥
सो सुख तूं सपने न पिछान्यो, प्राननिनाथ निकट नहि जान्यो ॥४१॥
कितये शूल सहे अपराधी, गम सिख तू एको नहि साधी ॥४२॥
कोटिक वार मनुसतन पायो, हरिपथ छांडि अपथको धायो ॥४३॥
समय गये असमय पछितैये, मनुसजन्म बहुरी नहि पैये ॥४४॥
जूजत स्वामि पीठ दइ भाजे, पुनि पुरुषारथ काहे लाजे ॥४५॥
पारस पाइ जलधिमें बोरे, पुनि गुन सुनी कपार हि फोरे ॥४६॥
चिंतामनि कोडी लगि दीनी, सुनि परिमित करुणा अति कीनी ॥४७॥
पाइ कल्पतरु भूल हि जावे, सो तरु पुनि केसें सो पावे ॥४८॥
मधुभाजन पूरन विधि दीनो, सो तूं छांडि हलाहल लीनो ॥४९॥
कामधेनु तजि अज हि बिसाहे, गजवल छांडि श्यारबल चाहे ॥५०॥
यह नरदेह श्याम बिन खोई, कपिको कोलो बांधि विगोई ॥५१॥
काहें न कर्म कियो तूं एसो, कब शुक सनक सनंदन जेसो ॥५२॥
सुर नर मुनि असुर मुनि देवक, हरिपद भजे सबे तेरे सेवक ॥५३॥
परदक्षना दे शीश नमावे, मनसिज तोहि न परसन पावे ॥५४॥
जाके भजत इतो सुख पैये, सुनि शठ सो केसे विसरैये ॥५५॥
अगनित पतित नाम निस्तारी, जनम करम संताप निवारी ॥५६॥
निर्भय होइ भक्तिनिधि पाई, कबहू काल व्याल नहि खाई ॥५७॥
सरवसु जीवन कृष्णनामपद, भवजल व्याधि उपाधि परमपद ॥५८॥
श्रीभागवत परम हितकारी, द्वार रटत हरिके सूर भिखारी ॥५९॥
परम पतित शरनाई लीजे, पदरज धन अभयता दीजे ॥६०॥

આ પદ આ વાણિયાને સૂરદાસે શીખવ્યું, આથી વાણિયાને દૃઢ ભક્તિ પ્રાપ્ત થઇ, લૌકિક વાસના બધી દૂર થઈ, સાથે જ્ઞાન-વૈરાગ્યયુક્ત સર્વોપરિ ભક્તિ થઇ, વળી શ્રીનાથજીનાં ચરણકમળમાં દૃઢ આસક્તિ અને સ્વરૂપાનંદનો અનુભવ થયો, પછી રસમાં મગ્ન થઇ ગયો. આવી રીતે સૂરદાસના સત્સંગથી આવો લોભી વાણિયો પણ કૃતાર્થ થયો. આ સૂરદાસજી એવા ભગવદીય હતા.

ભાવપ્રકાશ—આમ થવાનું કારણ કે આ મૂળમાં દૈવી જીવ છે, ને તે શ્રીલલિતાજીની સખી છે. લીલામાં આનું નામ "બિરજા" છે, તેથી સૂરદાસના સંગથી લીલાનો અનુભવ થયો; તેથી ભગવદીયનો સંગ સર્વોપરિ છે.

વાર્તાપ્રસંગ ૯ મો.

હવે એક વાર શ્રીગોકુળમાં પરમાનંદદાસ વગેરે બધા દશ પંદર વૈષ્ણવો સાથે સૂરદાસજીને મળવા અને શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન કરવા આવ્યા. તેઓ સેન આરતીનાં દર્શન કરી સૂરદાસજીની પાસે આવ્યા, એટલે સૂરદાસજીએ બધા વૈષ્ણવોનો બહુ જ આદર સત્કાર કર્યો, અને તે જ સમયે કીર્તન ગાયાં, તે પદ :—

રાગ કાનરો—

हरिजन संग छिनक जो होई;
कोटि स्वर्गसुख कोटि मुक्तिसुख ए सम लहे न कोई ॥१॥
महद भाग्य पुन्य संचित फल कृष्णकृपा व्हे जाके;
सूरदास हरिजनपदमहिमा कहत भागवत ताके; हरिजन ॥ ॥२॥

રાગ કાનરો—

प्रभु जन पर प्रसन्न जब होही,
तब वैष्णवजन दरशन पावे, पाप रहे नहि कोई ॥१॥
हरिलीला आवेस होई, सकल वासना नासे;
सूर यहे निश्चय विचार करि, हरिस्वरूप जब भासे ॥२॥

રાગ કાનરો—

हरिके जनकी अति ठकुराई,
महाराज ऋषिराज देवमुनि देखत रहत लजाई ॥१॥
दृढ विश्वास राज ताहीको, लोक नमन ऊछाह;
काम क्रोध मद लोभ मोह मिलि भये चोरतें शाह ॥२॥
दृढ विश्वास कियो सिंहासन ता पर बेठो भूप;
हरिजश विमल छत्र शिर शोभित राजत परम अनूप ॥३॥

हरिपदपंकज पिया' प्रेमरस ताहीके रंग राते;
मंत्री ज्ञान न ओसर पावत, कहत न बात सकाते ॥४॥
कर्म धर्म जहां रहे दूरि दूरि, काम क्रोध शिर नायो;
विनय विवेक पोरिया दोऊ समय न काहू पायो ॥५॥
अष्ट महासिधि द्वारे ठाडी कर जोरे उर लीने;
छरीदार वैराग्य विनोदी झिरकी बहिर कीने ॥६॥
माया काल कछू नहि व्यापे, या रसरीति हि जाने;
सूरदासने रतन पावे जब गुरुप्रसाद पहेंचाने ॥७॥

રાગ હમીર—

जा दिन संत पहूने आवत,
तीरथ कोटि स्नान करन फल, एसो दरसन पावत ॥१॥
प्रफुल्लित वदन रहत निशदिन प्रति चरनकमल चित लावत;
मन करम वचन ओर नहि जानत, सुमिरत ओर सुमरावत ॥२॥
मिथ्यावाद उपाधि रहित व्हे, विमलि विमलि जश गावत;
सूरदास प्रीति करि तिनसो, जो हरिसुरति करावत ॥३॥

આવી રીતે સૂરદાસજીએ અનેક પદ વૈષ્ણવોને સંભળાવ્યાં. તેથી સઘળા વૈષ્ણવો બહુ જ પ્રસન્ન થયા. પછી સૂરદાસજીએ આ વૈષ્ણવોને કહ્યું કે મારા પર કૃપા કરીને કંઈક આજ્ઞા કરો. ત્યારે બધા વૈષ્ણવોએ કહ્યું કે સૂરદાસ, તમે જ્ઞાન યોગ પરમતત્ત્વ અને શ્રીઠાકોરજીના પ્રેમ સ્નેહનું સ્વરૂપ સુણાવો; ત્યારે સૂરદાસજીએ આ કીર્તન સુણાવ્યું, તે પદ :—

રાગ બિહાગરો—

जोग सों कोउ हरि नहि पायो,
निज आज्ञा तप कियो विधाता, कब रसरास खिलायो ॥१॥
जोग जुगत शंकर आराधी परम तत्त्व मन लाये;
भुज धरि ग्रीव कबहि नंदनंदन हिलिमिलि कल सूर गाये ॥२॥

भगदालव महारिषि कबहू त्रण छाया न कराये;
वर्षत दुखी जानि नंदनंदन कल गिरिवर कर छाये ॥३॥
अति तपपुंज विप्र दुर्वासा, दूर्वा त्रन नित खाये;
चक्र सुदर्शन तपत महामुनि, कलसुख अनत समाये ॥४॥
बहोत तप कियो मार्कंडेय मुनि आय सिंधु भरमाये;
सत्य कल्प बिति कवतिही हरि, वरुण फांस मुकराये ॥५॥
भक्त विरह कातर करुणामय, वेद निरंतर गाये;
को हो भंग सुनत हा उधो, सूर श्याम मन भाये ॥६॥

આવી રીતે અનેક કીર્તન કરી વૈષ્ણવોને સમજાવ્યાં, એટલે બધાં વૈષ્ણવો પ્રસન્ન થઇને કહેવા લાગ્યાં : સૂરદાસજી પર અતિશય ભગવત્કૃપા છે. ત્યારપછી સવાર થયું ત્યારે બધાં વૈષ્ણવોએ શ્રીનાથજીનાં દર્શન કર્યાં, પછી સૂરદાસજી પાસેથી વિદાય થઇ શ્રીગોકુળ આવ્યાં. આ સૂરદાસજી શ્રીઆચાર્યજીના એવા કૃપાપાત્ર ભગવદીય હતા.

વાર્તાપ્રસંગ ૧૦ મો.

આવી રીતે સૂરદાસજીએ બહુ દિવસ સુધી ભગવત્સેવા કરી; ત્યારપછી જાણ્યું કે ભગવદિચ્છા મને બોલાવવાની છે.

ભાવપ્રકાશ—આનું કારણ કે પ્રભુની એવી રીત છે કે જ્યારે વૈકુંઠથી ભૂમિ પર આવવાની ઇચ્છા કરે છે ત્યારે વૈકુંઠવાસી જે ભક્તો છે તેમને પહેલાં ભૂમિ પર પ્રકટ કરે છે, ત્યારપછી આપ શ્રીભગવાન પ્રકટ થઇ ભક્તોની સાથે લીલા કરે છે. પછી ભક્તોને આ જગતમાંથી તિરોધાન કરી વૈકુંઠમાં લીલા કરેછે. તે જેમ નંદ, જશોદા, ગોપીજન, સખા, વસુદેવ, દેવકી, યાદવ સઘળાં પહેલાં પ્રકટ કર્યાં, ત્યારપછી આપે પ્રકટ થઈને લીલા ભૂમિ પર કરી, ને પછી યાદવોને મુશળ દ્વારા અંતર્ધાન કરી લીલા કરી. પણ શ્રીનંદરાયજી, શ્રીજશોદાજી, ગોપીજનોને અંતર્ધાન લૌકિક લીલા ન દેખાડી, તેવી જ રીતે શ્રીઆચાર્યજી શ્રીગુસાંઇજી શ્રીપૂર્ણપુરુષોત્તમનું પ્રાકટ્ય છે, તેથી લીલા સંબંધી વૈષ્ણવ પ્રકટ કર્યાં. હવે શ્રીઆચાર્યજીએ અંતર્ધાન લીલા કરી અને શ્રીગુસાંઇજીએ કરવી છે, તેથી પ્રથમ ભગવદીયોને નિત્યલીલામાં સ્થાપન

કરીને પછી આપ પધારશે. તેથી ભગવદીયોને પોતાની લૌકિક અંતર્ધાન લીલા દેખાડતા નથી. જેમ ચાચા હરિવંશજીને કહ્યું કે તમે ગુજરાત જાઓ. આ પ્રમાણે ગુજરાતમાં મોકલી અંતર્ધાન લીલા કરી. હવે શ્રીગોવર્ધનધરની ઇચ્છા સૂરદાસજીને નિત્યલીલામાં બોલાવવાની છે.

હવે સૂરદાસજી મનમાં વિચારે છે કે મેં મારા મનમાં સવા લાખ કીર્તન કરવાનો સંકલ્પ કર્યો છે, તેમાં લાખ કીર્તન તો પ્રકટ કર્યાં છે. હવે ભગવદિચ્છાથી પચીસ હજાર કીર્તન બીજાં પ્રકટ કરવાનાં છે, ત્યારપછી આ દેહ છોડીને અંતર્ધાન થઇ જઇશ. આવી રીતે સૂરદાસજી પોતાના મનમાં વિચાર કરતા હતા એ જ વખતે શ્રી-ગોવર્ધનનાથજીએ પોતે પ્રકટ થઇને દર્શન આપીને કહ્યું કે સૂરદાસજી, તમે જે સવાલાખ કીર્તનનો મનમાં મનોરથ કર્યો છે તે તો પૂરણ થઇ ચૂકયો છે. મેં પચીસ હજાર કીર્તન પૂરણ કરી દીધાં છે; માટે તમે તમારાં કીર્તનના ચોપડા જુઓ. એટલે સૂરદાસે એક વૈષ્ણવને કહ્યું કે તમે મારાં કીર્તનના ચોપડા જુઓ. તે વૈષ્ણવે જોયું તો સૂરદાસજીનાં કીર્તનમાં વચમાં વચમાં "સૂરશ્યામ" નો ભોગ (છાપ) છે એવાં કીર્તન બધી લીલામાં છે, તે પચીસ હજાર છે. તે વાત તે વૈષ્ણવે સૂરદાસને કહી કે કાલ સુધી તો સૂરશ્યામનાં કીર્તન હતાં નહિ, અને આજ બધી લીલાના મધ્યમાં છે.

એટલે સૂરદાસજીએ શ્રીનાથજીને દંડવત્ પ્રણામ કરીને કહ્યું કે હવે મારો મનોરથ આપની કૃપાથી પૂરણ થયો; માટે હવે આપ આજ્ઞા કરો તે કરું. ત્યારે શ્રીગોવર્ધનનાથજીએ કહ્યું કે હવે તમે મારી લીલામાં આવીને લીલારસનો અનુભવ કરો. આવી આજ્ઞા કરી શ્રીનાથજી અંતર્ધાન થયા. હવે સૂરદાસજી શ્રીગોવર્ધનનાથજીને દંડવત પ્રણામ કરી મનમાં બહુ જ પ્રસન્ન થયા. આ વખતે પાસે બે સાધારણ વૈષ્ણવો હતા તેમણે જાણ્યું નહિ કે શ્રીઠાકોરજી સૂર-દાસજીની પાસે પધાર્યા અને શી આજ્ઞા કરી, કારણ કે શ્રીઠાકોરજીનું સ્વરૂપ ભગવદીય વગર બીજાને અનુભવમાં આવે નહિ.

વાર્તાપ્રસંગ ૧૧ મો.

હવે સૂરદાસજી પોતાના મનમાં આમ વિચાર કરીને પરાસોલી આવ્યા. ત્યાં આગળ અખંડ રાસલીલા બ્રહ્મરાત્ર કરી ભગવાને રાસપંચાધ્યાયીની બધી લીલા ત્યાં કરી છે, જ્યાં ઉડુરાજ ચંદ્રમા પ્રકટ્યો છે, ત્યાં ચંદ્રસરોવર છે, એવા અલૌકિક સ્થળમાં આવ્યા.

ભાવપ્રકાશ—આ અષ્ટસખા છે તેઓ શ્રીગિરિરાજજીમાં આઠ દ્વાર છે ત્યાંના બધા અધિકારી છે તેથી આઠેય સખાઓએ પોતપોતાના દ્વાર પર શ્રીગિરિરાજમાં જ દેહ છોડ્યો અને અલૌકિક દેહ ધરીને સદા સર્વદા લીલામાં બિરાજમાન છે. (તે આ પ્રમાણે) (૧) ગોવિંદ કુંડ ઉપર એક દ્વાર છે તેની સન્મુખ પરાસોલી ચંદ્ર સરોવર છે, ત્યાં સૂરદાસજી સેવામાં મુખિયા આગેવાન; (૨) અપસરા કુંડ પર એક દ્વાર છે, ત્યાં સેવામાં છીત સ્વામી મુખિયા છે; (૩) સુરભિ કુંડ પર દ્વાર છે, ત્યાં પરમાનંદદાસ સેવામાં મુખિયા છે; (૪) અને ગોવિંદસ્વામીની કદમખંડી પાસે એક દ્વાર છે ત્યાં ગોવિંદસ્વામી મુખિયા છે; (૫) રુદ્રકુંડ પાસે એક દ્વાર છે, ત્યાં ચતુર્ભુજદાસ સેવામાં મુખિયા છે; (૬) બિલછુ સન્મુખ એક બારી છે, જે માર્ગે થઇને રાસલીલામાં પધારે છે, ત્યાંની સેવાના કૃષ્ણદાસ અધિકારી મુખિયા છે; (૭) માનસીગંગાની પાસે એક દ્વાર છે, ત્યાંની સેવામાં નંદદાસ મુખિયા છે; (૮) અને અન્યોરની સન્મુખ એક દ્વાર છે, ત્યાં જમનાવતો ગામ છે તે દ્વારના મુખિયા કુંભનદાસજી છે. આવી રીતે શ્રીગિરિરાજજીમાં નિત્ય નિકુંજલીલાનાં આઠ દ્વાર છે ત્યાંના આઠ સખા સખીરૂપ છે તેઓ સેવામાં સદા તત્પર છે. સૂરદાસજીનું ઠેકાણું પરાસોલી છે.

હવે શ્રીગોવર્ધનનાથજીની ધ્વજાનાં દર્શન કરી, સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી, ધ્વજા સન્મુખ મુખ રાખીને સૂરદાસજી સૂતા, પરન્તુ મનમાં એમ આવ્યું કે શ્રીઆચાર્યજીએ અને શ્રીગુસાંઇજીએ મારા પર ભારે કૃપા કરી છે, શ્રીગોવર્ધનનાથજીની લીલાઓનો અનુભવ આ જ દેહે કરાવ્યો, પરન્તુ આ સમય એક વાર શ્રીગુસાંઇજી મારા પર કૃપા કરીને આપ જાતે દર્શન દે તો મારું ભારે ભાગ્ય કહેવાય. શ્રીગુસાંઇજીનું નામ કૃપાસિંધુ છે તે ભક્તોના મનોરથ પૂર્ણ કરનારા

છે. તેથી (મારો મનોરથ) પૂરણ કરશે જ. આવી રીતે સૂરદાસજી શ્રીગુસાંઇજીના સ્વરૂપનું ચિંતન કરતા હતા, અને અહીં શ્રીગુસાંઇજી આપ શ્રીગોવર્ધનનાથજીના શૃંગાર કરતા હતા. આજે શ્રીગુસાંઇજીએ જગમોહનમાં બેસી કીર્તન કરતા સૂરદાસને ન દેખ્યા, તેથી તરત જ શ્રીગુસાંઇજી આપે સેવકોને પૂછ્યું કે સૂરદાસજી કયાં છે? ત્યારે એક વૈષ્ણવે વિનંતિ કરી કે મહારાજ, સૂરદાસજી તો આજ મંગળાની આરતીનાં દર્શન કરીને બધા સેવકોને ભગવત્સ્મરણ કરી પરાસોલીમાં ગયા છે. ત્યારે શ્રીગુસાંઇજીએ જાણ્યું કે ભગવદિચ્છા સૂરદાસજીને બોલાવવાની થઈ છે, તેથી આજ સૂરદાસજી પરાસોલી ગયા છે. તે જ વખતે શ્રીગુસાંઇજીએ આપે શ્રીમુખથી સઘળાં વૈષ્ણવોને એવી આજ્ઞા કરી કે "પુષ્ટિમાર્ગનું જહાજ" જાય છે, માટે જેને જે કંઈ લેવું હોય તે લો અને ત્યાં જઇને સૂરદાસજીને જુઓ, અને આવી રીતે જો રાજભોગ આરતી ઉપરાંત સમય રહે છે તો હું પણ આવું છું. આથી બધા સૂરદાસજી પાસે આવ્યા.

ભાવપ્રકાશ—આમ "જહાજ' કહેવાનો હેતુ એ છે કે જેમ કોઈ જહાજમાં કોઈ વેપારીએ વેપારને માટે અનેક વસ્તુઓ નાના પ્રકારની ભરી હોય, તેમ જ સૂરદાસજીન હૃદયમાં અલૌકિક વસ્તુઓ નાના પ્રકારની ભરી છે.

તે સમયે સૂરદાસજીએ શ્રીગુસાંઇજીનાં અને શ્રીગોવર્ધનનાથજી-નાં સ્વરૂપમાં મન લગાવીને બોલવાનું છોડી દીધું. આ વખતે શ્રી-ગુસાંઇજીએ પંદર વ્રજવાસીને દોડાવ્યા કે ઘડીઘડીના સૂરદાસજીના સમાચાર આવીને મને કહો. એટલે આ વ્રજવાસીઓએ આવીને શ્રીગુસાંઇજીને કહ્યું કે મહારાજ, હવે તો સૂરદાસજી કોઇની સાથે બોલતા નથી. આમ કરતાં કરતાં રાજભોગ આરતીનો સમય થયો, એટલે શ્રીગોવર્ધનનાથજીની રાજભોગ આરતી કરીને, શ્રીગુસાંઇજી આપ પરાસોલીમાં જ્યાં સૂરદાસજી હતા ત્યાં પધાર્યા.

આ વખતે શ્રીગુસાંઇજી સાથે રામદાસ, કુંભનદાસ, ગોવિંદ-સ્વામી, ચતુર્ભુજદાસ વગેરે બધા વૈષ્ણવો સૂરદાસજી પાસે આવ્યા. (આવીને) જુએ તો સૂરદાસજી અચેત બનતા જાય છે. કંઇ પણ

દેહનું અનુસંધાન પણ નથી. આ વખતે સૂરદાસજીનો હાથ પકડી શ્રીગુસાંઇજીએ કહ્યું કે સૂરદાસજી, કેમ છે? એટલે સૂરદાસજીએ તરત જ ઊઠીને, દંડવત્ પ્રણામ કરીને કહ્યું કે બાબા, આવ્યા? હું આપની જ વાટ જોતો હતો. આ વખતે ભારે કૃપા કરીને મને આપે દર્શન આપ્યાં. મહારાજ, હું આપના જ સ્વરૂપનું ચિંતન કરતો હતો. તે જ વખતે સૂરદાસજીએ આ કીર્તન સારંગ રાગમાં ગાયું, તે પદઃ—

રાગ સારંગ—

देखो देखो हरिजूको एक सुभाव—
अति गंभीर उदार उदधि प्रभुजी रोमरोम निराव ॥ १ ॥
राइ जितनी सेवको फल मानत मेर समान;
सो मूझी अपराध सिंधुसम बुंदन एको मान ॥ २ ॥
बदन प्रसन्न कमलपद सन्मुख जहां तहां हरि एसे;
बिमुख भये कृपा या मुखकी जब चितउत तेसे ॥ ३ ॥
भक्ति विरह कातर करुणामय डोलत पाछे लागे;
सूरदास एसे प्रभुको क्यों दीजे पीठि अभागे ॥ ४ ॥

આ પદ સૂરદાસજીએ શ્રીગુસાંઇજીને સુણાવ્યું, એટલે શ્રીગુસાંઇજીએ આપે આપના શ્રીમુખથી કહ્યું કે આવી રીતે શ્રીઠાકોરજી આપ પોતાના ભગવદીયને દીનતાનું દાન કરે છે ત્યારે તેના પર પૂર્ણ કૃપા જાણવી. દીનતાના રસને પાત્ર એ જ છે. આ વખતે બધા વૈષ્ણવો શ્રીગુસાંઇજી પાસે ઊભા હતા. તેમાં ચતુર્ભુજદાસે કહ્યું કે સૂરદાસજી પરમભગવદીય છે, અને સૂરદાસજીએ શ્રીઠાકોરજીનાં લક્ષાવધિ પદ કર્યાં છે, પરન્તુ સૂરદાસજીએ શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના જશનું વર્ણન કર્યું નથી. આ સાંભળી સૂરદાસે કહ્યું કે મેં તો બધો યશ શ્રીઆચાર્યજીનો જ વર્ણવ્યો છે. જો હું જુદાઇ જોતો તો જુદાં પદ કરતો, પણ જ્યારે તમે મને પૂછ્યું છે તો હું તમારી પાસે કહું છું કે આ કીર્તન પ્રમાણે બધાં કીર્તન જાણજો.

રાગ બિહાગરો—

दृढ इन चरणन केरो भरोसो दृढ इन चरणन केरो—
श्रीवल्लभनखचंद्रछटा बिन सब जुगमांजु अंधेरो—भरोसो० ॥१॥
साधन ओर नहीं आ कलिमें जासो होत निवेरो;
सूर कहा कहे द्विविध आंधरो बिना मोलको चेरो—भरोसो० ॥२॥

ભાવપ્રકાશ—આ કીર્તનમાં સૂરદાસજીએ પોતાના હૃદયનો ભાવ ખોલી નાખ્યો. ભરોસો એટલે જીવને વિશ્વાસ, દૃઢ ચરણના શરણનો, અને મને (સૂરદાસને) દૃઢતા શ્રીઆચાર્યજીના ચરણની છે. તે શ્રીઆચાર્યજીના ચરણારવિંદના જે દશ નખ, તે અલૌકિક મણિરૂપ નખનો પ્રકાશ, તે વિના આખા ત્રણે જગતમાં અંધારું દેખાય ત્યારે ભરોસો દૃઢ જાણવો. આ કલિમાં શ્રીઆચાર્યજીના ચરણના આશ્રય વિના બીજો ઉપાય ફળસિદ્ધિનો નથી, તેથી હું જુદું વર્ણન શું કરું? જે શ્રીગોવર્ધનધરમાં અને શ્રીઆચાર્યજીના સ્વરૂપમાં ભિન્નતા એટલે દ્વિવિધપણું (જોવું) તેમાં તો હું અંધ છું. જેમ શ્રીકૃષ્ણ અને શ્રીસ્વામિનીજી એ બે ન્યારાં સ્વરૂપ જાણે તે અજ્ઞાની છે, તેવી જ રીતે શ્રીગોવર્ધનધર અને શ્રીઆચાર્યજી છે, તેમનો હું વિના મૂલનો સેવક—દાસ છું. હવે વિના મોલ એટલે શું? કેવળ ભાવથી કરીને એટલે કે જેમ રાસપંચાધ્યાયીમાં વ્રજભક્ત ગોપીગીતમાં કહે છે કે "शुल्कदासिका" વિનામૂલની દાસી, અલૌકિક, જેનું મૂલ્ય જ નહિ. તેનું કારણ કે ભક્તિ કરીને પ્રભુ પાસે પોતાનો સ્વાર્થ ઇચ્છે તે બધા મૂલના (સ્વાર્થી) દાસ કહીએ. તેમની ભક્તિ શ્રેષ્ઠ નથી. માટે નિષ્કામ ભક્તિ સર્વોપરિ છે તેને અમોલિક દાસ કહેવાય. તે ભાવથી પ્રભુ વશ થાય. જેમ રાસપંચાધ્યાયીમાં શ્રીભગવાન કહે છે કે તમારું વચન એવું છે કે મારાથી બદલો આપી શકાશે નહિ, હું સદા તમારો ઋણી રહીશ. આવું અમોલિક દાસનું લક્ષણ છે. તેથી આ પદ ગાયું. પદ કેવું છે? આ જ કીર્તનના ભાવથી સવાલાખ કીર્તન સૂરદાસજીએ કર્યાં છે તે બધાંનો પાઠ જાણવો.

એટલે ચતુર્ભુજદાસ પ્રસન્ન થયા. પછી બધાં વૈષ્ણવો અને શ્રીગુસાંઇજીએ કહ્યું કે સૂરદાસના હૃદયનો મહા અલૌકિક ભાવ છે, તેથી શ્રીઆચાર્યજી આપ સૂરદાસજીને "સાગર" કહેતા. જેમ સમુદ્ર અગાધ છે તેમ સૂરદાસજીનું હૃદય પણ અગાધ છે. એટલે ચતુર્ભુજદાસે

કહ્યું કે સૂરદાસજી, તમારા વિના અલૌકિક ભાવ કોણ દર્શાવે? માટે હવે ટૂંકમાં શ્રીઆચાર્યજીનો પુષ્ટિમાર્ગ છે તેનું સ્વરૂપ (અમને) સુણાવો કે (અમે) કેવી રીતે શ્રીપુષ્ટિમાર્ગના રસનો અનુભવ કરીએ. આ વખતે સૂરદાસે આ પદ ગાયું, તે પદઃ—

રાગ સારંગ—

भज सखि भाव भाविक देव,
कोटि साधन करो कोऊ तोउ न माने सेव ॥ १ ॥
धूमकेतु कुमार माग्यो कोन मारग रीति;
पुरुषतें त्रियभाव उपज्यो सबे उलटी रीति ॥ २ ॥
बसन भूषन पलटि पहेरे भावसो संजोय;
उलटि मुद्रा देइ अंकनी चरण सूधे होइ ॥ ३ ॥
वेदविधिको नेम नाहिन प्रीतिकी पहेचान;
व्रजवधू वश किये मोहन सूर चतुर सुजान ॥ ४ ॥

આ પદ સૂરદાસજીએ બધાં વૈષ્ણવોને સંભળાવ્યું.

ભાવપ્રકાશ—આ પદમાં એમ બતાવ્યું કે ગોપીજનના ભાવથી પ્રભુને ભજવા. તેમના ભાવિક જે શ્રીગોવર્ધનધર તેમને ગોપીજનના ભાવપૂર્વક સખી-ભાવથી ભજીએ. કુંજલીલામાં સખીજનોનો અધિકાર છે, તેથી અહીં સખી કહે છે. બીજાં કરોડો સાધન વૈદિક કરો પરન્તુ એક પણ (પ્રભુ) સેવા માનતા નથી. તેનું દષ્ટાંત એ છે કે સોળ હજાર અગ્નિકુમારિકા (વેદની) ઋચાઓ છે. "ધૂમકેતુ" એવો જે અગ્નિ તેના પુત્ર જે સોળ હજાર ઋષિઓ તે બધાએ રામચંદ્રજીના સ્વરૂપ પર મોહિત થઈ દંડકારણ્યમાં એવું માગ્યું કે અમારી સાથે વિહાર (ક્રીડા) કરો. ત્યારે તેમને શ્રીરામચંદ્રજીએ એવી આજ્ઞા કરી કે વ્રજમાં તમે સ્ત્રીઓ થઇને વ્રજમાં પ્રકટશો ત્યારે તમારો મનોરથ પૂર્ણ થશે.

હવે સ્ત્રીઓનો વૈદિક કર્મોમાં અધિકાર નથી અને શ્રીપૂર્ણપુરુષોત્તમની લીલામાં મુખ્ય સ્ત્રીભાવનો અધિકાર છે. આ ભક્તિમાર્ગની વેદથી ઊલટી રીત છે. જેમ રાસપંચાધ્યાયીમાં વ્રજભક્તોએ ઊલટાં વસ્ત્રાભૂષણ ધારણ કર્યાં, તેથી લોકમાં એમને બાવરાં (ગાંડાં) કહ્યાં, પણ સ્નેહમાં તેઓ સર્વોપરિ કહેવાય.

જેમ છાપ છાપવામાં અક્ષરો અવળા હોય છે પણ છાપતાં તે સીધા અક્ષર પડે છે તેમ આ જગતમાં અજ્ઞાની, પણ પ્રભુની લીલામાં ચતુર હોય તે પ્રપંચને ભૂલે છે, તેને પ્રેમ કહેવાય. મુખ્ય ભક્તિરસમાં વેદવિધિનો નિયમ નથી, તેથી એવો પ્રેમ હોય તે જ શ્રીઠાકોરજીને વશ કરે, જેમ ગોપીજનોએ શ્રીઠાકોરજીને વશ કર્યા. આ શ્રીઠાકોરજી કેવા છે કે બધાને મોહમાં નાખે, પણ સૂર (આંધળો) હોય તે કોઇનાથી (મોહ વડે) જિતાય નહિ.[1] અને તે જ ચતુરશિરોમણિ છે કે જે કોઈને વશ થાય નહિ, પણ પ્રેમને વશ થાય, બધાંને ભૂલી જાય. આ પુષ્ટિમાર્ગની ભક્તિ અને પુષ્ટિમાર્ગનું સ્વરૂપ છે, તે આની રીતે સૂરદાસજીએ કહ્યું.

હવે ચતુર્ભુજદાસ આદિ બધા વૈષ્ણવ સૂરદાસજીને ધન્ય ધન્ય કરતા કહેવા લાગ્યા કે આમની ઉપર ભગવાનની ભારે કૃપા છે. આ સાંભળી સૂરદાસજી ચૂપ થઇ રહ્યા. હવે સૂરદાસજીને શ્રીગુસાંઇજીએ પૂછયું કે સૂરદાસજી, અત્યારે ચિત્તની વૃત્તિ કયાં છે? એટલે તે જ વખતે સૂરદાસજીએ એક પદ ગાયું, તે પદઃ—

बलि बलि हौं कुंवरी राधिका नंदसुवन जासों रति मानी;
वे अति चतुर तुम हे चतुरशिरोमनि प्रीति करी कैसे रहें छानी ॥ १ ॥
वे तो धरत तनक निक पीत पट सो तो सब तेरी गति ठानी;
ते पुनि साम सहज उर शोभा ए पर मिस अपने उर आनी ॥ २ ॥
पुलकित अंग अबहि वे आयो निरखि निरखि निज देह सयानी;
सूर सुमन सखीसो पूछत प्रेमप्रकाश भयो बिहसानी ॥ ३ ॥

આ પદ કહી શ્રીગોવર્ધનધરનાં નેત્ર કરુણારસથી ભરાયાં છે એવું મનમાં સ્મરણ થઈ આવ્યું, એટલે શ્રીગુસાંઇજીએ કહ્યું : હવે મન કયાં લાગી ગયું છે? એટલે સૂરદાસે આ પદ ગાયું, તે પદઃ—

રાગ બિહાગરો—

खंजन नेन रूप रसमाते,
अतिशे चारु चपल अनियारे पल पिंजरा न समाते ॥ १ ॥
चलि चलि जात निकट श्रवननके उलटे फिरत ताटंक फंदाते ॥
सूरदास अंजन गुन अटके नातर अब उडि जाते ॥ २ ॥

૧. 'સૂર' એટલે શૂરો પણ અર્થ ઘટાવી શકાય.

આ પદથી શ્રીઠાકોરજીની શોભા કહેતાં જ શ્રીસ્વામિનીજીના સ્વરૂપનો અનુભવ થઇ આવ્યો ત્યારે આ પદ ગાયું, તે પદઃ—

રાગ કેદારો–

आज अंजन दियो राधिका नेनको—
मीन गुनही खंजन लजित मृग चकित अधिक चंचल सरस श्याम सुखदेनको ॥१॥
दशन धर्यो उदित भौंह मनमथ कुंदफूलकूं लटकत अलि रहत नहि चेनको;
कसनी कंचुकी बदहार ग्रीवा सुरति निरखी अनत गयो उडुपति सुगेनको ॥२॥
चरननूपुर रुनत छुद्र घंटिका क्वनित कनिक सम गोरतन लभित उपरेनको;
सूर सुंदर नवल रसिक गिरिधर देखि चलि गजगति मानो मदनगढ लेनको ॥३॥

આવી રીતે યુગલ સ્વરૂપનું હૃદયમાં ધ્યાન કરી સૂરદાસજી આ લૌકિક શરીર છોડી લીલામાં પ્રાપ્ત થયા. પછી શ્રીગુસાંઇજી પોતે તો ગોપાળપુર પધાર્યા–પછી બધા વૈષ્ણવોએ મળીને સૂરદાસના શરીરને અગ્નિસંસ્કાર કર્યો ને પછી શ્રીગુસાંઇજી પાસે આવ્યા.

ભાવપ્રકાશ—સૂરદાસજીનાં ચાર નામ છે. શ્રીઆચાર્યજી આપ તો તેમને "સૂર (=सं. शूर)" કહેતા. જેમ શૂર હોય તે રણમાંથી પાછો પગ ન ધરે અને બધાથી આગળ ચાલે, તેવી રીતે સૂરદાસજીની ભક્તિ દિન દિન વધતી ગઈ, તેથી શ્રીઆચાર્યજી આપ "સૂર" કહેતા.

શ્રીગુસાંઇજી આપ "સૂરદાસ" કહેતા, કારણ કે દાસભાવમાં કદી ઘટે નહિ. જેમ જેમ અનુભવ અધિક થયો તેમ તેમ સૂરદાસજીમાં દીનતા વધતી જ ગઈ, તેથી સૂરદાસજીને કદી પણ અહંકાર–મદ નથી, તેથી "સૂરદાસજી" એવું એમનું નામ કહ્યું છે. હવે ત્રીજું એમનું નામ સૂરજદાસ છે જે શ્રીસ્વામિજીનાં સાત હજાર પદ સૂરદાસજીએ કર્યાં છે, તેમાં અલૌકિક ભાવનું વર્ણન કર્યું છે, તેથી શ્રીસ્વામિનીજી કહેતાં કે એ સૂરજ છે. જેમ સૂરજથી જગતમાં પ્રકાશ થાય તેવી રીતે (તેમણે) સ્વરૂપનો પ્રકાશ કર્યો છે. તેથી જ્યારે શ્રીસ્વામિનીજીએ "સૂરજદાસ" નામ ધર્યું ત્યારથી સૂરદાસજીએ ઘણાં કીર્તનોમાં સૂરજદાસની છાપ ધરી છે. વળી શ્રીગોવર્ધનનાથજીએ પચીસ હજાર કીર્તન આપે સૂરદાસજીને કરી દીધાં તેમાં "સૂરશ્યામ" છાપ ધરી છે. આ પ્રમાણે સૂરદાસજીનાં ચાર નામ પ્રકટ થયાં, તેથી સૂરદાસજીનાં કીર્તનોમાં આ ચારેય છાપ ધરી છે.

આવી રીતે સૂરદાસજી સદા માનસી સેવામાં મગ્ન રહેતા, તેથી શ્રીઆચાર્યજીએ એમને માથે ભગવત્સેવા પધરાવી ન હતી, કારણ કે સૂરદાસજીને માનસી સેવામાં ફળરૂપ અનુભવ છે, તેથી એ સદા લીલારસમાં મગ્ન રહે છે.

સૂરદાસજીની વાર્તામાં સર્વોપરિ સિદ્ધાંત એ છે કે દીનતા સમાન બીજો કોઇ પદાર્થ નથી અને પરોપકાર સમાન બીજો ધર્મ નથી. તેથી પેલા વાણિયા માટે સૂરદાસજીએ એટલો બધો શ્રમ લીધો, અને એનો અંગીકાર કરાવી તેનો ઉદ્ધાર કરી દીધો, તેથી શ્રી-આચાર્યજી શ્રીગુસાંઇજી આપ અને બધા જ વૈષ્ણવો જીવમાત્ર સૂર-દાસજીના ઉપર બહુ જ પ્રસન્ન રહેતા. જે કોઇ સૂરદાસને આવીને પૂછે તેને પ્રેમથી માર્ગનો સિદ્ધાંત જણાવતા, અને તેનું મન પ્રભુમાં લગાડી દેતા. તેથી સૂરદાસજી જેવા ભગવદીયો કરોડોમાં દુર્લભ છે. આ સૂરદાસજી શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના એવા કૃપાપાત્ર હતા, તેથી એમની વાર્તાનો પાર નથી, તેથી ક્યાંસુધી કહીએ ? ॥વાર્તા ૮૧॥

વાર્તા ૮૨ મી.

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના સેવક પરમાનંદ સ્વામી કનોજિયા બ્રાહ્મણ કનોજમાં રહેતા જેમનાં પદ ગવાય છે તે અષ્ટ-છાપમાં છે તેમની વાર્તા અને એનો ભાવ.

ભાવપ્રકાશ—આ પરમાનંદદાસજી લીલામાં અષ્ટ સખામાં "તોક" સખાનું પ્રાકટ્ય છે. આ તોક સખાનું બીજું સ્વરૂપ નિકુંજમાં સખીરૂપ છે, તે સ્વરૂપનું નામ "ચંદ્રભાગા" છે. તે સુરભિ કુંડની પાસે શ્રીગિરિરાજજીનું દ્વાર છે તેના એક મુખિયા છે. તેઓ કનોજમાં એક કનોજિયા બ્રાહ્મણને ત્યાં જન્મ્યા. જે દિવસે પરમાનંદદાસ જન્મ્યા તે દિવસે એમના એક શેઠિયાએ બહુ જ દ્રવ્ય દાનમાં આપ્યું, ત્યારે આ બ્રાહ્મણે બહુ જ પ્રસન્ન થઇને કહ્યું કે શ્રીઠાકોરજીએ મને પુત્ર આપ્યો અને ધન પણ બહુ જ આપ્યું, માટે આ પુત્ર ભારે ભાગ્યવાન છે. એના જન્મતાં જ મને પરમ આનંદ થયો છે, માટે હું આ પુત્રનું નામ "પરમાનંદદાસ" રાખીશ. પછી જ્યારે નામકરણનો સમય આવ્યો ત્યારે આ બ્રાહ્મણે કહ્યું કે નામ તો હું પહેલેથી જ પુત્રનું "પરમા-

નંદ" વિચારી ચૂકયો છું. ત્યારે બધા બ્રાહ્મણોએ કહ્યું કે તમે જે વિચાર્યું છે, તે જ જન્મપત્રિકામાં આવ્યું છે. એટલે તો આ બ્રાહ્મણ બહુ જ પ્રસન્ન થયો. પછી આ બ્રાહ્મણે જાતકર્મ કરી દાન બહુ જ કર્યું. આમ કરતાં પરમાનંદદાસ મોટા થયા ત્યારે પિતાએ ભારે ઉત્સવ કર્યો અને એમને યજ્ઞોપવીત આપ્યું.

આ પરમાનંદદાસ મહાન કૃપાપાત્ર ભગવદીય છે. લીલામધ્યપાતી શ્રીઠાકોરજીના અત્યંત (અંતરંગ) સખા છે, તેથી જ્યારે શ્રીઆચાર્યજી આપ શ્રીગોવર્ધનનાથજીની આજ્ઞાથી દૈવી જીવોના ઉદ્ધારને માટે ભૂતળ પર પ્રકટ થયા તેવી જ રીતે શ્રીઠાકોરજી સહિત સઘળો પરિકર પ્રકટ થયો અને અનેક દૈવી જીવો દેશાંતરમાં પ્રકટ થયા. એ ગોપાળદાસજીએ શ્રીવલ્લભાખ્યાનમાં ગાયું છે કે "અનેક જીવને કૃપા કરવા દેશાંતર પ્રવેશ." આ પરમાનંદદાસજી કનોજમાં બહુ પ્રસન્નતાથી બાળપણમાં રહેતા. પછી એ ભારે યોગ્ય થયા અને કવીશ્વર પણ થયા. તેઓ અનેક પદ બનાવીને ગાતા. તે "સ્વામી" કહેવાતા અને સેવક પણ કરતા. આ પરમાનંદદાસજીની સાથે સમાજ મોટો, અનેક ગુણીજનો સાથમાં રહેતા. એક વાર કનોજમાં દુકાળ પડયો, તેથી હાકેમની બુદ્ધિ બગડી તેથી ગામડાંમાંથી દંડ લીધો અને પરમાનંદદાસના પિતાનું બધું દ્રવ્ય લૂંટી લીધું. એટલે માતપિતા બહુ દુઃખી થઈને પરમાનંદદાસને કહેવા લાગ્યાં કે અમે તારો વિવાહ પણ કરી શકયાં નહિ અને બધું દ્રવ્ય આમ જ ગયું, માટે હવે તું કમાવાનો ઉપાય કર. કહેવાનો આશય એ હતો કે તું ગુણિયલ છે અને તારી પાસે દ્રવ્ય બહુ જ આવે છે; તે દ્રવ્ય તું એકઠું કરે તો અમે તારો વિવાહ કરીએ.

આ સાંભળી પરમાનંદદાસે માતપિતાને કહ્યું કે મારે તો વિવાહ કરવો નથી. વળી તમે આટલું બધું દ્રવ્ય ભેગું કરીને શો પુરુષાર્થ કર્યો? બધું દ્રવ્ય એમ જ ગયું. માટે દ્રવ્ય આવ્યાનું ફળ એ જ કે વૈષ્ણવો બ્રાહ્મણોને ખવરાવવું. માટે હું તો દ્રવ્યનો સંગ્રહ કદી નહિ કરું. અને તમારે ખાવા જોઇએ તેટલું અન્ન મારી પાસેથી રોજ લો અને બેઠાં બેઠાં શ્રીઠાકોરજીનું નામ લીધા કરો. અત્યારે નિર્ધન થયાં છો તો હવે તો ધનનો મોહ છોડો. આથી પિતાએ પરમાનંદદાસને કહ્યું કે તું તો વૈરાગી થયો. તારી સોબત

વૈરાગીઓની છે; માટે તારી બુદ્ધિ આવી થઈ છે. અમે તો ગૃહસ્થાશ્રમી છીએ. તેથી અમારે ધનનો સંચય કર્યા વગર કેમ ચાલે? જો કુટુંબમાં કે જ્ઞાતિમાં ખરચીએ તો અમારી વડાઈ થાય. પછી પિતા ધનને માટે પૂર્વમાં ગયો. ત્યાં જીવિકા ન મળી એટલે દક્ષિણ તરફ ગયો અને ત્યાં દ્રવ્ય મળ્યું તેથી ત્યાં જ રહ્યો અને પરમાનંદદાસે પોતાને ત્યાં કીર્તનનો સમાજ કર્યો તેથી ગામેગામ પ્રસિદ્ધિ થઈ, વળી પરમાનંદદાસ ગાયન વિદ્યામાં બહુ જ ચતુર હતા.

વાર્તાપ્રસંગ ૧ લો.

એક વાર પરમાનંદદાસ કનોજથી મકરસ્નાન કરવા પ્રયાગમાં આવ્યા અને ત્યાં રહ્યા. ત્યાં કીર્તનનો સમાજ નિત્ય કરતા, તેથી બહુ લોકો એમનાં કીર્તન સાંભળવા આવતા. સામે પાર અડેલમાં શ્રીઆચાર્યજી બિરાજતા હતા. અડેલથી લોકો કોઇ કાર્ય માટે પ્રયાગમાં આવતા, તેઓ પરમાનંદદાસનાં કીર્તન સાંભળીને અડેલમાં આવી શ્રીઆચાર્યજીને કહેતા કે એક પરમાનંદદાસ કનોજથી આવ્યા છે તે કીર્તન બહુ જ સરસ ગાય છે. ત્યારે શ્રીઆચાર્યજી કહેતા કે પરમાનંદદાસ દૈવી જીવ છે તેથી તેનામાં ગુણ હોય તે યોગ્ય જ છે. હવે શ્રીઆચાર્યજીનો સેવક એક "કપૂર ક્ષત્રિય" જલઘરિયો હતો તેને રાગ પર બહુ જ આસક્તિ હતી. આવી વાતો સાંભળીને એના મનમાં આવ્યું કે શ્રીઆચાર્યજી ન જાણે તેમ પરમાનંદદાસનું ગાન હું સાંભળું, કારણ કે શ્રીઆચાર્યજી આપ સાંભળે તો ખીજે કે તું સેવા છોડી શા માટે ગયો? તેથી પ્રયાગ જઇ શકે નહિ. પરન્તુ આ જલઘરિયા ક્ષત્રિય કપૂરને પરમાનંદદાસનાં કીર્તન સાંભળવાની ઇચ્છા ઘણી હતી.

ભાવપ્રકાશ—તેનું કારણ એ છે કે એમનો પૂર્વેનો સંબંધ છે. આ ક્ષત્રિય પરમાનંદદાસની સખી છે. તે ચંદ્રભાગાની સખી, "સોનજુહી" એનું નામ છે. આ ક્ષત્રિય સુદામાપુરીમાં એક ક્ષત્રિયને ઘેર પ્રકટ્યો. એનો પિતા અત્યંત વિષયી હતો. જ્યાં ત્યાં પરસ્ત્રીનો સંગ કરતો. વળી દ્રવ્ય બહુ જ હતું તે બધું વિષયમાં ખોયું ત્યારપછી ગામના રાજાએ એ બધું દ્રવ્ય લૂંટી અને આ ક્ષત્રિયનાં માતાપિતા સહિત બધાંને બંદીખાનામાં નાખ્યાં. ત્યાં એનો

પિતા એક સિપાઈને કહ્યું આપીને રાત્રે સ્ત્રી પુરુષ અને આ પુત્ર સહિત બંદીખાનેથી નાઠો. તેઓએ બે ત્રણ દિવસ સુધી નાસવાનું જ કર્યું. પછી એક વનમાં જઈ ચઢ્યાં. ત્યાં નહારે (વાઘે) એનાં માત પિતાને મારી નાખ્યાં, અને આ પુત્ર ચૌદ વરસનો બચી ગયો. તે વનમાં બેઠો બેઠો રડવા લાગ્યો, કારણ કે ભૂખે તરસે ચલાતું નહોતું. ભોગજોગે પૃથ્વીપરિક્રમા કરતા કરતા શ્રીઆ-ચાર્યજી આ ઘાઢા વનમાં આવી પહોંચ્યા. પોતે આ ક્ષત્રિયને પૂછ્યું : તું કોણ છે કે એકલો વનમાં રડે છે ? એટલે એણે દંડવત્ પ્રણામ કરી પોતાની બધી હકીકત કહી. એટલે શ્રીઆચાર્યજીએ કૃષ્ણદાસ મેઘનને કહ્યું કે કશો મહાપ્રસાદ હોય તો એને ખવરાવો ને જલદી જળપાન કરાવો, જેથી એનો પ્રાણ બચે. કૃષ્ણદાસ મેઘનની પાસે મહાપ્રસાદ હતો તે આ ક્ષત્રિયને નવરાવીને ખવરાવીને જળપાન કરાવ્યું, એથી આ ક્ષત્રિયનું મન ઠેકાણે આવ્યું; એટલે આ ક્ષત્રિયે શ્રીઆચાર્યજીને વિનંતિ કરી કે મહારાજ, મને આપની પાસે રાખો; હું જન્મ પર્યંત ગુલામ રહીશ. હવે મારાં માતપિતા ભગવાન આપ જ છો. આ સાંભળી શ્રીઆચાર્યજીએ આપે શ્રીમુખે કહ્યું : તું ચિંતા ન કર અને તું અમારી સાથે જ રહેજે. હવે શ્રીઆચાર્યજી સાથે જ રહ્યો. ત્યારપછી બીજે દિવસે શ્રીઆચાર્યજીએ આને નામ આપી બ્રહ્મસંબંધ કરાવ્યું, અને જળ લાવવાની સેવા એને આપી. પછી કેટલાક દિવસે શ્રીઆચાર્યજી આપ અડેલ પધાર્યા. ત્યાં આ ક્ષત્રિય શ્રીનવનીતપ્રિયજીનાં દર્શન કરીને પોતાના મનમાં બહુ જ પ્રસન્ન થયો, અને કહ્યું કે હું અનાથ હતો, પરન્તુ શ્રીઆચાર્યજી મારા પર કૃપા કરીને શરણે લઈને સાથે લાવ્યા અને અહીં સાક્ષાત્ યશોદો-ત્સંગલાલિત શ્રીનવનીતપ્રિયજીનાં મને દર્શન થયાં. પછી આ ક્ષત્રિય કપૂર જલઘરિયાનું મન શ્રીનવનીતપ્રિયજીમાં આસક્ત થયું. હવે આ ક્ષત્રિયે મનમાં વિચાર્યું કે જો મને શ્રીનવનીતપ્રિયજીની સેવા કંઈક મળે તો હું સદા સેવા કરું અને દર્શન કરું. શ્રીઆચાર્યજી આપ તો સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ છે, તેથી આ ક્ષત્રિયના મનની વાત જાણી એને પાસે બોલાવીને કહ્યું કે તારા મનમાં સેવાની ભાવના થઈ તેથી તારું મહાભાગ્ય છે, માટે તું હવે શ્રીનવ-નીતપ્રિયજીની જલઘરાની સેવા કર્યા કર. આથી આ ક્ષત્રિયે ખૂબ પ્રસન્ન થઈ શ્રીઆચાર્યજીને દંડવત્ પ્રણામ કરીને વિનંતિ કરી કે મહારાજ, મારા

મનમાં પણ એવું જ હતું. આપ તો પરમકૃપાળુ છો, તેથી મારો સઘળો મનોરથ પૂર્ણ કર્યો. ત્યારપછી બહુ જ પ્રસન્નતાથી અતિપ્રીતિપૂર્વક એ ક્ષત્રિય વૈષ્ણવ ખારું તથા મીઠું જળ ભરવા લાગ્યો; એટલે કેટલાક દિવસ પછી શ્રીનવનીતપ્રિયજી આપ સાનુભાવતા જણાવવા લાગ્યા. પરન્તુ સેવામાં અવકાશ મળે નહિ કે એ પરમાનંદ સ્વામીનાં કીર્તન સાંભળવા જઈ શકે.

એક વાર એકાદશીનો દિવસ હતો. તે દિવસે પ્રયાગથી એક વૈષ્ણવ શ્રીઆચાર્યજીનાં દર્શન માટે અડેલ આવ્યો, ત્યારે આ ક્ષત્રિય જલઘરિયાએ એને પરમાનંદ સ્વામીના સમાચાર પૂછ્યા; ત્યારે આ વૈષ્ણવે કહ્યું કે રોજ તો ચાર ઘડી તથા પહોરનો સમાજ રાત્રે થાય છે, પણ આજ તો એકાદશી છે તેથી આખી રાત્રિ પરમાનંદ સ્વામીને ત્યાં જાગરણ થશે. આ વચન સાંભળીને આ ક્ષત્રિય વૈષ્ણવ પોતાના મનમાં બહુ જ પ્રસન્ન થયા અને વિચાર કર્યો કે આજે પરમાનંદ સ્વામીનાં કીર્તન સાંભળવાનો લાગ આવ્યો છે; માટે જ્યારે રાત્રે શ્રીઆચાર્યજી પોઢશે ત્યારે રાત્રે પ્રયાગમાં જઇને પરમાનંદ સ્વામીનાં કીર્તન સાંભળીશ. ત્યારબાદ રાત્રિ પડી એટલે આ ક્ષત્રિય કપૂર જલઘરિયા પોતાની સેવાથી પહોંચીને શ્રીઆચાર્યજીના મુખની કથા સાંભળીને રાત્રિ દોઢ પહોર ગઇ તે વખતે અડેલથી પ્રયાગ ચાલ્યા, અને પોતાના મનમાં વિચાર્યું કે આ વખતે ઘાટ પર નાવ તો મળશે નહિ માટે તરીને જાઉં. તરવામાં એ બહુ જ નિપુણ હતા. પછી ઘાટ પર આવી એક નાની સરખી પરદની પહેરી ને ધોતી ઉપરણો માથે બાંધ્યાં. સમય ઉનાળાનો ગરમીનો હતો, તેથી તરીને પરમાનંદ સ્વામી કીર્તન કરતા હતા ત્યાં આવ્યા. આમને પહેલાં કદીપણ પરમાનંદ સ્વામીનો મેળાપ થયો નહોતો તેથી દૂર બેસી ગયા. અહીં પ્રયાગના શ્રીઆચાર્યજીના સેવક બેઠા હતા તેઓ એમને જાણતા હતા, તેથી પોતાની પાસે જ આ ક્ષત્રિય કપૂરને બેસાડી દીધા. તેથી તે જ્યાં પરમાનંદ સ્વામી બેઠા હતા તેમની પાસે જઇને બેઠા. આ વખતે અન્ય અન્ય ગુણિજનોનાં પદ ગવાયાં, પછી પરમાનંદ સ્વામીએ ગાવાનો આરંભ કર્યો. આ પરમાનંદ સ્વામી વિરહનાં પદ ગાતા હતા.

ભાવપ્રકાશ—આનું કારણ એ છે કે ઉપર એમનું સ્વરૂપ કહ્યું કે પરમાનંદસ્વામી લીલામાંથી પ્રકટ્યા છે અને હજુ સુધી શ્રીઆચાર્યજીનાં તથા શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન થયાં નથી, તેથી જ્યારે શ્રીઆચાર્યજી શ્રીનાથજીનાં દર્શન કરાવશે ત્યારે પરમાનંદદાસને લીલાનું જ્ઞાન થશે. શ્રીઆચાર્યજીના માર્ગનો એવો સિદ્ધાંત છે કે ભગવદીયનો સંગ થાય ત્યારે જ શ્રીઠાકોરજી કૃપા કરે. તેથી શ્રીઆચાર્યજીએ પરમાનંદ સ્વામીના ઉપર કૃપા કરવાને માટે પોતાના કૃપાપાત્ર ભગવદીય દેવા કપૂરને મોકલ્યા. આ ક્ષત્રિય કપૂર જલધરિયા કેવા હતા કે જેમને શ્રીઠાકોરજી ક્ષણ પણ છોડતા નહિ ને જે (પોતે) સદા વૈષ્ણવોની સાથે જ રહે છે. આથી સૂરદાસે ગાયું છે કે "भक्त विरह कातर करुणामय डोलत पाछे लागे." વળી ઉપર જગન્નાથ જોશીના પ્રસંગમાં કહી આવ્યા છીએ કે જ્યારે પેલા રજપૂતે તરવાર કાઢી ત્યારે શ્રીઠાકોરજી આપે પાછળથી આવી તરવાર સહિત હાથ ઉપરથી અટકાવી દીધો અને હાથ ચાલવા દીધો જ નહિ. તેથી જ શ્રીભાગવતમાં સર્વ ઠેકાણે વર્ણન છે કે ભગવદીય વૈષ્ણવની સાથે જ શ્રીઠાકોરજી ડોલે–ફરે છે. પણ આ પરમાનંદદાસને અત્યારે તો વિયોગ છે, તેથી વિરહનાં કીર્તન હંમેશ ગાતા હતા.

રાગ બિહાગરો–(૧)

ब्रजके बिरही लोक बिचारे;
बिना गोपाल ठगेसे ठाढे, अति दुर्लभ तन हारे ॥ १ ॥
मात जशोदा पंथ निहारत, निशदिन सांझ सवारे;
जो कोइ कान्ह कान्ह कहि बोले अखियन वहत पनारे ॥ २ ॥
यह मथुरा काजरकी रेखा, जे निकसे ते कारे;
परमानंद स्वामी बिनु एसे जेसे चंद बिन तारे ॥ ३ ॥

(२)

गोकुल सब गोपाल उपासी,
जो गाहक साधके उधो सो सब वसत इस पुर कासी ॥ १ ॥
जदपि हरि हम तजि अनाथ करि अब छोडे क्यों रति करि मासी;
अपुनी शीतलता नहि छांडत जदपि विधु सहहे ग्रासी ॥ २ ॥

किंही अपराध जोग लिखि पठ्यो प्रेम भजनते करे उदासी;
परमानंद एसीको विरहेंनी मांगे मुक्ति छांडि गुनरासी ॥३॥

રાગ કાન્હરો—

कोन रसिक है इन बातनको,
नंदनंदन बिन कासो कहिये, सुनरी सखी मेरे दुखिया तनको ॥१॥
कहां वह जमनांपुलिन मनोहर, कहां वह चंद शरद रातनको;
कहां वह शीतल मंद अनिल वहे कहां वह खटपद जलजातनको ॥२॥
कहां वह सेज पोढवो वनको, फूलबिछोना मृदु पातनको;
कहां वह दरश परश परमानंद, कमलनेन कोमल गातनको ॥३॥

રાગ સોરઠ—

माइ को मिलवे नंदकिशोर;
एक बारको नेंन दिखावे मेरे मनके चोर ॥१॥
जागत जाम गिनत नहि खूटत क्या पाऊंगी भोर;
सुनरि सखी अब केसे कीजे सुनि तमचर खगरोर ॥२॥
जोपें प्रीति सत्य अंतरगति जिनी कहू वनि होरे;
परमानंद प्रभु आइ मिलेंगे सखी सीस जिन ठोरे ॥ ३ ॥

ઇત્યાદિક બહુ જ કીર્તન પરમાનંદદાસે આખી રાત્રિ ગાયાં. ત્યારપછી ચાર ઘડી રાત્રિ રહી ત્યારે કીર્તન બંધ કર્યાં અને જે જાગરણમાં આવ્યા હતા તે બધા પોતપોતાને ઘેર ગયા, પછી આ જલઘરિયા ક્ષત્રિય કપૂર પરમાનંદ સ્વામીને ભગવત્સ્મરણ કરી ઊઠીને ત્યાંથી ચાલ્યા, અને પરમાનંદ સ્વામીનાં કીર્તન સાંભળીને પોતાના મનમાં બહુ જ પ્રસન્ન થઇને કહ્યું કે જેવા પરમાનંદ સ્વામીના ગુણ સાંભળ્યા હતા, તેવા જ તે છે.

આવી રીતે પરમાનંદ સ્વામીની સરાહના કરતા આ ક્ષત્રિય કપૂર શ્રીઆચાર્યજીના તટ પર આવીને પ્રથમની પેઠે જ તરીને પાર જઈ ધોતી ઉપરણા પરદની સહિત નાહીને અપરસમાં જ આવ્યા.

તે જ સમયે શ્રીઆચાર્યજી આપ પોઢીને ઊઠ્યા હતા. એટલે શ્રી-આચાર્યજીનાં દર્શન કરી દંડવત્ પ્રણામ કરી પોતાની જલઘરાની સેવામાં તત્પર થયા.

ભાવપ્રકાશ—આવી રીતે આ ક્ષત્રિય કપૂર પરમાનંદસ્વામી પર કૃપા કરવાને માટે પરમાનંદસ્વામીની પાસે ગયાં; નહિ તો એમને શ્રીઠાકોરજીનો સાનુભાવ હતો, તેથી આવા ભગવદીય શા માટે કોઈને ઘેર જાય ? પરન્તુ પર-માનંદ સ્વામીના ઉપર કૃપા થવાની છે, તેથી શ્રીનવનીતપ્રિયજી આ ક્ષત્રિય કપૂર જલઘરિયાને પ્રેરણા કરી તેની સાથે આપે પણ પધારી આમની જ ગોદમાં બેસીને પરમાનંદસ્વામીનાં કીર્તન સાંભળ્યાં.

આવી રીતે એ ક્ષત્રિય જલઘરિયા પરમાનંદ સ્વામીનાં કીર્તન સાંભળીને જ્યારે પ્રયાગથી અડેલ ચાલ્યા, એટલે પરમાનંદ સ્વામી આખી રાત્રિના શ્રમિત હોવાથી સૂઈ ગયા.

ભાવપ્રકાશ—અહીં સંદેહ થાય કે પરમાનંદ સ્વામી આખી રાત્રિ જાગરણ કરીને ચાર ઘડી પાછલી રાત્રિ રહી ત્યારે સૂઈ ગયા. આમ સૂવાથી તો જાગરણનું ફળ જતું રહે છે, તોપછી પરમાનંદ સ્વામી તો ખૂબ જ્ઞાની છે, વળી ચતુર પણ છે, તો તે કેમ સૂતા ? ત્યાં કહે છે કે પરમાનંદ સ્વામી લીલા સંબંધી પુષ્ટિ જીવ છે, તેથી એક શ્રીઠાકોરજીને જ ચાહે છે અને જાગરણના ફળને એ ચાહતા નથી.

આ પરમાનંદ સ્વામી એકાદશીના જાગરણને બહાને પ્રભુનું નામ વધારે લેવાય તેની ખાતર જાગરણ કરતા હતા. તેથી એમને વિધિરીતિથી કશું જાગરણના ફળ (ની ઇચ્છા નથી તેથી ફળ)નું કારણ જ નથી, તેથી પરમાનંદદાસ ચાર ઘડી રાત્રિ પાછલી રહી ત્યારે સૂતા. તે એમ સમજીને કે જાગરણનું ફળ જશે, પણ ભગવન્નામ લીધું તેનો ગુણ તો કોઈ કાલમાં જશે નહિ, તેથી ભગવન્નામ લેવાને માટે ચાર ઘડી પાછલી રાત્રિના સૂતા. તેનું વળી બીજું કારણ એ છે કે જો સૂએ નહિ તો દ્વાદશીને દિવસે આળસ શરીરમાં રહે, અને દ્વાદશીએ રાત્રે દોઢ પહોર રાત્રિ સુધી કીર્તન કરવાનાં છે, તેથી જાગરણનો આશ્રય છોડીને ભગવન્નામનો આશ્રય કરીને સૂતા.

હવે નિદ્રા આવતાં જ પરમાનંદ સ્વામીને સ્વપ્નું આવ્યું. તે સ્વપ્નમાં જુએ છે તો શ્રીઆચાર્યજીના સેવક ક્ષત્રિય જાગરણમાં બેઠા છે. અને એમની ગોદમાં શ્રીનવનીતપ્રિયજીને બેઠેલા દીઠા. વળી શ્રી-નવનીતપ્રિયજીએ સ્વપ્નમાં હસીને પરમાનંદ સ્વામીને આજ્ઞા કરી કે આજ મેં તારાં કીર્તન સાંભળ્યાં છે. શ્રીઆચાર્યજીના કૃપાપાત્ર સેવક કપૂર જલઘરિયા તારે ત્યાં રાત્રે જાગરણમાં આવ્યા હતા, તેથી તેમની સાથે હું પણ આવ્યો. એટલે દિવસે આજ તારાં કીર્તન સાંભળ્યાં છે.

ભાવપ્રકાશ—આમ કહ્યું એમાં કોઈ એમ શંકા કરે કે શ્રીઠાકોરજી તો સદા સાંભળે છે અને સર્વ ઠેકાણે વ્યાપક છે, તે કહે છે કે આજ મેં સાંભળ્યું; એમ કહેવાનું કારણ શું? ત્યાં કહે છે કે આટલા દિવસથી અંગીકારમાં ઢીલ હતી, અંતર્યામી સાક્ષીરૂપે સાંભળે, હવે અત્યારે અંગીકાર કરવો છે અને કૃપા કરવી છે, તેથી જલદી કૃપા કરવાનું લક્ષણ બતાવ્યું. તેથી કહ્યું કે મેં આજે તારું કીર્તન સાંભળ્યું છે. મતલબ કે આજ મેં તારા પર પૂર્ણ કૃપા કરી તેથી હવે જલદીથી તું મને પ્રાપ્ત કરીશ. એવો આશય જાણવો.

હવે પરમાનંદદાસની નિદ્રા ખૂલી ગઈ. નેત્રમાં શ્રીનવનીત પ્રિયજીનું સ્વરૂપ કોટિકંદર્પ લાવણ્યમય જેનું સ્વપ્નમાં દર્શન થયું (તે સ્ફુરી રહ્યું છે) તેથી નેત્રમાં હૃદયમાં જ્ઞાન થયું. આથી પરમાનંદ સ્વામીના મનમાં ભારે ચટપટી થઇ અને આરતી થઈ કે હવે હું ક્યારે શ્રીનવનીતપ્રિયજીનાં દર્શન કરું.

ત્યારપછી પરમાનંદ સ્વામીએ પોતાના મનમાં વિચાર કર્યો કે મેં આટલા દિવસથી જાગરણ કર્યું અને કીર્તન પણ કર્યાં, પરન્તુ મને આવાં દર્શન કદી પણ થયાં નથી, અને આજે થયાં છે તે શ્રીઆચાર્યજીના સેવક જલઘરિયો ક્ષત્રિય કપૂર આવ્યો તેથી એની ગોદમાં થયાં; તેથી ક્ષત્રિય કપૂર વિના દર્શન શ્રીનવનીતપ્રિય-જીનાં થશે નહિ; માટે એની પાસે જાઉં અને એને મળું એટલે મારું કાર્ય સિદ્ધ થાય.

આવી રીતે મનમાં વિચાર કરીને પરમાનંદ સ્વામી તરત જ ઊઠીને અડેલ ચાલ્યા. એટલામાં પ્રાતઃકાલ થયો, અને શ્રી-

યમુનાજીના તીર પર આવ્યા. ત્યાંથી પહેલી જ નાવ પાર જવા ચાલી તેમાં બેસીને પરમાનંદ સ્વામી પાર ઊતર્યા. તે વખતે શ્રી-આચાર્યજી શ્રીયમુનાજીમાં સ્નાન કરી પ્રાતઃસંધ્યા કરતા હતા. આ વખતે પરમાનંદ સ્વામીને શ્રીઆચાર્યજીનાં દર્શન અતિ અદ્ભુત અલૌકિક સાક્ષાત્ શ્રીકૃષ્ણસ્વરૂપ સમાન થયા. જેમ શ્રીગુસાંઇજીએ શ્રીવલ્લભાષ્ટકમાં વર્ણન કર્યું છે કે "वस्तुतः कृष्ण एव," આવાં દર્શન કરીને પરમાનંદ સ્વામી ચકિત થઇ ગયા અને કશું બોલી શકયા નહિ. હવે પરમાનંદ સ્વામીએ પોતાના મનમાં વિચાર કર્યો કે શ્રી-આચાર્યજીના સેવક ક્ષત્રિય કપૂરની ગોદમાં બેસીને શ્રીનવનીતપ્રિયજી મારાં કીર્તન કેમ ન સાંભળે? માથે શ્રીઆચાર્યજી જેવા આવા ધણી બિરાજે છે; માટે હું પણ આમનો સેવક થાઉં, પણ મારું સામર્થ્ય નથી કે હું એમના સેવક થવાની વિનંતિ કરું; તેથી એ ક્ષત્રિય ફરી મળે તો એને બધી વાત કહીને સેવક થવાની વિનંતિ કરું. આવો વિચાર પરમાનંદ સ્વામી પોતાના મનમાં કરતા હતા, એટલામાં શ્રીઆચાર્યજીએ શ્રીમુખથી પરમાનંદ સ્વામીને આજ્ઞા કરી કે પરમાનંદદાસ, કંઈ ભગવલ્લીલા ગાઓ. એટલે પરમાનંદદાસે શ્રીઆચાર્યજીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને આ પદ ગાયાં.

રાગ સારંગ-(૧)

कोन बेर भई चलेरी ! गोपाले-
होननहार गई हि ज्योतें, बारेबार बूझत व्रजबाले ॥१॥
तेरे नेनको रूप कहां गयो, क्यों मीन अरु मुखकमल सुकाइ रह्यो;
सब सौभाग्य गयो हरिके संग, हृदयसो कामल विरह दह्यो ॥२॥
को बोले को नेन उघारे, वाको प्रतिउत्तर देइ विकलमन,
जो सर्वसु अक्रूर चुरायो, परमानंद स्वामी जीवनधन ॥३॥

(२)

जियकी साध जियही रहीरी;
ब्रहोरि गोपाल देखन पाये विलपति कुंज अहीरी ॥१॥

एक दिन सांज सखी यह मारग, वचन जात दहीरी;
प्रीतिके लिये दान मिस मोहन मेरी बांह गहीरी ॥२॥
बिन देखे छिन जात कलप भरी, विरहानल दहीरी;
परमानंद स्वामी बिनु एसे दरशन, नेनन नदी वहीरी ॥३॥

(૩)

वह बात कमलदल नेननकी;
बारबार सुधि आवत सजनी, वह फरि देनी सेनकी ॥१॥
वह लीला वह रास शरदको, गोरज रंजित आवनी;
अरु वह ऊंची टेर मनोहर, मिस करि मोही सुनावनी ॥२॥
वे बाते सालत उर अंतर, को पर पीरहि पावे;
परमानंद कह्यो न परे कछु, हियो सुरूंधत आवे ॥३॥

(૪)

सुधि करत कमलदल नेनकी;
भरि भरि लेत नीर अति आतुर, रचि वृंदावन चेंनकी ॥१॥
दे दे गाढ आलिंगन मिलि कुंजलता द्रुम एनकी;
वे बतियां केसेंके बिसरति, बांह उसीसे सेनकी ॥२॥
बसि निकुंजमें रास खिलाए, विथा गमाई मेंनकी,
परमानंद प्रभु सो क्या जीवे, जे पोपी मृदु बेनकी ॥३॥

આવી રીતે પરમાનંદદાસે વિરહનાં પદ શ્રીઆચાર્યજીની આગળ ગાયાં તે સાંભળીને શ્રીઆચાર્યજીએ શ્રીમુખથી કહ્યું કે પરમાનંદ-દાસ, કંઇ બાલલીલાનાં પદ ગાઓ. ત્યારે પરમાનંદદાસે હાથ જોડીને શ્રીઆચાર્યજીને વિનંતિ કરી કે મહારાજ, હું બાલલીલામાં કશું સમજતો નથી. એટલે શ્રીઆચાર્યજીએ આપે શ્રીમુખથી પરમાનંદદાસને આજ્ઞા કરી કે તમે શ્રીયમુનાજીમાં સ્નાન કરી આવો, એટલે અમે તમને સમજાવી દઇશું. ત્યારે પરમાનંદદાસે શ્રીઆચાર્ય-જીને વિનંતિ કરી કે મહારાજ, આપના સેવક ક્ષત્રિય કપૂર ક્યાં છે? એટલે આચાર્યશ્રીએ કહ્યું કે કશી સેવાટહેલમાં હશે. પછી

પરમાનંદદાસ શ્રીયમુનાજીમાં સ્નાન કરવા ચાલ્યા અને શ્રીઆચાર્યજીને તો સેવાનો સમય હતો તેથી વેગે ત્યાંથી મંદિરમાં પધાર્યા અને શ્રીનવનીતપ્રિયજીને જગાડ્યા. એટલામાં આ ક્ષત્રિય જલઘરિયા શ્રીયમુનાજીમાં જળ ભરવાને ગાગર લઇને શ્રીયમુનાજીના કિનારે આવ્યા. એટલે એને જોઇને પરમાનંદ સ્વામીએ પરમ આનંદથી બેઉ હાથ જોડીને ભગવત્સ્મરણ કરીને કહ્યું કે રાત્રે તમે કૃપા કરીને જાગરણમાં પધાર્યા હતા ત્યાં શ્રીનવનીતપ્રિયજીએ તમારી ગોદમાં બેસીને મારાં કીર્તન સાંભળ્યાં. પછી હું સૂતો એટલે શ્રીનવનીતપ્રિયજીએ દર્શન આપ્યાં અને કૃપા કરીને આજ્ઞા કરી કે આજ મેં તારાં કીર્તન સાંભળ્યાં છે. તેથી તમે મારા પર ભારે કૃપા કરી. તેથી હવે હું તમારાં દર્શન કરવા આવ્યો છું; માટે હવે જેવી રીતે શ્રીઆચાર્યજી શરણે લે અને શ્રીઠાકોરજી કૃપા કરીને મને રોજ દર્શન દે તેવી રીત આપ મને બતાવો. વળી શ્રીઆચાર્યજીએ પોતે કૃપા કરીને મને શ્રીકૃષ્ણના સ્વરૂપનાં દર્શન કરાવ્યાં છે. આ બધો તમારા સંગનો પ્રતાપ છે. આ વાત સાંભળી, ક્ષત્રિય કપૂરે એમને કહ્યું કે તમારા પર શ્રીઆચાર્યજીની કૃપા થઇ છે, તેથી તમને એવાં દર્શન થયાં છે, અને તમને આપશ્રીએ જ શરણે લેવાને માટે આજ્ઞા કરી છે. માટે તમે જલદી નાહીને અપરસમાં જ શ્રીઆચાર્યજી પાસે ચાલો; એટલે તમને પ્રભુ કૃપા કરીને શરણે લેશે, એટલે તમારા બધા મનોરથ પૂર્ણ થશે. વળી રાત્રે હું જાગરણમાં તમારી પાસે આવ્યો તે વાત તમે શ્રીઆચાર્યજી પાસે કહેશો નહિ, નહિતો આપશ્રી મારા પર ખિજાશે કે તું સેવા છોડી કેમ ગયો હતો?

આ વચન પરમાનંદ સ્વામીને કહી, આ ક્ષત્રિય વૈષ્ણવે શ્રીયમુનાજલની ગાગર ભરી અને પરમાનંદદાસ સ્નાન કરીને અપરસમાં જ શ્રીઆચાર્યજીની પાસે આ જલઘરિયા ક્ષત્રિયની પાછળ આવ્યા. તે વખતે શ્રીઆચાર્યજી શ્રીનવનીતપ્રિયજીના શૃંગાર કરીને શ્રીગોપીવલ્લભભોગ ધરીને બિરાજ્યા હતા. તે વખતે પરમાનંદદાસ નાહીને આવ્યા એટલે શ્રીઆચાર્યજીએ આપે પરમાનંદદાસજીને કહ્યું કે

પરમાનંદદાસ, બેસો. એટલે પરમાનંદદાસ દંડવત પ્રણામ કરીને બેઠા. પછી શ્રીઆચાર્યજીએ ભીતર પધારી, ભોગ સરાવી, પરમાનંદદાસને બોલાવીને, શ્રીનવનીતપ્રિયજીના સન્નિધાનમાં કૃપા કરીને, નામ સુણાવ્યું ત્યારપછી બ્રહ્મસંબંધ કરાવ્યું, પછી શ્રીભાગવતજીની દશમસ્કંધની અનુક્રમણિકા સંભળાવી.

ભાવપ્રકાશ—આનો હેતુ એ છે કે પ્રથમ શ્રીઆચાર્યજીએ પરમાનંદ-દાસને કહ્યું કે કંઈક ભગવલ્લીલાનું વર્ણન કરો. એટલે પરમાનંદદાસે વિરહનાં પદ ગાયાં. પછી શ્રીઆચાર્યજીએ આપે પરમાનંદદાસને કહ્યું કે બાલલીલા ગાઓ. તેનું કારણ એ કે બાલલીલા નંદરાયજીના ઘરની લીલા છે. તે સંયોગ રસ છે. હવે એક વાર સંયોગ થાય તો ત્યારપછી વિરહ ફળરૂપ થાય. જેમ કે રાસ-પંચાધ્યાયીમાં વ્રજભક્તોને બોલાવીને લીલા કરી, ત્યારપછી અંતર્ધાનમાં વિરહ ફળરૂપ થયો. તેથી ભગવાને કહ્યું કે "यथाऽधनो लब्धधने विनष्टे, तच्चिंतया." ભગવાન કહે છે કે જેમ ધન પ્રાપ્ત કર્યા પછી ધન જતું રહે ત્યારે ધનહીનને ધનનું ચિંતન બહુ જ થાય. તેથી પ્રથમ શ્રીઆચાર્યજીએ આપે કહ્યું કે બાલલીલા ગાઓ. તેનું કારણ એ કે અનુભવ કરવાથી વિરહનું ગાન જલદી ફળે; પણ પરમાનંદદાસે વિનંતિ કરી કે મહારાજ, હું કશું સમજતો નથી. તેનો આશય એ છે કે સંયોગરસ અત્યારે તો છે નહિ, અને જે મૂળ લીલામાં હતો તે વિસ્મૃત થયો છે. પણ લીલામાંથી વિછૂર્યા છે ને દૈવી જીવ છે. તેથી જન્મથી જ વિરહનું ગાન કર્યું; હવે નામ સમર્પણ કરાવીને અજ્ઞાન-પ્રતિબંધ દૂર કર્યો અને પછી શ્રીભાગવતની અનુક્રમણિકા દશમસ્કંધની સુણાવી ત્યારે શ્રીનવનીતપ્રિયજીના સ્વરૂપનો અનુભવ થયો અને દશમસ્કંધની બધી લીલાઓ સ્ફુરી. પરમાનંદદાસને દશમની અનુક્રમણિકા સંભળાવી તેનું કારણ એ છે કે શ્રીસર્વોત્તમગ્રંથ શ્રીગુસાંઈજીએ પ્રકટ કર્યો છે તેમાં શ્રીઆચાર્યજીનું નામ કહે છે કે "श्रीभागवतपियूषसमुद्रमथनक्षमः" અહીં શ્રીગુસાંઈજીએ શ્રીભાગવતજીનું અમૃતના સમુદ્રસ્વરૂપે વર્ણન કર્યું છે. એટલે શ્રીઆચાર્યજીએ અનુક્રમણિકાદ્વારા શ્રીભાગવતરૂપી અમૃતસમુદ્ર પરમાનંદદાસના હૃદયમાં સ્થાપન કર્યો. તેની જ રીતે પ્રથમ સૂરદાસના હૃદયમાં અનુક્રમણિકા દ્વારા શ્રીભાગવતરૂપી અમૃતસમુદ્ર સ્થાપન કર્યો હતો. આમ વૈષ્ણવો તો અનેક શ્રીઆચાર્યજીના

કૃપાપાત્ર છે, પરન્તુ સૂરદાસ અને પરમાનંદદાસ એ બેઉ "સાગર" થયા. એ બેઉનાં કીર્તનની સંખ્યા—ગણતરી—નથી, તેથી બેઉ "સાગર" કહેવાયા. હવે શ્રીઆચાર્યજીએ આજ્ઞા કરી કે બાલલીલા ગાઓ. હવે સંયોગરસનો અનુભવ થયો.

એટલે પરમાનંદદાસે શ્રીઆચાર્યજીની આગળ બાલલીલાનાં પદ ગાયાં, તે પદઃ—

રાગ આસાવરી—

माइरी कमलनेन श्यामसुंदर झूलत हैं पलना;
बाललीला गावत सब गोकुलकी ललना ॥१॥
अरुण तरुग चरणकमल नखमणि शशिज्योति;
कुंचित कच अंवराकृत लर लटकत गजमोती ॥२॥
अंगूठा गहि कमलपान मेलत मुखमांही;
अपनो प्रतिबिंब देखि पुनिपुनि मुसिकाही ॥३॥
जसोमतीके पुण्यपुंज निरखि निरखि लाले,
परमानंद स्वामी गोपालसुत सनेह पाले ॥४॥

રાગ બિલાવલ—(૧)

जशोदा तेरे भाग्यकी कहिय न जाई;
जो मूर्ति ब्रह्मादिक दुर्लभ सो प्रकटे हे आई ॥१॥
शिव नारद सनकादिक महामुनि मिलवे करत उपाइ;
ते नंदलाल धूरिधूसरवपु रहत गोद ले माइ ॥२॥
रतनजटित पोढाये पालने वदन देखि मुसिकाइ,
झुलो मेरे लाल जाउं वलिहारि परमानंद जश गाइ ॥३॥

(२)

मनिमय आंगन नंदके खेलत दोउ भैया,
गौरश्याम जोरी बनी बलि कुंवर कनैया ॥१॥
नूपुर कंकन किंकिनी रुनझुनु मुख बाजे;
मोहि रही ब्रजसुंदरी मनसिज सुनि बाजे ॥२॥

संग संग जशोमति रोहिनि हित करन मैया;
चुटकी दे दे नचावहीं सुत जानि नन्हैया ॥३॥
नील पीत पट ओढनी देखत मोही भावे;
बाललीला विनोदसों परमानंद गावे ॥४॥

રાગ કાનરો—

प्यारे हरिको विमल जश गावत गोपांगना,
मनिमय आंगन नंदरायके बाल गोपाल करे तहां रिंगना ॥१॥
गिरिगिरि परत घुटरुवन टेकत जानियत मेरो छगनको मगना;
धूसर धूरि उठाइ गोद ले मात जशोदाके प्रेमको संजना ॥२॥
त्रिपद भोंहोंमीं नापी तब न आलस भयो अबजु कठिन भयो देहरि उल्लंघन;
परमानंदप्रभु भक्तवछल हरि रुचिर हार वर कंठ सोहे बघनां ॥३॥

આવાં પદ પરમાનંદદાસે બાલલીલાનાં બહુ જ ગાયાં, તે સાંભળીને શ્રીઆચાર્યજી આપ બહુ જ પ્રસન્ન થયા. ત્યારપછી પરમાનંદદાસ અડેલમાં શ્રીઆચાર્યજીની પાસે રહ્યા, એટલે શ્રીઆચાર્યજીએ પરમાનંદદાસને કહ્યું કે હવે સમય સમયનાં પદ નિત્ય શ્રીનવનીતપ્રિયજીને સંભળાવ્યા કરો; તમને આ સેવા સોંપી.

એટલે પરમાનંદદાસ નિત્ય નવાં પદ કરીને સમય સમયનાં શ્રીનવનીતપ્રિયજીને સુણાવતા. અને જ્યારે શ્રીનવનીતપ્રિયજીનો અનોસર હોય ત્યારે પરમાનંદદાસ શ્રીઆચાર્યજીની આગળ અનેક વ્રજલીલાનાં કીર્તન કરતા. વળી શ્રીઆચાર્યજી આપ શ્રીસુબોધિનીજીની કથા કહેતા તેમાં જે સમયના પ્રસંગની કથા શ્રીઆચાર્યજીના શ્રીમુખથી સાંભળતા તે સમયનાં કીર્તન કથા કર્યા પછી પરમાનંદદાસ શ્રીઆચાર્યજીને સંભળાવતા.

વાર્તાપ્રસંગ ૨ જો.

એક દહાડો પરમાનંદદાસજીએ શ્રીઠાકોરજીનાં ચરણારવિંદનું માહાત્મ્ય કથામાં શ્રીઆચાર્યજીને શ્રીમુખે સાંભળ્યું, તે સમયે

પરમાનંદદાસે શ્રીઠાકોરજીનાં ચરણારવિંદનું માહાત્મ્ય સહિત કીર્તન શ્રીઆચાર્યજીની આગળ ગાયું, તે પદઃ—

રાગ કાનરો

चरनकमल वंदो जगदीश जे गोधनके संग धाये;
जे पदकमल धुरि लपटानें कर गहि गोपिन उर लाये ॥१॥
जे पदकमल युधिष्ठिर पूजत राजसूयमें चलि आये;
जे पदकमल पितामह भीष्म भारथमें देखन पाये ॥२॥
जे पदकमल शंभु चतुरानन हृदयकमल अंतर राखे;
जे पदकमल रमा उर भूषन वेद भागवत मुनि भाखे ॥३॥
जे पदकमल लोकत्रयपावन बलि राजाकी पीठ धरे;
सो पदकमल दास परमानंद गावत प्रेमपीयूख भरे ॥४॥

આ પદ પરમાનંદદાસે ગાયું ત્યારપછી શ્રીઆચાર્યજીની પ્રાર્થનાનું પદ ગાયું, તે પદઃ—

રાગ કન્હારો—

यह मागो गोपीजनवल्लभ;
मानुस जन्म ओर हरिसेवा व्रज बसवो दीजे मोइ सुल्लभ ॥१॥
श्रीवल्लभकुलको व्हे चेरो वैष्णवजनको दास कहाऊं;
श्रीयमुनाजल नित्य प्रति नहाऊं, मन कर्म वचन कृष्णगुण गाऊं ॥२॥
श्रीमद्भागवत श्रवण सुणूं नित, इन तजि चित्त कहूं अनत न लाऊं;
परमानंददास यह मागत नित निरखों कबहू न अघाऊं ॥३॥

આ પદ પરમાનંદદાસે ગાયું. આ પદ સાંભળીને શ્રીઆચાર્યજી મહાપ્રભુજી આપે એમ જાણ્યું કે આ પદમાં વ્રજનાં દર્શનની પ્રાર્થના કરી છે, તેથી પરમાનંદદાસને વ્રજનાં દર્શન જરૂર કરાવવાં. એટલે શ્રીઆચાર્યજીએ પોતે વ્રજમાં પધારવાનો ઉદ્યમ કર્યો, અને પછી દામોદરદાસ હરસાની, કૃષ્ણદાસ મેઘન, પરમાનંદદાસ અને યાદવેંદ્રદાસ વગેરે સર્વ વૈષ્ણવોને સાથે લઇને શ્રીઆચાર્યજી આપ અડેલથી

વ્રજમાં પધાર્યા. વ્રજમાં જતાં માર્ગમાં પરમાનંદદાસનું ગામ કનોજ આવ્યું, ત્યારે પરમાનંદદાસે શ્રીઆચાર્યજીને વિનંતિ કરી પોતાને ઘેર પધરાવ્યા. પછી પરમાનંદદાસ પોતાનું ભાગ્ય માનીને પરમપ્રીતિથી પોતાને ઘેર પધરાવીને સર્વ સામગ્રી બજારથી લાવ્યા, અને જે વૈષ્ણવો હતા તેમને બહુ જ વિનંતિ કરી દીનતાપૂર્વક બધાંને સીધું સામગ્રી આપીને રસોઇ કરાવી. પછી શ્રીઆચાર્યજીએ આપે સખડી અનસખડી પાક સામગ્રી તૈયાર કરીને શ્રીઠાકોરજીને ભોગ ધરીને પછી ભોગ સરાવી આપે ભોજન કર્યું. ત્યારપછી પરમાનંદદાસ આદિ સઘળા વૈષ્ણવોને મહાપ્રસાદ લેવરાવીને આપ ગાદી તકિયા પર બિરાજ્યા. પછી પરમાનંદદાસ મહાપ્રસાદ લઇ શ્રીઆચાર્યજીની પાસે આવી દંડવત્ પ્રણામ કરીને બેઠા, ત્યારે આપે આજ્ઞા કરી કે પરમાનંદદાસ! કશો ભગવદ્દયશ ગાઓ. આ વખતે પરમાનંદદાસે વિચાર્યું કે આ સમયે શ્રીઆચાર્યજીનું મન વ્રજલીલામાં શ્રીગોવર્ધનનાથજીની પાસે છે, માટે વિરહનું પદ ગાઉં, જેમાં એક ક્ષણ કલ્પ સમાન જાય; તે પદઃ—

રાગ સોરઠ—

हरि तेरी लीलाकी सुधि आवे,
कमलनेंन मनोहर मूर्ति मन मन चित्र बनावे ॥१॥
एकवार जाइ मिलत मया करि सो केसे विसरावे;
मुख मुसकान वक्र अवलोकनि चाल मनोहर भावे ॥२॥
कबहूक भ्रूम क्वासि क्वासि कहि संगहि ऊठी धावे;
कबहूक नेंन मूंदी अंतरगति मनिमाला पहेरावे ॥३॥

પરમાનંદદાસે આ પદ ગાયું, એમાં એમ કહ્યું કે "हरि तेरी लीलाकी सुधि आवे" શ્રીઆચાર્યજી મહાપ્રભુજી આ પદ સાંભળતાં જ રાસાદિક લીલામાં મગ્ન થઇ ગયા.

ભાવપ્રકાશ—આ શી રીતે ખબર પડે કે રાસલીલામાં મગ્ન થઈ ગયા? આ બાબતમાં શ્રીગુસાંઈજીએ શ્રીઆચાર્યજીનું સ્વરૂપ શ્રીવલ્લભાષ્ટકમાં

વર્ણવ્યું છે કે "श्रीमद्वृन्दावनेन्दुप्रकटितरसिकानन्दसन्दोहरूपस्फूर्जद्रासादिलीलामृतजलधिभराक्रान्तसर्वोऽपि शश्वत्" એવું રસથી ભરેલું છે. વળી શ્રીસર્વોત્તમજીમાં શ્રીગુસાંઈજી શ્રીઆચાર્યજીનું નામ કહે છે-रासलीलैकतात्पर्याय नमः" આમાં શ્રીઆચાર્યજીનું કાર્ય કહે છે, આપે જે જે ગ્રંથ કર્યા તેમાં એક રાસલીલા જ તાત્પર્ય છે, બીજી કશી કોઈ વાતમાં આપનું તાત્પર્ય નથી, તેથી રાસલીલામાં મગ્ન થઇ ગયા.

બાહ્ય શરીરનું અનુસંધાન પણ રહ્યું નહિ અને ત્રણ દિવસ સુધી શ્રીઆચાર્યજીને મૂર્છા રહી. આ સમયે આપ આંખ મીંચીને ગાદી તકિયા પર બિરાજ્યા હતા, અને દામોદરદાસ હરસાની આદિ વૈષ્ણવો જે શ્રીમહાપ્રભુજીના સ્વરૂપને જાણે તે જાણે, તેથી કોઈ વૈષ્ણવ બોલે નહિ; ચૂપચાપ બેઠા બેઠા શ્રીઆચાર્યજીનાં દર્શન કર્યા કરે.

ભાવપ્રકાશ—આમ શાથી ? તો જેમ શ્રીઆચાર્યજી આપ પૂર્ણ પુરુષોત્તમ છે તેથી તેમને શરીરધર્મ બાધા કરે નહિ. જો કે આપે મનુષ્યદેહ ધારણ કર્યો તે વડે મનુષ્યની ક્રિયા જગતમાં જણાવે જે, પરન્તુ તેમને દેહધર્મ બાધક નથી, તેથી બધા સેવક ત્રણ દિવસ સુધી બેસી રહ્યા.

ત્યારબાદ ચોથે દિવસે સાવધાન થઇને શ્રીઆચાર્યજીએ આંખો ઉઘાડી એટલે બધા વૈષ્ણવ રાજી રાજી થઈ ગયા.

ભાવપ્રકાશ—હવે અહીં પૂર્વપક્ષ થાય કે-રાસાદિક લીલામાં મગ્ન થઈ ગયા તે ત્રણ દિવસ સુધી કેમ રહ્યા ? ત્યાં જણાવે છે કે રાસાદિક લીલામાં ત્રણ જ સ્થળ મુખ્ય છે: શ્રીગિરિરાજજી, શ્રીવૃંદાવન, અને શ્રીયમુનાજી. ૧. શ્રીગિરિરાજજીસ્વરૂપે થઇને–બાલલીલાની સામગ્રી સિદ્ધ કરે છે, ૨. શ્રીવૃંદાવનની લીલા રસાત્મક કુંજવિહારમાં, ૩. શ્રીયમુનાજી સર્વ રાસોનું મૂળ (સ્વરૂપ). આવી રીતે જળસ્થળની લીલા છે. મતલબ કે એક દિવસ શ્રીગિરિરાજસંબંધી લીલાનો અનુભવ કર્યો, જેમાં કંદરામાં નાના પ્રકારના વિલાસ, ચતુર્ભુજદાસે ગાયા છે કે "ગોવર્ધનગિરિ સઘન કંદરા" આદિમાં કહ્યા મુજબ; બીજે દિવસે વૃંદાવનલીલા, અને ત્રીજે દિવસે શ્રીયમુનાજીના પુલિનમાં રાસ જળવિહાર; આવી રીતે ત્રણ દિવસ સુધી ત્રણે રસનો અનુભવ કર્યો. ત્યાર-

પછી ભૂમિ પર ભક્તિમાર્ગ પ્રકટ કરીને અનેક જીવોને શરણે લઇને લીલા-રસનો અનુભવ કરાવવાનો છે, તેથી ચોથે દિવસે શ્રીઆચાર્યજી આપ નેત્ર ખોલી સાવધાન થયા.

ત્યારપછી પરમાનંદદાસજી પોતાના મનમાં ડર્યા કે આવું પદ ફરી કદી પણ નહિ ગાઉં.

ભાવપ્રકાશ—પરમાનંદદાસને ડરવાનું કારણ એ હતું કે શ્રીઆચાર્યજી આપ રસનો અનુભવ કરતાં કરતાં કદાચિત્ લીલારસમાં મગ્ન થઈ જાય અને પછી ભૂમિ પર પધારવાનું મન ન કરે તો આ દૈવી જીવોનો ઉદ્ધાર શી રીતે થાય? તેથી પરમાનંદદાસે પોતાના મનમાં વિચાર કર્યો કે હવે શ્રીઆચાર્યજી પાસે વિરહનું પદ ફરી કદી પણ નહિ ગાઉં. તેનું શું કારણ? શ્રીઆચાર્યજી આપ વિરહાત્મક સ્વરૂપ છે. શ્રીસર્વોત્તમજીમાં શ્રીગુસાંઈજી આપનું નામ "**विरहानुभवैकार्थसर्वत्यागोपदेशकः**" કહે છે. મતલબ કે વિરહરસના અનુભવ માટે સર્વલૌકિક વૈદિકનો મેં ત્યાગ કર્યો તેવો ઉપદેશ પણ કરે છે. આમાં વિરહનું સ્વરૂપ જણાવ્યું. વિરહદશામાં લૌકિકવૈદિકનું કશું ભાન રહે નહિ ત્યારે વિરહ થયો કહેવાય

ત્યારપછી પરમાનંદદાસે સૂધાં પદ ગાયાં, તે પદઃ—

રાગ રામકલી—

माइरी हौं आनंद मंगल गाऊं;
गोकुलकी चिंतामणि माधो जो मागो सो पाऊं ॥१॥
जबतें कमलनैन ब्रज आये सकल संपदा बाढी;
नंदरायके द्वारे देखो अष्ट महासिद्धि ठाढी ॥२॥
फूले फूल सदा वृंदावन कामधेनु दुहि दीजे;
मागे मेघ इंद्र बरसावे कृष्णकृपासुख लीजे ॥३॥
कहत जशोदा सखियन आगे हरि उत्कर्ष जनावे;
परमानंददासको ठाकोर मुरलि मनोहर भावे ॥४॥

ત્યારપછી શ્રીઆચાર્યજી આપ ભોજન કરીને પોઢયા, એટલે

બધા વૈષ્ણવોએ પ્રસાદ લીધો. ત્યારબાદ પરમાનંદદાસે પ્રસાદ લઇને શ્રીઆચાર્યજી પાસે આ પદ ગાયું.—

રાગ ગોરી—

विमल यश वृंदावनके चंदको,
कहा प्रकाश सोम सूरजको सो मेरे गोविंदको ॥१॥
कहेती जशोदा सखियन आगे वैभव आनंदकंदको;
खेलत फिरत गोपबालक संग ठाकोर परमानंदको ॥२॥

ત્યારપછી પરમાનંદદાસે નીચેનું પદ ગાયું, તે પદઃ—

રાગ સારંગ—

चल सखि नंदगाम जइ बसिये, खरिक खोरि ब्रजचंदसो हसिये ॥१॥
बसत बठेन सबे सुख माई, एक कठिन दुःख दूरि कन्हाई ॥२॥
माखन चोरत दुरि दुरि देखों, सजनि जनम सुकृत करि लेखो ॥३॥
जलचर लोचन छिन छिन प्यासा, कठिन प्रीत परमानंददासा ॥४॥

આ પદ સાંભળીને શ્રીઆચાર્યજીએ આપે કહ્યું કે હવે વ્રજમાં ચાલીએ. પછી પરમાનંદદાસે જે સેવક કર્યા હતા, તે બધાને શ્રી-આચાર્યજી પાસે લાવી વિનંતિ કરી કે મહારાજ, આ જીવોનો અંગીકાર કરો. ત્યારે શ્રીઆચાર્યજીએ આપે પરમાનંદદાસને કહ્યું: એમને તમે નામ સંભળાવીને સેવક કર્યા છે, પછી હવે તમે અમારી પાસે એમને સેવક શા માટે કરાવો છો? ત્યારે પરમાનંદદાસે કહ્યું કે મહારાજ, આ તો પહેલી દશામાં સ્વામીપણું હતું તેથી સેવક કર્યા હતા, અને હવે હું તો આપનો દાસ છું. "સ્વામીપદ" તો જે સ્વામી છે તેમને જ શોભે છે. દાસ થઇને સ્વામીપદ ઇચ્છે તે મૂરખ છે, તેથી મેં અજ્ઞાન દશામાં સેવક કર્યા, તેમનો હવે આપ શરણે લઇને ઉદ્ધાર કરો. એ સાંભળી બધાંને શ્રીઆચાર્યજીએ નામ સંભળાવીને સેવક કર્યા. ત્યારપછી બધા વૈષ્ણવોને સાથે લઇ કનોજથી વ્રજમાં પધાર્યા, અને કેટલાક દિવસ પછી શ્રીગોકુળ પધાર્યા. અહીં ગોવિંદઘાટ પર

સ્નાન કરીને છોંકરની નીચે શ્રીઆચાર્યજી આપ આવીને આપની બેઠકમાં બિરાજ્યા. અહીં એક ભીતર બેઠક શ્રીદ્વારિકાનાથજીના મંદિર પાસે છે. તે શ્રીઆચાર્યજીને રાત્રે વિશ્રાંતિ લેવાની જગ્યા છે. તેથી આપ જ્યારે શ્રીગોકુળ પધારતા ત્યારે અહીં ઊતરતા, એટલે આ ભીતરની બેઠક છે. અહીં શ્રીઆચાર્યજીએ આપે શ્રીનવનીતપ્રિયજીને પાલને ઝુલાવી દધિકાદો (દહીંનો કાદવ) જન્માષ્ટમીનો ઉત્સવ કર્યો હતો, તે અગાઉ ગજનધાવનની વાર્તામાં વર્ણન કરી ગયા છીએ. હવે શ્રીઆચાર્યજી આપ સ્નાન કરીને છોંકરની નીચે આપની બેઠકમાં બિરાજ્યા હતા, ત્યારે સર્વ વૈષ્ણવો પરમાનંદદાસ સહિત સ્નાન કરી પ્રભુ (શ્રીઆચાર્યજી) પાસે બેઠા હતા. પછી શ્રીઆચાર્યજીએ શ્રીયમુનાષ્ટકનો પાઠ પરમાનંદદાસજીને શીખવ્યો, એટલે પરમાનંદદાસના હૃદયમાં શ્રીયમુનાજીનું સ્વરૂપ સ્ફુર્યું, તેથી શ્રીયમુનાજીના યશનું વર્ણન કર્યું, તે પદઃ—

રાગ રામકલી—(૧)

श्रीयमुनाजी यहप्रसाद हौं पाऊं;
तिहारे निकट रहूं निसबासर रामकृष्णगुण गाऊं ॥१॥
मज्जन करूं विमल जल पावन, चिंता क्लेश बहाऊं;
तिहारी कृपाते भानुकी तनया हरिपद प्रीति बढाऊं ॥२॥
विनति करो एही वर मागो अधमन संग विसराऊं;
परमानंद स्वामी फलदाता (सुखसागर) मदनगोपाल लडाऊं ॥३॥

(२)

श्रीयमुनाजी दीन जान मोहि दीजे,
नंदको लाल सदा वर मागूं गोपिनकी दासी मोहे कीजे ॥१॥
तुमहो परम कृपाल कृपानिधि, संतनके हितकारी, (चरणशरण सुखकारी);
तिहारे वश वर्तत राधावर, तुव तट क्रीडत गिरिधारी ॥२॥
व्रजनारी सब खेलत हरिसंग अद्‌भुत रासविलासी;
तिहारे पुलिन मध्य कुंजद्रुम कमल पुहुप सुखरासी ॥३॥

श्रमजल भरी न्हात सब सुंदरी जलक्रीडा सुखकारी;
मणि तारागण मध्य बिराजत भरि भरि छिरकत नारी ॥४॥
रानिजूके पाय परों नित गृहको कारज कीजे;
परमानंददास सदा शरणको नेंनन यह सुख दीजे ॥५॥

(૩)

कालिंदी कलिकल्मपहरनी–
रवितनया जमअनुजा श्याम महासुंदर गोविंदघरनी ॥१॥
जे जमने श्रीकृष्णवल्लभा पतितनको पावन भवतरनी;
शरणागतकों देत अभय पद जननी तजत जेसे सुतकी करनी ॥२॥
शीतलमंद सुगंध सुधानिधिधाराधरवपु उतरी धरनी;
परमानंदप्रभु परम पावनी जुग जुग साखि निगम नित वरनी ॥३॥

આવાં પદ પરમાનંદદાસજીએ શ્રીઆચાર્યજીની આગળ શ્રીયમુનાજીના તટ પર ગાયાં. આ પદ સાંભળી પ્રસન્ન થઇને શ્રીઆચાર્યજીએ પરમાનંદદાસને શ્રીગોકુળની બાલલીલાનાં દર્શન કરાવ્યાં. આ વખતે પરમાનંદદાસને બાલલીલા વિશિષ્ટ એવાં દર્શન થયાં કે વ્રજભક્તો શ્રીયમુનાજળ ભરે છે અને શ્રીઠાકોરજી આપ શ્રીવ્રજભક્તો સાથે નાના પ્રકારના ખ્યાલ લીલા કરી સુખ આપે છે. આ લીલાનાં દર્શન કરી પરમાનંદદાસે એવાં જ પદ શ્રીઆચાર્યજીની આગળ ગાયાં; તે પદઃ—

રાગ બિલાવલ–

श्रीयमुनाजल घट भरी ले चली चंद्रावली नारि;
मारगमें खेलत मिले घनश्याम मुरारि ॥१॥
नेंनसो नेनां मिले चित्त रह्यो लुभाइ;
मोहनमूर्ति जिय बसी पग धर्यो न जाइ ॥२॥
मनकी प्रीत प्रकट भई यह पहेली हे भेट;
परमानंद एसे मिलि जेसे गुडमें चेट ॥३॥

રાગ સારંગ—

लाल नेक टेको मेरी बैयां;
ओघट घाट चल्यो नहि जाई, रपटत हौं कालिंदी महियां ॥१॥
सुंदरस्याम कमलदललोचन देखि स्वरूप ग्वालिन अरुझानी;
उपजी प्रीत काम अंतरगति तब नागरि नागर पहेचानी ॥२॥
हसि व्रजनाथ गह्यो करपल्लव जेसे गागरि गिरित न पावे;
परमानंद ग्वालिन सयानी कमलनेंनतन परस्यो भावे ॥३॥

ત્યારપછી પરમાનંદદાસે શ્રીગોકુળની બાલલીલાનાં બહુ જ પદ ગાયાં, જેમાં શ્રીગોકુળનું સ્વરૂપ અલૌકિક જણ્યું જાય; તે પદઃ—

રાગ કાન્હરો—

गावत गोपी मधु मृदु बानी;
जाके भवन बसत त्रिभुवनपति राजा नंद जशोदा रानी ॥१॥
गावत वेद भागवत गावत गावत नारदादि मुनि ज्ञानी;
गावत गुन गांधर्व कालशिव गोकुलनाथ महातम जानी ॥२॥
गावत चतुरानन जगनायक, गावत शेष सहस्रमुखरासि;
मन कर्म वचन प्रीति पदअंबुज अब गावत परमानंददास ॥३॥

[२]

रानी जसुमती गृह आवत गोपीजन,
वासरतापनिवारन कारन वारंवार कमलमुख निरखन ॥१॥
चाहत पकरि देहरि उल्लंघन किलकि किलकि हुलसत मनही मन;
राइ लोन उतारति दुहुं कर, वारि फेरि डारत तनमनधन ॥२॥
लेत उठाय चांपत हियो भरि प्रेमविवश लागे द्दग ढरकन;
ले चलि पलना पोढावनको अलक साय पोढे सुंदरघन ॥३॥
देत असीस सकल गोपीजन चिरंजीवो जोलों गग यमुन;
परमानंददासको ठाकोर भक्तवत्सल भक्तन मन रंजन ॥४॥

રાગ હમીર—

गिरिधरन सबहि अंगको वांको—
वांकी चाल चलत गोकुलमें छेलछबीलो काको ॥१॥

वांको मोहन चरनमति वांकी वांको हृदयो जाको;
परमानंददासको ठाकुर कियो खोरि व्रज साको ॥२॥

આવી રીતે પરમાનંદદાસે બહુ કીર્તન કર્યાં. શ્રીગોકુળનાં દર્શન કરીને પરમાનંદદાસજીની શ્રીગોકુળમાં બહુ જ આસક્તિ થઈ, તેથી શ્રીઆચાર્યજીની આગળ એવાં પ્રાર્થનાનાં પદ ગાયાં કે મને શ્રીગોકુળમાં આપનાં ચરણારવિંદની પાસે રાખો, જેથી રોજ શ્રી-ઠાકોરજીનાં દર્શન કરું અને બધી લીલાઓનો અનુભવ થાય; તે પદઃ-

રાગ સારંગ—

यह मागौं जशोदानंदन;
चरनकमल मेरो मन मधुकर यह छवि नैनन दरशन ॥१॥
चरनकमलकी सेवा दीजे दोउ तन राजत विद्युतलताघन;
नंदनंदन वृषभाननंदिनी मेरे सर्वस्व प्रानजीवन धन ॥२॥
व्रज बसवो जमुनाजल पीवो श्रीवल्लभको दास ये हे पन;
महाप्रसाद पाऊं हरिगुण गाऊं परमानंददास दासी जन ॥३॥

રાગ કાન્હરો—

यह मागौं संकर्षण वीर;
चरणकमल अनुराग निरंतर भावत हे भक्तनकी भीर ॥१॥
संग देउ तो हरिभक्तनको, वास वृंदावन यमुनातीर;
श्रवण देउ तो कृष्णकथारस, ध्यान देउ तो श्यामशरीर ॥२॥
मनकामना सकल परिपूरण मंजन विमल कालिंदीनीर;
परमानंददासको ठाकुर गोकुलनायक सुखधीर ॥३॥

[२]

जबलग श्रीयमुना गाय गोवर्धन जबलग गोकुल गाम गुसांई;
जबलग श्रीभागवत कथारस तबलग कलियुग नाहीं ॥१॥
जबलग रस सेवक सेवारस नंदनंदसो प्रीत लगाई;
परमानंद तासों हरि क्रीडत श्रीवल्लभचरनरेनु जिन पाई ॥२॥

આવાં કીર્તન પરમાનંદદાસે પ્રાર્થનાનાં ગાયાં, તે સાંભળીને શ્રીઆચાર્યજી આપ પરમાનંદદાસ ઉપર બહુ જ પ્રસન્ન થયા.

વાર્તાપ્રસંગ ૩ જો.

પછી શ્રીઆચાર્યજી આપ પરમાનંદદાસ સહિત સર્વ વૈષ્ણવ સમાજને લઇને શ્રીગોકુળથી શ્રીગોવર્ધન પધાર્યા. ઉત્થાપનના સમયે શ્રીઆચાર્યજી આપ ગિરિરાજજી પધાર્યા, ત્યાં સ્નાન કરી શ્રીઆચાર્યજી શ્રીગિરિરાજજી પર શ્રીગોવર્ધનનાથજીના મંદિર પધાર્યા. પછી પરમાનંદદાસે નાહીને શ્રીગિરિરાજજીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા અને પર્વત ઉપર મંદિરમાં જઇને ઉત્થાપનનાં દર્શન કર્યાં. શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન કરતાં જ પરમાનંદદાસ આસક્ત થઈ ગયા. આ વખતે શ્રીઆચાર્યજી આપે શ્રીમુખથી પરમાનંદદાસજીને કહ્યું કે પરમાનંદદાસ, કંઈક ભગવલ્લીલાનાં કીર્તન શ્રીગોવર્ધનનાથજીને સંભળાવો, ત્યારે પરમાનંદદાસે પોતાના મનમાં વિચાર કર્યો કે હું શું ગાઉં? કારણ કે રસના (જીભ) તો એક છે અને શ્રીગોવર્ધનનાથજીનું સ્વરૂપ તો અપાર છે. વળી એમની લીલા અપાર છે. જે વસ્તુનું સ્મરણ કરું છું તેમાં જ બુદ્ધિ તલ્લીન થઈ જાય છે. પરંતુ શ્રીઆચાર્યજીની આજ્ઞા થઇ છે માટે કશું ગાવું તો ખરું જ. માટે પદ એવું ગાઉં કે જેમાં પ્રથમ તો અવતાર-લીલા, પછી કુંજલીલા, પછી ચરણારવિંદની વંદના, પછી સ્વરૂપનું વર્ણન, અને પછી માહાત્મ્ય સહિત શ્રીઠાકોરજીની લીલા હોય—એવું પદ ગાયું; તે પદઃ-

રાગ બિલાવલ—

मोहन नंदरायकुमार;
प्रकट ब्रह्म निकुंजनायक भक्तहित अवतार ॥ १ ॥
प्रथम चरणसरोज वंदूं श्यामघन गोपाल;
कनककुंडल गंड मंडित चारु नेन विशाल ॥ २ ॥
बलिराम सहित विनोदलीला शेष शंकर हेत;
दास परमानंद प्रभु हरि निगम बोलत नेत(ति) ॥ ३ ॥

આ પ્રાર્થનાનું પદ ગાઇને પછી આસક્તિનાં પદ ગાયાં:

રાગ આસાવરી–

माइ मेरो माधोसो मन मान्यो;
अपनो मन अरु वा मोहनको एकमेक करि सान्यो ॥ १ ॥
लोकवेदकी कान तजी में न्योति अपुने आन्यो;
एक गोविंदचंदके कारन वेर सबनसों ठान्यो ॥ २ ॥
अब क्यों भिन्न होइ मेरी सजनी दूध मिल्यो जेसो पान्यो;
परमानंद मिली हौं गिरिधर हे पहेलो पहेचान्यो ॥ ३ ॥

રાગ ગોરી–

में अपनो मन हरिसो जोर्यो;
हरिसो जोर्यो सबन सो तोर्यो–में अपनो ॥
नाच नच्यो तब घूंघट केसो, लोकलाज डर पटक्क पिछोर्यो ॥१॥
आगे पाछे शोच मिट्यो जियको सब, बाटमांझ मटुका ले फोर्यो;
कहेनो होइ सो कहो सखीरी, कहा भयो काहुने मुख मोर्यो ॥२॥
नवललाल गिरिधरन प्रियसंग, प्रेमरंगमें यह तन बोर्यो;
परमानंद प्रभु लोक हसन दे, विधि–निषेधसो नातो तोर्यो ॥३॥

રાગ કાન્હરો–

तिहारी बात मोहि भावत लाल;
बार बार जशोमतिके भवनमें यह सुनति हौं आवत लाल ॥१॥
पार परोसी अनख करत हैं ओर कछु लगावत लाल;
ताकी साखी विधि ना जाने, जिह लालच उठि धावत लाल ॥२॥
दधिको मथन अरु ग्रहको कारज तिहारे प्रेम विसरावत लाल;
परमानंद प्रभु कुंवर भावतो तुम देखे सचुपावत लाल ॥३॥

ત્યારપછી શ્રીઆચાર્યજીએ શ્રીગોવર્ધનનાથજીની સેન આરતી કરી, તે વખતે પરમાનંદદાસે આ પદ ગાયું; તે પદઃ—

રાગ કેદારો–

पोढे रंगमहल गोविंद, राधिकासंग शरद रजनी उदित पूरनचंद;
विविध चित्र विचित्र चित्रत कोक कोटिक फंद ॥१॥

मलचंदन अंगलेपन परस्पर आनंद;
कुसुम बींझना ब्यार ढोरत सजनि परमानंद ॥२॥

આવાં ઘણાં પદ પરમાનંદદાસે ગાયાં, તે સાંભળીને શ્રી-આચાર્યજી આપ બહુ જ પ્રસન્ન થયા. ત્યારપછી શ્રીઆચાર્યજી શ્રી-ગોવર્દ્ધનનાથજીને પોઢાડીને અનોસર કરી પર્વત નીચે પધાર્યા, તે વેળા શ્રીઆચાર્યજીએ રામદાસ ભિતરિયાને કહ્યું કે પરમાનંદદાસને પ્રસાદી દૂધ મોકલાવી દેજો. એટલે રામદાસે એ પ્રસાદી દૂધ મોકલી આપ્યું. તે પ્રસાદી દૂધ પરમાનંદદાસ લેવા લાગ્યા તો ઊનું લાગ્યું તેથી ટાઢું કરીને લીધું. પછી પરમાનંદદાસ શ્રીઆચાર્યજી પાસે આવી દંડવત્ પ્રણામ કરીને બેઠા, એટલે શ્રીઆચાર્યજીએ પરમાનંદ-દાસને પૂછ્યું કે પરમાનંદદાસ, મહાપ્રસાદી દૂધ લીધું તે કેવું હતું? એટલે પરમાનંદદાસે કહ્યું કે મહારાજ, દૂધ તો ઊનું હતું. એટલે શ્રીઆચાર્યજીએ બધા ભિતરિયાઓને બોલાવીને પૂછ્યું કે દૂધ ઊનું કેમ ભોગ ધરો છો? સારું સોહાતું હોય ત્યારે ભોગમાં ધરવું. એટલે સઘળા ભિતરિયાઓએ કહ્યું કે મહારાજ, હવે સોહાતું ઠંડું કરીને ભોગ ધરીશું.

ભાવપ્રકાશ—શ્રીઆચાર્યજીએ પોતે પરમાનંદદાસને પ્રસાદી દૂધ એટલા માટે અપાવ્યું કે શ્રીઠાકોરજીને દૂધ બહુ જ વહાલું છે, તેથી સેવકને દૂધ નિકુંજલીલા સંબંધી રસનું દાન કરવાને માટે તેમજ સામગ્રી બગડી સુધરી વૈષ્ણવદ્વારા શ્રીઠાકોરજી જણાવે છે. સામગ્રીની વૈષ્ણવ સરાહના—વખાણ કરે તો જાણવું કે શ્રીઠાકોરજી સારી રીતે આરોગ્યા છે, તે ભાવથી દૂધ પીધું.

હવે પરમાનંદદાસે દૂધ અધરામૃત (પ્રસાદી) લીધું તેથી આખી રાત્રિ લીલારસનો અનુભવ થયો, અને રાત્રિની લીલામાં મગ્ન થઇ જઇ નીચેનાં પદ ગાયાં, તે પદઃ—

રાગ કાન્હરો-(૧)

आनंदसिंधु बढ्यो हरितनमें;
श्रीराधा पूरन शशि निरखत उमडि चल्यो व्रजवृंदावनमें ॥१॥

इत रोक्यो यमुना इत गोपी कछुएक फेल पर्यो त्रिभुवनमें;
ना परस्यो कर्मठ ओर ज्ञानी अटक रह्यो रसिकनके सगमें ॥२॥
मंद मंद अवगाहत बुद्धिवल भक्तहेत नितप्रति छिनछिनमें;
कछुएक लह्यो नंदसुवनकी कृपातें सो देखियत परमानंद जनमें ॥३॥

(२)

पियमुख देखत ही रहिये;
नेननको सुख कहत न आवे जा कारन दुःख सबही सहिये ॥१॥
सुनहो गोपाललाल पाय लागों भली पोंच ले वहिये;
हों आसक्त भइ या रूपहि बडे भाग्यतें लहिये ॥२॥
तुम बहु नायक चतुरशिरोमणि मेरी बांह दृढ ग्रहिये;
परमानंद स्वामि मनमोहन तुमहिमें निरवहिये ॥३॥

રાગ ગૌરી–(૧)

कोन रस गोपिन लियो घूंटि,
मदनगोपाल निकट करि पाये प्रेमखानिकी लूंटि ॥१॥
निरखि स्वरूप नंदनंदनको लोकलाज गइ छूटि;
परमानंद वेदमारगकी मरजादा गइ तूटि ॥२॥

(२)

यातें माइ भवन छांडि वन जैये;
अखिल रसिकन रस, वनरस, सबरस नंदनंदनपें पैये ॥१॥
करपल्लव ग्रहि कंठ बाहु धरि संग मिले गुन गैये;
रासविलास विनोद अनुपम माधोके मन भैये ॥२॥
यह सुख सखी कहत नहि आवे देखत दुःख बिसरैये;
परमानंद स्वामिके संगम भाग्य बडेतें पैये ॥३॥

રાગ હમીર–

अमृत निचोइ कियो इक ठोर;
तेरो वदन सुधारि सुधानिधि तबतें विधना रचि न ओर ॥१॥

सुनि राधे उपमा कहा दीजे श्याम मनोहर भये हें चकोर;
सादर पान करत तुम आनन त्रसत कामवश नंदकिशोर ॥२॥
कौंन कौंन अंग करूं निरूपन मन गुनशील रूपकी रास;
परमानंद प्रभुको चित चोर्यौ लोचन बंधे प्रेमकी पास ॥३॥

રાગ બિહાગરો—

यह तन नवल जुगल पर वारों;
नव निकुंजमें गौर श्याम तन बारंबार निहारों ॥१॥
इतनी टेल कृपा करि दीजे संग मिलि जीव सुधारों;
परमानंद स्वामिके मिले बिन ओर काज सब जारों ॥२॥

આવી રીતે પરમાનંદદાસે આખી રાત્રિ લીલાનો અનુભવ કર્યો અને તેનાં બહુ જ કીર્તન ગાયાં. ત્યારપછી પ્રાતઃકાલ થયો એટલે શ્રીઆચાર્યજી આપ સ્નાન કરીને પર્વત ઉપર પધાર્યા અને શ્રીગોવર્ધનનાથજીને જગાડ્યા, ત્યારે પરમાનંદદાસે આ પદ ગાયું :

રાગ રામકલી—(૧)

जागो गोपाललाल देखूं मुख तेरो;
पाछे गृहकाज करौं नित्यनेम मेरो ॥ १ ॥
विगत निशा अरुन दिशा उदित भयो भान;
गूंजत अलि पंकजबन जागहु भगवान ॥ २ ॥
द्वार ठाढे बंदीजन करत हे उचार;
वंशप्रशंस गावत हे लीला अवतार ॥ ३ ॥
परमानंद स्वामि गुपाल जगत मंगलरूप;
वेदपुरान पढत ज्ञान महिमा अनूप ॥ ४ ॥

(२)

लालको मुख देखन हौं आई;
काल मुख देखि गइ दधि वेचन जातहि गयो विकाई ॥१॥
दिन ते दूनो लाभ भयो घर काजर बछिया जाई;
आइ हौं धाइ थंभाइ संगकी मोहन देहु जगाई ॥२॥

सुनि त्रिय वचन विहसि उठि बेठे नागरि निकट बुलाई;
परमानंद सयानी ग्वालन सेन संकेत बताई ॥३॥

(३)

ग्वालिन पिछवारे व्हे बोल सुनायो;
कमलनयन प्यारो करत कलेउ कोरन मुखलों आयो ॥१॥
एक गैयां वन व्याइ रही हे बछरा वहि विसरायो;
मुरलि न लइ लकुटिया न लीनी अवर राय कोउ सखा न बुलायो ॥२॥
चक्रत भई नंदजूकी रानी सत्य या कैधो सपनों पायो;
फूले अंग न मात रसिकवर त्रिभुवनराइ शिरछत्रजु छायो ॥३॥
बेठे जाइ निकुंजसदनमें विविध भांत कियो मन भायो;
परमानंद सयानी ग्वालिन उलटि अंग गिरिधर पिय पायो ॥४॥

આવી રીતે પરમાનંદદાસે બહુ જ પદ ગાયાં. ત્યારપછી શ્રીઆચાર્યજીએ પરમાનંદદાસને શ્રીગોવર્ધનનાથજીનાં કીર્તનની સેવા આપી. આથી નિત્ય નવાં પદ કરીને પરમાનંદદાસ શ્રીગોવર્ધન-નાથજીને સંભળાવતા.

વાર્તાપ્રસંગ ૪ થો.

એક દિવસે એક રાજા પોતાની રાણીને સાથે લઇ વ્રજમાં યાત્રા કરવા આવ્યો. આ રાજા શ્રીઆચાર્યજીનો સેવક હતો, તેથી શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન કરીને ડેરામાં (મુકામ પર) આવીને આ રાજાએ પોતાની રાણીને કહ્યું કે શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન બહુ જ સુંદર થાય છે; માટે તું શ્રીગિરિરાજજી પર જઇ શ્રીગોવર્ધન-નાથજીનાં દર્શન કરી આવ. એટલે રાણીએ કહ્યું કે જેવી અમારી રીત છે તે પ્રમાણે પરદામાં દર્શન થાય તો હું કરું. ત્યારે રાજાએ કહ્યું કે આ વ્રજના શ્રીઠાકોરજી છે; માટે શ્રીઠાકોરજીનાં દર્શનમાં પરદાની શી જરૂર છે? આ શ્રીઠાકોરજી વ્રજના છે તે કોઇનો પરદો રાખતા નથી. આવી રીતે રાજાએ રાણીને બહુ જ સમજાવી, પણ રાણીએ રાજાનું કહ્યું માન્યું નહિ.

હવે રાજાએ શ્રીઆચાર્યજીને વિનંતિ કરી કે મહારાજ, મેં

રાણીને બહુ સમજાવી પણ તે માનતી નથી. એ તો પરદામાં દર્શન કરવા ઇચ્છે છે. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે એને પરદામાં જ લઇ આવો. બધાની પહેલાં દર્શન કરાવી દઇશું. એટલે રાણી પરદામાં આવી અને શ્રીનાથજીનાં દર્શન કરવા લાગી. આ વખતે શ્રીનાથજીએ (ભક્તોદ્ધારક સ્વરૂપે) સિંહાસન પરથી ઊઠીને સિંહપોરનાં કમાડ ખોલી નાખ્યાં તેથી ભીડ આ રાણી ઉપર પડી અને રાણીના દેહ પરથી બધાં વસ્ત્રો નીકળી ગયાં, તેથી રાણી બહુ લજ્જા પામી. જ્યારે રાણીએ ડેરામાં આવી બધા સમાચાર રાજાને કહ્યા ત્યારે રાજાએ રાણીને કહ્યું કે મેં તો તને પહેલેથી જ કહ્યું હતું કે આ શ્રીનાથજી વ્રજના શ્રીઠાકોરજી છે, તેમણે કોઇનો પરદો રાખ્યો નથી. તે વખતે પરમાનંદદાસે આ પદ ગાયું કેઃ—

"कौन यह खेलवेकी बानि,
मदनगोपाल काहूकी राखत नाहिन कानि ॥

આ સાંભળતાં જ શ્રીઆચાર્યજીએ પરમાનંદદાસને વરજ્યા, (વાર્યા) કે એવું ન કહેવાય; એના કરતાં તો આ કહોઃ— "भली यह खेलवेकी बानि."

ભાવપ્રકાશ—કારણ કે હમણાં જ પરમાનંદદાસને દાસ—પદવી આપી છે; માટે દાસભાવમાં રહે અને દાસભાવે બોલે તો આગળ જતાં પ્રભુ કૃપા કરે. જ્યારે પરમ (દાસ)ભાવ દૃઢ થાય ત્યારે બરાબરીથી શ્રીનાથજી સાથે વાર્તા થાય. માટે ભાવ અધિકાર વગર નથી કરાતો ને કરે તો ઊલટું નીચે પડે. જ્યારે શ્રીઠાકોરજી સખ્યભાવનું દાન કરે ત્યારે જ બને. વળી બીજો ભાવ એ છે કે શ્રીઆચાર્યજી પોતાનો સ્નેહ શ્રીગોવર્ધનનાથજી પર રાખે છે. સર્વોપરિ રીતે જોઇએ તો સ્નેહી સાથે એવું ન બોલાય. જો કોઈ કાર્ય સ્નેહીજન પ્રીતિથી ન કરે તોપણ તેનેય કહીએ કે ભલું કાર્ય કર્યું. સ્નેહની આવી રીત છે, તેથી શ્રીઆચાર્યજીએ પરમાનંદદાસને રોક્યા કે "कौन यह खेलवेकी बानि" એવું કદી ન કહેવાય. આમ કહી કહ્યું કે પ્રભુને કહેવા તથા વર્જવા (રોકવા—ટોકવા) લાયક તો વ્રજભક્તો છે. તેઓ પ્રભુ સાથે જેમ ફાવે તેમ બોલે; માટે તમે એમ કહો કે "भली यह खेलवेकी बानि." આ સાંભળી પરમાનંદદાસે દંડવત પ્રણામ કરી એવું પદ ગાયું, તે પદઃ—

રાગ સારંગ—

भली यह खेलबेकी बानि;
मदनगोपाललाल काहूकी नाहि राखत कानि ॥ १ ॥
अपने हाथ ले-दे बनचरको दूधभात घृत सानि;
जो बर्जे तो आंख दिखावे पर घरकुं दिनि दानि ॥ २ ॥
सुनहि जशोदा करतव (कर्तव्य) सुतको यह ले माट मथांनि;
फोरि ढोरि दधि डारि अजिरमें कोन सहे नित हानि ॥३॥
ठाडी हसत नंदजुकी रानी मुदि कमलमुख पांनि;
परमानंददास जानत हे बोलि चुक्षी दे आनि ॥४॥

આ પદ સાંભળીને શ્રીઆચાર્યજી આપ બહુ જ પ્રસન્ન થયા. આવી રીતે પરમાનંદદાસે હજારો કીર્તન કર્યાં. આમ પરમાનંદદાસનાં કીર્તનોમાં બાલલીલાનો ભાવ છે અને રહસ્ય પણ ઝળકે છે. જે લીલાનો અનુભવ પરમાનંદદાસને થયો તે જ લીલાનાં પદ પરમાનંદદાસે ગાયાં, પરંતુ શ્રીઆચાર્યજીએ આપે જ પરમાનંદદાસને બાલલીલારસનું દાન હૃદયમાં કર્યું છે, તેથી ગૂઢ પદોમાં પણ બાલલીલા ઝળકે છે.

વાર્તાપ્રસંગ ૫ મો.

હવે એક વાર બધા ભગવદીયો સૂરદાસજી કુંભનદાસ તથા રામદાસજી વગેરે સર્વ વૈષ્ણવો મળીને જ્યાં પરમાનંદદાસ રહેતા હતા ત્યાં એમને ઘેર આવ્યા. આ બધા ભગવદીયોને પોતાને ત્યાં આવેલા જોઇને પરમાનંદદાસ પોતાના મનમાં બહુ જ પ્રસન્ન થયા કે આજ મારું મહાન ભાગ્ય છે, જેથી બધા ભગવદીયો કૃપા કરી મારે ઘેર પધાર્યા. આ ભગવદીયો કેવા છે કે સાક્ષાત્ શ્રીગોવર્ધનનાથજીનું જ સ્વરૂપ છે, તેથી આજ શ્રીગોવર્ધનનાથજીએ મારા પર ભારે કૃપા કરી છે.

ભાવપ્રકાશ—કારણ કે અનેકરૂપ બનીને શ્રીઠાકોરજી મારે ઘેર પધાર્યા છે. ભગવદીયોના હૃદયમાં શ્રીઠાકોરજી પોતે બિરાજે છે, તેથી મારું મહાન ભાગ્ય છે. હવે હું કૃતકૃત્ય થઈ ગયો, કારણ કે આટલા બધા ભગવદીયોએ

(મારા પર) કૃપા કરી છે, તેથી પ્રથમ તો આ ભગવદીયોની ન્યોછાવર કરવી (ઓવારણાં લેવાં) જોઇએ. હવે એવી કઈ વસ્તુ છે કે જેનાથી સર્વ ભગવદીયોને ન્યોછાવર થાય?

પછી પરમાનંદદાસે ભગવદીય વૈષ્ણવોને મળીને ઊંચે આસન બેસાડી આ પદ ગાયું; તે પદ:—

રાગ બિહાગરો–

आये मेरे नंदनंदनके प्यारे;
मालातिलक मनोहर बानो त्रिभुवनके उजियारे ॥१॥
प्रेम सहित उर बसत निरंतर नेकहु टरत न टारे;
हृदयकमलके मध्य बिराजत श्रीव्रजराज दुलारे ॥२॥
कहा जानो कोन पुन्य उदे भयो मेरे घरजु पधारे;
परमानंद करी न्योछावरि बारि वारि हों वारे ॥३॥

આવી રીતે પદ ગાઇ ભગવદીય પર ન્યોછાવરી અવનવી રીતે કરીને ગાયું. ત્યારપછી પરમાનંદદાસે બીજું પદ ગાયું; તે પદ:-

રાગ બિહાગરો–

हरिजनसंग छिनक जो होइ;
करे कृपा श्रीगिरिधरनलालजी जा पर, तब वैष्णवसंग होइ ॥१॥
सकल–कुतर्क वासना नासे हरि सुमरे सुमरावे;
जड व्हे चतुर मंदबुद्धि निर्मल, तब मनमोहन भावे ॥२॥
मायाकाल दुःख नहि व्यापे जो हरिजनको जाने;
परमानंदके यहि मन निश्चे हरिजन गुनहि वखाने ॥३॥

આવાં પદ પરમાનંદદાસે ગાયાં, તે સાંભળીને સર્વ ભગવદીયો પરમાનંદદાસ પર બહુ જ પ્રસન્ન થયા, એટલે પરમાનંદદાસે બધા વૈષ્ણવોને વિનંતિ કરી કે આજ કૃપા કરી મારે ઘેર પધાર્યા છો તો કંઈક આજ્ઞા કરો. ત્યારે રામદાસે પૂછ્યું કે પરમાનંદદાસ, વ્રજમાં સઘળો પ્રેમ વ્રજભક્તોનો છે, તેમજ શ્રીનંદરાયજી ગોપીજન ગ્વાલ સખાઓને પણ પ્રેમ છે, તેમાં બધાથી શ્રેષ્ઠ પ્રેમ કોનો છે?

ભાવપ્રકાશ—આ પૂછવાનું કારણ શું? તો તમારી બાલલીલામાં બહુ જ લગની છે તેમજ તમે કૃપાપાત્ર ભગવદીય છો, તો આ સંદેહ છે તે દૂર કરો. આ પ્રમાણે પરમાનંદદાસને રામદાસજીએ પૂછ્યું તે એવા ભાવથી કે શ્રીઆચાર્યજીના અભિપ્રાયમાં શ્રીગોપીજનનો પ્રેમ બહુ જ છે, જ્યારે પરમાનંદદાસે તો નંદાલયની લીલા અને બાલલીલાનું બહુ જ વર્ણન કર્યું છે, તો શ્રીઆચાર્યજીના અભિપ્રાયની ખબર પડી છે કે નહિ? તેથી (આ પ્રશ્નથી) પરમાનંદદાસની પરીક્ષા કરે છે.

આ વખતે પરમાનંદદાસે આ પદ ગાયું; તે પદઃ—

રાગ નાયકી—

गोपी प्रेमकी ध्वजा;
जिने गोपाल किये वश अपने उर धरि श्यामभुजा ॥१॥
शुकमुनि व्यास प्रशंसा कीनी उद्धव संत सराहि;
भूरि भाग्य गोकुलकी वनिता अति पूनित जगमांहि ॥२॥
कहाजु भयो विप्रकुल जन्मे जो हरि सेवा नाहि;
सोइ पूनित परमानंददास जे हरि सन्मुख जाहि ॥३॥

આ પદ ગાયું એટલે બધા વૈષ્ણવ પ્રસન્ન થયા. વળી બીજું પદ ગાયું; તે પદઃ-

રાગ કાન્હરો—

व्रजजन सम धर पर कोऊ नाहि;
जिन सब तन मन हरि अर्पण करि मोहन धरे उर मांहि ॥१॥
सदा संग डोलत मनमोहन गोपी उर धरि ध्यान;
गोपी गोपी रटत निरंतर भूलि गये सब ज्ञान ॥२॥
जा गोपीकी पदरज उद्धव ब्रह्मादिक सब जाचे;
ता गोपीगृह माखन कारन निशदिन गिरिधर नाचे ॥३॥
गोपीजनमें कौन बताऊं हरिहू पार न पायो;
तो हों मंदबुद्धि कहा जानों परमानंद गुन गायो ॥४॥

આ પદ ગાયું એટલે બધા વૈષ્ણવ કહે કે પરમાનંદદાસ, તમને ધન્ય છે. આવી રીતે બધા વૈષ્ણવ પ્રસન્ન થઇને પરમાનંદદાસની સરાહના કરતા કરતા વિદાય થઇ પોતપોતાને ઘેર ગયા. ત્યારપછી પરમાનંદદાસે બહુ જ દિવસ સુધી શ્રીગોવર્ધ્ધનનાથજીની કીર્તનની સેવા કરી.

વાર્તાપ્રસંગ ૬ ઠ્ઠો.

ત્યારપછી એક દિવસ પરમાનંદદાસ શ્રીગુસાંઇજીનાં અને શ્રીનવનીતપ્રિયજીનાં દર્શન કરવા ગોપાળપુરથી શ્રીગોકુલ આવ્યા અને દર્શન કરીને રાત ત્યાં રહ્યા. હવે પ્રાતઃકાળમાં શ્રીગુસાંઇજી સ્નાન કરીને શ્રીનવનીતપ્રિયજીના મંદિરમાં પધાર્યા, ને પરમાનંદદાસને બોલાવ્યા, એટલે પરમાનંદદાસે સન્મુખ આવીને દંડવત પ્રણામ કર્યા. એટલે શ્રીગુસાંઇજીએ આપે પરમાનંદદાસને કહ્યું કે શ્રીઠાકોરજીને સઘળી વ્રજની લીલા બહુ જ પ્રિય છે. તે નિત્યલીલા વ્રજની શ્રીઠાકોરજીને સંભળાવે, પણ તેનો તો કોઇ કાળમાં પાર આવે નહિ, કારણ કે એક લીલાનો પાર પમાય[1] તો બધી લીલા કોણ ગાય? પરન્તુ હું એક કીર્તન કરી દઉં છું, તેમાં વ્રજની સઘળી લીલાનો અનુભવ છે, તે તમે આ વખતે રોજ ગાજો. આ સાંભળી પરમાનંદદાસે કહ્યું કે મહારાજ, એ પદ કૃપા કરીને બતાવો. શ્રીગુસાંઇજી તો માર્ગના ચલાવનાર છે, તેથી ભાષામાં પદ કર્યાં નથી, તેથી સંસ્કૃતમાં કીર્તન ગાયું; તે પદઃ—

मंगलं मंगलं व्रजभुवि मंगलम् ॥
मगलमिह श्रीनदयशोदानामसुकीर्तनमेतद्रुचिरोन्संगसुलालितपालितरूपम् ॥१॥
श्रीश्रीकृष्ण इति श्रुतिसारं नाम स्वार्तजनाशयतापापहमिति मगलरावम् ।
व्रजसुंदरीवयस्यसुरभिवृन्दमृगीगणनिरुपममावा मंगलसिंधुचयाय ॥२॥
मंगलमीषत्स्मितयुतमीक्षणभाषणमुन्नतनासापुटगतमुक्ताफलचलनम् ।
कोमलचलदङ्गुलिदलसङ्गतवेणुनिनादविमोहितवृन्दावनभुवि जाताः ॥३॥

[1] એક લીલામાં બધી લીલાનો અનુભવ થાય.

मंगलमखिलं गोपीशितुरतिमंथरगतिविभ्रममोहितरासस्थितगानम् ।
त्वं जय सततं श्रीगोवर्धनधर पालय निजदासान् ॥४॥

આ પદ શ્રીગુસાંઇજીએ આપે ગાયું અને પરમાનંદદાસ પાસે ગવરાવ્યું, એટલે પરમાનંદદાસે "मंगलं मंगलं" ગાયું, પછી મંગળરૂપ પરમાનંદદાસે મંગળરૂપ બીજાં પદ ગાયાં; તે પદઃ-

રાગ ભૈરવ-

मंगल माधो नाम उचार;
मंगल वदन कमल कर मंगल मंगल जनकी सदा संभार ॥१॥
खेलत मंगल पूजत मंगल मंगल गावत गीत रसाल;
मंगल श्रवन कथारस मंगल मंगलतनु वसुदेवकुमार ॥२॥
गोकुल मंगल मधुवन मंगल मंगलरुचि वृंदावनचंद;
मंगलकम गोवर्धनधारी मंगलभेख यशोदानंद ॥३॥
मंगल धेनु रेणु भुव मंगल मंगल मधुर बजावत बेणु;
मंगल गोपवधू परिरंभण मंगल कालिंदी-पय-फेन ॥४॥
मंगल चरण कमलदल मंगल मंगलकीर्ति जगतनिवास;
अनुदिन मंगल ध्यान धरत मुनि मंगलमति परमानंददास ॥५॥

આ પદ ગાયું પછી શ્રીગુસાંઇજીએ મંગલભોગ સરાવી મંગળા આરતી કરી, તે સમયે પરમાનંદદાસે આ પદ ગાયું; તે પદઃ-

રાગ ભૈરવ-

मंगल आरती करी मन मोर, ब्रह्मनिसा वीती भयो भोर ॥१॥
मंगल बाजत झालर ताल, मंगलरूप उठे नंदलाल ॥२॥
मंगल बाजत बीण मृदंग, मंगल बांसुरि सरस उपंग ॥३॥
मंगल धूप दीप कर जोर, मंगल गावत सब मिलि कोर ॥४॥
मंगल ऊधो मंगल रास, मंगलमति परमानंददास ॥५॥

આવી રીતે શ્રીગુસાંઇજીકૃત "मंगलं मंगलं" ને અનુસરીને પરમાનંદદાસે બહુ જ કીર્તન કર્યાં. વળી પરમાનંદદાસ શ્રીગુસાંઇજી-કૃત "मंगलं मंगलं" પદ રોજ ગાતા.

ભાવપ્રકાશ—આમાં બધી વ્રજલીલા છે, તે શ્રીઠાકોરજીને નિત્ય સંભળાવે છે. વળી "मंगलं मंगलं" પાઠથી વ્રજલીલાનો સર્વ પાઠ થાય. જ્યારે મંગળાનું પદ પરમાનંદદાસે કર્યું તેમાં કહ્યું કે "मंगलतनु वसुदेवकुमार." અહીં સંદેહ થાય કે પરમાનંદદાસ તો નંદનંદનના ઉપાસક છે, તો વસુદેવ-કુમાર લીલામાં કહે છે તેનું કારણ શું? ત્યાં કહે છે કે વેણુગીત તેમજ યુગલ-ગીતમાં દેવકીસુત ગોપિકાઓએ કહ્યું છે, તે એ કુમારિકાઓના ભાવથી (પરમાનંદદાસજીએ તે ગાયું છે). તે કેવી રીતે? તો કહે છે કે કુમારિકાઓ શ્રીયશોદાજીને માતા કહેતાં, તેથી શ્રીઠાકોરજીમાં પતિભાવ છે. આથી જ વસુદેવ-સુત કહી પતિભાવ દૃઢ કરે છે. જો યશોદાસુત કહે તો ભાઈબહેનનો સંબંધ થાય.

પછી પરમાનંદદાસ શ્રીગોવર્ધનધરનાં દર્શન કરવા શ્રીગોકુલથી ગિરિરાજ આવ્યા. ત્યાં મંગલ આરતી પહેલાં "मंगलं मंगलं" પદ પરમાનંદદાસે ગાયું, ત્યારથી શ્રીગોવર્ધનધરની પાસે "मंगलं मंगलं" પદ ગાવાની રીત દાખલ થઈ. આ પરમાનંદદાસ એવા કૃપાપાત્ર ભગવદીય હતા.

વાર્તાપ્રસંગ ૭ મો.

વળી જ્યારે જન્માષ્ટમી આવતી ત્યારે શ્રીગુસાંઈજી આપ શ્રીનવનીતપ્રિયજીને પંચામૃત સ્નાન કરાવીને શૃંગાર કરી શ્રી-ગિરિરાજ પર્વત પર પધારીને શ્રીગોવર્ધનનાથજીના શૃંગાર કરતા, ત્યારપછી રાજભોગથી પહોંચી પછી શ્રીગિરિરાજથી શ્રીગોકુલ આવતા; ત્યાં શ્રીનવનીતપ્રિયજીને મધ્યરાત્રિએ જન્મની રીતે કરી પલના ઝુલાવી શ્રીનાથજીની પાસે નંદમહોત્સવ કરતા. એથી જ્યારે જન્મા-ષ્ટમી આવી ત્યારે શ્રીગુસાંઈજી પરમાનંદદાસને સાથે લઈ શ્રી-ગિરિરાજથી શ્રીગોકુલ પધાર્યા, અને જન્માષ્ટમીને દિને શ્રીગુસાંઈજી આપે શ્રીનવનીતપ્રિયજીને અભ્યંગ કરાવ્યાં, તે વખતે પરમાનંદદાસે આ વધાઈ ગાઈ:

રાગ ધનાશ્રી—

मिलि मंगल गावो माई, सब मिलि मंगल गावो माई;
आज लालको जन्मद्योस हे बाजत रंग वधाई ॥१॥

आंगन लींपो चोक पुरावो विप्रन पढन लागे वेद;
करो शिंगार श्यामसुंदरको चोवा चंदन मेद ॥२॥
आनंदभरि नंदजूकी रानी फूली अंग न समाई;
परमानंददास तिहि ओसर बहोत न्योछावरि पाई ॥३॥

ત્યારપછી શ્રીગુસાંઈજીએ શ્રીનવનીતપ્રિયજીને શૃંગાર કરી તિલક કર્યું, ત્યારે પરમાનંદદાસે આ પદ ગાયું; તે પદઃ—

રાગ સારંગ—

आज बधाईको दिन नीको;
नंदघरनि जशोमति जायो हे लाल भामतो जीको ॥१॥
पंच सूर बाजा बाजत हे घर घरतें आयो टीको;
मंगल कलस लिये व्रजसुंदरि ग्वाल बनावत छीको ॥२॥
देत असीस सकल गोपीजन जीवो कोटि वरीसो;
परमानंददासको ठाकुर गोपभेख जगदीशो ॥३॥

પછી વળી આ પદ ગાયું; તે પદઃ-

રાગ સારંગ—

घर घर ग्वाल देत हे हेरी;
बाजत ताल पखावज आवज ढोल ददामा भेरी ॥१॥
लूंटत झपटत खात मिठाई कहि न शकत कोउ फेरी;
उन्मद ग्वाल बदत नहि काहू व्रजवनिता सब घेरी ॥२॥
ध्वजा पताका तोरनमाला सबे सिंगारत शेरी;
जे जे कृष्ण कहे परमानंद प्रगट्यो कंसको वेरी ॥३॥

આવી રીતે પરમાનંદદાસે બહુ જ કીર્તન ગાયાં. ત્યારપછી અર્ધરાત્રિના સમયે શ્રીગુસાંઈજી આપે જન્મ કરાવીને શ્રીનવનીતપ્રિયજીને પલનામાં પધરાવ્યા, શ્રીનંદરાયજી શ્રીયશોદાજી તેમજ ગોપી ગ્વાલનો ભેખ ધરાવ્યો, તે વખતે પરમાનંદદાસે આ કીર્તન ગાયું:

રાગ સારંગ—

सोवन फूले फूली यशोदा रानी सोवन फूले फूली;
तुमारे पुत्र भयो कुलमंडन वसुदेव समतूली ॥१॥
देत असीस विरध तेरे लालन गाम गामतें आई;
लें लें भेट सबे निकसी मंगल चारु वधाई ॥२॥
एसे दसक होय जो ओरे सब कोऊ सचुपावे;
वाढ्यो वंश नंदबाबाको परमानंद जिय भावे ॥३॥

ભાવપ્રકાશ—હવે આ પદમાં પરમાનંદદાસ કહે છે કે "एसे दसक होय जो ओरे (तो) सब कोऊ सचुपावे" આ ભગવદીયનાં વચન સત્ય કરવાને માટે શ્રીગુસાંઈજીએ સાતે લાલજી અને શ્રીગુસાંઈજી તથા શ્રીઆચાર્યજી તથા શ્રીગોવર્ધનનાથજી એ દશ સ્વરૂપે પ્રકટ થઇને બધાંને સુખ આપ્યું છે. એમાં 'सब' એટલે સઘળા પુષ્ટિમાર્ગીય જીવો સમજવા. આવી રીતે ભાવસહિત પરમાનંદદાસજીએ કીર્તન ગાયાં.

પછી નંદરાયજી તથા ગોપીગ્વાલ વૈષ્ણવજૂથ અને પોતાના (સાતેય) લાલજી બધાંની સાથે દધિકાદો કર્યો. આ જોઈ પરમાનંદદાસનું મન આનંદમાં ડૂબી ગયું. તે સમયે પરમાનંદદાસ નાચવા લાગ્યા અને આ પદ ગાયું. આવા પ્રેમમાં પરમાનંદદાસ રાગનો ક્રમ પણ ભૂલ્યા, તેથી રાત્રિનો સમય છતાં સારંગમાં કીર્તન ગાયું; તે પદઃ—

રાગ સારંગ—

आजु दरायके आनंद भयो;
नाचत गोपी गोप परस्पर मंगल चारु ठयो ॥१॥
राती पीली चोली पहेरे नोतन झूमक सारी;
चोवा चंदन अंग लगाये सेंदुर मांग संवारी ॥२॥
माखन दूध दहीं भरि भाजन सकल ग्वाल ले आये;
बाजत बेन पखावज महुवरि गावत गीत सुहाये ॥३॥

हरद दूध अक्षत दधि कुमकुम आंगन बाढी कीच;
हसत परस्पर प्रेममुदित मन लागि लागि भुज बीच ॥४॥
चहू वेदधुनि करत महामुनि पंचशब्द ढमढोल;
परमानद बढ्यो गोकुलमें आनंद हृदयकलोल ॥५॥

આ પદ ગાયા પછી પરમાનંદદાસ પ્રેમમાં મૂર્છા ખાઈ ભૂમિ પર ગબડી પડ્યા, એટલે શ્રીગુસાંઇજીએ પોતે પોતાના શ્રીહસ્તકમલથી પરમાનંદદાસને ઉઠાડીને અંજલિમાં જળ લઇ વેદમંત્ર ભણીને આપે પરમાનંદદાસ પર છિરક્યું, તેથી જે ઉચ્છલિત વિકલ પ્રેમ હતો તે હૃદયમાં સ્થિર થયો, એટલે પરમાનંદદાસે બધી લીલાનો અનુભવ કર્યો અને તેનું ગાન કર્યું. આવી રીતે શ્રીગુસાંઇજીએ પરમાનંદદાસ ઉપર કૃપા કરી ત્યારપછી પરમાનંદદાસે આ પદ પલનાનું ગાયું:

રાગ બિલાવલ–

हालरो हुलरावे माता, बलि बलि जाउं गोप सुखदाता ॥१॥
जशोमति अपनो पुन्य विचारे, बारबार मुखकमल निहारे ॥२॥
अति लोहित करचरणसरोजे, ते ब्रह्मादिक मनसा खोजे ॥३॥
अखिलभुवनपति गरुडागामी, नंदसुवन परमानंद स्वामी ॥४॥

ભાવપ્રકાશ—આવી રીતે પરમાનંદદાસે અખિલ ભુવનપતિ ગરુડાગામી કહ્યું તે એટલા માટે કે અખિલ ભુવનપતિ ભગવાન ગરુડ પર બિરાજમાન છે તે તો સકળ જગતના પતિ છે, અને નંદસુવન શ્રીઠાકોરજી છે તે પરમાનંદદાસ કહે છે કે મારા સ્વામી છે.

આ કીર્તન સાંભળીને શ્રીગુસાંઇજી આપ પરમાનંદદાસજી પર બહુ જ પ્રસન્ન થયા. ત્યારપછી પરમાનંદદાસે આ પદ કાન્હરા રાગમાં કરીને ગાયું. પ્રેમમાં રાગનો ક્રમ ન રહે લીલાનો ક્રમ રહે તેથી જેવી લીલા શ્રીઠાકોરજીએ કરી તે પ્રમાણે સ્ફુરી અને તેવી લીલા પરમાનંદદાસે ગાઈ; તે પદઃ—

રાગ કાન્હરો–

रानि तिहारो घर सुबस वसो;
सुनोहों जसोदा तिहारे ढोटाको न्हातहू जिनि बार खसो ॥१॥

कोउ करत वेद मंगल धुनि कोउक गावो कोउ हसो;
निरखि निरखि मुख कमळनैनको आनंद प्रेम हियो हुलसो ॥२॥
देत असीस सकल गोपीजन कोऊ अति आनंद लसो;
परमानंद नंदघेर आनंद पुत्रजन्म भयो जगतजसो ॥३॥

આ આશિષનું પદ પરમાનંદદાસે ગાયું, એટલે શ્રીગુસાંઇજી આપે આપના પુત્ર શ્રીગિરિધરજીને શ્રીનવનીતપ્રિયજી પાસે રાખીને દધિકાદો કર્યો. ત્યારપછી પરમાનંદદાસને સાથે લઇને શ્રીગુસાંઇજીએ શ્રીગોવર્ધનધરનાં દર્શન કર્યાં. અહીં દધિકાદો (કાદવ) દેખીને પરમાનંદદાસ લીલારસમાં મગ્ન થઇ ગયા. ત્યારપછી શ્રીગુસાંઇજી આપ શ્રીગોવર્ધનનાથજીને રાજભોગ ધરીને બહાર આવ્યા. આ વખતે પરમાનંદદાસની અલૌકિક દશા જોઇને શ્રીગુસાંઇજી પોતે કહેવા લાગ્યા કે "જેમ કુંભનદાસનો કિશોરલીલામાં નિરોધ થયો, તેવો જ પરમાનંદદાસનો બાલલીલામાં નિરોધ થયો છે." પછી પરમાનંદદાસ શ્રીગુસાંઇજીને દંડવત્ પ્રણામ કરી પર્વત પરથી નીચે ઊતર્યા અને શ્રીગોવર્ધનનાથજીની ધ્વજાને દંડવત્ પ્રણામ કરી સુરભિકુંડ પર આવી પોતાને ઠેકાણે રહેવાની જગ્યામાં આવી બોલવાનું છોડી દીધું. નંદમહોત્સવના રસમાં મગ્ન થઇને પોતાનો દેહ છોડવાનો વિચાર કરીને પરમાનંદદાસ સુરભિકુંડ પર આવી સૂતા. અને અહીં પર્વત પર શ્રીગુસાંઇજીએ આપે શ્રીનાથજીની રાજભોગ આરતી કરીને અનોસર કર્યા. પછી શ્રીગુસાંઇજીએ આપે સેવકોને પૂછયું કે આજે રાજભોગ આરતીના સમયે પરમાનંદદાસને જોયા નહિ, તે કયાં ગયા? ત્યારે એક વૈષ્ણવે આવી શ્રીગુસાંઇજીને વિનતિ કરી કે મહારાજ, પરમાનંદદાસ તો આજે વિકલ જેવા દેખાય છે, અને કોઇની સાથે બોલતા નથી અને સુરભિકુંડ પર જઇને સૂતા છે. એટલે શ્રીગુસાંઇજી આપ આ વૈષ્ણવને સાથે લઇ સુરભિકુંડ પર પધારીને પરમાનંદદાસ પાસે આવ્યા. પરમાનંદદાસને માથે શ્રીહસ્ત ફેરવીને શ્રીગુસાંઇજી આપ પરમાનંદદાસને કહેવા લાગ્યા કે પરમાનંદદાસ, અમે તમારા મનની જાણીએ છીએ કે હવે તમારાં દર્શન દુર્લભ છે, એટલે

પરમાનંદદાસે ઊઠીને શ્રીગુસાંઇજીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. આ વખતે પરમાનંદદાસે આ પદ ગાયું; તે પદઃ–

રાગ સારંગ–

प्रीत तो नंदनंदनसों कीजे;
संपति विपति परे प्रतिपारे कृपा करे तो जीजे ॥१॥
परम उदार चतुर चिंतामनि सेवा सुमरन माने;
चरनकमलकी छाया राखे अंतरगतिकी जाने ॥२॥
वेद पुरान भागवत भाखे कियो भक्तनको भायो;
परमानंद इंद्रको वैभव विप्र सुदामा पायो ॥३॥

આ પદ પરમાનંદદાસે શ્રીગુસાંઇજીને સંભળાવ્યું.

ભાવપ્રકાશ—અહીં પરમાનંદદાસે આ કીર્તનમાં શ્રીગુસાંઇજીને પ્રાર્થના કરી કે પ્રીત તો તમારી સાથે કરવી જેથી સદા કૃપા એકરસ કરો. આપ પરમકૃપાળુ આપના શ્રીહસ્તકમલની છાયામાં ભગવદીયને રાખો છો. આ વખતે પણ મને દર્શન આપીને મારા મસ્તક પર શ્રીહસ્તકમલ ધર્યા, તેથી મારા અંતઃકરણમાં મારો મનોરથ હતો તે પૂરણ કર્યો. આ બાબતમાં વેદપુરાણ બધાં જ કહે છે કે સદા ભક્તને ગમતું કરી આનંદ આપ્યો છે. જેમ એક સમયે ઇંદ્રની પદવીને લાયક કોઇને ન દેખ્યો તો ભગવાને જ ઇંદ્ર થઇને ઇંદ્રનું કાર્ય કર્યું. અને વૈષ્ણવ સુદામા ભક્ત પર કૃપા કરી, તેથી સુદામાને વૈભવ મળવા છતાં મોહ ન થયો. એ પ્રમાણે આપ આ વ્રજમાં જે લીલા કરો છો તેથી પરમાનંદ–સ્વરૂપે કૃપા કરીને મને દાન આપ્યું, તો આપના ગુણ હું ક્યાંસુધી વર્ણવું? આવી પ્રાર્થના પરમાનંદદાસે શ્રીગુસાંઈજીને કરી.

આ પદ સાંભળીને શ્રીગુસાંઇજી આપ બહુ જ પ્રસન્ન થયા. આ વખતે એક વૈષ્ણવે પરમાનંદદાસને કહ્યું કે મને કશું સાધન બતાવો તે હું કરું, જેથી શ્રીઠાકોરજી આપ મારા ઉપર પ્રસન્ન થઇ કૃપા કરે. આ સાંભળી પરમાનંદદાસે તે વૈષ્ણવ પર પ્રસન્ન થઇને કહ્યું કે તમે મન લગાવીને સાંભળો, જે સુગમ ઉપાય છે તે હું કહું છું. આ વાત મન લગાવીને સાંભળશો તો ફળ સિદ્ધ થશે. આવી

રીતે પ્રીતથી સમાધાન કરીને પરમાનંદદાસજીએ એક પદ આ વૈષ્ણવને સંભળાવ્યું; તે પદઃ—

રાગ ભૈરવ—

प्रात समय उठ करिये श्रीलक्ष्मणसुतगान;
प्रकट भये वल्लभ प्रभु भक्त देत दान ॥१॥
श्रीविठ्ठलेश पूरन कृष्ण रूपके निधान;
श्रीगिरिधर श्रीगिरिधर उदय भयो भान ॥२
श्रीगोविंद आनंदकंद कहा वरणुं गान;
श्रीबालकृष्ण बालकेलि रूपके निधान ॥३॥
श्रीगोकुलनाथ प्रकट करत मारग वखान;
श्रीरघुनाथलाल देखि मन्मथही लजान ॥४॥
श्रीयदुनाथ महाप्रेम प्रकट भू भगवान;
श्रीघनश्याम पूरनकाम पोथीमें ध्यान ॥५॥
पांडुरंग विठ्ठलेश वेद करत गान;
परमानंद निरखि लीला थकित सुरविमान ॥६॥

આ કીર્તન પરમાનંદદાસે ગાયું. આ સાંભળી શ્રીગુસાંઈજી તથા સઘળા વૈષ્ણવ પ્રસન્ન થયા. ત્યારપછી શ્રીગુસાંઈજીએ પરમાનંદદાસને પૂછ્યું કે પરમાનંદદાસ, અત્યારે તમારું મન ક્યાં છે ? એટલે પરમાનંદદાસે આ કીર્તન સારંગ રાગમાં ગાયું :

રાગ સારંગ—

राधे बेंदी तिलक संवारती;
मृगनयनी कुसुमायुध कर धरि नंदनंदनको रूप विचारती ॥१॥
दर्पन हाथ सिंगार बनावे निशिवासर युग सम टारती;
अंतरप्रीति श्यामसुंदरसों हरिसंग केलि संभारती ॥२॥
वासर गति रजनी संग आवत मिलत गोवर्धनधारी;
परमानंद स्वामीके संगम मुदित भई व्रजनारी ॥३॥

આવી રીતે યુગલસ્વરૂપની લીલામાં મન લગાવીને પરમાનંદદાસ દેહ છોડીને શ્રીગોવર્ધનનાથજીની લીલામાં જઇને પ્રવેશી ગયા. પછી શ્રીગુસાંઇજીએ ગોપાળપુરમાં આવીને સ્નાન કરીને પર્વત પર જઇ શ્રીગોવર્ધનનાથજીનાં ઉત્થાપન કર્યાં. પછી સેન પર્યંત સેવાથી પહોંચીને અનોસર કરાવી પર્વત પરથી ઊતરી પોતાની બેઠકમાં આવીને બિરાજ્યા. હવે બધા વૈષ્ણવોએ પરમાનંદદાસના દેહને અગ્નિસંસ્કાર કર્યો, પછી ગોપાળપુરમાં આવીને શ્રીગુસાંઇજી પાસે બહુ જ વખાણ કરવા લાગ્યા. આ વખતે શ્રીગુસાંઇજીએ આ વૈષ્ણવો આગળ આવાં વચન શ્રીમુખથી કહ્યાં કે પુષ્ટિમાર્ગમાં બે જ સાગર થયા : એક તો સૂરદાસજી અને બીજા પરમાનંદદાસજી. તેમનું હૃદય અગાધ રસ (સાગર) છે કે જેમાં ભગવલ્લીલારૂપ રત્નો ભર્યાં છે. આવી રીતે શ્રીગુસાંઇજી આપે શ્રીમુખે પરમાનંદદાસની સરાહના કરી. આ પરમાનંદદાસ શ્રીઆચાર્યજીના એવા કૃપાપાત્ર ભગવદીય હતા. તેમના પર શ્રીગોવર્ધનનાથજી સદા પ્રસન્ન રહેતા. તેમની વાર્તાનો પાર નથી, તે અનિર્વચનીય છે, તે ક્યાંસુધી કહીએ? ॥ વાર્તા ૮૨ ॥

વાર્તા ૮૩ મો.

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના સેવક કુંભનદાસ ગોરવા ક્ષત્રિય જમનાવતામાં રહેતા, જેમની છાપ અષ્ટ સખામાં ગવાય છે, તેમની વાર્તા અને એનો ભાવ કહેવાય છે.

ભાવપ્રકાશ—આ કુંભનદાસજી લીલામાં શ્રીઠાકોરજીના "અર્જુન" સખા અંતરંગ સખા છે તેમનું પ્રાગટ્ય છે. તે દિવસની લીલામાં તો અર્જુન સખા છે અને રાત્રિની લીલામાં વિશાખા સખી છે. અને તે શ્રીસ્વામિનીજીની સખી છે. આ વિશાખાજીનું બીજું સ્વરૂપ કૃષ્ણદાસ મેઘન તે સદા પૃથ્વી-પરિક્રમામાં શ્રીઆચાર્યજીની સાથે રહેતા, અને કુંભનદાસજી સદા શ્રીગોવર્ધન-નાથજીની સાથે રહેતા. તેથી આ ભાવમાં કુંભનદાસજી સખાભાવમાં અર્જુન-સખારૂપ અને સખીભાવમાં વિશાખારૂપ છે. શ્રીગિરિરાજમાં આઠ દ્વાર છે, તેમાં એક દ્વાર અન્યોર પાસે છે ત્યાંની સેવાના એ મુખિયા છે.

વળી ગામનું નામ "જમનાવતા" એથી કહે છે કે શ્રીયમુનાજીના પ્રવાહ સારસ્વત કલ્પમાં બે હતા : એક તો જમનાવતા થઈને આગ્રા પાસે જતો હતો. અને એક ચીરઘાટ થઈ શ્રીગોકુલ થઈને. આગળ બેઉ ધારાઓ એક મળી સારસ્વત કલ્પમાં વહેતી હતી. તે વખતે આગ્રા વગેરે ગામો નહોતાં. બેઉ ધારાઓ એક મળી આગળ ગઈ હતી તે ચીરઘાટથી ધારા બની શ્રીગિરિરાજ આવતી. તેથી પંચાધ્યાયીનો રાસ "પરાસોલી"માં ચંદસરોવર પર કર્યો. તે વ્રજભક્તો (શ્રીઠાકોરજીના) અંતર્ધાન સમયે ચંદસરોવરથી (શરૂ કરી) વૃક્ષલતાઓને પૂછતાં ચાલ્યાં. ચાલતાં ચાલતાં તેઓ ગોવિંદકુંડ પાસે થઇ અપ્સરાકુંડ પર આવ્યાં ત્યાં શ્રીઠાકોરજીનાં ચરણારવિંદનાં દર્શન થયાં. તેથી અપ્સરાકુંડ પર ચરણચિહ્ન છે. ત્યાંથી આગળ ચાલતાં રાધા સહચરીની વેણી ગૂંથી તેમાં સિંદૂર કાજળ વગેરે બધો શૃંગાર કર્યો, તેથી ત્યાં સિંદૂર કાજળ તથા બાજની શિલા છે. ત્યારપછી જ્યારે રુદ્રકુંડ પર આવીને રાધાસહચરીને માન થયું ને શ્રીઠાકોરજીને કહ્યું કે મારાથી તો હવે ચલાતું નથી, એટલે શ્રીઠાકોરજીની ખાંધે બેસવાના બહાને વૃક્ષ નીચેથી જ (શ્રીઠાકોરજી) અંતર્ધાન થયા, ત્યારે રાધા સહચરીએ આક્રંદ કર્યું કે

"हा नाथ ! रमण प्रेष्ठ क्वासि क्वासि महाभुज ॥
दास्यास्ते कृपणाया मे सखे दर्शय सन्निधिम् ॥"

[હે નાથ, હે રમણ, હે પ્રિયત્તમ, હે મહાભુજશાળી, તમે કયાં છો, કયાં છો? હે સખા, આ ગરીબ હું દાસીને આપની હાજરીનાં દર્શન કરાવો.] આમ (રુદન) કરવાથી એ કુંડનું નામ રુદ્રકુંડ પડયું છે, તેથી આજે પણ બધા તેને રુદ્રકુંડ કહે છે. પછી ત્યાં બધાં ગોપીજન આવી મળ્યાં. પછી આગળ જઈ "જાન અજાન" વૃક્ષોને પૂછતાં પૂછતાં જમનાવતા શ્રીયમુનાજીના પુલિનમાં ગોપીગીત (जयति तेऽधिकम्) ગાઈને ભક્તોએ રુદન કર્યું. એટલે શ્રીઠાકોરજીએ પ્રકટ થઈને ફરી "પરાસોલી" ચંદસરોવર પર રાસ કર્યો. તેમાં શ્રમિત થયા ત્યારે શ્રીયમુનાજીમાં જલવિહાર કર્યો. આવી રીતે સારસ્વત કલ્પની પંચાધ્યાયીનો રાસ શ્રીગિરિરાજની પાસે છે. અને વ્રજભક્તો શોધતાં શોધતાં શ્રીઠાકોરજીને મળવા દૂર ગયાં ત્યાં અંધારું જોઇ, ત્યાંથી પાછા ફર્યાં 'तमः प्रविष्टमालक्ष्य ततो निववृतुर्हरेः' इति ॥

હવે આ અંધારું શ્યામઢાકની પાસે "સાચોલી" ગામ છે ત્યાં શ્યામ વન છે, તે મહારાસવન છે, તેથી ત્યાં પંચાધ્યાયીને અનુસાર સર્વને દર્શન આપે છે. અને કાલિદહ પાટથી જ વૃંદાવન કહે છે, ત્યાં પણ વંશીવટ છે. ત્યાં અનેક શ્વેતવારાહકલ્પમાં પંચાધ્યાયીનો રાસ અહીં જ કર્યો છે અને સારસ્વત કલ્પમાં શરદ ઋતુ કરી તે "પરાસોલી" ગિરિરાજ ઉપર કરી; પછી વસંત-ચૈત્ર વૈશાખનો રાસ કદીવાટ પાસે બંસીવાટ નીચે કર્યો. આવી રીતે રાસ બે ઠેકાણે, પરન્તુ મુખ્ય પંચાધ્યાયી સારસ્વત કલ્પનો રાસ (તો) ગિરિરાજનો. આવી રીતે લીલાના ભેદ છે. તેથી "જમનાવતા" માં એક ધારા શ્રીયમુનાજીની સારસ્વત કલ્પમાં વહેતી હતી. તેથી આ ગામનું નામ 'જમનાવતા' છે. શ્રીયમુનાજી નંદગામ બરસાનાના મધ્યસંકેત પાસે થઈને શ્રીજમનાવતા આવી, તેથી સંકેત પાસે શ્રીયમુનાજીના પધારવાનાં ચિહ્ન છે. આમ સ્પષ્ટ બધું કહેવાનું કારણ એ છે કે હાલના જીવનો વિશ્વાસ દૃઢ હોતો નથી, તેથી સઘળાં ચિહ્ન દેખે અને હકીકત સાંભળે તો વિશ્વાસ દૃઢ થાય, અને ફળ સિદ્ધ થાય તો ભાવ વધે, તેથી સ્પષ્ટ કરીને કહ્યું છે.

વાર્તાપ્રસંગ ૧ લો.

જમનાવતામાં કુંભનદાસ રહેતા, ને પરાસોલી ચંદ્રસરોવરના ઉપર કુંભનદાસના બાપદાદાનાં ખેતર હતાં. ત્યાં કુંભનદાસ ખેતી કરતા, તેથી ખેતી કરવા માટે કુંભનદાસ પરાસોલીમાં બહુ જ રહેતા. આ કુંભનદાસને બાળપણથી ઘરમાં આસક્તિ હતી નહિ, કદી જૂઠું બોલતા નહિ, તેમજ પાપાદિક કામ કરતા નહિ. સીધા વ્રજવાસીની રીતે રહેતા. હવે જ્યારે કુંભનદાસ મોટા થયા એટલે "જેત" ગામ પાસે બહુલાવન છે ત્યાં કુંભનદાસનો વિવાહ થયો. સ્ત્રી સાધારણ આવી, લીલાસંબંધી તો નહોતી. પરન્તુ કુંભનદાસજી જેવા વૈષ્ણવ ભગવદીયનો સંગ નિષ્ફળ જાય નહિ, તેથી ઉદ્ધાર થશે. પરન્તુ અત્યારે તો શ્રીગોવર્ધનનાથજી શ્રીગિરિરાજ પર પ્રકટ્યા નહોતા, પણ જ્યારે શ્રીગોવર્ધનનાથજી શ્રીગિરિરાજજી પર પ્રકટ થઇ શ્રીઆચાર્યજીને પોતાની પાસે બોલાવશે, ત્યારે શ્રીઆચાર્યજી આપ શરણે લેશે અને ત્યારપછી આ ભગવદીય પ્રસિદ્ધ થશે. હવે એક વાર શ્રી-

આચાર્યજી આપ પૃથ્વીપરિક્રમા કરતાં કરતાં દક્ષિણમાં ઝારખંડમાં પધાર્યા. આ વખતે શ્રીગોવર્ધનનાથજીએ શ્રીઆચાર્યજીને કહ્યું કે અમે શ્રીગોવર્ધનમાં પ્રકટ થયા છીએ, માટે આપ ત્યાં આવીને અમને બહાર પધરાવીને અમારી સેવા જગતમાં પ્રકટ કરી જાહેર કરો. એટલે શ્રીઆચાર્યજી આપ પૃથ્વીપરિક્રમા અહીં ઝારખંડમાં રાખીને સીધા વ્રજમાં પધાર્યા. ત્યારે દામોદરદાસ હરસાની, કૃષ્ણદાસ મેઘન, માધવભટ્ટ કાશ્મીરી, નારાયણદાસ તેમજ રામદાસ સિકંદરપુરવાળા આ પાંચ સેવક શ્રીઆચાર્યજી સાથે હતા. ત્યારે શ્રીઆચાર્યજી "અન્યોર" પધારી સદુપાંડેના દ્વાર પાસે ચોતરો હતો તે પર આવીને બિરાજ્યા. આ પછી શ્રીગોવર્ધનનાથજીના પ્રાકટ્યનો પ્રકાર શ્રી-આચાર્યજીએ સદુપાંડે અને એમના ભાઇ માણેકચંદ પાંડે, નરો-ભવાની એ બધાં જે સેવક થયાં હતાં તેમને પૂછ્યો; એ બધો પ્રકાર આગળ સદુપાંડેની વાર્તામાં કહી આવ્યા છીએ. પછી રામદાસ ચોહાણ પૂછરી પાસે ગુફામાં રહેતા તે સેવક થતાં તેમને શ્રીઆચાર્યજીએ શ્રીગોવર્ધનનાથજીની સેવા સોંપી, એમ રામદાસ વ્રજવાસી આદિ બીજા પણ સેવક થયા. હવે કુંભનદાસ જમનાવતા ગામમાં રહેતા હતા ત્યાં એવા સમાચાર સાંભળ્યા કે એક મોટા મહાપુરુષ અન્યોરમાં આવ્યા છે તેમણે શ્રીગોવર્ધનનાથજી શ્રી-ઠાકોરજી શ્રીગોવર્ધન પર્વતમાંથી પ્રકટ કર્યા છે, અને સદુપાંડે આદિ વ્રજવાસી બહુ લોક સેવક થયા છે. આ સાંભળી કુંભનદાસજીએ પોતાની સ્ત્રીને કહ્યું કે 'અન્યોર'માં જઇને શ્રીઆચાર્યજીનાં સેવક થઇએ, એટલે એમની કૃપાથી શ્રીઠાકોરજી કૃપા કરશે. આ વખતે સ્ત્રીએ કહ્યું કે હું પણ આવીશ, કારણ કે મારે કોઈ સંતતિ પુત્ર નથી, તો એ મહાપુરુષ આપે તો થાય. હવે આવી રીતે વિચાર કરીને બેઉ જણે શ્રીઆચાર્યજી પાસે આવીને દંડવત્ પ્રણામ કર્યા. આ વખતે શ્રીઆચાર્યજીએ પોતે પૂછ્યું કે :કુંભનદાસ, તમે આવ્યા? એટલે કુંભનદાસે દંડવત્ પ્રણામ કરી વિનંતિ કરી કે મહારાજ, બહુ જ દિવસથી ભટકતો હતો, તો હવે આપ મારા પર કૃપા કરો. હવે કુંભનદાસ તો દૈવી જીવ છે, તેથી શ્રીઆચાર્યજીનાં દર્શન કરતાં

જ શ્રીઆચાર્યજીના સ્વરૂપનું જ્ઞાન થઈ ગયું. હવે શ્રીઆચાર્યજીએ કુંભનદાસને કહ્યું કે તમે બેઉ સ્રીપુરુષ નાહીને આવો. એટલે બેઉ જણ સંકર્ષણકુંડમાં નાહીને શ્રીઆચાર્યજી પાસે આવ્યાં, એટલે શ્રીઆચાર્યજીએ બેઉ સ્રીપુરુષને નામ સંભળાવ્યું. આ વખતે સ્રીએ શ્રીઆચાર્યજીને વિનંતિ કરી કે મહારાજ, આપ મહાપુરુષ છો. મને પુત્ર નથી, તો આપ કૃપા કરીને આપો. આ સાંભળી શ્રીઆચાર્યજીએ કૃપા કરીને પ્રસન્ન થઇ કહ્યું કે તારે પુત્ર થશે, તું ચિંતા ન કરીશ. આ સાંભળી આ સ્રી પોતાના મનમાં બહુ જ પ્રસન્ન થઈ; એટલે કુંભનદાસે પોતાની સ્રીને કહ્યું કે આ તેં શ્રીઆચાર્યજી પાસે શું માગ્યું? જો શ્રીઠાકોરજી માગતી તો શ્રીઠાકોરજી આપત. ત્યારે સ્રીએ કહ્યું કે મારે જોઇતું હતું તે મેં માગ્યું, અને તમારે જે જોઇતું હોય તે તમે માગી લો. એટલે કુંભનદાસ ચૂપ થઇ ગયા. ત્યારપછી શ્રીઆચાર્યજી આપે શ્રીગોવર્ધનધરનું નાનું મંદિર બનાવીને તે મંદિરમાં શ્રીગોવર્ધનનાથજીને પધરાવીને રામદાસ ચૌહાણને સેવાની આજ્ઞા દીધી, આથી રામદાસ સદુપાંડે આદિ વ્રજવાસી સઘળા સીધું સામગ્રી લાવતા હતા, તેમાં દૂધ દહીં માખણ શ્રીગોવર્ધનનાથજીને ભોગ ધરી તે મહાપ્રસાદથી રામદાસ નિર્વાહ કરતા. બીજા વ્રજવાસી કુંભનદાસ વગેરે ભક્તો જે સેવકો હતા તેમને શ્રીઆચાર્યજીએ આજ્ઞા કરી કે આ શ્રીગોવર્ધનનાથજી અમારું સર્વસ્વ છે; માટે એમની સેવામાં તમે બરાબર તત્પર રહેજો, અને શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન કર્યા વિના મહાપ્રસાદ લેશો નહિ, તેમજ શ્રીગોવર્ધનનાથજીની સેવા બહુ જ સાવધાનપણે કરજો. હવે કુંભનદાસજી કીર્તન બહુ સુંદર ગાતા. તેમનો કંઠ પણ બહુ જ સુંદર હતો, તેથી કુંભનદાસને શ્રીઆચાર્યજીએ પોતે કહ્યું કે તમે સમય સમયનાં કીર્તન નિત્ય શ્રીગોવર્ધનનાથજીને સંભળાવજો. હવે પ્રાતઃકાળે શ્રીઆચાર્યજીએ શ્રીગોવર્ધનનાથજીને જગાવીને કુંભનદાસને કહ્યું કે કંઇ ભગવલ્લીલા વર્ણન કરો. એટલે કુંભનદાસજીએ શ્રીગોવર્ધનનાથજીને દંડવત પ્રણામ કરી પ્રથમ આ પદ ગાયું; તે પદ:—

રાગ બિલાવલ—

सांझके साचे बोल तिहारे;
रजनी अनत बसे नंदनंदन आये निपट सवारे ॥१॥
ओढे लाल ओढनी सुंदर पीरे बसन बिसारे ॥
कुंभनदास प्रभु गोवर्धनधर भले बचन प्रतिपारे ॥२॥

આ કીર્તન કુંભનદાસના મુખનું સાંભળીને શ્રીઆચાર્યજી આપે કહ્યું કે કુંભનદાસ, નિકુંજલીલા સંબંધી રસનો અનુભવ થયો? ત્યારે કુંભનદાસે દંડવત્ પ્રણામ કરી કહ્યું કે મહારાજ, આપની કૃપાથી. એટલે શ્રીઆચાર્યજીએ કહ્યું કે તમારાં મહદ્ ભાગ્ય છે કે પ્રથમ જ શ્રીઠાકોરજીએ તમને પ્રમેય બળનો અનુભવ કરાવ્યો, આથી તમે હંમેશાં હરિરસમાં મગ્ન રહેશો. એટલે કુંભનદાસે વિનંતિ કરી કે મહારાજ, મને તો સર્વોપરિ આ જ રસનો અનુભવ આપજો. આ વિનંતિ પ્રમાણે શ્રીમહાપ્રભુજીની કૃપાથી કુંભનદાસજીએ યુગલસ્વરૂપ સંબંધી કીર્તન કર્યાં છે, તેથી વધાઇ પલના કે બાલલીલા ગાઇ નહિ. એવા કૃપાપાત્ર ભગવદીય થયા. આવી રીતે કુંભનદાસ વગેરે વૈષ્ણવો પર કૃપા કરી શ્રીઆચાર્યજી દક્ષિણમાં ઝારખંડમાં પૃથ્વીપરિક્રમા છોડીને પધાર્યા હતા ત્યાંથી ફરી જીવો પર કૃપા કરવાને માટે પરિક્રમા કરવા પધાર્યા.

વાર્તાપ્રસંગ ૨ જો.

હવે અહીં કુંભનદાસજી નિત્ય સવારે જમનાવતાથી શ્રીગિરિરાજજી ઉપર શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન કરવા આવતા ને સમય સમયનાં કીર્તન કરતા. શ્રીગોવર્ધનનાથજી આપ કુંભનદાસજીને સાનુભાવ જણાવતા, અને સાથે ખેલવા લાગ્યા અને ખેલની વાર્તા કરતા. ત્યારપછી થોડા દિવસમાં એક મ્લેચ્છનો ઉપદ્રવ થયો. તે બધા ગામોને (લોકોને) લૂંટતો મારતો પશ્ચિમ તરફથી આવ્યો. તેનો ડેરો (મુકામ) શ્રીગિરિરાજથી પાંચ કોશ છેટે હતો. તે વખતે સદુ પાંડે, માણેકચંદ પાંડે, રામદાસજી તથા કુંભનદાસજી એ ચારેય

વૈષ્ણવોએ પોતાના મનમાં વિચાર કર્યો કે આ મ્લેચ્છ બહુ ખરાબ આવ્યો છે. તે ભગવદ્ધર્મનો દ્વેષી છે, તો એ બાબતમાં શું કરીશું? હવે આ ચારેય વૈષ્ણવ શ્રીનાથજીના અંતરંગ હતા. એમની સાથે શ્રીગોવર્ધનનાથજી વાતો કરતા, તેથી આ ચારેય વૈષ્ણવોએ મંદિરમાં જઇ શ્રીનાથજીને પૂછ્યું કે મહારાજ, હવે શું કરીએ? ધર્મનો દ્વેષી મ્લેચ્છ લૂંટતો આવે છે. માટે આપ કૃપા કરીને આજ્ઞા કરો તે અમે કરીએ. એટલે શ્રીગોવર્ધનનાથજીએ આ આજ્ઞા કરી કે અમને તમે ટોંડના ઘનામાં પધરાવીને લઈ ચાલો; મારું મન ત્યાં પધારવાનું છે. ત્યારે ચારેય વૈષ્ણવે વિનંતિ કરી કે મહારાજ, આ વખતે અસવારી શી જોઇએ? એટલે શ્રીગોવર્ધનનાથજીએ કહ્યું કે સદુપાંડેને ત્યાં પાડો છે તે જ લઇ આવો, તેના પર સવારી કરી ચાલીશ. પછી સદુપાંડે તે પાડો લઇ આવ્યા એટલે શ્રીગોવર્ધનનાથજી તે પાડા પર ચઢીને પધાર્યા.

ભાવપ્રકાશ—આ ભેંસા (પાડો) દૈવી જીવ હતો. તે લીલામાં વૃષભાનજીના ઘરની માલણ છે. તે હંમેશાં વૃષભાનજીને ત્યાં ફૂલની માળા કરીને લાવતી. લીલામાં એનું નામ 'વૃંદા' છે. એકવાર શ્રીસ્વામિનીજી બગીચામાં પધાર્યાં તે વખતે વૃંદાની પાસે એક બેટી હતી તેને તે ખવરાવતી હતી, તેથી આ માલણે ઊઠીને ન તો દંડવત્ પ્રણામ કર્યા તેમજ કશું સમાધાન ન કર્યું, છતાં શ્રીસ્વામિનીજીએ એને કશું જ કહ્યું નહિ. ત્યારપછી શ્રીસ્વામિનીજીએ વૃંદાને કહ્યું કે તું નંદરાયજીને ઘેર થઈને શ્રીઠાકોરજીને ઈસારતથી અહીં હું પધારી છું તે કહી આવ. આ સ્વામિનીજીનાં વચન સાંભળીને વૃંદાએ કહ્યું કે અત્યારે તો મારે માળા કરી શ્રીવૃષભાનજીને મોકલવી છે, તેથી હું તો જતી નથી. આ વચન સાંભળી શ્રીસ્વામિનીજીએ એને કહ્યું કે હું અહીં આવી ત્યારે તેં ઊઠીને મારું સન્માન પણ ન કર્યું, તેમજ એક કાર્ય કહું છું તે પણ તારાથી બનતું નથી, માટે તું આ બગીચામાં રહેવા લાયક નથી, માટે અહીંથી તું પડીને ભેંસા (પાડા)નો જન્મ લેજે. આવો શાપ શ્રીસ્વામિનીજીએ આ માલણને દીધો, એટલે આ માલણ શ્રીસ્વામિનીજીનાં ચરણાવિંદમાં આવીને પડી, અને બહુ જ વિનંતિ સ્તુતિ (કાલાવાલા) કરવા

લાગી અને કહ્યું કે હવે એવી કૃપા કરો કે ફરી હું અહીં આવું. ત્યારે શ્રીસ્વામિનીજીએ એને કહ્યું કે જ્યારે તારા પર બેસીને શ્રીઠાકોરજી વનમાં પધારશે ત્યારે તારો અંગીકાર થશે, એટલે તું ભેંસાનો દેહ છોડી સખીદેહ ધારણ કરી ફરીવાર આ બગીચાની માલણ થઈશ. આવી રીતે આ માલણ સદુપાંડેને ત્યાં પાડો થઈ.

આ જ પાડા પર શ્રીનાથજી આપ સવારી કરી "ટોંડના ઘને" પધાર્યા. આ વખતે શ્રીગોવર્ધનનાથજીને એક તરફથી રામદાસજી પકડીને ચાલતા હતા અને બીજી બાજુ સદુપાંડેએ પકડ્યા હતા, અને કુંભનદાસ અને માણેકચંદ પાંડે આગળ પાછળ ચાલે. આ રસ્તામાં કાંટા બહુ જ લાગ્યા, તેથી બધાં વસ્ત્રો ફાટી ગયાં. બહુ જ દુઃખ પડયું. મારગ સારો નહોતો. આ ટોંડના ઘનામાં વચમાં એક નિકુંજ છે ત્યાં નદી છે, તેથી કુંભનદાસ અને માણેકચંદ પાંડે બેઉ જણા શ્રીનાથજીની આગળ ચાલી માર્ગ બતાવે અને વચમાંના વેલા તથા કાંટા ખસેડતા જાય. આવી રીતે ચાલતાં ટોંડના ઘનાની ભીતર એક ચોતરો છે, ત્યાં આગળ નાનું સરખું સરોવર છે, વળી એક ગોળ ચોક મંડળાકાર છે, ત્યાં રામદાસજી અને કુંભનદાસજીએ શ્રીનાથજીને પૂછયું કે આપ કયાં બિરાજશો? ત્યારે શ્રીનાથજીએ પોતે કહ્યું કે અમે આ જ ચોતરા પર બિરાજીશું. એટલે શ્રીનાથજીની નીચે પાડા પર જે ગાદી બિછાવી હતી તે જ ગાદી આ ચોતરા પર બિછાવીને તે પર શ્રીનાથજીને પધરાવ્યા. આ વખતે શ્રીનાથજીએ રામદાસજીને આજ્ઞા કરી કે તમે કંઈક ભોગ ધરીને બાજુ પર ખસી જાઓ. ત્યારે રામદાસજી તથા કુંભનદાસજીએ મનમાં વિચાર્યું કે કોઇ વ્રજભક્તોના મનોરથ પૂરા કરવા આ લીલા કરી છે. પછી રામદાસજીએ થોડી સામગ્રીનો ભોગ ધર્યો. આ સમયે શ્રીનાથજીએ કહ્યું કે બધી સામગ્રી ધરી દો. આથી રામદાસજી ઉતાવળમાં બશેર ચનનો શીરો કરી લાવ્યા હતા તે બધો ભોગ ધરી દીધો. હવે રામદાસે શ્રીગોવર્ધનનાથજીને કહ્યું કે બધી સામગ્રી ભોગ ધરી, પણ અહીં રહેવું પડશે તો શું કરીશું? એટલે શ્રીગોવર્ધનનાથજીએ કહ્યું

કે અહીં રહેવાનું નથી. આટલું જ કામ હતું. પછી કુંભનદાસજી સહિત સહુ પાંડે, માણેકચંદ પાંડે અને રામદાસજી એ ચારેય જણા એક વૃક્ષને ઓથે જઇને બેઠા. આ વખતે નિકુંજની અંદર શ્રી- સ્વામિનીજીએ પોતાના હાથથી મનોરથની સામગ્રી કરી હતી તે લઇને શ્રીગોવર્ધનનાથજી પાસે પધાર્યાં, અને પછી મળીને ભોજન કરવાનો વિચાર કર્યો. આ સામગ્રી કરતાં શ્રીસ્વામિનીજીને જરા શ્રમ પડ્યો હતો, તેથી શ્રીગોવર્ધનનાથજીએ આપે શ્રીમુખથી કુંભનદાસને આજ્ઞા કરી કે કુંભનદાસ, તું કાંઈ કીર્તન આ સમયે ગાય તો મન પ્રસન્ન થાય, અને હું સામગ્રી આરોગું છું માટે તું કીર્તન ગા. આ સમયે કુંભનદાસે પોતાના મનમાં વિચાર્યું કે પ્રભુનું મન કંઈક હાસ્યવિનોદ સાંભળવાનું છે. વળી કુંભનદાસ વગેરે ચારેય વૈષ્ણવો ભૂખ્યા હતા અને કાંટા પણ વાગ્યા હતા, આથી કુંભનદાસે એક પદ ગાયું; તે પદઃ—

રાગ સારંગ—

भावत हे तोहि टौंडको घनो ॥ टेक ॥
कांटा लगे, गोखरु बूडे, फाट्यो जात यह तनो ॥१॥
सिंघे कहा लौंकडीको डर, यह बानिक कहा बन्यो ॥
कुंभनदास तुम गोवर्धनधर यह कोन रांड ढेढनीको जन्यो ॥२॥

હવે આ કીર્તન સાંભળીને શ્રીગોવર્ધનનાથજી અને શ્રીસ્વા- મિનીજી બહુ જ પ્રસન્ન થયાં અને બધા વૈષ્ણવ પણ પ્રસન્ન થયા. ત્યારપછી માળાના સમયે કુંભનદાસજીએ આ પદ ગાયું:

રાગ માલકોસ—

बोलत श्याम मनोहर बेठे कमलखंड ओर कदमकी छयां ॥
कुसुमित द्रुम अलि गुंजत सखी कोकिला कल कूजत तहियां ॥१॥
सुनत दूतिकाके वचन माधुरी भयो हे हुलास जाके मन महियां ॥
कुंभनदास व्रजकुंवरी मिलन चली, रसिककुंवर गिरिधरन पैयां ॥२॥

આ પદ કુંભનદાસે ગાયું તે સાંભળીને શ્રીગોવર્ધનનાથજી આપ બહુ જ પ્રસન્ન થયા. આ સમયે શ્રીસ્વામિનીજીએ શ્રીગોવર્ધન-

નાથજીને પૂછ્યું કે તમે કેવી રીતે અહીં પધાર્યા? એટલે શ્રીગોવર્ધનનાથજીએ કહ્યું કે સદુપાંડેને ઘેર એક પાડો હતો તેના પર બેસીને પધાર્યા છીએ. શ્રીગોવર્ધનનાથજીનાં વચન સાંભળીને શ્રીસ્વામિનીજીએ આ પાડા સામે જોઇને કૃપા કરીને કહ્યું કે આ તો મારા બાગની માલણ છે, તે મારી અવજ્ઞાથી પાડો થઇ છે, પરન્તુ આજે એણે સારી સેવા કરી તેથી આજ એનો શાપ નિવૃત્ત થયો. આવી રીતે કહીને નાના પ્રકારની કેલિ ટોંડના ઘનામાં કરી શ્રીસ્વામિનીજી તો બરસાના પધાર્યાં.

ભાવપ્રકાશ—હવે અહીં કાંટા બહુ જ હતા, છતાં સ્વામિનીજી ત્યાં શી રીતે પધાર્યાં? આવી શંકા થાય તો તેના નિવારણમાં કહે છે કે આ વ્રજમાં વૃક્ષો પરમસ્વરૂપાત્મક છે, તેથી જ્યાં જેવી ઇચ્છા હોય ત્યાં તેવા પ્રકારની કુંજલતા ફૂલ થઈ જાય છે. કોઈવાર બધા કાંટા તો લૌકિક લોકોને દેખાય છે, પરન્તુ અહીં કુંજમાં બધા વ્રજભક્તો સહિત શ્રીઠાકોરજી આપ લીલા કરે છે, તેથી ગોવાળોને અને મર્યાદાવાળાઓને કાંટાની વાડ દેખાય છે, નહિ તો સઘન વન છે ને વ્રજના ભક્તો સદા સેવામાં તત્પર રહે છે. માટે આમાં સંદેહ કરવો નહિ. વળી શ્રીગોવર્ધનનાથજી પાડા પર ચઢીને ટોંડના ઘનામાં પધાર્યા, તે સમયે ચાર વૈષ્ણવ સાથે હતા, તેમને રસ્તામાં વ્રજવાસી લોક બહુ જ મળતા. તેઓ શ્રીગોવર્ધનનાથજીને દેખતા નહિ. એમ જાણે કે પાડો લઈને ચારેય જણ જાય છે. વળી કાંટા ન હોય તો બધા વ્રજવાસી ત્યાં આવે. આવી રીતે કેવળ વ્રજભક્તોને સુખ આપવાને માટે શ્રીઠાકોરજીની લીલાનો રસ છે. આથી લૌકિકથી ડરીને છુપાઇને પધારવું, એ પણ રસ છે. ઈશ્વરતાનો ભાવ વિચારવો નહિ. જો ઈશ્વરતામાં કહે તો ભજવાનું શું? ડર જ્યાં માધુર્ય રસમાં છે તે પ્રેમથી છે. ઈશ્વરતામાં ડર ન હોય. આ પ્રકારે રસિક જનો આંખે જે જુએ છે તેમને આનંદ ઉપજે છે. આમ જ્ઞાનનેત્ર અલૌકિક નેત્ર છે, તેથી લીલારસનો અનુભવ થાય છે.

હવે જ્યારે શ્રીસ્વામિનીજી બરસાને પધાર્યાં એટલે ચારેય ભગવદીયોને શ્રીગોવર્ધનનાથજીએ પોતાની પાસે બોલાવ્યા.

ભાવપ્રકાશ—હવે અહીં સંદેહ થાય કે આ ભગવદીયો તો અંત-

રંગ છે તો જ્યારે લીલાનો અનુભવ કરે છે તો પછી શ્રીગોવર્ધનનાથજીએ એમને જુદા ઓટમાં વિદાય કેમ કર્યા? ત્યાં કહે છે કે આ ભગવદીયો જો કે સખીરૂપે લીલામાં દર્શન કરે છે તોપણ શ્રીસ્વામિનીજીને પોતાના શ્રીહસ્તથી હાસ્યવિનોદ કરતાં આરોગાવવું છે, તેથી પાસે સખી હોય તો લજ્જા તથા સંકોચ રહે. તેથી તો નિકુંજમાં જ્યારે સ્વરૂપલીલા કરે છે, ત્યારે બધી સખીઓ જાળરંધ્ર થઇ લતાઓની ઓટમાં છુપાઇ લીલાના સુખનું અવલોકન કરે છે. તેથી શ્રીગોવર્ધનનાથજીએ ભગવદીયોને થોડે દૂર ઓટમાં બેસાડ્યા હતા, ત્યાંથી બોલાવ્યા.

હવે જ્યારે ચારેય વૈષ્ણવ આવ્યા, એટલે શ્રીગોવર્ધનનાથજીએ સદુપાંડેને કહ્યું કે હવે જુઓ, ઉપદ્રવ શમી ગયો છે? ત્યારે સદુપાંડે ટોંડના ઘનેથી બહાર આવ્યા, એ વખતે શ્રીગોવર્ધનથી સમાચાર આવ્યા કે પેલા મ્લેચ્છની ફોજ આવી હતી તે પાછી ગઇ છે. આ સાંભળી સદુપાંડેએ આવીને શ્રીગોવર્ધનનાથજીને કહ્યું કે મ્લેચ્છોની ફોજ હવે જતી રહી છે, એટલે શ્રીગોવર્ધનનાથજીએ કહ્યું કે હવે તમે મને શ્રીગિરિરાજજી પર મંદિરમાં લઇ જાઓ. હવે શ્રીગોવર્ધનનાથજીને પાડા પર બેસાડી ચારેય વૈષ્ણવોએ શ્રીગોવર્ધનનાથજીને શ્રીગિરિરાજજી પર મંદિરમાં પધરાવ્યા, એટલે પેલો પાડો પર્વતથી ઊતરી શરીર ત્યજી ફરી લીલામાં પહોંચી ગયો. પછી બધા વ્રજવાસી શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન કરીને બહુ જ આનંદ પામ્યા, અને કહેવા લાગ્યા કે ધન્ય છે, દેવદમન, જેમના પ્રતાપથી જે ઉપદ્રવ થયો હતો તે એક ક્ષણમાં મટી ગયો, તેની કાંઇ ખબર પણ ન પડી. આ સમયે કુંભનદાસે શ્રીનાથજી સન્મુખ આ પદ ગાયું; તે પદઃ-

રાગ શ્રીરાગ-

जयति जयति श्रीहरिदासवर्यधरणे ॥
वारिवृष्टि निवारी दोपआरती टारी, देवपति-अभिमानभंगकारणे ॥१॥
जयति पीतपट दामिनी, रुचिर मृदुल अंग, सावल सजल जलद-वरणे ॥
कर धर वेणु अधर गान कलरव सुशब्द सहज व्रजयुवतिजन-चित्तहरणे ॥२॥

जयति बृंदाविपिनभूमि डोलत अखिल, लोकवंदन अंबुजरुहरितुचरणे ॥
तरणितनयारति-विहार नंदगोपकुमार, तनय कुंभनदास तुवसि शरणे ॥३॥

(२)

कृष्ण तरणितनया-तीर रासमंडल रच्यो अधर कर मधुर वेणु बाजे ॥
युवतिजनयूथसंग नर्तन अनेक अंग निरखि अभिमान तजि काम लाजे ॥१॥
श्यामतन पीत कौशेय शुभ पदनखन चंद्रिका सकल भुवन तिमिर भाजे ॥
ललित अवतंस भ्रुव धनुष लोचन चपल चितवनी मानो मदन बान साजे ॥२॥
मुखरमंजीर कटिकिंकिनी कुणित रव, बचन गंभीर जनु मेघ गाजे ॥
दास कुंभन नाथ हरिदासवर्यधरण, नख शिख स्वरूप अद्भुत बिराजे ॥३॥

એવાં કીર્તન કુંભનદાસે શ્રીગોવર્ધનનાથજીને બહુ જ સંભળાવ્યાં. એ સાંભળી શ્રીગોવર્ધનનાથજી કુંભનદાસ પર બહુ જ પ્રસન્ન થયા. એવાં કુંભનદાસજીનાં પદ જગતમાં પ્રસિદ્ધ થયાં.

વાર્તાપ્રસંગ ૩ જો.

આ કુંભનદાસજીએ બહુ જ પદ બનાવ્યાં, તે જ્યાં ત્યાં લોક ગાવા લાગ્યા. એક ગવૈયો કુંભનદાસનું એક કીર્તન શીખ્યો, ને તે દેશાધિપતિ પાસે ગાયું. તે સમયે ફતેપુરસિકીમાં બાદશાહનો ડેરા-તંબુ હતો, ત્યાં આ પદ ગાયું; તે પદઃ—

રાગ ધનાશ્રી—

देखरी आवनी मदनगुपालकी;
शुक्रवाहन गति निरखत लजत गजगति चपल लटक चालनी ॥१॥
श्याम कटितन वसन मनहरण सुंदरता उर श्रीमालकी ॥
भ्रोह धनुष सजि मानो मदनसर चितवनी लोचन विशालकी ॥२॥
रेनुमंडित कुंतल-अलकशोभा कस्तूरिको तिलक भालकी ॥
दास कुंभन चारु रास मोहे जगत, गोवर्धनधर कुंवर रसालकी ॥३॥

આ કીર્તન સાંભળીને દેશાધિપતિનું મન આ પદમાં પરોવાઈ ગયું અને માથું ધુણાવ્યું, અને કહ્યું કે આવા આવા મહાપુરુષ ભૂમિ

ઉપર થઇ ગયા કે જેમને આવાં પરમેશ્વરનાં દર્શન થતાં! એટલે આ કીર્તન ગાનારે દેશાધિપતિને કહ્યું કે સાહેબ, આ મહાપુરુષ પદ કરનાર અહીં જ છે. ત્યારે દેશાધિપતિએ આ કલાકાર પર બહુ પ્રસન્ન થઇને પૂછ્યું કે આ મહાપુરુષ કયાં છે? ત્યારે આ કલાકારે કહ્યું કે શ્રીગોવર્ધનની પાસે 'જમનાવતા' ગામ છે ત્યાં આ મહાપુરુષ રહે છે, અને કુંભનદાસજી એમનું નામ છે. ત્યારે દેશાધિપતિએ કહ્યું કે એમને અહીં બોલાવો, હું એમને મળું. પછી દેશાધિપતિએ પોતાના મનુષ્ય અને સર્વ પ્રકારની અસવારી કુંભનદાસને લેવા તે જમનાવતા ગામમાં મોકલી. અસવારી લઇ એ મનુષ્યો જમનાવતા આવ્યા, તે વખતે કુંભનદાસજી તો જમનાવતામાં નહોતા, પરાસોલી ચંદ્રસરોવર પર પોતાના ખેતરમાં બેઠા હતા. હવે આ માણસોએ જમનાવતામાં આવીને પૂછ્યું અને ખબર મેળવીને ગામમાંથી એક માણસ સાથે લઇને પેલા માણસો કુંભનદાસજી પાસે આવ્યા. આ દેશાધિપતિના માણસોએ કુંભનદાસને કહ્યું કે તમને દેશાધિપતિ બોલાવે છે, ત્યારે કુંભનદાસે કહ્યું કે અમે તો ગરીબ વ્રજવાસી છીએ, કોઇના ચાકર નથી, તો અમારું દેશાધિપતિને શું કામ છે કે હું આવું? એટલે દેશાધિપતિના માણસોએ કહ્યું કે બાબાસાહેબ, અમે તો કશું જાણતા નથી. અમને તો દેશાધિપતિનો હુકમ છે કે તમે કુંભનદાસજીને લાવો, અને આ ઘોડા તથા પાલખી તમારી અસવારી માટે લાવ્યા છીએ, તેના પર બેસીને તમે ચાલો. અમે દેશાધિપતિના મોકલ્યા આવ્યા છીએ એટલે તમને લઇને જ જઇશું, તમને અમે ન લઇ જઇએ તો દેશાધિપતિના હુકમનું અપમાન ગણાય, ને અમને દેશાધિપતિ મારી નખાવે. માટે આપ ચાલો અને એમને મળીને પાછા આવજો. એટલે કુંભનદાસજીએ મનમાં વિચાર કર્યો કે આ આપદા આવી છે, એટલે ગયા વિના ચાલશે નહિ; માટે આપદા આવી છે તે ભોગવવી. હવે કુંભનદાસ માટે દેશાધિપતિએ જ અસવારી મોકલી હતી અને સાથે મનુષ્ય આવ્યા હતા તેમણે કહ્યું બાબાસાહેબ, ઘોડા અને પાલખી પર ચઢીને જલદી ચાલો. એટલે કુંભનદાસે આ માણસોને કહ્યું કે હું તો કદી

અસવારીમાં બેઠા નથી. મને તમે કશું કહેશો નહિ. અમે તો જોડા પહેરી પગે ચાલીને આવીશું. આ વખતે આ માણસોએ બહુ જ વિનંતિ કરી, પણ કુંભનદાસ અસવારીમાં બેઠા નહિ અને જોડા પહેરી પગે ચાલ્યા. અને ફતેપુરસિક્રી બાદશાહના ડેરા પાસે આવ્યા, એટલે દેશાધિપતિને ખબર મોકલી કે કુંભનદાસજી મહાપુરુષ આવ્યા છે. એટલે દેશાધિપતિએ કુંભનદાસને અંદર બોલાવ્યા એટલે અંદર ગયા. પછી દેશાધિપતિએ કહ્યું કે બાબાસાહેબ, આગળ આવો. હવે કુંભનદાસે બંડી પહેરેલી, ફાટી મેલી પાઘ, પછેડી, તૂટ્યાફાટ્યા જોડા, સહિત દેશાધિપતિ સામે જઈ ઊભા રહ્યા. એટલે દેશાધિપતિએ (અકબરે) કહ્યું કે બાબાસાહેબ, બેસો. ત્યાં જડાવ મીનાકારીવાળી રાવટી હતી તેમાં મોતીની ઝાલરો લાગી રહી હતી અને મઘમઘાટ સુગંધી આવતી હતી; પણ કુંભનદાસના હૃદયમાં અતિશય દુઃખ થતું હતું કે જાણે જીવતાં નરકમાં બેઠા છું. મનમાં વિચારે કે આ કરતાં તો મારા વ્રજમાં વૃક્ષ સારાં કે જ્યાં સાક્ષાત્ શ્રીગોવર્ધનધર ખેલે છે. આવી રીતે કુંભનદાસજી પોતાના મનમાં વિચાર કરતા હતા એટલામાં દેશાધિપતિ બોલ્યો કે બાબાસાહેબ, તમે વિષ્ણુનાં પદ બહુ જ કર્યાં છે, તો તમારા મોઢેથી કંઇક વિષ્ણુનાં પદ સાંભળવાં છે, તો આપ કોઈ વિષ્ણુપદ ગાઓ. હવે આવાં દેશાધિપતિનાં વચન સાંભળ્યાં ત્યારે એક તો તે મનમાં ખીજી રહ્યા હતા અને વધારામાં દેશાધિપતિએ ગાવાનું કહ્યું તેથી કુંભનદાસના મનમાં બહુ જ ખરાબ લાગ્યું. આ સમયે કુંભનદાસે પોતાના મનમાં વિચાર કર્યો કે ગાયા વિના છુટકારો થશે નહિ અને આ મ્લેચ્છના આગળ તો શ્રીઠાકોરજીની લીલાનાં પદ ગવાય નહિ, તો હું શું ગાઉં? મારી વાણી સાંભળનાર તો શ્રીગોવર્ધનનાથજી છે. અને મ્લેચ્છે મને બોલાવીને શ્રીગોવર્ધનનાથજીથી વિયોગ કરાવ્યો છે; માટે આને એવું સંભળાવું કે એને ભલે ખોટું લાગે. વળી ખોટું લાગશે તો મને એ શું કરશે?

આ વખતે કુંભનદાસના મનમાં એવું આવ્યું કે "जाको

मनमोहन अंगीकार करे, एको केस खसे नहि शिरतें जो जग वैर परे " આવું વિચારી એક નવું પદ કરીને દેશાધિપતિના આગળ કુંભનદાસે ગાયું; તે પદ:—

રાગ સારંગ—

भक्तको कहा सीकरीसो काम ॥
आवत जात पनैयां तूटत, बिसर गयो हरिनाम ॥१॥
जाके मुख देखत दुःख उपजे ताको करनो पर्यो प्रणाम ॥
कुंभनदास लाल गिरिधर बिन यह सब जूठो धाम ॥२॥

આ પદ કુંભનદાસે ગાયું તે સાંભળીને દેશાધિપતિ પોતાના મનમાં બહુ જ ખિજાયો, પણ પછી પોતાના મનમાં વિચાર્યું કે એને કશું લેવાની લાલચ હોય તો મારી ખુશામત કરે; પણ એને તો પોતાના પ્રભુ સાથે જ કામ છે. આમ વિચારી અકબર બાદશાહે કુંભનદાસને કહ્યું: બાબાસાહેબ, મને કંઇક આજ્ઞા કરો, તે હું કરું. આ સાંભળી કુંભનદાસે કહ્યું કે આજ પછી મને કદી બોલાવશો નહિ, એટલે દેશાધિપતિએ કુંભનદાસને વિદાય કર્યા. હવે કુંભનદાસ અહીંથી ચાલ્યા, પણ મારગમાં ચાલતાં ચાલતાં શ્રીગોવર્ધનનાથજીના વિરહનો કલેશ થયો કે હું હવે શ્રીગોવર્ધનનાથજીનું મુખ ક્યારે જોઇશ? આમ વિચાર કરતાં માર્ગમાં ચાલતાં ચાલતાં કુંભનદાસે વિરહનું પદ ગાયું; તે પદઃ—

રાગ ધનાશ્રી—

कब हों देखि हों इन नैननु;
सुंदर श्याम मनोहर मूर्ति अंग अंग सुख देनतु ॥१॥
वृंदावनविहार दिनदिन प्रति गोपवृंद संग लेननु ॥
हसिहसि हरखि पतौवनि पीवनि बांटि बांटि पयफेननु ॥२॥
कुंभनदास किते दिन वीते किय रेवे सुखसेननु ॥
अब गिरिधर बिन निशि अरु वासर मन न रहत क्यंहु चेननु ॥३॥

આવાં પદ માર્ગમાં ગાતાં ગાતાં શ્રીગિરિરાજજી પર આવી શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન કર્યાં. વચ્ચે બે પહોર ગયા તે માનો

બે યુગ વીત્યા. ત્યારપછી શ્રીગોવર્ધનનાથજીનું શ્રીમુખ દેખતાં જ બધું દુઃખ ભૂલી ગયા. તે સમયે કુંભનદાસે આ પદ ગાયાં; તે પદઃ—

રાગ ધનાશ્રી—

नैन भर देखो नंदकुमार ॥
ता दिनते सब भूल गये हें बिसर्यो पति परिवार ॥१॥
विषय विषे हों विकल भई हो अंग अंग सब हारि ॥
तातें सुधि हे सांवरि मूर्ति लोचन भरि भरि वारि ॥२॥
रूपराशि परमित नहि मानो, केसे भले कनाइ ॥
कुंभनदास प्रभु गोवर्धनधर, मिलो बहुरिरी माइ ॥३॥

(२)

हिलग कठिन हे या मनकी;
जाके लिये सुनो मेरि सजनी, लाज गई सब तनकी ॥१॥
लोक हसो परलोक हि जाओ, ओर आओ कुलगारी ॥
सो क्यों रहे ताहि बिनु देखें जो जाको हितकारी ॥२॥
रसलुब्ध निमिष नहि छांडत ज्यां अधीन मृग गाने ॥
कुंभनदास यह स्नेह मरमको, श्रीगोवर्धनधर जाने ॥३॥

આવાં પદ કુંભનદાસજીએ બહુ જ ગાયાં. તે સાંભળીને શ્રીગોવર્ધનનાથજી આપ કહે કે કુંભનદાસ, તને ધન્ય છે કે મારા વિના તને એક ક્ષણ પણ ચેન પડતું નથી, તેથી મને પણ તારા વિના કશું ગમતું નથી. આ પ્રમાણે કુંભનદાસજી અને શ્રીગોવર્ધન-નાથજીની પરસ્પર પ્રીતિ હતી.

વાર્તાપ્રસંગ ૪ થો.

વળી એક વાર માનસિંહ દેશદેશમાં વિજય કરીને જીતીને આગ્રામાં દેશાધિપતિ પાસે આવ્યો અને દેશાધિપતિ પાસે રજા લઈ પોતાને દેશ ગયો. (જતાં જતાં) રાજા માનસિંહે પોતાના મનમાં વિચાર્યું કે બહુ જ દિવસે આવ્યો છું તો મથુરાજીમાં નાહીને મારા

દેશમાં જાઉં તો સારું. આમ વિચારી રાજા માનસિંહ મથુરાજીમાં આવ્યો. ત્યાં વિશ્રાંતિઘાટ પર નાહ્યો. આ વખતે ચોબાઓએ મળીને કહ્યું કે શ્રીકેશવરાયજી શ્રીઠાકોરજીનાં દર્શન કરવા ચાલો. આ વખતે જેઠ માસના દિવસ અને (છતાં) મથુરિયા ચોબાઓએ રાજાને આવતો જાણી શ્રીકેશવરાયજીને જરીની ઓઢણી વાઘા પિછવાઇ ચંદરવા બધું જરીનું ધર્યું, અને સોનાનાં આભૂષણ પહેરાવ્યાં. આવાં દર્શન કરીને માનસિંહે પોતાના મનમાં કહ્યું કે આમણે મને દેખાડવાને માટે આટલી બધી જરી શ્રીઠાકોરજીને લપેટી છે. પછી ભેટ ધરીને ચાલ્યો. પછી વૃંદાવનનાં મંદિર છે ત્યાં દર્શન કરવા જઇએ એમ કહી વૃંદાવન આવ્યો. અહીં વૃંદાવનના સંત મહંતે સાંભળીને મનમાં વિચાર્યું કે અહીં રાજા માનસિંહ દર્શન કરવા આવશે જ. એમ વિચારી ભારેભારે જરીના વાઘા, જરીનાં ચીર, પટકા, જરીની સૂથન ઓઢણી ભારેભારે ઓઢાડી અને સોનાનાં આભૂષણ પહેરાવ્યાં. પછી રાજા માનસિંહે ત્યાં આવી બેચાર ઠેકાણે મોટાં મોટાં મંદિરોમાં દર્શન કરી ભેટ કરી. ગરમી બહુ જ લાગી, એટલે મુકામે તંબુમાં આવ્યો અને કહ્યું કે આ બધો મને દેખાડવાને માટે ઠાઠ કર્યો છે. ત્યારબાદ રાજા માનસિંહ વૃંદાવનથી નીકળ્યો અને ત્રીજે પહોર શ્રીગોવર્ધનમાં આવ્યો. ત્યાં કોઇએ કહ્યું કે શ્રી-ગોવર્ધનનાથજીનાં દર્શન કરવા આવશો ? એટલે રાજા માનસિંહે કહ્યું કે શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન તો અવશ્ય કરવાં જ છે. પછી ગોપાળપુરમાં આવી દર્શનનો સમય પૂછ્યો ત્યારે કોઇએ કહ્યું કે ઉત્થાપનનાં દર્શન થઇ ગયાં છે અને ભોગનાં દર્શનની તૈયારી છે. આ સાંભળીને રાજા પર્વત ઉપર ચઢ્યો. ગરમી તો અતિશય પડતી હતી, તેમાં અહીં રાજા ઉઘાડે પગે પર્વત ઉપર ચઢ્યો, તેથી ગરમીથી વ્યાકુળ થઇ ગયો, પણ તે જ વખતે ભોગનાં દર્શન ખૂલ્યાં હતાં. શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન કરતાં જ રાજા માનસિંહનાં નેત્ર શીતળ થઇ ગયાં. આ સમયે શ્રીગોવર્ધનનાથજીની સેવા ભારે વૈભવથી થતી હતી, તેથી ઉનાળાના દિવસ હોવાથી ગુલાબજળનો છંટકાવ કરેલો હતો અને અરગજા મહેક મહેક થઈ રહ્યો હતો

અને બહુ જ સુગંધ આવી રહી હતી. અને દોહરા (બેવડા) પંખા થઇ રહ્યા હતા. (શ્રીઠાકોરજીને) સફેદ પાઘ ને પરદાનીનો શૃંગાર હતો અને શ્રીકંઠમાં મોતીની માળા, મોતીનાં કરણફૂલ તેમજ (શ્રીઅંગે) મોતીનાં સૂક્ષ્મ આભૂષણ હતાં. અહીં સુગંધ સહિત શીતળ પવન લાગ્યો, તેથી રાજા માનસિંહનાં રોમરોમ શીતળ થઇ ગયાં. સેવારીત જોઇને રાજા માનસિંહે કહ્યું કે સેવા તો અહીં જ છે; શ્રીઠાકોરજી સુખથી બિરાજે છે. સાક્ષાત્ શ્રીકૃષ્ણ પ્રકટ થયા એવું શ્રીભાગવતમાં સાંભળ્યું હતું તે શ્રીગોવર્ધનનાથજી આ જ છે, તેથી આજ મારાં મહાભાગ્ય છે કે મને આવાં દર્શન થયાં. આ વખતે કુંભનદાસજી શ્રીગોવર્ધનનાથજીની આગળ પદ ગાતા હતા. તેમાં જેવા શ્રીગોવર્ધનધર કોટિકંદર્પલાવણ્ય સ્વરૂપ મનહરણ તેવું જ રસરૂપ પદ કુંભનદાસજીએ ગાયું; તે પદઃ—

રાગ નટ—

रूप देखि नेनां पलक लगे नहीं;
गोवर्धनधरके अंगअंग प्रति दृष्टि परत चित रहत तहीं तहीं ॥१॥
कहारी कहों अंगअंगकी बानक चित चोर्यों मोंसो माग दहीं ॥
कुंभनदास प्रभुके मिलनकी सुंदर बात सखियनसो कही ॥२॥

(२)

पूतरी पोरिया इनके भयेरी माई;
पायन आवत खंजन छोरि दिये किसो पलक कपाट दियेरी ॥१॥
ठाढे रहत प्रेमके बाढे निसवासर सब सुख बितायेरी;
कुंभनदास लाल गिरिधरन मनके भाजन ठाले करि लियेरी ॥२॥

રાગ ગોરી—

आवत गिरिधर मनजु हर्यों हो ॥टेक॥
हों अपने गृह सचुसों बेठी निरखि वदन अचरा विसर्यों ॥१॥
रूपनिधान रसिक नंदनंदन निरखि नेंन धीरजु न धर्यों ॥२॥
कुंभनदास प्रभु गोवर्धनधर अंग अंग `मपीयूष भर्यों ॥३॥

આ પદ કુંભનદાસે ગાયાં ત્યારપછી ભોગનો સમય થઈ ચૂકયો એટલે ટેરો આવ્યો, પછી રાજા માનસિંહ દંડવત્ પ્રણામ કરી પોતાના ડેરામાં (મુકામે) આવ્યો. ત્યારપછી સેન આરતી સમયે કુંભનદાસજીએ આ પદ ગાયું; તે પદઃ—

રાગ કેદારો–

लालके वदन पर आरति वारों;
चारु चितवन करों साजनिकी युक्ति बाति अगणित घृत कपूरकी वारों ॥१॥
शंखधुनि भेरि मृदंग झालर झांझ ताल घंटा बाजे बहुत विस्तारों ॥
गाउं गुण श्याम श्यामा रसनाको स्वादरस परम हरखत चमर कर डारों ॥२॥
कोटि उद्योत रविकांति अंग अंग छबि सकल भूलोकको तिमिर टारों ॥
दासकुंभन पिय लाल गिरिधरनको रूप देख नयनन भर भर भरों ॥ ३ ॥

આવી રીતે સ્નેહનાં કીર્તન ગાઇ સેવાથી પહોંચી કુંભનદાસ પોતાને ઘેર જમનાવતામાં આવ્યા. અહીં રાજા માનસિંહ પોતાના ડેરામાં જઇ પોતાના મનુષ્યો આગળ શ્રીગોવર્ધનનાથજીનાં સેવા શૃંગારની વાતો કરવા લાગ્યો, અને પૂછયું કે શ્રીગોવર્ધનનાથજી આગળ વિષ્ણુનાં પદ ગાતા હતા તે કોણ હતા? એવાં (સુંદર) પદ ગાયાં કે હૃદયમાં ચોંટી ગયાં. આવાં પદ આજ સુધી મેં કદીય સાંભળ્યાં નથી. આ સાંભળી એક વ્રજવાસીએ કહ્યું કે એ ગોરવા છે ને કુંભનદાસજી એમનું નામ છે. પોતાની ખેતીમાંથી અન્ન પાકે છે તે વડે નિર્વાહ કરે છે. તમે સાંભળ્યું પણ હશે કે પહેલાં દેશાધિપતિએ બોલાવ્યા હતા, પણ કુંભનદાસજીએ કશું જ લીધું નહિ. એ તો મહાપુરુષ છે. એટલે રાજા માનસિંહે કહ્યું કે આજ તો રાત્રિ પડી ગઈ છે, પણ કાલે સવારમાં આપણે પણ એમને મળીશું. હવે પ્રાતઃકાળમાં રાજા માનસિંહ ઊઠીને શ્રીગિરિરાજજીની પરિક્રમા કરતાં કરતાં પરાસોલી આવ્યો. અહીં પરાસોલીમાં ચંદ્ર-સરોવર છે, ત્યાં કુંભનદાસજી નાહીને ખેતરમાં બેઠા હતા, એટલામાં શ્રીગોવર્ધનનાથજી આપ કુંભનદાસજી પાસે પધાર્યા. અહીં શ્રીમુખ દેખતાં જ કુંભનદાસજીએ શ્રીનાથજીને કહ્યું કે બાબા, (નજીક)

આગળ આવો. એટલે શ્રીનાથજી કુંભનદાસજીની ગોદમાં બેસીને કહે છે કે કુંભનદાસ હું તને એક વાત કહેવા આવ્યો છું. આ પ્રકારે કહેતા હતા એટલામાં રાજા માનસિંહ કુંભનદાસ પાસે આવ્યો, એટલે તે જ વખતે શ્રીગોવર્ધનનાથજી આપ દોડીને કરીને એક ઝાડની ઓથે જઇ ખડા રહ્યા. તે જ વખતે કુંભનદાસની દૃષ્ટિ તો એક શ્રીગોવર્ધનનાથજીની સાથે જ ગઇ, જ્યાં શ્રીગોવર્ધનનાથજી ઊભા હતા તે તરફ જ જોયા કરે. એ જ સમયે રાજા માનસિંહ કુંભનદાસજીને પ્રણામ કરીને પાસે બેઠા, પરન્તુ કુંભનદાસજીએ તો રાજા માનસિંહ તરફ દૃષ્ટિ પણ ન કરી. અહીં કુંભનદાસજીની એક ભત્રીજી હતી તે જમનાવતાથી બેજરનો ચૂન કથરોટમાં લઇ કુંભનદાસજીને રસોઇ કરવા આપવા લાવતી હતી. આ ભત્રીજીને એક વ્રજવાસીએ કહ્યું કે તું જલદી જા. કુંભનદાસજી પાસે રાજા ગયો છે, તે કશું આપે તો તું લેજે, કારણ કે કુંભનદાસજી તો સ્પર્શ પણ કરશે નહિ. આ સાંભળી તે ભત્રીજી જલદી કુંભનદાસજી પાસે આવી. તે વખતે કુંભનદાસજીની દૃષ્ટિ એક વૃક્ષ તરફ જોઇને કહ્યું કે રાજા બેઠા છે, એનું કશું સમાધાન કરો. ત્યારે કુંભનદાસે કહ્યું કે રાજા બેઠા છે તેમાં હું શું કરું? વાત કહેવા બેઠા હતા તે તો જતા રહ્યા. હવે એ વાત કહેશે કે નહિ! એટલે શ્રીગોવર્ધનનાથજીએ ઇસારતથી કહ્યું કે હું તારા પર બહુ જ પ્રસન્ન છું. હું વાત કહીશ; તું ચિંતા ન કર. એટલે કુંભનદાસજીનું મન ઠેકાણે આવ્યું, પણ કુંભનદાસજીની ને શ્રીનાથજીની વાત રાજાએ કે કોઇએ જાણી નહિ.

પછી કુંભનદાસે ભત્રીજીને કહ્યું કે બેટી, આસન અને આરસી લાવો, તો હું તિલક કરી લઉં. એટલે ભત્રીજીએ કહ્યું કે બાવા, ભેંસની પાડી આસન (ઘાસ) ને ખાઇ ગઈ અને આરસી (કટોરીના જળને) પી ગઇ. એટલે કુંભનદાસે કહ્યું કે આરસી બીજી કરી લાવે તો ઠીક. આવી વાતો સાંભળી રાજા માનસિંહે પોતાના મનમાં વિચાર કર્યો કે પાડી આસન ખાઇને આરસી પી ગઇ એ શું? એટલામાં ભત્રીજી એક પૂળો ઘાસનો અને એક કટોરીમાં પાણી ભરીને

લઇ આવી. તે પૂળાનું આસન બિછાવ્યું, તે પૂળા પર બેસીને કુંભનદાસજી કોરીમાં પાણીમાં મુખ જોઇને તિલક કરવા લાગ્યા. આ બધું જોઈ રાજાએ પોતાના મનમાં જાણ્યું કે કુંભનદાસજીને દ્રવ્યનો બહુ જ સંકોચ છે, તેથી આસન તથા તિલક કરવા માટે આરસી નથી. કુંભનદાસજી ત્યાગી છે એવું સાંભળ્યું હતું ને આજે નજરે દીઠું, તેથી રાજા માનસિંહે આરસી સોનાની જડાઉ ઘરમાં જડેલી એવી મનુષ્ય મોકલીને મંગાવી. પછી તે આરસી કુંભનદાસજી આગળ ધરીને કહ્યું કે બાબાસાહેબ, આમાં મુખ જોઇને તિલક કરો. એટલે કુંભનદાસજીએ કહ્યું કે અરે ભાઈ! હું આને કયાં રાખું ? અમારે તો આ છાણ માટીનાં ઘર છે. જો આ આરસી અમારા ઘરમાં હોય તો આને લીધે કોઇ અમારો જીવ લે, તેથી અમારે જોઇતી નથી. એટલે રાજા માનસિંહે મનમાં વિચાર્યું કે આ આરસી લઇને શું કરશે ? શું આને વેચવા જશે ? આ તો એમના કામની નથી, તેથી કંઈ એવું દ્રવ્ય આપું કે આખો જન્મારો ખાધા કરે. એક હજાર મહોરની થેલી કુંભનદાસજી આગળ ધરી, ત્યારે કુંભનદાસજીએ કહ્યું કે આ અમારે કામની નથી. અમારે તો ખેતી થાય છે, તેમાં જે ધન્ય ઉત્પન્ન થાય છે, તે અમે ખાઇએ છીએ. અમારે બીજું કંઇ જોઇતું નથી. ત્યારે રાજા માનસિંહે કહ્યું કે તમારું ગામ જમનાવતા છે તે તમને લખી આપું. ત્યારે કુંભનદાસે રાજા માનસિંહને કહ્યું કે હું બ્રાહ્મણ નથી કે તારું દાન લઉં. તારે આપવું હોય તો બીજા કોઈ બ્રાહ્મણને આપો. મારે તો તારું કશું જ જોઈતું નથી.

હવે રાજા માનસિંહે કહ્યું કે તમે મને તમારો મોદી બતાવો. તેની પાસેથી સદા સીધું સામગ્રી લીધા કરો એવું કરું. ત્યારે કુંભનદાસે કહ્યું કે જેવા અમે છીએ એવો જ અમારો મોદી પણ છે. ત્યારે રાજાએ કહ્યું કે બતાવો તો ખરા, હું તેને આપીશ. એટલે કુંભનદાસે એક કેરડાનું વૃક્ષ બતાવ્યું અને બીજું બોરડીનું ઝાડ બતાવ્યું. અને કહ્યું કે ઉનાળામાં તો આ કેરડો અમારો મોદી છે. તે ફૂલ અને ફળ (કેરડાં) આપે છે, અને શિયાળામાં મોદી બોરડીનું

ઝાડ છે, તે બોર ઘણાં આપે છે. આવી રીતે અમારો નિભાવ થાય છે. આ સાંભળી રાજા માનસિંહે કહ્યું કે તમને ધન્ય છે કે વૃક્ષ જેમનાં મોટી છે. મેં આજ સુધી મોટા મોટા ત્યાગી વૈરાગીઓ જોયા, પણ આ ગૃહસ્થાશ્રમી છતાં આવા ત્યાગી છે! આમના જેવા તો ધરતી પર નથી. આ વખતે રાજા માનસિંહે કુંભનદાસને પ્રણામ કરીને કહ્યું કે બાબાસાહેબ, મને કંઈક તો આજ્ઞા કરો. ત્યારે કુંભનદાસે કહ્યું: હું કહું તે તમે કરશો? ત્યારે રાજા માનસિંહે કહ્યું કે તમે જે આજ્ઞા કરશો તે હું પરમભાગ્ય માનીને કરીશ. ત્યારે કુંભનદાસે કહ્યું કે તમે આજ પછી કદી મારી પાસે આવશો નહિ, અને મને કશું કહેશો નહિ. ત્યારે રાજા માનસિંહે દંડવત્ પ્રણામ કરીને કહ્યું કે તમને ધન્ય છે. માયાના પૂજારી તો બધે પૃથ્વી પર ફર્યો ત્યાં મેં બહુ જ જોયા, પરન્તુ શ્રીઠાકોરજીના સાચા ભક્ત તો મેં એક તમને જ જોયા. આમ કહી રાજા માનસિંહ ચાલ્યો ગયો. પછી ભત્રીજીએ પાસે આવીને કુંભનદાસજીને કહ્યું કે ઘરમાં તો કશું હતું નહિ તો રાજા આપતો હતો તો કેમ ન લીધું? ત્યારે કુંભનદાસે કહ્યું કે બેસ રાંડ! શ્રીગોવર્ધનનાથજી સાંભળશે તો ગુસ્સે થશે કે કુંભનદાસની ભત્રીજી બહુ જ લોભી છે. ત્યારે ભત્રીજીએ કહ્યું કે મેં તો મશ્કરીમાં કહ્યું હતું; બાકી મારે કશું જ જોઇતું નથી. આ સાંભળી કુંભનદાસે કહ્યું કે જો બેટી, કોઇની પાસેથી લેવાની વાત હાંસી (મશ્કરી) માં પણ ન કહીએ. પછી શ્રીગોવર્ધનનાથજી આવીને કુંભનદાસની ગોદમાં બેસીને કહેવા લાગ્યા કે તું એક ક્ષણમાં આવો કેમ થઇ ગયો? તારા મનમાં શું છે, તે તું મને કહે, ત્યારે કુંભનદાસે આ પદ ગાયું; તે પદઃ—

રાગ સારંગ—

परम भावतें जियके मोहन नैननतें मति टरो॥

આ કીર્તન કુંભનદાસજીનું સાંભળીને શ્રીનાથજી ગળે વળગી પડીને કહેવા લાગ્યા કે કુંભનદાસ, હું તને એક વાત કહેવા આવ્યો છું. ત્યારે કુંભનદાસે કહ્યું કે કહો. આપ તે સમયે વાત કહેતા હતા,

પણ તે વખતે અભાગિયો રાજા આવી ગયો, તેથી આપ નાસી ગયા. ત્યારથી મારું મન એ વાતમાં ચોંટી રહ્યું છે; માટે એ વાત આપ કૃપા કરીને કહો. એટલે શ્રીગોવર્ધનનાથજી આપ કુંભનદાસને કહેવા લાગ્યા કે કુંભનદાસ, આજે સખાઓમાં હોડ પડી છે કે બધાના ઘરનું ભોજન ન્યારું ન્યારું દેખવું, તે બધામાં સુંદર કોના ઘરની સામગ્રી છે! તેમાં તમે પણ કંઈક મનોરથ કરશો? હું આ વાત કહેવા આવ્યો છું. એટલે કુંભનદાસે પૂછ્યું કે આપની રુચિ શા ઉપર છે? ત્યારે શ્રીગોવર્ધનનાથજી કહે કે જુવારની મહેરી, દહીં, દૂધ, બેજરની રોટી અને ટેંટી-કેરડાંનું શાક સંધાણું. ત્યારે કુંભનદાસજીએ કહ્યું કે આ તો ઘરમાં તૈયાર છે. ત્યારે શ્રીગોવર્ધનનાથજીએ કહ્યું કે જલદી મંગાવો. એટલે કુંભનદાસે ભત્રીજીને કહ્યું કે ઘેરથી બેજરનો ચૂન કેરડાંનું શાક, કેરડાંનું અથાણું, દૂધ, દહીં જલદી લઇ આવો. ત્યારે ભત્રીજીએ કહ્યું કે બેજરનો ચૂન, કેરડાંનું શાક અને સંધાણું અને દહીં એટલું તો હું લાવી છું ને દૂધ જમાવવાને માટે ઊનું થાય છે. એટલે કુંભનદાસે કહ્યું કે આજે દૂધ જમાવશો નહિ. દૂધની હાંડી અને જુવાર ઘેરથી દળીને લઇ આવ. ત્યાંસુધીમાં હું રસોઇ કરું છું. કુંભનદાસજી નાહીને તો બેઠા જ હતા. એટલે બેજરની રોટી લૂણ નાખીને કલાડામાં તૈયાર કરી. એટલામાં તો ભત્રીજી જમનાવતા ગામમાં જઇને જુવાર દળીને સાથે દૂધની દોણી પણ લઈ આવી. એટલે કુંભનદાસે હાંડીમાં પાણી રેડી જુવારની સામગ્રી સિદ્ધ કરી. એટલામાં ઘેરથી સખાઓની છાક આવી. કુંભનદાસની સામગ્રી તો શ્રીઠાકોરજીએ પોતાની સમીપ રાખી, પછી ઘરના સખાઓને ચખાડી પોતે આરોગ્યા.

ભાવપ્રકાશ—કુંભનદાસજીની સામગ્રી વિશાખાજીએ દૂધમાં મિશ્રી પધરાવી શ્રીસ્વામિનીજીને આરોગાવી અતિ મધુર કરી દીધી. તેનું કારણ એ કે વિશાખાજીનું પ્રાકટ્ય કુંભનદાસજી છે.

હવે જ્યારે કુંભનદાસજીની સામગ્રી શ્રીઠાકોરજીને બહુ જ મીઠી લાગી તે વખતે કુંભનદાસજીએ આ પદ ગાયું; તે પદઃ—

રાગ સારંગ—

व्रजमें बडो मेवा एक टेंटी ॥टेक॥
जाको होत हे सागसिंधानो ओर बेजरकी रोटी ॥१॥
भरि भरि डला जब पीवन लागी, बडे गोपकी बेटी ॥
कुंभनदास प्रभु गोवर्धनधर भुज ओढनी लपेटी ॥२॥

રાગ સારંગ—

घरघरते आइ हे छाक ॥
खाटे मीठे ओर सलोने विविध भांतके पाक ॥१॥
मंडलरचना करि यमुनातट सघनलताकी छांही ॥
गोपीग्वाल सकल मिलि जेमत मुखही सराह जाई ॥२॥
बांटत बालमोहन दोउ भैया कर दोना अति सोहे ॥
चाखत आपुन सखन मुख देके, गोपीजन मन मोहे ॥३॥
टेंटी साक संधानो रोटी गोरस सरस महेरी ॥
कुंभनदास गिरिधर रसलंपट नाचत दे दे फेरी ॥४॥

આ પદ કુંભનદાસે અતિ આનંદમાં મગ્ન થઇને ગાયું. અને પોતાના મનમાં કહ્યુ કે શ્રીગોવર્ધનનાથજીએ ઠીક એક વાત કહી કે જેમાં આવી લીલાનો અનુભવ થયો. આવી રીતે શ્રીગોવર્ધનનાથજી કુંભનદાસજી પર કૃપા કરતા. એ દિવસે કુંભનદાસજી રસમાં મગ્ન થઇ ગયા, તેથી સાંજના શરીરનું પણ ભાન રહ્યું નહિ એટલે પરાસોલીથી દોડ્યા ને કહે કે આજ મેં શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન કર્યાં નથી. મનમાં વિરહ ઉપજ્યો. સેન ભોગ સરતો હતો, તે વખતે કુંભનદાસજી મંદિરમાં આવ્યા, મનમાં એમ કે ક્યારે દર્શન કરું? એટલામાં સેનનાં કમાડ ઉઘડ્યાં, ત્યારે કુંભનદાસજીએ શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન કરી નેત્રો એકટક લગાવીને આ કીર્તન ગાયું; :

રાગ બિહાગરો—

लोचन मिलि गयेजब चार्यो;
हों व्हे रही ठगीसी ठाढी उर अचरा न समायो ॥१॥

अपने सौभाग्य नंदजूके आई सुंदरश्याम निहार्यौ ॥
टगटनी लगी चरनगति थाकी क्यौं टरत नहि टर्यौ ॥२॥
उपजी प्रीत मदनमोहनसौं गृहको काज विसार्यौ ॥
कुंभनदास गिरिधर रसलोभी भलो आरज पथ पार्यौ ॥३॥

રાગ બિહાગરો–

नंदनंदकी बलि बलि जइए.

રાગ કેદારો–

छिनु छिनु बानिक औरही ओर;
जब देखो तब नूतन सखीरी, दृष्टि रहे न एक ठोर ॥१॥
कहा कहुं कछुं कहत न आवे, बहुत करो चित्त दोर ॥
कुंभनदास प्रभु गोवर्धनधर रसिकराय शिर मोर ॥२॥

આવી રીતે કુંભનદાસે બહુ જ કીર્તન ગાયાં. આ કુંભનદાસ એવા કૃપાપાત્ર ભગવદીય હતા.

વાર્તાપ્રસંગ ૫ મો.

હવે એક વાર વૃંદાવનના સંતમહંતો કુંભનદાસને મળવાને શ્રીગિરિરાજજી પર આવ્યા. તેઓ એટલા માટે આવ્યા હતા કે જાણે એમની સાથે શ્રીઠાકોરજી સાક્ષાત્ બોલે છે. અને કુંભનદાસજીએ શ્રીસ્વામિનીજીની વધાઇ ગાઇ છે તો એમને મળીને પૂછીએ કે શ્રી-સ્વામિનીજીનું વર્ણન અમે પણ કર્યું છે, તો અમે દેખીએ કે કુંભનદાસજી કેવું વર્ણન કરે છે? આવું વિચારી હરિવંશજી, હરિદાસ વગેરે મહંત સ્વામીઓએ આવીને કુંભનદાસને મળીને પૂછ્યું કે કુંભનદાસજી, તમે યુગલસ્વરૂપનાં કીર્તન કર્યાં છે. અમે તમારાં કીર્તન બહુ જ સાંભળ્યાં, પણ કોઇ શ્રીસ્વામિનીજીનું કીર્તન સાંભળ્યું નથી. તો કોઇ શ્રીસ્વામિનીજીનું કીર્તન કૃપા કરીને સંભળાવો. ત્યારે કુંભનદાસજીએ શ્રીસ્વામિનીજીનું એક પદ કરીને એમને સંભળાવ્યું; તે પદઃ—

રાગ રામકલી—

कुंवरि राधिके तुव सकल सौभाग्यकी सींव
या वदन पर कोटि शरदचंद्र वारि डारो ॥
खंजन कुरंग शतकोटि नेनन पर वारने करन जियमें विचारो ॥१॥
कदली शत कोटि जंघन पर, सिंह शत कोटि कटि पर न्योछावर उतारो ॥
मत्तगज कोटि शत चाल पर, कुंभ शत कोटि इन कुचन पर वारि डारो ॥२॥
कीर शत कोटि नसिका उपर कुंद शत कोटि दशननी उपर कही न पारो ॥
पक्व कंदुल बंधूक शत कोटि अधरन उपर वारि रुचिर गर्व टारो ॥३॥
नाग शत कोटि वेणी उपर, कपोत शत कोटि ग्रीवा उपर वारि दूरी सारो ॥
कमल शत कोटि करयुगल पर, वारणे नाहिन कोऊ लोक उपमाजु धारो ॥४॥
दास कुंभन स्वामिनीसु नखशिख अंग अद्भुत सुठान कहों लग समारो ॥
लाल गिरिधरधरन कहत मोहि ताहिलो सुख जोलौं यह रूप छिनु छिनु निहारो ॥५॥

આ પદ કુંભનદાસજીએ ગાયું તે સાંભળીને વૃંદાવનના સંત મહંતો બહુ જ પ્રસન્ન થયા અને કહ્યું કે અમે શ્રીસ્વામિનીજીનાં પદ બહુ જ કર્યાં છે, તેમાં ચંદ્રમા વગેરેની ઉપમાઓ બહુ જ આપી છે પણ કુંભનદાસજી, તમે તો શત કોટિ ચંદ્રમા વારી દીધા છે, તેથી કુંભનદાસજીના ભાવ પ્રમાણે શ્રીસ્વામિનીજીના રૂપ આગળ જગતમાં કોઇ ઉપમા દેવા યોગ્ય દેખાતું નથી, એવું અદ્ભુત સ્વરૂપનું વર્ણન કર્યું છે. ત્યારપછી કુંભનદાસજીની વિદાય લઇને બધા વૃંદાવન આવ્યા. આ કુંભનદાસજી કિશોર ભાવનાના લીલા-રસમાં મગ્ન રહેતા, એવા કૃપાપાત્ર ભગવદીય તે હતા.

વાર્તાપ્રસંગ ૬ ઠ્ઠો.

એક વાર શ્રીગુસાંઇજી આપે શ્રીગોકુલથી શ્રીનવનીતપ્રિયજીની આજ્ઞા માગીને શ્રીદ્વારિકાજી પધારવાનો વિચાર કર્યો, તે દૈવી જીવોના ઉદ્ધારને માટે જ. હવે શ્રીગોકુળથી શ્રીનાથજીદ્વાર આવીને શ્રીગોવર્ધન-નાથજીના એવા શૃંગાર કર્યા. ત્યારપછી અનોસર કરાવી આપ ભોજન કરી આપની બેઠકમાં ગાદી તકિયા પર બિરાજ્યા હતા ત્યાં સવળા

વૈષ્ણવો આવીને પાસે બેઠા હતા. વાત ચાલતાં કુંભનદાસજીની વાત ચાલી, ત્યાં કોઇ વૈષ્ણવે શ્રીગુસાંઇજી પાસે એવી વાત કરી કે મહારાજ, કુંભનદાસજીને ત્યાં આજકાલ દ્રવ્યનો સંકોચ બહુ જ છે, તેનું કારણ શું? ઘરમાં પરિવાર તો બહુ જ છે. સાત તો બેટા છે, તેમજ સાતેય બેટાઓની વહુઓ છે. વળી પોતે સ્ત્રીપુરુષ અને એક ભત્રીજી છે. વળી એમાં પણ આવે જાય તે વૈષ્ણવનું સમાધાન કરે છે ને આવક તો થોડી જ છે. પરાસોલીમાં ખેતી છે, તેમાં નિર્વાહ ટેંટી–કેરડાં તથા ફૂલથી કરે છે. આ વાત સાંભળીને શ્રીગુસાંઇજીએ આપે મનમાં રાખી. ત્યારપછી જ્યારે કુંભનદાસજી શ્રીગુસાંઇજીનાં દર્શન કરવા આવ્યા ને દર્શન કરી ઊભા રહ્યા, ત્યારે શ્રીગુસાંઇજીએ કહ્યું કે કુંભનદાસજી, બેસો. એટલે કુંભનદાસ બેઠા. પછી બધા વૈષ્ણવોને વિદાય કરી શ્રીગુસાંઇજીએ કુંભનદાસજીને કહ્યું કે કુંભનદાસજી, અમે દ્વારિકા જવાને મિસે પરદેશ જઇએ છીએ. ત્યાં અનેક વૈષ્ણવોનો મેળાપ થશે. વૈષ્ણવોએ બહુ જ વિનંતિપત્રો લખ્યા છે; માટે ખાસ જવું જ છે. માટે તમે અમારી સાથે ચાલો, જેથી ભગવદીયોને વિરહનો કલેશ બાધ કરે નહિ અને ભગવદીયોનો સમય પણ સારી રીતે જાય. તમારા સંગથી કશી ખબર ન પડે. વળી અમે સાંભળ્યું છે કે તમારે દ્રવ્યનો સંકોચ છે, તો તે કાર્ય પણ સિદ્ધ થશે; માટે તમારે ખાસ મારી સાથે આવવું જોઇએ. આ સાંભળી કુંભનદાસે શ્રીગુસાંઇજીને વિનંતિ કરી કે મહારાજ, આપની સામે મારાથી વધુ બોલી શકાય નહિ. આપ જે આજ્ઞા કરો તેને અમારે અનુસરવું. એટલામાં ઉત્થાપનનો સમય થયો, એટલે શ્રીગુસાંઇજી સ્નાન કરીને શ્રીગોવર્ધનનાથજીનાં ઉત્થાપન કરાવીને સેન પર્યંતની સેવાથી પહોંચીને આપ બેઠકમાં પધાર્યા. પછી શ્રીગુસાંઇજીએ કુંભનદાસજીને કહ્યું કે હવે તમે જાઓ અને સવારે ઘેરથી વિદાય થઇને આવજો. રાજભોગ આરતી પછી પરદેશ ચાલીશું. પછી કુંભનદાસજી શ્રીગુસાંઇજીને દંડવત્ પ્રણામ કરી પોતાને ઘેર જમનાવતા આવ્યા. ત્યારપછી સવારે ઘેરથી શ્રીગુસાંઇજી પાસે આવ્યા ત્યારે શ્રીગુસાંઇજીએ સ્નાન કરીને પર્વત પર પધારી શ્રીનાથજીને જગાવ્યા.

ત્યારપછી સેવા શૃંગાર કરી રાજભોગ ધરી સમયાનુસાર ભોગ સરાવી
રાજભોગ આરતી કરી શ્રીગોવર્ધનનાથજીની વિદાય લઇને પર્વત
પરથી નીચે પધાર્યા. અપસરા કુંડ પર ડેરો (મુકામ) અગાઉથી
કરવામાં આવ્યો હતો. આપે કુંભનદાસજીને કહ્યું કે હવે અમે અપસરા
કુંડ પાસે ડેરામાં જઇને સૂઇ જઇએ છીએ. પછી બધા વૈષ્ણવ અને
કુંભનદાસજી અપ્સરા કુંડ પર આવ્યા. એ સમયે કુંભનદાસજી
પોતાના મનમાં વિચાર કરવા લાગ્યા કે હે મન! હવે શું કરશું?
"कहिये कहा कहिवेकी होय? प्राणनाथ विछुरनकी वेदना जानत नाहिन कोय ॥१॥
આવી રીતે વિચારતાં શ્રીગોવર્ધનનાથજીનો વિરહ હૃદયમાં
ઊભરાયો. આ સમયે શ્રીગુસાંઇજી પોતાના ડેરાં તંબુમાં જાગ્યા. હવે
જ્યારે ઉત્થાપનનો સમય થયો ત્યારે કુંભનદાસજીને શ્રીનાથજીનાં
દર્શનની સુધી (સ્મરણ) આવી આંખમાંથી તો આંસુની ધારાઓ
ચાલી, અને આખા શરીરમાં રુવાડાં ઊભાં થવા લાગ્યા. પછી કુંભન-
દાસજી ડેરા (મુકામ)ની પાસે જ એક વૃક્ષ નીચે ઊભા રહી ધીરે
ધીરે ગાવા લાગ્યા. તે પદ—

રાગ સારંગ—

किते दिन व्हैं जु गये विनु देखे;
तरुण किशोर रसिक नंदनंदन कछुक उठत मुख देखें ॥१॥
वह सौभाग्य वह कान्ति वदनकी कोटिक चंद्र विसेखें ॥
वह चितवनी वह हास्य मनोहर, वह नटवर वपु भेखें ॥२॥
श्याम सुंदर मिलि संग खेलनकी, आवत जीय अपेखें ॥
कुंभनदास लाल गिरिधर विनु जीवन जन्म अलेखे ॥३॥

આ કીર્તન કુંભનદાસજીએ અત્યંત વિરહક્લેશથી ગાયું.
શ્રીગુસાંઇજીએ પોતાના ડેરામાં બેઠાં બેઠાં કુંભનદાસજીનું સઘળું
કીર્તન સાંભળ્યું. તેથી કુંભનદાસજીનો કલેશ શ્રીગુસાંઇજી આપ
સહન કરી શક્યા નહિ, તેથી ડેરાથી બહાર પધાર્યા ને કુંભન-
દાસજીની એવી દશા જોઇ કે આંખોમાંથી જળ વહી રહ્યું છે, મહા

વિરહથી અત્યંત વ્યાકુળ બની ગયા છે. ત્યારે શ્રીગુસાંઇજીએ શ્રીમુખથી કુંભનદાસને કહ્યું કે કુંભનદાસ, તમે મંદિરમાં જઇને શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન કરો; તમારો પરદેશ થઇ ચૂક્યો.

ભાવપ્રકાશ—આમ કહેવાનું કારણ શું ? તો જેવી તારી દશા અહીં છે તેવી જ ત્યાં શ્રીગોવર્ધનનાથજીની થશે. હવે તેનું શાથી જણાય ? તો જેવી રીતે શ્રીઅક્કાજીએ ગર્જનધાવનને પાન લેવા મોકલ્યા પણ ગજ્જનથી તો શ્રીનવનીતપ્રિયજીનો વિયોગ એક ક્ષણ પણ સહન થતો નહિ. તેથી પાન લેવા બારણા બહાર નીકળતાં જ વિરહનો જ્વર ચઢયો, તેથી બારણા પાસે જ મૂર્છા ખાઇને દુકાનમાં પડી રહ્યા. અને અહીં મંદિરમાં શ્રીઆચાર્યજીએ શ્રીનવનીતપ્રિયજીને રાજભોગ ધર્યો ત્યારે શ્રીનવનીતપ્રિયજીએ શ્રીઆચાર્યજીને કહ્યું કે "**મારો ગર્જન આવશે ત્યારે જ હું આરોગીશ.**" એટલે શ્રીમહાપ્રભુજી બધાંને પૂછવા લાગ્યા કે ગજ્જન કયાં ગયો છે ? ત્યારે શ્રીઅક્કાજીએ કહ્યું કે પાન હતાં નહિ તેથી ગજ્જનને પાન લેવા મોકલ્યો છે. એટલે શ્રીઆચાર્યજીએ કહ્યું કે તમે જાણતાં નથી કે ગજ્જન વિના શ્રીનવનીતપ્રિયજી એક ક્ષણ પણ રહેતા નથી, તો ગજ્જનને પાન લેવા કેમ મોકલ્યો ? પછી ગજ્જનને બોલાવવા એક વ્રજવાસીને મોકલ્યો, તે ગજ્જનને બોલાવી લાવ્યો. પછી ગજ્જને શ્રીનવનીતપ્રિયજી પાસે આવીને કહ્યું કે બાવા, આરોગો; ત્યારે જ શ્રીનવનીતપ્રિયજી આરોગ્યા. ગજ્જન વિના આપ વિરહમાં બિરાજી રહ્યા. આવી શ્રીઆચાર્યજીના માર્ગની મર્યાદા છે, કે જેવો સેવકનો સ્વામી ઉપર અનન્ય ભાવ હોય તેવો જ સ્વામીનો અનન્ય ભાવ દાસ વિશે–સેવક પર હોય છે. શ્રીભગવાને અર્જુન પ્રતિ કહ્યું છે કે "ये यथा मां प्रपद्यन्ते ताँस्तथैव भजाम्यहम्" (જેઓ જે પ્રમાણે મને ભજે છે તેઓને તે જ પ્રમાણે હું ભજું છું) તેથી શ્રીગુસાંઇજી આપે કુંભનદાસજીને કહ્યું કે જેવી રીતે તમને શ્રીગોવર્ધનનાથજીના વિરહથી દુઃખ થાય છે, તેવી જ રીતે શ્રીગોવર્ધનનાથજી પણ તમારે માટે વિરહથી દુઃખી થાય છે, માટે તમે જલદી જઇ શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન કરો; તમારો પરદેશ થઈ ચૂક્યો.

આવી રીતે શ્રીગુસાંઈજીએ કુંભનદાસને આજ્ઞા આપી, એટલે કુંભનદાસનાં રોમ રોમ શીતળ થઈ ગયાં. પછી મનમાં પ્રસન્ન થઇને શ્રીગુસાંઈજીને

દંડવત્ પ્રણામ કરી જલદી અપ્સરા કુંડથી દોડી જઈ શ્રીગોવર્ધનનાથજીના મંદિરમાં આવ્યા. તે વખતે ઉત્થાપનનાં દર્શનનો સમય હતો ને કમાડ ખૂલ્યાં, એટલે કુંભનદાસે આ પદ ગાયું; તે પદ—

રાગ નટ—

जो पें चोंप मिलनकी होय;
तो क्यों रह्यो परे विनु देखे, लाख करो जिन कोय ॥१॥
जो पें विरह परस्पर व्यापे, तो कछु जीय बने ॥
लोकलाज कुलकी मर्यादा, एको चित्त न गिने ॥२॥
कुंभनदास जाहि तन लागी, ओर कछु न सुहाइ ॥
गिरिधरलाल ताहि विनु देखे छिनु छिनु कल्प विहाइ ॥३॥

આ પદ સાંભળીને શ્રીગોવર્ધનનાથજીએ પ્રસન્ન થઈને કુંભનદાસજીને કહ્યું કે કુંભનદાસ, હું તારા મનની વાત જાણું છું, કે તું મારા વિના રહી શકતો નથી. તે પ્રમાણે હું પણ તારા વિના રહી શકતો નથી. માટે તું સદા મારી પાસે જ રહીશ. એટલે કુંભનદાસે બહુ જ પ્રસન્ન થઇ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા અને હાથ જોડીને શ્રીગોવર્ધનનાથજીને વિનંતિ કરી કે મહારાજ, મારે એટલું જ જોઇતું હતું અને એ જ અભિલાષા હતી કે આપનાથી વિખૂટો ન થાઉં. આ કુંભનદાસજી એવા કૃપાપાત્ર ભગવદીય હતા.

વાર્તાપ્રસંગ ૭ મો.

એકવાર શ્રીગુસાંઇજી પાસે કુંભનદાસજી બેઠા હતા અને બધા વૈષ્ણવો પણ બેઠા હતા. આ સમે શ્રીગુસાંઇજીએ આપે હસીને કુંભનદાસજીને પૂછ્યું કે કુંભનદાસ, તારે બેટા કેટલા છે? ત્યારે કુંભનદાસે શ્રીગુસાંઇજીને કહ્યું કે મહારાજ, બેટા તો મારે દોઢ છે. ત્યારે શ્રીગુસાંઇજીએ કહ્યું કે અમે તો સાત બેટા સાંભળ્યા છે અને તમે દોઢ કહો છો તેનું કારણ શું? ત્યારે કુંભનદાજીએ કહ્યું કે મહારાજ, એમ તો સાત બેટા છે, તેમાં પાંચ તો લૌકિક–આસક્ત છે. તેમને બેટા શી રીતે કહેવાય? પૂરો એક બેટો તો ચતુર્ભુજ-

દાસ જ છે અને અર્ધો બેટા કૃષ્ણદાસ છે, તે શ્રીગોવર્ધનનાથજીની ગાયોની સેવા કરે છે.

ભાવપ્રકાશ—અહીં સંદેહ થાય કે ગાયોની સેવા તો સર્વોપરિ છે, અને ગાયોની સેવા કરવાથી તો ઘણા વૈષ્ણવોને પ્રભુની પ્રાપ્તિ થઈ છે, છતાં ગાયોની સેવા કરનાર કૃષ્ણદાસને કુંભનદાસજીએ અર્ધો બેટા કેમ કહ્યો? અહીં કહે છે કે શ્રીઆચાર્યજીએ આપે આ પુષ્ટિમાર્ગ પ્રકટ કર્યો છે. એ વ્રજજનોના ભાવરૂપ માર્ગ છે, તેથી ભગવદીયે ગાયું છે કે "सेवा रीति प्रीत व्रजजनकी जनहित जग प्रकटाई" તો વ્રજભક્તોની શી રીત છે? શ્રીઠાકોરજીની સાંનિધ્યમાં તો સેવા કરે, ત્યારે સ્વરૂપાનંદનો અનુભવ કરી સંયોગરસમાં મગ્ન રહે. પરન્તુ જ્યારે શ્રીઠાકોરજી ગોચારણ માટે વ્રજમાં પધારે ત્યારે વ્રજભક્તો વિરહરસનો અનુભવ કરી ગાન કરે. આવી રીતે સંયોગરસ અને વિપ્રયોગરસનો અનુભવ જેને થાય તે પૂરો વૈષ્ણવ હોય. જેમાં એક ન હોય તે અર્ધો વૈષ્ણવ છે. (આ નિયમે) કૃષ્ણદાસ તો ગાયોની સેવા કરે છે, તેમજ શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન પણ થાય છે, પરન્તુ વ્રજભક્તોની રહસ્યલીલાઓનો અનુભવ નથી, તેથી અર્ધો વૈષ્ણવ છે. પરન્તુ ચતુર્ભુજદાસ સંયોગ અને વિપ્રયોગ બેઉ રસના અનુભવપૂર્વક સેવા કરે છે તેમજ લીલાસંબંધી કીર્તન પણ ગાય છે, તેથી કુંભનદાસજીએ ચતુર્ભુજદાસને પૂરો બેટા કહ્યો.

આ કુંભનદાસનાં વચન સાંભળીને શ્રીગુસાંઇજી આપે પ્રસન્ન થઇને કહ્યું કે કુંભનદાસ તમે સાચી કહી. જે ભગવદીય છે તે જ (બેટા છે), બીજા બહુ હોય તોય શા કામના? આ ચતુર્ભુજદાસજીની વાર્તા શ્રીગુસાંઇજીના સેવકોમાં લખી છે. તેથી હવે કૃષ્ણદાસની વાર્તા કહે છે.

વાર્તાપ્રસંગ ૮ મો.

આ કૃષ્ણદાસ શ્રીગોવર્ધનનાથજીની ગાયોની સેવા કરતા તે ગાયોના ગોવાળ હતા. શ્રીગુસાંઇજીએ એમને ગાયોની સેવા આપી હતી. તે સઘળા ખીરકની સેવા કરી, સારી રીતે વાળી

ઝાડીને બુહારી કરી, ત્યારપછી ગાયો સાથે વનમાં જતા અને આખો દહાડો ગાયો ચરાવતા. સંધ્યા સમયે ગાયોને લઇને આવતા. એક દિવસ કૃષ્ણદાસ ગાયો ચરાવી ઘેર આવતા હતા, તે પૂંછરી પાસે આવ્યા ત્યારે બધી ગાયો ખીરકમાં ગઇ પણ એક ગાય બહુ જ મોટી હતી તે દૂધ પણ બહુ જ આપતી, વળી તેનું સ્તન આઉ પણ ભારે હતું, તેથી હળવે હળવે ચાલતી હતી. તે ગાયની પાછળ કૃષ્ણદાસ આવતા હતા, તે વખતે પૂંછરીની પાસેથી ગિરિરાજની ગુફામાંથી એક નહાર નીકળ્યો. આથી સઘળી ગાયો તો દોડીને ખીરકમાં પેસી ગઇ, પણ આ ભારે ગાય ધીરે ધીરે ચાલતી હતી તેના પર નહાર તરાપ મારવા દોડ્યો. એટલે કૃષ્ણદાસે નહારને બૂમ પાડી કહ્યું કે અરે અધર્મી, આ શ્રીગોવર્ધનનાથજીની ગાય છે એને છોડ અને તું ભૂખ્યો હોય તો મારા પર આવ. હવે નહારની એવી ટેવ છે કે જે લલકારે તેના પર તૂટી પડે. નહાર પાસે આવ્યો, ત્યારે કૃષ્ણદાસે આ ગાયને હાંકી તેથી તે ડરીને દોડી ગઇ ને ખીરકમાં ગઈ, અને કૃષ્ણદાસને નહારે માર્યા. બધી ગાયો દોડીને ખીરકમાં આવી હતી તે ગાયોને ગોપીનાથ આદિ ગોવાળ દોહવા લાગ્યા. આ ગોપીનાથદાસ ગ્વાલ મહાન કૃપાપાત્ર ભગવદીય હતા. તેઓ જુએ છે તો આ બડી ગાયને શ્રીગોવર્ધનનાથજી પોતે દુહે છે, અને કૃષ્ણદાસ આ ગાયના વાછડાને ઝાલી ઊભા છે, અને ગાય વાછડાને ચાટે છે. કુંભનદાસજી પણ પાસે ઊભા હતા. તેમને પણ ખીરકમાં આવાં દર્શન થયાં. ત્યારપછી શ્રીગોવર્ધનનાથજી આ મોટી ગાયને દોહીને મંદિરમાં પધાર્યા, ત્યારે શ્રીગુસાંઇજીએ આપે શ્રીગોવર્ધનનાથજીને સેનભોગ ધર્યો, હવે કુંભનદાસજી પણ ખીરકમાંથી મંદિરમાં ચાલ્યા ને દંડોતી શિલા પાસે આવ્યા, એટલામાં બધા સમાચાર આવ્યા કે કૃષ્ણદાસ ગ્વાલને નહારે માર્યા. કૃષ્ણદાસની આ વાત કોઇએ કુંભનદાસને કહી કે તમારા પુત્ર કૃષ્ણદાસને નહારે માર્યો છે. આ સાંભળતાં કુંભનદાસ મૂર્છા ખાઇ નીચે પડી ગયા, તે એવા પડ્યા કે શરીરની સાન રહી નહિ. વ્રજવાસી વૈષ્ણવો કુંભનદાસને ઘણું બોલાવવા લાગ્યા, પણ કુંભન-

દાસ બોલે જ નહિ. આ સમાચાર કોઇએ શ્રીગુસાંઇજીને જઈ કહ્યા કે મહારાજ, કુંભનદાસના પુત્ર કૃષ્ણદાસ ગ્વાલને નહારે માર્યો છે, અને કૃષ્ણદાસે ગાયને બચાવી છે. પોતે નહારની અને ગાયની વચ્ચે પડી દેહ છોડી. એ કૃષ્ણદાસ પૂંછરી પાસે પડ્યા છે. ત્યારે શ્રીગુસાંઇજીએ કહ્યું કે એવું ન કહો, કેમકે ગાય કૃષ્ણદાસને છોડીને કદી આવે નહિ.

ભાવપ્રકાશ—આમ કહેવાનો ભાવ એ છે કે અંત સમયે ગાયનો સંકલ્પ કરે છે તેને ગાય ઉત્તમ લોકમાં લઇ જાય છે, જ્યારે આ કૃષ્ણદાસે તો શ્રીનાથજીની ગાયને બચાવી છે, તો શ્રીગોવર્ધનનાથજીની ગાય કૃષ્ણદાસને કદી પણ ન છોડે.

પછી શ્રીગુસાંઇજીએ પૂછ્યું કે કુંભનદાસજી ક્યાં છે? ત્યારે કોઇ વૈષ્ણવે કહ્યું કે મહારાજ, કુંભનદાસને તો પુત્રનો શોક બહુ જ થયો છે, તેથી દંડોતી શિલા પાસે મૂર્છા ખાઇને પડી ગયા છે. કેટલાય લોકો બોલાવે છે, પણ કુંભનદાસજી કોઇનાથી બોલતા નથી, અચેત પડ્યા છે. પછી શ્રીગુસાંઇજી શ્રીનાથજીની સેવાથી પહોંચીને અનોસર કરાવી પર્વત પરથી નીચે પધારી દંડોતી શિલા પાસે કુંભનદાસ પડ્યા હતા ત્યાં પધાર્યા. તે વખતે વૈષ્ણવોએ બધા સમાચાર કહ્યા. શ્રીગુસાંઇજીએ જોયું તો કુંભનદાસજી પાસે લોકો ઊભા છે. તે વખતે આ લોકોએ કહ્યું કે મહારાજ, કુંભનદાસજી તો મહાન ભગવદીય છે, પણ પુત્રનો શોક બહુ બૂરો છે, આ પીડાથી કોઇ બચ્યો નથી. ત્યારે શ્રીગુસાંઇજીએ કહ્યું કે એમને પુત્રનો શોક નથી, પણ એમને બીજું જ દુઃખ છે, તે તમે શું જાણો? એમને એ દુઃખ છે કે સૂતકમાં શ્રીનાથજીનાં દર્શન શી રીતે થશે? આ દુઃખથી તે પડ્યા છે. હમણાં જ તમારો સંદેહ દૂર થશે. શ્રીગુસાંઇજીએ તેથી ભગવદીયનું સ્વરૂપ દેખાડવા માટે કુંભનદાસને ઘાંટો પાડીને (મોટે અવાજે) કહ્યું કે કુંભનદાસ, સવારે શ્રીનાથજીનાં દર્શન કરવા આવજો; તમને શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન કરાવીશું.

શ્રીગુસાંઇજીનાં આ વચન સાંભળતાં જ કુંભનદાસજીએ ઊઠીને

શ્રીગુસાંઇજીને દંડવત્ પ્રણામ કર્યા અને વિનંતિ કરી કે મહારાજ, આપ વિના મારા અંતઃકરણની વાત કોણ જાણે ? ત્યારે શ્રીગુસાંઇજીએ કહ્યું કે અમે જાણીએ છીએ કે તમને સંસાર સંબંધી દુઃખ તો લાગે જ નહિ. જો કોઇ વૈષ્ણવ તમારો એક ક્ષણનો સત્સંગ કરે તો તેને લૌકિક દુઃખ ન અડે, તો તમને તો અડે જ શાને ? માટે જાઓ અને કૃષ્ણદાસના શરીરને અગ્નિસંસ્કાર કરો. પછી સવારે દર્શન કરવા આવજો. પછી કુંભનદાસજીએ શ્રીગુસાંઇજીને દંડવત્ પ્રણામ કરી, જઇને કૃષ્ણદાસના શરીરનાં ક્રિયાકાર્ય કર્યાં.

પછી શ્રીગુસાંઇજી આપ જઇને બેઠકમાં બિરાજ્યા, એટલે બધા વૈષ્ણવ બેઠકમાં આવીને બેઠા. એટલામાં ગોપીનાથદાસ ગ્વાલે આવીને કહ્યું કે મહારાજ, કૃષ્ણદાસને તો પૂંછરી પાસે નહારે માર્યા. જ્યારે હું ખીરકમાં ગાયો દોહતો હતો તે વખતે શ્રીગોવર્ધનનાથજી આપ તે બડી ગાયને દોહતા હતા, અને કૃષ્ણદાસ તે ગાયના વાછડાને પકડીને ઊભા હતા, અને ગાય વાછડાને ચાટતી હતી, એવાં દર્શન ખીરકમાં મને થયાં. ત્યારે શ્રીગુસાંઇજીએ શ્રીમુખથી કહ્યું કે એમાં નવાઇ શી છે ? એ કૃષ્ણદાસ એવા ભગવદીય છે કે પોતે નહારની વચ્ચે પડી શ્રીગોવર્ધનનાથજીની ગાયને બચાવી, તેથી શ્રીગોવર્ધનનાથજી આપે પ્રસન્ન થઈ પોતાની લીલામાં કૃષ્ણદાસને લીધા. તમે ભગવદીય છો તેથી તમને એ દર્શન થયાં; બીજાઓને તો આવાં લીલાનાં દર્શન દુર્લભ છે.

આ વાત સાંભળી બધા વૈષ્ણવ ઘણા પ્રસન્ન થયા, કે સેવા વસ્તુ એવી છે. તે પછી પ્રાતઃકાલમાં કુંભનદાસજી શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન કરવા આવ્યા, એટલે શ્રીગુસાંઇજીએ સેવકોને આજ્ઞા કરી કે બધાથી પ્રથમ કુંભનદાસજીને દર્શન કરાવી દો. ત્યારપછી બીજા બધા લોકો દર્શન કરશે. પછી શ્રીગુસાંઇજીએ કુંભનદાસને બધાથી પહેલાં દર્શન કરાવી દીધાં. આવી રીતે કુંભનદાસજી પર શ્રીગુસાંઇજીએ અનુગ્રહ કર્યો.

ભાવપ્રકાશ—આનું કારણ શું? સૂતકીને પ્રભુના મંદિરમાં કોણ પેસવા દે? પણ કુંભનદાસને તો સૂતકમાં દર્શન કરાવ્યાં, અને આ રીત તે દિવસથી દાખલ કરી (આજે પણ ચાલુ છે) કે જેને સૂતક હોય તેને પણ દર્શન કરાવે. આવી રીતે કુંભનદાસજીની કૃપાથી સૂતકીઓને પણ દર્શન થવા લાગ્યાં. આ રીત શ્રીગુસાંઇજીએ એટલા માટે ચાલુ કરી કે વૈષ્ણવોના હૃદયમાં સ્નેહ છે તે આગળ કોઈ જાણશે નહિ, તેથી આગળના વૈષ્ણવોને દર્શનની છૂટ રહે તો વૈષ્ણવ સુખ પામે, તેમજ શ્રીગોવર્ધનનાથજી પણ સુખ પામે. તેથી આગળ દર્શનની છૂટી રાખી.

આમ કુંભનદાસજી ભોગ સુધી દર્શન કરી પછી પરાસોલીમાં જઇને વિરહનાં પદ ગાતા; તે પદઃ—

રાગ બિહાગરો—

तिहारे मिलन बिना दुखित गोपाल;
अति आतुर कुलवधु व्रजसुंदरी प्यारे विरह विहाल ॥१॥
शीतल चंद तपत भयो दाहत, कमलपत्र जानु गरल व्याल ।
चंदन कुसुम सोहाय नहि घनसार लगत बाढी तन जवाल ॥२॥
कुंभनदास प्रभु नवघन तुम बिन कनकलता मानो सुखी ग्रीष्मकाल ।
अधरसुधा सिंची देहु, चलहु श्रीगिरिधरलाल ॥३॥

(२)

अब दिनरात पहाररसे भये;
तवतें निघटत नाहिन जबतें हरि मधुपुरी गये ॥१॥
यह जानियत विधाता जुगसम कीने जाम नये ॥
जागत जात विहात न केहु एसे भांति ठये ॥२॥
व्रजवासी सब परम दीन अति व्याकुल शोच लये ॥
जनु बिनु प्राण दुखित जलरुहगण दारुण हेम हये ॥३॥
कुंभनदास विछुरत नंदनंदन, बहुत संताप दये ॥
अब गिरिधर विनु रहत निरंतर लोचननीर छये ॥४॥

રાગ કેદારો—

औरनको समीप बिछुरनो आयो एक मेरे ही हिसा ॥
सब काऊ सोवे अपने सुख, आलि मोको चाहत चाय चहुदिसा ॥१॥
ना जानो यह विधाताकी गति, मेरे अंक लिखे एसें कौन रिसा ॥
कुंभनदास प्रभु गिरिधर कहत कहत निशदिन रही रटत ज्यों चातक घन त्रिसा ॥२॥

આ પ્રકારે વિરહનાં પદ ગાઇને કુંભનદાસજીએ સૂતકના દિવસ પસાર કર્યા. ત્યારપછી શુદ્ધ થઈ, કુંભનદાસજીએ પોતાની સેવા સંભાળી લીધી. જેમ નિત્યનિયમથી સેવા કરતા તેવી જ રીતે કરવા લાગ્યા. આવા પ્રકારનો સ્નેહ કુંભનદાસજીનો શ્રી-ગોવર્ધનનાથજીમાં હતો.

વાર્તાપ્રસંગ ૯ મો.

એક દિવસ શ્રીગોકુલનાથજી અને શ્રીબાલકૃષ્ણજીએ બેઉ ભાઇઓએ મળીને શ્રીગુસાંઇજીને કહ્યું કે કુંભનદાસજી કદી શ્રીગોકુલ આવ્યા નથી; તો જો કોઈ રીતે કુંભનદાસજી શ્રીગોકુલ આવે તો શ્રીનવનીતપ્રિયજીનાં દર્શન કરે. ત્યારે શ્રીગુસાંઇજીએ કહ્યું કે કુંભન-દાસજી તો શ્રીગોવર્ધનનાથજીની રહસ્યલીલામાં મગ્ન રહે છે; એમની સાથે શ્રીગોવર્ધનનાથજી હળી ગયા છે. ત્યારે શ્રીગોકુલનાથજીએ કહ્યું કે એમને લઈ જવાનો ઉપાય તો કરીએ; પછી ન આવે તો ભગ-વદિચ્છા. ત્યારે શ્રીગુસાંઈજીએ આપે કહ્યું કે ઉપાય કરો, પણ કુંભનદાસજી શ્રીયમુનાજીની પેલી પાર કદી જ નહિ આવે. થોડા દિવસ પછી શ્રીગુસાંઇજી આપ શ્રીગોકુલ પધાર્યા હતા અને શ્રી-ગોકુલનાથજી શ્રીબાલકૃષ્ણજી શ્રીનાથજીદ્વારમાં હતા, ત્યારે વૈશાખ સુદ ૧૧ ના રોજ શ્રીગોકુલનાથજીએ શ્રીબાલકૃષ્ણલાલજીને કહ્યું કે શ્રીગુસાંઇજી શ્રીગોકુલમાં છે, અને આપણે બે જણ અહીં છીએ તો કુંભનદાસજીને શ્રીગોકુલ લઇ જઇએ. ત્યારે શ્રીબાલકૃષ્ણલાલજીએ કહ્યું કે શી રીતે લઇ જઇશું? કુંભનદાસજી કોઇ સવારી પર તો બેસતા નથી. ત્યારે શ્રીગોકુલનાથજીએ કહ્યું કે કુંભનદાસજી સવારી પર તો બેસશે નહિ તેમજ દિવસે તો શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન

છોડી ક્યાંય જશે નહિ. પરન્તુ રાત અજવાળી છે તો આપણે પણ પગે ચાલીશું. આવી રીતે ચાલતા જોઇશું તો ખરા કે શું કૌતક થાય છે. વળી કુંભનદાસજી જેવા ભગવદીયનો સંગ તો આ બહાને થશે, એ એક મોટો લાભ થશે. પછી બેઉ ભાઇ શ્રીગોવર્ધનનાથજીની સેન આરતી સુધી સેવાથી પહોંચીને શ્રીનાથજીને પોઢાડી અનોસર કરાવી બહાર આવ્યા, અને કુંભનદાસજીનો હાથ પકડી ભગવદ્વાર્તા લીલાનો ભાવ કહેવા લાગ્યા. કુંભનદાસજી તો લીલારસમાં મગ્ન થઇ ગયા. કશું ભાન ન રહ્યું કે હું ક્યાં છું. હવે શ્રીગોકુલનાથજી ભગવદ્વાર્તા કરતાં કરતાં કુંભનદાસજીનો હાથ પકડી અન્યોર તરફ પર્વત પરથી ઊતરીને શ્રીગોકુલ તરફ ચાલ્યા. અત્યારે (કુંભનદાસજી) રહસ્ય વાર્તામાં મગ્ન છે. સાથે શ્રીબાલકૃષ્ણજી બેચાર વૈષ્ણવો સાથે ચૂપચાપ કુંભનદાસજી તરફ ધ્યાન રાખી શ્રીગોકુલનાથજીની વાર્તા સાંભળતા શ્રીગોકુલ તરફ ચાલ્યા. હવે માર્ગમાં શ્રીગોકુલનાથજીએ વાર્તા કરીને કુંભનદાસજીને પૂછ્યું કે શ્રીસ્વામિનીજીના શૃંગાર કોઇ સમય શ્રીગોવર્ધનનાથજી પણ કરે છે. આ સાંભળી કુંભનદાસજીએ પ્રેમમાં મગ્ન થઇને કહ્યું કે હા, હા, કરે છે. એક વાર આશ્વિન માસમાં શ્રીનાથજી અને શ્રીસ્વામિનીજી લલિતાજી વગેરે સખીઓ સાથે રાત્રિમાં વનમાં ફૂલ વીણતાં હતાં, ત્યારપછી સમાજ સહિત રાસમંડળની પાસે શૃંગારનો ચોતરો છે તેના પર આપ બિરાજ્યાં અને વિશાખાજી શૃંગાર કરવા લાગ્યાં. આ સમયે શ્રીગોવર્ધનનાથજીએ કહ્યું કે આજ શૃંગાર હું કરીશ. તેથી પછી શ્રીગોવર્ધનનાથજી શ્રીસ્વામિનીજી પાસે ઊભા રહ્યા. બેઉથી એક બીજાનાં મુખાદિનાં દર્શન કર્યા વિના રહેવાય નહિ. વિશાખાજી પરમચતુર તેથી બેઉનાં હૃદયનો અભિપ્રાય જાણીને (તેમણે) શ્રીસ્વામિનીજીની આગળ એક દર્પણ ધર્યું, એટલે દર્પણમાં બેઉનાં શ્રીમુખ સન્મુખ થયાં એટલે તે અવલોકન કરવા લાગ્યાં. હવે શ્રીઠાકોરજી (શ્રીસ્વામિનીજીના) બહુ જ લાંબા વાળ શ્યામ સચિક્કણ શ્રીહસ્તમાં કાંસકીથી સમારી એક એક વાળમાં ઝીણાં મોતી પરમ ચતુરાઇથી પરોવીને શ્રીસ્વામિનીજીના મુખચંદ્રની શોભા દર્પણમાં

જોઇને પ્રસન્ન થઇ ગયા, એટલામાં હાથમાંથી કેસ છૂટી ગયા એટલે બધાં મોતી વાળમાંથી નીકળી શૃંગારનો રતનખચિત ચોતરો છે તેના પર ફેલાઈ ગયાં; ત્યારે બહુ જ વિનોદ થયો કે આટલી બધી વાર સુધી શૃંગાર કર્યો તે એક ક્ષણમાં વડો થઇ ગયો. આવું સખીએ કહ્યું, ત્યારે શ્રીઠાકોરજીએ વિશાખાજીને કહ્યું કે તમે વેણી પકડી રહો અને હું મોતી પરોવું. ત્યારે વિશાખાજીએ વેણી પકડી-પછી ફરી વેણીમાં મોતીના શૃંગાર કરી મોતીથી માંગ સમારી. પછી ફૂલનાં આભૂષણ સખીજનોએ બનાવીને શ્રીઠાકોરજીને આપ્યાં, તે શ્રીઠાકોરજી પહેરાવતા જાય અને ક્ષણે ક્ષણે મુખચંદ્રની શોભા નીરખી રૂંવેરૂંવે આનંદ પામે. આવી રીતે બધા શૃંગાર શ્રીગોવર્ધન-નાથજીએ કરીને કાજળ બેંદી તિલક અને ચરણમાં મહાવર કર્યાં. પછી શ્રીસ્વામિનીજીએ શ્રીગોવર્ધનનાથજીને શૃંગાર કર્યા. પછી રાસ-વિલાસાદિક અનેક લીલાઓ કરી. આવી રીતે વાર્તા કરતાં કરતાં શ્રી-ગોકુલ સામે શ્રીયમુનાજીના તીર સુધી કુંભનદાસજી આવ્યા. આ વખતે શ્રીગોકુલથી નાવ પર બેસી શ્રીગુસાંઇજી આપ જ આ પાર આવ્યા. સવાર પણ થયું, પણ કુંભનદાસજીને શરીરની શુદ્ધિ (ભાન) નથી, લીલારસમાં મગ્ન હતા. હવે જેવા કુંભનદાસ સાવધાન થઇને જુએ છે તો સવાર થયું છે. એટલામાં શ્રીગુસાંઇજીને જોઇને શ્રીગોકુલ-નાથજીનો પકડેલો હાથ પણ છૂટી ગયો, અને કુંભનદાસજી મહા ઉતાવળે નાઠા કે શ્રીગોવર્ધનનાથજી પાસે કીર્તન કોણ કરશે? હાય, હાય, મારી સેવા ગઇ. આમ બોલતા બોલતા દોડ્યા, તે બહુ જ ઉતાવળે દોડ્યા. એટલે શ્રીગોકુલનાથજી અને શ્રીબાલકૃષ્ણજી અને બધા વૈષ્ણવો કુંભનદાસજીને પકડવા પાછળ દોડ્યા, પણ કુંભન-દાસજી તો દોડતા નાઠા જ જાય. આ કોઇના હાથમાં આવ્યા નહિ. પછી તેઓ શ્રીગુસાંઇજી પાસે આવ્યા, એટલે શ્રીગુસાંઇજીએ કહ્યું કે હવે શું કુંભનદાસ હાથમાં આવશે? એમને અહીં શા માટે લાવ્યા છો? એ કદી શ્રીયમુનાજી પાર નહિ ઊતરે. મેં તો તમને પહેલેથી જ કહ્યું હતું. આ સાંભળી શ્રીગોકુલનાથજીએ કહ્યું કે પાર નહિ ઊતર્યા તેથી શું થયું? પણ એમના મેળાપથી આખી રાત્રિ

ભગવદ્વાર્તાના ભાવમાં મહા અલૌકિક સિદ્ધિ પ્રાપ્ત થઈ; આ મોટો લાભ થયો છે. આવા ભગવદીયનો સત્સંગ એક ક્ષણ પણ દુર્લભ છે. આ સાંભળી શ્રીગુસાંઇજી આપે કહ્યું: આ તો તમે ઠીક કહ્યું; પણ આ સમયે કુંભનદાસજીને તો દોડવું પડયું! વળી જ્યાં-સુધી કુંભનદાસજી શ્રીગિરિરાજજી પર નહિ જાય ત્યાંસુધી શ્રીગોવર્ધન-નાથજી જાગશે નહિ. જ્યારે કુંભનદાસજી જાગવાનાં કીર્તન ગાશે ત્યારે જ જાગશે. એવા ભક્તોને આધીન શ્રીગોવર્ધનનાથજી છે; માટે તમારે ભગવદ્વાર્તા સાંભળવી હોય તો પરાસોલીમાં જમનાવતામાં જઇને કુંભનદાસજીને પૂછજો, ત્યાં તે તમને કહેશે. ત્યારપછી શ્રી-ગોકુલનાથજી અને શ્રીબાલકૃષ્ણજી બધા વૈષ્ણવો સાથે શ્રીગોકુલ પધાર્યા અને શ્રીગુસાંઇજીનો ઘોડો જે જીન સાથે સામે પાર બાંધ્યો હતો, તેના પર જલદી સવારી કરી શ્રીગુસાંઇજી પોતે ઘોડો દોડાવીને ચાલ્યા અને કુંભનદાસજી તો દોડ્યા જ જાય છે. હવે કુંભનદાસજી પાસે જઈ શ્રીગુસાંઇજીએ કહ્યું કે તમે કદી પણ આ માર્ગ દીઠો નથી, તેથી ભૂલા પડી જશો; માટે ઘોડાની પાછળ પાછળ દોડ્યા આવો. પછી કુંભનદાસજી શ્રીગુસાંઇજીની પાછળ પાછળ દોડ્યા જાય. હવે અહીં રામદાસજી ભિતરિયા વગેરે નાહીને પર્વત પર આવે પરન્તુ છોવાઇ જાય. આમ કરતાં કરતાં ચાર ઘડી દિવસ ચઢ્યો, ત્યારે શ્રીગુસાંઇજી પોતે શ્રીગિરિરાજજી પધારી ઘોડા પરથી ઊતરીને તુરતાતુરત સ્નાન કરી પર્વત પર મંદિરમાં પધાર્યા. ત્યાં જઇ જુએ તો સઘળા ભિતરિયા રામદાસ સહિત નાહીને મંદિરમાં આવ્યા છે. આ જોઇ શ્રીગુસાંઇજીએ પૂછ્યું કે રામદાસ, આજ આટલું બધું મોડું કેમ થયું છે? એટલે રામદાસે વિનંતિ કરી કે મહારાજ, આજ કોણ જાણે શું થયું છે કે ચાર વાર બધા ભિતરિયા નાહ્યા અને ચારેય વાર છોવાઇ ગયા આ પાંચમી વાર નાહીને આવ્યા છે, પણ કશું કારણ સમજાતું નથી. ત્યારે શ્રીગુસાંઇજીએ આપે કહ્યું કે આ કૌતુક શ્રીગોવર્ધનનાથજીએ કુંભનદાસજીને માટે કર્યું છે. ત્યારપછી શ્રી-ગુસાંઇજીએ શંખનાદ કરાવીને શ્રીગોવર્ધનનાથજીને જગાડ્યા. તે સમયે કુંભનદાસજીએ જગાડવાનાં પદ ગાયાં, એટલે શ્રીગોવર્ધનનાથજી

જાગ્યા. આ જોઇ કુંભનદાસજીને પોતાના મનમાં બહુ જ હરખ થયો કે મને મારી કીર્તનની સેવા મળી. પછી રાજભોગ પર્યંતની સેવા શ્રીગુસાંઈજીએ કરી. બીજે દિવસે નૃસિંહ ચૌદશ હતી, તેથી કેસરી પિછોડાં કુલહ સિદ્ધ કર્યાં. પછી સેન પર્યંત સઘળી સેવા કરી. આવી રીતે કુંભનદાસજી કદી શ્રીગોકુલ નહિ ગયા, કારણ કે શ્રીગોવર્ધનનાથજીના લીલારસમાં પોતે મગ્ન રહેતા. આ કુંભનદાસજી એવા પરમ કૃપાપાત્ર ભગવદીય હતા.

વાર્તાપ્રસંગ ૧૦ મો.

હવે એકવાર કુંભનદાસજી પરાસોલીમાં ખેતરમાં બેઠા હતા અને શ્રીગોવર્ધનનાથજી કુંભનદાસજી પાસે ખેતરમાં ખેલતા હતા; એટલામાં ઉત્થાપનનો સમય થયો, એટલે કુંભનદાસજીએ ઊઠીને શ્રીગિરિરાજજી ઉપર જવાની તૈયારી કરી ત્યારે શ્રીનાથજીએ કુંભનદાસજીને કહ્યું કે તું ક્યાં જાય છે? ત્યારે કુંભનદાસજીએ કહ્યું કે ઉત્થાપનનો સમય થયો છે, તેથી ગિરિરાજ ઉપર શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન કરવા જાઉં છું; ત્યારે શ્રીગોવર્ધનનાથજીએ કહ્યું કે હું તો તારી પાસે ખેલું છું, તો તું ત્યાં કેમ જાય છે? ત્યારે કુંભનદાસે કહ્યું કે મહારાજ, અહીં આપ ખેલો છો, અને દર્શન આપો છો તે તો આપની અત્યંત કૃપાને લીધે. પરન્તુ હમણા જ આપ જતા રહો તો મારું આપના પર કશું જ ચાલે નહિ, અને મંદિરમાં તો શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ પધરાવ્યા છે તેથી ત્યાંથી તો કદી આપ જાઓ નહિ, અને ત્યાં બધાંને દર્શન આપો છો! વળી મંદિરમાં મારી દર્શનમાં આસક્તિ છે તેથી તે આપ મને ઘેર બેઠાં પણ કૃપા કરી દર્શન આપો છો અને અત્યારે પણ આપ કૃપા કરી દર્શન દઇ અનુભવ જણાવો છો, તે તો મંદિરની સેવા ને દર્શનના પ્રતાપથી છે, માટે ત્યાં ગયા વિના ચાલે નહિ. ત્યારે શ્રીગોવર્ધનનાથજીએ હસીને કહ્યું કે કુંભનદાસ, તારો ભાવ મહા અલૌકિક છે, તેથી તને હું એક ક્ષણ પણ છોડતો નથી. પછી શ્રીનાથજી અને કુંભનદાસજી પરાસોલીથી સાથે ચાલ્યા, અને

ગોવિંદકુંડ પર આવ્યા, ત્યારે શંખનાદ થયો એટલે શ્રીગોવર્ધનનાથજી મંદિરમાં પધાર્યા, અને કુંભનદાસજી અન્યોર સુધી સાથે આવ્યા. પછી ત્યાંથી પર્વત પર ચઢી મંદિરમાં શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન કર્યાં. આ કુંભનદાસજી એવા ભગવદીય હતા.

વાર્તાપ્રસંગ ૧૧ મો.

એકવાર માળી બસો કેરીઓ મોટી મોટી બહુ જ સુંદર ટોપલામાં લઇને પરાસોલી ચંદ્ર સરોવર છે ત્યાં આવ્યો. પછી ટોપલો ઉતારીને કુંડની પાસે બધી કેરીઓ ભૂમિ પર મૂકી કપડાથી લૂછી મેલ સાફ કરવા લાગ્યો. તે સમયે કુંભનદાસજી રાજભોગ આરતીનાં દર્શન કરી શ્રીગિરિરાજજીથી ચાલ્યા અને ચંદ્ર સરોવર પર જલ પીવાને આવ્યા. ત્યાં કેરી બહુ જ સુંદર શ્રીગોવર્ધનનાથજીને લાયક જોઇને કુંભનદાસજીએ આ માળીને પૂછયું કે આ કેરીઓ તું કયાં લઇ જવાનો છે? ત્યારે માળીએ કહ્યું કે મથુરા લઈ જઇશ. ત્યાં એના દસ રૂપિયા લઇશ. હવે કુંભનદાસ પાસે તો કંઇ પૈસા પણ ન હતા, તેથી શું કરે? તેથી મનમાં શ્રીગોવર્ધનનાથજીનું સ્મરણ કરીને કહ્યું કે મહારાજ, આ સામગ્રી બહુ જ સુંદર છે અને આપને લાયક છે, (કારણ કે) ઉત્તમ વસ્તુના ભોક્તા તો આપ જ છો, માટે આ આમ (કેરી) આરોગો. (હવે આ વિનંતિથી) શ્રીગોવર્ધનનાથજી આવીને આ બધી કેરીઓ આરોગ્યા. માળીને આ વાતની ખબર પડી નહિ. આ માળી તો ટોપલામાં કેરીઓ ભરીને મથુરા ગયો. ત્યાં સાંજ પડી ગઇ તે સમયે એક રજપૂત માંટ ગામથી કંઇ કામ માટે આવેલો હતો તેણે આ કેરીઓ જોઇને કહ્યું કે શું લઇશ? એટલે માળીએ કહ્યું કે દસ રૂપિયાથી ઓછું નહિ લઉં. આ રજપૂત દસ રૂપિયા આપી બધી કેરીઓ લઇને શ્રીયમુનાજીના તટ પર આવ્યો. આ રજપૂત સાથે એક સનોઢિયા બ્રાહ્મણ હતો, તેને સો કેરીઓ આપી. પછી બેઉ જણે પચાસ પચાસ કેરીઓ ઘરને માટે રાખીને પચાસ પચાસ કેરીઓ બન્નેએ શ્રીયમુનાજીને કિનારે બેસીને ચૂસી, ત્યારપછી મથુરામાં એક દુકાન પર બેઉ જણ

સૂતા. ત્યાં બેઉને સ્વપ્નમાં શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન થયાં. ને લોકો જાગ્યા ત્યારે આ રજપૂતે કહ્યું કે હે બ્રાહ્મણદેવ, તમે કશું જોયું ? ત્યારે આ બ્રાહ્મણે કહ્યું કે શ્રીગોવર્ધનનાથજી શ્રીઠાકોરજીનાં દર્શન થયાં છે. એટલે આ બ્રાહ્મણને એ રજપૂતે પૂછ્યું કે શ્રી-ગોવર્ધનનાથજી આપ ક્યાં બિરાજે છે ? ત્યારે આ બ્રાહ્મણે કહ્યું કે અહીંથી સાત ગાઉ પર શ્રીગોવર્ધન પર્વત છે ત્યાં બિરાજે છે. હવે આ રજપૂતે આ બ્રાહ્મણને કહ્યું કે તું મહા મૂર્ખ છે; આવા સ્વરૂપનાં સાક્ષાત્ દર્શન કરી પછી બીજી જગ્યાએ કેમ ભટકે છે ? મને તો સ્વરૂપનાં દર્શન સ્વપ્નમાં થયાં છે તેથી મારાથી તો રહે-વાતું નથી. માટે તું સવારે બધી કેરી લઇ લે, વળી હું તને પાંચ રૂપિયા આપીશ, તું મને શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન કરાવી દે. એટલે આ બ્રાહ્મણે કહ્યું 'બહુ સારું.' ત્યારપછી સવાર થયું એટલે આ રજપૂતે પચાસ કેરી આ બ્રાહ્મણને આપી. પછી આ બ્રાહ્મણ મથુરામાં પોતાને ઘેર આવી પોતાની પાસેની સો કેરીઓ ઘેર આપીને આ રજપૂતની પાસે આવ્યો ને બેઉ જણ ચાલ્યા ને શ્રીગોર્ધનનાથજીનાં સેન આરતીનાં દર્શન બેઉ જણે કર્યાં. શ્રી-ગોવર્ધનનાથજીએ આ રજપૂતનું મન હરી લીધું. હવે દર્શન થઇ ગયાં એટલે રજપૂતે પોતાનાં હથિયાર કપડાં અને પાંચ રૂપિયા આ બ્રાહ્મણને આપ્યાં, અને દસ રૂપિયા બીજા હતા તે પાસે રાખ્યા. હવે આ બ્રાહ્મણે કહ્યું કે હું ઘેર જાઉં છું. એમ કહી તે બ્રાહ્મણ તો મથુરા પોતાને ઘેર આવ્યો. પછી આ રજપૂત તો એક ધોતી પહેરી દંડોતી શિલાની પાસે ઊભો રહ્યો. એ જ સમયે શ્રીગુસાંઇજી શ્રીગોવર્ધનનાથજીને અનોસર કરાવી આપ પર્વત પરથી નીચે પધાર્યા, એટલે આ રજપૂતે દંડવત્ પ્રણામ કરી વિનંતિ કરી કે મહારાજ, હું બહુ દિવસથી ભટકતો હતો, હવે મારો અંગીકાર કરી મને આપના ચરણ પાસે રાખી લો. એટલે શ્રીગુસાંઇજીએ કહ્યું કે તારા પર તો કુંભનદાસજીની કૃપા થઇ છે, તેથી તારી આ દશા છે, તેથી તારાં મહાભાગ્ય છે. પછી શ્રીગુસાંઇજીએ આપે પોતાની બેઠકમાં પધારી આ રજપૂતને નામ સુણાવ્યું. આ વખતે

તે રજપૂતે દસ રૂપિયા શ્રીગુસાંઇજીને ભેટ ધર્યા. ત્યારે શ્રીગુસાંઇજીએ કહ્યું કે આ રૂપિયા તું તારી પાસે રહેવા દે, કારણ કે તારી પાસે ખરચી નથી. તેં બધું પેલા બ્રાહ્મણને આપી દીધું છે. ત્યારે રજપૂતે દંડવત્ પ્રણામ કરી વિનંતિ કરી કે મહારાજ, હવે મારે રૂપિયાને શું કરવા છે? હું તો હવે આપને શરણે છું. જે ટેલ બતાવશો તે કરીશ. પછી આ રજપૂતે વિનંતિ કરી કે મહારાજ, પૂર્વ જન્મનો હું કોણ છું અને કયા પુણ્યથી મને આપનાં દર્શન થયાં છે? એટલે શ્રીગુસાંઇજીએ આપે કૃપા કરીને તેને કહ્યું કે તું પૂર્વ જન્મમાં વ્રજમાં ગોપ હતો. તું શસ્ત્ર બાંધીને નંદરાયજીની ગાયો સાથે જતો. ત્યાં તેં એક દિવસ સાપને માર્યો, તે અપરાધથી તારે સંસારમાં બહુ જ જન્મ લેવા પડયા. પછી આ કેરીઓ કુંભનદાસજીએ જોઈ ને મનથી શ્રીગોવર્ધનનાથજીને સમર્પી. એ માળીની બધી કેરીઓ કુંભનદાજીએ શ્રીગોવર્ધનનાથજીને અંગીકાર કરાવી હતી. ત્યારપછી એ જ કેરીઓ એ માળીની પાસેથી દસ રૂપિયા આપીને તેં લઈ લીધી ને પચાસ તેં રાખી. આ મહાપ્રસાદી કેરી તેં લીધી, ને વળી તું દૈવી જીવ હતો તેથી તારું મન ફેરવી શ્રીનાથજીએ તને સ્વપ્નમાં દર્શન આપ્યાં. પેલો બ્રાહ્મણ દૈવી જીવ નહોતો, તેને શ્રીનાથજીએ સ્વપ્નમાં દર્શન આપ્યાં તે છતાં પણ તેને જ્ઞાન થયું નહિ. લીલામાં તારું નામ "નેના" હતું.

હવે તમે શ્રીનાથજીની ગાયો સાથે શસ્ત્ર બાંધીને નિત્ય જાઓ અને શ્રીનાથજીની રસોઇમાં મહાપ્રસાદ લીધા કરો. શસ્ત્ર તથા કપડાં અમે તમને આપીશું. આજ તમે વ્રત કરો ને કાલે તમને સમર્પણ કરાવીશું. આ સાંભળી તે રજપૂતે દંડવત્ પ્રણામ કર્યા. પછી બીજે દિવસે શ્રીગુસાંઇજી આપે શ્રીનાથજીના શૃંગાર કરી આ રજપૂતને નવરાવીને શ્રીનાથજીની સન્મુખ બ્રહ્મસંબંધ કરાવ્યું કે તરત જ આ રજપૂતની બુદ્ધિ નિર્મળ થઇ ગઇ. ત્યાર પછી આ રજપૂતને જૂઠણની પાતળ ધરી. પછી શસ્ત્રો આપી શ્રીગુસાંઇજીએ આપે એને પ્રસાદી કપડાં આપ્યાં, તે લઇ ઘોડા પર

ચઢીને તે ગાયોની સાથે ગયો. આનું મન તો શ્રીગોવર્ધનનાથજીના સ્વરૂપમાં લાગ્યું, તેથી થોડા જ દિવસમાં શ્રીનાથજી ગાયોમાં આ રજપૂતને દર્શન આપવા લાગ્યા. પછી આ રજપૂત મહા કૃપાપાત્ર ભગવદીય થયો.

ભાવપ્રકાશ—આમાં એવું જણાવ્યું કે કુંભનદાસજીએ માનસી સેવામાં ભોગ ધર્યો તે શ્રીગોવર્ધનનાથજી આરોગ્યા અને આ મહાપ્રસાદી કેરીઓ લેવાથી આ રજપૂત પર પ્રભુનો અનુગ્રહ થયો. તો જે ભગવદીય પોતાના હાથથી ભોગ ધરે છે, તે તો સર્વથા શ્રીઠાકોરજી પ્રીતિથી આરોગે છે, તે મહાપ્રસાદ અલૌકિક હોય તેમાં તો કહેવું જ શું?

હવે આ રજપૂતને બે બેટા હતા તે આ રજપૂત પાસે આવ્યા. આ વખતે આ રજપૂતે પોતાના બેટાઓને કહ્યું કે બેટા, આપણે તો સિપાઇઓ છીએ, તેથી કોઇ લડાઇમાં નકાઓ પ્રાણ ખોત, પરન્તુ મારા પર પ્રભુએ કૃપા કરી છે તેથી હવે તમે એમ જાણજો કે મારો પિતા મરી ગયો. હવે તમે જઇને તમારું ઘર સંભાળો, મારી વાટ જોશો નહિ; હું આવવાનો નથી. એ સાંભળી રજપૂતના બેઉ પુત્રો પોતાને ઘેર આવ્યા અને સઘળા સમાચાર કહ્યા કે અમારો પિતા વૈરાગી થયો છે, તેનું અમારે શું કામ છે? પછી સૌ ઘરનાં (પિતા પ્રત્યેનો) મોહ છોડી બેસી રહ્યાં.

ભાવપ્રકાશ—આવી રીતે મહાપ્રસાદ તથા ભગવદીયનાં દર્શન દૈવી જીવને ફળરૂપ થાય, એ સિદ્ધાંત અહીં જણાવ્યો.

આ કુંભનદાસજી એવા ભગવદીય છે કે સહેજમાં કેરીઓ દ્વારા રજપૂત પર કૃપા કરી, તેથી ભગવદીય જે કાર્ય કરે તે અલૌકિક જાણવું, કારણ કે શ્રીગોવર્ધનનાથજી ભગવદીયોને વશ છે. કુંભનદાસની સ્ત્રી તથા પાંચ પુત્ર માત્ર નામ જ પામ્યા. કુંભનદાસના સંગથી તેમનો ઉદ્ધાર થયો. આ કુંભનદાસની ભત્રીજી ભાઇની દીકરી હતી તે પરણ્યા પછી તરત જ વિધવા થઈ, તેનો લૌકિક સંબંધ થયો જ નહિ.

ભાવપ્રકાશ—કેમ? મૂળમાં આ દેવી જીવ છે અને વિશાખાજીની સખી છે. લીલામા એનું નામ "સરોવરિ" છે. એનાં માતાપિતા મરી જવાથી એ કુંભનદાસને ત્યાં રહેતી. લીલામાં તે વિશાખાજીની સખી છે, તેથી અહીં પણ કુંભનદાસજી (ભગવદીય)નો સંગ થયો તેથી ભત્રીજીને પણ શ્રીગોવર્ધન-નાથજી દર્શન દેતા ને સાનુભાવ જણાવતા.

વાર્તાપ્રસંગ ૧૨ મો.

હવે એક વાર શ્રીગુસાંઇજીનો જન્મદિવસ આવ્યો, ત્યારે શ્રીગોવર્ધનનાથજીએ પોતાના મનમાં વિચાર્યું કે મારો જન્મદિવસ શ્રીગુસાંઇજીએ બધા વૈષ્ણવો સાથે જગતમાં પ્રકટ કર્યો; માટે હું પણ શ્રીગુસાંઇજીનો જન્મદિવસ પ્રકટ કરું. આમ વિચારી જ્યારે (વ્રજ) પોષ વદિ ૮ ના રોજ રામદાસજી શ્રીનાથજીના શૃંગાર કરતા હતા તે વખતે કુંભનદાસજી શૃંગારનાં કીર્તન કરતા હતા, અને શ્રીગુસાંઇજી આપ શ્રીગોકુલમાં હતા. આ વખતે શ્રીગોવર્ધનનાથજીએ રામદાસજીને કહ્યું કે મારા જન્મદિવસે શ્રીગુસાંઇજી ભારે ઉત્સવ કરે છે, તેથી મારે પણ શ્રીગુસાંઇજીના જન્મદિવસનો ઉત્સવ માનવો છે (કરાવવો છે), માટે તમે બધા મળીને શ્રીગુસાંઇજીના જન્મોત્સવની તૈયારી કરો અને મને સામગ્રી આરોગાવો. જન્મદિવસ કાલે છે. ત્યારે રામદાસે વિનંતિ કરી કે મહારાજ, શી સામગ્રી કરીએ? ત્યારે શ્રીગોવર્ધનનાથજીએ કહ્યું કે "જલેબી રસરૂપ કરો." એટલે કુંભન-દાસે તથા રામદાસે કહ્યું કે બહુ સારું. પછી રામદાસે સેવાથી પહોંચીને બધા સેવકોને એકઠા કરીને કહ્યું કે કાલે શ્રીગુસાંઇજીનો જન્મદિવસ છે; માટે શ્રીગોવર્ધનનાથજી માટે સામગ્રી કરવી છે. ત્યારે સદુપાંડેએ કહ્યું કે ઘી ચૂન જોઇએ એટલું મારે ત્યાંથી લેજો. પછી કુંભનદાસજી તરત જ ઘેર આવ્યા, પણ ઘરમાં તો કશું હતું નહિ. બે પાડા અને બે પાડીઓ એક વ્રજવાસીને ત્યાં વેચીને પાંચ રૂપિયા ઉપજ્યા તે લાવીને રામદાસજીને આપ્યા. બધા સેવકોએ કોઇએ એક તો કોઇએ બે રૂપિયા આપ્યા તેની ખાંડ મંગાવી, અને ઘી તથા મેંદો સદુપાંડે લાવ્યા તેની આખી રાત્રિ જલેબી કરી. ત્યાર-

પછી પ્રાતઃકાળ થયો, એટલે રામદાસજીએ અભ્યંગ કરાવી કેસરી પાઘ, કેસરી વસ્ત્ર વાઘા, કુલહ શ્રીગુસાંઇજીએ આપે શ્રીગોકુલથી પોતાના હાથથી સિદ્ધ કરીને મોકલ્યાં હતાં તે ધરાવ્યાં. પછી ભોગ ધર્યો. હવે શ્રીગોવર્ધનનાથજીએ કુંભનદાસજીને કહ્યું કે તમે શ્રીગુસાંઇજીની વધાઇ ગાઓ. એટલે કુંભનદાસજીએ વધાઈ ગાઈ; તે પદ:-

રાગ દેવગાંધાર—

आज वधाई श्रीवल्लभद्वार ॥
प्रकट भये पूरण पुरुषोत्तम, लीला करन अवतार ॥१॥
भाग्य व्है सब दैवी जीवनको, निःसाधन जन किये उद्धार ॥
कुंभनदास गिरिधरन जुगलवपु, निगमअगम सब साधन सार ॥२॥

રાગ સારંગ—

प्रकट भये फिरि श्रीवल्लभराय ॥
सेवारस विस्तार करनको, गूढ ज्ञान सब प्रकट देखाय ॥१॥
निजजन सकल किये पावन धन, घर घर वंदनवार बंधाय ॥
कुंभनदास गिरिधर गुण महिमा, बंदीजन चारण गुण गाय ॥२॥

આવી રીતે કુંભનદાસજીએ બહુ જ વધાઇઓ ગાઈ, તે સાંભળી શ્રીગોવર્ધનનાથજી બહુ જ પ્રસન્ન થયા. વળી અહીં (શ્રીગોકુલમાં પણ) શ્રીગુસાંઇજી શ્રીનવનીતપ્રિયજીને અભ્યંગ કરાવી, કેસરી વાઘા કુલહ ધરાવી રાજભોગ ધરીને શ્રીનાથજીદ્વાર પધાર્યા, એટલે રામદાસે કહ્યું કે રાજભોગ આવ્યા છે. એ સાંભળી પોતે સ્નાન કરી પર્વત પર મંદિરમાં પધાર્યા. સમય થયે ભોગ સરાવવા જતાં આપશ્રી જુએ છે તો જલેબીના અનેક ટોકરા ધર્યા છે, તેથી શ્રીગુસાંઈજીએ રામદાસજીને પૂછ્યું કે આજે શાનો ઉત્સવ છે કે આટલી બધી સામગ્રી આરોગાવી છે? ત્યારે રામદાજીએ કહ્યું કે આજે આપનો જન્મદિવસ શ્રીગોવર્ધનનાથજીએ માન્યો છે અને સર્વ સેવકોદ્વારા સામગ્રી કરાવી છે. પછી શ્રીગુસાંઇજીએ ભોગ સરાવી આરતી કરી, પછી અનોસર કરી આપ આપની બેઠકમાં પધારી

અને બિરાજ્યા. ત્યાં રામદાસજીને બોલાવી શ્રીગુસાંઇજીએ પૂછ્યું કે સામગ્રી બહુ જ છે, અને સેવકો તો મંદિરમાં થોડા જ છે. તે પણ નિષ્કિંચન છે તો સામગ્રી શી રીતે કરી છે? આ સાંભળી રામદાસે કહ્યું કે ઘી તથા મેંદો સદુપાંડેએ આપ્યો અને પાંચ રૂપિયા કુંભનદાસજીએ આપ્યા છે અને બીજા વૈષ્ણવો કોઇએ એક કોઇએ બે એમ જેનાથી જે બન્યું તે આપ્યું, એવી રીતે રૂપિયા એકવીસ થયા તેની ખાંડ મંગાવી તે શ્રીપ્રભુજીને અંગીકાર કરાવી છે. એટલામાં કુંભનદાસજીએ આવીને શ્રીગુસાંઇજીને દંડવત્ પ્રણામ કર્યા. હવે શ્રીગુસાંઇજીએ કુંભનદાસજીને પૂછ્યું કે કુંભનદાસ, તમે પાંચ રૂપિયા ક્યાંથી લાવ્યા? તમારા ઘરની સ્થિતિ તો અમે સઘળી જાણીએ છીએ. ત્યારે કુંભનદાસજીએ કહ્યું કે મહારાજ, મારું ઘર ક્યાં છે? મારું ઘર તો આપના ચરણારવિંદમાં છે. આ બધું આપનું જ છે. બે પાડા તથા બે પાડીઓ વધારાનાં હતાં તે વેચી દીધાં છે. અમારાં શરીર પ્રાણ ઘર સ્ત્રી પુત્ર એ બધાં વેચીને આપના કાર્યમાં આવે તો જ વૈષ્ણવધર્મ સિદ્ધ થાય. મહારાજ, અમે તો સંસારી ગૃહસ્થાશ્રમી છીએ તો અમારાથી વૈષ્ણવ ધર્મ શો બને? આ તો દીન જાણી આપ આપની કૃપા કરો છો. કુંભનદાસજીનાં આવાં વચન સાંભળી શ્રીગુસાંઇજીનું હૃદય ભરાઈ આવ્યું, ને આપે કહ્યું કે શ્રીઆચાર્યજી આપ જેના પર કૃપા કરી આવી દીનતાનું દાન કરે તેને જ તે મળે, તેથી જ શ્રીગોવર્ધનનાથજી સદા એમને વશ રહે છે. આવી રીતે શ્રીગુસાંઇજીએ પોતે કુંભનદાસજીની બહુ જ પ્રશંસા કરી. આ કુંભનદાસ એવા કૃપાપાત્ર હતા.

વાર્તાપ્રસંગ ૧૩ મો.

એક વાર કુંભનદાસજીએ શ્રીઆચાર્યજીને પુષ્ટિમાર્ગનો સિદ્ધાંત પૂછ્યો, ત્યારે શ્રીઆચાર્યજીએ આપે કૃપા કરીને ચોરાસી અપરાધ, રાજસી તામસી અને સાત્વિક ભક્તોનાં લક્ષણથી તેમજ પ્રાતઃકાળથી સેન પર્યંતની સેવાનો પ્રકાર કહ્યો; બાળલીલા કિશોરલીલાના ભાવ કહ્યા. પછી કહ્યું કે જેના પર શ્રીગોવર્ધનનાથજીની કૃપા હોય તે જ

આવું પૂછે અને તે પ્રમાણે કરે. તમારા જેવા ભગવદીયો હશે ને પૂછશે ને કરશે. આગળ મહાકઠણ કાળ આવશે ત્યારે કોઈ પૂછશે નહિ તેમ કોઈ કહેશે પણ નહિ. આવી રીતે શ્રીઆચાર્યજીએ કુંભનદાસજીને કહ્યું.

ભાવપ્રકાશ—આમ કહેવાનું કારણ કે સિંહણનું દૂધ સોનાના પાત્ર વગર રહે નહિ. તેવી જ રીતે ભગવલ્લીલાનો ભાવ તથા ભગવદ્ધર્મ પણ ભગવદીય વિના બીજાના હૃદયમાં રહે નહિ.

વાર્તાપ્રસંગ ૧૪ મો.

એકવાર કુંભનદાસે શ્રીગુસાંઇજીને વિનંતિ કરી કે મહારાજ, મારા ઘરમાં સ્ત્રી છે અને સાતમાંથી પાંચ બેટા છે ને સાત બેટાઓની વહુઓ છે, પરંતુ ભગવદ્ભાવ કોઇમાં દૃઢ નથી, અને એક ભત્રીજી છે તેનો ભગવદ્ભાવ દૃઢ છે, તેનું કારણ શું? ત્યારે શ્રીગુસાંઇજીએ બધા વૈષ્ણવ સાંભળે તેમ કુંભનદાસજીને કહ્યું કે કુંભનદાસ, તમે સાવધાન થઈ મન રાખીને સાંભળો. હું એક પુરાણો ઇતિહાસ કહું છું. આ વખતે બધા વૈષ્ણવ સાવધાન થઇ ગયા. શ્રીગુસાંઇજીએ કહ્યું: 'એક બ્રાહ્મણ હતો, તેને એક કન્યા હતી. જ્યારે આ કન્યા પરણાવવા યોગ્ય થઇ ત્યારે આ બ્રાહ્મણે કોઇ બીજા બ્રાહ્મણને બોલાવીને કહ્યું કે મારી કન્યા માટે સારી જગ્યાએ સારો વર જોઈને સગાઇ કરી આવો. એટલે આ બ્રાહ્મણ સગાઇ કરવા ગયો. ત્યારપછી બીજો બ્રાહ્મણ આવ્યો તેને પણ એવું જ કહ્યું, એટલે એ પણ સગાઈ કરવા ગયો. પછી ત્રીજો બ્રાહ્મણ આવ્યો તેને પણ એવી રીતે કહ્યું, એટલે એ પણ સગાઈ કરવા ગયો. પછી ચોથો બ્રાહ્મણ આવ્યો, તેને પણ એવી રીતે જ કહ્યું. આવી રીતે ચારેય બ્રાહ્મણો ચાર દિશામાં પ્રભુની ઇચ્છાથી ગયા. ત્યાંથી બે બે ત્રણ ત્રણ ગાઉ પર ગયા હતા ત્યાં જુદાં જુદાં ગામોમાં આ ચારેય બ્રાહ્મણોએ જુદી જુદી સગાઇ કરી અને એક મહિના પછી લગ્નનું નક્કી કર્યું. હવે વરોને ચાંદલા કરીને આ ચારેય બ્રાહ્મણોએ આ બ્રાહ્મણની પાસે આવીને કહ્યું કે અમે સગાઇ કરી ચાંલ્લા કરીને

આવ્યા છીએ અને એક મહિના પછી પ્રાતઃકાળમાં લગ્ન છે. આમ ચારેય બ્રાહ્મણોએ કહ્યું. આ સાંભળી તે બેટીના પિતાએ કહ્યું કે આ તમે શું કરી આવ્યા! મારી બેટી તો એક જ છે, જ્યારે તમે ચાર જણ ચાર વર કરી આવ્યા તે શી રીતે બનશે? ત્યારે આ બ્રાહ્મણોએ કહ્યું કે તમે અમને કહ્યું ત્યારે તો અમે કરી આવ્યા છીએ. જો મહિના પછી દીકરીનાં લગ્ન નહિ કરો તો અમે તારા પર જીવ આપીશું. અમે ચાંલ્લો કરી સગાઇ કરી તે કદી જ મટશે નહિ. ત્યારે આ બ્રાહ્મણે કહ્યું કે ઠીક, હજી મહિનો તો છે, પછી તે સમયે જે બને તે ખરું. આ સાંભળી પેલા ચાર બ્રાહ્મણોએ કહ્યું કે જ્યારે લગ્નનો એક જ દિવસ બાકી રહશે ત્યારે અમે જ લગ્ન કરાવવા આવીશું. આમ કહી ચારેય બ્રાહ્મણ પોતપોતાને ઘેર ગયા. હવે આ બેટીના બાપને બહુ ચિંતા થઇ કે હવે હું ક્યાં જતો રહું? જો પ્રાણ છૂટે તોયે કન્યાની ખરાબી થાય. તો હવે શું કરવું? આમ ચિંતાને લીધે ખાનપાન પણ છૂટી ગયું. આમ ચાર દિવસ ભૂખ્યા ગયા. ત્યારપછી પાંચમે દિવસે નદી પર આ બ્રાહ્મણ સંધ્યા-વંદન કરતો હતો, ત્યાં એક ભવદીય ફરતાં ફરતાં આવી ચઢયા. તે નદીમાં નાહ્યા. એ જ સમયે આ બ્રાહ્મણ દુઃખનો માર્યો છૂટે મોઢે ઉતાવળે રડ્યો. હવે ભગવદ્દભક્તનું હૃદય તો કોમળ તેથી આ બ્રાહ્મણનું દુઃખ ખમાયું નહિ, તેથી આ ભગવદ્દભકતે આ બ્રાહ્મણને પૂછ્યું કે હે બ્રાહ્મણ, તને એવું શું ભારે દુઃખ છે કે તું આમ આક્રંદ કરે છે? એટલે આ બ્રાહ્મણે પોતાની બધી વાત કહી. આ સાંભળી આ ભગવદ્દભકતે કહ્યું કે હું તો એક ઠેકાણે રહેતો નથી, પરંતુ તારે માટે આ નદી પર બેઠો છું, મને તું પ્રકટ કરીશ નહિ, અને જે દિવસે લગ્ન હોય તેના એક દિવસ પહેલાં મને આવીને કહેજે; શ્રીઠાકોરજી સારું જ કરશે. હવે તું જઇને ખાનપાન કર. ત્યારે આ બ્રાહ્મણે કહ્યું કે સારું. જ્યારે વિવાહનો એક દિવસ રહ્યો ત્યારે પ્રાતઃકાળનો સમય હતો, તે સમયે આ બ્રાહ્મણ આ ભગવદ્દ-ભક્ત પાસે આવ્યો અને વિનંતિ કરી કે આવતી કાલે પ્રાતઃકાળે વિવાહ છે, માટે હવે કંઇક ઉપાય બતાવો. ત્યારે આ વૈષ્ણવે કહ્યું

કે સંધ્યા સમયે આવજો. પછી સાંજનો આ બ્રાહ્મણ આ ભગવદ્ભક્ત પાસે આવ્યો. તેને આ ભક્તે કહ્યું કે તમારી પાસે જે પશુ પક્ષી આવે તે તમે પકડી લેજો. એટલે આ બ્રાહ્મણ નદી પર બેઠો; ત્યાં બિલાડી આવી તે પકડી, ત્યારપછી એક કૂતરી આવી તે પકડી, પછી એક ગધેડી આવી તે પકડી. પછી આ ભક્તે કહ્યું કે આ ત્રણેને એક કોટડીમાં પૂરી દેજો. આમ આ બધાંને કોઠામાં પૂરી દીધાં. હવે તે ભક્તે કહ્યું કે તારી બેટી સૂઇ જાય ત્યારપછી એને પણ એ કોઠામાં પૂરી દેજે. હવે બેટી સૂઇ ગઈ એટલે આ બેટીને પણ ખાટલા સાથે કોટડીમાં પૂરીને તાળું મારીને કહ્યું કે લગ્નની તૈયારી કરો. હવે પહોર રાત્રિ જતાં ચારેય વર આવ્યા, પછી વિવાહ કરી આપનારા ચારેય બ્રાહ્મણોએ સમાધાન કરીને એમને બેસાડ્યા. એટલામાં લગ્નનો સમય થયો, ત્યારે આ બ્રાહ્મણે પેલા વૈષ્ણવને કહ્યું કે હવે વિવાહનો સમય થયો છે. ત્યારે ભક્તે કહ્યું કે કોટડી ખોલીને ચારેય વરો ને ચાર કન્યાઓ દો અને પરણાવી દો. પછી આ બ્રાહ્મણે તાળું ઉઘાડીને જોયું તો ચારેય કન્યાઓ એક જ રૂપ, એક વય, બરાબર સરખી જેથી ઓળખાય જ નહિ. પછી ચારેય કન્યાઓ ચારે વરને પરણાવીને વિદાય કરી. પછી ચારેયના બ્રાહ્મણોને દક્ષિણા આપી વિદાય કર્યા. પછી વૈષ્ણવે કહ્યું કે હવે અમે જઇએ છીએ. એટલે આ બ્રાહ્મણે પગે પડીને કહ્યું કે તમે મને જીવિતદાન આપ્યું છે, તેથી આ ઘર તમારું છે; માટે આપને જે જોઇએ તે લઇ જાઓ. ત્યારે ભક્તે કહ્યું કે મારે કશું જોઇતું નથી. તારું દુઃખ શ્રીઠાકોરજીએ દૂર કર્યું છે, એ જ મોટી વાત છે. પછી પેલા બ્રાહ્મણે પૂછ્યું કે ચારેય કન્યાઓ સરખી છે તો મને ખબર શી રીતે પડશે કે મારી દીકરી કયા વર સાથે પરણી છે? વળી આ મારી બેટીને બોલાવવી હોય તો ખબર શી રીતે પડશે? ત્યારે આ ભક્તે કહ્યું કે તારા ચારેય જમાઈ છે, તેમને જ દીકરીનાં લક્ષણ પૂછજે, તેથી તને ખબર પડશે. જેનામાં મનુષ્યનાં લક્ષણ હોય તેને તારી દીકરી જાણવી. આમ કહી આ ભગવદ્ભક્ત તો ચાલ્યા ગયા. હવે થોડા દિવસ પછી તે બ્રાહ્મણે ચારેય જમાઇને પોતાને ઘેર બોલાવ્યા, અને ચારેય જમાઇ માટે

રસોઇ કરાવી. તેમાં એક જણને જમવા બેસાડ્યો. ભોજન કરતી વેળા તેને તેણે પૂછ્યું કે મારી દીકરી અનુકૂળ છે કે નહિ? તેના ગુણ કેવા છે? ત્યારે તેણે કહ્યું કે બધા ગુણ સારા છે, પણ કૂતરીની પેઠે ભસે છે, જીભ ઠેકાણે નથી તથા આચાર ક્રિયા નથી, તેથી પ્રિય લાગતી નથી. પછી બીજા જમાઇને બોલાવ્યો, તેને પૂછ્યું કે કહો, મારી દીકરીમાં કેવા ગુણ છે? ત્યારે તેણે કહ્યું કે તમારી દીકરીમાં ગુણ તો સારા છે, પણ ચાટણિયો (ખાઉધરો) સ્વભાવ છે, જે વસ્તુ શ્રીઠાકોરજી માટે આવે તે ચોરીને ખાઇ જાય છે. તેની દશા બિલાડીના જેવી છે. પાંચ ઘરનું ખાધા વિના એને ચેન નથી પડતું. ત્યારપછી ત્રીજા જમાઇને બોલાવ્યો ને પૂછ્યું કે મારી દીકરીનાં લક્ષણ કેવાં છે? ત્યારે એણે કહ્યું કે તમારી બેટીનાં બધાં લક્ષણ સરસ છે, પણ ઘરમાં આવતાં જતાં ગધેડીની પેઠે ભૂંકે છે અને જેને ને તેને તેમજ સને પણ ગધેડીની માફક બેય પગે લાત મારે છે. પછી ચોથા જમાઇને બોલાવીને પૂછ્યું કે મારી દીકરીના ગુણ કહો. ત્યારે એણે કહ્યું કે તમારી દીકરીની શી વાત કરવી? માનો લક્ષ્મી છે; કોઈ દેવતા છે. બધાંને મીઠાં વચન, મીઠી જ વાણી, ઉત્તમ કાર્ય, આચાર વિચાર બરાબર, પતિ ગુરુ અને શ્રીઠાકોરજી તથા વૈષ્ણવ પર પ્રીતિ. આ ઉપરથી તે બ્રાહ્મણે જાણ્યું કે આ જ મારી બેટી છે. ત્યાર પછી આ જ જમાઇ તથા બેટીને તે બોલાવતો. માટે કુંભનદાસ, જે માણસમાં વૈષ્ણવનાં લક્ષણ છે તે જ મનુષ્ય છે, બાકી તો મનુષ્ય-દેહ મળ્યો તેથી શું થયું? રાવણ કુંભકરણ ખોટાં કાર્યથી રાક્ષસ ગણાયા, તેથી જેનાં જેવાં કાર્ય તેવું તેનું સ્વરૂપ જાણવું. ભત્રીજી મહાન ભગવદીય છે, તેથી તમારા સંગથી એનું કલ્યાણ થશે. આવી રીતે શ્રીગુસાંઇજીએ કુંભનદાસજી આદિ સઘળા વૈષ્ણવોને શિક્ષા આપી. આ કુંભનદાસજી શ્રીઆચાર્યજીના એવા કૃપાપાત્ર ભગવદીય હતા.

વાર્તાપ્રસંગ ૧૫ મો.

હવે કુંભનદાસજીનો દેહ બહુ જ અશક્ત થયો, તેથી અન્યોરની પાસે સંકર્ષણ કુંડ પર આવીને કુંભનદાસજી બેસી રહ્યા. ત્યારે

ચતુર્ભુજદાસે કહ્યું કે તમને ગોદમાં લઇને જમનાવતા ગામમાં લઇ જઇએ? ત્યારે કુંભનદાસે કહ્યું કે હવે તો બેચાર ઘડીમાં દેહ છૂટી જશે, તેથી હવે તો હું અહીં જ રહીશ. પછી ચતુર્ભુજદાસજીએ શ્રીગોવર્ધનનાથજીની રાજભોગ આરતીનાં દર્શન કર્યાં તે સમયે ચતુર્ભુજદાસને શ્રીગુસાંઇજીએ પૂછ્યું કે કુંભનદાસને કેમ છે અને તે કયાં છે? ત્યારે ચતુર્ભુજદાસે કહ્યું કે સંકર્ષણ કુંડ પર બેઠા છે. એટલે શ્રીગુસાંઇજી આપ કુંભનદાસ પાસે પધાર્યા. પછી શ્રીગુસાંઇજીએ કુંભનદાસજીને કહ્યું કે કુંભનદાસ, અત્યારે કઇ લીલામાં મન છે, તે કહો. તે વખતે કુંભનદાસથી ઊઠી તો શકાયું નહિ, તેથી માથું નમાવીને મનથી દંડવત્ પ્રણામ કર્યા ને આ કીર્તન ગાયું; તે પદઃ—

રાગ સારંગ—

विसर गयो लाल करत गोदोहन;
निरख अनूप चन्द्रमुख खर रह्यो है सांवरो मोहन ॥१॥
तव नागरी विचित्र चतुरगुन अंग अंग रूप सुठोहन;
कुंभनदास लाल गिरिधर मन हर्यौं कटि लौं ओहन ॥२॥

રાગ સારંગ—

लाल तेरी चितवन चितही चुरावती ॥
नंदगाम वृषभानपुरा बिच, मारग चलन न पावे ॥१॥
हो तों हो तों भरो डरो नहि काहू, ललित दृगन चलावे ॥
कुंभनदास प्रभु गोवर्धन धार्यों, सो क्यों न वतावे ॥२॥

આ પદ કુંભનદાસજીએ ગાયું. એટલે કુંભનદાસને શ્રીગુસાંઇજીએ પૂછ્યું કે કુંભનદાસ, આ લીલા તો તમે સંભળાવી, પણ તમારા અંતઃકરણનું મન કયાં છે તે બતાવો. ત્યારે કુંભનદાસજીએ શ્રીગુસાંઇજીની સમક્ષ નીચેનું પદ ગાયું; તે પદઃ—

રાગ બિહાગરો—

तोय मिलनको बहोत करत है मोहनलाल गोवर्धनधारी ॥
उत्तर वेग देहो किन भामिनी, कहि द्यों कहा यह वात तिहारी ॥१॥

देखिरी तूं जो झरोखनके मग, तन पहरे झूमककी सारी ॥
तन मन बिसरी प्राणप्यारेके निमिष जीयतें होत न न्यारी ॥२॥
कहिरी सखि कहों हों आवूं वेग बताय सुठोर सुचारी ॥
कुंभनदास प्रभु वे बैठे हों जहां देखियत ऊंची चित्र सारी ॥३॥

રાગ બિહાગરો—

रसिकनी रसमें रहत गडी ॥
कनकवेल वृषभाननंदिनी, श्याम तमाल चढी ॥१॥
विहरत संग लाल गिरिधरके, कोन भांत पढी ॥
कुंभनदास लाल गिरिधर संग रतिरस केलि वढी ॥२॥

આ પદ ગાઇને કુંભનદાસજીએ દેહ છોડી નિકુંજલીલામાં પ્રવેશ કર્યો. પછી શ્રીગુસાંઇજી ગોપાલપુર પધાર્યા, અને કુંભનદાસજીને ચતુર્ભુજદાસાદિક બધા છોકરાઓએ અગ્નિસંસ્કાર કર્યા. આ કુંભનદાસજી લીલામાં અન્યોરની પાસે ગામ છે ત્યાં દ્વાર પર પધાર્યા. પછી શ્રીગુસાંઇજી ઉત્થાપનથી સેન સુધીની સેવામાં પહોંચ્યા, પરન્તુ કોઇ વૈષ્ણવ સાથે બોલ્યા નહિ, ઉદાસ રહ્યા. આથી શ્રીગુસાંઇજીને રામદાસજીએ કહ્યું કે મહારાજ, આવી સ્થિતિમાં કેમ છો? ત્યારે શ્રીગુસાંઇજીએ શ્રીમુખથી કહ્યું કે એવા ભગવદીય અંતર્ધાન થયા, હવે ભૂમિ પરથી ભક્તોનું તિરોધાન થયું. આવી રીતે શ્રીગુસાંઇજીએ કુંભનદાસજીની સરાહના શ્રીમુખથી કરી. આ કુંભનદાસ એવા શ્રીઆચાર્યજીના પરમ કૃપાપાત્ર ભગવદીય થયા કે જેમના પર શ્રીગોવર્ધનનાથજી તથા શ્રીગુસાંઇજી પણ સદા પ્રસન્ન રહેતા, તેથી એમની વાર્તાઓનો પાર નથી. એમની વાર્તા અનિવર્ચનીય છે, તે કેટલી કહીએ? ॥ વાર્તા ૮૩ ॥

વાર્તા ૮૪ મી.

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના સેવક કૃષ્ણદાસ અધિકારી જે અષ્ટછાપમાં છે, અને જેમનાં પદ ગવાય છે તેમની વાર્તાનો ભાવ—

ભાવપ્રકાશ—આ કૃષ્ણદાસજી લીલામાં "વૃષભ" સખા શ્રીઠાકોરજીના અંતરંગ, તેમનું પ્રાકટ્ય છે. દિવસની લીલામાં તો એ વૃષભ સખા છે, અને

રાત્રિની લીલામાં શ્રીલલિતાજી અંતરંગ સખી છે. હવે લલિતાજીનાં પણ ચાર સ્વરૂપ, આપ તો સખીજી છે અને શ્રીગોવર્ધનનાથજી અને શ્રીસ્વામિનીજીની લીલા નિકુંજ સંબંધી તેનો અનુભવ કરે. લલિતાજીનું બીજું સ્વરૂપ ઋષભ સખા હોઇને વનમાં સાથે જાય અને દિવસના લીલારસનો અનુભવ કરે. ત્રીજું સ્વરૂપ દામોદરદાસ હરસાની હોઇને શ્રીઆચાર્યજીની સાથે સદા રહેતા; તેમને શ્રીઆચાર્યજી મહાપ્રભુજી "દમલા" કહેતા. તેનો ભાવ દામોદરદાસજીની વાર્તામાં વિસ્તારથી કહ્યો છે. લલિતાજીનું ચોથું સ્વરૂપ કૃષ્ણદાસ; તેમણે શ્રી-ગોવર્ધનનાથજીની પાસે રહીને અધિકાર કર્યો. હવે શ્રીગિરિરાજજીમાં આઠ દ્વાર છે તેમાં "વિલછુ" બરસાના સન્મુખ દ્વાર–એક બારી છે, તેમાં થઇને શ્રી-ગોવર્ધનનાથજી રાસ કરવા પધારતા તે દ્વારના મુખિયા છે.

આ કૃષ્ણદાસ ગુજરાતમાં એક "ચલોતરા" ગામ છે ત્યાં એક કણબીને ઘેર જન્મ્યા. આ કણબી–પટેલ તે ગામનો મુખી હતો અને તે ગામની હાકેમી કરતો, (મુખીપણું કરતો). જ્યારે કૃષ્ણદાસનો જન્મ થયો, તે વખતે આ કણબીએ અનેક પંડિતો બ્રાહ્મણોને ગામેગામથી બોલાવીને પૂછ્યું કે મારે ત્યાં આ છોકરો જન્મ્યો છે, તેનાં ગુણ લક્ષણો કહો. વળી આ છોકરાની બરાબર હકીકત કહો તો હું તમને જન્મભર જીવું ત્યાંસુધી ખર્ચી આપું. આ વખતે બધા બ્રાહ્મણોએ આ કણબીને કહ્યું કે ફાવે તો તું અમને કશું આપ કે કશું ન આપ પણ આ તારો પુત્ર તો પ્રભુનો ભક્ત થશે, એનું નામ "કૃષ્ણદાસ" પડશે, અને તે તારા ઘરમાં રહેશે નહિ. આ સાંભળી આ પટેલ-કણબી બહુ જ ઉદાસ થયો, અને દાન પુણ્ય બહુ જ કર્યાં અને "કૃષ્ણદાસ" નામ પાડ્યું. હવે કૃષ્ણદાસ પાંચ વરસના થયા ત્યારથી ભગવદ્‌વાર્તા કથામાં જવા લાગ્યા. માતાપિતા ન જવા દે તો રડે અને ખાનપાન કરે નહિ, એટલે માતપિતા કહે કે ભલે જાઓ. આ તો આ આજથી વેરાગીઓ સાથે પ્રીતિ

૧. આમાં અનુભવથી અને ઐતિહાસિક તપાસથી એમ જણાય છે કે પરદેશમાં જેને "ચલોતર–ચરોતર" કહે છે તે એક નાનકડો ખેડા જિલ્લાનો પ્રદેશ છે. પરદેશમાં તે ચલોતરનાં ચારસો ગામ હોવાથી નાનાં ગામોને ન ઓળખે માટે પ્રદેશનું નામ અમે ચલોતરના છીએ એમ કહે. આમ આ કૃષ્ણદાસ અધિકારી ખેડા જિલ્લાના "ચલોતર કે ચરોતર"ના વતની કહેવાતા. પાછળથી "ચલોતર કે ચરોતર" નામ "ચલોડા" નામના ગામને બંધ બેસતું સમજી "ચલોડાના વતની" ઠેરવવામાં આવ્યા, પણ તે મૂળ ખેડા જિલ્લાના ચરોતરના કોઇ ગામડાના વતની હતા.

કરે છે, માટે આ વૈરાગી થશે. અને બ્રાહ્મણોએ પ્રથમથી જ કહ્યું હતું, માટે આ છોકરા પર પ્રીતિ કરી મોહ ન રાખશો, કારણ કે પાછળથી દુઃખી થવાય. હવે કૃષ્ણદાસ જ્યાં ત્યાં કથા સાંભળતા. આમ કરતાં કરતાં બાર તેર વરસના થયા, ત્યારે એક વણઝારો આવીને ગામ બહાર ઊતર્યો. તેણે કિનારી માલ ચલોતર ગામમાં વેચીને ચૌદ હજાર રૂપિયા કર્યા. હવે રાત્રે ચોરોએ કૃષ્ણદાસના પિતાના ભેદથી વણઝારાના ચૌદ હજાર રૂપિયા લૂંટ્યા. આ ચૌદ હજારમાંથી તેર હજાર કૃષ્ણદાસના પિતાએ રાખ્યા. આ વાત કૃષ્ણદાસે જાણી. હવે કૃષ્ણદાસે પોતાના પિતાને કહ્યું કે તમે બહુ જ ખરાબ કામ કર્યું છે, કારણ કે તમે પરદેશી વણઝારાને લૂંટાવ્યો, પણ તમે એને આ રૂપિયા પાછા આપશો તો તમારું કલ્યાણ થશે. ત્યારે કૃષ્ણદાસને પિતાએ માર્યા, અને કહ્યું કે તું કોઈની આગળ કહીશ નહિ, કારણ કે હું ગામનો હાકેમ છું, અને હાકેમનું તો આ કામ જ છે. આ સાંભળી કૃષ્ણદાસે કહ્યું કે હવે તમે ખરાબ થશો. આમ કહી ચૂપ થઈ ગયા. જ્યારે સવાર થયું ત્યારે આ વણઝારો ચોતરા પર રડતો રડતો આવ્યો, અને આવીને કૃષ્ણદાસના પિતાને કહ્યું કે અમને ચોરોએ લૂંટ્યા છે. ત્યારે કૃષ્ણદાસના પિતાએ કહ્યું કે તું ગામમાં શા માટે ન રહ્યો? હવે અમને શું કહેવા માગે છે? આમ કહીને આ હાકેમે પોતાના માણસોને કહ્યું કે આ વણઝારાને આપણા ગામની બહાર કાઢી મૂકો કે જે સવારનો રડતો આવ્યો છે. હવે મનુષ્યોએ એને કાઢી મૂક્યો. બધી પૂંજી ગઈ, તેથી આ બહુ જ વિલાપ કરે, ત્યાં કૃષ્ણદાસ દૂરથી દોડીને આવ્યા ને આ જોઈ બહુ જ દયા આવી ગઈ. આ વખતે કૃષ્ણદાસને મનમાં વિચાર આવ્યો કે પિતાનું બૂરું થાય તો ભલે થાય, પણ આ પરદેશી વણઝારાનું ભલું કરવું. પછી કૃષ્ણદાસ આ વણઝારાના થડમાં આવીને કહે: તું એકાંતમાં જઈને બેસ, ત્યાં હું તને એક વાત કહું. પછી વણઝારાને એકાંતમાં લઈ જઈ કૃષ્ણદાસે કહ્યું કે તારો માલ રૂપિયા બધું જ ગયું, પણ મારો પિતા અહીંનો હાકેમ છે તેણે આ ચોરી કરાવી છે. હજાર રૂપિયા ચોરોને આપીને બાકીના પોતાની પાસે રાખ્યા છે; માટે આ ગામમાં તારી ફરિયાદ કોઈ સાંભળશે નહિ, માટે તું રાજનગર (અમદાવાદ) જઈ રાજાને ત્યાં ફરિયાદ કર અને ત્યાં મારી સાક્ષી મુકાવજે. પણ મારા પિતાના પ્રાણ ન જાય તેમ ચોરોના પણ પ્રાણ ન જાય અને તારું કામ સારું થઈ જાય એમ તું કરજે. આવી રીતે રાજા પાસે મને

બોલાવજો, હું બધું બતાવી દઈશ, તેથી તારો માલ રૂપિયા બધું મળી જશે. એટલે આ વણઝારાએ રાજનગર આવીને રાજાની પાસે આ વાત કહી, અને કહ્યું કે કૃષ્ણદાસના પિતાએ ચોરી કરાવી છે, અને છોકરો એની ચોરી બતાવે છે; માટે કોઈનો પ્રાણ ન જાય અને મારી વસ્તુ મળે એવો ઉપાય કરો. ત્યારે રાજાએ કહ્યું કે પુત્રને ધન્ય છે કે પિતાની ચોરી બતલાવી. એવા છોકરાને તો હું રાખીશ. આમ કહી પચાસ માણસ અને સિપાઈ બોલાવીને કહ્યું કે તમે ચલોતરામાં જાઓ અને એ હાકિમને એના છોકરા સાથે પકડી લાવો. એવી રીતે જજો કે કોઈ જાણે નહિ. આ પચાસ માણસ આવીને તે ગામમાં રહ્યા. હવે એક દહાડો સંધ્યા સમયે એ હાકિમ બારણામાં ઊભો હતો અને એનો પુત્ર પણ ઊભો હતો, ત્યાંથી બાપ બેટાને પકડીને આ માણસો રાજનગર લાવ્યા. હવે રાજાએ આને પૂછ્યું કે તું હાકિમ થઇને પરદેશીઓને લૂંટે છે? માટે આ વણઝારાને માલ રૂપિયા આપી દે. એટલે આ હાકિમે કહ્યું કે આ વાત તમને કોઇએ જૂઠી કરી છે. હું તો આ બાબતમાં કશું જાણતો જ નથી. ત્યારે આ રાજાએ કહ્યું કે તારો પુત્ર સમ ખાઇને કહે તો તે સાચું ને? ત્યારે પિતાએ કહ્યું: જો પુત્ર કહી દે તો સાચું. એટલે રાજાએ કૃષ્ણદાસને પૂછ્યું કે તું સાચું બોલ, ત્યારે કૃષ્ણદાસે કહ્યું કે જીવ છે તેથી ભૂલ તો કરી છે. હજાર રૂપિયા ચોરોને આપ્યા છે, અને તેર હજાર રૂપિયા મારા પિતાએ રાખ્યા છે. હવે મેં તે જ સમયે મારા પિતાને સમજાવ્યું, પણ તેમણે માન્યું નહિ તેનું ફળ હવે ભોગવે. પરન્તુ એની પાસેથી માલ રૂપિયા લઇ લો, એને કશું કહેશો નહિ. ત્યારે કૃષ્ણદાસના પિતાને રાજાએ કહ્યું કે હજુ પણ સમજીને ચેતી જા, નહિ તો તારા પ્રાણ જશે. ત્યારે કૃષ્ણદાસનો પિતા બોલ્યો કે કામ તો બહુ જ ખોટું થયું છે, પણ આ વણઝારાને મારી સાથે મોકલો, એટલે બધા રૂપિયા ઘેરથી આપી દેવરાવીશ. એટલે રાજાએ બસો માણસ સાથે મોકલીને, વણઝારા સાથે કૃષ્ણદાસના પિતાને ઘેર મોકલ્યા, અને કૃષ્ણદાસને કહ્યું કે તમે મારે ઘેર રહો, કારણ કે તમે સત્યવાદી છો. ત્યારે કૃષ્ણદાસે કહ્યું કે તમે રાખીને મને શું કરશો? હું સાચું બોલીશ તો બધાંને ખોટું જ લાગવાનું. આજનો સમય તો એવો જ છે, તેથી હું તો વૈરાગી થઈશ. વળી હું મારા બાપના કામનો પણ રહ્યો નથી. આવી રીતે કૃષ્ણદાસને પોતાની પાસે રાખવા માટે બહુ જ આગ્રહ કર્યો, પણ કૃષ્ણદાસ રહ્યા નહિ. પછી પિતાની સાથે ઘેર આવ્યા

એટલે પિતાએ ચોરોને બોલાવીને બધા સમાચાર કહ્યા કે આ પુત્રે અમારી ખરાબી કરી છે; માટે હજાર રૂપિયા લાવો, નહિ લાવો તો અમારા અને તમારા પ્રાણ જશે. એટલે ચોરોએ હજાર રૂપિયા આણ્યા, તથા ઘરમાંના તેર હજાર લઈને આ વણઝારાને ચૌદ હજાર રૂપિયા આપ્યા અને વળી લૂંટનો માલ પણ આપીને વણઝારાને વિદાય કર્યો. ત્યારપછી આ રાજાએ બીજો હાકેમ ચલોતરા ગામમાં મોકલ્યો, એટલે કૃષ્ણદાસના પિતાએ કહ્યું કે પુત્ર, તેં એવું ખરાબ કામ કર્યું કે અમારી હાકેમી ગઈ અને આવેલું કરેલું દ્રવ્ય પણ ગયું. એટલે કૃષ્ણદાસે પિતાને કહ્યું કે પિતા, તમે એવું ખરાબ કામ કર્યું હતું કે તમારો આ લોક પણ બગડત અને પરલોક પણ બગડત, વળી તમારો જીવ તો બચ્યો છે. વળી હાકેમી છૂટી એ તો સારું થયું. જો હાકેમી ચાલુ રહેત તો બીજાં પાપ પણ કરત. એટલે પિતાએ કહ્યું કે તું તો જન્મનો ફકીર છે; તેથી અમને પણ તેં ફકીર કર્યા. હવે તારા મનમાં શું છે? આ સાંભળી કૃષ્ણદાસે કહ્યું કે હવે તમે મને ઘરમાં રાખશો તો ફકીર બનશો; માટે મને ઘરમાંથી રજા આપો. પિતાએ કહ્યું કે ત્યારે તું ઘરમાંથી કંઈક ખર્ચી લઈને ઘેરથી દૂર ચાલ્યો જા. તને દેખવોય નહિ અને દુઃખ પણ ન થાય. આ સાંભળી કૃષ્ણદાસ પિતાને નમસ્કાર કરી ઊઠીને ચાલ્યા. પછી મનમાં વિચાર કર્યો કે વ્રજમાં જઈને બધાં તીર્થ કરવાં. હવે થોડા દિવસમાં કૃષ્ણદાસ મથુરામાં આવ્યા, અને વિશ્રાંતિઘાટ નાહીને વ્રજમાં ફરવા નીકળ્યા, અને ફરતાં ફરતાં શ્રીગોવર્ધન આવ્યા. ત્યાં સાંભળ્યું કે દેવદમનનું મંદિર બન્યું છે, અને હવે બેચાર દિવસમાં તે મંદિરમાં બિરાજશે, તેથી વ્રજવાસીઓને ત્યારે આનંદ થશે. આ દેવદમન જ્યારથી ગિરિરાજજીમાંથી બહાર પ્રકટ થયા છે ત્યારથી બધાંને બહુ જ સુખ આપ્યું છે, વળી સર્વના મનોરથ પૂર્ણ કરે છે. આવું બધું સાંભળી કૃષ્ણદાસે પોતાના મનમાં વિચાર્યું કે હું પણ દેવદમનનાં દર્શન કરું. હવે જઈને કૃષ્ણદાસે દેવદમનનાં દર્શન કર્યાં. આ વખતે શ્રી-આચાર્યજી રાજભોગ આરતી કરતા હતા. આવાં દર્શન કરતાં જ કૃષ્ણદાસનું મન શ્રીગોવર્ધનનાથજીએ હરી લીધું, તેમજ કૃષ્ણદાસની સામે શ્રીગોવર્ધનનાથજી જોઈ રહ્યા છે. પછી શ્રીગોવર્ધનનાથજીએ શ્રીઆચાર્યજી મહાપ્રભુજીને કહ્યું કે આ કૃષ્ણદાસ આવ્યો છે, તે બહુ જ દિવસથી વિછુર્યો છે તેની સામે હું જોઈ રહ્યો છું. એટલે કૃષ્ણદાસ પાસે આવીને શ્રીઆચાર્યજીએ કહ્યું કે કૃષ્ણદાસ,

તું આવ્યો ! હવે કૃષ્ણદાસે દંડવત્ પ્રણામ કરી વિનંતિ કરી કે આપની કૃપાથી આવ્યો છું; માટે હવે મને શરણે રાખો. આ વિનંતિ સાંભળતાં શ્રીઆચાર્યજીએ કહ્યું કે જાઓ, જલદી નાહીને આવો. તમારી સામે શ્રીગોવર્ધનનાથજી જોઈ રહ્યા છે; માટે જલદી આવી જાઓ. તરત જ કૃષ્ણદાસ રુદ્રકુંડમાં નાહીને આવ્યા અને પછી શ્રીઆચાર્યજીની પાસે મંદિરમાં આવ્યા, એટલે શ્રીઆચાર્યજીએ કૃષ્ણદાસને શ્રીગોવર્ધનનાથજી પાસે બેસાડી નામનિવેદન કરાવ્યું. આ કૃષ્ણદાસ દૈવી જીવ છે તેથી તરત જ બધી લીલાઓનો અનુભવ થયો, તેથી તે જ સમયે કૃષ્ણદાસે આ કીર્તન ગાયું; તે પદઃ—

રાગ સારંગ—

श्रीवल्लभ पतितउद्धारण जानो ॥
व्रज लेह लीला दर्शावत ता पर ढरत गोवर्धनरानो ॥१॥
साधन वृथा करत दिन खोवत श्रीवल्लभको रूप न जाने ॥
जाकी कृपाकटाक्ष सकल फल, कृष्णदास तीनो जनम न माने ॥२॥

આ પદ કૃષ્ણદાસે ગાયું, તે સાંભળીને શ્રીઆચાર્યજી બહુ જ પ્રસન્ન થયા. ત્યારપછી શ્રીઆચાર્યજીએ શ્રીગોવર્ધનનાથજીના અનોસર કર્યા. ત્યારપછી મંદિર તૈયાર થયું એટલે અક્ષયતૃતીયાને સુંદર દિવસે મુહૂર્ત જોઇને શ્રીગોવર્ધનનાથજીને નવા મંદિરમાં પાટે બેસાડ્યા અને પૂરણમલ્લના બધા મનોરથ પૂરા કર્યા. હવે શ્રીઆચાર્યજીએ સદુપાંડેને બોલાવીને કહ્યું કે મંદિર તો મોટું થયું ને તેમાં શ્રીગોવર્ધનનાથજી બિરાજ્યા, પરન્તુ હવે તેમની સેવા માટે માણસોનો બંદોબસ્ત થવો જોઇએ; માટે તમે સેવા કરો. એટલે સદુપાંડેએ વિનંતિ કરી કે મહારાજ, અમે તો વ્રજવાસી છીએ, સેવાનાં રીત આચારવિચાર કશું સમજતા નથી. વળી ઘરનાં અનેક કામ છે, તો જો આજ્ઞા આપો તો રાધાકુંડ પર બંગાળીઓ રહે છે તેઓ આઠેય પહોર ભજન કરે છે, તો એમને રાખો તો બોલાવી લાવું. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે જાઓ, બોલાવી લાવો. સદુપાંડે જઇને વીસ પચીસ બંગાળીને બોલાવી લાવ્યા. તેમને માટે ચંદ્રકુંડ પર ઝૂંપડીઓ બનાવરાવી અને તેમને શ્રીગોવર્ધનનાથજીની સેવા સોંપી, અને કૃષ્ણદાસને ભેટિયા કર્યા કે તમે પરદેશ જઈ ભેટ લાવી બંગાળીઓને

આપો, જેથી તેઓ સારી રીતે સેવા કરે. હવે બંગાળીઓને રીતભાત દર્શાવીને સેવા સોંપી, ને કૃષ્ણદાસ પરદેશ જઈ ભેટ લાવતા તે બંગાળીઓને આપતા. વળી રામદાસ ચૌહાણ રજપૂત જ્યારે નવું મંદિર બન્યું ત્યારે દેહ છોડીને લીલામાં પ્રાપ્ત થયા, એટલે બધી સેવા બંગાળીઓ કરતા.

વાર્તાપ્રસંગ ૧ લો.

હવે એકવાર કૃષ્ણદાસ શ્રીદ્વારિકાજી તરફ ભેટ લેવાને ગયા. ત્યાં શ્રીદ્વારિકા શ્રીરણછોડજીનાં દર્શન કરીને વૈષ્ણવો પાસેથી ભેટ લઇને આવતા હતા, તે વખતે એક વૈષ્ણવ કૃષ્ણદાસની સાથે હતો. હવે માર્ગમાં મીરાંબાઇનું ગામ આવ્યું, એટલે કૃષ્ણદાસ મીરાંબાઇને ઘેર ગયા. ત્યાં સંત-મહંત અનેક સ્વામી બીજા માર્ગોના બેઠા હતા, તેમાં કોઇને આવ્યાં દસ દિવસ, કોઇને આવ્યાં વીસ દિવસ થયા હતા, પરન્તુ કોઇને વિદાય મળતી નહોતી. સૌ ભેટને માટે આવ્યા હતા. કૃષ્ણદાસે તો આવતાં જ કહ્યું કે હું તો જઇશ. ત્યારે મીરાંબાઇએ કહ્યું કે થોડા દહાડા તો રહો. આ સાંભળી કૃષ્ણદાસે કહ્યું કે અમે તો અમારા વૈષ્ણવો શ્રીઆચાર્યજીના સેવક હોય ત્યાં જ રહીએ, અન્યમાર્ગી પાસે અમે રહીએ નહિ. હવે મીરાંબાઈ અગિયાર મહોર શ્રીઠાકોરજીની ભેટ આપવા લાગી, પણ કૃષ્ણદાસે લીધી નહિ, અને મીરાંબાઇને કૃષ્ણદાસે કહ્યું કે તમે શ્રીઆચાર્યજીનાં સેવક નથી, તેથી અમે તમારી મહોરને હાથે સ્પર્શ પણ ન કરીએ. આમ કહી ઊઠીને ચાલ્યા. હવે સાથેના વૈષ્ણવોએ કૃષ્ણદાસને કહ્યું કે તમે શ્રીનાથજીની ભેટ કેમ પાછી આપી દીધી? ત્યારે કૃષ્ણદાસે કહ્યું : ભેટની શી વાત છે? ઘણીએ ભેટો વૈષ્ણવો પાસેથી લાવીશું. શ્રીગોવર્ધનનાથજી પાસે કોઇ વાતનો તોટો નથી, પરન્તુ સઘળા માર્ગના સ્વામી મહંત આટલા બધા ક્યાં આપણને મળત, જેમની બધાંની આપણે નાક નીચી તો કરી કે બધાંને એમ લાગશે કે અમે બધા ભેટ માટે આટલા દિવસથી બેઠા છીએ, જ્યારે શ્રીમહાપ્રભુજીનો એક સેવક શૂદ્ર જેણે આટલી બધી મહોરો ભેટ ન લીધી. જેના સેવક આવા ટેકીલા છે તેના ગુરુની તો શી વાત

કરવી? આ બધાને આ બાબતની ખબર પડશે. વળી આપણે અન્યમાર્ગીની ભેટ શા માટે લઇએ?

ભાવપ્રકાશ—આથી જ શિક્ષાપત્રમાં કહ્યું છે કે "तदीयानां महद्दुःखं विजातीयेन संगमः" તદીય જે ભગવદીય છે તેને બીજું કોઈ દુઃખ નથી હોતું કે જેવું અન્યમાર્ગીય વિજાતીયના સંગથી દુઃખ થાય, તેથી શ્રીઠાકોરજી આજ્ઞા કરે છે કે વિજાતીય સાથે બોલવું પણ નહિ, તો જ સુખ થાય. વળી જો વાર્તા કરે તો રસનો તિરોભાવ થાય, રસાભાસ નક્કી થાય જ; તેથી કૃષ્ણદાસ મીરાંબાઇને ઘેર ગયા અને આવો જવાબ આપ્યો. તેથી મુખ્ય સિદ્ધાંત એ જણાવ્યો કે સ્વમાર્ગીય સિવાય કોઇની સાથે મળવું નહિ; કદાચ મળવું પડે તો પોતાનો ધર્મ ગુપ્ત રાખે. આ બાબતમાં શ્રીગુસાંઇજી ચતુઃશ્લોકીમાં કહે છે કે—

विजातीयजनाकीर्णे निजधर्मस्य गोपनम् ॥
देशे विधाय सततं स्थेयमित्येव मे मतिः ॥१॥

એવા દેશમાં જાય કે જ્યાં વૈષ્ણવ ન હોય ત્યાં પોતાનો ધર્મ પ્રકટ ન કરે, તો જ પોતાનો ધર્મ રહે; કારણ કે લૌકિકમાં પણ એવી રીત છે કે જે નાણો હોય તે પોતે સાચવીને ચાલે? માટે ઉત્તમ માણસે બધી રીતે બચવું જોઇએ. જેવી રીતે ઉત્તમ સામગ્રી હોય તેને અનેક રીતે સાચવે કે જે શ્રીઠાકોરજીને ભોગને લાયક હોય, તેવો જ વૈષ્ણવ ધર્મ છે, તો ધર્મનું રક્ષણ કરે તો જ રહી શકે. આ સિદ્ધાંત પ્રકટ કર્યો.

આ કૃષ્ણદાસ એવા ટેકી કૃપાપાત્ર ભગવદીય હતા.

વાર્તાપ્રસંગ ૨ જો.

શ્રીગોવર્ધનનાથજીના શૃંગાર બંગાળીઓ કરતા. શ્રીઆચાર્યજીએ શ્રીગોવર્ધનનાથજીને મીનાનાં બધાં આભરણ તૈયાર કરાવ્યાં હતાં—મોરપિચ્છનો મુગટ, કાછની, વાઘા એ બધું જ બનાવી દીધું હતું. બંગાળીઓ શ્રીગોવર્ધનનાથજીની સેવા કરતા હતા, પરન્તુ જે શ્રીગોવર્ધનનાથજીની ભેટ આવતી તે બંગાળીઓ એકઠી કરીને બધી પોતાના ગુરુને ત્યાં મોકલવા લાગ્યા. જ્યારથી શ્રીમહાપ્રભુજીએ કૃષ્ણદાસને અધિકારી કર્યા ત્યારથી કૃષ્ણદાસ મથુરાંથી અને આગ્રાથી સામગ્રી લાવતા હતા.

ભાવપ્રકાશ—એક અવધૂતદાસ શ્રીઆચાર્યજીના સેવક હતા. તે વ્રજમાં ફર્યા કરતા. તે ભારે કૃપાપાત્ર ભગવદીય હતા. તે અડીંગમાં રહેતા. આ અવધૂતદાસ કુમારિકાના યૂથમાં છે. રાસપંચાધ્યાયીમાં જણાવ્યા પ્રમાણે જ્યારે શ્રીઠાકોરજી રાસમાં પ્રકટ થયા, ત્યારે આ ભક્ત બધાં સ્વરૂપોનાં દર્શન કરીને આંખો મીંચીને યોગીની પેઠે મગ્ન થઈ ગયા. એ ભક્તનું પ્રાકટ્ય આ અવધૂતદાસજી છે. લીલામાં એમનું નામ "કેતિની" છે. એ અડીંગમાં એક સનોઢિયા બ્રાહ્મણને ત્યાં જન્મ્યા. વ્રજમાં દુકાળ પડ્યો ત્યારે માબાપ એક વાણિયાને છોકરો સોંપીને પૂર્વમાં ગયા. હવે અવધૂતદાસ પંદર વરસના થયા, ત્યારે આ વાણિયાનું ઘર છોડીને મથુરામાં આવીને શ્રીઆચાર્યજીનાં દર્શન કરીને વિનંતિ કરી કે મહારાજ, મને શરણે લો. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે અમારી સાથે શ્રીગોવર્ધન ચાલો. શ્રીગોવર્ધનનાથજીની સન્નિધાનમાં શરણ લઈશું. એટલે અવધૂતદાસજી શ્રીગિરિરાજજી શ્રીઆચાર્યજી સાથે આવ્યા. અહીં શ્રીઆચાર્યજીએ અવધૂતદાસને કહ્યું કે તમે ગોવિંદકુંડમાં નાહી લો. એટલે અવધૂતદાસ ગોવિંદકુંડમાં નાહી આવ્યા. શ્રીઆચાર્યજી પણ ગોવિંદકુંડમાં સ્નાન કરી મંદિરમાં પધાર્યા. આ વખતે શ્રીગોવર્ધનધરનો રાજભોગ આવ્યો હતો. સમય થતાં ભોગ સરાવી અવધૂતદાસને બોલાવીને શ્રીગોવર્ધનનાથજી સન્મુખ બેસાડી નામનિવેદન કરાવ્યું, એટલે અવધૂતદાસે વિનંતિ કરી કે મહારાજ, મારા મનમાં તો એમ છે કે શ્રીગોવર્ધનનાથજીને હૃદયમાં પધરાવીને વ્રજમાં ફરું. એટલે શ્રીઆચાર્યજીએ હાથમાં જળ લઇને અવધૂતદાસ પર છાંટયું કે અવધૂતદાસની દેહ અલૌકિક બની ગઈ, જેથી ભૂખ તરસ કંઈ પણ દેહાધ્યાસ બાધ કરે નહિ અને માનસી સેવામાં મગ્ન થઈ ગયા. પછી શ્રીઆચાર્યજીએ રાજભોગઆરતી કરી. હવે અવધૂતદાસ શ્રીગોવર્ધનધરનું સ્વરૂપ હૃદયમાં તથા નખથી શિખાપર્યંત ધારણ કરીને વ્રજમાં ફરતા. વળી સ્વરૂપાનંદમાં સદા મગ્ન રહેતા.

આમ કરતાં કરતાં બહુ જ દિવસ વીત્યા, ત્યારે એકવાર અવધૂતદાસને શ્રીગોવર્ધનનાથજીએ જણાવ્યું કે તમે કૃષ્ણદાસ અધિકારીને કહો કે આ બંગાળીઓને કાઢો, કારણ કે મારે મારો વૈભવ વધારવો છે. આ બંગાળીઓ મને ભોગ ધરે છે, તેમની ચોટલીમાં

એક દેવીનું સ્વરૂપ છે. તેને મારી પાસે બેસાડે છે; માટે આ બંગાળીઓને જલદી કાઢો. આ વાત અવધૂતદાસે પોતાના મનમાં રાખી. હવે એક દિવસ કૃષ્ણદાસ શ્રીગોવર્ધનથી મથુરા જતા હતા, ત્યારે અવધૂતદાસે કૃષ્ણદાસને પૂછ્યું કે તમે ક્યાં જાઓ છો? ત્યારે કૃષ્ણદાસે અવધૂતદાસને કહ્યું કે મથુરાં જાઉં છું, કેટલીક સામગ્રી જોઇએ છે. હવે અવધૂતદાસે પૂછ્યું કે શ્રીનાથજીની સેવા કોણ કરે છે? કૃષ્ણદાસે કહ્યું કે બંગાળીઓ કરે છે, એટલે અવધૂતદાસે કૃષ્ણદાસને કહ્યું કે શ્રીગોવર્ધનનાથજીની ઇચ્છા બંગાળીઓને કાઢવાની છે; માટે તમે બંગાળીઓને કાઢો, કારણ કે બંગાળીઓની ચોટલીમાં એક દેવીનું સ્વરૂપ છે. જ્યારે બંગાળીઓ શ્રીનાથજીને ભોગ ધરે છે ત્યારે બંગાળીઓ ચોટલીમાંથી દેવી કાઢી પાસે પધરાવે છે, તે શ્રીગોવર્ધનનાથજીએ શ્રીમુખે જ આજ્ઞા કરી છે માટે હું તમને કહું છે. આ સાંભળી કૃષ્ણદાસે કહ્યું કે બંગાળીઓ શ્રીઆચાર્યજીએ રાખ્યા છે, એટલે શ્રીગુસાંઇજી આજ્ઞા કરે તો જ કઢાય. ત્યારે અવધૂતદાસે કહ્યુ કે તમે અડેલમાં જઇ શ્રીગુસાંઇજીની આજ્ઞા લઇ આવો અને ગમે તે ઉપાયે બંગાળીઓને કાઢો. આ સાંભળી કૃષ્ણદાસ મથુરાં જતા હતા તે અડીંગથી પાછા ફરી શ્રીગોવર્ધન આવ્યા અને બધા બંગાળીઓને કહ્યું કે હું અડેલ શ્રીગુસાંઇજી પાસે જાઉં છું; કંઇક મારે કામ છે. ત્યારે બધા સેવકો, પોરિયા વ્રજવાસીઓને કહે કે તમે સાવધન રહેજો. હું શ્રીગુસાંઇજી પાસે જાઉં છું. હવે શ્રીગોવર્ધનનાથજીની આજ્ઞા લઈને કૃષ્ણદાસ અડેલ ચાલ્યા. પંદર દિવસમાં અડેલમાં આવ્યા, અને શ્રીગુસાંઇજીને દંડવત્ પ્રણામ કર્યા. શ્રીગુસાંઇજીએ કૃષ્ણદાસને પૂછ્યું કે કૃષ્ણદાસ, તમે શ્રીગોવર્ધનનાથજીની સેવા છોડીને શા માટે આવ્યા? ત્યારે કૃષ્ણદાસે કહ્યું કે શ્રીગોવર્ધનનાથજીને પોતાનો વૈભવ વધારવો છે. હવે બંગાળીઓ ચોટલીમાં એક દેવી રાખે છે, તેને રાજભોગ સમયે બેસાડે છે, એટલું જ નહિ પણ જે ભેટ આવે છે તે પોતાના ગુરુને વૃંદાવનમાં પહોંચાડે છે. અત્યારે તેઓ કોઇનું માનશે નહિ. અને આગળ બહુ દિવસ થતાં બંગાળીઓ રહેવાથી ઝઘડો ભારે

થશે. માટે આપ બંગાળીઓને કાઢવાની આજ્ઞા આપો, એટલે હું જઇને કાઢી મૂકું. આ સાંભળી શ્રીગુસાંઇજીએ કૃષ્ણદાસને કહ્યું કે શ્રીગોપીનાથજીએ પૂર્વનો પ્રદેશ પ્રથમ કર્યો હતો, તેની પૂર્વની ભેટ એક લાખ રૂપિયા આવી હતી. ત્યારે શ્રીગોપીનાથજીએ પ્રથમ અડેલમાં આવીને કહ્યું કે આ પહેલા પરદેશની ભેટ શ્રીગોવર્ધન-નાથજીની છે, એમ કહી શ્રીગોપીનાથજી શ્રીજીદ્વાર પધાર્યા. ત્યાં જઇ સોના રૂપાના થાળ કટોરા શ્રીનાથજીને માટે કરાવ્યા. ત્યારપછી સેવા શૃંગાર કરી શ્રીગોપીનાથજી અડેલ આવ્યા, એટલે બંગાળી-ઓએ બધાએ મળી કટોરા, થાળ તથા દ્રવ્ય વૃંદાવનમાં પોતાના ગુરુને ત્યાં મોકલી દીધું. આ બધા સમાચાર અમારી પાસે આવ્યા, પણ અમે શું કરીએ ? આ બંગાળીઓને શ્રીમહાપ્રભુજીએ રાખ્યા છે, એટલે બંગાળીઓને શી રીતે કાઢી શકાય ? આ સાંભળી કૃષ્ણદાસે કહ્યું કે બંગાળીઓને કાઢવાની શ્રીનાથજીની ઇચ્છા છે, માટે આ બાબતમાં આપ ચિંતા ન કરશો. હું ગમે તે રીતે બંગાળીઓને દૂર કરીશ. ત્યારે શ્રીગુસાંઇજીએ કહ્યું કે અવશ્ય બંગાળીઓને કાઢવા જ જોઇએ. જો બહુ દિવસ રહેશે તો ઝઘડો થવાનો. આ સાંભળી કૃષ્ણદાસે કહ્યું કે મહારાજ, મને બે કાગળ લખી આપો, એક રાજા ટોડરમલ પર અને બીજો બીરબલ પર; એ બે પત્રો લખી આપો.

હવે શ્રીગુસાંઇજીએ બે પત્રો લખી દીધા કે કૃષ્ણદાસ શ્રી-ગોવર્ધનમાં છે તે કહે તેમ કરજો. અમારે બંગાળીઓને કાઢવા છે અને બીજા સેવકો રાખવા છે. કૃષ્ણદાસ શ્રીગોવર્ધનનાથજીના અધિકારી છે, તેથી એ જે કરે તે પ્રમાણ છે. આમ લખીને કૃષ્ણ-દાસને બેઉ પત્રો આપ્યા. પછી કૃષ્ણદાસ શ્રીગુસાંઇજીને દંડવત્ પ્રણામ કરીને નીકળ્યા, કેટલેક દહાડે આગ્રા આવ્યા, અને રાજા ટોડરમલને તથા બીરબલને શ્રીગુસાંઇજીના શ્રીહસ્તના પત્રો આપ્યા ત્યારે તેમણે કહ્યું કે તમે કહો તેમ અમે કરીએ. એટલે કૃષ્ણદાસે કહ્યું કે હમણાં તો હું બંગાળીઓને કાઢવા માટે જાઉં છું. જો

કહી બંગાળીઓના ગુરુ જે વૃંદાવનમાં છે તે દેશાધિપતિ પાસે ફરિયાદ કરે તો તમે તેની દેખરેખ રાખજો. એટલે બેઉએ કહ્યું કે તમે જાઓ. તમને શ્રીગુસાંઇજીએ આજ્ઞા કરી હોય તેમ કરો, અમે તપાસ રાખીશું. હવે કૃષ્ણદાસ આગ્રાથી મથુરાં આવ્યા અને ત્યાંથી શ્રીગોવર્ધન આવ્યા. ત્યાં માર્ગમાં અવધૂતદાસ મળ્યા, તેમણે કૃષ્ણદાસને કહ્યું કે ઢીલ કેમ કરી રહ્યા છો? શ્રીનાથજીને પોતાનો વૈભવ વધારવો છે; માટે બંગાળીઓને જલદી કાઢો. શ્રીગોવર્ધન-નાથજીની ઇચ્છા છે. એટલે કૃષ્ણદાસે કહ્યું કે હું શ્રીગુસાંઇજીની આજ્ઞા લઇ આવ્યો છું, અને જતાં વેંત બંગાળીઓને કાઢું છું. આમ કહીને કૃષ્ણદાસ ચાલ્યા, તે શ્રીનાથજીદ્વાર આવ્યા. પછી રુદ્ર-કુંડ પર આવીને બંગાળીઓની ઝૂંપડીમાં આગ લગાડી દેવરાવી, તેથી શોરબકોર થયો, તેથી બધા બંગાળી શ્રીનાથજીની સેવા છોડીને પર્વતથી નીચે ઊતરીને પોતપોતાની ઝૂંપડીમાં આવ્યા અને અગ્નિ હોલવવા લાગ્યા. એટલે કૃષ્ણદાસે શ્રીગોવર્ધનનાથજીના મંદિરમાં બધી જગ્યાએ પોતાના માણસો વ્રજવાસી બસો રાખ્યા હતા તે ગોઠવી દીધા, અને કહ્યું કે કોઇ બંગાળી પર્વત પર ચઢે તેને તમે ચઢવા દેશો નહિ. વળી બ્રાહ્મણ સેવક ભિતરિયાઓને કહ્યું કે તમે શ્રીનાથજીની સેવામાં સાવધાન રહેજો. કૃષ્ણદાસ એમ કહીને પર્વતની નીચે હાથમાં ડંગોરો લઇને ઊભા રહ્યા. પછી બંગાળીઓ અગ્નિ બુઝાવીને બધા આવ્યા અને પર્વત પર મંદિરમાં જવા લાગ્યા, એટલે આ બંગાળીઓને કહ્યું કે હવે સેવામાં તમારું કામ નથી; અમે બીજા નોકર રાખી લીધા છે, તે સેવા કરવા ગયા છે. આ સાંભળી બંગાળીઓએ લડવાની તૈયારી કરી, અને કહ્યું કે શ્રી-ઠાકોરજી અમારા છે અને અમને શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ રાખ્યા છે. આ વખતે લડાઈ થઈ તેમાં કૃષ્ણદાસે બંગાળીઓને નસાડી મૂક્યા, બધા જ નાસી ગયા. પછી મથુરાંમાં જઇ રૂપસનાતનને બધી વાત કહી: કૃષ્ણદાસ નામનો જાતે શૂદ્ર તેણે બધાની ઝૂંપડીઓ બાળી મૂકી અને બધાને મારીને સેવામાંથી બહાર કાઢયા. આવી રીતે વાત કરતા હતા, એટલામાં કૃષ્ણદાસ પણ રથ પર બેસી પચાસ

વ્રજવાસી હથિયારબંધ લઇને શ્રીમથુરાંજી આવ્યા અને પ્રથમ રૂપ-સનાતન પાસે આવ્યા. એટલે રૂપસનાતને ખિજાઇને કૃષ્ણદાસને કહ્યું કે કેમ રે શૂદ્ર, તેં આ બ્રાહ્મણોને આટલા બધા કેમ માર્યા છે? જો આ વાત દેશાધિપતિ સાંભળશે તો તું શો જવાબ આપીશ? આ સાંભળી કૃષ્ણદાસે કહ્યું કે હું તો શૂદ્ર છું, પણ હું બ્રાહ્મણોને સેવક તો કરતો નથી, પણ તમે તો અગ્નિહોત્રી બ્રાહ્મણ નથી, કાયસ્થ છો. કાયસ્થ થઇને આ બ્રાહ્મણોને દંડવત્ પ્રણામ કરાવી સેવક કરો છો, જેથી તમારે જ જવાબ આપવો દુઃખરૂપ થઈ પડશે. તમારાથી તો જવાબ આપવો ભારે પડશે, હું જવાબ આપીશ. તમારી મરજી હોય તો ચાલો અને જુઓ તો ખરા કે તમારાથી કેવો જવાબ અપાય છે અને શું બને છે. આવાં કૃષ્ણદાસનાં વચન સાંભળીને રૂપસનાતને કહ્યું કે તમે જાણો અને એ જાણે. અમે તો કશું જાણતા નથી. આવી રીતે રૂપસનાતન જે બધા બંગાળીઓના ગુરુ હતા, તેમણે કહ્યું. એટલે સર્વ બંગાળીઓએ નિરાશ થઇને મથુરાંના હાકેમ પાસે જઇને ફરિયાદ કરી કે કૃષ્ણદાસે અમને શ્રીગોવર્ધનનાથજીની સેવામાંથી કાઢી મૂક્યા છે; માટે કોઇ રીતે અમને સેવામાં રખાવી દો. આવી વાત ચાલતી હતી, એટલામાં કૃષ્ણદાસ ત્યાં આવી પહોંચ્યા. કૃષ્ણદાસના મુખ પરનું તેજ જોઇને આ હાકેમ ઊઠીને કૃષ્ણદાસને પૂછીને, બેસાડીને કહ્યું કે તમે મોટા છો વળી શ્રી-ગોવર્ધનનાથજીના અધિકારી છો; માટે તમે આ બંગાળીઓનો ગુનો માફ કરો. હવે થઈ ગયું તે થઇ ગયું. હવે એમને રાખી લો, જેથી સેવા કરે. એટલે કૃષ્ણદાસે કહ્યું કે હવે તો અમે ફરી એમને રાખી શકીએ નહિ. હવે એ અમારા ચાકર નથી, એ ચાકર થઇ અમારી સામે લડવા તૈયાર થયા. એમનાં ઝૂંપડાં બળી ગયાં, તો અમે બીજાં ઝૂંપડાં બંધાવી આપત, પરન્તુ એ બધા શ્રીગોવર્ધનનાથજીની સેવા છોડીને પર્વતની નીચે કેમ ઊતર્યા? માટે હવે સેવામાં એમનું કામ જ નહિ. વળી તમારા કહેવાથી હું રાખું, પણ અમે આ વાતનો પત્ર શ્રીગુસાંઇજીને લખીશું. એ જેમ આજ્ઞા કરશે, એમ કરીશું. એટલે આ હાકેમે કહ્યું કે સાચી વાત છે. તમે શ્રીગુસાંઇજીને લખો.

પછી કૃષ્ણદાસ શ્રીનાથજીદ્વાર આવ્યા. ત્યારપછી બંગાળીઓ વૃંદાવનમાં રહ્યા, પરન્તુ બધા બંગાળીઓએ એકઠા થઇ દેશાધિપતિ પાસે આગ્રા આવીને કૃષ્ણદાસની ચગલી કરી. એટલે દેશાધિપતિ અકબર બાદશાહે કહ્યું કે કૃષ્ણદાસ કોણ છે કે જેણે બ્રાહ્મણોને પૂજામાંથી કાઢ્યા? માટે એમને બોલાવો. હવે રાજા ટોડરમલે તથા બીરબલે અકબર બાદશાહને કહ્યું કે શ્રીગોવર્ધનનાથજી ઠાકોરજી શ્રીવિઠ્ઠલનાથજી ગુસાંઇજીના છે. આ બંગાળીઓને પ્રથમ સેવામાં રાખ્યા હતા તેમને ખર્ચી આપતા, હવે એમને કાઢી મૂકયા છે. એટલે દેશાધિપતિએ કહ્યું કે બંગાળીઓ ખોટી ફરિયાદ કરે છે. ચાકરની શી વાત છે? કૃષ્ણદાસને બોલાવીને કહો કે એમની ઇચ્છા હોય તો રાખે. એટણે કૃષ્ણદાસ રથ પર ચઢીને દસ વીસ આદમી લઇને દેશાધિપતિના માણસો સાથે આગ્રામાં આવ્યા, અને પ્રથમ રાજા ટોડરમલ તથા બીરબલને પ્રથમ મળ્યા, એટલે રાજા ટોડરમલે તથા બીરબલે કહ્યું કે બંગાળીઓએ ફરિયાદ કરી હતી, પણ અમે કહી દીધું છે અને ફરી પણ આજે અમે કહી દઇશું. આજ તમે અહીં જ રહો, એટલે કૃષ્ણદાસ ત્યાં જ રહ્યા. હવે રાજા ટોડરમલ તથા બીરબલે દરબાર સમયે દેશાધિપતિ પાસે આવીને અકબરને કહ્યું કે કૃષ્ણદાસ શ્રીગોવર્ધનનાથજીના અધિકારી આવ્યા છે, એમનું મન બંગાળીઓને રાખવાનું નથી. બીજા ચાકર રાખ્યા છે ને બંગાળીઓને તો કાઢ્યા છે. એટલે દેશાધિપતિએ કહ્યું કે એમનું મન હોય તેને ચાકર રાખે. એમાં ખોટું શું છે? માટે બંગાળીઓને કાઢી મૂકો. એટલે રાજા ટોડરમલે અને બીરબલે બંગાળીઓને કહ્યું કે દેશાધિપતિનો હુકમ તમને કાઢવાનો થયો છે, માટે તમે છાનામાના ચાલ્યા જાઓ. ઝઘડો કરશો તો દુઃખી થશો. સાચી વાત તમને કહીએ છીએ. હવે બધા બંગાળી નિરાશ થઇને ચાલ્યા ગયા, ને વૃંદાવનમાં રહ્યા. પછી કૃષ્ણદાસ રાજા ટોડરમલ તથા બીરબલની વિદાય લઇને ચાલ્યા આવ્યા અને ગિરિરાજજી ઉપર આવ્યા. ત્યારપછી બે કાસદ બોલાવી શ્રીગુસાંઇજીને વિનંતિપત્ર લખ્યો. તેમાં લખ્યું કે આપની આજ્ઞાથી બંગાળીને કાઢ્યા છે. વળી તે બાબતમાં

દેશાધિપતિનો પણ જવાબ થઇ ગયો છે, ને બધો ઝઘડો મટી ગયો છે. બંગાળીઓ રાજદ્વારમાં જૂઠા ગણાઈ ગયા છે. માટે આપ કૃપા કરીને અત્રે પધારો. આ પત્ર લઇ કાસદની બે જોડ શ્રીગુસાંઇજી પાસે ગઈ, એટલે શ્રીગુસાંઇજી અડેલથી જલદી પધાર્યા. શ્રીનાથજી-દ્વાર આવીને કૃષ્ણદાસને બોલાવી શ્રીગોવર્ધનનાથજીની સન્મુખ અધિકારીજીનો દુસાલો (ચાદર) ઓઢાડી, અને આપે શ્રીમુખે કહ્યું કે તમે ભારે સેવા કરી છે. આ કામ તમારાથી જ બન્યું કે જે બંગાળીઓને તમે કાઢયા, માટે હવે શ્રીગોવર્ધનનાથજીનો બધો અધિકાર તમે જ કરો. મારી ચૂક થાય તોપણ કહેવી, મનમાં કશો સંકોચ રાખશો નહિ. બધા સેવક ટહેલ કરનારા પર તમારો હુકમ, બીજું વધારે શું ? એવી સેવા તમે કરી છે કે તમે શ્રીગોવર્ધન-નાથજીને જે કહેશો તે કરશે. તમે શ્રીમહાપ્રભુજીના પરમ કૃપાપાત્ર છો; તેથી તમારી આજ્ઞા પ્રમાણે જ ચાલશે તે સુખી થશે, તેનું ભલું થશે. માટે હવે શ્રીગોવર્ધનનાથજીની સેવા બહુ જ સારી રીતે કરો, પરન્તુ સાવધાન રહેવું. હવે કૃષ્ણદાસ શ્રીગુસાંઇજી તથા શ્રીગોવર્ધન-નાથજીને દંડવત્ પ્રણામ કરી અધિકારી તરીકેની બધી સેવા કરવા લાગ્યા. શ્રીગુસાંઇજીની આજ્ઞાથી કૃષ્ણદાસ અધિકારીની ગાદી પર બેસતા. હવે બંગાળીઓએ સાંભળ્યું કે શ્રીગુસાંઇજી શ્રીગોવર્ધન પધાર્યા છે ને શૃંગાર કરે છે. હવે બધા બંગાળી એકઠા થઇ શ્રી-ગુસાંઇજી પાસે આવ્યા અને વિનંતિ કરી કહે કે અમને શ્રીઆચાર્ય-જીએ શ્રીગોવર્ધનનાથજીની સેવામાં રાખ્યા હતા, પણ કૃષ્ણદાસે અમને કાઢયા છે, તો ફરી અમને સેવામાં રાખો. ત્યારે શ્રીગુસાંઇજીએ કહ્યું કે તમે બધા શ્રીનાથજીની સેવા છોડીને પર્વત પરથી નીચે દોડી આવ્યા, તે દોષ તમારો છે, તેથી શ્રીગોવર્ધનનાથજીની ઇચ્છા તમને રાખવાની નથી; માટે હવે તમને ન રખાય. આ સાંભળી બધા બંગાળી બહુ જ વિનંતિ કરવા લાગ્યા : તમે અમારી પાસે સેવા ન કરાવશો, પણ હવે અમે ખાઇએ શું ? શ્રીનાથજીની પાછળ અમારું ખાનપાનનું સુખ ચાલતું; માટે હવે અમને બીજી કંઇ ટેલ બતાવો. અથવા તો કોઇ બીજા શ્રીઠાકોર બતાવો કે જેથી અમારો

નિર્વાહ થાય. આ સાંભળી શ્રીગુસાંઇજીએ શ્રીગોપીનાથજીના સેવ્ય શ્રીઠાકોરજી શ્રીમદનમોહનજી પધરાવી આપી કહ્યું કે આમની સેવા તમે કરો. એટલે બંગાળીઓ શ્રીમદનમોહનજી લઇને વૃંદાવનમાં આવી સેવા કરવા લાગ્યા.

ભાવપ્રકાશ—કારણ એ છે કે બળદેવજી મર્યાદારૂપ છે, તેથી તેમના શ્રીઠાકોરજી પણ મર્યાદારૂપ. આ બંગાળીઓ પણ મર્યાદારૂપની પૂજા કરનારા છે, તેથી આપ્યું, અને ઝઘડો મટાડી દીધો.

ત્યારપછી શ્રીગુસાંઈજીએ સાચોરા ગુજરાતી બ્રાહ્મણ ભિતરિયા સેવામાં રાખ્યા, અને મુખ્ય ભિતરિયા રામદાસજીને કર્યા.

ભાવપ્રકાશ—આ રામદાસ બ્રાહ્મણ સાચોરા ગુજરાતમાં રહેતા. એ લીલામાં ચંદ્રાવળીજીની સખી છે. તેનું નામ "મનોરમા" છે, તેનો ભાવ સાત્ત્વિક છે. તે શ્રીચંદ્રાવળીજીની આજ્ઞાકારી છે. જેમ શ્રીસ્વામિનીજી શ્રીઠાકોરજીની લીલામાં લલિતાજી મધ્યાજી પરમ ચતુર, તે શ્રીગોવર્ધનનાથજીના કૃપાપાત્ર લલિતાજી સ્વરૂપ કૃષ્ણદાસ સર્વ જગ્યાએ હુકમ કરે તેમજ મનોરમારૂપમાં રામદાસ મુખ્ય ભિતરિયા શ્રીગુસાંઈજીની સન્મુખ બધી ટેલ કરતા. આ મનોરમા રામદાસ તરીકે ગુજરાતમાં એક સાચોરા બ્રાહ્મણને ત્યાં જન્મ્યાં. તે બાર વરસના થયા, ત્યારે માતપિતાએ દેહ છોડી દીધો. હવે રામદાસ શ્રીરણછોડજીનાં દર્શન કરવા ગયા. ત્યાં શ્રીઆચાર્યજીનાં દર્શન થયાં. આ વખતે શ્રીઆચાર્યજી કથા કહેતા હતા આ કથા શ્રીઆચાર્યજીના મુખથી સાંભળતાં જ રામદાસને જ્ઞાન થયું કે શ્રીઆચાર્યજી સાક્ષાત્ ઈશ્વર છે, તેથી એમને શરણે જઇએ તો કૃતાર્થ થઇએ; આવો નિશ્ચય મનમાં કર્યો. હવે શ્રીઆચાર્યજી કથા કહી ચૂક્યા, એટલે રામદાસજીએ દંડવત્ પ્રણામ કરી વિનતિ કરી કે મહારાજ, મને શરણે લો. એટલે શ્રીઆચાર્યજીએ કહ્યું કે જાઓ, નાહી આવો. રામદાસજી નાહી આવ્યા એટલે શ્રીઆચાર્યજીએ નામનિવેદન કરાવ્યું. પછી શ્રીઆચાર્યજીએ કહ્યું કે હવે તમે ભગવત્સેવા કરો. ત્યારે રામદાસે કહ્યું કે મારા પિતાના શ્રીઠાકોરજી મારી પાસે છે, તો આપ આજ્ઞા આપો તેવી રીતે હું સેવા કરું. ત્યારે શ્રી-આચાર્યજીએ રામદાસના શ્રીઠાકોરજીને પંચામૃતસ્નાન કરાવી દીધું અને કેટલાક

દિવસ પોતાની પાસે રાખીને સેવાની રીતિ બધી શીખવી. ત્યારપછી રામદાસે શ્રીઆચાર્યજીને વિનંતિ કરી કે મહારાજ, શાસ્ત્ર તો હું કશાં જ ભણ્યો નથી, પણ આપના ગ્રંથો ભણવાની અભિલાષા છે. એટલે શ્રીઆચાર્યજીએ રામદાસને પોતાના ગ્રંથો ભણાવ્યા. એટલે રામદાસજીના હૃદયમાં વ્રજની લીલાઓ સ્ફુરી તેથી આ કીર્તન નીચેનું રામદાસજીએ શ્રીઆચાર્યજીની પાસે ગાયું; તે પદ:—

રાગ ગોરી—

चलि सखी चलि अहो व्रज पैंठ लगी हैं जहां विकात हरिरसप्रेम ॥
सठ सौंघो प्राणनके पलटे, उलट धरो यह नेम ॥१॥
आन भांत पायवो दुर्लभ कोटिक खर्चे हेम ॥
रामदास प्रभु रत्न अमोलक सखि पाइयत हैं एम ॥२॥

(२)

व्रजपूर पैंठ विकत है प्रेम ॥
मन मानिक के बदले पैयत, एह नेहकी नेम ॥१॥
विरह बांस संपुटमें सजनी, राखे जियमें एम ॥
रामदास करी जतन घनेरो, ज्यों रंक राखत हेम ॥२॥

આવાં પ્રકારનાં સ્વરૂપપદ રામદાસજીએ બહુ જ ગાયાં. તે સાંભળીને શ્રીઆચાર્યજી બહુ જ પ્રસન્ન થયા. હવે રામદાસજી શ્રીઆચાર્યજીની વિદાય લઇને દંડવત્ પ્રણામ કરી ગુજરાતમાં પોતાને ઘેર આવીને બહુ જ દિવસ સુધી સેવા કરી. ત્યારપછી એક વૈષ્ણવ રામદાસજીને ઘેર આવ્યો. આ વૈષ્ણવને પ્રેમથી રામદાસે પોતાના ઘરમાં રાખ્યો. રામદાસે કહ્યું કે વૈષ્ણવનો સત્સંગ દુર્લભ છે. આવનાર વૈષ્ણવને કહ્યું કે તમે ભારે કૃપા કરી કે તમે મારે ઘેર પધાર્યા. ત્યારે વૈષ્ણવે કહ્યું કે સંગ કરવા લાયક તો પદ્મનાભદાસજી છે. તેમનો એક ક્ષણ પણ સત્સંગ હોય તો ભગવાનની કૃપા થાય. આટલું સાંભળતાં જ રામદાસજીના મનમાં એમ આવ્યું કે પદ્મનાભદાસજીનો સત્સંગ કરું. ત્યારપછી ચાર દિવસ રહીને આ વૈષ્ણવ તો ગયો. પછી રામદાસ શ્રીઠાકોરજીને પધરાવી પદ્મનાભદાસજીને ત્યાં કનોજ આવ્યા. પદ્મનાભદાસજીએ પ્રેમથી રામદાસજીને એક મહિનો રાખ્યા, તેથી ભગવદ્વાર્તામાં મગ્ન થઈ ગયા. હવે રામદાસે કહ્યું

કે જેવી તમારી બડાઈ સાંભળી હતી તેવો જ તમારો સંગ મને સુખ આપનાર થયો. હવે શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન કરી આવું. ત્યાંસુધી મારા શ્રીઠાકોરજીને તમે રાખો. એટલે પદ્મનાભદાસજીએ રામદાસજીના શ્રીઠાકોરજીને શ્રીમથુરેશજીની શય્યાજીની પાસે બેસાડ્યા, અને અહીં શ્રીગુસાંઈજીએ રામદાસજીને મુખિયાજી બનાવ્યા, જેથી જન્મભર રામદાસજીએ શ્રીનાથજીની સેવા મન રાખીને કરી. આવી રીતે રામદાસજી શ્રીનાથજીદ્વાર રહ્યા. હવે પદ્મનાભદાસજીનો દેહ છૂટ્યો એટલે શ્રીગોવર્ધનનાથજી પાસે રામદાસજીના શ્રીઠાકોરજી બેસાડ્યા તે સદા શ્રીનાથજી પાસે રહ્યા. હવે શ્રીગુસાંઈજીએ શ્રીગોવર્ધનનાથજીની સેવાનો વિસ્તાર વધાર્યો. રાજસેવા થવા લાગી. ભોગ સામગ્રીનો પણ નેગ બાંધ્યો. સેવકો બહુ જ રાખ્યા. દરજી, સોની, ખાતી વગેરે બધાને નેગભોગ આપવાનો કર્યો. વળી ભંડારી (અધિકારી) રાખ્યા તેમને તો ગાદી તકિયા. આવી રીતે શ્રીગોવર્ધનનાથજીની ઈશ્વરતા વધારી દીધી, અને બધાના ઉપરી કૃષ્ણદાસ અધિકારીજીને મુખ્ય જગ્યા આપી. કોઈ કામ હોય તો તેમને જ પૂછવાનું. શ્રીગુસાંઈજી તો સેવા શૃંગાર કરી જાય, કોઇને કશું જ કહે નહિ. કોઈ વાત કોઈ સેવક શ્રીગુસાંઈજીને પૂછે તો શ્રીગુસાંઈજી આપ કહે કે કૃષ્ણદાસ અધિકારી પાસે જાઓ, અમે કશું ન જાણીએ. આવી રીતે મર્યાદા રાખી.

આવી રીતે કૃષ્ણદાસનો વૈભવ ભારે તેમ હુકમ પણ ભારે. પોતે જ્યાં જાય ત્યાં રથ, ઘોડા, બળદ, ઊંટ, ગાડી અને સો પચાસ માણસ સાથે હોય. આવી રીતે કૃષ્ણદાસ અધિકારી આખા દેશમાં પ્રસિદ્ધ થયા. વળી કૃષ્ણદાસ રોજ નવાં પદ કરીને શ્રીગોવર્ધનનાથજીને સંભળાવતા. એવા કૃપાપાત્ર ભગવદીય હતા.

વાર્તાપ્રસંગ ૩ જો.

હવે એક દિવસ શ્રીગોવર્ધનનાથજીએ કૃષ્ણદાસને આજ્ઞા કરી કે શ્યામ કુંભારને મૃદંગ સાથે, સાથે લઇને પરાસોલી સેન આરતી પછી જજો, ત્યાં રાસલીલા કરીશું. એટલે શ્રીગોવર્ધનનાથજીને દંડવત્ પ્રણામ કરી કૃષ્ણદાસ પર્વતથી નીચે આવ્યા, અને પછી શ્રીગોવર્ધનનાથજી શ્યામ કુંભારને કહે કે તમને કૃષ્ણદાસ કહે ત્યાં મૃદંગ લઇને જજો. આવી રીતે શ્યામ કુંભારને શ્રીનાથજીએ આપે આજ્ઞા કરી.

ભાવપ્રકાશ—આવી રીતે શ્યામ કુંભારને શ્રીનાથજીએ આપે આજ્ઞા કરી, કારણ એ છે કે લીલામાં શ્યામ કુંભાર વિશાખાજીની સખી છે. ત્યાં લીલામાં એનું નામ 'રસતરંગિણી' છે, તેની મૃદંગની સેવા છે. એક વાર રસતરંગિણીએ શયન કર્યું હતું તે વખતે વિશાખાજીનું મન ગાન કરવાનું થયું તેથી રસતરંગિણીને જગાડીને કહ્યું કે તું મૃદંગ બજાવ. હવે રસતરંગિણીએ મૃદંગ બજાવ્યું અને વિશાખાજી ગાન કરવા લાગ્યાં, પરન્તુ ઊંઘની આળસને લીધે મૃદંગ બજાવવામાં ચૂક પડવા લાગી. તેથી વિશાખાજીએ ક્રોધથી કહ્યું કે આજ કેવી રીતે બજાવે છે? ત્યારે રસતરંગિણીએ કહ્યું કે મને ઊંઘ આવે છે અને તમારું મન ગાન કરવાનું છે, તો શું કરું? એટલે વિશાખાજીએ મૃદંગ પોતે જ લીધું અને ક્રોધ કરીને વિશાખાજીએ રસતરંગિણીને કહ્યું કે તું મારી સખી નથી, માટે જા, તું જઇને ભૂતળ પર જન્મ લે. અહંકારથી બોલી તેનો આ દંડ છે. તેણે મહાવનમાં એક કુંભારને ત્યાં જન્મ લીધો, અને નામ શ્યામ કુંભાર ધર્યું. તે બધા સમાજમાં ચતુર હતા. શ્રીગુસાંઇજીએ એમને બોલાવીને શ્રીનવનીતપ્રિયજી પાસે રાખ્યા. હવે શ્યામ કુંભારને નામનિવેદન કરાવ્યું. જ્યારે શ્રીનાથજીનો વૈભવ વધ્યો ત્યારે કૃષ્ણદાસના મનમાં આવ્યું કે મૃદંગ જોઇએ. હવે શ્રીગોવર્ધનનાથજીએ કહ્યું કે શ્રીગોકુલમાં શ્યામ કુંભાર છે, તે મૃદંગ સારું બજાવે છે, તેને શ્રીગુસાંઇજીને કહીને અહીં રાખો. એટલે કૃષ્ણદાસે શ્રીગુસાંઇજીને કહ્યું કે શ્યામ કુંભારને શ્રીગોવર્ધનધરની સેવામાં રાખો, આવી ઇચ્છા પ્રભુની છે. આથી શ્રીગુસાંઇજીએ આપે શ્યામ કુંભારને શ્રીગોકુળથી બોલાવીને શ્રીનાથજીની સેવામાં રાખ્યા. ત્યારથી શ્યામ કુંભાર શ્રીનાથજી આગળ મૃદંગ બજાવતા. આવી રીતે શ્યામ કુંભાર શ્રીગિરિરાજમાં રહ્યા.

હવે કૃષ્ણદાસે શ્યામ કુંભારને બોલાવીને કહ્યું કે શ્રીગોવર્ધનનાથજીની ઇચ્છા આજ પરાસોલીમાં રાસ કરવાની છે, માટે મૃદંગ લઇને આવો; સેન આરતી પછી જઇશું. ત્યારે શ્યામ કુંભારે કહ્યું કે મને પણ આજ્ઞા કરી છે, તેથી મૃદંગ લઇ તમારી પાસે આવ્યો છું. પછી શ્રીગોવર્ધનનાથજીની સેન આરતી થઇ ગઇ એટલે કૃષ્ણદાસ શ્યામ કુંભારને લઇને પરાસોલીમાં ચંદ્રસરોવર પર આવ્યા. ત્યાં જુએ તો શ્રીગોવર્ધનધર તથા શ્રીસ્વામિનીજી સઘળી સખીઓ સાથે

બિરાજે છે. હવે શ્રીગોવર્ધનધરે શ્યામ કુંભારને કહ્યું કે તું તો મૃદંગ બજાવ. અને કૃષ્ણદાસને કહ્યું કે તું કીર્તન કર. આ ચૈત્ર સુ. ૧૫ ના રોજ રાત્રિ દોઢ પહોર ગઇ, અજવાળું ફેલાઇ ગયું, તેથી શોભા રાત્રિની અલૌકિક થઇ, ત્યારે શ્યામ કુંભારે મૃદંગ બજાવ્યું. આ સમયે વસંતઋતુમાં સુંદર ફૂલ લતાઓ પર ખીલી રહ્યાં છે, અને શ્રીગોવર્ધનધર શ્રીસ્વામિનીજી સહિત નૃત્ય કરવા લાગ્યા. તે વખતે કૃષ્ણદાસે આ પદ ગાયું; તે પદઃ—

રાગ કેદારોઃ—

श्रीवृषभाननंदिनी नाचत लाल गिरिधरन संग, लाग डाट उरपतिरय रासरंग राख्यो ॥
जप ताल मिल्यो, राग केदारो सप्त स्वरन अवघर वर सुघर तान गानरंग राख्यो ॥१॥
पाई सुख सुरति सिद्धि भरत काम विविध रिद्धि अभिदल नवसत सुहाग हुल्लास रंग राख्यो ॥
वनिता शत यूथके पिय निरख थक्यो, सघनचंद बलिहारी कृष्णदास सुयश रंग राख्यो ॥२॥

આવું પદ સાંભળીને શ્રીગોવર્ધનધરે પ્રસન્ન થઇને પોતાના શ્રીકંઠની પ્રસાદી કુંદકુસુમોની માલા આપી; આથી કૃષ્ણદાસે પોતાનું પરમ ભાગ્ય માન્યું, અને રોમરોમમાં આનંદ ઊછળી રહ્યો, જેથી રાસમાં મગ્ન થઈ ગયા, અને આ પદ ગાયું; તે પદઃ—

રાગ માલવઃ—

अलग लागन उरपतिरय गति नटवत व्रजललना रासें ॥
उघटत शब्द ततथेइ ततथेइ मृगनयनी ईषद हासे ॥१॥
भाल चंद लजावत गावत, बांधत मदनभ्रोंह पाशे ॥
चलत उरज, कटिकिंकणी कुंडल, श्रमजलकण शोभित आशे ॥२॥
नूपुर कुनित क्वणित कटिमेखला, कटितट काछे नीलन वासे ॥
अवघर तान मान बंधाने मोहित विश्व चरण न्यासे ॥३॥
मोहनलाल गोवर्धनधारी रिझवत छेल सुघर लासे ॥
अपने कंठकी प्रिय सुमदलकी, माला देत कृष्णदासे ॥४॥

(२)

ततथेइ रासमंडलमें बन नाचत पियके संग प्रीतम प्यारी ॥
गावत सरस सुजात मिलावत चपलकुटिल भ्रू अनियारी ॥१॥
मालव राग अलापत भामिनी लेत उरप नागर नारी ॥
प्यारीके संग वेणु वजावत, सुघर राय श्रीगिरिधरधारी ॥२॥
कृष्णदास प्रभु सौभग सीमा, सब युवतिनमें सुकुमारी ॥
जोरी अद्‌भुत प्रकटित भूतल केलिकलारस मनुहारी ॥३॥

(३)

चंद गोविंद गोपी तारागण, बने रासमें बनवारी ॥
मुखप्रताप रंजित वृन्दावन, नवल युवतिजनसुखकारी ॥१॥
कमलनयन कमनीय मनोहर, मनहरनी गोकुलनारी ॥
हस्तकमल पर गलित कुसुमदल, नृत्यमान प्रीतमप्यारी ॥२॥
रसमय रास रसिकनी भामिनी, अतिरसाल बने विहारी ॥
कृष्णदास प्रभु रसिकशिरोमणि, रसिकराय गिरिवरधारी ॥३॥

રાગ કાન્હરોઃ—

शिखावत हरिको मुरलि वजावत ॥
सप्त रंध्र पर धरत अंगुलिदल, कंध बाहुधर मधुरे गावन ॥१॥
सरसभेद जति राग कान्हरो, गति विलासवर नयन नचावन ॥
कृष्णदास बलबल वैभवकी, गिरिधर पियप्यारी मन भावन ॥२॥

અહીં આવી રીતે બહુ જ કીર્તન કૃષ્ણદાસે ગાયાં, અને શ્યામ કુંભારે મૃદંગ બહુ જ સારું બજાવ્યું. અને શ્રીગોવર્ધનધરે શ્રીસ્વામિનીજી સાથે સઘળા વ્રજભક્તો સહિત અદ્‌ભુત નૃત્ય કર્યું. આવી રીતે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીની કાનીથી કૃષ્ણદાસ પર શ્રીગોવર્ધનધર આવી કૃપા કરતા. ત્યારપછી શ્રીગોવર્ધનધર શ્રીસ્વામિનીજી સહિત સઘળા વ્રજભક્તો અંતર્ધાન થયા, એટલે શ્યામ કુંભાર મૃદંગ લઇને ગોપાળપુર આવ્યા. આ કૃષ્ણદાસે સમય સમયનાં બહુ જ કીર્તન કર્યાં.

વાર્તાપ્રસંગ ૪ થો

હવે એક દિવસ સૂરદાસજીએ કૃષ્ણદાસને કહ્યું કે કૃષ્ણદાસ, તમે જેટલાં કીર્તન કર્યાં તેમાં મારી છાયા આવે છે, ત્યારે કૃષ્ણદાસે કહ્યું કે હવે એવું કીર્તન કરું કે તેમાં તમારી છાયા ન આવે. હવે કૃષ્ણદાસે એકાંતમાં બેસીને મન એકાગ્ર કરીને વિચાર કર્યો કે સૂરદાસે જે વસ્તુ ન ગાઈ હોય તે ગાવી જોઈએ, આવો વિચાર કર્યો. જે લીલાનો વિચાર કર્યો તે બધી લીલાનાં પદ સૂરદાસજીએ ગાયાં છે. વળી દાન માન તેમજ ગાયોનું વર્ણન આ બધી લીલાઓનાં પદ સૂરદાસે ગાયાં હતાં. આમ વિચાર કરતાં કરતાં કૃષ્ણદાસ થાકયા. મનમાં બહુ જ ચિંતા થઇ. આમ કૃષ્ણદાસનો એક પહોર ગયો અને થાકીને ઊઠીને બેઠા, અને કાગળ તેમજ લેખની (કલમ) ત્યાં ધરીને મહાપ્રસાદ લેવા ગયા, એટલે શ્રીગોવર્ધનધર આવીને પદ પૂરું કરી ગયાં; તે પદઃ—

રાગ ગૌરીઃ—

आवत बनें कान्ह गोप बालकसंग नेचुकी–खुर–रेणु छुरित अलकावलि ॥
भ्रह मन्मथ चाप, वक्रलोचन बान, शिराशोभित, मत्तमयूर, चंद्रावलि ॥१॥
उदित उडुराज, सुंदर शिरोमणि, वदन निरख फूली नवलयुवति कुमुदावलि ॥
अरुण सकुचित, अधर बिंबफल, उपहसत, कछुक प्रकटित होत, कुंददशनावलि ॥२॥
श्रवण कुंडल, तिलक भाल बेसर नाक, कंठ कौस्तुभमणि, सुभग त्रिवलावलि ॥
रत्न हाटकजटित, उरसि पदकन, प्रांत बिच राजत, सुभग झलक मुक्तावलि ॥३॥
वलय कंकण, बाजूबंध, अजानुभुज मुद्रिका, करतल विराजत, नखावलि ॥
क्वणित करमुरलिका, मोहित अखिलविश्व, गोपिकाजनमनसि, ग्रथित प्रेमावलि ॥४॥
कटि क्षुद्रघंटिका, जटित हीरामणि, नाभिअंबुज वलित, भृंग रोमावलि ॥
धाय कबहुक चलत, भक्तहित जान पिय, गंडमंडित रुचित, श्रमजलकणावलि ॥५॥
पीत कौशेय परिधान सुंदर अंग, चलत नूपुर बजत, गीतशब्दावलि ॥
हृदय कृष्णदास गिरिधरनलालकी, चरणनखचंद्रिका, हरत तिमिरावलि ॥६॥

આ પદ લખીને આપ તો પધાર્યા. હવે "નેચુકી" ગાયનું વર્ણન સૂરદાસજીએ કર્યું નહોતું. નેચુકી ગાય તેને કહેવાય કે

પહેલી વિયાય તેનો સ્નેહ વાછડા પર બહુ જ હોય. આવી નેચુકી ગાય કોઈ ગ્વાલ સખાને ગાંઠે નહિ; તે વારંવાર પોતાના વાછડા પાસે ઘર દોડી જાય. આવી નેચુકીના યૂથમાં શ્રીઠાકોરજી આપ પધારે છે, અને આવી નેચુકી ગાયની ખુરરેણુ મુખ પર તથા અલક પર ચોંટી છે. શ્રીઠાકોરજી આવી એક તૂક રચી કાગળ પર લખીને પધાર્યા. હવે કૃષ્ણદાસ મહાપ્રસાદ આનંદથી લઈને આવ્યા ને કીર્તન પૂરું કર્યું; તે પદ:— राग गौरी—आवत बने० (પાછળ કીર્તન છે તે)

આવી રીતે કીર્તન પૂરું કરીને કૃષ્ણદાસજી પ્રસન્ન થઈને હસતા હસતા સૂરદાસજી પાસે આવ્યા; એટલે સૂરદાસજીએ પૂછ્યું કે આજે બહુ જ પ્રસન્ન થઈ હસતા આવો છો, તો કયું નવું પદ રચ્યું? કૃષ્ણદાસે કહ્યું કે આજે એવું પદ રચ્યું છે કે જેમાં તમારા પદની છાયા હોય જ નહિ, તમે જે વસ્તુ ગાઈ નથી. ત્યારે સૂરદાસે કહ્યું કે તમે મને વાંચી સંભળાવો તો સાંભળું. હવે કૃષ્ણદાસે પહેલી જ તૂક કહી તે સાંભળીને સૂરદાસે કૃષ્ણદાસને કહ્યું કે કૃષ્ણદાસ, મારે ને તમારે વાદ છે. તમારા બાપ સાથે વાદ નથી. આમાં તમારું શું છે? મેં નેચુકી ગાઈ નથી તે પ્રભુએ કહી દીધું. બીજું તો શ્રીઅંગનાં વર્ણનનાં હજારો પદ મારાં છે તે જ તમે ગાઈને પૂરણ કર્યાં છે. આ સૂરદાસજીનાં વચન સાંભળીને કૃષ્ણદાસ ચૂપ થઈ ગયા.

ભાવપ્રકાશ—હવે અહીં એવો સંદેહ થાય કે કૃષ્ણદાસજી તો લલિતાજીનું સ્વરૂપ છે, અને શ્રીગોવર્ધનનાથજીએ કૃષ્ણદાસનો પક્ષ કરીને આવું પદ બનાવ્યું તોપણ સૂરદાસજીને ન જીતે, તેનું કારણ શું હશે? ત્યાં કહે છે કે કૃષ્ણદાસજી લલિતારૂપ છે, તેમજ સૂરદાસજી ચંપકલતારૂપ છે, પરન્તુ બેઉના અધિકારનો ભેદ છે. લીલાઓમાં લલિતાજીની સેવા શ્રેષ્ઠ છે, તેવી જ રીતે અહીં સેવાની રીતમાં કૃષ્ણદાસ શ્રેષ્ઠ છે, કારણ કે બધા સેવકોની સેવામાં ચોકસાઈ, વળી બધી વસ્તુ સંભાળવાની, સેવાની વ્યવસ્થા અને વિસ્તાર કરવો, આ બધામાં કૃષ્ણદાસ મહાચતુર છે. જેમ સોનીથી દરજીની સેવા ન બને અને દરજીથી સોનીનું આભૂષણનું કામ ન બને, તેમ સર્વે પોતપોતાની સેવામાં બહુ ચતુર છે. વળી સ્વામિનીજીની સખી બંને બહુ જ પ્રિય છે તેથી શ્રી-

ગોવર્ધનનાથજીની પ્રીતિ તો બંને ઉપર છે, પરન્તુ કૃષ્ણદાસના મનમાં અહંકાર આવ્યો કે મેં પણ કીર્તન બહુ જ કર્યાં છે.

આ કૃષ્ણદાસ શ્રીઆચાર્યજીના એવા કૃપાપાત્ર ભગવદીય હતા.

વાર્તાપ્રસંગ ૫ મો.

એક વાર શ્રીગોવર્ધનનાથજીના મંદિરમાં સામગ્રી જોઇતી હતી, એટલે કૃષ્ણદાસ ગાડાં લઇને પોતે રથ પર સવાર થઇને શ્રીગોવર્ધનથી આગ્રા આવ્યા. અહીં આગ્રાના બજારમાં આવ્યા ત્યાં એક વેશ્યા પોતાની દીકરીને નૃત્ય શીખવતી હતી. આ છોકરી પરમ સુંદર બાર વરસની હતી. કંઠ પણ સુંદર હતો. તે ગાન તથા નૃત્યમાં બહુ જ ચતુર હતી. આ વેશ્યા તાલ ટપ્પા ગાતી હતી. આ છોકરીનું ગાન કૃષ્ણદાસના કાનમાં પડયું, તે કૃષ્ણદાસના મનમાં ચોટી ગયું, તેથી પ્રસન્ન થઇ ગયા, તેથી ત્યાં પોતાનો રથ રોક્યો અને ભીડ આઘી પાછી કરી આ છોકરીનું રૂપ જોયું, અને તેનું ગાન સાંભળીને પણ મોહિત થઇ ગયા.

ભાવપ્રકાશ—અહીં સંદેહ થાય કે કૃષ્ણદાસ શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના કૃપાપાત્ર સેવક તે વેશ્યાના ગાન પર મોહિત કેમ થયા ? કૃષ્ણદાસ તો પોતે શ્રીઠાકોરજી પર મોહિત છે, તો તેમને અપ્સરા તેમજ દેવાંગના પણ તુચ્છ દેખાય. વળી શ્રીઆચાર્યજી આપ જલભેદ ગ્રંથમાં કહે છે કેઃ—

वेश्यादिसहिता मत्ता गायका गर्तसंज्ञिताः ॥
जलार्थमेव गर्तास्तु नीचा गानोपजीविनः ॥

વેશ્યાદિ સહિત ગાયક ભાટ, ડોમ, નીચનું ગાન ભૂંડના ગડેલા જલ જેવું છે તેમાં નહાય, પીએ, તેના જ જેવું નીચના ગાયનના રસનું પાન છે. આવી રીતે શ્રીઆચાર્યજી દોષ બતાવે છે.

હવે આ કૃષ્ણદાસ પરમજ્ઞાનવાન મર્યાદાના રક્ષક વેશ્યાના ગાનથી રીઝયા! એમની દેખાદેખી કરે તો બહિર્મુખ થાય. આ તો બધાને શિક્ષા શિખામણ આપવા માટે અને ઉદ્ધાર કરવા પ્રકટ થયા છે, તો આ કૃષ્ણદાસ વેશ્યા ઉપર કેમ રીઝયા ? આવો સંદેહ થાય ત્યાં કહે છે કે અહીં કારણ

કાંઈ ઓર છે; આ વેશ્યાની છોકરી લીલાસંબંધી દૈવી જીવ લલિતાજીની સખી છે. લીલામાં એનું નામ 'બહુભાષિણી' છે. એક વાર લલિતાજી શ્રીઠાકોરજીને માટે સામગ્રી કરતાં હતાં, તે વખતે લલિતાજીએ બહુભાષિણીને કહ્યું કે તું મિસરી પીસીને લઈ આવ. હવે બહુભાષિણી મિસરીનો ડબરો ભરીને લઈને ચાલી, અને બીજી સખી સાથે વાત કરતાં કરતાં છાંટો ઊડ્યો, તે મિસરીમાં પડ્યો તેની બહુભાષિણીને ખબર ન પડી. પછી મિસરીનો ડબરો લઈને લલિતાજીની પાસે આવી, પણ લલિતાજી બહુ ચતુર છે તેથી જાણી ગયાં. તેથી બહુભાષિણીને કહ્યું કે આ સામગ્રી છોવાઇ ગઈ છે, તારા મોઢાનો છાંટો પડ્યો છે, પણ ભગવદિચ્છાથી બનવાનું બને છે. આ સાંભળી બહુભાષિણી કહે કે તમે જૂઠું બોલો છો, છાંટો પડ્યો નથી, વળી શ્રીઠાકોરજી સખા મંડળીમાં બધાંની જૂઠણ પણ લે છે. આ સાંભળી લલિતાજીએ કહ્યું કે પ્રભુની લીલામાં તું શું જાણે ? પ્રભુ પ્રસન્ન થાય તો ચાહે તે કરે, તે યોગ્ય છે, પણ પોતે જાતે કોઈ હીન ક્રિયા કરે તો તે ભ્રષ્ટ થાય, માટે તું હીન જગ્યાએ જન્મીશ. એટલે બહુભાષિણીએ કહ્યું કે તમે પણ શૂદ્રને ત્યાં અવતાર લઈને મારો ઉદ્ધાર કરજો, કારણ કે તમને છોડીને હું ક્યાં જાઉં ? આવી રીતે પરસ્પર શાપ આપ્યો, તેથી કૃષ્ણદાસ શૂદ્રને ત્યાં જન્મ્યા અને બહુભાષિણીનો જન્મ માત્ર વેશ્યાને ઘેર થયો, પરંતુ લૌકિક પુરુષનું મોઢું પણ જોયું નહોતું. આ વેશ્યાના અંગીકારને માટે શ્રીગોવર્ધનધરે કૃષ્ણદાસને આગ્રા મોકલ્યા હતા, તેથી કૃષ્ણદાસને વેશ્યાનું ગાન પ્રિય લાગ્યું.

હવે ઊભા રહીને ગાન તથા નૃત્ય સાંભળીને મનમાં વિચારે છે કે આ સામગ્રી અતિ ઉત્તમ છે, અને જીવ પણ દૈવી છે, તેથી શ્રીગોવર્ધનનાથજીને લાયક છે, તેથી શ્રીગોવર્ધનનાથજી આનો અંગીકાર કરે તો સારું થાય. આવો વિચાર કરીને આ વેશ્યાને દસ રૂપિયા આપીને કૃષ્ણદાસે કહ્યું કે અમારા મુકામે રાત્રે આવજો. આવી સૂચના કરી કૃષ્ણદાસ જ્યાં હવેલીમાં હંમેશાં ઊતરતા હતા એ જ હવેલીમાં ઊતર્યા અને જે સામગ્રી લેવી હતી તે લઇ ગાડામાં ભરાવી દીધી. ત્યારપછી રાત્રિ પહોર ગઈ ત્યારે આ વેશ્યા સમાજ સાથે આવી અને નૃત્ય તથા ગાન કર્યું, આથી કૃષ્ણદાસ બહુ જ

પ્રસન્ન થયા. અને વેશ્યાને ૧૦૦) સો રૂપિયા આપ્યા અને વેશ્યાને કહ્યું કે તારૂં રૂપ, ગાન તથા નૃત્ય બધું જ સારૂં છે. પરન્તુ અમે સવારે શ્રીગોવર્ધન જઇશું, કારણ કે અમારો શેઠ તો ત્યાં છે, જો તારી ઇચ્છા હોય તો તું ચાલ. એટલે વેશ્યાએ કહ્યું કે અમારે તો એવું જ જોઇએ. પછી આ વેશ્યા બહુ જ પ્રસન્ન થઇ, કારણ કે એના મનમાં એમ થયું કે જો આમણે આટલું બધુ આપ્યું તો શેઠ તો કેટલુંય બધું આપશે. હવે વેશ્યાએ ઘેર જઇ પોતાની ગાડી તૈયાર કરી, અને ગાવાનો સાજ પણ બધો સારો તૈયાર કરી ગાડીમાં ગોઠવી દીધો, પછી સવારમાં કૃષ્ણદાસ પાસે આવી. હવે કૃષ્ણદાસ આ વેશ્યાને સાથે લઇને ચાલ્યા, અને મથુરાં આવીને રહ્યા. બીજે દિવસે મથુરાંથી ચાલ્યા અને મધ્યાહ્ન સમયે ગોપાળપુર આવ્યા, અને આ વેશ્યાને નવરાવીને નવીન વસ્ત્રો પહેરાવ્યાં. પછી કૃષ્ણદાસે વિચાર કર્યો કે આ ખ્યાલ ટપ્પા ગાશે તો શ્રીગોવર્ધનધર સાંભળશે, માટે એને એક પદ શિખવાડું. વેશ્યાને એક પદ કૃષ્ણદાસે શીખવ્યું અને કહ્યું કે આ પદ તું પૂર્વી રાગમાં ગાજે; તે પદઃ—

રાગ પૂર્વી—

मेरो मन गिरधरछबि पर अटक्यो ॥
ललितत्रिभंग अंगन ऊपर चलि गयो तहांही ठठक्यो ॥१॥
सजल श्याम घन नील वरण होइ फिर चित अनत न भटक्यो ॥
कृष्णदास किये प्राण न्योछावरि यह तन जग शिर पटक्यो ॥२॥

આ પદ વેશ્યાને શીખવી દીધું, ત્યારપછી ઉત્થાપનનાં દર્શન થઇ ગયાં, અને ભોગનાં દર્શન સમયે આ વેશ્યાને સમાજ સહિત કૃષ્ણદાસ પર્વત પર લઇ ગયા.

ભાવપ્રકાશ—ભોગનાં દર્શન સમયે એટલા માટે લઈ ગયા કે ઉત્થાપન સમયે નિકુંજમાં જાગીને શ્રીઠાકોરજી ઊઠે છે, તેથી ઉત્થાપન ભોગ જલદી આવવો જોઇએ. અને ભોગનાં દર્શન વ્રજના મારગમાં પધારે છે ત્યારે

અનેક ભક્તોનો અંગીકાર કરે છે. હવે આનો પણ અંગીકાર કરવાનો છે; ભોગના સમયે કૃષ્ણદાસ વેશ્યાને પર્વત પર લઈ ગયા.

હવે ભોગનાં કમાડ ખૂલ્યાં એટલે આ વેશ્યાએ પ્રથમ નૃત્ય કર્યું, ત્યારપછી ગાન કરવા લાગી, અને કૃષ્ણદાસે જે પદ શીખવ્યું હતું તે ગાયું. તે ગાતાં ગાતાં જ્યારે છેલ્લી તૂક આવી કે "कृष्णदास कियो प्राण न्योछावरि यह तन जग शिर पटक्यो" આ પદ-લીટી ગાતાં જ આ વેશ્યાનો દેહ છૂટી ગયો, અને દિવ્ય દેહ ધરી લીલામાં પ્રાપ્ત થઇ. આવું બનતાં બધા સમાજવાળા તેમજ આ વેશ્યાની માતા રોવા લાગી કે અમે આનાથી કમાઇ કરતાં હવે શું કરીશું? હવે કૃષ્ણદાસે એમને નીચે લઇ જઇને કહ્યું કે હવે થયું તે થયું એની આવરદા એટલી હશે. આવી બાબતમાં કોઇ શું કરે? હવે તમે કહો તે તમને આપું. એટલે તેણે કહ્યું કે હજાર રૂપિયા આપો તો કેટલાક દિવસ અમારો નિર્વાહ થાય. પછી તો જે થવાનું હશે તે થશે. કૃષ્ણદાસે હજાર રૂપિયા આપી તેમને બધાંને વિદાય આપી. આવી રીતે આ છોકરીનો શ્રીગોવર્ધનનાથજીએ કૃષ્ણદાસની કાનીથી આપે અંગીકાર કર્યો.

ભાવપ્રકાશ—અહીં આવો સંદેહ થાય છે કે શ્રીઆચાર્યજીના સંબંધ વિના લીલાની પ્રાપ્તિ કેમ થઈ? આ બાબતમાં કહે છે કે કૃષ્ણદાસના હૃદયમાં શ્રીઆચાર્યજી બિરાજે છે. કૃષ્ણદાસે વેશ્યાની છોકરીને પદ શીખવ્યું એ તો માત્ર દેખાવ પૂરતું છે. આ પદ દ્વારા શ્રીઆચાર્યજીનો સંબંધ કરાવ્યો, તેથી પહેલી તૂકમાં કહે કે "**मेरो मन गिरिधरछबि पर अटक्यो**" બધો ધર્મ બરાબર મન લગાડીને રીતસર જ કર્યો છે. જીવ પોતાની સત્તા માની સ્ત્રી પુત્ર દેહમાં મન રાખે છે તેથી સમર્પણ કરાવવામાં આવે છે. અહીં કોઈ કહે છે કે જીવ બધું દઈ ચૂક્યો છે, તેથી પોતાની સત્તા છોડીને પ્રભુની સત્તા જ બધા પર છે. તેથી મારી તો એક શ્રીકૃષ્ણ જ ગતિ છે, તેથી આ પદમાં કહે છે કે મારું મન શ્રીગોવર્ધનધરની છબી પર અટક્યું છે, અને તે બધું છોડીને અટક્યું છે. આવી રીતે કૃષ્ણદાસ દ્વારા શ્રીઆચાર્યજીએ આપે જ સંબંધ કરાવ્યો છે, એમ જાણવું. અહીં વળી સંદેહ થાય કે ગુરુ વિના

લીલાની પ્રાપ્તિ શી રીતે થઈ? અલીખાનને પ્રભુએ દર્શન આપ્યાં, પછી અલીખાનને તથા અલીખાનની પુત્રીને સેવક થવાનું કહ્યું તેથી સેવક કર્યાં. પરન્તુ અહીં સેવક ન કર્યાં એવો સંદેહ થાય, તો તેને માટે કહે છે કે બ્રહ્મસંબંધમાં શ્રીગોવર્ધનધરની પણ એવી આજ્ઞા છે કે જેને તમે બ્રહ્મસંબંધ કરાવશો, તેનો હું અંગીકાર કરીશ. તો આનું શ્રીઆચાર્યજી દ્વારા બ્રહ્મસંબંધ થયું નથી, છતાં લીલાની પ્રાપ્તિ શી રીતે થઈ? એનો ઉદ્ધાર[1] થાય પણ લીલાની પ્રાપ્તિ શી રીતે થાય? લીલાની પ્રાપ્તિ તો દુર્લભ છે. વળી બ્રહ્મસંબંધ આપવાને માટે શ્રીઆચાર્યજીનું કુળ વિસ્તાર પામ્યું છે તો તેનું પ્રયોજન શું? શ્રીઆચાર્યજીએ આપે સેવકોને નામ આપવાની આજ્ઞાઓ આપી છે, પણ બ્રહ્મસંબંધની નહિ. તેથી બ્રહ્મસંબંધનું દાન તો શ્રીવલ્લભ કુળ જ કરાવે, બીજાથી ફળરૂપ નહિ. આવો સંદેહ પણ અહીં થાય, તો તે બાબતમાં કહે છે કે વેશ્યાની છોકરી દેહ છોડી લીલામાં ગઈ ત્યાં લીલામાં લલિતાજી તથા શ્રી-ગુસાંઈજી સદા બિરાજે છે. હવે કૃષ્ણદાસ લીલામાં લલિતારૂપ હોઈ જગતમાંથી કાઢીને લીલામાં મોકલી, તેથી લીલામાં લલિતાજીએ શ્રીસ્વામિનીજી દ્વારા બ્રહ્મસંબંધ કરાવી સેવામાં રાખી, કારણ કે તે લલિતાજીની સખી છે. આવી રીતે બ્રહ્મસંબંધ થયું. જેવી રીતે મથુરાંમાં નાગરની પુત્રીને લીલામાં બ્રહ્મ-સંબંધ શ્રીગુસાંઈજીએ કરાવ્યું, તેવો ભાવ જાણવો.

આ કૃષ્ણદાસ એવા ભગવદીય હતા કે વેશ્યાનો અંગીકાર કરાવ્યો.

વાર્તાપ્રસંગ ૬ ઠ્ઠો.

હવે એક વાર બધા વૈષ્ણવ એકઠા થઇ કુંભનદાસજી પાસે આવ્યા. તેમને પ્રીતિથી બેસાડી પૂછ્યું કે આજ મ્હારે કૃપા કરી; કંઇ આજ્ઞા કરો. ત્યારે વૈષ્ણવોએ કહ્યું કે તમારી પાસે કંઇક મારગની રીતિ સાંભળવા આવ્યા છીએ. આ સાંભળી કુંભન-દાસે કહ્યું કે મારગની રીતિમાં તો કૃષ્ણદાસ નિપુણ છે; માટે એમને

૧. ઉદ્ધાર અને લીલાની પ્રાપ્તિમાં ભેદ છે. લીલાની પ્રાપ્તિમાં શ્રીઠાકોરજીની લીલામાં ભક્તોનાં વ્રજમંડળોમાં આત્મા દિવ્યસ્વરૂપે જાય છે, તેમાં ઊંચા ભક્તોને લેવા લીલામાંથી પણ દૈવીતત્ત્વો આવે છે, જ્યારે ઉદ્ધારમાં તે યોનિમાંથી જીવ મુક્ત થઇ નવીન યોનિ પ્રાપ્ત કરી પછી લીલાની પ્રાપ્તિ કરે છે.

પૂછો. એટલે આ વૈષ્ણવોએ કહ્યું કે અમારું સામર્થ્ય તેમને પૂછવાનું નથી, જેથી અમે પૂછી શકીએ. ત્યારે કુંભનદાસે કહ્યું કે તમે મારી સાથે ચાલો; તમારા તરફથી હું પૂછીશ. એટલે બધા વૈષ્ણવ કુંભનદાસજી સાથે ગયા.

ભાવપ્રકાશ—કુંભનદાસજીએ એટલા માટે એમને ના કહી કે કુંભનદાસજીનું મન સદા રહસ્યલીલામાં મગ્ન છે, તેથી શી ખબર પડે કે પ્રેમાવેશમાં શી વસ્તુ નીકળી પડે? વળી કીર્તનોમાં ગૂઢલીલા–ગૂઢરીતિથી લીલાઓનું વર્ણન કરે છે, તેથી જેનો અધિકાર છે તેટલું તેનાં કીર્તનોમાં ભાસે છે. વળી વૈષ્ણવોને કહેવું પડે, તો સ્પષ્ટ કરીને સમજાવવું પડે. તેથી કુંભનદાસજી કૃષ્ણદાસ પાસે બધા વૈષ્ણવોને લઇને આવ્યા.

હવે બધા વૈષ્ણવોને જોઇને કૃષ્ણદાસ બહુ જ પ્રસન્ન થયા અને બધાને આદર કરીને બેસાડ્યા, તેમજ તે સમયે કૃષ્ણદાસે આ કીર્તન ગાયું; તે પદઃ—

રાગ સારંગ—

गिरिधर जब अपनो करि जाने ॥
ताको मन भक्तनकी सेवा, भक्तचरणरज सदा लुभाने ॥१॥
भक्तनमें मति भक्तनहीं गति, हरिजन हरि एक करि माने ॥
"कृष्णदास" मन वच कर्म करि, हरिजन संग हरि उर आने ॥२॥

આ પદ કૃષ્ણદાસે કહ્યું, પછી કૃષ્ણદાસે પૂછ્યું કે આજે મારા પર બધા ભગવદીયોએ કૃપા કરી, જેથી મારી પાસે પધાર્યા, તો તમે સર્વે પ્રસન્ન થઈ આજ્ઞા કરો તે હું કરું. ત્યારે કુંભનદાસે કહ્યું કે સર્વે વૈષ્ણવનું મન પુષ્ટિમાર્ગની રીતિ સાંભળવાનું છે, તો શું કહીએ, શાનું સ્મરણ કરીએ કે પુષ્ટિમાર્ગનો અનુભવ થાય, એવું કૃપા કરીને સંભળાવો. આ સાંભળી કૃષ્ણદાસે કહ્યું કે કુંભનદાસજી, તમે તો બધી રીતે યોગ્ય છો, વળી શ્રીઆચાર્યજીના કૃપાપાત્ર ભગવદીય છો, તેથી તમે યોગ્ય છો, મોટા છો તો તમારા આગળ હું શું કહું? તમારાથી તો કશું છાનું નથી. ત્યારે કુંભનદાસજીએ

કૃષ્ણદાસને કહ્યું કે તમે કહો, અમારી આજ્ઞા છે. વળી બધા સેવકોમાં તમે મુખ્ય છો. સેવકોનું કાર્ય તમારા હાથમાં છે. વળી આ પુષ્ટિમાર્ગના અધિકારી પણ તમે છો; માટે તમે કહો. એટલે કૃષ્ણદાસે અષ્ટાક્ષરનો ભાવ કીર્તનમાં કહ્યો; તે પદઃ—

રાગ સારંગ—

कृष्ण श्रीकृष्णः शरणं मम उच्चरे ॥
रेनदिन नित्य प्रति सदा पल छिन घडी
करत बिध्वंस जन अखिल अघ परिहरे ॥१॥
होत हरिरूप व्रजभूप भावे सदा अगम भवसिंधुको बिना साधन तरे ॥
रहत निशदिवस आनंद उरमें भरें पुष्टिलीला सकलसार उरमें धरे ॥२॥
रमा अज शेष सनकादि शुक शारदा व्यास नारद रटे पलक मुख ना हरे ॥
लालगिरिधरनकी महिमा अतुल जगमगे शरण कृष्णदास निगम नेतिनेति करे ॥३॥

આ પદમાં અષ્ટાક્ષરનો ભાવ કહીને હવે પંચાક્ષરનો ભાવ કીર્તનમાં કહે છે; તે પદઃ—

રાગ સારંગ—

कृष्ण ये कृष्ण मन मांह गति जाणिये ॥
देह इंद्रिय प्राण दारागारादि वित्त आत्मा सकल श्रीकृष्ण मानिये ॥१॥
कृष्ण मम स्वामी हों, दास मन वच कर्म कृष्ण कर्ता येही सदा जिय आनिये ॥
कृष्णदासके नाथ हरिदासवर्यधर चरणरज वल्लभाधीश मन सानिये ॥२॥

આ બે કીર્તન કૃષ્ણદાસે ગાઇ સંભળાવ્યાં, એટલે બધા વૈષ્ણવ પ્રસન્ન થઇને કહે કે કૃષ્ણદાસ, તમને ધન્ય છે કે બે કીર્તનમાં સંદેહ દૂર કર્યો, તેમજ માર્ગનો સર્વ સિદ્ધાંત બતાવ્યો. ત્યારપછી વિદાય થઇને બધા વૈષ્ણવ પોતપોતાને ઘેર ગયા. આ કૃષ્ણદાસ શ્રીઆચાર્યજીના એવા કૃપાપાત્ર ભગવદીય હતા.

વાર્તાપ્રસંગ ૭ મો.

ગંગાબાઇ ક્ષત્રિયાણીની સાથે કૃષ્ણદાસનો બહુ જ સ્નેહ હતો.

ભાવપ્રકાશ—તેનું કારણ છે કે ગંગાબાઈ શ્રુતિરૂપાના યૂથમાં તામસી ભક્ત છે, તે મથુરાંના ક્ષત્રિયને ઘેર પ્રકટ થઈ. તે ૧૧ વરસની થઈ ત્યારે ગંગાબાઇનો વિવાહ મથુરાંના એક ક્ષત્રિયના એક છોકરા સાથે થયો, પણ ગંગાબાઇને જે બાળક થાય તે મરી જાય. નવ પુત્ર થયા. ત્યારપછી એક પુત્રી થઈ તે પુત્રીનો વિવાહ ગંગાબાઈ ક્ષત્રિયાણીએ કર્યો. ગંગાબાઈની પુત્રીને ઘરેણાં બહુ જ હતાં. આ પુત્રી મરી ગઈ. આ પુત્રીનાં લાખ રૂપિયાનાં ઘરેણાં પોતાની પાસે છાનાં રાખ્યાં તેમાંથી થોડાં મથુરાંના હાકેમને આપી બીજાં પોતાની પાસે રાખ્યાં. પછી ૫૫ વરસની થઈ ત્યારે ઝઘડાને લીધે શ્રીનાથજીદ્વાર આવીને રહી, અને કૃષ્ણદાસ સાથે મળીને શ્રીઆચાર્યજીને સેવક કરવાનું કહ્યું, એટલે કૃષ્ણદાસે આચાર્યશ્રીને વિનંતિ કરી કે મહારાજ, ગંગાબાઈ ક્ષત્રિયાણીને શરણે લો. ત્યારે શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે જીવ તો દૈવી છે, પણ હજુ મન શ્રીઠાકોરજીમાં નથી. ત્યારે કૃષ્ણદાસે વિનતિ કરી કે મહારાજ, આપની કૃપાથી શ્રીગોવર્ધનનાથજી પણ કૃપા કરશે. આથી કૃષ્ણદાસના આગ્રહથી શ્રીઆચાર્યજીએ ગંગાબાઇને નામનિવેદન કરાવ્યું. હવે જ્યારે પહેલાં કૃષ્ણદાસ શ્રીગોવર્ધનનાથજીના ભેટિયા તરીકે પરદેશ જતા ત્યારે ગંગાબાઈ ક્ષત્રિયાણી મથુરાં આવતી. પછી જ્યારે કૃષ્ણદાસ શ્રીનાથજીદ્વાર આવતા ત્યારે ગંગાબાઈ ક્ષત્રિયાણી પણ મથુરાંથી સઘળી વસ્તુ લઇ શ્રીનાથજીદ્વાર આવતી. કૃષ્ણદાસ ગંગાબાઈનું મન ભગવદ્ધર્મમાં ચોટે, માટે બેઉ સમયનો મહાપ્રસાદ શ્રીનાથજીનો ગંગાબાઇને ઘેર મોકલતા, કારણ કે ખાનપાનમાં ગંગાબાઈની પ્રીતિ બહુ જ હતી. કૃષ્ણદાસ બહુ જ સુંદર સામગ્રી શ્રીનાથજીને આરોગાવતા અને ગંગાબાઇને ભગવદ્ધર્મ સમજાવતા. વળી કૃષ્ણદાસ ગંગાબાઇને શ્રીનાથજીનાં બધા સમયનાં દર્શન પણ કરાવતા, તેથી કૃષ્ણદાસના સંગથી ગંગાબાઈ ક્ષત્રિયાણીનું મન અલૌકિક થયું.

હવે એક વાર શ્રીગુસાંઇજી આપ શ્રીગોવર્ધનનાથજીને રાજભોગ સમર્પતા હતા તે સામગ્રી પર ગંગાબાઇની દૃષ્ટિ પડી, તેથી શ્રીગોવર્ધનનાથજી પોતે રાજભોગ આરોગ્યા નહિ. હવે શ્રીગુસાંઇજીએ પોતે ભોગ સરાવ્યો; પછી રાજભોગ આરતી કરી અનોસર કરી આપ પર્વત પરથી નીચે પધાર્યા. પછી સેવક ભિતરિયાઓએ મહાપ્રસાદ લીધો, અને શ્રીગુસાંઇજી પણ મહાપ્રસાદ લઇને પોઢચા. હવે

શ્રીગોવર્ધનનાથજીએ રામદાસ ભિતરિયાને લાત મારી જગાડ્યો, એટલે રામદાસ જાગ્યા, ને જુએ તો શ્રીગોવર્ધનનાથજી છે. તે વખતે રામદાસ દંડવત્ પ્રણામ કરીને હાથ જોડીને ઊભા રહ્યા. એટલે શ્રીગોવર્ધનનાથજીએ રામદાસને કહ્યું કે હું ભૂખ્યો છું. પછી રામદાસજીએ શ્રીગોવર્ધનનાથજીને વિનંતિ કરી કે મહારાજ, શ્રીગુસાંઇજીએ રાજભોગ સમર્પ્યો હતો ને આપ ભૂખ્યા કેમ રહ્યા? એટલે શ્રીગોવર્ધનનાથજીએ કહ્યુ કે રાજભોગમાં સામગ્રી પર ગંગાબાઇની દૃષ્ટિ પડી, તેથી હું આરોગ્યો નથી. તરત જ રામદાસ ભિતરિયાએ શ્રીગુસાંઇજી પાસે જઇ ચરણારવિંદ દબાવીને જગાડ્યા, અને વિનંતિ કરી કે મહારાજ, શ્રીગોવર્ધનનાથજી આપ ભૂખ્યા છે, કારણ કે રાજભોગમાં ગંગાબાઇની દૃષ્ટિ પડી છે, તેથી શ્રીગોવર્ધનનાથજી આપ રાજભોગ આરોગ્યા નથી. આટલું સાંભળતાં જ શ્રીગુસાંઇજી આપ તત્કાલ ઊઠીને સ્નાન કરીને શ્રીગોવર્ધનનાથજીના મંદિરમાં પધાર્યા, અને રામદાસ પણ નાહીને આવ્યા, અને બધા ભિતરિયા પણ સ્નાન કરીને આવ્યા. હવે શ્રીગુસાંઇજીએ શીતકાલ જોઇને સર્વ ભિતરિયાઓને કહ્યું કે વડી અને ભાત કરો. તે જલદી સિદ્ધ થશે, માટે તૈયારી કરો. એટલે ભિતરિયાઓએ વડી અને ભાત તૈયાર કર્યાં, તે શ્રીગુસાંઇજી આપે શ્રીગોવર્ધનનાથજીને ભોગ ધર્યો. ત્યારપછી રાજભોગની બધી સામગ્રી સિદ્ધ થઇ એટલે રાજભોગ તથા સેનભોગ સાથે જ શ્રીગુસાંઇજીએ ધર્યા. હવે સમય થયે ભોગ સરાવ્યા. ત્યારપછી શ્રીગોવર્ધનનાથજીને પોઢાડીને અનોસર કરી બહાર પધાર્યા. હવે એક ડબરામાં વડી ભાત શ્રીગુસાંઇજી પોતાના હાથમાં લઇને પર્વતથી નીચે પધાર્યા. પછી બધા સેવકોને વડી ભાત પોતાના શ્રીહસ્તથી રંચક રંચક આપ્યો, પછી રંચક શ્રીગુસાંઇજી આપ આરોગ્યા. વડી ભાતનો મહાપ્રસાદ બહુ સ્વાદિષ્ઠ થયો, અને શ્રીગુસાંઇજીએ શ્રીમુખથી બહુ જ સરાહના કરી. પછી રામદાસ વગેરે સર્વ વૈષ્ણવ સેવકોએ શ્રીગુસાંઇજીને કહ્યું કે મહારાજ, આ સામગ્રી તો શીતકાળમાં કેટલીક વાર કરી છે, પરન્તુ આજ બહુ જ સ્વાદ આવ્યો. ત્યારે શ્રીગુસાંઇજીએ કહ્યું કે શ્રીગોવર્ધનનાથજી આપ ભૂખ્યા હતા,

તથી પ્રીતિથી આરોગ્યા તેથી અદ્ભુત સ્વાદ આવ્યો. તે વખતે
કૃષ્ણદાસ પાસે જ ઊભા હતા. હવે કૃષ્ણદાસે કહ્યું કે મહારાજ,
આપ જ જાતે કરનાર અને આપ જ આરોગનાર, પછી સ્વાદ કેમ
ન આવે? ત્યારે આ સમયે શ્રીગુસાંઇજીએ શ્રીમુખથી કહ્યું કે આ
તમારાં કર્યાં ભોગવવાં પડે છે.

ભાવપ્રકાશ—અહીં સંદેહ થાય કે શ્રીગોવર્ધનનાથજી આરોગ્યા નહિ,
અને શ્રીગુસાંઇજીએ ભોગ સરાવ્યા, વળી આચમન તથા મુખવસ્ત્ર કરાવ્યું,
તેમજ શ્રીગોવર્ધનનાથજીને બીડી આરોગાવી, તો ભૂખ્યા હોવાની બાબત શ્રી-
ગુસાંઈજીએ કેમ ન જાણી? અને બીડાં આરોગતાં શ્રીગોવર્ધનધર શ્રીગુસાંઈજીને
ન કહે કે હું રાજભોગ આરોગ્યો નથી? આનું કારણ શું? વળી રામદાસ
ભિતરિયાને કેમ કહ્યું? આવો સંદેહ થાય ત્યાં કહે છે કે શ્રીગોવર્ધનનાથજી
તે દિવસે શ્રીગોકુલમાં શ્રીનવનીતપ્રિયજીને ત્યાં શ્રીગિરિધરજીએ વડીભાત કરાવ્યો
હતો, તે શોભાબેટીજીએ કર્યો હતો. તે સમયે શ્રીગિરિધરજી અને શ્રીશોભા-
બેટીજીના મનમાં આવ્યું કે શ્રીગોવર્ધનધર આપ પધારે અને નૌતન સામગ્રી
આરોગે, તેથી ત્યાં બીજા સ્વરૂપે શ્રીગિરિરાજજીથી પધારીને શ્રીગોવર્ધનધર
વડીભાત આરોગ્યા, અને શ્રીગિરિધરજી તથા શ્રીશોભાબેટીજીનો મનોરથ
તેથી ભક્તોને અનુભવ આપે છે એ સ્વરૂપે આરોગીને પછી શ્રીગિરિરાજ
પર્વત પર પધાર્યા. ત્યારે અહીં શ્રીગિરિરાજ પર તો બધા સેવક મહાપ્રસાદ
લઈ ચૂક્યા હતા, અને શ્રીગુસાંઇજી પોઢ્યા હતા, તે વખતે મંદિરમાં શ્રી-
સ્વામિનીજીએ પૂછ્યું કે કહો, ક્યાં જઈ આવ્યા? ત્યારે શ્રીગોવર્ધનનાથજીએ
કહ્યું કે વડીભાત શ્રીગોકુલમાં શ્રીગિરિધરજી અને શ્રીશોભાબેટીજીનો મનોરથ
હતો, તેથી આરોગીને આવ્યો છું. આ સાંભળી શ્રીસ્વામિનીજીને પણ વડીભાત
આરોગાવવાનો મનોરથ થયો કે વડીભાત આરોગે તો સારું, પરન્તુ અહીં તો
રાજભોગ આવી ચૂક્યા હતા, તેથી શ્રીસ્વામિનીજીએ શ્રીનાથજીને કહ્યું કે જઇને
રામદાસને કહો કે સામગ્રી પર ગંગાબાઈની દૃષ્ટિ પડી છે. આમ કહેવાનું
કારણ એ છે કે લીલાસૃષ્ટિનાં વચન પણ સિદ્ધ કરવાં છે, અને શ્રીગુસાંઈજીને
છ મહિનાનો વિપ્રયોગ છે. મૂળ વાત એવી છે કે લીલામાં એક વાર શ્રીઠાકોર-
જીએ લલિતાજીને કહ્યું: હું તારી નિકુંજમાં પધારીશ. આ વાત શ્રીચંદ્રાવલિ-

જીએ સાંભળી, તેથી શ્રીચંદ્રાવલિજીએ શ્રીઠાકોરજીને વિવિધ ચતરાઇ કરી સેવા દ્વારા લલિતાજીને ત્યાં ૭ માસ સુધી પધારવા દીધા નહિ, તેથી લલિતાજી વિરહથી મહા કૃશ થઇ ગયાં. આ વાત શ્રીસ્વામિનીજીએ જાણી, તેથી શ્રી-સ્વામિનીજી લલિતાજીને લઇને શ્રીઠાકોરજીની પાસે તે જ સમયે આવ્યાં અને શ્રીઠાકોરજીને કહ્યું કે તમે ૭ મહિના સુધી મારી સખીઓને વિરહ આપ્યો, તેથી તમે ૭ માસ સુધી લલિતા સખીને વશ રહેશો. બીજીઓએ મારી સખીને દુઃખ દીધું છે, માટે ૭ માસ સુધી દુઃખ પામો, અને તેમને તમારાં દર્શન પણ નહિ થાય. આ વાત સાંભળી શ્રીઠાકોરજી ચૂપ થઇ રહ્યા. આ વાત એક સખીએ શ્રીચંદ્રાવલિજીને કહી. આ સાંભળીને શ્રીચંદ્રાવલિજીએ કહ્યું કે શ્રી-ઠાકોરજીથી શ્રીસ્વામિનીજી તો મોટાં છે, તેથી એમને તો કશું કહેવાય નહિ, પરન્તુ લલિતાએ સખી થઇ આવું ખોટું કર્યું. શ્રીસ્વામિનીજીની સખી ને મારી સખી બરાબર છે, પરન્તુ એમણે મને શાપ દેવરાવ્યો કે ૭ માસ સુધી મને પ્રભુનાં દર્શન પણ નહિ. હવે લલિતાજીએ સ્વામિનીજીનો દ્રોહ કર્યો તે શાથી? તો શ્રીઠાકોરજીથી શ્રીસ્વામિનીજી પ્રકટ થયાં છે, અને શ્રીસ્વામિનીજીના મુખ-ચંદ્રથી શ્રીચંદ્રાવલિ પ્રકટ થયાં છે, અને શ્રીચંદ્રાવલિજીથી સઘળી સ્વામિનીજીની સખીઓ પ્રકટી છે, તેથી શ્રીઠાકોરજીના દક્ષિણ ભાગે શ્રીચંદ્રાવલિજી બિરાજે છે, તેથી બધી સખીઓની સ્વામિનીરૂપ શ્રીચંદ્રાવલિજી તે સર્વમાં શ્રેષ્ઠ છે, તેથી શ્રીચંદ્રાવલિજીએ કહ્યું કે લલિતાએ સ્વામિનીજીનો દ્રોહ કર્યો છે, માટે લલિતાનું અકાલ મૃત્યુ થશે અને પ્રેતયોનિ પ્રાપ્ત થશે, જેથી શ્રીઠાકોરજી પણ અને શ્રીસ્વામિનીજી પણ રક્ષા ન કરી શકે, તેથી પ્રેતયોનિ નિવૃત્ત ન થાય. મને શાપ દેવરાવ્યો તેનું આવું ફળ ભોગવશે. આ વાત કોઈ સખીએ લલિતાજીને કહી. તે સાંભળતાં જ લલિતા કંપાયમાન થઇને તત્કાળ દોડીને શ્રીસ્વામિની-જીના ચરણમાં આવીને ગબડી પડ્યાં. પછી પોતાની બધી વાત લલિતાએ કહી. હવે શ્રીસ્વામિનીજીએ શ્રીઠાકોરજીને બોલાવીને કહ્યું કે લલિતાજી આપણા હાથમાંથી ગઈ; માટે હવે કશો ઉપાય કરો. પછી શ્રીઠાકોરજી શ્રીસ્વામિનીજીને સાથે લઈ લલિતાજી વગેરે સહિત બધો સમાજ શ્રીચંદ્રાવલિજીને ત્યાં પધાર્યા. એટલે શ્રીચંદ્રાવલિજીએ ઊઠીને શ્રીઠાકોરજીને તથા શ્રીસ્વામિનીજીને નમસ્કાર કરીને ઊંચા આસને પધરાવ્યાં, પછી બેઉ સ્વરૂપની પરમપ્રીતિથી પૂજા કરીને સુંદર સામગ્રી આરોગાવી, પછી બીડી આરોગાવી, શ્રીચંદ્રાવલિજી હાથ જોડીને

ઊભા રહ્યાં, એટલે બેઉ સ્વરૂપે પ્રસન્ન થઇને શ્રીચંદ્રાવલિજીનો હાથ પકડી પાસે બેસાડ્યાં. પછી શ્રીસ્વામિનીજીએ કહ્યું કે સાંભળો શ્રીચંદ્રાવલિજી, તમારી પ્રીતિ તો મહા અલૌકિક છે, અને અમારા તમારામાં કશો જ ભેદ નથી. હવે આ લલિતા પણ આપણી સખી છે, તે તમારી પણ છે, પરન્તુ એને શાપ આપ્યો તેનું નિવારણ કરો. આ સાંભળી શ્રીચંદ્રાવલિજીએ કહ્યું કે લલિતાજી આપણી જ છે, તેથી જે કંઈ થયું છે તે આ જગત પર લીલા કરવાને માટે થયું છે, તેથી આ લલિતા પ્રેત થશે તેનો હું જ ઉદ્ધાર કરીશ. આ મારું નિશ્ચય વચન છે, એટલે લલિતાએ શ્રીચંદ્રાવલીજીનાં ચરણોમાં પડીને કહ્યું કે મેં તમારો અપરાધ કર્યો તેનું ફળ મળ્યું છે. એટલે શ્રીસ્વામિનીજીએ કહ્યું કે આ બધો પરિકર કળિયુગમાં શ્રીગિરિરાજજી ઉપર લીલા કરવી છે ત્યાં પ્રકટ થશે. શ્રીસ્વામિજીનાં આ વચન સાંભળીને શ્રીઠાકોરજી શ્રીચંદ્રાવલિજી તથા લલિતાજી વગેરે સર્વ પ્રસન્ન થયાં. હવે લીલાસૃષ્ટિમાં અલૌકિક સ્નેહ છે, અને શાપ પણ અલૌકિક છે, અને ઈર્ષ્યા પણ અલૌકિક છે, માયાકૃત ત્યાં કશું નથી. તે અહીં પણ એવા જ છે. તે ભૂમિ ઉપર જશ પ્રકટ કરવાને માટે ઈર્ષ્યા તથા શાપ તો માત્ર નિમિત્ત છે. ભૂમિપરના જીવ લીલાનું ગાન કરી પ્રભુને પ્રાપ્ત કરે ને અલૌકિકતા પ્રાપ્ત કરે. જે આને લૌકિક ઈર્ષ્યા તથા શાપ જાણે તેનું બૂરું થાય; અને વળી અપરાધી થાય. લીલાસૃષ્ટિમાં બધું અલૌકિક છે, એમ જાણવું. આવી રીતે શ્રીઠાકોરજી શ્રીસ્વામિનીજીની ઇચ્છાથી શ્રીગોવર્ધનધર શ્રીગિરિરાજમાં પ્રકટ થયા છે, અને શ્રીસ્વામિનીજીસ્વરૂપ શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ શ્રીગોવર્ધનધરને પ્રકટ કર્યા છે. લીલામાં શ્રીસ્વામિનીજીથી શ્રીચંદ્રાવલીજીનું પ્રાકટ્ય તે પ્રકારે અહીં શ્રીઆચાર્યજીથી શ્રીગુસાંઇજીનું પ્રાકટ્ય અને લલિતા તે કૃષ્ણદાસ અધિકારી થયા. વળી શ્રીગોવર્ધનધરનાં અનેક સ્વરૂપ છે, પરન્તુ બે જ સ્વરૂપે સદા રહે છે; તેમાં એક તો શ્રીઆચાર્યજી મહાપ્રભુએ અહીં[૧] પધરાવ્યું તે ત્યાં બિરાજમાન છે અને બીજું સ્વરૂપ ભક્તોદ્ધારક તે બધાં ભક્તોને સુખ આપે છે, જે કુંભનદાસ તથા ગોવિંદ સ્વામી સાથે ખેલતા હતા. જ્યાં જ્યાં ભક્તો છે ત્યાં ત્યાં તેને અનુભવ કરાવે છે. હવે જે સમયે શ્રીગુસાંઇજી ભોગ સમર્પતા

૧. શ્રીગિરિરાજજી પર પધરાવ્યું તે. બીજું ભક્તો સાથે ખેલનારું. અને જ્યાં જ્યાં ભક્તો છે ત્યાં ત્યાં અનુભવ કરાવે છે તે.

હતા અને તેના પર ગંગાબાઈની દૃષ્ટિ પડી. શ્રીગુસાંઈજી તે સમયે રાજભોગ ધરતા હતા, પણ શ્રીગોવર્ધનધર આરોગ્યા નહિ, તો અસમર્પિત ખાવાથી બધા સેવક ભ્રષ્ટ થાય કે નહિ? પણ અહીં શ્રીઆચાર્યજીએ પધરાવ્યું તે સ્વરૂપે ભોગ આરોગ્યા. તેથી શ્રીસ્વામિનીજીએ શ્રીગોવર્ધનધરને કહ્યું કે શ્રીગુસાંઈજીનો છ મહિનાનો વિયોગ છે, તેથી ગંગાબાઈનું નામ દીધું. કૃષ્ણદાસની ગંગાબાઈ પર પ્રીતિ છે. હવે ગંગાબાઈને શ્રીગુસાંઈજી કહેશે અને કૃષ્ણદાસને બોલ (મેણું) મારશે, તેથી કૃષ્ણદાસને ખોટું લાગશે. અહીં કહેવાનો હેતુ એ છે કે એવું કાર્ય કરવું કે કૃષ્ણદાસને માઠું લાગે, એટલે શ્રીગુસાંઈજીનો વિયોગ થાય; તેથી તમે જઈને કહો કે હું ભૂખ્યો છું. તેથી શ્રીનાથજીએ જઈને રામદાસને કહ્યું; પણ રામદાસ આ ભેદમાં સમજ્યા નહિં, તેથી રામદાસે જઈને શ્રીગુસાંઈજીને કહ્યું, ત્યારે શ્રીગુસાંઈજીએ મનમાં જાણ્યું કે સામગ્રી પર ગંગાબાઈની દૃષ્ટિ પડી છે હવે અમારે અને કૃષ્ણદાસને લીલામાં જે વાત બની હતી તે પૂરણ કરવાની શ્રીનાથજીની ઇચ્છા છે તે નક્કી થઈ ગયું, એમ જણાય છે. માટે હવે જે સેવા થાય તે પ્રીતિથી કરવી, કારણ કે સેવા હવે દુર્લભ છે. આ વિચારીને તત્કાળ નાહીને વડીભાત અહીં કર્યો ન હતો, અને શ્રીગોકુલથી આરોગીને આવ્યા હતા, તેથી શ્રીગિરિરાજના શ્રીઠાકોરજીને પણ ધરાવો એ ભાવે જલદી તૈયાર કરીને ધર્યો, અને સેનભોગ સાથે રાજભોગ ધર્યો, ત્યારપછી સેન આરતી કરી અનોસર કરીને મનમાં વિચાર્યું કે હવે શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન મહાપ્રસાદ બધું જ દુર્લભ છે, તેથી વડીભાતનો ડબરો લઈને માટીના પાત્રમાં ઢાલવી પર્વત પરથી ઊતરી રંચક રંચક બધાંને આપ્યો અને પોતે પણ લીધો અને બહુ જ સરાહના કરી. પછી ભગવદિચ્છાથી કૃષ્ણદાસે પણ વ્યંગમાં બોલ માર્યો કે આપ જ કરનારા અને આપ જ આરોગનારા, પછી સ્વાદ કેમ ન હોય? અહીં એ જણાવ્યું કે અમને પૂછ્યું પણ નહિ અને તમે જઈને આરોગ્યા, આટલું બધું તમારું તમારું જ છે. આવો બોલ કૃષ્ણદાસે માર્યો. હવે શ્રીગુસાંઈજીએ કહ્યું કે તમારા કરેલા ભોગ ભોગવાય છે. આમ કહી બે વાત બતાવી કે ગંગાબાઈ ક્ષત્રાણીની સાથે પ્રીતિ કરી તેને અહીં બેસાડી રાખો છો તેથી તેની દૃષ્ટિ રાજભોગની સામગ્રી પર પડી તે તમારું જ કાર્ય છે; નહિ તો ગંગાબાઇ ત્યાં કેમ જાય? વળી તમે લીલામાં સ્વામિનીજી પાસે શાપ દેવરાવ્યો તે પણ તમારું કાર્ય છે, તેથી તમારા કર્યાં કાર્ય ભોગવીએ છીએ. અહીં

જણાવ્યું કે અમને ખબર પડી ગઈ છે કે હવે તમારું ભાગ્ય ખૂલ્યું છે. તમે કરશો તે ભોગવવું પડશે. મનમાં તો બધું આવી ગયું છે, હવે ઉપરથી કરવું છે તે કરશો.

આ વાત સાંભળીને કૃષ્ણદાસના મનમાં બહુ જ માઠું લાગ્યું, તેથી કૃષ્ણદાસે મનમાં વિચાર્યું કે હવે શ્રીગુસાંઇજીનાં દર્શન બંધ કરવાં અને તેને માટે શો ઉપાય કરવો? શ્રીગુસાંઇજીના મોટાભાઇ શ્રીગોપીનાથજીના પુત્ર શ્રીપુરુષોત્તમજી હતા તેમને મળીને કૃષ્ણદાસે કહ્યું કે તમે શ્રીઆચાર્યજીના મોટા પુત્ર શ્રીગોપીનાથજીના પુત્ર છો, તો તમે કેમ છાનામાના બેસી રહ્યા છો? શ્રીગોવર્ધન-નાથજીનાં સેવા શૃંગાર બધું કરો. શ્રીગુસાંઇજીએ પોતાની બધી સત્તા રાખી છે, પરન્તુ ટિકેટ તો તમે છો. ત્યારે શ્રીપુરુષોત્તમજીએ કહ્યું કે અમારું સામર્થ્ય નથી કે શ્રીગુસાંઇજી સાથે બગાડીએ. એટલે કૃષ્ણદાસે કહ્યું કે અમારી સાથે નાહીને ચાલો, અને પર્વત પર મંદિરમાં જઇને શ્રીનાથજીનાં સેવા તથા શૃંગાર બધું કરો, અમે બીજું બધું કરી લઇશું. એટલે શ્રીપુરુષોત્તમજી ઉત્થાપનની બે ઘડી પહેલાં નાહ્યા અને પર્વત પર જઇને મંદિરમાં બેસી રહ્યા અને કૃષ્ણદાસ દંડવતી શિલાની પાસે આવીને બેસી રહ્યા, એટલામાં શ્રીગુસાંઇજી આપ સ્નાન કરીને દંડવતી શિલાની પાસે આવ્યા, એટલે કૃષ્ણદાસે શ્રીગુસાંઇજીને કહ્યું કે શ્રીપુરુષોત્તમજી નાહીને મંદિરમાં પધાર્યા છે. ટિકેટ તો એ છે, તેથી એ જ્યારે બોલાવે ત્યારે પર્વત પર આવજો. માટે હવે આપ પર્વત પર ચઢશો નહિ; તમને શ્રી-ગોવર્ધનધરનાં દર્શન થશે નહિ. હવે શ્રીગુસાંઇજી શ્રીનાથજીની ધ્વજાને દંડવત્ પ્રણામ કરી લીલાની વાત સ્મરણ કરીને પરાસોલી પધાર્યા અને ત્યાં વિપ્રયોગનો અનુભવ કરવા લાગ્યા.

ભાવપ્રકાશ—હવે શ્રીગોકુલ પણ શ્રીનવનીતપ્રિયજીને ત્યાં ન પધાર્યા તેનું કારણ એ છે કે શ્રીસ્વામિનીજીનું વચન છે કે અમારો અને શ્રીઠાકોરજીનો પણ વિયોગ થશે; તેથી શ્રીગોકુલ જાઉં તો કોણ જાણે શું થાય! તેથી હવે છ મહિના સુધી શ્રીઠાકોરજીનો મેળાપ દુર્લભ છે, તેથી પરાસોલીમાં બેસી રહ્યા.

હવે પરાસોલી તરફ શ્રીગોવર્ધનનાથજીના મંદિરમાં એક બારી હતી તેના પર આવીને શ્રીગોવર્ધનનાથજી શ્રીગુસાંઇજીને દર્શન આપતા તેથી શ્રીગુસાંઇજી આખો વખત પરાસોલીથી એ બારી તરફ જોઇ રહેતા. કૃષ્ણદાસ મંદિરમાંથી નીચે જાય ત્યારે શ્રીગોવર્ધનનાથજી બારી પર આવીને બેસતા. હવે કૃષ્ણદાસ એક વાર અન્યોરમાં આવ્યા ત્યારે બારી પર શ્રીગોવર્ધનનાથજીને બેઠેલા જોયા, એટલે કૃષ્ણદાસે પ્રાતઃકાલે મંદિરમાં આવીને બારી (આડી ઈંટો) ચણાવી લેવડાવી શ્રીગોવર્ધનનાથજીને કહ્યું કે મેં શ્રીગુસાંઇજીને દર્શનની મના કરી છે, છતાં તમે બારી પર કેમ બેઠા? માટે હવે એ તરફ જશો નહિ. આવી રીતે કૃષ્ણદાસ પરાસોલી તરફ પણ શ્રીનાથજીને ખેલવા માટે પણ જવા જ નહોતા દેતા. તેથી શ્રીગોવર્ધનધરને શ્રીગુસાંઇજી બેઠે બેઠે વિનંતિ કરતા. હંમેશા રામદાસ મુખિયા ભિતરિયા રાજભોગ આરતીથી પહોંચીને શ્રીગુસાંઇજી પાસે જતા, અને શ્રીગુસાંઇજીને ચરણોદક આપતા. શ્રીગુસાંઇજી રોજ ફૂલની માળા કરીને રાખતા તે માળામાં વિજ્ઞપ્તિનો શ્લોક લખતા, તે રામદાસજી લઇ જતા અને શ્રીગોવર્ધનનાથજીને માળા પહેરાવતા. એટલે વિજ્ઞપ્તિનો શ્લોક માળામાંથી કાઢીને શ્રી-નાથજી વાંચતા, પછી તેનો પ્રતિઉત્તર શ્રીનાથજી બીડીના પાન પર પોતાના અધરામૃતથી સીંકથી લખી દેતા ને તે રામદાસને આપતા. તે રામદાસ બીજે દિવસે રાજભોગથી પહોંચીને જતા ત્યારે શ્રી-નાથજીએ લખેલો પત્ર શ્રીગુસાંઇજીને આપતા. તે શ્રીગુસાંઇજી આપ વાંચીને પછી જળમાં ઘોળીને પી જતા, તેથી શ્રીનાથજીના કરેલા શ્લોક પ્રકટ ન થયા. શ્રીગુસાંઇજીએ આપે વિજ્ઞપ્તિઓ કરી તે શ્રી-નાથજી વાંચીને રામદાસજીને આપતા, તેથી તે પ્રકટ થઇ છે. હવે એક દિવસ શ્રીગુસાંઇજીને બહુ જ વિરહ થયો, તેથી લખ્યું કે:—

त्वद्दर्शनविहीनस्य त्वदायत्तस्य जीवितम् ।
व्यर्थमेव यथा नाथ दुर्भगाया नवं वयः ॥ [वि. ३—२१॥]

[આપના દર્શન વિનાના અને આપને જ વશ રહેલા મારું જીવતર, હે નાથ, દુર્ભાગી સ્ત્રીની નવી ઉંમરની જેમ નકામું જ છે.]

આ શ્લોક લખીને મોકલ્યો કે જે તમારો ભક્ત છે, તે તમારા વિના જીવે, તો તેનું જીવન વૃથા જ છે, તે દુર્ભગાવત્ (સુંદર છતાં વિધવા સ્ત્રીનું જેમ વૃથા છે તેમ) છે. આ શ્રીગોવર્ધનનાથજીએ વાંચીને લખ્યું કે મેઘનું લક્ષણ (સ્વભાવ) એ છે કે સમય થયે વર્ષા આવીને વરસે જ, તે સઘળું જગત જાણે છે. તેમ હવે કૃષ્ણદાસનો સમય આવી રહ્યો છે, એટલે મેળાપ થશે જ. આવું તમે પણ જાણો છો, અને અમે પણ જાણીએ છીએ; માટે ધીરજ રાખી સમય આવવા દો. આટલો બધો વિરહ શા માટે કરો છો? આ પત્ર લઈને રામદાસજી આવ્યા, તે વાંચીને શ્રીગુસાંઈજીએ આવું લખ્યું કેઃ—

अम्बुदस्य स्वभावोऽयं समये वारि मुञ्चति ॥
तथापि चातकः खिन्नो रटत्येव न संशयः ॥ [वि. १–८]

મેઘનો સ્વભાવ એવો છે કે સમય આવશે ત્યારે વરસે છે જ (મેળાપ થશે જ), પરન્તુ ચાતકે મેઘ સાથે પ્રીતિ કરી તો તે એવો ભક્ત છે કે તે મેઘરૂપ શ્રીકૃષ્ણનું રટણ કર્યા જ કરે. મતલબ કે અમને ચેન જ પડતું નથી; માટે આપ ચાહો ત્યારે સમય થાય. તમારા વિના અમને ધીરજ રહેતી નથી, અને ભક્તનો એ જ ધર્મ છે કે ચાતકની પેઠે તમારી ચાહના કર્યા કરે. આવું લખીને મોકલ્યું. આવી રીતે રામદાસજી રોજ આવતા, તે કૃષ્ણદાસજી જાણતા હતા, પરન્તુ સેવકો પર કંઈ ચાલતું નહિ. એક વાર રામદાસજીને ઠપકો આપ્યો કે તમે શ્રીગુસાંઈજી પાસે પત્ર લઈ જાઓ છો અને પત્ર લઈ આવો છો, આ વાત ઠીક નથી. ત્યારે રામદાસજીએ કહ્યું: અમે તો રોજ શ્રીગુસાંઈજીનાં દર્શન કરવા જઈશું, ફાવે તો અમને સેવામાં રાખો, અગર ન રાખો. એટલે કૃષ્ણદાસ ચૂપ થઈ ગયા, કારણ કે આવો સેવક મળે જ ક્યાંથી? તેથી કૃષ્ણદાસ કશું બોલે નહિ. વળી પોષ સુદિ ૬ થી આષાઢ સુદિ ૫ સુધી શ્રીગુસાંઈજીએ વિપ્રયોગનો અનુભવ કર્યો. હવે આષાઢ સુદિ ૫ આવી તે દિવસે રાજા બીરબલ શ્રીગોકુલ આવ્યો, પણ શ્રીગુસાંઈજી તો પરાસોલીમાં હતા, અને શ્રીગિરિધરજી ઘેર હતા. બીરબલે શ્રીગિરિધરજી પાસે આવી દંડવત્

પ્રણામ કર્યા, અને પૂછ્યું કે શ્રીગુસાંઇજી ક્યાં છે? મને દર્શન કર્યે બહુ જ દિવસ થઇ ગયા; મને એમનાં દર્શન થયાં નહિ. એટલે શ્રીગિરિધરજીએ બીરબલને કહ્યું કે શ્રીગુસાંઇજી તો પરાસોલીમાં બેસી રહે છે. કૃષ્ણદાસ અધિકારીએ શ્રીગુસાંઇજીનાં દર્શન બંધ કર્યાં છે, તેથી છ મહિનાથી આપ વિરહનું દુઃખ ભોગવે છે. આવું સાંભળતાં જ બીરબલે કહ્યું કે હમણાં જ જઇને કૃષ્ણદાસને કાઢી મુકાવું છું. મથુરાંની ફોજદારી બીરબલની હતી, તેથી મથુરાંથી પાંચસો માણસ બીરબલે મોકલ્યાં. તેમને બીરબલે કહ્યું કે શ્રીગોવર્ધન જઇ કૃષ્ણદાસને પકડી લાવો. આ માણસો ગયા અને સાંજના સમયે શ્રીગોવર્ધનમાં આવ્યા ને કૃષ્ણદાસને પકડીને મથુરાં લઈ ગયા. હવે બીરબલે અર્ધી રાત્રે તરત જ માણસ શ્રીગોકુલ મોકલ્યો ને કહેવરાવ્યું કે કૃષ્ણદાસને પકડીને બંદીખાનામાં પૂર્યા છે; માટે તમે શ્રીગુસાંઇજીને લઇને શ્રીગોવર્ધનનાથજીના મંદિરમાં જાઓ. આ સમાચાર માણસે શ્રીગિરિધરજીને કહ્યા, એટલે રાત્રે જ શ્રીગિરિધરજી ઘોડા પર સવાર થઈ પરાસોલી પધાર્યા. તે દિવસે પ્રાતઃકાલ આષાઢ સુદિ ૬ (કસુંબા છઠ્ઠ)ની હતી. શ્રીગિરિધરજીએ જઇને શ્રીગુસાંઇજીને નમસ્કાર કરીને કહ્યું કે આપ શ્રીગોવર્ધનધરના મંદિરમાં પધારો અને સેવા શૃંગાર કરો, એટલે શ્રીગુસાંઇજીએ કહ્યું કે કૃષ્ણદાસની આજ્ઞા હોય તો અમે જઇએ. આ સાંભળી શ્રીગિરિધરજીએ શ્રીગુસાંઇજીને કહ્યું કે કૃષ્ણદાસને તો મથુરાંમાં બંદીખાનામાં પૂર્યા છે. આવું સાંભળતાં જ શ્રીગુસાંઇજી કહે: હાય, હાય! શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના સેવક કૃષ્ણદાસ પરમ કૃપાપાત્ર તેમને આટલું બધું કષ્ટ અને સંકટ? શ્રીગુસાંઇજીએ શ્રીગિરિધરજીને કહ્યું કે તમે બીરબલને કહ્યું હશે! શ્રીગિરિધરજીએ કહ્યું કે મેં તો બીરબલને સહેજ જ વાત કરી હતી કે શ્રીગુસાંઇજીનાં દર્શન કૃષ્ણદાસે બંધ કર્યાં છે, એટલું જ કહ્યું હતું, બીજું કશું કહ્યું ન હતું. ત્યારે શ્રીગુસાંઇજીએ કહ્યું કે જ્યારે કૃષ્ણદાસ આવશે ત્યારે જ હું ભોજન કરીશ. આટલું સાંભળતાં શ્રીગિરિધરજી તરત જ ઘોડા પર અસવાર થઇને શ્રીમથુરાંજી આવ્યા, અને શ્રીગિરિધરજીએ જઇને બીરબલને કહ્યું કે કાકાજી (શ્રીગુસાંઇજી)

ત્યારે જ ભોજન કરશે કે જ્યારે કૃષ્ણદાસ ત્યાં જશે; માટે કૃષ્ણદાસને છોડી દો. એટલે બીરબલે બંદીખાનામાંથી કૃષ્ણદાસને બોલાવીને કહ્યું કે શ્રીગુસાંઇજીની કૃપા જુઓ કે તમારા વિના ભોજન નથી કરતા, જ્યારે તમે એમને એવું કર્યું; છતાં હમણાં જ તમને છોડું છું. પણ આજ પછી જો શ્રીગુસાંઇજી સાથે બગાડશો તો હું ફરી તમને કદી નહી છોડું. આવી રીતે કહીને શ્રીગિરિધરજી સાથે કૃષ્ણદાસને હવાલે કર્યા. હવે શ્રીગિરિધરજી કૃષ્ણદાસને લઇને પરાસોલીમાં પધાર્યા, એટલે શ્રીગુસાંઇજી આપ કૃષ્ણદાસને દેખીને શ્રીગોવર્ધનનાથજીના અધિકારી જાણીને ઊઠીને ઊભા થયા. આ જોઇ કૃષ્ણદાસે દીન બની શ્રીગુસાંઇજીને દંડવત્ પ્રણામ કરી ચરણસ્પર્શ કરીને આ પદ ગાયું; તે પદઃ—

રાગ સારંગઃ—

ताहिको शिर नाइये जो श्रीवल्लभसुतपदरजरति होय ॥
कीजे कहा आन ऊंचे पद तिनसो कहा सगाई मोय ॥१॥
जाके मनमें उग्र भरम हें श्रीविठ्ठल श्रीगिरिधर दोय ॥
ताको संग विषम विषहूंतें भूले चतुर करो जिन कोय ॥२॥
सारासार विचार मतो कर श्रुतिवच गोधन लियो हे निचोय ॥
तहिं नवनीत प्रकट पुरुषोत्तम सहजहि गोरस लियो हे बिलोय ॥३॥
उग्र प्रताप देख अपने चक्षु अश्मसार जेसें भीदे न तोय ॥
कृष्णदास सुरतें असुर भये, असुर तें सुर भये चरणन छोय ॥४॥

આ પદ સાંભળીને શ્રીગુસાંઇજી આપ બહુ જ પ્રસન્ન થયા, એટલે કૃષ્ણદાસે વિનંતિ કરી કે મહારાજ, મારો અપરાધ ક્ષમા કરો અને હમણાં જ આપ શ્રીગોવર્ધનનાથજીની સેવામાં પધારો. એટલે શ્રીગુસાંઇજીએ કહ્યું કે તમારી આજ્ઞા થઇ એટલે હમણાં જ આવું છું. એટલે કૃષ્ણદાસને લઇને શ્રીગુસાંઇજી આપ શ્રીગોવર્ધનનાથજીના મંદિરમાં પધાર્યા, અને શ્રીગોવર્ધનધરને દંડવત્ પ્રણામ કર્યા. આ સમયે શૃંગારનો સમય હોવાથી તેમજ આષાઢ સુદિ ૬ (કસુંબા છઠ્ઠ)

હોવાથી કસુંબલ કુલહ પિછોડા ધરાવ્યા પછી રાજભોગથી પહોંચ્યા. ત્યારપછી ઉત્થાપનથી સેન પર્યંત સેવાથી પહોંચીને સેન આરતી કરી શ્રીગુસાંઇજી આપે શ્રીનાથજીની સન્મુખ કૃષ્ણદાસને દુસાલો ઓઢાડ્યો, અને કહ્યું કે શ્રીગોવર્ધનનાથજીનો અધિકાર કરો; તમને ધન્ય છે. આ વખતે કૃષ્ણદાસે આ પદ ગાયું; તે પદઃ—

રાગ કન્હરોઃ—

परम कृपाल श्रीवल्लभनंदन करत कृपा निज हाथ दे माथे ॥
जे जन शरण आये अनुसरही ग्रहि सौंपत श्रीगोवर्धननाथे ॥१॥
परम उदार चतुर चिंतामणि राखत भवधारा व्हे जाते ॥
भज कृष्णदास काज सब सरही जो जाने श्रीविठ्ठलनाथे ॥२॥

આ પદ કૃષ્ણદાસે ગાયું અને વિનંતિ કરી કે મહારાજ, મારો અપરાધ ક્ષમા કરો. ત્યારે શ્રીગુસાંઇજીએ શ્રીમુખથી કહ્યું કે તમારો અપરાધ શ્રીનાથજી ક્ષમા કરશે. ત્યારપછી શ્રીગુસાંઇજીએ અનોસર કરાવીને બધાંનું સમાધાન કર્યું, એટલે બધા સેવક વૈષ્ણવ પ્રસન્ન થયા. પછી જેવી રીતે સેવા શૃંગાર હંમેશાં કરતા હતા તેવી જ રીતે કરવા લાગ્યા, અને કૃષ્ણદાસ શ્રીગુસાંઇજીની આજ્ઞાથી અધિકારીની સેવા કરવા લાગ્યા. આ કૃષ્ણદાસ એવા કૃપાપાત્ર ભગવદીય હતા.

વાર્તાપ્રસંગ ૮ મો.

હવે એક વાર શ્રીગુસાંઇજી આપ શ્રીગોકુલમાં હતા, અને કૃષ્ણદાસ શ્રીગોવર્ધનથી શ્રીગોકુલ આવ્યા. આ સમયે શ્રીગોવર્ધનનાથજીના અધિકારી જાણી કૃષ્ણદાસનું બહુ જ સન્માનપૂર્વક પ્રસન્નતાથી સમાધાન કર્યું, અને પોતાની પાસે બેસાડ્યા, અને શ્રીગોવર્ધનધરના કુશળ સમાચાર પૂછયા, અને કૃષ્ણદાસને પોતાના શ્રીહસ્તથી શ્રીનવનીતપ્રિયજીનો મહાપ્રસાદ ધર્યો. પછી સેનભોગનો મહાપ્રસાદ લેવરાવ્યો, અને રાત્રે સુંદર સેજ પર સેન કરાવ્યું. હવે જ્યારે પ્રાતઃકાળ થયો એટલે કૃષ્ણદાસ જવા મંડ્યા; જતાં જતાં કૃષ્ણદાસે

શ્રીગુસાંઇજીને વિનંતિ કરી કે મહારાજ, મારું મન વૃંદાવન જોવાનું બહુ જ છે. ત્યારે શ્રીગુસાંઇજીએ કહ્યું કે સારું, જાઓ, પણ દુઃખી થશો. હવે કૃષ્ણદાસ શ્રીયમુનાજી પાર ગયા, અને શ્રીગુસાંઇજીએ ના કહ્યું છતાં મન ન માન્યું, એટલે વૃંદાવન ગયા અને મધ્યાહ્ન સમયે વૃંદાવન આવ્યા. ત્યાં વૃંદાવનના સંતમહંત કૃષ્ણદાસને મળવા આવ્યા. તે સમયે કૃષ્ણદાસને તાવ ચઢયો, તેથી તરસ બહુ જ લાગી અને ગળું સુકાવા લાગ્યું, ત્યારે કૃષ્ણદાસે કહ્યું કે મને તરસ બહુ જ લાગી છે, તેથી કંઠ સુકાઇ જાય છે. આ સાંભળી સંતમહંતોએ કહ્યું કે જલદી જળ લાવો. પરન્તુ અહીં કૃષ્ણદાસ એકલા જ રથ પર બેસીને ગયા હતા. હવે કૃષ્ણદાસે કહ્યું કે શ્રીગોકુલનો વલ્લભી વૈષ્ણવ હોય તેને જ કહો. તે જળ લાવે તો જ હું પીઉં. આ સાંભળી બધા સંતમહંતોએ તર્ક કરીને કહ્યું કે અહીં તો કોઇ વૈષ્ણવ નથી. શ્રીગોકુલનો ભંગી અહીં પરણ્યો છે, તે અહીં આવ્યો છે; તેને કહો તો બોલાવું. આ સાંભળી કૃષ્ણદાસે કહ્યું કે એ શ્રીગોકુલનો ભંગી સૌથી શ્રેષ્ઠ છે, માટે તેને કહો. તે કુંભારને ઘેરથી કોરું વાસણ લઇ શ્રીયમુનાજીમાં નાહીને જળ ભરી લાવે. એટલે એમણે જઇને તે ભંગીને કહ્યું કે કૃષ્ણદાસને તાવ ચઢયો છે, તેથી તરસ્યા થયા છે. તે કહે છે કે તું એમને જળ પીવા માટે જળ લઇને જા. એટલે આ ભંગી અહીંથી દોડ્યો, તે વખતે શ્રીગુસાંઇજી શ્રીનવનીતપ્રિયજીની રાજભોગ આરતી કરી શ્રીનાથજીદ્વાર પધારવાને ઘાટ પર પધાર્યા હતા. એટલામાં તે ભંગીએ કપડાની આડ કરી ઓઢેથી કહ્યું કે મહારાજ, કૃષ્ણદાસ વૃંદાવનમાં છે, ત્યાં એમને તાવ ચઢયો છે અને તરસ બહુ જ લાગી છે. જળ મારી પાસે માગ્યું છે, તેથી હું તો વૃંદાવનથી અહીં દોડ્યો આવ્યો છું. આટલું સાંભળતાં જ ખવાસ પાસેથી જળની ઝારી લઇને ઘોડા પર અસવાર થઇ જલદી વૃંદાવન પધાર્યા, એટલું જ નહિ પણ કૃષ્ણદાસને રથ પરથી ઉઠાડી જળ પાયું. પછી કૃષ્ણદાસ સાવધાન થયા, ને તાવ પણ ઊતરી ગયો. આ વખતે શ્રીગુસાંઇજીને દંડવત્ પ્રણામ કરી કૃષ્ણદાસે આ પદ ગાયું; તે પદઃ—

રાગ કાન્હરો:—

श्रीविठ्ठलजूके चरणनकी बलि ॥
हमसे पतित उद्धारन कारण परम कृपालु आपु आये चलि ॥
उजवल अरुण द्यारंग रंजित नव नखचंद्र विरहतम निर्दलि ॥
सेवत सुखकर शोभन पावत भक्ति मुदित ललित पद अंगुलि ॥२॥
अतिसे मृदुल सुगंध सुशीतल परसत त्रिविध ताप डारत मलि ॥
कहे कृष्णदास वार एक सुधि कर, तेरो कहा करेगो रिपु कलि ॥३॥

આ પદ ગાઇને કૃષ્ણદાસે શ્રીગુસાંઇજીને દંડવત્ પ્રણામ કરી વિનંતિ કરી કે મહારાજ, મેં આપનું કહ્યું ન માન્યું તેથી આટલું દુઃખ ભોગવ્યું. પછી શ્રીગુસાંઇજી સાથે કૃષ્ણદાસ શ્રીગોવર્ધન આવ્યા, ત્યારે સેન આરતીનો સમય થયો હતો, એટલે શ્રીગુસાંઇજીએ નાહીને સેન આરતી કરી ત્યારે કૃષ્ણદાસે આ પદ ગાયું; તે પદ:—

રાગ કાન્હરો:—

अ जुको दिन धनी धनी री माई नेननभरी देखे नंदनंदन ॥
परम उदार मनोहर मूरति ताप हरत लख पूजत चंदन ॥१॥
नवलराय श्रीगोवर्धनधारी रूपरास युवती मन फंदन ॥
ध्वजा वज्रांकुश जव विराजत कृष्णदास कीनो पद वंदन ॥२॥

પછી શ્રીગુસાંઇજી અનોસર કરાવીને પર્વત પરથી નીચે પધાર્યા. આવી રીતે કૃષ્ણદાસે બહુ જ દિવસ સુધી શ્રીનાથજીનો અધિકાર કર્યો.

વાર્તાપ્રસંગ ૯ મો.

હવે એક દિવસ એક વૈષ્ણવે આવીને કૃષ્ણદાસને કહ્યું કે મારે અહીં એક કૂવો બનાવવો છે અને પછી મારે દેશ જવું છે. હવે હું તો મારે દેશ જઇશ; અને તમે આ દ્રવ્ય રાખો. આમ કહી આ વૈષ્ણવ ત્રણસો રૂપિયા આપીને પોતાને દેશ ગયો. હવે કૃષ્ણદાસે આ વૈષ્ણવના રૂપિયામાંથી સો રૂપિયા એક કૂલડીમાં બાગમાં એક

આંબાના ઝાડ તળે દાટી રાખ્યા. ત્યારપછી સારું મુહૂર્ત જોઇને પૂછરી પાસે બાગમાં કવાનો આરંભ કર્યો. કેટલાક દિવસ પછી કૂવો તૈયાર બની ગયો, અને બસો રૂપિયા ખર્ચ થયો. પછી કૂવાનું મોઢું બતાવવાનું બાકી રહ્યું. આ બાબતમાં કૃષ્ણદાસે વિચાર્યું કે સો રૂપિયામાં મોઢું સારું બની જશે. ત્યારપછી શ્રીગોવર્ધનધરના ઉત્થાપનનાં દર્શન કરી કૃષ્ણદાસ કૂવો જોવા ગયા, અને કૂવો જોવા લાગ્યા. તે વખતે કૃષ્ણદાસના હાથમાં લાકડી હતી. આ લાકડીનો ટેકો રાખી કૂવા પર ઊભા હતા, એટલામાં લાકડી ખસી ગઇ તેથી કૃષ્ણદાસ લાકડી સાથે જ કૂવામાં પડ્યા. આ વખતે ઘણા માણસ પાસે હતા તેમણે બૂમાબૂમ કરી મૂકી કે કૃષ્ણદાસ કૂવામાં પડ્યા. આ જોઈ કેટલાક માણસો દોડ્યા, અને દોરડાં તથા ટોપલા લાવ્યા તે બે માણસ અંદર ઊતર્યા. અને ખૂબ શોધવા છતાં કૃષ્ણદાસનું શરીર પણ ન જડયું. એટલે તે માણસો બહાર કૂવામાંથી નીકળ્યા. આ વખતે શ્રીગુસાંઇજી શ્રીગોવર્ધનધરને સેનભોગ ધરીને બહાર બિરાજ્યા હતા, અને રામદાસ ભિતરિયા શ્રીગુસાંઇજી પાસે બેઠા હતા, તે જ સમયે માણસોએ જઇને કહ્યું કે મહારાજ, કૃષ્ણદાસ કૂવાને જોતા હતા તે વખતે લાકડી ખસી ગઇ તેથી કૂવામાં પડી ગયા. માણસો કૂવામાંથી તેમને કાઢવા ઊતર્યા પણ કૃષ્ણદાસનું શરીર પણ જડયું નહિ. અહીં આ જ સમયે રામદાસજી ઊભા હતા, તેમણે કહ્યું કે "तामसानामधोगतिः।" તે સાંભળી શ્રીગુસાંઇજીએ આપે કહ્યું કે રામદાસજી, એવું ન બોલીએ, કારણ કે કૃષ્ણદાસ શ્રીમહાપ્રભુજીના કૃપાપાત્ર વૈષ્ણવ હતા; પરન્તુ આ લીલા છે. કૂવામાં પડ્યા તો શું થયું? આંતરિક કારણ શું હશે તેની કોને ખબર?

ભાવપ્રકાશ—આનું કારણ શ્રીગુસાંઇજી આપ તો જાણતા જ હતા કે પ્રેતયોનિનો શાપ છે, તેથી આપે પ્રકટ ન કર્યું; પણ કૃષ્ણદાસ આ જ દેહે પ્રેત થયા. તે પ્રેતરૂપે પૂછરીની પાસે એક પીપરનું ઝાડ છે તેના પર જઇને બેઠા.

વાર્તાપ્રસંગ ૧૦ મો.

હવે શ્રીગુસાંઇજીએ આપે શ્રીમુખે કહ્યું કે કૃષ્ણદાસે શ્રીગોવર્ધન-

ધરનો અધિકાર બહુ જ સારો કર્યો, આવો સેવક ક્યાં મળે? વળી અધિકારી વિના કામ ચાલવાનું છે? આવી રીતે કહ્યું. આ સાંભળી રામદાસે વિનંતિ કરી કે મહારાજ, જેને તમે આજ્ઞા કરશો તે કરશે, કારણ કે શ્રીગોવર્ધનનાથજીની સેવા ભાગ્યથી જ મળે છે. ત્યારે શ્રીગુસાંઇજીએ આપે કહ્યું કે અમે કયા જીવને કહીએ? કયા જીવનો બગાડ કરીએ? સુધારવું તો કઠણ છે, પણ બગાડવું તો તરત જ છે.

ભાવપ્રકાશ—આવી બાબતોમાં શ્રીઆચાર્યજી મહાપ્રભુજી શ્રીસુબોધિનીજીમાં કહે છે કે શ્રીભાગવત નારાયણે બ્રહ્માને કહ્યું છે; પણ બ્રહ્માનો સૃષ્ટિ કરવાનો અધિકાર છે, તેથી શ્રીભાગવત ફલિત ન થયું. હવે બ્રહ્માએ નારદજીને કહ્યું; પણ નારદજીનો બધા દેશોમાં ફરવાનો અધિકાર છે, તેથી ફલિત ન થયું. ત્યારબાદ નારદજીએ વેદવ્યાસજીને કહ્યું, પણ વેદવ્યાસજી શાસ્ત્રો કરવાના અધિકારી છે તેથી તેમને પણ ફલિત ન થયું. પછી વેદવ્યાસે શુકદેવજીને કહ્યું, પણ શુકદેવજીએ સર્વત્યાગ કર્યો છે તેથી ત્યાગમાં જ મંડી પડ્યા, ત્યારબાદ પરીક્ષિતે સર્વનો ત્યાગ કર્યો, તેથી તે શ્રીભાગવતના અધિકારી થયા. શુકદેવજીએ સાત દિવસ સુધી કથા કહી અને સાતમે દિવસે ભગવત્પ્રાપ્તિ થઈ. તેવો જ આ શ્રીભાગવતરૂપ આ પુષ્ટિમાર્ગ છે. તેના અધિકારી નિરપેક્ષ હોય તેને જ માથે આ માર્ગ ફળરૂપે થાય, પરન્તુ જેને અધિકાર મળ્યે અહંકાર વધે, તેને કશું ફળ સિદ્ધ ન થાય.

તેથી શ્રીગોવર્ધનધરનો અધિકાર અમે કોને આપીએ? કોનો બગાડ કરીએ? આ સાંભળી રામદાસ ચૂપ થઈ ગયા. એટલામાં સેનભોગનો સમય થયો એટલે સેનભોગ શ્રીગુસાંઇજીએ સરાવ્યા, અને સેન આરતી કર્યા પછી શ્રીગુસાંઇજીએ આપે શ્રીગોવર્ધનધરને પૂછયું કે મહારાજ, કૃષ્ણદાસનો દેહ છૂટ્યો છે, અને અધિકારી વગર તો ચાલશે જ નહિ, તો અમે અધિકાર સોંપીને કોનો બગાડ કરીએ? તો આપ કહો તે અધિકાર કરે. ત્યારે શ્રીગોવર્ધનનાથજીએ કહ્યું કે હું પણ કોનો બગાડ કરું? જે કોઇ અધિકાર લેશે તેનો બગાડ થશે; માટે તમે એક કામ કરો. અધિકારીનો દુસાલો લઇને બધાંની

આગળ કહો કે જેને અધિકાર કરવો હોય તે આ દુસાલો ઓઢો. સાંભળી જે આવીને કહે કે તેને દુસાલો ઓઢાડો. જેને પડવું તે આપે જ આવશે. ત્યારપછી શ્રીગુસાંઇજીએ આપે પ્રસન્ન થઇને શ્રીગોવર્ધનનાથજીને સેન કરાવ્યાં. બીજે દિવસે રાજભોગ આરતીના સમયે બધા વ્રજવાસી વૈષ્ણવોને એકઠા કરી શ્રીગુસાંઇજીએ આપે દુસાલો હાથમાં લઇને બધાના સાંભળતાં કહ્યું કે જેને શ્રી-નાથજીના ઘરનો અધિકાર કરવો હોય તે આ દુસાલો ઓઢો. આ સાંભળી ને કેટલાકે કહ્યું કે અમે કરીશું. સૌથી પ્રથમ એક ક્ષત્રિય બોલ્યો હતો, તેને દુસાલો ઓઢાડ્યો. ત્યારપછી શ્રીગોવર્ધન-નાથજીની આરતી કરી અનોસર કરાવી શ્રીગુસાંઇજી આપ શ્રીગોકુલ પધાર્યા. પછી કેટલાક દિવસ વીત્યા પછી શ્રીગોવર્ધનનાથજીની ભેંસ શોધવા માટે ગોપીનાથદાસ ગ્વાલ સાથે બીજા પાંચસાત વૈષ્ણવ-ગ્વાલ પૂછરી તરફ ગયા. આ બધા પરમ કૃપાપાત્ર ભગવદીય હતા. તે બધાએ જોયું તો શ્રીગોવર્ધનનાથજી સખાઓ સાથે પૂછરીની પાસે એક પીપરની નીચે ખેલે છે, અને પીપર નીચે કૃષ્ણદાસ અધિકારી પ્રેતરૂપે બેઠા છે. આ કૃષ્ણદાસ અધિકારીએ ગોપીનાથદાસ ગ્વાલને 'જય શ્રીકૃષ્ણ' કર્યા, અને કહ્યું કે અરે ભૈયા, ગોપીનાથદાસ ગ્વાલ, તમે મારી વિનંતિ શ્રીગુસાંઇજીને કહેજો કે આપના અપરાધથી મારી આ દશા થઇ છે, અને શ્રીગોવર્ધનધર દર્શન આપે છે, તે આપની કૃપાથી આપે છે.

ભાવપ્રકાશ—જ્યારે શ્રીગોવર્ધનનાથજીની આગળ અધિકારનો દુસાલો શ્રીગુસાંઇજીએ કૃષ્ણદાસને ઓઢાડ્યો ત્યારે કૃષ્ણદાસે આ પદ ગાયું; તે પદઃ—

परम कृपाल श्रीवल्लभनंदन करत कृपा निज हाथ दे माथे ॥
जे जन शरण आये अनुसरही ग्रहि सोंपत श्रीगोवर्धननाथे ॥१॥
परम उदार चतुर चिंतामणि राखत भवधारा व्हे जाते ॥
भज कृष्णदास काज सब सरही जो जाने श्रीविठ्ठलनाथे ॥२॥

આ પદ ગાઇને કૃષ્ણદાસે શ્રીગુસાંઇજીને કહ્યું કે મહારાજ, છ માસ સુધી આપને વિયોગ કરાવ્યો. હવે મારો અપરાધ ક્ષમા કરો. ત્યારે શ્રી-

ગુસાંઈજીએ આપે કહ્યું કે તમારો અપરાધ શ્રીનાથજી ક્ષમા કરશે. શ્રીગુસાંઈજીએ
આમ કહ્યું તેથી શ્રીનાથજી દર્શન આપે છે, બોલે છે ને વાતો કરે છે. પરન્તુ
શ્રીગુસાંઈજીએ અપરાધની ક્ષમા ન આપી, તેથી પ્રેતયોનિ છૂટી નહિ. વળી
કૃષ્ણદાસ શ્રીગોવર્ધનધરને પણ કહેતા કે મહારાજ, મને દર્શન આપો છો, પણ
પ્રેતયોનિ કેમ છોડાવતા નથી? ત્યારે શ્રીગોવર્ધનનાથજીએ કહ્યું કે એ અમારે
હાથ નથી. તમારો ઉદ્ધાર તો શ્રીગુસાંઈજીના હાથમાં છે; કારણ કે લીલામાં
ચંદ્રાવલિજીનો શાપ છે કે પ્રેતયોનિ મળે, માટે કોણ છોડાવે? હવે આ કૃષ્ણદાસ
શ્રીસ્વામિનીજીની સખી લલિતાનું સ્વરૂપ છે, પરન્તુ આગળના વચન અનુસાર
છોડાવતા નથી. તેથી કૃષ્ણદાસે ગોપીનાથદાસ ગ્વાલને કહ્યું કે તું મારી વિનંતિ
શ્રીગુસાંઈજીને કરજે, કારણ કે શ્રીગુસાંઈજીની કૃપા વિના મારી ગતિ નથી.

વળી બિલછુકુંડ પાસે બાગમાં આંબાના ઝાડ નીચે સો
રૂપિયા એક કૂલડીમાં ભરીને દાટ્યા છે તે કાઢીને કૂવાનું ઉપરનું
મોઢું બંધાવી દેજો, એવું શ્રીગુસાંઈજીને કહેજો. તમે શ્રીનાથજીની
ભેંસ શોધવા આવ્યા છો તે પેલા વનામાં ચરે છે. હવે ગોપીનાથ-
દાસ ગ્વાલ વનામાંથી ભેંસ લઈ ગોપાલપુર આવ્યા અને ભેંસ
બાંધી ગાય ભેંસને દોહ્યાં, એટલામાં શ્રીગુસાંઈજી આપ શ્રીનાથજીની
સેન આરતી કરી અનોસર કરી પર્વત પરથી ઊતર્યા અને આવીને
પોતાની બેઠકમાં બિરાજ્યા. આ વખતે આવીને દંડવત્ પ્રણામ કરી
ગોપીનાથદાસ ગ્વાલે કહ્યું કે મહારાજ, આજે શ્રીનાથજીની ભેંસ
ખોવાઈ ગઈ હતી તેને શોધવા પૂછરી તરફ ગયા હતા, ત્યાં કૃષ્ણ-
દાસ અધિકારીને પ્રેતરૂપે જોયા. તે પીપરના વૃક્ષ ઉપર બેઠા છે.
કૃષ્ણદાસે મને ભગવત્સ્મરણ કર્યાં, વળી કૃષ્ણદાસે આપને એવી
વિનંતિ કરી છે કે હું પ્રેત છું; મેં આપનો અપરાધ કર્યો છે, તેથી
મને પ્રેતયોનિ પ્રાપ્ત થઈ છે; આપના હાથમાં મારો ઉદ્ધાર છે; અને
કહ્યું છે કે આંબાના ઝાડ નીચે કૂલડીમાં રૂપિયા સો દાટ્યા છે તે
કાઢીને કૂવાનું મોઢું બનાવવાનું કહ્યું છે. ભેંસ પણ કૃષ્ણદાસે જ
બતાવી તે અમે લઈ આવ્યા છીએ. હવે શ્રીગુસાંઈજીએ પોતાના
મનમાં વિચાર્યું કે કૃષ્ણદાસને ભારે દુઃખ છે, તેથી એમને પ્રેત-

નિમાંથી મુક્ત કરવા જોઇએ, આમ કહીને તરત જ ઊઠીને બાગમાં પધાર્યા, અને રૂપિયા સો કાઢીને નવો અધિકારી કર્યો હતો તેને આપીને કહ્યું કે આ રૂપિયા ખર્ચીને કૃષ્ણદાસવાળા કૂવાનું મોઢું બનાવરાવજો. ત્યારપછી શ્રીગુસાંઇજી અસવાર થઇને મથુરાંજી પધાર્યા, અને પ્રાતઃકાલ થતાં શ્રીગુસાંઇજીએ આપે પોતાના હાથે કૃષ્ણદાસનાં ક્રિયાકર્મ કર્યાં, અને ધ્રુવઘાટ પર શ્રાદ્ધ કર્યું, એટલે કૃષ્ણદાસની પ્રેતયોનિ છૂટી ગઇ, એટલું જ નહિ પણ દિવ્ય શરીર ધારણ કરી લીલામાં પ્રાપ્તિ થઇ. બિલછુકુંડ સામે ગિરિરાજમાં બારી છે તે દ્વારના મુખિયા કૃષ્ણદાસ છે ત્યાં જઇ બિરાજ્યા. આ પ્રમાણે કૃષ્ણદાસની ક્રિયા શ્રીગુસાંઇજીએ આપે કરી.

ભાવપ્રકાશ—અહીં સંદેહ થાય કે શ્રીગુસાંઈજીની કૃપાથી ઉદ્ધાર ન થયો કે પોતે મથુરાંજી પધાર્યા, અને ધ્રુવઘાટ પર શ્રાદ્ધ કર્યું? શું કૃપાથી શ્રાદ્ધ અધિક છે? ત્યાં કહે છે કે ગોપીનાથદાસ ગ્વાલ કૃષ્ણદાસને પ્રેત જોઇને આવ્યા. બધા સેવકોની વ્રજવાસીઓ આગળ ગોપીનાથદાસ ગ્વાલે શ્રીગુસાંઈજીને કહ્યું કે કૃષ્ણદાસ પ્રેત થયા છે, અને આપને વિનંતિ કરી છે કે આપ મને પ્રેતયોનિમાંથી છોડાવો. હવે શ્રીગુસાંઈજી ધારે તો જરાક મનમાં વિચારે કે છુટકારો થઈ જાય. પરન્તુ પછીથી પણ સેવક વ્રજવાસીઓ કોઈ પ્રેત થાય તો શ્રીગુસાંઈજીને કહે કે આપ છોડાવો, પણ જો શ્રીગુસાંઈજી ન છોડાવે તો દંભ બુદ્ધિ આવે, તેથી જીવનો બગાડ થાય. તેથી શ્રીગુસાંઈજી આપે મથુરાંજીમાં પધારીને ધ્રુવઘાટ પર શ્રાદ્ધ કર્યું, અને આ બહાને ઉદ્ધાર કર્યો. વળી આથી બધાંએ જાણ્યું કે ધ્રુવઘાટનું માહાત્મ્ય આવું છે. આ રીતે મહિમા વધાર્યો, એટલું જ નહિ પણ સમય કઠણ જાણી પોતાનું માહાત્મ્ય છુપાવ્યું. આનું કારણ આ છે. વળી બીજું કારણ એ છે કે કૃષ્ણદાસ એવા ભગવદીય હતા કે એમનાથી પૂર્વેના કોટાનકોટિ પુરુષોનો ઉદ્ધાર થાય, કારણ તરીકે શ્રીભાગવતમાં નૃસિંહજીને પ્રહ્લાદે કહ્યું છે કે મહારાજ, મારા પિતાનો ઉદ્ધાર થાય, ત્યારે નૃસિંહ ભગવાને કહ્યું કે જે કુળમાં ભગવદ્ભક્ત હોય તેની પૂર્વેની એકવીસ પેઢી તરે. માટે તમે સંદેહ કેમ કરો છો? વળી પ્રહ્લાદજી તો મર્યાદાભક્ત હતા, અને આ કૃષ્ણદાસ તો પુષ્ટિભક્ત હતા, તેથી એમનાથી

તો કરોડો પેઢીનો ઉદ્ધાર થાય. પરન્તુ શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના સંબંધ વિના લીલામાં પ્રવેશ ન થાય, તેથી કૃષ્ણદાસના બહાને સૃષ્ટિમાંથી મુક્ત કર્યા. કારણ કે કૃષ્ણદાસજી, શ્રીગુસાંઇજી, બધો શ્રીગોવર્ધનધરનો પરિકર અલૌકિક છે. અહીં ઈર્ષ્યા નથી, તેથી ભૂમિ પર પણ ભગવાનની લીલા જાણી કહેવું અને સાંભળવું.

આવી રીતે કૃષ્ણદાસની વાર્તા મહા અલૌકિક છે તેથી શ્રીગુસાંઇજી કહે છે કે કૃષ્ણદાસે રાસાદિક કીર્તન એવાં અદ્‌ભુત કર્યાં છે કે કોઈ બીજાથી ન બને. વળી શ્રીઆચાર્યજીના સેવક થઇને સેવા પણ એવી કરી કે બીજાથી ન બને. આવી રીતે શ્રીગુસાંઇજીએ આપે શ્રીમુખે સરાહના કરી. આ કૃષ્ણદાસ અધિકારી શ્રીઆચાર્યજીના એવા કૃપાપાત્ર ભગવદીય હતા, જેના પર સદા શ્રીગોવર્ધનધર પ્રસન્ન રહેતા, તેથી એમની વાર્તાનો પાર નથી. મતલબ કે એમની વાર્તા અનિર્વચનીય છે, તે ક્યાંસુધી કહીએ ? ॥ વાર્તા ૮૪ ॥

ઇતિ શ્રીચોરાસી વૈષ્ણવોની વાર્તા શ્રીગોકુલનાથજીએ પ્રકટ કરી તેનો ભાવ શ્રીહરિરાયજીએ કહ્યો તે સંપૂર્ણ.

ONE AND A HALF ANNAS
INDIA POSTAGE
TWO ANNAS
INDIA POSTAGE
ONE AND A HALF ANNAS
INDIA POSTAGE
POSTAGE
1A INDIA
POSTAGE
1A INDIA
INDIA POSTAGE
1A ONE ANNA 1A
POSTAGE
3PS INDIA
POSTAGE
1A INDIA
POSTAGE
1A INDIA
INDIA POSTAGE
1A ONE ANNA 1A
POSTAGE
3PS INDIA
ONE ANNA
INDIA POSTAGE
POSTAGE
1A INDIA
INDIA POSTAGE
INDIA POSTAGE